

વિશ્વ ઇતિહાસનો ઝરમર

ચંદ્રભાઈ ભટ્ટ

૨૫.૦૩૨૦૨૮.

વિશ્વ ઇતિહાસની ઝલકો



ચંદ્રભાઈ ભટ્ટ

સી. ભટ્ટ



૧ લી જૂન—૧૯૫૭


કિંમત
પંદર રૂપીયા

મુદ્રક :—
અમૃતલાલ નંદલાલ ભટ્ટ
મથુર પ્રિન્ટરી, રાયપુર,
અમદાવાદ.

પ્રકાશક :—
ચંદ્રભાઇ કાલીદાસ ભટ્ટ
જવાહરનગર-સરખેજ રોડ,
અમદાવાદ.

વિશ્વ ઈતિહાસની રૂપરેખા

[૨૭ નકશાઓ અને ૧૬૦ ચિત્રો સહિત]



[સર્વહક્ક લેખકને સ્વાધીન]



"Our western knowhow has unified the whole world in the literal sense of the whole habitable and traversable surface of the globe; and it has inflamed the institutions of war and class, which are the two congenital diseases of civilisation into utterly fatal maladies.....We have to abolish war and class and abolish them now under pain, if we flinch or fail, of seeing them win a victory over man, which, this time, would be conclusive and definitive. **A. J. Toynbee**

"I recognise no God except the God that is to be found in the hearts of the dumb millions.....And I worship the God that is Truth.....through the service of these millions." **Gandhiji**

"As I look Around I see the crumbling ruins of a proud civilisation strewn like a vast heap of futility. And yet I shall not commit the grievous sin of losing faith in man. I would rather look forward to the opening of a new chapter in history. Perhapes the dawn will come from this horizon, from the East where the sum rises." **Tagore.**



અનુક્રમ

પ્રકરણ		પાન
૧.	ઇતિહાસનું વિશ્વરૂપ	૧
૨.	ઇતિહાસ પહેલાંનો ઇતિહાસ	૧૫
૩.	ઇતિહાસ એટલે સંસ્કૃતિની જીવનકથા	૨૪
૪.	વિશ્વ ઇતિહાસનો પિતામહ, ઇજીપ્ત	૩૧
૫.	ઇજીપ્તની સમકાલીન સંસ્કૃતિઓ, બેબીલોનીયા, એસિરિયા...	૪૮
૬.	વિશ્વઇતિહાસનાં ખોવાઇ ગયેલાં બે પ્રકરણો	૫૯
૭.	વિશ્વઇતિહાસનો ચિરંતનદેશ, ચીન	૭૩
૮.	સંસ્કૃતિનો સીમાસ્તંભ, ભારતવર્ષ	૯૫
૯.	પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું રેખાચિત્ર	૧૧૧
૧૦.	આર્યોની ઇરાની શરૂઆતશાહત	૧૨૫
૧૧.	પેલેસ્ટાઇન વિશ્વઇતિહાસમાં પ્રવેશે છે.	૧૩૦
૧૨.	પ્રાચીન ઇતિહાસનો જ્યોતિર્ધર, ગ્રીસ	૧૪૦
૧૩.	સંસ્કૃતિનો સીમાસ્તંભ, ગ્રીસ	૧૬૯
૧૪.	વિશ્વઇતિહાસની દિપાવલી	૧૯૯
૧૫.	પ્રાચીન યુગનો મધ્યયુગી અંકોડો, રોમ	૨૧૪
૧૬.	પ્રાચીન સંસ્કૃતિનું મૂલ્યાંકન	૨૪૫
૧૭.	પ્રાચીન ઇતિહાસનો સાગરસમ્રાટ અને શિક્ષક, ફિનિશીયા ...	૨૫૮
૧૮.	યુરોપીય ઉત્થાનનો જનક, ઇસ્લામ	૨૬૭
૧૯.	રોમન જગતનો ઉપસંહાર અને યુરોપનો જન્મ ...	૨૯૪
૨૦.	મધ્યયુગની જીવનઘટના	૩૦૩
૨૧.	મધ્યયુગનો અંત અને ઉત્થાનનો આરંભ	૩૧૮
૨૨.	વિશ્વઇતિહાસનો ઉત્થાનયુગ	૩૩૫
૨૩.	ઉત્થાનયુગનું પાત્રાલેખન	૩૫૧
૨૪.	ઇંગ્લેંડની રાજ્યક્રાન્તિ અને અમેરિકાનો જન્મ	૩૭૧
૨૫.	રશિયા અને પ્રશિયા	૩૯૯
૨૬.	યુરોપના રાજકીય ઉત્થાનની ફ્રેંચ ક્રાન્તિ	૪૦૭
૨૭.	યુરોપના આત્મ નિર્ણયવાળો ૧૯ મો સૈકો	૪૨૬
૨૮.	૧૯ મા સૈકાનું જીવનરૂપ	૪૩૫

૨૯. યુરોપની ઔદ્યોગિક ક્રાન્તિ અને સામ્રાજ્યવાદ ... ૪૭૬
૩૦. સામ્રાજ્યવાદ એટલે યુદ્ધ ૫૦૩
૩૧. વિશ્વયુદ્ધ પહેલું ૫૧૫
૩૨. પહેલા વિશ્વયુદ્ધ પછીનું વિશ્વરૂપ ૫૧૯
૩૩. પહેલા વિશ્વયુદ્ધ પછી યુરોપનું રાજકારણ ૫૪૯
૩૪. બીજા વિશ્વયુદ્ધનું વિહંગાવલોકન ૫૭૯
૩૫. સંયુક્ત રાષ્ટ્રસંઘ અને વિશ્વશાંતિનો સવાલ ૬૦૮
૩૬. અણુયુગનું ઉદઘાટન ૬૩૪
૩૭. હિંદીમહાસાગરનું રાષ્ટ્રમંડળ અને આફ્રિકાનું ઉત્થાન ... ૬૪૬
૩૮. મધ્યપૂર્વમાં ડોકીયું ૬૭૦
૩૯. વિશ્વઇતિહાસનું સરવૈયું, વિશ્વશાંતિ કે વિશ્વ સંહાર ... ૬૯૬
૪૦. વિસમા સૈકાની સંસ્કૃતિની જીંદગી ૭૩૫
૪૧. શાંતિમય સહઅસ્તિત્વની વિશ્વ-ભૂમિકા ૭૭૯

❋

નકશા અનુક્રમ પાન

૧. આકાશમંડળનો નકશો ૧૨
૨. ઇજીપ્ત ૩૧
૩. ઇજીપ્તનું સામ્રાજ્ય ૪૪
૪. એસીરીયા–બેબીલોનીયા ૪૯
૫. બેબિલોનનું સામ્રાજ્ય ૫૪
૬. એસીરીયાનું સામ્રાજ્ય ૫૬
૭. પ્રાચીન ભારત ૯૭
૮. પર્શિયાનું સામ્રાજ્ય ૧૨૪
૯. પેલેસ્ટાઇન ૧૩૧
૧૦. ગ્રીસ ૧૪૧
૧૧. ઇટાલી ૨૧૫
૧૨. યુરોપનો જન્મ ૨૯૪
૧૩. અમેરિકા ૩૮૧
૧૪. નૂતન યુરોપ ૪૦૦
૧૫. આફ્રિકા ૪૯૭
૧૬. સળગતી દુનિયા ૫૦૩
૧૭. દુનિયા. ઇ સ. ૧૪૦૧
ઇ. સ. ૧૯૨૧ ૫૨૦
૧૮. યુરોપ આફ્રિકા-એશિયા ૫૨૩
૧૯. હિંદીમહાસાગર–આફ્રિકા ઓસ્ટ્રેલીયા ૫૨૯
૨૦. રશિયા–અમેરિકા આફ્રિકા ૫૩૮
૨૧. ફાસીવાદી યુરોપ ૫૪૯
૨૨. રશિયા, યુ. એસ. એસ. આર ૫૬૧
૨૩. એશિયા ૫૨નું યુદ્ધ ૫૯૨
૨૪. જાપાનનું પેસીફિકપરનું આક્રમણ ૬૦૪
૨૫. હિંદીમહાસાગરનું રાષ્ટ્રમંડળ ૬૪૭
૨૬. મધ્યપૂર્વ ૬૭૧
૨૭ નૂતન વિમુક્ત પ્રદેશો ...

પાત્ર પરિચય

આઇનસ્ટાઇન ૭૮૫ થી ૭૮૮
અશોક ૧૦૮–૧૦૯–૧૧૧
આલ્ફ્રેડ નોબેલ ૬૯૯
એમોસ-ઈસાયા ઇલીઝા ૧૩૬–૧૩૮
એકિલિસ ૧૮૯
ઓગસ્ટસ ૨૨૫
ઓમર ખયામ ૨૯૧ થી ૨૯૩
બરથા; રૂડૂલ્ફ નર ૬૯૯
બાયરન ૪૩૧–૪૩૮
બિસ્માર્ક ૪૨૫–૪૩૩–૪૩૪
બોલીવર ૪૨૯
કનફ્યુશીયસ ૭૮ થી ૮૧
કમાલપાશા ૫૫૧
કેમેનીયસ ૭૪૮-૭૪૯
કૃષ્ણમેનન
કાઈ-ચી ૮૮
કાર્લ–માર્કસ ૪૭૩–૪૭૪
કાઇસ્ટ ૨૧૦ થી ૨૧૩
કેલ્વિનસ ૩૪૩–૩૪૪
કોપરનિકસ ૩૬૪–૩૬૫
ડાલ્ટન ૬૩૫
ડાન્તે ૩૫૨ થી ૩૫૪
ડારવીન ૪૪૬ થી ૪૪૯
ડિલાક્રોય ૪૪૨ થી ૪૪૪
ડોલફસ ૫૫૨
ઈખનાતુંન ૪૫
ઈબ્નસીના ૨૮૯–૨૯૦
ઇરેસમસ ૩૪૫
ગાંધીજી ૫૩૨ થી ૫૩૬
૭૮૯ થી ૭૯૩
ગેરબી ૭૬૫ થી ૭૬૭
ગોયા ૪૪૧
ગૌતમબુદ્ધ ૯૮ થી ૧૦૫
ચુ–તેહ ૧૧૬ થી ૧૧૮
ચંદ્રગુપ્ત ૧૦૬ થી ૧૦૮
ચાઉ–એન–લી ૭૩૩–૭૩૪
ચારીસ ૧૭૭
થુસીડાઈડીસ ૧૯૪–૧૯૫
જૅનબોલ ૩૩૩–૩૩૪
જેરેની બેન્થામ ૪૬૨
જે–જે થૉમસન ૬૩૫
જોમો કેન્યાટા ૬૬૦–૬૬૧–૬૬૨
જવાહરલાલ નેહરૂ ૭૩૩–૭૩૪
ટિશીયન ૩૬૦ થી ૩૬૪
તૂસાં ૪૨૮
ટૉમસ પેઇન ૩૮૯ થી ૩૯૪
ટોલસ્ટોય ૭૫૮ થી ૭૬૧
ટ્રોટ ૪૬૧
ટાગોર ૭૮૧ થી ૭૮૭
દિદેરો ૪૫૩–૪૫૮
નેપોલીઅન ૪૧૮ થી ૪૫૮
પેરિકલીસ ૧૫૨–૧૫૩
પ્લેટો–ઍરિસ્ટોટલ ૧૬૨ થી ૧૬૬
પેસ્ટોલોઝી ૪૭૫
પેસચર ૪૪૯ થી ૪૫૧
પ્રેકસીટેલિસ ૧૮૪
પ્રમુખ–રૂઝવેલ્ટ ૫૪૪ થી ૫૪૮
પોલીકલીસ ૧૮૪–૧૮૫–૧૮૬
પિટર–વાલ્ડો ૩૫૪–૩૫૫

પીલસુદરજી ૫૫૩
પિકાસો ૭૪૬ થી ૭૪૫
મહમ્મદ પયગંબર ૨૭૨ થી ૨૭૪
માઓ-ત્સે-તુંગ ૮૦૭-૮૦૮
મહાન પીટર ૪૦૩
માર્ટીન લ્યુથર ૩૪૫-૩૪૬
મોસેસ ૧૩૮-૧૩૯
મેકિઆવેલી ૩૫૦
મેરટ ૪૧૪ થી ૪૧૭
મેરીકયુરી ૬૩૮-૬૩૯
મેકારીઓસ ૬૮૫
મુસોલીની ૫૫૪-૫૫૫
મુસાદીક ૬૮૨
નાસેર ૮૧૧-૧૨
રસકીન ૭૫૦
રેમ્બ્રાન્ટ ૪૩૯-૪૪૦
રૂસો ૪૫૨
રોમેરોલાં ૬૩૬-૬૩૭
રુથરફોર્ડ ૬૩૭-૬૩૮
રોગર બેકન ૩૧૧ થી ૩૧૩
અને ૩૫૮ થી ૩૬૦
લીઓનાર્દો-દા-વિન્સી
૩૬૫ થી ૩૭૦
લેનીન ૭૬૭ થી ૭૭૦
લિંકન ૪૬૫
વરડી ૪૪૪ થી ૪૪૬
વિલીયમ જેમ્સ ૪૯૧ થી ૫૯૨
વિકટર હ્યુગો ૭૭૯
વોલ્તેર ૪૫૩ થી ૪૫૭
વોશીંગ્ટન ૩૮૭-૩૮૮
શુક્રી-અલ-કુવાતલી ૬૯૩-૬૯૪
સુન-યાત-સેન ૨૨૮-૫૩૦
સાફો ૧૮૭-૧૮૮
સિકંદર ૧૦૫
સ્ટાલીન ૭૭૧ થી ૭૭૬
સિઝર ૨૨૧-૨૨૨
સોલોન ૧૪૫
સોલોમન ૧૩૬-૧૩૭
સોક્રેટીસ ૧૪૫-૧૫૫ થી ૧૬૧
સ્પાર્ટેકસ ૨૩૫ થી ૨૩૭
સંત પોલ-સંત પિટર ૨૨૬-૨૨૯
સંત-સેમ્યુઅલ ૧૩૫
સંત-ફ્રાન્સિસ ૩૫૫-૩૫૬-૩૫૭
હાન ૬૧-૬૨-૬૩
હુ-આંગ-ટી ૮૨-૮૩-૮૪-૮૫
હિરોડોટસ ૬૯૩-૬૯૪
હિટલર ૫૫૭ થી ૫૬૦
હોમર ૧૮૬
હોરથી ૫૫૨
હેનીબાલ ૨૬૫-૨૬૬
હેગલ ૪૭૦-૪૭૧
હો ચી-મીન્હ ૭૩૧-૭૩૨
હુર્બર્ટ, સ્પેનસર ૭૩૮





ઇતિહાસનું પ્રસ્થાન


ઈ. ૧૭૦૫ પ્રમાણપત્ર




વિશ્વ ઇતિહાસનું વ્યક્તિત્વ; માનવબાળ




વિશ્વઇતિહાસની –‘ મ્યુઝ ’ (ગ્રીક-દેવી)



પ્રાચીન ઇતિહાસના ગ્રીક પિતાઓ
હીરોડોટસ – થુસીડાઇડિસ



ઇતિહાસની નૂતનદૃષ્ટિ—વોલ્તેર



વિશ્વ ઇતિહાસની વિજ્ઞાનદૃષ્ટિ–માર્ક્સ




વિશ્વઇતિહાસનું, વિશ્વરૂપ



વિશ્વઇતિહાસનો સીમાસ્તંભ, અશોક સ્તંભ



વિશ્વ ઇતિહાસનું ઉત્થાન; એશિયા–આફ્રિકા



વિશ્વ ઇતિહાસનું, પંચશિલમ,



ચિ. માયા અને હસમુખને

૧. ઇતિહાસનું વિશ્વ–રૂપ

[ઇતિહાસનો અર્થ–ઇતિહાસની ક્રિયાનું વિકાસરૂપ–સંસ્કૃતિનો સૌથી મોટો સવાલ–વિશ્વનું એકવિશ્વરૂપ–એક વિશ્વની સંયુક્ત માનવતાનું સહ–અસ્તિત્વ–ઇતિહાસ એટલે વિશ્વ–ઇતિહાસ–વિશ્વ–સંસ્કૃતિની ઐતિહાસિક ભૂમિકા.



ઇતિહાસનો અર્થ

ઇતિ–હ–આસ એટલે ઇતિહાસ. ઇતિહાસ એટલે "આ પ્રમાણે હતું." પણ આ પ્રમાણે શું હતું ? ક્યારે હતું ? કેવા સંજોગોમાં હતું ? અને કેવું હતું ?



આવા અનેક સવાલોના જવાબ ઇતિહાસમાંથી જડવા જોઈએ. આ બધા જવાબોમાં ઇતિહાસના કથનનો અતિ અગત્યનો સવાલ તો એ છે કે, જે હતું તે કેવી રીતે થતું હતું ? ઇતિહાસની સમજણ માટે માત્ર "હતું" એટલું જ કહેવું એ બસ નથી. કારણ કે જે કંઈ હોય છે તે હમેશાં ક્રિયા રૂપમાં હોય છે અથવા થતું હોય છે. **થવાની આ પ્રક્રિયાનો વીતી ગયેલા જમાનાના જીવનનો અભ્યાસ એટલે જ ઇતિહાસનો અભ્યાસ.**

એ અભ્યાસ કરનારની સામે વીતી ગયેલા સમયનો જીવનસંજોગ અને એ જીવનસંજોગની ભૂમિકામાં વિકાસ પામતા મનુષ્ય અથવા માનવ સમુદાયની ગતિ અને પ્રગતિનું સ્વરૂપ સ્પષ્ટ થવું જોઇએ. આ ગતિ અને પ્રગતિનાં સ્વરૂપમાં મનુષ્ય અથવા માનવસમુદાય પોતપોતાના પ્રદેશ પર અને પોતપોતાના સમયમાં તે તે પ્રદેશના, અને તે તે સમયના જીવનસંજોગની ભૂમિકા પર ઇતિ-

હાસના કોઈપણ તબક્કામાં ઉભેલો માલૂમ પડે છે. જીવનનો સંજોગ બનેલી જીવન પરિસ્થિતિ જેવી આ ભૂમિકા જડ અથવા નિષ્ક્રિય નથી હોતી પણ ક્રિયાશીલ હોય છે. એ જ રીતે એ પરિસ્થિતિ અથવા સંજોગની ભૂમિકા પર ઉભો રહેલો માનવ સમુદાય પણ ક્રિયાશીલ હોય છે. આ બંને જણ ક્રિયાશીલ હોય છે તે ઉપરાંત એકબીજા સાથે એટલે પરસ્પર ક્રિયા કરતાં હોય છે. એનો અર્થ એ છે કે મનુષ્ય અને જીવનસંજોગ એકબીજા સાથે ક્રિયા કરે છે તથા આ પરસ્પર ક્રિયાની અંતર્ગતતામાંથી જીવનસંજોગની ભૂમિકા અને માનવસમુદાય બંને બદલાયા કરતાં હોય છે.

આ પરિવર્તનનું રૂપ બન્નેનું નૂતન બનતું એવું વિકાસરૂપ હોય છે. આવું નૂતનરૂપ ધારણ કરવાની ક્રિયા માનવસમુદાયની અને તેના જીવનસંજોગની ઇતિહાસની પ્રક્રિયા છે.

ઇતિહાસનો અભ્યાસ

ઇતિહાસનો અભ્યાસ એટલે માનવસમુદાયની અને તેનો જીવનસંજોગ બનેલી ભૂમિકાની પરસ્પરની ક્રિયા મારફત નિત્યનૂતનરૂપ ધારણ કરવાની પ્રક્રિયાનો અભ્યાસ. આ પ્રક્રિયાનાં રૂંપનું મુખ્ય સુત્રધાર કોઈ એક મનુષ્ય નથી, પણ સંઘમાનવ છે. આ સંઘમાનવ અથવા માનવસમુદાય જીવનની પરિસ્થિતિની સાથે ક્રિયા કરે છે. જીવનની પરિસ્થિતિની સાથેની આ ક્રિયા હંમેશાં ખૂબ જહેમતવાળી હોય છે, અને અનેક ગડમથલોથી ભરેલી હોય છે. આ પરિસ્થિતિ માનવસમુદાય સામે કોયડારૂપે પણ ઊભી રહેતી હોય છે. પરિસ્થતિનાં આવાં અનેક સ્વરૂપો સામે સંઘમાનવ, જીવનનું ઘમસાણ શરૂ કરે છે. જીવનના આ ઘમસાણની પ્રક્રિયાના અનેક રૂપોનો કર્તા મનુષ્ય છે. સતત્ ઘમસાણ એ આ પ્રક્રિયાનું રૂપ છે. જેમાં સંઘમાનવની આ પ્રક્રિયા ચાલે છે તે જીવનસંજોગની ભૂમિકાઓ પોતે પણ ક્રિયાશીલ હોય છે તે બાબત આપણે જ્યારે ભૂલી જઈએ ત્યારે તરત જ ઇતિહાસની સમજણ અને ઇતિહાસનો અભ્યાસ અટકી પડે છે.

ઇતિહાસની ક્રિયાનું વિકાસરૂપ, સંસ્કૃતિ

આવી ઇતિહાસની ક્રિયાનું વિકાસરૂપ કેવું સર્જાતું હોય છે તે સમજવા આપણે ઇતિહાસના એક પછી બીજા યુગમાં અને ઇતિહાસના એક પછી બીજા તબક્કામાં મનુષ્યે અથવા માનવસમુદાયે અને જીવનસંજોગોએ તે તે યુગમાં અથવા તબક્કામાં કેવાં રૂપ ધારણ કર્યાં છે તે જોવું જોઇએ. મનુષ્યની અથવા માનવસમુદાયની બાબતમાં જોઇએ તો ઇતિહાસના એક પછી બીજા સમયમાં

આપણે એવા જીવનસંજોગ અથવા જીવનપરિસ્થિતિ પર મેળવેલો અધિક અને અધિક કાબૂ દેખી શકીએ છીએ. દરેક યુગમાં માનવસમુદાયનું આ રૂપ એક પછી બીજું વધારે ને વધારે ચઢિયાતા કાબૂવાળું માલુમ પડ્યું છે. માનવ-સમુદાયનાં આ ચઢિયાતાં રૂપ સાથે જીવનસંજોગનું પણ વધારે ચઢિયાતું રૂપ દરેક યુગ અને તબક્કામાં પુરવાર થયું છે. આ સમજવા માટે એક નાનો સરખો દાખલો લઈએ. ધારો કે ઇતિહાસના શરૂઆતના યુગમાં મનુષ્ય અથવા સંઘ-માનવ ભેખડ ખોદીને બનાવેલા ગુફાઘરમાં રહેતો હતો. પછી ઇતિહાસના નવા યુગમાં મનુષ્ય અથવા સંઘમાનવ સુંદર મઝાનું ઘર બાંધીને રહેવા લાગ્યો ત્યારે નવા યુગમાં પોતાના જીવનસંજોગ સાથે પરસ્પર ક્રિયા કરતો મનુષ્ય પણ આખો બદલાઇ ગયેલો હોય છે એટલું જ નહિ પણ જીવનસંજોગ પર એનો વધારે ને વધારે કાબૂ આવતાં પહેલાંનો ગુફાઘર નામનો તેનો સંજોગ પણ બદલાઇ ગયો હોય છે. જેમ મનુષ્યે તેમ જીવનસંજોગે પણ સુંદર ચણેલા ઘરનું સ્વરૂપ ધારણ કરેલું હોય છે. ઇતિહાસમાં સંઘમાનવ અને તેના જીવનસંજોગનાં રૂપો આ રીતે સંસ્કૃત અથવા નૂતન બનેલાં માલુમ પડે છે. એટલે ઇતિહાસની ભાષામાં ઇતિહાસના યુગો અને તબક્કાઓમાં પલટાયા કરતાં આ બંનેનાં એટલે મનુષ્યનાં અને તેના જીવનસંજોગનાં સ્વરૂપની વિકાસ પામતી ઘટનાને સંસ્કૃતિ કહેવામાં આવે છે. ઇતિહાસમાં આવી અનેક સંસ્કૃતિઓની કથા હોય છે.

સંસ્કૃતિનો સૌથી મોટો સવાલ, મનુષ્યનું વર્તન–સ્વરૂપ છે.

વિસમા સતકના આરંભમાં વિશ્વની સંસ્કૃતિને ઠોકર મારનારું પહેલું વિશ્વ-યુદ્ધ આખા જગત પર મોતનો પડછાયો બનીને ચાર વર્ષ સુધી પથરાયા કર્યું. ઈ. સ. ૧૯૧૪માં આરંભાયેલા આ વિશ્વયુધ્ધે ચાર વર્ષમાં આખા જગતના ધર્મોને, નીતિ નિયમોને અને તમામ સંસ્કારધામોને, ધૂળ ધૂમાડા અને રૂધિ-રમાં તરબોળ કરી નાખીને ઈસુની ૧૯૧૮ મી સંવત્સરીને શોકમાં ડૂબાડી દીધી.

શોકમાં ડૂબેલું જગત, આર્થિક આંધિઓ ભૂખમરા અને રોગચાળાઓથી હચમચી ઊઠયું. હચમચી ઊઠેલા જગતની આંખો ઉઘડી ગઈ. પોતપોતાના રાષ્ટ્રનાં કમાડ શિક્ષણ માટે વાસી દઈને ઇતિહાસ ભણવા બેઠેલી સંકુચિતતા નિશાળોમાં, વિશ્વ–યુદ્ધ નામનો વિશ્વ–ઇતિહાસ કમકમાટી ઉપજાવે તેવા પદા-થંપાઠનું રૂપ ધરીને આબેહૂબ બેઠો. જગતનો વ્યવહાર જાણે કટોકટી પર ચઢીને ભેખડ પરથી ઊંડી ગર્તામાં પડતું નાખતો દેખાયો. જગતના વહીવટના જે આગેવાનો હતા તેમણે સંસ્કૃતિએ દેવાળું ફૂંકેલું જાહેર કર્યું. સૌના લોહીનું દબાણ યુદ્ધના પશુ આવેશને ધારણ કરીને વધી ગયું અને માનવસમાજની ધોરીનસ હવે તૂટવાની છે એવો ભય પેદા થયો.

સંસ્કૃતિનું કલેવર પૃથ્વીના ગોળા પર નતમસ્તકે એક જીવાદોરી પર ટિંગાઈ રહેલું વિષાદ જેવું ચિતરાયું.

જગતના સામાજીક, આર્થિક, રાજકીય અને શૈક્ષણિક વ્યવહારની કાયા પલટ હવે તો ધરમૂળથી જ બદલવી પડશે એવા આવેગવાળી ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ. માનવજાતની અપરાધી એવી શાહીવાદી સરકારોએ પણ જાણે પોતે કોઈ જ અપરાધ કર્યો નથી તેવા ગમગીન ચહેરા ધારણ કરીને, આખા વિશ્વના રાજકારણને નવો ઝોક આપવા માટે અને જગતમાંથી યુદ્ધની કાર્યવાહીને નાબૂદ કરી નાંખવા માટે હોય તેમ "લીગ ઓફ નેશન્સ" રચીને જગતની શાન્તિ માટે ઠરાવો કરવા માંડ્યા.

ટૂંકમાં જેણે અને તેણે આંતરરાષ્ટ્રિય રૂપે વિચારવાનું શરૂ કરી દીધું.

વિશ્વ હવે એક બની ગયું છે તેની આશંકા કોઈને રહી નહીં.

જગતની નિશાળોએ પણ વિશ્વ-ઇતિહાસને અભ્યાસક્રમના કાગળીયા પર સમાવેશ કર્યો. વિશ્વ-ઇતિહાસનો સૌથી અગત્યનો બનાવ શાળાના વર્ગમાં આવીને સવાલ જેવો આલેખાયો. આ સવાલ સંસ્કૃતિનો અથવા મનુષ્યના મનુષ્ય તરફના વર્તનવ્યવહારનો સવાલ હતો.

સારાજીવો નામના સરબીયાના નગરમાં બનેલા તણખલા જેવા બનાવમાંથી જ આખા જગતનું યુદ્ધ સળગી ઊઠે તે વાત શક્ય જ હતી નહીં. તો પછી ઇતિહાસનાં કેવાં કારણો આ જંગી એવી ઐતિહાસિક ઘટનાની પાછળ પડ્યાં હતાં? રાહઈન નદીને પેલે પાર સળગેલા કજીયાનું વિશ્વરૂપ કેવું હતું? જાપાન નામનો જે દેશ ગઈ કાલે ચકલીઓનાં ચિત્રો ચિતરતો, રાજની આસપાસ ગરબા ગાતો હતો, તે એકાએક ભૂમધ્યમાં જઈને યુદ્ધ જહાજોની કવાયત કેમ કરવા માંડ્યો હતો? ટરકી નામના દેશનું ખરેખરું રૂપ શસ્ત્રસાજના ઢગલાની નીચે કેવું હતું? શાહીવાદ શું હતો? સામ્રાજ્ય એટલે શું? અને સામ્રાજ્યવાદ વતી, હિંદ દેશે જર્મની સામે લડાઇની જાહેરાત કરી દીધી એટલે શું? શહેનશાહતો શરૂ કેવી રીતે થઇ હતી અને મરણ કેવી રીતે પામતી હતી? ઝારશાહી એક જ રાતમાં સ્વપ્નમાં હોય તેમ લય કેમ પામી ગઈ હતી? અને જગત પર નૂતન એવા જીવન વહીવટની સામાજીક ક્રાંતિ આકાર ધરતી હતી એટલે શું? આ બધા ઇતિહાસના સવાલો મનુષ્યના સામાજીક વર્તનના સવાલો હતા તે બાબત વધારે સ્પષ્ટ બની.

એવા એવા તો અનેક ઐતિહાસિક સવાલો જગતની જવાબદારી પાસે જવાબ માગતા ખડા થઈ ગયા. આ સવાલો જૂની શાળાએ શિખવ્યા નહોતા.

જગતની નિશાળોમાં આજસુધી સંકુચિત એવા રાજ્યરાણીઓના અને રાષ્ટ્ર-વાદના ખોટા ઇતિહાસો જ શિખવાયા હતા ! એટલે વિશ્વના સામાન્ય નાગરિકોએ માથાં ખજવાળવા માંડ્યાં, અને ઇતિહાસની સમજણ માટે બાથોડિયાં ભરવા માંડ્યાં. કૂપમંડુક જેવી નિશાળોએ એમને વિશ્વ ઇતિહાસ શીખવ્યો નહોતો અને સંસ્કૃતિનો મહામોટો સવાલ જે મનુષ્ય મનુષ્યના પરસ્પરના અને જીવનસંજોગો સાથેના વર્તનનો અથવા વર્તન વ્યવહારનો સામુદાયિક સવાલ હતો, તે સવાલને પણ અભ્યાસક્રમમાંથી રદ રાખવામાં જ આવ્યો હતો.

પણ વિશ્વ, એક-વિશ્વ બની ચૂકયું હતું.

પહેલા વિશ્વયુદ્ધે પૂરવાર કર્યું કે, વિશ્વ, એક વિશ્વ બની ગયું છે. યુદ્ધ અને શાંતિના માનવજાતના તમામ સવાલો એક વિશ્વના સૌના સરખા સવાલો બન્યા છે.

પહેલા વિશ્વયુદ્ધ પહેલાં જ શ્રમમાનવોની આંતરરાષ્ટ્રિય સંસ્થા અસ્તિત્વમાં આવી ચૂકી હતી. શ્રમમાનવોના સમુદાયે, એક વિશ્વની વાસ્તવિકતાને પૂકારી હતી. પણ જગતની સરકારો જે, હજુ રાષ્ટ્રિય ધોરણે પણ માનવ સમુદાયની પ્રતિનિધિ બની શકી નહોતી તથા ખાસ કરીને યુરોપની સરકારોનાં શાહીવાદી સ્વરૂપો જે હજુ એશિયન-આફ્રિકન પ્રજાઓને પોતાની ગુલામ તરીકે જકડી રહ્યાં હતાં, તેમને પણ પહેલા વિશ્વયુદ્ધ પછી વિશ્વશાંતિ સાચવવાની ફરજને કાગળ પર સ્વીકારવાની ફરજ પડી અને " લીગ ઓફ નેશન્સ " ની તેમણે રચના કરી, અને તે રચનાને તોડી પણ નાખી, અને એક વિશ્વના એક સવાલના સહકારી વર્તનના સવાલના ટુકડા કરી નાખ્યા.

એટલે બીજું વિશ્વયુદ્ધ આવ્યું. પણ બીજા વિશ્વયુદ્ધના પછીનાં પરિણામોએ એક વિશ્વ બની ચૂકયું છે તે વાતની સાબિતી ફરીવાર વધારે સામુદાયિક રીતે આપવા માંડી. ગુલામદેશોમાં રાષ્ટ્રિય મુક્તિજંગો ભભૂકી ઊઠ્યા. ચીન ભારત જેવા મહાનદેશોની વિરાટ માનવ જાતે, દેશ દેશ સાથે તથા તમામ નૂતન મુક્તરાષ્ટ્રો સાથે " પંચશિલમ " ની નૂતન આંતર રાષ્ટ્રિય નીતિની ઘોષણા કરીને વિશ્વની એકતાની સાબિતી આપી. આંતરરાષ્ટ્રિય શાંતિ માગતી જગતજનતાઓની સંસ્થાઓ જગતભરની ધરતી પરથી જન્મીને આંતરરાષ્ટ્રિય સ્વરૂપ કયારની ય ધારણ કરી ચૂકી હતી. જગતની સરકારોએ પણ બીજા વિશ્વયુદ્ધને અંતે, જેમાં સૌ રાષ્ટ્રો સમાન સભ્યપદ પામી શકે તેવી રાષ્ટ્રસંઘની ઘટનાને અસ્તિત્વમાં આણી. આવી વિશ્વસંસ્થાઓએ, જગત, એક જમત અથવા વિશ્વ, એકવિશ્વ બની ચૂકયું છેઃ તે હકીકતને સત્ય તરીકે પૂરવાર કરી દીધી.

ત્યારથી વિશ્વભરની શાળાઓ અને વિદ્યાપીઠો માટે નૂતન અભ્યાસક્રમ જીવંત બનવા માંડ્યો. આ અભ્યાસક્રમમાં, ઇતિહાસનો, જગત ઇતિહાસનો વિષય, ફરજીઆત લેખાયો. રાષ્ટ્રના સંકુચિત ઇતિહાસો નહીં પણ એક માનવજાતના, એક વિશ્વના ઇતિહાસનો પાઠ સૌ ઇતિહાસનો પાયો બન્યો. સૌના રાષ્ટ્રિય ઇતિહાસનો પાયો વિશ્વઇતિહાસ બની ચૂક્યો. અનેક ટુકડાઓમાં વિભાજીત બનેલું, જગત એક વિશ્વ બનતાં, વિશ્વઇતિહાસ માનવજાતની સંસ્કૃતિના વૈજ્ઞાનિક અને સંસ્કારિક વિષયના શિક્ષણનો પાયો આજે બની ચૂક્યો છે.

એક વિશ્વની એક માનવતાના સહઅસ્તિત્વનો વૈજ્ઞાનિક પાયો.

નૂતનશિક્ષણનો આ પાયો, માનવજાતની જિંદગીના અત્યારસુધી નહીં થયેલા એવા નૂતન દર્શન પર જગતભરમાં, એકેએક રાષ્ટ્રમાં રચાવા માંડ્યો છે.

માનવજાતની જિંદગીનાં હજારો વર્ષના ઇતિહાસનું નૂતનદર્શન એ છે કે, માનવસંસ્કૃતિ, વિશ્વસંસ્કૃતિ છે, તથા, પૂર્વની કે પશ્ચિમની, ભારતની કે ચીનની, અને અંગ્રેજી કે જર્મની, એવી સંસ્કૃતિની અલગ વાડાબંધીઓ જૂઠ પર અને મિથ્યા જ્ઞાન તથા ભેદના અવહાર પર જ રચાયેલી છે.

આજે આખા જગતની સંસ્કૃતિઓ એક બની ગઈ હોય તેવો જગત એકતાનો વિશ્વયુગ ચાલે છે. ઇતિહાસનાં લાખ્ખો વર્ષ પછી આજનો ઇતિહાસયુગ સંસ્કૃતિની જગત એકતાનો વિશ્વયુગ છે. આજનું જગત એક બની ચૂક્યું છે. આજની માનવતાના અથવા માનવસમુદાયો ના સંજોગો એક માનવજાત બનીને વિશ્વબંધુ ભાવવાળું વર્તન અનુભવી શકે તેવા આજના જીવનસંજોગોએ નવાંરૂપ ધારણ કરવા માંડ્યાં છે. આ જીવનસંજોગ એટલે આજના રસ્તાઓ, આજનો વાહનવ્યવહાર, આજનો ટેલિગ્રાફ અને ટેલિફોન, રેડિયો અને ટેલીવિઝન, આજનો આંતરરાષ્ટ્રિય વેપાર ઉદ્યોગ, બેન્કો, ચિત્રપટો, વગેરે અનેક વસ્તુઓ છે. આ બધો સંજોગ આખા જગતના તમામ રાષ્ટ્રોમાં માનવ સમુદાયોનો જીવનસંજોગ બનવા માંડ્યો છે. આ સંજોગે મનુષ્યમનુષ્ય વચ્ચેના ભૌગોલિક સામાજીક, અને આર્થિક અંતરાયો ભૂંસી નાંખવા માંડ્યાં છે. દેશકાળના, રંગભેદના અને નાતજાતના તમામ એતરાયોને ભૂંસી નાખીને પર્વતો, નદીઓ, અને મહાસાગરોને ટપી જઈને, તથા અનંત આકાશને પણ માપી નાખીને, અને મનુષ્યોનો સંહાર કરનાર યુધ્ધનામના ગાંડપણને મિટાવી દઈ શકાય તેવી પરિસ્થિતિ સર્જીને આજે જગતનોજીવન સંજોગ એક સંયુક્ત જગતનો જીવનસંજોગ બનવા માંડ્યો છે. એટલે જ આજનો ઇતિહાસયુગ વિશ્વવિજ્ઞાનનો, વિશ્વશાંતિનો અને વિશ્વસંસ્કૃતિનો વિશ્વયુગ બની શકે તેવો છે.

આ વિશ્વયુગનું માનવરૂપ કેવું છે ? એક શબ્દમાં કહીએ તો આ માનવ રૂપ અથવા માનવજનતનું સ્વરૂપ વૈજ્ઞાનિક રીતે સંસ્કારમય બનવા માંડયુ છે. જંગલમાં હતું તેવું જંગલી અને કેવળ જીવ બચાવવાના અને જીવતાં રહેવાના ચિત્કાર કરતું, કાચું માંસ ખાતું અને ચામડાં પહેરતું એવું લાખોવર્ષો પર થયેલું મનુષ્યનું સ્વરૂપ આજે અનેક ગડમથલો, ધમસાણો અને ઘાતનાઓ પર થઇને હિમાલયની ટોચ પર આરોહણ કરીને પોકાર કરે છે કે, પૃથ્વીની મોટામાં મોટી આ ઉંચાઈ કરતાં પણ મારી ઉંચાઈ વધારે મોટી છે.

આજનું આ માનવરૂપ વિશ્વમાનવીનું સંયુક્ત રૂપ છે. વિજ્ઞાનમય અને સંસ્કારમય એવું આ વિરાટનું સ્વરૂપ એક જ કળ દબાતીને મોટા ટનભંધી વજનવાળાં એન્જીનના પોલાદી શરીરને અદ્ધર ઊંચુ કરી નાખે છે. સંજોગ પરના કાબૂવાળો આ સંઘમાનવના પગ જમીન પર અને પાણી પર તથા વાદળોથી પણ ઉંચે આકાશમાં પણ થોડાક કલાકોમાં હજારો માઇલની સફર કરી શકે છે સંઘ માનવનું આ વૈજ્ઞાનિક કાબૂવાળું સ્વરૂપ મહાસાગરની જલદિવાલોને વિંધી નાખીને, પર્વતોની કિલ્લેબંધીઓને તોડી નાખીને આગળ ધપી શકે છે. આ સ્વરૂપે રણોમાં લીલોતરી સર્જી દીધી છે, વનસ્પતિઓની સેંકડો નવી જાતો પેદા કરી છે. મરકી અને મોતને પાછાં હટાવ્યાં છે, પર્વતોને ઉડાવી દીધા છે, સમુદ્રો એક કરી દીધા છે. માનવજનતનું આજના તબક્કાનું સ્વરૂપ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની સીમાઓને ભૂંસી નાંખીને આજે **માનવ માનવ વચ્ચેના અનેક ભાષાઓના એક અર્થવાળો બંધુભાવનો 'પંચશિલમનો' આંતર રાષ્ટ્રિય વ્યવહાર સર્જવાની શરૂઆત કરે છે.**

આજનો ઇતિહાસ એટલે વિશ્વનો ઇતિહાસ

એટલે જ આજનો ઇતિહાસ વિશ્વઇતિહાસ બની ચૂકયો છે. જીવનની બધી પ્રવૃત્તિઓ માટે એટલે જ વિશ્વઇતિહાસને સમજવાની જરૂર ઉભી થઈ છે. સુધરેલા દેશોની તમામ શાળાઓ માટે એટલા જ માટે વિશ્વઈતિહાસના અભ્યાસને અપનાવવાની જરૂર પેદા થઈ છે.

કારણ કે વિશ્વઇતિહાસે પોતાની વિશ્વએકતા આજે અનેક યુગો પછી પૂરવાર કરી છે. આજસુધી આપણા જગતપરના જીવનસંજોગો અનેક ભેદભાવોવાળા, અનેક નાકાબંધીઓવાળા અને અનેક સંકુચિત વંડીઓવાળા હતા. આ બધી આડખીલીઓ, અંતરાયો, સંકુચિતતાઓ અને મનાઇ હુકમો મનુષ્ય મનુષ્ય વચ્ચેની એકતાને રોકી રાખતી દીવાલો હતાં. આ દીવાલો એક રાષ્ટ્રને પણ એક બનવા દેતી ન હતી. આ ભેદભાવો એક જ રાષ્ટ્રમાં અનેક ટુકડાઓ

પાડી દઈને અથવા એક માનવસમુદાયમાં અનેક નાતજાત સર્જી દઈને તથા વાડાઓ રચી દઈને એક જ રાષ્ટ્રમાં પણ માણસોને એક બંધુભાવ સર્જવા દેતા નહોતા.

પણ વિજ્ઞાનયુગના આરંભ સાથે જ ફ્રાન્સ દેશના પાટનગરમાંથી આખી માનવજાતને પોકાર કરીને સંભળાવતો હોય તેવો એક બુલંદ અવાજ બોલ્યો. આ અવાજે વિજ્ઞાનયુગના બદલાતા જતા જીવનસંજોગની શરૂઆતમાં જ મનુષ્યની આઝાદીની હાકલ કરીને કહ્યું કે "માનવમાત્ર સમાન હો!"

પલટાયેલા જીવન સંજોગોમાં અને પલટાએલા માનવ સમુદાયોમાં અંતરાયો અને વાડાબંધીઓ પાછા હટવા માંડ્યાં. શરૂ થયેલા નૂતનયુગમાં જીવવાની રીતભાતનું પુનરુત્થાન આરંભાયું. પુનરુત્થાનના આ સ્વરૂપે એક પછી બીજા રાષ્ટ્રની અંદરના ભેદભાવો અને વ્યવહારોને છેદી નાંખીને રાષ્ટ્રિય એકતા સરજવા માંડી. આગળ વધતા આ ઉત્થાનયુગે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના અંતરાયોને પણ રદ કરી નાખવા માંડ્યા છે અને આંતરરાષ્ટ્રિય એકતા સરજવા માંડી છે. આ નૂતનયુગને પીછાનનારા સુધરેલા દેશોએ એટલા જ માટે હવે પોતાની નિશાળોમાં અને વિદ્યાપીઠોમાં વિશ્વઇતિહાસ શીખવવા માંડ્યો છે.

વિશ્વસંસ્કૃતિની ઐતિહાસિક ભૂમિકા

આ ભૂમિકા આજ સુધીમાં વિજ્ઞાન યુગે સંપાદન કરેલાં, તમામ સામાજીક મૂલ્યોની વ્યાપકતાને અમલી બનાવે છે. સમાજના વ્યવહારની આટલી ઓછામાં ઓછી જીવનસંજોગોની ભૂમિકાનું ભાન, પુનર્ઘટનાના પંથ પર ચડેલા એકેએક રાષ્ટ્ર પાસે માંગી લે છે. વિજ્ઞાનયુગની શિક્ષણ પામવાની આ ભૂમિકાનું ભાન નિખાલસ એકરાર કરે છે કે, જ્યાં હોય ત્યાં આજની સંસ્કૃતિનું રૂપ અથવા સંસ્કારનું વર્તન કોઈ એક જ પ્રજાની નહીં પણ, આખી માનવતાની પૂંજી છે. એનું કારણ એ છે કે, માનવ સંસ્કૃતિને ઘડનાર કોઈ પણ એક જ રાષ્ટ્ર નથી પણ આખી માનવજાત છે. એટલું જ નહીં પણ સંસ્કૃતિનો વ્યવહાર કોઈ વ્યક્તિ કે વ્યક્તિગત રાષ્ટ્રના જીવનમાં જ નહીં પણ તમામ રાષ્ટ્રોના માનવ સમુદાયોમાં આજે વ્યાપક બનવા માગે છે. માનવ સંસ્કૃતિ એ જ રીતે જીવી શકે અને જીવતી રહી શકે. કારણ કે સંસ્કૃતિનું સ્વરૂપ કોઈ એક વર્ગ કે રાષ્ટ્રમાં જીવીને જીવતું રહી શકે નહી. માનવ જાતના ઇતિહાસમાં સંસ્કૃતિનું સ્વરૂપ કોઈપણ દેશમાં દેખાયા પછી કદી નાશ પામ્યું જ નથી. આ સ્વરૂપ આજ સુધી સર્વદેશીય બનવા માટે તલસતું, આપભોગોના અવધી વહાવતું નવાં વિકા-

સરૂપો સર્જીને આખા વિશ્વઇતિહાસનું પરિબળ બનીને ભેદભાવની સીમાઓને ભૂંસી નાખતું જીવતું રહ્યું છે. વિશ્વઇતિહાસનું આ સ્વરૂપ આજે સંસ્કૃતિનું આખી માનવજાતના સંસ્કારનું ઝંડાધારી બનવા માંડ્યું છે.

ઇતિહાસની ટૂંકી દૃષ્ટિવાળાઓએ આજ સુધી સંસ્કૃતિનું નામ ગ્રીક સંસ્કૃતિ કે ભારતીય સંસ્કૃતિ અને પૂર્વની સંસ્કૃતિ કે પશ્ચિમની સંસ્કૃતિ એવું પાડ્યું હતું. પણ વિશ્વઇતિહાસની આગેકૂચે આવા સંકુચિત પ્રલાપોને આજે જુઠ્ઠા સાબિત કર્યા છે, તથા જીવનમાં પૂરવાર કરવા માંડ્યું છે કે **સંસ્કૃતિ અને સંસ્કારનો વ્યવહાર આખા જગત માટે એક છે, અને આંતર-રાષ્ટ્રીય છે.**

જૂના સમયમાં પણ સંસ્કૃતિનું જે સ્વરૂપ એક રાષ્ટ્રમાં રાષ્ટ્રિય દેખાતું હતું તે સ્વરૂપ તે સમયમાં કેવળ રાષ્ટ્રીય નહોતું, પણ જૂનું સ્વરૂપ પલટાઈને જ્યાં શક્ય હોય ત્યાં નવું રૂપ ધારણ કરતું હતું અને અનેક રાષ્ટ્રોમાં ફરતું હતું તેવી ઇતિહાસની સમજણ હવે આવવા માંડી છે. સંસ્કૃતિનું આ રૂપ માનવજાતનો પ્રાણવાયુ બનીને જીવનની પ્રગતિનો વાવટો ફરકાવતું જીવતું રહ્યું છે.

એટલે જ આજે જ્યારે વિશ્વના વાતાવરણમાં ક્ષુદ્ર લોભમાંથી જન્મેલો અને સંહારની રચના કરતો શાહીવાદી પાશવતા જેવો સંસ્કૃતિ વિરોધી વર્તાવ નાગાસાકી જેવાં નગરોનું ખૂન કરે છે ત્યારે, અને અણુબોંબના ધડાકાઓ કરીને મોતની ચીચીઆરી કરે છે ત્યારે પણ વિશ્વઇતિહાસનાં વિણા પર સોલોન, અને સોક્રેટીસના, ગૌતમ અને ઈસુના, ગેલેલિઓ અને આર્કીમિડીસના, એકન અને લીઓનાર્ડોના; તથા લેનિન અને લિંકનના અને ટાગોર તથા ગાંધીના, સંસ્કૃતિના શબ્દો વિશ્વ ઇતિહાસના ઊંચા પ્રદેશ પર પ્રકાશમય બનીને ઉભેલા દેખાય છે. આ અનાહત નાદ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સંસ્કાર વ્યવહારનો પયગામ બનીને નૂતન આંતરરાષ્ટ્રિય સંસ્કૃતિના વિરાટ ઝંડાધારી જેવું પંચશિલમનું સ્વરૂપ ધારણ કરે છે. ત્યારે આજના નૂતન ઉત્થાનના યુગનો આરંભ, **આજે વિશ્વઇતિહાસની સમજણને અને વિશ્વબંધુત્વના સહકારી જીવન વ્યવહારને અનિવાર્ય બનાવી દે** છે.

એટલે જ આજે જ્યારે વિશ્વઇતિહાસની સમજણ અનિવાર્ય બને છે ત્યારે આપણા દેશમાં કે કોઈ પણ દેશમાં જે જે બિનાઓ બને છે તે તે બિનાઓને માપવાનું કે સમજવાનું કારણરૂપ કોઈ લશ્કરી સંસ્થાઓ, રાજકિય કાવત્રાંઓ, કે સંકુચિત બનાવોમાં જ આપણે નહીં શોધી શકીએ. તેનાં કારણો આપણે હવે વિશ્વઇતિહાસની સમજણ વિના શોધી શકીએ, તેમ નથી. આજના

જગતના હવામાનમાં પલટાતી પરિસ્થિતિઓને માપવાનું બેરોમીટર વિમાકંપનીઓ, શેરબજારો કે સરકારી ધારાસભાઓ, કે બેંકોમાં ગોઠવાયું નથી પરન્તુ આ બેરોમીટર, જીવતરની આંતરરાષ્ટ્રિય બનેલી કળાઓ અને વિજ્ઞાનોમાં તથા જ્યાં માનવજાતની જિંદગીના રોજબરોજના ધબકતા શ્રમવ્યવહારો ચાલે છે ત્યાં, શાળાઓમાં ખાણોમાં, ખેતરોમાં, અને કારખાનાઓમાં શ્રમયજ્ઞ મારફત સંસ્કૃતિની ઘટના જ્યાં ઘડાય છે, ત્યાં જ દેખવા મળે છે.

જીવનનું અને જગતનું રૂપ કેવું છે?

પોતાના જીવનનું એટલે પોતાના માનવસ્વરૂપનું અને પોતે જેમાં અથવા જેની સાથે ક્રિયા કરીને જીવે છે તે જગતનું શું સ્વરૂપ છે? એવો સવાલ અથવા એવી જીજ્ઞાસા મનુષ્યની પ્રાથમિક દશાથી માંડીને તે આજ સુધી ચાલુ રહી છે. આવી જીજ્ઞાસા અથવા આવો સવાલ મનુષ્ય સિવાય બીજા કોઈ પ્રાણીનો હોતો નથી. એકલા મનુષ્યે આ સવાલનો જવાબ શોધવા માનવ-સમુદાયના અથવા માનવસમાજના સમુદાય-સ્વરૂપમાં આજ સુધીમાં ભગીરથ પ્રયત્નો કર્યા છે. આ પ્રયત્નોએ પૂરવાર કર્યું છે કે મનુષ્ય એકલું રોટલા ખાઈને જ જીવનની પરિસીમા માનનાર પ્રાણી નથી, પરંતુ ભગીરથ પ્રયત્નો કરીને એણે સામાજીકરીતે સંસ્કૃતિનું સર્જન કર્યું છે. મનુષ્યનો આરંભથી જ શરૂ થયેલો જગતના સ્વરૂપ વિષેનો પેલો જૂનો સવાલ આજ સુધી શમ્યો નથી, પરંતુ જીવનના દરેક જમાનામાં આ સવાલના જવાબરૂપે એ સવાલે જગતની પોતાની શોધને આગળ ને આગળ ચલાવી છે.

વિશ્વનો ઇતિહાસ આ સવાલનો જવાબ છે. જગત અને માનવજીવનનો આવો અભ્યાસ થોડાં હજાર વર્ષોની અંદર જ ઢગલાબંધ થઈ ચૂક્યો છે. એ અભ્યાસને પાયો બનાવીને જગત તથા માનવજીવનના રૂપનું આલેખન જવાબરૂપે નોંધાવા માંડ્યું છે. આ નોંધનું નામ ઇતિહાસ છે. ઇતિહાસની નોંધનું આવું સ્વરૂપ હોવા છતાં પણ આ નોંધના મોઢા પર સીલ મારી દઈને ઇતિહાસની નોંધમાં રાજરાણીઓ અને સમાજના જીવનને ગુલામ બનાવનારાઓએ ઇતિહાસના પાના પર પોતાના જીવનની જ નોંધો લખાવ્યા કરી છે. પરંતુ આખા ય જગત પર અને માનવજીવનના તમામ વિભાગો પર આજે મુક્ત બનવા માંડેલી માનવજાતની લોકશાહી સ્વરુપવાળી જીંદગીએ આવા ખોટી નોંધોને ઇતિહાસમાંથી રદ કરીને ઇતિહાસ લેખનના સાચા સ્વરુપને વિકસાવવા માંડ્યું છે.

જગતરૂપનાં આરંભનાં આલેખનો

મનુષ્યે પોતાની પ્રાથમિક દશામાંથી જ પોતાનું જગત કેવું છે તે સવાલનો જવાબ દેવાની શરૂઆત કરી છે. આજે એવા જવાબો હસી કાઢવા જેવા

ભલે લાગે પરંતુ પ્રાથમિક દશાના માનવજીવનના સંજોગોમાંથી એવા જ જવાબો દઈ શકાય તેવી જીવન દશા હતી. ગ્રીસમાં હોમર નામના આદ્ય કવિએ ત્યારે કહ્યું હતું કે શરૂઆતમાં જગતના આરંભસ્વરૂપમાં પૃથ્વીની આસપાસ શેષનાગ જેવી એક મોટી સાગરસરિતા ફરતી હતી. ભારતવર્ષમાં પણ જગતના રૂપનો એવો જ જવાબ સંભળાતો હતો કે પૃથ્વીની નીચે એક મોટો સાપ તેને પોતાની ફણા પર ધારણ કરીને બેઠો છે.


આ સવાલને જ પારસીઓના ધર્મસ્તોત્રોમાં રજુ કરવામાં આવ્યો હતો. તથા આ જીજ્ઞાસાના સ્વરૂપનું સ્તોત્ર બનાવવામાં આવ્યું. આર્યાવર્તમાં આવેલા આર્યોએ પણ ઋગ્વેદમાં આવી જીજ્ઞાસાનાં સુંદર સ્તોત્રો લખ્યાં છે. જગતના જન્મ વિષેની બાઇબલમાં લખાયેલી વાત જાણીતી છે. "આદૌ આપ, એવ આસિત" એવી જાતના આર્ય જમાનાનું ચિંતન પણ બાઇબલના એવા કથન સાથે મળતું આવે છે. જગતના સ્વરૂપનો ખ્યાલ ખરી રીતે તો વૈજ્ઞાનિક હોવો જોઈએ. માનવજીવનના વ્યવહારનો ખ્યાલ પણ વૈજ્ઞાનિક હોવો જોઈએ, એવી જાહેરાત ગ્રીસમાં ઍરિસ્ટોટલે અને ભારતમાં ગૌતમબુધ્ધે પહેલીવાર કરી. ત્યાર પછી ટોલેમીએ જગતના સ્વરૂપને અથવા પૃથ્વીને મધ્યબિંદુમાં રાખીને ગ્રહનક્ષત્રોની ભાષામાં વિચારવાનો પ્રયત્ન કર્યો. કોપરનિકસે, કેપલરે અને ગેલિલીઓએ પૃથ્વીના સ્વરૂપની શોધને વિજ્ઞાનના પાયા પર મૂકી દીધી. જગત અને માનવજીવનની હકિકતો આ રીતે યુગયુગનાં ડહાપણો અને વૈજ્ઞાનિક પ્રકાશને ધારણ કરીને આગળ અને આગળ વધવા માંડી.

પૃથ્વીના સ્વરૂપની વૈજ્ઞાનિક પારખ

પૃથ્વીના સાચા સ્વરૂપની વૈજ્ઞાનિક પારખ ૧૯ મા સૈકામાં થઈ. આ સમયમાં ભૂસ્તરશાસ્ત્રનો આરંભ થયા. આ નવા વિજ્ઞાને પૃથ્વી પરની ટેકરીઓની આજુબાજુઓમાં ખડકોનાં ભૂસ્તરોમાંથી એક પછી બીજા નીચે ઢંકાયેલી પૃથ્વીની કથાને વાંચવા માટે પૃથ્વીનાં પડને ખોતરવા માંડ્યાં. આ ભૂસ્તરોમાં જળવાઈ રહેલા વનસ્પતિઓ અને પ્રાણીઓના અવશેષો, તેમને હાથ લાગ્યા.

આ અવશેષોનાં એક સમયનાં જીવનસ્વરૂપો સાથે આ ભૂસ્તર વૈજ્ઞાનિકોએ શોધકબુદ્ધિ કામે લગાડી, અને જીવનનાં ભંડારાઈ ગએલાં રહસ્યો તેમણે ઉકેલવા માંડ્યાં. આ ઉકેલ સાથે સમયની વીતી ગએલી અનંત સીમાઓનાં તેમને દર્શન થયાં. આ સમયનાં દર્શનમાં તેમને વ્યાપક બનેલાં એક સમયનાં જીવતાં અને પછી અવશેષ બની ગયેલાં વનસ્પતિ અને પ્રાણીઓનાં સ્વરૂપો દેખાયાં. સમયની વિશાળ તવારીખો, આ વિરાટ દેખાવને ધારણ કરીને એક વાર,

જીવતી હતી તે બાબત પૂરવાર થઈ. પૃથ્વીની જીંદગી પર ઐતિહાસિક જ્ઞાનનો પ્રકાશ ફેલાયો. આ પ્રકાશ નીચે પહેલી જ વાર ટેકરીઓના માથા પર વ્હેલ



નામની માછલીનાં હાડપિંજરો કેવી રીતે આવ્યાં હશે, તે અને તેવી અજબ જેવી અનેક બાબતોની સમજુતી આ નૂતન વિજ્ઞાને આપી. આ સમજુતીનું

સંપૂર્ણ વૈજ્ઞાનિક સ્વરૂપ, ઈ. સ. ૧૮૫૮ માં ડારવીને પોતાનું યુગવર્તી પુસ્તક લખીને પ્રગટ કર્યું. વિકાસક્રમની બાબતોએ જગતને પહેલીવાર લાખો વરસ પર પથરાયલો જીવન વિકાસનો ઇતિહાસ સમજાવ્યો અને જાહેર કર્યું કે આ ઇતિહાસમાં મનુષ્ય નામનું પ્રાણી પૃથ્વી પર સૌથી મોડું એટલે થોડાંક લાખ વરસો પર જ અવતાર પામ્યું છે.

આપણી પૃથ્વીનું શરીર

જેના ઉપર જીવનની આવી અદ્‌ભૂત અને અનંત લીલા ચાલે છે તે આપણી પૃથ્વીનું શરીર કેવું છે તેનો જવાબ પણ આપણી પૃથ્વીનાં વૈજ્ઞાનિકોએ (જી. ઓ. ફીજીસીસ્ટ) દીધો છે. આ જવાબ પ્રમાણે પૃથ્વીનું શરીર, મૂખ્ય ત્રણ એવાં "કોનસેન્ટ્રીક સ્ફીઅરો" નું બંધાયેલું છે. આ પૃથ્વીમાતાની કાયાનું વજન, ૬૬૦૦ મીલીયન, મીલીયન, મીલીયન. ટન છે. આ કલેવરનો મધ્યકેન્દ્રી વિભાગ. પ્રવાહી લોહનો એક મોટો દડો છે, તથા તેનો વ્યાસ ચાર હજાર માઇલનો છે. આ મધ્ય કેન્દ્રની આસપાસ બંધાયલું પૃથ્વીમાતાના દેહનું કોચલું એ હજાર માઇલ જાડું છે. આ કોચલા પર પૃથ્વીમાતાની પાતળી એવી ચામડી છે. આ ચામડી દશથી વીસ માઇલ જેટલી જાડી છે. આ ચામડી પર, જેની અંદર માનવજાતના, માનવ સમુદાયોના સંસ્કૃતિઓના ઇતિહાસ આલેખાયા છે, તેવા ખંડો અને મહાસાગરો તથા પર્વતો અને રણો પથરાયાં છે. અથવા વિશ્વ ઇતિહાસ જ્યાં ભજવાય છે તેની રંગભૂમિ આવી છે. રંગભૂમિનાં નીચે ઉતરતાં ભિતર વધારે ને વધારે વજનદાર ભૂસ્તરોનાં બનેલાં છે, તથા અતિઉષ્ણ છે.

આવી પૃથ્વી આપણું ઘર છે. આકાશની કલ્પના મહાસાગર જેવી કરો તો એ આકાશરૂપી મહાસાગરમાં, આવાં પૃથ્વી જેવાં ઘરો અને સળગતા સુરજો ફરતાં ફરે છે. એવા લાખો કરોડો ગોળામાના બે ગોળા, એક પૃથ્વી છે અને બીજો સૂરજ છે. પૃથ્વી સળગીને હોલવાઈ ગઈ છે અને સુરજ તો હજુય સળગે છે. એ પૃથ્વી આકાશમાં એના જેવાં અગણિતોના સાથમાં એક નાનકડા રજકણ જેવડી જ છે. એની સાથે સૂરજની આસપાસ આંટા મારતાં એનાં સાથીદારો પણ એનાં જેવાં રજકણો જેવડાં જ લાગે છે અને ભડકે બળતો સૂરજ પણ જરાક મોટું રજકણ કહેવાય. એવો એ સૂરજ આપણી પૃથ્વીને અજવાળું આપે છે, અને આપણને ઠરી જતાં અટકાવી રાખીને જીવાડે છે.

પૃથ્વીના પોણા ભાગ પર પાણી રેલાવતા મહાસાગરોનાં નામ પાડવામાં આવ્યાં છે. એક પાસીફિક મહાસાગર છે અને તે પૃથ્વીના ૬,૪૦,૦૦,૦૦૦ ચોરસ માઇલ પર પથરાયો છે. બીજો એટલાંટિક મહાસાગર છે જે ૩૧૫૦૦,૦૦૦



ચોરસ માઇલ પર લંબાયેા છે. ત્રીજો એક હિંદી મહાસાગર છે અને તે ૨૯,૦૦૦,૦૦૦ માઇલ પર સૂતેા છે. એ ઉપરાંત નદીઓ અને સરોવરનાં પાણી ૬,૦૦૦,૦૦૦ ચોરસ માઇલ પર પથરાતાં પડ્યાં છે.


આપણાં ખેતરેા ને બાગેા અને ઘરેા ને મહાલયેા કે બાગ-બગીચાઓ માટે જેટલી જમીન પાણી વિનાની છે તેમાં ૫,૦૦૦,૦૦૦ ચોરસ માઇલ પરતેા મેાટાં મેાટાં સળગતાં રણેા છે. ૧૯,૦૦૦,૦૦૦ ચોરસ માઇલ પર વેરાન પ્રદેશેા ને મેદાનેા છે, અને બીજા કેટલાક માઇલેા પર જંગલેા ને પર્વતેા છે.

પૃથ્વી પરના ચેાપડામાં પડેલાં ઇતિહાસનાં પ્રકરણેા.

આપણી પૃથ્વીના પટ પ્રદેશ પર સારી રીતે સચવાઇને પડેલાં લાખેા વરસના જીવનના ઇતિહાસનાં પ્રકરણેા જડી આવ્યાં છે. આ પ્રકરણેામાં છેલ્લું પ્રકરણ મનુષ્યના પૃથ્વી પરના આગમનનું પ્રકરણ છે, જે થેાડાંક લાખ વરસેા પર જ આલેખાવા માંડ્યું હતું. આ પ્રકરણેામાં આ નવા પ્રાણીના આગમને ઇતિહાસ નામનું પેાતાનું જીવન કાર્ય આરંભ્યું તથા આ કાર્ય તેણે શ્રમ-સાધન બનાવીને શરૂ કર્યું. પછી તેા તેણે ઉપજાવેલાં શ્રમ સાધનેાએ, મનુષ્યનાં અને જીવન સંજોગેાનાં સ્વરૂપેાને પલટાવી નાખવા માંડ્યાં. યુગે યુગે પલટાતાં આ સંસ્કારનાં સ્વરૂપેાનું નામ સંસ્કૃતિ પડ્યું.

૨. ઇતિહાસ પહેલાંનો ઇતિહાસ

[ઇતિહાસની શોધ-ઇતિહાસનો આદિકાળ-મનુષ્યનું આગમન-સંસ્કારનું આરંભરૂપ, સ્વસંરક્ષણ-આદિમાનવની નામાવલિ-ઇતિહાસ એટલે વિરાટની આત્મકથા-એ આત્મકથાનું પહેલું પ્રકરણ -અગ્નિની શોધવાળો પથ્થર યુગ-ધાતુઓનાં નામવાળા ઇતિહાસના યુગો-વિકાસક્રમનું ઐતિહાસિક વિજ્ઞાન]



ઇતિહાસની શોધ

માણસે કરેલી અનેક શોધોમાં વિજ્ઞાનની મદદથી તેણે આજે ઇતિહાસની પણ શોધ કરી છે. ઇતિહાસની શોધ પછી મનુષ્યે મેળવેલી ઇતિહાસની દૃષ્ટિએ આજે સાબિત કર્યું છે કે સંસ્કૃતિમાં બિલકુલ ઓછાં મૂલ્યવાળાં એવાં રાજા-રાણીઓનાં ચરિત્રોના બનાવો અને તેમની વંશાવલીઓનો જ ઇતિહાસ આજ સુધી શિખવાયો છે. ઇતિહાસની આજની નવી નજરને હજુ હમણાં જ સુધરેલા દેશોએ સ્વીકારવા માંડી છે. સંસ્કૃતિનાં વિજ્ઞાનયુગે માનવ જાતના ઇતિહાસને જમીનમાં દટાયેલો હતો ત્યાંથી શોધી કાઢ્યો છે. ઇતિહાસની આવી શોધ વિજ્ઞાનયુગે આરંભી દીધી અને આખી પૃથ્વી પર ઇતિહાસનું સંશોધન કાર્ય શરૂ થયું. આ શોધનકાર્ય માટે ખોદકામ આરંભાયું. શોધકો આજસુધી કોઈ કોલસો તો કોઈ સોનું,અને કોઈ લોઢું શોધતા હતા. હવે કેટલાક શોધકોએ જમીન ખોદીને અંદરથી જ્ઞાનને શોધવા માંડ્યું.

આ જ્ઞાન ઇતિહાસનું જ્ઞાન હતું. આ જ્ઞાનનાં અનેક પ્રકરણો ધરતીની નીચે દફનાઈ ગયાં હતાં. આ પ્રકરણોમાં કોઈ પ્રકરણ પેઢીઓ માનવની ખોપરી બનીને પડ્યું હતું. કોઈ પ્રકરણ આદી માનવોનાં હથિયારો અને સાધનોનું રૂપ ધરીને દફનાઈ ગયું હતું. કોઈ પ્રકરણ જંગલના જમાનામાં પૃથ્વીના પેટાળમાં સંધરાયેલાં ચિત્રોનું બન્યું હતું. પ્રાચીન ભારતની ધરતી પરથી તો વિશ્વ-

ઇતિહાસનું ખોવાઈ ગયેલું એક મહાપ્રકરણ દટાઈ ગયેલું વિશ્વનગરનું સ્વરૂપ ધારણ કરીને નીકળી આવ્યું. ઇતિહાસનાં આવાંજ પ્રકરણો પિરામીડ જેવા મૃત્યુ ધરોમાં પણ પડ્યાં હતાં તે બહાર આવ્યાં. વિશ્વઇતિહાસની કલાનું અજન્તા નામનું પ્રકરણ જંગલની કબરમાં દફનાઈ ગયું હતું તે બહાર આવ્યું.



આવાં પ્રકરણો પરસીપોલિસ અને બેબિલોન તથા કાર્થેજનાં દટાઇ ગયેલાં ખંડિયેરો પણ હતાં. તે બધાં વિજ્ઞાનની નજર નીચે નૂતનરૂપ ધરીને બેઠાં થયાં. ઈ. સ. ૧૮૭૨માં સ્કલિમાન નામના એક મહાન શોધકે પોતાના જ પૈસા વડે અને પોતાના હાથની મજુરી વડે,ઇતિહાસના અનુરાગથી પ્રેરાઈને ટ્રોયનાં નગરોને ખોદી કાઢ્યાં. ઇજીપ્તમાં ગયેલો નેપોલિયન તો ખાલી હાથે પાછો ફર્યો હતો પણ તેની સાથે ગયેલો પેલો જુવાન ચેંપોલિઓ પોતાના હાથમાં આખાય ઇજીપ્તની સંસ્કૃતિને લઈને પાછો આવ્યો હતો. આવી આવી અનેક શોધો પછી જ આજે આપણી લોકભારતી જેને ભણાવવાની છે, તેવો અદ્યતન ઇતિહાસ હવે તૈયાર થવા માંડ્યો છે.

લાખો વર્ષ પરનો સમય ઇતિહાસનો આદિકાળ કહેવાય. એ આદિ સમયમાં મોટાં પરિવર્તનો પૃથ્વીની કાયાને પલટતાં હતાં. એક સૈકાને એક મિનિટમાં સમાવી શકાય તેવી આંખ ધારણ કરીને દેખી શકીયે તો પૃથ્વીની કાયાપલટ નામનું ચલચિત્ર આપણી નજર સામે તરવરી ઊઠે. એ ચિત્રપટ પર ખંડો અને ઉપખંડો, સમુદ્રો અને રણો, ઉપર તળે બનતાં અને પોતપોતાની જગાઓ પામતાં આબેહૂબ જોઈ શકાય. ધરતીના પટ પર પર્વતો જાગી નીકળતા અને લય પામતા માલુમ પડે. પૃથ્વી ઉપર દોડતી બરફની નદીઓ, દોડધામ કરતાં પ્રાણીઓ અને નિષ્પિડ બનતાં જંગલો, જન્મ પામતાં દેખી શકાય. ટૂંકમાં આપણી ધરતી પરનું ધબકતું દીલ, ટેકરિયો અને ડુંગરોમાં રપનદનરૂપ ધારણ કરેલું માલુમ પડે. આપણી ધરતી " ટ્રોપીકલ " અરણ્યોની

લીલી ચાદર ઓઢીને ઉત્તર તરફ પથરાતી અને પછીથી ' ફ્રિજેટરના પહોળા પટ્ટા આગળ દક્ષિણમાં ઝાંખી પડી જતી દેખાય. તથા આપણી પૃથ્વી પર જાગી ઊઠેલા જીવનની પાંખોના ફફડાટમાં, ફાડી ખાધેલાં પશુઓની ચિત્કાર કરતી ઘૂમરાણમાં, મહાસાગરના ઘૂઘવાટમાં અને રણ સાગર પર ઊડતા વંટોળિઆની વેણુમાં, આપણી પૃથ્વીનું જીવતું સંગીત સાંભળવાનું મળે.

પૃથ્વીપટ પર મનુષ્યનું આગમન.



આપણી પૃથ્વી પરની લાખો વર્ષની આ હીલચાલ ધારો કે આપણી નજર સામે દેખીએ છીએ. તો આપણે દેખી શકીએ કે વનપશુઓના અરણ્ય જગતમાં જીવનરૂપનો જંગ ખેલાવા માંડ્યો છે. એક જંગલની ટોચ ઉપરથી, અટારીઓ પરથી, અને જરૂખાઓ ઉપરથી, બીજા અરણ્ય પર ચારે પગે છલંગો દેતાં પ્રાણીઓ જીવનની ઝપાઝપી કરે છે. આ ચાર પગવાળાં જંગલોમાં હુપાહુપ કરતાં કેટલાંક પ્રાણીઓ હવે, આગલા બે પગ પર ઉભાં થઈ જઈને ઝાડની ડાળીને પકડી લઈને ફળને તોડીને હાથવડે ખાવાની ક્રિયા કરતાં શીખી ગયાં છે.

જંગલના જીવતરમાં આ પ્રાણીનું આવું પગલું ક્રાંતિકારી કહેવાય છે. આ પગલું હવે બે પગપર ચાલતું પણ બની ગયું છે. આ ક્રાંતિકારી પગલું ભરનાર પ્રાણીનું નામ ગોરિલા, ચીમ્પાઝી અને ઉરાંગ છે. સૈકાઓ પછી સૈકાઓ વહી ગયા પછી આ પ્રાણીઓ હવે જંગલ પરથી ધરતી પર ઉતરીને ચાલવા માંડ્યાં છે. નાનાં બચ્ચાંની જેમ હાથમાં આવતી વસ્તુને એ ખાવા માંડતાં હતાં પણ હવે તો તેમણે વસ્તુઓને ઝડપી લઈને દાંત અને નખવડે તેને ફાડીને અંદરથી દેખવા પણ માંડી છે. ધસડાતી ચાલે ચાલતાં વાળથી ઢંકાયલાં શરીરવાળાં બેડોળ ચહેરાવાળાં, માથાપરથી ઢળી પડતાં કપાળવાળાં ચીબાં નાકવાળાં, આંખના ખાડા પર નમતા હાડકાના ગોખવાળાં, આગળ આવતા જડબાં અને પાછી પડતી હડપચીવાળાં, જાડી ગરદન પર ટેકવાયેલાં માથાંવાળા આ પ્રાણીઓ કોણ છે ? એ આપણાં વડવાંઓ છે.

આદિ માનવીનું સંસ્કારરૂપ સ્વરક્ષણનાં સાધનોવાળું હતું.

આ આદિ માનવીનું સંસ્કારરૂપ શિકારીનું હતું. શિકારની ક્રિયા એના જીવનને હયાત રાખવાની જરૂરી ક્રિયા હતી. આ ક્રિયા કરતાં મરેલા પ્રાણીઓના શિંગડા લાવીને તેમાંથી પોતાના ભાલાની અણી બનાવીને એ સ્વરક્ષણ માટેની સંસ્કારની ક્રિયાનું સાધન બનાવવાનું શરૂ કરતું હતું. આ મરેલા પ્રાણીઓના ચામડાં પહેરીને ટાઢથી બચવાને વાસ્તે એવી જ બીજી ક્રિયા એ કરતું હતું. અણીદાર હાડકાંની એણે સોય પણ બનાવવા માંડી હતી. પ્રાણીઓને તેમની ગુફાઓમાંથી ભગાડી મૂકીને તેમાં એણે પોતાનું ઘર બનાવવા માંડ્યું હતું. તથા એ ઘરના દરવાજા પર પથ્થર ગોઠવીને એણે બારણું બનાવવા માંડ્યું. લાખો વર્ષથી કોઇપણ પ્રાણીએ જે કર્યું ન હતું તે એણે કરવા માંડ્યું. એણે કરવા માંડેલું આ કાર્ય હાથપગ ચલાવવા સાથે જ માથાને પણ ચલાવવાનું નૂતન કાર્ય તથા જેને કાર્ય કહી શકાય તેવી નૂતન ક્રિયા હતી.

આદિ માનવીના આરંભની નામાવલિ.

આ નવા પ્રાણીનું જનેતાએ જન્મથી પાડેલું નામ તો જન હતું. માનવીએ જનરૂપ ધારણ કર્યું, તે પહેલાંના એના ઉરાંગઉટાંગરૂપને ઓળખવા માટે ઇતિહાસકારોએ તેનું નામ '**પીથેકેન્થ્રોપસ**' અને '**સીનેન્થ્રોપસ**' પાડ્યું હતું. પછી, આ માનવીનું રૂપ ગુફા ઘરમાં રહેવાની તાકાતવાળું બન્યું ત્યારે ઇતિહાસકારોએ તેનું પાડેલું નામ આપણા રાષ્ટ્રબાંધવ ચીન દેશના પાટનગરના નામ ઉપરથી 'પેકીંગ માનવ' એવું પાડ્યું હતું.

ઈ. સ. ૧૯૨૧ માં ચીનના પાટનગર પેકીંગથી ૩૫ માઈલ પર ચૂનાના પથ્થરની એક ટેકરીની એક મોટી કરાડમાંથી પ્રાચીન સમયના પ્રાણીઓનાં કેટલાંક હાડકાં મળી આવ્યાં હતાં. ત્યારે સ્વીડનના એક 'એન્ડરસન' નામના ભૂસ્તરશાસ્ત્રીએ આ હાડકાંના અવશેષ તપાસવાનું ખોદકામ ત્યાં શરૂ કર્યું. આ ખોદકામ જેમ આગળ ચાલ્યું તેમ તેને જમીન નીચેથી પથરાનાં ઓજારો જડવા માંડ્યાં. એની સાથેના ડૉ. ડૉરકા નામના વૈજ્ઞાનિકે ત્યારે આનંદથી કહ્યું કે આ ભૂમિમાંથી આપણને માનવ જાતના અતિ પુરાણા પૂર્વજનાં હાડકાં જરૂર હાથ આવશે. આ ભૂસ્તરશાસ્ત્રીઓને જે જડ્યું તેના અભ્યાસ પરથી તેમણે નક્કી કર્યું કે આપણું ખોદકામ જ્યાં સુધી પહોંચ્યું છે ત્યાં સુધીમાં આપણને પૃથ્વી પરના પાંચ લાખ વર્ષ પહેલાંનો સમય હાથ લાગ્યો છે. આ સમયમાં પૃથ્વીના બીજા ભાગ પર જ્યારે હિમયુગ શરૂ થયો હતો તે સમયમાં ચીન પર સૂકો સમય હતો.

ઈ. સ. ૧૯૨૩ પછી આ ખોદકામ ચાલુ જ હતું. ડૉ. ડૉરકાએ સ્વીડન જઈ ને જડેલા અવશેષો તપાસવા માંડ્યા હતા અને ડૉ. એન્ડર્સને પેલું ખોદકામ ચાલું રાખ્યું હતું. પછીથી જડેલા અવશેષોમાં આદી માનવના અવશેષો પણ હતા. ડૉ. એન્ડરસન આ મહાન શોધ કરીને ડૉ. ગ્રાબો સાથે પેકીંગ નગરની એક હોટેલમાં ચાહ પીતો બેઠવાર બેઠો હતો ત્યારે ડૉ. ગ્રાબો ડૉ. એન્ડર્સનને ગમ્મતમાં પૂછતો હતો કે ' હવે પેલા પેકીંગનર વિષે આગળ શી શોધ કરવી છે ? ' ડૉ. એન્ડર્સને એને આનંદથી કહ્યું 'એ નર ન હતો પણ આદિ માનવને જન્માવનાર પેકીંગ નારી હતી.' પછી ૧૯૨૭ ના એપ્રિલમાં શોધખોળનું કામ આગળ ચલાવવા સ્વીડનથી ડૉ. બોહલીન પણ આવી પહોંચ્યો. બરાબર એ જ સમયે ચીનની ધરતી પર, ચીનના વિગ્રહખોરો અને લોકનેતાઓ વચ્ચે આંતરવિગ્રહ શરૂ થયો હતો. આ આંતરવિગ્રહમાં ફૂટતી તોપોના ગોળા ખુલ્લી બનેલી પેલી ઈ તિહાસની ગુફાઓ પર થઈને ગડગડાટ કરતા ઉડતા જતા હતા. પણ અંદર ઉતરેલા પેલા વૈજ્ઞાનિકો તો, પોતાનું ખોદકામ આગળ ધપાવે રાખતા હતા, અને આદિમાનવની આખી ખોપરી શોધી કાઢતા હતા. ઈ. સ. ૧૯૨૮ માં ' જીઓલોજિકલ સર્વે ઑફ ચાયના ' એ પેકીંગનગરમાં જીવતાં બની ગયેલાં પાંચ લાખ વર્ષ પરના આદિ-માનવોનો નામકરણ વિધિ કર્યો. આ માનવ પીથેકેન્થ્રોપસ કહેવાયાં.

સમયના અંધકારથી શરૂ થતી વિરાટની આત્મકથા.

લગભગ પાંચ લાખ વર્ષ પર ત્યારના માણસે એટલે ' પાઈ થેકેન્થ્રોપસ ઈરેકટર્સ,' બે પગ પર ઉભા થઈ ગએલા અને આગલા બે પગને હાથ તરીકે વાપરનારા ' મેમલ ' પ્રાણીએ માણસની છટા ધારણ કરીને વેરાનની કેડીઓ પર જીંદગીનો આરંભ કર્યો. ત્યારે સમયનું રૂપ સમયની સીમાઓ પાછળનું અંધકારમય હતું. પરંતુ આજે માણસનાં વિજ્ઞાનોએ એ અંધકાર પર પ્રકાશ ફેંકીને ઈતિહાસનાં આદિકમાડ ખોલી નાંખીને માનવીની કથા કહેવી શરૂ કરી છે. આ કથાનું પહેલું પ્રકરણ આદિકાળ છે. આ કથાનો સમયનો પ્રદેશ તે તે સમયનું આખું જગત છે. આ કથાની હિલચાલ માનવ વિરાટની, તે તે દેશકાળની જીવન ઘટનાની હિલચાલ છે.

આ હિલચાલમાં કુદરત સાથે એટલે દેશકાળના જીવનના સંજોગોની સાથે પરસ્પર ક્રિયા કરીને માનવવિરાટ વિજેતા બન્યો છે. એનો આ વિજય કુદરત સાથે કૂરિત કર્યા પછી તેનો નાશ કરવાનો વિજય નથી. પણ કુદરતને ધ્યાન દઇને સાંભળ્યા પછી અને ઝીણી નજરથી તેને અવલોકયા પછી તથા તેની ક્રિયાના કાનૂનને સમજીને પોતાની ક્રિયાને તેનો સાથે અંતર્ગત કર્યા પછી

માનવીએ કુદરત પરનો પોતાનો સંસ્કારી અને વૈજ્ઞાનિક કાબૂ સાબિત કર્યા કર્યો છે તે છે. આ સાબિતી યુગેયુગે પલટાતા, કુદરત અને મનુષ્યના ઉત્તરોત્તર ચઢિયાતા રૂપોમાં આપણે પામી ચૂકયાં છીએ.

વિરાટમાનવે કઈ રીતે એના નગ્ન હાથને સાધનથી શણગાર્યા, એના નગ્ન પગને, અદ્‌ભૂત એવી તાકાતથી મઢી લીધા, એની નગ્ન ચામડીને સુરમ્ય એવાં વસ્ત્રોથી વિભૂષિત બનાવી તથા, એની નગ્ન આંખ અને નગ્ન કાનને, સેંકડો અને હજારો યોજનોના અંતરાયોને રદ કરીને દેખતાં અને સાંભળતાં બનાવ્યાં તથા, કેવી રીતે એણે પોતાના આખા જગતને યુગે યુગે સ્થપાતા, વિશ્વસંસ્કૃતિના સીમા સ્થંભો વડે મઢી દીધું ? આ સવાલોનો એક જ જવાબ વિશ્વઇતિહાસની કથા અથવા માનવવિરાટની આત્મકથા છે.

એ આત્મકથાનું પહેલું પ્રકરણ.

ધારો કે વિરાટમાનવે પોતાની આત્મકથા શરૂ કરી. આ વિરાટમાનવ અસંખ્ય વર્ષો ઉપર જે જગત રૂપમાં ઉભો છે તેનું સ્વરૂપ જંગલો, સમુદ્રો, અને વેરાનોનું વિકાળ રૂપ છે. આ જગતનાં જંગલઘરમાં આ માનવ વિરાટને ઉભેલો દેખો. આ જંગલ ઘરને બારણે બારણે અંદર આવવાની મનાઈ કરતો હોય એવો જણે ચિતકાર ઊઠે છે. આ જંગલઘરના સેંકડો માઇલ પર અનેક પશુઓ અને પ્રાણીઓ વસે છે. આ જંગલ ઘરને અમેરિકાનું સ્કાયસ્ક્રેપર કહીએ તો પણ ચાલે. આ જંગલ ઘરને ઘણા બધા માળ પણ છે. આ જંગલ ઘરમાંથી અનેક પ્રાણીઓની ચિચીઆરી જેવો અવાજ આવ્યા જ કરે છે. એમાં ઉપલા માળમાં ઊરાંગઉટાંગ નામનાં પ્રાણીઓ વસે છે અને તેઓ ડાળીઓના ફૂલો પર થઈ ને દોડધામ કરે છે. આ પ્રાણીઓમાં ચીપન્ઝી અને ગોરીલાઓનો વસવાટ પણ છે.


આ પ્રાણીઓ મારી અને તમારી જ જાતનાં પ્રાણીઓ છે. જંગલ આ પ્રાણીઓનો કિલ્લો છે અને આ કિલ્લાના કોઠારોમાં ફળફૂલોના ઢગલા કુદરત સાચવી રાખતી હોય છે. આ જંગલ જગતે માનવીના પગને પોતાની જાત સાથે સાંકળથી બાંધી રાખ્યો છે. પણ જુઓ, અનેક યુગોની ગડમથલ પછી તે સાંકળ એણે તોડી નાંખી છે. અને માનવીની અદાથી તેણે ઝાડ પરથી જમીન પર ઉતરવા માંડયું છે. અને રાતવાસો કરવા માટે જ ઝાડ પર જવા માંડયું છે. પછી ધીમે ધીમે એણે ટોળાબંધ બનીને ભેખડોની ગુફાઘરોમાં રહેવા માંડયું છે. આ સમય ઈ. સ. પૂર્વે દસલાખ વર્ષ પરનો કહી શકાય.

પાછા યુગો વહી જાય છે અને આ માનવવિરાટના હાથમાં સાંગ જેવી મોટી લાકડી માલમ પડે છે. હવે એણે પથ્થરો સાથે સક્રિય બનીને તેને પણ

ઉપાડવા માંડ્યા છે. અને ફેંકવા માંડ્યા છે. એણે અણીદાર પથ્થરો વડે જમીનમાંથી કંદમૂળ ખોદી કાઢવા માંડ્યાં છે. લાકડીઓ, પથ્થરાઓ અને શિકાર કરેલાં, પ્રાણીઓનાં હાડકાંઓનાં સાધનોવાળો માણસ હવે અંદર અંદરના વ્યવહારમાં ઇશારાઓ અને ઘુમરાણ કરીને પોતપોતાની ભૂખોમાંથી થોડાક શબ્દો પણ પામી ચૂકયો છે. પાંચ પચીસ જેટલા શબ્દો એની સાધન સામગ્રીમાં સૌથી કિંમતી દોલત બની ગયા છે. શબ્દથી, પોતાને શું થાય છે તે ઉપરાંત, પોતે અને બીજાએ શું કરવું તે એણે બોલવા માંડ્યું છે.

યુગપલટો લાવનારી અગ્નિની શોધવાળો પત્થરયુગ

પ્રાથમિક માનવે જંગલના જીવનમાં દૂરથી અગ્નિને દેખ્યો હતો. અને માન્યું હતું કે આ અગ્નિ નામનું પ્રાણી બીજા પ્રાણીઓની જેમ તેની સાથે યુદ્ધ કરવા પોતાના તરફ ધસી નહોતું આવતું. એટલે આસ્તે આસ્તે બીક છોડીને સંધમાનવે, એની પાસે પહોંચવા માંડ્યું. કોઈ બહાદુરે એક છેડા પર સળગતી એક ડાળને પણ ઉપાડી લીધી અને આમ-તેમ ફેરવવા માંડી અને અગ્નિને શી ટેવો હોય છે તે તણે આસ્તે આસ્તે



સમજવા પણ માંડ્યું. થોડુંક દાઝ્યા પછી અગ્નિની અમુક રીતભાતોને સમજી ચૂકેલો આ માનવવિરાટ પછી તો એના ગુફાઘરમાં અંધકારની નિરાશાને અને ઠંડીની યાતનાને દૂર કરતો અગ્નિની આસપાસ ટોળે વળીને બેઠો અને અગ્નિને એણે પોતાના ઘરબારમાં અખંડ જીવતો રાખવા માંડ્યો છે.

ધાતુઓનાં નામવાળા ઇતિહાસના યુગો.

ગુફાઘરમાં રહેતા માનવીની એ અતિ પ્રાચીન સમયની અજબ જેવી શોધ થઈ ચૂકી. ઘસારામાંથી અગ્નિને ઉપજાવવાની રીત પણ એને આવડી ગઈ હતી. અગ્નિની સાક્ષીમાં પથ્થરનાં રૂપો એણે પારખવા માંડ્યાં હતાં. કેટલાક પથ્થરને અગ્નિમાં નાંખવાથી તેના ઉપરથી કંઈ પીગળી જતું તેણે દેખ્યું, અને પથ્થર પરથી પીગળાતાં, સળગતાં, ટીપાંને દેખવા માટે, દોડતાં આવી પહોંચતા એણે સહોદરોને ચીસ પાડી. આ ટીપાંઓમાંથી એણે ત્રાંબુ બનાવ્યું.

વિશ્વઇતિહાસમાં માનવી ધન્ય બન્યું. એણે જગત પર તામ્રયુગ શરૂ કર્યો. એણે પથ્થરનાં હથિયારો અને સાધનોને બદલે ત્રાંબાનાં હથિયારો અને સાધનો બનાવવા માંડ્યાં. પછી એણે એજ રીતે કલાઈની શોધ કરી. માનવ-ઇતિહાસમાં ધાતુયુગ શરૂ થઈ ગયો. પછી એને ખબર પડી કે તાંબા સાથે કલાઈ ભેળવતાં એક નવી જ જાતની અને બંને ધાતુ કરતાં વધારે સારી ધાતુ પેદા થાય છે. આ ધાતુનું નામ 'બ્રોન્ઝ' હતું. તામ્રયુગ સાથેના ધાતુયુગે 'બ્રોન્ઝ'યુગનું રૂપ ઉભું કર્યું. ત્રણ હજાર વર્ષ સુધી માણસે આ ધાતુનાં હથિયારો અને સાધનો વાપર્યા કર્યા અને ત્યાં તો લોહયુગ આવી પહોંચ્યો. લોખંડની શોધવડે માનવીનાં સાધનો અને હથિયારોએ અદભૂત તાકાત ધારણ કરી. આ તાકાતે મનુષ્યને સંસ્કારી બનાવવા માંડ્યા. આપણી ધરતી પર કદી નહિ દેખાયેલો એવો બનાવ અને દેખાવ પહેલી વાર દેખાયો. આ બનાવ જગતના જન્મ પછી સંસ્કૃતિના જન્મનો હતો. લોહયુગનો વિરાટમાનવ સંસ્કૃતિના ઊંબર પ્રદેશ પર ઉભો. આજે આપણે પણ એ લોહયુગમાં જીવીએ છીએ.

સંસ્કૃતિનાં સાત હજાર વર્ષની બાલ્યાવસ્થામાં જ માનવજાત આજે સંસ્કૃતિની ટોચ પર જાણે ચઢી ચૂકી છે. સંસ્કૃતિના શિખર પરથી માનવ-વિરાટની પગદંડી, ઇતિહાસના સીત્તેર સૈકાઓ ઉપર પથરાઈ ગઈ છે. વિકાસક્રમના વિજ્ઞાને અને જીવન વિજ્ઞાનોની નૂતન નજરે આ રેખાઓ ઉપર ચઢી ગયેલી ધૂળને ઉડાડી નાંખીને, મનુષ્ય વાંચી શકે તેવા સ્પષ્ટ શબ્દોમાં લાખો વર્ષનો વિશ્વઇતિહાસ માનવીનાં બાળકો માટે ભણી શકાય તેવી રીતે રજૂ કરી દીધો છે!

વિકાસક્રમનું ઐતિહાસિક વિજ્ઞાન


માનવજાતની આત્મકથાનું ખોવાઈ ગયેલું 'પ્રીહીસ્ટોરીક' નામનું પ્રકરણ પણ હવે વાંચી શકાય છે. માનવીની જીંદગીની ખોવાઈ ગયેલી આ કથા આજે હાથ લાગ્યા પછી ઇતિહાસનું અજ્ઞાન ધરાવનારો ઈસાઈ ધર્મનો અહંભાવ જેનેસીસ નામના પોતાના ધર્મગ્રંથના પહેલા પ્રકરણમાં આ ધરતી પર, ઈ. સ. પૂ. ચાર હજાર ને ચાર વર્ષ પર મનુષ્ય પહેલ વહેલું અવતર્યું એવી મોટી ગપ મારતો હતો તે વાત પણ હવે ખુલ્લી પડી ગઈ. ઇતિહાસનું આ સત્ય જીવનવિકાસક્રમનું વિજ્ઞાન છે. ઈ. સ ૧૮૩૧ માં 'બિગલ' નામના જહાજમાં 'ચાર્લ્સ ડાર્વિન' નામનો એક જીવન વૈજ્ઞાનિક જીવનવિજ્ઞાનનો અભ્યાસ જીવનમાંથી જ કરવા માટે ન્યૂઝિલેંડ તરફ હંકારી ગયો. અને દક્ષિણ અમેરિકાથી સેંકડો માઇલ દૂરના 'ગાલાપાગોસ ટાપુ' ઓ પર આવી પહોંચ્યો.

આ ટાપુઓ ઉપર જગતના જન્મ પછી એકેય મનુષ્ય હજુ સુધી વસ્યું ન હતું. આ ટાપુઓ આ ધરતી પરની જીવનકથાનાં પ્રીહીસ્ટોરિક સમયના જીવનરૂપોને પણ જીવતાં ધારણ કરી રહેલાં સંગ્રહસ્થાનો જેવા હતાં. ડાર્વિન નામના જીવન વૈજ્ઞાનિકે જીવન વર્તનની આ પ્રીહીસ્ટોરિક પ્રયોગ શાળામાં ડોરવીને ભણવાનું શરૂ કર્યું. જીવનમાંથી ૨૦ વર્ષ સુધી ભણ્યા કરેલા આ વૈજ્ઞાનિકે જીવનની ક્રિયાઓની નોંધોના ઢગલા તૈયાર કર્યા અને તેમાંથી એણે જીવન-વિજ્ઞાનનું સત્ય તારવી કાઢયું. મનુષ્યના અવતરણનું માનવઈતિહાસનું પ્રીહીસ્ટોરિક નામનું ગુમ થઈ ગયેલું પ્રકરણ એના હાથમાં આવ્યું.

ઈતિહાસ નવો લખાવા માંડ્યો. કયા વર્ષની કઈ તારીખે, કેટલા વાગે આ પૃથ્વી પર પહેલા મનુષ્યનું અવતરણ થયું તે નોંધવાને બદલે નૂતન ઈતિહાસે મનુષ્યના અવતરણની જીવનવૈજ્ઞાનિક પ્રક્રિયાની નોંધ કરી. પછી તો, આ વિશ્વના ભંડારિયામાંથી પ્રાચીન ઈતિહાસની કિતાબો જેવા પીરામિડો, અને હાડપિંજર જેવાં નગરો જાગી ઊઠ્યાં.

૩. ઇતિહાસ એટલે સંસ્કૃતિની જીવનકથા

[ઇતિહાસકથા એટલે સંસ્કૃતિની જીવનકથા—સંસ્કૃતિની કથાનો નાયક વિશ્વનો માનવસમુદાય—સંસ્કૃતિની કેડી—સંસ્કૃતિની રચનાક્રિયાનાં મુખ્ય અંગો—સંસ્કૃતિની પૂર્વઘટનાનાં સ્વરૂપો—સંસ્કૃતિનું વસિયતનામું—પૂર્વ અને પશ્ચિમનો સંસ્કૃતિનો પિતા પુત્ર સંબંધ]



ઇતિહાસની કથા એટલે સંસ્કૃતિના જીવનની કથા

ઇતિહાસનું આલેખન માનવ સંસ્કૃતિનું આલેખન હોય છે. માનવજાતની જીંદગીનું સ્વરૂપ આદિથી માંડીને તે આજ પર્યંત, સંસ્કૃતિનાં કેવાં રૂપોને ધારણ કરી શક્યું છે તેની કથા એટલે ઇતિહાસની કથા અથવા વાર્તા છે.

જંગલધર અને ગુફાધરમાં રહેતું મનુષ્ય સિન્ધુનાં નગરો જેવાં નગરોનું નાગરિક કેવી રીતે બન્યું, ઇજીપ્તના પિરામીડો બાંધનાર શિલ્પી અને હાડપ્પાનાં નગરોમાં જમીન નીચેની ગટરો બાંધનાર તથા ઇજીપ્તની ધરતી પર નહેરોની રચના કરનાર ઇંજનેર કેવી રીતે બન્યું, અથવા કેવી પગથી પર પગ ગોઠવતું એ આગળ વધ્યું તેની હકીકતની કથા એટલે ઇતિહાસની કથા છે.

વેરાનમાં ભટકતું અને પથરાની સાંગ ધારણ કરીને શિકારનો જ વ્યવસાય ધારણ કરતું મનુષ્ય મેસોપોટેમિયામાં ખગોળશાસ્ત્રી કેવી રીતે બન્યું, હિંદમાં ગણિત શાસ્ત્રી કેવી રીતે બન્યું, ઇઝરાઇલમાં ધર્મ ધૂરંધર શી રીતે બન્યું, ઇરાનમાં ગવર્નર કેવી રીતે તથા ગ્રીક ધરતી પરનું કલાકાર અને રોમન ધરતી પરનાં સીનેટર તથા ચીની ધરતી પરનાં સંત અને અરબી ધરતી પરનો એક ઇશ્વરનો રાજદુત કેવી રીતે બની ગયું તે રીતની તથા તેના પરિવર્તનના પંથની કથા એટલે ઇતિહાસના કથા છે.

સંસ્કૃતિની આ કથાનું નાયક—માનવસમુદાય

સંસ્કૃતિની ઘટનાનું નાયક એકલું અટૂલું મનુષ્ય નથી પણ માનવસમાજ અથવા સમુદાય છે. ઈતિહાસના આરંભથી જ એ પોતાની કથાનો સંસ્કૃતિમય આરંભ શરૂ કરી દેતો માનવસમાજ માલમ પડ્યો છે.

આ આરંભમાં સંસ્કૃતિની ઘટનાનાં બધાં રૂપો એકબીજામાં ઓતપ્રોત થઈ ગએલાં શરૂમાં દેખાય છે. આ સ્વરૂપોમાં કોઈ સ્વરૂપ વધારે સ્પષ્ટ દેખાય છે તો કોઈ ઝાંખું હોય છે. આ સંસ્કૃતિની ઘટનાનો ઘડવૈયો માનવસમુદાય, ખોદતો, કટકા કરતો, ઠોકતો, તાર કાઢતો, સૂકવતો, સાચવી રાખતો, ચીસ પાડતો, શરીર ઢાંકતો, જાદુ કરતો, શિકાર કરતો, પાલન કરતો વિગેરે અનેક ક્રિયાઓ કરતો દેખાય છે.

આ બધી ક્રિયાઓનો કર્તા માનવસંઘ છે. આ બધી ક્રિયાઓ કોઈ આર્થિક તો કોઈ સામાજીક, કોઈ એક તો કોઈ બીજા રૂપમાં ઓળખી શકાય તેવી ક્રિયાઓ છે. આ બધી ક્રિયાઓ માનવપ્રાણીની સંસ્કૃતિ ઘડતરની ક્રિયાઓ છે. આ ક્રિયાઓને પગલે પગલે સંસ્કૃતિની કેડીની રચના થાય છે.

સંસ્કૃતિની કેડી

આ કેડી પર મનુષ્ય ઉભો છે. એના હાથમાં હથિયાર છે, સાધન છે. સંસ્કૃતિના ઘડતરની એ નિશાની છે, સ્વરૂપ છે. પર્વતની ટોચ પરથી તે, સમુદ્રના કિનારા સુધીની રાન તથા વેરાન અને જંગલ જેવી પૃથ્વીની કાયાને, હથિયાર અથવા સાધન ધારણ કરીને એણે સુધારવા માંડી છે. આ સુધારણા અથવા સંસ્કૃતિની ક્રિયા કરનારના એના હાથમાં સાધન અથવા હથિયાર છે. સંસ્કૃતિની કેડી પર એણે પગ ગોઠવીને ચાલવા માંડ્યું છે.

સંસ્કૃતિની આ સાધનામાં જંગલની કિનારી ઝાંખી પડે છે અને જંગલ પાછું હટે છે. કોઈ નદી કે સમુદ્રના કિનારા પર સંસ્કૃતિનો વસવાટ આ રીતે એ શરૂ કરે છે. એનું માનવરૂપ પણ સંસ્કારીરૂપ બની ગયું હોય છે. આ સંસ્કારી સ્વરૂપ ગોપનું, ભરવાડનું, ખેડૂતનું વણકરનું, ધાતુમાંથી ઘાટ ઘડનાર કારીગરનું, બની ગયું હોય છે. આ બધી સંસ્કૃતિના ઘટના આપમેળે બની જતી નથી પણ મનુષ્યના કાર્ય વડે થાય છે. આ બધાં કાર્યોની ઘટના ચૂપચાપ કે શાંતિમય રીતે ચાલતી નથી પણ એક મોટી ખેંચતાણ અથવા ધમસાણની ગતિ ધારણ કરતી હોય છે.

સંસ્કૃતિની કેડી પર ઇતિહાસના કોઈ પણ તબક્કા અથવા સમય પર નજર નાખો. સંસ્કૃતિની કેવી ધમસાણ મચેલી દેખાય છે ! ઇજીપશિયનો મેસોપોટેમિયનો, એસીરિયનો, સીરિયનો, ગ્રીકો, અને રોમનો, આર્યો અને અનાર્યો, ઇરાનીઅનો, ઇઝરાઇલો આ બધા સંસ્કૃતિની કેડી પરના માનવ સમુદાયો, અંદર અંદર અથડાય છે, કૂટાય છે, પડે છે, ઉભા થાય છે, આગળ વધે છે, કોઈ નાશ પણ પામી જાય છે, પણ સંસ્કૃતિની કેડી પર માનવવિરાટ આગળને આગળ વધ્યો જાય છે, સંસ્કૃતિ વિકસતી જ જાય છે.

સંસ્કૃતિની રચનાનાં મુખ્ય અંગો

જેના પર સંસ્કૃતિ નભે છે, તથા જેને ધારણ કરીને તથા જેના પાયા ઉપર સંસ્કૃતિની ઘટના વિકાસનાં વિવિધ સ્વરૂપો ધારણ કરે છે, તેવાં સંસ્કૃતિનાં પાયાનાં અંગો નીચે પ્રમાણે છે.

એક બીજાને સમજાવતી અને સમજવવાની **ભાષા** નામની આવડત અથવા ક્રિયા વિના સંસ્કૃતિ સરજાઈ શકી નહોત. માનવ સમાજની ઘટનાનો એ જ પાયો છે. મનુષ્યની સામાજીકતાની એ જ સંસ્કાર ક્રિયા છે. ભાષા અને ભાષામાં ભરેલા અનુભવ ક્રિયાઓની આપલેના શબ્દોનું સાધન જો હોય નહીં તો, વીણાઓનાં વાદનથી જ સંસ્કૃતિ બંધાઈ શકી નહોત.

આ ઉપરાંત સંસ્કૃતિના પાયા જેવી શોધ **અગ્નિના** ઉપયોગની શોધ છે. આ શોધ વડે જ મનુષ્યે પોતાનાં સાધનો અને હથિયારો, અથવા સાધનસંપન્નતા કેળવ્યા કરી છે. આ સાધનો વડે જ, રોટી, રહેઠાણ, અને પોશાક નામની સંસ્કૃતિની પ્રથમ કક્ષાની જરૂરિયાતો, એ પામી શકયો છે.

સંસ્કૃતિની સાધનાનું એવું જ મૂખ્ય અંગ મનુષ્યની **પાલન પ્રવૃત્તિ** અથવા વાત્સલ્ય પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિનું રક્ષણ એની જાતનું અને એની જાતિનું રક્ષણ બન્યું છે. આ રક્ષણ માટે એણે અનેક રમખાણો પણ કર્યાં છે, અને સ્વસંરક્ષણ તથા જાત સંરક્ષણનાં સંસ્કૃતિનાં સ્વરૂપો ઘડ્યાં છે. આ ઘડતરના એકડા જેવી એની સમાજ સંસ્થા છે, અને પશુપાલન નામની સંસ્કૃતિની આરંભની સંસ્થા છે.

આ પ્રવૃત્તિના પાયા પર એણે સંસ્કૃતિની વસવાટ રૂપવાળી **ખેતીજીવનની** સંસ્થા ઘડી. સંસ્કાર જીવનનો એકડો ખેતી સંસ્કારથી શરૂ થયો. આ એકડા પછી કલા, કારીગરી, નગર રચના, વ્યાપાર, વગેરે સજાવટવાળી સંસ્કૃતિની ઘટના શરૂ થઈ શકી.

સંસ્કૃતિની ઘટનાનાં રૂપોનો આરંભ

સંસ્કૃતિની ઘટનાનાં રૂપોનો ભવ્ય એવો આરંભ આપણે ઈતિહાસના આરંભ સાથે જ એશિયાના દેશોમાં દેખી શકીએ છીએ. સંસ્કૃતિની આ બધી ભવ્ય ઘટનાનો વારસો, જગતભરની માનવજાતને દેનાર એશિયાની માનવતા છે. આ બધી સંસ્કૃતિ ઘટનાના અતિ મહત્વના એકમ જેવો પાયો, મનુષ્યની ક્રિયા અથવા શ્રમકાર્ય નામનો છે. સંસ્કૃતિની રચના સાથે સંકળાઈને જ માનવ પ્રાણીની ક્રિયા, શ્રમકાર્ય નામના શબ્દસંસ્કારને ધારણ કરી શકે છે.

સંસ્કૃતિની આ સાધનાના એકમ સાથે જ; સિંધુ નગરોમાં સંસ્કૃતિના રૂપ જેવું ગાડાનું પૈડું શરૂ થઈને સુમેરિયામાં, ઇઝરાઈલમાં, ઈજીપ્તમાં વગેરે પ્રદેશો પર ફરવા માંડે છે. રેશમ અને ગનપાવડર ચીનમાં બળવા માંડે છે. પહેલો ઘોડેસ્વાર મધ્ય એશિયામાંથી ઘોડેસ્વારી કરીને મેસોપોટેમિયા અને ઈજીપ્તમાં જાય છે. ફીનીસિયાનાં જહાજો આફ્રિકાની પ્રદક્ષિણા કરે છે. વહાણવટાનો કંપાસ ચીન બનાવે છે. સુમેરિયાના વેપારીઓ જગતને સોના અને ચાંદીનાં મૂલ્યો વાપરતાં, વેપારી કરારો લખતાં તથા નામુ લખતાં અને હુંડીઓ લખતાં શીખવે છે.

સંસ્કૃતિનું બીજું રૂપ જે સરકારનું રૂપ હોય છે તે પણ, કુટુંબઘટના અને સમાજઘટનાના વિકાસમાંથી, કાયદો અને કાનૂન બનીને આર્યોના આવતા પહેલાંની દ્રાવિડિયન સંસ્કૃતિમાંથી નિપજી ચૂકયું છે. આ રૂપ ભારતના જનપદ ઉપર ગ્રામપંચોની ઘટના બનીને આર્યોના આગમન પહેલાં જ વિકાસ પામી ચૂકયું છે. વિશ્વસંસ્કૃતિનું આ કાયદાનું સ્વરૂપ છે. આ સ્વરૂપમાં રાજા વિનાના વૈરાજ્યોની ઘટના પણ બંધાવા માંડી છે તથા દુર્ગોની રચના થવા માંડી છે. સરકારની આ સંસ્કાર ઘટનામાં ઈજીપ્તે જગતને વસતીગણત્રી કરતાં, વેરો નાંખતાં અને આવકવેરો નાંખતાં શીખવવા માંડયું છે.

વિશ્વસંસ્કૃતિનું ત્રીજું રૂપ માનવ વ્યવહારનું વિનયરૂપ છે. આ વિનયરૂપમાં સંસ્કારનો સીમા સ્તંભ બનેલા તમામ પ્રાચીન દેશો પાછા પડે તેમ નથી. વિનયરૂપનાં અનેક વર્તનો પૂર્વ આજે પણ પશ્ચિમને શીખવી શકે તેમ છે. આ પ્રાચીન સંસ્કૃતિના સીમા સ્તંભ પરથી જ જગત ઇતિહાસની સામાજિક ઇન્સાફની પહેલી મૂલ ઈજીપ્તમાં પડી છે. વિશ્વ ઈતિહાસની સામાજિક ઇન્સાફની પહેલી હિજરત ઈજીપ્તની ધરતી પર નોંધાય છે. અને વિશ્વ બંધવતાની આઝાદીની પહેલી જેહાદ જુડિયાનાં ગ્રામપંચો ઈઝરાઈલની માનવતામાંથી પેલેસ્ટાઈનના માનવ સમુદાયનો આગેવાન સાયમન પુકારે છે.

વિશ્વસંસ્કૃતિનું ચોથું રૂપ વિજ્ઞાનનું છે. સંસ્કૃતિના પાયા જેવું આ જીવનવર્તનનું સ્વરૂપ સૌથી અધિક છે. આ સ્વરૂપે માનવીનું સ્પષ્ટ રીતે અવલોકન કરતાં, અવલોકનની નોંધ કરતાં અને તેની નિષ્પક્ષ ચકાસણી કરતાં શીખ્યું છે. જ્ઞાનનું આ સાચું સ્વરૂપ અથવા વિજ્ઞાનરૂપ ઇજીપ્તનું ગણિતશાસ્ત્ર અને ભૂમિતી હતાં. આ વિજ્ઞાને જગતને પહેલું કેલેન્ડર આપ્યું. વિશ્વઇતિહાસમાં સૌથી પહેલીવાર ઇજીપ્તના વૈદ્યો દવાઓ આપતા અને ઓપરેશન કરતા દેખાય છે. બેબિલોનીયામાં સૌથી પહેલો ગ્રહનક્ષત્રોનો અભ્યાસ શરૂ થાય છે અને સમયની શોધમાં એક મહિનાના ચાર અઠવાડિયાં નક્કી થાય છે તથા, બાર કલાકવાળું ઘડિયાળ, કલાકની ૬૦ મિનિટો અને એક મિનિટની ૬૦ પળ રચાય છે. ભારતની ભૂમિ પર ગણિત આટલો મોટો વિકાસ પામે છે અને મનોવિજ્ઞાનનું મંથન શરૂ થઈ જાય છે. યુરોપનાં જંગલોમાં માનવનું રૂપ હજુ ઉરાંગઉટાંગ જેવું છે ત્યારે ઇજીપ્શિયનો, બેબીલોનિયનો, યહૂદીઓ, અને ભારતવાસીઓ, વિશ્વનું સત્ય શું છે તેની ચર્ચાઓ કરે છે અને તર્કશાસ્ત્રોની રમતો રચે છે. ભારતભૂમિનું ધર્મરૂપ ચિંતનને ગળી જાય છે અને ચીનીભૂમિ પરનું ચિંતનરૂપ ધર્મ પર કાબૂ મેળવે છે.

સંસ્કૃતિ જેના વિના શક્ય જ નથી એવી માનવભાષાનું લેખનવાચન અને પઠનપાઠન વિશ્વસંસ્કૃતિના સીમા સ્તંભ બનેલા આ પ્રદેશો પર કવિતાઓ લલકારે છે, અને રંગભૂમિઓ નાટક ભજવે છે. આ પ્રવૃત્તિના પાયામાં ઇજીપ્તે બારાખડી દીધી છે તથા કાગળ અને શાહી શોધી કાઢયાં છે તથા ચીને જગતનું પહેલું છાપખાનું બનાવ્યું છે. બેબીલોનિયા વ્યાકરણ લખવા, શબ્દકોશ બનાવવા તથા પુસ્તકાલયો રચવા કામે લાગી ગયું છે. ' સા વિદ્યા યા વિમુકતયે'નો મુદ્રાલેખ ધડીને આર્યોના આવતાં પહેલાં જ વિંધ્યસિંધુના કિનારા પર વિશ્વ વિદ્યાપીઠ રચાઈ જાય છે. એસિરિયનોએ ઇતિહાસ લખવા માંડયો છે અને ભારતમાં પહેલું ' એપિક ' રચાવા માંડયું છે.

સંસ્કૃતિના આ સત્ અને ચિત્નાં આ સ્વરૂપોમાં સૌન્દર્યનું રૂપ પાછળ રહી ગયું નથી. સુંદર વસ્ત્રો નકસીદાર ઝવેરાતો અને કોસ્મેટીકો ઇજીપ્તના, સુમેરિયાના અને હાડપ્પાનાં; વિશ્વનાગરિકોના કલેવરોને શણગારે છે. આ નાગરિકોના ઘરમાં સુંદર ' ફર્નીચર ' અને ચિત્રોવાળાં માટીનાં વાસણો ગૃહ શણગાર બની ચૂકયાં છે. ઇજીપ્તના મૃત્યુઘરોમાં લાકડાં અને હાથીદાંત પરનું કોતરકામ દીપી ઊઠયું છે. વિશ્વકલાનાં સૌન્દર્યના ઉપાસકો તરીકે મશહૂર બનેલા ગ્રીક શીલ્પીઓ અને ચીની ચિત્રકારો, ઇજીપ્તની ચિત્રશાળામાં બેઠેલા

વિદ્યાર્થીઓ જેવા દેખાય છે. યુરોપની ચિત્રશાળાની સૌન્દર્યરચનાનો કલાગુરુ ગ્રીસ અને ચીનનો ચિત્રકાર બનવાનો છે. સંસ્કૃતિના આ યુગમાં અતિપ્રાચીન એવો યહૂદી એક ભગવાનની નિરાકાર આરાધના કરતો, વિશ્વસંગીતનું પહેલું સ્તોત્ર લલકારતો, શબ્દની સુંદરતાની જમાવટ કરે છે.

વિશ્વસંસ્કૃતિનું વસિયતનામું

સંસ્કૃતિનો આ અતિપ્રાચીન સીમારતંભ વિશ્વસંસ્કૃતિને સંસ્કૃતિનો પૂર્વનો વારસો સોંપે છે. વિશ્વમાનવતા આ વારસા ઉપર પોતાની વિકાસક્રિયાઓ નિપજાવે છે. આ સંસ્કારવારસાના બાળકોમાં ગ્રીક બાળક, કલાના જંગી માળખામાંથી સૌન્દર્યની સંપૂર્ણતા સર્જવા મચી પડ્યું છે તથા કલાના ઇતિહાસને નૂતન દીશા દાખવવા માંડ્યું છે. સંસ્કારના એક ભારતીય સ્વરૂપે વિશ્વમિત્રનાં ચિંતન રૂપમાં બુદ્ધિની શુદ્ધિનો ગાયત્રીમંત્ર રચવા માંડ્યો છે તથા આ મંત્રના ગ્રીક રૂપે 'સકારણ' એ જ સત્ય છે તેવા શિક્ષણના વિજ્ઞાનનો પાયો નાખવા માંડ્યો છે. ભારતના શિક્ષણરૂપને ગળી જતી ધર્મની ઘેલછા ગ્રીક ધરતી પર પરાભવ પામી ચૂકી છે તથા ગણિત અને ખગોળ શાસ્ત્રના પાયા પર ભૌતિક વિજ્ઞાન વિકસવા માંડ્યું છે. ગ્રીસનો ભેરૂબંધ ભારત પાછો પડે છે ત્યારે ગ્રીસની વિદ્યાપીઠ જીવનવિજ્ઞાનના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો પાયો નાંખે છે. ભારતીયજીવન વહેમ અને જાદુઓની પકડમાં સપડાય છે ત્યારે સંસ્કારનો ગ્રીક વારસદાર વૈજ્ઞાનિક વિચારસરણીનો ઝંડો ઉંચો રાખે છે અને મનુષ્યની વ્યાખ્યા પ્રજાજન તરીકેની નહીં પણ આઝાદ નાગરિક તરીકેની ઘડે છે, તથા રાજકીય આઝાદીનું પ્રથમ રૂપ સર્જે છે. ગ્રીકમાનવ વિશ્વસંસ્કૃતિનો રાખણહાર બનીને લોકશાહીનો અને માનવવ્યકિતત્વના સ્વતંત્રતાનો જનક બને છે.

ભૂમધ્ય પર પથરાયેલા વિશ્વસંસ્કારમાં ડૂબકું દઈને સંસ્કૃતિનો રોમન શૈશવકાળ યુરોપના ઉત્તર પ્રદેશ સુધી પહોંચી જાય છે. યુરોપની જંગલિયત રોમન સંસ્કારની સૌરભમાં સ્નાન કરવા માંડે છે, તથા કેલેન્ડર પામે છે, અને સામાજિક સલામતીની રાજકીય ઘટના તથા રાજકીય કાનૂનોને પહેલાવાર ભણવા માંડે છે. વિશ્વઇતિહાસની વિશ્વસંસ્કૃતિનું પહેલું પ્રકરણ અહિં પૂરૂં થાય છે.

પૂર્વ અને પશ્ચિમી સંસ્કૃતિનો પિતા-પુત્ર સંબંધ

પૂર્વના મહાન દેશોએ, ઈસુના જન્મ પહેલાં, અને યુરોપના પણ જન્મ પહેલાં, જગતની માનવજાત માટે સંસ્કૃતિની સર્વાંગી ઘટના ઘડી દીધી. આ ઘટનાએ જીવતાં કરેલાં સંસ્કૃતિનાં સ્વરૂપોને પછી ધીમે ધીમે એટલે ઈસુના

જન્મ પછી એક હજાર વર્ષ પછી યૂરોપની માનવજાતે સંસ્કૃતિની બારાખડી ઘૂંટી ઘૂંટીને પૂર્વમાં વિકાસ પામેલી સંસ્કૃતિનાં જીવનરૂપોને પોતાના જીવતરમાં શિખવા માંડ્યાં.


પશ્ચિમની સંસ્કૃતિનો દેહ આ રીતે પૂર્વની જનેતાના ઉદરમાં ઘડાયો. પશ્ચિમની સંસ્કૃતિને પૂર્વની સંસ્કાર ઘટનાઓએ સંસ્કૃતિનો વારસો દીધો. આ વારસો પામીને પૂર્વના પિતૃરૂપથી પણ અધિક બનવાનો એક કદમ આગળ, પશ્ચિમની સંસ્કૃતિએ ઊઠાવ્યો. આ આગળનું સંસ્કૃતિનું સ્વરૂપ મુડીવાદી ઘટનાવાળું ઉદ્યોગરૂપ હતું.

આ નૂતનરૂપને ધારણ કરીને, આગેકૂચનો નશો કરીને આ સંસ્કૃતિ જ્યારે પૂર્વના દેશોને ગુલામ સંસ્થાનો બનાવવા આવી પહોંચી ત્યારે પોતાના ભૂતકાળના વારસાને ભૂલી જઈ ને એણે યથેચ્છ વિહારની અભાનદશાનાં ગીતો ગાવા માંડ્યા કે, પૂર્વ, પૂર્વ છે અને પશ્ચિમ પશ્ચિમ છે, તથા બંનેનું જોડાણ કદિ થશે નહીં.'

પૂર્વની સંસ્કૃતિનો હજારો વર્ષની સાધનાનો વારસો પામ્યા પછી પોતાના પિતૃરૂપને પિછાનવાનો ઈન્કાર કરતી પશ્ચિમની જબાનનો પ્રલાપ મિથ્યા હતો. આ ઉન્મત્ત દશા પાછળ વિજેતાનો ઉન્માદ હતો. પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો અંતરાય બનનારી આ ઘેલછા આજે ઓછી થવા માંડી છે તથા, સંસ્કૃતિનું સ્વરૂપ, પૂર્વ કે પશ્ચિમના ભેદવાળું નથી પણ એક અને અનન્ય છે તે હકીકત વિશ્વઇતિહાસનું નૂતન વાચન, સંસ્કૃતિના શાણપણામાંથી પૂરવાર માંડ્યું છે.

૪. વિશ્વઇતિહાસનો પિતામહ, ઇજીપ્ત

[અંધારા ખંડપરથી પહેલો અરૂણોદય—ઇજીપ્તના ઇતિહાસની આરંભની રેખાઓ—સંસ્કૃતિની શહેનશાહતો—એકત્રીસ રાજવંશોના ત્રણ શાસન તબક્કા—ત્રણ શાસનયુગનાં રૂપ રૂપાન્તરો—પિરામીડોનો યુગ—ઇજીપ્તનો મૃત્યુઘંટ—ઇજીપ્તનાં મૃત્યુઘરો—ઇજીપ્તનું લોકજીવતર—ઉદ્યોગરૂપ—ઇજીપ્તની સંસ્કૃતિનું ધર્મરૂપ—અશોક સમોવડો મહાન સમ્રાટ—નૃસિંહની નજર—સંસ્કૃતિનું મૂલ્યાંકન]



અંધારા ખંડમાંથી પહેલો અરૂણોદય

જેને યુરોપના સાહસિકોએ અંધારો ખંડ કહ્યો હતો તે આફ્રિકાનો ધન્ય

ધરતી પર વિશ્વઇતિહાસનો અતિ પ્રાચીન પિતામહ ઉભો છે. આ પિતામહનું સંધમાનવરૂપ પોતાને જ જગત માનતું અને પોતાને જ જગતનો માનવ સમુદાય માનતું ચારે બાજુ નજર નાંખતું ઉભું છે. એ જ્યાં જુએ છે ત્યાં ભૌગોલિક કારાગાર જેવી અભેદ દીવાલો માલમ પડે છે. એક દીવાલ અરબી રણનો સળગતો વિસ્તાર છે. એની સામે કારાગારની બીજી દીવાલ મહાસાગરના અંધારા ઊંડાણ જેવી દેખાય છે. એની પાછળ ભયાનક એવી નાઇલ નદીની ધૂમરીઓ જ્યાંથી જન્મે છે ત્યાંથી અજ્ઞાત પ્રદેશ પડયો છે. એના માથા ઉપર પણ ભૂરા આસમાનની હત પર્વતોની દીવાલ પર જડાઇ ગઈ છે.

આવો ઢંકાયેલો પડેલો પ્રદેશ પર્વતો, રણો, સમુદ્રો અને અજ્ઞાતની વચ્ચે પોતાની જાતને આખું જગત સમજે અને પોતાના માનવ સમુદાયને જગતના એક જ માનવ તરીકે ત્યારે પીછાણે તે સ્વાભાવિક છે. આ મહાન પ્રદેશની પશ્ચિમ સીમાએ રણ પથરાયેલું છે તથા પૂર્વ સીમા પરના રણને પેલે પાર લાલ સમુદ્ર પડયો છે. એ લાલ સમુદ્રને પેલે પાર પાછું એક રણ પડેલું છે. આ પ્રદેશની દક્ષિણ સીમા પર નૂબિઆ નામના પ્રદેશનાં વેરાનો પથરાયાં છે. એના પડોશી પ્રદેશો પણ છે, અને તેના ઉપર પણ મનુષ્યો વસે છે પણ હજુ ઇજીપ્તને તેની જાણ થઈ નથી.

ઇજીપ્તના ઇતિહાસના આરંભની રેખાઓ

ત્યારનો ઈ. સ. પૂર્વે ચાલીસ હજાર વર્ષ પરનો સમય અહિં અંકાય છે. ત્યારપછી અનેક વરસે આ પ્રદેશ મૃત્યુધરોના પ્રદેશ તરીકે ઓળખાય છે. આ મૃત્યુધરોમાં મરેલાંઓના ભમીઓ પોતાની જીવનઘટના વિષે ઘૂમરાણ કરતાં હજુ પણ ત્યાં હયાત છે. આ પ્રદેશ પર વિશ્વસંસ્કૃતિની પહેલી રેખાઓ શરૂ થઈ. આ પ્રદેશ પરનાં પથ્થરમાનવો ઇતિહાસના ક્રમ પ્રમાણે તામ્રયુગમાં પેઠાં અને પછી ફ્રોન્ઝયુગમાં આવી પહોંચ્યાં. પછી હજારો વર્ષ વહી ગયાં છે. આ અતિ પ્રાચીન પ્રદેશમાં આજે મોકાટામ ડુંગરાઓ તરફથી નાઇલનદીની પશ્ચિમે પહોંચી શકાય છે. આ ટેકરાઓ પરથી જ પથ્થરયુગનાં માનવો નાઇલની લીલી ખિણ તરફ જોતાં હતાં અને પછી જીવતરને નભાવી રાખવાનો ધક્કો પામતાં સરિતાપ્રદેશ પર ઉતરી આવતાં હતાં. આ પથ્થર યુગનાં માનવો જ્યારે મોકાટામ ડુંગરોમાંરહેતાં હતાં ત્યારે, ટેકરીઓમાં તેમનાં ગુફાઘરો હતાં. તથા તેમના જીવનનો વ્યવસાય શિકાર કરવાનો હતો. અતિપ્રાચીન ઇજીપ્તના આ સૌ વસવાંઓ હતાં.

પછી એક કે બે સૈકાઓ પસાર થાય છે ત્યારે આ લોકોનાં ટોળાંઓ મોકાટામનાં શિખરો પરથી નાઇલના નિચાણપર ઉતરી આવતાં દેખાય છે. ઇતિહાસનો સમય તેમને પગલે પગલે આગેકૂચ કરે છે. આ આગેકૂચના રૂપમાં પથ્થરયુગ તામ્રયુગમાં પલટાઈ જાય છે. આ આગેકૂચના રૂપમાં પથ્થરયુગનાં આ માનવો તામ્રયુગનાં માનવો બનીને તાંબાનાં સાધનોથી અને શસ્ત્રોથી સજ્જ બને છે.

જીવનની આ નવી સજાવટમાં નાઇલમૈયાના કિનારા ઉપર ઉભેલાં માનવો આ મહાનદીના મિજાજનો અને તેના હલનચલનનો અને તેની ભરતી અને ઓટનો અભ્યાસ કરે છે. આ માનવોમાં આનુખીસ નામનો આગેવાન તારાઓનો અભ્યાસ કરતાં શીખવે છે અને હોરસ નામનો ચિંતક સુરજ, અને ચંદ્રનું અવલોકન કરે છે. આ, બંને ચિંતકોએ પૃથ્વી અને આકાશના અભ્યાસમાંથી કેલેન્ડર રચવા માંડ્યું છે. આ કેલેન્ડરમાં સમય, પહેલીવાર તવારીખનું રૂપ ધારણ કરે છે.

પણ ઇતિહાસની સીમાની તવારીખ તો અહિં કયારની ય શરૂ થઈ ગઈ છે. હજારો વર્ષ પહેલાં મીનીસ નામના રાજવંશની દંતકથાઓ આ પ્રદેશપર વણાઈ ગઈ છે. ઇજીપ્તના બે ભાગ પડી ગયા છે. એક ઉપલાણ ઇજીપ્ત અને બીજું નિચાણ ઇજીપ્ત. આ બંને ઇજીપ્તનો પહેલો રાજવંશ મીનીસનું નામ ધારણ કરે છે.

ઇજીપ્તની સંસ્કૃતિની પહેલી શહેનશાહતનું નામ મીનીસ છે. એબિડોસના ઉલ્લેખ પ્રમાણે પહેલા શહેનશાહથી જ રાજાને ભગવાન બની જવાનો રોગ અહીં ચાલુ થઈ ગયો છે. ભારતના કૃષ્ણ અને રામ જેવો ભગવાન બની ગયેલો આ શહેનશાહ મિના નામને ધારણ કરે છે. આ શહેનશાહતનું પાટનગર મેમ્ફીસમાં છે. આ પાટનગર વિશ્વઇતિહાસનું પહેલું પાટનગર બને છે, અને ઇજીપ્તમાં શહેનશાહનો વંશવેલો શરૂ થઈ જાય છે.

એકત્રીશ રાજવંશોના ત્રણ શાસનતબક્કા

ઇજીપ્ત દેશપર રાજ્ય કરનાર શાસનનું સ્વરૂપ મીનીસની હકુમતવાળું રજવાડી રૂપ હતું. ઇજીપ્તનો પહેલો બાદશાહ મીનીસ થયો. ફારોહ નામની શહેનશાહતનો આ પહેલો શહેનશાહ પહેલો રાજવંશ બન્યો. પછી એકત્રીસ રાજવંશોએ ઇજીપ્ત પર રાજ્ય ચલાવ્યું.

એકત્રીસ રાજવંશોનો શાસન સમય ત્રણ તબક્કામાં વહેંચાયો. ઇજીપ્ત પર શાસનનાં આ ત્રણ સ્વરૂપો જુનું શાસન, મધ્યશાસન અને નૂતનશાસન તરીકે

ઓળખાયાં. પહેલો સમય દશમા રાજવંશ સુધી (ઈ. સ. પૂર્વે ૨૧૬૦) પહોંચ્યો. બીજો સમય સાતમા રાજવંશ સુધી (ઈ. સ. પૂર્વે ૧૫૮૦) પહોંચ્યો અને ત્રીજો સમય પચીસમા રાજવંશ (ઇ. સ. પૂર્વે ૬૫૦) આગળ ચંભી ગયો અને પછી અસ્ત શરૂ થયો. ઇજીપ્તના ઇતિહાસના આ ત્રણ તબક્કાને રજવાડી યુગ તથા સામ્રાજ્યયુગ તરીકે પણ પિછાણી શકાય. આ ત્રણ તબક્કાઓને, મેંફીસ, થીબ્સ અને આમાર્નો નામનાં ત્રણ પાટનગરોએ ધારણ કર્યાં. આ ત્રણ તબક્કા પર એકત્રીસ રાજવંશો, ત્રણ વિભાગમાં વહેંચાયા. આ ત્રણ જમાનાઓએ ઇજીપ્તની સંસ્કૃતિના કલેવર પર નૂતન મૂલ્યો મઢચા કર્યાં. આ ત્રણ સમય વિભાગમાં, ઇજીપ્તના માનવ વ્યવહારમાં ખ્યાલો, વ્યવહારો અને આદર્શો પણ પલટાયા કર્યા.

ત્રણ શાસનયુગનાં રૂપો અને રૂપાન્તરો

આરંભમાં, ઇજીપ્તનું શાસન ઇજીપ્તનાં બે રાજ્યોમાં વહેંચાયલું હતું. આ બે વિભાગો મીનીસના શાસન સમયે ઈ સ. પૂર્વે ૩૪૦૦માં એક થયા. આ એકતામાં ઇજીપ્તનું રાજ્ય એક રાજ્ય બન્યું, આ એકતાનું એક પાટનગર મેંફીસ બન્યું. આ એક મહારાજ્ય, ચોથા રાજવંશમાં શાસનક્રિયાના વિકાસથી અને જીવન વહીવટની વ્યવસ્થાવાળા જીવનતંત્ર વડે પ્રકાશી ઊઠયું. ફારોહ નામના શહેનશાહોની શહેનશાહત હવે શાહીવર્ગના વિસ્તાર વડે વિકસી ચૂકી હતી. રાજાના પુરોહિતો અને સગાસંબંધીઓનો રાજન્યોનો વર્ગ બની ચૂક્યો હતો. આ શાહીવર્ગ અથવા રાજન્યોનો વર્ગ ઇજીપ્તની ભૂમિપરના નાનામોટા ટુકડાઓ અથવા જાગીરોનો માલિક બની ચૂક્યો હતો. ઇજીપ્તનો રજવાડો હવે જાગીરશાહી બન્યો હતો, આ ઇનામદારો, અને જાગીરદારોની ઘટનાએ ઇજીપ્તના જીવતરમાં દોલતમંદોનો જમીન સાથે જોડાયલો વર્ગ જન્માવી દીધો હતો. આ જાગીર-શાહીએ હવે પોતાની હકુમતનાં સ્વરૂપો લોક સમુદાયો પર ધારણ કરવા માંડ્યાં હતાં. શહેનશાહતનું શાસન હવે જાગીરશાહીના સ્વરૂપમાં અનેક રાજદંડો ધારણ કરનારું બની ચૂક્યું હતું.


આ નૂતનસ્વરૂપ ઇજીપ્તના મધ્યયુગનું હતું. આ મધ્યયુગના વિશાળ સ્વરૂપે મેંફીસને બદલે થીબ્સને પાટનગર બનાવ્યું. આ મધ્યયુગમાં શહેનશાહ અને લોકસમુદાયની વચ્ચે, મધ્યના અથવા વચેટીયા જાગીરદારોની ઘટના ઘડાઇ ગઈ. આ વચલા શાસકોના જીવન વ્યવહારમાં સંસ્કૃતિનું લેખનવાચન વધવા માંડયું. જ્ઞાનની ક્રિયા વિકસવા માંડી. આ સમયે માનવન્યાય અને નીતિમત્તાનાં આરંભનાં વિચાર રૂપો બંધાવા માંડયાં. આજ સમયમાં હીકસોસ નામના લોકોએ ઇજીપ્ત પર આક્રમણ કર્યું અને પાંચ સૈકાઓ સુધી ઇજીપ્ત પર પોતાનું શાસન

જમાવ્યું. આ નવા શાસને ઇજીપ્તના જીવન આકારમાં પહેલીવાર ઘોડાને દાખલ કર્યો. પછી અઢારમા રાજવંશે આ શાસનનો પરાજય કર્યો અને એ શાસનના આરંભથી ઇજીપ્તપર શાસનસ્વરૂપ ત્રીજા તબક્કામાં દાખલ થયું. આ ત્રીજે શાસન યુગ ઇજીપ્તનો સામ્રાજ્યયુગ બન્યો. આ સમયથી (ઈ. સ. પૂર્વે ૧૫૮૦) ઇજીપ્તનું શાસનરૂપ રાજ્ય અને મહારાજ્ય બન્યા પછી હવે સામ્રાજ્ય બનવા માંડયું.

સામ્રાજ્યનું સ્વરૂપ ૧૮મા, ૧૯મા અને ૨૦મા રાજવંશોના સમયમાં અને ઈ. સ. પૂર્વેના વીસમા શતકના અંત સુધી વિકાસ પામ્યા કર્યું. આ સમયમાં હાટશેપસુત નામની મહારાણી અને ઇજીપ્તની મહાનનારીનું નામ મશહૂર બન્યું. આ સમયમાં જ થુથમોસ ત્રીજો ઇજીપ્તનો નેપોલિયન કહેવાયો અને આમેનહોટેપ ત્રીજો ઇજીપ્તના " સિલ્વરકિંગ " તરીકે પંકાયો, અને અખનાતન નામનો ફારોહ ઇજીપ્તનો યશસ્વી આદર્શવાદી સુધારક શહેનશાહ તરીકે વિરંજીવ બન્યો.

પિરામીડોનો યુગ

ચોથા શતકવંશમાં ફારોના જગતમાં જગપ્રસિદ્ધ એવા પિરામીડો બન્યા. આ પિરામીડોમાં શહેનશાહોનાં મમીઓ પોતાના રસાલાઓ અને સાધનસામગ્રીઓ સાથે દફનાવવા માંડયાં. આ પિરામીડોએ જ ઇજીપ્તના આખા ઇતિહાસને સાચવી રાખ્યો છે. વિશ્વઇતિહાસના સીમાસ્તંભ જેવા આ પિરામીડો ઇજીપ્તના જીવન-વર્તાવટના અચૂક સાક્ષીઓ બન્યા. આજનુંયે આખું જગત આ પિરામીડોને દૂરથી દેખીને પિરામીડો બાંધનારા લોકોના દેશ તરીકે ઇજીપ્તને ઓળખતું. આ પિરામીડોની રચના જ એવા રીતે કે દુશ્મન ન આવી જાય અને પિરામીડનું દ્વાર એવી રીતે ચણી લેવામાં આવ્યું હતું કે જેના કરીને પિરામીડમાં દ્વાર



કર્યા છે તે ખબર નહોતી પડતી. આ દ્વારની ઇજનેરી કરામત એવી હતી કે ફરી શકે એવા પત્થરના 'પીવોટ' પર આ કમાડ ગોઠવાતું, તથા એ પત્થરને બીજા પત્થરોથી જુદો ન દેખાય તેવી રીતે ચણી લેવામાં આવતો. આવા એક મહાન પિરામીડનું નામ 'ક્ષિતિજ' એવું હતું. ક્ષિતિજ નામના પિરામીડમાં ભમી બનીને સૂતેલો શહેનશાહ 'ફૂફૂ' નામનો હતો. આ શહેનશાહ સૂર્યવંશી હોવાથી એનો પિરામીડ પશ્ચિમની ક્ષિતિજ નામનો હતો. આવાં તો અનેક મૃત્યુઘરો અથવા પિરામીડો ઇજીપ્તના પ્રદેશપર ઈતિહાસની બીનાઓ જેવા મંડાઈ ગયાં. ઇજીપ્તની ધરતી પર સત્તાવીશ રાજવંશોએ એકમેકથી ચઢિયાતા એવા સ્મારકો વડે ઇજીપ્તની સંસ્કૃતિને મઢયા કરી. આ શહેનશાહોનું નામ 'ફારોહ' પડ્યું. ઇજીપ્તના ઇતિહાસમાં મશહુર એવો રામેરીસ બીજો નામનો ફારોહ વિશ્વ-વિખ્યાત બન્યો ત્યારે ઈ. સ. પૂ. ની ૧૨૮૮ની સાલ ચાલતી હતી. એણે એશિયા, આફ્રિકાના પ્રદેશો પર પોતાની આણ વર્તાવી. એણે દેશ દેશમાંથી લોકોને યુધ્ધકેદીઓ તરીકે ઇજીપ્તમાં આણીને ગુલામ બનાવ્યા. એણે દીવાલો પર પોતાના દિગ્વિજયની કવિતાઓ કોતરાવી. એણે પોતાની યશોગાથાનું મહાભારત રચાવ્યું. એ મરણ પામ્યો ત્યારે સેંકડો રાણીઓના અંત:પુરમાં પોતાના સો દીકરાઓ અને પચાસ દીકરીઓને કાયદેસર બાળકો તરીકે મૂકતો ગયો. એનાં ફરજંદ તો એટલાં બધાં હતાં કે ઇજીપ્તની અંદર તેમાંથી ધર્મગુરુઓ અને રાજાઓનો વર્ગ ઘણો મોટો બની ગયો. એણે ઘણાં બાંધકામો કર્યા હતાં. કર્નાકનો વિશાળ ખંડ એણે બંધાવ્યો હતો, રૂકસરનું જગવિખ્યાત દેવાલય એણે ચણાવ્યું હતું. પોતાની વિરાટ કદની અનેક પ્રતિમાઓને કોતરાવીને એણે ઇજીપ્તની ધરતી પર પાથરી દીધી. એના રાજકારભારમાં ઇજીપ્ત ભૂમધ્યનાં વાણિજ્યનું આગેવાન બન્યું. નાઇલ નદીથી લાલ સમુદ્ર સુધી એણે નહેર બંધાવી. પિરામીડમાં શયન કરવા જેવું વર્ષની ઉંમરે તેનું ભમી સીધાવ્યું ત્યારે, ઇજીપ્તના જીવન-વહીવટમાં ઇજીપ્તનો આ ફારોહ અનેક પાદરીઓ અને રાજન્યોનો વર્ગ યથેચ્છા વિહારી વર્ગ બની ગયો. ત્યારે આખા ઇજીપ્તના માલિક બની ચૂકેલા રાજન્યોના આ વર્ગ પાસે દોઢલાખ જેટલા ગુલામો હતા. આ વર્ગ ઇજીપ્તની સર્વોત્તમ એવી સાડાસાત લાખ એકર જમીનનો માલિક હતો. આ વર્ગ પાસે પાંચ લાખ ઢોર હતાં. આ વર્ગ ઇજીપ્ત અને સિરિયામાં થઈને એકસો સિત્તેર કસ્બાઓનો ગિરાસદાર હતો. અને આ વર્ગની તમામ મિલકત કોઈ પણ જાતના કરવેરામાંથી મુક્ત હતી.

ઇજીપ્તનો મૃત્યુઘંટ

ઇજીપ્તના જીવનવહીવટ પર સર્વ સત્તાધિકારની હકૂમત બનેલી શહેન-શાહતમાંથી ત્યારના આખા જગત પર આણ વર્તતી હતી. આ આણનાં

ફરમાનો ભેગો, ઇજીપ્તની આ શહેનશાહતનો મૃત્યુઘંટ પણ હવે વાગવા માંડ્યો હતો. ત્યારના લોકસમૂહોના જીવનકારભાર પર આ શહેનશાહતનો ભાર જીવલેણ બની ચૂક્યો હતો. લોકસમૂહોના જીવનરસમાંથી બધાં ભમી શહેનશાહતને ચૂસી જવા માંડ્યાં હતાં. ભગવાન બનેલો શહેનશાહ અને દેવ બનેલો રાજન્યોનો વર્ગ ન છિપી શકે તેવો તરસ્યો ધરતીને ચૂસી ચૂસીને સુકવી નાંખતા હતા.

આ જ અરસામાં ઇજીપ્તની સરહદના ક્રમાક પર ભૂમધ્યનાં વેપારી મથકોમાંથી હરીફ બનેલ. ફિનીશના વાદળાં ગરજવા માંડ્યા હતા. ઇજીપ્તનો અધિકાર પશ્ચિમ તરફ લીબિયા પર હતો. અને ઉત્તર અને પૂર્વ તરફ ફિનિસીયા સીરિયા અને પેલેસ્ટાઇન પર હતો. પણ હવે ઇજીપ્તના આ વેપારી મથકોના છેડા પર ઇજીપ્તનો મુકાબલો કરવા માટે એસિરિયા બેબિલોન અને ફરસતની હકુમતો મુકાબલા માટે આગળ આવતી હતી.



ઈ. સ. પૂ. ૬૫૮નાં ત્રિણીયન લોકો પૂર્વપ્રદેશ પરથી સાગરના પશ્ચિમની ટેકરીઓમાંથી ઇજીપ્ત પર ઉતરી પડ્યા ઈ. સ. પૂ. ૭૨૨માં યુએપીયનો. પોતાને ગુલામ બનાવવાનું વેર વાળવા દક્ષિણનું દરવાજેથી દાખલ થયા. ઈ. સ. પૂ. ૬૭૪ માં ઉત્તરમાંથી એસિરિયનોએ ધસારો કર્યો.

ઈ. સ. પૂ. ૫૨૫ માં ફરાને સુર્યેજ પર્શ્યા બલંગ ફરને ઇજીપ્તની આઝાદીનો નાશ કરી નાંખ્યો. ઈ. સ. પૂ. ૩૩૨ માં ઇજીપ્તને પોતાનો પ્રાંતબનાવી દેવા એસિયાને જીતીને સિકંદર આવી પહોંચ્યો. ઈ. સ. પૂ. ૪૮માં સિઝરે આવીને ઇજીપ્તનું અંદરગાલ જીતી લીધું. અને પોતાની ક્લીઓપેટ્રા નામની રખાતના દીકરાને ભેટ તરીકે આપી દીધો તેનું નામ ઓલેકઝાન્ડ્રીયા પાડ્યું.

ઇજીપ્તની બધી જ સરહદો ઉપર આ વિશાળ સંસ્કૃતિના વિરાટ એવા ખંડિયેરો, રમારકો અને પિરામીડ નામનાં મૃત્યુઘરો પથરાઈ ગયાં હતાં. આ

વિરાટ સંસ્કૃતિનાં પિરામીડો નામનાં જંગી સ્મારકોની વચ્ચે પ્રાચીન જગતનું કલેવર અથવા પ્રાચીન ઇતિહાસનો આ પિતામહ ગરીબ અને હતાશ બનેલો થાકયો પાકયો ઊભો હતો. ઇજીપ્તની વિશ્વસંસ્કૃતિનો આ પિતામહ, ઇજીપ્તનો લોકસમુદાય શ્રમમાનવોનો જનવિરાટ હતો.

ઇજીપ્તનાં મૃત્યુઘરો

લૉર્ડ કાર્નારવાન ઇજીપ્તના પિરામીડને શોધતો પાંચપાંચ વર્ષથી પોતાની પુત્રી સાથે રેતીના ઢગલા દુર કરતો ઈ. સ. ૧૯૨૨ માં જ્યારે નિરાશ બનીને પાછા ફરવાનો વિચાર કરતો હતો ત્યારે અચાનક એક પ્રવેશદ્વાર એને હાથ લાગી ગયું. પ્રાચીન ઈતિહાસની પગદંડી પર યુરોપના આ શોધકો શ્વાસથંભાવીને ધરતી નીચે ઉતરવા માંડ્યા. ઉતર્યા પછી ભોંયતળીએ એક બંધ કમાડ એમને દેખાયું. કાર્ટરે ધ્રૂજતા હાથે એમાં એક કાણું પાડ્યું અને વીજળીક બત્તી મારફત એણે અંદર જોયું.

વિજળીનાં કિરણથી એક મોટા વિશાળ ખંડમાં પ્રાણીઓ અને પ્રતિમાઓ દેખાઇ. પ્રતિમાઓના આકારથી દરેક ખૂણો ઉભરાઈ જતો હતો. સૌએ એક પછી એકે જોવા માંડ્યું. અર્વાચીન આંખો સામે અદ્‌ભુત એવો પ્રાચીન દેખાવ દેખાયો. ત્રણ હજાર વર્ષનો ઇતિહાસનો ભંડાર તાજગી, અને સૌંદર્યથી ઉભરાતો દેખાયો. આ મૃત્યુઘર જેવી ઇમારતમાં એક મોટો દેવાલયનો ખંડ હતો. ત્યાર પછી બીજું દેવળ આવતું હતું. ત્યારપછી સેક્રોફેગસ અથવા કબરખંડ હતો. આ સેક્રોફેગસમાં ત્રણ મોટી મડાપેટીઓ હતી. છેલ્લી મડાપેટી જે બિલકુલ સોનાની હતી. તેમાં શહેનશાહનું મમી શયન કરતું હતું. આ શહેનશાહની હાજરીમાં પેલા શોધકો ત્રીસ સૈકાઓ વટાવીને શ્વાસ થંભાવતા ઊભા. આ મૃત્યુઘરનું વર્ણન કરતાં અને ઇજીપ્તના પ્રાચીન વૈભવના સાક્ષીરૂપ બનીને અનેક પદાર્થોની ગણના કરતા તથા આ કબરઘરમાં પ્રાચીન ઇતિહાસનો પ્રકાશ પાડતા સૌંદર્યનું મૂલ્ય આંકતાં એક આખું પુસ્તક લખવું પડે. આ શોધકોએ પ્રાચીન ઇજીપ્તના જીવન પર શોધખોળ શરૂ કરી. આ મૃત્યુઘરમાં સુતેલો અને ઈ. સ. પૂ. ૧૩૫૦માં મરણ પામેલો આખેનેટોન નામનો આ એક જુવાન ફારોહ હતો. આ અને આવી બીજી શોધોએ ઇજીપ્તની સંસ્કૃતિના ઇતિહાસને જગત સામે ખુલ્લો કરી દીધો.

ઇજીપ્તનું લોકજીવતર

ઇજીપ્તની સંસ્કૃતિને અહોભાવપૂર્વક અવલોકયા પછી, તેમના મહાલયો દેવાલયો અને પિરામીડોને શ્વાસ થંભાવીને જોયા પછી એ સૌને નિપજાવતો

ઇજીપ્તનો શ્રમમાનવ આ બધાના પડછાયામાં સળવળતો આપણે દેખી શકીએ છીએ. સાચા ઇજીપ્તનું એ લોક કલેવર બને છે. એનું સૌથી આગળ આવતું રૂપ ખેડૂતનું અને ખેતીવાડીનું છે. ઇજીપ્તની નાઇલ નદી આ લોકજીવનની નાઇલમાતા છે. ઇજીપ્તની બધી જમીનના માલિક ફારોહ છે. અને એને ખેડનારો માનવસમુદાય પેદાશનો દસમો ભાગ ફારોહને કર તરીકે આપે છે. આ ઉપરાંત રાજ્યોનો મોટો સમૂહ જમીનદારોનો છે આ બધાને પણ ખેડૂતોએ પોતાની પેદાશમાંથી ભાગ આપવા પડે છે. આખા ઇજીપ્તને ધનધાન્યથી તૃપ્ત રાખનાર ખેડૂતના જીવન વિષેનો ઉલ્લેખ ઇજીપ્તના એક લોહિયાએ નીચે પ્રમાણે કરી આપ્યો છે તે આજે પણ મોજૂદ છે.

" ખેડૂતનો દશમો ભાગ જતો રહ્યા પછી અને બીજા કર ભરાઇ ગયા પછી તેના જીવતરના ચિત્રની તમે કલ્પના તો કરો ! ખેતરમાં ઊંદરોએ ધણું બાધ્યા પછી પક્ષીઓએ પોતાનો ભાગ લીધા પછી અને લૂંટારાઓએ પોતાના ભાગ પડાવી લીધા પછી જમીન પર પડેલા પોતાના ભાગમાં આવેલા ઘઉંના દાણા એકઠા કરતો ખેડૂત પોતાના હળ પાસે ટળવળે છે. હજુ પણ રાજાના ચોકિયાતોનો ભાગ આપવાનો બાકી છે. પોતાનો ભાગ માગતા એ ખડા છે. હવે એની પાસે આપવાનું કંઈ બાકી નથી. એટલે પેલા ચોકીદારો એને ખેડુતને જમીન પર પછાડે છે. એની સ્ત્રી તથા બાળકોને પણ તેની સાથે બાંધીને નહેર પર લઈ જાય છે. પછી એ લોકો એને ઉંધે માથે લટકાવીને પાણીમાં ડૂબાડી દે છે. આખી ધરતી પર કોઈ એને બચાવી શકતું નથી. "

ઇજીપ્તની ધરતી પરનો આ શ્રમમાનવ છે. એણે ફરજીઆત વેઠ કરવાની હોય છે. ઇજીપ્તની ધરતીને ખેડનારો આ શ્રમમાનવ નહેરો ખોદતો હતો, રસ્તા બાંધતો હતો, પિરામીડો, દેવાલયો અને મહાલયો માટે પથરાઓ ખેંચી લાવતો હતો. ઇજીપ્તની સંસ્કૃતિને બાંધનારા આ માનવસમૂદાયનો મોટો ભાગ દેવું નહિ ભરી શકવાને લીધે ગુલામ બનેલાં ગુલામોનો હતો. આ ગુલામોથી સંખ્યામાં હંમેશ ઉમેરો કરવા માટે સાથેના પ્રદેશોમાંથી સ્ત્રી બાળકો અને જુવાનોને પકડી લાવવા માટે લશ્કરી ટુકડીઓ ઉપડતી અને પકડાઇ આવેલાં માનવોની હરાજી થતી. ઇજીપ્તનું એક પુરાણું ચિત્ર લિડન સંગ્રહસ્થાનમાં આ કથા કહેતું ઉભું છે. આ ચિત્રમાં અનેક કેદીઓ ગુલામીના અથવા ઇજીપ્તના દેશ તરફ જાય છે. પથ્થર પર કોતરાયેલું પુરાણા જીવનનું જડેલું આ ચિત્ર પીઠ પાછળ બંધાયેલા હાથવાળી તથા લાકડાની બેડીઓમાં જકડાયેલી હતાશ ચહેરાવાળી માનુષ્યત્વની વિશદ મૂર્તિ આજે પણ દેખાડે છે.

ઇજીપ્તનું ઉદ્યોગ રૂપ

જમીન પરના આ માનવસમૂદાયના શ્રમમાંથી નિપજેલી દૌલતના વધારા-માંથી નિપજતા અતિરિક્ત મૂલ્યમાં, ઇજીપ્તનો ઉદ્યોગ અને વ્યાપાર વિકસવા માંડ્યો હતો. ઇજીપ્ત પાસે ખનિજ પદાર્થો હતા નહિ એટલે તેણે તેની શોધ અરેબીયા તથા નુબિયામાં શરૂ કરી હતી તથા ત્યાંની તાંબાની ખાણોનો ઈજારો પોતાને હસ્તક ધારણ કર્યો હતો. નુબિયાના પૂર્વ કિનારે જડેલી સોનાની ખાણો પર પણ ઇજીપ્તનો અધિકાર હતો. આ ખાણોમાં ઇજીપ્શીયન ખાણીઆઓ વડે ખોદાતી સોનાની માટી તેમના બાળકો બહાર ભરી લાવતાં હતાં ઘરડાં સ્ત્રી પુરુષોને માટે આ માટીને ધોયા કરવાનો શ્રમ કરવાનું ફરજીઆત હતું. આ સોનાની ખાણોમાં કામ કરવા આખાં કુટુંબોને મોકલવામાં આવતાં. આ દુઃખી માનવો વસ્ત્રહીન હતાં તથા ખોદવાનું કામ કર્યે જતાં હતાં. આ જીવલેણ મજૂરીમાં અપંગ બનતાં અને માંદા પડતાં અને ઘરડાં બનતાં મનુષ્યો પર પણ ફટકાઓ વરસ્યા કરતા હતા અને આ કાળી મજૂરીમાંથી મોત જ તેમને મુક્તિ અપાવતું.

આવા ઉદ્યોગનું રૂપ ઇજીપ્તમાં આરંભની શહેનશાહતોના સમયમાં બ્રોન્ઝ ધાતુનાં અનેક હથિયારો અને સાધનો બનાવવાનું હતું. આ સાધનોમાં મોટાં પેઢાઓ, રોલરો, પુલીઓ, લેથ્સ, સ્ક્રુ, અને કરવતીઓ વગેરે હતાં. ઇજીપ્તનાં કામદારો ચમકતી ઈંટો અને સીમેન્ટ પણ બનાવતાં, માટીના વાસણોને પોલીશ કરતાં હતાં તથા કાચ અને રંગો બનાવતાં હતાં. લાકડાના કોતરકામમાં તેમની કારીગરી અજોડ હતી. હોડીઓ, ખુરશીઓ પલંગો, રથના ડબ્બાઓ અને માણસને ભરી જવાનું મન થાય તેવી દેદીપ્યમાન મડાપેટીઓ તેઓ બનાવતાં હતાં. પ્રાણિઓના ચામડામાંથી તેઓ પાથરણાં, કપડાં અને ઢાલ બનાવતાં હતાં. આ કારીગરોના હાથમાં વાંકા વળેલાં ચપ્પુ હંમેશા માલમ પડતા હતા. આ કારિગરો દોરડાંઓ અને સાદડીઓ વણતાં હતાં, તથા કાગળ બનાવતાં. તેમને રસાયણ ઉદ્યોગનું પણ જ્ઞાન હતું, આ કારીગરોએ વણેલું ચારહજાર વર્ષો પર લીનન નામનું કાપડ એવું તો બારીક હતું કે તેના તાણાવાણાને જોવા સૂક્ષ્મદર્શકમાંથી જોવું પડે. હજારો વર્ષ પહેલાંની ઇજીપ્તની શાળોમાંથી નિપજતું કાપડ આજની યંત્રશાળા કરતાં વધારે ચઢિયાતું માલમ પડ્યું છે.

આ કારીગરોના સમુદાયના બે વિભાગ હતા. એક આઝાદ કારીગરો અને બીજા ગુલામ કારીગરો–આઝાદ કારીગરોના દીકરાઓ બાપદાદાનો ધંધો ચાલુ રાખતા. પછી શહેનશાહતનું ઇજીપ્તનું સામ્રાજ્ય જેમ જેમ વિકાસ પામતું ગયું તેમ તેમ યુદ્ધમાં પકડાયેલા કેદીઓના મોટા સમુદાયો ગુલામ બનીને ઇજીપ્તમાં

આવવા લાગ્યા. ગુલામોની વધતી જતી સંખ્યાને લીધે શહેનશાહ રામેસીસ ત્રીજાએ દેવળોના ધર્મગુરુને એક લાખ અને તેરહજાર ગુલામો ભેટ તરીકે આપી દીધાં.

ઇજીપ્તની ધરતી પર ઉભરાઈ જતા ગુલામ માનવોના સમુદાયોમાંથી અસંતોષના અવાજો ક્યારના ય શરૂ થઈ ગયા હતા. ગુલામોની અંદર હડતાલ પડવાના બનાવો ચાલુ થયા હતા. તથા એક ગ્રીક ઇતિહાસકારના લખવા પ્રમાણે ઇજીપ્તની અંદર ગુલામોએ એક મોટો બળવો કરીને આખા એક પ્રાંતનો કબજો લઈ લીધો હતો.

ઇજીપ્તના જીવનની હિલચાલનું સ્વરૂપ એક પછી બીજા રાજવંશમાં રહેતા મુજબ ચાલ્યા જ કરતું. નાઇલ નદીના પટથી તે સમુદ્ર સુધીની એક મોટી નહેર ૧૮ મી શહેનશાહતના સમયમાં ખોદાઈ ગઈ હતી. મોટી ઇમારતો બાંધવા માટે મોટી શીલાઓ ચરણીથી ચીટકાઈ ગયેલી સપાટી પર ઘસડાયા કરતી હતી. આ બધી હીલચાલ કરતું શ્રમનું શરીર, યંત્રનું નહિ પણ મનુષ્યના હાથ અને પગનું હતું. રનાસુઓ સોંધા હતા એટલે યંત્રો ઓછાં હતાં. એકસો ફૂટ લાંબાં અને પચાસ ફુટ પહોળાં એવાં જહાજો નાઇલ નદીથી લાલ સમુદ્રમાં અને ભૂમધ્ય સુધી હંકારાતાં હતાં. જીવનની એવી જ હીલચાલ ઇજીપ્તની ધરતી પર ઘોડા અને ગધેડાઓ પર લદાયેલી વહ્યા કરતી હતી. આ હીલચાલમાં ઊંટ હજુ આવી પહોંચ્યું ન હતું. આ હીલચાલ સાથે જોડાએલા દેદીપ્યમાન રસ્તાઓ ઉપર ચંદનની પાલખીઓમાં બેસીને ગુલામોની ગરદન પર સુખીયાઓ ઝુલતાં હતાં. જીવનની આ હીલચાલમાં ટપાલખાતું પણ કામ કરતું હતું. ગાઝાથી યુફ્રેટીસ સુધી એક મોટો ઘોરી રસ્તો હતો. આ ઉપરાંત ઇજીપ્તને પોષણ પાતી નાઇલમૈયા એક મોટો ઘોરી માર્ગ બની હતી.

ઇજીપ્તની સંસ્કૃતિનું ધર્મરૂપ

ઇજીપ્તના જીવતરમાં ઉપરથી નીચે સુધી ધર્મનું રૂપ વણાઈ ચૂકયું હતું. ઇજીપ્તનાં દેવદેવીઓને જ્યાં સુધી આપણે સમજીએ નહી ત્યાં સુધી તેની જીવનઘટનાનો પાયો પણ સમજી ન શકાય. જો તે દેવીદેવીઓની વસ્તી ગણત્રી કરવામાં આવે તો તેની સંખ્યા ભારત દેશનાં આજની તારીખે જીવતાં રહેલાં દેવદેવીઓથી ઓછી નહીં એવી હકીકતો થાય.

એ ધર્મરૂપ કહે છે કે આરંભમાં આકાશ હતું અને આકાશથી નીચે ઇજીપ્તની ધરતી પર નાઇલ માતા રહેતી હતી. આ આકાશ ભગવાનનું નામ

નાસીણુ હતું. ચંદ્ર પણ ભગવાન હતો અને સૂરજ પણ ભગવાન હતો. સૂરજ ભગવાનનું નામ "રા" અથવા "રી" હતું. પછી એ ભગવાનનું નામ હોરસ પડયું. હોરસ ભગવાન બાજ પક્ષીનું રૂપ ધારણ કરીને આખા આકાશમાં ઉડતો હતો. પછી આ ભગવાને ધરતી પર જીવનનાં અનેક રૂપો સર્જ્યાં.

ઇજીપ્તની ધરતી પર પછી વનસ્પતિની પણ પૂજા થવા લાગી. ઇજીપ્તની ધરતી પરનું પવિત્ર ઝાડ રણની અંદરનું ખજુરનું અથવા તાડનું ઝાડ હતું. આ પવિત્ર વનસ્પતિને ઇજીપ્તના લોકોએ દ્રાક્ષ અને અંજીરની ભેટ ધરાવવા માંડી. છેવટે ડુંગળીનું નામ પણ પૂજવા લાયક થયું.

ત્યારપછી પશુ ભગવાનો ઇજીપ્તમાં આવી પહોંચ્યા. આ ભગવાનોની વસ્તી ઘણી વધી પડી. આ સૌનો આગેવાન ભગવાન આખલો હતો. પછીના દરજ્જામાં મગર, બાજ, કાગડો, બકરો, બિલાડી, હંસ અને સાપ વગેરે આવી પહોંચ્યાં. પછી આ પશુભગવાનોએ ધીમેધીમે માણસનું રૂપ ધારણ કરવા માંડયું. અડધો માણસ અને અડધું પશુ એવા ભગવાનની પૂજા ઇજીપ્તે શરૂ કરી. સૂરજ ભગવાન "રા" અડધા આખલાનું રૂપ ધારણ કરીને બેસી ગયા. ઓસિરીસ ભગવાને ઘેટાનું રૂપ ધારણ કર્યું. સેબક ભગવાનનું શરીરરૂપ મગરનું બન્યું. હોરસ ભગવાને બાજરૂપ ધારણ કર્યું અને હેથોર ગાય બની ગઇ. જેને "ટોટેમિઝમ" અથવા પશુપૂજા કહેવાય છે તેનું સ્વરૂપ ઇજીપ્તના ધર્મમાં વિકાસ પામ્યું. આ પશુપૂજાની સાથે સાથે જ ઇજીપ્તમાં લીંગપૂજા શરૂ થઇ તથા સ્ત્રી અને પુરુષની જનનેન્દ્રિયોને રથમાં મૂકીને તેની રથયાત્રાઓ આપણા ભારત દેશમાં આજે પણ નીકળે છે તેમ કાઢવામાં આવી.

પછી માણસો પોતે ભગવાનો બનવા લાગ્યા. આ માણસ ભગવાનોમાં સ્ત્રી અને પુરુષ બંને આવ્યા. નર અને નારીના રૂપ ધરતાં આ દેવદેવીઓ સ્ત્રીપુરુષોની જેમજ ધિક્કાર અને પ્રેમથી વર્તવા લાગ્યાં, ખાવાપીવા લાગ્યા, અને વિલાસ કરવા લાગ્યાં, લડવા લાગ્યાં અને સંહાર કરવા લાગ્યાં. નાઇલ નદીએ એક સ્ત્રીનું શરીર ધારણ કરી લીધું. આ માતાનું નામ ઑસિરીસ હતું. નાઇલની ભરતી અને ઓટ સાથે ઑસિરીસના ઉત્સવો શરૂ થયા. પછી ઓસિરીસ ઇસીસ અને હોરસ નામના દેવતાઓએ માણસનો આખો આકાર ધારણ કરી લીધો. આ દેવતાઓનું રૂપ ત્રીમૂર્તિ જેવું સર્જાયું. જૂના દેવો મરવા લાગ્યા અને નવા જન્મવા લાગ્યા. હવે શહેનશાહ ભગવાન બનવા આગળ આવ્યો. શહેનશાહના પૂરોહિતોએ લેખો લખ્યા કે શહેનશાહ પોતે સૂર્ય ભગવાનથી જન્મ પામ્યા છે. જન્મથી જ તેઓ દેવતાઇ છે, અને સૂર્ય-વંશી શહેનશાહોનો અધિકાર પણ દૈવી છે.

શહેનશાહે ભગવાન બનીને હોરસ ભગવાનવાળો બાજ પક્ષીનો તાજ ધારણ કર્યો. પુરોહિતોએ આ શહેનશાહ ભગવાનના કપાળમાંથી નાગદેવતાને જન્મ પામતાં દેખાડ્યો. ઇજીપ્તની ધરતી પર દેવતાઈપણાના બે પ્રતિનિધિઓ આખી માનવ જાતથી ઊચ્ચ આલેખાયા. આ બેમાંનો એક ભગવાન બનેલો શહેનશાહ હતો અને બીજો ભગવાનનો કથાકાર બનેલો પુરોહિત હતો.

ઇજીપ્તના જીવનવહીવટના આ જમાનામાં પુરોહીતનો વર્ગ રાજન્યો અને શહેનશાહનો ટેકેદાર બની ચૂક્યો હતો. શહેનશાહ બનવાનો અધિકાર જેવો વારસાગત બન્યો હતો તેવો જ વારસાગત અધિકાર પુરોહિતોએ પ્રાપ્ત કર્યો હતો. આ પુરોહિતોએ ભગવાન બનેલી શહેનશાહતની આસપાસ જાદુઓનું, મંત્રોનું અને યજ્ઞયાગોનું એક મોટું ભાગવત લખી નાખ્યું. આ પુરોહિતોની જમાત તમામ કરવેરાઓ અને કામકાજમાંથી મુક્ત બની ગઈ. પુરોહીતોના આ વર્ગે જાદુઓવાળી જુઠ્ઠાણાની ઘટમાળ રચ્યા કરી.

આ ધર્મનું સૌથી મોટું સિદ્ધાંતરૂપ અમરપણાનું ગોઠવાયું. અમરપણું પામવાના ખ્યાલને વધારે નક્કર સ્વરૂપ આપવા માટે પુરોહિતોએ એવો સિદ્ધાંત રજુ કર્યો કે મરણ પામેલા શબમાંથી "કા" નામનો આત્મા ઊડી જતો હોય છે. પછી પક્ષીની જેમ સ્વર્ગમાં એ આત્મા ઉડ્યા કરતો અનેક વર્ષો પછી પાછો આવતો હોય છે. ત્યારે શબ જીવતું બની જતું હોય છે. એટલે મનુષ્યના મડાને સાચવી રાખવું જોઈએ. ઇજીપ્તની અંદર મડાંઓને સાચવી રાખવાની તથા તેનું મમી બનાવવાની ક્રિયા એ રીતે વિકાસ પામી. એટલે ઇજીપ્તની અંદર મડાંઓને દફનાવવાનો રિવાજ શરૂ થયો. શ્રીમંતોએ રાજાઓ અને પુરોહિતોએ પોતાની કબરોને મોટી બનાવવા માંડી. શહેનશાહોની કબરો પથ્થરના મોટા મહાલયો જેવી પિરામીડો બની. શહેનશાહોની આ કબરોના અનેક ખંડોમાં શહેનશાહનું મમી જીવતું બની જાય ત્યારે તેની સેવામાં તરત જ કામ આવે તે માટે અનેક ભોગવિલાસનાં સાધનો, સિંહાસનો, પલંગો, રસોઇયાઓ અને ગુલામ બનેલાં યુવાન યુવતિઓને જીવતાં જકડી લેવામાં આવ્યાં. પુરોહિતોએ જલ્દી જીવતાં બનવા માટે અને સ્વર્ગમાં ફરતા શરીર વિનાના "કા" માટે અથવા જીવ માટે, સુખ અને આનંદનાં સાધનો ત્યાં પામવા માટે અનેક ધર્મની ક્રિયાઓવાળા લાગાઓની ઘટમાળ રચી દીધી.

ઇજીપ્તના ધર્મની આ મોટી ઘટનામાં વિલાસી બનેલા પુરોહિતોની જમાતને બધું ખવડાવવાનું ને દાન દેવાનું હતું. માનવસમુદાયમાં આ વર્ગને માટે પવિત્ર હોવાનો બધો ઇજારો વારસાગત નક્કી થઇ ગયેલો હતો. દેવદેવતાઓ આ પુરોહિતોના વર્ગની મારફત જ ધૂણી ધૂણીને અને ધૂણ્યા સિવાય

બધી વાતચીતો કરતાં અને જાદુઓ કરતા હતા. આ ધર્મ ઘટનાનું સાહિત્ય જાદુઓના ચમત્કારોથી ભરેલું છે. આ ચમત્કારોની ક્રિયાઓ અને યજ્ઞયાગો, બાળકોને જન્માવી શકે છે, અને વરસાદને વરસાવી શકે છે અને રોગને નિવારી શકે છે એવું ચોક્કસ રીતે મનાતું.

ઇજીપ્તનો અશોક જેવો એક મહાન સમ્રાટ ઇજીપ્તની ગોઝારી એવી આ ધર્મની ઘટનામાં માનવસમુદાય માટે વિકાસ પામવાની કે આગળ વધવાની એકે ય જોગવાઈ હતી નહિ. ધર્મની આ ઘટમાળમાં નીતિનું સામાજીક મૂલ્ય મરણ પામી ચૂકયું હતું. ત્યારે સામાજીક વિકાસનો ઘાત કરનારી આ જીવન પ્રણાલીના ધર્મરૂપ સામે એક નવજુવાને બળવો ઉપાડયો. આ જુવાનનું નામ ઇખનાતુંન હતું. આ જુવાન ઇજીપ્તનો તાજો ગાદી પર આવેલો શહેનશાહ હતો. આ શહેનશાહ કવિ પણ હતો અને ચિંતક પણ હતો. ગાદી-પર આવતાની સાથે જ એણે ઇજીપ્તની ઘાતકી ધર્મઘટનાની સામે બળવો ઉપાડયો, અને જાહેર કર્યું કે " ઇજીપ્તના બધા દેવદેવીઓ ખોટાં છે. " ઇજીપ્તના ક્રિયાકાંડો અને યજ્ઞયાગો જૂઠાં છે. શહેનશાહ પોતે ભગવાન નથી. આખા ય જગતનો એક ભગવાન આકાર વિનાનો એક ઈશ્વર છે."



આ બળવાખોર શહેનશાહનો આ અવાજ સાંભળતો ઇજીપ્તના રાજાઓનો અને પુરોહિતોનો સમાજ ખળભળી ઉઠયો. ભારતનો અશોક જેવો આ મહાન સમ્રાટ પૂર્વના જગતમાં ઝબકતી જ્યોત જેવો ઇતિહાસના ઊંબરા પરથી કદી ન ખૂઝાય તેવો પ્રકાશનો ઝબકારો બનીને લય પામી ગયો.

ઇજીપ્તના પુરોહિતો અને રાજજ્યોએ આ શહેનશાહનો ઘાત કરી નાખ્યો. પરંતુ આત્મઘાતક નિવડેલી ઇજીપ્તની શહેનશાહત પણ આ મહાન શહેનશાહની સાથે મરણ પામી. વિશ્વ ઇતિહાસમાંથી ઇજીપ્તનું પરિબળ ઇતિહાસના અસ્તાચળની પાછળ ડૂબી ગયું.

ઇજીપ્તના નૃસિંહની નજર

પછી જન્યાં પેલી ઇજીપ્તની સંસ્કૃતિ વિશ્વઇતિહાસનો સીમા સ્તંભ બનીને જીવન ઘટનાના સર્વાંગ રૂપમાં માનવસમુદાયના રોજબરોજના જીવનની હીલ-



ચાલથી ઘસડતી હતી ત્યાં આજે પીળી અને ભૂરી રેતીના મહાસાગર પથરાયેલો પડ્યો છે. આ મહાસાગરની વચ્ચે ક્યાંક ક્યાંક ભૂરા આકાશની કિનારીમાંથી નીકળતા હોય તેવા પિરામિડના ત્રિકોણ આકાર દેખાય છે. ખેફ્રેન નામના શહેનશાહના પીરામિડના પાયામાં આજના કેરો નગરથી ગીઝે તરફના ઊચ્ચ પ્રદેશ પર નરસિંહના આકારવાળી પથ્થરની એક વિરાટ પ્રતિમા એવી છે. આ પ્રતિમાનું નામ "સ્ફીંક્સ" છે. એના પડખામાં એક ગોદમાં જાણે મોટા

પિરામીડો પડયા છે અને ' ખેફ્રેન ' ની પીરામીડની ગોદમાં બેઠેલો આ " સ્ફિંક્સ " ઉન્નત ડોક પરની અદ્‌ભૂત નજર વડે ક્ષિતીજની પેલી પાર દેખવા મથે છે.

જ્યારે બુદ્ધ અને ઇસુ જન્મવાને હજાર વર્ષની વાર હતી ત્યારે ઇતિહાસની સમયશીશી હોય તેવી આ નજર દૂર દૂરના અવકાશમાં અને સમયના અંતરિક્ષમાં ગરકાવ થઈ જઈને કંઈક વાંચે છે. અંતરિક્ષના ઊંડાણમાં અક્ષરો ઉકેલતી અનિમીશ નજર ઇજીપ્તના કાળભગવાનની આ ગહન નજર છે.

વિરાટ જેવી પ્રતિમાની આ આંખો પત્રકારો માર્યા વિના તમને જોતી છતાં દેખ્યા વિના દૂર દૂર કંઈક શોધી રહી છે. સમયના પ્રવાહ જેવી એની નજરના ધોડાપૂરમાં પાણીના અસંખ્ય બૂંદોનો બનેલો પેલો ઘૂઘવાતો સાગર દેખાય છે. રેતીના અસંખ્ય કણોનું જેનું કલેવર છે એવો ઇજીપ્તનો રણ મહાસાગર પણ આ નજરમાં વંટોળિયા જેવો દેખાય છે. વિરાટની આ નજર ઇજીપ્તના માનવસમુદાયના સંઘમાનવના ધબકારા વડે જાણે એકધારી બનીને ધબકી ઉઠી છે.

એની નજરમાં એક ઘડીમાં જન્મતું અને ઇતિહાસની બીજી પળે મરણ પામતું એકાદુ માનવી નથી દેખાતું. પણ આ નજરમાં અખંડ જન્મતો અને અટકયા વિના વિકાસના કદમ ભરતો માનવસમુદાય લોકવણઝાર જેવો આગળ વધતો દેખાય છે. આ લોક વણઝાર યુગયુગના ડગલાં ભરતી ઇતિહાસની અને સંસ્કૃતિની અતિ પ્રાચીનતાનો સિક્કો પહેરીને આગળ વધે છે.

સંસ્કૃતિના સિક્કાનું મૂલ્યાંકન

સંસ્કૃતિનું મૂલ્યાંકન ઇજીપ્તના ઇતિહાસના અનુસંધાન સાથે ક્રીટ, મેસોપોટેમિયા, એસિરિયા બેબિલોનીયા ચીન અને ભારતમાં જ્યાં જ્યાં થયું ત્યાં સમકાલીન રૂપની એક સરખી છાપવાળું માલુમ પડયું છે. સંસ્કૃતિના આ સિક્કા પરની છાપમાં માનવસમુદાય ગુલામ બનેલો પ્રાચીન શ્રમમાનવ છે તથા આ શ્રમની જંગી આકારવાળી ઘટમાળ રચતો ઇજીપ્તનો જાલીમ શહેનશાહ માનવસમુદાયની ખાંધ પર બેઠો છે. આ શહેનશાહતની પાંખો બનેલી પુરોહિતો અને રાજન્યોની એક મોટી જમાત છે. આ જમાતના હાથમાં શહેનશાહતના રાજદંડની બધી હીલચાલ આવી ગઈ હોય છે. આ રાજદંડનું શાસનરૂપ એક ધારી અને અંધ એવી આજ્ઞાધારકતાના કાનૂનવાળું છે.

જીવનની આવી ઘટમાળ જેવા સામ્રાજ્યનાં બધાં સાધનો જાણે મોતની આરાધના માટે કામે લાગી ગયાં છે. અસંખ્ય યુગો સુધી માનવ સમુદાયો મોતના પડખામાં અને પડછાયામાં રહીને જીવે છે. આ સંસ્કૃતિની ઇમારતો અને કલાકૃતિઓ પણ મોતનીજ આરાધના માટે નિર્માય છે. ઇજીપ્તના આ

આ જીવન ઘટમાળ માટે જીવનની વાસ્તવતા જીવતરની આશાઓ અને ઊમેદો નથી, પણ મોત પછીનાં સ્વપ્નો છે.

સંસ્કૃતિના મૂલ્યના આ સિક્કાની બે બાજુઓ પર બે છાપ દેખાય છે. એક છાપમાં પ્રાચીન જગતનો શ્રમભારથી થાકી ગયેલો દુઃખી ગુલામ માનવ ઊભો છે. આ માનવનું રૂપ વિરાટ ઇમારતોમાં હજારો વર્ષ સુધી આજે પણ જીવતું ઊભું છે. એના શ્રમની યાતનાઓએ જે બધું બનાવ્યું છે તે તમામ રાચરચીલાની કિંમત કરતાં એના વ્યક્તિત્વની કિમ્મત ખૂબ ઓછી અને નીચી આંકાઈ છે. એના ચહેરા પરની છાયામાં અસલામતીની ચિંતાનો ભાર અસહ્ય છે, છતાં એ સંસ્કૃતિનો બોજ વહ્યો જાય છે.

સંસ્કૃતિના આ સિક્કાની બીજી બાજુ પરની છાપ મોત પછીની દુનિયાની છે. દુઃખી માનવસમુદાય માટે વાસ્તવ જીવનની જીંદગીમાં દુઃખ દર્દ અને ભૂખમરા સિવાય બીજું કશું નથી. યાતના જેવું આ જીવન, મરણ પછીનું સ્વર્ગ ઝંખે છે. અથવા મરણની દુનિયામાંજ સલામતી શાંતિ અને આનંદ પામવાની ઇચ્છા રાખે છે. એને ચિત્તની ક્રિયા કરવાની કે જ્ઞાન પામવાની મના કરવામાં આવી છે. વાસ્તવ જગત વિષે જ્ઞાન પામવાનું કોઈ પણ સાધન એને માટે કાયદેસર ગણાતું નથી. જો જીવનવાસ્તવતા અથવા સત્યની આરાધના કરવા એ સત્યને અને ચિત્તને આરાધે તો ભારતવર્ષના શંબુકની જેમ એનો શિરચ્છેદ થઈ જાય છે.

જ્ઞાનનો શિરચ્છેદ કરનારૂં આ પરિબળ રાજ્યો અને પુરોહિતોની જાલીમ ઘટમાળવાળું છે. ઇજીપ્તની જીવન ઘટનામાં પુરોહિતોના વર્ગે જ્ઞાનનો પ્રવાહ પોતાના વર્ગમાંથી બહાર કોઈ પણ ઠેકાણે ન જાય અને અજ્ઞાનના ઇજારાનો સર્વ અધિકાર પોતાની પાસે જ રહે તેની બધી જોગવાઈ ચોક્કસ રીતે કરી નાંખી છે. છે. જેમ ભારતમાં તેમ ઇજીપ્તના પણ માનવસમુદાયના અજ્ઞાન વડે અંધ રખાયેલા જીવનવ્યવહારની સામે જ્યાં ને ત્યાં અજ્ઞાતની દીવાલ ઉભી કરવામાં છે. આ અજ્ઞાતનો અર્થ અપવાનો ઇજારો પુરોહિત અથવા બ્રાહ્મણ વર્ગનોજ છે.

એટલે આખો માનવસમૂદાય ઘરની બહાર નીકળતાં શુકન અથવા અપશુકનથી માંડીને તે જીવતરની બહાર ધકેલાઈ જતાં મૃત્યુ ઘરમાં જતાં સુધી પુરોહિતોના જાદુઓ અને જૂહાણાંઓ નીચે રહેસાયા કરતો હોય છે.

આવી ઘટમાળ નીચે વિશ્વઇતિહાસમાંથી ઇજીપ્તના સામ્રાજ્યનો નાશ થયો પછી પ્રાચીન સંસ્કૃતિના મૂલ્યાંકનનો આ સિક્કો ઇજીપ્તમાંથી ભારતની જીવન ઘટમાળ સુધી અથવા ચીન ભારતની જૂની સંસ્કૃતિઓના આવા વ્યવહારની ઘટમાળમાં ચલણી નાણું બનીને વટાવાયા કર્યો.

૫–ઇજીપ્તની સમકાલીન સંસ્કૃતીઓ :
બેબીલોનીયા અને એસિરીયા


[પિરામીડની ટોચ પરથી ઉડતી નજર—બે નદીઓની સંસ્કૃતિ—આ આવે સુમેરિયનો—સુમેરિયાની બેબીલોનીઅન શહેનશાહત—સુમેરિઅનોની સંસ્કૃતિનું સ્વરૂપ–વેપારી સંસ્કૃતિનો શાહી કાનૂન—પ્રાચીન સંસ્કૃતિનું રાજ્ય બંધારણ—બેબિલોનનો અસ્ત અને એસિરિયાનો ઉદય—એસિરીયાનું લશ્કરી સામ્રાજ્ય —એસિરીયાનો અંતકાળ]

પિરામીડની ટોચ પરથી દેખીએ તો ધારોકે આપણે પિરામીડની ટોચ ઉપર ચઢી ગયા. ઇજીપ્તની સંસ્કૃતિના એ છાપરા ઉપરથી ધારોકે આપણી આંખ દૂર્બિન જેવી દૂર દેખનારી બની ગઇ. ધારોકે દૂરદૂર રંગબેરંગી રેતીને પેલે પાર ક્ષિતિજને પણ પેલે પાર ઉત્તરપૂર્વ તરફ આપણને કંઇ લીલોતરી જેવું દેખાવા માંડયું. આ લીલોતરી પ્રાચીન સમયની બે વિશ્વસરિતાનો ખીણ પ્રદેશ છે. બાઇબિલના "ઓલ્ડ ટેસ્ટમેન્ટમાં" લખેલો એ સ્વર્ગ પ્રદેશ છે. ત્યારના સમયના એ અદ્‌ભુત પ્રદેશનું નામ ગ્રીક લોકોએ મેસોપોટેમિયા અથવા બે નદી વચ્ચેનો દેશ એવું નામ પાડયું હતું. આ પ્રદેશ આજનો ઇરાક દેશ હતો, અને બે નદીઓ તે ગ્રીસ અને યુફ્રેટીસ હતી.

આ મેસોપોટેમિયાની આસપાસની બે નદીઓનાં નામ તૈગ્રીસ અને યુફ્રેટિસ છે. આ નદીઓનું જન્મસ્થાન આર્મેનિયાના બરફથી ઢંકાયેલા પર્વતો છે. આ નદીઓએ પશ્ચિમ એશિયાના આ ઉજ્જડ પ્રદેશને લીલોછમ બનાવી દીધો છે.

ઇજીપ્તની પ્રાચીન સંસ્કૃતિનો ઉદ્‌ભવ નાઇલ નામથી વિશ્વસરિતાના પ્રદેશમાં એટલા માટે થયો હતો કે એ સરિતાએ સંસ્કૃતિના એ માનવસમુદાયોને ધનધાન્ય અને ફળફૂલ પૂરાં પાડયાં હતાં. આ બે નદીઓ વચ્ચેનો પ્રદેશ પણ એટલા જ કારણથી ઇજીપ્ત જેવી પ્રાચીન સંસ્કૃતિ પોતાને ત્યાં જન્માવતો હતો. આ સંસ્કૃતિને ઘડનારા માનવ સમુદાયો દક્ષિણ તરફના રણપ્રદેશમાંથી આ પ્રદેશમાં પર્વતો પર આવી પહોંચતા હતા. માનવોની આ ટોળીઓ અંદર અંદર ખૂબ લડતી ઝઘડતી હતી. તેમના પ્રાથમિક દશાના આ જીવન-કલહમાંથી લોકસમુદાયો મેસોપોટેમિયામાં આવી પહોંચ્યા. અને અહીં ઈ. સ.

ઇજીપ્તની સમકાલીન બીજી સંસ્કૃતિઓ



પૂ. અનેક વર્ષ પર સંસ્કૃતિનો આરંભ શરૂ થયો. **બેબીલોનિયા અને એસિરિયા** આર્મેનિયાના ઉચ્ચ પ્રદેશ પરથી પથરાયેલી બે સરિતાઓ વચ્ચેનો આ મેસોપોટેમિયાના પ્રાચીન નામવાળો અને ઇરાકના આજના નામવાળો આ પ્રદેશ ઇરાનના અખાત સુધી પહોંચે છે. એ ઉચ્ચ પ્રદેશની બન્ને બાજુએ જુદી પડતી પેલી બન્ને નદીઓ ઇરાની અખાત આગળ પાછી ભેગી થઈ જઈ ને અખાતને મળે છે. આ પ્રદેશ એટલે મેસોપોટેમિયાનો ઉત્તર ભાગ પ્રાચીન સમયમાં એસિરીયા કહેવાતો હતો અને દક્ષિણ ભાગ બેબિલોનિયા કહેવાતો હતો. આ બંને વિભાગો વચ્ચેની હદ ૩૪ મી પેરેલલની હતી. બેબિલોનિયાનો ઉત્તર વિભાગ અક્કડ પ્રદેશ પણ કહેવાતો હતો. આખો બેબિલોનિયાના નામનો પ્રદેશ બગદાદ અને ઇરાની અખાત વચ્ચેનો પ્રદેશ હતો.

ઇજીપ્તની સંસ્કૃતિ નાઇલ નદીની સંસ્કૃતિ હતી. મેસોપોટેમિયાની સંસ્કૃતિ એટલે એસિરિયા અને બેબિલોનિયાની સંસ્કૃતિ બે નદીઓની સંસ્કૃતિ હતી. નદીઓ જ્યાં અખાતમાં ઠલવાઈ જતી હતી તે પ્રદેશનું પ્રાચીન નામ " ચાલ્ડીયા " હતું.

સંસ્કૃતિનો આરંભ અહીં બે નદીઓ વચ્ચેની ફળદ્રુપ ધરતી પર થયો. આ ધરતી પર સંસ્કૃતિના પહેલા પાયા જેવો રખડતા માનવોનો વસવાટ સ્થપાયો. આ વસવાટનો સંસ્કૃતિનો જીવન વહિવટ ખેતીના ઊદ્યોગવાળો અને ધાતુના સાધનોવાળો બન્યો. ધરતીની માટીમાંથી બનતી ઇંટો અહીં સૂરજના તાપમાં જ પાકી જવા લાગી. ધરતીમાંથી નિપજતા ધનધાન્ય અને ફળફૂલના ઢગલા, માટીની ફળદ્રૂપતામાંથી ઉભરાયા. સંસ્કૃતિની આગેકૂચમાં વેરાન પરાજય પામીને પાછું હટવા માંડયું, તથા હિંસક પશુઓ નાબૂદ થવા માંડ્યા. સંસ્કૃતિને માટે જરૂરની એવી શાંતિ આ ભૂમિ પર શરૂ થઇ.

આ આવે સુમેરિયનો

હવે મેસોપોટેમિયામાં ઈ. સ પૂર્વેનો ૩૫૦૦ નો સમય ચાલે છે, ત્યારે ઈતિહાસનો પડદો ખૂલે છે અને રંગભૂમિ પર સુમેરિયન માનવ સમુદાયોનો સંચાર્ય સંભળાય છે. એ માનવસમુદાય મધ્ય એશિયામાંથી આવી પહોંચ્યો હશે, અથવા તો, ભારત પરથી ઇરાની અખાતને ટપી જઈને આર્યો અને દ્રાવીડીયનો પણ અહીં ઉતરી આવ્યા હોય! પણ એ ક આવી પહોંચ્યા અને પરદેશીઓની આક્રમક અદાથી એમણે આ નવા પ્રદેશનો કબજો લીધો.

આ નવો પ્રદેશ ઇરાની અખાત પરનો જમીન પ્રદેશ છે. અને તે આજે છે તેના કરતાં ત્યારે વધારે ઉંચાણવાળો હતો, તથા કુદરતની લીલોતરીથી રમ્ય બનેલો હતો. જીવનની જરૂરિયાતોને ઉદાર બનીને દેતી. આ રમ્યભૂમિને

સ્વર્ગ કહેતા સુમેરિયનો અહીં વસ્યા અને જીવનની મમતાવડે આ નિસર્ગ સુંદર ધરતી પર ટકી રહેવા માટે નગર-રાજ્યોની સંસ્કૃતિને જન્માવવા માંડ્યાં. અહીં દરેક નગરરાજ્યનો કારભાર ધર્મગુરૂ ચલાવતો. આ ભૂમિ પરના જીવન-કલહનો એ જ આગેવાન બન્યો હતો.

આ શાસનવ્યવસ્થાએ અહીં સંસ્કૃતિનાં શિખરો જેવા ભગવાનના મિનારાઓ બાંધ્યા. આ સંસ્કૃતિએ પોતાનાં કારખાનાં બાંધ્યાં અને કાંતણ તથા વણાટના ધંધાને વિકસાવ્યા. આ સંસ્કૃતિએ પોતાના જીવનવ્યવહારની તાલીમ દેતી નિશાળો શરૂ કરી. આ બધી સંસ્કૃતિ, સુમર પ્રદેશના સુમેરિયનોએ પોતાની ધર્મસંસ્થાઓની આસપાસ વિકસાવી.

સુમેરિયાની બેબિલોનીઅન શહેનશાહત

અકડ પ્રદેશ પરથી પણ પાસેના સુમર ગાનવોની આ સ્વર્ગજેવી ભૂમિ પર આક્રમણ આવી પહોંચ્યું ત્યારે ઇ. સ. પૂર્વેનો ૨૮મો સૈકો શરૂ થઇ ગયો હતો. ત્યારે અકડનો સારગોન નામનો રાજા પશ્ચિમ એશિયાની ભૂમિપર સામ્રાજ્ય બાંધવા બીજા દેશોને જીતવા નીકળી ચૂકયો હતો. એણે પૂર્વમાં ઇલામથી માંડીને તે પશ્ચિમમાં સીરિયા સુધીના પ્રદેશો પર પોતાનું સામ્રાજ્ય કાતરી કાઢીને જાહેર કર્યું કે, પોતે ઉદ્યાચલ અને અસ્તાચલ વચ્ચેના પ્રદેશોનો સ્વામી બની ચૂકયો છે. સુમર પ્રદેશ પરનાં બધાં નગરો પણ એણે જીતી લીધાં. આ શહેનશાહથી શરૂ કરીને મેસોપોમીયાના મહારાજાઓએ સુમર અને અકડના શહેનશાહ તરીકે પોતાની જાતની જાહેર કરી.

સારગોનની, આ શહેનશાહતે, બેબિલોન નગરની રચના કરી અને આ નગરના નામ પરથી યુફ્રેટીસ અને તૈગ્રીસની બે સરિતાભગીનીઓનો દક્ષિણ પ્રદેશ, બેબિલોનીયા કહેવાયો. નગરોમાં બેબીલોન જેવું મહાનગર બન્યું તેવો જ શહેનશાહોમાં મહાન એવો બેબીલોનનો શહેનશાહ સારાગોનની શહેનશાહત તથા વંશાવેલામાં, હેમુરાબી કહેવાયો. આ શહેનશાહે ઇ. સ. પૂર્વે ૨૧૨૩ થી ૨૦૮૦ સુધી રાજ્ય કર્યું.

શહેનશાહ હેમુરાબી

ચાર હજાર વરસ પછી આ શહેનશાહે દીધેલા શાસનના વહીવટના કાનૂનોની શોધ થઈ અને આ શહેનશાહે સંસ્કૃતિને કાનૂનો દીધા હોવાથી વિશ્વ ઇતિહાસે એનું નામ પોતાની નોંધમાં ઉજળા અક્ષરે લખ્યું.



સંસ્કૃતિનો આ શહેનશાહનો કાનુનલેખ ઈતિહાસનો સીમાસ્તંભ બન્યો. આ સીમાસ્તંભે જ મોસેસના કાનૂનોને અભ્યાસપાઠ દીધો. આ કાયદાપોથીએ ઇતિહાસના કાયદાશાસ્ત્રીઓને પ્રાચીન સમયના સંસ્કારનો આરંભ કરીને રાજ્ય-વહીવટનું કાનુનશાસ્ત્ર દીધું.

આ પદાર્થપાઠને ધારણ કરીને આ શહેનશાહે પોતાના સામ્રાજ્યને સુમર અને અકડ પ્રદેશ પરથી આગળ ઇલામ અને એસીરીયા પર વધારી દીધું અને પોતાના કાનુની શાસનનો ઈતિહાસનો નૂતન પ્રયોગ ચાલુ કર્યો.

સુમેરિયનોની સંસ્કૃતિનું સ્વરૂપ

આ પ્રદેશમાં સૌથી પહેલાં નગર-સંસ્કૃતિ ઘડનાર લોકોનું નામ સુમેરિયનો હતું. આ સુમેરિયનો ઇમેરિયન અને દ્રાવિડિયન જાતના હતા. આ

લોકો માટી પર કોકેસિક જાતની ભાષા લખતા હતા. આ ભાષાનું રૂપ પૂર્વ ભારતમાં આર્યોના આવ્યાં પહેલાં જેવું હતું તેવું હોવાનું સાબિત થયું છે. આ સુમેરિયનો માથું મુંડાવી નાખતા હતા અને ઊનના કપડાં પહેરતાં હતાં. આ લોકોએ પહેલો વસવાટ ઈરાની અખાતની પાસે જ કર્યો હતો. આ સુમેરિયનોએ નહેર ખોદીને પોતાના ખેતરોને પાણી પાવા માંડ્યું તથા ધીમે ધીમે એ લોકો હાઈડ્રોલિક ઈજનેરો બનવા માંડ્યા. એમની પાસે ગધેડાં અને ઘેટાં બકરાં હતાં પણ, ઘોડા નહોતા. શરૂઆતમાં એમનાં ઘર માટીના ઝુંપડાં જેવાં હતાં પણ ધીમે ધીમે નગરસંસ્કૃતિ ઘડતાં આ લોકોએ ઊંચા મિનારા જેવાં મંદિરો અને મહાલયો બાંધવા માંડ્યા.

નીપૂર નામનું તેમનું નગર એક ખૂબ ઉંચા મિનારા જેવા દેવાલને લીધે પ્રખ્યાત બન્યું હતું. બાઇબિલમાં જેનો ઉલ્લેખ થયો છે તે "ટાવર ઓફ બેબેલ" બેબીલોનના ભગવાનનું ખૂબ ઊંચું એવું આ મિનારા જેવું દેવાલય હતું. આ દેવાલય ડુંગર જેવું ઊંચું હતું. એવાં તો અનેક દેવાલયો અને મિનારાઓ એમણે પોતાની ધરતી પર નદીના પૂરમાંથી બચવા માટે ચણી દીધાં હતાં. આવા ઉંચાં દેવળો બાંધવા પાછળ તેમનો ખ્યાલ પોતાના ભગવાનના ઘરને આકાશમાંના સ્વર્ગની નજદીકમાં નજદીક લઈ જવાનો પણ હશે.

સુમેરિઅનોની આ બધી ઈમારતો પથ્થરની નહી પણ ઈંટોની બનેલી હતી. આજે સંસ્કૃતિના આ બધાં ભવનો ઈજીપ્તના પિરામીડોની જેમ ચિરંતન બની શકયાં નથી કારણકે તેમનાં કલેવર પથ્થર નહિ પણ ઈંટનાં બનેલાં હતાં. ઈંટોની બનેલી આ સંસ્કૃતિનું પુસ્તક પણ ઈંટનું બનેલું હતું. ઈંટ સુકાઈ જતાં પહેલાં એ લોકો અણીવાળી લાકડી વડે તેના પર લખતાં. આ લાકડી અથવા (ક્યુનિફોર્મ) કલમનું નામ 'ક્યુનિફોર્મ" હતુ

આ સુમેરિયનો અથવા બેબિલોનિયનો ગ્રહનક્ષત્રોનો પણ અભ્યાસ કરતા હતા. ઈસુના જન્મ પહેલા બરાબર તેવીસો વર્ષ પર સૂર્ય ગ્રહણ કયારે થશે તે આજત આ બેબિલોનિયનોના ખગોળ શાસ્ત્રીઓ અગાઉથી નક્કી કરી શકયા હતા. તેમણે બેબિલોનિયાના નાગરિકો માટે જાહેર કર્યું હતું કે એક દિવસે સવારના દસ વાગે આકાશમાં ચંદ્ર દેખાશે. એ દિવસે ચંદ્ર કેવી રીતે દેખાશે તે તેમને ખબર હતી. તેમણે કહ્યું હતું કે તે દિવસે તેટલા વાગે સૂર્ય ચંદ્ર વડે ઢંકાઈ જશે. એ રીતે અંધારો ચંદ્ર દેખાશે, અને દિવસે તારાઓ પણ દેખાશે. આ સમજવા માટે તેમણે ચંદ્રનો ગતિનો આકાશમાં અભ્યાસ કર્યો હતો, તથા ચંદ્ર અને સૂર્ય કયારે એકબીજા પર પડછાયારૂપમાં આવી જશે તે નક્કિ કર્યું હતું.

ઈ. સ. પૂ. ૨૧૦૦ માં ત્યારના આખા જગતમાં મશહૂર બનેલો એવો હેમુરાબી નામનો આ મહાન શહેનશાહ બેબિલોનિયાની ધરતી પર પંકાયો.

વેપારી સાંસ્કૃતિનો શહેનશાહી કાનૂન

આ સંસ્કૃતિનું મુખ્ય રૂપ વ્યાપારી માનવનું હતું. બેબિલોન એના વાણિજ્યનો કિલ્લો હતો. ખગોળ અને વૈદાનો એણે અભ્યાસ શરૂ કર્યો હતો.



ઈ. સ. પૂ. ૨૧૦૦ વર્ષ પર ગ્રીસ દેશ એની પાસે ગણિત શિખતો હતો. યહૂદીઓ અહીં ધર્મશાસ્ત્ર શીખતા હતા. રાવી અને ચિનાબ પરના ભારત ભૂમિ પરના પંજાબનાં જોડીયાં નગરોમાંથી સુધરેલા વ્યાપારીઓની વણઝારો અહિં વેપાર ખેડવા આવતી હતી. તૈગ્રીસ અને યુફ્રેટિસની વિશ્વ સરિતાઓ બેબિલોનની વાણિજ્ય શહેનશાહતના બગિચાઓને લીલા રાખતી હતી. એવી જ સંસ્કૃતિની લલિત ઘટનાઓમાંથી ભારતીય વ્યાપારી સંસ્કૃતિનો મેસોપોટેમિયાના વિશ્વ નગર સાથેનો સંગમ સધાતો હતો. આ વ્યાપારી વહીવટ પર હેમુરાબી નામના શાહેઆલમનો કાનૂની અધિકાર હતો. હેમુરાબીને કાનૂનની આ દિક્ષા બેબિલોનિયાના સૂર્ય ભગવાન 'શામશે' દીધી હતી. સૂર્ય ભગવાનના નામમાં શહેનશાહ હેમુરાબી જગતના રાજ્ય બંધારણ માટે નાગરિક શાસ્ત્રનું પહેલું પાઠ્યપુસ્તક લખતો હતો,

"હું હેમુરાબી સુમર અને અકડનાં માનવોનો એટલે મેસોપોટેમિયાનો રક્ષક અને વાલી છું. મારા ડહાપણ વડે હું એમના પર શાસન કરૂં છું. મારા શાસનનો હેતુ એ છે કે શક્તિમાન નબળા પર જુલમ ગુજારે નહિ તથા અનાથો અને વિધવાઓને ન્યાય મળે."

પ્રાચીન સંસ્કૃતિનું રાજ્ય બંધારણ

આ રાજ્ય બંધારણના પાયામાં બેબિલોનિયાની વેપારી સંસ્કૃતિ હતી. આ સંસ્કૃતિ વેપારની આપલેમાં નાણા તરીકે સોના અને ચાંદીની ધાતુનો ઉપયોગ કરતી. હજી એણે સિક્કાઓ બનાવ્યા નહોતા. સિક્કાને બદલે આ

ધાતુઓના ઓછામાં ઓછા વજનના કટકાથી આરંભ કરવામાં આવતો. આ સંસ્કૃતિનો આર્થિક વ્યવહાર ધાતુઓનાં વજનવાળાં નાણાની ધીરધાર કરતો અને વ્યાજ પણ લેતો. આ સંસ્કૃતિના વેપારીઓની પેઢીઓ મોટી બેન્કો જેવી હતી. હેમુરાબીનો આર્થિક કાનૂન દેવાદાર ખેડૂતોને ઋણ રાહત આપવાનો તથા દુષ્કાળ સમયે દેવું નાબૂદ કરી નાખવાનો ઘડાયો હતો. પરંતુ સામાન્ય વ્યવહારમાં જો દેવાદાર પોતાનું દેવું ચૂકવે નહિ તો શાહુકાર તેના ગુલામને કે તેના દીકરાને ગુલામ તરીકે અમુક વર્ષ સુધી લઈ જઈ શકતો. આ વેપારી સંસ્કૃતિએ હેમુરાબીના સમય સુધીમાં વેચાણ કરવાના, ધીરધાર કરવાના, કરારો કરવાના, ભાગીદારી કરવાના તથા હુંડીઓ લખવાના કાનૂન ઘડી દીધા હતા. આ વેપારી સંસ્કૃતિનો પાયો, ગુલામ માનવ સમુદાયોની પીઠ પર રચાયો હતો. આ વેપારી શહેનશાહના બધા કાનૂનો એ જીવનવ્યવહારની નીચે જીવન ઘટનાનું શ્રમપરિબળ બનનારા માનવસમુદાયો માટે ગુલામી દશા જ રાખી હતી. ત્યારની સંસ્કૃતિઓમાં હતું તેવું ગુલામીનું સામાન્ય લક્ષણ અહિં પણ હતું. આ ગુલામોની ખરીદી અને વેચાણ અંદર અંદર ચાલ્યા કરતાં હતાં, તથા તેના ભાવતાલ નક્કી થયા કરતા હતા.


બેબીલોનનો અસ્ત અને એસિરીયાનો ઉદય

આ સમયે પૂર્વ સરહદ પરથી પર્વત પ્રદેશમાં રહેતા કેસાઈટીસ નામના લોકોના સમુદાયો બેબિલોનના આ વૈભવ તરફ ભૂખી નજરે દેખતાં હતાં. પર્વતોમાં વસતાં આ ટોળાંઓ હેમુરાબીના મરણ પછી દસજ વર્ષમાં પર્વતના પોતાના ઝડપી ઘસારા સાથે આ બેબીલોનના વૈભવ ઉપર તૂટી પડ્યાં. બેબિલોનની અવદશા શરૂ થઈ ગઈ. બેબિલોને ઈજીપ્ત પાસે મદદ માંગી પણ કેસાઈટીસ લોકોના ઘસારા પાછા હટ્યા નહિ. બેબિલોનનું જીવન એક હજાર વર્ષ સુધી અંધાધુંધીમાં સપડાઈ ગયું, અને બેબિલોનની ઉત્તરે ત્રણસો માઈલ પર આવેલો એસિરિયાનો પ્રદેશ પોતાના પગભર ઉભો થઈ ગયો. આ પ્રદેશે બેબીલોન પર પોતાની વિજયકૂચ આરંભી દીધી. એણે ઈલામ, સુમેરિયા, અક્કડ અને બેબીલોન નગરો જીતી લીધાં. ફિનિશીયા અને ઈજીપ્ત પર એણે કાબુ મેળવ્યો. જ્યારજ્યારે આ પ્રદેશના શહેનશાહ 'આસુરબાનીપાલ' ને બધા પ્રદેશો ખંડણી ભરવા આવવા લાગ્યા. આ પ્રદેશ એસિરિયા હતો. આ પ્રદેશ આજ સુધી બેબિલોનિયાની હકૂમત નીચે આવી જઈને ભૂલાઈ ગયો હતો. પણ હવે એસિરિયન સામ્રાજ્ય મેસોપોટેમિયાની આખી ભૂમિ પર પોતાનું વર્ચસ્વ ધારણ કરતો પગભર થયો.

એસિરિયાને દેખવા ફરીવાર મેસોપોટેમિયા તરફ નજર નાંખો. આ એસિરિયા તે તૈગ્રીસ નદીની ઉપરનો પ્રદેશ છે. આ પ્રદેશ આજ સુધી બેબિલોનિયાનો એક પરાધીન સંસ્થાન બની ગયો હતો. બેબિલોનની શહેનશાહતે એસિરિયાનું શાસન સંભાળ્યું હતું. એસિરિયાનુ જૂનું પાટનગર આશુર નામનું હતું. આ એસેરિયન પ્રદેશ પર નીનેવેહ નામના એક બીજા પાટનગરનો જન્મ કયારનોયે થઈ ચૂકયો હતો. પણ મેસોપોટેમિયા એક દેશ હતો જ નહિ તે હમણાં માલમ પડયું. એસેરિયા અને બેબિલોનીયા નામના બે દેશનો એ એક પ્રદેશ હતો. તથા આ બે પ્રદેશનું એક નામ ગ્રીકોએ મેસોપોટેમિયા પાડયું હતું. પણ હવે આ પ્રદેશો એક એસિરિયા અને બીજો બેબિલોનિયા, બે દેશ દેખાઈ ગયા. બેબિલોનિયાનું પાટનગર બેબિલોન યુફ્રેતિસના પશ્ચિમ કિનારા તરફ હવે પતન પામતું હતું ત્યારે એસિરિયાનું પાટનગર નિનેવેહ તૈગ્રીસના પૂર્વ કિનારા તરફ ઉદય પામતું હતું.

એસીરિયાનું લશ્કરી સામ્રાજ્ય

એસિરિયાના આ સામ્રાજ્યનો પાયો બેબિલોનિયાના વેપારી મનુષ્ય જેવો વાણિજ્યનો નહોતો પણ આરંભથી અંત સુધી એસિરિયાનું સામ્રાજ્ય સ્નાયુની તાકાત અને પશુ જેવી હિંમતથી, ઉન્નત ડોક પર મગરૂર માથું ધારણ કરીને, સખ્તાઈના નમૂના જેવું યોદ્ધાની અદાથી ઉભું થઈ ગયું. એવો એસિરિયાનો ઇતિહાસ રાજાઓનો અને ગુલામો પરના જુલ્મોનો, યુદ્ધોનો અને વિજયોનો તથા સંહારની હારજ્જતોનો રચાવા મંડયો. આ રચનાના આરંભમાં એસિરિયા, બેબિલોનની હકૂમત નીચેથી નીકળી ગયું. અને એસિરિયન ઇતિહાસના પહેલા શહેનશાહ ટીગલાથ–પીલેસરે પોતાના નામ સાથે શાહેઆલમનો ઇલ્કાબ ધારણ કર્યો. આ શહેનશાહે ભયાનક શિકારી તરીકેની પોતાની કારકીર્દિ શરૂ કરી દીધી, અને એક પછી એક બીજા પ્રદેશને લૂટ અને સંહાર કરીને એસીરિયામાં દોલતના ઢગલા લાવી લાવીને એસિરિયાના દેવ દેવીઓનાં દેવાલયો બંધાવ્યાં આ શહેનશાહના વિજયથી આનંદઘેલાં



બનેલાં આ દેવતાઓએ પણ જાણે આ દોલતના ઢગલા કેવી રીતે આવ્યા છે તે પૂછ્યું પણ નહીં.

એસિરિયાનો આખો ઇતિહાસ આવા શહેનશાહોની વિજયયાત્રાથી ઉભરાવા લાગ્યો. લેગલાથપીલીસર ત્રીજાએ પણ નવાં લશ્કરો જમાવ્યાં. આર્મેનિયાનું પતન કર્યું. સિરિયા અને બેબિલોનિયાને ઉજ્જડ બનાવી દેવાયાં. દામસકસ અને સુમારિયાનો નાશ થયો તથા કોકેસસ પર્વતમાળાથી ફ્રિજીઆ સુધી એસિરિયાની આણ વર્તાવા માંડી. પછી આ શહેનશાહે દેવાલયો અને રાજમહાલયો બંધાવ્યા. આ શહેનશાહ મરણ પામ્યો ત્યાર પછી એના દીકરાઓએ સંહારનું કામકાજ આગળ ચલાવ્યું. એણે પેલેસ્ટાઇનના જેરૂસાલેમ નગર પર હલ્લો કર્યો અને પછી જુદા જુદા પ્રદેશોનાં નવું નગરોને તારાજ કર્યાં, તથા બે લાખ યુદ્ધ કેદીઓને ગુલામ બનાવવા એસિરિયામાં-નિનેવેહમાં મોકલી આપ્યા. પછી એ બેબિલોન પર ચઢ્યો અને પતન પામેલા એ નગરને આખું સળગાવી દીધું. પછી નગરનાં તમામ સ્ત્રી બાળકોને એણે કાપી નાંખ્યાં. બેબિલોનના રસ્તા ઉપર ઇમારતોનાં બંડિયરોના ભંગારના ઢગલામાં મડદાંઓના ઢગલા બડકાયા કર્યા. એક સમયના સર્વ શક્તિમાન લેખાતાં બેબિલોનનાં તમામ દેવો અને દેવીઓની મૂર્તિઓના ટુકડે ટુકડા કરી નાખવામાં આવ્યા.



એસિરિયાનો અંતઃકાળ

એસેરિયાનો શહેનશાહતનું પતન હવે સર્વનાશ તરફ ધસવા માંડ્યું હતું. એસેરિયાની શહેનશાહતના આશુરબાનીપાલે પોતાના મહાલયોને આગ ભડકે

ભરવા માંડ્યું હતું એવી એસિરિયાના ઇતિહાસની દંતકથા છે. ઇતિહાસમાંથી બેબિલોનનો નાશ કરીને એસિરિયન શહેનશાહતની બધી જાહોજલાલી જે બહારની લૂંટ અને વેપાર પર બંધાઇ હતી તે બહારના જ પ્રદેશોને ઉજ્જડ બનાવીને શમી જતી હતી. એસિરિયાનાં લશ્કરો એક પછી બીજા વિજયો મેળવીને આ વિજયોમાં મરણ પામી ચૂકયાં હતાં. આ એસિરિયાએ લાખોના માનવસમુદાયોને નિરાધાર અને ગુલામ બનાવીને એ સૌને એસિરિયામાં લાવીને જકડી દીધાં હતાં. જુદા જુદા પ્રદેશોમાંથી જકડી લવાયેલાં આ નિરાધારોનું એસિરિયાનું સામ્રાજ્ય બન્યું હતું. આ સામ્રાજ્ય ઉપર હવે એસિરિયાની સરહદો ઉપરથી હલ્લાઓ આવવા શરૂ થઈ ગયા હતા. એસિરિયા હવે વિશ્વઇતિહાસમાંથી લય પામી જઈને વિદાય લેતું હતું. નીનેવેહ નામનું પાટનગર ખૂની નગર કહેવાતું હતું અને ઇતિહાસની યાદવારથળી જેવા આ નગરની અંદર એક સમયના મહાન શહેનશાહો અને ખંડિયેરના દેહમાં શમી ગયા હતા. બસો વર્ષ સુધી નીનેવેહના રાજ્યમાં ચામાંચિડીયા ઊડ્યા કર્યા. બસો જ વર્ષની અંદર નીનેવેહનગર પર રેતીનું ફૂકન પથરાઇ જવા માંડ્યું. બસો જ વર્ષમાં શમી ગયેલી ઇતિહાસની આ સમરભૂમિનો અંતઃકાળ હવે આવી ચૂકયો હતો.

૬–વિશ્વઇતિહાસનાં ખોવાઈ ગએલાં બે પ્રકરણો

[ઈ. સ. પૂર્વેની અતિપ્રાચીન પગદંડી—ઈ. સ. પૂર્વેના સિત્તેર સૈકાઓ—ભારતીય ઇતિહાસની નૂતન નજર—સમયની વિશ્વ-સરિતા, સિન્ધુ—સિન્ધુને આરે સંસ્કૃતિનો વસવાટ - અતિ પ્રાચીન સંસ્કૃતિની સ્મૃતિ—આવો છો તો ભલે આવો—એ સંસ્કૃતિઓએ શું આપ્યું ? —એ સંસ્કૃતિઓ શમી કેમ ગઇ !—સિત્તેર નગરો વાળી ક્રિટની સંસ્કૃતિ—ક્રિટની સંસ્કૃતિનું જીવન સ્વરૂપ—સંસ્કૃતિનો અંતઃકાળ–સંસ્કૃતિનું મરણ નથી.]



ઈ. સ પૂર્વેની અતિ પ્રાચીન પગદંડી

અતિ પ્રાચીન એવો ઇતિહાસનો સમય નાઇલ, યુફ્રેતિસ, અને તૈગ્રીસ નામની સંસ્કૃતિની વિશ્વસરિતાઓ પર શરૂ થયો. જગતના ઇતિહાસે પણ આ વિશ્વસરિતાઓ પર પડેલા ઇતિહાસની રેખાઓનું અવલોકન કરીને લખાવા માંડ્યો હતો. ઇતિહાસના આરંભના આ સંસ્કૃતિ ના પગલાંઓ આ સરિતાઓથી શરૂ થઈને સિંધુ નદી પરની સંસ્કૃતિને સાંકળી લેતાં હતાં તે વાત ભૂલાઈ ગઇ હતી. ઉપરના નામવાળી સંસ્કૃતિની સરિતાઓ ભેગી સિંધુ, ચિનાબ અને રાવી

પરના ઇતિહાસની અતિ પ્રાચીન પગદંડી પર સમયના અનેક વંટોળો વાઈ ચૂક્યા હતા. આ અતિ પ્રાચીન એવા ઇતિહાસની જીવનરેખાઓ પર માટીનાં અનેક પડો ચડી ગયાં હતાં. આ સ્તર નીચે વિશ્વઇતિહાસનું ખોવાઇ ગયેલું પ્રકરણ દફનાઇ ગયું હતું. પછી આ આચ્છાદનની નીચેથી પેલું વિશ્વઇતિહાસનું ખોવાઇ ગએલું પ્રકરણ જડ્યું અને માલમ પડ્યું કે માનવજાતના અતિપ્રાચીન ઇતિહાસે ઇજીપ્ત અને બેબિલોનની સંસ્કૃતિનો આરંભ કર્યો ત્યારે જ સિંધુના કિનારાઓ પર પણ સંસ્કૃતિની શરૂઆતનો અતિ પ્રાચીન આરંભ થઇ ચૂક્યો હતો.

આ અતિ પ્રાચીનતા સાથે સરખાવતાં પ્રાચીન સંસ્કૃતિને જન્મવાને હજુ પાંચહજાર વર્ષની વાર હતી. ફિનિશિયાનો વિશ્વ વિખ્યાત બનનારો વ્યાપારી સમાજ હજુ ઉત્તર આફ્રિકાના કિનારા પર પોતાના નગરના પાયા પણ ખોદવા માંડ્યો ન હતો. પ્રાચીન એવી ગ્રીક સંસ્કૃતિના એથેન્સ નગરમાં ત્યારે એક્રોપોલિસ બાંધવાની આવડત હજુ આવી ન હતી. પણ ત્યારેજ ઇજીપ્તના સમકાલિન સમયમાં ચિનાબ અને રાવિના કિનારા પર વાણિજ્ય સંસ્કૃતિનું નગરરુપ રચાઇ ગયું હતું, અને આ નગરરુપ પર સંહારના આક્રમણ જેવો આર્યોનો ધસારો આવવાને પણ હજુ પાંચ હજાર વર્ષોની વાર હતી.

વિશ્વ ઇતિહાસની શોધ

હજુ હમણાં જ વિશ્વઇતિહાસની શોધખોળ કરનાર વૈજ્ઞાનિકોને આ અતિ પ્રાચીન નગરો હાથ લાગી ગયાં. ઇ. સ. ૧૮૬૦ માં લાહોર અને કરાંચી વચ્ચે રેલવે રસ્તો બંધાતો હતો. આ રસ્તો બાંધવાનો ઇજારો બ્રન્ટન અટકવાળા બે અંગ્રેજ ભાઇઓને આપવામાં આવ્યો. આ રસ્તો બાંધવામાં જરૂરી એવી કપચી વગેરે સખત વસ્તુઓ મેળવવા માટેની શોધમાં એક ભાઇની નજર નજદીકમાં આવેલા હાડપ્પા નામના ગામ પર પડી. આ ગામની પાસે ઈંટો અને રોડાં ઠેર ઠેર રઝળતાં જોવામાં આવતાં હતાં. આખું ય હાડપ્પા ગામ આ રઝળતી ઇંટોમાંથી બંધાયેલું હતું. પેલા બ્રન્ટન ભાઇઓએ પણ રસ્તો બાંધવા માટે હજારો ટન ઇંટો આસપાસથી ખોદી કાઢી. આ ખોદકામ નીચે હજારો વરસ પર જીવી ગએલાં નગર સ્વરૂપો દફનાયાં હતાં. તેમને ખબર નહોતી કે વિશ્વઇતિહાસના અતિ પ્રાચીન એવા એક નગરના શબ પર તેઓ ભાંગફોડ કરતા હતા. આ અત્યાચારમાં અંગ્રેજ ઇજારાવાળાઓનો રસ્તો બંધાઇ ગયો પણ સાત હજાર વર્ષ પર જીવતા એવા નગરના કલેવરના અવશેષો નાશ પામી ગયા.

પછી ઇ. સ. ૧૯૨૧ ની સાલ આવી પહોંચી. રાખાલદાસ બેનરજી નામના પૂરાતત્વના એક શોધકે હાડપ્પાથી દુર ૩૫૦ માઇલ પર સિંધુના તટપર

મોહેન્જો દડોની શોધ કરી. આ મોહેન્જો દડોનો અર્થ મોતનો ટીંબો અથવા ટેકરો થતો હતો. ઇજીપ્તમાં હતા તેવા પિરામીડો જેવો આ એક મોતનો ટેકરો હતો. મોતનો આ ટેકરો કોઈ ઇજનેરોએ ગુલામોના શ્રમ વડે બાંધ્યો નહોતો. અને તેમાં કોઇ શહેનશાહોનાં મડાંઓને પધરાવ્યાં નહોતાં. મોતનો આ ટેકરો સમયની સરિતા જેવી સિંધુ નદીની કરામતે કર્યો હતો. હજારો વર્ષ પછી એનરજી નામનો આ ભૂમિનો જ એક દીકરો મોતનો ટીંબો કહેવાતા ઇતિહાસના કબ્રસ્તાનને ખુલ્લું મૂકવા ટીંબા પરની જમીનને ખોતરતો વિશ્વઇતિહાસની કિતાબનું ખોવાઇ ગયેલું પકરણ વાંચવા માંડતો હતો.

ઈ. સ. પૂર્વેના સીત્તેર સૈકાઓ

આ શોધખોળ નીચેથી ઇ. સ. પૂર્વેના સીત્તેર સૈકાઓ બેઠા થઇ ગયા. ત્યારે ઇસ્વીસન પછી સત્તર સૈકાઓ બાદ આ ભૂમિ પર આવેલા અંગ્રેજ શાહીવાદના મેજર સ્લેટરનો મુકામ પણ અહિં સિંધુ ભૂમિમાંજ પડ્યો હતો. પંજાબની પાંચ નદીઓના પ્રદેશ પરની એક ઘોડેસવાર ટુકડીનો એ કર્નલ હતો. આ કર્નલને ભૂમિનાં પડ નીચેથી બેઠા થઈ ગએલા ઇતિહાસના એક અનામી નગરને દેખાવમાં એવો તો રસ પડ્યો હતો કે તેણે હાથી પર બેસીને વાઘનો શિકાર કરવાનો કાર્યક્રમ રદ કરી નાંખ્યો હતો. હવે આ કર્નલ સિંધુના નિચાણ પ્રદેશ પરથી જડી આવેલા પેલા અનામી નગરની વાતો સૌને રસપૂર્વક સંભળાવતો કહેતો હતો કે મેં મેસોપોટેમિયા દેખ્યો છે, મેં અક્કડ અને સુમરના નગરો દેખ્યાં છે. એ સૌ નગરોથી અતિ મહાન એવું આ નગર, નરી પાકી ઇંટોનું ચણાયેલું, સીધીદોર શેરીઓની રચનાવાળું અને બજારોની રચનાવાળું, ઘર ઘર સાથે ગટરોનાં જોડાણવાળું, લોકસંગ્રહસ્થાનો અને જાહેર સ્નાનાગારવાળું, ઘર આંગણાંમાં ગરનાળાવાળા કૂવાવાળું, ભૂમિમાતા અને પશુપતિની પ્રતિમાવાળું, પૈડાંઓના વાહનવાળું, બાળકોના રમકડાંવાળું, ભાતભાતના અલંકારો પહેરતું, વ્યાપારી રાજસભામાં વહીવટ કરતું, વાણિજ્યની હુંડીઓ વટાવતું...” બોલતો કર્નલ પૂર્ણવિરામ પામ્યા વિના હાંફી જતો, અને રણભૂમિ પર લગામ વિનાના ઘોડા પર ઘૂમતો હોય તેમ રોષ કરતો કહેતો હતો “આજે બ્રિટનમાં પણ આવું એકે ય નગર નથી, કે જેને આ સિંધુનગર જેવું જાહેર સ્નાનાગાર હોય અને ઘર ઘરને આંગણે કૂવો હોય, કે ગટર સાથે જોડાયેલી નહાવાની ઓરડી હોય ! પાંચ પાંચ હજાર વર્ષ પર જે ભૂમિપર માનવ સંસારની આવી વિભાવના હતી તેજ ભૂમિને ગુલામ બનાવવા આજે અમે આવી પહોંચ્યા છીયે !” બોલતો કર્નલ આ ભૂમિના ઇતિહાસની આરસીમાં પોતાનું મુખ દેખતો શરમિંદો બની જતો હતો. એ પોતાની જાતને જાણે પૂછતો

હતો. માનવીના જે સંસારે પોતાના બાળકોને રમવા માટે અનેક રમકડાં બનાવ્યાં છે તે અનુરાગી માનવો અહિં એકવાર કેવાં કિલ્લોલતાં હશે ! એ માનવોનાં બેટા બેટીઓની નિશાળોના પદાર્થપાઠ અહિં એકવાર કેવા ગૂંજી ઉઠ્યા હશે! આ નગરનું રૂપ ઘડનારા શિલ્પીઓ, ચિત્રકારો અને કારીગરો અહિંના સંસારને મઢવાના કેવા શ્રમમાં મચી પડ્યાં હશે !"

આ કર્નલની વિચારમાળા પાછી ગમગીન બનીને બબડતી હતી. "પણ તેમનાં હથિયારોમાં તલવારો પણ નથી. એકલા તાંબાના ભાલા છે, તે શી ધાડ પાછી વાળે વારૂં. ! પણ વિશ્વઇતિહાસના ચીરંતન કલેવર પર આવી પહોંચેલું અમારૂં અંગ્રેજી આક્રમણ અને એ આક્રમણનો પેલો ઊઠાવગીર છોકરો રોબર્ટ કલાઇવ તો કહે છે કે હિંદુસ્તાન એટલે માત્ર એક પૂના અને બીજું સીમલા જ છે ! પૃથ્વી પરની આ અતી પ્રાચીન એવી સંસ્કૃતિને ભંડારીને આ ધન્ય ધરતી અરૂણોદયના જાપ જપતી ધીરવણ ધરી રહી છે, તેની એને વહેંતિયાને ગતાગમ પણ શી પડે !"

ભારતીય ઇતિહાસની નવી નજર

પણ જે દેશને પોતાના ઇતિહાસના અતિપ્રાચાન એવા આરંભની ગતાગમ નહોતી તે દેશની આંખ પણ આ નવી શોધથી ઉઘડી ગઈ. આ અતિપ્રાચીન સંસ્કૃતિ સાથે સરખાવતાં જેમને જંગલીઓ કહી શકાય તેવાં આર્યોથી જ પોતાના ઇતિહાસનો વેદ લખનારા દેશને પહેલીવાર પોતાના ઇતિહાસની વૈજ્ઞાનિક દ્રષ્ટિ સાંપડી. ભારતની ઇતિહાસ દ્રષ્ટિને સમજાયું કે ભારતના ઇતિહાસની સમયની માતા અને સંસ્કૃતિની જનેતા પેલા મોતના ટીંબા નીચેના નગરની... નગરોની સંસ્કૃતિ પર આક્રમણ કર્યા પછી એ જ સંસ્કૃતિના ખંડિયેરોનો ખોળો ખુંદી ખુંદીને જ, આર્યોએ સંસ્કૃતિનું પહેલું પયપાન કર્યું હતું. વિશ્વ ઇતિહાસના એક સમયના ખોવાઈ ગયેલા પ્રકરણની શોધ પછી સિંધુનો આ સંસ્કાર માનવ આજે હજારો વર્ષ પછી સિંધુ નગરના અવશેષોમાંથી આળસ મરડીને વિશ્વ ઇતિહાસના ઉંબરા પર ઉભો થઈ ગયો હતો, અને ઇતિહાસના આલેખનને શંખનાદ કરીને કહેતો હતો કે "**અતિપ્રાચીન એવો હું સંસ્કૃતિના આરંભમાં પણ હતો ?**"

સમયની વિશ્વસરિતા—સિન્ધુ

આજના પેલા ઇરાની અખાતને દેખો. આજનો ઇરાની અખાત ત્યારનો પારસિક સમુદ્ર છે. આ પારસિક સમુદ્રમાં હોડી હંકારતા જે આપણે પૂર્વ

દક્ષિણે પહોંચી જઈએ તો હિંદીમહાસાગરમાં દાખલ થવાય છે અને પૂર્વ દિશામાં ઉતરી પડીએ તો ઈરાનના ઉચ્ચ પ્રદેશ પર આવી પહોંચાય છે. ઈરાનના આ ઉચ્ચ પ્રદેશ પર ઈતિહાસને આવવાને હજુ થોડાંક હજાર વરસોની વાર છે. એટલે આ પ્રદેશ પર ઈરાની શહેનશાહત નામનું વિશ્વઇતિહાસનું પ્રકરણ આલેખાય ત્યાં સુધીમાં આપણે આ ઈરાની અથવા પારસિક સમુદ્રમાં થઈને હિંદીમહાસાગર પર ઉતરી પડીને સિન્ધુના મુખ પર પહોંચી જવું જોઇએ.

આ પારસિક સમુદ્રની પશ્ચિમમાં તો અરબીરણ પથરાયલું પડ્યું છે. એટલે હિંદીમહાસાગરનો આ વિભાગ અરબી સમુદ્ર કહેવાય છે. અરબી-સમુદ્રની હિંદીમહાસાગરની ઈરાનની ઉચ્ચ ભૂમિને અડતી કિનારીએ કિનારીએ આગળ હંકારી જાવ તો પૂર્વદિશામાં એક બીજી મહાસરિતા હિંદીમહાસાગરમાં પોતાનું પાણી ઠાલવતી માલમ પડે છે. આ મહાસરિતા પેલી યુફ્રેટીસ અને તૈગ્રીસ જેવી જ વિશ્વ સરિતા છે. પારસિક સમુદ્રની પૂર્વ દક્ષિણે ઢળતી કિનારીએ કિનારીએ પૂર્વમાં આ મહાસરિતા, સિન્ધુનું મુખ છે. આ સિન્ધુ નદી અથવા આ સિન્ધુ મૈયા, સમયની વિશ્વસરિતા છે. ઈતિહાસનો આરંભ એના પ્રવાહ પરથી શરૂ થયો છે! કાળની માતા જેવી આ વિશ્વસરિતા યુફ્રેટીસ અને તૈગ્રીસની સમોવડી છે. દુનિયાનાં આરંભનાં નાગરિકો, જેવાં બેબીલોન અને નીનેવેહ નગરનાં નાગરિકો હતાં તેવાં જ જગતનાં એ આદિ નાગરિકોનાં સમકાલીન આ સિન્ધુમૈયા પરનાં નગરજનો હતાં, અને સંસારનો જીવન વ્યવહાર ચલાવતી વાણિજ્ય સંસ્કૃતિવાળાં હતાં. ત્યારે ઈસવીસન પૂર્વેનાં ત્રણ હજાર વરસનો સમય હતો. એ સમય પરની જીવતકથા દેખવા સિન્ધુના મુખ આગળથી આપણે સમયની સફર કરીએ

સિન્ધુને આરે આરે સંસ્કૃતિનો વસવાટ

સિન્ધુના મુખ આગળથી આપણી હોડી સમજો કે ઉપડે છે અને ઉપલાણ કિનારે આગળ ને આગળ વધે છે.

કેવી સુરમ્ય એવી સંસ્કૃતિની સફર પાંચ હજાર વરસના સમયમાં આપણને લઈ જાય છે! ત્યારના જગતની નાગરિકોની ઉષા અહીં ઉગી ચૂકી છે. સિન્ધુ-મૈયાને આરે આરે આપણે પાંચ હજાર વરસ પરની અતિ પ્રાચીન દુનિયામાં વિહરીએ છીએ. આપણો જળમાર્ગ ઉત્તર તરફ અને ઉત્તર આગળ ચઢતો જાય છે. આપણી નૌકા આગળ ને આગળ વધતી જાય છે, ત્યાં નદી કિનારાની નજદીકમાં વસેલાં અનેક ગામો આવ્યા જ કરે છે. આ ગામોનાં ઘર પકવેલી ઈંટોનાં બાંધેલાં છે. આ ગામોનો સંસાર ખેતીવાડીવાળો વ્યવસાય કરે છે.

અહીંનાં કુંભારો વાસણો ઘડે છે. અહીં વજન કરવાનાં સાધનો છે, લખવાનાં સાધનો છે, બાળકોને રમવાનાં રમકડાં છે. અહીં કારીગરો નાનીમોટી વસ્તુઓ પણ બનાવે છે. આ ગામડાંઓ નગરને વળગીને અહીં વસ્યાં છે. જુગજુગથી જીવતી આવતી આ આપણા જગતની સાથી પહેલી એવી સંસ્કૃતિની વસાહત છે. જેવો સંસ્કાર નાઇલમૈયાના કિનારા પર વસ્યો છે, જેવો સંસ્કાર યુફ્રેટીસ અને તૈગ્રીસમાં વિકસ્યો છે તેવો જ આ માનવ વસવાટનો સંસાર અહીં જીવે છે.

આપણી હોડી ઉપર ને ઉપર ચઢતી જાય છે. કિનારા પરનાં ગામો અને કસ્બાઓએ એધાણ આપ્યું છે કે બે મહાન સિન્ધુ નગરો પણ હવે આવી પહોંચવાનાં. આ બન્ને નગરો વચ્ચે ત્રણસોને પચાસ માઇલનું અંતર છે. સિન્ધુના સામ્રાજ્યનાં આ બંને પાટનગરો છે. પશ્ચિમ એશિયાનાં આ પાટનગરો છે. સંસ્કારી જગતનાં આ મહાનગરો છે. હજારો વરસ સુધી આ નગરો દૂરદૂરના સમોવડાં છે. એ નગરો જોવાને આતુર આપણી નૌકા ધસી જાય છે. આંખ મીંચાયને ઉઘડે ત્યાં તો આવી પહોંચશે એ નગરો! કેવાં હશે એ નગરો! ઉપરને ઉપર આગળ વધતી આપણી સમય નૌકા સિન્ધુમૈયાના કેવા અદ્‌ભૂત નગરરૂપ આગળ લાંગરશે?



ધારો કે, પશ્ચિમ એશિયાની સંસ્કૃતિનાં પેલાં પાટનગરો આવી પહોંચ્યાં. સિન્ધુ સામ્રાજ્યનાં પેલાં બે જીવનવહીવટની રાજધાનીઓ આવી પહોંચી. હવે કલ્પના કરો કે સાત હજાર વરસ પર જીવતાં જાગતાં, કલ્લોલતાં, વિહરતાં ફરતાં સંસ્કાર માનવો આપણને કેવાં દેખાત! આ કલ્પના પેલી શોધખોળને આભારી છે. આ કલ્પના પેલા ઓદકામ નીચે જુની યાદની ઐતિહાસિક સ્મૃતિ બનીને ઉભી છે.

અતિપ્રાચીન સંસ્કૃતિની સ્મૃતિ

એ સૌની મીઠી મધુરી યાદ આપણી ધરતીએ સંધરી રાખી હતી તે આજના વિજ્ઞાને અને શોધખોળે આપણી સામે ધરી દીધી છે. એક વાર જીવતા જીવનની એ નાની મોટી છબીઓ આપણા જીવતરનો વારસો બનેલી મુડી છે. આ રહ્યું, મોહેં જો-દડો! હજારો વરસ પહેલાં, આજે ખંડિયેરો છે, તે બધાં મકાનોમાં

માણસો જીવતાં હતાં. વચમાં દેખાય છે તે મોટા રસ્તા પર મોહેંજો-દડોના એ અજ્ઞાત નગરનાં નાગરિકો માટે ઉત્તરના રસ્તા પરથી ઊંટોની વણઝાર માલ સામાન ભરીને ચાલી આવતી હતી. એ રસ્તા પરથી વહેતી વણઝાર ઊંચી નીચી ઝૂલતી ચાલી આવતી દેખાતી હતી ત્યારે ત્યારનાં નાગરિકો આનંદથી સ્મિત કરતાં કહેતાં હતાં, "એ આવે પેલી ઊંટ સરિતા, ઊંચી નીચી ઊછળતી!" અને દક્ષિણના મહાન ઘાટપરથી કોટમાં બંધાયેલી ઘંટડીઓનું મધુર ગીત ગાતી હાથીઓની લંગાર પણ આ તરફ વહેતી હતી. ગરમ અને ભીનાશવાળા પ્રદેશોમાંથી મોહેંજો દડોનાં એ નાગરિકો માટે એ ભાતભાતના માલ સામાન લઈને આવતી હતી.

હજારો વરસપરનું આપણી ધરતીપરનું નાગરિકોનું નગર આજે જીવતું થઈ ગયું છે એમ ધારીને જરાક જુઓ તો નગરની અંદરની હલચલ કેવી મચી છે! સ્ત્રીઓએ અને પુરુષોએ કાપડનાં કપડાં વીંટયાં છે. એમનાં શરીરો પર સોના, ચાંદી અને હાથી દાંતનાં ઘરેણાં શોભે છે. પેલા સૈનિકો કૂચ કરતા ચાલ્યા જાય છે. એમના ખભા પર ફરશીઓ છે. એમના હાથમાં ગદા છે અને ભાલા છે. કેટલાક પાસે તો તીર કામઠાં પણ છે. હજુ એમની પાસે લોઢાની તલવાર નથી આવી. હજુ એમના કારીગરોને લોખંડ ઘડતાં નથી આવડતું! એ બધા સંસ્થાગાર તરફ જાય છે. ત્યાં સંસ્થાગારમાં એમનું વૈરાજ્ય સભા ભરે છે. અહીંનો વેપારી સમાજ, રાજા વિના પોતાની સંસ્થા અથવા સંસદ મારફત રાજ્ય ચલાવે છે. સૈનિકો પણ સભામાં હાજર રહે છે.

મેસોપોટેમિયા અને એબિલોનિયાથી આવેલા વેપારીઓ સાથે કંઈ ચર્ચા કરવાની હશે. ચર્ચા પછી મુદ્દાઓ તરીકે નક્કી થયેલી વાત કરાર બનીને લખાશે. એમને તો લખતાંય આવડે છે. કરાર પર લગાવવાના સિક્કા પણ એમણે તૈયાર કર્યા છે.

પેલાં તો જુઓ! મોહેંજો દડોના અજ્ઞાત નગરનાં એ દીકરા દીકરીઓ છે. આજે વેપારી સમાજમાં એ બેટા બેટીઓને નિશાળે જવાની રજા હશે એટલે એ બધાં સંઘ સ્નાનાગારમાં જલ વિહારે ગયાં હતાં. કેવો ભવ્ય આ સ્નાનાગાર છે! નાહ્યા પછીના પાણીને બહાર કાઢવાની ગટરો પણ અહીં બંધાયેલી છે. નવું પાણી લાવવાની પણ અહીં કરામત થઈ છે.'

હવે આ બધાં ઘેર જાય છે. સંસ્થાગારનું કામકાજ પતાવીને એમના બાપાઓ પણ આવી પહોંચવાના. એમના ઘરની અંદર પકાવેલી રસોઈની વાનગીઓ, માટીનાં સ્વચ્છ સુંદર પકવેલાં વાસણોમાં પીરસાવવાની છે. ખાઈપીને અંદરના ઓરડાઓમાં એ બધાં આરામ કરવાનાં છે.

ત્યારે ખરે બપોરે પણ મોહેંજો દડોના એ અજ્ઞાત નગરના બેડૂતો નગરની બહાર જમીન ખેડે છે. ભરવાડોનાં બાળકો ઢોર ચરાવતાં ગાય છે. એ બધાં મજૂરી કરનારાં માનવો છે. એમને સંસ્થાઓમાં બેસવાનું નથી હોતું, નિશાળમાં ભણવાનું નથી હોતું, પેલાં સંઘ-સ્નાનાગારમાં એ નાહી પણ નથી શકતાં. એમને તો મજુરી કરવાની હોય છે. નગર બહારનાં એ શ્રમ-માનવોનો સમાજ, નગર બહારનાં માટીનાં કોટડાંમાં રહે છે અને વેપારી સમાજની સેવા ચાકરી કરે છે. એવા જીવનરૂપ વાળું સિન્ધુ નાગરિકોનું નગર સમયમાંથી હવે અલોપ થવા માંડે છે! હવે એના પર કાળનાં તોફાન ફરી વળે છે અને એ ધરતીમાં ઢંકાઈ જાય છે! ઈ તિહાસનો ડંકો બજ્યો. વરસો વીતી ગયા પછી આર્યોના ધસારાના આ નગર પર અવાજ સંભળાય છે!

આજે જાણે સંસ્થાગારમાં એકઠાં થયેલાં સિંધુમાનવોના સૌના ચહેરા પર ચિંતા છવાઈ છે. એમના નગર પર આજે ઈ. સ. પૂર્વે પાંચ હજાર વરસ પર ઉત્તરના પ્રદેશો તરફથી આવી પહોંચવાની કાળની આંધીનાં એંધાણ સંભળાવા લાગ્યાં છે. એથી તો સંસ્થાગારમાં આજે એટલે આજથી પાંચ હજાર વરસ પરનો આપણી ધરતી પરનો નાગરિક સમાજ મેસોપોટેમિયા તરફ પોતાનો કંઈ સંદેશો મોકલે છે. પત્ર લખીને પોતાના નગર રાજ્યનો સુંદર સિક્કો એ પર લગાવે છે. મેસોપોટેમિયા, સીરિયા, એબિલોનિયા, વગેરે દેશો સાથે એમનો વેપાર ચાલે છે. પોતાના વેપારી મિત્રસમાજને આ નગર-સમાજ લખતો હોય કે...“કે સમય કપરો બનતો હોય તેમ અમને ખાતરી થઈ ચૂકી છે. અમારા પર કોઈ મહાન આફત ઊતરી આવે તેમ અમને લાગે છે. કદાચ અમે ન પણ હોઇએ...! ઉત્તર તરફથી આર્યોનાં ધાડાં અમારા સિન્ધુનગર પર તૂટી પડવાની કાળની નોબતો અમારા કાનમાં વાગવા માંડી છે.”

આવો છો તો ભલે આવો

કયાં વાગી ઉઠી છે આ કાળની નોબત? સિન્ધુનાં મહાન નગરોની ઉત્તરમાંથી, ઉત્તરપૂર્વમાંથી કાળની કેવી આંધી આવી પહોંચે છે! સૈકાઓથી વહેતી આવે છે, હજારો માઇલ પરથી ઊછળતી આવે છે, કાળની આ આંધી માનવ સમુદાયોની છે. ઝંઝાવાત જેવો આ માનવમહાનદ કયારનોય, કારપીઅન સમુદ્રની પાસેનાં પૂર્વનાં મેદાનો પરથી પર્વતમાળાને ટપી જતો નદીઓને ઓળંગી જતો, જીવનનો વસવાટ શોધતો વહ્યો આવે છે.

આર્યો આવે છે

મધ્ય એશિયામાં, કારપીઅન સમુદ્રના પૂર્વ વિભાગનાં ત્યાં અનંત જેવાં મયદાનો છે. આ મયદાનો મધ્ય એશિયાની વિશાળ ભૂમિ છે. મેદાનોમાં, આ મધ્ય

એશિયાની દુનિયામાં માનવ કુટુંબો વસે છે. આ કુટુંબ એક મોટો માનવ સમુદાય છે. આ સમુદાય અનેક ટોળીઓમાં ફરે છે. આ ટોળીઓનો ધંધો



ગોપવૃત્તિ છે. પશુપાલનનો જીવન વ્યવસાય ધારણ કરીને ફરતારા આ માનવ સમુદાયો આ મયદાનોની વિશાળ દુનિયામાં રખડે છે. આ લોકો પોતાને આર્યો કહે છે. આ માનવ કુટુંબ અથવા આર્યમાનવના સમુદાયો પૂર્વમાં વક્ષુ નદીને કિનારે પહોંચી ગયાં છે આ સરિતાને પકડીને તેમણે તેના મૂળ તરફ ઉતરવા માંડયું છે અને મયદાનો પરથી પર્વતો તરફ આગળ વધવા માંડયું છે. આ સમુદાયો જ ઈરાનના ઉચ્ચ પ્રદેશ તરફ આગળ વધવા માંડ્યા છે. આ સમુદાયોએ, સિન્ધુ તરફ પણ આગળ વધવા માંડયું છે, ત્યારે ઈ. સ. પૂર્વેનો સમય ત્રણ હજાર વરસનો છે. ત્યારે પેલી વિશ્વ સરિતાઓ પરનાં નગરો અને નાગરિકો, આખા જગતમાં એકલાં જ સુધરેલાં છે. આ સંસ્કૃતિઓ પર પેલા સમુદાયો દોડતા આવે છે, આવી પહોંચે છે. આ સમુદાયો એક હજાર વરસથી આગળને આગળ વધ્યા કર્યા છે. હવે તો સિન્ધુમૈયાના કિનારાને અડવા વચ્ચે તેમને થોડાંજ વરસોનાં અંતર આડાં ઉભાં છે. ઈરાનની ઉચ્ચ ભૂમિપર પણ આ સમુદાયોની નજર ઠરી ચૂકી છે. દૂરદૂર વક્ષુ નદીને આરેઆરે આ સમુદાયોની કેટલીક ટોળીઓતો છેક ઉત્તરકુરૂને અડી ચૂકી છે અને હિમાલયની દુનિયામાં વસવા માંડી છે.

એટલેજ ઈતિહાસનો મંત્રી પેલાં સિન્ધુમૈયા પરનાં નગરજનોને જાગતાં રહેવાની ટકોર કરે છે. અત્યારે ઇ. સ. પૂર્વેના ત્રણ હજાર વરસ પરના સમયનાં

એંધાણ ગમગીન બનીને પેલાં ધસ્યા આવતા માનવસમુદાયોનાં ધોડાપૂરની આગાહી આપે છે.

શું લઈને, અને સંસ્કૃતિનો કેવો સાજ ધારણ કરીને આ માનવોનાં ધોડાપૂર ધસ્યાં આવે છે ?

એમની પાસે સંસ્કૃતિને નવાજવાનો કશો સાજ નથી. મધ્યએશિયાનું આ માનવકુટુંબ સૈકાઓથી રખડતું રઝળતું, ઠરીને વસવાનું ઠામ શોધતું અહીં ધસ્યું આવ છે.

આ આર્યમાનવ સમુદાયે આજ સુધી ધોડાઓ પર ધરવખરી ધારણ કરી છે. આર્ય માનવોએ હવે રથ પણ બનાવવા માંડ્યા છે. આ માનવતાએ ચામડાં અને ઝાડની છાલનાં વસ્ત્રો પરિધાન કર્યાં છે. એમનાં આયુધો તિક્ષ્ણ છે અને એમની નજર વેધક છે. ઉછળતાં આયુધો જેવા અશ્વો એમની ઝડપ છે.

એવો આર્ય ઘરસંસાર ધર્યો આવે છે. આ આર્ય કુટુંબને હજુ લખવાની લિપિ પણ નથી આવડતી. આ માનવ સમુદાયનાં ધોડાપૂરનો વ્યવસાય, વટ્ટા કરવાનો જ રહ્યો હોવાથી એમણે કોઈ ઇમારતો કે સ્મારકો પણ નથી ચણ્યાં.

અગ્નિ એમનો દેવ છે. પ્રકાશ એમનો મંત્ર છે. વડવાંઓના આદેશ એમનાં સૂત્રો છે. પર્વતોપર પછડાટ ખાતી વિજળી અને મેઘ એમના ભગવાનની ગર્જનાઓ અને ઝપકારા છે. મુખપાઠ, એમની અહોનિશ વહેતી જીવનઘટનાની વિદ્યાપીઠનો અભ્યાસક્રમ છે.

કારપીઅન સમુદ્રના પૂર્વ પ્રદેશોમાંથી એમનું આવાગમન થાય છે. ઉષા અને નિશાનાં ગીત લલકારતાં, હવે એ આવી પહોંચ્યાં સમજો. એમનાં ધોડાપૂર પારસિક સમુદ્રના પૂર્વ પ્રદેશો પર વક્ષુ નદીનાં મૂળ બનેલી પર્વત ભૂમિપર, સિન્ધુમૈદાને જ્યાં, રાવી, અને ચિનાબ મળે છે અને જ્યાં, જગતની પહેલી નાગરિક સંસ્કૃતિનાં નગરો વિહરે છે ત્યાં એમનો ધસારો આવી પહોંચે છે. ઉછળતાં ધોડાપૂર એકવાર ઉપડ્યાં પછી દેશકાળના ગમે તેવા અંતરાય તેમને શી રીતે રોકી શકે ?

સમીપ પૂર્વ અને સિંધુની સંસ્કૃતિઓએ શું આપ્યું ?

આ બધી સંસ્કૃતિઓએ વિશ્વઇતિહાસના સંસ્કારની રચનામાં આપેલા ફાળાને એક સાથે લઈ શકાય તેમ છે તથા એમ કહી શકાય તેમ છે કે, જગત ઇતિહાસના સંસ્કારનો ઉદ્ભવ આ સંસ્કૃતિઓએ દીધો છે. વિશ્વની સંસ્કૃતિનો સમગ્ર પાયો આ સંસ્કૃતિઓએ નાખ્યો છે.

આ સંસ્કૃતિઓએ ધાતુઓ, કાગળ, કાચ, માટી ઉદ્યોગ, કાપડ, જહાજોની ભેટ, વિશ્વ ઇતિહાસને દીધી. આ સંસ્કૃતિઓએ નહેર કામની યોજનાઓ શીખવી. સરકારી તંત્રોની ઘટનાને ઘડીને તેના વ્યવહારના પદાર્થપાઠ એણે આપ્યા આ સંસ્કૃતિઓએ, માનવવ્યવહારના નિયમન અથવા સંયમન નામના સ્વરૂપનો સંસ્કાર ઘડનારૂં, કાનુન નામનું સ્વરૂપ, જીવનવ્યવહારમાં દાખલ કર્યું, અને લેખિત કાયદાઓ રચ્યા. એણે વાણિજ્ય અને વ્યાપારનો વ્યવહાર, વિશ્વ ઇતિહાસને શિખવ્યો. એણે મિનારાઓવાળાં, કમાનોવાળાં, ઇંટ ચૂનાનાં અને પથ્થરની કરામતવાળાં મકાનો અને ઈમારતો આપ્યાં. આ સંસ્કૃતિઓએ સંસ્કારની ઘટનાનું નગર નામનું એકમ રચ્યું. એણે લેખનકલા, ચિત્રકલા, સાહિત્યકલા, તથા વાદ્યકલા અને ગીતકલા જગતની માનવ જાતના વ્યવહારને દઈને તેનું સુરમ્યરૂપ મઢયું. આ સંસ્કૃતિએ આકાશનો અભ્યાસ દીધો અને કેલેન્ડરની સમયને માપવાની ભેટ માનવજાતની આગેકૂચને એનાયત કરી.

ટુંકમાં જે જે, વ્યવહાર ઘટનાનાં વ્યાપક અને વિકસીત સ્વરૂપો પર જગતની આજસુધીની સંસ્કૃતિ, મરામત અને નૂતન રચના કર્યા કરે છે તે બધી સંસ્કાર વિગતોનો એણે પાયો નાખ્યો.

એણે વિશ્વ ઇતિહાસ નામની માનવજાતની હીલચાલનો આરંભ કર્યો, અને એ સંસ્કૃતિઓ શમી ગઈ.

આ સંસ્કૃતિઓ શમી કેમ ગઈ?


કારણકે સંસ્કૃતિ એટલે માનવજીવન વ્યવહારનું એ રૂપ જીવનને ધારણ કરી રાખનારાં વ્યવહારૂ તત્વોને જાળવી શકયું નહીં. સંસ્કૃતિને ટકાવનારૂં માનવજાતના જીવતરનું અવલ કક્ષાનું એ તત્ત્વ વ્યક્તિ સ્વાતંત્ર્ય નામનું છે.

વ્યક્તિ સ્વાતંત્ર્ય નામના આ તત્ત્વરૂપનો અર્થ, વ્યક્તિને પ્રગતિરૂપ જીવનવિકાસમાં આગળને આગળ વધવાનું સ્વાતંત્ર્ય છે.

આ સ્વાતંત્ર્યનો જેમ જેમ લોપ થતો ગયો તેમ તેમ સંસ્કૃતિની એ અતિ પ્રાચીન જનેતાઓની ઘટનાઓ શમી જવા માંડી. પછીથી તેમની અંદરથી જ નૂતન રૂપ ધરતી, વધારે પ્રગતિશિલ એવી સંસ્કૃતિની કાયાઓ રચાવા માંડવાની હતી.

સીત્તેર નગરોની ક્રીટની સંસ્કૃતિ

સિન્ધુની અને નાઈલ નામની વિશ્વ સરિતાઓની સમોવડી અને સમકાલીન સંસ્કૃતિના જીવતારૂપને જોવા ઇ. સ. પૂર્વેનાં ત્રણ હજાર વરસ પરની સમય સફર કરવી જોઈએ. સમયનો આ ભૂતકાળ વિશ્વ ઇતિહાસની પગદંડી



ને જીવનના ધબકારાના તંતુઓ સાથે નાઇલ નદીની ઉત્તર દિશામાં પૂર્વ ભૂમધ્યની અંદરની દ્વીપમાળના ભૂરા અને ભૂખરા કિનારાઓ પર લઈ જાય છે. આ કિનારો ક્રીટ નામના દ્વીપનો છે. આ દ્વીપના નામવાળી, એજીઅન સમુદ્રના નામવાળી આ દ્વીપમાળમાં ક્રીટ–ક્રોસેસ, ટિરન્સ, મિસેનાઈ અને ટ્રોય નામનો દ્વીપ સમુહ છે.

આ દ્વીપ સમુહમાં ક્રીટ મુખ્ય છે. ક્રીટનું પાટનગર નોસેસ બંદર છે. પથ્થરયુગથી માંડીને, માનવ ઇતિહાસનાં પગલાં આ દ્વીપ પર પડેલાં છે. ઇતિહાસની અખંડ એવી કેડીએ વિકાસના તબક્કાઓ અહીં પસાર કર્યા છે. આજે ઈ. સ. પૂર્વેનો ૨૧૫૦ નો સમય અહીં ચાલે છે ત્યારે ક્રીટનું આ બંદરગાહ જહાજોથી ઉભરાય છે. ત્યારના જગતના બધા પ્રદેશો પર આ જહાજો સફર કરે છે. ટ્રોયથી સિરીયાથી, પેલેસ્ટાઈનથી, ઈજીપ્તનાં બંદરોમાંથી અને સિન્ધુનાં નગરો પરથી અહીં સફરી જહાજો આવે છે અને જાય છે. ઈજીપ્તની ભૂમિએ, બંદરમાં મઢાયલા આ નગરસ્વરૂપની રચના કરવામાં, સૌકાઓના અવરજવર મારફત, ઈજનેરવિદ્યા, શિલ્પશાસ્ત્ર, વગેરે અનેક પાઠો આ જીવનકલાને દીધા છે.

ક્રીટની સંસ્કૃતિનું જીવન સ્વરૂપ

આજથી ત્રણ હજાર વરસ પરની આ સંસ્કૃતિના જીવનરૂપને સાબીત કરનારા, ક્રીટની આસપાસના દ્વીપસમૂહ પરથી નીકળેલા અવશેષોએ જેમ સિન્ધુ નગરોની તેમ ક્રીટનાં સિત્તેર નગરોની સાબીતી આપી છે. ટુંકા અને મધ્યમ બાંધાનો આ લોકસમુદાય આ દ્વીપો પર વસતો હતો. સમવાય તંત્ર જેવી

તેમની દ્વીપરાજ્યની વહીવટી ઘટનાનો વડો, ક્રીટના બંદર નગર અથવા નોસેસ પાટનગરમાં વસતો રાજા હતો. વ્યાપારી જીવન વહીવટનું તંત્ર ચલાવનાર રાજાનો રાજમહાલય આજે અવશેષ રૂપે જડી આવ્યો છે. આ ખંડિયર મહાલય છ એકર પર પથરાયો છે. અનેક વિશાળ ખંડોમાં વહેંચાયલો આ મહાલય, સ્નાનાગારો, આરામખંડો, દિવાનખંડો અને ઠેકારો વાળો છે. આ મહાલયનો મધ્યખંડ રાજસભાગૃહ તરીકે વપરાતો હોય તેવો વિશાળ છે, અને ત્યાં જ સિંહાસન પણ મળી આવ્યું છે. પથ્થરની સીડીઓ પરથી આ મહાલયના ઉપરના માળ પર જઈ શકાતું હશે. આ મહાલયની દિવાલો પરનાં સ્ત્રીપુરુષોનાં ચિત્રો કલામય છે.

આ રાજમહાલય ઉપરાંત અવશેષોએ પૂરવાર કરેલું લોકજીવન સાદાં વસ્ત્રો પહેરનારું, અલંકારો ધારણ કરનારું, લખી વાંચી શકવાની લીપીવાળું, ટુંકી તલવાર અને ભાલાખંજર ધારણ કરનારું, અને તાંબા તથા કાંસાના જીવન વ્યવહારનાં સાધનો બનાવનારું માલમ પડયું છે.

આ સંસ્કૃતિ વેપાર પ્રધાન હતી તથા સોના ચાંદી અને હીરાઓના અલંકારો બનાવતી. વેપારના મુખ્ય ઉદ્યોગવાળી આ પ્રજા દૂર દૂર વેપાર ખેડતી તથા ત્યારના જગતના સંસ્કારો અને આવડતોને શિખી લાવીને પોતાના દ્વીપ જીવનનો સંસ્કાર ખૂબ ચઢિયાતો બની શકી હતી.

સંસ્કૃતિનો અંતઃકાળ

પણ છેવટે આ સંસ્કૃતિનો અંતઃકાળ આવી પહોંચ્યો. આ અંતઃકાળનો સમય ઈ. સ. પૂર્વે બે હજાર વરસ પર શરૂ થયો. ઉત્તર તરફની દિશામાંથી આ સંસ્કૃતિ પર આક્રમણ કરનારો કાફલો આ સમયમાં દેખાયો. સંસ્કૃતિનો વિનાશ કરનારો, આ ભૂખ્યાં માનવોનો ઝનૂની ધસારો સંસ્કૃતિની દ્વીપમાળ તરફ આવ્યા કર્યો. સંસ્કૃતિનાં સિત્તેર નગરો આ ધસારા સામે ઝઝૂમ્યાં પણ દરેક ધસારાએ આ દ્વીપમાળ પરનો પ્રકાશ બૂઝાવ્યા કર્યો અને સંસ્કૃતિની તારાજી કર્યા કરી. સંસ્કૃતિ અસહાય બની. આ દ્વીપો પરનું જીવન એકલું અટુલું દેખાયું. નોસસ બંદરગાહ અને નાગરિકોનાં ભવનો સળગવા લાગ્યાં અને ક્રીટ પરનું શાસન પણ પતન પામ્યું. રાજમહેલને આગ લાગી. સળગતાં નગરો સળગતાં સળગતાં મોત સામે ઝઝૂમવા લાગ્યાં. છસોછસો વરસ સુધી સંસ્કૃતિનું શરીર મોત પામવાનો ઇન્કાર કરતું સળગ્યા કર્યું. છેવટે ઈ. સ. પૂર્વે ૧૪૦૦ માં આ ટાપુઓ પર વિધાતક ધસારો આવ્યો અને સંસ્કૃતિ શમી ગઈ. ક્રીટ દ્વીપો પર સંસ્કૃતિના ભંગાર વેરાયલા પડયા. ક્રીટ પરની સંસ્કૃતિની એકવાર જીવનથી ધબકતી સંસ્કાર કાયા પોતાના અવશેષો બળવી રાખીને ધરતીનું ભારણ બની.

સંસ્કૃતિનું કદિ મરણ હોતું નથી

સંસ્કૃતિનું અસ્તિત્વ જડ નથી હોતું પણ ચેતનમય હોય છે. એટલે ક્રીટની દ્વીપમાળ પર કાયા ધારણ કરેલું આ શરીર યુરોપની ભૂમિ પર પથરાયા કર્યું હતું. ઇજીપ્ત અને બીજા દેશોની સંસ્કૃતિ જેવી રીતે આ દ્વીપમાળ પર પોતાની ચેતનાનાં રૂપો સરજતી હતી તે જ રીતે સંસ્કૃતિની આ સગવટ પૂર્વ પશ્ચિમનો સેતુ બનીને, વ્યાપક બન્યા કરી હતી. ક્રીટે પોતાના વ્યાપક રૂપને આરગોસના મેદાન પર દેખતા એક પથ્થરના કિલ્લા પરથી પણ ફરકાવ્યું હતું આ સંસ્કાર મથકનું નામ મીસીન હતું. ક્રીટની સંસ્કૃતિમાંથી સરજાયલાં એવાં જ સ્વરૂપો, લારીસા અને ટીરીન્સમાં પણ હજુ જળહળતાં હતાં. જ્યારે ક્રીટ પરના નોસસ બંદરગાહ પરથી સંસ્કારના બધા દીવા બુઝાઇ ગયા ત્યારે પણ આ દીવાઓમાંથી પ્રગટેલી સંસ્કૃતિની જ્યોત, મીસીન સંસ્કૃતિનું નામ ધારણ કરીને તોફાનનો સામનો કરતી હતી. સંસ્કૃતિનું મોત હતું જ નહીં. ગ્રીક ભૂમિ પર આ સંસ્કૃતિની અગ્નિ રાખના તણખાઓ પડતા હતા અને ગ્રીસની ફળદ્રુપતામાંથી નવી દીપ્તી પ્રગટવાનાં નિશાન દેખાતાં હતાં.



ક્રીટન સંસ્કૃતિનું કલારૂપ

[વિરાટ રાષ્ટ્ર બાંધવો-હિંદ અને ચીન—અચલાયતન જેવો જગત રાષ્ટ્ર, ચીન,—વિશ્વ ઇતિહાસનો અમર સાક્ષી ચીન—ચીને પોતાનો ઇતિહાસ ઘડ્યો—શાહેનશાહતનું રજવાડી રૂપ—ઇ. સ. પૂર્વેનો સાતમો સૈકો—તથાગતનું સ્વાગત કરનારી ચીનની ભૂમિકા-કનફ્યુશીયસની વાસ્તવદર્શી જીવન દૃષ્ટિ—ચીની રાષ્ટ્રનો પ્રથમ ચક્રવર્તિ—વિરાટ દર્શનનું શ્રમરૂપ, ચીની દિવાલ-ચીની સંસ્કૃતિનાં યશસ્વી શાસન સ્વરૂપો-સંસ્કૃતિનું સૌંદર્યરૂપ-તાર્તાર આક્રમણને ગળી જનારો ચીનનો હાન—ચીન ભારતનો સંસ્કાર સંપર્ક—સાતમા સૈકાના સંસ્કાર અતિથિઓ—ચીનની સંસ્કૃતિની સ્વસંતુષ્ટતા]

વિરાટ રાષ્ટ્રબાંધવો હિંદ અને ચીન

સિન્ધુ નદી પરથી નામ પામેલો હિન્દ દેશ એના ચિરંતન સાથીદાર ચીનનો સમોવડો હતો તે હકીકત સિન્ધુ નગરોએ સાબીત કરી. સિન્ધુ નગરોની આ સંસ્કૃતિ એકલી એકાંતમાં સ્વસંકુચિત રીતે નહોતી વિકાસ પામી પણ ત્યારના જગતના સાથમાં વિકસી હતી. આખરે દક્ષિણ-પૂર્વનો એશિયાખંડ, હિંદ અને ચીનનો સથવારો પામીને વિકસતો હતો. આ પ્રદેશો હિંદી-ચીનના, મલાયાના અને હિંદેશિયાના તથા બ્રહ્મદેશના પ્રદેશો હતા. આ ઉપરાંત સિન્ધુ નગરોની સમકાલીન સંસ્કૃતિઓ ઇજીપ્ત અને મેસોપોટેમયાની હતી તથા સિન્ધુનગરો સાથે જીવનવહીવટના સંબંધથી સંકળાયેલી હતી.



હિંદ-ચીન અને મેસોપોટેમિયાની વચ્ચેના ઉચ્ચ પ્રદેશ જેમાં જગતનું છાપરું બનેલી પામીર પર્વતમાળની નીચે, મોહેન-જો-ડેરોનો વિનાશ કરનારા

અને એ સંસ્કૃતિનો ખોળો ખૂંદીને આર્ય જીવતરની રેખાઓ વડે વિશ્વ-ઇતિહાસમાં પોતાનાં પ્રકરણો લખવા માંડનારા આર્ય લોકોના સમુદાયો, વસવા માંડ્યા હતા. પામીર પર્વતમાળની નીચેના આ પ્રદેશો અફઘાનિસ્તાન અને પરશિયાના હતા. જગતનું છાપરૂં બનેલી આ પામીર પર્વતમાળની નીચે જ અરબી સમુદ્રનું માથું અડતું હતું. આ બધાને પેલેપાર પશ્ચિમ તરફ મેસોપોટેમિયા, અરબસ્તાન અને એશિયામાઈનોરના પ્રદેશો આવેલા હતા તથા એશિયા ખંડની દક્ષિણ-પશ્ચિમની હરોળ, એ પ્રદેશો બનતા હતા. આ પ્રદેશો પર સેમીટીક નામે જાણીતા બનેલા માનવસમુદાયો વસતા હતા. આ સેમીટીક લોકો, યહૂદીઓ, ફીનીશીયનો અને આરબો હતા.

એવો અર્ધચંદ્રાકાર યુફ્રેટીસ તૈગ્રીસનો હતો. ત્યાં ત્રણ માનવસમુદાયો સંપર્ક પામતા હતા. આ ત્રણ સમુદાયો, મોંગોલીયન, આર્યન અને સેમીટીક હતા. આ ત્રણ માનવસમુદાયો ત્રણ માનવ કુટુંબો હતાં. આ ત્રણ માનવ મહાકુટુંબોના પિતામહ જેવા મહાન સાંધવ રાષ્ટ્રો હિંદ-અને ચીન હતા.

અચલાયતન જેવું જગત-રાષ્ટ્ર-ચીન

આ જગત જેવો વિશાળ અને નહીં માપી શકાય તેવો વ્યાપક અને દેખી ન શકાય તેવી સીમાઓની અનંતતા વાળો રાષ્ટ્ર એશિયાના ઉચ્ચ પ્રદેશના પૂર્વીય વિભાગથી પોતાની પવિત્ર પર્વતમાળનો (ટીન-શાન) દેહ ધારણ કરે છે અને પ્રશાન્ત મહાસાગરના સરહદી સમુદ્રો સુધી પહોંચે છે. એનો આખો રાષ્ટ્ર વિસ્તાર યુરોપખંડ કરતાં મોટો છે. ઉંચી પર્વતમાળની તથા ઉત્પાદનના ઢગલા નિપજાવતી મેદાન જેવી સપાટીની એની કાયાપરથી વાંગ-હો અને વાંગ સીકયાંગ જેવી મહાનદીઓ અનેક નહેરોને આકાર આપતી વહી જાય છે. ચીનની પશ્ચિમ તરફ પર્વતમાળનો ઉન્નત દેહ ઉત્તર-પૂર્વ અને દક્ષિણપૂર્વ તરફ બે મોટા હાથ લંબાવે છે. એની રાષ્ટ્ર ભૂગોળ અઢાર પ્રાંતોમાં અને તે ઉપરાંત મંચુરીયા, મોંગોલિયા ચીનીતુર્કસ્તાન અને તિબેટના પ્રદેશોની બનેલી છે. એનું મધ્યનું મેદાન સમુદ્ર તરફ અંત પામે છે અને ત્રણ બાજુએ પર્વતમાળથી ઢંકાઈ જાય છે, તથા બહારના જગતને એક તરફથી મના ફરમાવતી જગતભરમાં અજોડ એવી ચીની દિવાલ કહે છે, "અંદર આવવાની મના છે."

બહારના જગતને અંદર આવવાની મના ફરમાવતું આ અતિપ્રાચીન રાષ્ટ્રજગત, પોતાની ધરતીની પેદાશનાં, ફળફૂલ, ધનધાન્ય, ધાતુઓ અને રેશમ, અને જીવન સુખાકારીનાં સાધનો તથા કલા અને સંગીતની સુરમ્યતાની વિપુ-

લતા સરજીને ઇતિહાસના આરંભ પહેલાંથી, સમયની અનંતતાનું ઐક્ય બનીને બેઠું હતું. જગત જેટલા વિશાળ એવા આ રાષ્ટ્રનું કલેવર, દેશ અને કાળમાં અચલાયતન હોય તેમ સૈકાઓને પોતાની અંદર શમાવી લેતું હતું અને જાણે કશું જ ચલિત નથી કે બદલાતું નથી એવો આભાસ ઉપજાવતું હતું. આ રાષ્ટ્ર પરની મોંગોલ નામની મહાપ્રજ્ઞ એવા અચલાયતન રૂપને ધારણ કરીને જાણે સૈકાઓ સુધી બદલાતી જ નહોતી. બહારના જગત સાથેનાં માનવ શરીરો અને મન સાથેના સંપર્ક વિનાની આ પ્રજ્ઞ એવું ને એવું એક ધારૂં માનવરૂપ ધારણ કરી રાખતી હતી. જેવું ખગોળનું રૂપ પરિવર્તન પામતું ન હોય તેવું દેખાતું હતું, જેવું ધરતીનું રૂપ બદલાતું ન હોય તેવું ઋતુઓના ચાકડા પર ફર્યા કરતું હતું, તેવુંજ આ માનવરૂપ સમાજના સ્થાપિત નિયમોની ચૂસ્ત રૂઢિઓ પર ચોંટી જઇને, એ રૂઢિઓને કુદરતના કાનુન જેવી અફર માનીને, રેશમ ઓઢીને, પૂર્વજોનો પાલવ ઝાલીને, ગતાનુ ગતિક બનીને વહ્યા કરતું હતું. આ સ્વરૂપનો ધર્મ અહીં અચલાયતન નામનો હતો અને સંચલનનું પરિવર્તન પાપ મનાતું હતું. આ સ્વરૂપનો રાજ વહીવટ પણ પરિવર્તનની મના કરતો હતો. એવી ખગોળ જેવી અને કુદરત જેવી વિરાટ ગતિવાળો આ જગત–જેવો જંગી રાષ્ટ્ર, ન દેખાતી છતાં ગતિ કરતો હતો એટલે ગતિમાંથી પ્રગતિને જનમ્યા વિના છૂટકો જ હતો નહીં.

વિશ્વ ઇતિહાસનો અમર સાક્ષી–ચીન

ઇતિહાસથી ય પ્રાચીન એવા ચીને ઇતિહાસના તખ્તા પર ગ્રીસનો જન્મ તથા તેની ચઢતી અને પડતીને દેખી છે. એણે બેબિલોનિયા અને એસિરિયાના સામ્રાજ્યનો ઉદય અને અસ્ત દેખ્યાં છે. પર્શિયાનું પર્સીપોલિસ તથા એથેન્સ, રોમ અને વેનિસ જેવાં મહાનગરોના જન્મ અને વિકાસ એણે સૈકાઓ સુધી અવલોકયાં છે. યુરોપનામના આખા ખંડ પર જંગલના અંધકાર પછી આરતે આરતે આવતો પ્રકાશનો પગરવ તથા એ આખાય ખંડની જીવન હીલચાલ એણે નિહાળી છે. પૃથ્વી પરના માનવજાતના ઇતિહાસમાં લાખો વર્ષ પરના આદિમાનવને પેકીંગ માનવ તરીકે જન્માવીને માનવ જાતની જિંદગીનો ઇતિહાસ જેવો આ ચિરંતન દેશ આજે પણ ઉત્થાનની ફાળ ભરવા માંડ્યો છે. એશિયા ખંડમાં જો આપણે રશિયાનો સમાવેશ કરી દઇએ તો (જેનો સમાવેશ મહાન પીટરના સામ્રાજ્ય સુધી એશિયામાં જ હતો અને આજે પણ જીવન-વ્યવહારની દૃષ્ટિએ થઈ જવાનો સંભવ છે.) આખો યુરોપખંડ એશિયાની કિનારી ઉપર જુદી ઉગેલી નાની સરખી ભેખડ જેવો દેખાય અને એશિયાખંડ મોટું

વિરાટરૂપ ધારણ કરે. આ વિરાટ ખંડમાં વિરાટ જેવો ચીન દેશ આખા યુરોપ ખંડ જેટલી વસતીવાળો અને યુરોપ જેટલો વિશાળ હોવાથી સૌથી મોટો દેશ દેખાય છે. આ દેશ ની આસપાસ વિશાળ એવા સમુદ્રો છે અને જગતના સૌથી મોટા પર્વતો છે અને સૌથી મોટાં રણો છે. એટલે બહારના જગતની પરવા વિના અને સંપર્ક વિના એણે સૈકાઓ સુધી પોતાની સંસ્કૃતિ વિકસાવ્યા કરી. એણે સૈકાઓ સુધી એ સંસ્કૃતિનું અચલાયતન રૂપ ધારણ કરીને જીવનનું ચીની જગત બનાવવા માંડ્યું. આ જગતને એણે ચીની સંસ્કૃતિના આરંભ માટે અતિ પ્રાચિન સમયમાં પશુઓ અને જંગલોને પોતાની ધરતી પરથી પાછાં હટાવ્યાં. હજારો માઈલ પર સંસ્કૃતિના વસવાટ માટે એણે સાફ સુફી કર્યા કરી. પછી સંસ્કૃતિના વિકાસ માટે. તેના વિરાટ માનવસમુદાયે ભયાનક એવાં નદીઓના પૂર સામે, દુકાળો સામે અને રોગચાળાઓ સામે જીવન મરણનાં, સતત યુદ્ધો કર્યાં કર્યાં છે. એણે પોતાની ધરતી પર લાખો ઝુંપડાઓ અને ઘરબારો, લાખો શાળાઓ અને દેવળો તથા ગામડાંઓ અને નગરો બાંધ્યાં કર્યાં છે. સૈકાઓનો ચિરંતન માનવ એવો ચીની માનવ સૈકાઓ સુધીના શ્રમ વડે બાંધેલી સંસ્કૃતિની વિરાટ રચનાનો આજે પણ અમર સાક્ષી બનીને ઉભેલો છે, તથા આવી વિરાટ રચનાનો નાશ થવો અસંભવ છે, એવા વિશ્વાસની નીતિમત્તાનો એ આજે વાહક બન્યો છે.

ચીને પોતાનો ઇતિહાસ ઘડ્યો

ઇતિહાસમાં કોઈ ને ખબર નથી કે ચીનાઓ કયાંથી આવ્યા. ઇતિહાસની શોધખોળે ચીન માટે એવો અભિપ્રાય આપ્યો છે કે ઈ. સ. પૂ. ૨૦૦૦૦ વર્ષ પર મોંગોલિયા પર મનુષ્યોના મોટી વસ્તી હતી. આ વસ્તી, પછી ધીમે ધીમે ચીનમાં અને સાઇબિરિયામાં પથરાવા માંડી તથા મોંગોલિયાનો પ્રદેશ સુકાઈ ગયો અને ગોબીનું રણ બન્યું. પછી તો સંસ્કૃતિના અનેક સૈકાઓ વહી ગયા. આ સૈકાઓનો ઇતિહાસ ઈ. સ. પૂ. ૩૦૦૦ વર્ષથી લખાવા માંડ્યો. એ ઇતિહાસમાં આદિકાળ માટે એમ લખાયું કે ચીનની ધરતીનો આકાર ઈ. સ. પૂ. ૨૨૨૯૦૦૦ વર્ષ ઉપર શરૂ થયો. ચીનરાષ્ટ્રનો ઇતિહાસનો આવો લેખ લખતાં પહેલાં જ, એ ઇતિહાસનું લોક પરિબળ ચીની સરિતાઓ પર વસવાટ કરવા માંડ્યું હતું.

પાણીના પ્રવાહોના આરે આરે એણે ત્રણ હજાર વરસથી ઇતિહાસ આલેખવા માંડ્યો હતો. એ ઇતિહાસનો આરંભ કહે છે કે ચિનાઈ મનુ પાનકુ, ચીનનો પહેલો પુરુષ હતો. કેવો મોટો એ પુરુષ હશે ? ચીની નજરમાં એ પ્રચંડ દેખાયો ને ચીની જબાને એ પુરુષને તરંગમાં ગાયો કે એના

શ્વાસના પવન ફૂંકાયા, અવાજમાં મેઘ ગરજ્યા, નાડીઓમાં નદીઓ રેલાઈ, ને એના વાળ જેવી વનસ્પતિઓ લહેરાઈ.....

એવા પુરુષ અને એવી સ્ત્રીને ચિનાઈ જનતા સાંપડી. ચીન પર ચિનાઈ નરનારીના વસવાટ જામ્યા. ચીન પર દૈવી લેખાયલી શહેનશાહતે શાસન સમાલ્યું. ઈ. સ. પૂર્વે ૨૮૫૨ માં રાજા ફુ-સીનું શાસન, ચીની લોકને લગ્ન કરતાં, ગાતાં, લખતાં ને ચિતરતાં શીખવતું હતું. એ અરસામાં ચીન રેશમ વણતું હતું. એ જ તબક્કામાં ચીન હળ ખેડતું હતું ને વૈદું ઘૂંટતું હતું. પછી લોહચુંબક, પછી પૈડાં ચીન પર ફરતાં થયાં અને માટીમાંથી ઈંટ ને ચુનાવાળાં માટીમાંથી ઊગી નીકળ્યાં હોય તેવાં ઘરબાર ચિની જનતા ચણી રહી. ઘરમાંથી મિનારા ઊગ્યા, ને મિનારા પર આકાશી પદાર્થોની ગતિ પર તાક માંડતા ને ગણિત ગણતા ચિનાઈ ચતુરો બેઠા હતા. ગતિ મપાવા માંડી, જમીનની માપણી થઈ, વસ્તુઓનાં વજન શોધાયાં. ચોખામાંથી દારૂ શોધાયો અને ધ્રુજનેર યુએ પર્વતોની આરપાર નીકળે એવો સાર મૂકયો.

પુરાણી શહેનશાહતનું રજવાડી રૂપ

તે સમયે તો ચિનાઈ માટીને ચૂંથતી પડેલી સત્તરસો ઠકરાતો હતી. દરેક ઠાકોરની હકૂમત નીચે ચીની જનતા ખેતીનોશ્રમ કરતી ગુલામ હતી. દરેક ઠકરાતે પોતપોતાની હકૂમત આંતરી હતી, ને ફિલ્લેબંધી બાંધી હતી. પણ પછીથી એ સત્તરસોમાંથી પંચાવન જીવતી રહી. પંચાવનમાં પાવરધી સૌથી મોટી એવી શીની સરકાર હતી. એણે જ સૌથી પહેલાં પોતાની જાતને સીન કે ચીન કહેવડાવી અને શહેનશાહત સ્થાપેલી.

એ સરકારે અદાલતો નીમી, કાયદાઓ ઘડ્યા, દોલત વધારી ને સંપત્તિ જમાવી. એ સત્તાએ સંગીતકારો, વેશ્યાઓ,વિદ્વાનો, વકીલો, અમલદારો, અમીરો, ઉમરાવો અને લશ્કરોને પોતાની આસપાસ જમાવ્યાં. એ જમાવટના જોર નીચે ગુલામ ખેડૂતો નહેરો ખોદતાં હતાં, નગરો બાંધતાં હતાં, જમીનો ખેડતાં હતાં, રેશમ વણતાં હતાં, ધાતુઓ ખોદતાં હતાં તથા મીઠું ખોદતાં હતાં.

ઇ. સ. પૂર્વેનો સાતમો સૈકો

સાત સૈકાઓ સુધી આખી દુનિયામાં મહાન મોટા ફેરફારો થયા ત્યારે, ચીનના ઇતિહાસમાં પણ ફેરફારો શરૂ થવા માંડ્યા. આ સાત સૈકાઓમાં હાન રાજવંશનું પતન થવા માંડ્યું હતું. તથા આ સમયમાં ચીન પર ત્રણ મોટાં રાજ્યો ચાલતાં હતાં. ઈ. સ. ના ચોથા સૈકામાં ઉત્તર ચીન પરની હૂણ

રાજ્યકર્તાઓની હકૂમત સાઇબેરિયા સુધી પથરાતી હતી તથા આ સદીઓ દરમિયાન હૂણ લોકો ચીનાઓ બની જતા હતા. હૂણના આ ચીનીકરણમાંથી સૂઈ રાજવંશ સ્થપાતો હતો અને તેની હકૂમત નીચે દક્ષિણ ચીનનો પ્રદેશ આવી જતો હતો. આ સમયે ચીન પર શિક્ષણનો પ્રચાર વિશાળ બનતો હતો તથા શહેનશાહતના પુસ્તકાલયમાં ૫૪૦૦૦ પુસ્તકો જમા થતાં હતાં. ત્યાર પછી સાતમા સૈકાના ઉદયમાં મહાન ગણાયેલો ટાંગ રાજ્યવંશ શરૂ થયો. આ રાજવંશની ત્રણ સૈકાની જિંદગી દરમિયાન ચીની સંસ્કૃતિમાં ઉદાર મતવાદ ઉમેરાયો તથા વિદ્યાનો વ્યાસંગ વિકાસ પામ્યો. આ દરમ્યાન જ હિંદમાંથી બુદ્ધનો પ્રકાશ ચિન પર પથરાયો. આ સમયને અતિ પ્રાચીન સમય સાથે સરખાવતાં આ સમય નૂતન ચીનનો સમય કહેવાય છે. આ સમયમાં રાજવહીવટે વધારે વ્યવસ્થિત એવું નૂતન સ્વરૂપ ધારણ કર્યું. આ સમયમાં જૂના સાહિત્યના પુનરાવર્તનને બદલે બિલકુલ નવું સાહિત્ય લખાયું. આ સમયમાં ચિત્રકળાએ નવું રૂપ ધારણ કરીને નવાં ચિત્રોના ઢગલા ચિતરવા માંડ્યા. આ સમયમાં ચિંતનની શાળાઓમાં બુદ્ધનું નૂતન ચિંતનશાસ્ત્ર પ્રકાશમાં ઉદ્‌ભવ્યું.

તથાગતનું સ્વાગત કરનારી ચીનની ભૂમિકા

ચીન અને હિંદના વિશાળ એવા જીવનના વહીવટમાં બંને દેશોનાં ચિંતનરૂપ અથવા સિદ્ધાંતોના સ્વરૂપમાં એક મોટો તફાવત રહેલો માલમ પડે છે. એ તફાવત એ છે કે, ભારતીય ચિંતનનું રૂપ પ્રાચીન સમયથી, પદાર્થથી પર અથવા અપરોક્ષ રૂપવાળું 'મેટાફીઝીકલ' સ્વરૂપનું અને સ્વમોક્ષવાળું ધાર્મિક રહ્યા કર્યું. ચીનનું ચિંતનરૂપ ધર્મથી અલગરૂપવાળું તથા માનવ વ્યવહારની નીતિમત્તાના ચિંતનરૂપવાળું બન્યા કર્યું.

હિંદ, ઈરાન, ઇઝરાઇલિ, અને ગ્રીસની જેમ ચીની ઇતિહાસના ઈ. પૂર્વેના સાતમા સૈકાથી સમજણનું સકારણરૂપ વિકસવા માંડ્યું હતું. ચિંતકો અને શિક્ષકો ધર્મના સ્વરૂપની ભેદવાળી આવી અંધદશાને પિછાણવા માંડ્યા હતા. તેમાં નીતિનિયમોના સકારણરૂપ જેવા વહીવટ નીચે સમાજમાં સંભવી શકે તેવા સમાજનાં દીવાસ્વપ્નો આલેખાવા માંડ્યાં હતાં. આવા શિક્ષકો લોકોને પોતા તરફ ખેંચતા હતા અને તેમને જીવન વ્યવહારમાં પલટો લાવવાની જરૂરિયાત સમજાવતા હતા. આવા બળવાખોર શિક્ષકોમાં જાણીતો બનેલો, એક ટેંક-શી હતો, અને તેનો, ચેંગના અધિકારીએ શિરચ્છેદ કરી નાખ્યો હતો.

પણ લાઓ—ઝી નામનો ચિંતક-શિક્ષક, ટેંગ—શીના દાખલા પરથી શાંત રહેવાનું શાણપણ શિખ્યો હતો. ચાઉ શહેનશાહતના વિશાળ પુસ્તકા-

લયનો એ નિયામક હતો. પરન્તુ એને શહેનશાહનો દરબાર જ્યારે સંધરી શકે તેમ નહોતું ત્યારે એણે નિષ્ક્રમણ કર્યું, અને વિદાય લેતા પહેલાં એણે 'ટાઓ અને ટી' નામનો એક મોટો ગ્રંથ લખી નાખ્યો. આ ગ્રંથનું નામ પછી 'ટાઓ—ટી—ચીંગ' અથવા 'જીવન વર્તનનું ગુણરૂપ' એવું પડ્યું. ચીનનો આ મહાન ગ્રંથ ગણાયો તથા જીવન વ્યવહારના, આ ગ્રંથમાં કુદરત અને સંસ્કૃતિના જીવતરનું નિરૂપણ કરવામાં આવ્યું.

ત્યાર પછી ગૌતમબુદ્ધના સમયમાં જ કુંગ—કુ—સી, અથવા કનફ્યુશિયસનો જન્મ લુ, રાજ્યમાં; શાન્ટુંગ ઇલાકામાં, ઈ. સ. પૂર્વે ૫૫૧ માં થયો. આ કુંગ અથવા કનફ્યુશિયસે લાઓને જોયો હતો. એણે ચોની પ્રજાને કહ્યું કે, 'પક્ષીઓ કેવી રીતે ઉડે છે, માછલીઓ કેમ તરે છે અને પ્રાણીઓ કેવી રીતે દોડે છે તે હું જાણું છું. અને હું જાણું છું કે દોડનારાંઓ માટે જાળો બિછાવી રાખેલી હોય છે તથા ઊડનારાં માટે બાણ તાકી રહેલાં હોય છે.'

પછી કનફ્યુશિયસ ઘરબાર વિના તેર વરસ ભટક્યો અને ભટકી રહ્યા પછી એણે કહ્યું કે, 'સદ્‌ગુણ અને સૌંદર્યને ચાહનાર એક પણ આદમી મારા દેખવામાં આવ્યું નથી.'

એ કહેતો હતો કે, 'મોટા પર્વતો ક્ષીણ થઇ જાય છે, મોટી ઇમારતો નાશ પામે છે, અને મોટા ડાહ્યા માણસો કરમાઈ જાય છે.' આવા પરિવર્તનના ખ્યાલ વચ્ચે ઉભેલો, કાંગ—કુ—સી કરમાઇ ન જાય તેવા સદ્‌ગુણનો કલ્પના ભવિષ્યમાં કરવાને બદલે ભૂતકાળમાં આરોપતો હતો અને ચીની પ્રજાને શિખ દેતો કહેતો હતો કે, 'પ્રાચીન કાળમાં બધું સારું હતું કારણકે સરકારી તંત્ર દ્વારા સદ્‌ગુણો આચારમાં ઊતરતા હતા. સરકારી તંત્ર સદ્‌ગુણી હતું કારણકે કુટુંબજીવનો નિયમિત હતાં. કુટુંબજીવનો નિયમિત હતાં, કારણકે લોકજીવન કલ્યાંગરાં હતાં. લોક—આચાર શુદ્ધ હતો કારણ કે તે લોકહૃદયની શુદ્ધિ કરતો હતો. તેમનાં હૃદય શુદ્ધ થતાં હતાં કારણકે તેમના વિચારો સદ્‌હૃદય હતા. સાનું કારણ એ હતું કે એમનું જ્ઞાન વિશાળ હતું, અને તેમના જ્ઞાનની વિશાળતા વસ્તુઓની સમજણ અને શોધ પર હતી.'

કનફ્યુશિયસની વાસ્તવદર્શી જીવન દ્રષ્ટિ

ઈ. સ. પૂર્વે પાંચસો વરસ પર કાંગ—કુ—સી (કનફ્યુશિયસ) આ ચીની રાષ્ટ્રનો જીવન વહીવટી કાનુન ઘડતો હતો. આ મહાનુભાવની સ્થિતિ ચૂસ્ત-

તામાં, જીવનવ્યવહારનું એક મહામૂલ્ય હતું. એની વિચારણા આ મહામૂલ્યના વિચારપાયા પર બંધાઈ હતી. જીવનવ્યવહારનો આ ચિંતક, પોતાના ચિંતનના પાયાને જે મૂલ્યપર રચતો હતો તે મૂલ્ય એ હતું કે, માનવમાત્ર સ્વભાવગત રીતે જ સદ્‌ગુણી અથવા સદાચારી છે. મનુષ્યના આ સ્વભાવના લક્ષણને વ્યવહારૂ બનાવવા માટે તેને શુભ-શિક્ષણ અને શુભ સંજોગ આપવો જોઇએ. આ ચિંતન મૂલ્યનો શુભ વ્યવહાર ઘડવા માટે એણે ભૂતકાળ તરફ અને તે સમયની સમાજ ઘટનાના શાસક આગેવાનો, અને રાજાઓના સ્તુત્ય એવા દાખલાઓ તરફ મોઢું ફેરવ્યું અને વર્તમાનનો પરિવર્તન પર ગોઠવવાને બદલે તેને ભૂતકાળમાં ગોંધી રાખીને, ભાવિ તરફની મનુષ્યની પ્રગતિશિલ રૂપાંતરતાને એણે રૂંધી રાખી.



આવા કનફ્યુશિયસનું જીવતર ચીનીપ્રજામાં ઓતપ્રોત બની ગયું તથા જીવનની વાસ્તવતાવાળું બન્યું. જન્મવેળાએ એના આપની ઉંમર સિત્તેર વરસની હતી. બાળપણમાં જ બાપ વિનાનો બનીને એણે એની વૃદ્ધ માતાનું પોષણ કરવા શિક્ષકની નોકરી લીધી. એ ઓગણીસ વરસની ઉંમરે પરણ્યો પણ તેવીસ વરસની વયે છુટાછેડા લઈ ને જીવનભર લોક–શિક્ષણના વ્યવહારમાં મચી પડ્યો. પોતાના ઘરને એણે આખા સમયની શાળા બનાવી દીધું. ગ્રીસના સોક્રેટીસ જેવો, આ મહાનશિક્ષક ચીનને રસ્તે રસ્તે, અને ચૌટે ચકલે લોકોને ઇતિહાસ, કવિતા, સંગીત અને જીવનવ્યવહારનો સંસ્કાર શિખવવા માંડ્યો, તથા જીવનરૂપની વાસ્તવતા ઘડવા લાગ્યો.

ચીની ચિંતાશ્રેણીએ પાછલી ઉંમરમાં દોરેલી એની છબીમાં ચીનના આ મહાન શિક્ષકને, તાલ પડી ગયેલા માથાવાળો, સૈકાઓના ભારથી નમી ગએલી

કેડવાળો, અતિગંભીર એવી મુખમુદ્રાવાળો તથા બુદ્ધિની તિવ્રતાભરી નજરવાળો, લાંબા હાથવાળો, તથા નવ ફીટ અને છ ઈંચની ઉંચાઈવાળો અને નમનતા-ઈના વિનયરૂપની પ્રતિભાવાળો ચિતર્યો છે. જીવન વડીવટને સુધારવા માટે કોઈ ચિંતક શાસક મળી જાય તો, જેમાં શાસક ચિંતક હોય, અને ચિંતક શાસક હોય તેવું સંસ્કૃતિનું શાસન આ પૃથ્વી પર ઉતારવાની ગ્રીસના ચિંતક પ્લેટોની જેમ એને પણ ઈચ્છા હતી. ચુંગ–ટુ નગરનો એને નગર ન્યાયાધીશ બનાવવામાં આવ્યો ત્યારે એણે પેલી ઈચ્છાનો અલ્પ પ્રયોગ કરવાનો આરંભ કર્યો.

પણ ત્યાં તો, ઝી–લુ તરફથી એને કહેણ આવ્યું કે "આપ રાજીનામું દઈ ને ચાલતા થઈ જાવ." પછી કનફ્યુશિયસ તેર વરસો સુધી જીવનવ્યવહારમાં સદગુણને ઢૂંઢતો ચીની ધરતીને સુંઘતો શ્રમણ જેવો ફર્યા કર્યો. આ રઝળપાટમાં અનેક યાતનાઓ, ભયો અને ભૂખમરાના અનુભવો સેવતો આ મહાનુભાવ જીવનવ્યવહારના અનુભવના મૂલ્યની નોંધ કરતો હતો કે, "જ્યાં સૌંદર્ય અથવા એકતાનતા અથવા સહચારૈક્ય છે ત્યાંજ સદગુણ સંભવી શકે છે. એવો ચીની ધરતી પર નિપજેલો આ શિક્ષક, પ્રબુધ બનીને પોતાના સાથીઓના સંઘ સાથે બેતેર વરસની વય સુધી જીવ્યો, અને મરતાં મરતાં એણે મી–કુંગ નામના પોતાના એક વિદ્યાર્થીને કહ્યું, "આપણા આખા ચીન દેશના રાજ્યોમાં કોઈ એક પણ એવો શાસક અથવા રાજા સંભવી શકયો જ નથી જે, મારા જેવાને શાસનનો શિક્ષક બનાવે, અને મારો અંતકાળ તો હવે આવી પહોંચ્યો છે."

ચીનનો આ મહાન શિક્ષક અજ્ઞેયવાદી તરીકે ચીનમાં પંકાયો. એણે ધર્મની માન્યતાઓના બધા સવાલોના જવાબો નકારમાં દીધા કર્યા. જ્યારે ઝી–ઝીએ એને પૂછ્યું કે આપણે પિતૃઓની સેવા શી રીતે કરી શકીએ ત્યારે એણે કહ્યું કે, 'જેઓ પોતાના મનુષ્યબંધુઓની સેવા કરી શકતાં નથી તે પિતૃઓની શું સેવા કરી શકે?' પાછું એને પૂછવામાં આવ્યું કે મરણ વિષે તમારો શો ખ્યાલ છે ત્યારે એણે કહ્યું, 'તમે કે જે જિંદગી વિષે સમજતા નથી, તે મરણ વિષે શું સમજી શકવાનાં હતાં!' જીવનવ્યવહારનું સત્ય શોધતો આ મહાન શિક્ષક જીવન સહચારની એકતાનતા અને એકતાના મૂલ્યને સર્વોપરિ ગણાવતો થમી જતો હતો.

પણ જીવનવ્યવહારમાં નીતિનું નિયમન ઘડીને, ચીની લોકજીવનમાં ધર્મની અંધ માન્યતાઓને બદલે વ્યવહારની શુદ્ધિનું ભાન રચીને જતા રહેલા કનફ્યુશિયસના ચીન દેશમાં હિંદમાંથી તથાગતની અસર આવી પહોંચી અને વધારે સારો આવકાર પામી.

પછી સૈકાઓ વીતતા ગયા તેમ જીવનની શિસ્તના આ નીતિ નિયમો રૂઢ બનીને જામી જવા લાગ્યા. સ્થિતિચુસ્ત બનતી આ જમાવટ આસ્તે આસ્તે ચીની વિરાટનો અચલાયતન આકાર ધારણ કરવા માંડીને પ્રગતિશિલતાને રોકવા માંડી.

એકતાનતાના અથવા સહચારના ઐક્યના કાનુનને રોજના જીવનના શિસ્ત તરીકે દઈ જનાર કનફ્યુશિયસના ગયા પછી, ચીની રાષ્ટ્રની એકતા ઘડનારનું નામ શી–હુઆંગ–ટી હતું.


ચીની રાષ્ટ્રનો પ્રથમ ચક્રવર્તિ

ચીની રાષ્ટ્ર પર પહેલીવારની શાસનએકતા યોજનાર શી–હુઆંગ–ટી, સીન, નામના એક પશ્ચિમના રાજ્યની રાણીનો ગેરકાયદેસર બાળક હતો. શી–હુઆંગ–ટીએ પોતાના બાપાને આપઘાત કરવાની ફરજ પાડીને, તથા માતાને કેદ કરીને શાસન ધારણ કર્યું અને પચ્ચીસ વરસની ઉંમરે આખા ચીનને જીતીને તેને એક બનાવવાની કાર્યવાહી શરુ કરી. એણે ઈ. સ. પૂર્વે ૨૩૦ માં હાન પર કબજો કર્યો, ૨૨૮ માં ચાઓ, જીતી લીધું, ૨૨૩ માં વી, પર વિજય કર્યો, ૨૨૨ માં ચુ, એની હકુમત નીચે આવી ગયો અને એણે ૨૨૧માં યેન પર કબજો કર્યો.

ઈતિહાસમાં પહેલીવાર ચીનદેશ એકશાસન નીચે આવ્યો. આ વિજેતાએ શીહ–હુઆંગ–ટીનું નામ ધારણ કરીને નૂતન રાજ્યખંધારણ ઘડ્યું. એણે ચીન પર એક શાસનતું નવું રાજસિંહાસન ઘડ્યું.

વિરાટ દર્શનનું શ્રમરૂપ–ચીની દીવાલ

હવે કનફ્યુશિયસ મરણ પામી ચૂક્યો હતો પણ આખા ચીન માટે મોટેરાંઓ તથા માલિકો તરફની આજ્ઞાધારકતાનો પાઠ ઘેર ઘેર વંચાતો હતો.



એણે રાજાઓ અને માલિકોને પણ કહ્યું હતું કે તમારે પ્રજાના વાલીઓ બનવું, નહિ તો જેમ મહાન પર્વતો પણ ધસાઈ જાય છે તેમ...

પણ એ છેલ્લું વાક્ય સાંભળવાનો, તોફાનનો ધક્કો હોય એવો સીનનો જુવાન રાજા શી-હુઆંગ-ટી ઇન્કાર, કરતો હતો. એની તો એક જ નેમ હતી. એ નેમ આખાય ચીનના ચક્રવર્તી બનવાની, અને કદિ ન ભૂસાઈ જાય તેવું ચીન દેશ પર પોતાનું એક ચકી શાસન કરવાની હતી.

શી-હુઆંગ-ટી પોતાનું આખું માથું એ એક જ ખ્યાલથી ઊભરાતું રાખીને દરબાર ભરીને બેઠો હતો. એના ગોઠણ પર લાંબી ને પહોળી તરવાર નાગી પડી હતી. એની સામે એક પણ અવાજ ઉઠાવનાર દેહાંત પામતું હતું. એનું નામ તો હતું શેંગ, પણ એણે હવે પોતાને શી-હુઆંગ-ટી કહેવડાવવા માંડ્યું હતું. એના દરબારના એક ખંડમાં એણે તેલની ઊકળતી કઢા હંમેશા તૈયાર રાખી હતી. એની સામેનો કોઈપણ અપરાધ, કોઈને પણ એમાં તળી નાખવા પૂરતો ગણાતો.

એના ભર્યા દરબારમાં એક વૃદ્ધ બેડુત એની સામે એકવાર ઊભો થયો અને અદબથી બોલ્યો : 'મારે આપ નામદારને કંઈ કહેવું છે.'

'ભલે બોલો.'

આખો દરબાર શ્વાસ થંભાવીને સાંભળી રહ્યો.

એ નમન કરીને બોલ્યો : 'આપ નામદારનો સ્વભાવ ક્રૂર છે. આપ નામદારનું વર્તન તોફાની અને સ્વચ્છંદી છે. આપ નામદારે આપની માતાને પણ દેશવટે કાઢી છે અને ડાહ્યાઓની શિખામણને ઠોકરે દીધી છે. મને બીક છે કે તમારો અને તમારા વંશનો નાશ થશે.'

પછી એ વૃદ્ધ પેલા ઊકળતા ચરુવાળા ખંડ તરફ ચાલ્યો અને બોલ્યો: 'આપના ગુલામોએ મને ચરુમાં નાખી દેવાની જરૂર નથી. હું આપ મેળે તેમાં પડવા જાઉં છું. મારા અપરાધની શિક્ષાની મને ખબર છે.'

એક ભયાનક શાંતિ એક પળવાર પથરાઈ ગઈ. એ શાંતિને તોડતો શી-હુઆંગ-ટી છલંગ દઈને પેલા વૃદ્ધ પાસે પહોંચ્યો અને બંને હાથે એ વૃદ્ધને પોતાના તાજ પાસે દોરી લાવતો જાહેરાત કરી રહ્યો : 'આજથી આ વૃદ્ધ મારો વડો પ્રધાન છે. મને સાચી વાત કરનાર એક પણ પ્રધાન ન હોય તો આખો ચીન એક શાસન નીચે આવે કેવી રીતે?'

પછી શી–હુઆંગ–ટીનાં લશ્કરો ચીન પર તમામ રજવાડાંને નમાવતાં અને સંહારતાં ફરી વળ્યાં. શી–હુઆંગ પછી એકવાર ચીનનો ચક્રવર્તી બનીને પોતાના સરદારને કહેતો હતો :

'આખા ચીનને એક શાસન નીચે લાવવાની લડાઇઓમાં બધા મળીને કેટલા પંદર લાખનો જ મેં સંહાર કર્યો છે, પણ 'દેખો મારી શહેનશાહત... મારું હુઆંગ–ટી (મહાન શહેનશાહ) નામ આજે સાચું બન્યું.' પછી એની કલ્પના લંબાઇ. એ બોલી રહ્યો : 'આખા ચીનનો પહેલો મહાન શહેનશાહ હું પોતે, પછી મારો દીકરો બીજો મહાન શહેનશાહ, અને તેનો દીકરો ત્રીજો મહાન શહેનશાહ, એમ ગણિતના અંત સુધી મારો વંશવેલો!.....

'ના, નામદાર,' પાછો પેલો વૃદ્ધ ઊભો થયો, 'ચીન પર જે જબરો જાલિમ નીવડશે તે આખા ચીનને આપની જેમ...'

પણ આ વેળા એ વૃદ્ધ પોતાની વાત પૂરી કરે તે પહેલાં એના પર દેહાંતદંડનો અમલ થયો.

ત્યારે એ પહેલા મહાન શહેનશાહના કાન પર ખબર પહોંચવા માંડ્યા હતા કે ઉત્તરની દિશામાંથી ભયાનક તાર્તર ઘોડેસવારો આપણા ચીન પર ઊતરી પડીને લૂંટ અને સંહાર મચાવે છે.

તાર્તરોને હાંકી કાઢીને પાછો આવેલો સરદાર પછી શહેનશાહને કહેતો હતો : 'એ તાર્તરલોકના ઘોડાઓને થંભાવી રાખવા અઘરા છે.'

'કેમ!'

'કારણકે તે, જેવી પવનની લહેર અને પાણીની હલક આવે, તેવા આવી ચઢે છે અને આપણે તેમનો સંહાર કરીએ તે પહેલાં પાછા ભાગી જાય છે: પણ પાછા પવનની લહેર જેવા અને પાણીની હલક જેવા આ સમુદાયો આવી ચઢે છે, એ આવ્યા જ કરવાના!'

'તો એક એવી પહોળી દીવાલ.....એક એવી શિલાઓની ઘડેલી પહોળી દિવાલ રચવી જોઇએ કે જેના પર એકી સાથે એકવીસ ઘોડેસવાર દોડી શકે અને જે જગતભરમાં ભયાનક રીતે અનોડ બનીને ચીનની ઉત્તરમાં પડેલા અજગર જેવી...અનેક યોજનો પર લંબાયેલી...!"

'પણ નામદાર!' શહેનશાહની આગળ દોડતી કલ્પનાની વચમાં પેલો સરદાર બોલી ઊઠ્યો, 'આપણી ઉત્તરની સરહદ તો ઘણી લાંબી છે.'

'કેટલીક?'

'પંદરસો માઇલ જેટલી.'

વિકરાળ હસતો શી ધૂરકી ઊઠ્યો : 'એ તે ઘણી લાંબી કહેવાય?'

'પણ એ સરહદના પંદરસો માઇલ પર ડુંગરા ને પર્વતો, નદીઓ ને ખીણો.....'

'તે તો આવેજ ને' શહેનશાહ બોલ્યો, 'પંદરસો માઇલ પર ભયાનક અજગર જેવી એ ઊંચી અને વિશાળ દીવાલ પર અનેક કિલ્લાઓ અને બૂરજો અને મિનારાઓ.....તો તો એ ઉત્તર તરફથી ધસતા, પવન અને પાણીના હોય તેવા ધસારા થંભી જાય ને?'

'જી.' ઇન્કાર કરવાની એણે હિંમત કરી નહીં:

'તો આપણા ઇજનેરોને હાજર કરો...આખા ચીન પરથી ઇજનેરી આવડતને ઉત્તર પર એકઠી કરો. આપણા લશ્કરોમાંથી ત્રણ લાખ જેટલા સૈનિકોને ઉત્તર પર મજૂરી કરવા મોકલી આપો અને તમામ કેદીઓને આખા ચીન પરથી છૂટા કરીને ત્યાં રવાના કરો, આખા ચીન પરથી લાખો ગુલામોને ઉત્તરના પંદરસો માઇલ પર રવાના કરો અને ઉત્તરની સરહદ પર એ લાખોને દાણોપાણી દેવા અને તેમની અવરજવર ચલાવવા નવાં નગરો ઊભાં કરો અને.....'

'પણ એ બધું અશક્ય.....' બોલતો શહેનશાહનો વડો દીકરો ઊભો થઈ ગયો.

'તું પણ એ મહાન દિવાલના પથરા ઘડનાર મજૂર બનીને ત્યાં પહોંચ.....' ભયાનક શહેનશાહ વિકરાળ આંખો ઊંચકતો અમલનો અવાજ બોલ્યો, 'મારું એ ફરમાન છે.' શહેનશાહનનો દિકરો પણ 'અશક્ય' બોલવાના અપરાધ બદલ દિવાલ બાંધનારો મજૂર બન્યો અને દિવાલ બાંધનારી વિરાટ શ્રમશક્તિ અને સાધનોમાં સામેલ થઈ ગયો. વરસો વીત્યાં અને અદભૂત એવી દિવાલ બંધાઈ, અને એ દિવાલને બાંધનારી શ્રમ માનવતાનાં લાખો બેટાબેટીઓનાં શબ્દ વેડની યાતનાઓ નીચે એ દિવાલના પાયામાં જ ધરબાઈ ગયાં. ત્યાર પછી ચીનનો આ મહાન શહેનશાહ મહાન દિવાલની રચના જોતો દરબાર ભરીને કહેતો હતો: 'આપણા ચીન પરના બધા મહાન ડાહ્યાઓ એવું લખી ગયા છે કે પ્રાચીન સમયમાં બધું સારું હતું.'

'જી.'

'પણ એ જૂનું છે. પ્રાચીનમાં...જૂના કાળમાં કંઈ જ સારું નહોતું... ...આપણે ચીન અર્વાચીન બાંધ્યો છે. મોટાં મોટાં મહાલયો, નગરો, અને આ મહાન દિવાલ.' એની આંખ આગળ એક શાસન નીચેનો ચીન દેખાયો, એ બોલ્યો : 'આપણે પ્રાચીનતાનાં વખાણ કરતાં બધાં પુસ્તકો સળગાવી મૂકવાં પડશે અને નવેસરથી લખવું પડશે કે વર્તમાન સારો છે, પ્રાચીન નહિ.'

પછી આખા ચીન પરથી તમામ પ્રાચીન પુસ્તકો સળગાવી નાખવાનું શાહી ફરમાન નીકળ્યું. આખા ચીન પર પ્રાચીનતાની હોળીઓ સળગી. એ આગમાંથી પ્રાચીન પુસ્તકો બચાવી રાખનાર પંડિતોનાં માથાં ઉતારી લેવાયાં.

પછી આ શહેનશાહ શી ઘરડો થયો અને એક દિવસ એ મુસાફરીમાં મરણ પામ્યો. એણે મરણ પામતાં પહેલાં જ એક મોટા કુંગરને આખો કોચી નાખીને કબરો બંધાવી રાખી હતી. ત્યાં સેંકડો સુંદર ગુલામ છોકરીઓને, તથા શહેનશાહને શોભે તેવા સામાનના ઢગલાઓને એ મહાન શહેનશાહના શબ સાથે દફનાવી દેવામાં આવ્યાં.

પછી આ સરમુખત્યાર શહેનશાહના અંત સાથે જ અવ્યવસ્થા વ્યાપી ગઈ. આ અંધેરમાં કાઓત્સુએ ચીનનું શાસન પડાવી લીધું અને હાન વંશની શરૂઆત કરી દીધી.

સંસ્કૃતિનાં યશસ્વી શાસન સ્વરૂપો.

ચીનના આ હાન વંશનો સૌથી મોટો શહેનશાહ ઈ. સ. પૂર્વે ૧૪૭ પછી વુ-ટી નામનો થયો. એણે બહારનાં આક્રમણોને પાછાં હટાવ્યાં અને કોરિયા, મંચુરિયા, આનામ, હિંદીચીન અને તુર્કસ્તાન સુધી ચીની શાસનનો અધિકાર ફેલાવ્યો.

પણ એણે આ શાસનના અધિકારના સ્વરૂપમાં જમીનપરનાં ઉત્પાદનોની તમામ માલીકી રાષ્ટ્રિય બનાવી દીધી તથા જનસમુદાયનું જીવનધોરણ ઉંચું કરી દેવાનો પ્રયોગ આદર્યો. એણે તમામ વાહન વ્યવહાર તથા વાણિજ્ય વ્યવહારને રાષ્ટ્રીય બનાવ્યો તથા એ રીતે વસ્તુઓની કિંમતો પર કાબુ રાખી શકવાનું અર્થકારણ આરંભ્યું. આ માટે ઠેર ઠેર સરકારી કોઠારો શરૂ કરી દેવામાં આવ્યા. એણે તમામ આવકો પર કરવેરા નાખ્યા અને દોલતમંદો પર ખાસ અંકુશો વધાર્યા. સરકારી વહીવટે જ બધાં બાંધકામમાં ઈજારા ધારણ કરીને માનવસમુદાયોને રોજી અને રોટી દેવાનો ન્યાયી પ્રબંધ કર્યો. આ શાસન નીચે અનેક નહેરો, કુવાઓ. પુલો તથા રસ્તાઓ બંધાવા માંડ્યા. આ શહેનશાહતનું, લો, યાંગ, નામનું પાટનગર સંસ્કૃતિના વૈભવથી ઝળહળી ઊઠ્યું. એની

વસ્તી ખૂબ વધી ગઇ, રાજ્યના ભંડારો ઉભરાયા. વિદ્યાનો વ્યાસંગ વિકાસ પામ્યો. કવિઓ, ચિત્રકારો અને ચિંતકો ચીની ધરતી પર ખીલી ઊઠ્યાં. ત્યારના ચીની પાટનગરના પુસ્તકાલયમાં, અનેક પ્રાચીન ગ્રંથો ચિંતન પર હતા, કવિતાનાં ૧૩૧૮ પુસ્તકો હતાં, ગણિતશાસ્ત્ર પરનાં ૨૫૬૮ પુસ્તકો હતાં, વૈદક શાસ્ત્ર પર ૮૬૮ ગ્રન્થો હતા, અને યુદ્ધ શાસ્ત્રપર ૭૯૦ પુસ્તકો હતાં.

વુ-ટી ના મરણ પછી ઓંશી વરસ પછી પાછો ચીની લોકમાં સર્વોત્તમ નાગરિક હોવાનું પ્રમાણ પામેલો, ચાંગ–વાંગ, નામનો સુધારક શહેનશાહ આવી પહોંચ્યો. આ શહેનશાહ સાધારણ માનવી જેવું સાદું જીવન જીવતો હતો તથા પોતાના રાષ્ટ્રની વહીવટી જિંદગીનો વિકાસ કરતો બધો સમય અભ્યાસમાં વિતાવતો હતો.

આ મહાનુભાવ શહેનશાહ ચીનના વહીવટમાં ચાલતી ગુલામીની પ્રથાથી કંપી ઊઠ્યો. એણે પોતાના શાસનના આરંભમાં જ ગુલામીની પ્રથાને નાબુદ કરતો કાનૂન ઘડ્યો. ગુલામીની પ્રથાને નાબુદ કરવાના કાનૂન સાથે જ ગુલામીને જન્માવતી, ખાનગી જમીનદારીની પ્રથાનો એણે નાશ કર્યો તથા ગરીબ ખેડૂતો અને ખેત–મજુરોને જમીનો વહેંચી આપી. એણે જમીનના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો. એણે મીઠા પર, લોખંડ પર અંકુશ મૂકીને તેના પરની નફાખોરીને નાબુદ કરી. એણે વ્યાજવટાના ધંધા માટે લાયસેન્સ લેવાની પ્રથા ચાલુ કરી, અને ખેતીની તમામ પેદાશના ભાવોને ખેડૂતોના હિત માટે નક્કી કર્યા. આ પેદાશને સરકારે ખરીદ કરીને મુશ્કેલીના સમય માટે ખેડૂતોને મફત વહેંચવા ખાસ ભંડારો ચાલુ કર્યા. આ વહીવટતંત્રમાં ખેડૂતોને વગર વ્યાજે નાણાં ધીરનારી સરકારી બેંકો શરુ કરવામાં આવી. આ શાસનમાં પ્રજાએ ચીનના વહીવટનો સહકારી તથા સહચાર એકતાનો શાહી કાનુન ઘડ્યો. આ રાજવહીવટનું સંસ્કરી અર્થકારણનું રૂપ યોજના બદ્ધ અર્થ વ્યવસ્થાનું બનાવાયું. ત્યારે યોજનાનો અને ન્યાય સમતાના જીવન વહીવટનો જેને ખપ નહોતો, તેવાં તત્ત્વોએ માથું ઉંચકયું. બળવાઓ શરુ થયા. ઉત્તર તરફથી પણ આક્રમણ આવી પહોંચ્યાં. અંદર અને બહારના આક્રમણ નીચે ભરાઈ પડીને આ સંસ્કૃતિની પહેલી શાસનવ્યવસ્થા હચમચી ઊઠી. જીવનસંસ્કારની ઊર્મિ જેવો, ચાંગ–વાંગ, કેદ પકડાયો અને શિરચ્છેદ પામ્યો. પાછો હતો તેવો અંધકાર ચીની ધરતી પર ફરી વળવા લાગ્યો.

સંસ્કૃતિનું સૌંદર્ય રૂપ

ત્યાર પછી તથાગતના નામને સંભારતી ચીન દેશની પહેલી ચિત્રલેખા, શહેનશાહ શુનની બેન, લી હતી. લીની ચિત્રશાળાએ રેશમના પડદાઓ પર, અનેક ચિત્રો આલેખી નાખ્યાં. ચીનની ચિત્રલેખા દીકરીએ ચીનનું રૂપ ચિત-

રવાની પ્રયોગશાળા બાંધી અને બે ત્રણ સૈકાઓમાં ચિત્રોના ઢગલા લો-યાંગ નગરના એક વિરાટ દેવળમાં ખડકાયા કર્યા. પરન્તુ ચાંગવાંગની શહેનશાહતના પતન સાથે આવેલા આક્રમણ બળોનો સુંદરતાને સંહારી નાખનાર યુદ્ધખોરનો પંજો લો-યાંગ પર ઉતરડાયો. મરકટની અદાથી યુદ્ધની મહામારીએ સૌંદર્યનું ખૂન કર્યું. રૂપથી મઢાયલાં ચિત્રપટોમાં યુદ્ધખોરોએ, લુંટના સામાન બાંધ્યા.

છતાં સંસ્કૃતિની સૌંદર્ય હીલચાલ મરણ પામી નહી. જેતજેતામાં કલાકાર કાઈ-ચી નું નામ ચીનપર ગાજી ઊઠ્યું. જુવાન કાઈ-શીએ પડોશીની એક ગરીબ દીકરી પર પ્રેમ કર્યો. બન્ને ગરીબ કલાકારો એકવાર નાનકીંગ નગરની એક જનસભામાં બેઠાં હતાં. સભામાં ભગવાન તથાગતનું એક ભવ્ય દેવળ નાનકીંગમાં બાંધવાનો ફાળો ઉઘરાવવાની ટહેલ નાખતો, એક ભારતીય ભિક્ષુ ઉઘડતી ઈસ્વીસનની ઉષામાં કહેતો હતો, "નાનકીંગ એટલે ચીન! હું ચીનની માનવતાને ભગવાન તથાગતનો સ્તુપ બાંધવાની અરજ કરું છું."

"આપણા દશલાખ સુવર્ણ સિક્કાઓ નોંધી લો!" જુવાન અને ગરીબ કલાકાર કાઈ-ચી ઉભો થઈ ગયો.

"કોણ તું!" પોતાને જ આખો ચીન કહેવડાવતાં નાનકીંગ નગરનાં શ્રીમંતોએ અટ્ટહાસ્ય કર્યું. પછી તથાગતના પ્રેમમાં પડેલો કાઉ-ચી, તથાગતનો ફાળો ભરવા માટે ચિતરવા મચી પડ્યો. એણે દિવાલો ચિતરી નાખી. એણે દિવાનખાનામાં માનવદેહો મઢી દીધા. એણે ફલક ફલકપર સંઘમાનવનાં જીવતરનો કથાનક આલેખી નાખ્યો. એણે કલાગુરુની અદાથી, ચીન રાષ્ટ્રનાં ચિત્રકારોને પયગામ આપ્યો. "સૌથી પ્રથમ તથાગતને પ્રિય એવાં અદનાં માનવોને ચિતરો. પછી જે પછીતપર અથવા ભૂમિપર જનલોકનું જીવતર ધડાય છે તે ધરતીનું સૌંદર્ય ચિતરો અને સૌથી છેલ્લા, શાસકો અને દેવતાઓ, અને ઘોડાઓનાં ચિત્ર કરો."

ચીનના આ મહાન ચિત્રકારે, કલાના પિતાનું નામ પામીને, ચીની જબ્બાનમાં, ચિત્રકલા પર ત્રણ પુસ્તકો લખ્યાં.

ત્યાર પછી આ મહાન રાષ્ટ્રના જીવતરમાં ટાંગ, શહેનશાહતના સમયમાં ચિત્રકારોની સંખ્યા ઘણી વધી ગઇ. કલાકાર ટુ-ફુ એ ત્યારે ટકોર કરી કે, 'ચિત્રકારો ઉભરાઈ ગયાં છે પણ આ ધરતીનું ધારણ કરનારી જીવન કલાનું રૂપ મઢનારા કલાકારોની અછત થઇ ગઈ છે, આપણે ત્યાં!"

ત્યારે ટાંગાશાહીના સમયમાંજ ચીની આસમાનમાં એક આભ જેટલો ઉંચો કલાકાર ચમકી ઊઠ્યો. તથાગતને પ્રિય એવો કલાકાર, વુ-ઝી, એક અનાથ

બાળક હતો.આ અનાથ બાળકે જુવાન થતાં સુધીમાં તો, ચીની ધરતી પર ચિત્રપટો આલેખી નાખ્યાં. એણે પંખીઓ, પશુઓ, બુદ્ધો, ભિક્ષુઓ, માનવો અને ધરતીનાં અનેક રૂપો મઢવા માંડ્યાં. બુદ્ધનાં દેવળોપર એણે ત્રણસો "ફ્રેસ્કો" માં એક હજાર ચિત્રો મઢી દીધાં.

શહેનશાહ વુ, એ એને ઝેશુઆ પ્રાંતમાંની શીઆલીંગ, નદીના દેખાવો ચિતરવા મોકલ્યો. વુ, નદીપર ફરીને એકપણ રેખા દોર્યા વિના પાછો ફર્યો.

"મારા દિલપર શીઆ-લીંગનાં બધાં રૂપની રેખાઓ કોતરાઇ ગઈ છે," એમ કહીને એણે ચિત્રશાળામાં ચીતરવા માંડ્યું અને શીઆ-લીંગના, એકસો માઈલના કુદરતી દેખાવો આ મહાચિત્રકારના ફલકપર આબેહુબ અન્યા.

પછી ચીની ધરતી પર આઠસો ચિત્રકારોનાં નામ પંકાયાં તેમાં સંગ-વંશનો શહેનશાહ હુઈ પણ હતો. પણ કલાકાર ચીનપર મોત જેવું તારતરોનું આક્રમણ આવી પહોંચ્યું. પેલો ચિત્રકાર શહેનશાહ કલાના ભંગારમાં શબ બનીને પડ્યો. કલાના સંગ્રહસ્થાનોનાં ખંડિયેરોમાં વિજેતાઓએ પોતાના ઘોડાઓ બાંધવાના તબેલા બનાવ્યા.

યુરોપના, રાફેલો, માઇકેલેંગેલો, અને લીઓનાર્દો, જેમાંથી વિશ્વ-કલાનો વારસો પામવાના હતા, તે કલાના ભંગાર ચીનની ધરતી પર છવાઇ ગયા.

ચીની ચિત્રકલા અને જીવનકલાનો સમશેરે પરાજય કર્યો. કલાકાર શહેન-શાહ આઘાત પામીને, જીવન ખંડિયેરોના ભંગાર ભેગો પરાસ્ત થએલો પડ્યો. ચીનની દિવાલને ટપી જનારાં આક્રમણો ગોબીના પ્રદેશમાંથી આવ્યા જ કર્યાં.

તાતરોના આક્રમણને ગળી જનારો ચીનનો હાન

'જાવ તમે છૂટા છો...તમે આજથી આજાદ છો.' એક ઊંચો સોટા જેવો સુંદર જુવાન પોતાના ગામ પાસેના કિલ્લાના દરવાજા ખોલી નાખતો મોટે અવાજે બોલતો હતો, 'બધાં ગુલામોને બધા કેદીઓ! આજ તમે છૂટા છો.' ચીનના પાટનગરમાં બળવો ફાટી નીકળ્યો હતો અને એ બળવાનો આગેવાન હતો. બહાર નીકળીને ઉભેલા કારાગારના બધા કેદીઓ આ જુવાન તરફ જોઈ રહેતા ઊભા હતા. એ જુવાન એક ગ્રામ ઘટકનો આગેવાન મુખી હતો. એના વિશાળ ચહેરા પર આજે તોફાન તરવરતું હતું.

'મેં ન કહ્યું કે તમે સૌ આજાદ છો!' એ પાછો બોલ્યો, 'શી-હુઆંગ-ટી મરી ગયો છે ને દફનાઇ ગયો છે. આપણા દેશનો એકેએક ખૂણો બળવો કરે છે...તમારા તમામ ગુના માફ છે.અને તમે સૌ...'

'પણ અમે જઈએ કયાં...જ્યાં તમે ત્યાં અમે.' અને જુવાન લિયુ-પેંગની સરદારી નીચે બળવાની કતાર જામી ગઈ.

ચીન પર બળવાનાં ડંકાનિશાન ગાજી રહ્યાં. લિયુની સરદારી નીચે તોફાનો ચઢ્યાં. ચીની કિસાન જનતા લિયુની સરદારી નીચે પાટનગર પર ચઢી.

પાટનગરની દિવાલો હચમચી ઊઠી. પાટનગરના કારાગારનાં કમાડ ખોલીને લિયુ-પેંગ પાછો ગરજતો હતો :

'તમે સૌ છૂટા છો.'

પાટનગર પાયામાંથી હચમચી ઊઠ્યું. પાટનગરમાંનો રાજમહાલ કંપી ઊઠ્યો. ત્યાંનો શહેનશાહ કેદ પકડાયો અને શહેનશાહનું માથું છેદાઈ ગયું. આ ઊંચો તે સીધો જુવાન આખા ચીન પર કચ્ચરવાળી માનવતાનો છુટકારો ગર્જતો જાલિમોનો સંહાર કરતો ફરી વળ્યો. એની આસપાસ સૌએ એને મુજરો કરીને કહ્યું : 'આપ હાન જેવા મહાન છો. આપ અમારા પર રાજ કરો અને આખા ચીનને ઉગારો.' લી-યુ-પેંગ, ચીનનો મહાન હાન કહેવાયો. આ હાન શહેનશાહોની જૂની ગાદી પર દંડ ધરીને બેઠો. એણે ચીનની જનતા માટે શાસન શરૂ કર્યું.

ચીનનો એ લોકશહેનશાહ, હાન કહેવાયો.

હાનના દરબારમાં પંડિતો પાછા આવ્યા. એણે સૌને કહ્યું : 'હવેથી પુસ્તકોને સળગાવી મૂકવામાં નહિ આવે, કારણકે શમશેરથી સત્તા હાથ કરાય છે પણ પુસ્તકો વિના તે ટકી શકવાની નથી.' પાછું આખા ચીન પર સુખ-ચેનનું શાસન પથરાઈ ગયું. ચીનનાં ખેતર ખેડવા સૈનિકો પોતાને ઘેર પાછા રવાના થયા. ચીનના ઇજનેરો ચીન આખા પર નહેરો, પુલો અને રસ્તાઓ તથા પાઠશાળાઓ બાંધી રહ્યા. ચીની માતાઓ આનંદમાં બાળકોને ઉછેરતી, રેશમના કોશેટામાંથી રેશમના વધારે બારીક અને સુવાળા તાર ખેંચી રહી. ચીનની શિલ્પકળા અને હુન્નર આગળ વધી ગયાં. ચીનનાં દીકરા-દીકરીઓ હાનનાં દીકરાં કહેવાયાં. હાનનાં દીકરાંઓએ ચીનની દોલત વધારી મૂકી.

પણ ત્યાંતો ઉત્તરની સરહદ પરની મહાન દીવાલ પરથી પેલા તાર્તારોનાં આક્રમણો પાછાં શરૂ થઈ ગયાં. ચીનની મહાન દિવાલ આ ધસારાઓને ખાળી શકી નહીં.

હાને એ ધસારાઓનું રૂપ સમજવા જાસૂસો રવાના કર્યા.

જાસૂસોએ આવીને ખબર આપ્યા : 'જેવી પવનની લહેર વાય છે... જેવો પાણીનો રેલો ધસે છે તેવા એ લોકો.....'

'એ જંગલીઓ છે, એ લોક ટાઢ અને તાપથી બચવા શરીરે તેલ ઘસેલું રાખે છે. એ બધા ટોળાબંધ વેરાન મેદાનો પર તંબૂઓ ઠોકીને રહે છે. લાખો ઘોડાઓ પર એમનો આખો ય સંસાર ઊડતો રહે છે. એમનાં કલેવરો કઠણ ને કપરાં છે; એમને મેદ ઓછો છે, ચામડી સખ્ત છે અને જડ્યાં ઊંચાં છે તથા એમની આંખો પવનના સુસવાટ ઝીલી ઝીલીને અણીદાર થઈ ગઈ છે. તાકાતવાળી બાંધ ટેકવતા એમના પગ ઝડપી અને ટૂંકા છે. એમનાં આયુધો હલકાં અને ઝડપી છે. એ લોક દોડતે ઘોડે કામઠાં તાણે છે અને નિશાન તાકે છે. એમનાં ઘરબાર પણ જાણે દોડતાં રહે છે. એમનાં રાચરચીલાં ખૂબ હલકાં અને ઓછાં છે.'

"અને આપણા પાટનગર લોયાંગમાં?' હાનના માથામાં વિચાર ઝબકયો, 'આપણાં મહાલયો અને જમીન–જાગીરો, આપણા વિલાસ અને મોજમઝાઓ આપણી વાટિકાઓ અને ખેતરો...આપણું ઉત્તર ચીનનું મહાન દિવાલ નીચેનું પાટનગર યેન–કીંગ (પીપીંગ અથવા પેકીંગ) પણ એવું જ લહેરાય છે. એની આસપાસ આબાદીના ભાર છે. એ ભાર માલિકોના અને જમીનદારોના છે. એ ભારવાળા સંસારો સડે છે અને એ બોજો વહેનારો ખેડૂત અને કારીગર ગુલામ છે.' હાન ગમગીન બનીને નિસાસો નાખતો બોલ્યો: 'એ જંગલીઓ ભલે છે પણ એમનો સુસવતો આખો સંસાર આઝાદ છે. એમની ઝડપ એટલે જ ભયાનક છે. ઘોડા પર બેસીને ઊડતા આવતા એ ઝંઝાવાત આપણને મહાત કરશે જ. એમની પાસે ઝડપ સાથે ગુણાકાર લેતી માનવ-સંખ્યા છે. એટલે આપણે એમને ખાળી શકશું નહિ, કારણકે આપણા લોક ગુલામ છે...એના પગ ઝડપી નથી, કારણકે છૂટા નથી. એની નજર વેગીલી નથી કારણ કે એની આંખનાં પડળ પર પાટા બંધાયા છે, આપણા સંસારના ભાર લઈને આપણે એ વીજળીવેગને અટકાવી શકશું નહિ.

"એ લોક જીવનની ઝડપવાળા અને આઝાદ છે...આપણે એમને છેવટ સુધી ખાળી શકીશું નહિ.' અને પછી હાન પોતે એ ઝંઝાવાતને રોકવા લશ્કરો લઈને ચઢયો. એ કાળનાં નિશાનોને એણે પીંગ–ચીંગ (શાંસી) નગરથી દૂર ધકેલી દીધાં પણ પાછાં પીંગ–ચીંગને ફરતાં તાર્તર ઘોડાંઓ ધસી આવ્યાં. પીંગ–ચીંગ નગરમાં હાન પોતાના લશ્કર સાથે ઘેરાઇ ગયો.

એણે પોતાના ડાહ્યાઓને એકઠા કર્યા. એમાં એની દીકરી પણ હતી. એણે સૌને કહ્યું:

'આપણી ચારેકોર ઘોડાઓની દિવાલો ખડકાઇ છે તે દીઠી? આપણી મહાન દિવાલો કરતાં એ મહાન છે કારણ કે તે જીવતી દિવાલો છે. એમનાં

સંચલન પણ ઊડતાં અને અજબ છે. એ જંગલીઓ ભલે રહ્યા પણ એમની પાસે આઝાદ અને ઝડપવાળું જીવન છે. એ લાખો છે, આપણે કરોડો છીએ. આપણે એમને એક જ રીતે જીતી શકીએ.

'તે રીત?' સૌએ આતુર મીટ માંડી.

'એમને ગળી જઈને...આપણે એમને આપણી અંદર શમાવી લઈએ અને આ સંહાર અટકાવી દઈએ. આપણે અનેક યુગોમાં ઘડેલો સુધારો એમને એક ઘડીમાં દઈ દઈએ.' સૌ સમજ્યા વિના જોઈ રહ્યાં. અને એ બોલ્યો : 'આ લોકના વડા સરદારને હું મારી દીકરી પરણાવું. આપણે લોહીનો સંબંધ બાંધીને એક બનીએ.'

પછી હાનનાં દીકરાં તાર્તરો સાથે લોહીના સંબંધે જોડાયાં. તાર્તરોના ઝંઝાવાત પહેલી વાર બંધાયા અને હાનની ઉત્તર સરહદો વધારતા વસવા માંડ્યા. હાનની દીકરી તાર્તર લોકની રાજરાણી બની. પછી હાન મરણ પામ્યો.

ચીનનું સંસ્કાર મિલન

પછી ઝેશુઆન પ્રાંતમાં થઈને હાનનાં દીકરાં હિંદ દેશ પહોંચ્યાં. પછી રોમના રસ્તાઓ ચીન દેશ સાથે સંધાયા. હાનના વંશવાળો મીંગ-ટી ચીન પર રાજ કરતો બેઠો હતો ત્યારે ઈસુના ૬૭મા વરસમાં ઊંટ પર બેસીને વણઝારોની સાથે હિંદમાંથી બુદ્ધનો ધર્મ ચીન પહોંચ્યો. પછી ચીન-હિંદની બાંધવતા તથાગતના સંઘશરણ પર અનુરાગથી બંધાઈ.

ત્યારે કનફ્યુશિયસ અને લાઓનો રજવાડીધર્મ ચીન પર ચાલતો હતો. એ ધર્મનાં અનેક દેવતામાં આજ્ઞાધારકતાના વિકરાળ આકાર જેવાં અનેક દેવદેવીઓ ચીન પર ગોઠવાઈ ગયાં હતાં.

ત્યારે હાનના વંશવાળો વુ-ટી નામનો શહેનશાહ નવા આવેલા બૌદ્ધ સાધુઓને પૂછતો હતો : 'જે પીવાથી અમર બની જવાય તેવું કોઈ અમૃત બનાવતાં આવડે છે?'

બૌદ્ધ ભિક્ષુ બોલતા હતા : 'સંઘને શરણે જાવ અને તથાગતની જેમ.....'

શહેનશાહ માથું ધુણાવતો પોતાના શરીરને અમર બનાવવા પોતાના જૂના ધર્મવાળા ભૈરવોને એકઠા કરતો હતો. એ બધા ટાઓ પાદરીઓ શહેનશાહના તાજ પાસે ગોઠણભર નમતા શહેનશાહને અમર બનાવવાનો જાદુઈ રસ, અમૃત તૈયાર કરતા હતા.

પછી શહેનશાહ માટે એવો રસ તૈયાર થઈ ગયો. જાદુઈ ક્રિયાઓ પછી દબદબાવાળો દરબાર ભરાયો. અમૃતની પ્યાલી પીવા શહેનશાહ દરબારમાં

આવ્યો. શહેનશાહની સામે રત્નજડિત બાજઠ પર પ્યાલીમાંનો પ્રવાહી ચમકાવતા ભૈરવો ઊભા થયા.

ત્યાં એકાએક એક ભિખ્ખુ દરબારમાંથી ઉતાવળો આગળ આવ્યો. ભૈરવોને હડસેલતો એ પ્યાલી પાસે પહોંચી ગયો અને પ્યાલીના પ્રવાહીને એક જ ઘૂંટડે પી ગયો.

આખો દરબાર અવાચક અને અનિમીશ બન્યો.

બીજી જ પળે એને મારી નાખવાનો કોલાહલ મચ્યો. શહેનશાહના સૈનિકોએ એને બાંધીને શહેનશાહ સામે હાજર કર્યો.

'તેં આ સાહસ કેમ કર્યું?' શહેનશાહ બરાડ્યો.

'હું જાદુને પી ગયો. તથાગતે ચમત્કારો અને જાદુનો વિરોધ કરવાનું કહ્યું છે.'

'પણ એમ કરવાથી તને દેહાંતદંડ થશે તેની તને ખબર છે?'

અને ખડખડાટ હસતો ભિખ્ખુ બોલી ઊઠ્યો : 'જો આ રસ અમૃત હશે તો આપ મને મારી નાખી શકશો નહિ...પણ મને ખાતરી છે કે આપના ભૈરવોએ આપને છેતર્યા છે...તેનો પુરાવો જોઈતો હોય તો જુવો આપ મને મારી શકશો જ.'

સાતમાં સૈકાના સંસ્કાર અતિથિઓ

ઈ. સ. સાતમા સૈકામાં ટાઇ–સુંગના દરબારમાં રોમન સામ્રાજ્યની બાયઝેન્ટીયમ બાદશાહતે એક પ્રતિનિધિમંડળ મોકલ્યું. અને ઇરાનમાંથી નેસ્ટોરિયન પ્રતિનિધિમંડળ ટાઇ–સુંગના દરબારમાં આવી પહોંચ્યું. આ બંને મંડળોનો સત્કાર થયો તથા ઇસાઈ ધર્મપુસ્તકોનું ચીની ભાષાંતર કરાવવાનું શરૂ થયું. ટાઇ-સુંગે આ ભાષાંતરો વાંચ્યા પછી ત્રણ જ વર્ષમાં પોતાનો અભિપ્રાય આપ્યો કે ઇસાઈ ધર્મના સિદ્ધાંતો બિલકુલ સંતોષકારક છે તથા તેનો પ્રચાર પોતે ચીનમાં થવા દેશે. આ બાદશાહે સીયાંગફુ નગરમાં ઈ. સ. ૭૮૧માં એક ઇસાઇ દેવળ તથા ઇસાઇ ધર્મમઠ બાંધવાની પરવાનગી આપી. આ જ સમયમાં ઇસ્લામના ઉદયનો સંદેશો લઈને આરબોનું એક પ્રતિનિધિમંડળ દરિયાઇ રસ્તે કેન્ટન નગરમાં આવી પહોંચ્યું. આ પ્રતિનિધીમંડળને મહંમદપયંગમ્બરે મોકલ્યું હતું, તથા એક અલ્લાહવાળા પોતાના નૂતન માનવ ધર્મના સિદ્ધાંતોનો સંદેશો મોકલ્યો. ચીની બાદશાહે આ પ્રતિનિધિમંડળનું પણ બહુમાન કર્યું તથા ઇસ્લામના સિદ્ધાંતોમાં ખૂબ રસ લીધો. કેન્ટન નગરમાં આ ચીની શહેનશાહે પોતે એક મસ્જિદ બંધાવી દીધી. આ શહેનશાહે બંધાવેલી કેન્ટનનગરની મસ્જિદ દુનિયાની તમામ મસ્જિદોમાં સૌથી જૂની અને સૌથી પહેલી છે, તથા આજે મોજૂદ છે.

ચીની સંસ્કૃતિની સ્વસંતુષ્ટતા

બીજી સંસ્કૃતિઓની જેમ ચીની રાષ્ટ્રનો જીવનવ્યવહાર હકૂમતનું રૂપ ધારણ કરીને અને આક્રમણનું સ્વરૂપ બનીને પોતાનું સામ્રાજ્ય જમાવવા માટે બીજા દેશો પર ચઢાઈ લઈ ગયો નથી. આનું મુખ્યકારણ આ રાષ્ટ્રનું કદ વિરાટ છે. આખા યુરોપ ખંડ જેટલો વિશાળ આ રાષ્ટ્ર અનેક સૈકાઓ સુધી પોતાની-જ ભૂમિ પર વિકાસ પામ્યા કર્યો. બીજી પ્રજાઓને લાગ્યો તેવો બહાર નીકળવાનો ધક્કો ચીની રાષ્ટ્રના જીવનમાં લાગેલો જણાતો નથી. પોતાની રોજબરોજની જરૂરિઆતો પૂરી પાડતી ધરતીએ આ રાષ્ટ્રના જીવનમાં તેની રોજની હાજતો સંતોષ્યા કરી એટલું જ નહિ પણ સંસ્કૃતિના વિકાસમાં ચીન દેશે કલા, સાહિત્ય, ચિંતન, ધર્મ તથા રોજના જીવનનાં સાધનો ઉત્પન્ન કરીને જમાનાઓ સુધી આખાય જગતમાં પોતાનું પ્રથમ પંક્તિનું સ્થાન સાચવી રાખ્યું.

છતાં આ વિશાળ ધરતી ઉપરના વિપૂલ એવાં ઉત્પાદનો અને સાધનો હોવા છતાં ચીનના રાષ્ટ્રજીવનને માટે આગળને આગળ વિકાસ પામવાની એક હદ આવી ગઈ. પૂર્વના આ મહાન રાષ્ટ્રમાં ભારતમાં થયું તેમ બેઠાખાઉ જીવનવ્યવહારની પકડ નીચે આવતા જતા માનવ સમુદાયો ઉપર, નિરક્ષરતા, ભૂખમરો, તથા રોગચાળા આવ્યા કર્યા. બેઠાખાઉ જીવનની રજવાડી હકૂમત નીચે ભારતદેશમાં થયું તેમ જીવનના ઉપલા થરોમાં નિષ્ક્રિયતા, પ્રમાદ, વિલાસીતા અને ક્રુરતા વધવા માંડી. જીવનની આવી ઘટનાએ ભારતમાં થયું તે જ પ્રમાણે માનવસમુદાયો પર તેમના વિકાસને અટકાવી નાંખે તેવા અનેક અંતરાયો નાખ્યા. પછી આસ્તે આસ્તે ભૂતકાળની ભવ્યતા નીચે માનવસમુદાયના જીવતર પર જુલ્મ કારભારની હકૂમત તથા અજ્ઞાન અને અંધકાર પથરાયાં. ઇ. સ. ના આઠમાં સૈકા પછી યુરોપના ઉત્થાનયુગના આરંભ સુધી આખા જગતની સાથે જ પૂર્વનો આ મહાન રાષ્ટ્ર પણ નિષ્ક્રિઓ એવા અંધકારમાં ડૂબી ગયો, તથા ત્યારપછી યુરોપ પર ઉદય પામનારી ઔદ્યોગિક શાહીવાહી હકૂમત નીચે ગુલામ બનવાની લાયકાત પામવા લાગ્યો. અચલાયતન બનેલો આ વિરાટ દેશ પોતાના રાષ્ટ્રબાંધવ ભારતની જેમ સૌકાઓ સુધી અજ્ઞાન અને અંધકાર નીચે પડયો રહ્યો.

૮. સંસ્કૃતિનો સીમાસ્તંભ, ભારત વર્ષ

[સિંધુની સંસ્કૃતિનો ખોળો ખૂંદતી આર્ય સંસ્કૃતિ-વૈરાજ્યો અને રાજાઓનાં રાજ્યો—મહાભિનિષ્ક્રમણનો બનાવ—આર્યાવર્ત પરની સંસ્કારી હીલચાલ—વિશ્વ ઇતિહાસનું નૂતન પ્રસ્થાન—ઇતિહાસનો ફૂંટાતો રસ્તો—સિકંદર અને ચાણક્ય—અશોક અને અશોકચક્ર—અમર અશોક ચક્ર]

સિંધુની સંસ્કૃતિનો ખોળો ખૂંદતી આર્ય સંસ્કૃતિ



ધીમેધીમે સિંધુનગરો આર્યોના વસવાટ નીચે લય પામી ગયાં હતાં. એ અતિપ્રાચીન સંસ્કૃતિનાં બીજાં નગરો આર્યોના આક્રમણ નીચે તારાજ બનતાં હતાં. એ સંસ્કૃતિએ બાંધેલા દુર્ગો આર્યોના આઘાત નીચે તૂટતા જતા હતા. અતિ પ્રાચીન જીવન ઘડતરના સંસ્કૃતિના જીવન વ્યવહારની સાધન સામગ્રીઓના ભંગારમાંથી આર્ય માનવો, પોતાના વસવાટ માટે મકાનો ચણતાં હતાં અને પોતાના સંસારને મઢતાં હતાં. આર્યોની જિંદગીનું બાળપણ સિન્ધુની સંસ્કૃતિનો વારસો પામીને, હિંદભૂમિ પર વસવા માંડ્યું હતું. આ વસવાટનો પ્રદેશ આર્યાવર્તનું નામ ધારણ કરતો હતો.

આર્યોનું આવર્ત અથવા રહેઠાણ ઋગ્વેદના જમાનામાં, આજના કાબુલથી તે ગંગાના ઉપલાણ કિનારા સુધી આરંભમાં પથરાયું અને આ વસવાટે ત્યાં નાનાં નાનાં રાજ્યો બાંધવા માંડ્યાં હતાં. આ રાજ્યો, અનાર્યોના વસવાટથી વિંટળાયલાં હતાં તથા આર્ય–અનાર્યોની લડાઇઓની વાતો આ જમાનામાં નોંધાતી હતી. હવે આર્યોનું આક્રમણ આગળને આગળ વધતું હતું. સરહદો પાછી હટતી હતી. આર્યોનાં રાજ્યોના સિમાડા મોટા બનતા જતા હતા. અનાર્યો દસ્યુઓ બનીને આર્યાવર્તની પૂર્વ અને દક્ષિણમાં વધતી જતી નાકાબંધીઓમાં ઉમેરાતાં જતાં હતાં. હવે આર્યોનાં રાજ્ય જમના, ગંગા અને સરયૂને આરે સ્થપાઈ ચૂકયાં હતાં. વિંધ્યની પર્વતમાળ ઓળંગીને ગોદાવરીને ઉત્તરે, દક્ષિણપથ પર પણ આર્યોના વસારા આવી પહોંચ્યા હતા.

આ આર્ય જગતનો મધ્યપ્રદેશ સરસ્વતીથી ગંગા સુધીનો હતો. ઉત્તરમાં સરસ્વતીથી ગંગા સુધીનો પ્રદેશનો વિસ્તાર મધ્યપ્રદેશ ગણાતો હતો. કુરૂઓ અને પાંચાલોએ કુરૂક્ષેત્ર પર બ્રાહ્મણ હકુમતવાળું રાજ્ય જમાવ્યું હતું. ગંડકનો પૂર્વ પ્રદેશ વિદેહોએ સર કર્યો હતો. અથર્વ વેદમાં ગવાયલી એક પ્રશસ્તિ પરિક્ષીત રાજાને માટે લખાઇ હતી. પરિક્ષિતના દિકરા જન્મે જયે પણ ઘણા વિજયો કર્યા હતા. પણ યુદ્ધો નીચે ખૂવાર થતી કુરૂક્ષેત્રની ધરતી પર હસ્તિનાપુરની જાહોજલાલી મહાભારતના સમય પછી પરવારી જવા માંડી હતી.


પાંચાલોના રાજાઓએ પણ યુદ્ધો કર્યાં હતાં. વિજ્યો તેમને પણ વર્યા હતા. પરન્તુ એમની પ્રશસ્તિ યુદ્ધની યશગાથાને બદલે પ્રવાહણ, આરૂણી અને શ્વેતકેતુ જેવાં ચિંતકો અને પુરોહિતોનાં નામથી થઇ હતી. પછી બ્રાહ્મણોની વિદ્યાનું ધામ પાંચાલ પ્રદેશને બદલે વિદેહ બનતો હતો અને ત્યાં જનકના દરબારમાં યાજ્ઞવલ્કયની આજ્ઞા ગાજી ઊઠી હતી. પણ હિમાલયની તળેટીમાંથી શાકયોના જનપદમાંથી આવી પહોંચનાર એક સિદ્ધાર્થ અથવા ગૌતમના જન્મ પહેલાંજ વિદેહોનું નામ અસ્ત પામતું હતું, તથા વજ્જી લોકોનું નામ મોખરે આવતું હતું.

વજ્જીઓનું રાજ્ય

આ વજ્જી લોકોનું યશસ્વી રાજ્ય લિચ્છવીઓ અને જ્ઞાત્રિકોનું હતું. આ બન્ને નામવાળા લોકો વજ્જીઓ જ હતા. એમનું પાટનગર, આજના મુજફરપુર જીલ્લામાં વૈશાલી નામનું હતું. આ લોકોનો સંબંધ ઠેઠ તિબેટ સુધી એટલે ત્યારના શાકય લોકો સુધી હતો. ત્યારના બ્રાહ્મણો આ લિચ્છવીઓને નીચી જાતના ક્ષત્રિયો કહેતા. આ વૃત્યો અથવા નીચી જાતના ક્ષત્રિયો આર્યો હોવાનો પુરાવો વેદમાંથી મળી રહે છે. આ આર્યોના જીવનવહીવટમાં હજુ રાજાની સંસ્થાને આવવા દેવામાં નહોતી આવી. આ વજ્જીઓનું વૈરાજ્ય, પોતાની અંદરથી લોક સંસદ ચૂંટીને વહીવટ ચલાવતું. આવાં નાનાં મોટાં વૈરાજ્યો ત્યારે આર્યોની ધરતી પર હતાં. મલ્લોનું, શાકયોનું, ભરતોનું, તથા મૌર્યોનું અને યૌધેઓનું પણ વૈરાજ્ય હતું.

વૈરાજ્યોના ટાપુઓની આસપાસ રાજાઓનાં રાજ્યો

પણ આ વૈરાજ્યોના ટાપુઓની આસપાસ હવે રાજાઓનાં સિંહાસનો ઘૂઘવવા માંડ્યાં હતાં. આવાં રાજાઓનાં રાજ્યોમાં ચાર રાજ્યો વધારે તાકાતવાળાં બની ચૂકયાં હતાં તથા ગમે ત્યારે, આ વૈરાજ્યોને ગળી જવા માટે આ રજવાડાઓ સંપી રહ્યાં હતાં. આ ચાર રજવાડી પ્રદેશો, અવન્તી, વત્સ,



કોસંબી અને મગધનાં નામવાળાં હતાં. આ ચારે રાજ્યો, હિંદની ધરતી પર સૌથી મોટું રાજ્ય પડાવી લઈને ચક્રવર્તિ બનવા ભાગતાં હતાં.

આ ચારેમાં, વેદના સમયથી જ મગધનું રાજ્ય જાણીતું બન્યું હતું. બુદ્ધના જન્મ પહેલાં આ રાજ્યપર શિશુનાગ નામનો રાજવંશ જાણીતો બની ચૂક્યો હતો. આ રાજવંશમાં, બુદ્ધના જન્મ સમયે શ્રેણિક અથવા બિંબીસાર નામના રાજકુમારને તેની પંદર વરસની જ વયમાં, બિંબીસારનો બાપ પોતાની ગાદી

પર રવહસ્તે બેસાડતો હતો. નદીઓ અને પર્વતોથી રક્ષાયલા આ રાજ્યની સીમાઓને સાચવતો બિંબીસાર પાંચ ટેકરીઓવાળા ગિરિવ્રજ નામના પાટનગરની આસપાસ પથ્થરની ફરતી દિવાલ ચણાવતો હતો. એના રાજ્યમાં વહેતી સોણ નદી હિરણ્યવાહા કહેવાતી હતી, અને એ નદી પટણા પાસે ગંગાને મળતી. આ રાજા પાસે મોટી વાણિજ્ય સંસ્કૃતિ હતી અને યુદ્ધ યંત્રો જેવા હાથીઓની સેના હતી. એટલે એણે અંગોના (પૂર્વ બિહાર) રાજ્યને ખાલસા કરીને તેને પોતાનો પ્રાંત બનાવી દીધું. એણે કોશલ અને વૈશાલી સાથે સંબંધ શરૂ કરી દીધો અને ઉત્તર તરફ નેપાળની હદ સુધી એની લાગવગ અડી ચૂકી. એણે ગિરિવ્રજથી નીચે ઉત્તર તરફ રાજગૃહ નામનું એક નવું પાટનગર બંધાવવા માંડ્યું.

મહાભિનિષ્ક્રમણનો બનાવ

ત્યારે શાક્યોના પાટનગર કપિલવસ્તુમાંથી એક નવજુવાન મહાભિનિષ્ક્રમણ કરતો હતો. આ જુવાન ત્યાંનો ગણરાજ્યના ગણપતિ શુદ્ધોદનનો દિકરો હતો અને ગરીબો તથા ગુલામો બનેલા દુઃખી માનવોની યાતનાઓ પર રચાયેલા, ધનદોલતથી અને વૈભવ વિલાસથી ખદબદતા જીવન વહીવટમાં કંઈક ગંભીર એવું અસત્ય અથવા ક્ષતિ છે એમ નક્કી કરતો, સત્યની શોધ માટે કપિલવસ્તુને ત્યજીને નીકળી જતો હતો.

આર્યાવર્ત પરની સંસ્કાર હીલચાલ

ત્યારે અતિપ્રાચીન ઇતિહાસની તવારીખો સૈકાઓમાં ગણાઈ ગઇ હતી. ઇસુ પહેલાંના એકવીસ સૈકાઓ પર ક્રીટ ટાપુપરનાં બધાં નગરો સળગી ગયા પછી ગ્રીસદેશપર નૂતન ઇતિહાસના નવા સિમાડા પર પાયથાગોરાસ આંકડા ગણતો બેઠો હતો. ભારત પણ એવો જ અતિપ્રાચીન દેશ હતો. જેમ ગ્રીક દુનિયાના ટાપુઓ પર બન્યું હતું તેમ ભારત પર પણ હજારો વરસ પર જીવતાં નગરો રાવી અને ચિનાબના કિનારા પર દટાઈ ગયાં હતાં, અને ત્યાં મોત પામેલાં નગરનો ટીંબો બાઝી ગયો હતો. ઇજીપ્તનાં પિરામીડો નામનાં મૃત્યુ ધરોની છાયામાંથી મોસેસને હિજરત કરી ગયાને પણ હવે પંદરસો વરસ વીતી ગયાં હતાં. અને પંદર સૈકાઓ પછી ઝાંખી બની ગએલી અને વેરાઇ ગએલી ઇતિહાસની યાદનું જ જાણે પાયથાગોરાસ ગણિત ગણતો હતો. ત્યારે સંસ્કૃતિની સીમા પર ઉભો રહીને હીરિકલીટસ, એશિયામાઇનોરમાં મોટો અવાજ કરીને કંઈ કહેતો હતો. ઈરાનમાં જરથુસ્ટ ધીમી પડી જતી અગ્નિપૂજાને ઢંઢોળવા નવું ઇંધન ઉમેરતો હતો, ત્યારે ઇતિહાસની, વિશ્વઇતિહાસની સીમાપરથી

ચિરંતન જેવા ચીન દેશ પર લી–ઓ–ઝી અને કનફ્યુશિયસ શિરત શિખવાનો પદાર્થપાઠ આપતા હતા અને એ મહાનદેશની દિવાલ બનેલા હિમવાનને અઢેલીને ઊભેલાંને ચોખાનાં ખેતરોમાં વસતા શાક્ય માનવોના વૈરાગ્યનો શુદ્ધોદન નામનો ગણપતિ, હિમાવાનની અટારીઓમાં વસતી દેવજાતિમાં જઈને પાછા ફરેલા જુવાન દિકરા સિધાર્થની સાથે કોઈ ગંભીર મતભેદની વાત કરતો સંભળાતો હતો.

ત્યારે મહાભારત નામના આંતરવિગ્રહને લડાઈ ગયે પાંચ સૈકાઓ વહી ગયા હતા. આ આંતરવિગ્રહની કાળરાત્રિમાં જ યાદવાસ્થળી પણ થઈ ગઈ હતી. આ આંતરવિગ્રહ પછી વિજેતાઓ બધું જ હારી જઈ ને હિમાચળમાં ચાલ્યા ગયા હતા.

પણ તેનું અત્યારે શું હતું? અત્યારે તેના પર પાંચ સૈકાઓ વહી ગયા પછી હસ્તિનાપુરમાં મહાભારત ખેલ્યા પછી. ભારતની ધરતી પરથી ઈતિહાસ, પાટલિપુત્ર તરફ આવી પહોંચ્યો. પુરોહિતોએ પાછા અશ્વમેધ શરૂ થશે એમ ધારીને મેધ કરવાના મંત્રો ગોખીને તૈયાર કરવા માંડ્યા હતા. દેવદેવીઓની મૂર્તિઓને સાફસુફ કરીને અથવા નવી બનાવીને બ્રાહ્મણ હકુમત જાદુઓની ઘટનાના મંત્રો જપવા માંડી ચૂકી હતી. ત્યારે આર્યાવર્ત પર એવો સમય શરૂ થઈ ચૂકયો હતો.

આ સમયમાં જ જાણે વિશ્વ–ઇતિહાસની સીમાપર ઉભો રહીને પોતે ખેડેલી સફરોને યાદ કરતો ભારતની ધરતી પર ફેલાયલી યાતના અને બ્રાહ્મણ હકુમતના અંધારાથી ઉભરાતા કારભારને દેખી રહેતો સિદ્ધાર્થ પોતાની સાથે જ રથમાં બેઠેલા શાક્યગણના પ્રમુખ અથવા ગણપતિ શુદ્ધોદન ઉપરથી નજર નાખતો કહેતો હતો.

" કપિલવસ્તુમાં જે દુઃખ છે, દરદ છે, તેના પાયામાં જીવનના વહીવટમાં જ જે મોટો ભેદ છે તે સૌનું કારણ છે. આ ભેદ અજ્ઞાતનું રૂપ ધરીને, યજ્ઞો અને મંત્રો બનીને, દુઃખી માનવો પર યાતનાઓ ગોઠવતો જાય છે. આ ભેદ પોતે જ ભેદભાવ બનીને આપણી સંસ્થાગારમાં કાનૂન ઘડે છે અને બ્રાહ્મણોના જાદુઓ જેવા મંત્રો અને યજ્ઞો બને છે. આખો સંસાર આ ધરતીપર હકુમત કરતી ભેદ નીતિવડે યાતનામય બની ગયો છે, પિતા ! "

'તું કર્મના કાયદાને જ માનતો નથી. મંત્રની શક્તિને માનતો નથી, યજ્ઞોથી રીઝતાં દેવદેવીઓની આરાધનાને તું... " કંપી ઊઠતાં શુદ્ધોદને ભ્રૂમ પાડી, 'તારી પાસે બીજો શો ઉપાય છે?"

"જ્યાં શાક્ય અશાક્યના, ભેદ ન હોય તેવો સમાન માનવોનો સદાચારી સંઘ!" સિદ્ધાર્થ બબડ્યો.

"ક્યાં છે તે?" શુદ્ધોદને પૂછ્યું. કોઈ કંઈ બોલ્યું નહીં. પરસ્પરના મૌનથી કચવાતા પિતાપુત્રને લઈને, જૂની અને નવી દુનિયાને એક રથમાં જકડી લઈને ઘોડાઓ સંસ્થાગાર તરફ દોડતા ચાલવા માંડ્યા. શાક્યોનો રાજ-વહીવટ ચલાવતી સંસ્થાગારમાંથી પાછા આવ્યા પછી સિદ્ધાર્થે શુદ્ધોદનને કહ્યું, "મને માફ કરજો, જો હું અહીં રહી ન શકું તો?"

"કેમ?" શુદ્ધોદન નામનો શાક્યોનો ગણપતિ કંપી ઊઠ્યો.

"કપિલામાં, હું શાક્ય પણ નથી અને અશાક્ય પણ નથી. જ્યાં ભેદ છે ત્યાં હું નહીં હોઉં. જે ઘર જુલમ અને અજ્ઞાનમાં સળગે છે ત્યાં હું સુખથી રહી જ નહીં શકું!"

વિશ્વ ઇતિહાસનું નૂતન પ્રસ્થાન

કપિલા નગરીમાં એક મધરાતે એક મહાપ્રયાણનો બનાવ બન્યો. વિશ્વના ઇતિહાસે તેનું નામ મહાભિનિષ્ક્રમણ પાડ્યું.

આસનના પલંગમાં પડેલો સિદ્ધાર્થ નિર્ણય કરી નાખ્યો હતો. એ નિર્ધારના અક્ષરો એના અંતરમાં તેજનાં કુંડાળાં બનીને ચક્કરગોળ ફરતા હતા. એ અક્ષરો એને ઉશ્કેરતા હતા, કહેતા હતા: "અહીંની આ તારી છેલ્લી રાત છે."

"સિદ્ધાર્થ...સિદ્ધાર્થ!" મધરાત થવાને બે ઘટિકા હજુ તો બાકી હતી ત્યાં એનો અંતરનો અવાજ ખૂબ ઘાંટો હોય તેમ એણે ખૂબ સાંભળ્યો. એ તો જાગતો જ પડ્યો હતો. એણે યશોધરાના પલંગ પર નજર નાખી. બીજી યશોધરા પથારીમાં બેઠી થઈ ગઈ હતી.

"આવું સ્વપ્ન મેં કોઈવાર દીઠું નહોતું." એ સિદ્ધાર્થને ઊભો થએલો દેખીને બોલી: "મેં તમને ઊઠાડ્યા?" અને એણે સ્વપ્નની વાત કહેવા માંડી.

"હિમવંતપરથી ઝંઝાવાત ધુંકાયા, આપણા બાગનાં ઝાડ ઊખડી પડીને ઊડ્યાં. આપણા સૈનિકો લાકડાના બની ગયા ને ઊડવા લાગ્યા. આપણી દાસીઓનાં અંગેઅંગ છેદાઈ છેદાઈને ઊડવા માંડ્યાં. આપણો શયનખંડ હાલી ઊઠ્યો. રાહુલને મેં છાતીસરસો ચાંપી રાખ્યો હતો. આપણો ચંદનનો પલંગ સાવ લાકડાંના ટુકડા જેવો દેખાયો અને તમે કયાંય હતા નહીં...મેં બીજીવાર ઘૂમ પાડી."

"ઓથાર...! વસ્તુઓના પરિવારનાં માલિકોને તે ખોવાઈ જવાની ચિંતા ઓથાર બનીને ડરાવે છે. અમસ્તી બીધી, ઊંઘી જા યશોધરા!"

યશોધરા થોડીવારમાં જ પાછી ઊંઘવા માંડી.

સિદ્ધાર્થ પાછો ઊઠ્યો. સાથેના ખંડમાં ઊંઘતી નૃત્ય-દાસીઓને પણ છેલ્લીવાર દેખી લેવાનું એને મન થયું. એ સૌને એ ચાહતો હતો. એ સૌએ આજસુધી એને આનંદ આપ્યો હતો. એ બધાનાં ગીત અને નૃત્ય આકાર ધરીને જાણે એના અંતરમાં નાચી ઊઠ્યાં. યશોધરા પાસે એ પાછો આવ્યો. રાહુલ યશોધરાની છાતીમાં લપાઈને ઊંઘતો હતો. રાહુલને અદ્ધર ઊંચો કરીને દેખવાનું અને યશોધરાને એકવાર છેલ્લીવાર, આલિંગવાનું એને મન થયું.

પણ પેલા નિરધારે એને પાછો ખેંચ્યો. એણે આ બન્નેને મનમાં જ નમન કર્યું. દાસીઓના ખંડમાંથી એણે બહાર નીકળવાનું હતું. રાતના આવરણ નીચે પડેલાં પોતાના ભોગવિલાસનાં ભોગ બનેલાં યુવાન છોકરીઓનાં શરીરો પર એણે નજર નાખી: કોઈના હોઠ ખૂલ્લા હતા, કોઈની આંખો અરધી ખૂલેલી હતી, કોઈના ચહેરા પર વેદનાના ભાવ હતા, કોઈ સ્વપ્નો દેખતાં હતાં.

"શાક્ય અને અશાક્યોના ભેદવાળી દુનિયાએ જગતમાં માનવતાનાં બીજને...માનવ અંકુરોને ઉછેરવાની તાકાતવાળી આવી લાખો યુવતિઓને કારાગારમાં જકડી દીધી છે." એ બબડ્યો. બધા જકડાયેલાંને છોડાવવા જતો હોય તેમ એ ઉતાવળો બહાર નીકળી ગયો અને છન્નના ખંડ આગળ અટક્યો "છન્ન! ઊઠ...સમય થઈ ગયો છે."

"અત્યારે આપ?...મધરાતે!" ઉંબરામાંથી છન્ન જોઈ રહ્યો.

"મારા કંટકને તૈયાર કર અને તારા અશ્વને પણ...આપણે બન્નેએ પ્રયાણ કરવાનું છે."

"અત્યારે મધરાતે! કયાં?"

"મારી આજ્ઞાનો અનાદર ન કર." કોઈવાર નહીં સંભળાયેલો તેવો અવાજ સાંભળીને છન્ન ચૂપચાપ ચાલ્યો ગયો અને બન્ને ઘોડાઓ લઈને હાજર થયો. સફેદ કંટકને સિદ્ધાર્થ પાસે દોરી જઈને કંઈ અવનવું થવાની બીકવાળા ફિક્કા ચહેરાથી છન્ન તાકી રહ્યો.

સિદ્ધાર્થે છલંગ દીધી: "તારા અશ્વ પર સવાર થઈને મારી પાછળ ચલ્યો આવ." પાછો પેલો નિષ્ઠુર અવાજ સંભળાયો.

બન્ને ઘોડેસવાર ચૂપચાપ ચાલ્યા. એની નજર તળેથી રાજમહાલયની ધરતી પસાર થવા લાગી. જ્યાં એ રમ્યો હતો, જ્યાં એણે ભોગ ભોગવ્યા હતા, જ્યાં એની આસપાસ આનંદના અનેક આકારોએ સેવા બજાવી હતી, તે બધી જગાઓની યાદ એને જરા રોકી રાખતી, આડા હાથ ધરતી હતી. કપિલા-નગરીના રસ્તાઓ એના સફેદ અશ્વના પગ તળેથી ઝડપથી સરી જતા હતા. હિમવત પરથી કુંકાતા પવનની લહેરો કપિલાના જીવનમાં થઈને જેમ પસાર થઈ જતી, તેમ એ પણ પ્રાણની ફૂંક જેવો પસાર થઈ ગયો.

કપિલા નગરની બહાર દક્ષિણનો દરવાજો વટાવીને એણે કંટકને રોકયો. છન્ન પણ લગામ ખેંચીને શ્વાસ થંભાવીને કાન માંડીને ઊભો રહ્યો.

"છન્ન ! હું મારા ઘરનો ત્યાગ કરી જાઉં છું." સિદ્ધાર્થે કહ્યું.

"અંધારી રાતે !" છન્ન ચમકી ઊઠ્યો.

"અજવાળાની શોધ માટે." સિદ્ધાર્થે સ્મિત કર્યું. એક મોટા કડાકા સાથે વીજળીના ઝબકારાએ આ બન્ને જણની નજર એક કરી દીધી.

"આપણે ઉતાવળા જઈએ છીએ." બોલતાં સિદ્ધાર્થે કંટકને ફુદાવ્યો. પવન, વીજળી અને વરસાદના તોફાનમાં, ભયાનક અંધકારમાં ડુબી જતા અને વીજળીના ઝબકારામાં જગી ઊઠતા બન્ને અશ્વો ઊડતા હોય તેમ દોડ્યા.

ઘણા સમય પછી પાછો સિદ્ધાર્થનો ઘોડો થાકી ગયો અને અટક્યો. દુઃખથી અવાક બની ગયેલો છન્ન ઘોડા પરથી ઊતરીને સિદ્ધાર્થની સામે જઈને ઊભો.

"મને શી આજ્ઞા છે ?" છન્ન રડી પડ્યો.

"હું સત્યની શોધ કરનારો, રસ્તા પર રખડતો એક અદનો માનવ છું હવે, છન્ન... મિત્ર છન્ન, જઈને પિતાજીને, માતાજીને અને યશોધરાને કહેજે કે સિદ્ધાર્થ સાધુ થઈ ગયો છે."

છન્ન પથ્થર જેવો ઊભો.

"કંટકને અને આ મારા શણગારોને તારી સાથે પાછાં લઈ જા."

"તમારી પાછળ...શાક્યોની આખી નગરી રુદન કરતી હશે, સિદ્ધાર્થ !" છન્ને હોઠ દબાવીને ઘૂમ પાડી.

"ક્ષુદ્ર લોભથી તલવાર ચલાવીને લાખો માનવોનાં જીવનનો ભોગ લેતી બાહ્ય ઘટનાઓ ઘડેલા જીવનની ઘટમાળમાં ઊઠતા અદના માનવોના રુદનના ચિત્કાર ચાલુ છે. કપિલાનગરીમાં પાછા આવવાથી તે બંધ થશે નહીં...તે

અંધ કરવાની ઇચ્છાથી હું જૂના જગત સાથેનું બંધન તોડી નાખીને જાઉં છું. એટલા પૂરતો હું બધી જૂની વસ્તુઓ કરતાં વધારે ચોક્કસ બનું. એ બંધનોના છેદનથી મેં જૂના જગતના આધારે ઊભા કરતાં મારા જીવનને એક કદમ આગળ લીધું છે. હું જાનકી...રાધિને શરણે જાઉં છું. બસ ! કહેજો કે મારે માટે કોઈ રુદન કરે નહીં."

"ક્યાં જશો તમે ?"

"જંગલોમાં ભટકીશ...સત્યનો નિવાસ કરીશ. મને જે સત્ય દેખાશે તેટલેવા વસ્તીમાં ફરીશ. કોઈ [illegible] આપશે તો [illegible] રાધિનું શરણ સ્વીકારીશ."



સ્વાર્થ છત પર ઠેરવી નજર નાખીને આગળ વધ્યો.

સિદ્ધાર્થ પાછું જોયા વિના આગળ ને આગળ વધ્યો. ભયાનક અંધકાર. વરસાદ, વીજળીના ઝબકારાઓ અને અંધારા ચીરે અરણ્યે એને પોતાની અંદર સમેટી લીધો.

નૂતન સ્થાપ્યો : કયો આગ-ઝરો ફૂંકાતું હતું ?

જ્યાં માનવજીવન એક ચોક્કસ દિશામાં વ્યવહાર [illegible] ઊભું હતું ત્યાંથી સદંતર અલગ ગોતનબુદ્ધ [illegible] આર્યાવર્ત જાગ્યું. આ વિરાટ સાંસ્કૃતિક રેલના વ્યવહારનો, માનવજીવનના આદર્શોની સવાલ [illegible] જેમ ત્યારના [illegible] પર જેમ ભારતદેશ [illegible] આર્યાવર્તનો પણ [illegible] નૂતન સ્વરૂપ [illegible] મૂર્તિ પૂજન દેવદેવીઓને

રિઝવવા માટેની હતી અને તે માટેના ક્રિયાકાંડોની બની હતી, તથા ઊંચનીચની ઘટનાને ટકાવનારી, કર્મના કાયદાના કલેવર વાળી હતી. ભયાનક એવા ધર્મરૂપ સાથે મનુષ્ય મનુષ્ય વચ્ચેના વર્તનની પ્રમાણિકતાનો, સચ્ચાઈનો, બંધુભાવનો એક બીજા તરફના સહચાર કે સહચારની નીતિમત્તાના કોઈ પણ સવાલનો સીધો કે આડકતરો કશો જ સંબંધ હતો નહીં.

એણે નક્કી કરેલું આ સમયની દુનિયાનું કર્તવ્ય દેખાઈ ચૂક્યું હતું. એ કર્તવ્ય દેવતાઓને પ્રસન્ન કરવા અથવા સંતોષવા અને પછી ગમે તેવું વર્તન માનવ સમુદાય સાથે રાખવું. દેવતાઓનાં મૂર્તિરૂપોની પોતાના સ્વ-સંકુચિત સંતોષ સિવાય બીજી કોઈ ઇચ્છા હતી જ નહીં. આવા દેવતાઓની આરાધનાના અનેક નિર્દય ક્રિયાકાંડો બનતા હતા. મનુષ્યે આ ક્રિયાકાંડો કરીને દેવતાઓને પ્રસન્ન રાખવાના હતા અને પછી સ્વચ્છંદ અને યથાશક્તિ "મારે તેની તલવારનો" વ્યવહાર ચલાવ્યે રાખવાનો હતો. દેવતાઓની-મૂર્તિઓ એની પાસે બીજી કોઈ જવાબદારી માગતી નહોતી. દેવતાઓ પોતાનાં ભક્તો પાસે કોઈ સામાજીક ફરજોનું કશું પાલન માગતાં નહોતાં.

જો મનુષ્ય આ મૂર્તિઓને પૂજે નહીં, તેની આરાધના કરવાના ભોગ ધરાવે નહીં, તેને સંતોષવા અપવાસ કે તપ કરે નહીં તો ગુસ્સે થતાં દેવતાઓ તેને ગમે તેવી શિક્ષાઓ કરતા હતા, અને તેની પાસે વધારેને વધારે યાત્રાઓ, યજ્ઞ યાગો, ભોગો પ્રાર્થનાઓ વિગેરે માગ્યા કરતાં હતાં. આ દેવતાઓની બધી ચાવી બ્રાહ્મણ ધર્મ પાસે હતી. આવું ભયાનક ધર્મરૂપ ગૌતમે પોતાની ધરતીપર વિકાસ પામતું દેખ્યું હતું. આ ધર્મરૂપની દિવાલો ચણનારી પુરોહિતો અથવા બ્રાહ્મણોની હકુમત વેદ સમયની નિસર્ગસુંદરતામાંથી નીકળીને ચૂકેલી હતી. જાદુ, યજ્ઞો, તપની યાતનાઓ, ક્રિયાકાંડો, ભોગ વગેરે અનેક રૂપોને ધર્મની ઘટમાળમાં મઢીને, આ ઘટમાળ તેને માનવ માનવ વચ્ચેનો નીતિમત્તાથી બધી રીતે વિરક્ત અને અળગી બનાવી દેતી હતી. અજ્ઞાન, અંધકાર અને અવિદ્યાની આવી વિકરાળ દિવાલ આગળથી એણે માનવ વ્યવહારને નૂતન પ્રયાન માટે હાકલ કરી. ત્યારે ઈસુને જન્મવાને ચારસો વરસની વાર હતી.

ભારતની ધરતી પરથી જાણે સમયના સિમાડા પર ઉભો રહીને, મૂર્તિપૂજક ધર્મરૂપની અઘોર ઘાતકતાને દેખતો, શાકયમુનિ અથવા ગૌતમ ઊંડા વિચારમાં ગરકાવ થઈ જતો હતો. સામાજીક નિતિમત્તા વિનાનું બિહામણું ધર્મરૂપ આગળને આગળ વધ્યા જ કરેતો.....!"

એ કલ્પનાજ કેવી માનવીના સંસ્કારભાવને કમાવી મૂકે તેવી હતી! પુરૂષ અને સ્ત્રીનાં લીંગથી માંડીને તે તમામ જાતની ભૂતાવળો અને અજ્ઞાન-



ગૌતમ બુદ્ધ

રૂપોની મૂર્તિઓ ઘડી ઘડીને, આ મૂર્તિઓને જ જે માનવસમાજ, યાત્રાઓ વડે, પશુઓ અને મનુષ્યોના ભોગ વડે, પ્રાર્થનાઓ અને દેહદમન વડે, આરાધ્યા કરે અને પછી માનવસમુદાય સાથે ગમે તેવા અપ્રમાણિક, અને અસામાજિક આંતર કલહનો વ્યવહાર કર્યા કરે તો, માનવીના ઈતિહાસની ગતિ કેવા ભયાનક ગર્તામાં ગબડી પડીને સંહારમાં ડૂબી જઈ શકે તેની કલ્પના કરતો સિદ્ધાર્થ શાક્યોના સમૂહમાંથી નિષ્ક્રમણ કરી ગયો.

મૂર્તિપૂજાઓના, જાદુઓના અને યજ્ઞ યાગોની મેલી ઉપાસનાના સંસ્કૃતિનો ઘાત કરનારા ભંડારિયામાંથી આ મહાનિષ્ક્રમણ સાથે જ જાણે માનવજાતના ઐતિહાસિક કદમે પણ બુદ્ધ થવાનું અથવા માનવીને શોભે તેવું ભાન પામવાનું ક્રાંતિકારી પગલું ભર્યું.

"પોતે ક્યાં જતો હતો!" એવા ત્યારની દુનિયાના બધા સવાલોનો એણે એક જવાબ દીધો, "હું સંઘને શરણ જાઉં છું.....હું ધર્મ અથવા માનવ ધર્મને, અને મનુષ્યના મનુષ્ય સાથેના વર્તનધર્મને શરણે જાઉં છું."

એવો ગૌતમ, નૂતન પ્રસ્થાન વડે નૂતનભાન અથવા બુદ્ધને શરણે ગયો.

સિકંદર અને ચદ્રગુપ્ત

ઈ. સ. પૂર્વે ૩૨૭ માં જગતને જીતવા નીકળેલો, ગ્રીસનો ચક્રવર્તિ સિકંદર ઈરાનને જીતી લઈને હિંદુકુશને ઓળંગીને હિંદી ભૂમિપર ઉતરી પડ્યો. એક વરસ



સુધી ઉત્તર પશ્ચિમના સરહદી પ્રદેશોને સર કરીને સિકંદરે સિંધુને ઓળંગી. સિકંદરના ધસારા નીચે તક્ષિલ્લાનું વિદ્યાનગર સૌથી પહેલું પતન પામ્યું. આ વિદ્યાનગર એશિયાનું સૌથી વધુ વિદ્યાધામ હતું. આ નગરની વિશ્વવિદ્યાલયમાં જ ભણીને મગધમાંપાછો ગએલો ચંદ્રગુપ્ત મગધના સિંહાસન પર બેઠો હતો તથા તેનો તક્ષિલ્લાનો સાથીદાર વિષ્ણુગુપ્ત ચાણુક્યનામ ધારણ કરીનેઅમાત્ય પદે આરૂઢ હતો. હિંદ પર આ મહાનએવું

શુદ્ર ચક્રવર્તિનું શાસન શરૂ થઇ ગયું હતું. આ શાસનનું પાટનગર પાટલીપુત્ર હતું. મહાભારતના યુદ્ધ પછીનું આ ભારતનું ઇંદ્રપ્રસ્થ બન્યું હતું તથા ચક્રવર્તિનું શાસન પાટલીપુત્રમાંથી આખા દેશ પર પહેલીવારની સર્વાંગી શાસન એકતા રચતું હતું. નવ માઇલ લાંબા અને બે-માઇલ પહોળા એવા આ મહાન પાટનગરને અને તેના ચક્રવર્તિને દૂરથી જ પ્રણામ કરીને જગત જીતવા નીકળેલો સિકંદર આ જગત જેવા વિશાળ દેશને જીતવાની હિંમત હારીને પાછા વળવાની તૈયારી કરતો હતો.

ચંદ્રગુપ્ત અને ચાણુક્યનું શાસનચક્ર

ચંદ્રગુપ્ત ચક્રવર્તિ હતો પરન્તુ શાસનચક્રનું સર્વાંગી શિસ્ત ચાણુક્ય અથવા કૌટિલ્યે રચી દીધું હતું. ઇતિહાસના રાજદ્વારધરોમાં અગ્રણી એવા આ અમાત્યે, ચક્રવર્તિના શાસન માટે અર્થકારણ અને રાજકારણ લખી નાખ્યું હતું. આ નિયંત્રિત શાસનનું શાસ્ત્ર એણે ચક્રવર્તિના રોજબરોજના જીવન સાથે પણ જોડી દીધું હતું. ચંદ્રગુપ્તના બધા દિવસો તેવુ મિનિટનો એક એવા સોળ સમયમાં એણે વહેંચી દીધા હતા. દરેક સમયમાં ચક્રવર્તિ નેમિ પર ફરતા ચક્રની જેમ ક્રિયાશિલ રહેતો હતો.

શાસનનો સઘળો વ્યવહાર ચાણુક્યના હાથમાં હતો. આ ચાણુક્ય પોતે બ્રાહ્મણ હતો પણ મહાન સુધારક બનીને બ્રાહ્મણની હકુમતની સંકુચિતતાનો પ્રતિકાર કરતો ચંદ્રગુપ્તના શુદ્ર શાસનનો સંસ્કાર રચતો હતો. આ મહાન શાસક પાસે શાસનનું અર્થશાસ્ત્ર હતું. આ શાસન શાસ્ત્રનો વિકાસ, એના અધિકાર નીચે સંપૂર્ણ વિકાસને પામી ચૂક્યો. આ શાસનતંત્રનું નિયંત્રણ લશ્કરી ખાતામાં, મહેસુલી ખાતામાં, આબકારી ખાતામાં, સરહદી ખાતામાં વાહનવ્યવહાર અને ખેતીવાડી તથા નહેર અને ખાણખાતાંઓ ચલાવતું હતું. આ મહારાજ્યનું શાસનચક્ર વાણિજ્યખાતાની, નૌકાખાતાની, જંગલખાતાની, જાહેર કલ્યાણખાતાની, તથા નાણાંખાતાની, અનેક ક્રિયાઓના સંચાલનનું સ્વરૂપ ધારણ કરતું હતું. આ બધા શાસનચક્ર નીચે ધરતી પર પગ ગોઠવીને બહુજન શાસનનાં ઘટકોમાં રોપાયલું પંચાયતશાસન ચાલતું હતું. પંચાયતનાં આ ગ્રામ ઘટકો ગામેગામની ન્યાય સમતાને કૌટિલ્યે લખ્યા પ્રમાણે સાચવનારાં ન્યાયખાતાંઓ હતાં. આ ન્યાયાધીશીઓ, કસ્બાઓ અને નગરોમાં તથા જીલ્લાઓમાં પોતાની વડવાઇઓ જેવી અદાલતોનાં રૂપ ધારણ કરતી હતી, અને સર્વોચ્ચ એવી અદાલતો રાજ્યનિયુક્ત અદાલતો હતી તથા છેવટનું ન્યાયાસન, ચક્રવર્તિના સિંહાસનની આસપાસ ગોઠવાયલી રાજ્યસમિતિનું હતું.

આ રાજશાસનમાં ન્યાયનું રૂપ કેવું હતું પણ આ કૌટિલ્યને ધારણ કરનારું તંત્ર કેવું હતું તે જાણવું કરનારું તંત્ર કેવું હતું તે જાણવું કરનારું તંત્ર કેવું હતું તે જાણવું

વરસના શાસન પછી કંટાળી ગયો. આ સમયમાં એનું શાસન સર્વશક્તિમાન દેખાતું છતાં, અનાવૃષ્ટિના દુષ્કાળ નીચે આવી પડ્યું. ધાનના બધા ભંડારો એણે ખુલ્લા મૂકી દીધા પછી પણ ભૂખ્યાંઓની હોજરીની આગ હોલવાઈ નહીં. ચક્રવર્તિ જેવો ચક્રવર્તિ માનવ સમુદાયને સુકાઈ સુકાઈને મરતો દેખતો, વિરાગી બન્યો. એણે લોકસમુદાયના જીવનનું ધારણ નહીં કરી શકનાર સિંહાસનનો ત્યાગ કરી દીધો તથા આમરણાંત ઉપવાસ આદરીને, સંસ્કારની લાગણીની પરાકાષ્ટા અનુભવી. લોહીના ટીપેટીપાને સૂકવી નાખીને ભૂખની પિડાનો જાતઅનુભવ કરીને દુષ્કાળ પિડીત માનવોનો એણે સ્વેચ્છાથી સાથ સ્વીકારીને આત્મ સમર્પણ કર્યું.

ચંદ્રગુપ્તની ગાદી પર બિંદુસાર આવ્યો. અને બિંદુસાર પછી પેલા મહાન ચક્રવર્તિનો સંસ્કારવારસ હોય તેવો અશોક ભારતની ભૂમિ પરથી વિશ્વઇતિહાસનો એક અને અનન્ય એવો સંસ્કાર સમ્રાટ બન્યો. આજ સુધી કોઈનું હતું નહીં એવા વિશાળ રાજ્યનું શાસનચક્ર ઈ. સ. પૂર્વે ૨૭૩માં અશોકે ધારણ કર્યું. આ શાસન નીચે અફ્ગાનિસ્તાન, બલુચિસ્તાન તથા સમસ્તહિંદ પ્રદેશ હતો. છતાં અશોકની હકુમત નીચે દક્ષિણનો એકલો તામીલ પ્રદેશ હતો નહીં. ચંદ્રગુપ્તના પૌત્ર અશોકે, પોતાના ચક્રવર્તિ પિતામહની સમશેર ધારણ કરીને, ચાણક્ય જેવા બ્રાહ્મણ અમાત્યના અર્થશાસ્ત્રને ધારણ કરીને સર્વાંગી શિસ્ત પર રચાયલા રાજતંત્રની, ન્યાય સમતાની ધુરા ધારણ કરી. ત્યારે આ ભારતની ધરતી પર પહેલીવાર સ્થપાયેલી રાષ્ટ્રએકતાના વહીવટ સામે બ્રાહ્મણ હકુમતનો છૂપો બળવો ચાલુ હતો. બ્રાહ્મણ હકુમતનું પ્રત્યાઘાતી રૂપ આ પ્રગતિશિલતાનું દુશ્મન હતું. બ્રાહ્મણોની સંકુચિત વિચારસરણીએ આ મહાન સમ્રાટના મહાન વહીવટ સામે પ્રચાર શરૂ કરી દીધો. આ પ્રચારે જ પાટલીપુત્રની ઉત્તરમાં આવેલા કેદખાનાનું નામ "અશોકનું નરકાગાર" એવું પાડ્યું હતું તથા એ હકુમતે લખેલા પછીના ઇતિહાસમાં તેનાં કપોલ-કલ્પિત ચિત્રો ચિતરવામાં આવ્યાં હતાં. ચંદ્રગુપ્તના સમયથી જ ગળથુથીમાં, જૈનધર્મના અહિંસા સંઘનો સંસ્કારનો વારસો આ સમ્રાટે મેળવ્યો હતો. આ વારસામાં વણાયેલી એની સંસ્કાર બુદ્ધિની કસોટી કલિંગના યુદ્ધમાં થઈ. આ યુદ્ધનો સંહાર દેખતાં આ સમ્રાટે કલિંગની જનતા પરના આક્રમણ માટે, ઇતિહાસમાં જેનો જોટો નથી એવી માફી માગી અને પ્રાયશ્ચિત શરૂ કર્યાં. એણે સહન કરનારાં સૌ જનોને શક્ય એટલી બધી રીતે સંતોષવાનો પ્રયત્ન કર્યો. એણે પોતાના રાજ્યભરમાંથી કારાગારો નાબૂદ કરાવ્યાં. એણે ગૌતમબુદ્ધના સંઘમાં સભ્ય બનીને પ્રવેશ કર્યો તથા શિકારખાતાને પોતાના

રાજ્યમાંથી બંધ કર્યું, તથા અષ્ટશિલમ સ્વીકારીને, ધર્મરાજ્ય શરૂ કર્યું. આ નૂતન ધર્મરાજ્ય કોઇ ધર્મના ક્રિયાકાંડનું નહિ પરંતુ નીતિમય જીવનના આઠ સિદ્ધાંતોનું શાસન વહીવટી ધર્મરાજ્ય બન્યું.

પોતાના શાસનના અગીઆરમા વરસે અશોકે, પોતાના શાસનચક્ર નીચેના પ્રદેશ પર નીતિના વ્યવહારના લેખો કોતરાવીને સ્થળે સ્થળે સામાજિક સંસ્કારનાં સ્વરૂપો છાઈ દીધાં. ઈસુને જન્મવાને હજુ જ્યારે બસો વરસની વાર હતી ત્યારે, મનુષ્ય મનુષ્ય વચ્ચેના બંધુભાવનો નિત્યક્રમ એની આ શાસન ચક્રની ધુરા પર વ્યાપક બનીને ફરવા માંડયો. આખો શાસનપ્રદેશ આ શાસનચક્ર નીચે, અથવા અશોકચક્ર નીચે, એક મહાન અને દેશવ્યાપી વિદ્યાપીઠ તથા જનકલ્યાણનું કેંદ્ર બની ગયો. એકેએક ખાતાના અમલદારનું રૂપ લોકશિક્ષણને અનુરૂપ બને તેવું સૌમ્ય અને લોકઅનુરાગ ધરવાના શિરસ્તાવાળું શરૂ થયું. જાણે વ્યાપક, વિશાળ, અને સર્વોચ્ચ એવી વિશ્વવિદ્યાપીઠ ભારતની ધરતી પર ચણાવા માંડી. આ ચણતરના પાયામાં લોકવિરાટ હતો. આ વિશ્વ-સંસ્કારની અનુપમ ઘટનાના શિખર પર એક સંસ્કારગુરૂ અશોકચક્રને ધારણ કરીને, આ ચક્રને પોતાના વહીવટીતંત્રની ધરી પર પરોવીને, સંચાલન કરતો બેઠો હતો. જગતભરમાં અજોડ અને ઇતિહાસમાં અનન્ય એવો આ પ્રયોગનો સંચાલક અને સંવાહક અશોક નામના સમ્રાટનું એક વ્યક્તિરૂપ હતું.

પણ એ જ એની ખામી હતી, અથવા ઇતિહાસના અણવિકસીત લોક પરિબળની એ ખામી હતી. જ્યાંસુધી રાષ્ટ્ર અથવા પ્રજાના જીવન વહીવટનું તંત્ર લોકશાહી અને લોક સંચાલિત તથા, લોકભાનવાળું હોય નહીં ત્યાં સુધી ઉપરથી નવાજવામાં આવેલું સંસ્કારરૂપ સમ્રાટના એકહથ્થુ નિયંત્રણ વડે યંત્રવત ચલ્યા પછી યંત્રવત બંધ પડી જતું હોય છે.

આ શાસન ચક્રનું પણ એમજ બન્યું. સંસ્કારના માનવબંધુતાવાળા સ્વરૂપનું આ વહીવટી આલેખન આ ધન્ય ધરતીપર, ચોરાસીહજાર જેટલી બુદ્ધ સંઘોની, સેવા સમિતિઓની છાવણીઓ બાંધી શકયું. ઠેર ઠેર સંસ્કાર લેખો કોતરાવી શકયું. તથા સિલોન, સીરિયા, ઇજીપ્ત, ગ્રીસ, મિંદેશિયા તથા મધ્યપૂર્વના રણ પ્રદેશોપર આ સંસ્કાર વિસ્તારના પ્રચારકો મોકલી શકયું તથા એશિયાભરના પ્રદેશોપર ન્યાય સમતા અને માનવ બંધુતાની હવા ફેલાવી શકયું અને ઇસુને જન્મ પામવાના તથા રોમન જાલીમશાહી સામે ગુલામોના બળવાઓના પુણ્ય પ્રકોપનાં વિજાણું વિંઝી શકયું. પરંતુ અશોકના મરણ પછી તરત જ, સંસ્કાર વહીવટની આ વિશ્વ વિભાવના, પ્રગતિવિરોધી એવી બ્રાહ્મણ ઘટનાના બળવા

નીચે તૂટી પડી. સુરાષ્ટ્રના બ્રાહ્મણ સુબા પુષ્યમિત્રે એના મરણ સમયે બળવો પૂકાર્યો તથા ગલીચ એવો અશ્વમેધ શરૂ કરીને, હિંસાનું શાસન શરૂ કર્યું.

ભારતની ધરતીપર ગુપ્ત વંશનું શાસન શરૂ થયું. છ સૈકાઓ સુધી આ શાસને ચંદ્રગુપ્ત અને અશોકે ઘડેલી શાસનતંત્રની વ્યવસ્થાના વારસાપર સંસ્કારને બદલે બ્રાહ્મણ હકૂમતે સુવર્ણયુગની રચના કરી.

અમર અશોકચક્ર

સંસ્કાર યુગ પછી ગુપ્તવંશનો વિક્રમાદિત્યના શાસનનો સુવર્ણયુગ આ ધરતીપર આવ્યો અને સુવર્ણના ઝબકારા જેવો શમી ગયો. આ સુવર્ણયુગનું સુવર્ણ અને જ્હોજલાલીએ આ ભૂમિપરનાં દોલતખાનાંને દીપાવ્યાં તથા બ્રાહ્મણોએ આ યુગની સાલગિરાહ ઉજવવા દિવાળીની રચના કરી.

પરન્તુ આ ભૂમિપર એકલા અશોકનો સંસ્કારયુગ જ અમર બની શકયો. અંધારા સૈકાઓ પસાર થયા પછી, વિમુક્ત બનેલા આ મહાન રાષ્ટ્રે પોતાની વિમુક્તિ પછીની લોકશાહીની સરકારી કાર્યવાહી તથા લોકસભાના શાસન પર, અશોકચક્રને જ અપનાવ્યું.

૯ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું રેખાચિત્ર

[આર્યોના આરંભ સમયનું સંગઠન રૂપ—રાજશાહીમાં શ્રેણિનાં ઘટકો—પ્રાચીન હિંદનો વૈદિક જમાનો—ઉપનિષદ્નો સંસ્કાર યુગ—બ્રાહ્મણ હકુમતનો આરંભ અને સાંખ્યદર્શન—કર્મોનો કાયદો અને ન્યાય સમતા—બહુજનહિતવાળો વિચાર પ્રવાહ—માનવબંધુતાનો પહેલો સંઘ—વિશ્વઇતિહાસનું સંસ્કાર સ્મિત—વિશ્વઇતિહાસના ઉદયાચલનું બુદ્ધરૂપ—સામાજિક ઉત્થાનનું માનવધર્મ રૂપ—ધર્મનીતિનિરપેક્ષ એવી બુદ્ધની હીલચાલનું સંગઠન—અશોક અને ગુપ્તશાસન વચ્ચેનો સંધિ સમય—ભારતીય વિદ્યાકલા, ગણિત અને ખગોળ, અને વૈદકીય વિજ્ઞાન—ભારતીય સંસ્કૃતિનું મૂલ્યાંક]

આર્યોના આરંભ સમયનું સંગઠનરૂપ

આર્યોના આવતા પહેલાં આ ભૂમિ પર સિંધુ અને સમુદ્રના કિનારાઓ પર વાણિજ્ય સંસ્કૃતિનો વાસ હતો. આ સંસ્કૃતિનું સ્વરૂપ આપણે પાછલા



પ્રકરણમાં દેખ્યું છે. આ સંસ્કૃતિ પર આક્રમણકારી રૂપને ધારણ કરીને આર્ય ઘટકો હિંદમાં આવ્યાં ત્યારે હિંદનાં મૂળ વતનીઓમાં નાનાંમોટાં રાજ્યો દેખાતાં હતાં. વહાણવટું વિકસેલું હતું. વ્યાપારી સમાજના એ ઘટકનું વાણિજ્યરૂપ આગેવાન હતું. એ રૂપ નગર સંસ્કૃતિનું વાણિજ્યરૂપ હતું. પછી જીવનની સામાજિક ઘટના તેમાં સેળભેળ થઈ. આર્યોએ પોતાના અંદરઅંદરના વ્યવહાર જાળવવા જનસમિતિની શાસન પ્રથા જાળવી રાખી. આર્યોના જીવનની ઘટના જેમ સ્થિર થતી ગઈ તેમ આપખુદ રાજાઓ અથવા જનસમિતિઓમાં સંકળાતી ગઈ. એ માટે આર્યોના અંદરઅંદરના અને વતનીઓ સાથેના ખૂતખાર એવા કેટલાય કલહો સળગી ઉઠ્યા. આર્યાવર્ત પર શાસકોની જનસમિતિ મારફત શાસન કરનારાં ઘટકોની સંખ્યા ધીમે ધીમે ઓછી થતી ગઈ. આ શાસનમંડળો એક જાતિનાં અથવા ગણનાં હતાં. એવાં શાસક ઘટકો અથવા ગણનાં ઘટકો ગ્રીસ અને રોમની તથા બીજી જૂની સંસ્કૃતિઓમાં પણ હતાં. એ ઘટકો શાસક વર્ગમાંથી

ચુંટાયલી કે કુળો મારફત નિમાયલી જનસમિતિનાં બનતાં તથા એ જનસમિતિનું શાસન બીજા નીચલા વર્ગો પર ચાલતું.

રાજશાહીમાં શ્રેણીનાં ઘટકો

પછી રજવાડાશાહીના આરંભથી સમાજ ઘટનામાં શ્રેણી નામનાં સંગઠન, પૈસા ધીરધારનાં, વેપાર કરનારનાં, ધર્મગુરુઓનાં, કારીગરોનાં કે નટોનાં હતાં. બેડૂતતો ગુલામ અથવા અર્ધગુલામ હતો. બીજી મહેનત મજુરી કરનારને પોતાનું સંગઠન બાંધવાનો કોઇપણ હક્ક હતો નહિં. આ વર્ગ, દાસો અથવા ગુલામોનો હતો, તથા સંગઠન વિનાનો હતો. એકલા વચલા વર્ગોની આવી શ્રેણીઓ આ સમાજ ઘટનાની અંદરનાં મહાજનો કે સંગઠનો હતાં. એવાં સંગઠનો પોતાની અંદરના સવાલો ઉકેલતાં, અંદરના વ્યવહાર માટે ધારાધોરણો ઘડતાં અને અંદર અંદરનો ઉકેલ અશકય બને ત્યારે રાજા કે શાસન વ્યવસ્થા વચમાં પડતી.એ સંગઠનો પર એક સરપંચ કે પ્રમુખ નિમાતો કે ચુંટાતો. એવાં મહાજનોનો ખ્યાલ રાખતું અને વ્યવસ્થા રાખતું ત્યારના શાસનતંત્રમાં એક ખાસ ખાતું રાખવામાં આવતું એવો ઉલ્લેખ કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં કરવામાં આવ્યો છે. રજપૂતયુગના આરંભમાં થયેલા હર્ષવર્ધનના વૈશ્ય શાસનમાં આવાં મહાજનોને સારી ઉત્તેજના મળી હતી. તથા રજપૂત શાસન કાળમાં પણ આ મહાજનો ચાલુ રહ્યાં હતાં.

પુરાણના બ્રહ્મખંડના ૧૦મા અધ્યાયમાં કારીગરો કે જેમની પાસે પોતાનાં મહાજનો કે શ્રેણીઓ હતાં તેવા વિશ્વકર્માઓ અથવા કારીગરોમાં માળાકાર (માળી) કર્માકાર (લુહાર) કાંસાકાર (કંસારો) સંખ્યાકાર (છીપો) તાંતુબી (વણકર) કુંભકાર (કુંભાર) સૂત્રકાર (સુથાર) સ્વર્ણકાર (સોની) તથા ચિત્રકારની ગણના કરવામાં આવે છે. એ જ રીતે ગામોમાં જમીનદારો અથવા શાહુકારોની શ્રેણીઓ પણ હતી તથા હાલી અથવા ગુલામ કિસાનોની મહેનત પર જીવતો એ વર્ગ પોતાની શ્રેણી મારફત ગામનો વ્યવહાર ચલાવતો.

પ્રાચીન હિંદનો વૈદિક જમાનો

આવો હિંદી સમાજ ઘટનાનો આદિકાળ ચાર વેદમાં ગુંથાઈને અનેક શ્લોકમાં મોઢે બોલાતા વારસામાં દેવાતો હતો. મોઢે કરાઈને સ્મૃતિમાં જ કોતરાઈ રખાતી વેદની રૂચાઓ કે શ્લોકો આગળ વધતા જીવનમાં ફેરફાર સાથે વણાતાં જતાં હતાં અને બદલાયા કરતાં હતાં. વૈદિક જમાનાના આ વેદ-સાહિત્યમાં આગળ વહેતા જમાનાના જીવન સંજોગોમાંથી બ્રાહ્મણ નામના પાઠ ઉમેરાયા. વેદની રૂચાઓ દેવ દેવીઓની કુદરતની સ્તુતિ ગાતી હતી. નવા

ઉમેરાયેલા પાઠોએ યજ્ઞ-યાગ અને વિધિ વિધાનના ક્રિયાકાંડોના નિયમો, સુચનાઓ અને અર્થો આપ્યાં. ત્યાં સુધીમાં આર્યજીવન કોસલ અને વિદેહ સુધી પહોંચ્યું હતું. ત્યાર પછી ઘણા સમય બાદ આરણ્યક અને ઉપનિષદ લખાયાં અને સૂત્રો લખાયાં. સૂત્રોએ યજ્ઞ-યાગો કરવાના નિયમો અને વિધિઓ આપ્યા. એ સાહિત્ય શ્રોત સૂત્રો હતું. પછી ધર્મસૂત્રો થયાં. ધર્મ સૂત્રોએ બ્રાહ્મણ હકુમતનો હિંદુ કાયદો ઘડવાનો આરંભ કર્યો અને ગૃહ્ય સૂત્રોએ જન્મ, લગ્ન, ઉપનયન મરણ વગેરે જીવન પ્રસંગોના ક્રિયા-કાંડોના વિધિઓ આપ્યા.

ઉપનિષદનો સંસ્કારયુગ

ઈ. સ. પૂર્વે એક હજાર વરસથી આરંભાતો ઉપનિષદનો કાળ, ધર્મના જુદા જુદા વહેમો તરફના અસંતોષનો યુગ બન્યો અને જીવનના આખરી સત્યનું ચિંતન શરૂ થયું. કવિતામય અને જાદુ જેવા કર્મકાંડો પછી ચિંતન શરૂ થયું. જીવન છેવટે શું છે, શું હોવું જોઈએ અને શા માટે છે! વગેરે સવાલો શરૂ થયા. એક અવાજ એવો હતો કે જીવન એક બંધન છે તથા તેમાંથી મુક્તિ કે મોક્ષ એ ધર્મનો હેતુ હોવો જોઈએ. બીજો વિચાર પ્રવાહ એમ કહેતો હતો કે એક વિશ્વવ્યાપી આત્મતત્ત્વ છે તથા માનવમાત્રનો આત્મા એ તત્ત્વનો અંશ છે. તથા આ તત્ત્વના સંસ્કારનો આવિષ્કાર જીવનમાંજ થવો જોઇએ.

છાંદોગ્ય ઉપનિષદમાં ઉદાલિક એના દિકરાને પાણીમાં મીઠાનો ટુકડો નાખવા કહે છે અને પછી બીજે દિવસે સવારમાં પાણીના વાસણમાંથી એ ટુકડો પાછો કાઢી લેવા ફરમાવે છે. છોકરો તેમ કરી શકતો નથી અને પછી ઉદાલિક તેને પાણી ચાખવાનું કહે છે. ઉદાલિક સમજાવે છે કે નહિ દેખાતું અને નહીં અડકાતું છતાં મીઠું પાણીમય થઈ ગયું છે તેમ રીતે સત્ય અથવા વાસ્તવતા દરેક શરીરમાં વ્યાપેલી છે. અણુ આ સૃષ્ટિનું આખરી તત્ત્વ છે તે સત્ય છે, તે આત્મા છે. તે તું છે.

પરન્તુ એ જ છાંદોગ્ય ઉપનિષદમાં પછી એક નવી વાત ઉમેરાઈ, કે આત્મા હરીફરીને શરીરોમાં પુનર્જન્મ પામ્યા કરે છે. જેનું જીવન આગલા જન્મમાં પુણ્યશાળી હોય છે તેને જ ઉંચો જન્મ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યનો દેહ મળે છે અને પાછલા જન્મમાં પાપ કરનાર કૂતરો, ડુક્કર કે ચંડાળના શરિરમાં જન્મે છે; અને બ્રાહ્મણ પુરુષ તથા શુદ્રસ્ત્રીથી જન્મનાર ચંડાળ કહેવાય છે.

બ્રાહ્મણ હકુમતનો આરંભ

આ સાથે આગળ વધેતો જમાનો બ્રાહ્મણહકુમતની ઘટનામાંથી બ્રાહ્મણના હિતનો રીતમાં, બ્રાહ્મણના અને બ્રાહ્મણે ગોઠવેલી વ્યવસ્થાની રચનામાં ચિંતન

કરવા માંડ્યો હતો. તે સમયનો દેશકાળ એ હકુમતની આસપાસ ફરતો હતો. તે સમયનો શાસક, બ્રાહ્મણ સમાજ સમયના પ્રવાહને પોતાની આસપાસ સ્થિર કરવા મથતો હતો. બ્રાહ્મણ હકુમતનો બીજો કાયદો ચિંતન બનીને સ્ફુરણ પામતો હતો કે આ ચાલુ જિંદગીનું નિર્માણ પાછલા જન્મના સારાં નરસાં કર્મો પ્રમાણે થાય છે. પાછલા જન્મનાં ખરાબ કર્મોનો નાશ કરવા માટે જુદીજુદી યાતનાઓવાળાં તપ કરવાનાં વિધાન આ જમાનાએ રજુ કર્યાં. આ રીતે આ જમાનાએ કેટલાંક ઉપનિષદનાં ચિંતનોને પક્ષમાં લેવા માંડ્યાં. તે સામે ઉપનિષદનાં, ચિંતનોમાંથી જ નવા પ્રવાહ પણ નીકળ્યા. કપિલનો વિચાર પ્રવાહ ઉપનિષદોના બ્રાહ્મણ હકુમતના ચિંતન સામે અવાજ ઉઠાવતો, ઉપનિષદમાં રજુ થઈને દેહ ધરતા આત્માને નકારતો હતો તથા જાહેર કરતો હતો, કે પદાર્થ અને ચિત્ત બંન્ને અનંત છે તથા વાસ્તવ છે. એ બેના સંયોગમાંથી જગત જન્મે છે. નવાજૂના જન્મોનો ખ્યાલ કે પુનર્જન્મનો ખ્યાલ અજ્ઞાન છે. જ્ઞાનના ઉદય સાથે તમામ કર્મો ખરી પડે છે. લય પામે છે. આ સાંખ્યદર્શન હતું. એણે તે સમયની દુનિયામાં બ્રીસના અને બીજા ચિંતકોને પણ પ્રેરણા આપે તેવો વિચાર રજુ કર્યો. પણ બ્રાહ્મણ હકુમતે પુનર્જન્મના સ્વરૂપમાં કર્મના કાયદાનો ગબડાવેલો ગોળો તેથી નાશ પામ્યો નહિં અને સાંખ્યને પણ આ ક્રિયાકાંડોએ પાછું પાડી દીધું.

કર્મોના કાયદો અને ન્યાયસમતા

બુદ્ધ અને મહાવીર નામના બંને વિચારકો ક્ષત્રિય વર્ણના હતા. બંને બ્રાહ્મણ હકુમતની ઘટના તરફ બળવો કરતા હતા. બંનેનો રોષ બ્રાહ્મણની ઘટના તરફ હતો. એ ઘટનાએ માનવમાત્રનો મોક્ષ પોતાના હાથમાં લીધો હતો અને પોતે ફરમાવેલાં વિધાન કરવાથી મુક્તિ થઈ શકશે તેમ એ હકુમતની જાલીમ નીતિનું કહેવું હતું. એ ઘટનાએ કચડાયેલી અને ગરીબ જનતાની દુઃખી દશા બ્રાહ્મણ હકુમતના જુલ્મોને અથવા શોષણને લીધે નહિં પણ ગરીબોએ પાછલાં જન્મમાં કરેલાં પાપોને લીધે છે તેમ ઠોકી બેસાડવા માંડ્યું હતું. બંનેએ એ સામે બળવો જગાવ્યો.

બંનેએ બ્રાહ્મણ શાસકોની સંસ્કૃત ભાષાને બદલે સામાન્ય જનતાની પ્રાકૃત ભાષામાં પોતાના વિચારો રજુ કર્યા. બંનેએ વેદોનો અને વર્ણાશ્રમના સામાજિક અંગછેદનો અનાદર કર્યો. બંનેએ ઉદારતા, દયા, પ્રેમ અને સાદાઈને માનવધર્મો ગણાવ્યા. બંને ધર્મોએ બ્રાહ્મણ હકુમતના રોષ નીચેથી પસાર થવું પડ્યું. મહાવીરે માનવ આચારમાં દમનને મુખ્ય પાયો બનાવ્યો અને અનશન મારફતના

આપઘાતને ધર્મ મનાવ્યો. જાલીમ બનેલી જીવન ઘટના તરફની દુઃખી માનવતાની એ અંધ પ્રતિક્રિયાનું સ્વરૂપ હતું. બુદ્ધે અનિષ્ટનો શાંત પ્રતિકાર શિખવ્યો. જૈન ધર્મ હિંદના જ થોડા ભાગમાં પથરાઈને શમી ગયો. બુદ્ધ ધર્મ હિંદમાંથી એના જન્મ સ્થાનમાંથી જતો રહ્યો છતાં દુનિયાના બીજા દેશોમાં જામી શક્યો.

ઈ સ. પૂર્વે ૫૨૭માં જૈન વિચારક વર્ધમાન લિચ્છવી ગણના વૈશાલી નગરના વૈરાજ્યમાં જનમ્યો. વર્ધમાન એ ગણતંત્રનો આગેવાન હતો. પણ એણે ત્રીસ વરસની ઉંમરે પોતાનો કારભાર છોડીને સત્યની શોધમાં ઘર છોડ્યું. બાર વરસ સુધી બંગાળની સરહદની જંગલની વસ્તીમાં રખડ્યા પછી એને સત્ય દેખાયું અને એ સત્યનો પ્રચાર કરતાં કરતાં મગધના રાજગૃહ પાસે પાવા નામના ગામમાં બોતેર વરસની ઉંમરે એણે દેહ છોડ્યો.

બહુજન હિતવાળો વિચાર પ્રવાહ

ઈ. સ. પૂર્વે ૫૬૩માં નેપાલની હદ પર શાક્ય ગણોના વૈરાજ્યમાં, શુદ્ધોદન નામના શાક્ય ગણપતિને ઘેર ગૌતમનો જન્મ કપિલવસ્તુ નામના નગરમાં થયો. પછી ગૌતમ યુવાન થયો, ત્યારે પોતાના કાકાની દીકરી યશોધરાને પરણ્યો અને એક મધરાતે પોતાની યુવાન પત્ની તથા પુત્ર રાહુલને ઊંઘતાં મૂકી ૨૯ વરસની ઉંમરે સત્યની શોધમાં એણે ઘર છોડ્યું અને એ રસ્તા પરનો ભિક્ષુક બન્યો. વરસો પછીના રઝળપાટને અંતે એને સત્ય દેખાયું.

એણે આત્મા નામના તત્વને ગુણધર્મનું ચલ-સંગ્રહન કહ્યું. એણે ઈશ્વરની વાતના જવાબમાં મૌન સેવ્યું. એણે કર્મને આગળ વધતા વેગ સાથે સરખાવ્યું. એણે યજ્ઞ-યાગ અને પ્રાર્થનાઓને નકારી કાઢ્યાં એણે જાલીમ જોહુકમીવાળી બ્રાહ્મણ હકુમતની સામે દયા અને પ્રેમ ધર્મને પૂકાર્યો. એણે ન્યાય સમતા અને માનવમાત્રની સમાનતાની ઘોષણા કરી. એણે સમાજના તરછોડાયલા અને રિબાયલા નીચલા થરોનો સમાનભાવે આદર કર્યો, અને એણે બ્રાહ્મણોના વર્ણાશ્રમ ધર્મને ધિક્કારી કાઢ્યો.

એણે માનવજાતમાં જીવનનો જુવાળ ચઢાવ્યો. એણે પોતાની વાત લઈને ગામેગામ ફરવા માંડ્યું. એનો સાથીદાર આનંદ એના વાર્તાલાપનું મુખ્ય પાત્ર બની રહ્યો. એ પોતાને સમજાતી વાત કહેવા સૌથી પહેલો કપિલ વસ્તુ પહોંચ્યો. ત્યાં એની સ્ત્રી યશોધરા તથા રાહુલ એના પહેલાં અનુયાયી બન્યાં.

પછી ૪૬ વરસ સુધી એકથી બીજે ઠેકાણે રખડતો એ તથાગત વૈશાલી પહોંચ્યો. વૈશાલીના શાસક ગણોએ એને માટે મેળાવડો યોજ્યો. વૈશાલીના રાજ્યોએ એના માનમાં મોટી મિજબાની ગોઠવી. પણ એણે એમનાં માન

સ્વીકારવાનો કે મિજબાની માણવાનો ઇન્કાર કર્યો. એણે ત્યાંની નૃત્યદાસી આમ્રપાલીનું આમંત્રણ સ્વીકાર્યું અને જુની ઘટનાએ કચરેલી માનવતા પરનો પાપનો આરોપ નકાર્યો.

પછી ગોરખપુરના જીલ્લામાં કુસીનગર પાસેથી એ થાકયોપાકયો એંશી વરસનો તથાગત પ્રવાસમાં આગળ વધતો હતો. ત્યાં એક ઝાડની ઘટામાં એ આરામ કરવા બેઠો. એ આરામ એનો હંમેશનો વિરામ બનશે એમ એને લાગ્યું. એણે આનંદને બોલાવ્યો. આનંદ છલકાતી આંખે અવાક બનેલો જોઈ રહ્યો. એણે પૂછ્યું, 'આનંદ મેં તને અનેકવાર નથી કહ્યું કે વારેવારે જન્મમાં સંયોજાતા પદાર્થો વિખરાતા જ હોય છે!' અને પછી એનો જીવનદીપ હોલવાઇ ગયો.

આ રીતે અષ્ટક, વામક, વામદેવ, યમદગ્નિ, ભૃગુ, વશિષ્ટ, અંગીરા ભરદ્વાજ વગેરે બ્રાહ્મણ શાસકોએ હિંદની પ્રાચીન જનતા પર નાખેલી પ્રપંચજાળ પર પહેલીવાર હલ્લો થયો. બ્રાહ્મણ ક્ષત્રિયના ભેદ પાડીને શુદ્રો અને દસ્યુઓને કચડવાની શરૂઆત કરી વૈરાજ્યોનો સંહાર કરાવી હિંદી ભોમપર ચક્રવર્તિ રજવાડાના અશ્વમેધો કરાવવાનો આરંભ બ્રાહ્મણોએ શરૂ કરી દીધો હતો. એમાં જુદી જુદી જાતિઓનાં આજાદ પ્રજા રાજ્યો સંહારાઈ જવાનાં હતાં. એમાં લિચ્છવી અને શાકય નામનાં બે ગણ રાજ્યોમાંથી સમાજની ગતિરોધક બ્રાહ્મણહકુમત પર હલ્લો આવ્યો. ગૌતમના નવા વિચારને શાકય, કોસલ મલ્લ અને લિચ્છવી ગણોએ સૌથી પ્રથમ આવકાર્યો. બિંબીસાર અને માલવાએ ગૌતમના અવાજનું માન કર્યું. બીંબીસારે ગૌતમને પોતાના ઉદ્યાનો ભેટ કર્યા, અને પોતે સંઘમાં પ્રવેશ કર્યો.

પણ બુદ્ધની નજરની જેમ ઉદ્યાનો પર નહોતી. એ પ્રવાહની જેમ વહેતો હતો અને પ્રવાહની વાત કરતો હતો. બ્રાહ્મણનો સનાતનવાદ એના સીધા સાદા અવાજ સામે નષ્ટ થતો હતો. એની અમી ઝરતી નજરો સામે કચડાતી માનવતા જાગી ઊઠતી હતી અને પોતાને માટે આજ જીવનમાં આવતી કાલ દેખાડતા તથાગતને બહુ માનતી હતી. આ નૂતન વાત એ હતી કે "આજ જીવનમાં અને આજ શરીરમાં પુનર્જન્મ થયાજ કરતો હોય છે. જીવન પ્રવાહ ક્ષણે ક્ષણે મરીને નવો બનતો જાય છે. પરલોકવાદે આ જીવનને નર્ક બનાવ્યું છે. હું પરલોકની વાત જાણતો નથી, આજ જીવનમાં આજ લોકમાં માનવસમાજ નવીનતા પામી શકે છે, તમામ પાપોનો નાશ કરી શકે છે જો વ્યવહારનું રૂપ માનવસમાજનો બહુજન હિતાય થાય તોજ."

માનવબંધુતાનો પહેલો સંઘ.

આ સંઘના સભ્યપદ માટે સન ગુલામો, દેવાદારો, માલિકો, મજુરો, શુદ્રો, બ્રાહ્મણો, વૈશ્યાઓ સૌ કોઈ મનુષ્ય મનુષ્ય વચ્ચેનાબંધુ ધર્મ અથવા સર્વાધર્મની ઇચ્છાવાળાં પ્રવેશી શકતાં. આઠ વરસની વયવાળાં માટે વડીલની પરવાનગી સંઘમાં પ્રવેશ માટે જરૂરી હતી તથા તેમને માટે વીશ વરસની વય સુધી અભ્યાસ કરવાનું જ ફરજીયાત હતું. આ સંઘમાં પ્રવેશનારે પીળાંવસ્ત્ર પરિધાન કરવા સિવાય બીજો કોઇ વિધિ કરવાનો નહોતો. આ સંઘજીવનમાં પ્રવેશ કરનાર ગમે તેટલો સમય સંઘમાં રહી શકે અને ઇચ્છા થાય ત્યારે સંઘને છોડી શકે, પરન્તુ સંઘમાં રહે ત્યાં સુધી તેણે સંઘનો માનવસમુદાયનો સેવાધર્મ પાળવો પડતો. માનવધર્મનો પહેલો સામાજિક સંઘ પવિત્રતા અને ગરીબાઈની પ્રતિજ્ઞા લેતો હતો. પણ આજ્ઞાધારકતા નામનું ગુલામવ્રત, આ સંઘે નૈતિક નમુનો બતાવીને પોતાના જીવન વ્યવહારમાંથી રદ કરી નાખ્યું હતું. સમાન માનવોનો આ સંઘ હતો. આ સમાન માનવો એક બીજા તરફ માનભાવથી જ વર્તતાં હતાં પણ અંધ આજ્ઞાધારકતાને અહીં સદગુણ લેખવામાં નહોતો આવ્યો.

એટલે જ આ સંઘની ઘટનામાં કોઈનું સૌથી ઉંચું અધિકારપદ હતું જ નહીં. સૌથી મુખ્ય અધિકાર માનવધર્મના વ્યવહારના સિધ્ધાંતનો હતો. સંઘની આવી ઘટના સર્વાંગી લોકશાહી ઘટના હતી. તેથી આ ઘટનાની કાર્યવાહી પરના અધ્યક્ષપદ પર કોઈની નિમણુક થતી નહીં પણ મઠનો સંઘ પોતાના મતવડે ચૂંટણી કરીને પોતાના અધ્યક્ષની નિમણુક કરતો. સંઘનું દરેક એકમ રોજના વ્યવહારની દોરવણી માટે પણ સમિતિને ચૂંટતું. સમિતિઓ અને અધ્યક્ષો સમયે સમયે બદલાતાં અને મુખ્ય કાર્યની યોજના સામાન્યસભા નક્કી કરતી.

વિશ્વબંધુત્વના આવા વ્યવહારરૂપનો નૂતનધર્મ ભારતની ધરતી પર એક નાનકડો પ્રયોગ બનીને દીપી ઊઠ્યો. આ દિપ્તિનું પ્રકાશનરૂપ ભારતીય સમાજ ઘટના જીરવી શકી નહીં અને બ્રાહ્મણ હકુમતનો ભયંકર અંધકાર આ દીવા પાછળ ઘેરાવા માંડ્યો. પરંતુ માનવજીવનના વ્યવહારમાં પ્રગટેલો આ દીવડો, બૂઝાયા વિના, આખા એશિયાભરમાં ઉજાસ કરવા માંડ્યો તથા ઇઝરાયેલની નીતિમત્તામાં, ગ્રીસની ન્યાય સમતામાં, અને રોમનાં ગુલામોમાં આવતીજતી નૂતન ભાન દશામાં આંતરરાષ્ટ્રિયરૂપ ધરીને પ્રકાશવા માંડ્યો.

વિશ્વઇતિહાસનું સંસ્કાર સ્મિત

ગૌતમની આ યુગ પ્રવર્તક વિચારણા ભારતની ભૂમિ પર જન્મ પામીને, એશિયાભરમાં ફેલાઇ ગઈ. આ વિચારણાને જમીન સાથે જડી રાખવા અશોકે

તેના નગરો પર સ્તુપ ચણાવ્યા અને સ્તંભો કોતરવ્યા. આ વિચારણાને પકડી રાખવા ગૌતમના અષ્ટશિરસ્તને સાચવી રાખનારા સંઘો બન્યા. પરંતુ નિત્યનૂતન બનાવોની નેમવાળો વિશ્વસંસ્કારનો આ ઐતિહાસિક ગુંજારવ એશિયાના હવામાનમાં ફેલાઈ ગયો તથા જેણે જેણે એને પોતપોતાના ચોકઠામાં જકડી રાખવાનો પ્રયત્ન કર્યો ત્યાં કેવળ ક્રિયાકાંડોના જડતાભર્યા અભિનયો શિવાય કશુંજ રહ્યું નહીં.

અંદરના ઉદ્વેગવિનાની પ્રસન્નતાનું કરૂણ સ્મિત ગૌતમના બુદ્ધ બનેલા અથવા પ્રબુદ્ધ બનેલા ચહેરા પર, અનંત એવી અનુરાગી સદ્‌ભાવી નજર પર પથરાતું ત્યારે જેવું દેખાયું હશે તેવું એક સ્મિતજ ગૌતમનો દીધેલો વિશ્વ વારસો બન્યું, અને નૂતન ઉત્થાનનું વારસારૂપ બન્યું. આ વારસો કોણે ધારણ કરી રાખ્યો હતો ? આ વારસાનો ધારણહાર અશોક સ્તંભ નહોતો કે ડુંગરાઓ જેવા ઉન્નત સ્તુપો કે જડસુ એવા ક્રિયાકાંડોની ચેતના વિનાની રચના નહોતી. આ સંસ્કાર મૂલ્યને ધારણ કરનાર એશિયાનો સંઘ માનવ હતો. આ સંઘને જ શરણે જવાનો મંત્ર ગૌતમે ઉચ્ચાર્યો હતો. આ સંઘમાં સૌ સમાન હતું. આ સંઘમાં પ્રવેશ કરતાંની સાથે દાસ અદાસ બનતું હતું, અને ઉંચનીચના ભેદભાવો વિલાઈ જતા હતા. આ સંઘની વિશ્વવ્યાપી રચનાની હાકલ કરીને ગૌતમે આ હાકલના વ્યવહાર માટે માનવ બંધુભાવના સમાજ વ્યવહારની ઉપાસનાનો, સવિનયભંગ અને સત્યાગ્રહ હોલચાલ શરૂ કર્યો.

પછી સંઘ વધતો ચાલ્યો. સંઘનો સમુદાય, એકમાંથી અનેકદેશી બન્યો. સંઘ જેમ વિશાળ બનતો ગયો તેમ તેમ આખો જન સમુદાય તેમાં ભળતો ગયો. આ સંઘ ઇતિહાસનો વિમુકિત માગતો માનવ સંઘ બન્યો. આ સંઘના વિરાટ રૂપવાળો ગૌતમનો સંઘ વિશ્વઇતિહાસનું ઐતિહાસિકરૂપ ધારણ કરવા લાગ્યો, અને વિશ્વઇતિહાસનું વિમુકિતનું પ્રકરણ લખવા બેઠો.

વિશ્વઇતિહાસના ઉદયાચલનું બુદ્ધરૂપ

ઇ. સ. પૂ. નો ભારત દેશનો આ છઠ્ઠો સૈકો છે. આ સમયમાં જ દુનિયાના બીજા દેશો સાથે સમાંતર રીતે વિશ્વસંસ્કૃતિના નૂતન વળાંકની દિશા દાખવી શકે તેવો એશિયાની સામાજિક ક્રાંતિનો આગેવાન ગૌતમબુદ્ધ હતો. આ સમયે ભારત દેશ પર બ્રાહ્મણ હકૂમતવાળું કુરૂઓનું સંસ્થાન લય પામી ગયું હતું. તથા આર્થિક અને સામાજીક કેન્દ્રો જેવા કોસલ, મગધ, વત્સ અને અવંતિના પ્રદેશો વિકસ્યા હતા. આ બધામાં મગધ અને કોસલની આસપાસ બુદ્ધની હીલચાલ શરૂ થઇ ગઇ. હિમાલયની તળેટીમાં નેપાલની

પડોશના શાકય લોકોનું નામ ગૌતમ મારફત જાણીતું બન્યું. આ ગૌતમે હવે પોતાને દેખાયું તેવું સત્ય સમજાવવા માંડયું, એટલું જ નહિ પણ આ સત્યનો વ્યવહાર કરનારો અને તેનો સક્રિય પદાર્થપાઠ આપનારો સંઘ પણ સમાજમાંથી ઘડવા માંડયો. ઈ. સ. પૂ. ના છઠ્ઠા સૈકાનો આ અનાર્ય વિશ્વ-ઇતિહાસને નૂતન વળાંક આપનારો સંસ્કૃતિનો પદાર્થપાઠ રજુ કરતો હતો. વિશ્વઇતિહાસનો સામાજિક વર્તન વ્યવહારનો આ એક નૂતન પ્રયોગ હતો. આ પ્રયોગનો કોઇ ધર્મ રચવાની એકેય ઇચ્છા કે ઇરાદો ગૌતમબુદ્ધનો હતો નહિ. જેની એ રચના કરવા માંગતો હતો તે સામાજિક વર્તનના વ્યવહારનું જ એક સ્વરૂપ હતું. એણે એટલા માટે જ પોતાને જે ભાન થયું હતું તે ભાનપૂર્વક રોજના વર્તનમાં જે લોકો અમલ કરવાને તૈયાર હોય તેવાં લોકોનો પીળાં વસ્ત્રો પહેરેલાં નરનારીઓનો સમાન માનવોનો એણે સંઘ રચ્યો તથા સંઘનાં સભ્યો માટે લોકસેવાનું અષ્ટશીલ રચ્યું.

આ સંઘના જીવન વ્યવહારનું રૂપ ત્યારે ચાલુ હતા તેવા ધર્મરૂપનો નકાર કરતું હતું. આ નકાર સંઘના વર્તન વ્યવહારમાં જ વણાઈ ગયો હતો. બુદ્ધના સંઘના રોજના વ્યવહારમાં બ્રાહ્મણ હકૂમતે ઉપજાવી હતી તેવી દેવતાઓની એકેય મૂર્તિ કે પ્રતિમાનું પૂજન કરવાનું અહીં નહોતું. કોઇએ પણ એવી મૂર્તિઓની આરાધના માટે એકેય ક્રિયાકાંડ કરવાનું ન હતું. આ સંઘના રોજના જીવન વ્યવહારમાં બ્રાહ્મણ હકૂમતે ઘડયા હતા તેવા કોઇ મંત્ર બોલવાના હતા નહીં. અહીં કોઈ પણ મંત્રનો જાપ જપવાનો નહોતો. બ્રાહ્મણ હકૂમતનું આખું મંત્રશાસ્ત્ર નૂતન ભાન પામેલા બુદ્ધજીવને રદ કરી નાંખ્યું. આ ઉપરાંત બુદ્ધના સંઘના રોજબરોજના જીવનમાં કોઇ પણ દેવતાની હસ્તીને સ્વીકારવામાં આવી નહોતી. એટલે કોઈ પણ દેવતાને પ્રસન્ન કરવામાં અથવા દેવતાઓ પાસે પોતાની ઇચ્છાઓની સફળતા મેળવવા કોઈ પણ જાદુ કે મંત્ર કે યજ્ઞ કે ત્યાગ કરવાનો ન હતો. ભારતની ધરતી પર પહેલી વાર ઓપી ઉઠેલા બુદ્ધ જીવતરના સંસ્કારનો વ્યવહાર, પશુઓ અને માણસોના ભોગથી ભયાનક બનેલી, મૂર્તિપૂજાવાળી યજ્ઞ પૂજાને નાબૂદ કરી નાંખતો હતો. આ ઉપરાંત આ નૂતન સંઘ મારફત બુદ્ધ જીવનનો પરચો આપતો સામાજિક પ્રયોગ પોતાના રોજબરોજના વ્યવહારમાં, દેહદમનની તમામ અંધારી પ્રથાઓને નાબૂદ કરી નાખતો હતો અને કેવળ ચારિત્ર્ય શુદ્ધિ પર જ ભાર મૂકતો હતો. ચારિત્ર્યનું આ નૂતન સ્વરૂપ લોકસેવાનું હતું.

સામાજિક ઉત્થાનનું માનવ ધર્મરૂપ

જગતના ઇતિહાસમાં ધર્મ શબ્દનો ઉપયોગ માનવ માનવ વચ્ચેના સહકાર, સદાચાર અને સદાચારના વર્તનવ્યવહાર માટેજ કરવાનો વિશ્વસંસ્કૃતિનો

પહેલો પ્રયોગ આ રીતે ભારત ભૂમિ પર શરૂ થયો. આ પ્રયોગમાં જગત-ભરની માનવજાતને નમૂનારૂપ એવો, સંઘ નામનો નૂતન માનવસમાજ ઘડાયો. આ સંઘમાં નાત, જાત, કે દેશ પરદેશના તમામ ભેદભાવ વિનાના આર્યો કે અનાર્યો, બ્રાહ્મણો કે શૂદ્રો, ગુલામો કે વેશ્યાઓ, પૃથ્વી પરના કોઇપણ માનવો, માનવ માનવ વચ્ચેના બંધુભાવનો સદાચાર સ્વીકારી શકયાં. એમાં સૌ કોઈ સમાનભાવે પ્રવેશ પામી શકયાં. આ સંઘનું સ્વરૂપ વિશ્વબંધુભાવનું સ્વરૂપ હતું. આ સ્વરૂપને પોતાનું જ અને બીજા કોઈનું નહિ એવો દાવો કરવાનો કોઈ હિંદુધર્મને કે આર્યોની જાતિને કશો પણ અધિકાર નહોતો.

ધર્મજાતિ નિરપેક્ષ એવી બુદ્ધ હીલચાલનું સંગઠન

આ હીલચાલના વિચાર રૂપે અથવા સિદ્ધાંતરૂપે પુનર્જન્મના ખ્યાલને સદંતર છોડી દીધો. ગૌતમબુદ્ધની વિચારણા પ્રમાણે એક યુગ, એક જમાનો કે એક સમાજ પોતાની પાછળ આવતા, યુગ, જમાના કે સમાજ વ્યવહારને ઘડે છે અથવા તેનો ભૂતકાળનો વારસો બને છે અને એ રીતે ભૂતકાળ વર્તમાનમાં પુનર્જીવન પામે છે એટલો જ ખ્યાલ હતો.

પરંતુ કચડાયલા અને રિબાયલા, તે સમયના મધ્ય પૂર્વના બધા દેશોમાં, એક એવી લોક ઉત્કંઠા હતી કે કોઈ તારણહાર અવતરશે અને લોક જીવનને ઉગારશે. આ ખ્યાલ પછી ધીમે ધીમે બુદ્ધની કથા સાથે પણ જોડી દેવામાં આવ્યો તથા, આ મહાન સામાજિક સુધારકને અવતાર સાથે જોડી દઇને તેના જીવન ઉપર ધર્મની ઈમારત ચણવામાં આવી.

ગૌતમે દીધેલા સીધાસાદા માનવીના આચારના ધર્મનો ખ્યાલ ત્યારના સ્વીકૃત ખ્યાલો પર રચાયો નહોતો. આ બધા ખ્યાલોને દૂર મૂકી દઈને જ એણે પોતાના ખ્યાલની વાત બુદ્ધિમાં ઉતરે તો જ સ્વીકારવાનું કે ગ્રહણ કરવાનું, ભાર દઈને કહ્યા કર્યું હતું. ગૌતમે દીધેલો આ સિદ્ધાંત સમ્યક આચારનો હતો. આ આચાર અથવા સામાજિક વ્યવહાર માનવ બાંધવતાનો જ હતો. એથી ઓછું કે વિશેષ તેમાં કશું હતું નહીં. આ નૂતન વ્યવહાર માટે એણે જીવનના વ્યવહારનો રોજબરોજનો અમલ યોજ્યો. આ અમલ માટે એને બધા યજ્ઞો, દેવતાઓ, જાદુઓ, મંત્રો, મૂર્તિપૂજાઓ, અને ક્રિયાકાંડો નિરર્થક અને નિષ્ફળ લાગ્યાં.

આવા માનવ વ્યવહારના ધર્મને શરણે ગએલા ગૌતમનું ચિંતનરૂપ પણ સીધુંસાદું હતું. એના ખ્યાલ પ્રમાણે બ્રહ્માંડનું રૂપ અથવા સૃષ્ટિનું સ્વરૂપ નિરંતર પરિવર્તનશિલ હતું. એટલે વસ્તુઓ કે પદાર્થ માયા કે મિથ્યા નહોતાં પણ

પદાર્થ માત્ર પ્રતિક્ષણે પરિવર્તન પામવાના ક્રિયા ધર્મવાળો હતો. આ બધા સંસારનું સ્વરૂપ એ રીતે જોઇએ તો, 'હતું—ન હતું' સ્વરૂપમય કહેવાય. આ 'હતું, ન હતું' પદાર્થરૂપ પ્રત્યેક પળે અને કોઇ પણ પળે પલટાયા કરનારૂં અથવા નિર્વાણરૂપ કહી શકાય.

આ નિર્વાણરૂપ અથવા પદાર્થપરિવર્તન આખા બ્રહ્માંડનું અથવા અસ્તિત્વનું નિર્માણ પામ્યા કરતું અથવા પલટાયા કરતું સ્વરૂપ, શૂન્ય નહોતું પણ પદાર્થ વાસ્તવતાથી સભરરૂપ હતું. આ વાસ્તવતા ક્રિયાત્મક અથવા પરિવર્તનાત્મક હોવાથી એને બીજું કોઈ ક્રિયાપદ આપીને વધારે સ્પષ્ટ કરવાની જરૂર ન હતી.

આ વાસ્તવતાનું ભાનરૂપ અથવા વાસ્તવભાનરૂપ બુદ્ધરૂપ હતું. આ બુદ્ધરૂપ પોતે આનંદરૂપ હતું. આ આનંદરૂપની પ્રાપ્તિ માટે બુદ્ધ બનવું એટલુંજ જરૂરી હતું. આ બુદ્ધદશા આ પૃથ્વી પર અને આ માનવ વ્યવહારમાં જ પામી શકાતી હતી.

કેવું સીધુંસાદું, અને પ્રચલિત ધર્મોના ક્રિયાકાંડો અને જાદુઓના મિથ્યા આચારો વિનાનું ગૌતમે નૂતન જગતની વૈજ્ઞાનિક ઘટના માટે રજુ કરેલું આ ચિંતનરૂપ અને વિચારનું સ્વરૂપ હતું!

આ વિચાર સ્વરૂપનો મુખ્ય હેતુ સદાચાર અથવા સામાજિક બાંધવ વ્યવહાર હતો. એ આચાર ધર્મનો પ્રયોગ ગૌતમે પોતે, સંઘ સ્થાપીને શરૂ કર્યો.

અશોકનું મરણ અને ગુપ્તશહેનશાહત વચ્ચેનો સમય

અશોકના મરણ પછી અને પુષ્યમિત્રના વિજય પછી, આ ભૂમિ પર પહેલો અશ્વમેધ થયો. ત્યાર પછીનો છ સૈકાઓનો ઇતિહાસ અંધારો નહીં હોય છતાં અજ્ઞાત જેવો રહ્યો. આ સમયમાં ચંદ્રગુપ્ત અને અશોકે આરંભેલાં સંગઠનનાં જીવનવ્યવહારનાં અને વહીવટી તંત્રનાં સ્વરૂપો ચાલુ રહ્યાં. તક્ષિલાની વિદ્યાપીઠની મુલાકાત લઇને અહીં ઈરાની બાંધકામ અને ગ્રીક શિલ્પની અસર પણ આવ્યા કરી. આ ભૂમિ પર સિરિયનો, ગ્રીકો, અને ઇરાનીઓ આવ્યા કર્યા, તથા પંજાબ પર અવારનવાર હકૂમત સ્થાપવા લાગ્યા. કુશાણ નામના મધ્ય એશિયાના લોકોએ કાબુલ પર કબજો મેળવ્યો અને તેમના કનિષ્ક રાજાની હકૂમત પણ અહીં યશસ્વી બનીને પ્રકાશી ઊઠી.

આ સંધિસમયમાં, ચંદ્રગુપ્તનું ગુપ્તશાસન મગધમાં શરૂ થયું. ચંદ્રગુપ્ત પછી સમુદ્રગુપ્ત અને ત્યાર પછી ચંદ્રગુપ્ત બીજાએ અથવા વિક્રમાદિત્યે જેવું ચંદ્રગુપ્તમૌર્ય અને અશોકનું ચક્રવર્તિશાસન હતું તેવું શાસન આખા ભારતવર્ષ પર શરૂ કર્યું. ઉજ્જયન નામના એના પાટનગરમાં, ચક્રવર્તિઓનું બધું ઐશ્વર્ય એકઠું થયું. સમાજ વહીવટ અને શાસન વહીવટનો આ સમય સુવર્ણયુગ તરીકે આલેખાયો. આ સુવર્ણયુગ ધનદોલતની આબાદીની ટોચ પર ચઢીને

એઠો. આ યુગનું દર્શન ફા-હી-યાન, નામના એક ચીની સંસ્કાર યાત્રીએ કર્યું. આ સુવર્ણયુગની આબાદી અને ઐશ્વર્યની યશગાથા તે સમયની સંસ્કૃતિની એક ઇતિહાસપોથી બની છે.

ગણિત અને ખગોળ : ભારતીય વિદ્યાકલા

બધી પ્રાચીન સંસ્કૃતિમાં ગણિતશાસ્ત્રમાં ભારતીય સંસ્કૃતિ સર્વોપરિ હતી. ગ્રીકસંસ્કૃતિને વૈજ્ઞાનિક ભૌતિકવાદનો પાયો શીખવનાર પરમાણુના સિધ્ધાંતને પ્રતિપાદન કરનાર કણુભૂક અથવા કણાદ ભારતવર્ષમાં જન્મ્યો હતો, અને પાઈથાગોરાસની ભૂમિતિના અનેક પદાર્થપાઠો અહીં સાબીત થયા હતા. ગણિતના ઘણા પ્રકારો આ ભૂમિ ઉપર શોધી કઢાયા હતો. ઉપરાંત ગણિતની સંખ્યાનો આરંભ શૂન્યથી કરવાની શોધ તથા "ડેસીમલ" પધ્ધતિની શોધ પ્રાચીન ભારતે કરી હતી. પશ્ચિમ યુરોપને મધ્યયુગમાં ગણિતનો એકડો ઘુંટવનાર તથા અક્ષરગણિત શિખવનાર ઇસ્લામી વિદ્યાકલાનું ભણતર આરબો ભારતવર્ષમાંથી પામ્યા હતા. પછીથી શમશેરને ધારણ કરીને આરબો પશ્ચિમના જગતને તે ભણાવવા માટે નિકળી પડયા હતા. જેને આજે પશ્ચિમનું જગત " અરેબીક સંખ્યાક " તરીકે ઓળખે છે તેનો આંક આરબોને સૈકાઓ પહેલાં ભારતવર્ષે ધુંટાવ્યો હતો. ઈજીપ્તની સમકાલિન એવી આ અતિ પ્રાચીન સંસ્કૃતિ પાસે ગણિત વડે ગણી શકાય તેવું ખગોળશાસ્ત્રનું જ્ઞાન અદભૂત હતું. ચન્દ્રનાં અઠ્ઠાવીસ સ્વરૂપોનું જ્ઞાન એણે મેળવ્યું હતુ. યુરોપના જગતમાં જ્યારે પ્રાથમિક દશા હતી અને સંસ્કૃતિનું એકે ચક્ર ફરતું ન હતું ત્યારે ભારતવર્ષના ખગોળશાસ્ત્રીઓ જગતને જાહેર કરતા હતા કે પૃથ્વી એની પોતાની ધરી પર ફરે છે. આ ખગોળશાસ્ત્રીઓએ ગ્રહણોની તમામ માહીતી પ્રાપ્ત કરી હતી એટલે એક રીતે જોઇએ તો વિશ્વ સંસ્કૃતિનું અતિ સુરમ્ય એવું ગ્રીક ધામ પણ પોતાના ચિંતન, ગણિત ને ખગોળશાસ્ત્રના અભ્યાસ માટે ભારતવર્ષનું ઋણી હતું.

વૈદકીય વિજ્ઞાન

વૈદકીય વિજ્ઞાનની અંદર પણ શરીરશાસ્ત્ર અને વૈદકશાસ્ત્રનાં વિધિવિધાનો અને ચિકિત્સાઓ વગેરેને માટે પ્રાચીનભારતવર્ષ અજોડ હતું. રોગોનાં નિદાન તથા રોગના નિવારણ માટે દવાઓની વ્યવસ્થા તથા વનસ્પતિનો એટલા પૂરતો વૈજ્ઞાનિક અભ્યાસ જેટલો સંપૂર્ણ રીતે અહીંના વૈદકીય વૈજ્ઞાનિકોએ કર્યો હતો તેવો અને તેટલો ત્યારના જગતમાં કોઈ સ્થળે માલુમ પડયો નથી. વૈદકીયશાસ્ત્રમાં જેને નિસર્ગોપચાર કહેવાય તેવા ઉપચારનું સંપૂર્ણ શાસ્ત્ર ભારતીય સંસ્કૃતિનો વિશ્વસંસ્કૃતિને મળેલો વારસો છે. ઈ.-સ.-પૂ. ૫૦૦ વર્ષ પહેલાં જન્મેલો સુશ્રૂત આ વૈદકીય વિજ્ઞાનનો જગમશહૂર આગેવાન હતો

મુશ્રૂતે લખેલા આ વિજ્ઞાન પરના ગ્રંથમાં તેણે શસ્ત્રક્રિયા કરવાના સાધનોનો પણ ઉલ્લેખ કર્યો છે. એણે હસ્તગત કરેલા સફળ ઉપચારોમાં મોતિયો, (લીથોટોમી) પથરીનો રોગ, અને સારણ ગાંઠનો પણ ઉલ્લેખ કર્યો છે. દર્દોમાં શસ્ત્રક્રિયા કરવા માટેનાં ૧૨૧ સાધનોનાં એણે નામ આપ્યાં છે. એ પોતે વૈદકીય જ્ઞાન માટે મનુષ્યનાં શબનો વિચ્છેદ કરતો હતો, એવો ઉલ્લેખ પણ છે. ત્યારપછી ઈ. સ. બીજા સૈકામાં ચરક નામનો એવો જ મહાન વૈદકીય વૈજ્ઞાનિક ભારતવર્ષમાં જન્મ્યો હતો. આ ચરકે વૈદકીય ધંધાને વધારે વૈજ્ઞાનિક બનાવ્યો અને એ ધંધાનો યશ નૈતિક દ્રષ્ટિએ વધારી મૂક્યો. ચરકે લખેલી ચરકસંહિતા આજના જમાનામાં પણ અદ્યતન ગણાય એવો વૈદકીય વિજ્ઞાનનો તે મહાગ્રંથ છે. આ મહાવૈદ્ય શસ્ત્રક્રિયા કરતી વેળાએ સંમોહન ઔષધી પણ આપતો હતો તેવો ઉલ્લેખ પણ જડે છે.

ભારતીય સંસ્કૃતિનું મૂલ્યાંક


ભારતીય સંસ્કૃતિનું મુખ્ય સ્વરૂપ વૈજ્ઞાનિક ચિંતનનું નહિ પણ આધિ ભૌતિક ચિંતનનું અને પરલોક માટેની નીતિનું આ મુખ્ય લક્ષણ હિંદુ સંસ્કૃતિનું હાર્દ બન્યું. હિંદુ જિંદગીના રોજબરોજના વ્યવહારના સ્વરૂપમાં ચિંતનનું અને નીતિશાસ્ત્રનું આવું ગૂઢરૂપવાળું સ્વરૂપ મૂખ્ય બન્યું. એ કારણને લીધે સદાચાર નામનો સામાજિક નિતિમત્તાનો પાયો સામાજિક મૂલ્ય વિનાનો બન્યો, તથા વ્યક્તિગત મોક્ષ નામના નિરંકુશ વ્યક્તિવાદના હેતુએ હિંદુ સંસ્કૃતિ પર પોતાનો કાબૂ જમાવ્યો. આ રીતે જગતની અંદરના રોજ–બરોજના વર્તમાન જીવનમાં આવી વિચારણાએ જે સદાચારને ફરજીયાત બનાવ્યો તે સદાચારનું સ્વરૂપ ધર્મના ક્રિયાકાંડો કરવાનું જ બન્યું. અપવાસ કરવાના ધાર્મિક વહેમો પ્રમાણે મરજાદી ટેવો રાખવાના, દાઢી કે ચોટલી વધારવાના તથા નાહવા ધોવાના એવા અનેક ઉપચારો અને આજની વૈજ્ઞાનિક દ્રષ્ટિથી કદંગા અને ભ્રમિત લાગે તેવા બીજા ઉપચારોને જ સદાચાર માનવામાં આવ્યા. મનુષ્ય તરફથી સામાજિક રીતે કલ્યાણકારી પ્રવૃત્તિવાળું, મનુષ્ય મનુષ્યને સમાન ગણનારું અને મનુષ્ય મનુષ્ય વચ્ચેના ઇન્સાફી વહેવારને સદાચાર ગણનારું જીવનની ક્રિયાનું મૂળભૂત એવું સદાચારનું રૂપ આ વિચારણા અપનાવી શકી નહિ. પરિણામે સામાજિક સદ્‌ભાવ અને સહચાર આવી નિષ્ઠુર જીવન–પ્રથામાંથી ઉડી જવા માંડ્યા. સામાજિક અન્યાયો અને જુલ્મી વ્યવહારને મિટાવી શકે તેવો કોઈ પણ ધર્મ વ્યવહાર હિંદુધર્મ પાસે રહી શકયો નહિ. આ રીતે ધર્મનો વ્યક્તિ-વાદ ક્રિયાકાંડોમાં જ ડૂબવા માંડ્યો અને સામાજિક જીવનવ્યવહારની ન્યાય દ્રષ્ટિથી વધારેને વધારે વિમૂખ બનતો ગયો. સમાજ–વિરોધી સ્વરૂપમાં ડૂબી

જઈને જડ ક્રિયાકાંડો વડે ધાર્મિક અથવા પવિત્ર હોવાનો મિથ્યા અંચળો આ આચાર ધારણ કરી શકયો. આવી વિચારસરણીએ વૈજ્ઞાનિક વિચાર સ્વરૂપનો અહીંથી નાશ કરવા માંડયો, એટલું જ નહી પણ વૈજ્ઞાનિક જીવન વ્યવહારનો વિરોધ કરવા માંડયો. જીવનના આવા સ્વરૂપે ભારતવર્ષના ખગોળશાસ્ત્રના વિજ્ઞાન રૂપોમાં આકાશી પદાર્થોને પણ અંધ રીતે દેવદેવીઓ માનીને તેમની પૂજા કરવા જેવું ધર્માંધ રૂપ ધારણ કરી લીધું. આ વિચારસ્વરૂપે ભારતવર્ષની ભાષામાં સાહિત્યના સ્વરૂપને વ્યાકરણથી સુરમ્ય બનાવ્યું. પરંતુ ભાષાના પદાર્થમાં પ્રાર્થનાઓ તથા યજ્ઞોમાં જાદુઈ મંત્રોના શબ્દોચ્ચાર ઉપરાંત વિજ્ઞાનનો ઉચ્ચાર સંભળાયો નહિ. વ્યક્તિગત મોક્ષના ક્ષુદ્ર અને સંકુચિત સ્વાર્થી એવા સ્વરૂપને વરેલી સમાજ વિરોધી એવી વિચારણાએ માનવસમુદાય અથવા સમાજની મુક્તિનો વિચાર કર્યો નહિ. નિરંકુશતા અને સ્વચ્છંદતાની હદ વટાવી દઈને શિવશક્તિની મેલી આરાધનામાં ખૂંપી જઈને, તેણે ધર્મના રૂપને જાદુની અંધકારમય અને અજ્ઞાનમય ગલીચતા સાથે સેળભેળ કરી નાખ્યું. રાજાઓ અને શહેનશાહો ભગવાનો તરીકે પૂજાવા માંડયા. ગ્રીસમાં સિકંદરે અને પૂર્વના પ્રદેશોના બીજા શહેનશાહોએ પોતાની આવી જ આરાધના શરૂ કરાવી હતી પરન્તુ ભારતમાં ઓતપ્રોત બનેલી હિંદુ ધર્મની સમાજ વિરોધી અને ક્ષુદ્ર સ્વરૂપવાળી વ્યક્તિ ગતમોક્ષની વિચારસરણીએ ભારતના શહેનશાહોની ભગવાન તરીકેની પુજા-ઓને લોક જીવનમાં એક શરમજનક વ્યવહાર તરીકે પરોવી દીધી. આ વિચાર-સરણીને લીધે ભારતવર્ષમાં શહેનશાહતનો જમાનો સૈકાઓ સુધી ચાલ્યા કર્યો અને પોતાનું શાસન પોતે કરવાની રાજકીય અસ્મિતા અથવા રાજકીય ભાન વેપારી વર્ગોમાં અને શ્રીમંત વર્ગોમાં પણ ઉતરી શકયાં નહી. આ વર્ગોએ પણ શહેનશાહોની ખુશી ખુશામત જ કર્યા કરી. આ રીતે લોક સમુદાયમાં રાજકીય અસ્મિતા અથવા રાજકારણનું ભાન સૈકાઓ સુધી લોકશાહીની કોઈ પણ પ્રવૃત્તિ કરી શકયું નહિ. આવી પ્રગતિ-વિરોધી વિચારણાએ આ મહાન દેશને કૂપમંડુક બનાવીને ઇતિહાસના 'રેફીજરેટર' માં જકડી લીધો. છેવટે જ્યારે વર્તમાનયુગમાં વૈજ્ઞાનિક સ્વરૂપ ધારણ કરીને પશ્ચિમનો વેપારી અહીં આવી પહોંચ્યો ત્યારે પણ આ મહાન દેશ નાતજાતના ભેદમાં અંગે અંગમાં છેદાયેલો અને ભૌગોલિક રીતે અનેક રજવાડાંઓના હકૂમત પ્રદેશના વિચ્છેદવાળા રૂપમાં જકડાઈ ગયો હતો. તેથી હજુ ગઈ કાલે જ જન્મેલી પણ પ્રગતિને પંથે પડેલી પશ્ચિમની હકૂમતનો આ મહાન દેશ ગુલામ બની ગયો.

[સમયની અધ્વર્યમાં દેખાતો માનવસમુદાય–પૂર્વની શહેનશાહતનું ઇરાનીસ્વરૂપ–પૂર્વમાં ઈરાન અને પશ્ચિમનો એક મહાસંગ્રામ]

એસીરિયન શહેનશાહતના અન્ત પછી

આ લોકોનું નામ મિડીસ હતું. એસિરિયાની શહેનશાહતના વિનાશમાં એમણે મોટો ભાગ ભજવ્યો હતો. ઉત્તરભારતમાં આવી પહોંચેલા આર્યોનાં



ધાડાંઓ સાથે આ આર્યો પણ ઇતિહાસમાં ઉતરી આવ્યા હતા. આ લોકોના આદિ સ્વરૂપોનો આદિ સમય ઇતિહાસની ક્ષિતિજમાં આજે પણ ઢંકાયેલો પડ્યો છે. એમના ઇતિહાસનું પ્રકરણ જાણે અધ્વર્યમાં જ શરૂ કરવું પડે છે. આ લોકોનાં ધાડાંઓ ઈ. સ. પૂર્વે હજાર કે પંદરસો વર્ષ પર કાસ્પિયન સમુદ્ર પરના કિનારાઓ ઉપરથી પશ્ચિમ એશિયામાં આવી પડતાં પણ માલમ પડતાં હતાં. મિડીસ નામના આ લોકો બુખારા અને સમરકંદની ભૂમિ પર રખડતાં ફરફર દક્ષિણ તરફ આગળ વધતાં દેખાતાં હતાં. ધીમે ધીમે આ ધાડાં ઇરાનની ભૂમિ પર પહોંચ્યાં અને આરંભમાં પર્વતો આસપાસ વસવા લાગ્યાં. આ પર્વતોમાં ઘરબાર બાંધીને પડેલા આ લોકોને આ ભૂમિમાંથી ત્રાંબું, લોઢું, સીસું, સોનું, રૂપું તથા આરસ અને હિરા પણ જડ્યાં. આ લોકોએ પોતાની ટેકરીઓ પર સારી એવી ખેતી ખીલવવા માંડી હતી. એમની આ ફળદ્રૂપ ભૂમિને પર્વતો પરથી ઓગળતા બરફ પાણી પાતા હતા.

એમના ઇતિહાસમાં 'દીવોસીસ' નામના પહેલા રાજાનું નામ સંભળાય છે. એણે પોતાનું પહેલું પાટનગર બાંધ્યું, તથા તેમાં એક મોટો રાજમહેલ ચણ્યો. આ રાજાની આગેવાની નીચે મિડીસ લોકોએ પોતાની જીવન ઘટનાને વધારે વ્યવસ્થિત બનાવી અને એસિરિયાની શહેનશાહતને ધાક લાગે તેવી શહેનશાહતને ઘડવા માંડી. આ મિડીસ લોકોના પ્રદેશ મિડીયા પર એસિરિયન

શહેનશાહતે આક્રમણ કરવા માંડ્યાં, અને એસિરિયા સાથે લડતાં લડતાં આ પર્શિયન પ્રદેશ પરના મિડીસ લોકોએ યુદ્ધના અનુભવમાંથી સંહાર કરવાની તાકાતને સર્જવા માંડી.

મિડીયન રાજાઓમાં સીએકઝારીસે નીનેવેહનો નાશ કર્યો. એસિરીયાના પાટનગરના પતનથી ઉશ્કેરાયેલાં એનાં લશ્કરો પશ્ચિમ એશિયાના પ્રદેશ પર થઈને સારડીસ નગરના દરવાજા પર આવી પહોંચ્યાં. પણ એ જ સમયે સૂર્યગ્રહણ દેખીને ગભરાઈ ગયેલાં આ લશ્કરો સાર્ડિસ સાથે સલાહ કરીને પાછાં વળ્યાં. સીએકઝારીસે પોતાનું શાસન પર્શિયા, મિડીયા અને એસિરિયા પર સ્થાપી દીધું.

નવા સ્થપાયેલા આ સામ્રાજ્ય પર અને ખાસ કરીને ઈરાન પર મિડીસ લોકોએ પોતાની આર્યભાષાના છત્રીસ અક્ષરોનો ફેલાવો કર્યો. આ લોકોએ આહૂરમઝદ નામના પોતાના પ્રકાશના ઈશ્વરનો અને જરથુસ્ત અને ઝોરોષ્ટ્રિયન ધર્મનો પણ પરિચય કરાવ્યો.

ઈરાન નામે ઓળખાતા આ પ્રદેશનો પરિચય વિશ્વ ઇતિહાસમાં શરૂ થઇ ગયો. ઈરાનના આખાતની પૂર્વ બાજુનો આ પ્રદેશ જુના સમયથી પાર્સ અથવા પાર્શિસ્તાનના નામથી જાણીતો હતો. પર્વતો, પાણી વિનાની નદીઓ તથા સખત ટાઢ અને તાપથી ઉભરાતો આ પ્રદેશ મિડીસ નામના માનવોના વસવાટ વાળો હતો. આ લોકો અફઘાનિસ્તાન અને ઉત્તર હિંદ તરફ ગયેલા આર્યોની જાતના હતા. આ લોકો પોતાની ઝોરોષ્ટ્રિયન ભાષામાં આ પ્રદેશને 'આર્યોના–વીજ્જે' કહેતા હતા. 'આર્યોના–વીજ્જે' નામના શબ્દોનો અર્થ આર્યોનું ઘર એવો થતો હતો. આર્યાવર્ત અથવા 'આર્યોના–વીજ્જે' નામના શબ્દ પછી તે 'આર્યાના' અથવા 'ઈરાન' કહેવાયો. આ આર્યોનો ભગવાન અગ્નિના રૂપવાળો અથવા પ્રકાશ જેવો હતો તેનું નામ આહુરમઝદ હતું.

પૂર્વની શહેનશાહતનું ઈરાની સ્વરૂપ

આહૂરમઝદની આ ભૂમિ પર હવે સીએકઝારીસ નામના રાજાએ ઇ. સ. પૂર્વે ૬૦૦ ના સમયમાં પર્શિયાની હકૂમત એસિરિયા પર સ્થાપી દીધી હતી. આ હકૂમત નીચે વૈભવમાં જીવનારો રાજન્યોનો વર્ગ શરૂ થઇ ચૂકયો હતો. શહેનશાહ પછીનો આ શાસકોનો વર્ગ અલંકારો પહેરતો, મોટાં મકાનોમાં ગુલામો પાસે મહેનત કરાવતો, વિલાસનું જીવન જીવવા માંડ્યો હતો. મિડીસ નામનાં આ આર્ય માનવો હવે રથોમાં ફરતાં હતાં, અને ગુલામોની ખાંધ પર ઝુલતી પાલખીઓમાં વિહરતાં હતાં. શહેનશાહતની છાયા નીચે આ ભૂમિ પર ઉપલા વર્ગોએ મોટી એશઆરામ શરૂ કરી હતી.

આ અરસામાં પર્શિયા પર સાયરસ નામનો શહેનશાહ આવી પહોંચ્યો. આ શહેનશાહની આગેવાની નીચે ઈરાને જગત જીતવા માટેની કમર કસવા માંડી. 'સાયરસે' સાર્ડિસ અને બેબિલોનનું સંપૂર્ણ પતન કર્યું અને એક હજાર વર્ષથી જીતતી પશ્ચિમ એશિયાની એ શહેનશાહતનો અંત આણ્યો. ઈરાનની શહેનશાહતે આવું વિશાળ સ્વરૂપ ધારણ કર્યું. આ શહેનશાહતમાં હવે એસિરિયા, બેબિલોનિયા, સિરીયા અને એશિયા માઇનોરના પ્રદેશ આવી પહોંચ્યા.

વિશ્વવિજેતાની જેમ સાયરસ સમીપપૂર્વના પ્રદેશોને એક પછી એક જીતવા માંડ્યો. પૂર્વ ભારત સુધી એના વિજયો આગળ વધ્યા. આ વિજયયાત્રામાં કાસ્પિયન સમુદ્રના દક્ષિણ કિનારા પરની એક લડાઇમાં એ કપાઇ ગયો. પછી સાયરસની શહેનશાહતનો વારસદાર કેમ્બિસિસ બન્યો. સાયરસે શરૂ કરેલી વિજયયાત્રાનું આક્રમણ કેમ્બિસિસ ઇજિપ્તમાં લઇ ગયો. નાઇલ નદી પર ઈરાનનાં લશ્કરો ફરવા માંડ્યાં. ઇજિપ્તનું પાટનગર મેમફિસનું પતન થયું. આ શહેનશાહે અનેક મૂર્તિઓની પૂજા કરતા ઇજિપ્તના ધર્મનું અપમાન કર્યું. એણે ઇજિપ્તના દેવળોમાં જાતે જઇને મૂર્તિઓનાં ખંડન કર્યા અને દેવળોને સળગાવ્યાં. ઇજિપ્તના દેવ દેવીઓની મૂર્તિઓનો નાશ કરીને આ વિજેતા પર્શિયા તરફ પાછો વળ્યો ત્યારે એને ખબર મળ્યા કે પર્શિયામાં બળવો થયો છે. એને ઈરાનમાં પહોંચતાં પહેલાં આપઘાત કરવાની ફરજ પડી અને પછી ડેરિયસ નામનો શહેનશાહ ઈરાનની શહેનશાહતનો માલિક બન્યો.

પાછી આ શહેનશાહની વિજયયાત્રા જગત જીતવા નિકળી પડી. ઇરાનનું સામ્રાજ્ય એના સમયમાં વીસ જેટલા ક્ષત્રપ અથવા પરાધીન બનેલા દેશોનું બન્યું. આ સામ્રાજ્યની હકૂમત નીચે ઇજિપ્ત, પેલેસ્ટાઇન, સિરીયા, ફિનીશીયા, લિબીયા, ટિજ્યા, આયોનિયા, કેપેડોસીયા, સિલીશીયા, આર્મેનિયા એસિરિયા, કાડેસર, બેબિલોનિયા, અફઘાનિસ્તાન, બલુચિસ્તાન, સોગડિયાના, બેકટ્રીયા તથા સિંધુ નદીનો પશ્ચિમ ભારતનો પ્રદેશ ' આવી પહોંચ્યો. ડેરિયસ શાહેઆલમ બની ચુકયો.

પૂર્વનું ઈરાન, પશ્ચિમમાં ગ્રીસનો ભેટો કરે છે

ઈ. સ. પૂર્વે ૫૧૨માં ઈરાનના શહેનશાહ ડેરીયસ પહેલાએ, અફઘાનિસ્તાન, ઉત્તરહિંદ, તુર્કસ્તાન, મેસોપોટેમિયા અથવા ઈરાક, ઉત્તર અરબસ્તાન, ઇજિપ્ત, સીપ્રસ, પેલેસ્ટાઇન, સીરીયા, એશીયામાયનોર, અને પૂર્વ ઇજીઅન પ્રદેશો જીતી લઈ ને, ગ્રીસદેશના થ્રેસ અને મેકેડોનિયાના ગ્રીક પ્રાંતોપર કબજો કર્યો.

જગતના ઇતિહાસમાં કદી નહીં દેખાયેલું એવું વિશાળ આ પર્શિયન સામ્રાજ્ય હતું. આ સામ્રાજ્યમાં હજુ એક દેશ આખો આવી ચૂકયો નહોતો. એ દેશ ગ્રીસ દેશ હતો.

પૂર્વની પ્રાચીન સંસ્કૃતિઓની શાળામાં એણે સંસ્કૃતિના સાજ પોતાને ત્યાં સજવા માંડયા હતા. પ્રાચીન સંસ્કૃતિઓનાં જીવનનાં મૂલ્યોમાંથી પોતાને આંગણે જીવન વહીવટની સજાવટ કરતો આ એકલો યરોપીય રાષ્ટ્ર જીવનનાં પૂર્વીય મૂલ્યોની તારવણી કરી કરીને, એ રાષ્ટ્ર પૂર્વના શાણપણને જ અપનાવી ને જ્યાં સંસ્કૃતિનો આરંભ કરતો હતો ત્યાં જ પૂર્વની ઈરાની શહેનશાહતે આ ભૂમિપર આક્રમણ કર્યું. આક્રમણનો બધો ભાર એકલા ગ્રીસના આયોનીયન પ્રદેશ પર અને એ ગ્રીકપ્રદેશના સંસ્કારનગર એથેન્સ પર આવી પહોંચ્યો.

ડેરીયસ, આ આયોનિયનો અથવા એથેનિયનો વિષે પોતાના માહિતિ ખાતાને પૂછતો હતો, "કોણ છે, આ એથેનિયનો!"

અને માહિતિખાતું શહેનશાહે આલમને સમજાવતું હતું કે, એથેનિયનો, વૈરાજ્યનો રાજવહીવટ કરે છે. આ લોકોને ત્યાં કોઈ રાજા નથી પણ ત્યાં લોક-શાસન ચાલે છે. આ એથેનિયનો એ જ પાંચ વરસ પહેલાં જ પોતાના પ્રદેશ પર ક્રાન્તિની હીલચાલ કરીને, હીપીઆસ નામના જાલીમ રાજાને હાંકી કાઢયો હતો અને એ રાજા પછીથી સારડીસના ઈરાની ક્ષત્રપને ત્યાં જીવ બચાવવા ભાગી છૂટયો હતો, તેની યાદ ડેરિયસને આપવામાં આવી.

આ નાના સરખા એથેન્સના વૈરાજ્ય સામે જગતને જીતનારી ઈરાની શહેનશાહતે ચઢાઈ કરી. ઈ. સ. પૂર્વે ૪૯૧ માં આ શહેનશાહતનો નૌકાકાફલો, છસો જહાજો સાથે સેમોસથી ઈજીઅન સમુદ્રમાં પેઠો. રસ્તામાં આ કાફલાએ સીકલેડીસનું પતન કર્યું અને પછી એ લાખ સૈનિકોનો શસ્ત્રસાજ એટિકાના કિનારા પર ઉતર્યો. પરશિયાની તાકાત આજસુધી પરાજયને પિછાણતી જ નહોતી. આ તાકાતની છાવણીએ મેરેથોનના રણમેદાન પરથી ગ્રીક વૈરાજ્યને પડકાર કર્યો.

મેરેથોનના યુદ્ધમાં ગ્રીકવૈરાજ્ય વિજય પામ્યું. ઈરાની શહેનશાહત પરાજય પામીને પાછી હટી. પછી ડેરિયસ મરણ પામ્યો, અને ક્ષરકસીસ ગાદી પર આવ્યો. ઈરાની શહેનશાહતના આ નવા સરનશીને ગ્રીક-ઈરાન વિગ્રહને વારસામાં સ્વીકારી લીધો.

પૂર્વ અને પશ્ચિમનો, શહેનશાહત અને લોકશાહી વચ્ચેનો સંગ્રામ

ઇ. સ. પૂર્વે ૪૮૧માં આ મહાસંગ્રામ ચાલુ થયો. ક્ષરક્સીસે ચાર વરસ સુધી આ મહા આક્રમણ કરવાની બધી તૈયારીઓ કરી. ચાર વરસને અંતે, ગ્રીક-

ઇતિહાસકાર હીરોડોટસના ઉલ્લેખ પ્રમાણે, ગ્રીસદેશ પર પૂર્વની આખી દુનિયાએ ઈરાની શહેનશાહતનાં લશ્કરો બનીને ચઢાઈ કરી. આ લશ્કરોની સૈનિક સંખ્યા ૨૬,૪૧,૦૦૦ની બની. આ વિશાળ લશ્કર વિશ્વ–ઇતિહાસમાં પહેલીવાર સજ્જ બન્યું. ઇજનેરો, ગુલામો, વહેપારીઓ, વારાંગનાઓ, વગેરેનો મહામેળો આ આક્રમણની સજાવટમાં સાથે લેવાયો.

આ લશ્કરોમાં પૂર્વની બધી પરાધીન માનવતા ઈરાનની હકુમત નીચે હાજર થઈ હતી એમાં, ઈરાનીઓનો, મિડીસો, એબિલોનીઓનો, અફગાનો, હિંદીઓ, બેકટ્રીઓનો, સોગડીઓનો, સાકાઓ, એસીરીયનો, આરમેનીઓનો, કોલચીઓનો, સ્કુથીઓનો, ફીનીઓનો, મીસીઓનો, પેફલેગોનીઓનો, ફ્રિજીનિયનો, થ્રેસીયનો, થ્રેસાલિયનો, લેકીઓનો, બોઓશીઓનો, લીડીઓનો, ફીનીશીયનો, સીરીયનો, આરબો, યહુદીઓનો, એબીસીનિયનો, તથા લીબીઓનો હતા. આ લશ્કર પાયદળ હયદળ, રથદળ અને હસ્તિદળનું બનેલું હતું તથા આ બધા લશ્કરનો સરંજામ લાવનારાં જહાજોની સંખ્યા એક હજાર ઉપરની હતી.

આ મહાસંગ્રામ આંતરરાષ્ટ્રીય અથવા પ્રાચીન જગતના વિશ્વ–સંગ્રામનું રૂપ ધારણ કરીને ગ્રીક ધરતી પરના, આયોનિયન પ્રદેશ પરના એક એથેનીઅન વૈરાજ્યની હસ્તીને પડકારવા શરૂ થયો.આ મહાસંગ્રામના રૂપમાં, શહેનશાહતોની અતિપ્રાચીન સંસ્કૃતિની અને નૂતનપ્રાચીન લોક સંસ્કારના વૈરાજ્યના નૂતન જીવનવહીવટની રૂપરેખાઓ સામસામી આવી ગઇ. આ મહાસંગ્રામને પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના પહેલા સંગ્રામ તરીકે પણ ઓળખવામાં આવ્યો. આ સંગ્રામના સમયે વિશ્વઇતિહાસમાં, પૂર્વનું રૂપ સામ્રાજ્યવાદી સંહારક સ્વરૂપ બની ચૂકયું હતું, અને યરોપનો જ્યારે હજુ જન્મ પણ થયો નહોતો, ત્યારે યરોપના વિજ્ઞાનસંસ્કારની બારાખડી ઘૂંટવા માંડેલો યરોપનો આ એક ગ્રીક દેશ અથવા એક વૈરાજ્ય, પોતાના નૂતન સંસ્કારને ધારણ કરીને સામ્રાજ્યવાદી સંહારક જગતનો પડકાર બનીને, અતિપ્રાચીન જીવનવહીવટનાં જ સંસ્કાર મૂલ્યોને સાચવી રાખવા રાષ્ટ્રઆઝાદીનું પહેલું યુદ્ધ લડતો હતો.

ઈરાન અને ગ્રીસ વચ્ચેનો મહાવિગ્રહ ઈ. સ. પૂર્વે ૫૧૨માં શરૂ થઈને ઇ. સ. પૂર્વે ૪૭૯ના ઓગસ્ટ મહિનામાં પૂરો થયો ત્યારે ઈરાની શહેનશાહત પરાજય પામી ચૂકી હતી અને ગ્રીસદેશ વિજયી બની ચૂકયો હતો.


[ઇતિહાસનું સ્થાન સંસ્કૃતિ–ઇતિહાસની આગેકૂચ ઇજીપ્તથી ઇઝરાએલ તરફ–ઇઝરાએલ પણ વિશ્વ ઇતિહાસમાં આવે છે–આ રહ્યો પૅલેસ્ટાઇન પ્રદેશ જીવન ઇતિહાસનો આરંભ–જીવન વહીવટનાં સ્વરૂપોનું સંગઠન–પૅલેસ્ટાઇનના સંતો–મોસેસનું કાયદાશાસ્ત્ર]

ઇતિહાસનું સ્થાન—સંસ્કૃતિ :

ઇજીપ્ત અને બેબિલોનિયાની પ્રજાઓએ ઇતિહાસની રંગભૂમિ પર આવીને પૃથ્વી પરના પોતાના વસવાટ દરમિયાન જે મળ્યું અને જે મેળવ્યું તેનો પોતાના જીવનમાં ઉપભોગ કરીને વિશ્વઇતિહાસમાંથી હવે વિદાય લેવા માંડી હતી. આમ વિદાય લેનારૂં માનવસમૂદાયના રાષ્ટ્રજીવનનું સ્વરૂપ જગતના ઇતિહાસમાં પોતાની પાછળ જેને મૂકી જવું હતું તેનું નામ સંસ્કૃતિ હતું. પોતાની પાછળ સંસ્કૃતિને આખી માનવજાત માટે મૂકી જનાર રાષ્ટ્ર અથવા માનવસમુદાય વિશ્વઇતિહાસમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરે છે. વિશ્વના ઇતિહાસમાંનું કોઈ-પણ પ્રજા અને રાષ્ટ્રનું સ્થાન તે પ્રજાના એકલા ઇતિહાસમાંથી જ નક્કી થતું નથી હોતું. આ સ્થાનનો અધિકાર જે રાષ્ટ્ર કે પ્રજા પોતાના ઇતિહાસમાં માનવજાતના જીવન માટે કોઈ ચોક્કસ એવું સંસ્કૃતિનું રૂપ જે પોતાની પાછળ મૂકીને જાય છે તો જ તેનું સ્થાન વિશ્વ ઇતિહાસમાં કાયમ બને છે.

ઇતિહાસના તખ્તા પર યુફ્રેતિસ અને તૈગ્રીસના કિનારે આ બે મહા નદી વચ્ચેના પ્રદેશ પર, પહેલાં બેબિલોનનો અને પછી એસિરિયાનો ઉદય થયો તે આપણે જોયું. બેબિલોનિયાએ એશિયાની ભૂમિપર ઇજીપ્તમાંથી રચાવા માંડેલી બાળસંસ્કૃતિના માનવરૂપને અર્થકારણના અને વહીવટી કાનૂનના રૂપને સારી રીતે વિકસાવ્યું. એ રીતે એણે ઇજીપ્તની સંસ્કૃતિના કલેવર પર એક થર વધારે ચણ્યો. એણે ઇતિહાસની ગતિનું એક ડગલું આગળ ભર્યું. આ પ્રગતિના ડગલાંએ બેબિલોનિયાનું સ્થાન વિશ્વઇતિહાસમાં નક્કી કર્યું.

પણ એસિરિયાએ પર્વતો પરની ઊંચાઈ ઉપરથી, જંગલની ઝડપ જેવી લશ્કરી તાકાત સજ્જને, અને સંહારની દ્રષ્ટ ધારણ કરીને બેબિલોનની સંસ્કૃતિ ઉપર આક્રમણ કર્યું. આ બેબિલોને જે એકઠો કર્યો હતો તે બધો ધનવૈભવ એણે મર્કટની રીતે ઉતરડી કાઢ્યો. બેબિલોનિયાએ સંસ્કૃતિનાં જે નગરો બાંધ્યાં હતાં અને દેવાલયો ચણ્યાં હતાં; તે બધાં બાંધકામને ભાંગી નાખીને


ડામાસકસ
ગેલીલી
સમારીઆ
જુડીઆ
ઇડુમીઆ
નેગેસ

એણે પોતાનાં નગરો બાંધ્યાં અને દેવાલયો ચણ્યાં. બેબિલોનની વાણિજ્ય સંસ્કૃતિએ અર્થકારણનો જે સુધારો અને સરકારી વહીવટના જે નૂતન કાનૂન ઘડ્યા હતા તેનો એણે નવું કશું બનાવ્યા વિના સંહાર કર્યો. પછી એસિરિયાનો ઇતિહાસ સંહાર કરીને થાકીને લોથ થયેલા હિંસક પશુની જેમ સંહારના જ ભાર નીચે અસ્ત પામવા માટે સુઇ ગયો. એસિરિયાનો ઇતિહાસ વિશ્વ–ઇતિહાસમાં જીવી શકે તેવું સંસ્કૃતિનું કોઈ નવું રૂપ પોતે આપી શક્યો નહીં.

ઇતિહાસની આગેકૂચ, ઇજીપ્તથી ઈઝરાઈલ તરફ

હવે દક્ષિણ પશ્ચિમ એશિયાના પાંચ સમુદ્રોની રેખાઓ વડે સીમાઓ પામતા સંસ્કૃતિના પ્રાચીન ઉદયના પ્રદેશને ફરીવાર નજર સામે જુઓ. ડાબા હાથ તરફ દૂર પશ્ચિમથી પૃથ્વીની વચ્ચે હોવાથી ત્યાં ભૂમધ્ય કહેવાતો સમુદ્ર દેખાય છે. ભૂમધ્ય પછી જમણી બાજુએ કાળો સમુદ્ર દેખાય છે, અને કાળા પછી કેસ્પીઅન સમુદ્ર દેખાય છે, અને લાલ સમુદ્ર દેખાય છે. આ સમુદ્રો વચ્ચે વિશાળ જમીનોની સરહદોમાં મોટાં રણો છે. આ રણભૂમિઓ પર કયાંક કયાંક લીલોતરીની લીલાઓ સર્જતી પ્રાચીન જગતની વિશ્વસરિતાઓ બનેલી ત્રણ નદીઓ દેખાય છે. એમાંની સંસ્કૃતિનો સૌથી પહેલી ગણાતી નાઈલ નદી અને પછીની તૈગ્રીસ અને યુફ્રેટીસ નામની સરિતાઓના પાણીના પ્રવાહોનો ઉદ્ભવ એબિસિનિયા અને આર્મેનિયાના પર્વતો પરના વરસાદ અને બરફમાંથી થાય છે.

યુફ્રેતિસ અને તૈગ્રીસ મૂળમાંથી જુદી પડી જઇને પોતાની વચ્ચેના પ્રદેશ પર, મેસોપોટેમિયાનું રૂપ મઢે છે. પછી આ બંને નદીઓ પોતાના મુખ આગળ ઈરાનના અખાતમાં પડવાના પ્રદેશ પાસે ભેગી થાય છે, અને ત્યાં આ બંને સરિતાઓ ઉર અથવા ચાલડીઆ નામની ભૂમિનું સર્જન કરે છે.

સંસ્કૃતિનું એવું સ્વરૂપ હવે એશિયાની ધરતી પર નક્કર બન્યું છે. ઇજીપ્ત બેબિલોનિયા, ચાલડીઆ ચીન અને ભારત એવાં એનાં નામ પડ્યાં છે. મેંફીસ, બેબિલોન, અને હાઓપ્પા નામનાં આ વિશ્વસંસ્કૃતિનાં વિશ્વ–નગરો સંસ્કૃતિની હીલચાલથી ધબકી ઊઠ્યાં છે.

ઈઝરાઈલ પણ વિશ્વઇતિહાસમાં આવે છે

ત્યારે યુફ્રેટીસ અને નાઈલ નદી વચ્ચેનો અરબસ્તાનનાં રણનો ઉત્તર છેડો જ્યાં આગળથી પસાર થાય છે ત્યાં ટાડમોર અને ડામસકસ આવે છે. અહિં આગળથી સિરિયા નામના રણ પ્રદેશ પરથી રસ્તો આગળ વધે છે અને ઊંચા

ઉંચા ડુંગરાઓ દેખાવા માંડે છે. આ ડુંગરાઓમાં પ્રાચીન સમયથી વસતાં માનવો લાંબાં અને અણીદાર નાકવાળાં છે, ધારદાર નજરની તાકવાળાં છે, તથા લાંબી ફરકતી દાઢીવાળાં ઉંચા, અક્કડ અને ભગરૂર દેખાવવાળાં છે. આ ટોળીઓ જુના સમયથી ઇજીપ્ત અને મેસોપોટેમિયાની સંસ્કૃતિઓની સેવા કરવા હાજર થઈ ગઈ છે. આ લોકોએ ડુંગરાઓમાં શોભે તેવી સંસ્કૃતિ પણ ઘડવા માંડી છે. આ લોકો હિબ્રુ અથવા યહૂદીઓ કહેવાય છે એમની નજદીકમાં જ ફીનીશીયનો વસે છે. ફિનીશીયનોએ પણ સંસ્કૃતિની હીલચાલ સાથે કયારનોય પોતાનો સમાગમ સાધી દીધો છે. આ યહુદીઓ અને ઇઝરાઇલિ માટે તથા ફિનીશિયનો, અને ફિનિશિયા માટે વિશ્વસંસ્કૃતિમાં પ્રવેશ કરવા માટેનો ઐતિહાસિક સમય હવે પાકી ચૂકયો છે.

આ રહ્યો પેલેસ્ટાઈન દેશ

બેબીલોનિયા અને એસીરિયા કરતાં વધારે મોટી અને ઇજીપ્ત જેટલીજ સંસ્કૃતિના મૂલ્યની અસર મૂકી જનારો, પેલેસ્ટાઇનનો પ્રદેશ નાઇલ, તૈગ્રીસ અને યુફ્રેટીસનાં પાટનગરોના રસ્તાઓની વચ્ચે લાંબી પટ્ટી જેવો પથરાયેલો પડ્યો હતો. એની પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર અડ્યો હતો અને પૂર્વને સિમાડે વહેતી જોરડન નદીની પેલેપાર રણ પથરાયેલું પડ્યું હતું. એની ઉત્તર દિશામાં આવેલા એસીરિયા અને બેબીલોનિયાના પ્રદેશોમાં જવાનો રાજમાર્ગ પેલેસ્ટાઇનની અંદર થઈને પસાર થતો હતો. એની દક્ષિણે ઇજીપ્તનો પ્રદેશ આવતો હતો.

ઇજીપ્ત અને બેબીલોનિયા અને એસિરીયાનાં સામ્રાજ્યોના વેપારના માર્ગો, યુદ્ધના માર્ગો અને રાજવહીવટનાં રોજ બરોજના કારભારવાળાં બધાં ચક્રો આ પટ્ટી જેવા પ્રદેશપર થઈ ને ફરતાં હતાં. પ્રાચીન સામ્રાજ્યોની હીલચાલ નીચે પલોટાતી અને કચડાતી આ ધરતી કોઇવાર નસીબવાળી લાગતી તો કોઇવાર કમનસીબ દેખાતી. સામ્રાજ્યોની આ હીલચાલનાં રૂપ આ ધરતીપર વેપારની વણઝારો જેવાં, તો કોઇવાર યુદ્ધોનાં તાંડવ જેવાં એના પરથી પસાર થતાં. આ હીલચાલો નીચે, દુધ અને મધથી વહેતો આ યહુદીજન પ્રદેશ, હચમચી ઉઠતો. એને કોઇવાર એક તો કોઇવાર બીજા સામ્રાજ્યનો પક્ષ લેવાની ફરજ પડતી. એને સામ્રાજ્યોના વેપારી કરવેરા ઇચ્છા અનિચ્છાએ ભરવા પડતા, અને લશ્કરી ભરણાં અને ભથ્થાં ચૂકવવાં પડતાં. વિશ્વઇતિહાસની પ્રાચીન સંસ્કૃતિના આરંભથી મેસોપોટેમિયા અને ઇજીપ્તના સામ્રાજ્યોનાં ફરતાં રોલરોને દેખતા પેલેસ્ટાઇનિના જીવનનો એવો ઇતિહાસ આરંભાતો હતો.

જીવનઇતિહાસનો આરંભ

આપણા આજના સૈકાથી બાવીસ સૈકાઓપર કોઇક સમયે યુફ્રેટીસના મૂખપ્રદેશ પરના ઉરનામના પ્રદેશોમાંથી સેમીટીક જાતનાં રખડતાં ટોળાંઓ અથવા ગોપાલકો, બેબીલોનિયાના પ્રદેશમાં પોતાનાં ઘેટાંબકરાં લઇને પેઠાં પણ તેમને બેબીલોનિયાના રાજસૈનિકોએ પશ્ચિમ તરફ પાછા હાંકી કાઢ્યાં. પોતાના તંબુઓ ઠોકી શકાય તેવી અને પશુઓને ચારો આપે તેવી જમીન શોધતાં આ હીબ્રુલોકો રખડતા માંડ્યા. છેવટે તેમણે ઇજીપ્તની ભૂમિપર વસવાટ માંડ્યો, જ્યાં ચાર સૈકાઓ સુધી તેઓ વસ્યાં. પણ હવે ઇજીપ્તની શહેનશાહતનો સંપર્ક તેમને થઈ ચૂક્યો. ઇજીપ્તના શહેનશાહોએ રચવા માંડેલા રાજમહાલયો, દેવાલયો અને પીરામીડોને બાંધવાનાં મજુરો બનવાની એટલે કે ગુલામો થવાની તેમને ફરજ પડી. આ લોકો ભાગી જાય તે માટે, ઇજીપ્તની સરકારે સરહદો પર સૈનિકો ગોઠવ્યા હતા.

પણ મોસેસ નામના તેમના એક આગેવાને, યહુદીગુલામોના છૂટકારાની યોજના રચી. વિશ્વ-ઇતિહાસમાં લોક હિજરતનો પહેલો બનાવ બન્યો. મોસેસની આગેવાની નીચે આ માનવસમુદાયો, કારાગાર જેવા ઇજીપ્તમાંથી ભાગી છૂટ્યા, અને સિનાઈપર્વત આગળ પહોંચ્યા. ત્યાં થોડો સમય વિસામો લઇને ગુલામીમાંથી છૂટેલા અને આઝાદીની ઝંખના કરતા, મોસેસની આગેવાનીવાળા આ ગોપાલકોએ પીલીસ્તુ અથવા ફીલીસ્ટીનીસ નામના લોકો, જેઓ કિનારાપર રહેતા હતા અને પોતાના પ્રદેશને પેલેસ્ટાઇન કહેતાં હતાં ત્યાં થઇને અને ત્યાં આગળના કેનાન નામના બીજા પ્રદેશપર થઈને આગળ ધપવાનું ચાલુ રાખ્યું. પછી આજે જ્યાં જેરૂસાલેમ છે ત્યાં તેમણે પોતાનો પડાવ નાખ્યો અને સ્થાયી વસવાટ બાંધવા માંડ્યો.

ફીલીસ્ટીનીસ અને કેનાનના પેલેસ્ટાઇનનાજ નાનકડા પ્રદેશો પરથી આઝાદી ઝંખતી જેરૂસાલેમની આસપાસ વસવા માંડેલી આ યહુદી નામના હીજરતી ગોપમાનવોને જીવન કલહની આ જેહાદમાંથી પસાર થવું પડ્યું. આ ધમસાણ ચાલીસ વરસ ચાલી. આ જીવનસંગ્રામમાં લડાઈઓ અને કતલો થઈ. આ સંહારમાં ફીલીસ્ટીનીસ અને કેનેનાઇટ માનવોનાં લોહી પહેલાં કલહમાં અને પછી ફરજીયાત બનેલા જીવન સંઘર્ષોમાં એક થયાં.

જીવન વહીવટનાં પલટાતાં સ્વરૂપોનું સંગઠન

હિબ્રુલોકોની અથવા યહૂદી લોકોની પેલેસ્ટાઇન ઉપર આવી પહોંચેલી આ ટોળીઓ જુદા જુદા કુટુંબોના કુલપતિ જેવા આગેવાનો નીચે પોતાનો જીવન વ્યવહાર ચલાવતી હતી. આ કુલપતિઓનાં ગ્રામ્ય પંચો બનતાં

હતાં અને આ કુલપતિઓની બનેલી સમિતિઓ કાનુન ઘડતી અને ઇન્સાફ આપતી. આવી જીવન પ્રથાનું આર્થિક એકમ કુટુંબ સંસ્થાનું હતું. આ કુટુંબો ભેગાં મળીને પોતાનાં ખેતરો ખેડતાં અને પશુઓનું પાલન કરતાં. આવાં અર્થકારણના સ્વરૂપવાળી આ જીવન વ્યવસ્થાની, રાજકિય સંસ્થાનો અધિકાર કુલપતિઓની સમિતિનો બનેલો હતો.

ધીમે ધીમે જીવન વ્યવહારના આ સ્વરૂપમાંથી રાજાને નીમવામાં આવ્યો. રાજાની શરૂ થતી સંસ્થા સામે તે સમયના સેમ્યુઅલ નામના એક સંતે સાવચેતીના શબ્દો ઉચ્ચાર્યા કે, " હવે રાજાઓ તમારા દીકરાઓને પોતાનો વહીવટ ચલાવવા નોકરીએ રાખશે તથા તેમને પોતાના રથ હાંકનારા બનાવશે અને પોતાના ઘોડેસવારો બનાવશે. રાજાની સંસ્થા તમારી તમામ જમીનની માલિક બનશે અને તમે બધા વેઠિયા ખેડૂતો બની જશો. રાજાની આ સંસ્થા તમારું બધું જ પડાવી લેશે. તમારી દીકરીઓ અને તમારા દીકરાઓ રાજાનાં ગુલામ બની જશે. તમારા દીકરાઓ રાજાઓની લડાઈ લડનાર સૈનિકો બનશે. પછી તમે તમારાં દુઃખ અને દરદની બુમો પાડીને ભગવાન યાહવેહનું સ્મરણ કરશો તો તે પણ તમને સાંભળશે નહિ. "

પેલેસ્ટાઈન પરનો પહેલો શહેનશાહ શૌલ નામનો થયો અને બીજો શહેનશાહ ડેવીડ નામનો થયો. ' ડેવીડ ' ગોલિયાથની કત્લ કરવા માટે પ્રખ્યાત થયો તથા બંસરી બજાવીને અનેક યુવતીઓ સાથે નાચ નાચવા માટે એણે નામના મેળવી. શહેનશાહ તરીકે તેની ઘાતકી ભયાનકતા જાણીતી બની. એના પછી ' સોલોમન ' નામનો એનો દીકરો ગાદીએ આવ્યો. એણે ગાદી પર આવતાં જ પોતાના તમામ હરિફોની કત્લ કરી નાખી. પેલા મહાન મોસેસે દાખવેલા આસમાનમાં રહેતા ભગવાન યાહવેહનો ગુસ્સો પણ સોલોમન સામે ઉતર્યો નહિ. પેલેસ્ટાઇનની ધરતી પર સોલોમનની શહેનશાહતના કાયદા અને વ્યવસ્થા જગતમાં જાણીતાં બન્યાં. એણે આસપાસના પ્રદેશો સાથે વેપારને ધીકતો બનાવ્યો. જેરૂસાલેમ નામના પાટનગરમાં ડેવીડે એક મોટો કિલ્લો અને એક મોટું દેવાલય બંધાવ્યું. એના રાજકારભારમાં જેરૂસાલેમનાં બજારો વેપારનાં મથકો બન્યાં. ટાયરના શહેનશાહને એણે પોતાનો ભાઈબંધ બનાવ્યો. ફીનીશિયન વણઝારો પેલેસ્ટાઇનમાં થઈને વહેવા લાગી. એણે લાલ સમુદ્ર ઉપર મોટો નૌકા કાફલો બાંધ્યો તથા એસિરિયા અને ફિનીશીઆના વેપારીઓને અરબસ્તાન અને આફ્રિકા વેપાર કરવા માટે પોતાના કાફલાનો ઉપયોગ કરવા માટે લલચાવ્યા. એણે સોનાની ખાણો ખોદાવી અને જેરૂસાલેમમાં સોનાના ઢગલા લાવવા માંડ્યા.

આ શલ્મનશાહના સમયમાં પ્રાચીન જમાનાના પ્રથમ પંક્તિના લેખાતાં એસિરિયા, નીનેવેહ અને ટાયર જેવા મથકોમાં જેરૂસાલેમનું નામ ઉમેરાયું.



જેવો એનો વૈભવ વધ્યો તેવું રજવાડાની સંસ્થાને શોભાવે તેવું ૭૦૦ રાણીઓ અને ૩૦૦ રખાતોવાળું એનું પાટનગરમાંનું અંતઃપુર વિશાળ બન્યું. એણે જેરૂસાલેમની આસપાસ કોટકિલ્લા ચણાવ્યા. એણે પોતાના રાજ્યના વહીવટ માટે તેને ૧૨ જીલ્લાઓમાં વહેંચી નાખ્યું. આ રાજ્યવહિવટને તેણે કિંમતી ખાણોનો પેદાશ વડે મઢ્યો. એણે પેલેસ્ટાઇન પરથી પસાર થતી વણઝારો પર જકાત નાખી. જેરૂસાલેમ ચાંદીનું મથક બન્યું. એણે પોતાને માટે અને પેલેસ્ટાઇનના ભગવાન માટે દેવાલયો ચણાવ્યાં. આ દેવાલયો પર ફિનીશીઆ અને ઇજીપ્તના, એસિરિયા અને બેબીલોનના કારીગરોની કારીગીરી ઝળકી રહી.

આવા મહાન શલ્મનશાહના રાજકારભાર નીચે પેલેસ્ટાઇનનો વૈભવ વધી ગયો. પણ વૈભવના ભાર નીચે કચડાતા માનવ સમુદાયની વેદનાઓ પણ વધી ગઇ. પેલેસ્ટાઇનના આ વૈભવે જ માનવસમુદાયના નીચલા થરમાં ગરીબાઇનું

સર્જન કર્યું હતું. અહીં ગરીબાઇ અને વૈભવ એકબીજાની સામ સામે એકબીજાના વ્યાઘાત જેવા દેખાતા હતા. વૈભવના આ થાક નીચે સોલોમનેનાખેલા કરભાર નીચે સોલોમનના મરણ સાથે જ તે સમયના સંતોએ દીધેલા શાપ પ્રમાણે જાણે પૅલેસ્ટાઇનની જીવન ઘટના હચમચી ઊઠી. આ જમાનાનો એમોસ નામનો એક સંત જેરૂસાલેમના કોટની બહાર વિશાળ ચોકમાં ઉભો રહીને બોલતો હોય એવો નીચેનો અવાજ ઇતિહાસે સાચવી રાખ્યો છે.

રાજા અને રાજવીઓને ઐતિહાસિક શબ્દોમાં સંબોધતો હોય તેવો એમોસ કહેતો હતો. "જેરૂસાલેમમાં હાથીદાંતની કીલ્લેબંદીમાં મહાલયો ચણીને અને તેની આસપાસ દ્રાક્ષના બગીચાઓ રચીને બેઠેલાઓ તમે હવે એ ઇમારતોમાં લાંબો સમય વસી શકશો નહિ. હાથીદાંતના પલંગોમાં આળોટનારાંઓ તથા પૅલેસ્ટાઇનની ધરતીનાં ઘેટા બકરાની ઉજાણી કરનારા તમે લોકો સંગીતના શબ્દ સાંભળતાં જે સ્વપ્નોમાં રાચો છો તે સ્વપ્નો હવે લાંબો વખત ટકશે નહિ. ભગવાન યાહવેહનો અવાજ તમને જો સંભળાતો હોય તો તે કહે છે કે તમે આપો છો તે ભોગ અને બલિદાનો મને ખપતાં નથી. હું તે બધાનો અસ્વીકાર કરું છું. તમારા પર પર્વત પરથી ઉછળતા આવતા જળપ્રોધ જેવો ઇન્સાફનો ચુકાદો હવે ઉતરી પડશે."

પૅલેસ્ટાઇનના સંતો

સોલોમનના ગયા પછી પૅલેસ્ટાઇન પર ભૂખમરો સરજાયો. સોલોમનની સમૃદ્ધિ અને વૈભવના ભપકાઓ પાછળ સંતાઈ રહેલાં શોષણે સરજેલી ગરીબાઇ અને શ્રીમંતાઈ વચ્ચે ન પૂરાય તેવું અંતર દેખાયું. આખો દેશ આવી ભેદ ઘટના નીચે અનેક કલહોથી ખદબદી ઊઠ્યો. રજવાડી શાસન પણ આંતર વિગ્રહ કરીને દેશના બે ટુકડા પાડીને બે રાજ્યોમાં વહેંચાયું. ઇસ્રાહીમ નામના રાજ્યના એક ટુકડાએ સમારીયામાં રાજગાદી ગોઠવી અને જુડીઆના બીજા ટુકડાનું પાટનગર જેરૂસાલેમ બન્યું. જેરૂસાલેમ પર ઇજીપ્તનો શેશોંક ચઢી આવ્યો અને સોલોમને સંપાદન કરેલું બધું સુવર્ણ લૂંટીને પાછો ફર્યો.

આવા હ્રાસમાનમાં ઇઝરાઇલની ધરતીમાંથી સંતો જાગી ઊઠ્યા. ઇતિહાસના રાજકારણમાં ઉદ્ભવવાદની ઉષ્મા આ ધરતીપર નિપજેલા સંતોએ ભરી દીધી. આ સંતોના ઉદ્ગાર વિશ્વઈતિહાસની નોંધપોથીની ચિરંતન પ્રેરણાઓ બની ગયા.

એમોસ અને ઇસાયા અને ઇર્મીઝા જેવા ઉદ્ભવવાદીઓ ઇઝરાઇલની ધરતી પર માનવસમુદાયોનાં સરઘસો બનીને, સભાઓ ભરીને, જનહોલ્ચાલની રણુહાક જેવા દેખાયા. ઇ. સ. પૂર્વનો આ સમય ૭૩૩ નો હતો. આ સમ-

યમાં પેલેસ્ટાઇન પર એસીરિયાનું આક્રમણ આવી પહોંચ્યું. એસીરિયાના આક્રમણ નીચે સીરિયાનો, અને ઇઝરાઇમનો પ્રદેશ પડ્યો. જેરૂસાલેમને એસીરિયાએ ઘેરો ઘાલ્યો. જેરૂસાલેમ પર સંતોની સળગતી વાણીના અંગાર ઝીલતાં જુડિયાનાં માનવોએ મોતસાથે મૂકાબલો કર્યો. જેરૂસાલેમ પડ્યું નહીં પણ જુડિયા પર જીવતરનાં ખંડિયેરો સરજાઈ ગયાં હતાં. તેમાંથી બે લાખ જેટલાં નરનારીઓને ગુલામો તરીકે જકડી લઇને તેમને એસીરિયા લઇ જવામાં આવ્યાં. હવે જેરૂસાલેમમાં સંત ઇઝેકીલાની અંગારજેવી વાણી જેરૂસાલેમનાં અણનમ ખંડિયેરોને ઢંઢોળતી કહેતી હતી, પણ જેરૂસાલેમ પતન પામ્યું નથી. જેરૂસાલેમ પુનર્જીવન પામશે.

પેલેસ્ટાઇનનો આ સમય ઇતિહાસની રંગભૂમિ પરનો એક નૂતન પ્રવેશ જેવો સમય હતો. આ નૂતન પ્રવેશમાં ઇતિહાસના તખતા પર પશ્ચિયન શહેનશાહત પ્રવેશી ચૂકી હતી. ઇરાનની આ શહેનશાહતે વિશ્વવિજેતા તરીકે બેબિલોનની ધરતી પર પોતાના પાદાઘાત શરૂ કરી દીધા હતા. ઇરાનની શહેનશાહતના આક્રમણ નીચે બેબિલોન પડતું હતું અને ત્યાં ગુલામ બનેલા યહૂદી માનવોના મોટા સમૂદાયો પોતાના વતન જેરૂસાલેમ તરફ ભાગી છૂટના હતા. પોતાના બાપદાદાઓએ અડધા સૈકા પહેલાં જેરૂસાલેમ નામના પોતાના જે પવિત્ર પાટનગરને ત્યજી દીધું હતું તેમાં પહોંચવા માટે ત્રણ મહિનાની સફર ખેડવા યહૂદી માનવો બેબીલોનથી નીકળતા હતા. તે રીતે ધીમેધીમે જેરૂસાલેમ ફરીવાર યહૂદીઓનું નગર બનતું હતું, તથા આ પુરાણા પાટનગરમાં ફરીવાર મોસેસે પુકારેલા ભગવાન યાહવેહનાં સ્તોત્રોના લલકાર સંભળાતા હતા.

મોસેસનું કાયદાશાસ્ત્ર

મોસેસનાં સ્તોત્રો યહૂદીઓને પાળવાના દશ કાનૂનનાં બનેલાં હતાં. દેવળમાં આ કાયદાઓનું વાચન થતું હતું. આ જ કાયદાઓ ઉપર યહૂદીઓ પોતાનો જીવન વહિવટ ઘડવા માંગતા હતા. આ કાનૂન સૌથી પ્રથમ કહેતો હતો કે માનવ સમાજની રચના એક ઇશ્વર જે જગતનો શાસક છે અને જેના વિના બીજા કોઇ રાજાનું શાસન યહૂદીઓએ સ્વીકારવુ ન જોઇએ તેવા એક ઇશ્વરના ખ્યાલ પર બંધાવી જોઇએ. આ ભગવાન નામનો શાસક અદૃશ્ય એવો ઇશ્વર છે. આ ઇશ્વરનું શાસન માનનારા લોકો યહૂદીઓ એટલે કે ઇઝરાએલ કહેવાયા.

મોસેસના કાનૂનગ્રંથનો બીજો કાયદો ઇશ્વરની કોઇપણ મૂર્તિ કે પ્રતિમા ઘડવાની ના કહેતો હતો. આ કાનૂન ઇશ્વર સંબંધી તમામ વહેમોનો નાશ કરવાનું કહેતો હતો, તથા આ કાનૂન પ્રમાણે ઇશ્વરનું સ્વરૂપ નિરાકાર હતું. શહેનશાહ સોલોમનના સમયમાં એ સમયની દુનિયામાં હતી તેવી અનેક પ્રતિમાઓ

જેરૂસાલેમના દેવળમાં મૂકવામાં આવી હતી. પછી સોનાચાંદીના શરીરવાળી આ પ્રતિમાઓને બેબિલોનની સરકાર ઉપાડી ગઈ હતી. હવે જેરૂસાલેમના દેવળમાં કોઈ પ્રતિમા રહી ન હતી. આ દેવળમાં એડોનાઈ કહેવાતા ઈશ્વરનો શબ્દ અને મોસેસના કાનૂનોના ઉચ્ચાર થયા કરતા હતા.

અહિં ઈઝરાઈલની ધરતીમાં એક અને નિરાકાર એવા એડોનાઈ અથવા ઈશ્વરના નામના મોસેસના કાનૂનનો જાપજપતા યહૂદીમાનવો સંસ્કૃતિનું મૂલ્ય સાચવવાનું સ્વપ્ન સેવતા હતા. આ અદના માનવોનું બધું જોમ ઈઝરાઇલની આસપાસના પ્રદેશો પર સંહાર ખેલતી શહેનશાહતો જાણે ચૂસી જતી હતી. શોસાઈ ગયેલો અને થાકયો પાકયો યહૂદી માનવ આકાશ સામે ઉડી જતાં સ્વપ્નોના આકારને એકઠા કરી રાખવાની ઘેલછાવાળી ચીસો પાડતો હોય તેમ નિરાકાર એવા એક ઈશ્વરને દેખવા મથતો હતો.

જેરૂસાલેમ પર વિશાદની છાયા જેવું આકાર વિનાના એક ઈશ્વરનું દેવળ એ બાંધી શકયો હતો. પરંતુ જેરૂસાલેમ નગર અને જૂડિયાનો પ્રદેશ પર ઇતિહાસની ભયાનક રાત્રિમાં એક વખત ઈરાનની શહેનશાહતનું રૂપ ધારણ કરીને જેરૂસાલેમને પોતાનું ખંડિયું બનાવનાર આક્રમણ આવતું હતું. આ ઈરાની **શહેનશાહતે** ઈતિહાસની રંગભૂમિ પર વિશ્વવિજેતા તરીકે પ્રવેશ કર્યો હતો. આખા જગત પર આક્રમણનું યંત્ર બનેલી પોતાના વિશાળ લશ્કરોવાળી ઈરાની શહેનશાહતની આણ તે સમયના આખા જગત પર ફેલાઈ ગઈ હતી.

પરન્તુ તરત જ ઈતિહાસના તખ્તા પર ગ્રીસની ધરતી પર પહોંચેલી પેલી વિશ્વવિજેતા શહેનશાહત ઠોકર ખાઈ ને પટકાઈ પડતી દેખાતી હતી. બે સૈકાઓની કાળરાત્રી જેટલા ટૂંકા સમયમાં જ આ ઈરાનીઅન શહેનશાહતનો અંતકાળ શરૂ થઈ ગયો હતો.

ત્યારે ગ્રીસની ધરતી પરથી જ લોકશાહીને કચડી નાખીને પ્રાચીન જગતનો ચક્રવર્તી સિકંદરનું નામ ધારણ કરીને જગત જીતવા નીકળેલા વિશ્વ વિજયના રસ્તા વચ્ચે એક ઉંબરા જેવા પથરાયેલા પેલેસ્ટાઈનના પ્રદેશ પર ચઢી આવ્યો હતો. પાટનગર જેરૂસાલેમના કમાડ સિકંદરના સૈનિકે ખખડાવતા હતા. પેલેસ્ટાઈનના આ પાટનગરમાં મોસેસના કાનૂનના નામમાં ધર્મશાસન ચલાવનાર પુરોહિતો જેરૂસાલેમના કમાડોને ખોલવાની આનાકાની કરતા હતા. પણ પછીથી જેરૂસાલેમના વયોવૃદ્ધ સાધુઓએ ધોળાં વસ્ત્રો પહેરી લીધાં અને શાંતિપૂર્વક સલાહ કરવા માટે કમાડ ખોલીને બહાર આવ્યા. પેલા વિશ્વવિજેતાએ જેરૂસાલેમનો સ્વીકાર કર્યો. આખું જૂડિયા જાણે મોત પામી ગયું. ૪૦ સૈકાઓનો પેલેસ્ટાઈનનો ઇતિહાસ સોડ તાણીને સુઈ ગયો.

[સમીપ-પૂર્વ અને યુરોપ—આર્યો અહીં પણ આવ્યા—આર્ય-માનવોનાં અનેક નામો—ગ્રીક સંસ્કૃતિનું આરંભનું રૂપ—ગ્રીસનો ઇતિહાસનો આરંભ—મહાકાવ્યો—ઇ. સ. પૂર્વેનો છઠ્ઠો સૈકો—લોકશાહીનો જન્મ અને સોલોન—અનેક રાજ્યોનો એક દેશ-સંસ્કૃતિ અને સોક્રટિસ—લોકશાહીનું ત્યારનું સ્વરૂપ—લોકશાહીનું આક્રમક રૂપ—ગ્રીસપર ઈરાનનું આક્રમણ—પેરિક્લિસનો સુવર્ણયુગ—એથેન્સની સંસ્કૃતિનું નગરઘર—એથેન્સની શાળા—એથેન્સનું વહીવટી તંત્ર—સુવર્ણયુગનો અદ્વિતીય ચિંતક—પ્લેટોનું દિવાસ્વપ્ન—એરિસ્ટોટલનું ચિંતન—મેસિડોનિયા, વિશ્વઇતિહાસનું પ્રકરણ]



સમીપ પૂર્વની ભૂગોળ યુરોપને આજે છે.

આ પ્રદેશનું નામ ગ્રીસ ભૂમિ છે. બાલ્કન પર્વતમાળાનો એ દક્ષિણ પ્રદેશ છે. આ ભૂમિ બે સમુદ્રોની વચ્ચે છે. પૂર્વ તરફ કૃષ્ણવર્ણ સમુદ્ર એને એશિયામાઇનોરથી જુદી પાડે છે, અને એડ્રીઆટિક સમુદ્ર અને પશ્ચિમ તરફ ઇટાલીથી અને સીસીલીથી જુદો પાડે છે આ પ્રદેશ પોતે પણ ઘણા ટુકડાઓ વાળો છે. આ ભૂમિના ટુકડાઓ નાના નાના દ્વીપો છે. કૃષ્ણવર્ણ સમુદ્રમાં આ ટુકડાઓ જેવા દ્વીપો પડેલા છે. આ દ્વીપો જાણે યુરોપ-

ખંડને સમીપપૂર્વ સાથે જોડતો ભાંગી ગએલા કાંઠે સેતુના ટુકડાઓ હોય તેવો દેખાય છે. આ ટાપુઓ પર આકસ્મિક જહાજ અનીતિ નજરે નાખતો હોય તેવા એક ટાપુ ક્રીટ નામના છે. પૂર્વની મહાન પ્રાચીન સંસ્કૃતિ મિસ્રમાંથી આ ઉંબરાજંડ્યા ટાપુ પર છલંગ દઈ ને આવી પહોંચી હતી. આજે તેને અનેક સૈકાઓ વહી ગયા છે. સંસ્કૃતિના ધામ જેવો આ ક્રીટ અનેક સૈકાઓથી મેસોપોટેમિયા અને મિસ્રની સંસ્કૃતિનો ભેરુબંધ બની ચૂક્યો હતો. આ



સંસ્કૃતિના દ્વીપ સાથે અતિપ્રાચીન એવી સિંધુનગરોની સંસ્કૃતિએ પણ સંબંધ બાંધ્યો હતો. ઇ. સ પૂર્વે બે હજાર વરસપર આ સંસ્કૃતિ ધામપરના દેવોનો દેવ ઈંદ્ર જન્મ પામ્યો અને અહીંના પથ્થર યુગે સંસ્કારના ઉચ્ચ સમય પર પહોંચી જવાની ફાળ ભરી. એવું ત્યાંની દંતકથાનું કહેવું છે. ક્રીટનું બંદરગાહ નોસસ ત્યાર પછી પાંચ સૈકાઓ સુધી વાણિજ્યના સંસ્કારની હીલચાલથી સંસ્કૃતિની રેખાઓને પોતાના દ્વીપ પર મઢતું દેખાયું. નજદીકના બીજા ટાપુઓ પર પણ આ સંસ્કૃતિની પગદંડી દીપી ઊઠી હતી. એશિયા માયનોરના પૂર્વ કિનારાનો ટ્રોય પ્રદેશ પણ ઈતિહાસમાં આવી ચૂક્યો હતો..

આર્યોનાં ધાડાં અહીં આવે છે

ત્યારે બાલકન પર્વત માળના ઉત્તર પશ્ચિમ ખુણામાંથી દક્ષિણ તરફ ધસી આવતાં આર્ય માનવ સમુદાયોના પગરવ સૈકાઓથી અહીં સંભળાયા કરતા હતા. સમયનાં વહેણ જેવા આ સમુદાયોની બાલકન પર્વતમાળથી દક્ષિણ તરફની આગળ વધતી આ ગ્રીક જીવન ઘટના હતી. જીવનની આ આગળ વધતી ઘટના, ઉત્તરતરફથી આ ઇજીઅન પ્રદેશમાં આવી પહોંચી. આ માનવ સમુદાયોનું ઇ. સ. પૂર્વે બે હજાર વરસ પરનું માનવરૂપ જંગલી હતું. આ જંગલીઓનું નામ ગ્રીકલોક. જેવા આર્ય સમુદાયો સિંધુનગરો પર આવી પહોંચ્યા તેવાજ આ સમુદાયો ઇજીઅન જગતમાં આવી પહોંચ્યા. આ પણ આર્ય માનવો હતાં. કાળા સમુદ્રના પશ્ચિમ પ્રદેશ પરથી આ સમુદાયોનાં ટોળાં પોતાનાં પશુઓ સાથે દક્ષિણ દિશામાં આગળ વધતાં હતાં. ઈ. સ. પૂર્વે બેહજાર વરસપર ગાડાંઓમાં અને પશુઓની પીઠપર લદાયલો, આ આર્યોનો ઘર સંચાર ઉત્તર ગ્રીસને અડી ચૂક્યો હતો.

આર્ય માનવોનાં અનેક નામો.

જેમ સિંધુ નગરોની સંસ્કૃતિપર આર્યોનાં આક્રમણ આવી પહોંચ્યાં હતાં તેમ ક્રીટન સંસ્કૃતિપર પણ આ માનવસમુદાયોનાં ઉત્તર તરફથી, આક્રમણ આવી પહોંચ્યાં. આ આક્રમણ નીચે નગરો સળગી ગયાં. કિલ્લાઓ તારાજ થયા. ક્રીટસંસ્કૃતિનો ખોળો ખૂંદની આક્રમણની ઘટના નૂતન સંસ્કૃતિની નવેસરથી રચના કરવા બેસી ગઈ. આ ઘટનાનો માનવસમુદાય આર્ય સમુદાયોના પશ્ચિમી વિભાગમાં બોલાતી ભાષા બોલતો હતો. આ સમુદાય અનેક ટોળીઓમાં વહેંચાયલો ગ્રીસ પર પથરાતો હતો. આરકેડીયનો પીલોપોનીસ પ્રદેશના મધ્યમાં વસી ચૂક્યા હતા. એકીઅનો પૂર્વ ભુમધ્યના કિનારાઓ કબજે કરતા હતા, તથા એઓલીસો સાથે તેઓ ટ્રોયને તારાજ કરતા હતા. આયોનીઅનોએ એટીકા

પર કબજો મેળવ્યો હતો. એપીરસમાં ડોરીઅનો આવી પહોંચ્યા હતા અને ઇલીરીઅનો એ્રીઆટીકના કિનારા પર જમા થતા હતા તથા થ્રેસીઅનો ઇજીઅન સમુદ્રના ઉત્તર કિનારે ઉતરતા હતા.

ગ્રીક નામે જાણીતી બનતી આ ભૂમિ ક્રીટન સંસ્કૃતિની અતિ પ્રાચીન વસાહત હતી. આ સંસ્કૃતિનાં સ્વરૂપો આર્યોનાં આ આક્રમણો નીચે ભાંગી પડ્યાં અને રોકાઓ સુધી આર્યોની જંગલી દશાની પકડ નીચે આવી પડ્યાં. આ પકડમાં જકડાઈ ગએલી ક્રીટન સંસ્કૃતિ સાથે પેલી પછાત દશાનો સંબંધ થયો. આ સંબંધમાંથી ક્રીટન સંસ્કૃતિનાં વેરાયલાં પડેલાં બીજકો આસ્તે આસ્તે અંકુરો ધારણ કરીને ઉગવા લાગ્યાં. ઘણા રોકાઓ સુધી પેલા જંગલી આર્ય માનવ સમુદાયોએ પશુ પાલનની સંસ્કૃતિને ચોંટી રહેવાનો રાહ લીધો, પરન્તુ મહાન એવી ક્રીટન સંસ્કૃતિની ભૂમિમાંથી તેમણે ખેતીવાડી અને વાણીજ્યનાં સંસ્કાર રૂપોને પણ અંગીકાર કરવા માંડ્યાં. જેમ આર્યાવર્ત પર સિંધુ નગરોની સંસ્કૃતિમાંથી નૂતન આર્ય સંસ્કૃતિ ઉદ્ભવી તેમ આ ભૂમિપર પણ રાજાઓનાં નગરરાજ્યો ઉગવા માંડ્યાં.

ગ્રીસ સંસ્કૃતિનું આરંભનું રૂપ

આ ભૂમિપરની ભૌગોલિક રચનામાં ગ્રીક નગર રાજ્યો એકબીજાથી અલિપ્ત રહીને ઉગ્યાં. આ નગરરાજ્યોને જુદાં અથવા વિખૂટાં રાખતી પર્વત-માળાઓ હતી તથા અખાતોનાં રચના હતી. આ નગરરાજ્યો એટલા માટે દ્વીપો અને પર્વતોની આસપાસ બંધાયાં હતાં. આ નગરરાજ્યો પર્વતો અને અખાતોના અંતરાયો વચ્ચે પોતપોતાની સરકારો રચતાં હતાં અને કાનૂનો ઘડતાં હતાં. આ જીવનઘટનાની મૂખ્ય-ભૂમિના ચાર એવા મોટા વિભાગ હતા. દક્ષિણ તરફનો એક વિભાગ પશ્ચિમ સુધી પોતાની આણ વર્તાવતો સ્પાર્ટાના નામથી જાણીતો બન્યો હતો. ઉત્તર તરફનો વિભાગ થીબીસની હકુમત નીચે હતો. એટીકા પેનોનસ્યુલાપર એથેન્સની હકુમત હતી. આ બધામાં એથેન્સ અને સ્પાર્ટા આખા ગ્રીસ દેશમાં પ્રખ્યાત પ્રદેશો હતા. આ બે પ્રદેશોનાં બે પાટનગર, એક સ્પાર્ટા અને બીજું એથેન્સ, ગ્રીસના ઇતિહાસના પાટનગર બન્યાં. પેલોપોનીઝ પ્રદેશનું પાટનગર સ્પાર્ટા, સ્પાર્ટન જીવનનો નમૂનો ધારણ કરતું હતું તથા ઉત્તર પ્રદેશનું પાટનગર એથેન્સ, પોતાના જીવન વ્યવહારનું નૂતનરૂપ રચતું હતું. પર્વતોથી ઘેરાયેલું સ્પાર્ટાન જીવનનું સ્વરૂપ સ્થિતિ ચૂસ્ત રહ્યું તથા દરિયા પરનું એથેન્સનું જીવનરૂપ ઉદાર અને ઉદાત્ત બનવા માંડ્યું. આ સમયે પાછળથી ઇતિહાસમાં આવનારો મેસિડોનિયાનો ડુંગરાળનો પ્રદેશ હજુ બિલકુલ પછાત હતો.

ગ્રીસના ઇતિહાસની આરંભની રેખાઓ

એવા ગ્રીસના ઇતિહાસની આરંભની રેખાઓ આપણને અતિપ્રાચીન એવી ક્રીટન સંસ્કૃતિનાં અનેકવાર સળગી જતાં નગરોની ઉડતી જ્વાલાઓમાં દેખવા મળે છે. આ સમય ઈ. સ. પૂર્વેનો બારસો વરસ પહેલાંનો છે. ત્યાર પછી સંસ્કૃતિએ પોતાના પગ ગ્રીસની ભૂમિ પરના, મીસીન નામના પ્રદેશ પર ઠેકવ્યો હશે એમ માલમ પડે છે. આ મીસીનની સંસ્કૃતિ પણ ત્યાર પછી આક્રમણો નીચે આવી પડી અને ક્રીટના નોસસ બંદરગાહની જેમ સળગ્યા કરી. આ અગ્નિદાહ નીચે ગ્રીસના ઇતિહાસની બંડિયર બનતી રેખાઓવાળો ગ્રીસના ઇતિહાસનો આરંભ છે. આ આરંભ ગ્રીક ઇતિહાસનો ઈ. સ. પૂર્વેનો ૧૦૫૦નો કહેવાય. આ સમય લોહયુગનો સમય પણ કહેવાય. આ લોહયુગના આરંભમાં જ ટ્રોયનો પણ નાશ થઇ ગયો. લોહયુગ લઈને વિનાશની રેખાઓ વડે ગ્રીક ધરતી અંકિત બની. ક્રીટ, મીસીન, અને ટ્રોયનો આ લોહયુગનાં હથિયારો લઈને આવનારાં આક્રમણોએ નાશ કર્યો.

ઇતિહાસનાં પહેલાં મહાકાવ્યો.

આ સમયમાં હોમર નામના એક ગ્રીક અંધ કવિએ, ઇતિહાસની દંતકથા જેવાં મહાકાવ્યો રચ્યાં. ઈ. સ. પૂર્વે ૯૦૦ વરસ પર, રામાયણ અને મહાભારત જેવાં આ મહાકાવ્યો ઈલીયડ અને ઓડેસી નામનાં રચાયાં. આ મહાકાવ્યોનાં પાત્રો ગ્રીક વીરપુરૂષો અને ગ્રીક દેવદેવીઓ બન્યાં. રામાયણ અને મહાભારતે જેમ પ્રાચીન આર્યાવર્તની જીવનની રચનાનાં રોજબરોજનાં વ્યવહારનાં સ્વરૂપોનું દર્શન કરાવ્યું છે તેમ આ બે મહાકાવ્યોએ પણ ત્યારના ગ્રીક જીવનની ઐતિહાસિક છબીને જગત સમક્ષ રજુ કરી છે.

ઈ. સ. પુર્વેના છઠ્ઠા સૈકાનો નૂતન સમય

ત્યાર પછીનો ગ્રીસનો ઇતિહાસ એટીકા પ્રદેશના પાટનગર એથેન્સને કેન્દ્રમાં રાખીને જ સમજી શકાય. આ નગરની આસપાસનું ગ્રીકશાસન ઈ. સ. પૂર્વે ૭૬૦ થી ૬૦૦ સુધી ઉમરાવ શાસન તરીકે જાણીતું બન્યું. ત્યારના સમાજ જીવન પર આ ઉમરાવયુગનું એકહથ્થુ શાસન ચાલતું હતું. જમીનના સ્વામી બનેલા આ ઉમરાવો ગ્રીસની બધી સંપત્તિ તથા જનમાલના માલિક બની ચૂકયા હતા. ઉમરાવોની ધનદૌલતના બીજા છેડા પર ગ્રીસનાં માનવસમુદાયો કંગાલ સ્થિતિમાં સડતાં હતાં. નાના નાના ટુકડાઓ પર ખેતી કરતા આ સમુદાયોની દશા ગુલામો જેવી હતી. આવી જીવન ઘટના ઉમરાવશાહીની હતી તથા તેની ટોચ પર રાજાશાહીની હકુમત હતી.

પરન્તુ એથેન્સનગરના અર્થજીવનમાંથી આ ઉમરાવશાહી તૂટવા માંડી. ઉમરાવો પોતાની દોલત વાણિજ્યમાં રોકવા લાગ્યા. એથેન્સનું બંદરગાહ વાણિજ્યથી ધીખ્યું ઊઠ્યું. ઉમરાવોનાં વ્યાપારી જહાજો ઇજીપ્ત, સિસીલી માર્સેલ્સ, સાયપ્રસ વગેરે મથકો સાથે વેપાર ખેડવા લાગ્યાં તથા એથેન્સનું વહાણવટું વિકસવા માંડ્યું. આ બધી ઘટનામાં રજવાડાશાહીનો અંત આવવાની આર્થિક રચના રચાઇ ગઈ.

લોકશાહીનો જન્મ અને સોલોન

બદલાતી જતી જીવન ઘટનામાં એથેન્સના પાટનગરમાં કવિઓએ, ભાટ ચારણોનાં યશોગાન છોડી દઇને શ્રમમાનવોનાં, અને નૈતિક સદ્‌ગુણોનાં નૂતન ગીત રચવા માંડ્યાં. આ મહાકવિઓએ પિડીત માનવોની વ્યથા અને ઇન્સાફની તેમની માગણીને કવિતાઓમાં રચી દીધી. હવે એથેન્સના જીવનમાંથી રાજાશાહીનું શાસન અલોપ થઇ ગયું પણ ડ્રાકોનું જાલીમ સરમુખત્યારીવાળું શાસન શરુ થયું હતું. ડ્રાકો નામના જાલીમના શાસન નીચે એટિકાની ધરતી ઉકળી ઉઠી અને ડ્રાકો નામનો શબ્દ જાલીમ અથવા ઘાતકી એવા અર્થવાળો બની ગયો. આવી સરમુખત્યાર શાહીના જમાનામાં સોલોન નામનો એક મહાન ગ્રીક, એથેન્સ નગરનો ન્યાયાધીશ નિમાયો. શાસનથી સ્વતંત્ર એવા ન્યાયના શાસનના આ સર્વોપરિ નગર અધિકારીએ, ન્યાયસમતાને ધારણ કરીને ચૂકાદા દેવા માંડ્યા. ગરીબ અને તવંગર માટેના જૂદા કાનૂનો એણે રદ કર્યા અને જમીનના ધારા-ધોરણને સામાજિક ઇન્સાફની ન્યાયસમતા પર મૂકી દીધાં. એણે ગરીબ અને તવંગર સૌને સમાન ધોરણ પર નગરની રાજ્યસભામાં બેસવાનો અધિકાર છે, એવી જાહેરાત કરી.

આ રીતે એટિકાની ધરતી પર લોકશાહીનો આરંભ થયો અને જાલીમ સરમુખત્યારીનું પતન થયું. આ નૂતન લોકશાહીનું રૂપ ઉપલા અને મધ્યમ વર્ગ સુધી જ પહોંચી શકયું. રાજ્ય સંસ્થામાં ચૂંટાવાનો અને ચૂંટવાનો અધિકાર, ગુલામો અને અકિંચનોને મળ્યો નહીં. આ લોકશાહીના પાયામાં કોઇપણ રાજકીય કે સામાજિક અધિકારો વિનાના આ ગુલામ નામના માનવસમુદાયો ગ્રીસની સામાજિક જીવન રચનામાં જીવનના પાયા તરીકે સ્વીકારાઈ ગયા તથા ભારતની ભૂમિપરનાં વૈરાજ્યો જેવું એથેન્સનું ગ્રીક વૈરાજ્ય ગ્રીસ ભૂમિ પર જીવનના નૂતન રૂપ જેવું શરૂ થઈ ગયું.

અનેક રાજ્યોનો એક દેશ

ગ્રીસ દેશ નાનાં નાનાં નગર રાજ્યો અને ટાપુઓનાં રાજ્યોનો બનેલો એક દેશ બન્યો. આવા આવા ટૂકડાઓ પર વહેંચાયેલો આ પ્રદેશ એક દેશની

એકતા વિનાનો દેખાતો હતો. આ એક દેશના જુદા જુદા પ્રદેશો પર વસતાં માણસો પોતપોતાને પ્રાદેશિક નામોથી ઓળખતાં હતાં. સ્પાર્ટનો અને એથેનિયનો, થીબ્સનો અને કોરિન્થીઅનો, મેસેડોનીયનો અને મેલિયનો, એવાં એ લોકોનાં નામ હતાં. છતાં આ સૌમાં એક ભાષાને લઈને હોમરના એક જાતના ગીતોના લલકારને લીધે દેવ દેવીઓને પૂજનારા એક જાતના ધર્મને લીધે અને ઓલેમ્પીક રમતોની એકતાને લઈને ગ્રીસ દેશ એક દેશ જેવો લાગતો હતો. આ એક દેશની એકતાનું બીજું રૂપ ગ્રીક ધરતી પર જન્મ પામતા જ્ઞાન અને વિજ્ઞાન તરફના પ્રેમનું રૂપ હતું. આ દેશ આજસુધી અતિપ્રાચીન એવા દેશો પાસેથી ઘણું ઘણું શીખ્યો હતો. ફિનીશિયનોએ આ દેશને જહાજો બાંધતાં અને ચલાવતાં શીખવ્યું હતું. ઇજીપ્ત પાસેથી ગ્રીસ દેશ ગણિત અને ખગોળ શીખ્યો હતો તથા શિલ્પશાસ્ત્ર પણ શીખ્યો હતો. હવે એણે વિજ્ઞાન શીખવા માંડ્યું હતું. ભારત દેશ સાથે તેનો સંતસમાગમ શરૂ થઈ ગયો હતો. ભારત પર થતી હતી તેવી ચર્ચાઓ અને વિતંડાવાદો એણે પણ શરૂ કરી દીધા હતા. ગ્રીસ દેશ પર જ્ઞાનનું જાણે એક મોટું વલોણું ચાલવા માંડ્યું હતું.

સંસ્કૃતિની શોધનું નામ અહિં સોક્રેટિસ હતું—આપણે ગ્રીસ દેશના નકશાની સામે જોઈએ તો તે સમયનાં નગરો અથવા નગર રાજ્યો દેખવામાં આવે છે. આ સમય ઇ. સ. પૂર્વેના છઠ્ઠા સૈકાની શરૂઆતનો હતો. ઇ. સ. પૂર્વેના છઠ્ઠા સૈકાના આરંભમાં ગ્રીસમાં મેલેટસની પાસેના એક ટાપુ પર હિરેાડોટસનો જન્મ થયો હતો. એના જન્મણે પડખે સેમોસ નામનો ટાપુ હતો આ ટાપુ પર ' પાયથાગોરાસ ' જન્મ્યો હતો. એનાથી થોડે દૂર ઇફેસસનો ટાપુ હતો. ત્યાં ' હિરેકલીટસ ' નામનો વૈજ્ઞાનિક જન્મ્યો હતો. ત્યાંથી ત્રણ કલાકને રસ્તે આવેલા કોલોફેાન પર ' ઝીનોફેનિસ ' નો જન્મ થયો હતો. અને તેની પાસે આવેલા ' કલેઝોમિન ' નગરમાં ' એનેકઝાગોરાસ ' જન્મી ચૂક્યો હતો. આ બધા ઇ. સ. પૂર્વેના છઠ્ઠા સૈકાના સમકાલિનો હતા. થેલ્સ અને એનેકઝિમેન્ડર પણ વૈજ્ઞાનિકો હતા. એનેકઝિમીનીસ, એનેકઝિમેન્ડરનો વિદ્યાર્થી હતો. આ સમયે હીરેકલીટસ હજુ બાળક હતો, અને પાયથાગોરાસ વૃદ્ધ થવા આવ્યો હતો. આ સમયે એનેકઝેગોરાસ અને હીરોડોટસ જુવાન છોકરાઓ હતા. આ બંને મહાન જુવાનો ઇ. સ. પૂર્વે પાંચમા સૈકામાં જીવતા હતા. આ સમયમાં જ એક મહામાનવ ગ્રીસની ધરતી પરના એથેન્સ નગરમાં કાંઈક શોધ કરતો ફરતો હતો.

આ માણસનું નામ ' સોક્રેટિસ ' હતું. એનો ચહેરો વિશાળ હતો અને મોટું નાક હતું. બેડોળ કહેવાય તેવો આ માણસ સ્મિત કરતો ત્યારે

અતિ સુંદર લાગતો અને એકબીજાથી જરા વધારે દૂર ગોઠવાયેલી એની આંખોની ધારદાર નજર નાખતો આ ચિંતક શોધકની છટાથી જ્યારે વાત કરતો ત્યારે તે મહાબુદ્ધિમાન દેખાતો.

ગ્રીક ધરતી પર એ સંસ્કૃતિની શોધ કરતો હતો, અને કહેતો હતો કે સંસ્કૃતિની શોધ કરતાં કરતાં જ્યાં પહોંચાય ત્યાં હું પહોંચવા માગુ છું. સંસ્કૃતિની શોધ એ ગ્રીસના જીવનના ઇતિહાસમાંથી કરતો હતો અને કહેતો હતો કે એક વખત આ ધરતી પરના ગ્રીક લોકો ભરવાડો હતા, શિકારીઓ હતા અને લડવૈયાઓ હતા. શિકારનો અને અંદરો અંદર લડવાનો એ લોકોના જીવનનો રોજીંદો વહિવટ હતો, ત્યારે એ લોકો સંસ્કારી હતા, એમ ન કહી શકાય. એમ કહેતો સોક્રેટિસ એ સંસ્કારની વ્યાખ્યાને શોધી કાઢવા મથતો હતો. અને ગ્રીક જીવનમાંથી એ વ્યાખ્યાનો પદાર્થ પામતો હોય તેમ પાછો કહેતો હતો " પણ પછી જ્યારે ગ્રીક લોકો ભેટુતો બન્યા અને પોતાના જીવનના વહીવટમાં તેમણે એકબીજા સાથેના શાંતિમય સંબંધનો સ્વીકાર કર્યો ત્યારે જ તેઓ પહેલીવાર સંસ્કારી બન્યા એમ કહી શકાય, કારણ કે યુદ્ધના સંબંધવાળા સમાજ કરતાં શાન્તિમય સંબંધવાળો સમાજ વધારે સંસ્કારી છે.

પણ સોક્રેટિસ જે જમાનામાં ફરતો હતો તે જમાનાની ગ્રીક ધરતી પર એથેન્સ નામનું મહાનગર વિકાસ પામી ચૂકયું હતું. આ નગરમાં અનેક ધંધા રોજગારો શરૂ થઇ ગયા હતા અને જુદા જુદા કારીગરો અનેક વસ્તુઓ બનાવતા હતા. એ કારીગરોને બીજા અનેક વ્યવસાયો હતા. એથેન્સનાં નાગરિકોને ચૌટે ચૌટે સોક્રેટિસનો અવાજ સંભળાતો કે એથેન્સનાં નાગરિકો જે પોતાને સંસ્કારી માને છે તે સૌ જીવનના જુદા જુદા વ્યવસાયો કરનારાંઓ પોતાના પડોશીઓ સાથે અને પોતાના પડોશી પરદેશી માનવો સાથે અને બીજા દેશોના નાગરિકો સાથે જો તેઓ શાંતિમય વ્યહવાર નહિ કરે પણ એક બીજાને લૂંટવાનો વ્યવહાર કરશે તો આ એથેન્સ નગર રાખના ઢગલામાં સમાઈ જશે.

એવો આ સોક્રેટિસ પણ તે સમયના પ્રાચીન ગ્રીક દેશના એથેન્સ નગરનો જીવનના વૈજ્ઞાનિક જેવો નાગરિક હતો. જીવનવ્યવહારના વિજ્ઞાનનું રૂપ શોધતો એથેન્સના રસ્તાઓ પર એ રખડતો હતો તથા ગ્રીસના ઇતિહાસમાંથી સંસ્કૃતિની જીવતી વ્યાખ્યાની શોધ કર્યા કરતો હતો.

ત્યારે લોકશાહીનું રૂપ કેવું હતું ?

ત્યારે ગ્રીસ દેશ પર લોકશાહી હતી. જેવી એથેન્સ નગરની લોકશાહી હતી તેવી જ લોકશાહી ભારત દેશના વિશાળ પટ પર શહેનશાહોના પ્રદેશોની વચ્ચે-વચ્ચે શહેનશાહતના સમુદ્રમાં ટાપૂઓ હોય તેવી અસ્તિત્વ ધરાવતી હતી. એથેન્સની

લોકશાહી જેવી આ લોકશાહીનાં નામ લીચ્છવીઓની લોકશાહી, વૈાધેયોની લોકશાહી, વિ. નામ વાળી લોકશાહીઓ હતી. આ બધી લોકશાહીઓ પાસે પોતાનાં પાટનગરો હતાં અને આ નગરો સાથે સંકળાયેલા પ્રદેશો હતા. આ લોકશાહીઓ માલિક લોકોની જ લોકશાહીઓ હતી, તથા આ લોકશાહીનો બધો શ્રમ કરનાર શ્રમ માનવો ગુલામો હતાં. જેવું ભારતમાં હતું તેવું એથેન્સમાં પણ હતું. આ લોકશાહીનાં સિંહાસનો ગુલામો પર રચાયલાં હતાં. આ ગુલામોની ગણના લોકશાહીઓ રાજ્યવહિવટમાં લોક અથવા મનુષ્યો તરીકે કરતી ન હતી તથા તેમને કોઈ અધિકાર આપતી નહોતી.

ગુલામો તરફની આવી દૃષ્ટિ તે સમયના આખા જગતમાં હતી. એ જગતને એમ લાગતું હતું કે ગુલામોને ગુલામીમાં રાખ્યા વિના જગતનો વ્યવહાર ચાલી શકે નહિ. ગુલામીની પ્રથાને રદ કરવાનો ખ્યાલ એ પ્રાચીન જગતનાં દિમાકમાં જઈ શકે તેવું એ દિમાક હતું નહિ. તે જગતમાં ચિંતકો અને નીતિમાનો પણ ગુલામીની પ્રથાનો સ્વીકાર કરી લેતા. ઇજીપ્ત અને મેસોપોટેમિયા તથા ચીન અને ભારત અને પેલેસ્ટાઇન કે ફીનીશિયા સૌ દેશોની સંસ્કૃતિ આ ગુલામ બનેલા માનવ સમૂદાયોએ પોતાના શ્રમથી બાંધી હતી. આ સંસ્કૃતિની હવામાં નવો જન્મેલો ગ્રીક સંસ્કારનો આકાર પણ પોતાની લોકશાહીની ઘટનાને ગુલામ માનવોના શ્રમની યાતનાઓ પર બાંધતો હતો. બધું ચિંતન ગુલામીની પ્રથાને સ્વીકારી લેતું હતું. આ ગ્રીક ધરતી પરનો પ્લેટો નામનો મહાન ચિંતક ગુલામની વ્યાખ્યા કરતાં કહેતો હતો કે "ગુલામ મનુષ્ય, એ શ્વાસ લેતું યંત્ર છે અને જીવતી મિલ્કત છે."

લોકશાહીનું આક્રમણ રૂપ

આવી આઝાદીની જ્યોત નીચે ગુલામીના પાયાવાળું અંધારું કારભારું જીવન વહિવટના કલેવરને કોતરીખાતા એક કીડા જેવું હતું. લોકશાહીના આવા કલેવરે પોતાની જ ધરતી પર પોતાની હકૂમત નીચે ન આવે તેવા પ્રદેશો પર આક્રમણ કરવા માંડ્યું હતું. આ રીતે ગુલામીની પ્રથા વધારે વ્યાપક બનતી હતી. આ રીતે આ મહાન લોકશાહીના શરીરમાં પ્રપાત શરૂ થયો. એથેન્સની હકૂમતનો ગ્રીક ધરતી પરના જ એક નાનકડા પ્રદેશે સ્વીકાર કરવાની ના પાડી અને ઇરાનની શહેનશાહત પોતાના જગતના બીજા દેશો પર જે કરવા નીકળી હતી તે વિજયી એથેન્સની લોકશાહીએ પોતાની જ ધરતી પર શરૂ કર્યું. એથેન્સે આ નાનકડા પ્રદેશના લોકોનો સંહાર કરી નાખ્યો તથા સ્ત્રીઓ અને બાળકોને ગુલામ બનાવવા માંડ્યા પછી સાત વર્ષે મેલોસ નામના એક નાનકડા ગ્રીક ટાપુએ એથેન્સની હકૂમતનો સ્વીકાર કરવાની ના પાડી. ગ્રીક

ધરતી પરના જ આ ટાપુ પર એથેન્સની લોકશાહીનાં લશ્કરો આવી પહોંચ્યાં. મેલોસ દ્વિપ પરના માનવોએ એથેન્સના રાજદૂતો સાથે વાટાઘાટ શરૂ કરતાં કહ્યું કે "એથેન્સની લોકશાહી જે ઇન્સાફની વાત કરે છે તેવા ઇન્સાફનો અમલ માગે છે કે અમને પણ અમારું શાસન સ્વતંત્ર રીતે ચલાવવા દો."

એથેન્સના રાજદૂતે જવાબ દીધો "ઇન્સાફનો વ્યવહાર બે સમાનપક્ષો વચ્ચે જ થઈ શકે છે. જ્યારે બન્ને પક્ષો સમાન ન હોય ત્યારે નબળા પક્ષે બળવાન પક્ષની તાબેદારી સ્વીકારી લેવી."

ફરીથી મેરિયનો એટલે કે મેલોસના લોકો બોલ્યા 'તમે ઇન્સાફનો અનાદર કરો છો એટલું જ નહિ પણ એથેન્સની લોકશાહી પોતાના સ્વાર્થનો પણ ઇન્કાર કરે છે, કારણ કે એથેન્સ કરતાં બળવાન કોઈ પક્ષ જો તેને પરાધીન બનાવશે તો ત્યારે એથેન્સ ઇન્સાફની કઈ દલીલ કરી શકશે?'

'અમારા હિતનો વિચાર અમને જ કરવા દો. એથેન્સ તમારા પર અધિકાર ધારણ કરવા માગે છે જ અને તે બાબત તમારા હિતમાં પણ છે?' એથેન્સના રાજદૂતે કહ્યું.

'અમે ગુલામ બનીએ તે અમારા હિતમાં?' મેરિયનો આઘાત પામીને બોલી ઊઠ્યાં. 'તમે અમને મિત્રો તરીકે શાંતિમાં જીવવા દેવા નથી માગતા પણ ગુલામો તરીકે જ જીવવા દેવા માગો છો! એવો એનો અર્થ થયો.'

અને અધિકારના ઉન્માદથી અટ્ટહાસ્ય કરતો એથેન્સની લોકશાહીનો રાજદૂત બોલ્યો 'અમે બળવાન છીએ, તમે અમારા મિત્રો તરીકે કેવી રીતે શોભો? તમારી ફરજ અને અમારું હિત તમારી હયાતિને ટકાવી રાખવામાં જ છે, અને તમારી હયાતિ અમારે શરણે આવવાથી જ ટકી શકે તેમ છે.'

'અમને આશા છે કે બળવાનની સામે પણ અમે અમારી હયાતિનું આઝાદ રૂપ ટકાવી રાખવા અમારા પગ પર ઊભા રહી શકીશું' મેરિયનોએ છેવટે કહ્યું અને એથેન્સની લોકશાહીએ તેમને યુદ્ધનું આવાહન આપ્યું, તથા આખરી જવાબ મોકલી દીધો કે, 'અવ્યવહારુ બનવા માટે તમે તમારો નાશ માગી લો છો, તો ભલે તેમ થાઓ" એથેન્સની લોકશાહી સાથેની વાટાઘાટો આ રીતે પૂરી થઈ અને ત્યાર પછી મેલોસનો નાશ થઈ ગયો. મેલોસની સ્ત્રીઓ અને બાળકો એથેન્સનગરમાં ગુલામો તરીકે વેચાયાં. આ રીતે એથેન્સની લોકશાહીએ લોકશાહી પરનું આક્રમણ શરૂ કર્યું. આ સમયનો ઇતિહાસ લખતાં થુસિડાઈડિસ નામનો ઇતિહાસકાર લખે છે કે "ગ્રીક ધરતી પરની લોકશાહીની સંસ્કાર જ્યોત આ રીતે દુર્ગુણો અને સદ્‌ગુણો તરીકે આચ-

રાવા માંડી. ગ્રીક ધરતી પર એક શબ્દના અનેક અર્થો થવા લાગ્યા. વાટાઘાટ વિતંડાવાદ બન્યો. છળકપટ હોંશિયારી તરીકે દેખાયાં, તથા સારાસાર વિવેક દુર્બળતા દેખાયો. દરેક માણસે એક બીજા પર શંકા ધરીને પરસ્પરના વ્યવહાર શરૂ કરવા માંડ્યો. ગ્રીક ધરતી પર અધિકાર માટેની જીવલેણ સરસાઈ શરૂ થઇ ગઈ."

ત્યારના ગ્રીસ દેશ પર ઇરાનનું આક્રમણ

બરાબર આ સમયે પોતાના નાના સરખા દેશ પર નગર રાજ્યોનું રૂપ ધારણ કરીને સૌ નગરોમાં સર્વોત્તમ એવું એથેન્સ નગર ગ્રીક ધરતી પર જીવતું હતું ત્યારે બે સૈકાઓના સીમા પ્રદેશ પરથી એથેન્સ પર ઇરાનનું આક્રમણ આવી પહોંચ્યું. ઇ. સ. પૂર્વેનો છઠ્ઠો અને પાંચમો સૈકો સંગમ પામતા હતા ત્યાં આગળ પોતાને રાજાઓના રાજા કહેવડાવતો ઇરાનનો શાહે આલમ 'ડેરિયસ' આખા એશિયામાઇનોર પર સંહારના પૂર જેવો ચડી આવતો હતો. ગ્રીક ધરતી પરના એક પછી બીજાં નગર આ આક્રમણ નીચે પડવા લાગ્યાં. ગ્રીક ધરતી પરનાં આયોનિયન નગરોનાં કારખાનાંઓ તૂટી પડવા લાગ્યાં. 'પોલીક્રેટિસ' નામનો મહાન ગ્રીક, ઇરાનીઓને હાથે વધ પામવા ક્રોસ પર ઠોકાઇ ગયો. આક્રમણના આ પુરને ઘડીભર થંભાવવા મિલેટસે દેહની દિવાલ રચી દીધી. પણ તે આખું નગર પતન પામીને રાખના ઢગલામાં સુઈ ગયું. ગ્રીક ધરતી પરનાં નિરાધાર માનવો સંહારની આફતમાંથી બચવા પશ્ચિમ તરફ નાસવા માંડ્યાં. નાસતાં જતાં આ માનવસમુદાયોમાં ગ્રીક ધરતી પરના વૈજ્ઞાનિકો અને ચિંતકો પણ હતા. આ લોકો સંહારમાંથી બચાવવા માટે પોતાના નકશાઓ, લખાણો વગેરે લઈને ભાગતા હતા. એશિયામાઇનોરથી ઉપડેલાં સંહારનાં ઘોડાપુર પોતાના માર્ગમાં જીવતરની બધી રેખાઓ ભૂંસી નાખતાં આગળ વધતાં હતાં. સંહારનાં આ ઘોડાપૂરને હવે રોકી ન શકાય તો સૈકાઓની સંસ્કૃતિઓનો નાશ થઇ જવાનો ભય ઉભો થયો હતો. ત્યારે ઇરાનની શહેનશાહતે ધકેલા સંહારનાં યંત્રો અને સંહારનાં લશ્કરોને થંભી જવાનો પડકાર એથેન્સ નગરે કર્યો. એથેન્સની આ જીવનમરણની લડાઈ હતી. ગ્રીક ધરતી પરની આ ઐતિહાસિક આઝાદીની જેહાદમાં સાથ આપવા ગ્રીક ધરતી પરના સ્પાર્ટા નામના નગરે પણ ઉમેદવારી નોંધાવી. એથેન્સ અને સ્પાર્ટાએ આઝાદીના રક્ષણના નામમાં સંહારના ઘોડાપૂરને થંભી જવાનો પડકાર કર્યો.

જાણે બે જગત એકમેકની સામે ગ્રીક ધરતી પર આવી ગયાં. ગુલામોની પ્રથા પર શહેનશાહત ચલાવતું જગતરૂપ ઇરાનનું હતું અને ગુલામોના જ શ્રમપર સંસ્કારની ઘટના ઘડતું પ્રાચીન જગતમાંથી ઉગેલું ઇતિહાસનું બીજું રૂપ ગ્રીક

વૈરાગ્યનું હતું. આ બન્ને દુનિયાઓ વિશ્વઇતિહાસના ગ્રીસ ધરતી નામના પ્રાંગણ પર પરસ્પરની ઝપાઝપીમાં આવી ગઈ.

ઇ. સ. પૂર્વેના પાંચમા સૈકાના આરંભમાં ગ્રીક લોકશાહીને પડકાર કરતી પૂર્વની પ્રચંડ એવી ઇરાની શહેનશાહતની તાકાત ગ્રીસ પર આક્રમણ કરવા આવી પહોંચી. ઇરાની શહેનશાહતની આ તાકાત પૂર્વના તમામ પ્રદેશો ઉપર કબજો મેળવીને અને એશિયામાયનોરનાં ગ્રીક નગરોને તારાજ બનાવીને ગ્રીસને પોતાનું ગુલામ સંસ્થાન બનાવવા એથેન્સ પર આવી પહોંચી હતી. આ શહેનશાહત અને લોકશાહીના પાયા પર ઉભેલી ગ્રીક જીવનઘટનાએ મુકાબલો કર્યો. ઇરાની શહેનશાહતના જૂના જગત સામે ગ્રીક આઝાદીની નવી દુનિયાનું યુદ્ધ મંડાયું. મૂઠીભર એવાં આઝાદ ગ્રીક માનવોએ ઇરાની શહેનશાહતનાં પ્રચંડ લશ્કરી ધાડાંઓને પાછાં હટાવ્યાં. આ બનાવમાં ઇતિહાસમાં ગ્રીક ભૂમિ પર મારાથોન અને થર્મોપીલી નામનાં બે સમરાંગણો જગતના ઇતિહાસમાં જાણીતાં બન્યાં. આ બે યુદ્ધોમાં પરાજય પામીને ઇરાની શહેનશાહત ઈ. સ. પૂર્વે ૪૮૦ માં આખરી પરાજય પામી. પછી ઇરાની નૌકા કાફલો પણ નાશ પામ્યો. ત્યાર પછી આ શહેનશાહતના કોઈ પણ લશ્કરે ગ્રીસની ધરતી પર પગ મૂકયો નહીં.

પણ વિજયી એથેન્સ સામ્રાજ્યવાદી બનવા માંડયું.

ત્રણ ત્રણ વખત ઇરાની શહેનશાહતને પરાજય આપ્યા પછી ગ્રીક ધરતી પર મહાન બનેલા એથેન્સના પાટનગરની આણ બધાં ગ્રીક નગરો ઉપર તથા ઇજીયન સમુદ્રના બધા ગ્રીક ટાપુઓ ઉપર સ્થપાઈ ચૂકી. સંયુકત બચાવ કરવામાંથી જન્મી ચૂકેલી આ એકતાએ એથેન્સની આગેવાની નીચે ગ્રીસના હંમેશના સંરક્ષણ માટે ગ્રીક નગરો અને ટાપુઓની એક સંરક્ષણ સંસ્થા ઉભી કરી. આ સંસ્થાની આગેવાની એથેન્સનાં નગર રાજ્યે ધારણ કરી તથા ગ્રીસના બચાવ માટેનાં લશ્કરો તથા નૌકા કાફલાની હકૂમત પણ એથેન્સના હાથમાં આવી. સંરક્ષણની આ લશ્કરી સંસ્થાના ખર્ચ માટે મોટું ભંડોળ ભેગું કરવામાં આવ્યું, તથા આ ભંડોળને ડેલોસ નામના ટાપુમાં એપોલોના મંદિરમાં મૂકવાનાં આવ્યું. આ સંરક્ષણની સંસ્થાનું નામ ડેલોસ ઉપરથી 'ડેલિયન લીગ' પડયું.

'ડેલિયન લીગ'ની તમામ સરદારી એથેન્સે ધારણ કર્યા પછીથી એથેન્સે સંરક્ષણ માટેના નૌકા કાફલા માટેનો ઉપયોગ ઇજીયન સમુદ્રમાં તથા ભૂમધ્ય સમુદ્રમાં પોતાની લાગવગને સ્થાપવા માટે શરૂ કર્યો. આ બંને સમુદ્રોમાં ગ્રીસનો વેપાર સર્વોપરિ બન્યો. આ વાણિજ્ય હકૂમતની આગેવાનીનું મથક

એથેન્સ બન્યું. આ વાણિજ્ય હકૂમત નીચે ધીમે ધીમે ગ્રીસનાં બીજાં નગરો અને ઇજીયન ટાપુઓ આવવા માંડ્યા. આ નગરમાં બેઠેલી ડેલિયન લીગ નામની સંસ્થા વાણિજ્ય અધિકારવાળી અને એથેન્સની લોકશાહીના સ્વરૂપવાળી સરકારી સંસ્થા બની. આ સરકારી સંસ્થાએ એથેન્સના સામ્રાજ્યનું સ્વરૂપ ધારણ કર્યું. એથેન્સના સામ્રાજ્યવાદે તમામ ગ્રીક નગરો પર પોતાની આણ વર્તાવવા માંડી તથા નગરો અને ટાપુઓની પ્રજાઓને પોતાને આધિન એવી પ્રજા ગણવા માંડી. એક સમયના સ્વાધિન અને લોકશાહીવાળાં એવાં આ નગરો અને ટાપુઓ પર એથેન્સે પોતાની રાજકિય દરમ્યાનગીરી શરૂ કરી. એથેન્સનાં નાગરિકોએ આ નગરો અને ટાપુઓનાં નાગરિકોને સમાન નાગરિકો ગણવાની ના પાડી. આ રીતે એથેન્સનો રાજકારભાર ચલાવતી અને ડેલિયન લીગ નામે ઓળખાતી એથેન્સની સરકાર સંસ્થાએ સામ્રાજ્યવાદી સંસ્થા જેવો દેખાવ અને વ્યવહાર ધારણ કર્યો.

પેરિકલીસનો આ સુવર્ણયુગ હતો.

ઈ. સ. પૂર્વેના ૪૬૦ ના સમયનો આ સુવર્ણયુગ હતો. સુવર્ણયુગનું આ સ્વરૂપ પાયામાં લોકશાહીનું હતું. આ લોકશાહી એથેન્સ નગરના નાગરિકોની બનેલી હતી. આ નાગરિકોમાં ટોચ પર બેઠેલો વર્ગ મોટા વેપારીઓ અને જમીનદારોનો હતો, તથા ધનદોલતથી ઉભરાતો હતો. એથેન્સનાં બુદ્ધિજીવીઓ તથા મધ્યમવર્ગીઓનો સમાવેશ પણ આઝાદ નાગરિકોમાં થતો હતો અને આ નાગરિકોની લોકશાહી પેરિકલીસના જમાનામાં સુવર્ણયુગના શિખર પર ચડેલી દેખાતી હતી. આ લોકશાહીના પાયામાંનાં અકિંચનો અને ગુલામો નાગરિક ગણાતાં ન હતાં, તથા કોઈ પણ જાતનો સામાજિક કે રાજકિય અધિકાર ધરાવતાં ન હતાં. આ લોકશાહીએ હવે તો ગ્રીસની ધરતી પરનાં તમામ નગરરાજ્યો અને દ્વિપરાજ્યો પર પોતાની સામ્રાજ્યવાદી હકૂમત સ્થાપી દીધી હતી. આ લોકશાહીની આવી આરંભની સામ્રાજ્યવાદી ઘટના સુવર્ણયુગમાં પ્રવેશતી હતી તથા આ યુગનો મહાન આગેવાન પેરિકલીસ હતો. સત્તા તથા અધિકાર સાચવનારાં લશ્કરો અને નૌકા કાફલાની તાકાત પર પેરિકલીસનો આ સુવર્ણયુગ ઈ. સ. પૂર્વે ૪૬૦ થી શરૂ થઈને ૪૨૯ સુધી પ્રકાશી ઊઠ્યો. આ સુવર્ણયુગમાં ગ્રીક ધરતી પર પથરાયેલા એથેન્સના સામ્રાજ્યે ગ્રીક જગત પર પોતાના આણ પાથરી દીધી, તથા હકૂમતના જોર પર ગ્રીસનાં નગરોમાં વ્યાપારી સુધારાઓનું સામ્રાજ્ય શરૂ કર્યું.

પેરિકલીસના સુવર્ણયુગનો ત્રીસ વરસનો સમય ખૂબ યશસ્વી દેખાયો. એણે રાજ્યદ્વિવટ ચલાવવા દર વરસે દશ નિયામકો અથવા સેનાનાયકોની



વરણી કરવાની પ્રથા દાખલ કરી. આ મહાન એનિથેયને ત્રીસ વરસની પોતાની કારકીર્દીના સમયમાં, કવિઓ, લેખકો, વૈજ્ઞાનિકો અને ચિંતકોના સહવાસમાં રહીને, વેપાર વાણિજ્યનો સર્વોપરિ વિકાસ કરીને વાણિજ્યની સામ્રાજ્યવાદી ઘટનાએ શરૂ કરેલી યાદવાસ્થળીને ટાળી રાખવાનો પ્રયત્ન કર્યો.

એથેન્સની સંસ્કૃતિનું નગર-ઘર

વિદ્યા, કલા, સંગીત અને વિજ્ઞાનના સૌંદર્યથી મઢાયેલું ગ્રીક જીવન ઈરાની શહેનશાહો સાથેનાં યુદ્ધના સમય સુધી આઝાદી અને લોકશાહીનાં જીવતરનાં મૂલ્યોથી પણ શોભતું હતું. ગ્રીસનું સાહિત્ય આ બધાં મૂલ્યોને ધારણ કરીને ઓપી ઊઠ્યું હતું. આ બધાં મૂલ્યોને ધારણ કરીને ગ્રીક આઝાદીનો જીવન વહિવટ વેપાર અને ઉદ્યોગમાં સર્વોપરિ બન્યો હતો. આ મૂલ્યોની બધી આગેવાની હવે આખા ગ્રીસનું પાટનગર બની ચૂકેલા એથેન્સ નગરે ધારણ કરી હતી. પેરિકલીસના સુવર્ણયુગમાં આ મહાનગર વિદ્યા, કલા અને સંસ્કારનું મહાધામ બની ચૂક્યું હતું.

આ નગરમાં સામાન્ય ઘરબારમાં તેનાં આઝાદ નાગરિકો જીવતાં હતાં. તે સમયનાં નાગરિકનું ઘર ઈંટો વડે ચણાયેલું હતું અને સામાન્ય રીતે બારીઓ વિનાનું હતું. દરેક ઘરની આગળ એક દિવાનખાનું હતું તથા થાંભલાઓ ઉપર તેને ટેકવવામાં આવ્યું હતું. આ દિવાનખાનાની સાથે જોડાયેલી દિવાલોમાં ઘરમાં પ્રવેશવાનાં જુદા જૂદા ઓરડાઓનાં બારણાં ઉઘડતાં હતાં. એથેન્સ નગરમાં નાગરિકોનાં આવા ઘરમાં સૂવાનો, જમવાનો અને અભ્યાસ કરવાના વિગેરે ઓરડાઓ હતા. આઝાદ નાગરિકનાં આવા ઘરમાં સગવડો ઘણી ઓછી હતી.

આ આઝાદ નાગરિકોનું બધું કામકાજ ગુલામો કરતાં હતાં. તેઓ પાસેના ઝરામાંથી કે કુવામાંથી પાણી ભરી લાવતાં હતાં. આ મોટું નગર એક માઈલ પહોળું તથા એકથી વધારે માઈલ લાંબુ હતું. શેરીઓ વાંકીચૂકી હતી તથા ધૂળ અને કાદવ વાળી હતી. આ નગરનું મુખ્યધામ એક્રોપોલિસ નામનું હતું. આ એક્રોપોલિસ એક મોટી ટેકરી હતી તથા ઈરાની શહેનશાહત પરના વિજય પછી પેરિકલીસે પાર્થેનોન નામનું એક જગવિખ્યાત દેવળ એક્રોપોલિસ પર બંધાવ્યું હતું, અને આખા નગરને શણગાર્યું હતું.

એથેન્સની શાળા

એથેન્સ નગરનાં ગુલામ નાગરિકોનાં બાળકોનાં છોકરાંઓને ભણાવવવામાં આવતાં ન હતાં.ભણતર મેળવવાનો અધિકાર અથવા સગવડ શ્રીમંતોનાં ઉપલા વર્ગ પાસેજ હતી. ઉપલા વર્ગનાં આવા નાગરિકો પોતાનાં દીકરાઓને ગુલામની દેખરેખ નીચે ખાનગી શિક્ષકને ઘેર શરૂઆતનું શિક્ષણ લેવા માટે મોકલતા હતા. જે ગુલામની દેખરેખ નીચે આ નાગરિકોના સંતાનો સચવાતાં તે ગુલામ, 'પીડાગો ગોગ'નાં નામથી ઓળખાતો. આ ગુલામ, નાગરિકોનાં દીકરાઓને પેલીસ્ટ્રા અથવા ક્રીડાંગણોમાં તાલીમ લેવા લઈ જતો. એથેન્સના શિક્ષણના આ બે મૂખ્ય અંગો હતાં. પછી આગળના ભણતર માટે નાગરિકોનાં દીકરાઓ રાજ-કારણ ભણવા માટે સોફિસ્ટો પાસે જતા, તથા વિજ્ઞાન વૈદ્ય, અને ગણિત શીખવા માટે ચિંતકોની એકેડેમીમાં જતાં.

એથેન્સનું વહિવટીતંત્ર

પેરિકલીસના સુવર્ણયુગની ટોચ પર પહોંચેલું એથેન્સનગરનું વહિવટીરૂપ હવે એથેન્સના નગર ધરનું નાગરિકોની લોકશાહીનું રૂપ સીધીસાદી લોક આજા-દીની ઘટનાનું રૂપ રહ્યું નહોતું પરન્તુ એથેન્સની સમ્રાજ્યવાદી ઘટનાનો હકુમતી આકાર ધારણ કરીને ગ્રીક નગરો અને દ્વીપો પર રાજ્ય કરતું હતું. વહીવટનાં આ સ્વરૂપો આજ સુધીનાં નગર રાજ્યોની લોકશાહી અને આઝાદીનો નાશ માગતાં એથેન્સની હકુમત સામે ગ્રીસ ભૂમિપર એકરાષ્ટ્ર ધરની અંદર વિભાજીત પરિબળો ઉભાં કરતાં હતાં. આ રીતે લોકશાહીની એકતાને બદલે ગ્રીક રાષ્ટ્ર પર વિભાજીત એવાં યાદવારથળી કરનારાં એકમો રચાતાં હતાં. એથેન્સની હકુમતનો પડકાર કરીને સ્પાર્ટા પોતાનું હરીફ જૂથ જમાવતું હતું. એથેન્સનો સુવર્ણયુગ, એક જ રાતમાં સુવર્ણનાં ઝબકારા નીચે આંતર કલહની યાદવાસ્થ-ળીમાં ઉતરી પડતો હતો.

સુવર્ણ યુગમાં જ ગ્રીક ધરતીપર યાદવાસ્થળી સળગી ઊઠી. સ્પાર્ટા અને એથેન્સ બે વિરોધી જૂથ બનીને સમરાંગણપર આવી ગયાં. પીલોપોનેશિયન યુદ્ધો તરીકે જાણીતી બનેલી આ યાદવાસ્થળીનો પહેલો તબક્કો. ઈ. સ. પૂર્વે ૪૫૯ થી ૪૪૬ માં પૂરો થયો. આ આંતરકલહમાં તારાજ થતી ગ્રીક ધરતી પર સુવર્ણયુગની યાદવાસ્થલી ઈ. સ. પૂર્વે ૪૩૧ થી ૪૨૧ સુધીના બીજા તબક્કામાં પેઠી. સંહારમાં પ્રવેશેલી ગ્રીક ધરતી પર રોગચાળો પણ ફાટી નીકળ્યો.

છેવટે, એથેન્સનો પરાજય થયો. સ્પાર્ટાનો વિજય થયો. એથેન્સના વેપા-રીઓ, બેંકરો અને મહાશ્રીમંતોએ, સ્પાર્ટાના લશ્કરવાદની હકુમત સ્વીકારી.

એથેન્સની એક્લેસિયામાંથી-ધારાસભામાંથી લોક સમુદાયને હાંકી કાઢ્યો. જલીમો નામે પંકાયેલા ત્રીસ જણની કમિટી ગ્રીસની સ્પાર્ટન સરકાર બની.

સુવર્ણયુગનો અકિંચન ચિંતક, સોક્રેટિસ

ત્યારે આ યાદવાસ્થલીની માટીને સૂંઘતો સોક્રેટિસ ચિંતાતુર બનીને કહેતો હતો.

"આ વિશ્વ–નગરના બજારમાં લાદેલી કિંમતી વસ્તુઓના ઢગલા હું દેખું છું ત્યારે મને લાગે છે કે એમાંની એકે વસ્તુની મને જરૂર નથી હોતી અને અકિંચન એવો હું, મારી પણ એ દોલતમંદોને જરૂર નથી રહી. છતાં એથેન્સને મારી જરૂર છે. એના આ સમયે, હું એને છોડી જાઉં? આ જ ધરતી પર ઘણાં વરસો પર ઝેનો આવ્યો હતો. એણે મને, "ડાયેલેકટિક" શિખવ્યું. "ડાયેલેકટિક" બનીને આજે મારા અંતરમાં એ બેઠો છે. એનેક્ઝાગોરાસ, પોતાનું માથું બચાવવા આ નગરમાંથી નાઠો ત્યારે તેણે પોતાના વિદ્યાર્થીને, મીલેટસને મારી પાસે એક થાપણ લઈને મોકલ્યો હતો, અને કહાવ્યું કે સોક્રેટિસને કહેજે કે,આ મહાનગરની મેધાની સાચવણી કરે. હું એ સોંપણને કોને સોંપીને જાઉં? મને પ્રોટાગોરાસ પણ યાદ આવે છે, એબડેરાનો એ મહામાનવ, એથેન્સથી નાઠો હતો. પણ સિસીલી જતાં રસ્તામાં જ ડૂબી મર્યો. સૌથી મોટો, ડેમોક્રિટસ! જેવો ભારતનો કણભુક તેવો ગ્રીસનો એ વિજ્ઞાનપિતા! એનાં પગલાં જે ધરતી પર પડ્યાં છે. તેને હું આ અંતવેળાએ ત્યજી જઈ શકું જ નહીં."

વીતી ગએલી યાદનું સ્મરણ કરતો સંસ્કૃતિના વિશ્વાદની છાયા જેવા આ ચિંતક પાસે પછી, સ્પાર્ટાની જલીમશાહીની હકુમત નીચે આવેલી એથેન્સની લોકશાહીએ રાજદુતો મોકલ્યા. સોક્રેટીસ ગીરફતાર થયો.

પછી ઇતિહાસની અદાલત, ગ્રીસ ધરતી પરના વિશ્વનગર એથેન્સની સંસ્થાગારમાં બેઠી. આ સંસ્થાગાર પર, સ્પાર્ટાનો લશ્કરવાદ એથેન્સના મહા શ્રીમંતોના સાથમાં ન્યાયાધીશ બનીને બેઠો. આ સંસ્થાગારમાં ગ્રીક નાગરિકો, હજારોની સંખ્યામાં આ કરૂણ તમાશો જોવા એકઠાં થયાં.

ત્યારે ઇતિહાસપિતા, હીરોડોટસ, સોક્રેટિસ કરતાં પંદર વરસથી વધારે વયવાળો હતો. આ ઇતિહાસકાર કંપી ઊઠતા દિલથી ઇતિહાસનું આલેખન ગ્રીસની ધરતી પર ભજવાતું દેખતો હતો.

અદાલતનું કામકાજ શરૂ થયું. સોક્રેટિસ પર બે આરોપો રજુ થયા; એક આરોપ, એથેન્સની સરકારના દેવતાઓનો અનાદર કરવાનો, અને બીજો આરોપ એથેન્સના જુવાનોને બગાડી મૂકવાનો.

પછી સોક્રેટિસ નામનો ઇતિહાસમાનવ, આ બંને આરોપો સામે પોતાનું બચાવનામું રજુ કરવા ઉભો થયો ત્યારે, વિશ્વઇતિહાસની રેખાઓ આ સંસ્કાર જેવા જ્યોતિર્મય જનના અસ્તિત્વથી સ્મિત કરી ઊઠી.

તરત જ, સોક્રેટિસનો અવાજ સંસ્થાગારના શ્વાસ થંભાવતો, પથરાયો.

"એથેન્સના નાગરિકો! મારા પર તહોમત મૂકનારાઓને તમે સાંભળ્યા છે. તેમણે સત્યનો એક શબ્દ પણ કહ્યો નથી પણ જે જુઠ્ઠાણાં તેમણે કહ્યાં, તેની સાથે તેમણે એમ પણ કહ્યું છે કે, હું એક મહાન વક્તા છું તથા તમે મારા કથનથી અવળા દોરવાઇ ન જાવ તેની તમારે તકેદારી રાખવી. તમે સૌ એ તકેદારી રાખો તેવું હું પણ ઇચ્છું છું."

"આજે સિત્તેર વરસની ઉંમરે મારી જિંદગીમાં પહેલી વાર હું મુકર્દમા માટે ઉભો છું. અને તેથી મને કાયદાની ભાષા બરાબર બોલતાં ન આવડે તો તમે સૌ મને નિભાવી લેશો, તથા જે સવાલ ઉભો થયો છે, તેની સચ્ચાઇને પારખવા તરફ જ તમારું ધ્યાન આપશો, તેવી હું આશા રાખું છું."

"તમારામાંથી કોઇને મારો ધંધો જાણવાની ઇચ્છા થાય તો હું કહેવા માગું છું, કે મારું નામ આ નગરમાં ડહાપણને માટે જાણીતું બન્યું છે. જે ડહાપણ માટે મારું નામ જાણીતું બન્યું છે, તે ડહાપણ મારી પાસે હોવાની સાબીતિ, ડેલ્ફીના આપણા નગર દેવતાઓએ આપી છે. આ દેવતાઓના ભુવાઓ અથવા 'ઓરેકલ' પાસે, આપણા નગરનો મશહૂર આગેવાન નાગરિક ચીરેફોન પોતે ગયો હતો અને તેણે તેમને હિંમતભેર પૂછ્યું હતું કે સોક્રેટિસ કરતાં ગ્રીસમાં કોઈ પણ માણસ વધારે ડાહ્યું છે? ત્યારે દેવતાઓએ જવાબ દીધો હતો કે, કોઇ નથી. આ બાબત નિઃશંક રીતે તમે સૌ જાણો છો એટલે તેટલા પૂરતા તમે સૌ પણ મારા સાક્ષીઓ છો.

"પણ ત્યારથી દેવતાઓના આ કથનનો અર્થ હું શોધતો હતો. હું જે કશું જ જાણતો નથી, તે સૌથી વધારે ડહાપણવાળો છું, એવા કથનનો શો અર્થ થતો હશે, તે જાણવાની ચિંતા મને હતી. એટલે, આ દેવતાઇ કથનનો અર્થ સમજવા માટે, મેં ડહાપણ માટે જાણીતી વ્યક્તિઓની મુલાકાત લેવા માંડી. આ મુલાકાત લેવા પાછળનો મારો ઇરાદો, એ હતો, કે મારા કરતાં વધારે ડાહી વ્યક્તિને શોધી કાઢીને, હું સાબીતી આપી શકું કે, ડેલ્ફીએ કહેલી દેવતાઓની વાત ખોટી છે."

"પણ પછી મેં મુલાકાતો શરૂ કરી તેમાં આજ સુધીની દરેક મુલાકાતોમાં મને માલમ પડ્યું કે, લોકો જેને ડહાપણવાળા માનતા હતા તથા,

પોતે પણ પોતાને અમુક અમુક બાબતમાં ડહાપણવાળા માનતા હતા, તે બધી વ્યક્તિઓ, વાતચીત પછી ડહાપણ વિનાની માલમ પડતી હતી."

"આવું બને ત્યારે, પોતાને ડાહ્યાં માનનારાંઓ બધા લોકોનો વચ્ચે ખુલ્લાં પડી જતાં, અને મારા પર ગુસ્સો પણ કરતાં. પણ હું તો, ડહાપણની શોધ માટે નવીનવી વ્યક્તિઓની મુલાકાત લેતો. તેમને ગુસ્સો થાય તો, દિલસોજી દાખવતો, હું આગળ વધતો હતો. આજ સુધી આ કામકાજ મેં અટકયા વિના ચાલુ રાખ્યું છે.

"તથા મને લાગ્યું છે, કે, ન્યાય, સંસ્કાર, સત્ય, સૌંદર્ય, વગેરે આપણા વ્યવહારનાં અનેક મૂલ્યો પોતાની પાસે છે, એમ જેમણે માન્યું હતું, તેમની પાસે તે મૂલ્યોનું જ્ઞાન કે ડહાપણ એમાંથી કયું જ હતું નહીં. છતાં તેઓ એમ માનતા કે તેવું જ્ઞાન અને ડહાપણ તેમની પાસે છે. મારી પાસે પણ, આ મૂલ્યોનું જ્ઞાન કે ડહાપણ નહોતું, પરંતુ, જે મારી પાસે નહોતું તે મારી પાસે છે, એવું માનવાની ભૂલ મેં કદિ કરી નથી. એટલા પૂરતો હું તેવી ભૂલ કરનારાંઓ કરતાં વધારે ડાહ્યો ગણાઉં. આટલું સાબીત કરવા માટે હરકયુલીસની જેમ મેં પણ અથાગ જહેમત ઉઠાવી છે, તથા ઘણાંઓનો રોષ મારા પર વહોરી લીધો છે. છતાં, હું સાબીત કરી શકયો છું કે એટલા પૂરતું પેલું ડેલફીના દેવતાઓનું કથન સાચું છે."

"એથેન્સનાં નાગરિકો! આ તપાસને લીધે આ નગરે મને "સોક્રેટિસ, ધી, વાઇઝ" નું ઉપનામ આપ્યું છે. આ ડહાપણ વડે હું એથેન્સનાં માનવોને કહેવા માગું છું કે, મારી જેમ, તે જ ડાહ્યું, અથવા સુજ્ઞ છે, જે મારી માફક માને છે કે, પોતે, કશું સમજતું નથી."

"આવી, જ્ઞાન અને પ્રજ્ઞાની તપાસ કરતો હું રખડતો હોઉં છું ત્યારે, જેમને ઘણો નવરાશનો સમય હોય છે, તેવા શ્રીમંતોના શ્રીમંત દિકરા મારી સોબતમાં સપૂર્વક સાથે રહ્યા છે,તથા તેમણે પણ મારી સાથે આવા માનવ જાતની તપાસના અનેક સંવાદો કર્યા છે. આ રીતે, તપાસની એક હીલચાલ જે આપણી ધરતી પર ફરવા માંડી છે; તેને લીધે, જેમને કોઈને અપમાન કે માઠું લાગ્યું છે, તેમણે સૌએ એકલા સોક્રેટિસને દુશ્મન માન્યો છે, તથા તે સૌ તરફથી એનીટસે, અને મીલેટસે મારા પર મુકદ્દમો માંડ્યો છે."

"હવે, આ મુકદ્દમામાં, મારા પર મૂકાયેલા, જુવાનોને બગાડી મૂકવાના આરોપ વિષે હું વાત કરું. હું મીલેટસને જ પુછું કે આપણા જુવાનોને આપણે બને તેટલા સારા બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ કે નહીં? તો એ હા પાડશે અને કહેશે કે જરૂર કરવો જોઈ એ. તો મારા પર જુવાનોને બગા-

ડવાનો આરોપ મૂકનાર મીલેટસ, આ અદાલતને કહેશે કે તેમને સારા બનાવવા માટે શું કરવું જોઇએ ? અથવા તેમને સારા કોણ બનાવી શકશે ? આ અદાલતના આટલા બધા ન્યાયાધીશો આપણા જુવાનોને સારા બનવાની તાલીમ આપી શકશે ? મીલેટસના તરફથી આ સવાલનો જવાબ હું દઉં છું કે આ બધા ન્યાયાધીશો તેમને સારા બનવાની તાલીમ આપી શકશે જ. અને અહીં એકઠા થએલા હજારો નાગરિકો પણ તે સૌ પણ જુવાનોને સારા બનાવવા જરૂર પોતાથી બનતું બધું કરી શકે જ. "

" તો પછી એનો અર્થ એ થયો કે આ ન્યાયાધીશો, આ ધારાસભાના સભ્યો, અને આ નાગરિકો કોઇપણ આપણા જુવાનોને બગાડતું તો નથી જ. એ સૌ તો તેમને સારા બનાવે છે. એટલે આ બધાનો પાછો છેલ્લો અર્થ એ છે કે મારા સિવાયના સૌ એથેન્સવાસીઓ જુવાનોને સારા બનાવે છે, અને એકલો હું તેમને બગાડું છું. બોલ, મીલેટસ, તેં મૂકેલો આરોપ હું કહું છું, તેવો જ છે ? મીલેટસ હા પાડે છે. "

" એથેન્સનાં નગરજનો ! હવે હું જુવાનોને કેવી રીતે બગાડી મૂકું છું, તે બાબત વિષે મીલેટસનું કહેવું એમ છે કે, દેવતાઓમાં એથેન્સનગર માને છે તેમાં નહિ માનવાનું કહીને તથા નવાં દેવ દેવીઓમાં માન્યતા રાખવાનું કહીને હું તેમને બગાડું છું. મીલેટસ કહે છે કે હું સુરજ અને ચંદ્રને દેવ નથી માનતો પણ એકને સળગતો પથરો અને બીજાને સળગી રહેલી પૃથ્વી માનું છું. "

" એથેન્સવાસીઓ ! મીલેટસ ભૂલી જાય છે, કે આ માન્યતા તો એથેન્સના મહાચિંતક એનેકઝેગોરાસે એથેન્સને આપી છે. કલેઝોમીનીના એ મહાન ચિંતકની ચોપડીઓ, અદાલતના બધા ન્યાયાધીશોએ વાંચી હશે જ. આ માન્યતાને સમજવા આપણા જુવાનોને સોક્રેટિસનું શિક્ષણ લેવાની જરૂર નથી પડતી, કારણ કે એ ચોપડીઓ તો આજે પણ એથેન્સના ચૌટામાં જૂજ કિંમતે મળે છે. આ ઉપરાંત કોઈ નવા દેવતાઓની પૂજાની કે માન્યતાની વાત મીલેટસ પણ રજુ કરી શકયો નથી.

" પુરવાસીઓ ! જ્યાં બચાવ કરવા જેવું જ નથી તેવા આરોપો માટે આથી વધારે બચાવ રજુ કરવાનું મને મન નથી. છતાં, મને ભાન છે કે, મારી સામે એક મોટી દુશ્મનાવટ ઉભી થઈ છે. મીલેટસ, કે એનીટસને તે માટે હું મારા દુશ્મનો નથી લેખતો. જે અનિષ્ટોએ આપણી હકુમતને અંધ બનાવી છે, તે અંધાપો આપણો દુશ્મન છે. એ દુશ્મને સંસ્કારને પાછો પાડી દીધો છે. એ જ દુશ્મનાવટ સામે આજે હું પરાજય પામું છું તથા, મારા પછી બીજા ઘણાઓ એની સામે પરાજય પામશે.

" પણ નાગરિકો ! પરાજય પામવાથી કે નાશ પામવાથી હું શરમાતો નથી. દેવોના જે દિકરાઓ ટ્રોયમાં નાશ પામ્યા તેમણે શરમાવા જેવું શું કર્યું હતું ? અને થેટીસના દિકરાએ, એની માતાને નહોતું કહ્યું કે. " ભલે, આવે મોત " ? આ જીવનવ્યવહારમાં જે સ્થાનની સોંપણી મને થઈ છે, તે સ્થાન પર રહીને અંતરાત્માના આદેશ પ્રમાણે મારી ફરજની બજવણી કરતાં કરતાં, હું જો કહું કે, " ભલે આવે મોત !" તો, તમે મારી સાથે અસંમત થશો નહિં. પોટીડાઇ, ઍંફીપોલીસ અને ડેલિયમનાં ભયંકર યુદ્ધોમાં આ સોક્રેટિસનો દેહ જુવાન હતો ત્યારે તે સૌની મોખરે હતો અને ત્યાં, મારા નાયકે, જે સ્થાનનું રક્ષણ મને સોંપ્યું હતું ત્યાં જ આ મહાન વિશ્વનગર એથેન્સની આઝાદી ખાતર ધરતીમાં પગ રોપીને મેં પડકાર કર્યો હતો, " ભલે આવે મોત ! "

" પણ ત્યારે, ભગવાનની ઇચ્છા પ્રમાણે મોત આવ્યું નહીં. ભગવાનની ઇચ્છા એવી છે કે મારે એથેન્સની ધરતી પર ચિંતકની જિંદગી જીવવી, તથા તે રીતે, મારી અને એથેન્સની જિંદગીના વ્યવહારની માનવ જંતની તપાસ કરવી. એ તપાસની ફરજ બજાવતાં, હું કહું કે, " ભલે આવે મોત !" તો, તમે, જે કોઇ મારી સાથે અસંમત હો, તે લોકો મને માફ કરજો. મોતથી ભાગી જવામાં કે તમારું શરણ સ્વીકારવામાં વધારે ડહાપણ છે, એમ હું માનતો નથી, કારણ કે, મોત વિષે મને કશું જ જ્ઞાન નથી. એ ગમે ત્યારે આવે તોપણ મારે મારી ફરજ બજાવ્યે જવી જોઇએ."

' કારણ કે, જે જુવાનોને બગાડવાનો મારા પર આરોપ છે, તેમને મેં કહ્યા જ કર્યું છે કે, તમે સૌ કોઈ એથેનિયન છો. આ જગતના સૌથી મહાન નગરના નાગરિકો થઈ ને તમે, સત્ય અને ન્યાય ખાતર ફરજની બજવણી પર આરૂઢ થવાને બદલે ધનદોલતને, અને સુવર્ણને મેળવવા પાછળ અંધ બનીને દોડતાં શરમાતા કેમ નથી ?

"મારા અંતરાત્માનો, અથવા ભગવાનનો એજ અવાજ, આબાલવૃદ્ધ, નર અને નારી, એથેન્સનાં દેશી કે પરદેશી સૌ માનવબંધુઓ માટે તથા મારા માટે સરખો છે, પરંતુ એથેન્સનાં માનવો, આજની આ અદાલત મને નિર્દોષ છોડી મૂકે કે ન છોડી મૂકે, પરંતુ યાદ રાખજો કે, મારે એક સો વાર મોતને ભેટવું પડે કે મરણ પામવું પડે તોપણ આ જ અવાજ હું તમને યુગયુગ સુધી સંભળાવ્યા કરીશ." બોલતા સોક્રેટિસે આસન લેતાં કહ્યું, ' હવે મારા ન્યાયાધીશો એમનો ફૈસલો ભલે સંભળાવે ! '

એક દિલ કંપાવનારો આંચકો એથેન્સની માનવતાએ અનુભવ્યો. એક કરપીણ મૌન નીચે કચડાતી મેદની શ્વાસ અટકાવીને સાંભળતી બેઠી. પછી,

સોક્રેટિસને દેહાંત દંડની શિક્ષાનો ફેંસલો સંભળાવતી અદાલતે, માનવ સંસ્કૃતિ પર કલંકિત મેખ મારી. અને પેલો, મહામાનવ પોતાની ધીરગંભીર કાયાને રિમતભર ઉંચકતો, સંસ્કારના સ્તંભ જેવો ગ્રીસની ધરતી પરથી આખરી જવાબ બોલ્યો :

" એથેન્સની અદાલતના હાકેમો ! ભગવાનના આદેશથી આ મહાન નગરને મમતાથી વળગી રહેલા મારા જેવા એક અદના માનવનો વધ કરવાનો ફેંસલો આપીને એથેન્સના નગરજનોને જગતાં રહેવાનો અખંડ પડો બજવનારને તમે આ નગરના જીવનવ્યવહારમાંથી બહાર હડસેલી મૂકો છો. પણ અત્યારની ઘડી સુધી મેં મારી ફરજની અવેતન બજવણી કરી છે તથા તેની સાક્ષી મારી ગરીબાઈ છે.

' એથેન્સનાં નગરજનો ! જુવાનોને બગાડી મૂકવાના મારા પર થએલા આક્ષેપનો પ્રતિકાર કરતા તમારા જુવાન દિકરાઓના પ્રતિનિધિઓ જેવા મારા વિદ્યાર્થીઓના પિતાઓને દેખીને હું આનંદ પામું છું. ક્રીટોનો બાપ ક્રિટોબુલસ, એચીનીસનો બાપ લુસાનીઅસ, એપીજીનીસનો બાપ એન્ટીફોન, તથા નીકોસ્ટ્રેટસ અને ડીમોડોકસ તથા પ્લેટોનો બાપ એરિસ્ટોન અને ભાઈ એડીમેન્ટસ, તથા બીજા અનેકો જે અહીં હાજર છે, તેમને સાક્ષી માટે, અહીં ઉભા થવા દેવામાં આવ્યા હોત તો તેઓ કહેત કે તેમનાં જુવાન ફરજંદો ને મેં બગાડ્યાં નથી.

' એથેન્સના પુરજનો ! હોમરે ગાએલી કવિતામાં કહ્યા પ્રમાણે હું કોઈ પત્થરમાંથી કોતરાયલી પ્રતિમા નથી. આ નગરનું રૂપ મઢતા એક શિલ્પી શ્રમમાનવના ગરીબ ઘરમાં મારો જન્મ થયો છે, અને મારે એથેનીયન સ્ત્રી અને ત્રણ દિકરાઓ છે. મેં તેમને અહીં આવવાની મના કરી છે કારણ કે, તેઓ તમારો ફેંસલો સાંભળીને, તમારી દયા માગતાં, રડારોડ ન કરી પાડે તેથી એમ કરવામાં મારો ઇરાદો, તમારું અપમાન કરવાનો નથી, પરંતુ આ વિશ્વનગરનું માન કરવાનો છે. એથેન્સનું માન, માગે છે કે તેનું કોઇપણ નાગરિક, મોત પાસે યાચના કદિ ન કરે !

' જેમણે આ ફેંસલો આપ્યો છે, તેમને હું કહેવા માગું છું કે, મને સિત્તેર વરસ થઈ ગયાં છે એટલે હું કુદરતી રીતે થોડાં જ વરસોમાં મરણ પામ્યો હોત, પરંતુ તેટલી ધિરજ દાખવવાની નૈતિક તાકાત ગુમાવેલા, લોકમતના આજના હાકેમોને, ઈતિહાસ, સુજ્ઞ સોક્રેટિસના ખૂનીઓ તરીકે ઓળખશે.'

' તથા મરણની કિનારી પર ઉભેલા, માનવીને કોઈ વાર દેખાય છે તે પ્રમાણે, આવતી કાલમાં નજર નાખતાં, મને દેખાય છે કે, જીવનનો જે

વ્યવહાર સોક્રેટિસનો ખૂની છે, તે વ્યવહાર પર અસહ્ય એવી શિક્ષા આવતી કાલે ઉતરી પડશે. તમારાં જે કરતૂકોનાં પરિણામોમાંથી ભાગી જવાની ઘેલછાથી તમે ઉગરી જવા માટે સત્ય કથનનો અનાદર કરો છો, તે શિક્ષાના રૂપવાળો કરાળ કાળનો અદ્રશ્ય ઈન્સાફ આપનારો, વિરાટ માનવ, તમને છટકી જવાદેશે નહીં.



"એથેન્સના નગર આંધવો! હું તમારી વિદાય માગુ છું. હું મોત તરફ જાઉં છું, તમે સૌ જીવન તરફ જાવ!"

સોક્રેટિસનો વધ થઈ ગયો. સોક્રેટિસને મોત તરફ વિદાય કર્યા પછી એથેન્સ અને સ્પાર્ટાની યાદવાસ્થલી ચાલ્યા કરી. સ્પાર્ટા અને એથેન્સ એમાંથી કોઈનો વિજય થયો નહીં. ગ્રીસદેશ પર નગર રાજ્યો પતન પામવા માંડ્યાં.

ઈ. સ. પૂર્વેના ચાર સૈકાઓ સુધી સંસ્કૃતિની ટોચ પર ચડીને સંસ્કારનો ઝંડો ફરકાવતો ગ્રીસ દેશ, એથેન્સ નામના મહાનગરમાંથી પ્રાચીન જગતને નાગરિકતાના પાઠ શિખવતો હતો. આ પાઠ શિખતા એથેન્સ નગર પર "પાલાસ એથેની" અથવા એથેન્સના સંસ્કારની દેવી પ્રમુખપદે હતી.

એથેન્સ નગરનો સંસ્કાર, વૈજ્ઞાનિકો અને ચિંતકોએ લક્ષ્યો હતો. એથેન્સ નગરનું સંસ્કારરૂપ, શ્રમ-માનવો અને નાગરિકોએ મઢયું હતું. ઈજીયન સાગર પરના કિનારાઓ પરથી આ નગરશાળા જગતભરને કહેતી હતી કે

જીવનનું અવલોકન કરો, જીવનનો નિયમ શોધી કાઢો અને પછી તે નિયમો પ્રમાણે સંસ્કારના વ્યવહારનું ઘડતર કરો.

પણ એથેન્સે સોક્રેટિસનું ન્યાયના નામમાં ખૂન કર્યું તે ઈ. સ. પૂર્વેના ૩૯૯ મા વરસમાં સોક્રેટિસના એક વિદ્યાર્થી પ્લેટોને જાણે ઇતિહાસનો આંચકો

વાગ્યો. એ પગથી માથા સુધી હચમચી ઊઠ્યો. એણે ઝબકી ઊઠીને એથેન્સ-પર રૂદન કરતી નજર નાખી.

જાણે, સ્પાર્ટાના અને એથેન્સના વિજયી માલિકોની હકુમત ચિંતકના આ અરણ્યરૂદન પર હસતી હતી. સ્પાર્ટાના લશ્કરવાદે, જેને વિજ્ઞાન કે સંસ્કારની એક લીટી પણ લખતાં નહોતી આવડતી, તેણે જ, આજે કવિઓ, નાટ્યકારો વૈજ્ઞાનિકો અને ચિંતકોની આ ભૂમિનો કબજો લીધો હતો.

છતાં આ પ્રખર વાસ્તવિકતા સામે આંખો મીંચીને સમાધિ ચઢાવીને, જાણે પ્લેટો નૂતન સંસ્કાર રાજ્યની કલ્પના કરતો એથેન્સમાં એકેડેમી સ્થાપીને



બેઠો હતો. સ્પાર્ટા અને એથેન્સમાંથી વિચારનાં મૂલ્યો વીણી વીણીને એણે ન્યાયના ચિંતનથી જ શરૂઆત કરી. એણે ન્યાયવાળી દુનિયાનું મનોમય દિવાસ્વપ્ન લખી નાખ્યું, અને ગ્રીક-ભૂમિપર તેને ઉતારવાની કલ્પના કરી.

નવી દુનિયાને બનાવવા એથે-ન્સનો મહાન ઉમરાવ ચિંતક, પ્લેટો પોતાની એકેડેમીમાં બેઠો. એણે ભારતમાં દેખી હતી તેવી વર્ણાશ્રમવાળી દુનિયાનું દિવાસ્વપ્ન રચ્યું. એણે આ વર્ણાશ્રમમાં પોતપોતાની ફરજ બજાવવાનો શ્રમ દરેક વર્ણને સોંપી દીધો. આ ફરજમાંથી ચૂકે કે, તે બજા-વવાનો ઇન્કાર કરે તેને, શિક્ષાઓ કરવા એણે રાજાઓની એક આપમેળે નિમાયલી સમિતિને ગોઠવી દીધી. એ સમિતિનું નામ એણે ચિંતક રાજન્યો, અથવા બ્રહ્મ-ક્ષત્રિયો પાડ્યું.

આ દિવાસ્વપ્નનો રાજકારભાર ચલાવવાના નિયમોનું પાલન એટલે જ શુભ અથવા "ગુડ" એમ એણે નક્કી કર્યું.

એણે કહેવા માંડ્યું કે, સોક્રેટિસ મારી સામે જીવતો જાગતો છે એણે પોતાના દિવાસ્વપ્નમાં જ જીવવા માંડ્યું. પોતાના દિવાસ્વપ્નમાંથી બહાર નીકળીને એ પોતાની "એકેડેમી" ના વિદ્યાર્થીઓને પાઠ આપવા બહાર નીકળતો, અને પછી દેશ અને કાળની જેને આંચ આવી ન શકે તેવા, દિવાસ્વપ્નમાં સરકી જતો, અને કિનારાની ભેખડ પર ઉગેલા કોઈ ઓક ઝાડના થડિયાને અઢેલીને, સેફીસસનાં પાણીમાં પડતા, ઓકના પડછાયાને દેખતો કહેતો હતો,

"પાણીની અંદર દેખાતું, તું જ, સાચું એક તરુ છે, અને જેને અઢેલીને હું બેઠો છું તે તો તારો પડછાયો છે, મિથ્યા છે."

"કોણ હસે છે એ!" એણે હસવાનો આભાસ સાંભળ્યો. એને ચિર-શાંતિ જ પસંદ હતી. જરા પણ ઘોંઘાટથી દૂર, એટલે તો એણે મહાન એકેડેમસની પ્રતિમાની પડોશમાં, એ વીરનરના, નામમાં જ પોતાની 'એકેડેમી' નામની નિશાળ બાંધી હતી. સોક્રેટિસની જેમ લોકોનાં ટોળાંઓ વચ્ચે બેસીને વાત કરવાની રીત હવે એને પસંદ નહોતી. જેને વાત કરવાનો બપ હોય તે અહીં આવતું, અને શાંતિથી શિક્ષણ પામતું.

પોતે, સ્વર્ગમાં કલ્પ્યું હતું તે દિવાસ્વપ્નનો પડછાયો, આ ધરતી પર જ લાવવા અને દુનિયાનો તેવો આકાર ઘડવા, ચિંતકરાજાઓ જોઈએ. પોતાના મન સાથે સમાધાન કરતો હોય તેમ એ બોલ્યો, 'વધારે ચિંતક રાજાઓ ન હોય તો, એક ચિંતક રાજા પણ ચાલે." એની નજર સામે ગ્રીસ ધરતી પર શાસન કરતા, સાયરેકયુસનો સરમુખત્યાર બનો બેઠેલો અને જાલીમ તરીકે પંકાઇ ચૂકેલો, ડીઓનીશિયસ દેખાયો. પ્લેટો દિવાસ્વપ્નને ધરતી પર ઉતારવા બોલ્યો "તું જો ચિંતક રાજા બની જાય તો, તું જો ચિંતક રાજા બની જાય તો!" બોલતો પ્લેટો પેલા જાલીમની છબી તરફ દેખતો બબડ્યો "જો તું, ચિંતક બની જાય તો, રાજા બન્યો હોય તોય ભલે, ભલે...ચિંતક જો રાજા હોય અને રાજા જો ચિંતક હોય તો..." બોલતા પ્લેટોની નજર ગ્રીસની ધરતી પરથી સ્વર્ગનો વિચાર કરવા લાગી ગઈ. એની નજર સામે, પેલું દિવા સ્વપ્ન દેખાયું. એ સ્વપ્નમાં જાણે એ દેખતો હતો, "રાજા ચિંતક બની જાય તો...એણે સ્વપ્નમાં ને સ્વપ્નમાં ગ્રીસને તારાજ કરીને સરમુખત્યાર બનેલા જાલીમનો કાગળ પોતાના પર આવ્યો હોય તેવી કલ્પના કરી, અને સ્વપ્નમાં ડીઓનીશિયસનો આવ્યો હોય તેવો કાગળ વાંચવા માંડ્યો.

"મારા વહાલા ચિંતક! આપ અમરતા ચિંતાતૂર છો. હવે કોઈ પણ શ્રીમંત, ધારાસભ્યને લાંચ આપીને, કાયદાને કોઈ ખરીદી શકશે નહીં કારણ કે બધા કાયદાઓ મેં રદ કર્યા છે. હવે કોઈ વક્તા પોતાની બોલવાની ચાતુરીથી લોકોને બોટે રસ્તે દોરી જઈ શકશે નહીં કારણ કે, સૌનાં મોઢાં પર મેં સીલ મારી દીધી છે. તમારા દિવાસ્વપ્નમાં દેખાય છે તેવું રાજ્ય હવે રચી શકાશે કારણ કે, મારી પાસે મજબુત લશ્કર અને નૌકાદળ છે તથા આપની પાસે, ચિંતન છે, સ્વપ્ન છે. એટલે આપ, જો, આ દેશપરની નિશાળો હાથમાં લઈ લો, અને દરેકને તેની કક્ષા પ્રમાણે, જાતિ પ્રમાણે અને દરજ્જા પ્રમાણે આ રાજ્યના જ વિકાસ માટે, તાલીમ મળે તેવો અભ્યાસક્રમ ગોઠવી દો, તો,

પછી શી મણા રહે, આ ધરતી પર! મારે નાને મોઢે મોટી વાત નથી કરવી. આપ પોતે સાયરેકયુસમાં પધારીને ખાતરી કરો."

પ્લેટો, પોતાના દિવાસ્વપ્નમાં જ, પેલા ગ્રીસને તારાજ કરનાર, એથેન્સના સંસ્કારના બધા દિવા બુઝાવી નાખનાર અને એથેન્સ નગરીનાં બધાં સંસ્કાર ધામોનાં ખંડિયેર કરી નાખનાર ડીઓનીશિયસનો પત્ર વાંચતો હતો.

ત્યારે, એથેન્સમાં આ મહાન ચિંતક અને એની શાળા ગ્રીસભરમાં પંકાઈ ચૂકયાં હતાં. ત્યારે ગ્રીસની લોકશાહીનો સંસ્કારપિતા પેરિકલિસ મરણ પામી ચૂકયો હતો. ત્યારે પચ્ચીસ વરસ પર ઝીનોફોને લખેલી ચોપડીના પાઠમાં કોઈને રસ રહ્યો નહોતો. ત્યારે ત્રીસવરસથી ગ્રીસમાં ચાલતાં યુદ્ધો અને યુદ્ધો પછીની મરકામાં, તારજ બનેલી ભૂમિપર પાંત્રીસવરસનો નવજુવાન પ્લેટો દિવાસ્વપ્ન દેખતો હતો, અને જાલીમ ડાયોનીશિયસને કહેવડાવતો હતો, "હું આવું છું. હું આવી પહોંચ્યું છું."

પછી ત્રણ ત્રણવાર સાયરેકયુસ જઈને એણે ડાયોનીશિયસની મુલાકાત લીધી, તથા રટણ કર્યા કર્યું કે, "રાજા જો, ચિંતક બની જાય, અને ચિંતક જો રાજા હોય તો.....ડાયોનીશીયસ, જો ચિંતક બની જાય અને ચિંતક, જો ડાયોનીશિયસ હોય તો!"

પ્લેટો સાયરેકયુસ પહોંચી ગયો. એણે ત્યાંના વહીવટમાં પોતાનું દિવાસ્વપ્ન ઊતારવાની વાત કરી.

પણ જુવાન જાલીમ, જુવાન ચિંતકપર ખડખડાટ હસી પડયો અને એણે પ્લેટોને કારાગારમાં પૂરાવી દીધો. શ્રીમંત મિત્રોએ પોતાના ચિંતકને છોડાવવા દોડાદોડ કરી મૂકી. મોટો ખર્ચ કરીને જાલીમના કારાગારમાંથી, પ્લેટોને, પોતાની એકેડેમીમાં પાછો આણવામાં આવ્યો.

હવે પ્લેટોએ, જેમાં ગુલામો ગુલામો હોય, શુદ્રો શ્રમ અને સેવા કરતાં હોય, કારીગરો વસ્તુઓ ઘડતાં હોય અને વેપારીઓ વેપાર ખેડતા હોય તેવા, અને આ બધા વર્ગો ઉપર આયુધધારણ કરેલા, ચિંતક રાજાઓનો સમુહ, એકજ કુટુંબ અને સહીયારી મિલ્કતવાળો બનીને, કાયદા ઘડતો હોય તથા અમલ કરતો હોય, તેવી રાજઘટનાનું નૂતન દિવાસ્વપ્ન આ ધરતી પર દાખવવાનો વિચાર માંડી વાળ્યો, અને નગરની ધમાલથી દૂર પોતાની એકેડેમીનું કામ આગળ ધપાવવા માંડયું.

પ્લેટોનો શિષ્ય એરિસ્ટોટલ

જેવો પ્લેટો મહાન હતો તેવો અથવા તેથી પણ અધિક મહાન એરિસ્ટોટલ હતો કારણ કે એણે કહ્યું, "પ્લેટો મહાન છે પણ સત્ય સૌથી મહાન છે."

"મેં નિશ્ચય કરી નાખ્યો છે." એણે પ્લેટોને કહી દીધું,

"કે હું મારે ઘેર જાઉં છું."

"એકાએક!" પ્લેટો હચમચી ઊઠતો બોલ્યો.

"એકાએક કંઈ થતું નથી. આ પૃથ્વી પર છે તે બધાં પદાર્થરૂપો, આસ્તે આસ્તે વિચારરૂપ અથવા ભાવરૂપ બને છે ને! પદાર્થનું મિથ્યારૂપ, સત્યરૂપ અથવા વિચારરૂપ બને છે તે પણ એકાએક કયાં બને છે! હું એવું માની શકતો જ નથી." ઍરિસ્ટૉટલ ચાલી નીકળવા તૈયાર થયો.

"તું હજુ એમાં માનતો જ નથી. હું નહીં હોઉં ત્યારે..." વૃદ્ધ પ્લેટોએ ઍરિસ્ટૉટલ પર મમતા ભરી નજર નાખી, "ત્યારે આ ઍકેડેમી, તું શું શીખવીને સંભાળી રાખીશ?"

"ઍકેડેમી મારે જ સંભાળવાની હશે તો, આપણા દરવાજા પર મારેલું પાટિયું, હું કાઢી નાખીશ. ભૂમિતિના જ્ઞાન વિનાના કોઇએ, અહીં પ્રવેશ શા માટે ન કરવો? ભૂમિતિ, ધરતીનું માપ શીખવે છે, બસ, એથી વધારે દૈવત એમાં કશું જ નથી. ભૂમિતિને, તત્ત્વ-જ્ઞાન સાથે કશો સંબંધ નથી."



"તો તું, અહીં નહીં રહી શકે!" વૃદ્ધે રોષ કર્યો.

"હું જ, તે તો, કહેવા આવ્યો છું!"

વૃદ્ધ ચિંતક આ બળવાખોર તરફ કયાં સુધી જોઈ રહ્યો. વૃદ્ધ મહાભાવની, સફેદ દાઢી પવનમાં કંપી ઊઠી. છેવટે ઍરિસ્ટૉટલે કહ્યું.

"તરંગો, સમજણમાં કોઇવાર મદદ કરી શકે, પણ તરંગોનું રચેલું દિવા-સ્વપ્ન, આ નક્કર જગતની, પદાર્થની દુનિયાની હસ્તીને નકારી ન જ શકે. પદાર્થો પોતે, પદાર્થો રહીને જ વિકાસનાં રૂપો ધારણ કરે છે, વિચારો બનીને નહીં."

"તું કોને શીખવે છે?" પ્લેટો કંપી ઊઠ્યો.

"હું સૌને એવું જ શીખવીશ હું શીખવીશ કે નવાં પદાર્થરૂપોનું સર્જન, તરંગી ભાવરૂપમાંથી નથી થતું. નવા પદાર્થોનાં નવાં રૂપો, પદાર્થ-માંથી જ વિકાસ પામે છે."

"તો તું ભલે જાય!" વૃદ્ધે મમતા છોડીને કહ્યું.

"હું પણ એ જ કહેવા આવ્યો છું કે, હું હવે ભલે જાઉં, હું જઈશ તેમાં જ મારો આપના તરફનાં માન અને પ્રેમભાવ સચવાઈ રહેશે,"

"તારો મારા તરફ પ્રેમભાવ છે જ." વૃદ્ધે પાછી મમતાભરી નજર નાખી.

"પણ સત્યને હું સૌથી વધારે ચાહું છું."

"પણ તું સુધર્યો નહીં, મેસિડોનિયાનો ગામડિયો!"

"મારે સુધરવું નથી. સ્વર્ગના દિવાસ્વપ્નનું એક ભાવરૂપ બની જવા કરતાં, આ ધરતી પરના જીવતરનું ધીંગું ગામડિયું જીવન, મને વધુ પસંદ છે."

"તારા જેવી, મેધાવાળો પણ જે ના પાડે છે, તો પછી મારું સત્ય સમજાશે કોને!"

"મારા જેવાં નહીં હોય તેમને. હું રાજવૈદ્યનો દિકરો છું. હું સ્વીકારી શકું જ નહીં કે, આત્મા શરીર વિના સંભવી શકે. અને કોઈ દિવાસ્વપ્નમાં એકલા આત્માઓ રહેતા હોય ત્યાં, મારે દોરાઈને નથી આવવું, આપનાં પાછળ પાછળ."

"કારણ કે તને મારા માટે ખૂબ ભાવ છે!"

"કારણ કે, સત્ય માટે મને સૌથી વધારે પ્રેમ છે,"

"તારા સત્યનું કંઈ સ્વરૂપતો હશે ને!"

"અનુભવ! પદાર્થ અને તેના આત્માનો અનુભવ."

"તો તું, ભલે જાય!" પ્લેટોએ પાછું સંભળાવી દીધું.

ઍરિસ્ટૉટલે અનેક વરસો સુધી ઍથેન્સની ઍકેડેમીમાં રહીને અભ્યાસ કર્યો હતો, આજે એ આ સંસ્કારનગરને છોડી જતો હતો.

મેસિડોનિયા, વિશ્વ ઇતિહાસનું એક પ્રકરણ

ઍથેન્સનગરની ઍકેડેમીનો મહાન ચિંતક ઍરિસ્ટૉટલ મેસિડોનીયા નામના ગ્રીસના પ્રાંત તરફ ચાલ્યો ગયો. આ પ્રાંતનો ડુંગરાળ દેહ હવે બેઠો

થયો હતો. ત્યાં રાજા ફિલીપનું રાજ્ય ચાલતું હતું. ગ્રીસનો જ આ સરહદી પ્રદેશ હતો. ઍરિસ્ટોટલ આ મેસિડોની યોના રાજવૈદનો દિકરો હતો.



સિકંદર

ઇ. સ. પૂર્વેના ૪૦૪ મા વરસનો આ સમય હતો. ગ્રેથેનિયન સામ્રાજ્ય આ વરસમાં આથમી ગયું હતું. થીબ્સ નગર પણ નિઃસહાય પડ્યું હતું. ત્યારે ગ્રીસના ઉત્તર પ્રદેશ મેસિડોનિયામાંથી રાજા ફિલીપ બીજો થીબ્સ પર આવી પહોંચ્યો અને થીબ્સનો એણે કબજો લઈ લીધો. આઝાદીની જ્યોત હવે ગ્રીક ધરતી પરથી હચમચી ઊઠી. આ કંપી ઊઠેલી જ્યોતને ધારણ કરી રાખતા ડેમોસ્થિનિસે, ગ્રીસને ગુલામ બનાવવા નીકળતા ફિલીપ સામે એક થઈને લડવાની હાકલ કરી. ઇરાનની શહેનશહતને પરાજય પમાડનાર ગ્રીક એકતાને એણે ગ્રીસની ભૂમિ પરથી જ આવતા રજવાડી આક્રમણને મારી હટાવવાની દર્દ ભરી અરજ કરી.

ડેમોસ્થિનિસનું અરણ્ય રૂદન ગ્રીક ધરતી પર લોકએકતાને ઢંઢોળતું હતું. પણ એકતાતો મરણ પામી ચૂકી હતી. યાદવાસ્થલીએ આ આઝાદ એકતાની સહોદરતાને ગ્રીક નગરોની શેરીઓમાં રગદોળી નાખી હતી. એકતા અને આઝાદી નામનો શબ્દ ઉચ્ચારનાર ડેમોસ્થિનિસ અપરાધી લેખાયો. એણે જીવ બચાવવા કરતાં આઝાદી અને એકતાનું જ રટણ કરતાં આપઘાત કરીને મરણ પામી જવાનું પસંદ કર્યું.

રાજા ફિલીપે મેસિડોનિયાના લોકોને લશ્કરી કવાયત અને લશ્કરી સંગઠન નીચે એક કર્યા. એણે ફેલેંક્સ નામની લશ્કરી રચના ઘડી. એણે ગ્રીસનાં એક પછી એક નગરોને તારાજ કરીને જીતવા માંડ્યાં. જગત જીતવાનો અને વિશ્વવિજેતા બનવાનો પોતાનો શાહી નિરધાર એણે જાહેર કર્યો, પણ કોઇએ એનું ખૂન કરી નાખ્યું એટલે એણે આરંભેલી વિજય યાત્રા સિકંદરે શરૂ કરી.

ફિલીપ પછી સિકંદર ગાદી પર આવ્યો કે તરત જ એ વિશ્વવિજય કરવા નીકળ્યો. એણે પશ્ચિમના આક્રમણ વડે પૂર્વની સીમાઓ ભેદી નાખી. પૂર્વના સિમાડાઓ પશ્ચિમની દુનિયા સાથેના બધા સંસર્ગ અને સંપર્ક માટે

તરવારની ધાર વડે ખુલ્લા મૂકાયા. સિકંદરે એશિયામાઇનોરથી શરૂ કરીને સિપ્રસ પર તથા ફિનીશીયા પર વિજય કર્યો. પૂર્વના સિમાડા પર પડેલી ઈરાની શહેનશાહતની કિલ્લેબંધી એણે ગ્રેનીકસ નદી આગળ તોડી નાખી અને ઈસિસ આગળ ઈરાનની શહેનશાહત પરાજય પામી ગઈ. પૂર્વનાં મહાન નગરો ઊંઘતાં હતાં ત્યાં પતન પામી ગયાં. આ નગરોનાં નાગરિકોનો લાખોની સંખ્યામાં સંહાર થઈ ગયો. પૂર્વનાં નગરના સિમાડાઓ સંહાર નીચે સળગ્યા કર્યા. ઇજીપ્તનાં નગરો પણ પતન પામ્યાં. સીડોન. ટાયર, મેમ્ફીસ, સુસા, પરસીપોલીસ વગેરે અનેક નગરોને તારાજ કરીને આ વિશ્વવિજેતા પારથીયામાં પેઠો તથા બુખારામાં અને બલુચિસ્તાન પર ઉતરી પડ્યો. પછી જેતજેતામાં ઉત્તર હિંદની દિવાલ ઠોકતો એ આમુ દરિયા પર ઉતરી પડ્યો, અને ઇ. સ. પૂર્વ ૩૨૬માં એણે સિંધુ નદીને ઓળંગી.

મેસિડોનિયાનો ગ્રીક પ્રાંત આવા આક્રમણની ઝડપ ધારણ કરીને, ગ્રીકોના પશ્ચિમ જગતનાં મૂલ્યોના વેપાર પૂર્વની દોલતના ઉભરાતા ભંડારો સાથે કરવાની ઐતિહાસિક કાર્યવાહીવાળો દેખાયો. ગ્રીસનો આ પર્વત પ્રદેશ ઇતિહાસના ઝંઝાવાત પર ચઢીને પૂર્વની દુનિયાનાં કમાડો ખોલી નાખીને, પૂર્વ અને પશ્ચિમની જીવન ઘટનાઓને સેળભેળ કરી નાખતો વિશ્વ ઇતિહાસમાં પેઠો. ઐતિહાસિક બની ચૂકેલી આ સિકંદરી પગદંડી આઠ વરસમાં અગિઆર હજાર માઈલ પર ઉતરી પડી.

[સંસ્કૃતિનો દેશ, હિલાસ–સંસ્કૃતિનાં મૂલ્યની ચૂકવણી—સંસ્કૃતિનો વાહક–સિકંદર સમયની સંસ્કૃતિ–ગ્રીક સંસ્કૃતિનું રાજકારણ–હેલેનિસ્ટિક સંસ્કૃતિ–એલેકઝેન્ડરનું નગર એલેકઝાંદ્રિયા—વિન્ડસનો ચારીસ –સંઘકલાનો સૂર્યમાનવ—ઇતિહાસનું પહેલું ક્રિડાંગણ–સંસ્કૃતિનો પ્રાણ, આઝાદી–સંસ્કૃતિનું ગ્રીક સૌન્દર્ય–કલા સંગીત અને શિલ્પ–પ્રેકસિટેલિસ–ગ્રીક સાહિત્યનું એપિકરૂપ, હોમર —કથાકાવ્યો, હિસીયડ–સંગીતની માતા, સાફો–સાહિત્ય સ્વામી, પિંડાર–પ્રોમીથીયસનું દર્શન–ત્રિઘઈતિહાસના ગ્રીક પિતાઓ, હિરો-] ડોટસ અને થુસિડાઈડિસ–ગ્રીકસંસ્કૃતિનુ વિજ્ઞાન—ગ્રીકસંસ્કારનું ધર્મસ્વરૂપ–ધર્મ વ્યવહારનું હેલિનિસ્ટિક સ્વરૂપ –ચિંતનનું રૂપ–]

સંસ્કૃતિનો દેશ. હિલાસ



એટલેન્ટિક અને જીબ્રાલ્ટર છોડીને ઇજીઅન સમુદ્રના વિસંગી જળના કિનારાઓ પર ઉડકાં ભરતાં હોય તેવા ટાપુઓ પર, મંદિરો ચણ્યાં હોય તેવા ખડકોએ માનવોને અહીં વસવા માટે બોલાવ્યાં હશે. એટલે જ, "આ રમ્ય ભૂમિ પર હું મોતને નોતરવાનું પસંદ કરું પણ દેશનિકાલ થવાનું પસંદ ન જ કરું" એમ સોક્રેટિસે કર્યું હતું.

અહીં ક્રેટ નામનો એક ટાપુ છે. ગ્રીસના પ્રથમ કવિએ એનાં નવ નગરોની કવિતા ગાઈ હતી. ટ્રોયનો દ્વીપ પણ આ ક્રિટન સંસ્કારની દિવી જેવો ઉજ્જો હતો ત્યાં ઈ. સ. પૂર્વે એક હજારનો સમય ડોકિયાં કરજોડીને, સ્પાર્ટાની હેલન નામની નારીનો આવકાર કરતો સંભળાયો. આ નારીની આસપાસ મહાકાવ્ય બનીને ટ્રોયનો ઘેરો ઇતિહાસનાં પાન પર અંકાયો.

ઈ. સ. પૂર્વે પંદરસો વરસ પર આખાય ગ્રીસ દેશપર નગરો બંધાતાં હતાં, અને માનવોના સમુદાયો ગ્રીસ પર ફરતાં હતાં તથા ગ્રીસ અથવા હિલાસ દેશનો આકાર ઘડતાં હતાં.

આ આકારમાં ગ્રીક ધરતી પરના એટીકાના પ્રદેશપર એથેન્સ નગર મઢાયું. એટીકાનાં નગરોમાં આ નગર આગેવાન બન્યું. એથેન્સના નગરના રાજ્યનું એક્રોપોલીસ નામનું સંરક્ષાર-ભવન આલેખાયું. આ નગર પર, ઓલીમ્પસના શિખર પર બેઠેલો ઝીઅસ દેવતા પોતાની આજ્ઞા વરતાવતો હતો, અને ભૂવાઓ મારફત એટીકાનાં નાગરિકોને સલાહ સૂચન આપતો હતો. એથેન્સના કિનારાઓ પર તો અનેક દેશોની અવરજવર ગુંજતી હતી. ઈજીપ્તના ગુરૂઓનો ગૂઢવાદ, હિંદુ અવધૂતોને પડકાર કરતા ગૌતમનો સંઘવાદ તથા બાહલીયન અને ફીનીશિયન જીવનનો વ્યાપારવાદ, બધું જ અહીં ભેગું મળતું હતું. ભારતના વાદવિદોને મળીને આવેલા કેટલાએ વિતંડીઓ પણ આ નગરમાં ફરતા હતા, અને વાકચતુરાઈની કુસ્તીઓ ખેલતા ગમે તે સાબીત કરી શકતા હતા. ગ્રીસના એ ચિંતકો સોફીસ્ટો નામે ઓળખાતા હતા. એઓ કહેતા હતા કે, સમજણ પામવાની રીત સ્વીકારીને જ આપણે આઝાદ રહી શકીશું.

આઝાદી આવી પહોંચી હતી. ભારતમાં યૌધેયો અને લિચ્છવીઓનું હતું તેવું નગર-રાજ્ય એથેન્સનું પણ હતું. ડેમોક્રેટીસ નામનો ચિંતકતો જાતે જઈને ભારતના પેલા મહાન વૈજ્ઞાનિક કણભુક્કને, કણાદને મળી આવ્યો હતો. એણે ત્યાં દીઠી હતી તેવી નગર-સંસદ એકલેસીયા, અથવા ધારાસભા એથેન્સ નગરના સંસ્થાગારમાં મળતી હતી. ત્રણ લાખ નાગરિકો અથવા આઝાદ ગ્રીક નાગરિકોમાં ગુલામો બાદ જતાં હતાં અને ગ્રીક કારીગરો તથા મજુરો અને સ્ત્રીઓને તથા અઢાવીસ હજાર પરદેશી વસાહતીઓને એકલેસીયામા ચૂંટાવાનો કે મત દેવાનો અધિકાર નહોતો. એટલે અડધા લાખ જેટલા આઝાદ નાગરિકો, ઉમરાવો અથવા શ્રીમંતોના અને બીજા સામાન્યોના અથવા 'ડેમોસ" ના પક્ષો પોતાના પ્રતિનિધિઓ ચૂંટતા હતા. એવી એકલેસીયા એથેન્સની રાજસભા હતી.

જૂઓ, આ સંસ્થાગારની બેઠક મળે છે! છાપરા વિનાની સંસ્થાગારમાં પાટલીઓ પર બેસીને બેથી ત્રણ હજારની "એકલેસીયા" વહીવટ ચલાવે છે. ઝીઅસ દેવતાને ડુક્કરનો ભોગ અપાય છે કે, તરત જ એકલેસીયા પોતાનું કામકાજ શરૂ કરે છે.

અહીં બોલવા ઉભું થવું એ જોવા તેવાનું કામ નથી.

આ ધારાસભાના સભ્યો, બોલનારની ભૂલ થાય તો કિકીયારી કરે છે, સીસોટીયો વગાડે છે, હસાહસ કરી મૂકે છે, તાળીઓ પાડીને હૂરીયો બોલાવે છે. વક્તા જો જોરદાર ન હોય તો વ્યાસપીઠ પર પગજ ઠેરવી નથી શકતો. વક્તાને સાંભળ્યા પછી પોતાના મતાધિકાર વડે, એકલેસીયા ધડે તે કાનુન છેવટનો ગણાય છે. એકલેસીયા, એથેન્સની રાજસભા છે. ડેમોસ અથવા લોકોની લોકશાહીએ અથવા ડેમોક્રસીએ અહીં રાજ વહીવટ માંડ્યો છે. ક્રિટન સંસ્કૃતિમાં જન્મેલો ઝીઅસ અથવા ઈંદ્ર આ જિવન વહીવટનો અધિ દેવતા બનીને અહીં આવી પહોંચ્યો છે. ક્રિટન સંસ્કૃતિને બધા દ્વીપોપર સળગાવી સળગાવીને, ગ્રીસ ધરતી પર આવી પહોંચેલા માનવસમુદાયોએ પોતાની નૂતન સંસ્કૃતિ તેમાંથી જ રચવા માંડી છે. એમની આ રાજસભાની રચના લોકશાહીની છે. લોકોના ઉપલા વર્ગની, બનેલી, લોકોના હિત માટે ચાલતી, લોકોના જ નિયંત્રણ વડે ચાલતી આ સભા, 'ડેમોસ' અથવા લોકોની રાજસભા છે. ગ્રીકોએ આ રાજસભાનું રૂપ રચીને સંસ્કૃતિની ઘટનાના લોકશાહી વહીવટનો પાયો નાખ્યો છે. આ પાયા પર ઉભેલી સંસ્કૃતિને તેમણે હેલેનિક સંસ્કૃતિ કહી, કારણ કે ગ્રીસનું આદ્ય નામ તેમણે હિલાસ પાડ્યું છે. હિલાસ દેશ અને હેલેનિક નગરો અહીં સંસ્કૃતિનાં મૂલ્ય જેવાં ગોઠવાવા માંડ્યાં છે. સમુદ્ર કિનારા પરની જીવન વહીવટના વાણિજ્યની હીલચાલનું સુકાન સંભાળીને ઉભું હોય તેવું એથેન્સ નગર ગ્રીસનું આગેવાન બનવાની બધી કુનેહ દાખવવા માંડ્યું છે.

સંસ્કૃતિનાં મૂલ્યની ચૂકવણી

ઈ. સ. પૂર્વેનો પાંચમો અને છઠ્ઠો સૈકો વિશ્વ ઈતિહાસમાં કદી નહિં દેખાયલો એવો વળાંક લેતો હતો. હજારો વર્ષ પહેલાંના અતિ પ્રાચીન એવા ઈતિહાસની સંસ્કૃતિ આ સમય આગળ પોતાના મૂલ્યની ચુકવણી કરવા કસોટી પર ચડતી હતી. સંસ્કાર મૂલ્યની કસોટીનો અવાજ ચીન દેશમાં કનફ્યુસીયસના શબ્દોમાં તથા ભારત દેશમાં ગૌતમબુદ્ધના શબ્દોમાં સંભળાતો હતો. માનવ જાતના જીવનમાં આ બન્ને અવાજો જીવતરના વહિવટમાં ધરમૂળથી ફેરફાર કરવાનો પુકાર કરતા હતા. પૂર્વેના એ બન્ને મહાન દેશો પર જ્યારે આ પોકાર શરૂ થઈ ગયો હતો તે અરસામાં ગ્રીક દેશ પર નૂતન જીવતરનો નવો વહિવટ જન્મ પામવાની વેદનાનો અનુભવ કરતો હતો.

સંસ્કૃતિનું મૂલ્ય જ્યારે વિશ્વઈતિહાસની એરણ પર ચુકવાતું હતું ત્યારે માનવ જાતનો જીવનવહિવટ આજ સુધી ગુંગળાઈ રહેલી મનુષ્યની શોધક બુદ્ધિને આઝાદ થવા દેવાની માંગ ઉઠાવતો હતો. આ માગણી સાથે જીવન વ્યહવાર

વધારે સકારણ બનવા માગતો હતો અને આવતી કાલને વધારે ઊજળી બનાવવા માટે જીવતરની આઝાદી માંગતો હતો. આ માગણી સૌ દેશોની હતી, ગ્રીસની પણ હતી. સંસ્કૃતિની વીતી ગયેલી અતિ પ્રાચીન એવી ગઇ કાલમાં રાજાઓ, રાજન્યો અને પુરોહિતોએ માનવ સમૂહોને રાજકીય રીતે આપખુદ બનીને જકડી લીધા હતા. આર્થિક રીતે આખા જગતનો માનવ સમૂહ ગુલામ બની ગયો હતો. આ માનવ સમુદાયોનું સ્થાન તમામ જાતના શિક્ષણથી અલગ રાખવામાં આવ્યું હતું. સંસ્કારના, શિક્ષણના તથા જ્ઞાનના અને વિજ્ઞાનના બધા સ્વરૂપોને પુરોહિતોએ કારાગાર જેવા દેવાલયોમાં જકડી લઈને તેના પર પોતાના ચોકી પહેરા બેસાડી દીધા હતા. સામાન્ય માનવીને માટે શિક્ષણ પામવાની પ્રવૃત્તિ અપરાધ લેખાઈ હતી તથા સામાન્ય માણસ શિક્ષિત બનવાનો અપરાધ કરે તો તેને મોતની શિક્ષા થતી હતી. જકડાઇ ગયેલા જીવન પર મંત્રો અને તંત્રોની ભૂલભૂમાલણી લઈને પુરોહિતો બેસી ગયા હતા. માનવ જાતની બુદ્ધિ પર જાદુઓની હિંસાઓનાં સ્વરૂપ ધારણ કરેલો આ પુરોહિતોનો અધિકાર જીવલેણ બની ચૂકયો હતો.

આવી જાતના અંધકારના અધિકાર નીચે તથા સંહારનાં ભયાનક યંત્રો બનેલી શહેનશાહતોના ધસારા નીચે આખી માનવજાત રહેંસાવા માંડી હતી. સર્વવ્યાપી સંહારનું આ સ્વરૂપ આખા એશિયા પર પથરાઇ ચૂકયું હતું. જીવન ઘટનાની વાસ્તવતામાં આ ધરતી પર માનવસમૂહોને માટે જીવનનું સત્ય સ્વરૂપ, કલ્યાણકારી સ્વરૂપ કે સૌંદર્યનું સ્વરૂપ સત્ય હતું જ નહિં. માનવ સમૂહોને માટે સત્ય રૂપ, કલ્યાણરૂપ અને સૌંદર્ય રૂપનાં સ્વપ્નો માત્ર મરણ પામ્યા પછીના સ્વર્ગના તરંગોમાં જ સમાઈ ગયાં હતાં. પ્રાચીન સમયના આવા જીવતરમાં વિજ્ઞાનનું રૂપ જીવનના રોજના વ્યવહારથી અલગ બની જઇને નિરપેક્ષ એવા ગણિતશાસ્ત્રમાં સમાઈ ગયું હતું. ત્યારે જીવન વ્યવહારમાં વિજ્ઞાનનો પ્રકાશ લાવવાની પહેલી હાકલ ભારત ભૂમિ પર ગોતમબુધ્ધે કરી તથા સંસ્કૃતિની આ રણ હાકનો પડઘો ગ્રીક ધરતી પરના જીવન વ્યવહારને જીવનના આનંદથી, સૌંદર્યથી અને વૈજ્ઞાનિક તનમનાટથી ઉભરાવી દેતો એવો ઊઠયો. તે સમયના વળાંક લેતા વિશ્વ ઇતિહાસના ઉંબરા પર ત્યારે જગતભરમાં જ્યોતિર્ધર જેવો દેશ ગ્રીસ દેશ પુરવાર થયો.

ગ્રીસનાં, આ કોઈ નૂતન સંસ્કૃતિ નહોતી પણ પ્રાચીન સંસ્કૃતિઓએ નિષ્પન્નવેલું સંસ્કાર ધન ઇસુના જન્મ પહેલાં પાંચસો વરસ પર પોતાનું રક્ષણ અને વિકાસ માગતું ગ્રીસની નાનકડી ધરતી પરના નાગરિકોના જીવનવ્યવહારમાં પોતાનું રખોપું શોધતું, એ માનવોના વ્યવહારરૂપમાં પોતાની કાયાપલટ

કરતી છબીને એકઠી કરીને અનેરા એવા પ્રકાશરૂપથી ઓપી ઊઠતું હતું. સંસ્કૃતિનું જે મૂલ્ય સેંકડો વરસની જીવનની અનેક ગડમથલો અને કલહમય કાર્યવાહીઓ પછી ઇજીપ્તને, ભારતને, ચીનને, અને સુમરને આંગણે નિપજ્યું હતું તે જ મૂલ્ય ગ્રીસની ભૂમિપર નૂતન આકાર શોધતું હતું.

સંસ્કૃતિનો વાહક ગ્રીકદેશ

ઇજીપ્ત અને બેબિલોનીયા, ફીનીશીયા અને એસીરીયા, ઈરાન અને ભારત અને ચીન જેવી વિશ્વસંસ્કૃતિઓ, ભવ્ય આકાર, હજારો વરસપર ધારણ કરીને, હવે થાકી ગઇ હતી. આ સંસ્કૃતિઓના પિરામિડોએ આ તમામ દેશો પર મોતના જંગી દેખાવો રચી દીધા હતા. આ મહાન સંસ્કૃતિઓનો ઘટાટોપ શહેનશાહ અને રાજ્યોનો બન્યો હતો. આ ઘટાટોપે જાદુની, અજ્ઞાનની, અને અંધકારની આરાધના નીચે માનવસમુદાયો માટે મોત સરજી દીધું હતું. આ જંગી સંસ્કૃતિઓ જ્યારે મરણોન્મુખ બનીને માનવજાતની પ્રગતિને રૂંધી રહી હતી ત્યારે, મોત પર અટ્ટહાસ્ય કરતું, સંસ્કૃતિનાં મૂલ્યોનું રૂપ ગ્રીક ધરતી પર એકઠું થઇને જીવનની ઉષ્માતરફ અભિમુખ બનતું હતું. સંસ્કૃતિનો પ્રાણ આ નાનકડી ભૂમિપર બે સૈકાઓનો પ્રાણ ચૂસતો, ટકી રહેવા અને આગળ વધવા પગભર બનીને, જિંદગીની તાઝગીથી ઉભરાતો રમવા નીકળતો હતો. વિશ્વસંસ્કૃતિનું એણે આવાહન કર્યું હતું. સંસ્કાર મૂલ્યનો, ગ્રીકનાગરિક વાહક બનતો હતો.

ગ્રીક સંસ્કૃતિનું વહીવટી શરીર

ગ્રીકમાનવોનાં ક્રિડાંગણો અને કલા નિકેતનોમાં રચાતા, ગ્રીક શરીરનું વહીવટી રૂપ ગ્રીક નગરોના શાસનકારી કાર્યવાહીમાં હતું. જગતની સંસ્કૃતિની શરૂઆત ઇતિહાસ પહેલાંના ઇતિહાસથી થઈ હતી એમ કહી શકાય. ઇતિહાસ પહેલાનો આ ઇતિહાસ મધ્ય પૂર્વના નગરોમાં અને ઇજીપ્તમાં શરૂ થઈ ચૂકયો હતો. જ્યારે ભારતમાં આર્યો આવ્યા પણ ન હતા ત્યારે સિંધુનગરોની સંસ્કૃતિ મધ્ય પૂર્વની નગરસંસ્કૃતિ સાથે જીવનના સંસ્કારી વ્યવહાર ચલાવતી હતી. સિંધુનગરની સંસ્કૃતિ પછી હજારો વર્ષે ગ્રીકનગરરાજ્યોની સંસ્કૃતિ ગ્રીસમાં શરૂ થઈ. સિંધુ નગરોના જેવું નગર રાજ્યોનું રૂપ દિવાલોવાળું અને કિલ્લાવાળું બનીને આ ધરતી પર રાજાઓની હસ્તીને મિટાવી દઈ ને વૈરાજ્યની હકુમતી ઘટનાવાળું બનીને આસપાસના જલપ્રદેશ પર રાજકિય હકૂમત ચલાવતું હતું. આવું દરેક નગર એકએક નગર રાજ્ય હતું. આ નગરરાજ્ય પાસે પોત પોતાનાં દેવ દેવીઓ હતાં, અને પોત પોતાના ધાર્મિક ક્રિયાકાંડો હતા. આ નગરરાજ્ય પાસે પોતાનું વિશિષ્ટ વ્યક્તિત્વવાળું નાગરિક સ્વરૂપ પણ હતું. આ નગરરાજ્યની

સરકાર ખાસ નાગરિકોનું પ્રતિનિધિત્વ ધરાવતી હતી. આ સરકારનું સ્વરૂપ નાગરિકોની બનેલી કારોબારી સમિતિનું હતું. આવી સમિતિને ચૂંટનાર નાગરિકોનો ખાસ અધિકાર ધારણ કરનાર ઉપલા વર્ગો હતા, અને જીવનનો તમામ શ્રમ કરનાર માનવસમુદાય ગુલામ હતો. ઇ. સ ના આરંભ પછી આપણા દેશમાં પણ લીચ્છવીઓના, યૌધેયોનાં, મલ્લોનાં, વિદેહોનાં, નાગલોકોનાં, અનેક નગર રાજ્યો હતાં. આ જમાનામાંજ ગ્રીસનાં નગરરાજ્યોમાં બે મુખ્ય નગર રાજ્યો એથેન્સ અને સ્પાર્ટા નામનાં હતાં.

નગરરાજ્યોની સંસ્કૃતિમાંથી સિકંદર પછીની સંસ્કૃતિ

ઈ. સ. પૂ. ૫૦૦ વર્ષ પર આ નગરરાજ્યો પર ઇરાનની શહેનશાહતે ચઢાઇ કરી. પોતાની સંસ્કૃતિનો નાશ કરી નાખે તેવી ઇરાની શહેનશાહત સામે એથેન્સ અને સ્પાર્ટાનાં નગરરાજ્યો એક બનીને લડ્યાં. ઇ. સ. પૂ. ૪૯૦ ની સાલમાં ગ્રીકદેશે જગત જીતવા નીકળેલી પૂર્વની ઇરાની શહેનશાહતને પરાજય આપ્યો. ઈ. સ. પૂ. ૪૮૦માં ઇરાની શહેનશાહત બીજી વાર પરાજય પામીને ઇતિહાસમાંથી પતન પામી જવાને રસ્તે પડી. વિશ્વની આ બાદશાહતને પરાજય આપીને એથેન્સ અને સ્પાર્ટાના નગર રાજ્યોનો લડાયક હુંકાર વધી પડ્યો. બંનેએ એક બીજાને ગુલામ બનાવવા માટે યાદવાસ્થળી શરૂ કરી. વર્ષો સુધી આંતરકલહની આગ સળગાવ્યા કરીને ઇ. સ. પૂ. ૪૬૦માં પેરિકલીસના ભવ્ય જમાનામાં જ આ બંને નગર રાજ્યો પતન પામ્યાં. એથેન્સ નગરરાજ્યમાં ચાલતું વૈરાજ્ય પણ હવે નાશ પામવા માંડ્યું. પાસેના જ મેસડોનીયા પ્રાંતમાંથી ફિલિપ નામનો શહેનશાહ ગ્રીક ધરતી પરનાં તમામ નગરરાજ્યોને મિટાવી દેવા માટે નીકળી પડ્યો. ગ્રીસનાં તમામ નગરરાજ્યો ફિલીપને શરણે આવ્યાં અથવા નાશ પામી ગયાં. છેવટમાં એથેન્સ પણ પડ્યું. આખા ગ્રીસનો ફિલીપ માલિક બન્યો. ગ્રીક ધરતી પર બાદશાહત શરૂ થઇ અને આખા જગતને જીતીને તેને પોતાનું સંસ્થાન બનાવવાની નીતિ એણે જાહેર કરી. ગ્રીકના નેતા સિકંદરે આ જાહેરાતનો અમલ કર્યો. જ્યારે સિકંદર મરણ પામ્યો ત્યારે ગ્રેસ, મેસિલોનિયા, ઇજીપ્ત, પેલેસ્ટાઈન, એશિયા માઈનોર, ઇરાન, અફઘાનિસ્તાન અને પંજાબ સુધીના પ્રદેશો આ વિશ્વવિજેતાએ જીતી લીધા હતા. આ રીતે ગ્રીક સંસ્કૃતિ લશ્કરી રીતે વિશ્વવિજેતા બની અને તેણે પોતાના જીતાયેલાં સંસ્થાનો પર "હેલેનીસ્ટીક" અથવા નૂતન ગ્રીક-સંસ્કૃતિનો હકૂમત ઠોકી બેસાડવાનો રાજકારભાર શરૂ કર્યો.

ગ્રીક સંસ્કૃતિનું રાજકારણ

ગ્રીક સંસ્કૃતિનો રાજકીય સિધ્ધાંત પ્લેટોએ શરૂ કર્યો હતો એમ કહી શકાય. રાજકીય અસ્મિતા, અને વ્યવસ્થાનો પૌલિશ અથવા પોલિટીક્સ નામનો શબ્દ

ગ્રીક ભાષામાં ઘડાયેા. પ્લેટો અને એરિસ્ટોટલે પોલિટીક્સ અથવા રાજકારણના સિધ્ધાંતને, નગર રાજ્યોને પોતાની નજર સમક્ષ રાખીને ઘડવા માંડયેા. રાજકારણના આ સિધ્ધાંતનું સ્વરૂપ તેમણે સમાજના જીવનવ્યવહારનેા ખ્યાલ રાખીને રચવા માંડયું. રાજ્યનું જીવન એ રાજ્યમાં રહેતા તમામ માનવસમુદાયમાં રહેતા વર્ગોનું જીવન છે એવા સિદ્ધાંતને પ્લેટો અને એરિસ્ટોટલે પોતાના રાજકારણનેા પાયેા બનાવ્યેા. પ્લેટોએ પોતાના રાજકારણનેા ચિતાર આપવા "રિપબ્લિક" નામનું પુસ્તક લખ્યું. આ બંને ચિંતકોએ લોકશાહીનેા વિરેાધ કર્યો તથા બાદશાહતને ટેકેા આપ્યેા. બન્ને જણે નાગરિકત્વનેા અધિકાર રાજ્યેા ને અથવા રાજ્યકર્તા વર્ગોને જ આપ્યેા. શ્રમ કરનારા શૂદ્રોના માનવ સમુદાયેાને તેમણે ગુલામીમાં રહેવાની જ લાયકાતવાળા ગણાવ્યા.

હેલિનિસ્ટીક અથવા મિશ્ર ગ્રીક સંસ્કૃતિ

પછી સિકંદરે ત્યારના વિશ્વપર વિજય મેળવ્યેા હતેા. આ વિજય લશ્કરી વિજય કરતાં વધારે મેાટેા વિજય હતેા. આ આક્રમણેા નીચે ત્યારના પૂર્વની દુનિયાના બધા દેશેા એકચક્ર નીચે આવી ગયા. આ એકચક્ર કેાઇ એક દેશ પરનું એકચક્રી શાસનરૂપ ન હતું પરંતુ શાસનના વહીવટ મારફત, આ તંત્ર જીવનવહીવટમાં પણ એક ચક્રી બનતું હતું. વ્યાપાર અને વાણિજ્યનેા વ્યવહાર પહેલા કરતાં વધારે વ્યાપક બનવા માંડયેા હતેા તથા પશ્ચિમની ગ્રીક દુનિયા, તથા રેામન દુનિયા પૂર્વના દેશેા સાથેના જીવનના સંપર્કમાં અડેાઅડ આવી ગઇ હતી. સિકંદરના આ વિજયેાએ, પૂર્વના પ્રદેશેાપર વાણિજ્યનાં અને જીવન સંપર્કનાં નવાં નગરેાને જનમાવ્યાં હતાં.

એલેકઝાંડરના નગરનું નામ એલેકઝેંડ્રિયા

ડિમોક્રેટસ અને સોસ્ટ્રેટસે પ્રાચીન જગતના આ ઇજીપ્તના નગરનેા નૂતન જન્મ ઘડયેા હતેા. સિકંદરે આ મહાનગરનેા પાયેા નાખ્યેા હતેા. ઇજીપ્ત અને ગ્રીસની દેાલત અખી આ નગરમાં ઠલવાતી હતી. દિવસ આખેા આ નગરમાં દેાલતબંદેાની હિલચાલ ઊભરાતી હતી. આખી રાતભર એમાં રેાશની ઝળહળતી હતી. એનેા ઉત્તર પૂર્વ વિભાગ યહૂદી માલિકેાની મહેાલાતેાવાળેા હતેા અને દક્ષિણપૂર્વમાં રાજમહાલયેા, પુસ્તકાલયેા, સંગ્રેહસ્થાનેા તથા ટોલેમીનીકબરેા, દારૂગેાળાના ભંડારેા, ગ્રીક દેવાલયેા, તથા વિશાળ ઉદ્યાનેા વગેરે હતાં.

આ નગરનેા મધ્ય ભાગ વહીવટીતંત્રની કચેરીઓ, અદાલતેાઓ, તાલીમ કેન્દ્રો તથા બજારેાવાળેા હતેા.

દરવાજાની બહાર એક મોટું ક્રિડાંગણ તથા શસ્ત્રનું મેદાન હતું. કિનારો આખો, સ્નાનાગારો અને આરામગાહોથી જડાઇ ગયો હતો તથા ત્યાંથી હિપટેસટેડિયમની દરિયાઈ ખાડી ફેરોસ ટાપુ સાથે જોડાઇને ત્યાં આગળ પણ બીજું બંદર બનાવતી હતી. નગરની બહાર, પાછળના ભાગમાં મેરોટિસ સરોવર પર નાઈલ નદી સુધી આનંદ નૌકાઓ વિરહતી હતી.

એલેકઝાંડરે જગત જીત્યા પછી, સૌથી વધારે કિંમતી વારસો પોતાના સેનાની લેગુસના દીકરા ટોલેમીને દીધો હતો. વિશ્વવિજેતાના મડાને ટોલેમીએ મેમ્ફીસમાં આણીને તેને સુવર્ણની વિશાળ મડાપેટીમાં સુવાડીને, પોતાના હવાલામાં રાખ્યું હતું. એલેકઝાંડરની અનેક આનંદ યુવતિઓમાં એક બાઈને પણ એણે પોતાના હવાલામાં રાખી હતી અને તેની સાથે લગ્ન કર્યું હતું. સિકંદરના મોત પછી અઢાર વરસ સુધી ઈજિપ્તમાં રહીને, ઈજિપ્તવાસી બની જઈને ટોલેમીએ જાહેર કર્યું કે પોતે ઈજિપ્તનો શહેનશાહ હતો.

ટોલેમીના ગ્રીક ઈજિપ્તે, આખી દુનિયા પર અમલ આરંભ્યો. એ દુનિયાનું, માલિક દુનિયાનું મહાનગર, એલેકઝાંડ્રિયાનું સંસ્કાર સંસ્થાન બન્યું. ત્યારની દુનિયામાં અનુપમ અને અજોડ એવું, પુસ્તકાલય, સંગ્રહસ્થાન અને વિજ્ઞાન સંસ્થા, આ નગરમાં જ હતાં. શહેનશાહ ટોલેમીએ પોતાની બાસી વરસની ઉંમરે, પોતાના દિકરા લાડેલ્ફસને, આ વિશ્વનગરની ગાદી પર બેસાડીને પોતે એ નગરનો નાગરિક બનીને બે વરસ પછી મરણ પામી ગયો.

જેવું દોલતમંદ મહાન આ વિશ્વનગર જગતભરની દોલતથી દીપતું હતું તેવો તેમાં નવો ટોલેમી દીપી ઊઠ્યો. જેવો દોલતમંદોનો સાધનસાજ આનંદ ઉપભોગથી બદબદતો હતો તેવોજ એમની શહેનશાહતનો સરતશીન પોતાની એક રાણીને રજા આપીને, અનેક પ્રેમદાઓથી અંત:પુર ઊભરાવીને તથા છેવટે પોતાની સગી બહેનને પટરાણી બનાવીને બદબદતો હતો. મહા પંડિતો, વિશારદો, કલાકારો, શિલ્પીઓ, અને સેનાનીઓ તથા વિજ્ઞાનિકો અને ચિંતકોના દરબારમાં, આખા ભૂમધ્ય મહાસાગર પર યશની છોળો ઉછાળતો આનંદ-ઉપભોગમાં અહામાનવ બની રહ્યો હતો.

પણ એને અચાનક ઘડપણ આવી પહોંચ્યું. એણે આનંદના અતિરેકમાં ઊગી નીકળતા વ્યાધિથી ખિન્ન બનીને, પોતાના રાજમહાલયની બારી બોલીને કિનારાની રેતીમાં, ઊગતા સુરજનાં કિરણોમાં આળોટતો, એક નાગો ભૂખ્યો ભિખારી દીઠો. મોતથી કંપી ઊઠતો એ બબડ્યો; "ઉષા ઊગે છે, અને...હું જો એના જેવો બની શકું તો...!" પણ એણે એક નિશ્વાસ નાખીને બૂમ પાડી;

" હરામખોરો, ઈજિપ્તના બધા પાદરીઓ, હજુ પણ શોધી નહિ શકયા, અમર જીવનનું, અમૃત...! "

ઈજિપ્ત-ગ્રીસની, એક હેલેનિસ્ટિક દુનિયાને સંસ્કારથી નવાજી નાખનાર ટોલેમી પાસે બધું જ હતું. મોટા મહાલયો, વિશાળ દેવળો, અદ્‌ભુત એવી નગર રચના, જગત ભરની દોલતથી ઊભરાતા ભંડારો, સંગ્રહાલયો, વિદ્યાપીઠો, વિદ્વાનો, અને માનવ જીવનના આનંદ ઉપભોગો હોવા છતાં શિલ્પકળા અને ચિત્ર કળાના આ બેનમૂન મહાનગરમાં, આજે એને કંઈ ડંખતું હતું. એની નજર સામે નેક્રોપોલિસ તરવરી ઊઠયું. શાહી કબરોના બનેલા આ નગરનું, નામ સાંભળતાં એ કંપી ઊઠયો. એ નગર એને પોતાની અંદર આવવા ખેંચતું હતું.

લિન્ડસનો ચારીસ, આ ટોલેમીઓના ફારોસ ટાપુ પર બાંધવા માંડેલી દિવાદાંડી એને યાદ આવી. એ દિવાદાંડીનો આરસનો વિશાળ ચોક બંધાતો હતો ત્યારે ચારીસ આપઘાત કરીને મૂઓ હતો. એ કલાકાર કહેતો હતો કે, આપણાં જહાજોને હાંકનાર સાંકળોથી બંધાયેલા ગુલામોની યાતનાના ચિતકાર એને દિવાદાંડીના પાયામાંથી સંભળાયા કર્યા હતા અને પછી છેવટે એણે.....! "

નીડસના સોસ્ટ્રેટસે જેની રૂપરેખા દોરી હતી તેવી ત્યારના જગતમાં અજોડ કલાકૃતિના અદ્‌ભૂત નમૂના જેવી આ દિવાદાંડી ફારોસના ટાપુ પર, એલેકઝાંડ્રિયાના વિશ્વનગરની નૂતન આંખ જેવી નિર્માવા માંડી, અને પાંચસો ફીટની ઊંચાઈ પર શ્વેત આરસની વિશાળ પીઠ પર અનેક શિલ્પ કળાઓના નમૂના જેવી પ્રતિમાઓથી અંકિત બનીને પોતાના પાંચસો ફીટ ઊંચા કલેવર પર, અખંડ સળગતી અગ્નિ જ્વાળાઓને ઝીલનાર આરીસાઓની વૈજ્ઞાનિક ગોઠવણી વડે આડત્રીસ માઈલ સુધી તેજના અંબાર જેવી નજર વડે જાણે એ પુકારતી હતી;

" દેખતાં રહેજો ! આ દિવાદાંડીની આંખ નીચે, સંસ્કારના રોશન નીચેની શ્રમભાનવની યાતના "

સંઘ કલાનો સુર્ય માનવ

જગત જીતવા નીકળેલો, સિકંદર અને એનો ઘોડો બંને શ્રમણબુદ્ધની જીવનકલાની કૃતિઓને ધારણ કરતી ધરતી પર પછડાઈને પાછા હટયા, અને મરણ પામ્યા હતા ત્યારે ઇ. સ. પૂર્વેની ત્રણસો એકની સાલગિરાહમાં ઈતિહાસના પાછા ફરેલા પાદાઘાતના ભાર નીચે, ગ્રીસની ધરતી, ડેમોટ્રિયસ, પોલિયોકિટસના દારુણ નામ (નગર ભંજક) વાળા સિકંદરના વારસદારના નામથી કંપી ઊઠી હતી. આ ભૂમિ પર રોહડઝ ટાપુ પરની પ્રોટોજિનસ અને એપિલિસના ભૂમિને રગદોળી નાખવા, પોલિયોકિટસનાં કટક ચડ્યાં હતાં.

આ રોહૂડઝ ટાપુ પર છ વરસ સુધી પેાલિયેાક્રિટસનાં લશ્કરેા ઘેરેા નાખીને પડયાં અને રહેાડઝનાં માનવેાએ તેમનેા સામનેા કર્યો. છેવટે રહેાડઝનેા સંઘમાનવ પડયેા નહિ. નગરેાના ભંજકનું નામ પામેલેા જાલીમ, અધેા શસ્ત્રસાજ અહીં જ પડતેા મૂકીને પાછેા ભાગી છૂટયેા હતેા અને વિશ્વવિજેતાના એ વારસદારનેા પરાજય કરવાના સ્મારક તરીકે ત્યારે ઈ. સ. પૂર્વે ત્રણસેા વરસ પર, રહેાડઝ ટાપુ પર, ત્યાંનાં નાગરિકેાએ, સંઘ કલાકારનું અદ્‌ભૂત આલેખન, પેલા સંહારક સાજમાંથી નિર્માવ્યું. સંહારનેા અધેા સાજ તેમણે પ્રકાશની પ્રતિમાઓ ઘડવામાં વાપરી નાખ્યેા. સૂર્યની એકસેા જેટલી માનવી પ્રતિમાઓ રહેાડઝ ટાપુનેા શણગાર બની. આ પ્રતિમાઓમાં સૌથી મેાટી પ્રતિમાની આંગળીનું જ કદ બીજી આખી પ્રતિમા જેટલું જંગી ઘડવામાં આવ્યું. ઊગતા સૂરજની આરાધના કરતેા, મહા વિશાળ એવેા પ્રકાશમાન વિરાટનું કદ ધરીને સુર્યમાનવ: અહીં ઊભેા. વિશ્વ ઇતિહાસની ત્યારના પ્રાચીન જગતની આ અજાયબી જેવી કલાકૃતિ આજે નાશ પામી ગઇ છે.

ઇતિહાસનું પહેલું ક્રિડાંગણ

જે અતિ પ્રાચીન સંસ્કૃતિઓના જીવનમાં જેટલું આબેહૂબ નહેાતું દેખાતું તેટલું જીવનનું જીવતું સ્વરૂપ ગ્રીક ધરતી પર અનેક રમતેા રમતું દેખાયું. જેવું કેાઇ દેશમાં હતું નહિં તેવું તાજગીથી ભરેલું ક્રિડાંગણ ગ્રીક ધરતી પર રમવા માંડયું. કુસ્તીઓ, ઘેાડાની અને નૌકાની શરતેા, મશાલની રમતેા, સંગીતની હરિફાઇઓ, નાચની હરિફાઇઓ, રથની હરીફાઇઓ, એવી એવી અનેક રમતેાની હરીફાઇઓથી ગ્રીસનાં ક્રિડાંગણેા થનગની ઊઠયાં. આ ક્રિડાઓનાં ચિત્રેા ગ્રીક ધરતી પર કુસ્તીનાં, ચાલતા રથમાંથી કુદી પડવાનાં, બંસરી બજાવતાં, નૃત્ય કરવાનાં વિગેરે જીવતાં રૂપેા બનીને કેાતરાયાં. એથેન્સનું મહાન ક્રિડાંગણ 'ઓલિમ્પિયા' કહેવાયું. ગ્રીસના વિજયી સેનાપતિઓ જેટલું જ માન ઓલિમ્પીકમાં જીતનારાઓને મળવા માંડયું. મહાન વિજેતાઓને મળતું હતું એવું માન એટલે ઓલિવનેા તાજ આ વિજેતાને પહેરાવવામાં આવતેા. ગ્રીક માનવેા આવી રમતેા સાથે પ્રેમમાં પડયા હતા અને ભવ્ય રીતે રમતિઆળ બન્યાં હતાં, તે બનાવ તેમના જીવતરમાંથી ઉભરાતી તાજગી અને આનંદનેા સાક્ષી રૂપ હતેા.

ગ્રીસ નામના ક્રિડાંગણ જેવા દેશમાં રહેતી આ માનવતા જીંદગી તરફના જીવવાના પ્રેમ અને તાજગી સાથે દેખતી હતી. જીવતરનેા આનંદ એની રગેરગમાં ઊછળતેા હતેા અને આ આખી પ્રજાને બાળકેા જેવી નિર્દોષ બનાવી દેતેા હતેા. ઇજીપ્તના લેાકેા ગ્રીક લેાકેાને રાજ્ય કરનારાં બાળકેા તરીકે ઓળખતા

હતાં. રમતમાં દેખાતો ગ્રીક જિવતરનો આનંદ પ્રાચીન જિવતરમાં નવી જ જાતની ભાત પાડતો હતો. આ જિવતરમાં લખાયેલી 'સોફોક્લિસ'ની કરુણ કથાઓમાં પણ અચાનક રીતે અખંડ રમતા જીવતરનો આનંદ ઉછળી આવતો હતો તથા જિવનની પાંખો ફફડાવતો જાણે એ પણ બોલી ઉઠતો કે "દરિયા પર રખડનારા અને બરફથી ઢંકાયેલા પર્વત પર રખડનારા નૃત્યના દેવ પાન, અરે પાન, તું આવી પહોંચ અને મારી સાથે નાચવા માંડ." કરુણ કથા પણ જિવનનું નૃત્ય કરતી આનંદમાં પટકાઈ પડતી હતી. જગતનું ક્રિડાંગણ બનેલી આ ગ્રીક ભૂમિ પર રમતનાં ક્રિડાંગણો પથરાઈ ગયાં હતાં. જો ગ્રીક દેશની સંસ્કૃતિ ધરતી નીચે દટાઈ જાય તો જ્યારે પણ એને ખોદવામાં આવે ત્યારે આ ધન્ય ધરતી નીચેથી પિરામીડો નહિં પણ ક્રિડાંગણો નીકળી આવે અને રમવા માંડે તેવી જીવનની ધેટના અહીં જામતી હતી.

સંસ્કૃતિનો પ્રાણ આઝાદી

દરિયા કિનારા પર પથરાયેલો તથા ખડકો અને પર્વતોથી ઢંકાયેલો આ દેશ જ એવો હતો કે જેના પર જાલિમો વધારે સમય જીવી શકયા નહિં. બીજી ધરતીઓ ઉપર જેવી શહેનશાહતો જીવનને ઝટ ગુલામીમાં જોતરી દેતી હતી તેવી શહેનશાહત હજુ અહિં ઉગી ન હતી. જ્યારે અહિં ઇતિહાસનો ઉદય થયો ત્યારે કોઈ પણ પ્રાચીન રાજ્યની હકૂમત ન હતી. અહિં થોડો સમય જાલિમોનું રાજ્ય આવી ગયું પણ તે એક જ રાતમાં લય પામી ગયું.

પછી આ ભૂમિ પર આઝાદીના સ્વરૂપનો પાયો સત્યની શોધ અથવા પદાર્થની તપાસમાંથી ઉગવા માંડયો. જાદુઓની સંસ્થા જેવી 'ડેલ્ફીનો ઓરેકલ'ની દિવાલ પર પણ "તમારી જાતની તપાસ કરો અને અતિશયતાથી દૂર રહો" એવી શિખામણ લખવામાં આવી હતી. આ ધરતી પર ઈ. સ. પૂર્વે છઠ્ઠા અને પાંચમા સૈકામાં પદાર્થની શોધ કરનારા અને મનુષ્યના વ્યવહારની તપાસ કરનારા જાદુગરો કે પુરોહિતો નહિં પણ ચિંતકો ઉભરાવા માંડયા. 'એનેક્ઝાગોરાસે' કહ્યું, "આ જગત પર જ્યારે પહેલીવાર ચિત્ત અથવા વિચારનો ઉદય થયો ત્યારે અંધકારનો લય થવા માંડયો અને આઝાદી શરૂ થવા માંડી." નિયમ નામના શબ્દનો અર્થ અહિં પદાર્થ અને મનુષ્યના વ્યવહારમાં અવલોકનમાંથી જડતું સત્ય એવો થયો. શરૂઆતથી જ પુરોહિતો અથવા ભૂવાઓ આ ધરતી પરના જીવન વ્યવહારમાં અધિકારના સ્થાન પર આવી શકયા નહિં. તેમનું સ્થાન દેવળ પૂરતું જ અને દેવળના ક્રિયાકાંડો પૂરતું મર્યાદિત રહ્યું.

એવો ગ્રીક ધરતી પરનો આઝાદ નાગરિક શંકા થાય તો પૂછવા માટે સોક્રિટિસ પાસે જવા લાગ્યો. જીવન વ્યવહારમાં ભૂવાઓની સલાહ લેવાનો

સિવાય ત્યાં શરૂ થયો નહિં. પ્લેટોએ કાયદાઓ નામનું પુસ્તક લખ્યું તેમાં ધર્મની સારી પેઠે છણાવટ કરી પણ આખાએ પુસ્તકમાં પુરોહિતનો ઉલ્લેખ સરખો પણ કર્યો નહિં. ધર્મના ગુનાઓ માટે લોકો પર કામ ચલાવવામાં આવતું હતું પરંતુ ઇન્સાફ કરનાર તરીકે પુરોહિતની હાજરી કદી પણ લાયક કે જરૂરી લેખાતી નહિં.

વિચારસ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્યના જીવતા જાગતા નમુના જેવો સોક્રેટિસ યુગયુગ સુધી ચૌટે ચૌટે ફરતો રહ્યો. વિચાર કરવાનું અને ચર્ચા કરવાનું મહાન સાહસ ગ્રીક ધરતી પર રોજીંદો બનાવ બની ગયું. સરકારનું અને ધર્મનું સ્વરૂપ એથેન્સ નગરમાં એથેન્સનાં નાગરિકોને કદિ પણ રોકી શકતું નહિં. જ્યારે એથેન્સનગર જીવન મરણ વચ્ચે ઝોલાં ખાતું હતું ત્યારે પણ સોક્રેટિસને બારણાં ઠોકીને મધરાતે ઊઠાડતો એક છોકરો ધૂમાધૂમ કરતો ગ્રીક સાહિત્યમાં આલેખાયો છે. ઝબકીને જાગી ઊઠતો સોક્રેટિસ આંખો ચોળતો પેલા જુવાનને પૂછે છે અને સોક્રેટિસના સવાલના જવાબમાં પેલો જુવાન ઘુમો પાડતો બોલે છે "સમાચાર–સમાચાર!"

"શા સમાચાર છે?" સોક્રેટિસ ઘુમ પાડે છે, "જ્યારે અંતકાળના ઓળાઓ દોડે છે ત્યારે શા સમાચાર છે!" અને જુવાન કહે છે..." અરે સોક્રેટિસ, પ્રોટાગોરાસ આવી પહોંચ્યો છે."

"પણ તેનું છે શું? પ્રોટાગોરાસ તારા ઘરમાંથી ચોરી કરીને જાણે ભાગી ગયો હોય અને પછી તેં એને પકડી પાડ્યો હોય એમ ઘુમો શેનો પાડે છે?"

આસ્તેથી પેલો જુવાન કહે છે "અરે સોક્રેટિસ, પ્રોટાગોરાસ તમારી સાથે ચર્ચા કરવા માગે છે."

જીવન મરણના ઝંઝાવાતમાં જકડાઈ ગયેલા અને આંતર યુદ્ધમાં સપડાયેલા એથેન્સનગરની આ તસ્વીર છે. અતિ પ્રાચીન સંસ્કૃતિનો ઇજીપ્ત દેશ સુવર્ણના પ્રેમથી પંકાઇ ચુકયો હતો. ફિનીશીયા અને બેબીલોન ધનદોલત માટે આંધળિયાં કરતાં હતાં. એસીરીયા પશુ જેવી તાકાત સજી સજીને પશુની જેમ મોત પામી ચુકયું હતું. જગતની શહેનશાહતનાં નિશાન ધરાનમાં આરૂઢ કરવા માટે શાહે આલમો સંહારનાં લશ્કરો સજતાં હતાં. ત્યારે મહાન એવા સંકટથી સપડાયેલી દશામાં પણ આ એથેન્સનગરનાં નાગરિકો સત્યની શોધ તરફનો પ્રેમ જતો કરવાને તૈયાર હતાં નહિં. 'એનેકઝાગોરાસ', 'પ્રોટાગોરાસ', 'ડેમોક્રિટસ' તથા સોક્રેટિસ જેવા નાગરિકો ત્યારે મનુષ્યની સાચી આઝાદીના ઝંડાધારીઓ બની ગયા હતા અને આઝાદીની આ હિલચાલ અવલોકન અને

પ્રતિતી પછી સત્યના સ્વીકારવાળી વૈજ્ઞાનિક હિલચાલ બની ચુકી હતી. સોક્રેટિસ પહેલાંથી જ જગતના સંસ્કારને અને સંસ્કૃતિને મઠવા માટેની આ હિલચાલનો ઉદ્‌ભવ ગ્રીક ધરતી પર દેખાઇ ચુક્યો હતો. ડેમોક્રિટસ અને એરિસ્ટોટલ આ હિલચાલના વૈજ્ઞાનિકો હતા. વૈજ્ઞાનિકને શોભે તેવું અવલોકન માટેનું વિરકત વર્ચસ્વ તેમણે સંપાદન કર્યું હતું. આ વર્ચસ્વ ગ્રીક સંસ્કૃતિનો યુગવેગ બની ગયું હતું. આ યુગવેગ વિષે એરિસ્ટોટલ કહેતો હતો કે "મનુષ્યમાં સકારણ બુદ્ધિની ક્રિયા જ દૈવી ક્રિયા છે અને મનુષ્યનું જે જીવન વ્યવહારમાં સકારણતા અને વૈજ્ઞાનિકતા સંપાદન કરી શકે છે તે જ જીવનદૈવી છે." આવા દૈવી જીવનનો કોલાહલ સોક્રેટિસે એથેન્સ નગરને ઢંઢોળીને કયારનો ય શરૂ કરી દીધો હતો. ત્યારે વિજ્ઞાનની તપાસના આ અવાજને દેહાંતદંડ દઈને ત્યારના શાસકોએ પોતાના પર આવેલા વિકટ સમયની અસહિષ્ણુતા બતાવી હતી પરન્તુ તેથી સોક્રેટિસના પોતાના જીવનના અંત સુધી ગ્રીક ધરતી પરના જિવતરની વિચાર, વાણી અને વર્તનના સ્વાતંત્ર્યની સાબિતિ જ જીવનની આ આઝાદ ઘટનાએ દઇ દીધી છે.

સંસ્કૃતિનું ગ્રીક સૌન્દર્ય

વિશ્વ ઇતિહાસના જ્યોતિર્ધર જેવા આ દેશ પર સંસ્કૃતિનું જે નૂતનરૂપ રચાયું હતું તેમાં ગ્રીક ધરતી પરનાં કળા અને શિલ્પ પણ સૌંદર્યનું નવું રૂપ સર્જતાં હતાં. સૌંદર્યના સ્વરૂપનું મૂલ્ય જીવનના વ્યવહાર પર અને એ વ્યવહારની નક્કર હકિકતો પર સૌંદર્યને મઢવાનું હોય છે. ઇજીપ્તના જિવતરમાં ઇજીપ્તની ધરતીમાંથી જ ઉગ્યા હોય તેવા અને ઇજીપ્તની ટેકરીઓ જેવાં જ કલેવર ધારણ કરેલા પિરામીડો ત્યાંની કલાના નમુના હતા. આ નમુનાઓમાં એક જંગી એવું ગણિતશાસ્ત્ર ત્રિકોણો બનીને ઘડાયું હતું, તથા પરિવર્તન પામતું જ નહોય તેવા રણપ્રદેશ પર અચલાયતન જેવું પડ્યું હતું. આ અચલાયતનરૂપો, ત્યાંના પત્થરના રૂપમાં મઢાયેલી મોટી જંગી પ્રતિમાઓ બનીને ત્યાંની ટેકરીઓની જડતા જેવાં જડ થઈ ગયાં હતાં. ત્યાંના જીવતરે જીવતરની જડતા પર કલાકારની વૈજ્ઞાનિક નજર વડે કાબૂ મેળવ્યો નહતો.

પરંતુ ગ્રીસની કલામાં કુદરતી જડતા પર કલાકારનો કાબૂ નૂતન સૌંદર્ય ધારણ કરીને રૂપ મઢતો હતો. એનેક્ઝેગોરાસ, ડીમોક્રીટસ, અને સોક્રેટિસ જેવા ચિંતકોની અને વૈજ્ઞાનિકોની વણઝારમાં ગ્રીસનો કલાકાર પણ ટાંકણું અને પીંછી ધારણ કરીને ચાલવા માંડ્યો હતો. એટલે એણે જે સૌંદર્ય ઘડવા માંડ્યું હતું તે પહેલાં ચિત્તની સકારણતાનું નૂતન રૂપ પણ ધારણ કર્યું હતું. આ કલાકાર ઇજીપ્તના મૃત્યુધરોને માટે પ્રતિમાઓ ઘડતો નહતો પણ જીવનની વણઝાર માટે માનવરૂપને નિર્માણ કરતો હતો.

ત્યારે પણ સોક્રેટિસનો અવાજ એના કાનમાં ગુંજતો હતો. "આપણે એથેન્સનાં નાગરિકો માનીએ છીએ કે કોઇ સંસ્કૃતિની ટોચ પર ચઢી જઈને જગત આખાને વિચાર શીખવનાર મશાલને આપણે ધારણ કરી લીધી છે. પણ નશો ઉતરી ગયા પછી એથેન્સને માલમ પડશે કે શિલાઓમાંથી માનવ રૂપની કણિકાઓ મઢવાથી જ સંસ્કારની પ્રતિમાઓ નથી સર્જાતી પણ માનવીના રોજના વ્યવહારમાં માનવ માનવ વચ્ચેના શાંતિમય સંબંધનું અનુરાગનું મૂલ્ય જ્યારે માનવ કલાકારો ઘડવા માંડે છે ત્યારે ન હોલવાય તેવી સાચા સંસ્કારની જ્યોત સાંપડતી હોય છે."

ગ્રીસનો આ મહાનુભાવ ઇતિહાસના કલાકારને કલાનું મૂલ્ય સમજાવતો હતો. ગ્રીક ધરતી પર કલાકારનો નૂતન જગતનો સ્ટૂડિયો અથવા ચિત્રશાળા રચાતાં હતાં. આ ચિત્રશાળામાં અચલાયતન જેવી સમાધિવાળા જડ મનુષ્યનું રૂપ ચિતરાતું ન હતું પણ હાલતું ચાલતું જીવતર મનુષ્યનું અદ્દનું રૂપ ધારણ કરીને અહિં જ્યોતિર્ધર બનતું હતું. આ સ્વરૂપ ધરવામાં ઇતિહાસની અને સંગીતની દેવીઓ અથવા 'મ્યુઝ' બિલકુલ મનુષ્યનું રૂપ ધારણ કરતી હતી. 'ઓલિમ્પીક' પર રચાયેલી હર્મિસની પ્રાતમા મનુષ્ય પામી શકે તેટલું અને તેવું સૌંદર્ય ધારણ કરતી હતી. એનાં અંગે અંગ મનુષ્યની શરીર રચનાનું વિજ્ઞાન ધારણ કરતાં હતાં. સંસ્કૃતિની આ નૂતન સૌંદર્યની ઘટનામાં મનુષ્યત્વને દૈવી બનાવવા માટે કે માનવતાને ભયભીત બનાવવા માટે તેના ચાર હાથ ચિતરવામાં આવતા ન હતા. કારણ આ ધરતી પરના શિલ્પકારોએ નાગરિક વ્યવહારનો સંસ્કાર ઘડવા માટે શીખવ્યું હતું કે સાચું સૌંદર્ય મનુષ્યના રોજ બરોજના વાસ્તવિક એવા જિવન વ્યવહારમાંથી જ ઘડી શકાય છે.

ગ્રીક સંસ્કૃતિનાં કલા, સંગીત અને શિલ્પ

ગ્રીક કલાનો પાયો ઇજીપ્તની કલાસંસ્કૃતિનો વારસો પામીને શરૂ થયો. આ વારસા પર ગ્રીસે સૌંદર્યની રચના માટે પોતાનો હાથ અજમાવ્યો. જગત ભરમાં અજોડ એવી સૌંદર્યની સૃષ્ટિ ગ્રીક સમાજે રચવા માંડી. ગ્રીક કલાકૃતિના જમાનાઓ જગતભરમાં મશહુર બન્યા. પહેલો જમાનો ગ્રીક કલાના આરંભનો જમાનો હતો. બીજા જમાનાએ ગ્રીક કલાકૃતિઓના વિકાસને સર્વાંગ સુંદર બનાવી દીધું. તથા ત્રીજા હેલેનિસ્ટીક જમાનાએ સિકંદરની વિજયયાત્રામાં જઈને પોતાની કલાકૃતિઓને પૂર્વના પ્રદેશોના સંસર્ગ વડે સમારવા માંડી. શરૂઆતની ગ્રીક ચિત્રકલા વાસણો પરની ચિત્રકલા હતી. આ આરંભની ચિત્રકલામાં પણ રંગ અને રેખાઓની વિશિષ્ટ રચના દેખાઇ આવતી હતી. આ જમાનાનો ચિત્રકાર દુરિસ, ઓડીસીસ, વગેરેનાં નામો જાણીતા છે. પછી ઈ. સ. પૂ. ના

પાંચમા સૈકામાં તો ગ્રીક કલાકૃતિ સૌંદર્યની ટોચ પર પહોંચવા માંડી. બરાબર આ જમાનાની અંદર જ માનવજિવન પર આપઘાત સુધીનું દમન ઉપદેશનારા જૈન ધર્મે અને સૌન્દર્યનું શમન ઉપદેશનાર બુદ્ધ ધર્મે ભારતીય ચિત્રકલાને પાછી પાડી દીધી. આ સમયમાં જ ગ્રીક કલાકૃતિઓનો જમાનો ટોચ પર પહોંચેતો હતો. આ જમાનામાં ગ્રેસનો પોલિક્રિટસ પોતાની ચિત્રકલામાં મનુષ્યના શરીરોની ચિત્રકલાને સૌન્દર્યથી મઢવા માંડયો હતો. એપેલોડોરસે દિવાલો અને વાસણો પર થતાં ચિત્રકામને લાકડાના પાટિયા પર ઉતાર્યું હતું, તથા છાયાચિત્રોને શરૂ કર્યાં હતાં. પછીના હેલેનિસ્ટીક જમાનામાં ચિત્રોએ માનવજિવનના તે સમયના વ્યવહારને ચિત્રોમાં ઉતારવા માંડયાં. આ જમાનામાં જગતભરમાં મશહુર એવા ચિત્રકારોમાં ઍલેક્ઝાનો એપિલિસ, સિકંદરનો દરબારી ચિત્રકાર હતો. આ ચિત્રકારે મનુષ્યના ચહેરા પરના ભાવદર્શનને આબેહૂબ બનાવ્યું.

ચિત્રકલાની સાથે સાથે જ ગ્રીકજિવનમાં શિલ્પકલા પણ સુરમ્ય સ્વરૂપોમાં વિકસતી ગઈ અથવા ચિત્રકલાથી પણ વધારે વિકાસવાળી બની ગઈ. ગ્રીક કલાકારની આવડત શિલ્પકલામાં સંપૂર્ણ બનીને પ્રકાશી ઉઠી. ગ્રીસનાં નગર રાજ્યોએ ચિત્રકાર અને કલાકારનું બહુમાન કર્યું. ગ્રીક સરકારની રાજકીય હકૂમતમાં કલાકારનો ધંધો, સર્વોપરિ લેખાયો. આ ધંધાના કારિગરોએ એટલે કલાકારોએ ગ્રીક જિવનની તમામ ઇમારતો દેવળો અને મકાનો પર, સૌન્દર્યને છાઇ દેવા માંડયું. ગ્રીક શરીર આ સૌન્દર્યની નવાજેશ નીચે આવી ગયું. ગ્રીક દેહ પાપી નહિ પણ સૌન્દર્યનું સ્થાન બન્યો. ગ્રીકલોકોનાં દેવદેવીઓએ અને મનુષ્યોએ સૌએ કલાકારના હાથ નીચે શરીરની સુંદરતા ધારણ કરવા માંડી. સુંદરતાની આ ઘટનામાં ગ્રીક શરીરનાં અંગેઅંગમાંથી સ્વાસ્થ્ય અને તાકાત નિતરતાં દેખાયાં.

શરૂઆતનું ગ્રીકશિલ્પ સામાન્ય હતું. શિલ્પના આ "આરચેઇક" જમાનામાં શરીરોનું શિલ્પરૂપ સામાન્ય હતું. પછી બીજા જમાનાએ આરપાર દેખી શકાય તેવા આરસોમાં સૌંદની લીલા વિસ્તારવા માંડી. ત્યાર પછી કાંસા અને ધાતુઓ પર પણ ગ્રીક શિલ્પકલા પ્રકાશી ઉઠી. સૌન્દર્યના આ જમાનાએ ગ્રીક જીવનના વ્યવહારમાં બુદ્ધિની તાકાતને પણ સૉક્રેટિસના જેવી સાદાઇથી શણગારી. સોફોકલિસ, અને પ્રોટાગોરાસે, તથા એથેન્સના ફિડિયાસે મહાન પેરિકલીસના મહાન જમાનાને સૌન્દર્યથી મઢી લીધો. ઇ. સ. પૂ. ના ચોથા સૈકામાં પોલીકલીટસનું નામ ગ્રીસમાં મશહૂર બન્યુ. અને ત્યાર પછી સ્કોપાસે માનવીની હીલચાલને જીવતરની ગતિનારૂપમાં મઢવા માંડી.

ગ્રીસના આત્માને શિલામાં ઉતારતો, પ્રેકસિટેલિસ.

એ એક સિફિસોડોટ્રસ નામના શિલ્પીનો દીકરો હતો, અને ગ્રીસના આત્મભાનનો ઘડાયેા હેાય તેવેા, પથરા ઘડી ઘડીને એની અંદર ગ્રીસનું આત્મભાન જોવા મથતો હતો. એ આત્મ-



ભાનને ઘડવાનું ટાંકણું લઇને બેઠેલો આ શિલ્પી, જાણે શિલ્પનો પાયથાગોરાસ હેાય તેવો દેખાતો હતો અને રૂપની એકતાન તાનું ગણિત નવું રચતો એ કહેતો હતો કે,

" તાકાતનું રૂપ નિપજાવતું ગ્રીસનું આત્માભાન હવે જો નિત્યતરના સંસ્કારનું શિલ્પ નહિ રચે તો આ ધરતી જીવનને ધારણ કરશે કયા મૂલ્ય પર ? "

આવડા મોટા સવાલનો જવાબ દેવા જ જાણે હેાય તેમ એણે પેાલિક-લિસનું શિલ્પશાસ્ત્ર ફેંકી દીધું અને શિલ્પનો નવેા કાનૂન એણે નુતનરૂપનું ઘડતર કરીને દાખવવા માંડયેા.

ગ્રીક સંસ્કૃતિની હતી તેવી હિંમત એણે રૂપ ઘડવામાં ધારણ કરી. કુદરત પાસે અને દેવદેવીઓ પાસે, હિંમત ભરેલી રીતે એના રહસ્યનો કાનૂન જાણવા



પહોંચી જતી ગ્રીસની માનવ મહા-નુભાવતા જેવેા આ શિલ્પી પણ ભૂતકાળના શિલ્પનો કાનૂન રદ કરતો હતો અને એ કાનૂન પ્રમાણે ઘડાયેલાં ગમે તેવાં મહાન દેવતાઓના પૂતળાંઓને પ્રણામ કરવાને બદલે, જે રૂપમાં સંસ્કાર હેાય તેવું રૂપ ઘડતો હતો, અને પુકાર કરતો હતો કે, " માનવ-વિકાસથી કેાઇ કાનૂન વધારે મેાટો નથી."

એવેા નૂતન ગ્રીસનો નૂતન શિલ્પી, ગ્રીસની ધરતી પર પંકાયેા. ફ્રેાસમાં એણે ઘડેલી, એફ્રોડાઇટની પ્રતિમાને જોવા, ભૂમધ્ય સમુદ્રના કિનારા પરથી શિલ્પીઓ અને કલાકારો આવ્યા કર્યા.

હવે એ એાએશિયામાં, આવેલા થેપસી નામના નાનકડા નગરમાં રહેવા આવ્યો હતો, કારણ કે અહીં ફ્રિની નામની જગતી સુંદરતા રહેતી હતી. ફ્રીની સાથે ઘર માંડીને રહેતા આ કલાકારે અહીં અનેક રૂપ ઘડ્યાં હતાં. તેમાંથી એકવાર એણે ફ્રિનીને મનપસંદ પ્રતિમા, પોતાના નગરને ભેટ આપવાનું કહ્યું અને તેની પસંદગી કરવાનું કામ ફ્રિનીને સોંપ્યું. પ્રતિમાઓમાંથી એકને, સર્વોત્તમને શોધી કાઢવા જતી ફ્રિનાના અંતરમાં બધાં રૂપ, સરખાં સુંદર દેખાયા કરતાં હતાં. ફ્રિની તેમાંના એકને સર્વોત્તમ તરીકે નક્કી કરી શકતી નહોતી અને પ્રેકસિટેલિસ એને આ બાબતમાં કશું કહેતો ન હતો. એટલે મૂંઝાયેલી ફ્રિનીએ એકવાર નગર બહાર ગયેલા, કલાકાર પાસે, માણસો દોડાવ્યાં. એમણે આવીને કલાકાર પાસે ધૂમ પાડી.

"તમારું કલાભવન આખું સળગી ઊઠ્યું છે."

અને કલાકારે ચિંતાથી પૂછ્યું, "પણ, મારી વિનસની પ્રતિમા!"

બસ ફ્રિનીને જવાબ જડી ગયો. એણે વિનસને સર્વોત્તમ તરીકે સ્વીકારીને નગરને એ ભેટ ધરી. વિનસની આ પ્રતિમા આત્માના ઓજસને ઉભરાવતી માનવીના પ્રણયની સંસ્કાર છબી જ હતી. હજુ એનું નામ કયુપિડ (કામદેવ) પાડનારો રોમન સમાજનો અધિકાર જનમ્યો નહોતો.

એવો ગ્રીસનો કલાકાર માનવીના અંતરનું રૂપ ઘડતો, ફ્રિની સાથે સંસાર માંડીને, કલાકાર દિકરાઓને પાછળ મૂકીને, એક દિવસ મરણ પામી ગયો.

ત્યાર પછી ગ્રીસમાં ઓલિમ્પિયાના સંગ્રહસ્થાનમાંથી, એણે ઘડેલી એક પ્રતિમા, પથ્થરના રૂપમાંથી માનવસંસ્કારના ઓજસ જેવી હરમિસનું નામ ધારણ કરીને ઊભેલી જડી આવી. ડિઓનિસસ નામના દેવતાઈ બાળકને બચાવવા નીકળી જતો દેવદૂત હરમિસ, આ બાળ ફરજંદને દ્રાક્ષ ખવડાવતો તેમાં ઊભો હતો.

આવું સૌંદર્ય ઘડતરનું ટાંકણું ગ્રીક ધરતીપર અટકયા વિના ચાલ્યા જ કર્યું. ક્રોસ ટાપુપરના શિલ્પી અને ચિત્રકાર એપિલિસનું નામ ત્યાર પછી આખી ગ્રીક ધરતી પર ગાજી ઊઠ્યું.


એવું સંસ્કૃતિનું સૌન્દર્ય ઘડનારો આ અવાજ ગ્રીસ દેશ પર અટકયા વિના એકધારો વહ્યા જ કરતો હતો અને ગ્રીક જીવનમાં અજોડ એવી કલાનો યજ્ઞ, જીવનની સૌરભ બનતો હતો. રોહડઝમાં પ્રેાટોજિનિસની કલા જીવનની એવી જ સુવાસને આલેખતી હતી.

હેલેનિસ્ટિક જમાનામાં શિલ્પકલા જીવનવ્યવહારનાં જીવતાં ચિત્રોમાં ઓત-પ્રોત બની ગઈ. શિલ્પની અંદર ઊર્મિ અને લાગણીઓના, મજબૂતો, બાળકોના જીવનની નાજુક રેખાઓ, દારૂડિયાઓની દુઃખી વાતનાઓ, અને સૌનકોની

વ્યથાઓ, શિલ્પકલામાં આબેહૂબ બની. માઇકલ એંગેલોએ જેને ગ્રીકશિલ્પ-કલાનો સર્વોત્તમ નમૂનો કહ્યો હતો, તે નમૂનાનું એક ચિત્ર એપોલોના એક પાદરીનું હતું. શિલ્પકલાના આ ચિત્રમાં પાદરી અને તેના બે દિકરાઓ પર સર્પો મડાગાંઠ બાંધીને વિંટળાઈ વળ્યા હતા. મોત પહેલાંની આ યાતનામાં ત્રણ માનવ કલેવરો જે જંગી તાકાતથી જીવનકલહ દેખાડતા હતા તે કલહનું આ કલારૂપ હતું.

ગ્રીક સાહિત્યનું એપિકરૂપ–હોમર

ફીનીશીયન સંસ્કૃતિ પાસેથી ગ્રીસે પોતાની ભાષાના અક્ષરો મેળવ્યા અને આ લીપી પર થોડોક સુધારો કર્યો. આ રીતે ગ્રીક લોકોની હેલેનીક ભાષાનો આકાર બંધાયો અને આ ભાષા તેમના વર્ચસ્વ નીચેની દુનિયામાં પથરાવા માંડી. સૌંદર્યનું જે રૂપ તેમની કલામાં હતું તથા પાર્થીનોન જેવા તેના શિલ્પોની કલાકૃતિઓમાં જેવી સુરમ્યતા તથા સુઘટતા હતી તેવી ગ્રીક ભાષામાં પણ ઉતરી. આ ગ્રીક જબ્બાનનું રૂપ અતિ પ્રાચીન એજીયન ક્રિટન સંસ્કૃતિ સાથેના જીવન સંગ્રામોની ગાથાઓને રચનારનું, ગ્રીક સાહિત્યની શરૂઆતમાં હોમ-રનું નામ ઇલિયડ અને ઓડીસી નામનાં મહાકાવ્યો સાથે જોડાયું. આ અંધકવિ હોમરની કવિતાઓ ગ્રીક જીવનમાં ગવાવા માંડી. ઇલિયડ નામના કથાકાવ્યમાં ટ્રોયના ઘેરાનો પ્રસંગ વણવામાં આવ્યો. ઇલિયડની સાથે જ મળતું આવે એવું કથાકાવ્ય ઓડીસી નામનું છે. ટ્રોયના ઘેરા પછી યુલિસીસના રઝળપાટના પ્રસંગો એમાં વર્ણવ-વામાં આવ્યા છે. ક્રીટન સંસ્કૃતિ પર આક્રમણ કરતા ગ્રીકમાનવોનો જીવન કલહ એમાં તદાકાર બને છે.



કથા કાવ્યો—હિસિયડ

હોમર પછીના હિસિયડ નામે મહાકવિએ પોતાનાં કથા કાવ્યો લખવા માંડ્યા હતાં. આ મહાકવિની કવિતાની વિશિષ્ટતા સામાન્ય માણસોના જીવનવ્યવહારની

કવિતાઓ લખવાનું હતું. ખેડૂતોની જીંદગી વિષે ને ખેતીવાડી વિષે વ્યવહારૂ આવડત ધરાવનાર આ કવિએ ખેતીની જીંદગીની કવિતાઓ લખી છે અને તેમની સાથે શાસકોની જીંદગી પર ટીકા કરી છે. આ કવિની કવિતાઓ હોમરની કવિતાઓ કરતાં ઐતિહાસિક રીતે વધારે મહત્ત્વની હતી કારણ કે એણે દંતકથાઓમાંથી નીચે ઉતરીને લોકજીવનની રોજબરોજની સામાજિક અને આર્થિક દશાને માનવપ્રેમથી છણી છે.

ત્યાર પછી સાફો નામની કવિયત્રી ઇ. સ. પૂ. ૬ ઠ્ઠા સૈકામાં થયેલા જગતમાં જાણીતી બની. અંધ કવિ હોમરના જેટલા જ માનને માટે સાફો અધિકારિણી ગણાય છે, તથા ગ્રીસની નવ દેવીઓમાં અથવા 'મ્યુઝ'માં આ ગ્રીક યુવતિની ગણના કરવામાં આવી છે.



'મારૂં નામ તો સાફો છે' બોલતી આ સંગીતની દિકરી, પોતાની જબાનની મધુરતા વરસાવતી સંગીત જેવો શબ્દ ઉચ્ચારતી. સાફો, ઇ. સ. પૂ. ૬૧૨ માં જન્મી હતી. ઇ. સ. પૂ. ૫૯૩માં આ બાળકાને લઇને ગરીબ મા, બાપ, ગુલામીમાં વેચાઈ જવામાંથી બચી જવા માટે સીટીલસ નગરીમાં ભાગી આવતાં હતાં. આ નગરીમાં બળવાખોર બનેલી આ ધરતીની અદની દિકરી દેશ નિકાલ થઇને પીરા નગરમાં પહોંચતાં હતી અને ઓગણીસજ વરસની આ સાફો ત્યાં જઈને બળવાખોર રાજકારણને સંગીત બનાવીને લલકારતી હતી.

અદની માનવતાએ જન્મેલી આ ગરીબની દિકરીનું કલેવર ગૌર નહોતું પણ ઘાટીલું હતું. આ ઘાટ પર ગ્રીક ચુંબનનો ઘેરો ઘેરો ચમકતો દીપતો હતો અને કહેતો હતો, 'જેવી મૃદુ આપણી આ ધરતી છે તેવું, મુલાયમ મારૂં દિલ છે.'

"આ મુલાયમતામાંથી જ્વતરનો કઠોર ભાવાવેશ અગ્નિ શિખાઓ જેવો ઉઠતો હતો" એમ પ્લુટાર્ક નામનો ઇતિહાસકાર લખતો હતો. એથેન્સ નગરના આત્માની તપાસ માગતો, સોક્રેટિસ નામનો ખડતલ શિલ્પી એને "સાફો, સુંદરી," કહેતો હતો અને આખા જગતનાં પ્રાણીઓ અને પદાર્થોનાં સ્વત્વ રૂપ સ્વર્ગમાં જ હોઈ શકે તેવા ચિંતનનો પાયો નાખતો, સાફોના સ્વત્વને,

ભૂલથી આ ધરતી પર હોવાનો એકરાર કરી પડતો પ્લેટો નામનો ચિંતક કહેતો હતો, "ગ્રીક ધરતી પર નવ મ્યુઝ અથવા દેવીઓની કલ્પનાની પ્રતિમાઓ આલેખવામાં આવી છે, તેમાં ધરતી પર જિવી ગએલી લેસબોસની સાફો દશમી મ્યુઝ છે." એવી સંગીતની આ મ્યુઝ સંગીતની માતા બની.

આ યુવતિ જ્યારે ઓગણીસ વર્ષની વયે, હદપાર થઈને પીરહામાં ભાગી આવી ત્યારે ત્યાં જ હદપાર થએલો જુવાન કવિ એલકિએસ પણ આવ્યો હતો. પોતાના ચહેરા પણ શરમના શેરડા લાવીને આ કવિએ સાફોને ચિઠ્ઠી લખી, "સ્મિતભર ચહેરાવાળી સાફો, મારૂં દિલ તારી સાથે એવી વાત કરવા માગે છે, જે ઉચ્ચારતાં, જીભ શરમાઈ જાય છે"

એને સાફોએ કહાવ્યું, "જો તારી ઇચ્છાનું રૂપ સંસ્કાર જેવું ઉદાત્ત જ હોય તો પછી શરમ છોડીને તેને લલકાર્યા કર, કવિ !"

પછી પેલા કવિએ, આ સંગીતની દિકરીને પોતાની બનાવવાની મમતા માંડી વાળીને, તેના વખાણનાં ગીત ગાયા કર્યાં.

આથી સાફોને પીરહા, પણ જીરવી શકયું નહીં એટલે એને સીસીલીમાં હદપાર કરવામાં આવી. ત્યારે ઈ. સ પૂર્વેની પહેલી સાલમાં, સીસીલીની અંતર યાતના બનેલી ગુલામ માનવતા, આ બળવાખોર યુવતિને આવકારતી હતી.

પણ આ યુવતિ સીસીલીમાં આવીને, કઠોરતાના ભાવાવેશને મુલાયમ દિલમાં ભારી દઈને એક શ્રીમંત માલિકને પરણી. શ્રીમંત માલિક, સાફોને પરણ્યા પછી તરત જ મરણ પામ્યો. માલિકના ફરજંદને પોતાના ઉદરમાં ધારણ કરીને સાફો આનંદ પામી અને પોતે હવે સંસ્કાર પ્રવૃત્તિ જ ચલાવવા માગે છે એમ કહીને, ધન દોલત લઈને લેસબોસેમા પાછી આવી પહોંચી.

સંસ્કારના વિશ્વ ઈતિહાસમાં યાદગાર એવી, લલિત કલાઓની પહેલી વિદ્યાપીઠની, સાફો, અધિષ્ઠાત્રી બની. એણે લેસબોસમાં, નૃત્ય ગીત અને વાદ્યનાં શાસ્ત્રીય તાલીમ આપવાની વિદ્યાપીઠ શરૂ કરી.

સાફોએ ઉપજાવેલા સેફીક રાગ ગ્રીક ધરતી પર ગુંજી ઊઠ્યા. લેસબોસની દિકરીઓના હોઠ પર સાફિક વિદ્યાપીઠના લલિત સંસ્કારોની સૌરભ વિહરવા માંડી. સાફીકસંગીતના લલકારે ગ્રીક ધરતીને પ્રથમ ગુંજન દીધું.

આ લલકારનાં મોજાંઓ પર વિહરતી હોય તેવી લલિત કલાની વિદ્યા પીઠની અધિષ્ઠાત્રી એક ઉંચા ખડક પર ઉભીને, ટગર ટગર શું દેખતી હતી ! એક પાછળ બીજી પછડાટ ખાતા, સાગરનું કેવું સંગીત એ સાંભળી રહી હતી ! પોતાની નજરને અંતરિક્ષમાં પરોવી દઈને, પ્રણયના વ્યામોહમાં, શું શોધવા માટે ગળ્કી પડતી આ સાફો લય પામી જતી હતી !

લોક વાયકાની દંતકથા કહેતી હતી કે, દૂર દૂરના દરિયા ખેડવા ગયેલા એક ખલાસીના પ્રેમમાં પડેલી આ શબ્દચિત્રની ચિત્રલેખા મહાસાગરના અસિમાં


પ્રેમનું રૂપ દેખવા, સાગરના ઉરમાં શમી ગઈ હતી, અને પછી એ ત્યાં પડી ત્યાંથી, સાગરનાં મોજાં પર બેસીને, આસમાનમાંથી ફુંકાતા પવનનો મિજાજ ધરીને, ગાયા કરતી હતી.

સાહિત્યસ્વામી પિંડાર, અને પછી

સાફો પછી એક સૈકે પિંડાર અને એસ્કીલસ નામના મહાકવિઓ થયા. પિંડારની ખ્યાતિ એટલી બધી વધી ગઇ હતી કે આખા ગ્રીસ પર તે ગીતકાવ્યોનો દેવતા જ મનાતો હતો. આ સમયમાં જ સાહિત્યનું નાટક નામનું સ્વરૂપ વિકાસ પામવા માંડ્યું. જૂના સમયના એક પાત્રવાળાં નાટકોને બદલે બે પાત્રવાળાં નાટકો લખવાની શરૂઆત થઈ અને ત્રણ પાત્રોનાં નાટકો પણ લખાવા માંડ્યા. એ વખતે ઇ. સ. પૂ. નો ૫૨૫ નો સમય ચાલતો હતો. આ બધાં નાટકોમાં ઘણાં પ્રખ્યાત એવાં નાટકો એથેન્સની રંગભૂમિ પર ભજવાયા કરતાં હતાં તે આજના જમાના સુધી પહોંચ્યાં છે.

એસ્કિલસે કરાવેલું પ્રોમિથિયસનું દર્શન

ગ્રીસની જિંદગીની સોનેરી ભવ્યતાનો એ યુગ હતો. ઇ. સ. પૂ. ૪૯૯ ની સાલમાં ગ્રીસની ધરતીનું ગૌરવ સૂંઘતો ફરતો હોય તેવો છવ્વીસ વરસનો નવજુવાન એસ્કિલસ, એથેન્સમાં જાણીતો હતો, કારણ કે એણે એટલી જ ઉંમરમાં એક સુંદર નાટક લખ્યું હતું. જનેતજનેતામાં, એથેન્સ પર આફ્રમણ આવી પહોંચ્યું. ગ્રીસ દેશ ગુલામ બની જાય તો ગુલામ બનેલો એ, નાટક અને કવિતાની પ્રેરણા કયાંથી પામી શકે ? બધા સંસ્કાર આઝાદીમાં જ ઊગી શકે છે. એવા ખ્યાલ સાથે એસ્કિલસની જનેતાના ત્રણે દીકરા, ઇરાનના આક્રમણ



મણ સામે મેરથોનની રણભૂમિ પર ગ્રીસની આઝાદીના બચાવ માટે લડવૈયાઓ બનીને પ્રથમ દરજ્જાના દેશભક્તો તરીકે પંકાઈ ચૂકયા અને એકિલસનું સ્મારક એથેન્સે ખુલ્લું મૂકયું. એણે એની પ્રેમશૌર્યની ઝળકતી દેશભક્તિનું સાહિત્ય ગ્રીસને આપ્યું. ગ્રીસે એનું બહુમાન કર્યા કર્યું. થેસપીસે, એક પાત્રવાળાં નાટકો લખ્યાં હતાં. એણે એમાં વધારે પાત્રો ઉમેરીને ગ્રીસને સિત્તેર નાટકો આપ્યાં. આ સૌ નાટકોમાં સર્વોત્તમ એવું નાટક, પ્રોમિથિયસનું હતું. પ્રોમિથિયસ એકિલસને હાથે જીવતો બની જઈને ગ્રીસ દેશના ઘરેઘરમાં, નૂતન ભાન અને નૂતન સંસ્કારનો મંત્ર ગુંજતો હતો.

નાટક શરૂ થવાનો ડંકો સંભળાય છે. પડદો ખૂલવા પર ગ્રીક સમુદાયની અનિમિષ નજર અધીરી બને છે. ઊઘડતા પ્રવેશે રંગભૂમિપર, ક્રોકેશસની સૌથી ઊંચી ટોચના વિકરાળ ખડક પર પ્રોમિથિયસ સાંકળોથી જકડી લેવાતો દેખાય છે. બેસી શકાય નહિ, સૂઈ શકાય નહિ એવી અંગેઅંગને જકડી નાખનારી રીતે એને ખડક સાથે જડી દેવામાં આવે છે.

જ્યાં માનવી ચઢી શકે નહિ તેવી ઊંચાઈ પર, જ્યાં ફૂંકાતા વંટોળ વિના બીજો કોઈ અવાજ આવી શકે નહિ ત્યાં, સળગતા તાપમાં અને ઠારી નાખે તેવી ઠંડીમાં, લોહીના એકે એક બુંદને સૂકવી નાખીને મરણ પામવાની એને શિક્ષા થઈ છે. ઓલિમપસની ઊંચાઈપર વિલાસના વિહાર કરતા દેવતાઓએ એને એવી શિક્ષા કરી છે, કારણ કે એણે માનવોને જ્ઞાનનું ફળ ચખાડવાનો અને અગ્નિની શોધ કરીને, માનવજાતને, સાધનો બનાવતાં શીખવવાનો તથા, પરસ્પરનો સહયોગ સાધીને પ્રેમના સંસ્કારથી જીવન વિકાસ સાધવાનું અને વિજ્ઞાનની આરાધના કરવાનું શિક્ષણ આપવાનો અપરાધ કર્યો છે.

એટલે એ એકલો ને અટૂલો કાળમીંઢ ખડકપર જકડાયેલો ધરતીપરથી માનવીનો પ્રેમ સૂંઘી સૂંઘીને, આકાશમાં ટમટમતા તારક વૃંદોનું તેજ પી પીને



સ્વર્ગમાં અમનચમન કરતા અબુધ દેવતાઓને પડકારે છે કે, "એક જમાનામાં, માનવો અંધ જીવન જીવતાં હતાં, તેમને મેં, શિક્ષણ આપ્યું તેથી હું મગરૂર છું." ×

પ્રોમિથિયસનું ભવ્ય દર્શન રંગભૂમિપર પામતી જાણે આખી ગ્રીક ધરતી ડુસકાં ભરે છે. ગ્રીસનો સાગર કિનારો વિહ્વળ બનીને આક્રંદ કરતાં મોજાંઓ મારફત જગતના તમામ દેશની પ્રજાઓને જાણ કરે છે. વિશ્વ ઇતિહાસના આ પહેલા રાજકીય કેદી તરફ દેશદેશથી લોક સમુદાયોનાં અંતર ખમા ખમા પુકારે છે. ધરતીપરના મહાસાગરોની દિકરીઓ, આ સંસ્કારી સ્વપ્નશીલનાં દર્શને આવે છે અને સાંકળોથી જકડાયેલા આ વિરાટ માનવને કહે છે કે ધરતીપર માનવજાતના ફરજંદની આગેકૂચ માટે સહન કરવા જેવું બીજું કોઇ વધારે મહાન ભાગ્ય નથી.

પછી ઓલિમપસના સ્વર્ગના દેવતાઓ આ અપરાધી માનવીનો પરાજય કરવા, પોતાના વાહન બનેલા ગીધને આજ્ઞા કરે છે. જકડાયેલા વિરાટ પાસે ગીધ આવે છે અને આખો દિવસ એના હૃદયને ખાધા કરે છે. પણ દિવસભર ખવાયેલું હૃદય રાતમાં નવું ઊગી જાય છે.

એમ તેર યુગો વહી જાય છે, પછી હીરેકલિસ આ ગીધને મારી નાખે છે. હીરેકલિસ રાક્ષસ કહેવાય છે, કારણ કે માનવીને એ મુક્ત કરે છે.

એકિલસે લખેલા આવા નાટકનો, પ્રોમિથિયસ નાયક છે. ગૌરવવંતા ગ્રીસે વિશ્વસાહિત્યને આ નાટક દીધા પછી ગથેએ એને વધાવી લીધું. બાયરને પોતાની કિતાબોમાં એને પ્રથમ પંકિતમાં પહેલું ગણાવ્યું. શેલિએ આ પ્રાચીન કથાને નવજીવન દીધું. પ્રાચીન ગ્રીક જીવનમાં, સાહિત્યના સંસ્કારના મૂલ્ય જેવી માનવ ગૌરવની એવી કરૂણકથા આલેખાઈ. પછી એકિલસ પોતાના વિરાટ માનવીની યાતનાનું ગૌરવ જોતો સિસિલીના જીવનની, ગુલામ માનવીની અંતરવેદનાને ત્યાં જઈને વાચા આપતો, ઈ. સ. પૂર્વે ૪૫૬ માં મરણ પામ્યો.

× "Men lived like silly ants beneath the ground,
Blindly and lawlessly they did all things,
Until I taught them how the stars do rise
And set in mystery, and devised for them
Number, the inducer of philosophies,
The synthesis of letters, and besides,
The artificer of all things, memory
That sweat muse-mother."

આ નાટ્યકારોએ સેંકડો નાટકો લખ્યાં અને ગ્રીસની રંગભૂમિએ તે ભજવ્યાં. ત્યાર પછી તરત જ ઈ. સ. પૂ. ૪૮૦ માં યુરિપાઇડીસ નામનો કવિ અને નાટ્યકાર એસ્કિલસ અને સોફોકલ્સ કરતાં પણ વધારે મશહૂર બન્યો. યુરિપાઇડિસની કવિતાઓ અને નાટકોમાં પાત્રો બનીને ગ્રીક માનવ સમુદાયનું રોજબરોજનું જીવન આબેહુબ બન્યું. યુરિપાઇડીસે જાહેર કર્યું કે દેવદેવીઓ કરતાં ગ્રીક જીવન વ્યવહારના જીવતાં જાગતાં મનુષ્યો વધારે અગત્યનાં અને મૂલ્યવાળાં છે. આ મહાકવિએ દુઃખી અને ગરીબ માનવોનો પક્ષ લઇને કવિતાનાં અને નાટકોનાં સર્વોત્તમ સ્વરૂપો રચ્યાં "ટ્રોજનવુમન" નામનું એણે લખેલું એક નાટક યુદ્ધની યાતના ચિતરતું આજે પણ યુદ્ધ વિરોધી નાટક તરીકે પ્રશંસાપાત્ર બન્યું છે. યુરિપાઇડીસ પછી તરત જ એરિસ્ટોફેનિસ નામનો કટાક્ષકાવ્યો લખનારો મહાકવિ ઈ. સ. પૂ ૪૮૮ માં જનમ્યો. એણે તે સમયના ગ્રીકજીવન પર કટાક્ષમય કવિતાઓ અને નાટકો ઉભરાવી દીધાં. આ કવિ પછી મિનેન્ડર નામનો એક મશહૂર લેખક ગ્રીકજીવનને સાહિત્યમાં ઉતારવા માંડયો. આવું ગ્રીક સંસ્કૃતિનું સાહિત્યરૂપ ત્યારના જગતમાં અને ત્યારના સમયમાં સર્વોપરિ પૂરવાર થયું.

ગ્રીક ઇતિહાસ

ગ્રીક સંસ્કૃતિનું વિચાર પ્રેરક રૂપ માનવ ઇતિહાસના લેખનમાં પણ પછાત રહ્યું નહિ. ઈ. સ. પૂ. ૪૮૪ માં હિરોડોટસ નામે ઇતિહાસકાર જનમ્યો. હિરોડોટસ આજે પણ વિશ્વઇતિહાસના પિતા તરીકે પંકાય છે. જગતનો ઇતિહાસ લખવા માટે હિરોડોટસ ત્યારના જગતમાં મુસાફરીએ નીકળ્યો હતો તથા પોતાના પર્યટનની તેણે ઐતિહાસિક નોંધ કરી. હિરોડોટસે પહેલીવાર ગ્રીસનો ઇતિહાસ આલેખ્યો. હિરોડોટસનો સાથીદાર હોય તેવો થુસીડાઈડિસ નામનો ગ્રીક ઇતિહાસકાર ઈ. સ. પૂ. ૪૬૦ માં જન્મ્યો. એણે પણ પોતાના સમયના ગ્રીસનો તથા પોતાની મુસાફરીનો ઇતિહાસ લખ્યો. આ બે ઇતિહાસકારોનું-ઇતિહાસલેખનનું કામ ઝેનોફોન નામના ઇતિહાસકારે આગળ ચલાવ્યું. આ ઇતિહાસકાર ઈ. સ. પૂ. ૪૩૪ માં જન્મ્યો. ત્યાર પછી પોલીબીઅસ નામના ઇતિહાસકારે ઇતિહાસ લેખનનું કામ આગળ ચલાવ્યું.

વિશ્વ ઇતિહાસના ગ્રીક પિતાઓ

હિરોડોટસ

હિરોડોટસ એ ગ્રીક દેશની પર્શિયા અથવા ઈરાન સામેની પોતાની આઝાદી માટેની લડતનો ઇતિહાસકાર છે. હિરોડોટસે આ લડતને દેખી હતી

અને તેનો અભ્યાસ કર્યો હતો. આ લડતનો ઇતિહાસ લખતાં તેણે તેને આઝાદીની લડત એવું નામ આપ્યું. આ લડતમાં એ પર્શિયાની વિરુદ્ધ અને એથેન્સના પક્ષમાં હતો, છતાં એક ઇતિહાસકારની દૃષ્ટિથી તેણે જ્યાં વખાણ ઘટે ત્યાં પર્શિયનોનાં પણ વખાણ કર્યાં. એણે તેમને સચ્ચાઈવાળા શૂરા અને બહાદુર કહ્યા છે. આ ઇતિહાસકારે તે સમયનો ઇતિહાસ લખવા વિશ્વનો ઇતિહાસ ખેદેલા જુદાજુદા દેશોની મુલાકાત લીધી. તેણે ફિનીશીયા અને ઇજીપ્તમાં વખાણવા જેવું ઘણું દીઠું. તે દેશપરદેશ ફર્યો અને પોતાના પર્યટન પછી તેણે પોતાના દેશ સાથે બીજા દેશોની તુલના કરી જોઈ. છેવટ સુધી એ શોધક રહ્યો. ઇતિહાસ શબ્દનો અર્થ એણે માનવજીવનના વ્યવહારનાં સ્વરૂપોની શોધ એવો કર્યો હતો. એણે ઇતિહાસનું પુસ્તક લખતાં શરૂઆત કરી કે "આ, મેં એટલે હેલીકારનેશસના વતની હિરોડોટસે કરેલી શોધનો અહેવાલ છે. આ અહેવાલ એટલે ઇતિહાસ."

જીવનનો આ અહેવાલ લખતાં લખતાં એ, જે હકિકત પોતાને સમજાતી તે વિષે પોતાને તે બાબત સમજાય છે એમ લખતો તથા જે બાબત એની માન્યતામાં ઉતરતી નહિં, તે વિષે એ લખતો કે હું આ બાબત માની શકતો નહતો. એણે લખ્યું કે બેબિલોનનું સૌથી ઉંચુ દેવાલય મેં દીઠું ત્યારે મને ત્યાંના પુરોહિતે કહ્યું હતું કે દેવાલયના છેલ્લા માળ પરના પલંગમાં ભગવાન પોતે શયન કરે છે. પણ એણે તે વાત માનવાની ના પાડી હતી.

ઇતિહાસ લેખકો જે બાબત ઘણીવાર ભૂલી જાય છે તે બાબત તે કદી ભૂલ્યો નહિં: ઇતિહાસની આ બાબત માનવ સમૂદાયના જીવન વ્યવહારના અભ્યાસની છે. હિરોડોટસના ઇતિહાસ લેખનમાં માનવસમુદાય સૌથી આગળ રહ્યો છે.

એણે લખેલા ઇતિહાસનો સૌથી મોટો ભાગ એની મુસાફરીનું વર્ણન છે. આ વર્ણનમાં એ પ્રાચીન સમયનું જગત આપણી સામે ખુલ્લું થાય છે. આ જગતના વર્ણનમાં તે માનવસમુદાયના વર્તનના, દેશદેશની રંગભૂમિ પર દેખાતાં રેખાચિત્રો દોરે છે. ઇલીરીયાની દિકરીઓ કેવી રીતે પરણતી, સરોવરનાં વસનારાં પોતાનાં બાળકને કેવીરીતે ઉછેરતાં, ઇજીપ્તની મચ્છરદાની કેવી સુંદર દેખાય છે તથા પર્શિયાનો રાજા મુસાફરીમાં ઉકાળેલું પાણી જ શા માટે પીએ છે, અરબસ્તાનના લોકો હજામત કેવીરીતે કરાવે છે, સિથીઆના લોકો પશુપાલન કેવી રીતે કરે છે, બેબીલોનનાં બજારો કેવાં દીસે છે તથા ઇજીપ્તના વૈદો સારવાર કેવી કરે છે, તથા સિંધુ પરનાં નગરોની સંસ્થાગારોમાં વેપારી

ફૂંડીઓ કેવી રીતે લખાય છે, એવી એવી અનેક બાબતોનું ધ્યાન એણે ઇતિહાસમાં કર્યું છે.

એના ઇતિહાસનો આ નરી ભાગ પર્શિયા અને ગ્રીસ વચ્ચેની લડાઈનું મુલ્યાંકન કરતો શરૂ થાય છે. એ કહે છે કે "આ યુદ્ધ પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનું યુદ્ધ છે. આ યુદ્ધમાં વિશ્વઇતિહાસનો સવાલ રાષ્ટ્રની આઝાદીના સ્વરૂપમાં રજૂ થયો છે. આ રણભૂમિ પર ઈરાનનો શહેનશાહ ઝેરીયસ જગતના શહેનશાહ તરીકે આખી દુનિયાને ગુલામ બનાવવા હાજર થયો છે ત્યારે આ દુનિયાનો ગ્રીસ નામનો આપણો એક દેશ આઝાદીના મૂલ્યનું રક્ષણ કરવા માટેનું આયુધ ધારણ કરે છે. એવો એ ગ્રીસ દેશ ખડકો પર વસેલો ગરીબ દેશ છે. આપણા લોકો સૌંદર્યને અને અર્થકારણને ચાહે છે. જાલીમ શહેનશાહત સંહાર અને વિલાસનો પક્ષ લઈને રજૂ થઈ છે. આપણે લોકો એટલે કે ગ્રીકો આપણી આઝાદીની લડાઈના વિજેતા યોદ્ધાઓને મોત્ર ઓલિવનાં પાન ભેટ તરીકે આપીએ છીએ."

એ લખે છે કે જે દેશ આઝાદીને ચાહતો નથી તેમાં નાગરિકોનું નહિં પણ જાલીમ શહેનશાહનું રાજ હોય છે. જાલીમનું શાસન સ્ત્રીઓ પર અત્યાચાર કરે છે તથા પુરૂષો અને બાળકોનો સંહાર કરે છે તથા નગરોને તારાજ કરે છે. જ્યાં નાગરિકોનું રાજ હોય છે ત્યાં એવું થતું નથી હોતું.

આ યુદ્ધનું વર્ણન કર્યા પછી એ લખે છે કે "ગ્રીકો કરતાં અનેક ઘણી તાકાત તથા આયુધોવાળા તથા વિશાળ અને શિસ્તબદ્ધ લશ્કરોવાળા ઈરાનનો પરાજય થયો છે તથા એથેન્સ નગરીનો વિજય થયો છે. આવા અપૂર્વ વિજયના કારણમાં જાલિમનો ધટના સામે આઝાદીની ધટનાનો વિજય થયો છે. આઝાદીએ પોતાની તાકાતનો પરચો દેખાડ્યો છે."

થુસીડાઇડિસ

ગ્રીક ધરતી પર જન્મેલો અને ઇતિહાસનો પિતા ગણાયેલો બીજો ઇતિહાસકાર થુસીડાઇડિસ છે. આ ઇતિહાસકારનો સમય હીરોડોટસ પછી તરત જ ગ્રીક ઇતિહાસનો સમય છે. આ સમયમાં વિશ્વઈતિહાસનો સવાલ ગ્રીક ધરતી પર દરિયાઈ સત્તા અને જમીન પરની સત્તામાં સર્વોપરિ અધિકાર કોનો તે નક્કી કરવા ઈતિહાસની રંગભૂમિ પર રજુ થયો છે. જમીન પરની સત્તાનું સ્વરૂપ ગ્રીક દેશનું સ્પાર્ટા નામનું નગર અને તેનો રાજ્યવહિવટ છે. દરિયાઈ અધિકારનું ગ્રીક દેશ પરનું ધામ અથવા મથક એથેન્સ નામનું નગર અને તેનો રાજ્યવહિવટ છે. આ સવાલના નિકાલ માટે સ્પાર્ટા અને એથેન્સ એક

બીજા વચ્ચે યુદ્ધ ખેલવાનું નક્કી કરે છે. ઇતિહાસનું આ વર્ષ ઈ. સ. પૂર્વે ૪૩૧ નું સાલનું છે. ત્યારે એથેન્સ સાગરનું સૌથી મોટું મથક હતું અને સ્પાર્ટા પાસે સૌથી મોટું જમીન લશ્કર હતું. આ બન્ને વચ્ચેના આંતરવિગ્રહનું વર્ણન કરતાં થુસીડાઇડિસ કહેતો હતો કે ઇતિહાસનું એ જ્ઞાન માનવસમુદાયોના જીવન વ્યહવારોનું જ્ઞાન છે. જીવન વ્યવહાર બનતા ઇતિહાસના વિશાળ અનુભવો અથવા હકીકતોમાંથી માનવજાત ધારે તો ઘણું શીખી શકે તેમ છે. હું ઇતિહાસ એટલા માટે લખું છું. કે જેથી અમારો આંતરવિગ્રહનો રાષ્ટ્રિય અનુભવ જગતના માનવસમુદાયને કામ આવે. થુસીડાઇડિસ આ આંતરવિગ્રહને નજર સામે દેખતો હતો. એ પોતે આ વિગ્રહની શરૂઆતનાં થોડાં વર્ષ સુધી એથેન્સના લશ્કરી સરદારોમાંનો એક હતો. પછી ઓલોરશ નામના ગ્રીક નાગરિકનો દીકરો થુસીડાઇડિસ પોતાની લશ્કરી ફરજ ઉપર એમ્ફીપોલિસ પહોંચતાં મોડો પડ્યો અને લશ્કરી અદાલતે એને દેશનિકાલ કર્યો.

એટલે ગ્રાસના આંતરવિગ્રહના દશમા વર્ષે થુસીડાઇડિસ આ વિગ્રહના બનાવને દેખતો ઇતિહાસ લખવા બેઠો. આ લેખનમાં એના ઇતિહાસના આરંભથી તે અંત સુધી એનો આખો ઇતિહાસ યુદ્ધનું વર્ણન બન્યો. એણે ઇતિહાસ લખતાં યુદ્ધ નામની સંસ્થા પર જાણે એક મોટો નિબંધ લખી નાખ્યો. એણે યુદ્ધનાં કારણો અને પરિણામોની છણાવટ કરી. યુદ્ધનાં કારણોની છણાવટ કરતાં એણે સાબિત કર્યું કે "સત્તા અથવા અધિકારના માલિકનું જે કોઈ તંત્ર હોય છે તે તંત્ર પોતાના ક્ષુદ્ર લોભને જ હંમેશાં યુદ્ધનું કારણ બનાવતું હોય છે. ક્ષુદ્ર લોભનું આ સ્વરૂપ વધારે અને વધારે અધિકાર માગીને માનવજાતને કચડવા માગતું હોય છે. ગ્રીક ધરતી પર સર્વસંહાર કરતા આ આંતરવિગ્રહના કારણમાં, એથેન્સ લોકશાહી સત્તાવાળું છે તથા સ્પાર્ટાના રાજ્યવહિવટનું સ્વરૂપ તેના કરતાં જુદું છે, તે નથી પરંતુ એ બન્નેના વહિવટો ક્ષુદ્રલોભની રીતે સમાન છે તે છે."

થુસીડાઇડિસે ઇતિહાસના અંતમાં જણાવ્યું કે ગ્રીસ ધરતી પર માનવજાતની જીવનઘટના પરાજય પામી. આ આંતરવિગ્રહથી ગ્રીસ, જગતની આગેકૂચને મદદ કરી શકયું નથી. યાદવાસ્થળી કરીને ગ્રીસ દેશ પોતે પરાજય પામીને જ્યાં શમી જાય છે ત્યાંથી આગળ ડગ ભરતાં હવે એને અનેક સૈકાઓ વહી જશે. આ રીતે ગ્રીસના પ્રાચીન જમાનાએ જન્માવેલાં સંસ્કૃતિનાં સ્વરુપોમાં ઇતિહાસકારો પણ પાછળ રહ્યા નથી તથા ગ્રીક જીવનના બે મૂખ્ય તબક્કાના આ બે મૂખ્ય ઇતિહાસકારોએ વિશ્વઇતિહાસના એક સળંગ પ્રકરણ તરીકે પોતાના ઇતિહાસની નિષ્પક્ષ રજુઆત કરી છે.

ગ્રીક સંસ્કૃતિનું વિજ્ઞાન

ગ્રીક સંસ્કૃતિના એરિસ્ટોટલ પહેલાંના ચિંતકે એટલે થેલ્સ અને એનેક્ઝામિન્ડરે તથા ડેમોક્રિટસ વગેરેએ વૈજ્ઞાનિક વિચારણાના પાયા નાખ્યા. ત્યારપછી એરિસ્ટોટલે કુદરતનો અભ્યાસ કરવાનો વૈજ્ઞાનિક અભ્યાસ શરૂ કર્યો. ફીઓફ્રેસ્ટસ નામના એરિસ્ટોટલના વિદ્યાર્થીએ ત્યારના જમાનામાં વનસ્પતિ વિજ્ઞાનનો આરંભ કર્યો. તથા શોધખોળ શરૂ કરી. એરિસ્ટાર્કસ નામના ખગોળશાસ્ત્રીએ કોપર્નિકસ પહેલાં સૈકાઓ પર એટલે ઈ. સ. પૂ. ૩૧૦ માં ખગોળશાસ્ત્રની શરૂઆત કરી. ત્યારપછી ઈ. સ. પૂ. ૨૭૬ માં જન્મ પામેલા ઈરેટોસથિનિસે દુનિયામાં પહેલી વાર ભૂગોળ લખીને જગતનો નકશો દોર્યો, અને તેમાં 'લેટીટયુડ' અને 'લોન્જીટ્યુડ'ની રેખાઓ નક્કી કરી તથા જાહેર કર્યું કે જમીનમાર્ગ ઉપરાંત દરિયાઇ માર્ગે પણ ભારતમાં પહોંચી શકાય.

ઈ. સ. પૂ. ૫૭૦ માં પાયથાગોરાસનો જન્મ થયો. એણે ગણિતની સંખ્યાઓને પોતાના ચિંતન શાસ્ત્રના પાયામાં મૂકી. એણે સંગીતના રાગમાં ગણિતને વપરાતું બતાવ્યું, અને ગણિતના આંકડાઓ વડે સાબીત કર્યું કે પૃથ્વી ગોળ છે. પાયથાગોરાસ પછી ઈ. સ. પૂ. ૩૦૦ માં યુકલિડનો જન્મ થયો. આ યુકલિડે ભૂમિતિશાસ્ત્રનો પાયો નાખ્યો, જે આજે પણ પ્રમાણભૂત મનાય છે. ત્યારપછી ઈ. સ. પૂ. ૨૮૭ માં આર્કિમિડીસનો જન્મ થયો. એણે તરતા પદાર્થોનો નિયમ શોધી કાઢ્યો તથા તે ઉપરાંત વિજ્ઞાનોની બીજી અનેક તરકીબો કરી. આ આર્કિમિડીસ પછી ઈ. સ. પૂ. ૧૬૦ હિપાર્કસ જનમ્યો, અને તેણે ત્રીગોનોમેટ્રીના સિદ્ધાંતોનો પાયો નાંખ્યો તથા નકશા બનાવવામાં લેટીટયુડ અને લોન્જીટ્યુડનાં પ્રમાણોને વિકસાવ્યાં.

ઈ. સ. પૂ. ૪૬૦ માં હિપોક્રેટિસે વૈદકિય વિજ્ઞાનનો પાયો નાંખ્યો, તથા શરીર વિજ્ઞાનના નિયમોને વૈદકિય ધંધો કરનારાઓ માટે ફરજીયાત બનાવ્યા. એણે શરીરને, ઉંટવૈદાં કરનાર પાદરીઓની પકડમાંથી છોડાવ્યું, અને વૈદકીય વિજ્ઞાનનો પ્રચાર કર્યો. ત્યાર પછી ગેરોફિલસ નામના વૈજ્ઞાનિકે ઈ. સ. પૂ ૩૦૦ વર્ષ પર જ્ઞાનતંતુઓની ક્રિયાઓને શોધી કાઢી તથા જાહેર કર્યું કે જ્ઞાનતંતુઓનું મથક હૃદય નથી પરંતુ મગજ છે. પોતાના પ્રયોગો આગળ વધારવા એણે દેહાંતદંડ પામેલાં શરીરોનાં મડાંઓને ચીર્યાં તથા શરીરવિજ્ઞાનની શોધને આગળ વધારી.

ગ્રીક સંસ્કૃતિનું ધર્મરૂપ

ગ્રીક જીવનના ધર્મવ્યવહારનું સ્વરૂપ તે સમયના બીજા ધર્મસ્વરૂપોથી બિલકુલ નિરાળું હતું. ગ્રીક લોકોને મન દેવદેવીઓ ગ્રીક જીવનનાં વધારે ભલાં

અને તાકાતવાળાં મનુષ્યો જેવાં હતાં. ગ્રીક જીવનમાં જે દુનિયાદારીપણું હતું, અને જે કજીયાઓ હતા તેવું બધુંજ આ દેવદેવીઓના જીવનમાં તેમણે રચ્યું હતું. જે નીતિનિયમોનો ભંગ ગ્રીક લોકો કરતાં હતાં તે બધુંજ આ દેવ લોકો કરતાં હતાં. મનુષ્યો અને દેવોમાં માત્ર ફરક એટલો હતો કે દેવદેવીઓ અમર ગણાતાં અને મનુષ્યો મરતાં હતાં. પરંતુ મનુષ્યોને દેવદેવીઓ સાથે બાંધી રાખે તેવું કોઈ બંધન ગ્રીકજીવનમાં હતું નહીં. ગ્રીક જીવનનો વ્યવહાર સમાજ સંસ્થાઓ સાથે સંકળાયેલો હતો. આ વ્યવહારની ઘણી ખરી બીનાઓમાં ગ્રીક લોકો પોતાનાં દેવદેવીઓને દરમ્યાનગીરી કરવાની તકલીફ આપતા ન હતા. દેવદેવીઓ તરફનો તેમનો ભાવ અહોભાવનો હતો. પરંતુ આ ભાવનું રૂપ ભયંકર ન હતું. આવાં દેવદેવીઓની સંખ્યા ગ્રીક જીવનમાં ઘણી મોટી હતી.

ઝીઅસ અથવા ઇન્દ્ર સૌ દેવોનો ઉપરી હતો અને વજ્રને ધારણ કરતો હતો. ડીમીટર પૃથ્વીનો દેવ હતો. હેડઝનો અધિકાર પાતાળમાં ચાલતો હતો અને ઓસિડોન વરૂણ દેવ હતો. ગ્રીસના મહાનગરમાં એથેન્સની દેવી એથીના હતી. ગ્રીકોના આ સંસ્કાર નગરમાં ચિંતન અને ડહાપણ ઉપર તથા કલા અને સૌંદર્ય પર આ દેવી દેખરેખ રાખતી હતી. આવાં અનેક દેવદેવીઓ ગ્રીક જીવનમાં દંતકથાઓ બનીને ફરતાં ફરતાં હતાં. ગ્રીક લોકો પણ દેવોનાજ દિકરા દિકરીઓ હતાં અને એમ માનતાં હતાં કે મરણ પછી દેવ બનવાનો તેમનો પણ વારો આવતો હતો. કયારેક કયારેક મનુષ્યો દેવોની હરિફાઈ પણ કરતા. પ્રોમિથિયસ નામના એક માણસે માટીમાંથી ગ્રીક મનુષ્યોને સર્જ્યા હતા, તે દેવકથા ગ્રીક જીવનને મનુષ્યમાંથી ઉદ્ભવ થએલું છે એમ શીખવતી હતી તથા પાયામાં મનુષ્યનેજ સ્વીકારતી હતી.

ગ્રીકોનો આ મહામાનવ દેવો પાસેથી અગ્નિ ચોરી લાવ્યો હતો અને આરંભના માનવ સમાજને અગ્નિની ભેટ દઈને ક્રિયા મારફત જ્ઞાન પામવાનો રસ્તો એણે બતાવ્યો હતો. મનુષ્યો જ્ઞાન પામે તે સામે ઓલિમપસની ટેકરી પર રહેતા ઇન્દ્ર ભગવાન ઝીઅસનો ખૂબ વિરોધ હતો. આ ભગવાને ચિંતાઓ અને રોગચાળો ભરેલો ઘડો માનવોના સમાજ પર ફેંકયો. પરંતુ પ્રોમિથિયસ અને તેની સ્ત્રી જીવી ગયાં, અને તેમણે ગ્રીક લોકોને જન્મ આપ્યો. પણ માનવ સમાજને જ્ઞાન આપનાર પ્રોમિથિયસ સામે ઝીઅસની દુશ્મનાવટ ચાલુજ રહી અને એ મહામાનવને ગ્રીક સંસ્કૃતિના એકિલસ નામના એક મહાન કવિએ નાટકમાં આલેખીને અમર બનાવી દીધો.

ગ્રીક ધર્મવ્યવહારનું હેલેનિસ્ટીક સ્વરૂપ

સિકંદરના સમયથી ગ્રીક સંસ્કૃતિનો જીવન વ્યવહાર બીજા દેશોમાં સંસ્થાનો જમાવવા અને જગત જીતવા નીકળી પડ્યો હતો. આ વિજયયાત્રામાં સામેલ થઈને બહારના જગતનો પરિચય પામવા નીકળેલું ધર્મ સ્વરૂપ અને તેનો સમય હેલેનિસ્ટિક તરીકે ઓળખાય છે. આ સમયમાં ગ્રીસના ધર્મસ્વરૂપમાં પૂર્વની દુનિયાના બીજા પ્રદેશોનાં ધર્મ સ્વરૂપોની અસર ભેગી થઈ. આ ઉપરાંત નગરો સાથે જોડાયેલું ધર્મસ્વરૂપ સિકંદરના સંસ્થાનિક રાજ-કારણની અસર નીચે પણ આવી ગયું. સિકંદરે જગત જીતવા નિકળતાં પહેલાં ગ્રીસ ધરતી પરનાં તમામ નગરરાજ્યોને જીતી લીધાં હતાં. સિકંદરે આ પરાધિન નગરરાજ્યોને હુકમ કર્યો હતો કે નગરોનાં દેવદેવીઓમાં એક દેવનો ઉપરી તરીકે ઉમેરો કરવો અને તેનું પોતાનું દેવ તરીકે પૂજન કરવું. આ જીવતા દેવે પોતાની હાજરીમાં પ્રવેશ કરતાં પહેલાં પ્રવેશ કરનારને માટે સાષ્ટાંગ પડવાનું ફરમાન કાઢ્યું.

ચિંતનનું રૂપ

આવા ધર્મસ્વરૂપની સાથે સાથેજ ગ્રીક ચિંતકોએ ચિંતનની શાખાઓ શરૂ કરી. યથાર્થવાદ અથવા "રેશનાલીઝમ" ભૌતિકવાદ અથવા મટીરીઆલીઝમ, અજ્ઞેયવાદ અથવા "એગ્નોસ્ટીસીઝમ" અને નાસ્તિકવાદ અથવા એથેઇઝમ" સિકંદરના સમયના ચિંતનની મુખ્ય શાખાઓ હતી.

ચિંતનની આ બધી શાખાઓ ધાર્મિક જીવનવ્યવહાર તરફ સુધારક અને ક્રાંતિકાર પ્રતિક્રિયાઓ તરીકે જન્મી હતી. સોક્રેટિસનું ચિંતન પણ ધર્મવ્યવહાર સામેના એક પ્રખર એવા સામાજિક સુધારકનું ચિંતન હતું. સોક્રેટિસ, ધર્મના ક્રિયાકાંડોનો નિષેધ જીવન વ્યવહારમાં કરવાના સંવાદો ચલાવતો હતો અને માણસને તેની પોતાની જાત જીવનવ્યવહારના સત્યમાં તપાસી જોવાની હાકલ કરતો હતો. હોમર અને હિસિયડ નામના ગ્રીસના આદ્ય કવિઓએ પણ વિશ્વ-રચના ઉપર કવિતાઓ કરી હતી. ચિંતનની આ શાખાઓએ પદાર્થ જગતની પેલે પારના અને દંતકથાઓના બધા તરંગી ખ્યાલોનો સામનો કર્યો તથા પોતાના ચિંતનનો પાયો ભૌતિક જગત ઉપર અને યથાર્થવાદ પર સંબોધવા માંડ્યો. ચિંતનની આ શાખાઓએ આ રીતે વૈજ્ઞાનિક વિચારણાનો પાયો નાખ્યો તથા સંસ્કૃતિ અને સમાજના જીવન વ્યવહારની પ્રગતિશીલ સેવા બજાવી.

[ગ્રીસનો વિશ્વ વિજય—વિશ્વવિજેતા સિકંદર -વિશ્વવિજયના ઉંબરાપર ઉભેલું જૂડિયા—ઇઝરાઇલની ઐતિહાસિક દિપાવલી—જેરૂસાલેમ અને રોમ—રોમ અને જેરૂસાલેમની મુલાકાત—રોમન શાહીનો એજ રસ્તો—ઇશુના સંવતના આરંભ પહેલાં—જુડિયાના તારણહારો—જગતનાં દેવદેવીઓનો શંભુમેળો—જોશુઆ અથવા જિયસસ—ઇતિહાસનો સમયસ્તંભ.]

ગ્રીસનો વિશ્વ વિજય

ગ્રીસ ધરતી પર, રપાર્ટા અને એથેન્સ વચ્ચે ફેલાયેલા આંતરવિગ્રહ પછી અંધકાર વેરાવા માંડ્યો. એથેન્સની રંગભૂમિ પર ભજવવાના એક નાટકમાં



નાટ્યકાર યુરિપાઇડીસ સંહારના શિરસ્તા સામે શાંતિનું આવાહન કરતો કહેતો હતો, "ઓ શાંતિ, અમારા વિશ્વનગર એથેન્સને છે ડીને કયાં ભાગી ગઈ છે તું ! ઓ એથેના, એથેન્સની દેવી, શાંતિને "મ્યુઝને" તારી સહચરી બનાવ કારણ કે યુદ્ધના કજ્જાને અને કડવાશને તથા સંહારના ગાંડપણને તો શમાવી દેશે તથા પરસ્પરનો કતલ કરનારી સત્તાની શમશેરની ધારને તે બુઠ્ઠી કરી નાખશે." એવા યુરીપાઇડિસે ગ્રીસના ઇતિહાસદર્શનમાં એથેન્સની ધરતી પરની રંગભૂમિનો એક શોકનૃત્ય રૂપ

ધારણ કરે છે. યુરિપાઈડીસની કલમ કંપી ઊઠે છે. સ્પાર્ટા અને એથેન્સને એકબીજાનો સંહાર કરીને થાકી ગયેલાં દેખતો ગ્રીસની ધરતી પરનો મેસિડોનિયા નામનો પ્રાંત પોતાની ધરતી પર થતી લશ્કરોની કૂચકદમથી સજ્જ બનવા માંડ્યો છે. ગ્રીસપર અધિકાર મેળવીને મેસિડોનિયા જગત જીતવા નીકળે છે. મેસિડોનિયામાં ફિલીપ નામના રાજાએ પોતાના લશ્કરની નવી રચના કયારનાયે કરવા માંડી હતી. આ લશ્કરની રચના "ફેલેન્કસ" ના નામથી જાણીતી બની ચૂકી. આ "ફેલેન્કસ" ને લઈને ફિલીપ આખી દુનિયાને જીતવા નીકળવાની તૈયારી કરતો હતો. સૌથી નજદીકની તેની દુનિયા અનેક ટાપુઓ અને નગર રાજ્યોનો બનેલો ગ્રીસ દેશ હતો. આ બધા ટાપુઓ અને નગર રાજ્યોને પોતાની હકૂમત નીચે લાવી દેવાનાં યુદ્ધો તેણે શરૂ કરી દીધાં હતાં. ગ્રીસની ધરતી પર પથરાયેલાં દેવ દેવીઓ સાથે ફિલીપ પોતે પણ દેવ બનીને ફિડા કરવા માંડ્યો હતો. ગ્રીસનાજ મેસિડોનિયા નામના પ્રાંતનો આ રજવાડો હવે એથેન્સ અને સ્પાર્ટાને પોતાની એડી નીચે દબાવીને જગત જીતવા નીકળવાની તૈયારી કરતો હતો. ફિલીપ નામના આ રજવાડાના રાજમહાલયમાં એક મધરાતે એણે એની મહારાણીના પલંગમાં, દેવાંગના બનેલી મહારાણીએ એક સાપને છુપાવી રાખેલો દીઠો. ફિલીપે સોડમાં સંતાડેલા સાપને દેખીને ખૂમ પાડી. એટલે મહારાણીએ કહ્યું કે આતો આપણા દેવતા ઇન્દ્રે ફેંકેલું વજ્ર છે. એ વજ્ર વડેજ મને સિકંદર સોંપ્યો હતો. સિકંદર તારો દિકરો નથી, એતો ઇન્દ્રનો દીધેલો છે. ત્યારે મદિરાના પાનમાં મગરૂર ડોલતો મહારાજા ફિલીપ ઉઠ્યો અને પાસેના ખંડમાં સુતેલા સિકંદર નામના એક છોકરાનો શિરચ્છેદ કરવા ધસ્યો. સિકંદર એ સમયે એક સોનેરી પ્યાલીમાંથી મદિરાપાન કરતો હતો. આ જુવાને પેલા ફિલીપ નામના ચકચૂર માનવિના કપાળમાં મદિરાથી ભરેલી પ્યાલી પછાડી, અને દેવતાઇ ફિલીપ ઢળી પડ્યો. પછી અટ્ટહાસ્ય કરતો સિકંદર બોલ્યો. "દેખો આ માણસ થોડા જ મહિના પર દિગ્વિજય કરવા ગ્રીસની ધરતી પરથી એશિયા પર છલંગ મારવા તૈયાર થઈ ગયો છે!"

વિશ્વ વિજેતા સિકંદર

ઈતિહાસના પહેરેગીરે ઈ. સ. ૩૩૪ ડંકો બજાવ્યો, ત્યારે હવે ફિલીપ મરણ પામી ચૂકયો હતો. પણ આખા ગ્રીસ દેશ પર પોતાની લશ્કરી હકુમત એણે સાબિત કરી દીધી હતી. જગત જીતવા નીકળવાનો એનો ગ્રુહ એણે સિકંદરને સુપ્રત કર્યો હતો અને એશિયા ખંડના એ સમયના જગતને

જીતવા માટે સિકંદર નીકળ્યો પડ્યો હતો. જગતના ઇતિહાસમાં આ પહેલો વિશ્વવિજેતા હતો. આ વિશ્વવિજેતા માટે ફિલીપ્સે તૈયાર કરેલી "ફેલેન્ક્સ" નામની લશ્કરીરચના નવીજ જાતની હતી. આ ફેલેન્ક્સનાં આક્રમણો સામે તે સમયના એશિયાઈ જગતનો કોઈ દેશ ટકી શકયો નહિ. અને આ વિશ્વ-વિજેતાની પગદંડી માનવસમુદાયોની કતલ કરતી આગળ વધી. સિકંદરનો પહેલો પગદંડ ગ્રેનિકસ નદી પર પડ્યો, અને ઇરાન પરાજય પામ્યું. એનો બીજો કદમ ડામાસકસ અને સીડોન પર ગોઠવાયો. ત્રીજા પગલે એણે ટાયરનગરને દાબી દીધું, અને આઠ હજાર નાગરિકોની કતલ કરવાની ઊજાણી ઊજવીને ટાયરનગરનાં સાડ હજાર નરનારીઓને ગુલામો તરીકે વેચાવવા માટે ગ્રીસમાં મોકલી આપ્યાં. પછી પેલેસ્ટાઈનનું પાટનગર જેરૂસાલેમ પડ્યું. આ નગરે સિકંદરનો સામનો કર્યો અને પેલેસ્ટાઈનનું ગાઝા નગર આખું મરણ પામ્યું ત્યાંસુધી સિકંદર સામે કેસરિયાં કરીને પડ્યું. પછી સિકંદર સિનાઈ રણુમાંથી ઈજીપ્તમાં પેઠો, અને ત્યાંની વિશ્વ સરિતા નાઈલ પર, એલેકઝાન્ડ્રીયા નામનું પાટનગર બંધાવીને ઈરાન દેશને ફરીવાર ઉજ્જડ બનાવવા એણે આક્રમણ કર્યું. પર્શિયાના અથવા ઈરાનના આ પાટનગર પર્સીપોલીસમાં કતલ, લૂંટ અને અત્યાચારો કરવા એણે પોતાના બધા સૈનિકોને છૂટા મૂકી દીધા. ત્યાર પછી સંહારનો પોતાનો રસાલો લઈને સિકંદરે સોગડીયાના, એરીઆના, એકકિટ્રઆના નગરોને ઉજ્જડ નાખીને બુખારા નગર પર પોતાનો રણસ્તંભ રોપ્યો. બુખારાનો સંહાર કરતાં પહેલાં એણે બીસસના એકે એક અંગ કાપી નાંખ્યાં. હવે એકજ ઠેકડો દઈને ભારતપર પહોંચી શકાય તેવી એને ખબર હતી. ભારતના ચક્રવર્તીઓ પોતાના દેશમાં અંદર અંદરનો સંહાર કર્યા પછી ચક્રવર્તી બનનાર મહારાજા, ઘોડાના અંગે અંગ કાપીને પોતાના પુરોહિતો પાસે અશ્વ-મેધ યજ્ઞ કરાવતા હતા તે એને ખબર હતી. એને એમ પણ ખબર હતી કે ભારતદેશ પર પાકેલા ગૌતમ નામના એક સંત બળવાખોરે અશ્વમેધો બંધ કરાવી દીધા હતા, અને આવા ગૌતમની આણ માનનારો એક મૌર્ય ચક્રવર્તી ભારતનો શહેનશાહ હતો. એણે પેલા ચંદ્ર ચક્રવર્તિનો પરાજય કરવા માટે ફાળ ભરી. આ સિકંદર નામના ગ્રીક ચક્રવર્તીની ભારત પર જઈ ને મૌર્યને હરાવીને ભારતના બ્રાહ્મણો પાસે પોતાના દિગ્વિજયના માનમાં અશ્વમેધ નામનો યજ્ઞ ફરી ચાલુ કરાવવાની ઉત્કંઠા વધી ગઈ. એણે પોતાનાં લશ્કરોને ભારત પર ચઢવા પર્વતોના ઘાટમાં આગળ ધકેલ્યાં. સિકંદરે સિન્ધુનો કિનારો ઓળંગ્યો અને પોરસનો પરાજય કરીને ગંગાના પવિત્ર કિનારા પર અશ્વમેધ કરવા માટે બ્રાહ્મણોને તૈયાર રહેવાનું ફરમાન મોકલ્યું.

પણ ભારતની ધન્ય ધરતીપર પશુઓના મેધ કરનાર પુરોહિતોનો ક્રાઈ ચક્રવર્તી આ સમયે ન હતો. આ સમયમાં તો એશિયાઈ જગતના મહાન સંત, ગૌતમ બુધ્ધે નિપજાવેલા સામાજિક પલટામાં બ્રાહ્મણોએ શૂદ્ર કહેલા ચન્દ્રગુપ્ત નામના મૌર્યનું શાસન ચાલતું હતું. આ મૌર્યનો પુરોહિત બનેલો પ્રખર સુધારક અશ્વમેધના બધા ભુવાઓનો પરાજ્ય કરીને ચાણુક્ય નામ ધારણ કરીને ચંદ્રગુપ્તનું શાસનચક્ર ચલાવતો હતો. જગત જીતવા નીકળેલા સિકંદરની સામે એક નવી જ જાતનો ચક્રવર્તી દેખાયો. આ વિશ્વ વિજેતાની સામે ન્યાય સમતાવાળું નવું અર્થશાસ્ત્ર અને નૂતન રાજ્યવહિવટ દેખાયાં. એટલે ભારતના ઉંબરામાંજ પોરસે જેના દાંત ખાટા કરી નાખ્યા હતા તેવા આ વિશ્વ વિજેતાએ ભારતને દૂરથી જ નમન કરીને પોતાની વિશ્વ વિજયની આંટને પાછી વાળી.

શહેનશાહતોના રસ્તાઓ વચ્ચે ઉભેલું નાનું સરખું જુડિયા

આ રીતે તે સમયનું જગત વિશ્વવિજેતા કહેવાયેલા સિકંદરે જીતી લીધું. સિકંદરના વિજયોએ ક્રૂર બનીને દેશેદેશને દૂર રાખનારી સીમાઓને તોડી નાખી. દેશદેશના સીમાડાઓ તૂટી જતાં ગ્રીસની પશ્ચિમની દુનિયાના દેશો એશિઆના દેશોના પરિચયમાં આવી ગયા. પૂર્વ પશ્ચિમ એક દુનિયા બની. આ દુનિયા પર ઈ. સ. પૂ. ૩૩૪ થી સિકંદરની શહેનશાહતનું શાસન મંડાયું. "હિલાસ અથવા ગ્રીસ દેશના અધિકાર નીચેની દુનિયા પર "હેલિનિસ્ટીક અથવા ગ્રીક સંસ્કૃતિનો અધિકાર શરૂ થયો. હેલિનિસ્ટીક શહેનશાહતના આ અધિકારવાળી જીવન ઘટનાનો રોજનો વ્યવહાર પરસ્પરને ઘસાઈને ચાલવા માંડયો અને સિકંદર મરણ પામ્યો.

આ વિશ્વવિજેતાએ, સિકંદરે, વારસામાં દીધેલી શહેનશાહતનું નામ "સેલ્યુસીલ શહેનશાહત" પડયું. ધીમે ધીમે સેલ્યુસીલ શહેનશાહતના જમાનામાં નવા નવા શહેનશાહો ઇતિહાસ પર આવવા લાગ્યા. જગતભરના માનવ સમુદાયોના જીવતરપર શહેનશાહોનાં, વિશ્વમાં ડંકાનિશાન સંભળાવા માંડયાં. આ શહેનશાહો અથવા ચક્રવર્તિઓમાં કાર્થેજનો હેમિલકાર, સાયરેકયુસનો હીરોલ, રોમનો, સ્કીપીઓ, ઇજીપ્તનો ટોલેમી, ચીનનો હાન, અને ભારતનો મૌર્ય, તથા હેલેનિસ્ટીક તથા સેલ્યુસીલની સિકંદરી શહેનશાહનો એન્ટીઓકસ નામનો શહેનશાહ હતો. આ બધી શહેનશાહતો પોતપોતાની પાસેના તમામ પ્રદેશોને ગળી જતી હતી, અથવા ગુલામ બનાવતી હતી. સિકંદરે જ વારસદાર બનાવેલી અને સીરીયાના પ્રદેશમાં બેઠેલી ગ્રીક અથવા હેલિનિસ્ટીક શહેનશાહત પોતાના પડોશના પેલેસ્ટાઈન નામના દેશને હવે ફરી વાર ગળી જવા માંગતી હતી. સિરિયાની આ ગ્રીક શહેનશાહતનો ચક્રવતી એન્ટીઓકસ હતો. એન્ટીઓકસનું આક્રમણ પેલેસ્ટાઇનની

ખરબચડી ધરતી પર તેના જેરૂસાલેમ નામના પાટનગર પાસે અને જૂડિયા નામના પ્રાંત પાસે થંભી જઇને ઉભું હતું. પેલેસ્ટાઇન દેશનો જૂડિયા નામનો આ પ્રાંત પેલેસ્ટાઈનના પ્રાણ જેવો હતો. પેલેસ્ટાઈનના પ્રાણરૂપ જુડિયા પ્રાંતની ટેકરીઓની અગાશીઓ ઉપરથી અને તેની કંદરાઓના અંતરમાંથી એક ઈશ્વરનો અને એક ઇશ્વરની આરાધના માટે આઝાદ રહીને કોઇ પણ શહેનશાહતને નહી નમવાનો નાદ હતો. જુડિયાના માનવો હેલિનિસ્ટીક શહેનશાહતની મૂર્તિપૂજાને ધિક્કારતા હતા અને તેના શહેનશાહ એન્ટીઓકસની પ્રતિમા પાસે માથું નમાવવાની ના પાડતાં હતાં તથા જાહેર કરતાં હતાં કે ઇઝરાઇલિ અથવા જુડિયા એકજ ભગવાનમાં માને છે. એ એક ભગવાન યાહવેહનો સૌથી મોટો કાનૂન એ હતો કે ઈશ્વરની બંદગી જાલીમ વ્યવહારનો પ્રતિકાર કરવામાં અને માનવ માનવ વચ્ચે આઝાદીની સમાનતામાં શાંતિમય જીવન સંબંધની જાળવણી કરવામાંજ છે. હિબ્રીક જીવતરના આ કાનૂન પર અટ્ટહાસ્ય કરતો હેલેનિક શહેનશાહતનો અધિકાર પેલેસ્ટાઇન પર આક્રમણ કરવાની તૈયારી કરતો હતો, તથા એક ઇશ્વરની બંદગી કરનાર પ્રજાના પાયાની આઝાદીને કચડી નાખવા માગતો હતો. કેવો વિચિત્ર આ નાનો સરખો જુડિયાનો પ્રદેશ હતો ! જ્યારે આખા જગતે એક કે બીજી શહેનશાહત નીચે માથું ઝુકાવ્યું હતું ત્યારે ઇ. સ. પૂ. ૧૭૮ માં આ નાનકડો દેશ પેલેસ્ટાઇન, પોતાના પાટનગર જેરૂસાલેમમાં મોસેસના કાનૂન પ્રમાણે આખાય દેશ પરથી ચૂંટાઈને આવતા સિત્તેર મહાપંડિતોની પાર્લામેન્ટ મારફત પોતાની ભૂમિ પર પોતાનું સ્વરાજ્ય ચલાવતો હતો. પેલેસ્ટાઇનની મહા નદી જોર્ડનના કિનારા પર વસતા જુડિયાનાં સિધાં સાદાં મૂઠીભર માનવો મૂર્તિઓની મેલી પૂજા કરનાર હેલિનિસ્ટીક જગત પર હાસ્ય કરતાં હતાં અને નિરાકાર એવા એક ઇશ્વરની બંદગી જુડિયા પર સંભળાતી હતી કે, "સાંભળો ઓ ઇઝરાઇલની ભૂમિ ! આપણો ભગવાન એક જ ખુદા છે." (શામાઈ ઇઝરાઇલ, એડોનાઈ ઇલીમુ, એડોનાઇલિ ઇકડ)

ઇઝરાઇલની ઐતિહાસિક દિપાવલી

ઈ. સ. પૂર્વે ૧૭૮ના આ સમયમાં શહેનશાહ એન્ટીઓકસની ફેલેન્કસ કહેવાતી લશ્કરનો હરોળો પેલેસ્ટાઇન પર તૂટી પડી. આ ભૂમિપરના જુડિયા નામના પ્રાંતે એકલાયે પોતાની જીંદગીને સર્વાંગી રીતે રણસંગ્રામ પર ધરી દીધી. એક વર્ષ સુધી જૂડિયાનાં માનવો જગતને જીતનારી આ શહેનશાહત સામે પોતાના આગેવાન અથવા "મેકાબી" ને ચૂંટીને તેની રાહબરી નીચે લડ્યાં. વિશ્વઇતિહાસમાં અજોડ એવો રાષ્ટ્ર–આઝાદીનો સંગ્રામ પહેલી વાર લડાયો. જગતને જીતનારી ફેલેન્કસ નામની સેનાઓ પાછી પડી. આ યહૂદી

માનવોનો સર્વસંહાર કરી નાખનારા શહેનશાહતના બધા ઘસારાઓ પાછા હઠ્યા. આ મહાસંગ્રામ લડીને અદ્‌ભૂત એવી અગ્નિ પરીક્ષામાંથી પસાર થઈને જુડિયા અને આખો પેલેસ્ટાઈન દેશ નૂતન કલેવર ધારણ કરીને વિશ્વઇતિહાસના ઉંબરા પર ઉભો. પેલેસ્ટાઇનિનો આ વિજય પેલેસ્ટાઇનના ગામે ગામ ઉપર "ચનક" નામની, આઝાદીના વિજયની દિપાવલી ઉજવતો હતો. દિપાવલીનો આ ઉત્સવ વિશ્વ ઇતિહાસની પહેલી દિપાવલી બનતો હતો.

પેલેસ્ટાઇનિનાં આઝાદ માનવો પોતાનું ધર્મ–સ્વરાજ્ય શરુ કરતાં હતાં. જેરૂસાલેમમાં બેઠેલી પાર્લામેન્ટ અથવા ધર્મસભા પોતાની રાજ્યસભાના વડા અથવા મેકાબીને અથવા લોક આગેવાનને ચૂંટી કાઢતી હતી. આઝાદીની લડત લડીને જુડિયાના સરપંચ મેટાથિયાસના પાંચ પુત્રોમાંથી જીવતો રહેલો સાયમન નામનો પુત્ર મેકાબી તરીકે ચૂંટાતો હતો. હવે ઈસુને જન્મવાને પોણા બસો વર્ષની વાર હતી.

જેરૂસાલેમ અને રોમ

ત્યારેજ આઝાદ ભૂમિ પેલેસ્ટાઇનનું રાજનગર જેરૂસાલેમ વિશ્વ ઇતિહાસની દિપાવલી તરીકે જાણીતું બની ચૂકયું હતું. આ પાટનગરમાં "એસેમ્બલી ઓફ એલ્ડર્સ" ના નામવાળી ગ્રામપંચોએ ચૂંટેલી લોકસભા અને એ લોકસભાનો આગેવાન અથવા મેકાબી પણ જગતભરમાં જાણીતાં બની ચૂકયાં હતાં. ત્યારેજ રોમન મોલિકીની રોમ નગરીમાં શ્રીમંતોની સેનેટનું રાજ ચાલતું હતું.

પણ રોમન શહેનશાહતનો રાજ્યવહિવટ જેરૂસાલેમથી જુદી જાતનો હતો. જેરૂસાલેમના રાજ્યવહિવટના મોસેસનો મુખ્ય કાનૂન કોઈ પણ દેશને જીતવાની કે તેને ગુલામ બનાવવાની મના કરતો હતો, જ્યારે રોમના રાજ્યવહિવટનો મૂખ્ય કાનૂન બીજા દેશોને જીતીને તેમને ગુલામ બનાવવાના વ્યવહારવાળો હતો.

રોમ જેરૂસાલેમની મુલાકાતે આવે છે

રોમન શહેનશાહતના કાસદો અથવા રાજદૂતો જે લીગેટ કહેવાતા હતા, તેઓ કોઈપણ દેશને જીતતાં પહેલાં તેના અહેવાલો લઈ આવતા હતા. હવે સીલેનસ નામનો એક રોમન લીગેટ જેરૂસાલેમમાં મેકાબીના રહેઠાણ પાસે ઉભો હતો અને મેકાબીની મુલાકાત માગતો હતો. મેકાબી સાયમને સીલેનસને રોમ નગરના વિસ્તાર વિષે, રોમન લશ્કરોની જમાવટ વિષે, રોમન નૌકાઓની તેમની સફરો વિષે તથા રોમન લોકસમુદાયની દશા વિષે, અનેક સવાલો પૂછ્યા. રોમન લીગેટે તેના અનેક જવાબો દીધા. વાત કરતાં કરતાં રોમન લીગેટે હિમત કરીને કહ્યું " પણ મેકાબી, હેલેનિસ્ટીક શહેનશાહ એન્ટીઓકસની ફ્રેન્કસની લશ્કરી રચના અને રોમન શહેનશાહતની લીજીઅનોની લશ્કરી

રચના વચ્ચે ઘણો ફરક છે. આજે તમે ગ્રીક શહેનશાહતને પાછી પાડી છે પણ રોમન શહેનશાહતને કોઇ રોકી શકયું નથી."

ઇઝરાઇલનો મેકાબી આ વાત સાંભળતો ઉંડા વિચારમાં ગરકાવ થઇ ગયો અને રોમન લીગેટ પર તાકી રહેતો સ્મિત કરતો બોલ્યો "તો તો અમારી સાથે તમારો ભેટો થશે એમને!"

રોમનશાહતના રસ્તા વચ્ચેનો શાંતિ સ્તંભ, જુડિયા.

રોમન શહેનશાહતનાં લશ્કરો નીચે દેશદેશની ધરતી હવે ધ્રુજવા માંડી હતી. કોઇ કિલ્લાઓ કે શસ્ત્રો તેમની આગેકૂચને રોકી શકતા નહોતા. દેશદેશના નગરોને તારાજ કરતી રોમન લીજીયનોને સમુદ્રની સીમા સુધી આગળને આગળ વધવાનો હૂકમ જૂલિયસ સીઝરે આપી દીધો હતો.



પણ પાછો પેલેસ્ટાઇન દેશ અને એનો નાનો સરખો જુડિયા નામનો પ્રદેશ સીઝરની સેનાઓના રસ્તાની વચ્ચે ઉભો હતો. આ જુડિયા પાસે રોમના જેવી લીજીઅનો હતી નહિ કે તેવો શસ્ત્રસાજ પણ હતો નહી પણ જે બીજા દેશોએ ગુમાવી દીધું હતું તેવું સંસ્કૃતિનું મૂલ્ય અથવા ઇતિહાસનો આત્મા એણે પોતાના લુખ્ખાં અને સૂકાં શરીરોમાં સંધરી રાખ્યો હતો. પોતાની આ પૂંજી માટે મગરૂર બનતા જુડિયાના આ યહૂદી માનવો રોમનોની મૂર્તિપૂજા ઉપર હસતા હતા અને કહેતા હતા કે "જેવું સત્યનું રૂપ નરી આંખે દેખાતું નથી તેવો જ ઇઝરાઇલનો એક ઇશ્વર ન દેખાય તેવો છે."

ન દેખાય તેવા એક જ ઇશ્વરને ભજનારાં જુડિયાનાં માનવોની હાંસી કરતા રોમનોએ જુલિયસ સીઝર પછી શહેનશાહ બનેલા ઓગસ્ટસનું ફરમાન

જુડિયા પર મોકલી આપ્યું. શહેનશાહ ઑગસ્ટસની પ્રતિમા રોમન સામ્રાજ્યનાં તમામ ગુલામ દેશોનાં દેવળોમાં ભગવાનની પ્રતિમા સાથે ગોઠવાઈ ગઈ હતી. ઑગસ્ટસનું ફરમાન જેરૂસાલેમમાં પણ પહોંચી ચૂકયું. આ ફરમાનનો અનાદર કરતાં જુડિયાએ રોમન સામ્રાજ્યની શહેનશાહત સામે બળવો પુકારવાની સાહસ જેવી હિંમત જાહેર કરી અને સંસ્કારદિપક જેવું જુડિયા તોફાન સામે એકલું ઉભું.

રોમનોની લીજીઅનો જેરૂસાલેમ પર આવી પહોંચી. જુડિયાનો માનવ સમુદાય એક ઈશ્વરને યાદ કરતો અને આઝાદીની બાંગ પૂકારતો રોમન શહેનશાહત સામે અથડાયો. રોમન સામ્રાજ્યનો સોનાના ગરૂડવાળો રાજદંડ જેરૂસાલેમની ધૂળમાં તૂટી ગયેલો પડ્યો. કદિ પરાજય નહીં પામતી લીજીઅનો અહીં પરાજય પામી. પછી વધારાનાં રોમન લશ્કરો આવી પહોંચ્યાં અને જેરૂસાલેમને ઘેરો નાખીને પડ્યાં. શહેનશાહનો દિકરો પોતે સેનાપતિ બનીને આવ્યો. જેરૂસાલેમની આસપાસની ધરતી રોમન લીજીઅનોના હલ્લાઓથી હચમચી ઊઠી. જેરૂસાલેમનાં પાદરોમાં બાઈઓ બોદાંને યહૂદી દિકરાઓ લડવા માંડ્યા. રોમન સામ્રાજ્યનો શસ્ત્રસાજ જેરૂસાલેમની આસપાસ ઢગલા બનીને તૂટવા માંડ્યો. જેરૂસાલેમમાં આવતાં તમામ દાણોપાણી બંધ થઇ ગયાં. જેરૂસાલેમમાં ભૂખે મરતો જુડિયાનો જન સમુદાય એક વર્ષ સુધી લડ્યા કર્યો. જેરૂસાલેમમાં ભૂખે મરતાં અને લડાઈમાં મરતાં યહૂદીઓના શબના ઢગ ખડકાયા કર્યા, પણ જેરૂસાલેમે શરણ સ્વીકારવાની ના પાડી, અને સંસ્કાર મૂલ્યના આ સ્વરૂપે "સાલામ"નો શાંતિમંત્ર ઉચ્ચારતાં કેસરીયાં કર્યાં. છેવટે વિશ્વ આઝાદીનું આ પાટનગર અને વિશ્વ સંસ્કૃતિનું આ સંસ્કાર નગર પતન પામ્યું ત્યારે આખા નગરમાં રોમન વિજેતાઓના હાથમાં એક પણ જીવતું પ્રાણી આવ્યું નહિ.

પછી રોમન વિજેતાઓ જેરૂસાલેમના એક ઈશ્વરના વિશ્વવિખ્યાત દેવળમાં પેઠા. આ દેવળની વિશાળ વ્યાસપીઠ ઉપરથી રોમન સૈનિકો ઉપર બાણોનો વર્ષાદ વર્ષ્યો. નિરાકાર એવા એક ઈશ્વરની છેલ્લી આરાધના કરનાર જુડિયાના ચૂંટાયેલા આ દિકરાઓ હતા. તેમણે પોતાના રૂધિરના છેલ્લા બુંદ વડે "એડોનાઈ"ની આરાધના કરી, અને મરતાં મરતાં ધર્મસ્તોત્રોના લલકાર કર્યો, તથા ગલીચ એવી મૂર્તિપૂજાને પડકારી. રોમન શહેનશાહતના વિજય ધ્વજ જેવી જેરૂસાલેમના સૌથી ઊંચા દેવળની આગના ભડકા સળગ્યા કર્યા. સળગી રહેલા દેવળમાં પછી રોમનોએ શહેનશાહ ઑગસ્ટસની અને સોનેરી ગરૂડની સ્થાપના કરી, તથા ભગવાન બનેલા શહેનશાહની આગેવાની નીચે દેવદેવીઓના દરજ્જા ગોઠવ્યા.

ઈસવીસનના આરંભ પહેલાં

પછી રોમન શહેનશાહે પેલેસ્ટાઈન પર રાજ કરવા હીરોડની નિમણુક કરી. હિરોડે રોમન સામ્રાજ્યવતી શાસન શરૂ કર્યું અને પેલેસ્ટાઇનના પાટનગર જેરૂસાલેમને નવા રૂપમાં મઢવા માંડ્યું.

જેવો ઑગસ્ટસ સીઝર રોમનો શહેનશાહ હતો તેવોજ, એન્ટિપેટરનો દિકરો હીરોડ, રોમના શહેનશાહનો નિમેલો, પેલેસ્ટાઇનનો શહેનશાહ હતો. રોમન શહેનશાહતથીય વધારે વિકરાળ બનીને પેલેસ્ટાઇન પર, જુડિયા પર, રોમના કાનૂન પ્રમાણે એ વહિવટ કરતો હતો.

એણે જુડિયાના પાટનગર જેરૂસાલેમમાંથી બળવાખોરોની કતલ થઇ ગયા પછી, ધર્મગુરુઓની નવી નિમણુકો કરી હતી. દમાસકસથી એણે નિકોલસને પોતાનો ઈતિહાસ લખવા બોલાવ્યો હતો. જેરૂસાલેમના વિશ્વવિખ્યાત દેવળ પર એણે સીઝરની પ્રતિમાઓ ઊભી કરી હતી અને રોમમાં થતી હતી એવી સાઠમારીઓ માટે મોટાં ક્રિડાંગણો બંધાવ્યાં હતાં.

નવા બનતા જેરૂસાલેમની છબીને એણે રોમન રૂપમાં મઢી હતી. સાઠમારીઓમાં, ગુલામો નગ્ન દેહે, એકમેકને કાપી નાખવાની કુસ્તીઓ ખેલતા હતા. રોમન નવીનતા અહીં બધી લાજ શરમ છોડીને હવે વિહરવા નીકળતી હતી. નગ્ન પૂતળાંઓ, નૂતન જેરૂસાલેમના નવીન રૂપનો શણગાર સજતાં હતાં. રોમન શહેનશાહતના મંડપ જેવી આ જ્યુડિયાની નગરી જાણે આખરે નગ્ન બનીને, સીઝરની પ્રતિમાને, પોતાના દેવાલયમાં બેસવા દેતી હતી. આ બધા નવા સાજને સજનારો, શહેનશાહ હિરોડ; હવે રોમની આજ્ઞાથી, ગ્રીસ અને સિરિયાપર હકુમત વર્તાવતો, રોમનરૂપવાળો, નવો મહાલય બંધાવતો હતો, અને નવી વાટિકાઓ વવડાવતો હતો, તથા નવા રંગરાગ સજાવતો હતો.

મોરિયાહની ટેકરીપર, રોમન સ્તંભોપર ચણાઇ ચૂકેલું જ્યુડિયાનું સૌકાઓ જૂનું દેવાલય નવું રૂપ ધરતું હતું. રોમન શિસ્ત સજીને જ્યુડિયાનો જૂનો દેવ યાહવેહ પણ અનેક પશુઓના ભોગના આસ્વાદ લેતો, અખંડ સળગતી વેદિ સામે ઊભો હતો. જેવો હિરોડ મહાન હતો તેવો યાહવેહ રોમન શહેનશાહતની કૃપા વડે મહાન બન્યો હતો. આ ભગવાનને નિરખવા અને આરાધવા જુડિયાનાં લોકો પણ વરસમાં એકવાર ઉજવાતા મહાન ઉત્સવમાં હવે આવવા માંડ્યાં હતાં અને પોતાના પાટનગરના દેવાલયોની નવી ભવ્યતા દેખતાં, જુડિયાનો સંહાર કરનાર, રોમન શહેનશાહત અને તેનો હાકેમ હીરોડ ન સાંભળે તેમ, શરીર વિનાના, ભગવાન યાહવેહને તેમની લોકવાણી કરગરતી કહેતી હતી, "તું આવી પહોંચીશ એકવાર, આ ભૂમિપરનો, ભાર ઉતારવા, ભગવાન !"

જુડિઆના તારણહારો

રોમન હકુમતમાંથી જ્યુડિયાની ધરતીને ઉગરવાનો આવેશ ધરીને તારણહારો જુડિયાના માનવસમુદાયમાંથી બળવાખોર બનીને દેખાવા લાગ્યા. થોડાં જ વરસોમાં બારકોબા, અથવા તારક પુત્રનું નામ જુડિયામાં જાણીતું બન્યું. કોબાએ રોમન શહેનશાહતનો મુકાબલો શરૂ કર્યો. રોમનોને બ્રિટનમાંથી પણ લીજીઅનો બોલાવવી પડી. આ સીધાં સાદાં માનવોએ પાછા આપભોગની અવધિ કરી. કોબાની આગેવાની નીચે તેમણે શરણ સ્વીકારવા કરતાં પોતાની મા-ભોમમાં દફનાઇ જવાનું વધારે પસંદ કર્યું.

પાછું જુડિયાની ધરતીપર તારણહાર જૅન ધી બૅપટિસ્ટનું નામ સંભળાયું. જેરૂસાલેમના રોમન શહેનશાહતના પ્રતિનિધિ હીરોડની ચોકી નીચેના ધર્મમઠમાંથી ભાગી છૂટેલો એ એક યહુદી સાધુ હતો. એણે ગેલીલીની ડુંગરમાળામાં વાસ કર્યો અને જાહેર કર્યું કે "યહુદીઓનો પ્રેમાળ પિતા ભગવાન યાહવેહ હવે જેરૂસાલેમના દેવળમાં નથી."

પછી ગેલીલિની ડુંગરમાળ ખૂંદતા અને જૅન ધી બૅપટિસ્ટની પગલી સૂંઘતા હીરોડના સૈનિકો આવી પહોંચ્યા. જૅન ધી બૅપટિસ્ટ હિરોડના કિલ્લા સામેના ભયાનક કારાગારમાં પૂરાઈ ગયો અને પછી એક મધરાતે એનો શિરચ્છેદ કરવામાં આવ્યો.

ત્યારે પાછો જૅન ધી બૅપટિસ્ટના અનુયાયીઓમાંથી જિસસ અથવા જોશુઆ નામના એક જૂવાનનો અંતરનાદ જુડિઆની ધરતીપર ગાજી ઊઠ્યો કે "લોક સમુદાયોનાં તૂટી ગએલાં સ્વપ્નો પાછાં સંધાશે, ગુલામોની જંજીરો તૂટી જશે અને માનવ સમુદાયોનું સમાન રાજ જેવું સ્વર્ગમાં છે તેવું પૃથ્વીપર ઉતરશે."

ઑગસ્ટસ અને જગતભરનાં દેવદેવીઓનો મેળો

ત્યારે રોમન સામ્રાજ્યનો મહાન કહેવાયેલો, શહેનશાહ ઑગસ્ટસ મરણ પામતો હતો અને મરણ પથારી પર પડેલા શહેનશાહની કાયા આખરી શબ્દો બોલીને વિદાય માગતી હતી કે "મેં મારો ભાવ ભજવી બતાવ્યો છે. હવે ખેલ ખલાસ થાય છે એટલે મને ઇતિહાસની આ રંગભૂમિ પરથી તમે સૌ વિદાય આપો." પછી એણે પોતાની સ્ત્રી લીવિયાને કહ્યું, "છેલ્લી સલામ લીવિયા!" અને સીઝરોમાં સૌથી મહાન મરણ પામ્યો તથા આ શહેનશાહનું મહું, રોમન સેનેટરો રોમનગરમાં સ્મશાન યાત્રા કાઢીને યુદ્ધના અધિદેવતા, માર્સના ચોગાનમાં લઈ ગયા. પછી મરેલી રોમન શહેનશાહતની રાજગાદી પર ટિબેરિયસ બેઠો અને વિશ્વભરની લોક ભરતીઓને ખાળી રાખતો ટિબેરિયસ બોલ્યો, "શહેનશાહ મરણ નથી પામ્યા, શહેનશાહતો ભગવાન બની ગયા છે."

એમ કહીને ટિબેરિયસે ઓગસ્ટસને, આખી દુનિયાનાં દેવળોમાં ભગવાન બનાવીને બેસાડવાનાં ફરમાનો કાઢયાં. દેશદેશના ભગવાનો, સાથે છેલ્લો સીઝર હરીફાઈ કરવા લાગ્યો.

પણ દેશદેશના બધા ભગવાનોની બધી પ્રતિમાઓ તો કયારનીયે મરણ પામીને પૂતળાંઓ બનીને અહીં રોમનગરના, ઓગ્રિપાએ ચણાવેલા પેન્થીઓન નામના, મહા વિશાળ દેવાલયમાં આવીને બેસી ગઈ હતી. જગતના બધા ધર્મોએ પોતાનાં પરાજિત દેવલાંઓને, રોમન શહેનશાહતને શરણે મોકલી આપ્યાં હતાં. ઓગસ્ટસના જમાઈએ, ઓગ્રિપાએ, પેન્થિઓનનાં દેવળની વિશ્વદેવળ તરીકે રચના કરાવી હતી.

કેવું ભવ્ય હતું, આ પેન્થિઓન! અહીં અનેક સ્તંભો પાછળથી રોમન કુમારિકાના માથા પરથી સાપના ભારા જેવી, સુંદર શિખાના વાળ ઊડે છે. મોટા મિનારા જેવા સોળ સ્તંભોના લાલ અને લીલા રંગ પર રોમન સીઝરોની હત્યારી સેનાઓના પડછંદ બોલે છે. આ સૌના સથવારામાં જગતના ઢોયાપર ધબકતો બેઠો હોય તેવો ગોળાકાર દેહ, મહા વિશાળ શિખરનો ડોમ પહેરીને બેઠો છે. આ મહાકાય શહેનશાહતની દૈવી તસવીર જાણે ભયાનક આંખ બોલીને દેવળના અંતરમાં, સૂરજનો પ્રકાશ ઝીલે છે.

આ પ્રકાશની સાક્ષીમાં, દેશદેશની ધરતીઓપરથી વિશ્વલોક સમુદાયોએ સેવેલી દેવતાઈ પ્રતિમાઓ, ત્યારની માનવતાના સળગતા નિઃશ્વાસમાં આક્રંદ કરતાં સ્વપ્નોની હુંફને સાચવી રાખીને અહીં બેઠી છે.

વિશ્વ–ઈતિહાસના ચોપડા જેવી, આ વિશ્વ–ધર્મના સંગ્રહસ્થાન જેવી પ્રતિમાઓમાં સિરિયાનો ભગવાન તામુઝ અને ગ્રીસનો ડિઓનીશીયશ અહીં બેઠા છે, અને એ બંને "ઓડોનિસ ઉઠ અને ઉપર ચડ!" એવી લોકધર્મની બૂમરાણ સાંભળવા જાણે કાન માંડે છે. કેપેડોશિયામાંથી, મા નામની દેવીની પ્રતિમા, આયોનિયા, ફ્રીજિયાની માતા, એટિસ, વસંતની રાહ જોતી પોતાના લોકોનો અવાજ સાંભળવા ઉત્સુક છે. ભારતના ગૌતમની પ્રજ્ઞાનું પાન કરતી હોય અને પ્રજ્ઞાનો પાર પામવા, પ્રશાંત બની હોય તેવી અને પ્રજ્ઞાપારમિતાની સહોદરા બની હોય તેવી પોતાના ફરજંદોની ચિંતામાં ઉદાસ બનેલી, અનંત જીવનની આકાંક્ષા ધારણ કરી રહેલી, પ્રણયની નજર ઠેકવતી, કાળની સીમાને વિનવતી ઇજીપ્તની ઈસીસ, કહે છે, "હવે તો ઊઘાડો, ઉષાનાં દ્વાર!" અને જાણે જવાબ દેતી હોય તેવી ભૂમધ્ય સાગરમાંથી પ્રસવ પામેલી, ઓસિરીસ, પોતાના અરૂણ જેવા જન ફરજંદ હોરસને પોતાના હાથમા ઊંચો કરીને બતાવે છે.

અહીં નર જાતિના દેવતાઓને પણ સંઘરવામાં આવ્યા છે. આ સૌમાં મોટો દેવતા ઈરાનથી અહીં જિતાઈને આવી પહોંચેલો મિથ્રાસ છે. પ્રકાશના ભગવાન અહુર–મઝદનો આ સૂર્ય સમોવડો પ્રકાશપુત્ર અંધકારને પાછો પાડવા, જાણે આટલે દૂર રોમમાં પણ આવી પહોંચ્યો છે, અને ભૂમધ્યના કિનારાઓ પરના પ્રદેશો પર જાણે એ કહેવા માંડયો છે. "તમસો મા જ્યોતિર્ગમય!" રોમન વિશ્વનગરની ગુલામોની કોઢોમાં પણ હવે એના નામની જાણ થઈ ગઈ છે.

જોશુઆ અથવા જિસસ

એનું નામ જોશુઆ અથવા જિસસ હતું. જેરૂસાલેમના પાસોવરના ઉત્સવમાં જ પેલા મહાન દેવળપર એ માનવ સમુદાયની કૂચ લઈને ચઢયો હતો અને હિરોડના સૈનિકોએ એને પકડી લીધો હતો.

એણે ગેલીલિના કિનારાઓ પર અને જુડિયાની ડુંગરમાળની અટારીઓ પર માનવ સમુદાયોને કહ્યું હતું કે, "જે સીઝરનું છે તે એને પાછું સોંપી દો."

પણ સીઝરનું શું હતું? રોમન શહેનશાહતના સિક્કા પર સીઝરની છબી જ માત્ર હતી ને?

આખરે જિસસ પણ પકડાઈ ગયો હતો. હિરોડની અદાલત રોમન ગવર્નર પાયલેટસના પ્રમુખપદે જોશુઆનો વધ કરવાનો ઇન્સાફ તોળવા બેસી ગઈ હતી. જિસસને ધર્મની અદાલતના પાંજરામાં ઊભો કરવામાં આવ્યો અને ઇન્સાફ તોળનારાઓએ એને ટીકીટીકીને જોયા કર્યો. સૌને ખાતરી થઈ ગઈ કે એના ચહેરાની છાયા તથા અંગેઅંગનો મરોડ અગાઉ આવી ગયેલા તમામ બળવાખોરોને મળતાં છે.

આ અદાલતનો આગેવાન અને ધર્મનો વૃદ્ધ વડો આનાસ એના પર તહોમત મૂકનાર અને એનો ઇન્સાફ આપનાર અદાલતના પંચનો વડો બન્યો અને બોલ્યોઃ "તારા શા મત છે?...તું શામાં માને છે?"

"એ હું જીવનભર બોલ્યો છું. જેમણે મને સાંભળ્યો છે તેમને પૂછી જોજો." અફર મરણ પર બેદરકાર બનતો હોય તેવો એ જજરમાન જોઇ રહ્યો.

"તારે જવાબ જ નથી આપવો?" મખમલના ગાલીચાઓમાંથી મહામહેનતે ઊંચો થતો આનાસ ઉતાવળો થયો. અને સિઆફિસે કહ્યું, "તેં એમ કહેલું કે, આ જેરૂસાલેમના દેવળોનો હું નાશ કરવા માગું છું અને ત્રણ જ દિવસમાં બીજું નવું દેવળ ઊભું કરવા માગું છું!" જિસસે કોઈ જવાબ દીધો નહીં. એટલે ઈસુ સાથે આવેલા એરિમાથિયાના જોસેફે કહ્યું: "સિઆફિસ! આ જેરૂસાલેમના દેવળને બાંધનાર સોલોમને પણ કહ્યું હતું કે અનંત

એવા ભગવાનને પોતાની અંદર આ દેવળ કેવી રીતે શમાવી શકશે! ઈસુએ પણ એજ કહ્યું છે કે, ભગવાનને પ્રેમરૂપમાં શમાવનાર દેવળ માનવીનું દિલ છે, એક માત્ર."

"પણ હું ઇસુને પૂછું છું." બોલતો સિઆફ્રિસ બરાડ્યો. "બોલ જિસસ, તું ભગવાનનો દિકરો છે?"

"તું પણ ભગવાનનો દિકરો છે, એમ હું કહીશ તો તું માનશે નહિ, સિઆફ્રિસ!" ઈસુએ સ્મિત કર્યું.

"ધર્મનિંદક, યહૂદીઓનો તું રાજા છે, ક્રાઇસ્ટ છે, એમ તેં નથી ઉપદેશ્યું?" આનાસે ભ્રમ પાડી.

"હા, તમે સૌ કહો છો કે હું યહૂદીઓનો રાજા છું. હું રાજા છું જ, પણ આજે દુનિયામાં રાજાનો જે અર્થ થાય છે તે અર્થમાં નહિ. જેનેજેને આ ધરતી પરની માનવતા માટે પ્રેમ છે તે મારું રાજ્ય છે, અથવા તે મારો વ્યવહાર છે, વહિવટનો પ્રદેશ છે. આ વહિવટની સાબિતી હું આપી શકું તો સત્ય સાબિત થયું કહેવાય."

ઇસુનો કરુણા ભરેલો અવાજ કાળના ઇન્સાફ જેવો સાફ સંભળાયો.

રોમન શહેનશાહનો પ્રતિનિધિ પાયલેટ આ અદાલત પર પ્રમુખ બનીને બેઠો હતો તે, એના સિંહાસનમાં સળવળવા લાગ્યો. રોમન શહેનશાહતને હચમચાવી નાખનારા બીજા બળવાખોરો કરતાં આ બળવાખોર એને જરાક જુદો દેખાયો.

પાયલેટે છેવટનો ચુકાદો દઈ દેતાં, અદાલતની મંજૂરી માગી: "તમે સૌ જુઓ છો કે, જેરૂસાલેમના દેવાલય સામે અને રોમન શહેનશાહતના કાનૂન સામે બળવો પુકારનાર આ ઇસુ દેહાંતદંડને પાત્ર છે."

દેહાંતદંડનો અમલ કરવા માટે, પછી ઇસુને, રોમન સૈનિકોના પહેરા વચ્ચે, એન્ટોનિયાના કિલ્લાના ચોગાન તરફ હાંકવામાં આવ્યો, તથા જે વધસ્તંભ પર એને જડી દેવાનો હતો, તે ઊંચકી લેવા માટે વધસ્તંભને એની ખાંધ પર ચડાવવામાં આવ્યો.

ઇતિહાસનો સમય સ્તંભ.

આખી દુનિયાના દેશોને જીતીને, આખી દુનિયાનાં ભગવાનોનાં પુતળાંઓને પોતાના વિશ્વનગર રોમના પેન્થિઓનમાં ગોઠવીને, આખી દુનિયાના ધર્મોના પાદરીઓને પોતાની શહેનશાહતના હાથા બનાવીને, રોમન શહેનશાહની અને જેરુસાલેમના ધર્માચાર્યોની હકૂમતે, પેલેસ્ટાઈનની ધરતીપર ઇન્સાફના



તખ્તને વધસ્તંભપર ઠોકી દેવાનું સન્યસ્ત કાર્યું. મારવાનો નહાવૃક્ષ ઉદ્દિષ્ટ છણ્યુ, પોતાના ખાંધપર પોતાનો વધસ્તંભ ઉપાડીને ચિત્રમાં બેચાર ઠેકાણાં ચાલ્યો.

વિશ્વ ઇતિહાસપર ન ભૂંસાય તેવી પગદંડી પડી. એ પગદંડીને ચૂમવા માટે હોય તેવી, એક ગુલામ જનેતા, બાળ ખોળે દેડી. એણે પેલા મહાનુભાવના પોતા પરનો પરસેવો લૂછી નાખ્યો. કરુણ પેલા, ભારેલા પાથરમાં દબાઈ પડ્યો. પેલી, લોહ જનેતાએ, વધસ્તંભને ઉપાડી લીધો. અને ઉતારણી ટેકરી પર ચઢી જવા દોડી. અવાક બનેલો લોહ સમુદાય, ઇતિહાસની ચાલુગિરાદ

અને તેની ઘટિકાને જોઈ રહ્યો. એ બબડ્યો, "કોઈ ગરીબ...ગરીબના ઘરમાં જનમ્યાં હશે...ગરીબની જનેતાએ ઉછેર્યાં હશે...જીવલેણ જીવન જીવી ચૂકયાં હશે, તે લોક જનતાઓનાં અનેક ફરજંદ...અહીં આવા માચડાઓ પર અસંખ્ય બનીને પહોંચી ગયાં હશે."

એણે એના જલ્લાદ અફસર પર નજર નાખીને કહ્યું : "ઉતાવળ કરો"

એણે એક નફટ હાસ્યનો ખખડાટ સાંભળ્યો. બીજી પળે એણે પોતાના હાથપગની હથેળીમાં ઠોકાતા જતા ખીલા જોયા.

એને અંધારાં આવ્યાં. અંધારામાં એ ખીલા એને મોટા થતા દેખાયા. એના માથામાં યાતનાના અવાજ જોરથી ખખડી ઊઠયા. દરેક અવાજે પેલા ખીલા મોટા થતા હોય એમ એને લાગ્યું.

જિસસને દેહાંત દેનાર રસાલો કિલ્લાના ચોગાનમાં ઉભો હતો. ભાનમાં આવેલો જિસસ પોતાની સામેના વિશાળ કિલ્લા તરફ જોઈ રહ્યો. રોમનશાહીનું એ હકૂમતખાનું હતું.

એનો અપરાધ વાંચી સંભળાવનાર અફસર આગળ આવ્યો અને બોલ્યો,

"આ માણસે, ઈસુએ સીઝરની સરકારને કરવેરા નહિ ભરવાનો પ્રચાર કર્યો છે તથા એ પોતાની જાતને યહૂદીઓનો ક્રાઇસ્ટ (રાજા) કહે છે."

એ અવાજ તરફ ભયંકર રીતે જિસસે યાતનાની ચીસ પાડી. પાયલેટથી માંડીને પેલો આખો રોમન ગઢ જાણે એક પળવાર હચમચી ઊઠયો.

પછી ઈસુની આસપાસ રોમન સંગીનો સળવળી ઊઠી. રોમન હકૂમતના શિલાવાસના ઝરૂખામાં ઉભેલો પાયલેટ, કાંટાળો તાજ પહેરીને વધસ્તંભ પર ચઢી ગએલા ઈસુ આગળ વેંતિયો દેખાયો.

પછી યહૂદી ધરતી પર રોપાયેલા, રોમન શહેનશાહતના રોમન કાનૂનના વધસ્તંભને હચમચાવી નાખે તેવો એક ચિત્કાર દૂરથી સંભળાયો. લોકોનાં ગમગીન ટોળાંઓ વચ્ચેથી દોડતી આવતી મેરી વધસ્તંભને દૂરથી જોતી પટકાઈ પડી. માતા મેરિયાને બેભાન પડેલી છોડીને બે યુવતિઓ, વધસ્તંભપર ચઢી જવા જાણે દોડી, પણ રોમન સંગીનો પાસે થંભી ગઇ. આ બેમાં એક, જિસસની મેરી નામની બહેન હતી અને બીજી મેરી મેગડેલેન હતી.


એવો વિશ્વઇતિહાસનો, સીમાસ્તંભ પેલેસ્ટાઈનની ધરતીપર રોપાયો ત્યારે વિશ્વઇતિહાસપર ઈસાઈ સંસ્કારની પહેલી સાલ મુબારક લખાતી હતી.

[પૂર્વ ભૂમધ્યનો ગ્રીસ અને પશ્ચિમ ભૂમધ્ય પર ઇટાલી—રોમન લોકશાહીનો આરંભ—ભૂમધ્યને પેલેપાર, ઉત્તર આફ્રિકા—ગ્રીસ રોમન બન્યો અને રોમ ગ્રીકન બન્યું—યુદ્ધનો એક જ વ્યવસાય—રોમન લોકશાહી સરમુખત્યારશાહી બને છે—સરમુખત્યારશાહીનો આંતરવિગ્રહ—સરમુખત્યારશાહી પછી શહેનશાહત—ઓગસ્ટસની કારકીર્દિનો સુવર્ણયુગ—સુવર્ણયુગમાં ઈસવીસન યુગ—ઓગસ્ટસ પછીનો લશ્કરવાદ—વિશ્વઇતિહાસનું પાટનગર, રોમ—બદલામાં શહેનશાહત શું આપતી હતી?—બદલાતું જગત—સુધારાની હિલચાલ—સૌથી મોટું સામાજિક પરિબળ—રોમન આનંદનું 'એમ્ફીથિએટર'—પતનનાં આર્થિક કારણો—બહારનાં આક્રમણો—બાર સૈકાઓ પછી—વ્યવસ્થા અને કાયદો—સંસ્કૃતિઓનું સંગ્રહસ્થાન—રોમન કાનૂન]

પૂર્વ ભૂમધ્ય પર ગ્રીસ અને પશ્ચિમ ભૂમધ્ય પર ઇટાલી


આજસુધી ઇતિહાસની મુખ્ય રંગભૂમિ ભૂમધ્યના પૂર્વ છેડા પર હતી, પરન્તુ ઇટાલીના ઇતિહાસનો આરંભ આપણને પશ્ચિમ જગતમાં લઈ જાય છે. અહીં ઇતિહાસનાં આર્યમાનવો યુરોપીયનો કહેવાય છે. આ યુરોપીય-આર્યોનાં ટોળાં જ્યારે ઇજિઅન સમુદ્રના ગ્રીક પ્રદેશમાં પેસતાં હતાં ત્યારે જ બીજી ટોળીઓ તેજ સમયે પશ્ચિમ-ભૂમધ્યના પ્રદેશમાં પેસતી હતી તથા ઇટાલીના દક્ષિણ અને મધ્યપ્રદેશ પર વસવાટ શરૂ કરતી હતી. આ ટોળીઓનું નામ ઇટાલીક ટોળીઓ હતું અને તેમણે આ પ્રદેશનું નામ ઇટાલી પાડયું. ગ્રીસ દેશમાં પેઠેલી ટોળીઓને ઇજીઅન દ્વીપોની સંસ્કૃતિનાં ભર્યાંભાર્યાં નગરો લૂંટમાં મળી ગયાં હતાં. તેવાં તૈયાર નગરોનો તૈયાર એવો જીવનવહિવટ અને તેનાં રાચરચીલાં આ ભૂમિપર ઇટાલીક ટોળીઓ માટે હતાં નહીં. આ ટોળીઓ માટે તૈયાર એવી ફળદ્રુપ ભૂમિ ખૂશનુમા હવામાન, અને ધનધાન્યને અનુકુળ જમીન વિગેરે હતું. આ ભૂમિપરની આટલી સામગ્રી સાથે તેમણે પોતાનો સંસાર શરૂ કરવાનો હતો.

ઇટાલીકોએ આ ભૂમિપરનો પોતાનો સંસાર ગ્રીક ટોળીઓના સમયથી જ શરૂ કર્યો પરન્તુ ભૂમધ્યના પૂર્વ છેડા પર તૈયાર સંસ્કૃતિ પડી હતી એટલે ગ્રીકો, ઇ. સ. પૂર્વે ૪૬૦માં તો સંસ્કારની જીવનઘટના વડે શોભી ઊઠયાં, જ્યારે એકડેએકથી જીવનવહિવટ ઘૂંટતાં આ ઇટાલીક માનવોને પોતાનું ટાઈબર નદી પરનું નગર બાંધતાં, પાચસો વરસ વધારે વહી ગયાં.



ઇ. સ. પૂર્વે ૧૦૦૦ વરસ પર આ ઇટાલીકો અથવા લેટીન લોકો ટાઈબ્રિસ નદીની દક્ષિણે રહેતા માંડ્યાં હતાં. આ વખતે એક મેદાન હતું તથા અજાણ અને નિરક્ષર તથા જંગલી જેવાં પેલાં આર્યભાનવો અથવા ઇટાલીકો અને લેટીનોએ આ પ્રદેશનું નામ 'લેટીયમ' પાડ્યું હતું. આ લોકોના પડોશીઓનું નામ ઇટ્રુસ્કન હતું. આ લોકોએ પોતપોતાની પેદાશોના અદલા કરવા માટે ટાઈબરના એક સાંકડા મથકે મળવાનું નક્કી કર્યું હતું. આ મેળાની જગા

પર ધીમેથી ગામ વસ્યું અને પેલેટાઇન નામની ટેકરીઓની આસપાસ કસબો બન્યો અને પછી કસબાએ નગરનું રૂપ ધારણ કરવા માંડ્યું ત્યારે ઈ. સ. પૂર્વેનો પાંચમો સૈકો ચાલતો હતો તથા ટાઇબરના કિનારા પરના પેલા નાનકડા નગરનું નામ રોમ પડ્યું હતું અને તેના પર ઇટ્રુસ્કન રાજા રાજ્ય કરતો હતો.



રોમનગરની તવારીખ આવી સામાન્ય હતી. ટાઇબર નદીના દક્ષિણ કિનારા પર રોમનગરની આસપાસ ઇટાલીકા અને લેટીનોની ગ્રામવસાહતોમાંથી આ નગરનું રૂપ કસબા જેવું જ હજુ જન્મ્યું હતું. આ નગરપર રાજ કરતો રાજા ટાઇબરની દક્ષિણે વસતા ઇટ્રુસકન લોકોમાંથી થયો હતો. જેના પર રોમ નગર બંધાયું હતું તે, ટાઇબરના ઉત્તર અને દક્ષિણ કિનારાને સાંકળતી પેલેટાઇન નામની સાત ટેકરીઓ મથક જેવી હતી, અને ઇટાલીના મધ્યપ્રદેશમાં હતી. આ સ્થળેથી ટાઇબરને આરે આરે દરિયા પર નીકળી જવાતું પણ બહુ દૂર નહોતું. આ બધાં કારણોને લીધે રોમ નામનું નાનકડું નગર આ ટેકરીઓપર દેહ ધારણ કરવા લાગી ગયું હતું.

રોમન લોકશાહી, ઈ. સ. પુર્વે ૫૦૦

રોમન લોકશાહી શાસનનો આરંભ ઈ. સ. પૂર્વે પાંચસોની આસપાસ થયો. ટારકીન નામના રાજાના જુલ્મી સમયમાં રોમના લોકોએ માથું ઊચકયું, બળવો કર્યો તથા રોમનોની એક સીનેટ નામની કમિટિ તથા બે કોનસલોની ચુંટણી કરી અને લોકશાહી રીતે પોતાનું શાસન કરવાની જાહેરાત કરી અને રાજાનો પરાજય કર્યો.

આ સમયે ઇટ્રુસકન રાજાએ રોમપર કરેલી ચઢાઈની વાત ઇતિહાસની કવિતાઓમાં જણીતી છે. રોમનોએ તેનો કેવી રીતે સામનો કર્યો તે બાબતની યશગાથા, હોરેશિયસ નામના એક વીર રોમનની સ્મૃતિ આજે પણ તાજી કરે છે

આ વિજય પછી લોકશાહીનું રોમન વૈરાજ્ય મજબુત બનીને ગોઠવાયું. આ વૈરાજ્યની રાજ સભા રોમનોની બની હતી. આ રોમનોમાં ઉચ્ચકુળના અને શ્રીમંત રોમનો પેટ્રીશિયનો કહેવાતા તથા ગરીબ રોમનો પ્લેબિઅનો કહેવાતા. રોમન વૈરાજ્યની રાજસભાની સીનેટમાં અથવા રાજ કારોબારીમાં પ્લેબીઅનોમાંથી બે જણને જ ચૂંટવામાં આવતા તથા બાકીના બધા પેટ્રીશિયનો હતા. આ સીનેટની રાજકારોબારી પરના હકુમતી આગેવાનો અથવા રાજપ્રમુખો બે હતા અને તે કોનસલ કહેવાતા.

આ વૈરાજ્યના આરંભના શાસનમાં રાજ્ય તરફની ભક્તિભાવના અને તેમાંથી ઉભી થતી ત્યાગ ભાવનાનાં દૃષ્ટાંતોમાં સીનસીનેટસ નામના કોનસલનું વિરોચીત નામ ત્યારના આરંભના સમયમાં સૌથી આગળ આવે છે.

આ લોકશાહીનું મિલન સ્થાન "ફોરમ" નામનું હતું. આ ફોરમ તે સમયમાં રાજકીય સભાઓ માટેની તથા જાહેર કામકાજો માટેની મશહૂર જગા હતી. આ ફોરમ નામના ચોગાનની આસપાસ રોમન વહિવટનાં જાહેર મકાનો બંધાયાં હતાં, તથા વ્યાપારીઓ અને હુંડીઓ લખનારાઓની પેઢીઓ પણ અહીં જ બંધાઈ હતી. રોમન વૈરાજ્યના રોમન પાટનગરનું આ હૃદય, રોમન વહિવટી હિલચાલથી ધમકતું રહેતું હતું.

આ લોકશાહીનો ધ્વજ ઉડવા માંડયો ત્યારથી તે ગરૂડની તાકાતવાળો હતો. આ ધ્વજને ધારણ કરનાર વૈરાજ્યે જન્મ સાથે જ ઉડવા માંડયું હતું તથા રોમને મધ્યબિન્દુ ગણીને પોતાના ઇટાલીયન પ્રદેશપર પોતાની આણ ચારેકોર પાથરવા માંડી હતી. એમ બે સૈકાઓ પસાર થઈ ગયા.

ભૂમધ્યને પેલે પાર ઉત્તર આફ્રિકા

ત્યારે ઇ. સ. પૂ. ૨૬૦ ના સમયમાં પ્રાચીન જગતના ફીનીશિયન નામના પ્રદેશનું ઉત્તર આફ્રિકામાં આવેલું કારથેજ નામનું સંસ્થાન ભૂમધ્યને પેલેપાર બેઠું હતું. ત્યારના વિશ્વમાં વિખ્યાત બનેલાં ટાયર અને સીડોન નામના વાણિજ્યનગરોનું કારથેજ નામનું નગર એક સંતાન જેવું હતું. આ નગર પર વાણિજ્યના આગેવાનોનું રાજ હતું. "ઓલીગારકી" કહી શકાય તેવું શાસકોનું મંડળ અહીં પોતાનું શાસન કરતું હતું તથા વેપારી દુનિયાનું પણ

શાસન કરતું દેખાતું હતું. ભૂમધ્યના સામા કિનારે ટાઇબરના મુખ આગળ જન્મી ચૂકેલા રોમનગર પર તે ધ્યાન રાખતું હતું. ભૂમધ્ય પર આ બન્ને નગરો હરીફો જેવાં જમા થતાં હતાં.

રોમનો આ કારથેજના સંસ્થાનને ફીનીશિયન સંસ્થાન નગર તરીકે અને પોતાના વાણિજ્યના હરીફ તરીકે પિછાણી ચૂકયા હતા. ફીનીશિયન શબ્દનો ઉચ્ચાર રોમનો પ્યુનીકસ એવો કરતા તથા કારથેજને પણ તેઓ પ્યુનીકસ અથવા પ્યુનીકના નામથી ઓળખતા. આ પ્યુનીકસ અથવા કારથેજની સામે રોમ નગરની વાણિજ્ય હરીફાઈની હિલચાલનાં પગલાં શરૂ થઈ ગયાં.

શરૂઆતમાં, પોતાના વેપારી મથક તરીકે, સિસીલી નામનો ટાપુ રોમનોએ કારથેજ પાસેથી પડાવી લીધો તથા કોરસિકા અને સારડીનિયા પર પણ કબજો મેળવ્યો. કારથેજે વળતાં પગલાં તરીકે સ્પેઇનને પોતાનું સંસ્થાન બનાવ્યું તથા આજના કારટેજીની નામના નગરની આસપાસ ચાંદીની ખાણો પર પોતાની માલિકી સ્થાપી. આજના આ કારટેજીનાનું નામ તે સમયના કારથેજની હકુમતની યાદ આપે છે. કારથેજે એને નોવા, કારથોગો અથવા નૂતન કારથેજ કહ્યું હતું. સ્પેઇનની ભૂમિ પર ત્યારે આ નગર કારથેજની હકુમત નીચે બંધાયું હતું.

હવે રોમ અને કારથેજ વચ્ચે વાણિજ્યની હરીફાઇએ શસ્ત્ર ધારણ કરી લીધાં. આ હરીફાઇનું રૂપ હવે વેપારી કદમપોશીથી એક ડગલું આગળ વધીને સંગ્રામ સુધી પહોંચ્યું. જે ઈતિહાસમાં પ્યુનીક યુદ્ધો તરીકે ઓળખાયાં છે તેવાં રોમ અને કારથેજની વચ્ચે પ્યુનીક યુદ્ધ શરૂ થયાં. પહેલું પ્યુનિક યુદ્ધ ઇ. સ. પૂર્વે ૨૪૧ માં થયું અને બીજું ૨૧૯ માં થયું.

પ્યુનીક અથવા કારથેજ અને રોમન વચ્ચે અડધા સૈકા સુધી ચાલેલાં આ પ્યુનીક યુદ્ધો નામના સંગ્રામોમાં કારથેજનો પરાજય થયો, રોમનો વિજય થયો. ભૂમધ્યની દુનિયા પર રોમન ધ્વજ ગરૂડની ઉડતી છબી બનીને ફરકી ઊઠયો. સિસીલી, કોરસીકા, સારડીનિયા, કારથેજ, કારટેજીના વગેરે પર રોમન લોક-શાહીનું સામ્રાજ્ય શરૂ થયું.

ગ્રીસ રોમન બન્યું અને રોમ ગ્રીકન બન્યું

હવે રોમનોનાં વાણિજ્ય જહાજોનું રૂપ નૌકાકાફલાનું લશ્કરી રૂપ બની ગયું હતું. રોમન લોકશાહી પર હવે ધનનંદનોનું સંપૂર્ણ વર્ચસ્વ જામી ગયું હતું. રોમન કાનૂને હવે ભૂમધ્યને પોતાના કાનૂની વહિવટનું તળાવડું બનાવી દીધું હતું. કારથેજને રોમ સામે મદદ કરનાર મેસિડોનિયાના રાજવહિવટને


શિક્ષા કરવા માટે રોમે ગ્રીસના વિશ્વ વિજય કરી ચૂકેલા મેસિડોનિયા નામના પ્રાંત પર આક્રમણ કર્યું અને તેને ખાલસા કરીને રોમન પ્રાંત બનાવી દીધો. આખો ગ્રીસ દેશ હવે રોમની ગુલામી નીચે આવવા લાગ્યો. કોરીન્થ નગર આખું સળગી ગયું અને ધરાશાયી બન્યું. ગ્રીસનું મિત્ર સિરિયા પણ રોમન આક્રમણ નીચે આવી ગયું. આ રીતે, ગ્રીસ પર કદમ ગોઠવીને રોમન લોકશાહીએ આ ધરતી પર ગોઠવાયેલી સંસ્કૃતિનાં સ્વરૂપોને, માલિકની ઢબ ધારણ કરીને અંગીકાર કરવા માંડ્યાં. સંસ્કૃતિના આ પ્રાચીન ધામનાં બધાં સૌંદર્યોને ગુલામ બનાવીને, રોમન જીવતરનાં રૂપ ભઢવા માટે ચાકરીએ જોતરી દેવામાં આવ્યાં.

યુદ્ધના એક જ વ્યવસાયવાળું જીવન કલેવર

શાંતિની કોઈ પ્રવૃત્તિ કરવાની નહીં, જીવન પરિચર્યાનું કોઈ અર્જન કરવાનું નહીં, સહકારની રીતનો કોઈ અનુરાગ ધારણ કરવાનો નહીં અને એકલું જ આક્રમણ કર્યા કરવાનું તથા આક્રમણમાં વિજય પ્રાપ્ત કર્યા કરવાના તથા પતન પામેલા પ્રદેશો પરથી ધનદોલતને, અને ખાણીપીણીને લૂંટ્યા કરવાનાં તથા પોતાનાં બધાં વાસીદાં વાળનારાં લાખો ગુલામોને પકડ્યા કરવાનાં એવું રોમન સલ્તનના જીવનનું વહિવટી સ્વરૂપ બનવા માંડ્યું. આ સ્વરૂપનો આરંભ કારથેજના પતન સાથે થયો તથા આ સમયનાં આક્રમણોનો સરદાર સ્કીપીઓ આફ્રિકનસ, રોમન રાજવહિવટના વિજયી સરદાર તરીકે પંકાયો. આવા જીવન કલેવરનાં એમ્પી થિએટરોમાં સાહમારીના જલસામાં પ્રાણીઓ અને ગુલામોનો સંહાર એક ધારો બન્યો. આવી જીવન ઘટનામાં કિસાનોના બધા સમુદાયો સૈનિકો બનીને સંગ્રામનાં ખેતરોમાં જોતરાઈ ગયા. આવા જીવન કલેવરોનાં ખાણીપીણાંના સામાન ભરી ભરીને, ઈજીપ્તથી, સિસીલીથી, નીમીડીયાથી સારડીનીયાથી અને સીરેનીકાથી દાણાપાણીથી ભરેલાં જહાજો રોમમાં ઠલવાયા કર્યાં. આ જીવન વહિવટનો ભાર ધારણ કરનાર ગુલામોના સમુદાયો જરૂરી હોવાથી આ સમુદાયોને સાંકળોથી બાંધીને રોમનાં વાસીદાં વાળવા, રોમની આનંદ વાટિકાઓ વિકસાવવા રોમનાં એમ્પીથિએટરોની સાહમારીઓમાં મરવા, રોમનાં હાથ ઉદ્યોગનાં કારખાનાંઓ ચલાવવા અને રોમન જગત પરના તમામ રસ્તાઓ બાંધવા અને ઇમારતોને ચણવા જગતભરમાંથી જકડી લાઈ ને યુવાન યુવતિઓને અહીં લાખોની સંખ્યામાં લાવવામાં આવતાં હતાં. રોમન સામ્રાજ્યમાં ગ્રીસ પણ હજુ ઍશિયન પ્રાંત ગણાતો હતો તથા આ પ્રાંતના ડેલોસ નામના એકજ અંદરગાહમાં દરરોજ દશહજાર ગુલામોની લેવડ દેવડ થતી હતી. આ ઇજીઅન અંદરગાહ રોમન સોદાગરોનું મુખ્ય મથક બની ગયું હતું. જીવન ઘટનાનું આ અકરાંતીયું રૂપ ચારિત્ર્ય શૂન્યતા પર પહોંચવા માંડ્યું હતું તથા માનવ મૂલ્યોની ગણતરીમાં

સદાચારનું કોઈ રૂપ તેમાં આવતું નહોતું. રોમન સંસ્કૃતિનાં ઘર સંસારનાં માનવ મૂલ્યોની ગણતરી કરતા સવાલો રોમન નાગરિકની માલિકી કેટલા ગુલામોની, કેટલા એકર જમીનની, કેટલી આનંદ વાટિકાઓની અને ઇમારતોનું ધણિપણું ધરાવે છે તેટલા જ રહ્યા હતા.

આવા જીવન કમઠાણનાં પાંચસો વરસોએ નવા નવા સેતુઓ, રસ્તાઓ ઇમારતો, નગરો, અને બંદરગાહો બાંધ્યાં હતાં. આનંદ વાટિકાઓ અને મંદિરો



બાંધ્યાં હતાં. જગતભર પર રોમન બાંધકામોની ઇમારતો છવાઈ ગઈ હતી. આ બધાં બાંધકામમાં એકલું રોમન શરીર પોલાદી સ્નાયુઓને ધારણ કર્યા કરતું, આત્માને ગુમાવી દેતું હતું.

રોમન લોકશાહીનો પહેલો સરમુખત્યાર

ત્યારે ઈ. સ. પૂર્વેનો અરધો સૈકો ખતમ થઈ ગયો હતો. ત્યારે જુલીયસ સીઝરનું નામ રોમનગરમાં ગાજી ઊઠ્યું હતું. આ વિજયી સરદારની વિજયકૂચ સાથે રોમનો ગુરૂડધ્વજ રાઈન નદી સુધી પહોંચી ગયો હતો, અને એણે રૂબીકોન નદીને પણ પાર કરી હતી. અનેક વિજયો કરીને અને લૂંટાના ઢગલાને લઈને સિઝર લોખંડી પગનો બધો ભાર ગોઠવતો ધરતીને ધ્રુજાવતો રોમનગરમાં પાછો આવી પહોંચ્યતો હતો. એને રોમનલોકશાહી વાળી સીનેટની રાજ્યઘટના હવે જુની અને નકામી બની ગએલી દેખાતી હતી તથા લોકશાહીને બદલે લશ્કરી સરમુખત્યારશાહીની સ્થાપના કરી નાખવાનો નિર્ણય એણે ઘડી કાઢ્યો હતો. એ આવ્યો ત્યારે રોમનસામ્રાજ્યનું જે સ્વરૂપ ઇટાલીની ધરતી પર રાજ્ય કરતું હતું તે સ્વરૂપના રોમન શહેનશાહતના આગેવાનો મેરિયસ, સુલા, પોમ્પી, ક્રેસસ, નામના સેના નાયકો હતા. તે સાંમાં આ વિજયી સેના નાયક સીઝર પણ આવી પહોંચ્યો. સુલા જમીનદારોને આગેવાન હતો. મેરિયસ ઇટાલીનાં નગરોમાં રખડતા નામચીન ડુંગોનો આગેવાન હતો. પોમ્પી, મેસિડોનિયામાં જાગેલા બળવાને સંહારી નાખવા ગયેલો વિજયી સેના નાયક હતો. ક્રેસસ આ બંને સેના નાયકોના હાથ નીચે નવી તાલીમ પામતો હતો. અને સિઝર શું હતો? એકવાર રોમનગરમાં તોફાન કરતાં પકડાયેલા એક જુવાનને કેટલાક સૈનિકો ફાંસીએ લટકાવી દેતા હતા ત્યારે મેરિયસ નામનો જુવાન સેનાનાયક આવી પહોંચતો હતો અને કહેતો હતો કે 'એને છોડી મૂકો કારણ કે હજુ એ સાવ છોકરો જ છે.' ત્યારના આ છોકરાનું નામ જુલિયસ સીઝર હતું. આજે એ મહાન અને વિજયી સેના નાયક બની ચૂક્યો હતો.

ઈ. સ. પૂર્વેનો આથમતો સમય

રોમન ઈતિહાસમાં ઈ.સ પૂર્વેનો આથમતો સમય ઈ. સ. પૂર્વે ૧૪૬ મી સાલથી યાદગાર બની ચૂક્યો. એ સાલમાં સ્કીપીઓએ કારથેજનો સંહાર કરી નાખ્યો હતો. એ વરસમાં જુલીઅસે ગ્રીસના કોરીન્થ નગરને સંહારી નાખ્યું હતું. એ જ વરસમાં મીટેલસે મેસિડોનીયાને તારાજ કરી નાખ્યો હતો. એ વરસથી રોમન સામ્રાજ્ય સાથે સમાન ભાવે વર્તન ભાગનાર કોઈ પણ પ્રદેશ ભૂમધ્યના જગતમાં જીવતો નહોતો.

રોમન સામ્રાજ્યે આ સાલમાં જગત જીતીને ચક્રવર્તિપદ ઇતિહાસમાં નોંધાવ્યું. એ જ સમયે આ નવા ફેરફાર સાથે, સામ્રાજ્યનો વહિવટ કરતી રોમનગરમાં બેઠેલી, રોમન સ્વરાજ્યમાંથી ચૂંટાતી સીનેટના નામવાળી સરકાર પોતાની કાયા પલટવા માગતી હતી. સરકારનું સ્વરૂપ હવે લોકશાહીનું અથવા શ્રીમંતશાહીનું રહેવા નહોતું માગતું. આ સ્વરૂપ હવે શ્રીમંતશાહીમાંથી, શ્રીમંત સરમુખત્યારશાહીનું બનવા માગતું હતું. આ સરકારના વ્યવહારમાં જ આસ્તે આસ્તે, લોકશાહીનો વ્યવહાર તો મરણ પામી ચૂકેલો હતો, અને સીનેટ પોતે શ્રીમંતશાહીવતી ચાલતી સરમુખત્યાર કારોબારી બની ચૂકી હતી. આ કારોબારીનું સ્વરૂપ રોમના બેંકરો નાણાંની રેલમછેલ કરીને મત ખરીદીને નક્કી કરતા હતા. આ શ્રીમંતશાહો જે સીનેટને ખરીદતા હતા, તેનું સ્વરૂપ કેવળ લશ્કરી જ હતું. સીનેટનું સ્વરૂપ લશ્કરી સેનાપતિઓનું બની ચૂકયું હતું અને હવે આ સેનાપતિઓ સૌ કોઇ પોતાની સંડાર થી તાકાતની હરિફાઇના પરચા બતાવીને સામ્રાજ્યના એકહથ્થુ સરમુખત્યાર બનવા માગતા હતા. હવે ઇ. સ. પૂર્વેના સમયને આથમી જવાને ૪૫ વરસ જ બાકી હતાં ત્યારે આ સવાલને સીઝર પોતાના હાથમાં ધારણ કરતો હતો.

આ જુલિયસ સીઝર સૌથી વધારે હોશિયાર હતો. એણે પોતાની તાકાતનો પરચો બતાવવા રોમન લશ્કરો લઇને આલ્પસ પર્વત ઓળંગીને આજે જેને આપણે ફ્રાન્સ કહીએ છીએ તેને જીતી લીધું હતું. પછી એણે રાહઈન નદી ઉપર લાકડાનો પુલ બાંધીને તેને પાર કરીને કિનારાના પ્રદેશો ઉપર આક્રમણ કર્યું હતું. ત્યાંથી એણે જહાજોમાં લશ્કર ભરીને ઇંગ્લેંડ પર ચઢાઇ કરી. ત્યાં તો એને સમાચાર મળ્યા કે સીનેટે પોમ્પીની નિમણૂંક જીવનભરના સરમુખત્યાર તરીકે કરી દીધો હતી. એટલે એણે ઇંગ્લેંડ પરની ચઢાઇને આટોપી લઇને રૂબીકોન નદીને પાર કરીને ઇટાલીમાં પ્રવેશ કર્યો. પોમ્પીની સરમુખત્યારી સામે સીઝરે પોતાની સરમુખત્યારી સ્થાપન કરવા માટે ઇટાલી પર આક્રમણ કર્યું. પોમ્પી ઇજીપ્ત તરફ ભાગ્યો. પણ સીઝર એની પાછળ પડયો. સીઝરે ઇજીપ્તના નૌકા કાફલાને સળગાવી મૂકયો, અને એલેકઝાન્ડ્રીયાનું જગપ્રસિદ્ધ પુસ્તકાલય આગમાં સળગી ગયું. ઇજીપ્તના લશ્કર પર સીઝરે હલ્લો કર્યો. ઇજીપ્તના અનેક સૈનિકો નાઇલ નદીમાં ડૂબી મુઆ અને તેમની સાથે ઇજીપ્તનો શહેનશાહ ટોલેમી પણ ડૂબી ગયો. પોમ્પી પણ મરણ પામ્યો અને સીઝરે ટોલેમિની બહેન કલીઓપેટ્રાના હાથ નીચે નવી સરકારની નિમણૂંક કરી. સીઝર કલીઓપેટ્રાના પ્રેમમાં પડયો અને ક્લિઓપેટ્રા સાથે રોમન સરકારનો સરમુખત્યાર બનવા ઇ. સ. પૂર્વે ૪૬ની સાલમાં આવી પહોંચ્યો.

રોમનગરમાં કદી નહિ નીકળેલી એવી ભવ્ય વિજય કૂચ સીઝરની નીકળી. સીઝરે સિનેટની પાસે પોતાના વિજયોનો અહેવાલ રજૂ કર્યો. અને સીનેટે એને સરમુખત્યાર નિમ્યો.

સરમુખત્યારશાહીનો આંતરવિગ્રહ


આ સમયે સીઝરના સાથમાં એક એન્ટની નામનો તેનો પહેલાંનો મંત્રી અને મિત્ર હતો તથા બીજો ઓકટેવિયન નામનો તેનો ભત્રીજો હતો. આ બંને જણ સાથે સરમુખત્યાર બનેલો જુલિયસ સીઝર માર્ચની ૧૫ મી તારીખે સીનેટમાં પ્રવેશ કરતો હતો ત્યારે પચાસ જેટલા જુવાન ઉમરાવોએ તેનું ખૂન કરી નાખ્યું. રોમનગર એકાએક અનાથ બની ગયું. રોમન સામ્રાજ્યમાં આજ સુધી છૂપી રીતે ચાલતો સરમુખત્યાર બનવાનો કલહ આંતરવિગ્રહના સ્વરૂપમાં સળગી ઊઠ્યો. સીઝરના પક્ષ તરફથી એન્ટની અને ઓકટેવિયને આંતર વિગ્રહની દોરવણી કરવા માંડી. સીઝરની જગા પર જાતે નિમાયેલો ઓકટેવિયન રોમનગરનો કબજો કરીને બેઠો. એન્ટનીએ ઇજીપ્ત જઈને ક્લીઓપેટ્રા સાથે પ્રેમ કરવા માંડ્યો અને ઓકટેવિયનને બદલે રોમન સામ્રાજ્યનો સરદાર પોતે બને તે માટે ઇજીપ્તમાં રહીને ઓકટેવિયન સામે એણે લડાઈ જાહેર કરી. ઓકટેવિયન ઇજીપ્ત પર ચઢ્યો. બંને વચ્ચે ખૂનખાર યુદ્ધ લડાયાં. એન્ટની આપઘાત કરીને મર્યો અને ક્લીઓપેટ્રાએ ઓકટેવિયન પર પોતાની ભૂરકી નાખવા માંડી. ઓકટેવિયને ક્લીઓપેટ્રાનો ધિક્કાર કર્યો. ક્લીઓપેટ્રાએ આપઘાત કર્યો.

સરમુખત્યારી પછી શહેનશાહત

જેમ સીઝર અનેક વિજયો કરીને રોમનગરમાં વિજયકૂચ લાવ્યો હતો તેવી રીતે ઓકટેવિયન વિજયી બનીને રોમનગરમાં પેઠો. સીનેટે એનું બહુમાન કર્યું અને રોમન લશ્કરોનો આ મહાન સેનાપતિ રોમન સામ્રાજ્યનો 'ઇમ્પરેટર" અથવા શહેનશાહ બન્યો. રોમન સ્વરાજ્ય હવે શહેનશાહત બની ગયું. આ પહેલો શહેનશાહ ઓકટેવીયસ સીઝરના નામથી ઓળખાયો. રોમન સામ્રાજ્યનો ઓકટેવિયન શહેનશાહ "ઓગસ્ટસ" એટલે યશસ્વી કહેવાયો. રોમન શહેનશાહતનો પહેલો સરનસિન શહેનશાહ ઓગસ્ટસ બન્યો. સૌ રોમન શહેનશાહોમાં એ મહાન હતો. આ શહેનશાહે રોમન સામ્રાજ્યનો પ્રપાત અટકાવવા માટે પોતાની યશસ્વી કારકિર્દી શરૂ કરી. ઓગસ્ટસ ભગવાન બન્યો. ઇટાલીના દરેક દેવળોમાં ઓગસ્ટસની પથ્થરની પ્રતિમા ભગવાન સમોવડી બનીને બેઠી.

પણ ઓગસ્ટસ મોડો આવ્યો

પણ ઓગસ્ટસ ખૂબ મોડો જન્મ્યો. હવે રોમન સામ્રાજ્યનો પ્રપાત શરૂ થઈ ગયો હતો. સિકંદરે જીતેલી દુનિયા જેની સાથે સરખાવતાં એક પ્રાંત જેટલી



ગણાય એટલા મોટા સામ્રાજ્યના રોજબરોજના વહિવટ નીચે અને સામ્રાજ્યના બધા ભપકાઓ નીચે, યાતનાઓથી કંટાળી ગયેલાં અને જિવલેણ વેઠ કરીને થાકી ગયેલાં કરોડો દુઃખી માનવો અહીં સળવળતાં હતાં અને આશા કે ઉમેદ વિનાની જીંદગીઓ પસાર કરતાં હતાં.

આ બધી માનવતાનો ક્રૂર ઉપહાસ કરતી સામ્રાજ્યની ધટના રોમનગરમાં હતાં તેવાં એમ્પીથિયેટર જેવી બની ગઇ હતી. એટલે ગમે તેવો મોટો શહેનશાહ આ એમ્પીથિયેટર જેવા સામ્રાજ્યની નીચે રિબાતી કરોડોની માનવતાને કશો દિલાસો દઈ શકે તેમ ન હતું. આ મહાન શહેનશાહ પણ ગીયસ જુલિયસ સીઝર ઓક્ટેવિયોનસ ઓગસ્ટસનું ભવ્ય નામ ધારણ કરીને રોમન નગરમાંની પેલેટાઈન નામની ટેકરી પરના મહાલયમાં રહેતો હતો.

રોમન શહેનશાહતનો સુવર્ણયુગ

જુલિયસ સીઝરના વારસદાર ઓગસ્ટસ સીઝરે ટ્રીમીવીરેટમાંના છેલ્લા એન્ટનીનો પરાજય ફિલિપ્પીમાં કર્યા પછી ચાલીસ વરસ સુધી સુધારાઓનું ઘડતર કરવાનો રાજવહિવટ ચલાવ્યો. એણે વિદ્યાની અથવા જ્ઞાનની પ્રવૃત્તિને પહેલીવાર પ્રોત્સાહન આપ્યું. શહેનશાહતના પાયામાં ગ્રીક સંસ્કારને ગોઠવવાની વાત એણે પહેલીવાર વિચારી. વરજીલ, હોરેસ, લીવી અને ઓવીડ નામના કવિઓ અને લેખકોએ ઓગસ્ટસના વહિવટને લેટીન સાહિત્યના વિકાસવાળો વહિવટ બનાવ્યો. વરજીલનાં લખાણોમાં શહેનશાહતને ટકાવી રાખવાનું રાજકારણ લખાયું તથા જગતના ઉદ્ધાર માટે એ રોમનશાહીની એક હથ્થુ હકુમતને આવકારીને, લોકસમુદાયને ગુલામી કરવાની અને ખેતી કરવાની ફરજો એણે સુપરત કરી.

ઓગસ્ટસનો યુગ સુવર્ણયુગ કહેવાયો. આ સુવર્ણયુગનું મથક રોમ, આરસની ઇમારતોથી સુશોભિત બન્યું તથા ઇટાલીના પ્રાંતોનું સારાન વધારે વ્યવસ્થિત બનાવવાની પ્રવૃત્તિ શરૂ થઈ. ગ્રીક સંસ્કૃતિનું શિલ્પ રોમનગરપર મઢવામાં આવ્યું. ગ્રીક પ્રતિમાઓને આખી ઉપાડી લાવીને રોમ પર ગોઠવવામાં આવી. જગતભરની ખાણો અને ખેતરો તથા, શ્રમની આવડતને રોમન શહેનશાહતનો શણગાર બનાવામાં રોકવામાં આવી. આ સુવર્ણ સમયમાં રોમનગરની હકુમત નીચે, ૬,૮૭૫,૦૦૦ ચોરસમાઈલ જેટલો સામ્રાજ્યનો વિસ્તાર આવી ચૂકયો હતો. ભૂમધ્યના બધા કિનારાના પ્રદેશો અને ટાપુઓ રોમન અધિકાર નીચેના સંસ્થાન પ્રાંતો બની ચૂકયા. ભૂમધ્ય રોમન સરોવર બન્યો. પૂર્વમાં પેલેસ્ટાઈન મેસોપોટેમીયા, સીરીયા અને આરમેનીવાળું, પશ્ચિમમાં સ્પેઈન ગોલ અને બ્રિટનના પ્રદેશવાળું, ઉત્તરમાં રૂમાનીયા, હંગેરી અને જરમનીવાળું, દક્ષિણમાં આફ્રિકાના ઉત્તર કિનારાવાળું, ઈજીપ્તવાળું તથા અરબસ્તાનની પટ્ટીવાળું આ વિશ્વસામ્રાજ્ય બન્યું. શહેનશાહતની લીજીઅનોની, હાક અને ધાક, કાસ્પીઅન સમુદ્રથી આયરીશ સમુદ્ર સુધી અને ત્યાંથી એટલાંટિકના કિનારા સુધી વ્યાપી ગઈ.

સુવર્ણયુગમાં ઈસ્વીસન યુગ

આ સુવર્ણયુગનું ઓગસ્ટસના અંતકાળનું સમયરૂપ ઇસવીસનના ઉદયકાળનું આલેખાયું. જગતના સંસ્કારના ઇતિહાસમાં મૂર્તિ પૂજાને બદલે, માનવ અનુરાગ સાથે સંકળાયેલા, માનવ સંસ્કૃતિને અનુરૂપ એવા ઈશ્વરની ધર્મભાવનાનો આરંભ ઓગસ્ટસના જમાનામાં થયો. આ સુવર્ણયુગમાંજ આ શહેનશાહતના મૂર્તિપૂજનના પાયા તેણે હચમચાવી નાખ્યા. લશ્કરોની હિંસક ઘટના પર રચાયેલી આ શહેનશાહતના સ્વરૂપના નિષેધ જેવું ઈસાઇઓનું સત્યાગ્રહનું સવિનયરૂપ રોમન શહેનશાહતમાંજ ઉભું થયું. આ સુવર્ણયુગમાં જ આ શહેનશાહતના માલિકીના 'કાનૂન સ્વરૂપને પગથી માથા સુધી હચમચાવી નાખનાર પેલેસ્ટાઇનનો જિસસનામનો એક લુહારનો દિકરો રોમનસલ્તનત સામે એક ઈશ્વરના શાસનની વાત પૂકારીને, સવિનય કાનૂનભંગ કરીને જેરૂસાલેમમાં રોમન કાનૂન પ્રમાણે વધ પામી ગયો હતો. આ વધસ્તંભ વિશ્વ ઇતિહાસનો જાણે સીમાસ્તંભ બન્યો હતો. આ વધસ્તંભ પરથી, રોમન બાદશાહત નીચે કચડાતી માનવતાની ઝંખના, માનવ માનવ વચ્ચેના પ્રેમસંબંધનું આવાહન કરતી જેરૂસાલેમથી નીકળીને ઓગસ્ટસના સળવળતા રોમનગર સુધી પહોંચતી દેખાતી હતી. આ ઝંખનાનું વાહન, માનવ સમુદાયો બનતા હતા, તથા સૌથી પહેલો બાર જણનો ઈસાઈસંઘ નેઝેરેનિસ નામને ધારણ કરીને જેરૂસાલેમની ધરતીપર સ્થપાતો હતો. આ ઇસાઇઓ અથવા "નેઝેરેનસો" એ, ઈસુના

વધસ્તંભને પોતાનું પ્રતીક બનાવ્યો. આ ક્રુસ અથવા વધસ્તંભને કંઠમાં લટકાવીને નેઝેરેનિસોના સંઘમાં, પિટર અને પૉલનાં, તથા સ્ટિફનનાં નામ જાણીતાં બન્યાં. જેતજેતામાં બાર જણાથી શરૂ થએલો આ સંઘ પેલેસ્ટાઇનમાં આઠ હજારની સંખ્યાવાળો બન્યો તથા, રોમન કાનૂન પ્રમાણે વધ પામવાને લાયક મનાયા પછી ભોમભિતર બની જઇને વધારેને વધારે વિશાળ બનવા માંડ્યો.

સંતપૉલ અને સંત પિટર

વધતો જતો ઇસુનો સંઘ હવે રોમનગરમાં પહોંચીને, પ્રેમના કાનૂનને ધારણ કરીને રોમન શહેનશાહતનો મૂકાબલો કરતો હતો ત્યારે મશહૂર બનતું નામ સંતપૉલનું હતું. પૉલ, તારસસમાં, સિળીસિયામાં જનમ્યો હતો. એનું નામ તો સોલ હતું, પણ ગ્રીક ઉચ્ચાર એને પૉલ કહેતો હતો. ઈસુના વધ પછી દસમા વરસે જનમીને એ ગ્રીસમાંથી જેરુસાલેમમાં આવીને રહ્યો હતો અને જુવાનીમાં તંબુ બનાવવાનો ધંધો કરતો હતો. જેરૂસાલેમમાં મૂર્તિપૂજક ધર્મના વડાઓ પાસે એ ભણ્યો હતો, અને ઇસાઇઓનો પકડી લાવનારો ટુકડીઓનો પૉલ રોમન આગેવાન હતો.

સ્ટિફનને પકડીને ધર્મની અદાલત પાસે અને રોમન કાનૂન પાસે, એણેજ ઊભો કરી દીધો હતો અને પછી એને અરધો દાટીને પથરાઓ મારીને મારી નાખવાની શિક્ષાનો અમલ કરનાર પણ એ જ અમલદાર હતો.

ઈ. સ. ૩૧ ની સાલમાં આ નવજુવાન દમાસકસ જતો હતો. દમાસકસમાં ઇસાઈ સંઘનો અવાજ ઊઠ્યો હતો. આ અવાજને શાંત કરી દેવા માટે ત્યાંના ઇસાઈ આગેવાનોને પકડી લાવવા એ એક ટુકડી લઇને જેરુસાલેમથી નીકળી ચૂક્યો. પણ પૉલને હવે ઊંઘ આવી શકતી નહોતી. મધ રાતમાં એ ઝબકીને જાગી ઊઠતો હતો. પથરા ખાઇને મરી ગયેલો સ્ટિફન એની ઉંઘ બગાડી મૂકતો હતો. તોય એ મક્કમ બનીને, ક્રૂર બનીને હોઠ ખીડીને આગળ વધતો હતો. દમાસકસ હવે બહુ દૂર નહોતું. એની ટુકડી સાથે એ આરામ કરવા પડ્યો હતો ત્યારે, મધરાતની એની પથારીમાંથી એણે બૂમ પાડી: "કોણ છે તું...? તું મને છોડતો જ નથી!"

રોજની આ બાબત છે, એમ સમજીને એના સાથીદારો સૂઈ રહ્યા હતા ત્યારે એ ઊઠ્યો. એની બહાવરી, ફાટેલી આંખ વરે, ઊંઘમાંજ જાગી ગયેલો એનો પશ્ચાતાપનો વેગ વિફર્યો હતો. એની નજર એ વેગ દેખાડે તેજ દેખાવને દેખી શકતી હતી. એનું આખું ચિત્તતો હજુ ઊંઘમાંજ હતું. આખા ચિત્તમાંથી એકલો પેલો પશ્ચાતાપ, કકળાટ કરતો એને ઊભો કરી દેતો હતો અને એ



સાંભળી રહેતો હતો, 'હું જ પિટરન. જેનો તેં પથરાઓ નાખ્યા....અને હું જ ઈસુ, જે ગોલગોથાપર.....

"તમે કોઈ સરણ પામ્યા જ નથી." એવું અંધમાંથી ચક્ષુ પાછી આવેલા માનવીનાં ચિત્કાર સંભળાયા: "સોલ, સોલ...પોલ, પોલ, પોલ, આંખો ખોલીને તું, જોઈ લે કે....."

પછી એને કંઈ સૂઝતું જ નહોતું. અંધ બની ગયેલો પોલ, બુદ્ધની આંખે કશું જ જોઈ શકતો નહોતો અને કહેતો હતો, "ઈસુનો, પિટરનો પંથ કરનાર હું....."

દમાસ્કસમાં ત્રણ દિવસ પછી એ, અંધમાંથી જાગી ઊઠ્યો અને એને દેખાવા લાગ્યું. પિટરનો ઈસુ, હવે એનો ઈસુ બની ગયો હતો. ઈસુએ કહ્યું કે હું ઈસાઈ છું' એટલે ઈસાઓને પકડવા નીકળેલા પોલને ઈસાઈ બની ગયેલો સાંભળતાંજ દમાસ્કસના રોમન અધિકારીઓ પોલની ગિરફ્તાર કરવાનું ફરમાન કાઢ્યું. પોલને ખબર પડતાં તે ત્યાંથી ભાગી છૂટ્યો. કેટલાક ઈસાઈઓએ, એક મોટી ટોપલી લઈને, દમાસ્કસની દીવાલ પરથી નીચે ઉતારી દીધો. અરબસ્તાનનાં ગામડાંઓમાં રખડતો અને ઈસુના નૂતન સંદેશની, પાડોશી પર પ્રેમ વરસાવવાની અને દુશ્મનોને પણ ક્ષમા કરવા આપનાર ઈસુની વાતો કરતો રખડતો રખડતો જેરુસાલેમ આવ્યો અને જેરુસાલેમના આગેવાન ઈસાઈ પિટરને, મળી લીધો.

પછી અંત પિટરે, રોમ જઈને ત્યાં ઈસુના સંદેશનો ફેલાવો કર્યો. ગ્રીસની ગરીબ માનવતામાં ઈસુનો સંદેશ શબ્દ કુદરત બનીને આઠ આઠ વરસ સુધી જેરુસાલેમના

ભુવાઓ અને રોમન શહેનશાહતના કાસદોને પિટર અને પૉલનો પત્તો લાગ્યો નહિં. પણ ફ્રિલિપી આગળ જ્યાં એન્ટનીએ બ્રુટસનો પરાજય કર્યો હતો ત્યાં, બે ઇસાઇઓ ગિરફતાર થયા. સિલાસ અને પૉલને પકડીને, શહેનશાહતની અદાલત સામે, શાંતિનો ભંગ કરનારા તરીકે તેમને ખડા કરી દેવામાં આવ્યા.

બન્નેને કારાગારમાં જકડી લેવામાં આવ્યા, પણ બન્ને ભાગી છૂટયા. થોડા મહીના પછી પૉલ, ગ્રીસના વેપારીનગર, કોરિન્થમાં આવી પહોંચ્યો અને ત્યાં તંબુ બનાવનારા તરીકે અઢાર મહિના રહ્યો. પછી કોરિન્થનો રોમન ગવર્નર ગેલીલો એને ગિરફતાર કરે તે પહેલાં, આ તંબુ બનાવનારો સંત પૉલ જેરુસાલેમ તરફ ભાગી ગયો અને જેરૂસાલેમમાં પકડાઇ ગયો. જેરુસાલેમના આ કેદીને સીઝિરિયા મોકલી દેવામાં આવ્યો.

સીઝિરિયામાં અદાલત સામે એણે કહ્યું; "હું રોમન નાગરિક છું. મને રોમન શહેનશાહની, એગ્રિપાની અદાલતમાં મોકલી આપો."

પૉલને એક વેપારી જહાજમાં કેદી તરીકે રવાના કરવામાં આવ્યો. મહાસાગરમાં ચૌદ દિવસના તોફાનમાં સપડાયેલું જહાજ માલ્ટાના ખડકોપર તૂટી ગયું અને જહાજનાં થોડાક જીવતાં ઉતારૂઓમાં રોમન શહેનશાહતનો આ કેદી ત્રણ મહીના પછી રોમનગરમાં પેઠો. હવે રોમનગરમાં એનો ઇસાઈ અવાજ નમ્ર બની જઇને બોલ્યો: "આપણા બાલિમો પર પણ પ્રેમ કરો." એણે શહેનશાહતના આ વિકરાળ નગરમાં અધિકાર ભોગવેલા મોતના પડછાયા જોતાં ટિમોથીને પત્ર લખ્યો; "મારી જિંદગીની શીશીમાંથી બધી રેતી હવે ગળી જવા આવી છે. મારે વિદાય લેવાનો સમય હવે થઈ ગયો છે એમ મને લાગ્યા કરે છે. જીવતરના મહાન કલહમાં, મેં મારો ભાગ ભજવી બતાવ્યો છે. મેં જીવનકલહમાં પણ મારી શ્રદ્ધા સાચવી રાખી છે."

રોમનગરમાં પૉલ પાછો ગિરફતાર થઈ ગયો અને કારાગારમાં પુરાયો. રોમનગર પર ઈ. સ. ૬૪ ની સાલમાં નિરોએ ઇસાઇઓની કતલ કરી નાખીને આખા રોમનગરને સળગાવ્યું. કારાગારમાંથી પૉલે આ હત્યાકાંડ અને રોમને ભરખી જતી આગને નિહાળી.

પિટર પણ હવે રોમમાં આવી પહોંચ્યો હતો. રોમન શહેનશાહતે માંડેલી કતલ અને આગના ભડકાઓ નીચે પિટરનો પડછાયો રોમનગરમાં ભટકતો હતો. અને પૉલ કારાગારમાં જીવતરની છેલ્લી ઘડીઓ ગણતો, મોતની રાહ જોઇ રહ્યો હતો. છેવટે કાસદો આવી પહોંચ્યા. "વાયા ઓશિયા" નામની જગ્યા પર, વિશ્વની શાંતિમાં ભંગ કરનારા આ અપરાધીનો રોમન કાનૂનની સમ-

શેરના એક જ ઝટકાથી શિરચ્છેદ કરી નાખવામાં આવ્યો. ત્યારે જ સંત પિટર પણ પોતાની સ્ત્રી સાથે પકડાઈ ગયો હતો. વિશ્વની શાંતિમાં ભંગ કરનારા આ બીજા અપરાધીની સ્ત્રીનો શિરચ્છેદ "વેટિકન ફીલ્ડ" પર એના દેખતાં જ કરવામાં આવ્યો. મોત જેવી હકૂમતને જોતો પિટર બોલ્યો, "હું માથું નીચું નમાવી દઉં છું..."

વિશ્વઇતિહાસનું રોમનગર એક દિવસમાં નહોતું બંધાયું

કહેવત એવી છે કે રોમનગર એક જ દિવસમાં નહોતું બંધાયું. રોમન સામ્રાજ્ય વિષે પણ એમજ કહી શકાય. તેની શરૂઆત પણ આસ્તે આસ્તે થઈ, અને જોતજોતામાં રોમન સામ્રાજ્યનો દેહ બંધાવા માંડ્યો. આ સામ્રાજ્યે મોટા સેનાપતિઓ, રાજધૂરંધરો અને ખૂનીઓને પેદા કર્યા. રોમન લશ્કરો આખી દુનિયામાં લડ્યાં.

બીજા દેશો પરનાં પોતાનાં થાણાંઓનું રક્ષણ કરવા માટે રોમન સરદારો અને રોમન લશ્કરોને સરકારે રવાના કરવા માંડ્યાં. એ રીતે બીજા દેશોને જીતીને રોમન સામ્રાજ્યે પોતાના સામ્રાજ્યનો વિકાસ ધારણ કરવા માંડ્યો. આરંભની હકૂમતે, ઈ. સ. પૂ. ૨૦૩માં સિસીલીના માલિક બનવા માટે સ્કીપીઓ નામના સરદારને આફ્રિકાના ઉત્તર કિનારા ઉપર મોકલ્યો હતો. એ કિનારા પરનું કાર્થેજ નામનું નગર રોમનોએ સળગાવ્યું, અને સિસીલીને પોતાનું સંસ્થાન બનાવ્યું. ત્યાર પછી ગ્રીક નગર રાજ્યો જે સિકંદરની શહેનશાહતના પતન પછી અંદર અંદર કજીઓ કરવા માંડ્યાં હતાં તેમનો કજીયો પતાવવા રોમન લશ્કરો ગ્રીસ દેશ પર પહોંચી ગયાં. ગ્રીસનું કોરીન્થ નામનું નગર તેમણે સરગાપી દીધું, અને એથેન્સ નગરમાં રોમન ગવર્નર રાજ કરવા બેઠો. મેસિડોનિયા અને ગ્રીસના બધા પ્રાંતો રોમન સંસ્થાનો બન્યાં તથા આ સંસ્થાનો રોમન સામ્રાજ્યની પૂર્વ સરહદ બની.

ત્યારે સિરિયાનો પ્રદેશ થોડેજ દૂર પડયો હતો. ત્યાં એન્ટિઓકસ ત્રીજો રાજ્ય કરતો હતો. આ એન્ટિઓકસ કાર્થેજના મહાન સેનાની હેનીબાલનો એક સમયનો મિત્ર હતો તેવું બહાનું કાઢીને રોમન શહેનશાહતે લુસીઅસ નામના સેનાપતિને સિરિયા ઉપર ચઢાઇ કરવા મોકલ્યો. એન્ટિઓકસનાં લશ્કરો ઈ. સ. પૂ. ૧૯૦ માં મેગ્નેસીયા પાસે નાશ પામ્યાં, તથા એશિયામાઇનોરનો આખો પ્રદેશ રોમન શહેનશાહતનો ગુલામ બન્યો. આવી રીતે રોમન શહેનશાહતે પ્રાચીન સમયના સામ્રાજ્યનું સ્વરૂપ ધારણ કર્યું. આ સામ્રાજ્ય ભૂમધ્ય સમુદ્ર પરના પ્રદેશોનું માલિક બન્યું.

રોમન લોકશાહીનું જીવન-રૂપાંતર

નગરરાજ્ય તરીકે શરૂ થયેલું રોમ–નગર હવે ઈટાલીના પ્રદેશથી દૂરદૂરના પ્રદેશોને જીતીને એક મોટું સામ્રાજ્ય બની ગયું, હતું. એટલે એ જ્યારે નગર રાજ્ય હતું ત્યારે સ્વદેશમાં જેવું એનું સ્વરૂપ હતું તેવું એનું સ્વરૂપ આજે રહ્યું નહોતું. સામ્રાજ્યનું માલિક બનેલું રોમનગર પોતે પણ રૂપાંતર પામી ચૂકયું હતું, તથા વિશ્વનું સામ્રાજ્યવાદી પાટનગર બન્યું હતું. સામ્રાજ્યને જીતીને આ રોમનગરમાં પાછા આવતા સરદારો અને શાસક બનેલા શ્રીમંતો લૂંટના ઢગલાઓ મેળવીને આનંદની ઉજાણીઓ કરતા હતા, તથા પોતાને માટે અને પોતાનાં દેવદેવીઓ માટે ઈમારતો ચણાવતા હતાં. જૂનું રોમનગર પોતાની સાદાઈને માટે મગરૂર હતું. આ નવું રોમનગર હવે મગરૂર ઐશ્વર્યની સામ્રાજ્ય શાયી મગરૂરી ધારણ કરતું હતું તથા સાદાઈથી શરમાતું હતું.

આ નૂતન રોમનગર ભૂમધ્યના જગતનું માલિક હતું. સામ્રાજ્ય બનેલી નૂતન રોમનગરની સરકારનું રૂપ શ્રીમંતોની સરકારનું, શ્રીમંતો વડે ચાલતી સરકારનું અને શ્રીમંતોના જ હિત માટે ચાલતી સરકારનું બન્યું.

આ સરકારનાં સ્વરૂપમાં અને રોમનગરના રોજના જીવનવહિવટમાં જમીનો અને કારખાનાઓની માલિકી ઉપરાંત એક નવી મિલ્કત શરૂ થઈ ગઈ. આ નવી મિલ્કતનું રૂપ લાખો ગુલામો હતાં. આ ગુલામોમાં નૂતન રોમનગરનું અર્થકારણ પોતાની મૂડી રોકતું હતું અને તેમની પાસે યાતનાઓથી ઉભરાતી ગુલામી કરાવતું નફા નિપજાવતું હતું.

જૂના રોમનગરમાં હતાં તેવાં ખેડૂતો પણ હવે ઈટાલીની ધરતી પર દેખાતાં ન હતાં. આ જૂવાન ખેડૂતોનાં રોમન લશ્કરો બન્યાં હતા. આ લશ્કરો એક પછી બીજા દેશો જીતીને જ્યારે પાછાં ઈટાલીની ધરતી પર આવતાં હતાં ત્યારે તેમની જમીનો પડતર પડેલી દેખતાં હતાં, તથા ખરીદાઈ ગયેલી તેમની જમીનો પર શ્રીમંતોની વંડીઓવાળા નવા બાગબગીચાને પણ દેખતાં હતાં. અનાજના ઢગલા પણ આ સામ્રાજ્ય માટે બહારના દેશોમાંથી આવતા હતા. લશ્કરી સેવા માટે ઉમ્મરલાયક નહિ ગણાતા ખેડૂતો ઈટાલીના નગરોપર ભીખ માગતા ફરતા હતા. સામ્રાજ્યના નગરનું આવું નૂતનરૂપ વિકસતું હતું.

સામ્રાજ્યશાહીનું નવું નગર રોમ

કહેવત પ્રમાણે આખી દુનિયાના બધા રસ્તાઓ રોમ સુધી પહોંચતા હતા અને રોમમાંથી પસાર થતા હતા. વિશ્વના ઇતિહાસે પણ રોમ નગરને પોતાનું મથક બનાવવા માંડયું હતું. જગતના માનવ સમુદાયોની પગદંડીની

રેખાઓ રોમ નગરમાં દેખાતી હતી. ખીણો, પર્વતો, નદીઓ કે રણોની સરહદો ભૂંસાઈ જતી હતી. રોમ નગરમાંથી દૂર દૂરના રસ્તાઓ રોમનગરમાં જમા થયેલી માનવસમુદાયોની પગદંડીઓમાં દેખાતા હતા. ઇટાલી દેશનું પાટનગર એની સરહદે પડેલા આલ્પસ પર્વતને ટપી જઈને જાણે દૂર દૂર પહોંચી ગયું હતું.

આ બધા રસ્તાઓનું વહિવટી મથક રોમનગરનો ફોરમ નામનો નગરચોક હતો. આ નગરચોકમાં રોમનસામ્રાજ્યની સીનેટ નામની સરકારી કારોબારી વહિવટ ચલાવતી. આ વહિવટ દક્ષિણમાં સિસીલી સુધી, ઉત્તરમાં રાઈન સુધી, અને પૂર્વમાં બોસફરસના બોઝન્ટીયમ સુધી પહોંચ્યો હતો. રોમનગરથી નીકળતા રોમન શહેનશાહતના અધિકારો નદીઓ પર પૂલ નાખીને અને સમુદ્રપર જહાજો ચલાવીને દૂર દૂર એથેન્સ સુધી અને આફ્રિકા સુધી તથા ઠેઠ બ્રિટન સુધી પહોંચી ગયા હતા. આ બધા પ્રદેશો પર રોમની શહેનશાહતે પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં હતાં. આ સંસ્થાનોમાંથી દરિયા રસ્તે જહાજોમાં ભરાઈને તથા જમીન રસ્તે વણઝારો પર લદાઈને માલના ઢગલા રોમનગરમાં પહોંચતા હતા. લાલ સમુદ્રને નાઈલ નદી સાથે એક નહેર મારફત જોડી દઈ ને વહાણો એલેકઝાન્ડ્રિયા નગરમાંથી નાઈલ નદીને રસ્તે લાલ સમુદ્રમાં પડોંચતાં હતાં. આ જહાજોમાં દૂરદૂરના ચીન દેશમાંથી રેશમના ઢગલા આવતા હતા

આ બધું રોમન શહેનશાહતનું સ્વરૂપ હતું. ઓગસ્ટસ નામના રોમન શહેનશાહે એક મોટી વિશાળ ઇમારત ચણાવીને તેમાં રોમન સામ્રાજ્યનો મોટો નકશો તૈયાર કરાવ્યો હતો. આ નકશા પર ત્યારની દુનિયાના બધા દેશો ચિતરાયા હતા. આ સામ્રાજ્યમાં ઈજીપ્ત દેશ, રોમન શહેનશાહતનો અનાજનો કોઠાર હતો, તથા ત્યાંથી ચળકતા પથ્થરો, તાડપત્રો, તથા સુશોભિત કાચનાં વાસણો આવતાં. આ નકશામાં ચિતરાયેલો ગ્રીસ દેશ રોમન સામ્રાજ્યને આરસ-પહાણ આપતો હતો. રોમન સામ્રાજ્યની સરકારને પીવાનો દારુ ગ્રીકોસમાંથી આવતો હતો. હીમેટસમાંથી મધ આવતું હતું. સેમોસમાંથી મોરપંખીઓ આવતાં હતાં અને મેનોસમાંથી હંસ આવતા હતા. સામ્રાજ્યનું સંસ્થાન બનેલો સ્પેન દેશ અનાજ, દારૂ, મીણ, ડામર, રૂપું તથા સોનું મોકલતો હતો. ગોલ પ્રદેશમાંથી દારૂ અને ગુલામો માટેનું લાલ કાપડ આવતું હતું. દૂરનું લંડન નગર પણ આ સામ્રાજ્યનું સંસ્થાન હતું અને ત્યાંના બ્રિટન દેશમાંથી લોઢું આવતું હતું. યુરલ પર્વતમાળ નીચેની વોલ્ગા નદીના કિનારા ઉપરથી વરુઓનાં ચામડાં તથા સોનેરી રેતી સામ્રાજ્યના રોમનગરમાં આવતી હતી. ઓઝોવના દરિયા પરથી ગ્રીક ખલાસીઓ સામ્રાજ્ય માટે સોનું અને ઊન લાવતા હતા. ભારત

અને અરબસ્તાનમાંથી તથા મધ્ય એશિયાના પ્રદેશોમાંથી રણો અને પર્વતો ઉપર થઈને રોમન સામ્રાજ્ય માટે માલના ઢગલાઓની વણઝારો વહ્યા કરતી હતી. ભારતના પશ્ચિમ કિનારા પરના મલબારથી માલ લાવનારાં જહાજોનાં જહાજો આ સામ્રાજ્ય માટે લાંબી લાંબી સફરો ખેડતાં હતાં.

જગત આખું જાણે આ રોમન પાટનગરની સેવા ચાકરી કરવા લાગી ગયું હતું. વિશ્વનું મથક બનેલું આ સામ્રાજ્ય જગતનાં બધા રસ્તાઓને પોતાના તરફ ખેંચતું હતું. ઉત્તરની રેન નદી અને પૂર્વની ઓક્સસ અથવા આમુદરીયા અને દક્ષિણની નાઇલ નદી, તથા પશ્ચિમ દિશામાંની થેમ્સ નદી નામની, આ બધી નદીઓ રોમન શહેનશાહતના રસ્તા બની હતી અને નદીઓ અને સમુદ્રો પરનાં બધાંય બંદરો રોમનગરમાં જગતભરની ધનદૌલત ઠાલવવાનાં મથકો બની ગયાં હતાં.

અને બદલામાં રોમન શહેનશાહત શું આપતી હતી?

જગતની આ બધી ધનદૌલત અને સાધન સામગ્રીઓના ઢગલાઓના બદલામાં રોમન શહેનશાહત તેને શું આપતી હતી? આ બધા માલસામાનનો મોટો ભાગ રોમનશહેનશાહતે નાખેલા કરવેરા અને લાગાઓના રૂપમાં આવતો હતો. આ ઉપરાંત રોમન શહેનશાહત માલના બદલામાં પોતાના સોનારૂપાના સિક્કાઓનું નાણું પણ આપતી હતી. આ સિક્કાઓ એટલા જ માટે આમુદરીયા, સિંધુ અને ગંગાના કિનારાઓ ઉપર દટાયેલા મળી આવ્યા હતા. પણ રોમનો સોના રૂપાના આ બધા સિક્કાઓ કયાંથી લાવતા હતા? એટલા માટે તો તેમણે અબજો રોકાઓ સુધી જગતના જુદાજુદા પ્રદેશો જીત્યા જ કર્યા હતા અને ત્યાંના માનવસમુદાયોની કતલ કરતાં કરતાં લૂંટફાટ ચલાવ્યા કરી હતી. ત્યારપછી જીતાયેલા પ્રદેશોને પોતાનાં સંસ્થાનો બનાવીને તેમની પાસેથી રોમન રાજ્યના શાસકો પોતાના શાસનની જકાત તરીકે સોનું રૂપું ઉઘરાવ્યા કરતા હતા. પરાધીન બનેલા આ પ્રદેશો પોતાને ત્યાં આવેલા આ શાસકોના શાસનનો બધો ખર્ચ આપતા હતા, ઉપરાંત તેમણે કર અને વેરાઓના ઢગલા પણ આપવા પડતા હતા. આ રીતે સોના રૂપા અને ગુલામોથી ભરેલાં જહાજો રોમમાં ઠલવાયા કરતાં હતાં.

જગતનાં સંસ્થાનોમાં શાસકો બનેલા રોમન લશ્કરી અમલદાર અને રોમન સૈનિકો જ્યારે રોમ પાછા ફરતા ત્યારે મહાશ્રીમંતો બની જઈને આવતા હતા. આ બધા શાસનચક્રની ઘટમાળ ચલાવનાર રોમનયંત્ર અથવા રોમન શહેનશાહતનું રાજકીય એન્જીન રોમન લશ્કરોનું બનેલું હતું. આ રોમન લશ્કરોની

ટુકડીઓ લીજીઅનો કહેવાતી હતી. આ લીજીઅનોએ બધી જ લડાઈઓ જીતી હતી. આ લીજીઅનોની કૂચકદમ અટકી ન જાય તે માટે રોમનો પાસે નદીઓ પર પૂલ નાખનારા ઇજનેરો પણ હતા. આ લશ્કરોનો દિવસ-રાતનો વ્યવસાય સંહાર કરવાનો હતો. સંહારના યંત્ર પર બેઠેલી રોમન શહેનશાહતનું પોતાના પ્રદેશની અંદરનું અને રોમ નગરની અંદરનું સ્વરૂપ જગત પર શાસન કરતી સોનેરી ટોળી જેવું લાગતું હતું. સોનાથી લદાયેલા રોમન માલિકો ઇટાલી દેશના પ્રાંતોમાં જમીનદારો અને શાહુકારો બનીને બેસી ગયા હતા. આ રોમન શ્રીમંતો પાસે ધનવૈભવના બધા વિલાસો ગોઠવાઈ ગયા હતા. આ ગોઠવણી નીચે રોમન શહેનશાહતની તમામ સેવાઓ કરનાર અને શ્રમ કરનાર લાખો ગુલામોનો માનવસમુદાય હતો. આ ગુલામો જગતના તમામ દેશોમાંથી અહિંયા આવ્યા હતા. આ ગુલામોના શરીરો પર પાડેલાં ચિહ્નો પ્રમાણે તેમના પ્રદેશોનું પિછાન થતું હતું. તમામ પ્રદેશો પરની આ પિડીત માનવતાનો વિશ્વમેળો જાણે રોમનગરમાં જામતો હતો. સુવર્ણના ઢગલાઓ ઉપરાંત રોમનગરમાં શ્રીમંત શાસકોની બધી ક્રિડાઓ અને આનંદો તથા બધાં સુખ સગવડો ગુલામ બનેલા જગતની શ્રમતાકાતમાંથી સાંપડતાં હતાં.

પણ જગત બદલાતું હતું

રોમનગરની આ શહેનશાહતનો આવડો મોટો ઠઠારો જાણે જગતનો સ્વાભાવિક ક્રમ હોય એ પ્રમાણે ચાલ્યા કરતો હતો. આ ઠાઠમાઠ પર સવાર થયેલી રોમન શાસકોની જિંદગી હવે કોઈ પણ જાતનો શ્રમ કરતી નહોતી. એમનાં જીવનની ઘટમાળ કેવળ આનંદ અને ભોગવિલાસના અતિરેક પર બેઠી હતી અને કોઈપણ જાતનો શ્રમ કરવામાં હિણપત માનતી હતી. શ્રમ કરવાનો વ્યવસાય હવે ગુલામોને જ માટે યોગ્ય મનાઈ ચૂકયો હતો. આ ગુલામો ભયાનક બોજરૂપ બનેલી શાસકોની ઘટમાળને આભૂષણો અને અલંકારના રૂપમાં મઢાયેલાં શ્રીમંતમાનવોને સોનારૂપાની પાલખીમાં બેસાડીને રોમનગરમાં ફેરવતાં હતાં. એકેક એક શ્રીમંત, ગુલામોના ટોળાંથી ઘેરાયેલો રહેતો. જ્યારે કોઈ શ્રીમંત માલિકના ઘર આગળ કોઇ મહેમાનની પાલખી અટકતી કે તરત જ બધાં બારણાંઓ આગળ ગુલામો સેવા માટે દોડાદોડ કરતાં, કારણ કે માલિક કયા બારણામાંથી પેસશે તેની તેમને ખબર નહોતી.

રોમનગરના ભપકાદાર ભવનોમાં રહેતો માલિક સફેદ ટોગા પહેરતો હતો. કાચ જેવા ચળકતા આ ટોગા નીચેની લાલકિનારી ચમકતી હતી. પાલખીમાંથી ઉતરતાંની સાથે હાથીદાંતના અકલવાળા બુટ અથવા ચંપલ એ

આગળ ધરતો હતો તથા બારણામાં પ્રવેશતા પહેલાં જ રોમન શહેનશાહતનું આ શાહી સ્વરૂપ ગુલામોની સેવા પર સિતમ જેવું શરૂ થતું હતું.

આ સિતમ બનેલી યાતનાઓથી ઊભરાતી ગુલામોની જિંદગી પર આખું રોમન સામ્રાજ્ય રોમ જેવી ઇટાલીની નગરીઓમાંથી ઉપભોગ કરવા અને કેવળ આનંદમાં આળોટવા મચી પડયું હતું. આ ઉપભોગમાં પરિણીત જીવન અને કુટુંબજીવનની એકતાનાં બંધનો પણ તૂટી પડતાં હતાં. જીવનને ધારણ કરનાર માનવનીતિમત્તાનું કાઠું સામ્રાજ્યના જીવતરે ફેંકી દેવા માંડયું હતું.

ક્રૂરતા, ધિક્કાર, બ્હેમ, શંકા અને વ્યગ્રતાના મનોભાવો, નીચે બદબદતું રોમન જીવતર, ભૂવાઓ, જોષીઓ, જાદુગરો અને દેશદેશમાંથી જીતાઈને આવી પહોંચેલાં દેવદેવીઓથી વિંટળાયેલું, નિરંકુશ આનંદના અતિરેક તરફ ધસવા માંડયું હતું.

માનવજાત સાથેની જીવતરની એકતાના એના બધા તંતુઓ તૂટવા માંડયા હતા. પોતે એકલું જ અનોખું જગત છે એમ સામ્રાજ્યનું શાસક જગત માનવા માંડયું હતું. આ જગતમાં પોતાને જ સર્વ અધિકારના સર્વ હક્ક સ્વાધિન છે એમ માનતો આ શાસકવર્ગ સ્વચ્છંદતાના બધા સ્વૈરવિહારોમાં વિધાતકરૂપ ધારણ કરીને, પોતાના સ્વસંકુચિત કોકડામાં ભરાયો હતો. સામ્રાજ્યના શાસકો બનેલા આ શ્રીમંતો પોતાના મહાલયોમાં, ઉદ્યાનોમાં અને આનંદવાટિકાઓમાં પીતાં હતાં, જુગાર ખેલતા હતા અને હોમરની કવિતાનાં ઝલકાર સાંભળતા હતા.

સુધારાની હિલચાલ

સામ્રાજ્યના આવા સ્વરૂપને સુધારવા રોમનગરનો શહેનશાહત બનેલી સીનેટ નામની સરકારી કારોબારી પાસે ગ્રેકસ નામના એક મહાન રોમનના ટીબેરિયસ અને ગીયસ નામના બે દિકરાઓ રાજકારણમાં પ્રવેશ કરતા હતા. આ બંને જણ ઇટાલીના પ્રદેશ પર સુધારાનું રાજકરણ શરૂ કરવાની કારોબારીમાં શરૂ કરવાની દરખાસ્ત રજૂ કરતા હતા. ટીબેરિયસ સરકારી કારોબારીમાં ચૂંટાયો અને તેણે કોઈપણ જમીનદારો એ અમુક એકરથી વધારે જમીન ન રાખવી તેવો સુધારો રજૂ કર્યો. આ રીતે વધારાની જમીન, એણે જમીન વિનાના ખેડૂતોને વહેંચી આપવાની દરખાસ્ત કરી. સામ્રાજ્યના જમીનદારોએ એને રાજસભામાં ચોર અને લૂંટારો કહ્યો. તેમણે ટીબેરિયસનું ખૂન કરવા માટે રોમનગરમાં ધીંગાણાં કરાવ્યાં અને રાજસભામાં ટીબેરિયસને મારી નાંખવામાં આવ્યો. પણ ટીબેરિયસના ભાઇ ગીયસે, ટીબેરિયસે શરૂ કરેલી સુધારાની હિલચાલ ચાલુ રાખી તથા ગરીબોને મદદ કરવાનો કાયદો સીનેટ પાસે પસાર

કરાવ્યો. સામ્રાજ્યના સ્વરૂપમાં વંચી ચૂકેલી ગરીબાઈ એથી ઓછી થઈ નહિ અને સામ્રાજ્યવાદીઓનો સરકારે ગીધસનું પણ ખૂન કરાવ્યું અને ઇટાલીનાં નગરોમાંથી તમામ સુધારકોને પકડી પકડીને તેમણે મારી નાખ્યા અથવા દેશનિકાલ કર્યા.

સૌથી મોટું સામાજિક પરિબળ

રોમન શહેનશાહનું સરમુખત્યારશાહીનું બની ચૂકેલું બંધારણીય રૂપ તેની નીચે સૌથી વધારે કચડાતા લોકસમુદાયના ગુલામો નામના પરિબળે હચમચાવી મૂક્યું. સામાજિક પરિબળના બળવાનાં જુદાં જુદાં સ્વરૂપો આખા રોમન સામ્રાજ્યમાં દેખાયા કરતાં હતાં. પરંતુ સામાજિક બળવાનું આવું વિરાટ સ્વરૂપ કોઈ કોઈકાળે દેખાયું નથી. રોમન એમ્પીથિયેટરોમાં ચાલતી સાહસારીઓમાં રોમન શાસકોના મનોરંજન માટે અંદર અંદર લડીને ફરજઆત રીતે જેમને મરી જવું પડતું હતું તેવા ગ્લેડિએટરના નામથી જગતમાં જાણીતા બનેલા ગુલામોનો ખાસ વર્ગ તેને માટેના ખાસ અખાડાઓમાં તૈયાર થતો હતો. આવા અખાડાઓમાં લેન્ટુલસબૈટીઆટીસનો કેપુઆમાં આવેલો અખાડો જાણીતો હતો. એના અખાડામાં એક હજાર જેટલા ગુલામોને ગ્લેડિએટર બનવાની તાલીમ આપવામાં આવતી હતી. જેમના જીવતરની પળોપળ પર ચોકી-પહેરા ગોઠવાઈ ગયા હતા તેવા આ અખાડાના ગુલામોમાંથી સ્ત્રીપુરુષો મળીને બસો જેટલાઓએ બળવો કર્યો અને ભાગી છૂટ્યા. આ ગુલામોનો આગેવાન થ્રેસ પ્રદેશનો સ્પાર્ટેકસ નામનો એક જુવાન દિકરો હતો. કેં નિબાસકાર 'લુટાર્ક' એનો આકાર અને તેના બનાવોનું વર્ણન કર્યું છે.



કેપુઆનો આ ગુલામોનો સ્પાર્ટેકસનો આગેવાની નીચે જગત જીતનારો રોમન શહેનશાહ સામે યુદ્ધ ફાટી નીકળ્યું. બસો માનવોની પહેલી ટુકડી વીસુવિયસની તળેટીમાં રચ્યા. આ ટુકડીનું નામ સ્પાર્ટેકસે "લીજીઓ લીબેરા

અથવા આઝાદીની ટુકડી" એવું પાડયું. સ્પાર્ટેકસની આગેવાની નીચે આઝાદીની ટુકડીએ પોતાની સંગ્રામ સમિતિની નિમણુંક કરીને શહેનશાહત સામે લડવાની યોજના શરૂ કરી. સ્પાર્ટેકસે આઝાદીના નામમાં આખા ઇટાલીનાં ગુલામોને નાસી છૂટીને વીસુવિયસની તળેટીમાં આવવાની હાકલ કરી.

શરૂઆતમાં રોમન સીનેટે વિસુવિયસને ઘેરો ઘાલીને પોતાની લીજીઅનોને આ બળવાનો નાશ કરવા માટે રવાના કરવા માંડી. પણ આઝાદીની લીજીઅન સામે જગતને જીતનારી રોમન શહેનશાહતની લીજીઅનો પાછી પડવા માંડી અને પોતાનાં શસ્ત્રો તથા મડાંઓને છોડીને ભાગી જવા માંડી. વિસુવિયસ આઝાદીની રણહાક બન્યો. દક્ષિણ ઇટાલીના પ્રદેશો આઝાદીનાં આ લીજીઅનોએ જીતવા માંડયા. આઝાદ નરનારીઓ અને બાળકોનું જે નવું નગર સ્પાર્ટેકસે ઇટાલીની જ ધરતી પર મરણીયા માનવોની તાકાતથી કોતરી કાઢયું તેમાં સો-તેર હજારની સંખ્યા જમા થઈ.

રોમનગરમાં બેઠેલી રોમન શહેનશાહત હવે ચિંતાતુર બની ગઈ. સ્પાર્ટેકસના ગુલામ લડવૈયાની સંખ્યા સવાલાખ સુધી પહોંચી. રોમન શહેનશાહતના જન્મ પછી કદી નહી દેખાયેલો એવો માનવ સમુદાયનો પ્રતાપી દેખાવ ઇટાલીની ધરતી પર દેખાયો. રોમન શહેનશાહતની જીંદગીમાં સૈકાઓ સુધી નહી નિપજેલી એવી સંગ્રામની કરામત આઝાદ માનવોના મહાસેનાની સ્પાર્ટેકસે દાખવી દીધી.

વિસુવિયસનું મથક

પોતાનાં સિંહાસનોમાં હચમચી ઉઠેલી સીનેટે સ્પાર્ટેકસની હિલચાલનો સંહાર કરવા આખા સામ્રાજ્યમાંથી ચુનંદા લડવૈયાઓ બોલાવ્યા. સીનેટના બે કોન્સલોએ લાખોના લશ્કરોની સરદારી લીધી. બે વર્ષના સમય પર વિસ્તાર પામેલા સંગ્રામે રોમનગરના પાયા હલાવી નાખ્યા. એક પછી બીજો વિજય મેળવતો સ્પાર્ટેકસ હવે રોમનગર પર ચઢતો હતો. શહેનશાહતનો મહાસેનાની ક્રેસિયસ અનેક પરાજ્યો પામીને રોમમાં ભાગી આવ્યો હતો. આઝાદીનું વિરાટ કલેવર ધારણ કરીને ગુલામ માનવોનો સમુદાય ઇ. સ. પૂ. ના ૭૧ માં વર્ષમાં રોમનગર પાસે આખરી જંગની ગોઠવણી કરતો હતો.

રોમન શહેનશાહતે સર્વ તાકાત એકઠી કરીને આખરી જંગની સરદારી ક્રેસસ અને પોમ્પીને સોંપી. આ સંગ્રામ શરૂ થતાં પહેલા સ્પાર્ટેકસે પોતાની સંગ્રામ સમિતીની બેઠકમાં એક કેદી બનેલા રોમન સરદારને બોલાવ્યો અને તેને છૂટો કરતાં તેના હાથમાં "ક્રેસસ સર્વીરમ" નામનું એક ઐતિહાસિક ખત આપ્યું. સ્પાર્ટેકસે આ ખત ઉપરાંત હાથીદાંતનો રોમનશાહીના અધિકારનો રાજદંડ એ સરદારને પાછો સોંપ્યો અને કહ્યું કે "રોમન! આ રાજદંડ લઈને

આજે તું મારો રાજદૂત બન અને રોમનગરમાં બેઠેલી તારી સીનેટને મારો આ સંદેશો સુપ્રત કર."

સ્પાર્ટેકસે મોકલેલો "રેકસ સર્વોરમ" નામનો આ સંદેશો માનવજાતની આઝાદીનું પહેલું ઐતિહાસિક ખત હતું. માલિકો જેમને "ઇન્સ્ટ્રુમેન્ટ વોકેલ" કહેતા હતા, તે ગુલામ નામના બોલતા યંત્રનો અથવા ગુલામ માનવસમુદાયનો આ શબ્દ હતો. આ લેખમાં વિરાટમાનવવતી સ્પાર્ટેકસે એકજ માગણી રજુ કરી હતી. આ માગણી એ હતી કે રોમન સીનેટે આખા ઇટાલી પર ગુલામ માનવોને છૂટા કરીને તેમને પોતપોતાને વતન જવાની છૂટ આપવી તથા જે ઇટાલીમાંજ રહેવા માગતા હોય તેમને સમાન માનવો તરીકે રહેવા દેવા.

પેલા રોમન સરદારને પોતાના સંદેશાનું ખતપત્ર આપતાં સ્પાર્ટેકસે સંગ્રામ સંમિતિ વતી કહ્યું કે રોમન, આજે અમારો સંદેશો લઈ જનાર તું અમારો ફ્રીગેટ બનવાને તૈયાર થયો છે તો રોમનગરમાં બેઠેલી સીનેટને અમારા વતી સંભળાવજે કે;

"જગત, તમે રોમનોએ લુંટી આણેલી દોલતના ભપકાથી હવે ત્રાસી ઉઠયું છે. આખા રોમન સામ્રાજ્ય ઉપર ગુલામ બનેલા માનવ સમુદાયો પર ફટકારાતી ચાબૂકોના ચિત્કારનું ગીત હવે જગત સાંભળવા નથી માગતું. તમે રોમન શાસકોએ માનવસમુદાયોની યાતનાઓનું સંગીત સાંભળવામાં જ આજ સુધી આનંદ માણ્યો છે, અને તમે તથા તમારી સ્ત્રીઓએ નશો કરીને તમારા બોળામાં પાળેલા કુતરાઓને પંપાળતાં તમારા એમ્પીથિયેટરોમાં અમારાં રૂધિરની વહેતી નિકોને દેખવામાં મોજ માણી છે. આ રીતે માનવજાતનાં સ્વપ્નોની ક્રૂર હાંસી કરતાં કરતાં તમે બધાં કેવાં ગલીચ બન્યા છો તે દેખવાનું ભાન પણ તમે ગુમાવી દીધું છે. આયાય જગતમાં ચોર અને ડાકૂઓ બનીને તમે તમારી રોમનગરીનો ભપકો સર્જ્યો છે. અને રોમન, આટલું કહીને તારી સીનેટને આ પત્ર આપજે અને કહેજે કે જેને તમે લોકો બોલતું યંત્ર કહો છો તેવા કોઈ એકજ ગુલામનો આ આવાજ નથી. પણ જગતભરમાં ગુલામ બનેલા વિરાટ માનવના સમુદાયના રૂપવાળા બોલતા યંત્રનો આ અવાજ છે. તમારાં ગમે તેવાં લશ્કરો આ અવાજને કદી બંધ કરી શકશે નહિં. આ અવાજ અનંતકાળ સુધી બોલ્યા કરશે અને તમારી બધી કિલ્લેબંધીના દિવાલોને ચીરી નાંખશે."

પછી આખરી સંગ્રામ લડાયો. હજારો ગુલામોનાં શબ રોમનગર અને કેપૂવાનગર વચ્ચે છવાઈ ગયાં. સંગ્રામના ઇતિહાસમાં અતિ વિકરાળ એવો આ સંગ્રામ જગતભરનાં ગુલામ બનેલાં માનવોના મૃતદેહો વડે ઉભરાયો. રોમન

સીનેટનો વિજય થયો. રોમન સામ્રાજ્યના પોમ્પી અને ક્રેસસ નામના મહા-સેનાનીઓ છ હજાર ગુલામોને કેદી તરીકે લઈને રોમનગરમાં પેઠા ત્યાર પછી કેપુઆ નગરથી રોમનગર સુધીના અતિ સુંદર એવા એપિઅન રસ્તા ઉપર છહજાર માંચડા ઠોકવામાં આવ્યા અને તેના પર પેલા છ હજાર ગુલામમાનવોનાં શરીરોને ખીલાઓથી ઠોકી દેવામાં આવ્યાં. ત્યાર પછી પાછાં રોમન સામ્રાજ્યના રાજ્યવહિવટની પાલખીઓ અને રથો આ સુંદર રસ્તા પર વહેવા માંડ્યા.

રોમન આનંદનું અમ્પીથિએટર

એમ્પીથિએટરનું જંગી કલેવર એક સાથે હજારો પ્રેક્ષકોની સગવડવાળું ભય ઉપજાવે તેવું ભવ્ય અને ભપકાદાર નિમાયું હતું. આ એમ્પીથિએટરોમાં રોમન શાસકો અને શ્રીમંતોના આનંદ માટે એકલી સાઠમારીઓના ક્રૂર દેખાવો ઉભરાવા માંડ્યા હતા અને રોમન સમરોરનાં અનેક રૂપો અહીં ઘાતકતાના અતિરેક જેવાં આબેહૂબ બન્યાં હતાં.

પતિત બનેલો શાસક સમાજ અહીં મોતના દેખાવ માટે નશાખોર આવેગ ધરીને એકઠો થતો હતો. જીવનની છેલ્લી પળ પર રહેંસાઈ જતી પશુઓ અને માનવોની જીંદગીની સાઠમારીમાં મોતનાં લોહીઆળ સ્વરૂપો દેખતો અને રાચતો આ શાસક સમાજ ભવિષ્યને ભૂલતો હતો, મોતને ઉપાસતો હતો અને ઘાતકતાનું મૂલ્ય સજતો હતો.

આ એમ્પીથિએટરો હવે પશુઓની મરણઘાતનાઓથી ઉભરાતી લોહીની છોળો વડે શાસકોના આવેગને પૂરતો આનંદ આપી શકતાં નહોતાં. એટલે હવે એમ્પીથિએટરોમાં પશુઓ સાથે ગુલામોની સાઠમારી શરૂ કરવામાં આવી હતી. પરાજય પામેલા દેશોમાંથી ગુલામ બનીને આવી પહોંચેલા દિકરાઓ રોમન શાસનની લોહીની તરસ સંતોષવા માટે રોમન માલિકોની કોઢોમાંથી ગ્લેડિ-એટરનું નામ ધારણ કરીને સાઠમારી માટે હાજર થતા અને અંદર અંદર કપાઈ મરવાની સાઠમારીની ઉજવણી કરતા ખપી જતા. રોમનશાહીની જીંદગીની નાગરિકતાનું આનંદ ઉપભોગનું, એમ્પીથિએટરનું વિશાળ ચોગાન વિશ્વ-માનવતાનું લોહી ચૂસ્યા કરતું. એમ્પીથિએટર પર પડતાં શબ સાંકળોથી તણાઈને મોતના ખાડાઓમાં અલોપ થઈ જતાં. શાસકોના સમાજનો આનંદ ઉત્સવ માનવીના અસ્તિત્વો ઉજાડી મૂકતો, મલિન આનંદની ચિચીયારી કરતો હતો.

ત્યારે "રોમન હોલીડે" નું આવું સોનેરી ટોગાઓવાળું રૂપ સુરજના પ્રકાશમાં જળહળતું હતું, અને હવામાં સંગીતના સુર ઉડતા હતા. સિરિયાથી આવેલાં અત્તરોની ગંધ આ બધાંમાં ભેગી વિહરતી હતી. એવી વિશ્વ ઈતિહાસની

આ પ્રેક્ષકોની આંખો ફરકીને ઊભી હતી. રોમન શહેનશાહતની નાગચૂડમાં સપડાયેલો અને ગ્લેડિએટર બનેલો ગુલામ અવાજ માનવજનતના દેશદેશ પર વેરાયેલા ભંગારમાંથી શહેનશાહતના આ પાટનગર પર શાપ વરસાવતો સાહ-માર્નાના મોતમાં ખપી જતો હતો.

શહેનશાહતનું પતન

આમ રોમન જીંદગીમાં જ્યુપીટર નામનો યુદ્ધનો દેવતા આવા રૂપનો આકાર્ય અને ક્રૂરતાનું રૂપ બનાવીને બેસી ગયો હતો. રોમન શહેનશાહતના



ઉદય એક નહીં પણ અનેક કારણોમાંથી થયો હતો તેમ તેના અંત પણ અનેક કારણોવાળો હતો. આ વિશાળ શહેનશાહતના રાક્ષસી કલેવરને નાશ પામતાં પણ કેટલો મોટો સમય લાગ્યો હતો ! ત્રણ ત્રણ સૈકાઓ સુધી એ નાશ પામ્યા કર્યું. એક જ રાતમાં નહીં બંધાયેલું એવું રોમ એક જ દિવસમાં પડ્યું નહીં. ત્રણસો વરસ સુધી એ પતન પામ્યા કર્યું. આ બધાં વરસોની એની જીંદગી પર યુદ્ધનો ઘાતનાઓજ વરસ્યા કરી. આક્રમણની બધીજ વિશાળ અને જંગી ઘટનાઓનું એવું જ થતું હોય છે. એ વિશાળ અને જંગી કલેવર એકલું અહા-રનાં કારણોથી જ નહીં પણ જ્યારે એની પોતાની અંદરનાં કારણો એનાં હાડના કમકાણને કોરી નાખે છે ત્યારે અંદર અહારનાં એકકાં કારણો એનો અંત બને છે. આ શહેનશાહતના પતનનાં કારણો તરીકે રોમન શાસકલોકનું અત્યાચારી જીવન,

સામાજિક નીતિમત્તાનો સંપૂર્ણ નાશ, એની અંદર ચાલતો વર્ગ વિગ્રહ અને આંતરવિગ્રહ, એનું પતન પામતું વ્યાપારિ પરિબળ, એનો દુરાચારોના જ રૂપવાળો જાલીમ કારભાર, માનવ સમુદાયો પર ગોઠવાઈ ગએલી અને ફાંસા-દોર જેવા કરભાર અને વેઠોની સિતમ ચક્કી, તથા સર્વ સંહારક એવા એના સંગ્રામો વિગેરે કહી શકાય.

આર્થિક કારણો

શહેનશાહતનાં પતનનાં આર્થિક કારણો એના જીવન વ્યવહારમાંથી જન્મતાં ગયાં. આ કારણોમાં પહેલું કારણ ઇટાલીના ખેડૂતોને હાલીઓ અથવા અર્ધગુલામો બનવાની સ્થિતિ હતી. ધીમે ધીમે બેહાખાઉ જમીનદારી નીચે રોમન ખેડૂતો પાયમાલ થઇ જતા હતા અને ખેતી છોડી દેતા હતાઅને સંસ્થા-નોમાંથી દાણો આવતો હતો. સંસ્થાનોમાંથી આવતી લૂંટ પછી કમી થતી જતી હતી. વ્યાપાર પરનાં જોખમો વધી ગયાં હતાં. ઇટાલીમાં આવતા કાચા માલના ઢગલામાંથી પાકી પેદાશ નિપજાવનાર કારીગરો ખતમ થતા જતા હતા. બીજા પ્રદેશો પોતાને ત્યાં પાકા માલ નિપજાવતા હરીફ ઉત્પાદકો પણ બનવા માંડ્યા હતા. લશ્કરોનો ખર્ચ વધ્યે જ જતો હતો. નોકરશાહીનું રૂપ અતિ વિશાળ બની ચૂકયું હતું. સરકારી તંત્ર બિલકુલ સ્વભક્ષક બનવા માંડ્યું હતું. ચલણી નાણું પડવા માંડ્યું હતું. એકતા અને સમાનતાનું રૂપ રોમન સમાજના, આર્થિક વ્યવહારમાં ખતમ થઇ ગયું હતું અને પરસ્પર હકૂમતવાળી ભેદરચના શરૂ થઇ ગઇ હતી. અંદરઅંદરના આર્થિક કલહો ઉગ્ર બની ચૂકયા હતા. રોમન સામ્રાજ્યમાં ગુલામોના બળવા શરૂ થઈ ગયા હતા.

પતિત અર્થકારણ પર જીવતી રાજકીય ભૂતાવળ


અર્થકારણના શબ પર જાણે સૈકા જુની રાજકીય ભૂતાવળ હજુ હચ-મચ્યા કરતી હતી, અને મોત પામવા પહેલાંનો સન્નિપાત જગાવતી હતી. આ રાજકીય સ્વરૂપનો ઉદય તો સમાન રોમન અધિકારમાંથી શરૂ થયો હતો પણ આજે સર્વભક્ષક બનેલા જાલીમ કારભારે તેમાંથી બધી સમાનતાને શોષી લીધી હતી. રોમન નાગરિકનું આરંભમાં હતું તેવું નાગરિકરૂપ હવે રહ્યું નહોતું. હવે તો એ રૂપમાંથી બધી નાગરિકતાનો સંસ્કાર ખોવાઈ ગયો હતો અને એકલાં શસ્ત્રો જ રહ્યાં હતાં. શસ્ત્ર એકલું જ જેનો શણગાર હતો, તેવું રોમન રાજ-કારણ એકલા યુદ્ધનું જ રાજકારણ બની ચૂકયું હતું. આ રાજકારણે હવે અંદરઅંદરના યુદ્ધને કયારનું ય આરંભી દીધું હતું. સીનેટ નામની સર્વોચ્ચ રાજકીય સંસ્થા હવે ફોરમની વ્યાસપીઠ પર શસ્ત્ર બનીને કેવળ ચેષ્ટાઓ જ

કરી શકતી હતી. ઇટાલીનો અંદરનો રાજકારભાર કાગળ પર જ ચાલુ રહ્યો હતો. લશ્કરી સરદારો જ્યાં સરદારો હતા ત્યાંના પ્રદેશ પરના સ્વચ્છંદ શાસકો તેઓ બનવા માંડ્યા હતા. અંદરના આવા અંધેરમાં શહેનશાહતના બધા રક્ષણ બ્યુહ ખુલ્લા થઈ ગયા હતા. અને બધી દિવાલો, બહારના કોઈપણ ધક્કા નીચે પતન પામવાને તૈયાર ઉભી હતી.

બહારનાં આક્રમણો

ત્યારે બહારનાં આક્રમણ પણ આવા પહોંચ્યાં. રોમન સરહદો પર ગોથ લોકોનું દબાણ આવી પહોંચ્યું અને ઈ. સ, ૩૭૬ માં તેમને મોએશિયાના પ્રદેશ પર વસવા દેવામાં આવ્યા. પણ ત્યાં રોમન શહેનશાહતના જુલીમ કારભાર સામે તેમણે બળવો કર્યો અને રોમન લશ્કર એડ્રીઆનોપલ આગળ પરાજય પામ્યુ. ઈ. સ. ૪૦૦ માં એલેરીક આલ્પસ પર્વતમાળા ઓળંગીને ઇટાલી પર આક્રમણ કર્યું અને ઈ. સ. ૪૧૦ માં રોમ નગરને તારાજ કર્યું. ઈ. સ. ૪૫૫ માં રોમ નગર પર વાન્ડાલ આક્રમણ આવી પહોંચ્યું. પાછું રોમ પતન પામ્યું. ઇ. સ. ૪૫૧ માં હુણનું આક્રમણ એટીલાની આગેવાની નીચે રોમન શહેનશાહતના ઇટાલી દેશની તારાજી કરતું આવી પહોંચ્યું.

ત્યારે રોમન શહેનશાહત પોતે રોમમાં તો હતી જ નહીં. મરણ પામી ચૂકેલી આ શહેનશાહતનું મડું કોનસ્ટેનટાઇન નામના શહેનશાહે પોતાના



નામવાળા પૂર્વમાં નવા વસાવેલા કોનસ્ટેન્ટીનોપલમાં બેસાડ્યું હતું. પણ પશ્ચિમ પ્રદેશમાંથી તો રોમન શહેનશાહત સંપૂર્ણ અંત પામી ચૂકી હતી.

અગિઆર સૈકાઓ પછી

રોમન શહેનશાહતની જીંદગીના અગીઆર સૈકાઓ વહી ગયા પછી એક રાતના રોમનગર સળગતું હતું, અને ઠંડુ પડતું હતું. પણ ગોથ આક્રમણ થયા પછી રોમનશાહીની જીંદગીના બારસોને સાતમા વરસે પાછું રોમ સળગતું હતું. રોમન શહેનશાહતના ઇતિહાસના સૈકાઓમાંથી સીઝરોના અનેક આકારો ઉભા થઈ જતા સળગતા રોમને જાણે દેખતા હતા. ઇતિહાસનું આ પ્રાચીન કબ્રસ્તાન શહેનશાહતના આખરી સમયે ઉધડી જઈને જાણે દંતકથા પર ચઢેલી રોમનગરના ઉદયની વાત દેખતું હતું. રોમ્યુલસે એને જનમાવ્યું હતું અને એના જન્મદાતાની સામે પેલેટાઇનની ટેકરીઓ પર ત્યારે બાર ગીધ દેખાયા હતા.

રોમન શહેનશાહતના પાટનગરના અંતનો આ સમય, વિષાદનું મૌન ધારણ કરતો હતો. ઇતિહાસની કલમ શોક કે આનંદની છાયા વિના તવારીખો નોંધતી હતી કે, 'સામ્રાજ્યોનાં પતનમાં ઘણાં કારણો હોય છે, અથવા તો આ બધાં કારણો, શહેનશાહત નામના એક મહા કારણનાં જ પરિણામો હોય છે.'

રોમન શહેનશાહતની પ્રાપ્તિ-વ્યવસ્થા અને કાયદો

રોમન શહેનશાહતની સૌથી મોટી પ્રાપ્તિ આખા જગતને અથવા ભૂમધ્યના જગતને યુદ્ધો વડે જિતવાની હતી. ભૂમધ્ય જગતને એણે પોતાના શાસન ચક્ર નીચે જકડી લઈને આ જગતમાં જે કોઈ સંસ્કારવર્તન કે સંસ્કૃતિનાં વ્યવહાર સ્વરૂપો હતાં તે સ્વરૂપોમાંથી આ વિજયી શહેનશાહતે પોતાને માટે બધાં યુદ્ધ સાધનો જ ધારણ કરી લીધાં અને એણે આ ભૂમધ્યજગતને તરવારની અણી નીચેની એકચક્રી દમનની વ્યવસ્થામાં પરોવી દીધું. આ વ્યવસ્થા સામ્રાજ્યવાદી વ્યવસ્થા હતી. આ વ્યવસ્થાએ ભૂમધ્યજગતને પોતાનું સંસ્થાન બનાવી દીધું. શહેનશાહતની વ્યવસ્થાની તાકાતનો વારસો એણે પશ્ચિમના જગતને દીધો. આ વ્યવસ્થાના ગ્રંથો ભણીભણીને, યરોપના દેશો હવે શાહીવાદી રૂપની વ્યવસ્થા રચવામાં પાવરધા બનવાના હતા. પશ્ચિમના જગતને આ રોમન શહેનશાહતનો વ્યવસ્થા શક્તિનો અથવા વ્યવહારના પદાર્થ પાઠનો સામ્રાજ્યવાદી વારસો મળ્યો

આ વ્યવસ્થાનું જ સ્વરૂપ રોમન કાનૂન હતો. સરકાર ચલાવવાની કળા અથવા વ્યવહારનું શાસ્ત્ર રોમન કાયદાશાસ્ત્ર બન્યું. આ કાયદાશાસ્ત્રનો ઉદ્‌ભવ એકજ રાતમાં કોઈએ પંડિતાઈ વડે લખી નાખીને નહોતો કર્યો. કાનુનનું રોમનરૂપ, રોમન શહેનશાહતે કરેલા માનવજાત સામેના અનેક અપરાધો અત્યાચારો અને કતલોમાંથી નિર્માયું હતું. રોમન કાનુનનું આ આરંભનું સ્વરૂપ સમાન રોમનોની લોકશાહીનું હતું. પછી એક પછી બીજાં રૂપાંતરો કરતો

રોમન શહેનશાહતનો વ્યવહાર સરકારી વ્યવહારમાંથી રોમન કાનુનોને સર્જતો હતો. આ વ્યવહારે પૂર્વ અને પશ્ચિમમાં સંહારો મચાવ્યા અને તેને સંસ્કૃતિ કહી. એણે નગરોમાં રણવેરાન સરજ્યાં અને તેનું નામ શાંતિ પાડયું. એણે માનવ સમુદાયોને શૃંખલાઓમાં જકડી લઈને ભયાનક એવાં કિડાંગણોનાં તેમને માટે દેશ પરદેશમાં નગરકાગાર રચ્યાં અને તેને આનંદમંગળના ઉત્સવો કહ્યા. પણ એણે આ સૌમાંથી જંગલી દશામાં જીવતા આખા યરોપખંડપર પાશવતાનું રૂપ ધરીને, યરોપ નામના જંગલમાં વ્યવસ્થાને કોતરી કાઢી અને ભૂમધ્ય જગતને એ વ્યવસ્થાનું કાયદાશાસ્ત્ર એનાયત કર્યું.

આ કાયદા અને વ્યવસ્થામાંથી ધીમેધીમે યરોપે મિલકતની સાચવણીનું, અંદરની સલામતિનું તથા વ્યવસ્થિત જીવનનું સામાજિક તંત્ર ઘડવા માંડ્યું. આ તંત્રના બધા તાણાવાણા રોમન શહેનશાહતે દિધેલા જીવનના વ્યવહારના પદાર્થ પાઠમાંથી ઘડાવા માંડયા.

અતિ પ્રાચીન સંસ્કૃતિઓનું સંગ્રહસ્થાન

રોમન શહેનશાહતની પ્રાપ્તિમાં બીજી એક મૂખ્ય બાબત એ બની કે એણે ચીન, ભારત, ઈજીપ્ત, ગ્રીસ અને બેબીલોન તથા કારથેજની સંસ્કૃતિનાં બધાં સાધનો, કળાઓ, અને આવડતો તથા જ્ઞાન-વિજ્ઞાનોને એકઠાં કરીને શત્રુઓના બળ વડે પોતાની પાસે જકડી રાખીને પછી એ બધું એણે યુરોપને દઈ દીધું.

આ શહેનશાહતના પાશવી સ્વરૂપને લીધે, કળા કે કારીગિરી, જ્ઞાન કે વિજ્ઞાન, તથા ઉદ્યોગ કે યંત્ર આવડતમાં કશો સુધારો થઈ શકયો નહીં. એ બધું જેવું હતું તેવું એણે યરોપની ઉગતી પ્રજાઓને, પૂર્વના મહાન દેશોના પોતે જીતી લીધેલા વરસાના રૂપમાં ખૂબ વ્યાપક અને વિશાળ બનાવીને એકઠા કરેલા સંગ્રહસ્થાનના રૂપમાં દીધું.

રોમન જીવનવ્યવહારે શિક્ષણમાં પણ કશી નવી શોધ કરી નહીં, પણ એણે જે હતું તે શિક્ષણરૂપ વ્યાપક બનાવ્યું. એણે અધિકારી મિજાગથી અભ્યાસક્રમો બનાવ્યા અને વિદ્યાર્થી જગતમાં સોટીનો ચમકારો સજાવી દીધો.

એણે કલા કે શિલ્પકલામાં કશું નવું ઉમેર્યું નહીં. એણે કમાનો કે ઘૂમ્મટો પણ નવા ઘડયા નહીં પરન્તુ જે હતું તેને પોતાની તાકાતનો પરચો દઈને જંગી અને જાજરમાન રૂપમાં જમાવી દીધું.

એણે ચિંતનની કોઈ નવી શાખા શોધી નહીં કે સાહિત્યની કોઈ નવી કવિતાનું પદ રચ્યું નહીં અને વકતૃત્વ કળામાં નવીનતા ઉમેરી નહીં. એણે આ બધામાં જે કંઈ હતું તેના રૂપમાં, અવાજનો રણકાર અને છટાનો અધિકાર દાખલ કર્યો.

સંસ્કૃતિને ઇતિહાસે ભેટ દિધેલો રોમન કાનૂન

રોમન સંસ્કૃતિનું રૂપ મુખ્યત્વે વહિવટી તંત્રનું સામ્રાજ્ય સ્વરૂપ હતું. આ સામ્રાજ્યના સ્વરૂપે સામાજિક જીવન વ્યવહારના બંધુભાવમાં કોઇ મૂલ્ય દિધું નહીં અને આ સ્વરૂપ જીવન વ્યવહારના પાયા જેવા વૈજ્ઞાનિક વ્યવહાર રૂપના વિકાસમાં પણ કોઇ નવી શોધ આપી શકયું નહીં. છતાં એણે સામાજિક શાસ્ત્રમાં એક નવો જ વ્યવહારપાઠ ઇતિહાસની પ્રયોગશાળામાં ઘડીને અને પોતાના જીવનના વહિવટમાં ધારણ કરીને જગતને એનાયત કર્યો. આ પાઠનો આરંભ એણે રોમન જીવનમાં પેટ્રીશિયનો અને પ્લેબિયનો નામના બે વર્ગો વચ્ચે ચાલતા કલહમાં અને એ કલહને પહેલાં બળ વડે દાબી દેવાની અને પછી સમાધાન વડે સમજી લેવાની અને દબાવીને પોતાના જીવન વહિવટમાં ગોઠવી લેવાની કળાના વહિવટી જ્ઞાનથી શરૂ કર્યો. ત્યારપછી આ પદાર્થ પાઠને એણે પારકા દેશોને જીતીને તેમને પરાધીન બનાવીને તમનું શોષણ કાર્ય કરવાના સામ્રાજ્યના વહિવટી વ્યવહારમાં યોજી દીધો.


આ પદાર્થ પાઠનું સત્વ બનાવીને રોમન સંસ્કૃતિએ ભવિષ્યનાં સામ્રાજ્યોને કામ આવે તેવો રોમન કાનૂન ઘડયો. આર્થિક મિલકતને ધારણ કરનારાઓ તથા રાજકીય હકુમતનું શાસન ચલાવનારાઓએ સમાજ પર પોતાનો અધિકાર ચાલુ રાખવાની કળા આ કાનૂનને કાયદામાં ભરીને આલેખી.

રોમન કાનૂન પ્રમાણે મિલકતના હક્કો અને શાસનના અધિકારો સૌ અધિકારોમાં ઉચ્ચ અને સનાતન લેખાયા. આ અધિકારના રોમન સ્વરૂપની ત્યારની સૌથી મોટી મિલકત ગુલામ નામનો માનવ સમુદાય હતો. આ સમુદાયને પોતાના જીવન વહિવટની સર્વાંગી પકડ નીચે રાખવાની તમામ તરકીબોને આ કાનૂને કાયદા અને વ્યવસ્થાની સાચવણી કરનારા એક માત્ર ઇન્સાફ તરીકે સ્થાપિત કરી.

પરન્તુ રોમન કાનૂનનું આ ઇન્સાફી સ્વરૂપ ઇતિહાસનો માનવ જીવનવ્યવહાર ફેંકી દેવાનો હતો. આ ઇન્સાફનો કાનૂન અને વ્યવસ્થા ઘડનાર રોમન સામ્રાજ્ય હવે જગત પરથી નાશ પામી ગયું હતું છતાં વીસમા સૈકા સુધી ઇતિહાસમાં આવનારા નવાં સામ્રાજ્યો અને તેમનાં વહિવટી તંત્રો માટે રોમન કાનૂન, નિશાળોના અભ્યાસક્રમો માટે નક્કી થઇ ગયો. રોમન કાનૂનની અભ્યાસ પોથીઓની અનેક નકલો છપાઇ અને નવાં સામ્રાજ્યોની વિદ્યાપીઠોએ આ કાનૂનની આવડતપર વકીલાતની વિદ્યાપ્રવૃત્તિને સંસ્કૃતિના વિદ્યાભ્યાસમાં દાખલ કરી દીધી. રોમન શહેનશાહતના અંત પછી "પેકસ, રોમાના"ને બદલે પેકસ બ્રિટાનિકાનું નૂતન નામ ધારણ કરનારી ઇતિહાસની ઔદ્યોગિક સામ્રાજ્યવાદી ઘટનાનો રોમન કાનૂન વારસો બન્યા.

[પ્રાચીન સમયનું ધર્મરૂપ—પ્રાચીન ઇતિહાસનું વિજ્ઞાનરૂપ —સંસ્કૃતિનું પ્રાચીન ઘર—વિજ્ઞાનરૂપનો નૂતનજન્મ-વિજ્ઞાનરૂપની નિરપેક્ષતા—વિજ્ઞાન હિલચાલનો ગ્રીક ઝંડાધારી—ઇસાઈ સંઘની અગ્નિપરીક્ષા—રોમનગર હવે વિશ્વનગર નહોતું-રોમન સામ્રાજ્યના ભંગારમાંથી જન્મેલું જગત—મધ્યયુગી અંધકારનાં પડળ— અંધકાર સામેના પડકાર સમો ઇસ્લામનો ઉદય—ઇસ્લામનું ઉત્થાન]

બધે પથ્થરયુગ જેવા આરંભકાળમાં માનવસમુદાયોએ, વિજ્ઞાનઘટનાના પાયારૂપ એવું પ્રાથમિક ટેકનિક અથવા ક્રિયાવિધાન શરૂ કર્યું હતું. આ સ્વરૂપ પદાર્થમાંથી શરૂઆતનાં સાધનોના આકાર ઘડવાનું હતું, અને અગ્નિના ઉપયોગનું હતું. આ સ્વરૂપ જંગલમાં અને વેરાનોમાં પ્રાણીઓના સ્વભાવો અને ટેવોનું તથા વનસ્પતિઓની ક્રિયાઓનું અવલોકન કરવાનું પણ હતું. આ જમાનામાં જ



માનવ માનવ વચ્ચેનો સહકાર સંબંધ, ભાષાના પ્રારંભના પરિચયમાં અને શરૂઆતના ચિત્રકામમાં શરૂ થઈ ચૂકયો હતો.

પછી ગ્રામઘટકો પણ બીજા તબક્કામાં શરૂ થયાં. આ ગ્રામજીવનો જીવન-વ્યવહારનો પાયો શરૂઆતનું ખેતીનું સ્વરૂપ બન્યો. આ ખેતીના જીવનવ્યવહારની આસપાસ ખેતીના ક્રિયાવિધાનની સાથે વણાટકામ, માટીકામ, ચિત્રકામ તથા ધર્મના પ્રાથમિક રૂપવાળા ક્રિયાકાંડો શરૂ થયા.

આ ક્રિયાકાંડોની દોરવણી કરનારા ભુવાઓ ત્યારના સમાજના આગેવાનો જેવા હતા. માણસના શરીરની ક્રિયાઓ અને બહારના જગતમાં થતી ક્રિયાઓ પર અસર કરી શકવાનો પ્રાથમિક જીવનનો જાદુના રૂપવાળો આ નમ્ર આરંભ હતો.

આ આરંભની ક્રિયાઓ આપોઆપ અને અજ્ઞાતરીતે શરૂ થઈ પરન્તુ આસ્તેઆસ્તે પદાર્થવાસ્તવતાનાં અવલોકનોના આપોઆપ શીખાતા પદાર્થપાઠ તેમાં ઉમેરાતા ગયા. આ રીતે માનવસમાજની પ્રાથમિક જીવનદશા, જગતની વાસ્તવ ક્રિયાઓ સાથે સહઅનુભૂતિનું રૂપ ધારણ કરવા માંડી.

જાદુઓ, ભૂવાઓ અને દેવદેવીઓ

માનવીના પ્રાથમિક જીવતરમાં શરૂ થઈ ચૂકેલું આ વિચારરૂપ કહેવાય. આ વિચારો અથવા વ્યાખ્યા હજુ સિદ્ધાંતો નહોતા બન્યા પણ મતાગ્રહનું રૂપ ધારણ કરતા હતા. આ માન્યતાનું રૂપ એ હતું કે બહારના પદાર્થ જગત પર "સ્પીરીટસ" અથવા સત્વો અસર કરી શકે છે. આ સત્વોની અથવા "સ્પીરીટ" ની કલ્પનાનો આરંભ સ્વપ્નોના દેખાવોમાંથી અને મોત પામવાની હકીકતને નહીં સ્વીકારી લેવાની સહજ એવી ઇચ્છામાંથી થયો હોવો જોઇએ.

ટોળાંઓના મરણ પામેલા આગેવાનો અને વડવાંઓ મરણ પછી પણ "સ્પીરીટ" અથવા "સત્વરૂપ" ધારણ કરીને જીવતાં રહેતાં હોય છે તેવા પ્રાથમિક દશાના ખ્યાલ બંધાવા માંડ્યા. આ સત્વોનું રૂપ શરીરને છોડી ગયા પછી પણ જીવતું રહેતું જીવરૂપ છે એવું મનાવા માંડ્યું. આ જીવરૂપો અદૃશ્ય રહીને જગત પર ક્રિયાઓ કરી શકતાં હોવાનો ખ્યાલ પ્રાથમિક દશાનું ધર્મ-સ્વરૂપ બનવા માંડ્યો. આ સત્વો, જીવરૂપો, આસ્તેઆસ્તે દેવદેવીઓ પણ થવા માંડ્યાં તથા તેમની અંદર જાદુઓ કરી શકવાની શક્તિનાં આરોપણ થવા માંડ્યાં. આવા ધર્મઘટનાના આરંભરૂપે મનુષ્ય અને સ્પીરીટો, કે સત્વોની વચ્ચે અને પછીથી દેવદેવીઓની વચ્ચેનાં અનુસંધાનો અને સંપર્કો સાધનાર તથા દેવદેવીઓવતી વાત કરી શકનાર એવો એક ભુવાઓનો વર્ગ ઉભો કર્યો.

ધર્મરૂપનો આરંભનો આવો દેખાવ, 'સત્વ' અથવા 'સ્પીરીટ' થી શરૂ થયો. આ સ્પીરીટ અથવા 'જીવ' ની કલ્પના સાથે પછી કુદરતી ક્રિયાઓ-માંથી પણ અને શરીરના રોગમાંથી પણ સ્પીરીટો અને સત્વોના તરંગો આકાર ધરવા લાગ્યા અને ધર્મના ક્રિયાકાંડો તેની પાછળ વણાવા લાગ્યા. આ બધાં તરંગરૂપોની મુર્તિઓ પણ ઘડાવા લાગી. આ મૂર્તિઓના અનેક આકારો બન્યા અને સૌની આરાધના અથવા પુજાઓની ક્રિયાઓ પણ નક્કી થવા લાગી. આ બધાં દેવદેવીઓ અથવા દેવતાઓમાં પણ પછી ઓછી અને વધારે તાકાતવાળાં દેવતાઓના વર્ગો થયા. આ સૌની મનુષ્યો પરની અને અંદર અંદરની ક્રિયાઓની કથાઓ પણ ભુવાઓ મારફત માનવ સમાજની માન્યતાઓનું તરંગીરૂપ ધારણ કરવા લાગી. આ રીતે ત્યારના જગતમાં થતી પદાર્થક્રિયાઓ કુદરતની ક્રિયાઓ અને મનુષ્યના શરીરની ક્રિયાઓ સાથે પણ સત્વોના તરંગો-વાળું શરૂ થએલું ધર્મરૂપ વણાઇ જવા માંડ્યું.

વિકાસ પામતા પ્રાથમિક જીવનની ક્રિયાઓ આ રીતે વાસ્તવિક સમજણ અથવા વૈજ્ઞાનિક સમજણ તરફ ગતિ કરવાની ગડમથલ કરતી આવું તરંગરૂપ ધારણ કરવા માંડી હતી. આ તરંગરૂપો સત્વો અથવા દેવતાઓ બનીને મનુષ્યના પ્રાથમિક જીવનવ્યવહારમાં ઓતપ્રોત બનવા માંડ્યાં હતાં. ખૂબ ધીમેધીમે, આ સત્વો અને દેવતાઓ, સાચી વાસ્તવિકતાની સમજણ અથવા વિજ્ઞાનના ઉદ્ભ સાથે, પદાર્થક્રિયાઓ બની જઈને શમીજવાના હતા.

વિજ્ઞાનનો વિકાસ

આજે જીવનના વ્યવહારે જ એક સમયના અગ્નિદેવને પદાર્થની ક્રિયા તરીકે, રજુ કરી દીધો છે. વરુણ અથવા શિતળા નામના એક સમયના દેવતાને, રોગનું જંતુ બનાવીને વિજ્ઞાને તેને આજે પ્રયોગશાળાની ટેસ્ટટ્યુબમાં દાખલ કરી દીધો છે. પરન્તુ વિજ્ઞાનનો આજે છે તે વિકાસ પોતાનું ખૂબ ઝાંખુ એવું રૂપ તો પ્રાચીન સમયથી ધારણ કરતો હતો, પરન્તુ તે ખૂબ ધીમો હતો. વિજ્ઞાનની આવી ઘટનાનો વિકાસ એક દિવસમાં નથી થયો. આજનો હજારો વરસનો વિશ્વ-ઇતિહાસ એક રીતે કહીએ તો વિજ્ઞાનનો જ ઇતિહાસ છે. માનવ સમાજના વાસ્તવજગત સાથેના જીવનના વ્યવહારનું વિજ્ઞાનરૂપ હજારો વરસની જીવન વિકાસની અને સંસ્કૃતિનો પાયો બનેલી, વિજ્ઞાન નામની ઘટના છે. આ વિજ્ઞાનઘટનાનું આરંભનું રૂપ અતિ પ્રાચીન સમયમાં શરૂ થયું ત્યારે ધર્મરૂપમાં સેળભેળ થઈ ગએલું હતું. તેનું ત્યારનું સ્વરૂપ જાદુનું રૂપ હતું, અને કુદરતનાં રહસ્યોનું બીતું બીતું અવલોકન કરતું હતું એટલે કુદરતને અંધ રીતે આધીન હતું, અને વ્યવહારમાં કેવળ કુદરત સાથે જ બંધાયલું હતું.

પ્રાચીન ઇતિહાસનું વિજ્ઞાનરૂપ

પદાર્થમાંથી કુદરતપર કાબુ મેળવવાનાં પ્રાથમિક સાધનો બનાવીને માનવ-સમુદાયે જીવનની પોતાની પ્રાથમિક દશા શરૂ કરી. આખો પત્થરયુગ આ સાધનાની સાક્ષી પૂરે છે. આ સાક્ષી જેવાં આ યુગજીવનનાં સાધનો અને હથિઆરો છે. આ સાધનો અને હથિઆરો પોતે મનુષ્યના વિજ્ઞાનનો આરંભ છે. યંત્રશાસ્ત્ર અને પદાર્થ વિજ્ઞાનનો આમાં નમ્ર આરંભ દેખી શકાય છે. અગ્નિની શોધમા અથવા ઉપયોગમાં રસાયણ વિજ્ઞાનનો અતિનમ્ર એવો પ્રારંભ પારખી શકાય છે. આ પ્રાથમિક જીવતરમાં જ પ્રાણીઓ અને વનસ્પતિઓનાં શરીરોના અવલોકનમાંથી અને તેમની ક્રિયાઓના સહજજ્ઞાનમાંથી પ્રાણીજીવન વિજ્ઞાન, જન્મ પામતું આપણે કલ્પી શકીએ છીએ. ટોળાબંધ જીવતો આ પ્રાથમિક સમાજ પરસ્પરના સંપર્કમાં સામાજિક સહકાર અને સહચારના સાધન જેવી બારાખડી અને શબ્દો બોલવા માંડયો છે, અને શિક્ષણ ક્રિયાના પ્રારંભ સમાં ચિત્રો દોરવા માંડયો છે તથા ક્રિયાકાંડો કરવા માંડેલો આપણે પ્રાથમિક દશામાં જ દેખી શકીએ છીએ.

આ પ્રાથમિક દશાનો આરંભ શિકારી સમાજના સ્વરૂપવાળો છે. આ શિકારી સમાજનો જીવનવ્યવહારનો કાબુ શિકાર બનતાં પ્રાણીઓ ઉપરનો છે. આ કાબુનું સ્વરૂપ શિકાર કરવાનું છે.

પ્રાણીઓને નિપજાવવું કે તેમનું પાલન કરવાનું આ સ્વરૂપ નથી, પણ પછી માનવ ઇતિહાસમાં એટલે માનવ જીવનવ્યવહારમાં ક્રાન્તિ આવી પહોંચી આ ક્રાન્તિના સ્વરૂપે માનવ વ્યવહારના સામાજિક રૂપમાં ક્રાન્તિકારી પલટો આણી દીધો. શિકારજીવનના અર્થકરણમાં તંગી આવતાની સાથે એ ફટોકટીને ટાળવા માનવસમાજે ખેતીવાડીવાળું જીવન શરૂ કર્યું.

આ નૂતન જીવનવ્યવહારનું પાયાનું રૂપ, શિકારપર જ આધાર રાખવાને બદલે પશુપાલનનું અને પશુનિપજનું બન્યું. આ ક્રાન્તિકારી ફેરફારે કુદરતમાંથી ઉગી નીકળે તે જ ભાજીપાલો ખાઈને જીવવાને બદલે, ધાન્યને નિપજાવવાનો અથવા ખેતી કરવાનો વ્યવસાય આરંભ્યો. આ વ્યવસાયે માનવજીવનને વસવટ કરવાનું સ્થાયીરૂપ દીધું

આ ક્રાંતિએ મનુષ્ય અને કુદરતનો સંબંધ નવા પાયા પર મૂકી દીધો. આ જીવન વ્યવહારથી મનુષ્યને કુદરત અને પ્રાણીઓની ઉત્પાદન ક્રિયાનું વૈજ્ઞાનિક ભાન થવા માંડ્યું.

આ ઉપરાંત ખેતીના નવા વ્યવસાયમાંથી બીજાં ક્રિયાવિધાનો અથવા 'ટેકનીક'નું મનુષ્યને જ્ઞાન થવા માંડ્યું. વાવેતરથી માંડીને તે ઉગવાની ક્રિયાઓ

ઉપરાંત ભણવાની અને દળવાની તથા પકવવાની ક્રિયાઓ ઉપરાંત વણવાની અને માટીનાં વાસણો બનાવવાનો અને ઝૂંપડાં બાંધવાની ક્રિયાઓ એણે જીવન વ્યવહારમાંથી સંપાદન કરવા માંડી. સંસ્કાર અને સંસ્કૃતિની આવી નવ્ર શરૂઆત પાલક અને ઉત્પાદક જીવનમાં શરૂ થઈ. આ નૂતન જીવન વ્યવહારના પાયામાંજ, મનુષ્યની ક્રિયાનું નવું વૈજ્ઞાનિકરૂપ કેવળ કાર્ય અથવા શ્રમક્રિયાને બદલે શ્રમકાર્ય નામનું બન્યું. શ્રમકાર્યનું સ્વરૂપ તરતજનાં પરિણામો સાથે જોડાવાને બદલે દૂરનાં પરિણામો સાથે જોડાયું. દાખલા તરીકે શિકારી જીવનની શ્રમક્રિયા તરત જ ખાઇ જવાની ક્રિયા અથવા તરતજની પરિણામ ક્રિયા સાથે જોડાયલી હતી. પરંતુ હવે વાવેતરથી માંડીને તે ખાવાનું પકવવા સુધીની ક્રિયાઓ અને પરિણામો દૂરના સમયમાં આવવાનાં પરિણામો અથવા ભવિષ્યના સમય સાથે જોડાય છે. આ પરિણામોની ક્રિયાઓએ મનુષ્યની ક્રિયાને યોજનાવાળી બનાવી તથા શ્રમને શ્રમકાર્યનું સ્વરૂપ એનાયત કર્યું.

જીવનવ્યવહારના જ્ઞાનરૂપ અને વિજ્ઞાનરૂપ તરફ આગળ વધવાનો આ આરંભ સમય હતો. પરંતુ આ નૂતનરૂપમાં શિકારી સમાજમાં હતી તેવી જંગલની દશાના શિકારના રોમાંચક અનુભવો અને મિજબાનીઓના સાહસિક જલસાઓ ઓછા થઈ જતા હતા. આ દશામાં જ માનવસમાજ જ્ઞાનનું ફળ ચાખતો હતો. બાઇબલની અંદરનો પ્રાથમિક સમાજ આ જ્ઞાનનું ફળ ચાખતાં, જંગલના શિકારી સ્વર્ગમાંથી પતન પામતો હતો.

પણ આ પતન નહોતું. ગ્રીક સાહિત્યમાં વર્ણવાયલું આ સ્વરૂપ જ્ઞાનના નૂતનજ્ઞાનના ઉદયવાળું પ્રોમીથીયસની કથામાં આલેખાયું. મનુષ્યે, પ્રાણીજગત અને વનસ્પતિજગતને પોતાના વ્યવહારની ક્રિયાની પ્રયોગશાળામાં લાવી દઇને, જ્ઞાન અને વિજ્ઞાનની આરાધના શરૂ કરી.

વિશ્વસંસ્કૃતિની યોજના

જીવનવ્યવહારનો આવી વૈજ્ઞાનિક ઘટનાના ખેતીરૂપને પાયો બનાવીને સરિતાઓની સંસ્કૃતિઓ આપણી પૃથ્વી પર વિકસવા માંડી. આ સરિતાનાં મથકો પર નગરરૂપ રચાવા માંડ્યાં. આ નગર સંસ્કૃતિઓમાં, ખેતીવાડીના જ વિકાસ માટે કૂવાઓ ખોદવાનું, રસ્તાઓ બાંધવાનું અને નહેરો બાંધવાનું જીવન-વિજ્ઞાન આરંભ પામ્યું. વિજ્ઞાન અને સંસ્કૃતિનાં આ સંસ્કારધામો, ઇજીપ્તમાં નાઇલ નદી પર, ભારતમાં સિંધુ નદી પર, ટાઇગ્રીસ અને યુફ્રેટીસ પર ઓકસસ અને પીળી નદી પર તથા યાંગત્ઝી અને વોલ્ગા નદી પર સૌથી પહેલાં શરૂ થયાં.

આ નગરો, સંસ્કૃતિનાં કારણો નહોતાં પણ પરિણામો હતાં. ખેતીના જીવનવ્યવહારે અનેક વ્યવસાયોને જન્મ આપ્યા હતા. આ વ્યવસાયો આ નગર સ્વરૂપોમાં યોજનાપૂર્વક એકઠા મળતા હતા. આ નગર રૂપની સાથે આસ-પાસનાં ગ્રામઘટકો જીવન વ્યવહારની એકતાનાં એકમો બનીને જોડાતાં હતાં. આ બધાં એકમોમાં શરૂ થયેલાં દેવતાઓ આ નગર રૂપમાં રચાવા માંડેલા સૌથી મોટા દેવતાના સૌથી મોટા ભગવાનની પ્રતિમાની હકુમત નીચે આવતાં હતાં. આજસુધીના બધા ભુવાઓ પણ હવે નગરમાં હકુમત ધરાવતા, પુરો-હિતોની હકુમત નીચે આવતા હતા, તથા જાદુઓ જેવું ધર્મનું રૂપ ધર્મ સંસ્થાનો આકાર ધારણ કરતું હતું. વસવાટ અને વ્યવહારની ક્રિયાઓ પણ હવે માનવસમુદાયમાં નગર રચનાના જીવનવ્યવહારમાં વર્ગો જન્માવતી હતી. કારીગરો અને વેઠીયાંઓ તથા ગુલામોના વર્ગો ઉપરાંત વેપારીઓનો વર્ગ પણ વિકાસ પામવા માંડ્યો હતો.

સરિતા સંસ્કૃતિનું સંસ્કારરૂપ

એવું પ્રાચીન સંસ્કૃતિનું આ સ્વરૂપ જીવનવ્યવહારનાં સાધનોવાળું ત્યારના જ્ઞાન અને વિજ્ઞાનના પાયા પર ઉભું. ઈ. સ. પૂર્વે પાંચ હજાર વરસ પર ઇજીપ્ત અને સિંધુનાં નગરોમાં નિપજેલાં ખુરશી ટેબલો, રમકડાંઓ, વાસણો, ઈંટો, નહેરો, ઘરો, દિવાલો, પ્લાસ્ટરો, કપડાંઓ વગેરે જીવનઘટનાના સાધનસાજ આજની જીવનઘટનાનો પણ સાધનસાજ છે. આ બધાં સાધનોને પાયા તરીકે રાખીને જ આપણે તેમાં સુધારા કર્યા છે. આ ઉપરાંત ત્યારની જીવનઘટનાએ આરંભેલાં જીવન વહિવટનાં તમામ સામાજિક સ્વરૂપો, અને સંસ્થાઓને પાયા તરીકે રાખીને જ આજસુધીના બધા વહિવટોએ સુધારા કર્યા છે. આ પાયાઓ જેવાં સંસ્કારઘરો, પ્રાચીન જગતના પૂર્વના રાષ્ટ્રોમાં શરૂ થયાં. ભારત, ઇજીપ્ત, બેબીલોનીયા વગેરે સંસ્કૃતિનાં મૂલ્યોની પારખ કરનાર અને આ મૂલ્યોને સાચવનાર, સંધરનાર અને તેના પર મરામત કરનાર ગ્રીક દેશે પણ પ્રાચીન સમયના, ઇ. સ. પૂર્વેના બારસોમા શતકથી સાતમા શતક સુધીમાં પોતાની ઘટનામાં સંસ્કાર વ્યવહારના પાયારૂપ વૈજ્ઞાનિક વિચારણાને આરંભી દીધી હતી.

ગ્રીક સંસ્કૃતિની વિશિષ્ટતા

અતિ પ્રાચીન સંસ્કૃતિઓની સ્થિતિ ચૂસ્તતા આ નૂતન ઉત્થાન પામતા ગ્રીસ દેશ પર આવી શકી નહીં કારણ કે તે ઇજીપ્ત બેબીલોન અને સિંધુનાં નગરોથી અલગ બનીને, અતિ પ્રાચીનતાની સંસ્કૃતિની તારવણી કરી શકે તેટલો દૂર ઉભો હતો. આવી તારવણી કરતો અને અતિ પ્રાચીન સંસ્કારના વ્યવહારમાં

જે માનવજીવન માટે મૂલ્યવાળું માલમ પડે તેનો સ્વીકાર કરતો અને તેનું સમાર કામ કરતો, આ રાષ્ટ્ર દરિયાઈ તાકાતને ધારણ કરીને ઊભો હતો.

એટલે જ એસીરીયાના લશ્કરવાદ જેવો ઈરાનનો આર્યલશ્કરવાદ, જગત જીતવા નીકળતી શહેનશાહત બનીને ગ્રીક ધરતી પરના સંસ્કાર સામે સંહારનો ધસારો બનીને આવ્યો ત્યારે પણ ગ્રીસના ઉત્પાદનરૂપ સામે અથડાઈને પાછો પડ્યો, તથા ગ્રીક લોકશાહીએ સંસ્કારની ઘટનામાં આઝાદીનું રૂપ ઉમેર્યું. ગ્રીક સંસ્કૃતિએ, અતિ પ્રાચીન સંસ્કૃતિઓનાં મૂલ્યો લઈને જ માનવ વ્યવહારનું સંસ્કારરૂપ પોતાને ત્યાં ઘડવા માંડ્યું હતું પરન્તુ તેણે આ ઘડતરમાં પોતાની નવીનતાને પણ દાખલ કરી. આ નવીનતાનું રૂપ વિજ્ઞાન રૂપ હતું. એણે વિજ્ઞાન રૂપની વિચારણાના પાઠ હિંદ ભૂમિ પર જઈને શીખવા માંડ્યા હતા. ભારતની ભૂમિ પર ગૌતમબુદ્ધે આદરેલો વૈજ્ઞાનિક વિચારણાનો પાયો અને તેનો સંઘ વ્યવહાર એણે નજરોનજર દીઠો હતો. ગ્રીસની ધરતીપર ચિંતનના રૂપને વૈજ્ઞાનિક પાયાપર મૂકે તેવા ગ્રીક મહાનુભાવો ભારતના કણબૂકોનો અને ખગોળ તથા ગણિતશાસ્ત્રીઓનો સંપર્ક સાધીને પાછા ગ્રીસમાં આવી પહોંચ્યા અને ભારતની ભૂમિપરની બ્રાહ્મણ હકુમત જેવું અતિ પ્રાચીનતાનું સ્થિતિચૂસ્તરૂપ, ગ્રીક ધરતીપર ન હોવાથી આ નૂતન તાજગીવાળી કોરી પત્થરપાટીપર સંસ્કારના મૂળાક્ષર ઘૂંટવા માંડેલી ગ્રીક માનવતાએ વિજ્ઞાન રૂપનો એક આગળનો પદાર્થપાઠ ભણવા માંડ્યો.

વિજ્ઞાન રૂપનો નૂતન જન્મ

આ પદાર્થ પાઠ મંત્રોનો મુખપાઠ કરવાનો નહોતો પણ બુદ્ધિની શુદ્ધિના વ્યવહારને જ જીવન વ્યવહાર બનાવવાનો વૈજ્ઞાનિક વ્યવહારનો પદાર્થપાઠ રોજબરોજના જીવનકાર્યમાં ઘડવાનો હતો. આ પદાર્થપાઠ મનુષ્યને તરંગોથી વિજ્ઞાનમાં લઈ જનારો પદાર્થપાઠ હતો. આ પદાર્થપાઠનો વિજ્ઞાન રૂપવાળો વ્યવહાર ગ્રીક સંસ્કૃતિ ઘડી શકી કારણ કે ગ્રીક ઇતિહાસના જીવને, જે સંસ્કૃતિને પોતાને ત્યાં જન્માવી હતી તે તેણે પોતાને માટે શોધી કાઢી હતી. આ શોધ સાથે એટલે જ એનું સ્થિતિચૂસ્ત મમત્વ બંધાયું નહોતું કે મડાગાંઠ બાંધી શકી નહોતી પણ પોતાને પ્રાચીન જગતમાંથી જે જડ્યું હતું તેમાંથી મૂલ્યની પારખ કરીને એણે મૂલ્યને જ પોતાના જીવન વ્યવહારમાં મઢવા માંડ્યું હતું. આ મથામણ અને મઢામણ સાથે એટલે જ એણે શોધકની રીત પ્રમાણે પૃથક્કરણ કર્યું. આ પૃથક્કરણ કરતાં કરતાં, સવાલ જવાબો કરતાં કરતાં, સારાસારની વિવેક ક્રિયા કરતાં કરતાં જે જરૂરી, ઉપયોગી અને મૂલ્યવાન માલમ પડ્યું તેજ ગ્રીક સંસ્કૃતિએ ધારણ કર્યું.

આ ધારણ ક્રિયામાં એણે જગતની ક્રિયાઓ સમજવા માટે મૂકાયેલાં જાદુઈ જમાનાની અવૈજ્ઞાનિક દંતકથાઓ અને પરી કથાઓ તથા વહેમો અને અંધમાન્યતાઓનો ઇન્કાર કર્યો. આ ધારણ ક્રિયાએ આરંભથી જ સીધું-સાદું જીવન અંગીકાર કરીને સમજણને પોતાનો ભોમીયો બનાવીને આગળ વધવા માંડયું. સમજદાર વ્યક્તિનું વ્યક્તિત્વ આ માનવ સમુદાયની સરદારી લેવા માંડયું અને દેવદેવીઓ તથા તેમની સંસ્થાઓ, માનવવ્યક્તિત્વના ભાન-રૂપની સકારણતાના સ્વરૂપને ગુંગળાવી શકયાં નહીં. ભાનરૂપની આ સકારણતા વાસ્તવવાદી અને વિજ્ઞાનવાદી બની.

છતાં વિજ્ઞાનનું રૂપ નિરપેક્ષ રહ્યું :

છતાં ગ્રીક ધરતી પર વિકસવા માંડેલી વૈજ્ઞાનિક વિચારણા જીવનવ્યવ-હારમાં વૈજ્ઞાનિક ક્રિયાવિધાનો માટેનું "ટેકનીક" ધારણ કરી શકી નહીં. આ વૈજ્ઞાનિક વિચારણા વિચારનાં સ્વરૂપોનેજ ધારણ કરીને ગણિતશાસ્ત્ર, ભૂમિતિ, અને ખગોળમાં જ અટવાયા કરી. વિચારણા તર્કશાસ્ત્ર અને પ્રમાણશાસ્ત્રની ઘટનાને જ ભારતીય ન્યાયશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રની જેમ એ ઘડી શકી. આ વિચારણાએ માનવ વ્યવહારના રોજબરોજના સામાજિક સંબંધ રૂપોને પ્રમાણ શાસ્ત્રની પકડથી જ સકારણ બનાવવાનો પ્રયત્ન કર્યો. આ વિચારણા પદાર્થની અથવા કુદરતની ક્રિયાઓના વૈજ્ઞાનિક પ્રયોગો કરી શકી નહીં પણ આખું જગત અથવા અસ્તિત્વ સકારણ છે એવું પ્રમાણશાસ્ત્ર ઘડી શકી, અને વિજ્ઞા-નના રૂપને જાળવી રાખી શકી. ભારતીય જીવનઘટના આવા વૈજ્ઞાનિક વિચાર રૂપ સુધી તો પહોંચી જ શકી હતી પરન્તુ હિંદુ જીવનઘટનાના હાડમાં બ્રાહ્મણ હકુમતનો અંધ અને સામાજિક અંગચ્છેદ કરનારો ભેદરૂપવાળો, કીડો, દાખલ થઈ ગયો હતો તથા તેને કોરી ખાતો હતો.

એટલે વિજ્ઞાનરૂપની ભાવજત કરવાની તાકાત તેણે ગુમાવી હતી. પરન્તુ નિરપેક્ષ એવા વિજ્ઞાનરૂપ પર ગ્રીક જીવનવ્યવહાર પણ પોતાના કારભારનું મજબૂત અને ટકી શકે તેવું કલેવર ઘડી શકયો નહીં. સકારણતા ને, વિચાર રૂપમાં જ સંધરી રાખીને, સ્ત્રીઓ અને ગુલામોની બાતનાઓ પર સંસ્કૃતિની ઇમારત ઘડીને ગ્રીક જીવનવ્યવહાર પણ મહાન પેરીકલિસના સમયની ભવ્યતા પર એક જ દિવસ ચઢી જઈને, ઇતિહાસની એક પળ સુધી જ્યોતિર્મય બનીને પરસ્પરના સંહારની ગાદવારસ્થલીમાં ઉતરી પડયો. ત્યારપછી યુરોપીય વિજ્ઞાનનો પાયો બનવા આ જ્યોતિર્ધર દેશ શમી ગયો.

આજના વિજ્ઞાનનો ગ્રીક ઝંડાધારી

ગ્રીક સંસ્કૃતિનું આવું નિરપેક્ષ છતાં વૈજ્ઞાનિક વિચારરૂપ, વિજ્ઞાનના વિકાસ માટેની આરંભની રેખાઓ, વિજ્ઞાનના પ્રયોગમાટેનું ક્રિયાવિધાન તથા વૈજ્ઞાનિક

પરિભાષા પોતાની પાછળ મૂકતું ગયું. દેશકાળ પદાર્થનું શરીરરૂપ, મનુષ્યનું શરીરરૂપ અને જગતનું ઘટનારૂપ આ ગ્રીક વિચારણાએ વૈજ્ઞાનિક છતાં નિરપેક્ષ એવી ઢબે હાથ ધર્યું. આ રીતે પોતાની શોધખોળને અંતે એને જે પરિણામો અથવા ઉકેલો હાથ લાગ્યા તેમાં તર્કશાસ્ત્રની નિરપેક્ષ પ્રમાણસરતા, અને ભૂમિતિશાસ્ત્રની રેખાઓની સુંદરતા ઉપરાંત વિજ્ઞાનનાં બીજાં મૂલ્યો ઉતરી શકયાં નહીં. છતાં પ્રાચીન જગતની વિજ્ઞાનની તેજ ધારાને આ ગ્રીક જીવન જાળવી રાખી શકયું. પછી ગ્રીક જગત પર રોમન આક્રમણ આવી પહોંચ્યું. જીવન વ્યવહારની બધી સુંદરતા આ આક્રમણે પશુની ઢબથી છેદી નાખી. આ આક્રમણે ગ્રીક ભાણુતરનાં બધાં મૂલ્યોમાંથી આખા જગત પર ધસારા લઈ જવાની ભૂમિતિનો જ આદર કર્યો અને જગતને વધારે વિશાળ બનાવવાના રસ્તાઓ કોતરી નાખ્યા. રોમન આક્રમણે સકારણતાને સંહારી નાખીને જ્યાંને ત્યાં, જીવનવ્યવહારને પોતાનો ગુલામ બનાવવા, રોમન પ્રમાણુ શાસ્ત્રનો કાનૂન ઘડી નાખ્યો. અને કાયદાની પ્રમાણસરતાનું રૂપ પોતાના શાસનના અધિકાર માટે ઘડયું. રોમન આક્રમણનાં અનેક સ્વરૂપો નીચે જગતભરના માનવ સમુદાયો, અને સકારણ જીવનની બધી વિચારણાઓનાં વિજ્ઞાનરૂપો કચડાયા કર્યાં. માનવજીવન વ્યવહારમાં વૈજ્ઞાનિક મૂલ્યનું જીવનરૂપ એ હજાર વરસ જેટલું પાછું હટી ગયું.

ઈટાલીમાં, ઈસાઇ સંઘની અગ્નિપરિક્ષા

ઈસાઈધર્મ, હજુ હમણાં જ ધર્મ બનવા માંડયો હતો. આ ધર્મના સિદ્ધાંતો સીધાસાદા નૂતન વર્તનને રોજબરોજના વ્યવહારમાં ધારણ કરીને રોમનગરમાં દાખલ થઈ થયા હતા અને નૂતન જીવનનો આવાહક અવાજ બનતા હતા. પોતાના પ્રદેશ પર રોમન કાનૂન પ્રમાણે રોમન સામ્રાજ્યે આ અવાજને ક્રૂર બનીને દેહાંત દંડો દેવા માંડયા હતા. આ સમયમાં જ રોમન સામ્રાજ્યના ઓગસ્ટસ નામના મહાન શહેનશાહના મરણ પછીનો ઓગસ્ટાલિયા નામનો, મહા ઉત્સવ ઇટાલીના 'ગોલ' નામના પ્રદેશમાં લીઓન્સ નામના પાટનગરમાં ઉજવાતો હતો. આ મહા ઉત્સવના રંગરાગમાં અનેક પશુઓ અને ગુલામોનો વધ થઈ ગયા પછી પોતાને ઇસાઈ કહેવડાવનાર અને શાંતિથી મોતને ભેટનાર થોડાંક નવીજ જાતનાં બળવાખોરોને ઉત્સવમાં હાજર કરવામાં આવ્યાં. વિશ્વ ઇતિહાસની ઉષ્મા જેવા પચાસ સત્યાગ્રાહીઓને અત્યંત ઘાતકી રીતે મારી નાખવામાં આવ્યાં. એટાલસ નામનો એક રોમન આ ઈસાઈઓનો આગેવાન હતો. આ એટાલસને અંગારા ઉપર બેસાડીને જીવતો શેકી નાંખવામાં આવ્યો. આ સત્યાગ્રહીઓમાં બ્લાન્ડીના નામની એક ગુલામ છોકરી હતી. આ છોકરીને એમ્પીથિયેટરમાં આખો દિવસ રગડીને તેને માંસનો એક લોચો બનાવી દેવામાં

આવી. આ નવી જાતનાં માનવો મરતાં મરતાં મારાઓને આશિષ દેતાં જતાં હતાં. ઈ. સ.ની એની ત્યારની નાતાલ આવી અને પસાર થઈ ગઇ. આ નાતાલ પણ અનેક નાતાલો ની જેમ આપભોગના અનેક અવધિઓમાંથી પસાર થઈ. હવે સેંકડો અને હજારોની સંખ્યામાં ગુલામોના રહેઠાણ કરતાં બદતર એવી કોઢોમાં ઇસાઈઓને પૂરવામાં આવતાં હતાં તથા તેમનાં માથાં કાપી નાંખવામાં આવતાં હતાં. મેકસીમિયન શહેનશાહે સામ્રાજ્યના એકેએક ભાગ પર ઇસાઇઓનો સંહાર કરવાની ઝડપ વધારી દીધી હતી. આ ઇસાઇઓને માંસ લટકી પડે ત્યાંસુધી ફટકા મારવામાં આવતા હતા. ત્યારપછી તેમના ઘા પર મીઠાનું પાણી રેડી માંસના ટુકડાઓ કાપવામાં આવતા હતા. પછી તેમાંથી પશુઓને બિજવાની આપવામાં આવતી હતી. શહેનશાહતના નામ પર માનવ જાતના અનેક શાપો વર્ષાવતી દીલ કંપાવનારી આ ઘાતકતા પણ આખરે થાકી જતી હતી અને પરાજય અનુભવતી હતી. આ સંહાર છતાં ઇસાઇઓતો વધતાં હતાં અને મૂર્તિ પૂજાવાળું ગલીચ જગત અંત પામતું હતું. એક ઈશ્વરની આરાધનાવાળી નૂતન સંસ્કૃતિ જુડિયામાં પ્રથમવાર જન્મીને પૂર્વના મહાન દેશોમાંજ નહી પરંતુ જંગલી ગણાતી યુરોપની ધરતી પર પણ પોતાને વિકસવાની જમીન સુંઘવા માંડી હતી.

વિશ્વઇતિહાસની આ નવી રોશનીએ ઇસાઈ આવાજમાં જાહેર કર્યું કે સત્યાગ્રહીઓના રૂધીરના બુંદ જે જે ધરતી પર પડયા છે ત્યાં ત્યાં માનવબંધુતાની નૂતમ સંસ્કૃતિના એ બુંદ, બિજકો બની ગયા છે. શહિદોએ સંહાર પામી પામીને મૂર્તિપૂજાથી ગલીચ બનેલી આ ધરતી પર સંસ્કારના બીજનું વાવેતર કર્યું છે. આ વાવેતર કરનારાં સૌ ઇસાઈ માનવીઓ પર ચાર ચાર સૈકાઓ સુધી સીઝરોએ સમશેરો ચલાવ્યા કરી પણ આખરે ઇસાઇઓ સામેના સીઝરોના સંગ્રામમાં સમશેરો પાછી પડી અને સીઝરો પરાજય પામ્યા. ઇસ્વીસનનો આરંભ કરીને જિસસ નામના એક અકિંચન અને અદના માનવીએ સીઝર નામના શહેનશાહ સાથે શરૂ કરેલો સતનો સંગ્રામ ચાર સૈકાઓ પછી વિજયવંત બનેલો પૂરવાર થઈ ચૂકયો. આ સંગ્રામમાં સીઝરનું પતન થયું અને ઇસુનો વિજય થયો.


ઈટાલીનું રોમનગર હવે વિશ્વનગર નહોતું

રોમન સામ્રાજ્યના પતનના સમયમાં અને ઇસાઈ સંસ્કારના ઊદયના સમયમાં ત્યારના જગતમાં ઇસાઇઓ નામના મહામાનવો રોમનગરમાં આવી પહોંચ્યા હતા. તેમણે માનવો માનવો વચ્ચેના બંધુભાવનો તથા એક ઈશ્વરની આરાધનાનો નવો સિદ્ધાંત સંબોધવા માંડયો હતો. હજુ પણ પોતાના નગરને

વિશ્વનું પાટનગર માનતા રોમનો આ વિચિત્ર જેવાં માનવોને દેખવા ટોળે વળતાં હતાં. કેવાં વિચિત્ર આ માનવો હતાં ? એ સૌ જણી જોઇને ગરીબ બન્યાં હતાં, તથા નમનતાથી બોલતાં હતાં. ગરીબાઇ, સાદાઇ, નમનતા અને બંધુતા ધારણ કરીને રોમનગર વિશ્વની મહારાણી નહોતું બન્યું તે વાતની રોમને ખબર હતી. જે વર્તન ધારણ કરીને રોમન જીવન, જગતનું માલિક બન્યું હતું તે વર્તનનો જ આ ઈસાઈ માનવો ઇન્કાર કરતાં હતાં અને મૂર્તિઓનાં નામમાં નહિ પણ એક ઈશ્વરના નામનાં વાત કહેતાં હતાં કે જિસસ ભગવાનનો દિકરો હતો અને સૌ માનવો ભગવાનનાં જ સંતાનો છે. પછી રોમનગરની હકુમતે આ વિચિત્ર માનવોનો વધ કર્યા કર્યો. પણ દરેક નવી નવી નાતાલે તેમની ગેરકાયદેસર વસ્તી ગણતરી વધ્યા જ કરી. પછી તો રોમનગરમાં તેમનું ભોમભિતર અનેલું જીવન જામી ગયું હતું. એ સૌ પોતાના આગેવાનને બાપા અથવા પપ્પા કહેતાં હતાં. આ પપ્પાએ પછી પોપનું નામ ધારણ કર્યું. ધીમે ધીમે પોપ ઇસાઇઓના આચાર્યો અથવા પાદરીઓ બન્યા અને સૌથી વડો પાદરી અથવા પોપ રોમનગરની ઇસાઇ સંસ્થાનો પોપ કહેવાયો. જિસસની માનવ ધર્મની વિચારણાનો પાયો પામેલા આ ધર્મે ધર્મવડાને પિતા કહ્યો.

રોમન સામ્રાજ્યના ભંગારમાંથી જન્મેલું જગત

જ્યારે વિશ્વ ઇતિહાસમાં સૌથી મોટું એવું રોમન સામ્રાજ્ય પતન પામવા માંડ્યું ત્યારે તેના ભંગારમાંથી જગત પર સામંતશાહીનું અનેક રજવાડાઓના



અનેક રાજ્યોવાળું અને અનેક જમીનદારોની સામંતશાહીવાળું જગતનું સ્વરૂપ નિપજવા માંડ્યું હતું. આ સામંતશાહીનો જમાનો અનેક ટુકડાઓમાં અને અનેક વંડીઓમાં વહેંચાઈ ગએલા જગત પર જેને ઇતિહાસકારોએ "એજ ઓફ ફેઇથ" તરીકે ઓળખ્યો છે તેવો અંધશ્રદ્ધાના સામંતશાહી યુગ તરીકે શરૂ થયો. સામંતશાહીનો આ યુગ અંધકાર યુગ તરીકે ઓળખાયો. આ જમાનામાં સાતસો વરસ પર જન્મેલો ઈસાઈ ધર્મ અને

ગૌતમબુદ્ધની વિચારણામાંથી બનેલો બુદ્ધધર્મ તથા તાજે આવેલો ઇસ્લામ ધર્મ પણ અંધશ્રદ્ધાના આ સામંતશાહી યુગના અંધકારમય અખાડાઓ બનીને જગત પર પથરાઈ ગયા. આ અંધારાયુગમાં ભારતની ધરતી પર બુદ્ધની વિચારણાનો લય થઈ ગયો અને હિંદમાં હિંદુધર્મનો અંધકાર નિખીડ બની ગયો.

અંધકારનાં મધ્યયુગી પડળ નીચે ભારતદેશ

આખા જગતને પોતાના કફન નીચે લપેટી લેતાં અંધકારનાં પડળને પાછાં ઠેલવા ભારતની મહાન ધરતીપર મૌર્ય ચક્રવર્તિ ચંદ્રગુપ્ત અને બ્રાહ્મણ અમાત્ય ચાણક્યે ભગીરથ પ્રયત્નો કર્યા. આ ચંદ્રગુપ્તનાજ પૌત્ર અશોકે શહેનશાહતોના ઇતિહાસમાં પહેલીવાર માનવધર્મના શાસન વ્યવહારને વિશ્વઇતિહાસના ગૌરવ જેવો ઉજવળ બનાવ્યો. છતાં આ ઉજવળીતા લાંબો સમય ટકી શકી નહીં. આજ અરસામાં હિંદુધર્મની બ્રાહ્મણ ધટનાએ આક્રમણ કર્યું. આ આક્રમણના સ્વરૂપે બુદ્ધની વિચારણામાંથી અને સંઘના માનવધર્મ વ્યવહારમાંથી સુધરવાના પ્રયત્નો પણ શરૂ કર્યા. આ સુધારણામાં પાછું ગણિત શાસ્ત્ર અને ખગોળ શાસ્ત્ર વિજ્ઞાનનો પ્રકાશ ધારણ કરીને ઓપી ઉઠયાં. આર્યભટ્ટ અને વરાહમિહીરની શાસ્ત્રીય સાધના ફરી પાછી અભ્યાસ ક્રમ બનીને અભ્યાસની શાસ્ત્રીયતાનું રૂપ ધારણ કરવા માંડી અને એલીફન્ટા અને ઇલોરાનાં સૌંદર્ય સ્વરૂપો, સંસ્કારનાં સાથી જેવાં ઘડાયાં.

અંધકારના પડકાર સમો ઇસ્લામનો ઉદય

એજ અરસામાં રોમન સામ્રાજ્ય પછી જગત પર ઉતરતા અંધકારના પડકાર સમો ઇસ્લામનો ઉદય, ઈ, સ. ૬૩૨ ના સમયમાં ઉગતા સૂરજનું તેજ ધરીને પ્રકાશી ઉઠયો. આ પ્રકાશના ઘોડાપૂરે જૂના જગતનાં બધાં દેવદેવીઓને પોતાના ઘસારા જેવા સાવરણા વડે વાળી નાખીને એક અલ્લાહનો બાંગ પુકારી. સમશેર ધારણ કરેલી આ સંસ્કાર હિલચાલે માનવ માનવ વચ્ચે બંધુભાવની મુનિયાતની જાહેરાત કરીને આ પૃથ્વી પરજ સ્વર્ગ ઉતારવાની આગાહી આપી. આવી સીધી સાદી જાહેરાતને એણે કુરાન નામની ચોપડામાં કવિતા જેવી જબાનમાં લખી નાખી.



આ મહાન જાહેરાતવાળી સંસ્કારી ધર્મઘટનામાં દેવળો કે પાદરીઓની જરૂર નહોતી. આ નૂતન ધર્મઘટનાએ એક ધર્મ અદાલતની જ સ્થાપના કરી. મસ્જીદ નામની આ અદાલતમાં માનવમાત્રને સમાનભાવે, એક અલ્લાહની યાદ નીચે ન્યાસમતાનો ઉદ્‌ઘોષ કરવા આવાહન અપાયું. આ ઉદ્‌ઘોષ કરનાર પ્રાચીન જગત પછીના મધ્યયુગી જગતના સંસ્કારના સમર્થ આગેવાન મહમદ પયગંબરે શિલ્પકલાની મના કરી હોવાનું મનાય છે. આ મના પાછળ, રખે મૂર્તિ-પૂજનો મલિન સંગ થઈ જાય તેવી બીક પણ હશે, અને અરબસ્તાનનાં રણ વેરાનમાં શિલ્પ કલાનું સ્થાનપણ નહીં જેવું જ હતું. પરન્તુ મહમદની આગેવા પામીને અલ્લાહની યાદ જ્યાં બાંગ પૂકારતી હતી તેવી મસજીદો શિલ્પકલાના સૌંદર્યથી મઢાવા માંડી. કલાનું રૂપ મઢવામાં ઈરાન સૌથી મોખરે રહ્યું. સોનેરી છાપરાવાળી, દિવાલોના સુંદર કોતરકામ વાળી, આરસના અનેક સ્તંભોવાળી નિશાપુરની મસજીદ ભવ્ય હતી અને હીરાટની મસજીદની સુંદરતા અદ્‌ભુત મનાતી હતી. મુર્તિઓ-માંથી મુર્તિપૂજા તરફની બીકને લીધે ઈસ્લામના કલાકારોએ કલાનું રૂપ એકલા શણગારના સ્વરૂપમાં વિકસાવ્યા કર્યું, અને અનેક જાતની નકશીઓ કોતર્યા કરી.

એવો ઈસ્લામનો સંસ્કાર, પૂર્વ પ્રદેશોનું બધા સંસ્કાર ધનનું નજરાણું ધરીને પશ્ચિમ યુરોપના ઉત્થાનને આરાધતો ઈરાનના ઉંબરા પરથી નુતન સંસ્કૃતિની જીવનસંધ્યા બનતો હતો. પિરામીડો પરનાં પાંચ હજાર વરસ કરતાં ઈરાની ઉંબરા પરના પાંચ સૈકાનો સમય પશ્ચિમના ઉત્થાનનો, સૌથી મોટો કલાગુરૂ બનીને, ઉમર ખ્યામના કવનમાં કહેતો હતો, કે, 'દિલને દિલાવર બનાવીને, આ પારસિક ખંડમાં જીવન વસંતને અમે ઉજવીને, ઉજવણીએ, ઉજવણીએ અમે ધરતીના અંતરમાં ઉતરતાં જઈએ છીએ, અને કોને માટે, તમારે જ માટે અમારાં જીવનવાહન મૂકતાં જઈએ છીએ.'

ઈસ્લામનું વિજ્ઞાન—ઉત્થાન


ઈસ્લામના ઉદયે રોમન સામ્રાજ્યનાં ભંગારમાં જગત પર વેરાયલાં પડેલાં સંસ્કાર મૂલ્યોને, ભારતમાંથી, ઇરાનમાંથી, ગ્રીસમાંથી, વીણી વીણીને અને આ મૂલ્યોમાંથી માનવધર્મની ન્યાય સમતાને ધારણ કરીને જુના જગતની બધી વૈજ્ઞાનિક વિચારણાને એકઠી કરીને તેની અંદર ઘૂસી ગએલાં અવૈજ્ઞાનિક તત્ત્વોને દૂર કરવા માંડ્યા હતાં તથા તે માટે સમરકંદને વાપરવા માંડી હતી.

જેને પોતાનું નામ લખતાં પણ નહોતું આવડતું એવો એક વખતનો નિરક્ષર એવો આરબ માનવસમુદાય સંસ્કૃતિઓની શાળા બનાવીને ભણવા બેસી ગયો. ઈસ્લામની સંસ્કાર પ્રેરણા પામેલા ઈબ્નસીના, અલ્કીન્દી, રઝીઝ, જેવા વૈજ્ઞાનિકોનાં નામ પ્રકાશ પામ્યાં. યુરોપ પર પથરાયેલાં ઇસાઇ દેવળો અને પાદરીઓના અંધારા પડછાયાઓને ઈસ્લામે વિજ્ઞાનના નામમાં પડકાર કર્યો. ઈસ્લામના ઝંડા નીચે નવા વિકસેલા વેપારી સમાજે અને ખલિફાઓએ વિદ્યાના વ્યાસંગને પોતાના વહિવટનું મુખ્ય અંગ બનાવ્યો.

૧૭ પ્રાચીન ઇતિહાસનો સાગર-સમ્રાટ અને શિક્ષક, ફિનીશીયા.

જગતનો જૂનો સાગર-સમ્રાટ—ફિનીશીયા

ઇજીપ્ત અને મેસોપોટેમીઆ પછીથી સંસ્કૃતિનો દેખાવ ભૂમધ્યના કિનારાની દોઢસો માઇલ લાંબી અને દશ ડગલાથી માંડીને વધારેમાં વધારે ૩૫ માઈલ પહોળી એવી પટ્ટી પર ત્યારે ક્યારનોએ દેખાવા માંડયો હતો. ભૂમધ્યના કિનારાનો આ જમીનની પટ્ટી જેવો પ્રદેશ વાણિજ્ય સંસ્કારનું શિખર બનીને પોતાનાં જહાજોની શઢની પાંખો ફફડાવતું ત્યારના જગતની બધી દિશાઓના પ્રદેશોનાં કમાડો ઠોકતું પ્રાચીન જગતનું વેપારી સામ્રાજ્ય બનવા માંડયું હતું. પટ્ટી જેવા કિનારાનો આ પ્રદેશ આફ્રિકાના પશ્ચિમ કિનારેથી દૂર દૂર એક છેડે એટલાંટિકના ટાપુ પર અને બીજે છેડે ભારતના ચિનાબ અને રાવીનાં નગરો સુધી વાણિજ્ય રૂપવાળાં પોતાનાં ફિનીશીઅન જહાજોને લઈને પ્રાચીન જગતમાં પોતાના વેપારી સામ્રાજ્યનો વાવટો ફરકાવતું હતું.



વાણિજ્ય સંસ્કૃતિનું આ રૂપ વિજેતાની જેમ દીપી ઉઠયું, અને વ્યાપારની ઝડપ ધારણ કરીને એણે આખા જગતને જાણે જીતવા માંડયું. વાણિજ્ય સંસ્કારના આ વિજયે ત્યારના જગતને એક જગત બનાવ્યું તથા જુદા જુદા પ્રદેશોની રીત ભાતો અને વર્તનના વ્યવહારોને તેણે એકબીજાના સંસર્ગમાં આણી દીધા.

ફીનીશીયાએ એ રીતે ઇતિહાસમાં પહેલીવાર પૃથ્વીનો શોધ કરવાનું સાહસ રૂપ ધારણ કર્યું. એણે આફ્રિકાની પ્રદક્ષિણા કરી. ફિનીશી આની ધરતી પર સાગર ખેડવાની જાણે પહેલી નિશાળ શરૂ થઈ.

હવે ઇતિહાસ સાથે પ્રાચીન જગતની ભૂગોળ પણ નવી બનવા માંડી હતી. નવા નવા ટાપુઓ પર્વતો અને પ્રદેશોનાં નવાં નવાં નામ પડવા માંડયાં હતાં. માણસોના સમુદાયો આજસુધી બહુ જ મોટી સંખ્યામાં ધરતીના પટ પર ફરતાં હતાં. હવે આગળ વધતા ઇતિહાસમાં સાહસિકોએ ખલાસીઓનું

રૂપ ધારણ કર્યું હતું. આ બલાસીઓ ખુલ્લા સમુદ્રોમાં ઝંપલાવતા હતા. આ લોકોની સાહસ કથાઓ આપણા ઇતિહાસે સંઘરી નથી પણ ત્યારના અણખેડેલ પ્રદેશો પર આ સાહસિકો ફરવા માંડયા હતા. આ સાહસિકોનાં ડૂબી જતાં જહાજો અથવા તેમનાં શબો જતાં શબોની કોઇપણ નિશાની સમુદ્ર પોતાની સપાટી પર રહેવા દેતો ન હતો. આ સાહસિકો પોતાની સફરને અટકાવ્યા વિના આકાશની અંદર સીમા ચિહ્નો શોધતા હતા તથા તારાઓના અભ્યાસ કરીને સમુદ્રની સપાટીને સમજતા હતા. આવી સફરો ખેડનારા વિશ્વઇતિહાસના રાજદૂતો જેવાં ફિનીશીઅન જહાજો હતાં. આ ફિનીશીઅન જહાજો ઇ. સ. પૂર્વે ૨૦૦૦ વર્ષ પર મેલકાર્ટના સ્થંભો આગળ અટકવાની ના પાડતાં હતાં. મેલકાર્ટ ફિનીશીયાના ટાયર નામની નગરીની દીવાલો બાંધનાર એક મોટો ફિનીશીઅન ઇજનેર હતો. "હવે કોઇ આગળ વધશો નહિં" એવું ભયચિહ્ન બતાવવા એણે એક સમુદ્રના એક ખડક પર મોટા સ્થંભો ઉભા કર્યા હતા. એણે આ સ્થંભો પર મોટા અક્ષરે લખ્યું હતું કે "અહિંથી અટકી જાઓ."

ફિનીશીયન જહાજો ત્યાં આગળ પણ અટકયાં નહીં અને તેમણે અજ્ઞાત જગતને શોધી કાઢવા અનંત એવા મહાસાગરમાં પ્રયાણ કર્યું. આ લોકો સેમીટીક જાતના યહૂદી જેવા લોકો હતા. આ ફિનીશીયનોનો પ્રદેશ ભૂમધ્યના કિનારાનો પ્રદેશ હતો. પોતાના આ કિનારાના પ્રદેશ પર તેમણે વહેપારના કિલ્લા જેવાં બે મોટાં નગર બાંધ્યાં હતાં. એક નગરનું નામ ટાયર હતું અને બીજાનું નામ સિડોન હતું. આ બન્ને નગરો મોટાં વેપારનાં મથકો હતાં. વાણિજ્યના આ મોટાં મથકોમાંથી લાલસમુદ્રમાં અને ઠેઠ ભારતની સિંધુ નદી સુધી તેમનાં જહાજો જતાં હતાં. જીબ્રાલ્ટરને પેલે પાર તેમણે સિસીલી સાથે વેપાર ખેડવા માંડયો. પશ્ચિમના સમુદ્રોમાં ગ્રીસ, ઇટાલી અને સ્પેનની ધરતી પર તેમણે પ્રવેશ કર્યો હતો. પ્રાચીન ઇતિહાસના આ રાજદૂતો જેવાં આ વેપારી જહાજો જગતને મોટું બનાવતાં હતાં, તેના નવા નકશાઓ દોરતાં હતાં તથા નવા નવા પ્રદેશો પર પોતાના વેપારનાં મથકો ઉભાં કરતાં હતાં. આ મથકોને તેઓ સંસ્થાનો કહેતાં હતાં.

વિશ્વઇતિહાસની વાણિજ્યની સંસ્કૃતિના આ સોદાગરો હતા. વિશ્વઇતિહાસના જીવનવ્યવહારના સ્વરૂપોની આપલે કરનારા આ રાજદૂતો એ એમની જીવન ઘટનામાં એમણે સ્વીકારેલું મૂલ્ય સુવર્ણનું અને નફાનું હતું.

યુરોપને આલ્ફાબેટ દીધી

આ સોદાગરોએ જગતના ઇતિહાસમાં ઇતિહાસના રાજદૂતો તરીકેનું સૌથી મોટું કામ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની સમજણ માટેનું, ભાષાની આપલેનું

કર્યું. જ્યાં જ્યાં ભાષા હતી, શબ્દો હતા, લિપી હતી ત્યાં ત્યાંથી તેમણે તે ઉપાડ્યું અને તેમણે યુરોપ માટે મૂળાક્ષરોની પહેલી વાર રચના કરી. આ ફ્રીનીશીયનોએ સિંધુ પરનાં નગરો પરથી, સુમેરીયનો પાસેથી, ઇજીપ્તમાંથી ભાષાના અક્ષરો અને શબ્દોને લઈ જઈને તેની આપલે તે સમયના આખા જગત પર કરવા માંડી. આ અક્ષરોના સ્વરૂપોના અક્ષરોમાં પણ તેમણે ઘણા ફેરફાર કરી નાખ્યા. 'આલ્ફા અને બિટા' નામના એ અને બી અક્ષરો પરથી તેમણે 'આલ્ફાબેટ' નામ દીધું. ઇજીયન સમુદ્રમાં અને ગ્રીસમાં આ લોકો આલ્ફાબેટને લઈ ગયા. ગ્રીકોએ તેમાં થોડા અક્ષરો ઉમેર્યા પછી આ મૂળાક્ષરો ઈટાલીમાં પહોંચ્યા. રોમન લોકોએ આ બારાખડીને પશ્ચિમ યુરોપમાં ધુંટાવવા માંડી.

એવા આ વિશ્વઇતિહાસના ફ્રિનીશીયન નામના રાજદૂતોએ માટીનાં વાસણો બનાવવાની અને કપડાંઓ બનાવવાના કલાઓ, ધર્મની માન્યતાઓ દેશપરદેશની રીતભાતો લખવાની કલા અને ગુલામો આ બધું એક દેશથી બીજે દેશ પહોંચાડ્યું. આ ફ્રિનીશીયન જહાજ પર સાહસિકો ભેગો લહીયો અથવા નોંધણી કામદાર પણ રહેતો. આ લહીયાનું કામ દેશપરદેશ વિષેની તમામ નોંધો કરવાનું હતું.



અતિ પ્રાચીન સંસ્કૃતિના અર્ધચંદ્રકનો વેપારી ગઢ-ફ્રિનીશીયા

ફરીવાર, નકશા તરફ દેખો. ઇજીપ્તમાં આરંભ પામીને સંસ્કૃતિનો ચંદ્રક અરધું કુંડાળું ફરી વળ્યો છે. ઇજીપ્તમાં આરંભ પામીને, મેસોપોટેમીયા અને ઇજીઅન ટાપુઓ પર ફરી વળીને, ગ્રીસ પર બે સંકાઓને ઝગમગાવીને, આ અર્ધચંદ્રાકારમાં ઇજીપશીયનો બેબીલોનીયનો, ફીનીશીયનો અને યહુદીઓ તથા ઇશનીયનો અને સિંધુ માનવોની સંસ્કાર કથાઓ આલેખાઈ છે. આફ્રિકાના ઉત્તર કિનારા પરથી હવે ભૂમધ્ય સમુદ્રના પશ્ચિમ વિભાગ પર સંસ્કૃતિનો વિશ્વઇતિહાસનો જ્યોત જલે છે. ભૂમધ્યના આ કિનારા પર અતિ પ્રાચીન સમયથી એક મોટું વેપારી મથક એકધારો વિકાસ પામ્યા કર્યું છે. ફ્રિનીશીયાનું ઉત્તર આફ્રિકાના કિનારા પરનું, વિશ્વનું આ વાણિજ્ય મથક હજુ લય નથી પામી ગયું. ફ્રિનીશીયાનોની કાર્ટ—હાશાર નામની એ

વાણિજ્ય કિલ્લેબંધી આ વાણિજ્ય સંસ્કૃતિનું નગર છે. અતિ પ્રાચીન એવી વાણિજ્ય સંસ્કૃતિનો આ કાર્થ—હાશાટ નામનો ગઢ નેવુ માઇલ પરના આફ્રિકન સમુદ્રનાં પાણી પર ઇતિહાસનાં વિતકોને આ પાણીની પટીમાં દેખતો ઉભો છે. **આ નેવુ માઇલની સમુદ્ર પટી આફ્રિકાને યરોપ ખંડથી જુદો પાડે છે.** આ પટી પરનો ફિનીશીયાની વેપારી સંસ્કૃતિનું છેલ્લું મથક કાર્થ—હાશાટ અથવા કારથેજ છે. એમીલોને ૮ પર નગરનો સંહાર કર્યો ત્યારનું પોતાની ફિનીશીયન માતૃભૂમિ પર આફ્રિકન ધરતીની ભેખડ પરથી નેવુ માઇલની સાગર પટી પર યરોપ તરફ તાકી રહેતું એ અણનમ ઉભું છે. એના સામા કિનારે યરોપ નામનો ખંડ છે અને ત્યાં ઇટાલી નામનો દેશ હજુ હમણાં જ જન્મ પામવા માંડયો છે. આ કારથેજ એક કિલ્લેબંધી જેવું ફિનીશીયન ઇતિહાસનું આખરી નગર છે. આજે ઇ. સ. પૂર્વે છસો વરસ પર પણ એ મથક વાણિજ્યની હિલચાલથી ઉભરાય છે. ફિનીશીયાના જીવન-તરનો ઝબક જ્યોત જેવું એ પ્રાચીન જગતના વેપારની પેઢી છે. આ પેઢીનો વહિવટ કરનાર કારથેજના નગરની વેપારી સરકાર છે. આ સરકાર પાસે પોતાનો તાકાતવાળો નૌકા કાફલો છે.

ગ્રીકનગરો આ મહાનગરને ઓળખે છે. આ મહાનગરની વહિવટી સરકારનું નામ ગ્રીક ભાષામાં 'પ્લુટોક્રસી' એટલે શ્રીમંતશાહી કહેવાય છે. કિનારાપરની ખાણોના, અને દરિયાપરનાં જહાજોના માલીકો કારથેજના માલીક છે અને કારથેજની સરકાર આ માલીક મહાજનોની બનેલી છે. સમુદ્રની નેવુ માઇલનો પટી પરથી ઉડીને એમનાં જહાજોએ વેપારની કરામત વડે, યરોપના કિનારા પર પોતાની હકુમતવાળાં સંસ્થાનો સ્થાપી દીધાં છે. સ્પેઇન અને ફ્રાન્સના અમુક પ્રદેશો કારથેજની શ્રીમંતશાહીનાં સંસ્થાનો છે. આ સંસ્થાનો આફ્રિકાના ઉત્તર કિનારા પર સ્થપાએલા વિશ્વ સંસ્કારના વાણિજ્ય મથકની હકૂમત નીચે છે તથા આ સંસ્થાનો, આ કારથેજની સરકારને, કર, વેરા, વ્યાજ, નજરાણાં વિગેરે ભરે છે. શ્રીમંતશાહીનું કારથેજ, શાહી પાટનગર છે. શ્રીમંતશાહીની સરકારની હકુમત, યરોપના સ્પેઇન અને ફ્રાંસ દેશ પર શરૂ થઇ ગઇ છે. આ હકુમતને પાંચ રોકાઓ થઇ ગયા છે. આ શ્રીમંતશાહીએ પાંચસો વરસથી ઇતિહાસનું પરિબળ બનીને વાણિજ્યનો વહિવટ કર્યો છે. આજે ઇ. સ. પૂર્વેનો છઠ્ઠો સૈકો ચાલે છે.

ત્યારે અતિપ્રાચીન એવી આપણી પૃથ્વી પર સંસ્કૃતિના અર્ધચંદ્રાકારનો આકાર ધારણ કરી રહેલી ઇતિહાસની યાદી કારથેજ આગળથી યરોપપર

અધિકારવાળી નજર નાખે છે અને ત્યાંની દુનિયામાંથી નવા આવતા સમાચાર ચિંતાથી સાંભળે છે.

યરોપખંડનો ઇટાલીદેશ વિશ્વ-ઇતિહાસમાં પ્રવેશે છે.

આ સમાચાર યરોપખંડના ઇટાલી નામના એક પ્રદેશ વિષેના હતા.



આ ઇટાલી દેશના પશ્ચિમ કિનારાપર, ટાઇબર નામની એક નદીપર રોમ નામનું એક ગામડું જોતજોતામાં નગર બનવા માંડ્યું હતું. આ નગરનું નામ રોમ હતું. આ રોમનગર મધ્ય ઇટાલી પરનાં માનવોનું નગર ગણાતું હતું, અને એ નગરે પોતાનાં જહાજો બાંધવા માંડ્યાં હતાં તથા એ જહાજો હવે કારથેજની સામે આવેલા સિસિલી નામના ટાપુપર વહેપાર કરવા આવવા લાગ્યાં હતાં, અને ફ્રાન્સના દક્ષિણ કિનારાપર પણ ફરવા લાગ્યાં હતાં.

પણ પશ્ચિમ ભૂમધ્યપર આજ સુધી કારથેજનો જ અધિકાર હતો. આ અધિકારની હકુમતનું શરણ સ્વીકાર્યા વિના, પેલાં નવાં જહાજો હવે પશ્ચિમ ભૂમધ્યપર ફરવા માંડે તે ચલાવી લઈ શકાય તેમ નહોતું. કારથેજની હકુમતે આજસુધી ઇટાલી કહેવાતી એ ભૂમિના દરિયા કિનારાની ટેકરીઓમાં રહેતાં ગરીબ માનવો સાથે વેપાર કરવાની પરવા કરી નહોતી. તેમને એણે પોતાની હકુમત નીચેનું સંસ્થાન બનાવીને પોતાની સંસ્કૃતિનો લાભ દીધો નહોતો. આ કિનારાપરનાં એ ડુંગરવાસીઓને તેમના ડુંગરાઓમાં અને ભેજવાળાં મેદાનોમાં એકલાં જ રહેવા દીધાં હતાં.

પણ આસ્તેઆસ્તે આજે એ ડુંગરોમાં ઉત્તર તરફથી આલ્પસ પર્વત-માળના રસ્તાઓમાં થઈને દક્ષિણ તરફ માનવ સમુદાયો પોતાનાં ઘેટાંબકરાં લઈને આવ્યા જ કર્યાં હતાં. હવે તો તેમનાં ગામડાંઓ વસી ગયાં હતાં. અને આ લોકોનું રોમ નામનું નગર, આર્થિક વહિવટનો મેળો બનીને થોડાક સૈકાઓમાં નગર બનવા માંડ્યું હતું.

આ નગરનો એથી વધારે મોટો ઇતિહાસ સચવાયો નહોતો. આ ભૂમિને વિશ્વસંસ્કૃતિના ચંદ્રાકારે હજુ પોતાની અંદર પરોવી નહોતી એટલે એકલી ને અટૂલી આ માનવતા આસ્તે આસ્તે આરંભના જીવનનાં ડગભરતી આજે સિસીલી સુધી આવી પહોંચી હતી અને પોતાનાં જહાજો પણ બનાવી લાવી

હતી. પોતાના રોમનગરને ટાઇબરનદીના મૂખ આગળ બાંધીને, ટાઇબરને ઉત્તરથી દક્ષિણુને આરે એણે દરિયામાં પહોંચી જઇને હવે તો દરિયો ખેડવા માંડયો હતો.

અહીં ગ્રીક ગુરૂઓ આવ્યા હતા

ઘણાં વરસોથી આ રોમનગર સાથે વેપાર કરવા ગ્રીક વ્યાપારીઓ આવ્યા કરતા હતા. આ ગ્રીકોએ આ રોમનગરને સંસ્કૃતિ આપવા માંડી હતી. સંસ્કૃતિની એથેન્સ નગરીએ આ રોમ નામના ગામડામાં વસતા રોમનોને ભણાવવા માંડયાં હતાં. આ ડુંગરીયાઓ ભણવા માટે આતુર હતાં. કોરીસ્લેટ જેવાં આ માનવોને ગ્રીકો મળકમાં લેટીન કહેતા હતા. આ લેટીનો ઝડપથી શિખવા માંડયાં હતાં. એમણે ગ્રીકો પાસેથી ફિનીશીયા મારફત પહોંચેલી બારાખડી પણ ઘૂંટવા માંડી અને હોડકાં બાંધવાનું શરૂ કરી દઇને વ્યાપારના પદાર્થપાઠો શિખવા માંડયા, અને જોતજોતામાં તો તેમણે દરિયો પણ ખેડવા માંડયો.

ગ્રીકોના ભગવાનો પણ તેમણે ગ્રીકો પાસેથી ભેટ તરીકે લીધા. ગ્રીકમાં ઝીઅસ નામવાળો ઇંદ્રભગવાન રોમમાં જ્યુપીટર નામ ધારણ કરીને બેઠો. પછી તો બીજાં અનેક દેવદેવીઓ ગ્રીસમાંથી રોમમાં આવી પહોંચ્યાં.

ગ્રીકોની જેમ જ રોમનોએ પોતાના રાજવહિવટનું રૂપ ઘડવા માંડયું. તેમણે પોતાને ત્યાંના વિગ્રહખોર જેવા રાજાને રોમનગરમાંથી હડસેલી કાઢયો અને પછી પોતાના નગરનો વહિવટ, શ્રીમંતોએ અને સામન્યોએ ચૂંટેલી સીનેટ નામની સમિતિને સુપરત કર્યો. આ સમિતિ પર એક પ્રમુખને બદલે બે પ્રમુખો અથવા કોનસલ રાખવામાં આવ્યા. આ ઉપરાંત તેમણે ટ્રીબ્યુન નામની એક ન્યાયાધીશોને નીમી. પણ સૌથી વડો ન્યાયાધીશ કોનસલ હતો.

રોમન રાજકારણનું નવું રૂપ

આ રોમનગર ચૂપચાપ વિશ્વ–ઇતિહાસમાં પ્રવેશ કરતું હતું. અતિપ્રાચીન એવા વિશ્વ–ઇતિહાસમાં નહોતું તેવું નવું રાજકારણ રોમનગરનો પાયો રચતું હતું. આ નવું રાજકારણ રોમનગરનો અને આસપાસના પ્રદેશનો નૂતન વહિવટ ઘડતું હોય તેમ, જગતનાં પાટનગરોએ નહોતું ધારણ કર્યું તેવું નૂતન રાજકારણ રોમની ઘટના ઘડવામાં ધારણ કરાયું. એણે જે કોઈ નાગરિક, રોમન નાગરિક બનવા, ગમે ત્યાંથી આવીને વસવા માગતું હોય તેને, સર્વરીતે સમાન હક્ક અને અધિકાર આપીને કહ્યું, "આવો, અને સમાન બનીને રહો. રોમનગર "રેસ–પબ્લીકા" અથવા સૌની સ્વરાજ્યભૂમિ છે." આવી લોકશાહી રીત વડે રોમનગર સૌની સમાન માતૃભોમ બનીને, ત્યાં વસનાર સૌ કોઇને સમાન નાગરિક ગણીને, ઇતિહાસનું પ્રચંડ પાટનગર બનવા માંડયું.

ઇજીપ્તે કે એસીરીયાએ, એસીરીયાએ, અને ગ્રીસના એથેન્સ નગરે: પણ પોતાના પાટનગરમાં વસનારને સૌને સમાન બંધુ ભાવથી પોતાની નગરકાયામાં વણી લીધાં નહોતાં. આ નૂતન નગરે પોતાની રચનામાંજ નવી ભાત પાડી. પવિત્ર ગણાવા માંડેલી ટેકરીઓ પર વિકસવા માંડેલા, રોમનગરને માતૃભોમ કહેનારાં લાખો નાગરિકો રોમના રક્ષણ માટે મરણીયાં બનવાનો મનોભાવ કેળવવા માંડ્યાં.

આવું રોમનગર વિશ્વ ઇતિહાસનું નવું નગર બન્યું. કારથેજ નગરમાં તો જગતની શ્રીમંત શાહીનું અધિકારવાળું રૂપ હતું. આખું નગર સમાન નાગરિકોનું નહોતું પણ ભાડુતી લશ્કરોથી રક્ષાયેલું નગર હતું. આ બન્ને નગરો હવે ઈ. સ. પૂર્વેના પાંચમા સૈકામા સામસામે આવી ગયાં. આફ્રિકાના ઉત્તર કિનારા પરથી ઇતિહાસની કેડી, યુરોપખંડને અડી ચૂકી. જ્યાં આ ઐતિહાસિક સંપર્ક થયો ત્યાં સિસીલીના ટાપુપર બંને મહાનગરોના વહિવટી ઉસ્તાદો આવી પહોંચ્યા અને સિસીલી પરના વહીવટમાં પોતપોતાની હકુમત ડોકી બેસાડવા, દરેક રાજકારણ ખેલવા માંડ્યું. રાજકારણનું રૂપ પછી આસ્તે આસ્તે વિગ્રહનું બનવા માંડ્યું અને રોમ તથા કારથેજ વચ્ચે સંગ્રામ શરૂ થયો.

પ્યુનીક સંગ્રામો અથવા રોમ કારથેજનો ગજગ્રાહ

ઈસુના જન્મ પહેલાં પાંચસો વરસ પર જન્મી ચૂકેલી રોમનશાહી હવે કારથેજની શહેનશાહત સામે સંગ્રામ ખેલવા માંડી. ત્યારે ઈસુને જન્મવાને હજુ અઢીસો વરસની વાર હતી.

આ મહાભારત સંગ્રામનો પહેલો હિસ્સો સિસીલી ટાપુને પડાવી લેવા માટે બન્ને પક્ષે શરૂ થયો. આ સંગ્રામનો એ હિસ્સો ચોવીસવરસ સુધી ચાલ્યો. નવું જન્મેલું રોમન દરિયાઈ લશ્કર કારથેજના નૌકાકાફલા સામે આ ચોવીસ વરસ સુધી લડ્યું. ચોવીસ વરસ સુધી કારથેજ સાથેના નૌકાયુદ્ધમાંથી રોમન કાફલાનો નવો જન્મ થયો. સંગ્રામના સક્રિય પદાર્થ પાઠોમાંથી રોમન શહેનશાહતનું નૂતન નૌકાદળ બંધાયું અને કારથેજનાં લડાયક સાધનો કરતાં ચડિયાતાં સાધનો એ કાફલાએ સજવા માંડ્યાં. છેવટે મીલીના યુદ્ધમાં કારથેજનો કાફલો પરાજય પામ્યો અને કારથેજે સલાહની માગણી કરી. સિસીલીનો દ્વીપ રોમન કાબુ હેઠળ આવી ગયો અને કારથેજની નજીક આવેલા આ દ્વીપપર રોમન થાણું નાખીને રોમનશાહી કારથેજની શહેનશાહતની પડોશણ બની.

એક બીજાનો વિનાશ માગતી બન્ને શહેનશાહત વચ્ચે તેવીસ વરસો સુધી શાંતિના અથવા ઠંડા યુદ્ધના દાવ ખેલાયા કર્યા. તેવીસ વરસની શાંતિ પછી એક નવો બનાવ બન્યો. ત્રાણુ શોધતી રોમન શહેનશાહતે સારડીનીયાનો કબજો

લઈ લીધો અને કારથેજે વળતાં પગલાં તરીકે આખા દક્ષિણ સ્પેઈનનો કબજો લઈ લીધો. આ રીતે પાછું કારથેજ રોમન હકુમતનું અડોઅડ પડોશી બની ગયું. કારથેજની શહેનશાહત જાણે રોમન શહેનશાહતને અઢેલીને ઉભી. વાત વંઠી પડી. રોમન શહેનશાહતની સરનશીન સીનેટે યુદ્ધનો નિર્ણય લીધો. રોમ-નગરથી એક કાફલો, આફ્રિકન સમુદ્રને ઓળંગીને કારથેજની ધરતીપર ઉતરાણ કરવાનું નિશાન તાકીને ઉપડ્યો. બીજાં લશ્કરો કારથેજને સ્પેઈનની ભૂમિપર રોકી રાખવા સ્પેઈનપરનાં કારથેજનાં સંસ્થાનો પર ચઢ્યાં.

ત્યારે ઇસુનો જન્મ થવાને ૨૧૮ વરસની વાર હતી. રોમન શહેનશા-હતના સંગ્રામનો વ્યૂહ યોજના પ્રમાણે આગળ વધતો હતો. ઇટાલીમાં કારથેજના વિનાશના અને રોમન વિજયના સમાચારો સાંભળવા લોકો અધીરાઈથી રાહ દેખતા હતા. ત્યારે આલ્પસ પર્વતમાળનાં હિમઆચ્છાદિત શિખરો પર ઉડતાં ધૂમ્મસને ભેદીને અભેદ્ય ગણાતી પર્વત દિવાલોને ટપી જઈને લાખો સૈનિકો, ઘોડાઓ અને ઘરજેવડાં મોટાં બીજાં પશુઓ સાથે 'ભો' ના મેદાન પ્રદેશપર યુદ્ધ ઉતરી આવવાની અફવાઓ ઉડતી આવી. આ અફવાઓની પાછળ નિરાશ્રિ-તોના પ્રવાહો અટકયા વિના રોમનગર તરફ વહેવા લાગ્યા. બીધેલી નજર નાખતાં અને ધ્રૂજી ઉઠેલા હોઠ ફફડાવતાં આ નિરાશ્રિતો કહેતાં હતાં, કે કાર-થેજના મહાસેનાની હેમીલકારનો દિકરો હેનીબાલ સેનાપતિ બનીને ઇટાલીની ધરતીપર પીરેનીઝ પર્વતમાળને ટપી જવાનું અસંભવ કાર્ય કરીને ઉતરી આવ્યો છે. પચાસ હજાર સૈનિકો, નવ હજાર અશ્વારોહીઓ અને સાડત્રીસ લડાયક હાથીઓની સેનાલઈને, હેનીબાલે, સંગ્રામના ઇતિહાસમાં અજોડ એવું આક્રમણ આરંભ્યું હતું અને ઇટાલીની ધરતી સર કરવા માંડી હતી.

રોન નદી પર ઇટાલીનીજ ધરતી પર રોમન લશ્કરો મારખાઈને પાછાં પડ્યાં. હેનીબાલે રોમન લશ્કરોની બીજી હરોળને ટ્રીબીયા ઓળંગતાં પહેલાં મારી હટાવી. પછી હેનીબાલે પ્લેસેનશીયાને ઘેરો ઘાલ્યો. આલ્પાઈન જીલ્લાઓને રોમનગર સાથે સાંકળતો, ઉત્તરછેડાનો ઘાટ ઘેરાઈ ગયો.

રોમનગરની ઉંઘ ઉડી ગઈ. રોમનસીનેટે બીજાં બે લશ્કરો રવાના કર્યાં. ટ્રેસીમીન સરોવરના સાંકડા ઘાટમાં આ લશ્કરોને ભિડાવીને હેનીબાલે તેમની કતલ કરી નાખી. પાછું રોમનગર પાયામાંથી હચમચી ઉઠ્યું. અને સીનેટે ત્રીજું વિશાળ લશ્કર રવાના કર્યું. આ ત્રીજા લશ્કરના સેનાની તરીકે, "વારો" રવાના થયો. ઇ. સ. પૂર્વે ૨૧૬ માં કેનીનું ભયાનક યુદ્ધ લડાયું. સિતેર હજાર રોમન શસ્ત્ર પરથી હેનીબાલ આગળ વધ્યો. આખા ઇટાલી પર હાહાકાર વ્યાપી ગયો. રોમપર ચઢતા પહેલાં હેનીબાલે ઇટાલીનાં બીજાં નગરોને

પોતાની હકુમત નીચે લેવાના પ્રયત્નો કર્યા પણ ઇટાલીનાં નગરોએ રોમન-મા-ભોમ સામે ચઢીને પરદેશી શહેનશાહતને સાથ આપ્યો નહીં.

કારથેજની શહેનશાહતના સંગ્રામનો ખેલાડી અતિપ્રાચીન ઇતિહાસનો મહા-



સેનાની ઇટાલી નામના પ્રદેશપર નૂતન નગરોની એકતા દેખીને મૂંઝાયો. પોતાના વતનથી દૂર દૂર ઉડી આવેલો આ મહાન લડવૈયો ઇટાલીની પરદેશી ભૂમિમાં પરાજ્ય પામેલાં માનવોની વચ્ચે ઘેરાવા માંડ્યો. આ ઘેરામાંથી હેનીબાલને છોડાવવા અને રોમનગર પર આખરી યુદ્ધ લડવા સ્પેઈનને રસ્તેથી હેનીબાલે કેાતરેલી અશકયજેવી કેડીપર થઈને હેનીબાલનો ભાઈ એક નવા લશ્કરની સરદારી લઇને આલ્પસ ઓળંગીને ઇટાલીની ધરતી પર ઉતરવા માંડ્યો.

વરસો સુધી પરાયા દેશને પરાસ્ત કરીકરીને અનેક યુદ્ધો લડીને, અનેક વિજ્યો મેળવીને, પરદેશી ભૂમિપેાતેજ જેનો ઘેરો બની હતી તેવો ઘેરાયલો હેનીબાલ પોતાના ભાઇ હેસડ્રૂબલના આવી પહોંચવાની રાહ દેખતો હતો.

ત્યારે રોમન લશ્કરોનો સેનાની, કવીનટસ ફેબીઅસ, મેકસીમસ હતો. આ સેનાનીએ હેનીબાલને સીધી લડાઇ આપવાને બદલે ગેરીલા વ્યૂહ શરૂ કર્યો હતો. હેનીબાલપર છાપાઓ મારીને ભાગી જતી એની ટુકડીઓ, હેનીબાલની હિંમતની કસોટી કરતી હતી.


આ મહાસંગ્રામનું ચૌદમું વરસ ઇટાલીની ધરતી પર અંત પામતું હતું. હેસડ્રૂબલના સમાચાર સાંભળવા અધીરો હેનીબાલ અપાર હિંમત દાખવતો, ટકી રહ્યો હતો. ત્યારે એક ટોપલીમાં લપેટાયલું પોતાના ભાઇ હેસડ્રૂબલનું માથું હેનીબાલની છાવણીમાં એક દિવસ પહોંચાડવામાં આવ્યું.

રોમ પહોંચવાના મનસુબાને સમેટી લઇને હેનીબાલે પાછા કારથેજ પહોંચી જવા હવે રસ્તો બદલ્યો. વિશ્વ-ઇતિહાસના આ મહાન સેનાપતિએ આફ્રિકાનો સમુદ્ર ઓળંગીને પોતાના કારથેજ નગરની વ્હાર કરવાનો રસ્તો લીધો. કારણકે ત્યારે રોમનોનો હલ્લો કારથેજ પર ચઢવા ચાલી નીકળ્યો હતો

પણ હેનીબાલ પહોંચે તે પહેલાં કારથેજ પડ્યું. હેનીબાલે ટાયર નગરમાં વિસામો લીધો, અને ત્યાંથી એશિયા માઈનોરના પ્રદેશને પોતાના સાથમાં લઇને રોમન શહેનશાહત સામેનો સંગ્રામ ચાલુ રાખ્યો. હેનીબાલ એક નગરથી બીજે ભટકયો, હેનીબાલે એક પછી બીજા યુદ્ધમાં રોમનશાહીને જેર કરવા માંડી. છેવટે હતાશ થએલા હેનીબાલે ઈ. સ. પૂર્વે ૧૯૦ માં પરાજ્ય પામતા કારથેજને દેખવા કરતાં આપઘાત કરીને જીવનનો અંત આણ્યો.

[અરબસ્તાનનો માનવ વસવાટ—શહેનશાહતોની મૂર્તિઓના ભંગાર દેખતો મધ્યપુર્વ—એક અલ્લાહની યાદ—અરબસ્તાન વિશ્વ ઇતિહાસમાં પ્રવેશે છે—શો હતો આ નૂતન ધર્મ—ઇસ્લામની સંસ્કાર વાંછના—પુર્વની સંસ્કૃતિનો વારસો પશ્ચિમને દેનારી હિલચાલ—ન્યાય સમતાનું પયગંબરી શાસન-ઇસ્લામ અને યુરોપ-ઇસ્લામની સંસ્કૃતિનું અર્થકારણ-ધર્મ રૂપનો સમભાવ-ઇસ્લામિક સંસ્કૃતિનું સિદ્ધાંત રૂપ-ઇસ્લામનું સરકાર તંત્ર—સંસ્કૃતિનું નગર દામાસકસ—વિદ્યાના વ્યાસંગનો વ્યાપકતા—ઇતિહાસકારો—યુગ-પ્રવર્તક વિદ્યા૦ યવસાય-વૈદકીય વિજ્ઞાનનો પિતા, ઇબ્નસીના-ઇસ્લામી પ્રકાશ પર યુરોપીય આક્રમણ-સંસ્કાર યુગનું કવન, ઉમર ખયામ]

અરબસ્તાનનો જન વસવાટ



ભૌગોલિક દ્વિપકલ્પોમાં સૌથી મોટો એવો એક દ્વિપકલ્પ, ઈરાનથી ગોખીના રણસાગરની વચ્ચેથી, આરબ માનવોના અસ્તિત્વવાળો છે. અરબસ્તાનના નામવાળી આ પટ્ટી અરબી રણ પ્રદેશની છે, તથા તે ૧૪૦૦ માઈલ લાંબી, અને ૧૨૫૦ માઈલ પહોળી છે, લાલ સમુદ્રથી થોડાક જ માઈલ સુધીમાં તો આ પ્રદેશ બાર હજાર ફીટની ઉંચાઇ પર પહોંચી જઇને પછી ઉજ્જડ પર્વતમાળની વેરાનતાના રૂપને ધારણ કરીને પૂર્વ તરફ ઈરાની અખાતને અડવા નીચે ઉતરે છે.

આ પ્રદેશ પર વચમાં વચમાં પર્વતમાળાની ઉજ્જડતામાં ઘાસનાં મેદાનો છે અને ખજુરનાં વૃક્ષોની ઘટાઓ વચ્ચે ગામડાંઓ વસ્યાં છે. આ ગામોમાં આરબ માનવોનો વસવાટ ગુંજે છે તથા કુવાઓમાંથી પાણી પામતી આ જીવન ઘટનાની ચારેકોર સેંકડો માઇલ સુધી રેતીના અનંતકણો ઉડ્યા કરતા હોય છે. અહીં સુરજનાં કિરણો સળગતાં વરસે છે. અહીંના પવનમાં રેતીના કણ ઉડ્યા કરે છે. અહીંના આસમાનમાં બધી ઋતુઓ પારદર્શક ચળકાટ ધારણ કરે છે. એવો આ રણ પ્રદેશ આરબ માનવોનો જનપ્રદેશ છે. આ જનપ્રદેશની મોટી વસ્તી, દક્ષિણ પશ્ચિમના યેમેન જલ્લામાં છે. અરબસ્તાનના રાસીન રાજ્યનું મુખ્ય ધામ આ યેમેન છે.

અરબી રણપ્રદેશમાં યેમેનની દક્ષિણ તરફની જમીનપટ્ટી ફળદ્રુપ હતી. આ યેમેનની જમીનપટ્ટી પર સેમીટીક જાતનાં માનવો વસતાં હતાં, અને તેમની ટોળીઓ રખડતી રહેતી હતી. આ ટોળીઓ પ્રાચીન સમયમાં ઉત્તર તરફ આગળ વધીને ઇજીપ્તની સંસ્કૃતિમાં પેસી ચૂકી હતી. આ પ્રદેશપરનાં માનવો પૂર્વ તરફ આગળ વધીને ભૂમધ્યના કિનારાની સંસ્કૃતિનો સંપર્ક પામી ચૂકયાં હતાં અને પશ્ચિમ તરફ મેસોપોટેમીયાને અડી ચૂકયાં હતાં. યેમેનપરનો, અરબસ્તાનનો આ જનવસવાટ એવો રખડતો રહ્યા કરતો હતો. આ રઝળપાટમાંથી અરબસ્તાનના માનવસમુદાયો બેબીલોનિયામાં, એસીરીયામાં અને સિરીયામાં જઇને પણ વસ્યા હતા. સિરીયામાં આ માનવસમુદાયોએ પોતાનું પાટનગર દામાસ્કસ નામનું બાંધ્યું હતું.

શહેનશાહતોની મૂર્તિઓના ભંગાર દેખતો મધ્યપૂર્વ

પ્રાચીન જગતની, મધ્યપૂર્વના આ રણપ્રદેશને અડીને, ઊભી થએલી શહેનશાહતોની સાઠમારીઓ આ આરબ માનવોએ સૈકાઓ સુધી સાંભળ્યા કરી હતી. આ રણપ્રદેશની માનવતા પર આ શહેનશાહતોની સરહદો પરથી અનેક મૂર્તિઓના મોટા પડછાયાની ભોગ માગ્યા કરતી મૂર્તિઓની અર્ચના ઉતર્યા કરી હતી. આ રણપ્રદેશની રણમર્યાદાઓ વટાવ્યા કરીને, સંસ્કૃતિઓની શહેનશાહતોને જન્મતી વિકસતી અને પછી મોત પામી જતી એણે સૈકાઓ સુધી દેખી હતી. આજે એના સિમાડાઓ અને ભૂમધ્યના સાગર સિમાડાઓ પર આ શહેનશાહતોની મૂર્તિઓના ભયાનક એવા ભંગાર વેરાયલા પડયા હતા. આ ભંગારના જંગી સ્વરૂપોમાં, શહેનશાહો અને દેવદેવીઓ અંગછેદ પામી જઇને સુતાં હતાં. આ શહેનશાહતો અને દેવદેવીઓના વસવાટ બનેલી જાજરમાન ઇમારતોના તૂટ્યા ફૂટ્યા દેહની કરચો ભેગી રેતીની ઘૂમરીઓ અહીં ફૂંકાયા કરતી હતી. ત્યારની શાહીઇમારતોમાં રહેનારાં અને અમર મનાયેલાં શાહી કલેવરો ને સર્વાધિકાર અને

સમસલામતિ સુપરત કરનાર દેવદેવીઓની પ્રચંડ મૂર્તિઓનાં ભાગ્યાંતૂટ્યાં અંગો પણ રેતીમાં સેળભેળ થઈ ગયાં હતાં. પ્રાચીન ભંગાર બનીને અધિકારનાં આ સ્વરૂપો આ રણપ્રદેશની સીમા પર શમી ગયાં હતાં. મૂર્તિઓનું આવું ખંડન દેખતા આરબોના રણપ્રદેશ પર કઠોર એવી કુદરતના ગજબનાક એવા આકાશી ઘૂમ્મટની અનંતતા જાણે ગૂંજ્યા કરતી હતી કે શહેનશાહતોની બધી મૂર્તિઓ જન્મે છે અને મરણ પણ પામી જાય છે.

પણ જે કંઈ અજર અને અમર છે તે તો આ અનંત આકાશની અનંતતાને ધારણ કરનારો ઘૂમ્મટ છે. આ આસમાનના ઘૂમ્મટ નીચેની પૃથ્વી પર મૂર્તિપૂજાનાં અજ્ઞાન અને અવિદ્યા જેવાં ખંડન વેરાયા કરતાં હોય છે. આ ખંડિયેરોમાંથી સૂંઘીસૂંઘીને, ભંગારના ઢગલાઓમાંથી, અક્ષર એવી સંસ્કૃતિની જીવનમૂલ્યની કણિકાઓને ધારણ કરતો હોય તેવો આ વેરાનપ્રદેશ અલ્લાહનો ઉદય દેખતો હતો.

મૂર્તિપૂજક જગત હવે ચીન, ભારત અને ગ્રીસ જેટલું ઈ. સ. પૂર્વેનાં હજારો વરસ જેટલું જુનું બની ગયું હતું. આ પુરાણા જગતે સાચવી રાખેલી મૂર્તિપુજાની અંધતા સામે સૌથી પ્રથમ હિંદભૂમિપરથી એક ગૌતમબુદ્ધે એશિયાભરને નૂતન નજર દાખવનારો પડકાર દીધો હતો. ત્યાર પછી આ મૂર્તિપૂજાના અંધકાર સામે લાખો યહૂદી માનવોએ પોતાનાં બલિદાન દઈ દઈને એક ઈશ્વરની યાદ પૂકારી હતી. ત્યારપછી પડોશીપર પ્રેમ કરવાની માનવતાભરી યાદ આપીને જિસસ મૂર્તિપુજાના વધ સ્તંભપર ચઢી ગયો હતો. મૂર્તિપુજાની પછાત દશામાંથી માનવજાતને ઉગારવા આટલું થયું છતાં મૂર્તિપૂજાની અંધિયારી વંડીઓમાંજ હજુ જગત ગુંગળાતું હતું. અહીં પણ અરબસ્તાનની ધરતી પર ત્યારે મક્કા. મૂર્તિપુજાની બદબોથી કંપી ઉઠ્યું હતું.

મૂર્તિઓનો નિષેધ કરનારા અને પડોશી પર પ્રેમ કરવાની અનુરાગની આરાધના કરનારા ઇસાઈ ધર્મને ધારણ કરીને રોમન શહેનશાહત, બેઝન્ટીયમ-નગરનું નામ કોનસ્ટેન્ટીનોપલ પાડીને બોસફરસપરના પૂર્વના આ નગરમાં પોતાનું સિંહાસન સાચવીને બેઠી હતી અને શહેનશાહતની બધી મૂર્તિઓને સંભાળતો અને ઈસુના ક્રિયાકાંડોની અનેક મૂર્તિપૂજાઓનું પણ ધ્યાન ધરતો ઈસાઈ શહેનેશાહ ત્યારે પૂર્વની દુનિયામાંના રણ વેરાનમાં રહેતી, આરબ ભરવાડોની વણઝારમાંથી એક નૂતન સંસ્કૃતિનો અવાજ એક ઈશ્વરના નામનો ઉઠતો **અલ્લાહુની યાદ** સાંભળી રહેતો હતો.

આ અવાજ આરબ ધરતી પરથી ઉઠતો હતો. આ અવાજને ધારણ કરનાર આરબ માનવોનું જીવનધોરણ હતું. જગતને સંબોધન કરતો હોય તેવો

આ અવાજ આંતરરાષ્ટ્રિય બનીને કહેતો હતો, "સમસ્ત પૃથ્વી પર એક અલ્લાહ છે અને બીજું કોઈ અધિકારી નથી!"

મધ્યપૂર્વની અને ભૂમધ્યની દુનિયાનો બધો અધિકાર જ્યારે ભંગાર બનીને વેરાયલો પડયો હતો ત્યારે કેવી જાતના આ નૂતન અધિકારનું મૂલ્ય ગુંજારવ કરતું હતું! આ અવાજ કરનાર એક મહમદ હતો. આરબોનો આ મહાનુભાવ આરબોને કહેતો હતો, "હું અલ્લાહનો સંદેશવાહક છું, અને જગત ભર પર એક અલ્લાહનો જ અધિકાર છે અલ્લાહનો સંદેશો છે, 'સાલામ' અથવા 'શાંતિ!'

જ્યુડિઆની ભૂમિપર એજ સંદેશો સંભળાયો હતો. આ ભૂમિપર આ સંદેશાને સાંભળીને, ઇજીપ્તની ભૂમિપરથી વિશ્વઇતિહાસની પહેલી હિજરત નોંધાવતો મોસેસ ગુલામમાનવ સમુદાયો સાથે 'મુક્તિની ભૂમિ' ને શોધતો પેલેસ્ટાઇન પર પહોંચ્યો હતો. પછી ત્યાં એક ઈશ્વરની આરાધનાનો અવાજ યુગેયુગે સંભળાયા કર્યો હતો. પછી ત્યાંથી જ હજુ સાતસૈકાપર જેશુઆનો, જિસસનો અવાજ આવો જ આલ્હાદક સંભળાયો હતો.

પણ તેને જમાનાઓ વહી ગયા પછી તે અવાજ પાછળનો માનવ પ્રેમ અને વ્યવહારની ન્યાય સમતા સમાજના જીવતરમાં સ્થાપી શકાઈ નહોતી અને દેવળોમાં કેદી બની ગઈ હતી. હવે આ નવો અવાજ આ ધરતી પરના જ અલ્લાહના રાજ્યની વાત કરતો હતો. એમાં અલ્લાહનો સંદેશો આ પૃથ્વીનાં માનવોને જ આપવાનું મહમ્મદને ફરમાન થયું હતું, સીધો અને સાદો આ સંદેશો માનવ માનવ વચ્ચે "સાલામ" અને "આલેકુમ સાલામ" એટલે શાંતિના સહોદરી વ્યવહારની આપલે કરવાનો હતો.

આ સીધો સાદો સંદેશ જનસમુદાયને ગમી ગયો એટલે જ પયગંબરને ઇ. સ. ૬૨૨ માં જીવ બચાવવા મદીના નાસી જવાની ફરજ પડી. આ નાસી જવાનો બનાવ હીજરાના નામથી જાણીતો થયો, અને ઇસલામના સમયની ગણતરીનો આ દિવસ, આરંભનો નક્કી થયો. મક્કા અને મદીના વચ્ચે, જૂના જગત અને નવા વચ્ચે યુદ્ધ જામ્યું. આ આંતરકલહ પછી મહમ્મદનો વિજય થયો અને એનો સંદેશો, માનવજાતને સંબોધતો હોય તેમ બોલ્યો, "મૂર્તિઓ કે દેવદેવીઓની નહીં પણ એક નિરાકાર ઈશ્વરની અલ્લાહની પ્રાર્થના કરો. પવિત્રતા, ત્યાગ અને માનવ માનવ વચ્ચેની ન્યાયની સમતાને અંગીકાર કરો તથા કેફ કરો નહીં અને શુદ્ધજીવનની ઉપાસના કરો!"

અલ્લાહનો આવો સંદેશો હતો. પયગંબરે તે સંદેશાનાં પ્રવચનો બનાવીને આરબ માનવોને તે દીધા કર્યો. ઇ સ. ૬૩૦માં મહમ્મદે મક્કામાં વિજય

પ્રવેશ કર્યો તથા બધી મૂર્તિઓનું ખંડન કરીને પેલા સંદેશાના અર્થવાળા અલ્લાહની આરાધનાનો આદેશ દીધો.



અરબસ્તાન વિશ્વ-ઇતિહાસમાં પ્રવેશે છે.

વિશ્વ-ઇતિહાસમાં આજસુધી અરબસ્તાનનો પ્રદેશ પેઠો નહોતો. જગતના ઇતિહાસનો નોંધવા જેવો કોઈ બનાવ આ પ્રદેશના જીવતરે હજુસુધી દીધો નહોતો. ઇસુને જન્મ પામ્યાને હવે સાતમો સૈકો બેસી ચૂક્યો હતો. સાત સૈકામાં ઇસાઇ વિચારની માનવ નીતિમત્તામાં સડો લાગી ચૂક્યો હતો અને રાજા મહારાજાઓ તથા શ્રીમંતોના કાબુ નીચે ઇસાઇધર્મનું કમઠાણપણ સડવા માંડ્યું હતું. ત્યારે જિસસની ધરતીના પડોશમાંથી યુગયુગોથી એકધારી રીતે વહ્યા કરતાં માનવોવાળી અરબસ્તાનની જમીનપટ્ટી પરથી આવતો અવાજ સંભળાયો. આ પ્રદેશ પર થોડાક કુવાઓ હોય કે એકાદો ઝરો હોય ત્યાં ગામડાંઓ વસ્યાં હતાં અને આ આખા પ્રદેશપર દિવાલોવાળાં બેજ શહેર પુરાણા સમયથી જીવતાં રહ્યાં હતાં. આ બે નગરોમાં પંદર હજારની વસ્તીવાળું એક શહેર મક્કા નામનું હતું અને પચીસ હજારની વસ્તીવાળું બીજું શહેર મદીના નામનું હતું. મક્કામાં અરબસ્તાનની ધર્મયાત્રા ભરાતી હતી અને કાબાના દેવળમાં ગોઠવાયલી ત્રણસો જેટલી મુર્તિઓની મેલી પુજા અનેક યુગોથી ચાલ્યા કરતી હતી. મૂર્તિ-પુજાના આવા મથક જેવા આ મક્કામાં જ ઈ. સ. ૫૨૮ માં મહમદનો જન્મ એક ગરીબ ઘરમાં થયો અને પચીસ વરસની વયે એણે ચાલીસ વરસની વય-વાળી એક શ્રીમંત વિધવા સાથે લગ્ન કર્યું. પછી પચાસ વરસની ઉંમરે,

કાબાના પ્રાચીન દેવળમાં મૂર્તિપુજાના પડછાયા દેખતો, ઉંડા વિચારમાં ઉતરી જતો અને પછી માનવધર્મના નામમાં મૂર્તિમાત્રને ખંડન કરવા યોગ્ય અને એક નિરાકાર ઇશ્વરને બંદગી કરવા યોગ્ય માનતા મહમદે મક્કાની માનવતાને પોતાની નૂતન માન્યતાની જાહેરાત કરવા માંડી.

"એટલે તો મહમદે મરવું જ જોઇએ" એવો, મક્કાના મૂર્તિપૂજકોએ ફેંસલો આપ્યો. મક્કાની અંદરનું મહમદનું ઘર મૂર્તિપૂજાના મારાઓએ ઘેરી લીધું. પણ મક્કાથી મદીના સુધી મહમદને લઈને મિત્રો ભાગતા હતા. મહમદની પાછળ મોત દોડતું હતું. છેવટે મોતની પકડમાં માંડમાંડ બચી જતો મહમદ ઈ. સ. ૬૨૨ ના સપ્ટેંબરની ૨૦ મીએ મદીના પહોંચ્યો. મદીનાએ આ મહાનુભાવને આવકાર્યો. મક્કા અને મદીના વચ્ચે ધર્મ યુદ્ધ થયું. મક્કાના મૂર્તિપૂજકો પરાજ્ય પામ્યા. મક્કા અને મદીના પર મહમદના નુતન માનવધર્મની વિજય પતાકા ફરફરી ઉઠી. આ નૂતન ઝંડાનો મુદ્રાલેખ "ઐસલામ" નામના શબ્દનો હતો. સૈકાઓ પહેલાં ઇઝરાઇલે 'શાલોમ' નામનો એજ શબ્દ પૂકાર્યો હતો.

શો હતો આ નુતન ધર્મ ?

આ નૂતન ધર્મનો સંદેશ વાહક હું પોતે ઇશ્વરી સંકેતથી આવી પહોંચ્યો છું એમ મહમદે કહ્યું હતું. ઇશ્વરનો સંદેશો જગતને સંભળાવનાર આ દૂત અથવા પયગંબર પોતાના મરણ પહેલાં મદીનાથી પાછો મક્કા આવ્યો અને ખંડન પામેલી મૂર્તિઓનાં ખંડિયેરો વચ્ચે, મક્કાની માનવજાતને નૂતન સંસ્કારનો સંદેશો સંભળાવતો બોલ્યો કે, "અરે લોકો, મારો સંદેશો સાંભળો કારણકે હવે ફરીવાર હું કદાચ તમારી વચ્ચે આવવા માટે જીવતો ન પણ હોઉં. મારો સંદેશો એ છે કે, તમારી જીંદગી અને તમારી મિલ્કતો, પવિત્ર છે. તમે કોઈ એકબીજાની જીંદગી પર કે મિલ્કત પર આક્રમણ કરશો તો તે ભયંકર ગુનો છે." મિલ્કતના અધિકારને જાળવવાની વાત કરતાં એણે આ અધિકાર પર અંકુશ મૂક્યો અને કહ્યું, "અરે લોકો, તમારા પર તમારી પત્નીઓનો અને તમારી પત્નીઓપર તમારો સરખો અધિકાર છે. તમારા ગુલામોની તમે સંભાળ રાખજો. જે ખોરાક તમે ખાવ તેજ ખોરાક તેમને ખાવા આપજો તથા જે કપડાં તમે પહેરો, તેજ કપડાં તેમને પહેરવા આપજો. જો કોઈ ગુલામ, તમે માફ ન કરી શકો તેવો ગુનો કરે તો તેને વેચી દેજો પણ તેને કદિપણ પિડા આપશો નહીં કારણ કે તમારી જેમ એકજ, ખુદાના તેઓ પણ બંદા છે, તે કદિ ભૂલજો નહીં,

"અને કદિ ભૂલશો નહીં કે એકેએક મુસ્લીમો, ગુલામ કે માલિક પરસ્પરના બધી રીતે સમાન એવા ભાઈ છે."

ઇસ્લામની સંસ્કાર વાંછના

આ હતો ઇસ્લામનો માનવધર્મ, આ ધર્મમાં, મૂર્તિઓ નહોતી પણ નિરાકાર એવો એક ખુદા હતો. આ ધર્મમાં દેવતાઓ બનેલી મૂર્તિઓને ભોગ ધરાવવાના હતા નહીં. આ ધર્મમાં મૂર્તિઓ નહોતી, ભોગ નહોતા, ભૂવાઓ નહોતા, મંત્રો નહોતા કે યજ્ઞ યાગના નરમેધ કે અશ્વમેધ નહોતા. આ ધર્મનો મૂખ્ય તંતુ રોજ બરોજના જીવન વ્યવહારની શુદ્ધિનો હતો. સીધોસાદો અને સરળ એવો એક અને સમાન બંધુભાવ નૂતનજીવન વ્યવહારમાં આ ધર્મ-મારફત વહેવા માગતો હતો. જેવો જિસસના જીવન સમયમાં ઇસાઇ બંધુભાવ હતો, જેવો ગૌતમના જીવન સમયમાં સમાન સંઘનો ઉજ્વળ બંધુભાવ હતો, તેવોજ ઉજ્વળ આ બંધુભાવ માનવ સંસ્કૃતિના અભ્યુદય સમો દીપી ઉઠ્યો. અત્યાર સુધીના, આ સમયે, જ્યારે ગૌતમ અને જિસસના બંધુભાવને અજ્ઞાન અને અંધકારનાં ઉપાસકોએ સડાવી નાખ્યો હતો ત્યારે ઇસ્લામના ઉદયની આ સંસ્કાર જ્યોત કેવળ અનન્યરૂપે ઓપી ઉઠી.

પૂર્વની સંસ્કૃતિનો પશ્ચિમને વારસો દેનાર ઇસ્લામ

યુરોપને જાણે ઉત્થાનયુગની સંસ્કૃતિનું ડહાપણ દેવા, પૂર્વના મહાનદેશોનાં બધાં સંસ્કાર મૂલ્યોને તારવી તારવીને એકઠાં કરીને, અને તેમાં જીવનવહિવ-ટનાં જ્ઞાન-વિજ્ઞાન અને સાહિત્ય કલાને ભઠીને અને પચાવીને તેમાંથી પ્રાણની સમશેર ઘડીને, એક ઇશ્વરની બાંગ પૂકારતો અને ભોગ માગતી, તથા જાદુઓ જેવા મંત્રોના ચિત્કાર કરતી મૂર્તિપુજાની દુનિયાને પાછી હટાવતો તથા પડ-કારતો અર્ધ ચંદ્રકની રોશનથી ઝળહળતો ઇસ્લામનો ઉદય આરબોની ધરતી પર થયો. અદની માનવતાના વસવાટવાળી અને પશુ પાલનના ધંધાવાળી ભર-વાડોની, ગોપ ગોપીઓની આ ભૂમિએ, એક ઇશ્વરની રબુહાક ગજવીને, અશ્વમેધ અને નરમેધ તથા સ્ત્રી અને બાળકોને જીવતાં જલાવી દેવા સુધી પહોંચી ચૂકેલી મૂર્તિપૂજક દુનિયાને પડકારી.

ન્યાયસમતાનું પયગંબરી શાસન

ઇ. સ. ૬૩૦ થી ૬૩૨ સુધી મહમદ મદીનામાં રહ્યો. મદીના આ સમયનું આરબ રાજ્ય બન્યું. આખું અરબસ્તાન, મદીનામાં શાસનની સંસ્કૃ-તિના યાત્રાધામમાં એકઠું થયું. અરબસ્તાનના ત્યારના મહાકવિ, કાબ-ઇબ્ન-ઝુહૈર, મહમદનો વિરોધ કર્યા પછી ઇસ્લામની સંસ્કૃતિના પેલા સંદેશાને પચાવીને તેનું અનુપમ કાવ્ય રચીને મહમદ પાસે પોતે પાછો આવ્યો. મહમદે એનું બહુમાન કર્યું. અરબસ્તાનના તે સમયના ખ્રિસ્તીઓને કે કોઇપણ ધર્માન્તરને

બધી જ જાતનું રક્ષણ આપવાની નીતિ મહમદે જાહેર કરી અને વ્યાજ લેવાની મના ફરમાવી.

બે વરસના આ શાસન સમયમાં જ મહમદે ગ્રીસ અને ઈરાનના શહેનશાહો પર પોતાને સમજાયેલા જીવનવ્યવહારના સત્યનો સંદેશો મોકલ્યો. એણે આ સંદેશાનું રૂપાંતર નાનીસરખી આરબ ભૂમિ પરના માનવસમાજને શીખવવાનું રાજતંત્ર આરંભ્યું પણ બે વરસમાં જ મહમદનું મરણ થયું.

મહમદના મરણ પછી અરબસ્તાનના શાસનને ઇસ્લામના નામમાં સંભાળવાની જવાબદારી અબુ, બક્રને સુપરત થઈ. સીરીયાના આરબોએ ખ્રિસ્તી ધર્મને બદલે ઇસ્લામની ન્યાયસમતાને અંગીકાર કરવાની હિલચાલ ઉપાડી. એલેક્ઝાંડ્રિયામનું રોમનશાહીનું પાટનગર પણ આ ઇસ્લામની હિલચાલ તરફ ખેંચાયું. ઈસાઇ શહેનશાહતનાં લશ્કરો જોડે લોકોની ઝપાઝપી ચાલુ થઈ. અલ્લાહની યાદને સંભાળતા અબુબક્રના શાસન ચક્રમાં નવી ગરમી આવી ગઈ. આરબ માનવોના સમુદાયોએ, અલ્લાહનાં પડોશી માનવોની વ્હાર કરવા જવાની પડાપડી કરી. ઇસ્લામે તરવાર ધારણ કરી. અરબસ્તાનનાં ભરવાડોએ નવી જાતની વણઝાર પર આરોહણ કર્યું. અરબસ્તાનની ચારેપાસ સૂસવતા રેતીના ઝંઝાવાતોની પેલી પારની દુનિયા દેખવાની તમન્નાએ તરવાર ધારણ કરીને અબુબક્રે પોતાની ઇસ્લામી ટુકડીઓ માટે, લશ્કરી ફરમાન જેવી જાહેરાત કરી.

આ રીતે ઇસ્લામની હિલચાલ ઘોડા પર સ્વાર થઈને, સમશેરને ધારણ કરીને પોતે જેને મૂર્તિપૂજક અને પછાત એવું જગત ગણતી હતી તેના પર આક્રમણ કરવા નીકળી પડી. આક્રમણનું રૂપ ધારણ કરેલી આ સંસ્કાર હિલચાલ ક્યારે અને ક્યાં અટકશે તથા કેવી કેવી જીવનવ્યવહારની તસ્વીરમાં રૂપાંતર પામશે તેનો વિચાર ત્યારે હતો નહીં.

જ્ઞાન અને વિજ્ઞાનના વ્યવહારને એક જ દિવસમાં ભણી લેતો, અને તરતજ અંધારી એવી મૂર્તિપૂજક દુનિયામાં ઇસ્લામના ઝંડાની ઝબક જ્યોત બનતો સંસ્કૃતિનો પડકાર પોતાની નજદીકના પારસિક પ્રદેશમાં સૌથી પહેલો પેઠો. આ પ્રદેશ પર પ્રાચીન આર્યમાનવોએ આ ભૂમિનું નામ આર્યાવર્ત જેવું જ ઈરાન પાડ્યું હતું તથા ત્યાં પોતાની શહેનશાહત સ્થાપી હતી. આર્યોની આ અગ્નિપૂજક એવી પૂર્વની શહેનશાહતના પાટનગર જુન્દીશાપુરમાં એક અલ્લાહની યાદ પૂકારતો, ઇસ્લામનો સંસ્કાર દૂત ઇરાનની જર્જરિત શહેનશાહતના સિંહાસનને હચમચાવી નાખતો હાજર થઇ ગયો હતો.

ત્યારે ખુશરૂએ મહાન બનાવેલા આ સામ્રાજ્ય પર ઇરાનનો શાહ બેઠો હતો. ઈરાનના સિંહાસનને અચળ માનીને એ ખુશ હતો. પણ એણે આર-

બેના ઈરાન પરના હલ્લાના સમાચાર, સાંભળ્યા. અરબી રણના આરબ ભરવાડો પાઘડી પહેરીને ઊંટ પર ચઢીને તરવાર બાંધીને વિશ્વઇતિહાસના ઉંબરાપર ચઢતા હતા તેવો ખ્યાલ એના માથામાં આવી શકે તેમ હતું નહીં. એણે ઇસ્લામના એ આરબ આક્રમણના એક સંદેશ વાહકને દરબારમાં આવવા દીધો.

'શું સંદેશો લાવ્યા છો ?' એણે મજાકમાં પૂછ્યું.

'કે અલ્લાહ એક ઈશ્વર છે. દેવદેવી ખોટાં છે. મૂર્તિઓ ખોટી છે. ગુલામોને છૂટા કરો. સ્ત્રીઓના પડદા હટાવી દો. રાજની ચૂંટણી કરવાનો અધિકાર લોકોને આપો.'

'તમે જંગલીઓ, રણવગડાના આરબ ભરવાડો !' પોતાની સંસ્કૃતિ પર મુસ્તાક એવો શાહ આ દૂતના દોઢડહાપણ પર હસતો હતો.

પણ દૂત શાંતિથી બોલ્યો, 'આપ નામદાર કહો છો તે બધું ગઈ કાલે અમારે માટે સાચું હતું. અમે ઘેટાંબકરાંનાં ચામડાં પહેરતાં હતાં, અમારી દિકરીઓને જીવતી દાટતાં હતાં, અંદરઅંદરના ઝઘડાઓમાં યાદવાસ્થળી કરતાં અને ગુલામોને ખરીદતાં ને વેચતાં હતાં.....પણ નામદાર, અલ્લાહે અમારા રણ પ્રદેશને પસંદ કરીને આ જગત પર અમારે ત્યાં તેનો પયગંબર મોકલ્યો છે. એણે અમારું ઉત્થાન આરંભી દીધું છે.' ઉત્થાનનો આ સંદેશ વાહક આરબ હતો. એ ઉત્થાનયુગ, અરબસ્તાનમાં તરવાર ધારણ કરીને ઊભો થયો હતો. એશિયા, આફ્રિકા અને યુરોપમાં મનુષ્યને સંસ્કારી થવાની ફરજ શીખવવાની તરવાર આ ઉત્થાને ધારણ કરી હતી.

ખુશરૂઓનાં સિંહાસન આ ઘસારા નીચે ગબડ્યાં. સ્પેન અને ફ્રાન્સ પર પાઘડીવાળા ભરવાડો સંસ્કારની હાકલ કરીને ઉઠ્યા. એટલેન્ટીક સમુદ્ર પર તે પહોંચી ગયા. મેંડીસ અને કારથેજ પર ઇસ્લામનો ઝંડો ઉડ્યો. કોરડોવાની શેરીઓ પર અને ત્યાંથી સિંધુના કિનારા પર ઇસ્લામનો ઉદય અલ્લાહનો આભાર માનતો બાંગ પૂકારતો હતો. પડોશી પર પ્રેમ કરવાનો અવાજ ભૂલીને રોમન બાદશાહતને કુર્નિશ બજાવતો ખ્રિસ્તી ધર્મ પણ જેરૂસાલેમમાં આવતા અલ્લાહને રોકી શક્યો નહીં. તૈગરીસપરના બગદાદમાં અને સ્પેનના કોરડોવામાં આ ભરવાડો જેમને પારસીક પ્રદેશના સંસ્કારનગર જુન્દીસપુરે જંગલીઓ કહ્યા હતા તે, હવે જુન્દીસપુરમાં આવીને ત્યાંના સડવા માંડતા સંસ્કારને નવો પાઠ ભણવાની ફરજ પાડતાં હતાં.

એ જમાનાની જીવનજ્યોતનો ઝંડો ઇસ્લામે પકડ્યો. સિંધુના કિનારા પર પણ એ ફરક્યો. ત્યારે ભારતના મગધના સિંહાસન પર બેઠેલો ચક્રવર્તી સંસ્કાર ભૂલતો હતો અને અશોકની યાદ પર ધૂળ ફેરવતી બ્રાહ્મણ હકૂમતની

ઘાતકી ઘટના સ્વીકારતો હતો. ત્યારે શિવશક્તિની મેલી આરાધના માઝા મૂકતી હતી. પણ ત્યારે જ જગતને નૂતન સંસ્કાર દેનાર અરબસ્તાનના ભરવાડો, પ્લેટો અને એરિસ્ટોટલના ગ્રંથોનાં ભાષાંતર કરતા હતા. ચરક અને સુશ્રુતના ગ્રંથો અરબી ભાષામાં ઉતારતા હતા અને જગતે કદિ ન દેખેલી એવી સંસ્કાર પિપાસાને ધારણ કરતા હતા.

ઇસ્લામની અમરજ્યોતે યુરોપને પ્રકાશ દીધો.

ઇસ્લામે ઈસાઇ યુરોપને ખોરાક, પીણાં, દવાઓ, સાધનો. બક્તરો દીધાં. એણે ઉદ્યોગના પદાર્થપાઠો અને યુક્તિપ્રયુક્તિઓ યુરોપને દીધાં. ચીનથી ભારતથી, ઈરાનમાંથી થઈને અને ઇસ્લામરૂપ ધરીને, સંસ્કૃતિનાં, સ્વરૂપો, ઇસાઇ યુરોપમાં આવી પહોંચ્યાં, અને જાણે તેને ભણાવવા બેઠાં. ઐતિહાસિક ભણતરની આવી સંસ્કૃતિનો ચિરંતન એવો સંસ્કાર ઝરો, વ્યાપાર અને વાણિજ્ય મારફત, ક્રુઝેડોએ કોતરેલા રસ્તાઓ પર થઈને પૂર્વમાંથી ગ્રેરેબિક જબાન ધારણ કરીને લેટીનમાં ભાષાંતર પામીને વહ્યા કરવા માંડ્યો.

ગ્રીક હકૂમત નીચેથી છૂટેલો અને સીઝરોની પકડમાંથી મૂકત બનેલો, પ્રાણ, ઓસનું ડહાપણ અને રોમનો કાનૂન શીખીને સોલોમનના જુડીયામાં આશુરબાનીપાલના એસીરીયામાં, હેમુરાબીના બેબીલોનીયામાં અને સારગોનના અકડમાં તથા સુમેરીયા અને સિંધુનાં સંસ્કૃતિનાં ખંડિયેરોમાં સંસ્કારનું પયપાન કરી કરીને ઇસ્લામનું નામ ધારણ કરીને યુરોપનું આવાહન કરતો આવી પહોંચ્યો.

ઇસ્લામ સામે યુરોપનો, સમરાંગણ પર પરાજય થયો પણ જીવનકલહમાં વિજય થયો. પરાજીત થએલું યુરોપ અંધકાર યુગમાં પણ વારસામાં મળેલી સંસ્કૃતિને શીખતું, અણુતમ ઉભું. અંધારા યુગોના બાર બાર સૈકાઓ સુધી એણે ગરીબાઈની પરવા કર્યા વિના સંકટો અને યાતનાઓની ઉપરવટ થઈને પોતાના કલેવર પર પડતા ઘાને ચૂમતાં ચૂમતાં, જેને પોતાનો દુશ્મન માન્યો હતો તેવા પૂર્વ પાસેથી ઇસ્લામ મારફત યુરોપે શિખ્યા કર્યું.

એટલે યુરોપનું કેથેડ્રલ આકાશ જેટલું ઉંચું ચણાવા માંડ્યું. યુરોપના રાષ્ટ્રે, રાષ્ટ્ર એકતા પામવા માંડી. યુરોપની ધરતી પર માનવસમુદાયને વૈજ્ઞાનિક ઘડનારી સંસ્કૃતિની ઉત્થાન યાત્રાવાળો મધ્યયુગ જનમ્યો.

ઇસ્લામી સંસ્કૃતિનું અર્થકારણ

સંસ્કૃતિનાં કોઇપણ રૂપમાં તેનું આર્થિક રૂપ સૌથી મુખ્ય હોય છે. આ આર્થિક સ્વરૂપનો પાયો જમીન પર જીવતાં માનવસમાજની ઇચ્છાઓ અને મનોરથો લઇને આ પાયા પર પોતાની અદાલતો, મહાલયો, દેવળો, શાળાઓ અને દવાખાનાંઓ તથા પોતાની કલા વિગેરેનાં તમામ સ્વરૂપોની રચના કરતો

હોય છે. ઇસ્લામના ઉદય સાથે માનવ માનવ વચ્ચેની શાંતિના ધર્મજીવનને ધારણ કરીને અર્બસ્તાનની ધરતીનો જીવનનો કાનૂન વિશ્વઇતિહાસમાં પહેલી વાર પ્રવેશ કરીને જેને વિશ્વ સંસ્કૃતિ કહી શકાય એવી ભવ્ય રચનાનો પોતાની ભરવાડોની ધરતી પર આરંભ કરતો હતો, અને આ રચનાને તે સમયના સર્વ દેશોમાં સંસ્કારનાં આજ સુધીનાં મૂલ્યોમાંથી ઘડતો હતો, અને ઇસ્લામીક સંસ્કૃતિ નામની તે સમયની વિશ્વસંસ્કૃતિને જન્મ આપતો હતો,

એના અર્થકારણનું નમ્ર સ્વરૂપ ઢોર ઉછેરનું મધના ઉદ્યોગનું તથા નાની સરખી ખેતીવાડીનું હતું. હવે એણે એકસો જાતનાં અનાજ, ભાજી પાલવ, ફળો તથા ફૂલો ઉપજાવવા માંડ્યાં. આ સંસ્કૃતિએ નારંગીનું ઝાડ હિંદમાંથી આણ્યું તથા અર્બસ્તાનની ભૂમિ પર રોપ્યા પછી સીરીયામાં, એશિયા માયનોરમાં પેલેસ્ટાઇનમાં, સ્પેનમાં તેને ઉગાડ્યું, અને નારંગીનું ઝાડ દક્ષિણ યુરોપ સુધી પહોંચ્યું. એજ રીતે એણે ભારતમાંથી શેરડી પણ આણી અને પોતાને ત્યાં તેનું વાવેતર કર્યું. આ નૂતન સંસ્કૃતિએ પોતાની વેરાન એવી મરૂભૂમિ પર લીલોતરીનું સર્જન કરવા માંડ્યું તથા સંસ્કૃતિના આ લલિત સ્વરૂપે બીજા દેશોમાં ફેલાવા માંડ્યું. ખેતીવાડીના વિકાસની આ યોજના પાછળ એણે શરૂ કરેલી નહેરોનો ઉદ્યોગ હતો. અર્બસ્તાનમાં શરૂ થયેલા ઇસ્લામના ખિલાફતના રાજકારભારે આ ઉદ્યોગને વિકસાવ્યો. યુફ્રેટીસ નદીને તેણે મેસોપોટેમીયામાં વાળી તથા તૈગ્રીસનાં પાણીને ઇરાનમાં લીધાં અને એક મોટી નહેર મારફત આ બંને નદીઓને એણે બગદાદમાં ઉતારી. વેરાનમાં ખેતરો સર્જાયાં. ઉજ્જડ જમીન પર લીલોતરી ઉગી અને નાશ પામેલાં ગામોમાં નવી વસાહત ગુંજી ઊઠી. બુખારા અને સમરકંદની વચ્ચેનો પ્રદેશ સ્વર્ગ જેવો સુરમ્ય કહેવાયો. ઇરાન અને ઇરાકનો દક્ષિણ પ્રદેશ પણ ઇસ્લામે એવો રમ્ય બનાવ્યો અને દામાસકસની આસપાસ લીલાં ખેતરો અને ઉદ્યાનોની રચના કરવામાં આવી.

ઉદ્યોગની આવી રચનામાં સોનું રૂપું, લોખંડ, સીસું, પારો, 'એન્ટીમની,' 'એસએટાસ,' ગંધક, આરસ, તથા હીરા માણેકની નવી ખાણો ખોદાવા માંડી. ઇરાની અખાતમાંથી મોતી શોધવા માટે ઇસ્લામી "ડાઇવરો" એ ડૂબકીઓ દેવા માંડી. ઉદ્યોગનું આ સ્વરૂપ હસ્ત ઉદ્યોગનું હતું તથા ઘરમાં અને કારીગરોની દૂકાનોમાં વ્યવસ્થિત બનતું હતું. આ વ્યવસ્થામાં કારીગરોનાં મંડળો પણ શરૂ થયાં અને પવનચક્કીઓ પણ ચાલવા માંડી. અર્બસ્તાને પાણીથી ચાલતાં ઘડીઆળની શોધ કરી. ઇરાન, સિરીયા અને ઇજીપ્તનાં ઇસ્લામી શાસન નીચે ચાલતો કાપડ ઉદ્યોગ વિશ્વમાં વિખ્યાત બન્યો. મોસુલ નગરમાં થતાં કાપડની મરલીન જાત, દામાસ્કસમાં થતું દામાસ્કલીનેન, અને ઓડનું ગરમ કાપડ

મશહૂર બન્યાં. દામાસ્કસની તરવારની ધાર જગતમાં અજોડ એવી માલમ પડી. ઇસ્લામી શાસનના આ ઉદ્યોગે સીડોન અને ટાયર નગરોને કાચનાં ઉદ્યોગ માટે જાણીતાં બનાવ્યાં. રાક્કા નગરમાં તેલ અને સાબુનો ઉદ્યોગ, કાંસકાનો ઉદ્યોગ અને ફાસ નગરમાં અત્તરો અને રંગનો ઉદ્યોગ વખણાયો. યૂરોપના ૧૬ મા સૈકામાં ઉદ્યોગની જેવી ઘટના હતી તેના કરતાં સર્વ પ્રકારે અતિ ઉચ્ચ એવી ઉદ્યોગ ઘટના ઇસ્લામની સંસ્કૃતિએ ઈ. સ. ૧૦૦૦ મા સૈકા પહેલાં રચી બતાવી.

આ ઉદ્યોગની સાથે સાથે જ રણનાં જહાજ તરીકે ઓળખાતી ઊંટોની વણઝરનો વાહન વ્યવહાર પણ સૌથી વધારે વિકસ્યો. ઇસ્લામની મધ્યપૂર્વની દુનિયામાં બગદાદ, રાવી, નીશાપુર, ઝર્વ, બુખારા સમરકંદ દામાસ્કસ તથા બસરા, શીરાઝ, કુફા, મદીના, મક્કા, અને એડન નામનાં નગરોમાં આ વણઝારોની વ્યાપારી હિલચાલ અટકયા વિના વહેવા માંડી. આ વેપારની સાથે સાથે પશુઓ અને મુસાફરો માટેની તમામ સગવડો વાળી પાન્થશાળાઓથી રસ્તાઓ છવાઇ ગયા. અબ્દસ્તાનના ખલીફા અલરશીદે સુવેઝ નહેરની પણ યોજના ઘડી પરંતુ આ યોજના અમલમાં આવી શકી નહી. આ ખલીફાએ તૈગ્રીસ નદી પર ૭૫ ફીટ પહોળો પૂલ બાંધ્યો. નદીઓ પર અને જમીન પર વાહન વ્યવહારની આ ઘોરી નસો ઉપર જીવનની એકતા અપૂર્વ બની. આ એકતામાં ખ્રીસ્તી, યહૂદી અને ઇસ્લામી વેપારીઓનાં સંગઠનોએ ઇસ્લામની નવી દુનિયામાં પોતાની પેઢીઓ નાખી. કોન્સ્ટેન્ટીનોપલ, અને એલેકઝાડ્રીયાનાં નગરો આ નવી હિલચાલમાંથી જીવન ધારણ કરીને ધમધમી ઉઠયાં. ઇસ્લામના વાણિજ્યનું આ હિલચાલના સ્વરૂપે ટયૂનિસ, સિસીલી. મોરોક્કો, સ્પેન, ગ્રીસ, ઇટાલી, અને ગોલ પ્રદેશને નવું જીવન આપવા માંડયું. ભૂમધ્યની વેપારી આગેવાનો ઇસ્લામે ધારણ કરી. ઇસ્લામી વેપારીઓએ એબીસીનીયા પર પોતાનું બજાર શરૂ કર્યું અને લાલ સમુદ્ર પર પોતાનો કાબૂ સ્થાપ્યો. કારપીયન સમુદ્રમાં પેસીને ઇસ્લામનાં જહાજો મોંગોલીયામાં થઇને રશિયાની વોલ્ગા નદીનાં આવી પહોંચ્યાં. ઇસ્લામની વાણિજ્ય સંસ્કૃતિએ આસ્ટ્રાખાનને પોતાનું વેપારી મથક બનાવ્યું તથા નોવોગોરોડમાં, ફીનલેંડમાં સ્કેન્ડીનેવઆમાં અને જર્મનીમાં પોતાની વેપારી કોઠીઓ નાખી. ઇરાની અખાતમાં થઈને તેમણે હિંદ અને સિલોન સાથે વેપાર શરૂ કર્યો અને ચીનના કેન્ટન બંદર પર ઇસ્લામી વાણિજ્ય સંસ્કૃતિએ વિશ્વવિજય કર્યો તથા જગતની વાણિજ્ય પરિભાષાને ટેરિફ, ટ્રાફિક, મેગેઝીન, કેરેવાન, અને બજાર નામના શબ્દોની આંતર રાષ્ટ્રિય શબ્દો તરીકે ભેટ દીધી.

અર્થ ઘટના નીચેનો માનવસમુદાય

આ અર્થ ઘટના એ પોતાની વાણિજ્યની ઘટનાનું રૂપ તે સમયમાં સર્વોત્તમ બનાવ્યું હતું. 'દીનાર' નામના સુવર્ણ સિક્કાનું વર્ચસ્વ ઇસ્લામીક

વાણિજ્યની હકૂમત પાસે હતું. દીનારની સૌથી મોટી માલિક આ સંસ્કૃતિ હતી. ઈ. સ. ના ૯ મા સૈકામાં આ સંસ્કૃતિની પેઢીઓમાં હજારો સુવર્ણ સિક્કાઓની હૂંડીઓ લખાતી હતી. આ હૂંડીનો અરબી શબ્દ 'સાક' નામનો હતો જેનું યુરોપનું અપભ્રંશ 'ચેક' બન્યું. સુવર્ણની માલિક એવી આ સંસ્કૃતિમાં સુવર્ણપતિઓની સંખ્યા ઇ. સ. ના ૯ માં સૈકા સુધીમાં ખૂબ વધી ગઈ. આ સંસ્કૃતિની ટોચ પર બેઠેલી સુવર્ણની ઘટનાને પોતાની સેવા માટે લાખો ગુલામોની જરૂર પડી, અને પછી સુવર્ણની માલિકીવાળી આ સલ્તનતે દૌલતનાં વિલાસનાં અનેક સ્વરૂપો સર્જવા માંડ્યાં.

ઇસ્લામીક સંસ્કૃતિના સુવર્ણ યુગની સમાજ રચનાના શિખર પર શ્રીમંતોનો આવો વર્ગ બેઠો હતો તથા આ સંસ્કૃતિના ઉપભોગના બધા ભોગ્યોને ઉપાડનાર શ્રમ માનવોનો વર્ગ ગુલામોનો હતો. ખલીફ મુકતદીરની સેવામાં ૧૦૦૦ ગુલામો કામ કરતાં હતાં. મુસાએ આફ્રિકામાંથી આણેલા ગુલામોમાં અનેક કુમારીકાઓ હતી. ગુલામોનાં સમુદાયોની આવી ભરતી પાછળ મુસ્લીમ ન હોય તેને ગુલામ બનાવી શકવાની ઇસ્લામની પરવાનગી કારણરૂપ હતી, પરંતુ ઇસ્લામના ધર્મને અંગીકાર કરનારને ગુલામ બનાવી શકાતું ન હતું. ઇસ્લામે તેની મના ફરમાવી હતી. આ ઉપરાંત મુસ્લીમ વડે જન્મતા ગુલામ સ્ત્રીનાં બાળકો આઝાદ ગણાતાં હતાં. રોમન અને ગ્રીક સંસ્કૃતિ કરતાં ગુલામો તરફના માનવધર્મમાં વધારે ઉદાર એવી આ સંસ્કૃતિ ગુલામોને ભણાવતી હતી તથા તેમાં જે વધારે બુદ્ધિમાન માલમ પડે તેમને ઉચ્ચ પદવીઓ આપતી. આ પદવીઓમાં મોટા અમલદાર બનવાની, પ્રધાન બનવાની તથા સુલ્તાન બનવાની પદવી સુધી ગુલામો પહોંચી શકતા હતા. સામાન્ય રીતે તો ગુલામોના સમુદાયો માટે ખાણોમાં ખેતરોમાં, કારખાનાઓમાં, તથા લડાઈઓમાં તમામ મજૂરી કરવાનો હતી. આ ઉપરાંત ગુલામ છોકરીઓમાં જે સુંદર હોય તેમનો મુખ્ય વ્યવસાય શ્રીમંતો અને સુલતાનોની સેવા કરવાનો હતો તથા તેમના મનોરંજન માટે નર્તકીઓ અને ગાયિકાઓ બનવાનો હતો.

ગ્રીક અને રોમન શહેનશાહતોના સમયમાં થયા હતા તેવા સામાજિક ન્યાય માટેના બળવાઓ આ શાસન ઘટનામાં નોંધાયા. આ બળવાઓ ઇ. સ. ૭૭૮, ૭૯૬, ૮૦૮, તથા ૮૩૮ મા થયા. આ બળવાઓ પાછળ લોકસમુદાયનો ઇન્સાફ માટેનો અવાજ શાસક અને ધર્મ ઘટના ભેગી હોવાથી વધારે પ્રજ્વળી ઉઠ્યો, તથા બળવાઓનું રૂપ પણ ધાર્મિક રૂપ બન્યું તથા સામાજિક ન્યાય માટેની લડતો પણ ઝેહાદનું નામ પામી. આ બળવાઓમાં ઇસ્લામિક ઝંડા નીચેજ, ઇસ્લામના ન્યાયના પાયા પર ખુરામીયા અને મહાયીદા નામના ઇસ્લામના ધર્મપંથો

સામાજક ઇન્સાફનાં સૂત્રો ધારણ કરીને, મઝદકની આગેવાની નીચે, 'સુખ' આલમ' અથવા લાલઝંડાનું નામ ધારણ કરીને ઇતિહાસમાં મશહૂર બન્યા. ત્યારની પ્રાચીન જીવનઘટનાએ મંજુર કરેલું, માનવસમુદાયોનું શોષણ, ઇસ્લામના એક અલ્લાહના માનવ માનવ વચ્ચેના શાંતિમય વ્યવહારનો જીવન ઘટનામાં ઘણું ઓછું થઇ ગયું. આ જીવન વ્યવહારની મસ્જીદો અને પાન્થશાળાઓ, માનવ-સમુદાયનાં આશ્રય સ્થાન બન્યાં. દીનદયાનો માનવભાવ આ જીવન ઘટનાએ શ્રીમંતોના વર્ગમાં સૌથી વધારે વિકસાવ્યો. સૌથી વધારે એવી માનવભાવના આ ધર્મઘટનાએ ઇસ્લામિક માનવોમાં સમાન બંધુભાવની ન્યાયની લાગણી ધર્મના પાયામાં મૂકીને માનવસમુદાયોમાં એક નવી જાગ્રતિનાં બીજ રોપ્યાં. માનવસમુદાયો પરની શોષક યાતનાઓ અને ઇસ્લામિક માનવ ભાવનાના મિશ્રણમાંથી દીનદયાની કરૂણાનો ઉદ્ભવ થયો. આ કરૂણાનો નૂતન લાગણીને સંસ્કૃતિના કળશ પર આભરણની જેમ ધારણ કરીને ઇસ્લામની સંસ્કૃતિ પૂર્વ પ્રદેશના સમીપ વિભાગના એશિયાઈ જગત પર અને આફ્રિકાના, ઇજીપ્ત મોરોક્કો અને ટયુનીશિયા જેવા પ્રદેશો પર પ્રકાશી ઉઠી. આફ્રિકાની આ કિનારી નૂતન સંસ્કાર રૂપમાં મધ્યપૂર્વ અને સમીપ પૂર્વની દુનિયામાં ભેગી ભળી ગઇ.

ધર્મ સમભાવ

મૂર્તિપૂજાનો ઇન્કાર કરીને બંધાયેલી ઇસાઈ ધર્મની ભાવના તરફ આ નૂતન સંસ્કૃતિએ સહોદરભાવ ધારણ કર્યો. અલ, હકીમ નામના એક ગાંડા ખલીફાએ ગાંડપણમાં જ્યારે ઇ સ. ૧૦૧૦માં પેલેસ્ટાઇનિમાના ઇસાઇ દેવળનો નાશ કર્યો ત્યારે તરત જ એક અમૂર્ત ઈશ્વરના ઇસાઇ દેવાલયને બાંધવા મધ્યપૂર્વના મુસલમાનોએ જ એક મોટું ફંડ ભેગું કરીને ઇ. સ. ૧૦૪૭માં સુરમ્ય એવું ખ્રિસ્તી દેવાલય ચણાવ્યું તથા તે સાલમાં નસીર-ખુશરૂ નામના મશહૂર મુસાફરે તેનું વર્ણન કર્યું કે આ વિશાળ દેવાલયના વિશાળ સંમેલન ખંડમાં આઠ હજાર માણસો એકી સાથે બેસી શકે તેટલો તે મોટો છે. નકશી અને કલાનાં સુશોભનોથી મઢેલા આ દેવાલયમાં મુસ્લીમ કલાકારોએ જ જિસસનાં ચિત્રો દોર્યાં. જેરૂસાલેમમાં આ મહાન દેવળ સર્વોત્તમ લેખાયું.

ઇસ્લામિક સંસ્કૃતિનું સિદ્ધાંતરૂપ

મૂર્તિપૂજક અથવા પેગન જગતનો અથવા પેગન જીવન વ્યવહારનો અંત માગતી અને એક અલ્લાહના નામમાં માનવ માનવ વચ્ચેના શાંતિમય વ્યવહારનું નિર્માણ માગતી, સમશેરને ધારણ કરીને નીકળી પડેલી આ સંસ્કૃતિનું સિદ્ધાંતરૂપ બિલકુલ સીધુસાદુ હતું. આ સ્વરૂપમાં આરતા રાખવાનું કામ માનવ

સમુદાય માટે બીલકુલ સરળ અને સહજ હતું કારણ કે, આ સંસ્કૃતિનો સિદ્ધાંત કહેતો હતો કે "અલ્લાહ એક છે, અને તેનો પયગંબર મહમ્મદ છે."

આ કથનમાં કોઈ આક્રમક અહંભાવ નહોતો. કુરાનના ધર્મપુસ્તકમાં બિલકુલ સરળભાવે કહેવામાં આવ્યું કે દરેક દેશમાં આવા પોતપોતાના પયગંબરો અથવા સંતો હોય છે. આવા અનેક પયગંબરોમાં કુરાને, અબ્રાહામ, મોસેસ, તથા જિસસનો મહાન પયગંબરો તરીકે સ્વીકાર કર્યો. અરબસ્તાનની ભૂમિપર આવો અથવા સૌથી મોટો પયગંબર મહમદ થયો.

આવા સીધા સાદા માનવ ધર્મે, જીવન વ્યવહારની ચાર ધર્મફરજો આપી, એક પ્રાર્થના,બીજી ફરજ દાન, ત્રીજી ઉપવાસ, અને ચોથી યાત્રાને ગણાવી. આ ફરજોમાં પહેલી ફરજ માટે અરબસ્તાનની ધરતીપર દિવસમાં પાંચવાર, સ્વચ્છ બનીને નમાજ પઢવાની, બાંગ પુકારવા માંડી. આ વેરાન ધરતીને ઢંઢોળીને, મસ્જીદના મિનારાની ટોચ પરથી અલ્લાહની યાદ માટે પ્રશાન્ત રાત્રિનો શ્વાસ ભેદીને, માનવ સંસ્કૃતિનો સાદ પાંચપાંચવાર બાંગ પુકારવા લાગ્યો.

મક્કાની દિશા તરફ મુખ ફેરવીને માનવસમાજના, ઉપરથી માંડીને તે બધા નીચલા થરોમાં એકમેક સાથે ખભેખભો અડાડીને એક અલ્લાહની યાદમાં માનવ બંધુતાની ન્યાયસમતાનો આરંભ પ્રાર્થનાથી શરૂ થવા લાગ્યો. માનવીના રૂપને, પ્રાર્થના કરતું, વિરાટ માનવનું એકરૂપ બનાવવામાં આવ્યું. આ પ્રાર્થનાના જેવા સીધા સાદા ધર્મ ક્રિયાના રૂપને ક્રિયાકાંડ બનાવી દેનાર પાદરીની કોઇ સંસ્થા આ સંસ્કૃતિએ બનવા દીધી નહી. આ પ્રાર્થનાની દોરવણી દેનાર ઇમામ, પાદરી નહીં પણ અદનો માનવી જ રહ્યો તથા તેણે પણ પોતાનો નિર્વાહ ધંધારોજગારથી કરવાનું નક્કી થયું.

એટલે જ માનવભાવ પર રચાયેલા આ ધર્મવ્યવહારનું આરંભનું સ્વરૂપ બિલકુલ સહીષ્ણુ રહી શકયું. ખ્રિસ્તીઓ, ઝોરસ્ટ્રીયનો, સેબીયનો અને યહુદીઓ માટે આ શાસનમાં સમભાવ કેળવાયો. વિધર્મીઓએ માત્ર વિધર્મી તરીકેનો "પોલ ટેક્સ" નામનો કર આપવો પડતો. પરન્તુ આ કરમાંથી સાધુઓ, સ્ત્રીઓ, બાળકો, ગુલામો, વૃદ્ધો અપંગો, તથા ગરીબો બાકાત હતાં. આ કારણથી જ જેરૂસાલેમના યહુદીઓએ, ખ્રિસ્તી જુલ્મોમાંથી પોતાનો છૂટકો કરનાર તારણહાર તરીકે ઇસ્લામને આવકાર આપ્યો. આ સંસ્કૃતિને લીધે જ યહુદીઓ એશિયાના ત્યારના દેશોમાં આબાદ થયા તથા તેથી જ આ શાસન નીચે આવેલા સ્પેઇનમાં પણ વધારે છૂટથી રહી શકયા. ખ્રિસ્તી ધર્મ તરફ પણ આ ધર્મશાસન તરફથી કોઇપણ જાતનો અણગમો બતાવવામાં આવ્યો નહીં.

ત્યારના ઇસ્લામિક શાસનના અધિકાર નીચે ખ્રિસ્તી દેવળોની કુલ સંખ્યા અગીઆર હજારની બની, તથા ખ્રિસ્તી ધર્મના બધા ઉત્સવો અને યાત્રાઓ આ શાસન નીચે મુક્ત બની ગયાં. કોનસ્ટેન્ટિનોપલમાંથી શરૂ થતી ખ્રિસ્તી ધર્મની ખ્રિસ્તીઓ પરની જોહુકમીમાંથી બચવા અનેક ખ્રિસ્તીઓ આ માનવ સંસ્કૃતિનો આશરો શોધવા લાગ્યાં.

માનવસમુદાયના જીવનવ્યવહારમાં માનવધર્મનાં ન્યાયનાં સ્વરૂપોને ઉભેરવા આ સંસ્કૃતિના સરળ અને સીધાસાદા સિદ્ધાંતોને લીધે જ, ચીન, ઇન્ડોનેશિયા, હિંદ, મોરોક્કો, ઇરાન, સિરીયા, ટ્યુનીશિયા, મોરોક્કો અને સ્પેઈન વિગેરે દેશોના માનવ સમુદાયોએ તેને અપનાવ્યો તથા, ૩૫૦,૦૦૦,૦૦૦થી વધારે જન સંખ્યાવાળો આ વ્યાપક ધર્મ જગતના મહાન માનવધર્મોમાંનો એક સાબીત થયો.

ઇસ્લામનું સરકાર-તંત્ર

સિદ્ધાંતિક રીતે ઇસ્લામનું શાસનતંત્ર અથવા સરકાર તંત્ર, ધર્મ લોકશાહીના વૈરાજ્ય તરીકે શરૂ થયું. શાસનકર્તાની તથા શાસકસમિતિની ચુંટણી બધાં આઝાદ મુસ્લીમો કરતાં હતાં તથા, જેનાં મા અને બાપ બન્ને ગુલામ ન હોય તે આઝાદ નાગરિકો હતાં. આવી શાસન ઘટનાનું ધામ મદીના હતું. આ શાસનઘટનાએ અશોક પછી અને બુદ્ધ પછી ફરીવાર ગુલામોની મુક્તિ આરંભી. પછી યુદ્ધો અને લોકશાહી વચ્ચેના જીવનવ્યવહારમાંથી જન્મતો વિરોધ અહીં પણ દેખાયો. વૈરાજ્યનું પતન થોડાક સૈકાઓ પછી થયું. ત્યાં સુધી આ ઇસ્લામિક રાજ્ય ધર્મતંત્ર તરીકે ચાલુ રહ્યું. આ ધર્મવૈરાજ્યનો વડો ખલીફ ચૂંટાઈને આવતો. આ ખલીફ કોઈ પાદરી નહોતો અને પોપ પણ નહોતો. ચુંટાયા પછી એની સત્તા એકહથ્થુ હતી પણ વારસાગત નહોતી આવા સરકારી તંત્રની વ્યવસ્થા કરનાર કાર્યવાહી અનેક ખાતાંઓમાં વહેંચાયલી હતી.

આ સરકારી તંત્રનો કાનૂન કુરાનનો હતો. કાનૂનશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર અહીં એક બન્યાં હતાં. એકેએક કાનુનનો ભંગ પાપ પણ હતું અને ગુનો પણ હતો. પણ સરકારી વ્યવહારનો પ્રદેશ જેમ ઝડપથી વિસ્તાર પામતો ગયો તેમ નવા સમુદાયોના જીવનના વિશાળ સવાલો ઉભા થતા ગયા અને પેલું ધર્મનું કાયદાશાસ્ત્ર ટુંકું પડ્યું અને કાયદાશાસ્ત્રપરની પ્રખર ચર્ચાઓ શરૂ થઈ. અબુ હનીફા ઇબ્ન થાબીતે, ઈ. સ ૭૬૭માં આરબ્ધ રણ પ્રદેશના સમાજવહિવટ પરથી રચાયલા કુરાની કાનૂનને પલટી નાખવાની હિમાયત કરતો "એનેલોજીકલ ઈન્ટરપ્રીટેશન ઓફ લો" નામનો નવો સિદ્ધાંત શરૂ કર્યો. પછી કાયદાશાસ્ત્ર પર ચાર મુખ્ય શાખાઓ વિકસી અને તેમણે પોતપોતાની મિમાંસાઓ રજુ કરી.

એક સૈકા સુધી આ નવા સવાલનું વલોણું ચાલ્યા કર્યું અને કાનૂનવ્યવહાર પલટાયા કર્યો, તથા વાણિજ્યરૂપની હકુમતને યોગ્ય બનવા માંડયો. ખલીફાની સરકારો સુધી ન્યાયનો વ્યવહાર ઉદારરીતે ચાલ્યા કર્યો અને પાંચ રૌકાઓ સુધી પશ્ચિમ એશિયાના પ્રદેશો આ સરકારી તંત્રવડે દીપી ઉઠ્યા.

દામાસકસ, સંસ્કૃતિનું પાટનગર

મદીના પછી તરતજ વિસ્તાર પામતી આ શાહેનશાહતના પાટનગર તરીકે દામાસકસની પસંદગી કરવામાં આવી. પાણીના પાંચ પ્રવાહોએ આ નગરને "અલ્લાહનો ઉદ્યાન" નું ઉપનામ આપ્યું. જાહેર ઉદ્યાનોમાં એક હજાર ફુવારા આ નગરમાં ઉડતા હતા. આ નગરનાં નાગરિકોને માટે એકસો જેટલાં જાહેર સ્નાનાગારો બાંધવામાં આવ્યાં. આ નગરમાં બધા મળીને, ૧૨૦,૦૦૦ બગીચાઓ બંધાયા તથા બાર માઇલ લાંબી અને ત્રણ માઇલ પહોળી એવી "વેલી ઓફ વાયોલેટસ" નામની વાટિકાની રચના કરવામાં આવી. દોઢ લાખની વસતીવાળા આ પાટનગરના મધ્ય ભાગમાં ખલીફનો મહાલય હતો, તથા તેને આરસ અને સુવર્ણવડે મઢવામાં આવ્યો હતો. એક વાર રોમન સમયમાં જ્યાં જ્યુપીટરનું વિશાળ દેવળ ઉભું હતું ત્યાંજ મૂર્તિપુજનો, ભોગ લેતો મલિન વ્યવહાર શમી જઈને, એક મોટી મસ્જીદના મિનારાપરથી માનવ શાંતિના વ્યવહારસૂત્ર વાળા એક નિરાકાર અલ્લાહની બાંગ પૂકારાયા કરતી હતી. આ વિશાળ એવી મસ્જીદની રચના કરતા પહેલાં તેનો પાયો ખોદવાનો આરંભ વલીદે પોતે કર્યો હતો અને પછી, સિંદ, ઇરાન, કોનસ્ટેન્ટિનોપલ, મિસ્ર, સીરીયા, ટયુનીસ, અને અલજીરીયાથી આવેલા શિલ્પીઓ અને કલાકારોએ તેનો દેહ મઢયો હતો તથા આઠ વરસ સુધી બાર હજાર મજુરોએ એનું બાંધકામ કર્યું હતું. દામાસકસના પાટનગર વચ્ચેનું આ સંસ્કાર સ્મારક રંગબેરંગી કાચના બાર હજાર દીવાઓ વડે રોજ પ્રકાશિત બનતું હતું. ઇસ્લામની સંસ્કૃતિએ વિકસાવેલી વિદ્યાકલાઓમાંની આ એક ઇજનેરી કલાનો નમુનો અનેકોમાંનો માત્ર એક હતો.

સંસ્કૃતિનો વ્યાપક વિંધ્યાવ્યાસંગ

મહમદે ઇસ્લામના પાયામાંજ સંસ્કારનું સ્વરૂપ રજુ કર્યું હતું કે, "જે કોઈ જ્ઞાન અને વિજ્ઞાનની શોધ કરવાનો રસ્તો ધારણ કરીને પોતાના ઘરબારનો પણ ત્યાગ કરશે તેણે અલ્લાહનો રસ્તો ધારણ કર્યો કહેવાશે તથા ધર્મના શહીદના લોહી કરતાં, વૈજ્ઞાનિકના ખડીયાની અંદરની શાહી વધારે પવિત્ર પૂરવાર થશે." ઇસ્લામની સ્થાપનામાંજ આવા ઉદ્ગારોએ ઇસ્લામના ઉદયમાંની વિદ્યાના

વ્યાસંગની સ્થાપના કરી. સંસ્કૃતિની આ ઘટનાના આરંભના વ્યવહારેજ, ભારતીય, ચીની, અને ગ્રીક સંસ્કૃતિનાં વિદ્યાકલાનાં સ્વરૂપોની શોધ શરૂ કરી દીધી. આ સંસ્કૃતિનું વિદ્યારૂપ, આરંભથીજ એકેએક મસ્જીદની સાથે શાળાનો અનિવાર્ય પ્રબંધ કરવા લાગ્યું. ઉદ્યાન અને ઉડતા ફુવારાવાળી મસ્જીદના ચોગાનમાં બંધાયેલી, શાળામાં, ઇસ્લામનાં બાળકોની, છ વરસની ઉમરવાળાં સૌ બાળકો માટે શિક્ષણ પામવાની ફરજ ફરજીયાત બની તથા ગુલામોનાં બાળકોને પણ આઝાદ નાગરિકોનાં બાળકો સાથે ભણવા બેસવાની છૂટ મળી. ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, ઇતિહાસ, કાયદાશાસ્ત્ર અને લેખન શાસ્ત્ર તથા ગણિતશાસ્ત્ર આગળના અભ્યાસના મૂખ્ય વિષયો બન્યા. પાછળથી વ્યાકરણ, ચિંતન શાસ્ત્ર, ભાષા શાસ્ત્ર, સાહિત્ય શાસ્ત્ર, પ્રમાણ શાસ્ત્ર, અને ખગોળ શાસ્ત્રની સાથે, ઇજનેરી રસાયણી અને, વૈદકીય વિજ્ઞાનો અભ્યાસ ક્રમમાં આવી પહોંચ્યાં.

મક્કા, બગદાદ અને દામસકસની મસ્જીદો વિદ્યાપીઠો બની તથા ત્યાં આંતરરાષ્ટ્રિય વિદ્વાનોની ચર્ચાઓના ગુંજારવ અવિરત બન્યા. દિવસના કોઇ પણ કલાકે દામાસકસની મહાન મસ્જીદોમાં કોઇ ને કોઇ વિષયપર કોઈને કોઈ વક્તાનું ભાષણ ચાલતું જ હોય એવું બન્યું.

ઈ. સ. ૭૧૨ માં સમરકન્દ જીત્યાપછી ઇસ્લામની વિદ્યાપીઠોમાં ઉદ્યોગના શિક્ષણને વેગ મળ્યો તથા લેખન શાસ્ત્રના લહિયાઓનું એક મોટું લશ્કર જાણે પુસ્તકો લખવા બેસી ગયું. જે પત્રોપર આ લખાણો લખાવા માંડ્યાં તે, "પેપિરાસ" નામના એરેબીક શબ્દમાંથી 'પેપર' નામના શબ્દનો જન્મ થયો. કાગળ બનાવનારૂં કારખાનું ઈ. સ. ૭૯૪ માં બગદાદમાં શરૂ થયું. ઇ. સ. ૧૦૫ માં ચીને શોધેલો કાગળ બનાવવાનો ઉદ્યોગ, ઇસ્લામે વિદ્યાકલાની વ્યાપક જરૂરિયાતોમાં સૌથી પહેલાં, મક્કામાં શરૂ કર્યો અને ઈ. સ. ૮૦૦ માં ઇજીપ્તમાં અને ઈ. સ. ૮૫૦ માં સ્પેઇનમાં શરૂ થયો, તથા કોનસ્ટેન્ટિનોપલની ઈસાઇ શહેનશાહતને એની જરૂર ઈ. સ. ૧૧૦૦ માં પડી. મધ્યયુગના ઉત્થાન નગર ઇટાલીએ એને ઇ. સ. ૧૧૫૪ માં અપનાવ્યો. જરમનીમાં કાગળપર લખવાની જરૂર ઇ. સ. ૧૨૨૮ માં શરૂ થઇ તથા ઉદ્યોગયુગના ઇંગ્લેંડ નગરને ત્યાં કાગળની બનાવટ ઈ. સ. ૧૩૦૮ માં શરૂ થઈ.

યરોપનાં આ રાષ્ટ્રોમાં એકલા સ્પેનમાં આ ઉદ્યોગ સૌથી પહેલાં શરૂ થયો કારણકે ઇસ્લામની સંસ્કૃતિના અમલ નીચે એ દેશ હતો. યરોપને સંસ્કૃતિનો વારસો તેને પૂર્વના મહાન દેશોમાંથી એકઠો કરીને તેના મૂલ્યનું ઉચ્ચતર રૂપાંતર કરીને, યરોપના મધ્યયુગને દેવા માટે વિદ્યાકલાના મૂળાક્ષર ઘૂંટાવતી ઇસ્લામની

સંસ્કૃતિએ બધાં નગરોમાં હસ્તલિખિત પુસ્તકોના ઢગલા સરજ્યા. એકલા બગદાદમાંજ બુક સેલરોની એકસો દુકાનો ખૂલી. આ દુકાનો પુસ્તકો વેચવા ઉપરાંત લેખનનો વ્યવસાય પણ કરાવતી હતી તથા પોતાને ત્યાં, લહિયાઓને પગારથી કામે રોકતી હતી. આ રીતે આ નૂતન સંસ્કૃતિએ વિદ્યાની હિલચાલને બુકસેલરની દુકાનોમાં પણ ઉતારી દીધી હતી તથા દરેક દુકાન આ વિદ્યાપ્રવૃત્તિના ઉદ્યોગ જેવી બની હતી. ઈસ્લામનાં દરેક નગર ત્યારની દુનિયામાં, પ્રાચીન ચક્રવર્તિ-ઓનાં પાટનગરોથી મૂળભૂત રીતે આ વિદ્યાના વ્યાસંગવડે જુદાં પડતાં હતાં. આ મહાન નગરો પર જુગારખાનાં કાયદેસર નહોતાં અને પુસ્તકોની દુકાન તથા, જાહેર પુસ્તકાલયો માનવસંસ્કારનાં નૂતન કેન્દ્રો બન્યાં હતાં. આ સંસ્કારના જમાનાના વિદ્વાનોની સંખ્યા ઘણા હજારોની હતી તથા મશહુર એવા આ મહાનુભાવોની મિલ્કત ગ્રન્થોના ઢગલાઓમાં અંકાતી હતી. આખા યુરોપ-ભરમાં જેટલાં પુસ્તકો હોય તેથી ઘણી વધારે સંખ્યાવાળાં પુસ્તકોનો માલિક, ઈ સ. ની, એક હજારની સાલમાં ઈસ્લામી સંસ્કૃતિનો દરેક વિદ્વાન કહેવાતો હતો. એટલેજ બગદાદનો એક વૈદકીય વૈજ્ઞાનિક ભુખારા રહેવા જઈ શક્યો નહોતો કારણકે એનાં પુસ્તકોને ખસેડવા ચારસો ઉંટની જરૂર પડે તેમ હતું. અલ-વકીદી જ્યારે મરણ પામ્યો ત્યારે એણે છસો પેટીઓ ભરીને પુસ્તકોની મિલ્કત એના દિકરાઓને દીધી હતી. વિદ્યાનો આવો વ્યાસંગ ત્યારની દુનિયામાં, એકલા ચીન દેશ શિવાય ધરતીપર કોઈ પ્રજાનો હતો નહીં. કોરડોવાથી સમરકન્દ સુધી થાંભલાઓ રોપ્યા હોય તેટલી મોટી સંખ્યાના સંસ્કાર સ્તંભો જેવા મહાવિદ્વાનો આ સંસ્કૃતિએ સંસ્કૃતિની ઘટનાની નીચે છાઈ દીધા હતા.

એટલે જ એરેબિક ભાષા પ્રમાણશાસ્ત્ર વડે વિભૂષિત બની. એરેબિક વિદ્યા-ઓ, પર વિભાગવાર શબ્દ કોશો તૈયાર થયા અને એનસાઇકલોપિડિયા લખાયા. આ બધી વ્યાપકતાનાં સંસ્કાર સ્વરૂપોના નિર્માણમાં અનેક અનામી વિદ્વાનોએ જીવનભરના શ્રમયજ્ઞો કર્યા તથા જગતની સંસ્કૃતિની સેવાના અવધિ વધાર્યા. ઈસ્લામની સંસ્કૃતિનાં બધાં નગરોની બધી મસ્જીદોની દિવાલો, ભૂગોળ શાસ્ત્રીઓ, ઇતિહાસકારો, ધર્મ શાસ્ત્રીઓ, ન્યાયશાસ્ત્રીઓ, તથા વૈજ્ઞાનિકો, કવિઓ અને તત્ત્વજ્ઞોની ચર્ચાઓ વડે હચમચી ઉઠી.

ઈસ્લામના જમાનાના ઇતિહાસકારો

આ મહાન સંસ્કૃતિના વિદ્યા કલાના મહાવિદ્વાનોનાં અનેક નામો આજે ખોવાઈ ગયાં છે. ખોવાઇ ગએલાં નામોને અંજલિ આપનારો વિદ્યાનો ફાલ એકલો ખોવાઈ ગયા વિના સંસ્કૃતિના સ્વરૂપોમાં ન ઓળખાય તેવો મઢાઈ ગએલો ચિરંજીવ બન્યો છે. વિદ્યાનો અથાગશ્રમ ઉઠાવનારા આ મહાનુભાવોમાં ઇતિ-

હાસકારો સૌથી આગળ છે. આ ઇતિહાસકારોએ સંતોના, ચિંતકોના, વૈદોના ઇતિહાસ લખ્યા છે. ચરિત્રાલેખનોના ઢગલા ઉપરાંત, ઈ. સ. ૮૨૮માં જન્મેલા ઇબ્નકુતુએ પહેલો ઇતિહાસ લખ્યો તથા તેમાં ઇસ્લામના ઉદયનું અને કારકિર્દીનું બ્યાન અતિનમ્રપણે રજુ કર્યું. મહમદ-અલ-નદીમે તે સમયમાં વિજ્ઞાનો ઉપરનાં જે કોઇ પુસ્તકો હતાં તે સૌ પુસ્તકોનો નિર્માસારૂપે ઇતિહાસ લખ્યો તથા તે પુસ્તકોના લેખકોનાં જીવનનું અવલોકન કર્યું. આ અવલોકનમાં આવેલાં એક હજાર જેટલાં પુસ્તકોનો તેમાં ઉલ્લેખ છે. અબુજાફર-મહમદ-અલ-તબારી, તબારીસ્તાનમાં જન્મેલો એક મહાન લેખક (૮૩૮-૯૨૩) હતો. અરબસ્તાન સિરીયા અને ઇજીપ્તમાં જ્ઞાનની શોધ માટે રખડ્યા પછી એ બગદાદમાં ન્યાયાધિશ થયો. એણે ચાલીસ વરસનો સતત શ્રમ કરીને તે સમયમાં વિશ્વઇતિહાસ આલેખ્યા પૃથ્વીની શરૂઆતથી તે ઈ. સ. ૯૧૩ સુધીનો ઇતિહાસ લખ્યો. આ લખાણના મોટા પંદર ગ્રન્થો આજે પણ મોજુદ છે. તબારી પછી તરત જ, અલમસુદી નામના ઇતિહાસકારનું નામ મશહૂર બન્યું. ઇતિહાસનું આલેખન કરવા એણે સિરીયા, પેલેસ્ટાઇન, અરેબીયા, ઝાંઝીબાર, ઇરાન મધ્યએશિયા, હિંદ, સીલોન અને ચીનની મુસાફરી કરી. ઇતિહાસના આલેખનની નોંધો કરવા એણે વરસો સુધી પર્યટન કર્યું અને પછી વરસો સુધી લખ્યા કર્યું. ત્રીસ મોટા ગ્રન્થોમાં ઇતિહાસનો "એનસાઇકલોપિડિયા" એણે ઈ. ૯૪૭માં પ્રગટ કર્યો. આ આલેખનમાં એણે ભૂગોળ ઉપરાંત જીવન વિજ્ઞાનપણ આલેખ્યું અને દરેક ભૂમિપરના સામાજિક વ્યવહાર ઉપરાંત ત્યાંના ધર્મો, વિદ્યા કલાઓ, અને ચિંતનોનું પણ બ્યાન કર્યું. ચીનથી ફ્રાન્સ સુધીની દુનિયાનો જીવન વ્યવહાર આલેખનાર આ ઇતિહાસકાર, પ્રાચીન જગતના હીરોડોટસ જેવો, વિશ્વઇતિહાસનો પિતા કહેવાયો. આ ઇતિહાસકારે જીવનના અવલોકનની તારવણી કરતાં કરતાં વિકાસક્રમની ભાળ પણ મેળવી તથા, બનીજ-માંથી અને પાણીમાંથી વિકસતા વનસ્પતિ જીવનને, પ્રાણીજીવન સાથે અતૂટ રીતે જોડાયલું બતાવ્યું તથા પ્રાણીમાંથી મનુષ્યના ઉદભવનો વિકાસક્રમ સમજાવ્યો. આ મહાન ઇતિહાસકારની જીવન તરફની વૈજ્ઞાનિક દૃષ્ટિને ત્યારનો સમાજ જીરવી શક્યો નહીં. એને બગદાદમાંથી નાસી જવાની ફરજ પડી. કૈરોનગરમાં એ, ઈ. સ. ૯૫૬માં મરણ પામ્યો. એણે વિશ્વનું દર્શન પહેલીવાર વિશ્વના એક ઇતિહાસ મારફત કરાવ્યું અને વિશ્વએકતાની આગાહી આપી.

યુગપ્રવર્તક વિદ્યા-વ્યવસાય

અરબસ્તાનની વેરાન ધરતી પરની ઉત્થાન પામેલી માનવજ્યોત આખા પશ્ચિમ એશિયાપર પ્રકાશી ઉઠી. ચીન ભારત અને ગ્રીસની પુરાતન સંસ્કૃતિઓ

ઇસ્લામે આરંભેલા વિદ્યાના ભગીરથ વ્યવસાયમાં નૂતન જીવન પામીને જગતનાં અન્ધેડ એવાં, એલેકઝાંડ્રીયા, બીરૂત, એન્ટીઓક, હારાન, નીસીબીસ, અને જુન્દીસપુર જેવાં મથકોની વિદ્યાપીઠોનાં વિદ્યાધામોમાં પ્રકાશી ઉઠી. ગ્રીસમાંથી અને ભારતમાંથી વિદ્યાના પ્રાચીન ભંડારોને પચવવા અને ફેલાવવા ઇસ્લામનો યુગતરસ્યો સત્કાર કંઠ આતુર બન્યો. બે લાખ સુવર્ણ સિક્કાઓ ખરચીને બગદાદે પોતાની પહેલી વિશ્વ-વિદ્યાલય બાંધી તથા તેનું નામ 'બાયત-અલ-હિકમ" અથવા પ્રજ્ઞામંદિર પાડ્યું. આ વિદ્યાધામની શાખારૂપે એક મોટું ગ્રન્થાલય બંધાયું તથા અવલોકન મિનારો ચણાયો. આ વિદ્યાધામમાં હજારો અનુવાદકો અને લહીયાઓનાં કામગીરી શરૂ થઈ. આવો વિદ્યા વ્યવસાય, ઈ. સ. ૭૫૦ થી ૯૦૦ સુધીમાં આખા ઇસ્લામ જગત પર વ્યાપી ગયો. ગ્રીક, સીરીક, પહલવી,અને સંસ્કૃત ભાષાઓનાં ડહાપણો વિદ્યાઓ અને કલાઓ, એરેબિક જબાનમાં ભાષાંતર પામ્યાં. આ ભાષાંતરકારોનાં લશ્કરોએ જાણે અવિદ્યા સામેનું યુદ્ધ આરંભ્યું. આ ભાષાંતરકારોમાં સર્વશ્રેષ્ઠ એવા હુનાયુન-ઇબ્ન, ઇસાકનું નામ વિદ્યાના વ્યવસાયના આગેવાન તરીકે અંકાયું. એણે ગેલનના ગ્રન્થોને, એરિસ્ટોટલના, પ્રમાણ શાસ્ત્રને, પ્લેટોના રિપબ્લીકને યુકલીડની ભૂમિતિને, ડિમોક્રેટસના વિજ્ઞાનને, તથા ટોલેમીના ગ્રન્થોને અરબીમાં ઉતારી દીધા. ઈ. સ. ૮૭૩ માં એના મરણ પછી એના દિકરાએ આ શ્રમકાર્યને આગળ ધપાવ્યું. પછીથી આ વિદ્યાના વ્યવસાયનો વેગ ઘણો વધી પડ્યો. ગ્રીક વિદ્યાકલાનો કોઈ પણ ગ્રન્થ એરેબિક જબાનમાં રૂપાંતર પામ્યા વિનાનો રહ્યો નહી. અલ-મનસુરે હિંદના ખગોળ શાસ્ત્રને અરબીમાં કયારનુંય ઉતારી દીધું હતું. હિંદમાંથી શૂન્યથી શરૂ થતા ગણિતશાસ્ત્રનો અભ્યાસ અહીં આવી પહોંચ્યો હતો. ઈ. સ. ૮૧૩ માં અલ ખ્વારીઝમીએ હિંદી ખગોળશાસ્ત્રને ફરીફાર આલેખવા માંડ્યું હતું. ઈ. સ ૯૭૬ માં મહમ્મદ ઇબ્ન અહમદે વિજ્ઞાનોની ચાવી નામના ગ્રંથમાં ગણતરીનો આંક નાના વર્તુળથી આરંભ્યો અને તેને 'સીફ્ર' કહ્યો. આ સીફ્રનું નામ પછીથી લેટીનમાં સાઇફ્રિ પડ્યું અને ઇટાલીયનોએ સાઇફ્રનો ઉદ્ગાર ઝેરીરમ અથવા 'ઝીરો' કર્યો.

'એલજબ્રા' નામના શબ્દનો જનક મહમદ ઇબ્ન મુસા (૭૮૦–૮૫૦) હતો. આ મહાવિદ્વાને, ખગોળ, ગણિત અને ટ્રીગોનોમેટ્રીનો વિકાસ કર્યો. એણે કલનગણિત તથા અક્ષરગણિતનો વિકાસ કર્યો. એણે સોળ રોકાઓ સુધી પરોપની નિશાળોને ભણવાનું ભાથું આપ્યું, તથા ખગોળશાસ્ત્રનો પાયો નાખ્યો. ખગોળશાસ્ત્રે શરૂ કરેલા આકાશના નકશાની સાથે પૃથ્વીના નકશાને મોટું મહત્ત્વ અપાયું. સુલેમાન–અલ–તાજરે, ત્યારના જગતની ભૂગોળ પર્યટન

કરીને રચી. આ ભૂગોળમાં, સીલોન, હિંદ, ચીન અને ઈસ્ટઇન્ડીઝનું આબેહૂબ વર્ણન કરાયું. અહમદ અલ યાકુબે 'રાષ્ટ્રગ્રંથ' લખ્યો. અહમદ અલ, બીરૂની (૯૭૩–૧૦૪૮) નામના મહાનુભાવનું નામ, ઇતિહાસકાર, ચિંતક શોધક મુસાફર, ભાષાશાસ્ત્રી, ગણિતશાસ્ત્રી, ખગોળશાસ્ત્રી, કવિ તથા વૈદ્ય તરીકે મશહુર બન્યું. ઈસ્લામનો આ લીઓનાર્દો મધ્યયુગની સીમા પર, જગતની વિદ્યા કલાઓની અંજલિ ભરતો, વિશ્વઇતિહાસના ઉંબરા પર ઉભો. મહમદ-ગીઝનીના ઝંઝાવાતમાં ભળી જઇને આ બિરૂની ભારતમાં આવી પહોંચ્યો. ત્યાં આવીને એણે પેલા શિકારી બનેલા સુલતાનનો સાથ છોડીને ધૂળમાં રગદોળાયેલાં, વિદ્યાનાં મૂલ્યોને વિણવા માંડયાં. હિંદમાં વરસો સુધી રહીને એણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો તથા ભાષાંતરો કર્યાં. એણે અનેક ગ્રંથો લખ્યા તથા હિંદનો વાસ્તવિક ઇતિહાસ આલેખ્યો. આ ઇતિહાસ ઇ. સ. ૧૦૩૦માં તરીખ-અલ-હિંદ તરીકે પ્રગટ થયો. આ ઇતિહાસમાં એણે બેંતાલીસ પ્રકરણો હિંદના ખગોળશાસ્ત્ર પર અને અગીઆર પ્રકરણો હિંદના ધર્મ વ્યવહાર પર અવલોકનરૂપે લખ્યાં. ભગવદ્ગીતા નામના ગ્રંથ પર એ મુગ્ધ થયો તથા ગીતાનાં કવનમાં આનંદ પામ્યો. એણે હિંદી ચિંતન શાસ્ત્ર તથા ગ્રીક ચિંતનની તુલના કરી તથા ગ્રીક ચિંતનના વૈજ્ઞાનિકરૂપ તરફ પોતાની પ્રીતિ બતાવી. એણે ગ્રીક યુકલીડનું ભાષાંતર સંસ્કૃતમાં કર્યું તથા ટોલેમીના ગ્રંથને સંસ્કૃતમાં ઉતારીને હિંદને બે નવા ગ્રંથોની ભેટ ધરી. એણે રસાયણશાસ્ત્રનો વિકાસ કરવાની વાત ઉચ્ચારી.

વૈદકીય વિજ્ઞાનોનો પિતા

અરબસ્તાનની ઇસ્લામિક હિલચાલ સિરીયામાં પેઠી ત્યારે વૈદકીય વિજ્ઞાનનો તેને પહેલો સ્પર્શ થયો. ઇરાનમાં વ્યાપક બનેલા ઇસ્લામે પછીથી ભારતીય, વિદ્યાકલાનો વૈદકીય વારસો ઇરાન મારફત મેળવવા માંડયો. હીપોક્રીટસ અને ગેલન નામના વૈદકીય વૈજ્ઞાનિકોને ઇસ્લામે અંગીકાર કર્યો અને પછી બગદાદ, શાહપુર, જુન્દીસપુર, વિગેરે નગરોમાં ત્યારના જગતમાં અજોડ એવાં દવાખાનાંઓ બંધાયાં. ઈ. સ. ૭૦૬માં દામાસકસની ઇસ્પીતાલ સૌથી મોટી બની. વૈદકીય વિજ્ઞાનનો વ્યવહાર કાયદેસર બન્યો, તથા વૈદકીય વિદ્યાપીઠોનાં પ્રમાણપત્રો પામેલા વૈદ્યોજ વૈદક વ્યવહાર કરી શકે તેવું ઠર્યું. અલી-બિન્ન ઈસાએ, એક જગાથી બીજે જનારી ફરતી ઇસ્પીતાલોની યોજના શરૂ કરી. ઈ. સ. ૯૩૧માં એકલા બગદાદ નગરમાં પ્રમાણપત્ર પામેલા ૮૬૦ વૈદ્યો પ્રેકટીસ કરવા લાગ્યા. મોત સામે મંડાયેલા સંસ્કૃતિના આ સંગ્રામનો આગેવાન અબુ-બક્ર-મહમદ-અલી-રઝવી, (૮૪૪–૯૨૬) નામનો થયો. બગદાદની વૈદકીય વિદ્યાપીઠનો

આ સનાતક વૈદકીય વિજ્ઞાન પર ૧૩૬ પુસ્તકો લખતો ગયો. આ મહાવૈદ્યનાં પુસ્તકોમાંથી યરોપની નિશાળો સેકડાઓ સુધી વૈદું ભણવા બેઠી. પછી આજના



વૈદકીય વિજ્ઞાનનો પિતા ગણાયેલો, એવીસેના ઇ.સ. ૯૮૦ માં જનમ્યો, આજે પણ યરોપની વૈદકીય વિદ્યાપીઠો આ વિજ્ઞાન પિતાની છબી પોતાની દિવાલો પર લટકાવીને માન પામે છે. બુખારામાં જન્મેલા આ વિજ્ઞાન-પિતાનું આખું નામ અબુ—અલી-અલ, હુસેન ઇબ્ન-સીના,હતું તે યરોપીય જબાન પર એવીસેના કહેવાયું.

અબુ-અલી અલ-હુસેન-ઇબ્ન અબદુલ્લા-ઇબ્ન-સીના નામના બુખારામાં જન્મ પામેલા આ એવીસેનાએ અગિયાર વર્ષની ઉંમરે આખું કુરાન મોઢે કર્યું. એણે અરબી કવિતાઓનો અભ્યાસ કર્યો. એણે ભારતનું ગણિતશાસ્ત્ર અને એરિસ્ટોટલનું ચિંતનશાસ્ત્ર વાંચી નાખ્યું. એનું દિલ વૈદક પર ઠર્યું. માનવજાત તરફના અનુરાગને વરેલો જુવાન ઇબ્ન-સીના, નહીં સમજાય તેવાં દરદોનો ઉપાય શોધી કાઢવા દ્રાક્ષાસવનો નશો કરીને આખી રાત ઉજાગરો કરતો હતો.

એણે વિજ્ઞાનને માનવસંસ્કારથી ભરેલા દિલથી દીપાવ્યું. આ મહાન વૈદ્યે વિજ્ઞાનના પાયામાં જાહેર કર્યું કે, "દરદીઓની સારવાર માટે કશું વેતન સ્વીકારી શકાય જ નહીં." માનવ શરીરની સારવાર, વિના કિંમતે કરવાનો નૂતન અવતાર એણે વૈદકમાં દાખલ કર્યો. ઇબ્ન-સીના વૈદકના ઇતિહાસમાં એવી રીતે ઓળખાયો. એણે લખેલા ગ્રન્થો આજે પણ મોજુદ છે.

એણે પર્યટન શરૂ કર્યું. એને પકડવા અને ગનીમાંજ રાખવા સુલતાને માણસો મોકલ્યાં. એ નાસીને ખીલ આવ્યો, પછી નિશાપુર, મર્વ અને જૂરજીન આવીને એણે ગ્રીઝની જન્મભૂમિ રાઇમાં આશ્રય લીધો. ત્યાં એણે પુસ્તકો લખ્યાં પણ પછી એને કઝવીન તરફ ભાગી જવું પડયું. એણે જીવનભર વૈદ્યના વિકાસમાં શ્રમ કર્યો. એણે વૈદ્ય પર મોટા વીસ ગ્રન્થો તૈયાર કર્યા. એણે ગણિત, ખગોળ, ભૌતિકવિજ્ઞાન, રસાયણ, ભૂસ્તરશાસ્ત્ર, ચિંતન, ધર્મશાસ્ત્ર, કવિતા, તથા સંગીતશાસ્ત્રમાં મૌલિક ફાળો આપ્યો. જ્યારે બીજાઓ ઊંઘતા હતા ત્યારે ઇબ્ન-સીના રાતભર જાગતો. એનો જવાબ માગવામાં આવ્યો કે તમને સૌથી વધારે શાને માટે પ્યાર છે, વિચાર માટે કે મદિરા અને છોકરીઓ માટે? ત્યારે એણે જવાબ દીધો " માનવશરીર માટે, તેની માવજત માટે, અને તેથી વૈદકીય વિજ્ઞાન માટે."

પછી ઇસ્લામની પવિત્ર પકડમાંથી છૂટવા એ નીકળી નાઠો. એ એક નાયિકાના ઘરમાં સંતાઈ રહ્યો. એક કિલ્લામાં કેદી બનીને એણે થોડો સમય ગાળ્યો અને પછી ત્યાંથી ફકીરના વેશમાં ભાગ્યો. ઇસ્લામનો આ મહાનુભાવ જંપ વિના, આરામ વિના શ્રમ કરતો, પીતો, લખતો, ખડખડાટ હસતો, જ્ઞાનની શોધમાં અને સ્ત્રીઓ સાથેના પ્રેમમાં અખંડ દોડયા કરતો, અઠ્ઠાવન વર્ષની વયે થાકીને લોથ થયેલો પડયો અને ઘડપણ એની ઠેકડી કરે તે પહેલાં વિરામ પામી ગયો.

ઈ. સ. ૧૦૦૦ પછી યુરોપ પર અંધકાર ફેલાવા લાગ્યો. એશિયા ઉપર પણ એવો જ અંધકાર ફેલાઈ ચૂકયો હતો. જગત આખું એક અંધારા કૂવામાં ડૂબકી દેતુ દેખાયું. ઇસ્લામી, સુલતાની બની ગઈ. ખ્રિસ્તીધર્મે પ્રકાશ સામે આંખો મીચી દઈને ક્રુઝેડ નામનાં યુદ્ધોની નોબત વગાડી. યુરોપમાં સાધુ પીટરે, પોતાના ખચ્ચરની ખરીનાં પગલામાં માનવસમુદાયને હાંકયો. પોપ અરબને ઇસુની કબરને ઇસ્લામ પાસેથી છોડાવવા સંહારની નોબત વગાડી. કલેરવોના બર્નાર્ડે મુસલમાનનું ખૂન કરનારને સ્વર્ગ અને હૂરીઓથી ખદબદતા આનંદનાં વચન આપ્યાં. સામંતોની ' શિવલરી ' કતલ કરવાની તાકાતનાજ ગુણવાળી ગણવામાં આવી. ધરતીના ધણીઓએ જમીનના ટુકડાઓ પડાવવા માણસોનાં માથાં ઉતારી લેવા માંડયાં. નવા ઊગતા યુરોપીયન વેપારીએ એશિયાનું બજાર હાથ કરવા ક્રુઝેડનાં ધર્મ યુદ્ધોનાં પાણી ચઢાવ્યાં.

પશ્ચિમ અને પૂર્વ, માનવસંહારની બાથમા આવ્યાં. ક્રુઝેડોના રસ્તાઓ ધરતી પર શ્રમ કરતી માનવજાતનાં લોહીથી રંગાઈ ગયા. જ્ઞાન વિજ્ઞાનની ઘોર

બોદ્દાઇ ગઇ, સંસ્કાર શમી ગયા અને માનવસંહારના હેવાનો સ્મશાન ભૂમિ પર દોડયા કર્યા.

બુલોનનો ગોડફ્રે જ્યારે જેરૂસાલેમનાં દીવાલ પર નાગી તરવારે ઊભો ત્યારે માનવવિકાસનો ઇતિહાસ આઘાત પામી ગયો. ઇસુએ એક લાખ નર-નારીઓની મોતની એકસામટી વેદના ઇસાઇ કહેવાતા હેવાનોને હાથે અનુભવી.

જેરૂસાલેમના ઇસાઇ યાત્રાધામ પર ખ્રિસ્તિ સૌનિકોને હાથે આરબોનાં લોહીની નીકો વહ્યા કરી. આરબ નારીઓના ઢગલા અત્યાચાર નીચે ચૂંથાઈ ગયા. આરબ બાળકોના માથાં પથરા પર પછાડી નાખવામાં આવ્યાં. અંધ-કારના ખ્રિસ્તિ ધર્મના યુદ્ધના વિજેતાઓએ દૂધ પીતાં બાળકોના દડા બનાવીને તેમને હવામાં ઉછાળ્યા અને રમતમાં માતાઓનાં પેટ ચીર્યાં. આરબ મુસ્લિમો અને યાહુદીઓ પર ઇસાઈ આતંક, સંહાર બનીને ધાતકતાની હદ વટાવી ગયો. લાખો શસ્ત્ર, જેરૂસાલેમની ધરતી પર સળગ્યાં કર્યાં.

પણ અંધકારમાં ઘોર વેરાનમાં અરણ્યરૂદન જેવો એક અવાજ એવી-સેના તરીકે યુરોપમાં ઓળખાતા, ઇબ્ન-સીનાના વૈદકીય ગ્રન્થ, "કેનન ઓફ મેડીસીન" માંથી ઉઠતો સંભળાતો હતો. ત્યારે પંદરમા સૈકાના યુરોપમાં જે પહેલું છાપખાનું શરૂ થયું તેમાં એવીસેનાનાં પુસ્તકોમાંથી પહેલું પુસ્તક "કેનન ઓફ મેડીસીન" નામનું છપાતું હતું.

ઓમરખયામ, સંસ્કારયુગનું કવન

પ્રાચીન પૂર્વે દેશોનો ઉદ્ધારણનો નિચોડ જ્યાં એકઠો થવા માંડયો હતો ત્યાંના, કેરો, એલેકઝાંડ્રિયા, ટુસ, નિશાપુર જેરૂસાલેમ, બાલબેક, એલેપ્પો, ડામાસકસ, મોસુલ, એમેસીયા, અને બગદાદ નામનાં નગરો ઇ. સ. ૧૦૦૦ ની ઇસાઈ સાલ મુબારકમાં પોત પોતાના વિદ્યાધામોથી ઓપી ઉઠયાં હતાં. આ વિદ્યાધામોમાં સેંકડો વિદ્યાર્થીઓ માટે ઉત્તમ ખોરાક, પુસ્તકાલયો તથા રનાના-ગારો, દવાખાનાં વિગેરેની સગવડો મફત હતી. આ વિદ્યાધામોના અધ્યાપકોમાં શેખા નામની એક વિદુષી અધ્યાપિકા પણ પુરૂષ સમોવડા જ્ઞાનની ધારણ કરવાવાળી હતી. આ બધા પર ઇસ્લામનો સંસ્કાર ઝંડો ઉષાકાળનું એધાણ આપતો હતો. આ સંસ્કાર કાળના ઇસ્લામી સ્પેઇનના નાનકડા પ્રદેશ પર જ સિત્તેર મોટાં ગ્રન્થાલયો હતાં. આ સમયની જીવનકથાઓમાં, ઇબ્ન-અલફીફતીએ ચારસો ચૌદ ચિંતકો અને વૈજ્ઞાનિકોની જીવનકથાઓનો ગ્રન્થ લખ્યો હતો. ઇબ્ન-આબી-ઉસબીઆએ, ચારસો વૈદોની જીવનકથાઓ લખી હતી અને મહમદ આવફીએ ત્રણસો પરશીયન કવિઓનો એક 'એનસાઇકલોપીડીયા' લખ્યો હતો.

યુરોપને જેણે, યુરોપીય ઉત્થાનનો વારસો દીધો હતો તેવો આ વિશ્વના ઉષાકાળની જીવન સંધ્યા જેટલું જીવેલો, ઇસ્લામના પારસિક ઉત્તર પ્રદેશનો



ઓમર-ખયામ એક મોટો ખગોળ શાસ્ત્રી અને મહાન ગણિત શાસ્ત્રી હતો. ઈ. સ. ૧૦૩૮ માં નિશાપુરમાં એ જનમ્યો હતો. ફ્રેંચ ભાષામાં, એનું એલજીબ્રા ઈ. સ. ૧૮૫૭ માં ભાષાંતર પામ્યું અને યુરોપ ખુશ થઈને એલજીબ્રાનાં ઇકવેશનો ભણવા બેઠું. લીડન ગ્રન્થાલયમાં આજે પણ એનો લખેલો, યુકલીડનો ગ્રન્થ મોજુદ છે.

મલીકશાહે એને કેલેન્ડર સુધારવાનું કામ સોંપ્યું હતું અને એણે પારસીક કેલેન્ડરને અદ્યતન બનાવતાં શોધ કરી કે દર, ૩૭૭૦ વરસમાં એક દિવસનો ચુધારો કરવો જરૂરી છે. આ શોધે, યુરોપમાં સ્વીકારાયલી, ૩૩૩૫ વરસે એક દિવસના સુધારાની હકીકતને એણે બોટી પૂરવાર કરી દીધી.

ઉષઃકાળ જેવો ઇસ્લામના જીવનનો સમય ઉષઃકાળની સંધ્યા જેટલો જ ટુંકો હતો. થોડાક સૈકાઓ સુધી જ અરૂણોદય પહેલાંની લાલ ઉષ્મા અહીં પ્રકાશી ઉઠી, અને પછી જેમ જીવતર ચંચળ બનીને ચાલ્યું જતું હોય છે તેમ, સંસ્કાર વારસાનો વિશ્વ ભંડોળ વધારે પ્રકાશવા, પશ્ચિમ તરફ ચાલતો દેખાયો.

આરબ ભરવાડોનો, ઇસ્લામ આ ઉષઃકાળના વાદળ અરૂણ જેવો, સંસ્કૃતિના ધામ બનેલા પારસિક પ્રદેશપરથી ઉપડવા અધીરો ઉભો. કેવો રમ્ય આ પારસિક પ્રદેશ હતો! જીવતરનો નિષેધ કરનારી બધી અટકાયતોનો નિષેધ કરતો, વિહરતાં માનવોનો, કલ્લોલતાં પંખીઓનો, ખુશનુમા હવામાનનો, કલકલતાં ઝરણાંઓનો, મનરંજન વનરાજીઓનો અને, જ્ઞાન-વિજ્ઞાનની પ્રજ્ઞાની પીઠ બનેલાં અનેક વિદ્યાધામોનો અહીં એક અને અવિચ્છિન્ન એવો ગુંજારવ મહેકી ઉઠ્યો હતો.

આ ગુંજારવની બધી સૌરભનો ઘડ્યો હોય એવો, મુક્ત જીવતરનો કલાકાર ઓમર, અથવા ઓમરે,-ઐન, ઇબ્રાહીમ-ખયામી, ના લાંબા નામવાળો, તંબુ બનાવનારા એક ઈરાનીનો, પારસીક દિકરો, ઓમર ખયામ, ઉષઃકાળના જ ઉંબર પર, અંધકારને ઉરાડી નાખે તેવો પ્રણવ મંત્ર અથવા પ્રયણમંત્ર લલકારતો હતો. *

અને કહેતો હતો કે, "ઉઘાડો, ઉઘડી જાવ, ઓ ઉષાનાં દ્વાર, કુકડો કમાડ પર પૂકાર કરે છે...અને તમને ખબર છે કે અમારો મુકામ બહુ ટુંકો છે, અને વિદાય પછી, પાછા આવવાપણું, ન પણ હોય!"*


---

* "Awake! o morning, the Bowl of night
Has flung the Stone that puts the ars to Flight."

* And, as the cock crew, those who stood efore,
The Tavern, shouted "Open the door
You know how little we have to stay
And once departed may return Nomore."

૧૯ રોમન જગતનો ઉપસંહાર અને યુરોપનો જન્મ

[યુરોપના જન્મ સમયનો પ્રાચીન દેશ, ઈટાલી–પશ્ચિમ પૂર્વનો અંકોડો, કોનસ્ટેન્ટિનોપલ–રાજનીતિનો ઇસાઈ ધર્મ—પ્રાચીન યુગ હવે મધ્ય યુગ બન્યો—બ્રિટન, ઇંગ્લેંડ, બન્યું છે—આયર્લેન્ડનો ઉલ્લેખ—ફ્રેંકો અથવા આઝાદ માનવીઓ—યુરોપ ખંડ પર મધ્ય યુગનો આરંભ—રોમન સામ્રાજ્યનો પશ્ચિમી વિભાગ, યુરોપ]



યુરોપના જન્મ સમયના પ્રાચીન દેશ, ઇટાલીનું સ્વરૂપ

હવે ઈટાલી પરના રોમનગરમાં યુરોપ ખંડનું ઈસાઇઓનું પહેલું ધામ બંધાયું હતું. યુરોપ ખંડ પર પહેલીવાર ઇસુના જન્મ પછી ચારસો વર્ષે એક ઇશ્વરનો સ્વીકાર થયો હતો. પૂર્વની દુનિયામાંથી અને ગ્રીક દુનિયામાંથી આવીને જગત પર ધાતકી અધિકાર ભોગવતાં દેવદેવીઓ આમ ઐતિહાસિક

રીતે અહીં મોત પામ્યાં હતાં. યુરોપની ધરતી સંસ્કારનો આ પ્રથમ દિવો પેટાવીને વિશ્વઇતિહાસમાં ધન્ય બની હતી.

હવે ઈ. સ.નો ચોથો સૈકો પુરો થયો ત્યારે રોમન સામ્રાજ્યનું રૂપ ઈસુના પહેલા ચાર સૈકામાં ઇટાલી પરથી લગભગ લય પામી જતું હતું. ઇટાલીનું એવું રાષ્ટ્રરૂપ પણ સામ્રાજ્ય ભેગું વેરવિખેર થઇ જતું હતું. અત્યારે ઉદય પામતા યુરોપ ખંડ પર ઇટાલી એટલે થોડાંક નગરોનોજ પ્રદેશ બની ગયેલો દેખાતો હતો. એક વખતે ગ્રીસ દેશનું સ્વરૂપ જેવું છૂટા છવાયેલાં અને પતન પામેલાં નગરોનું બની ગયું હતું તેવું સ્વરૂપ આજે મિલાન, વેનિસ, ફ્લોરેન્સ અને રોમનગરોવાળા ઇટાલીના પ્રદેશનું દેખાતું હતું. રોમન સામ્રાજ્યના ભંગાર જેવાં આ નગરો પરસ્પર સાથે પણ એકતા અનુભવતાં નહોતાં. આ સમયનાં આ નગરોનાં નાગરિકોનાં જીવન જૂની પુરાણી જાગીરો પર બંધાયેલી વંડીઓમાં ગોંધાઈ ગયાં હતાં, અને આ જીવતરનો વ્યવસાય ગુલામો જેવા ખેડૂતોના શ્રમની પેદાશને પચાવ્યા કરવાનો હતો. આ નાગરિકોની અંદરઅંદર યુદ્ધ કરવાની તાકાત પણ હવે ખતમ થઇ ગઇ હતી.

ત્યારે ઇટાલીની રોમન શહેનશાહત પર લશ્કરવાદે કાબુ જમાવ્યો હતો તથા આ લશ્કરવાદના ચાર વિભાગ ચાર આગેવાનોવાળા હતા. લશ્કરવાદના ચારે વિભાગોએ ચાર જુદા જુદા શહેનશાહોને ગાદીનશિન કરવાની યોજના રજુ કરી. લોકશાહીનાં નામનિશાન જીવનની બધી સંસ્થાઓમાંથી શમી જવા લાગ્યાં. અતિ વિશાળ એવી સામ્રાજ્યની સરહદોનાં તૂટી પડતાં કોટડાંની મરામત કરવાની તાકાત પણ રોમન શહેનશાહતે ગુમાવવા માંડી. ડાન્યુબ અને રાહઇન વચ્ચેની કિલ્લેબંધી તૂટવા માંડી. રોમનગરનું રાજકીય મહત્ત્વ કોઇપણ પ્રાંતીય નગર જેવું બન્યું. આ મહાનગરમાં ગોઠવાયેલી શહેનશાહતનો, પોતાની હસ્તીના એકેએક આવિર્ભાવ મારફત નિષેધ કરતો, અને કોઇપણ શહેનશાહની ગાદી આગળ ધૂપ ધરવાનો ઇન્કાર કરતો માનવધર્મ, ઇસાઈ ધર્મનું નામ ધારણ કરીને રોમન જીવનમા ઉતરવા માંડ્યો. આવી રોમન શહેનશાહતનો આ પશ્ચિમી વિભાગ અંદર અંદર લડતા લશ્કરવાદના પાદાઘાત નીચેથી પૂર્વમાં જઇને પગભર બનવાનો અને જીવતા રહેવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

મધ્યયુગ પર પહોંચનારો અંકોડો કોનસ્ટેન્ટિનોપલ

પશ્ચિમમાં મરણ પામતી રોમનશાહી પૂર્વમાં કોનસ્ટેન્ટિનોપલમાં પગ ગોઠવવા માંડી. પૂર્વના આ પ્રદેશની બોસફરસની સામુદ્રધુનિ યુરોપ અને એશિયાટિક તુર્કસ્તાનને જુદા પાડે છે. તુર્કસ્તાનનું એક ઇસ્તંબુલ નગર પ્રાચીન જમાનાનું

ગ્રીક સંસ્થાન હતું ત્યારનું પૂર્વ પ્રદેશો પર નજર રાખતું આ મથક એઝન્ટી યમના નામથી ઓળખાતું હતું. કૉનસ્ટેનટાઇને પતન પામવા માંડેલા રોમ નગરમાંથી ખસી જઈને રોમન શહેનશાહતની રાજધાની ઈ. સ. ૩૨૪ ની સાલથી આ એઝન્ટાયમના મથકમાં બનાવી. રોમન પાટનગર જેવું ઇટાલીમાં હતું તેવું જ આ નવું પાટનગર પૂર્વના પ્રદેશોમાં અગત્યના અને પૂર્વ પશ્ચિમની દુનિયાને સાંકળતા આ બોસફરસના પ્રદેશ પર બંધાયું. કૉનસ્ટેનટાઇને આ નગરનું નામ પોતાના નામ સાથે જોડીને કૉકસ્ટેન્ટિનોપલ પાડ્યું. એ જ સાલમાં એણે રોમન શહેનશાહતનો તાજ ધારણ કર્યો. જૂના સમયનું આ ગ્રીક હકુમત નીચેનું એઝન્ટીયમ નગર યુરોપ અને એશિયા વચ્ચે ઉભું હતું તથા એના નવા રૂપના ઘડતરમાં, કૉનસ્ટેનટાઈને અનેક જુનાં નગરોનાં શિલ્પને તથા પ્રતિમાઓને અહીં એકઠાં કરીને આ નગરને શણગાર્યું. રોમન શહેનશાહત આ રીતે બે ટુકડામાં વહેંચાઈ ગઈ તથા પૂર્વનો ટુકડો કૉનસ્ટેનટાઈનની સુધારાની હિલચાલ નીચે પગ ભર બનીને, પૂર્વના પ્રદેશોની સંસ્કૃતિનાં મૂલ્યોને એકઠાં કરવા માંડ્યો.

નવી રાજનીતીના નવો ઈસાઈ ધર્મ

કૉનસ્ટેન્ટિનોપલમાંથી કૉનસ્ટાઈને નવી રાજનીતિ શરૂ કરી. આ નવી રાજનીતિનું રૂપ પૂર્વના સિમાડાના પ્રદેશપરના નવા મથકમાંથી પૂર્વની હતી તેવી શહેનશાહતોની રાજકીય ઢબ ધારણ કરવાની હતી. પૂર્વની શહેનશાહતોના જેવા જ દબદબા પૂર્વક રાજદંડ ધારણ કરીને, શહેનશાહની મૂર્તિનું રૂપ ધારણ કરીને એણે નવું એટલે પૂર્વના જેવું શહેનશાહતનું જ સર્વાધિકારી શાસન શરૂ કર્યું.

પરન્તુ આ રાજનીતિનું પૂર્વનું ધર્મરૂપતો મૂર્તિપૂજક હતું ! એણે આ બાબતમાં થોડોક ફેરફાર કર્યો. એણે ત્રણસો વરસના આજના વિનમ્ર અને સ્થિતિસ્થાપક બનવા માંડેલા ઇસાઇ ધર્મને ધારણ કરવાનું નક્કી કર્યું તથા પૂર્વના મૂર્તિપૂજક ધર્મને દૂરથી સલામ ભરવાનું પણ ચાલુ રાખ્યું.

ઇસાઈધર્મને અંગીકાર કરવાનો એનો નિર્ણય બિલકુલ રાજકીય હતો. આજસુધી ઇસાઇ ધર્મગુરૂઓનો એણે ક્સ કાઢી જોયો હતો. આ બધા ધર્મગુરૂઓ એને રાજકીય રીતે મદદ કરવા તૈયાર હતા. હવે એણે વધારે વ્યવસ્થિત રીતે આ ધર્મરૂપને અંગીકાર કરીને પોતે ધાર્મિક બની જવાને બદલે ધર્મને રાજકીય ધૂરા વહન કરનારૂં સાધન બનાવવાનો કાર્યક્રમ શરૂ કર્યો. એણે ઈસાઈ ધર્મનો અંગીકાર કરીને સત્તા માટે અંદર અંદર ટકરાતી ધર્મગુરૂઓની જમાતનાં સમેલન ભરવા માંડ્યાં. તેમની કાઉનસીલોની બેઠકો એણે

પોતાના પ્રમુખપદ નીચે શોભાવવા માંડી. કાઉનસીલોમાં એના પ્રમુખપદે જે ઠરાવ થાય તેનો અમલ કરાવવાનું કામ પોતે પોતાના રાજદંડના અધિકાર મારફત માથે લીધું.

નૂતન જન્મેલા ઈસાઈ ધર્મના શિસ્ત અને વ્યવસ્થાથી એ પણ ખુશ થયો. એણે વિનમ્ર બનેલા ખ્રિસ્તી ચારિત્ર્યને પોતાની શાસન વ્યવસ્થામાં કામ આવી જાય તેવું દીઠું. આટઆટલા જુલ્મોને સહન કર્યા પછી પણ રોમન સરકાર સામે કદિ પણ બળવો નહીં કરવાની ઈસાઈ નીતિમાં એણે ભગવાનના રાજ્યને ખીલકુલ સ્વર્ગમાં મોકલી દેવાયલું દેખીને એ નીતિને એણે અપનાવી. પડોશીપર પ્રેમ કરવાના અનુરાગ સામે રોમન જીવતરમાં ઓતપ્રોત બનેલો અત્યાચાર પણ પોતાના હકુમતી યંત્ર મારફત કાઢી શકાશે એમ એને લાગ્યું.

આજ સુધી રોમન શહેનશાહ પાસે જે નહોતું અને પૂર્વના દેશોના શહેનશાહો પાસે જે હતું તે ધર્મનું કમઠાણ એને મળ્યું. પૂર્વના શહેનશાહો કરતાં અધિક ઉચ્ચતર એવું આ ધર્મનું કમઠાણ નૂતનશ્રિસ્તવાળા પાદરીઓ-વાળું તથા ઉચ્ચતર એવા સહકારી અને માનવ ધર્મવાળું હતું.

બરાબર આ સમયથી પ્રાચીનયુગે રૂપાંતર લીધું.


પ્રાચીન યુગ હવે મધ્યયુગ બન્યો

પૂર્વના શહેનશાહોની સાથેની એક હરોળમાં પશ્ચિમની શહેનશાહતનું રોમનરૂપ ઓસફ્રંસના નવા મથકપર રાજદંડ ગોઠવીને આવી ગયું. પ્રાચીન મૂર્તિપુજાઓનું ખંડન કરતો હોય તેવો બધી મૂર્તિઓનો આ એક મૂર્તિમાન શહેનશાહ મૂર્તિપુજક અને ઈસાઈ ધર્મના ક્રિયાકાંડોનો આગેવાન બનીને બેઠો. આખા જગતપર પૂર્વ અને પશ્ચિમપર હવે એક યુગ બેસી ગયો. આ યુગનું નામ મધ્યયુગ. આ યુગને **યુરોપખંડ જ્યારે રોમન સામ્રાજ્યનો પશ્ચિમ વિભાગ હતો** ત્યારથી જ તેણે ધારણ કરવા માંડયો હતો, તથા કોરી સ્લેટ જેવા પોતાના કલેવર પર ઈ.સ. ના પાંચમા સૈકાના અંત સમયથી જ પોતાના જન્મની સાથેજ તેને ધારણ કરવા માંડયો હતો. ત્યારના જન્મ પામતા યુરોપનો એક દેશ પ્રાચીન ઈટાલી હતો. રોમન સામ્રાજ્યમાં, ઇટાલીયનો, ગ્રીકો, ગોલ્સ, ઈબેરીયનો (સ્પે-નીઆર્ડો) ખ્રિટનો અને જરમનો વિગેરે જાતો વસતી હતી. ઈ. સ. ૨૧૨માં આ બધી પ્રજાઓને નાગરિક તરીકેના હક્ક આપવામાં આવ્યા હતા, તથા તેમના પર રોમન શહેનશાહતની હકૂમત હતી. પણ હવે રોમન શહેનશાહતનું આ વિભાગનું પતન શરૂ થઇ ગયું હતું. રોમમાંની સીનેટ નામની રાજસભા વિખેરાઇ ગઈ હતી. રોમન શહેનશાહતનો સર્વ સત્તાવાળો બાદશાહ પૂર્વમાં ચાલ્યો

ગયો હતો. ઈ. સ. ૩૨૪ માં કૉનસ્ટેનટાઈન નામના આ બાદશાહે, બાલ્કન પ્રદેશ પરની પૂર્વ સરહદપર એક નવું પાટનગર બંધાવ્યું હતું. આ પાટનગરનું નામ કૉનસ્ટેન્ટિનોપલ હતું. આ નગર યૂરોપ અને એશિયાની વચ્ચે રોમન સામ્રાજ્યનું પૂર્વવિભાગ તરફનું પાટનપર બન્યું. આ રીતે રોમન સામ્રાજ્યનો પૂર્વવિભાગ પશ્ચિમ વિભાગથી જૂદો પડયો તથા કૉનસ્ટેન્ટિનોપલ આ રોમન સામ્રાજ્યના પૂર્વ વિભાગનું અને મધ્યયુગનું પાટનગર બન્યું.

બ્રિટન ઈંગ્લેન્ડ બન્યું

ઈ. સ. ના ત્રીજા સૈકામાં રોમન હકુમત નીચે બ્રિટનનો સારો એવો વિકાસ થયો હતો. બ્રિટન પર શહેરો શરૂ થવા માંડયાં હતાં અને દોલત વધવા માંડી હતી. વણકરોનો ઉદ્યોગ વધ્યો અને વખણાયો હતો. બ્રિટનની અંદર બહારની સલામતી સાચવવા આજ સુધી રોમનોની થોડીઘ લિજીઅનોજ અહીં બસ બની હતી.



પરંતુ ચોથા અને પાંચમા સૈકામાં બ્રિટનની સલામતી ભયમાં મૂકાઈ ગઇ. એની ઉત્તર સરહદ પર કેલેડોનીયાના પીક્ટોએ, પૂર્વ અને દક્ષિણ પર નોર્સ અને સેકસનોએ તથા પશ્ચિમ સરહદ પર વેલ્સના સેલ્ટોએ અને આયરલેન્ડના સ્કોટોએ આક્રમણ હિલચાલો શરૂ કરી અને અંધેર શરૂ થઈ ગયું.

અને આ અંધેરે તથા જર્મનોની મૂર્તિપુજાએ ઇંગ્લેન્ડ આવી ચૂકેલા ઇસાઈ ધર્મને ગૂંગળાવી નાખ્યો. બ્રિટનને હવે જરમનો, એન્ગલ-લેન્ડ અથવા ઇંગ્લેન્ડ કહેતા હતા.

ઇંગ્લેંડની ભાષા ટ્યુટોનીક બની. રોમન કાનુન લય પામ્યો. રોમનોએ સ્થાપેલી મ્યુનીસીપલ સમિતિઓને બદલે ગ્રામ-પંચાયતો શરૂ કરવામાં આવી. અંગ્રેજી લોહીમાં સેલ્ટીક લોહી એકઠું થયું.

આયર્લેન્ડનો ઉલ્લેખ

આયર્લેન્ડનો ઇતિહાસ પણ હવે આરંભાઇ ચૂકયો હતો. ઈ. સ. ૪૩૨ માં પેટ્રીક નામનો ઇસાઈ, ધર્મ પ્રચાર માટે ત્યાં આવી પહોંચ્યો ત્યારે ટારાના રાજવંશના એક મૂર્તિપૂજક રાજાનું ત્યાં રાજ ચાલતું હતું. પેટ્રીક આ મૂર્તિ-પૂજકનો પલટો કરી શકયા પણ પ્રચારની બધી છૂટ મેળવી શકયો નહીં. ડ્રુઈડો એના વિરોધી બન્યા. બાર વખત પેટ્રીકનું જીવન ભયમાં આવી પડયું. પેટ્રીકના ચમત્કારો લોકોની જીભ પર ચઢયા. પેટ્રીકની નીતિમત્તાએ લોકોનો પલટો કર્યો. પેટ્રીકે આયર્લેન્ડ પર ઇસાઈ દેવળો અને મઠ બાંધ્યાં. ઇસાઇ સાધુ સાધ્વીઓના સંઘ આયર્લેન્ડમાં શરૂ થયા. પેટ્રીક ઇ. સ, ૪૬૧ માં મરણ પામ્યો ત્યારે આયરીશ પ્રજાનું ધર્મ રૂપાંતર થઇ ચૂકયું હતું, અને જીવનની પછાત દશામાં આવેલી મૂર્તિપુંજા પરાજય પામી ચૂકી હતી. આયર્લેન્ડે, પોતાની પછાત દશામાં અંધકારમય જીવતરનાં આગેવાન બની ગએલાં દેવદેવીઓને ફેંકી દઈને, જીવન વર્તનના મૂલ્યની ઇસાઇ આરાધનાનો અંગીકાર કર્યો.

ફ્રેન્કો અથવા આઝાદ માનવીઓ

રોમન સામ્રાજ્યના સમયમાં જ રાઈન નદીના પશ્ચિમ કિનારાઓ પર આ લોકોને ઇતિહાસે ઓળખી લીધાં હતાં. આ લોકોને મેઈન્ઝ નજીક ઓરેલીઅને હરાવ્યાં હતાં, પણ એમણે પાંચમા સૈકામાં કોલોન જીતી લીધું અને ત્યાં પોતાનું મથક બનાવીને પછી પોતાની હકુમતને આશીનથી મીઝ સુધી સ્થાપી દીધી. પછી એમનાં કેટલાંક ટોળાંઓ રાઇનની પૂર્વ બાજુએ રહ્યાં અને ત્યાં તેમણે ફ્રેંકોનીયાનું પોતાનું નામ પાડયું. આ લોકો દક્ષિણ અને પશ્ચિમ તરફ પણ વધ્યાં અને ઇ. સ. ૩૫૬ માં મ્યુઝ નામના, સમુદ્ર અને સોમ વચ્ચેના પ્રદેશપર તેમણે વસવાટ કર્યો. આ લોકોને રોમનોએ પણ ઉજ્જડ પ્રદેશોપર વસવા બોલાવ્યા હતા અને ઉત્તર ગોલનો પ્રદેશ તેથી અરધો ફ્રેંક પ્રદેશ બન્યો. આ લોકો પોતાની સાથે જરમેનીક ભાષા અને મૂર્તિપૂજા લાવ્યાં હતાં.

પછી આ લોકોએ રોમનોની હકુમત ફેંકી દીધી અને પોતાની જાતને જંગલી નહીં પણ આઝાદ માનવો તરીકે અથવા ફ્રેંક તરીકે પૂરવાર કરી. આ લોકોમાં પહેલો ફ્રેંક રાજા કલોડીઓ નામનો હતો. એણે ગોલ પ્રદેશનો સોમ નદી સુધી કબજો મેળવ્યો અને ટુરનાઇનને પોતાની રાજધાની બનાવી.

પછી ક્લોવીસે ફ્રાન્સની સ્થાપના કરી અને અઢાર રાજાઓને પોતાનું નામ દીધું. આ ક્લોવીસે જ કેદીઓ, ગુલામો, લૂંટના ઢગલા અને ઇસાઈ સંતોના આશીર્વાદ સાથે પેરીસનગરમાં પોતાની રાજગાદી સ્થાપી. ગોલ પ્રદેશની રાણી પણ હવે ફ્રાન્સ દેશના પેરીસ ગામના સેન્ટ માર્ટીન દેવળમાં સાધ્વી બનીને આવી ગઈ.

ક્લોવીસના મરણ સમયે તેના ઘણા દિકરાઓ હતા. એણે અંદર અંદરનાં યુદ્ધો અટકાવવા ફ્રાન્સના ટુકડા કરીને પોતાની હયાતીમાં જ દરેક દીકરાને એક એક ટુકડો વહેંચી આપ્યો.

એક હજાર વરસ સુધી ફ્રાન્સની ધરતીપર રજવાડાશાહીના વિકાસનાં બધાં તત્વો ખીલ્યાં કર્યાં. સામંતશાહીના આ સ્વરૂપમાં હાલી બનેલાં અર્ધ ગુલામ કિસાનોનું સ્વરૂપ પણ રજવાડી ગુલામ દશાને શોભે તેવું જન્મ્યા કર્યું. ચહુંપેરા ઉદ્યોગ વિનાનાં અને નાનાં બનતાં ગયાં. રજવાડાશાહીની સંકુચિત વંડીઓવાળી આ દુનિયાપર રોગ, ભૂખમરો, અને દુકાળ દેખાયા કર્યાં.

યુરોપખંડ પર મધ્યયુગ આરંભાયો

ત્યારથી એટલે ઈ. સ. ૫૦૦ થી ૧૫૦૦ સુધીના યુરોપીય સમયને ઇતિહાસમાં મધ્યયુગ તરીકે ઓળખાય છે. આ મધ્યયુગ, પ્રાચીન અને અર્વાચીન સમયની વચ્ચેનો સમય છે. પ્રાચીન સમય રોમન શહેનશાહતના પશ્ચિમ સામ્રાજ્યના અંતનો તથા યરોપના ઉત્થાન યુગથી અથવા પ્રાયોગિક વિજ્ઞાનવાળા ઉદ્યોગયુગથી આરંભ પામે છે. આ બે સમયની વચ્ચે, મધ્યયુગી જમાનો પ્રાચીન અને અર્વાચીન સમયને સાંધનારી મધ્યયુગની સમય સંકલના બન્યો છે.

આ મધ્યયુગ ઇતિહાસમાં અંધારયુગ તરીકે પણ ઓળખાય છે. પરન્તુ આ મધ્યયુગમાં જ યરોપખંડને સંસ્કારનો પ્રાચીન સમયનો પ્રકાશ, એકઠો કરીને, અને તેને વધારે ઉજ્વળ બનાવીને, આપનાર ઈસ્લામની હિલચાલ ઉદય પામી તથા જગતનો એક મોટો ધર્મ બની. આ મધ્યયુગમાં જ પશ્ચિમના જગતનો એટલે યુરોપીય જગતનો ધર્મ ઈસ્લામધર્મ બન્યો. આ સમયમાં અર્વાચીન સમયના એકરાષ્ટ્રી સરકારોના પાયા યુરોપમાં નંખાયા. આ મધ્યયુગમાં યુરોપમાં યુનીવરસીટીઓનો આરંભ પણ થયો. અંધારયુગમાં પણ માનવજાત આગેકૂચ કર્યા જ કરે છે તે સાબીત થયું.

રોમન સામ્રાજ્યનો પશ્ચિમી વિભાગ (યુરોપ) પોતાનું રાજ્ય શરૂ કરે છે.

રોમન સામ્રાજ્યના પતનના એક કારણ જેવી હિલચાલ પશ્ચિમવિભાગમાં એટલે યરોપમાં શરૂ થઈ. અનેક કારણોથી નબળું પડી ગએલું રોમનસામ્રાજ્ય

ઉત્તર દિશામાંથી જરમન જૂથોના આક્રમણ નીચે પશ્ચિમ વિભાગમાં આવી પડ્યું. પશ્ચિમી સામ્રાજ્યપર આક્રમણે બર્બરરૂપ ધારણ કરીને ગામો અને કરબાઓ તારાજ કરવા માંડ્યા.

આ સમયે જ્યારે રોમન શહેનશાહત અંદરના સડાઓને લીધે હચમચી ઊઠી હતી ત્યારે બહારનાં આ આક્રમણોએ એના પશ્ચિમવિભાગને પકડી લીધો. પશ્ચિમના સામ્રાજ્યની આ હાલતમાં હવે શહેનશાહતનું બોખું પણ ત્યાં ટકી રહી શકે તેમ હતું નહિ. એટલે એ શહેનશાહતે રાખવા માંડેલાં ભાડુતી લશ્કરોમાં એક હિરૂલી નામના સરદારે જ ઈટાલીમાં બેઠેલી પશ્ચિમ વિભાગની રોમન સામ્રાજ્યની શહેનશાહતને ગાદી પરથી હાંકી કાઢી. ઈતિહાસે ઈ. સ. ૪૭૬ ની સાલમાં રોમન શહેનશાહતના કાયદેસરના નાશ તરીકેના આ બનાવની નોંધ કરી.

શહેનશાહતના વિનાશનાં પરિબળો તરીકે શહેનશાહતનો પોતાનો જીવન વહિવટ જ હતો. આ વહિવટનાં કારણોએ અને પરિણામો બનેલાં કારણોએ શહેનશાહતનો નાશ કર્યો. આવાં કારણોના એક કારણ તરીકે જંગલીઓ અથવા "બાર્બેરિઅનો" ના ઈટાલી પર આવેલાં આક્રમણોને પણ ગણવામાં આવે છે. વિસ્ચુલા, ડાન્યુબ અને રાહઇન નદીથી વિંટળાયેલા યુરોપના હૃદય પરથી જીવનનાં અજંપાનું રૂપ ધર્યું હોય તેવી માનવોની ટોળીઓ વેગ ધરીને ઈટાલીની ભૂમિ પર ધસી આવી. આ ટોળીઓમાંથી જ આજના યુરોપના માનવરૂપો બન્યાં છે. આ ટોળીઓનાં નામ ઈસ્વીસનના ત્રીજા સૈકામાં થુરીન્જીઅનો, બર્ગન્ડીઅનો, એંગલો, સેક્સનો, ફ્રીસઅનો, વાન્ડાલો, લોમ્બાર્ડો, અને ફ્રેંકો વગેરે હતાં. ભૂખ્યા અને કુદરતને બોળે વિહરતા આ ગરીબ માનવ સમુદાયોમાં જન્મપ્રમાણ વધતું જ જતું હતું અને ઈટાલીઅન પ્રદેશપર જીવનના સાજ અને સાધનસામગ્રીઓ વિપૂલ બન્યા કરતાં હતાં. આ વિપૂલતા અને વૈભવથી થોડે દૂર ભટકતી મધ્ય યુરોપની ભૂખી અને સુકી માનવતા, ઈટાલી પર દોડધામ કરતી આવી પહોંચી. એનું કારણ એ પણ હતું કે રોમન શહેનશાહતની ભૂમિ પર પહોંચતાં હવે તેમને રોકે તેવી બધી મજબૂત ચોકીઓ તૂટી ગઈ હતી.

આ માનવ સમુદાયો, ને ગ્રીકોએ અને રોમનોએ "બાર્બેરિઅનો" કહ્યાં છે. એક સમયે ચિનાબ અને રાવીની સંસ્કૃતિએ પણ ભૂખ્યા માનવોના ક્રૂર ધસારાઓને જંગલી આર્યોના ધસારાઓ કહ્યા હતા. આક્રમણના રૂપમાં ધસી આવતા આવા માનવ સમુદાયોના ધસારાના વેગ ભૂખના આવેગ અને આવેશની ગતિ પ્રમાણે નક્કી થતા હોય છે. આ માનવોને ઈતિહાસે જેમ અંગ્રેજીમાં "બાર્બેરિયનો" કહ્યાં તેમ સંસ્કૃતમાં આવા ધસારાઓ ને પ્રાચીન સમયમાં બર્બરોના ધસારા કહ્યા હતા.

છતાં ઇટાલી પર આવી પહોંચેલા ટયૂટનો અને જર્મનોનાં આ આક્રમણ-રૂપો, ધસી આવતાં પહેલાં ૪થ્વીસનના આરંભથી જ પાંચસો વર્ષ સુધી ગરીબોને છાજે તેવી રીતે આ ધસારા કરનારાં માનવો વેપાર પણ કરતાં હતાં. ઇટાલી સાથે વેપાર કરનારાં આ ગરીબો અને અકિંચનો અંગત નીતિમાં ગ્રીક અને રોમનોથી પણ ચઢિયાતાં હતાં. છતાં તેઓને ક્રૂર બનાવી દેનારો અને આક્રમક બનાવનારો તો લુખો અને ભૂખ્યો તેમનો જીવનસંજોગ હતો. તેઓ ક્રૂર બનતાં હતા પરંતુ આખા જગતના માનવ સમુદાયો પર જેવી અને જેટલી ક્રૂરતા રોમનોએ તેમના પર રાજ્ય કરતાં બતાવી હતી તેના કરતાં આ જંગલી-ઓની ક્રૂરતા લાખમા ભાગ કરતાં પણ ઓછી હતી.

પ્રાચીન જગતના પૂર્વ પ્રદેશોમાં પણ એક સમયે આવો જ ઇતિહાસ ખેલાવા માંડયો હતો. સુમેરીઅનો પર અક્કડીઅનોનું, અક્કડનાં રાજ્યપર બેબિલોનીયનોનું, અને બેબીલોનપર એસીરીયનોનું તથા તે પહેલાં, સિંધુનાં નગરોપર તથા ઇરાનપર આર્યજાતિઓનું, અને પછીથી એસીરીયનોપર ચાલડી અનોનું અને છેવટે ચાલડીઅનોપર ઇરાનીઅનોનું, આક્રમણ ઇતિહાસનો ક્રૂરતા-ભરેલો ક્રમ બન્યો હતો.

ઇતિહાસના જ ક્રમમાં હવે રોમન સામ્રાજ્યનો વારો પણ આવી પહોંચ્યો. એના પશ્ચિમવિભાગપર જરમન જાતિઓએ મધ્યયરોપ અને પૂર્વ યરોપમાંથી આક્રમણ આરંભ્યાં અને જીવનવહિવટનો સ્વતંત્ર વસવાટ શરૂ કર્યો.

ઇ. સ. ૪૭૬માં ઓડોઆસર નામના જર્મન સેનાપતિએ પશ્ચિમરોમન સામ્રાજ્યમાંથી રોમન શહેનશાહતને ઉખેડી નાખી અને પોતે "પેટ્રીશીઅન"નો ઇલ્કાબ ધારણ કરીને ઇટાલીનું જુદું રાજ્ય સ્થાપીને શાસક બન્યો. રોમન પશ્ચિમ સામ્રાજ્ય આ રીતે અંત પામ્યું પણ પૂર્વ સામ્રાજ્યમાં કોનસ્ટેન્ટિ-નોપલની રોમનશહેનશાહત જીવતી રહી. રોમન શહેનશાહતનું પૂર્વ સામ્રાજ્ય પરનું આ જીવતર બળી ગએલા તેલ પછી સળગ્યા કરતી, વાટ જેવું એક હજાર વરસ સુધી ચાલ્યા કર્યું.

કોનસ્ટેન્ટિનોપલ, પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનું વેપારી મથક બન્યું. કોનસ્ટેન્ટિનોપલમાં ગ્રીક સંસ્કૃતિને સાચવી રાખવામાં આવી.

પછી ઇ. સ. ૧૪૫૩ માં ઇસ્લામના વિજયી ઝંડા નીચે તુર્ક લોકોએ, આ રોમન શહેનશાહતના, પૂર્વસામ્રાજ્યના પાટનગરને જીતી લીધું, અને મરવાના આળસથી જીવતું રહેલું રોમન સામ્રાજ્ય સંપૂર્ણ અંત પામી ગયું.

કોણ હતા આ તુર્કો? આ તુર્કો ઇસ્લામનો નૂતન સંસ્કાર અંગીકાર કરીને, ઇસ્લામનો સંસ્કારધ્વજ, ફરકાવતા, યુરોપને જીતવા નીકળેલી ઇસ્લામી સંસ્કૃતિના સ્વરૂપવાળા હતા.

[મધ્યયુગી જીવનનું લક્ષણ—સામંતશાહીનું રજવાડાશાહી સ્વરૂપ—જ્ઞાનની અબુધદશા—મધ્યયુગની માનવતા નિશાળે બેઠી —સંસ્કારયુગના પ્રકાશનો પિતા—મધ્યયુગના જીવનની ઉઘડતી બારીઓ—યુરોપખંડનો ઈસાઈધર્મ—ઇસાઇધર્મનું વેપારી મથક —કુઝેડોની રણહાકલ—કુઝેડો નામનો સંગ્રામશાળાઓ—યુરોપના વ્યાપારી નાગરિકત્વનો ઉદય—નૂતન વેપારીવર્ગ—વેપારી નગરોનું શાસન સ્વરૂપ—વેપારી સમાજનું જવાબદાર રાજતંત્ર—પૂર્વનો આંધીયો વેપારી અને યુરોપનો આઝાદ વેપારી.]

મધ્યયુગી જીવનનું લક્ષણ-સામંતશાહી સંબંધ (ફ્યુડાલીઝમ)

સમાજના વિકાસ માટે, અને જીવનની પ્રાથમિક એવી સલામતિ માટે, જગતના ઇતિહાસમાં " ફ્યુડલ " અથવા સામંતશાહી સંબંધો આરંભમાં જીવનની જરૂરિયાતમાંથી જન્મેલા માલમ પડયા છે. સમાજની જે ઘટનામાં વાહનવ્યવહાર ખૂબ ધીમો અને વિકાસ પામેલો નથી હોતો, તેવા રાજ્યવહિવટનું રૂપ આરંભદશાનું જ હોય છે. ત્યાં પોતાના પ્રાંતો અથવા પ્રદેશોપરનું સરકારી મધ્યસ્થરૂપ, જુદાજુદા પ્રદેશોનું જરૂરી અને તાબડતોબ રક્ષણ નથી કરી શકતું હોતું તથા અંદરની વ્યવસ્થા સાચવી શકતું નથી હોતું. સામાજિક શરીરના હલનચલન અથવા અવરજવરની, એવી પરિસ્થિતિમાં, આવા પ્રાંતો અથવા પ્રદેશોની અંદરની રોજની વ્યવસ્થા અને રોજનું સંરક્ષણ શક્ય બનાવવા પ્રદેશોની અંદરના સ્થાનિક, સામંતો, અથવા સરદારોના હાથમાં સત્તા અને મહત્તાનું વિતરણ થતું હોય છે. આવાં સત્તાનાં અને સામાજિક પ્રતિષ્ઠાનાં સ્થાન, પ્રાદેશિક અથવા સ્થાનિક સામંતો અને સરદારો, જે જમીનદારો પણ હોય છે તેમનાં હોય છે. આ સામંતો મધ્યસરકારને અથવા રાજાને વફાદાર હોય છે અને રાજાના નામમાં સ્થાનિક શાસનનાં જમીનદારી કેન્દ્રો બને છે. આ જમીનદારી સત્તા-સ્થાનોનું સ્થાન જમીનની માલીકીના સ્વરૂપવાળું હોય છે તથા સામાન્ય લોકો આ માલીકીની સીધી પ્રજા બનીને સલામતિ ભોગવે છે, અને વેઠનો શ્રમ કરનારી અર્ધગુલામીમાં જીવે છે. આવી જાતનો જીવનવહિવટ જ્યારે કોઈ નાનાં નાનાં રજવાડાં એકઠાં થઈને મધ્યસ્થ સરકાર બને છે ત્યારે થાય છે અથવા કોઈ ઉપરથી આરૂઢ થએલી રાજસત્તા તૂટી જાય છે ત્યારે પણ તે સામંત-શાહીના અનેક ટુકડાઓમાં વહેંચાઈ જાય છે.

યુરોપપર આવો સામંતશાહી જમાનો રોમનસામ્રાજ્યના પતનસમયે શરૂ થયો. બહારનાં આક્રમણો નીચે તૂટી પડતી આ વિશાળ સરકારી સંસ્થાનું વહિવટીતંત્ર એટલે ટિકથી યુફ્રેટીસ સુધી પથરાયું હતું. આ તંત્રની ઇમારત અમલદારશાહી અથવા નોકરશાહીના ટેકાઓ પર ઉભી હતી. આ તંત્રનું પતન આરંભાયું ત્યારે તેના પશ્ચિમી વિભાગનો વહિવટ ચલાવવાનું કામ શાર્લમને ધારણ કર્યું. એણે તૂટવા માંડતી સામ્રાજ્યની પશ્ચિમી શહેનશાહત પર પલાણવા માંડ્યું. પણ શાર્લમનના મરણ પછી તરત જ આ સામ્રાજ્યના છૂટાછવાયા ટુકડાઓ પર સામંતશાહી જ શરૂ થઈ.

આ સામંતશાહીનું સ્વરૂપ એટલે પ્રાદેશિક એક ટુકડાપર બાંધેલો કિલ્લો અથવા વંડીનું હતું. આ કિલ્લો, તે સમયની સ્થાનિક સરકારનું એકમ બન્યું. આ કિલ્લો જે સામંતનો હોય તે સામંત આ સ્થાનપર જમીનદારી વહિવટ ચલાવતો. આવા જમીનદારી વહિવટમાં જે પ્રજા વસતી હતી તે જમીન સાથે ચોંટી રહીને જ જીવી શકે તેવી વનસ્પતિના ફાલજેવી હતી. આ પ્રજા અથવા સમાજનું એકમ જમીન પરના અર્ધગુલામો હતાં તથા સામંતને વફાદાર હતાં. બધી જમીન, સામંતની માલીકીની હતી. આ બધી જમીન પર ખેતી કરનાર શ્રમ માનવ, ફીફ અથવા સર્ફ કહેવાતો. આ સર્ફ અથવા હાલીકિસાન, સામંત-શાહીનો હાલી હતો, અને સામંતની બધી જમીન બધાં કિસાનો ખેડી આપતાં તથા બદલામાં, તેમને, પોતાનાં ઝુંપડાં બાંધીને જિવવાનો હતો તથા પોતાના નિર્વાહ માટે ખેતી કરવા જેટલો જમીનનો એક અલાયદો ટુકડો તેમને મળતો.

આવો ફ્યુડલ જીવનવહિવટ પરસ્પરની જવાબદારી પર આરંભાતો. સામંતની જવાબદારી પોતાના વસવાયાં અથવા " વાસલ "નું રક્ષણ કરવાની ગણાતી તથા જમીનપરનાં આ હાલી કિસાનોની જવાબદારી, સામંત માટે લશ્કરી ફરજ બજાવવાની, મજુરી કરવાની, સેવાઓ કરવાની, અને સામંતની જમીનો ખેડી આપવાની તથા સંપૂર્ણ વફાદારી દાખવવાની ગણાતી. આ આખા જીવન પર સામંતશાહીનો અધિકાર સંપૂર્ણ હતો. આવી સામંતશાહીની સારવાર અને તહેનાતમાં આ હાલી કિસાનોનો આખો ઘરસંસાર વેઠીયાઓ બનીને રહેતો તથા લડાઇના સમયમાં સામંતને પડખે રહીને જાત કુરબાન કરતો. આવા સામંતો પોતાની જમીનદારીના મથકને " મેનોર " ના નામથી ઓળખતા. એક સામંત પાસે એક કે વધારે " મેનોર " હોઈ શકતાં. સામંતો શાંતિના સમયમાં, એકથી બીજા "મેનોર" પર દેખરેખ રાખતા હતા, રસાલાઓ સાથે વિહરતા હતા, તથા પોતાની જાગીરો પાસે લાગાઓ ઉઘરાવતા હતા.

સામંતશાહી એટલે યુદ્ધખોરીવાળી રજવાડાશાહી

આવા સામંતો અથવા ઠાકોરો એક કે બીજા પ્રાદેશિક રાજાની અથવા મધ્યસ્થ મહાસામંતની હકુમત નીચે લેખાતા. પોતે જેની હકુમત નીચે હોય તે મધ્યસ્થ રાજા તરફની વફાદારી તેમની મુખ્ય ફરજ મનાતી તથા જરૂર પડે ત્યારે, રાજા સામંતોને, તેમના વેઠીયાસૈનિકો સાથે હાજર થવા ફરમાવતો. આ રીતે મધ્યસ્થ રાજા, પોતાની પ્રજાપર સીધીરીતે નહીં પણ સામંતો મારફત આડકતરી રીતે રાજ કરતો. ઈ. સ. ના ૧૦માથી ૧૩મા સૈકા સુધીનો જરમની અને ફ્રાન્સનો રાજવહિવટ બિલકુલ સામંતશાહી સ્વરૂપનો રહ્યો તથા, રાજાની હકુમત નીચેના સામંતો રાજા તરફની વફાદારી બજાવવાની ફરજનો વારંવાર ઇન્કાર કરવા લાગ્યા. સામંતશાહી સ્વરૂપના રાજ્યવહિવટનું જ આ સ્વાભાવિક લક્ષણ હતું, કારણ કે આવી જીવન ઘટનાનો મૂખ્ય વહિવટ અંધ આજ્ઞાધારકતા, અને અંધ વફાદારીની સામાજિક નીતિપર અંધાયલો હતો. અજ્ઞાન અને અશુધ એવા માનવસમુદાયને દોરનારો, પાળનારો અને રક્ષનારો સામંતસમુદાય પશુ જેવી ક્ષુદ્ર ક્ષુધાના લોભને જ જીવનનો આવેગ બનાવીને તરવારના જોર પર સમાજનો આગેવાન બન્યો હતો એટલે યુદ્ધ અને અંદર અંદરનાં ધીંગાણાં એનો રોજ બરોજનો વ્યવહાર બનતાં હતાં. આ ધીંગાણાં ધારણ કરીને મરી ફિટવાનો બધો બોજ, અર્ધગુલામ બનેલા કિસાનોમાંથી જમાવેલા રસાલાપર ગોઠવાયો હતો.

આવા જીવન વહિવટમાં આવેલી જમીન પર જેટલાં જમીનદારી મથકો અથવા "મેનોર" અથવા જાગીરો હતી તે બધા દેશ હતા. આવા અંધકારમાં એક દેશની અથવા સ્વદેશાભિમાનની અથવા રાષ્ટ્રિયતાની અસ્મિતા આવવી શક્ય નહોતી. આવા જીવન વહિવટમાં, અર્થકારણ અંદર અંદરની જરૂરિયાત જેટલું ઉત્પાદન અને વસ્તુઓની આપલે, જેટલી વહેંચણીવાળું સંકુચિત હતું. આવા જીવન વ્યવહારનું રાજકારણ ખૂબ સંકુચિત અને ક્ષુદ્ર હતું. આવી જીવનઘટનાનો નીતિનિયમ ધણિ તરફની વફાદારીનો તદ્દન આર્થિક રૂપવાળો હતો. આવા જીવતરની નજરમાં વિશ્વ વિશાળ નહોતું પણ કોઈ મહાસામંતની ગદા કે તીરકામઠાની હકુમત નીચે રહી શકે તેટલું સંકુચિત હતું. આવા સંકુચિત જગતની ઢાંકણીમાં પાણી નાખીને, માનવતાનું વિશાળ પ્રતિબિંબ દેખવા મથતો મનુષ્યનો આત્મા, ભગવાનની છબીની કલ્પના કરતો પરંતુ એ ભગવાન પણ કોઈ રણછોડજી કે ઠાકોરજીથી વધારે મોટો બની શકતો નહીં.

યુરોપી મધ્યયુગની જ્ઞાનની દશા અશુધ હતી.

ત્યારે યુરોપના મધ્યયુગના જગતમાં લેટિન ભાષામાં લખેલું બાઇબલ નામનું એકજ પુસ્તક યુરોપની દુનિયામાં હતું. આ પુસ્તક જે કોઇ કશુંજ વાંચી શકતાં ન

હતાં, તે સૌ લોકોનું જીવન શાસ્ત્ર હતુ. એ શાસ્ત્રમાં બધાં શાસ્ત્રો લખાયાં છે તેમ તેઓ માનતાં અને ખગોળશાસ્ત્ર, વનસ્પતિ શાસ્ત્ર, પ્રાણશાસ્ત્ર કે ગણિતશાસ્ત્ર બધુંજ આ કિતાબમાં કહ્યા પ્રમાણે હતું, એવો તેમનો ખ્યાલ હતો. પછી ઇ. સ. ૧૨ મા સૈકામાં મધ્યયુગનાં જ્ઞાન સંસ્કારમાં એક બીજું પુસ્તક ઉમેરાયું. આ પુસ્તકમાં એરિસ્ટોટલ નામના એક ગ્રીક ચિંતકના વિચારો હતા. બાઇબલ પછીનું આ બીજું પુસ્તક સીકંદરના એલેકઝાન્ડ્રીયા નામના નગર મારફત અરબી ભાષામાં ભાષાંતર પામીને સાતમાં સૈકામાં ઇસ્લામના વિજય સાથે ઇજીપ્તમાં પહોંચ્યું હતું અને ત્યાર પછી કોર્ડોવાની વિદ્યાપીઠમાં આ ભણતરને મુસલમાનો સ્પેઇનમાં લઇ આવ્યા હતા. ત્યાં ઇસાઇ વિદ્યાર્થીઓએ એનું ભાષાંતર લેટિનમાં કર્યું હતું અને ત્યાંથી પિરેનીઝની પર્વતમાળને ઓળંગી જઇને આ પુસ્તક ઉત્તર પશ્ચિમ યુરોપમાં આવી પહોંચ્યું. હતું.

હકૂમતનું અંધકારમય સ્વરૂપ

યુરોપની ધરતી પર આ અંધકાર યુગ જેવા મધ્યયુગના રાજારજવાડાઓની હકૂમત જીવન પર ગોઠવાઇ જવા માંડી હતી. આ હકૂમતનું રૂપ ભયરૂપ હતું. આ ભયરૂપને ધારણ કરનારો રજવાડી સમાજ મધ્યયુગના જીવનવ્યવહારમાં ખેતરમાં, રસ્તાઓ ઉપર ઘરબારમાં જ્યાં અને ત્યાં ત્રાસ નીચે જીવન ગુજરતો દેખાતો હતો. આ ભય સ્વરૂપ ભયાનક એવા ભુખમરામાં રોગચાળામાં અને પરિઓની દંતકથાઓમાં પણ માલમ પડતું હતું તથા બાઇબલમાં લખ્યા પ્રમાણેના " જજમેન્ટ " દિવસની આરાધના કરતું કમ્નસ્તાનની દંતકથાઓમાં આવેલાં દેવદૂતો સાથે હવે ડાકણો અને શયતાનના પડછામાં પણ ઉભરાવા માડયું હતું.

પણ આવા ભયાનક જગતથી ભય પામીને ધર્મભીરૂતા અને કર્મભીરૂતાના નિર્માલ્ય સ્વરૂપો ધારણ કરવાને બદલે મધ્યયુગનાં માનવો કઠોરતા અને ક્રુરતા ધારણ કરતા હતાં. આ ક્રર માનવોના મોટા સમુદાયો પોતાની ધરતી પરની મમતા છોડીને ઇસ્લામ સાથે ક્રુઝેડ અથવા ધર્મ યુદ્ધ ખેલવા નીકળતાં હતાં કારણ કે એમની પોતાની ધરતી પર મમત્વને ધારણ કરે તેવું કોઈ પ્રેમસ્વરૂપ હતું જ નહી. એટલે સાહસિક સામંતો અને રાજાઓના સંગમાં આરબો જોડે લડવા જવા મધ્યયુગી યુરોપનાં ક્રર માનવ સમુદાયો, નીકળ્યા જ કરતા હતા. આરબોની ધરતી પર ક્રૂઝેડનાં આ લશ્કરો વિજયી બનીને જ્યાં જ્યાં આગેકૂચ કરતાં હતાં ત્યાં ત્યાં ધાતકી એવું ક્રર સ્વરૂપ ધારણ કરીને બિલકુલ સ્વાભાવિક રીતે સૌથી પહેલાં તમામ સ્ત્રીઓ અને બાળકોને સંહારી નાખતાં હતાં. યુરોપનાં આ ઇસાઇ માનવોના દીલમાં બિલકુલ સ્વાભાવિક રીતે દયાનો એક પણ છાંટો સંભવી શકે તેમ નહોતું.

રોમન સંસ્કૃતિના ખંડિયેરો ઉપર હજુ ગઇ કાલેજ ઊભી થઇ ગયેલી યુરોપની ધરતી પરની આ જીવનની ઘટમાળ બહુ જ થોડા સૈકાઓમાં સંસ્કારનું કોઈ પણ સ્વરૂપ કેવી રીતે શોખી શકે? આ ઘટમાળ પર રોમન શહેનશાહતે મોકલેલો ઇસાઈ ધર્મ શહેનશાહતની પરીક્ષામાંથી અહિં પસાર થઇને આવ્યો હતો. જીવનવહિવટનો બંધુભાવ અહિં આવતાં રસ્તામાંજ ખોવાઈ ગયો હતો. જીવનની આ પરિસ્થિતિમાં ગ્રીક કે રોમન નાગરિકની જેમ પોતે જન્મથી જ આઝાદ નાગરિકો છેજ એવી શિખ વારસામાં મળી શકી નહોતી. મધ્યયુગના નિખીડ અંધકારમાં સામન્તો અને રજવાડાઓના તથા ધર્મ ગુરુઓના અધિકાર નીચે આ માનવો આમથી તેમ ફેંકાતાં હતાં. આ માનવોમાં જમીન ખેડનોરા અર્ધા ગુલામો જેવા શ્રમમાનવો હતા, તથા પાદરીઓ અને નાસ્તિકો પણ હતા અને શ્રીમંત જમીનદારો અને ગરીબો હતા, તથા ભીખારીઓ અને ચોરો હતા. આ બધા માનવોએ જીવનની આ ઘટમાળમાં અંધારામાં અથડાતાં કૂટાતાં આગળ વધવાનું ચાલુ રાખ્યું હતું.

યુરોપખંડના ઈસાઈધર્મની કેથાલિકતા અથવા એકતા

રોમન સામ્રાજ્યના પશ્ચિમ વિભાગનો અંત થયો ત્યારે આ અંતમાંથી ઉગરી ગયેલી જીવનની એક પ્રથા ઇસાઇ ધર્મ નામની સંસ્થા હતી. યુરોપપર એ પ્રથા આસ્તે આસ્તે વિકાસ પામી અને યુરોપના દેશોએ ઇસાઇ ધર્મને અંગીકાર કર્યો. યુરોપખંડ આખો ઇસાઇધર્મની એકતાનો શબ્દ એટલે કેથોલીક નામનો શબ્દ પામ્યો હતો.

આ એકતા અથવા ઇસાઇ ધર્મની કેથોલીકતાનું મુખ્ય મથક ઇટાલીનું રોમનગર હતું. ઇસાઈ ધર્મના આચાર્યોની, આ નગરમાં ગાદીઓ હતી. પિટર રોમનગરનાં સૌથી પહેલો વડો બીશપ હતો. રોમનું ઈસાઇ દેવળ ત્યારનાં સૌ ઇસાઇ દેવળોની જનેતા તરીકે જાણીતું બન્યું. પિટર અને પોલે, ઇસાઇધર્મની સ્મૃતિ લખી હોવાનું મનાય છે. પોલનો અર્થ પિતા એવો થતો હતો. પિટર અને પૉલ પછીથી, ઇસાઇ ધર્મનો રોમનગાદીનો વડો પોપ અથવા પિતા કહેવાયો.

પોપ ઈસાઇ ધર્મનો વાડો સાચવનારી ત્યારની જીવન એકતાનો પિતા બન્યો. પછી ઇ. સ. ૫૯૦ થી ૬૦૪ માં મહાન ગ્રેગરી તરીકે ઓળખાયલો પોપ ઇસાઇધર્મની રોમન ગાદી પર આવ્યો. યુરોપ પર મધ્યયુગ આરંભ પામતો હતો ત્યારે આ ઇસાઇ ગાદી પર બેઠેલો ગ્રેગરી, ધર્મનો શહેનશાહ બન્યો. એણે રોમ પર રાજ્ય પણ કરવા માંડયું. એણે આ ધર્મગાદી પરથી ફ્રાન્સ અને અને બરગેન્ડીમાં ધર્મદુત મોકલવા માંડયા. આ ધર્મદુતોએ ઇંગ્લેંડમાં, ફ્રાન્સમાં

અને જરમનીમાં જઈને ઇસાઈ ધર્મની સ્થાપના કરીને યુરોપની ધર્મએકતાનો આરંભ કર્યો હતો.

ઈસાઇ ધર્મનું વેપારી મથક કોનસ્ટેન્ટિનોપલ

યુરોપ પર મધ્યયુગ વિકસવા માંડ્યો હતો. યુરોપના દેશોપર સામંતો અને રાજાઓનાં રાજ શરૂ થઈ ચૂક્યાં હતા. ત્યારે બધાં યુરોપીય રજવાડાનો ધર્મ ઇસાઇ ધર્મ હતો.આ ઇસાઈ ધર્મની ગાદી ઇટાલીના રોમનગરમાં હતી. યુરોપપર હવે રોમન સામ્રાજ્ય નાશ પામ્યું હતું પરંતુ ધર્મની શહેનશાહતનું સામ્રાજ્ય રોમનગરમાંથી આખા યુરોપપર ધર્મ અધિકાર ચલાવતું હતું. હવે રોમન સામ્રાજ્ય આ પશ્ચિમ વિભાગ પર નહોતું અને રોમન શહેનશાહત હવે એકલા પૂર્વ વિભાગપરજ શાસન ચલાવતી હતી. આ વિભાગનું રોમનસલ્તનતનું પાટનગર કોનસ્ટેન્ટિનોપલ હતું. આ નગર મધ્યયુગના વેપારનું બંદરી મથક હતું. આ પાટનગરના શાસન પ્રદેશો પર હવે, બરબરોના, રશિયનોના મેગીઅર્સના તથા હંગેરીઅનોના હલ્લા શરૂ થવા માંડ્યા હતા. આ સામ્રાજ્ય પર હવે નવા ઉદય પામેલા ઇસ્લામિક દેશોનું આક્રમણ પણ આરંભાઈ ચૂક્યું હતું. ઇરાન, સિરીયા, પેલેસ્ટાઇન મિસ્ર, ઉત્તર આફ્રિકા તથા સ્પેઇન પર ઇસ્લામનો વિજય વાવટો, ફરકવા માંડ્યો હતો, અને ત્યાર પછી આ ઇસ્લામિક જીવન ઘટના સાથે યુરોપે ક્રુઝેડો મારફત સંપર્ક સાધ્યો હતો. કોનસ્ટેન્ટિનોપલ તો પૂર્વ અને પશ્ચિમની વચ્ચેનુ વેપારી મથક જ હતું. આ મથક સુધી ઇસ્લામનું આક્રમણ આવી પહોંચ્યું એટલે, કોનસ્ટેન્ટિનોપલની શહેનશાહતે આખા યુરોપ પર વર્ચસ્વ ધરાવતી અને રોમનગરમાં બેઠેલી પોપની શહેનશાહત પાસે ધર્મના નામમાં મદદ માગી. પોપે, આખા યુરોપનાં ઇસાઈ રજવાડાંઓને એકઠાં કરવા ઇસ્લામ સામે ધર્મયુદ્ધો ખેલવા પડો બજાવ્યો.

ક્રુઝેડોની રણહાકલ–'ચલો જેરૂસાલેમ'!

યુરોપભરમાં પોપનું આવાહન ધર્મરૂપને ધારણ કરીને યુદ્ધનું વાહક બન્યું. ક્રુસના ધર્મ ચિહ્ન પરથી આ યુદ્ધોનું નામ ક્રુઝેડો પડ્યું. આ યુદ્ધમાં જોડાનારાઓએ છાતીપર ઇસુ નામના શાંતિના દૂતનું વધસ્તંભનું, ચિહ્ન ધારણ કર્યું, અને જેરૂસાલેમપર ચઢવાની યુદ્ધયાત્રાનો આરંભ કર્યો. આ યુદ્ધની ક્રુઝેડો અથવા જેહાદોનું નામ ધારણ કરનારી, ફ્રાન્સ અને દક્ષિણ ઇટાલીમાંથી ક્રુઝેડ લડનારી સેનાની, પહેલી ટુકડીઓની રચના થઇ. આ રચનાએ ધર્મની ઘેલછાવાળી યુદ્ધની સંહારક નીતિ ધારણ કરીને પૂર્વની દુનિયાની સફર શરૂ કરી દીધી. આ રીતે મધ્યયુગી યુરોપ પૂર્વના દેશો સાથે પરિચયમાં આવ્યું. ક્રુઝેડોનું રૂપ

ધારણ કરીને પૂર્વના દેશો પર લુંટ, તારાજી અને કતલ કરવા નીકળેલા યુરોપના ઈસાઇ ધર્મવાળા માનવ સમુદાયોએ પહેલીવાર ઇસ્લામના સંસ્કારરૂપ વાળી જીવતરની રીતભાત દીઠી, તથા જગતમાં સંસ્કારનાં આવાં સુરમ્ય સ્વરૂપો હોઇ શકે છે તેવી ખાત્રી મેળવી.

ક્રુઝેડો નામની સંગ્રામશાળાઓ

આ સંગ્રામોનું કારણ એ હતું કે હવે, ઇસ્લામે વિશ્વ–ઇતિહાસમાં સ્થાન લઈ લીધું હતું. યુરોપખંડમાં પેસવાનો ત્યારે એક દરવાજો સ્પેઇન નામનો હતો અને તેના પર ઇસ્લામનો ઝંડો ફરકતો હતો. યુરોપખંડમાં જવાના બીજા દરવાજા પર પૂર્વ રોમન શહેનશાહતનો વાવટો ઉડતો હતો. ત્યાં સિરીયાના પડોશમાં પેલેસ્ટાઇનનો પ્રદેશ હતો અને પેલેસ્ટાઇનમાં જિસસનો જન્મ થયો હતો. પણ યુરોપખંડને માટે પવિત્ર બની ગયેલી જેરૂસાલેમની ભૂમિ પર પણ ઇસ્લામનો અધિકાર હતો. આખો એશિયા માઈનોરનો પ્રદેશ ઇસ્લામની હકૂમત નીચે આવી પહોંચતો હતો અને પૂર્વની રોમન શહેનશાહત પતન પામતી હતી ત્યારે એ શહેનશાહતના ઓઠા જેવો બેઠેલો, એલેકસી શહેનશાહ યુરોપને ધર્મયુદ્ધ લડવા આવવા માટે આવાહન કરતો હતો.

ઇટાલી યુરોપખંડનોજ એક દેશ હતો. ઇટાલી, રોમન શહેનશાહતનું પુરાણું મથક હતો. ઇટાલીમાં રોમનગરમાંથી ઇસાઈ ધર્મ યુરોપપર પથરાયો હતો. ઈટાલીનાં જ વેનીસ જેવાં નગરોએ પોતાનાં વ્યાપારી નગરરાજ્યો સ્થાપી દીધાં હતાં. આ નગરરાજ્યોનાં વાણિજ્યનાં થાણાં એશિયા માઈનોર અને પેલેસ્ટાઇન પર સ્થપાઈ ચૂકયાં હતાં. ત્યાં પૂર્વ પ્રદેશો પર તો ઇસ્લામનો જીવન વ્યવહાર વ્યાપાર ચલાવતો હતો. પૂર્વ સાથેની અવર જવરનાં વ્યાપારી થાણાંઓનાં સંસ્થાનો અને વેપાર વાણિજ્યના ધોરી રસ્તાઓ પર ઇસ્લામની આણ વરતી ચૂકી હતી. ઈટાલીને કે યુરોપખંડના ઊગતા જીવનના વહિવટને તે પોશાય તેમ હતું જ નહીં. આ કારણથી એ પૂર્વના યુરોપીય મથક પર બેઠેલો, રોમન શહેનશાહ એલેકસીનું આવાહન યુરોપખંડનાં સામંતોએ, રાજાઓએ, મધ્યમવર્ગે અને સાએ સ્વીકારી લીધું. સૌને ઇસ્લામપર ચઢાઈ કરવાનું શૂર ચઢયું. યુરોપભરમાંથી લશ્કરો સર્જાયાં. જેરૂસાલેમની પવિત્રભૂમિને ઇસ્લામની પકડમાંથી મુકત કરવાની રણહાક બજી ઉઠી.

ક્રુઝેડ અથવા ધર્મયુદ્ધ ખેલવા યરોપના સામંતશાહોની સરદારી નીચે, લાખો, જુવાનો યુદ્ધે ચઢયા. કોનેસ્ટેટિન્નોપલમાં બેઠેલા, પુરાણી રોમનશાહીના પ્રતીક જેવા શહેનશાહને અંજલિ દઇને, યુરોપનાં ક્રુઝેડનાં કટકો, એશિયા

પર ચઢ્યાં. પરસ્પરના સંહાર ખેલાયા. બે સૈકાઓ સુધી ક્રુઝેડો ચાલી. બે સૈકાઓમાં સાત ક્રુઝેડોના સંગ્રામ રચાયા. એશિયા પર ચઢવાનો રસ્તો પાછળથી આકપસ ઓળંગીને જીનોઆ અને વેનીસનાં બંદરોમાં આરામ કરીને દરિયા મારફત એશિયાની ભૂમિપર ઉતરવાનો નક્કી થયો. આમ ક્રુઝેડોના ધર્મયુદ્ધોને લીધે ઇટાલી પરનાં, વેનીસ અને જીનોઆનાં વ્યાપારી નગરોના વેપાર ખિલી ઉઠયા. આ બન્ને નગરોએ "ટ્રાન્સ-મેડીટરેનીયન પેસેન્જર સરવીસ" ધર્મના નામમાં, ધીખતા ભાવ લઇને શરૂ કરી દીધી. જીનોઆ અને વેનીસની વેપારી પેઢીઓએ ધર્મયુદ્ધોના નામમાં ધનના ઢગલાની કમાણીઓ કરવા માંડી. ઇટાલીનાં આ વેપારી નગરોની આણ ધર્મયુદ્ધોના નામમાં એડ્રીઆટિકના કિનારાઓપર સ્થપાઇ ગઇ. આ ઉપરાંત યુરોપના લડવૈયાઓ માટે આ ક્રુઝેડો નિશાળો જેવી બની. ધર્મયુદ્ધ લડવા નીકળેલા યુરોપના દીકરાઓ જે જીવતા રહીને પાછા વતન પહોંચતા તે બધા, આરબ દુશ્મનોના, સંસ્કારની, શિસ્તની સુધરેલા પોશાકની, અને બંધુભાવની વાતો કરતા. પૂર્વની ભૂમિ પરથી ઘણું ઘણું શીખીને આવેલાઓએ પોતાની રીતભાતો બદલવા માંડી. પોશાકની ખાણીપીણીની અને લેવડદેવડની નવીન પદ્ધતિઓ, જેવી આરબોની હતી તેવી, તેમણે યુરોપના વતનમાં અજમાવવા માંડી. લાખો યુરોપવાસીઓ માટે ક્રુઝેડમાં મળેલા પાઠ, સંસ્કૃતિના પદાર્થપાઠ બની ગયા.

પણ પેલી પવિત્ર ભૂમિનું શું થયું? જેના પર કબજો કરવા યુરોપ-ભરમાંથી ભરતીઓ ચઢી હતી તે ભૂમિપર પરસ્પરના વિજયો અને પરાજયો નોંધાયા પછી બે સૈકાઓના માનવ સંહાર પછી, જેરૂસાલેમપર તો ઇસ્લામી જ હકુમત કાયમ રહી હતી. પણ યુરોપની ક્રુઝેડોને જે જોઇતું હતું તે પરિવર્તન યુરોપખંડપર આરંભાયું હતું. ક્રુઝેડની હિલચાલો મારફત યુરોપખંડના માનવસમુદાયોને પૂર્વનો પ્રકાશ જાતે દેખવા મળ્યો હતો. યુરોપપરના કુમળાંડુક જેવા કિલ્લાઓ અને કસુંબા ઘોળતી અંધારી વંડીઓની હકુમતવાળું પછાત જીવતર યુરોપના સમાજમાં અળખામણું બનતું હતું. યુરોપની જીવનઘટના વધારે વિશાળ સંચાલન માગતી હતી. આ વિશાળતા અને વ્યાપકતા તેમણે પોતાની જ ભૂમિ પરનાં, વેનીસ અને જીનોવા નામનાં, વેપારી નગરરાજ્યોમાં દેખી હતી, અને એ નગરરાજ્યોનાં વ્યાપારી થાણાંઓનાં કમાડમાંથી બહાર આવીને પશ્ચિમને, 'જેવું પૂર્વમાં છે તેવું.' ધરતી પર ઉતારવાનું યુરોપના મધ્યયુગને સ્વપ્ન આવતું હતું. જેવું સ્વર્ગમાં હતું તેવું સુરાજ્ય પૃથ્વી પર ઉતારવાની જિસસે કરેલી વાત, યુરોપની ધરતીનાં કચડાયેલાં માનવોમાં ઉત્સાહ પ્રેરતી હતી, તથા સ્વર્ગની પોતાને આવે તેવી કલ્પનાઓ જન્માવતી હતી.

ઈસવીસનના બાર બાર સૈકાઓ ખતમ થવા આવ્યા હતા ત્યારે યુરોપ પરના અંધકારમાંથી ઉષા ઊગવાનાં સ્વપ્નો યુરોપને આવવા માંડ્યાં હતાં.

હવે મધ્યયુગની માનવતા નિશાળે બેસતી હતી

કૂંઠેડા પછી, મધ્યયુગની જીવનઘટનામાં ભણતર અથવા નિશાળનો આરંભ શરૂ થવા માંડ્યો. ભણતરના આરંભની નિશાળનું સ્વરૂપ પાદરીઓના આશિર્વાદ નીચે અને કોઈ કોઇ દેવળના પડછાયા નીચે શરૂ થવા માંડ્યું. આ નિશાળના અધ્યાપકો આરંભમાં તો એકલા પાદરીઓ જ હતા. આ પાદરીઓને બે પુસ્તક વાંચતાં આવડી ગયાં હતાં. એક પુસ્તકનું નામ બાઇબ્લ હતું અને બીજું પુસ્તક એરિસ્ટોટલનો ' એનસાઇકલોપીડિયા ' નામનો ગ્રન્થ હતો. આટલા જ્ઞાનના આધાર પર મધ્યયુગના આ શિક્ષકો આકાશ અને પૃથ્વી વચ્ચેના બધા બનાવોને ઉકેલી શકતા. પૃથ્વી પર જે જે કંઇ બનતું તે બધું ય ઈશ્વરની ઇચ્છાથી બન્યે જાય છે તેમ તેઓ કહેતા. આ પાદરીઓ ઉપરાંત હવે પંડિતોનો એક વર્ગ પણ શરૂ થવા માંડ્યો હતો. આ પંડિતોમાં કેટલાક તો ઘણા બુદ્ધિમાન હતા. છતાં તેમના જ્ઞાનનો આધાર પેલાં બે પુસ્તકો જ હતાં. આ બંને પુસ્તકોમાં વસ્તુ અને મનુષ્યની હિલચાલોનાં અવલોકનો પ્રયોગમાંથી આવતા જ્ઞાનવડે લખાયાં નહોતાં. એરિસ્ટોટલનું જ્ઞાન પણ ગણિતશાસ્ત્રના પાયા પરથી રચાયેલું હોવાથી અમુક સિદ્ધાંતોના અંધ સ્વીકાર પૂર્વક ઉતરી આવ્યું હતુ. એટલે જ્ઞાનનું તે સ્વરૂપ વૈજ્ઞાનિક ન હતું.

યુરોપિય સંસ્કારયુગનો પ્રકાશનો પિતા

અંધકારમય મધ્યયુગને જ સાંપડેલા પ્રકાશ જેવા આ દિકરાનું નામ રોગરબેકન હતું. એણે પાદરીઓ અને પંડિતોએ શીખવેલાં બાબતોમાં શંકા ઉઠાવી, અને પોતે જાતે પ્રાણીઓ અને વસ્તુઓ પર પ્રયોગો કરવા માંડ્યા. એણે જાહેર કર્યું કે દસ વર્ષ સુધી એરિસ્ટોટલને ભણ્યા કરવા કરતાં દસજ કલાક સુધી અવલોકન અને પ્રયોગ કરવાથી વધારે સાચું અને મોટું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. એણે જ્યારે આવું કહ્યું ત્યારે માનવંતા પંડિતોએ ભયથી માથાં હલાવ્યાં, અને મધ્યયુગની હકુમત પણ ઉશ્કેરાઈ ગઇ. એ બધાને એમ લાગ્યું કે મધ્યયુગના જીવનની સલામતીને કાયદાને અને વ્યવસ્થાને આ માણસ આવી વાતો વડે જોખમમાં મૂકી દેશે. ધર્મે પણ એને નાસ્તિક તરીકે જાહેર કર્યો કારણકે જીવડાંઓ અને માછલાંઓનું શરીર અંદરથી કેવું દેખાતું હોય છે તેનું પણ અવલોકન કરવાની અપવિત્ર ટેવ એણે કેળવી હતી. આ એકન જાદુગરોની જેમ કદાચ શયતાનની આરાધના પણ કરતો હોય એમ તેમને

લાગ્યું. બેકનને સૌથી પ્રથમ તો લખતો અને બોલતો બંધ કરી દેવા માટે કારાગારમાં પૂરી દેવામાં આવ્યો. કારાગારની બહાર એણે જે અવલોકન કર્યાં હતાં તે બધાના પરિણામોને એણે કારાગારની અંદર જઈને નિરાંતે લખવા માંડ્યાં. કારાગારની દિવાલો પાછળથી પણ જ્ઞાન અને સંસ્કારના આ પ્રણેતાએ મધ્યયુગના બાઇબિલ અને એરિસ્ટોટલ સામે બળવો કર્યો.

મધ્યયુગના જીવનની અંધકારમય બારીઓ

મધ્યયુગના અંધારામાં અંદરની જીવનની હિલચાલે અંધબારણાને ઉઘાડવાની ક્રિયા આરંભી દીધી હતી. "જે છે તે છે" અને "જો હોગા સો હોગ" એવો જીવનની પ્રગતિને અટકાવી નાખનારો પૂર્વની પ્રાચીન સંસ્કૃતિનો હતો તેવો સિદ્ધાંત યુરોપની ભૂમિ પર આવ્યો નહોતો. કેરીસ્લેટ જેવી યુરોપની જીવનની ઘટના પર આવી પહોંચેલા પોપની સંસ્થાવાળા ઇસાઇધર્મનું સ્વરૂપ તો કહેતું હતું કે આ ધરતી પર માણસો સફર કરનારા આંગતુકો જેવાં જ છે, અને એ સફર પૂરી કરીને તેમણે સ્વર્ગ કે નર્કમાં જવાનું હોય છે, અને સાચું જીવતર તો પરલોકમાંજ શરૂ થતું હોય છે. એમ કહીને ધર્મના આ સ્વરૂપે યુરોપના માનવ સમુદાયની આંખો પર પાટા બાંધીને તેમને અધિકારની હકૂમતો નીચે હાંકવાનો પ્રયત્ન શરૂ કર્યો હતો. પણ આવા પ્રયત્નોની પકડ આ માનવો પર ચોંટી શકે તે પહેલાં દેવળના ગરીબ પાદરીઓમાંથીજ ઇસુનાં વચનો બળવાખોરરૂપ ધારણ કરીને જાગી ઉઠતાં હતાં. ઇસુનાં આ વચનો સ્વર્ગને અથવા સ્વર્ગની દુનિયાને પૃથ્વી પર ઉતારવા માટેનાં હતાં. મધ્યયુગની અર્ધગુલામ અને ગરીબ માનવતાની આંખો ખોલનાર ધર્મનાં આવાં વચનો પણ હતાં. આ દુનિયાપરજ ભોગવવા માટે સ્વર્ગમાં જેવો જીવનવ્યવહાર હતો તેવો જીવનવ્યવહાર આ ધરતી પર ઉતારવાની ધર્મ વાંછના ગરીબ પાદરીઓમાં નવા ઊગતા મધ્યમ વર્ગમાં તથા બુદ્ધિમાનોમાં અને સૌથી વધારે ઉગ્ર રીતે અર્ધગુલામ એવા ખેડૂતોમાં જાગી ઉઠવા માંડી હતી.

યુરોપના રજવાડાની આગેવાની નીચે યુરોપના દરેક દેશના માનવસમુદાયો પૂર્વની ભૂમિપર લડવા માટે ગયા હતા. આ લડાઇઓમાંથી જે લોકો પાછા આવ્યા તેઓ પોતાની સાથે કોન્સ્ટેન્ટિનોપલ, બેબિલોનિયા વિગેરે પ્રદેશોની નગર સંસ્કૃતિની વાતો લઈ આવ્યા હતા. આ બધી સંસ્કૃતિમાં સ્વર્ગ જેવું હતું એમ તેમને લાગતું હતું. બાઇબિલમાં પણ કહ્યું હતું કે ઈસુ સ્વર્ગને પૃથ્વી પર ઉતારવા માગતો હતો. આવા ખ્યાલો કચડાયેલી માનવતામાં અને નવા ઊગતા મધ્યમ વર્ગમાં બિજકોરૂપે વેરાતા હતા. ફ્રુઝેડનાં યુદ્ધોએ પણ આ પડતર જમીન પરના નવા ફાલ માટે પોતાનો ફાળો આપ્યો હતો.

આ બધાયની સામે સમયની આગેકૂચને રોકી રાખનારા અંધકારના આવાસ જેવા રજવાડી કિલ્લાઓ અને ધર્મના મઠો હતા. આ બધાયનાં કમાડ મોટા પથરાઓથી વાસી દેવામાં આવ્યાં હતાં. સામન્તો અને વડા પાદરીઓ અંધકારના ચોકીદાર બનીને માણસોનાં શરીરો અને આત્માઓ પર પહેરા ભરતા હતા. આ બધાની ચોકીઓની દિવાલોની અંદર રક્ષાયેલો અર્ધગુલામ માનવ સમુદાય યાતના જેવું જીવન જીવતો હતો. યાતનાનાં આ ભુંપડાંઓમાં જેની આસપાસ દિવાલો નહોય તેવા સ્વર્ગનાં તેમને સ્વપ્નો આવતાં હતાં અને ગૂઢ એવી પૂર્વની ભૂમિ પરથી અલંકારો, સુંદર મઝાનાં ઘરબારો, સુખનાં સાધનો અને ફરવા ફરવાની સગવડોની ભૂખી ઇચ્છાઓ તેમને ઉંઘમાંથી ઉઠાડતી હતી.

અંધકારમય મધ્યયુગમાં વ્યાપારી નાગરિકત્વનો ઉદય

સામંતોની કિલ્લેબંધીઓમાં જકડાયેલો યુરોપની ધરતીપરનો માનવસમુદાય કેવળ અંધકારમય જગતમાં જીવતો હતો. આ માનવસમુદાયનું સંઘનામ 'સર્ફ' હતું. આ સર્ફ શબ્દનું લેટીન મૂળ " સરવસ " અથવા દાસ હતું. જમીનપરનાં આ દાસો અથવા અર્ધગુલામો, જમીનપર જકડાઈ ગયેલાં હતાં. એક સામંતની જમીનપરથી બીજા સામંતની જમીનપર તેમને વેચવાનો કે તેમનો બદલો કરવાનો અધિકાર સામંતોનો જ હતો.

સામંત આ અર્ધગુલામ માનવ સમુદાયનો માલીક હતો. આ સામંત સામે ફરિયાદ કરવાની કોઈપણ અદાલત મધ્યયુગનાં ધરતીપર હજુ જન્મી નહોતી. આ સામંતની પરવાનગી પ્રમાણે જ સર્ફ અથવા ઢાળી કિસાનો ફરી ફરી શકતાં કે મુસાફરી કરી શકતાં. આ સમુદાયનું જીવતર જન્મતાંની સાથે જ સામંતની ઇચ્છા પ્રમાણે નક્કી થતું. આ માનવોનાં લગ્ન પણ સામંતની ઇચ્છા પ્રમાણે થતાં અને પછીનો તેમનો આખો સંસાર સામંતની સેવા માટે જ જીવવા લાયક ગણાતો. એવું અંધકારમય મધ્યયુગનું જીવતર હતું.

પણ નિબિડ એવા અંધકારમાં પણ થોડા જ સૈકાઓમાં પ્રકાશનો સંચારવ દેખાયો. આ પ્રકાશનું રૂપ જીવનની હિલચાલની ગરમીમાંથીજ પેદા થતું. ૧૨ મા અને ૧૩ મા સૈકામાં જીવનના સંચારમાંથીજ મેળાઓ ભરાવા માંડયા હતા. મેળાઓમાં વસ્તુઓની આપલે કરનારાં બજાર જામતાં હતાં. આ બજારો ઘણીવાર સ્થાયી બની જતાં હતાં તથા યુરોપની ધરતી પર કસબાઓ, એટલે, " ટાઉન "નાં સ્વરૂપ ધરીને નગર તરીકે જન્મવા માંડયાં હતાં.

આ કસબાઓમાં હાલી કિસાનો પણ હવે પોતાની મજુરીની પેદાશ વેચવા જઈ શકતાં હતાં. હવે સિક્કાઓ ચલણી નાણા તરીકે ચાલતા હતા, તથા કર

અને લાગાઓ પેટે, હાલી કિસાનો, પોતાના સામંત માલીકને નાણું પણ દેતાં હતાં. આ નાણું એક અદભૂત ચીજ માલમ પડી હતી. સામંતને પણ તેનો ખૂબ ખપ હતો, કારણ કે આ નાણા વડે જે જોઈએ તે ખરીદી શકાતું હતું.

સામંતોએ હવે પોતાનાં કામકાજ કરવા માટે નાણું અથવા રોજી આપીને, મજુરોને પણ ખરીદવા માંડ્યાં હતાં, અને આ નાણા વડે તેઓ મેળામાંથી બીજા વિભાગોમાંથી આવતી વસ્તુઓ ખરીદવા જતા હતા. કોઈ કોઈ વારતો, આ નાણાની રકમ નક્કી કરીને, સામંત પોતાના અર્ધ ગુલામ સર્ફને, આઝાદ બનાવી દેતો. આવો છુટ્ટો થએલો સર્ફ પછીથી ગમે ત્યાં રોજી લઈને શ્રમ કરી શકતો. આ રીતે કરઓ અને નાણું પ્રકાશનાં પહેલાં કિરણો બનતાં હતાં.

મધ્યયુગના જીવનમાં નવો ઊગતો વેપારી વર્ગ

યુરોપના મધ્યયુગના જીવનમાંથી નાના વેપારીઓ બનીને યુરોપના સામાન્ય માણસોના દિકરાઓ ક્રુઝેડ નામની લડાઈઓમાંથી હવે પાછા આવ્યા હતા. આ જીવનમાં નાના મોટા કારીગરોએ પણ વેપાર કરવા માંડ્યો હતો. બહારથી આવતી ઘણી વસ્તુઓ હવે યુરોપના ઘરના ખુણાઓમાં તૈયાર થવા માંડી હતી. ખેતીવાડીનું જૂનું જીવન હવે બદલાવા માંડ્યું હતું, નાણું શરૂ થવા માંડ્યું હતું. નાણાંનો ઉપયોગ હવે સામંતો અને રજવાડાઓ માટે પણ જરૂરી બની ચૂક્યો હતો. ક્રુઝેડ ની લડાઈઓ લડવા ગયેલા સામંતો, ઈટાલીનાં વેપારીનગરોમાં અનેક હુંડીઓ લખીને પાછા આવ્યા હતા. હવે તે વટાવવાને માટે તેમને નાણાંના સિક્કાઓની જરૂર પડતી હતી. ધીમે ધીમે આગળ વધતી આ આર્થિક હિલચાલ હવે આગળ જ વધવાની છે એમ ક્રુઝેડ પાછીના જમાનાને લાગતું. યુરોપની ધરતી પર આ આખી હિલચાલને ધારણ કરનારાં નાનાં નાનાં શહેરો શરૂ થયાં હતાં, અને બજારો ભરાવા શરૂ થવા માંડ્યાં હતાં. આ સ્વરૂપોમાંથી હંમેશનાં બજારો બનવા માંડ્યાં હતાં. મધ્યયુગના યુરોપનાં આ નવાં નગરો હતાં. આ નવાં નગરનો આગેવાન નવો વેપારી હતો. આજ સુધી રાજાએ અને સામંતોએ પોતાના ઉમરાવો અને ધર્મગુરુની ઇચ્છાઓનેજ ધ્યાનમાં લીધી હતી, પરંતુ હવે નવા ઊગી નીકળેલા આ વેપારી વર્ગની ઇચ્છાઓને પણ તેણે સાંભળવી પડતી.

યુરોપ પર શરૂ થયેલા મધ્યયુગમાં મધ્યમવર્ગ બનેલો આ વ્યાપારીઓનો સમાજ હતો. વેપારી સમાજનું આગેવાન સ્વરૂપ સૌથી પહેલાં ઈટાલીના નગરોમાં આબેહૂબ દેખાયું. રોમન શહેનશાહતના પતન સમયે બહારનાં જંગલી આક્રમણોએ ઈટાલીના પ્રાચીન નગરોનો નાશ કરી નાખ્યો હતો. આમ છતાં પણ રોમનગરમાં ધર્મની પોપ શહેનશાહતનો મુકામ ચાલુ હતો. આરબો

સામેની ક્રુઝેડ નામની લડાઇઓ લડવા માટે જ્યારે યુરોપના દરેક દેશમાંથી સામંતો અને સૈનિકોની ભરતી આવવાની શરૂઆત થઇ ત્યારે આ લશ્કરોને દાણો પાણી દઇ શકે તેવાં નગરો હજુ પણ એકલા ઇટાલી દેશમાં જ હતાં. ક્રુઝેડોની લડાઇઓ પૂરી થયા પછી ધીકતો વેપાર કરીને ઇટાલીનાં આ નગરો આબાદ બની ગયાં હતાં. સાગરના કિનારા પર બંધાયેલું વેનિસનગર મીઠાના ઢગલા પકવવું થઇ ગયું હતું તથા મીઠાના વેપારનું મોટું ઇજારદાર બન્યું. આ નગરે જહાજો બાંધવાનું શરૂ કરી દીધું હતું. આ જહાજોએ ક્રુઝેડોના સૈનિકોને પવિત્ર ભૂમિમાં યુધ્ધ કરવા માટે ઉતારવાનાં ભાડાં તરીકે નાણાંના ઢગલા મેળવી લીધા પછી વેનિસનગરની વસ્તી બે લાખ જેટલી થઇ ગઇ હતી.

ફ્લોરેન્સ નગર ગણાતું ફ્લોરેન્સ નગર પણ ઉત્તર યુરોપથી રોમનગરના રસ્તા પરનું ઇટાલીનું મોટું વેપારી મથક બની ગયું. વેનિસનગરના જેવું જ મહાનગર જીતવાનું નગર પણ બન્યું તથા કાળા સમુદ્ર પર અનાજના વેપારનું એ નગર, મોટું ઇજારદાર બન્યું. આ બધાં નગરો આખા યુરોપનાં વેપારી મથકો અને વેપારી આગેવાનો બની ચૂકયાં.

વેપારીનગરોનું નૂતનશાસન સ્વરૂપ

યુરોપના ઇટાલી નામના દેશનાં જ આ નગરોમાં વેપારી સમાજનું નૂતનશાસન સ્વરૂપ દેખાયું. ફ્લોરેન્સ અને વેનિસમાં પોપની શહેનશાહતને પડકાર દેવાયો. આ નગરના વેપારી મહાજનોએ નગરનું શાસન પોતાના હાથમાં લઇ લીધું. આ નગરોનું નગરશાસન વેપારીઓએ કારીગરોએ પોતાનાં મંડળો બાંધીને ચલાવવા માંડયું. આ નગરોમાં આ મંડળોના રાજકીયપક્ષો પહેલીવાર અસ્તિત્વમાં આવ્યા. આ રાજકીય પક્ષોની ચૂંટાયેલી કમીટીઓની ચૂંટણીનાં ધીંગાણા કરી કરીને શાસન કરતી સમિતિઓ બની. વેનિસે પોતાનું નૂતનનગરતું વેપારી સ્વરાજ્ય બનાવીને પૂર્વની દુનિયા સાથે અને યુરોપના બીજા દેશો સાથે વેપાર શરૂ કર્યો. વેનિસમાંથી બ્રેનરઘાટ પર થઇને મધ્યમયુગનો વેપાર વહેવા માંડયો. યુરોપના ખૂણેખૂણા પર વેપારી સમાજની આગેવાની નીચે નૂતન હિલચાલમાંથી વહેતાં પ્રકાશનાં કિરણો અંધકારમય યુરોપના જૂના પૂરાણા ઘરોમાંથી ચામાચીડિયાં અને કરોળીયાનાં જાળાંઓને દૂર થઇ જવાની આગાહી આપવા લાગ્યાં.

વેપારીસમાજની આગેવાની નીચે આરંભાતું જવાબદાર રાજતંત્ર.

યુરોપની જે ભૂમિપર પૂર્વના દેશો જેવી કોઇપણ પ્રાચીન સંસ્કૃતિ ઉગી જ નહોતી તેવી સંસ્કૃતિની આ પડતર ભૂમિ પર સંસ્કારની નવી દુનિયા રચનાર

સામુદાયિક લોકશાહીના રાજ્યતંત્રનું પહેલું સ્વરૂપ દેખાવા માંડ્યું. આ સ્વરૂપનો આગેવાન યુરોપનો નવો મધ્યમવર્ગ અથવા વેપારી સમાજ પૂર્વના વેપારીઓની જેમ રાજાઓનો બાંધિયો નહોતો. આ વેપારી સમાજે પોતાના જન્મ સાથે જ રાજાની સંસ્થા પાસે પોતાના શાસન હક્કો માગવા માંડયા હતા. આ વેપારી સમાજે પોતાની પહેલી માગણી શાસન ચલાવવામાં ભાગીદાર બનવાની મૂકી. યુરોપના વેપારી સમાજના આ લક્ષણને માટે વિશ્વઇતિહાસમાં પહેલીવાર સામાજિક ક્રાંતિના રાજકીય આગેવાન બનવાનું તેને મહાભાગ્ય સાંપડ્યું.

ઇંગ્લેંડનો સિંહ જેવો ગણાતો રાજા રીચર્ડ ફ્રેંચેડની લડાઇઓ જીતવા માટે ગયો હતો ત્યારે જહોન નામનો તેનો ભાઈ ઇંગ્લેંડનું રાજ ચલાવતો હતો. આ રાજાએ રીચર્ડની ગેરહાજરી દરમિયાન અંધેર રાજ શરૂ કર્યું. ત્યારે ઈ. સ. ૧૨૧૫માં જુનની ૧૫ મી તારીખે થેઇમ્સ નદી પરના લંડન નામના નાના સરખા શહેરમાં વેપારી સમાજની આગેવાની નીચે લોકોની હિલચાલે રાજાનો જવાબ માગ્યો. થેઇમ્સ નદી પરના રૂનીમીડ નામના ગામમાં રાજાને કેદ પકડીને પૂરવામાં આવ્યો, તથા તેની પાસે રાજ્યકારભારમાં લોકોને અધિકાર આપવાનું એક મોટું ખતપત્ર મૂકવામાં આવ્યું. આ ખતપત્ર પર સહી કરવાની જહોનને ફરજ પડી. આ ખતપત્રનું નામ 'મેગ્નાચાર્ટા' હતું. આ મેગ્નાચાર્ટામાં લોકશાહીનો પહેલો અંકુર હતો. આ હકીકત પરથી આજે પણ અંગ્રેજો એમ કહે છે કે અમારી પાર્લામેન્ટ દુનિયાની તમામ પાર્લામેન્ટોની માતા છે.

પણ આ હકીકત સાચી નથી. બ્રિટીશ ટાપુઓ ઉપર જ પાર્લામેન્ટની પહેલી માતા જન્મી નહોતી પરંતુ યુરોપની ધરતી પરના એકેકએક દેશમાં નવા ઊગતા વેપારી સમાજની આગેવાની નીચે લોકશાહીના પહેલા અંકુર જેવું જવાબદાર રાજ્યતંત્રનું આ સ્વરૂપ આરંભ પામવા માંડ્યું હતું. ફ્રાન્સમાં, સ્વીડનમાં ડેનમાર્કમાં, સ્કેન્ડીનેવીયન પ્રદેશોમાં, સ્વીઝરલેંડમાં અને હોલેંડમાં લોકશાહી શાસનના જવાબદાર રાજ્યતંત્રવાળાં સ્વરૂપોનો આરંભ થઈ ચૂકયો હતો. આ રીતે યુરોપની ધરતી પર મધ્યયુગમાં વેપારી આગેવાનીવાળો મધ્યમવર્ગ, તથા અર્ધગુલામ બનેલો કિસાન ખેડૂતવર્ગ ઉત્થાન યુગના અગ્રગામી જેવા વેપારી વર્ગની આગેવાની નીચે તૈયાર થઈ ચૂકયો હતો.

પૂર્વના બાંધીયા વેપારી અને યુરોપનો આઝાદ વેપારી

હવે નૂતન યુરોપનો આગેવાન, વેપારી, પૂરવાર થઈ ચૂકયો. મધ્યમવર્ગના આ આગેવાન સામાજિક બળે વાણિજ્યનું સુકાન હાથમાં લઈને પોતાનો રાજ્યશાસનનો અધિકારપણ પ્રતિપાદન કરવા માંડયો. આ આઝાદ એવા યુરોપના

વેપારી સમાજે સામંતશાહી અથવા રજવાડાશાહીનું કોચલું તોડી નાખીને, વ્યાપારીશાસનનું જવાબદાર રાજતંત્રવાળું નૂતનશાસનનું સ્વરૂપ સંપાદન કરવા માંડ્યું. આ જવાબદાર રાજતંત્રનો પાયો, લોકશાસનનો નંખાયો.


પૂર્વના મહાન એવા ચીન-ભારત જેવા પ્રાચીન દેશો પર બરાબર આ સમયમાં જ સામંતશાહી અને રજવાડાશાહીનો અંધકાર ચાલતો હતો. આ પૂર્વની રજવાડાશાહીના સર્વસત્તાધિકાર નીચે પૂર્વનો અતિ ધનાઢ્ય અને દોલતવાળો એવો વેપારી સમાજ પોતાનું વાણિજ્ય માત્ર ચલાવતો હતો. આ વેપારી સમાજ રજવાડાશાહીનો ખાંધીયો એવો વેપારી સમાજ હતો. રજવાડાશાહીનું અંધારૂં કોચલું તોડી નાખીને વ્યાપારી લોકશાહી શાસનવાળું જવાબદાર રાજતંત્ર મેળવવાની એની નેમ હતી નહીં. પરિણામે આ ખાંધિયા એવા વેપારી સમાજે લોકશાસનની આગેવાની અને આઝાદીની હિલચાલની આગેવાની કદિ કરી જ નહીં અને યુરોપનું જગત તેના આઝાદ એવા વેપારી સમાજની નેતાગીરી નીચે, જગતે કદી નહીં દીઠેલી એવી વૈજ્ઞાનિક ઘટનાવાળી ઉદ્યોગરચના તરફ આગળ વધતું હતું ત્યારે પૂર્વનું જગત સુવર્ણના ઢગલાઓ સંપાદન કરી કરીને આ દોલતના ઢગલાઓને ભારી રાખીને, કંજુસની અદાને ધારણ કરીને જીવન-આગેકૂચની કૃપણુતા દાખવતું હતું તથા કૂપ મંડૂક બનતું હતું. પશ્ચિમનો વેપારી સમાજ જ્યારે રજવાડાશાહીના એકહથ્થુ રાજકારભાર સામે પોતાના રાજઅધિકાર માટે ચળવળો ચલાવવા માંડતો હતો ત્યારે પૂર્વનો ખાંધીયો વેપારી રાજાને ભગવાન બનાવીને તેના ચરણકમળમાં સાષ્ટાંગ કર્યા કરતો હતો.

૨૧ મધ્યયુગનો અંત અને ઉત્થાનનો આરંભ

[રોમન શહેનશાહત પતન પામતી હતી ત્યારે-રોમનશાહીના પૂર્વ વિભાગની ખ્રિસ્તી શહેનશાહત—કુંઝેડો નામનાં ધર્મયુદ્ધોનું શાસન સ્વરૂપ—એક શહેનશાહત અને બે શહેનશાહો—ઇસાઈ ધર્મઘટનાની સમાલોચના—અંધારી ઇસાઈ હકુમત સામે સંસ્કાર જ્યોત—ઇંગ્લેંડનું દિવા સ્વપ્ન, થોમસમોર—હેનરી આઠમો અને પોપ—ધર્મ શહેનશાહત અને નવી જાગ્રતિ—ઉત્થાનનો આરંભ અને ધર્મશહેનશાહતનો અંત-ઉત્થાનયુગનાં યુરોપનાં રાષ્ટ્રએકમો —યુરોપના અનંત નગર, રોમનો અંત—વિજ્ઞાનની આરાધના કરો નહીં તો લય પામો—અજ્ઞાનને ઉત્થાન યુગનો પડકાર—ઇંગ્લેંડની કિસાન હિલચાલ—મધ્યયુગનો સામાજિક સવાલ અને વિશ્વ ઇતિહાસ]

જ્યારે રોમન સામ્રાજ્ય પતન પામતું હતું ત્યારે

જ્યારે રોમન શહેનશાહત પતન પામતી હતી ત્યારે અને જ્યારે રોમન સામ્રાજ્યના પશ્ચિમી વિભાગ એટલે યુરોપખંડમાંથી, બહારનાં જંગલી આક્રમણો



નીચે, રોમન હકુમત નાશ પામી ચૂકી હતી ત્યારે ઇસુની એક સંસ્થા જીવતી રહી શકી અને વિકાસ પામવા લાગી. લોકજીવન સાથે જોડાયલી આ સંસ્થા ઇસાઈ દેવળની સંસ્થા હતી. આ દેવળ ઇસાઈ ધર્મની સંસ્થા બન્યું હતું, અને લોક જીવનનું દેવળ બન્યું હતું. આ ધર્મસંસ્થાના વાહકો ઇસાઈ સાધુઓ અને સાધ્વીઓ હતાં તથા તેમનો સંઘ અનેક આપભોગો ચૂકવતો વિશાળ અને વિશાળ બન્યે જતો હતો. એમ આરંભમાં વિકસતી, આ ધર્મસંસ્થાનું મુખ્ય ધામ રોમ અથવા રોમનું દેવળ હતું અને તેનો વડો આચાર્ય પોપ હતો.

જેમ રોમન સામ્રાજ્યનું પતન થતું ગયું તેમ તેમ આ ઇસાઈ ધર્મસંસ્થાએ તે સમયના સર્વાંગી અંધેરમાં વ્યવસ્થા રાખવાનું કામ આરંભ્યું. આ સમયમાં ઇસાઈચર્ચે, જીવનવ્યવહારની જૂની વિગતોમાં, લોકોને સાથ, સહચાર અને દોરવણી

દેવા માંડ્યાં. એણે સામાજિક સેવાનાં અનેક કામો ઉપાડ્યાં તથા ચર્ચની છાયામાં નિશાળો પણ શરૂ કરી. આરંભમાં લોકપ્રગતિને વરેલી માનવ ધર્મની આ સંસ્થા યુરોપમાં અને ખાસ કરીને ઇટાલીમાં મોટી જમીનોની અને મિલકતની માલીક પણ બની. એણે હવે સમાજપર હકુમત ચલાવવાનું સ્વરૂપ પણ ધારણ કર્યું. સરકારી વહિવટે કરવાનાં કામો પણ એણે કરવા માંડ્યાં. ધીમેધીમે ઇસાઈ દેવળ યુરોપની ભૂમિપરનું એક નાનું સરખું શાસનઘટક બન્યું અથવા ઇસાઈ રાજ્ય બન્યું અને રોમ નગર આખા ઇસાઈ રાજ્યનું પાટનગર બન્યું.

આરંભના પોપ શાસનોમાં, ગ્રેગરી ઇ. સ. (૫૯૦–૬૦૪) છઠ્ઠા સૈકાના અંતમાં રાજકારણી પુરૂષ તરીકે વધારે જાણીતો બન્યો. એણે મધ્ય ઇટાલીનું રક્ષણ લોંબાર્ડોના આક્રમણ સામે કર્યું. એણે રોમના પાટનગરમાંથી રાજ કરવા માંડ્યું. આ અધિકારના પદ પરથી એણે બ્રીશપોને ધર્મદુતો તરીકે નીમીને ઇંગ્લેંડ, ફ્રાન્સ અને જરમનીને ઇસાઈ બનાવવા રવાના કર્યા.

રોમન સામ્રાજ્યના પૂર્વ વિભાગમાંની ઇસાઈ શહેનશાહત

આ પહેલાં કયારની, રોમન સામ્રાજ્યના પૂર્વ પ્રદેશપર પાટનગર જમાવીને રોમન હકુમત બેસી ચૂકી હતી તથા તેણે ઇસાઈ ધર્મને અંગીકાર કર્યો હતો. ત્યારે ઇ. સ. ૩૦૦ નો સમય હતો. રોમન સામ્રાજ્યનો શહેનશાહ ત્યારે કોનસ્ટેન-ટાઇન હતો. કોનસ્ટેનટાઇન લડાઈ જીતવા નીકળતો હતો ત્યારે એણે એક સ્વપ્ન દીઠું. સ્વપ્નમાં સળગતો, વધસ્તંભ અથવા ક્રોસ એને દેખાયા. આ વધસ્તંભ પર સોનેરી અક્ષરો લખેલા દેખાયા, "આ નિશાની તને વિજય અપાવશે!"

કઈ નિશાની કોને વિજય અપાવશે તેના સવાલ વિના કુસની નિશાની, શાંતિના ઇસુ નામના અદના માનવીના વધની નિશાની, કોનસ્ટેનટાઇનને યુદ્ધ જીતવામાં, એટલે માનવ સમુદાયનો સંહાર કરવામાં ફત્તેહ અપાવવા રજૂ થઇ. કોનસ્ટેનટાઇનના યુદ્ધખોરો, આ નિશાનીને શસ્ત્રો સાથે લઈ જઇને યુદ્ધ લડ્યા અને યુદ્ધમાં વિજયી થએલા રોમન શહેનશાહે ઇસાઈ ધર્મ સ્વીકાર્યો. ઇસાઈ ધર્મના પોપ નામના વડાએ અજમાવેલી આ યુક્તિ ફળી. શહેનશાહ ઇસાઈ થયો, અને શહેનશાહે કહ્યું કે રોમન સામ્રાજ્ય ઇસાઈ સામ્રાજ્ય છે.

આ બનાવથી કોણ શું બન્યું તે સૌને સમજાઇ ગયું. આ બનાવે બતાવ્યું કે, ઇસાઇધર્મના પાદરીઓએ અને પોપે, ઇસુના જીવનહેતુને અને ઇસુના આપ-ભોગને વેચી દઈને, રોમન શહેનશાહતનું હવે શરણ સ્વીકારી લીધું છે. આ બનાવે સાબીતી આપી કે શહેનશાહતે ઇસાઈ ધર્મને ખરીદી લીધો છે તથા હવે શહેન-શાહો પોતાનાં યુદ્ધો જીતવા માટે આ ધર્મની ઢાલ બનાવીને નીકળવાના છે.

પછી પોતાના પહેલાંની શહેનશાહતે જ્યાં સાધુપિટરને વધસ્તંભ પર ટાંકી દીધો હતો ત્યાં કૉનસ્ટેનટાઇને એક ઇસાઈ દેવળ ચણાવ્યું. રોમમાં આ દેવળ ચણાવીને કૉનસ્ટેનટાઈને રોમન સામ્રાજ્યના પૂર્વ વિભાગમાંના એક બાયઝેનટીયમ નામના નગરમાં રોમન શહેનશાહતની રાજધાની જમાવી. આ નગર કૉનસ્ટેનટાઇનનું નગર કહેવાયું તથા એનું નવું નામ કૉનસ્ટેન્ટીનોપોલીસ પડ્યું.

કૉનસ્ટેનટાઇને શહેનશાહતને ઇસાઈ બનાવ્યા પછી, પૂર્વના શહેનશાહોની જેમ ધર્માચર્યાઓને પણ હકુમત નીચે લેવા માંડી હતી. આ ચર્ચાઓનું રૂપ ધર્મની અંદરની માન્યતાનું રૂપ હતું છતાં એનો પાયો તો, ધર્મના શાસનની સત્તા માટેની લડાઈનો જ હતો. આ લડાઈનું રૂપ હજુ સમશેર ધારણ કરીને મેદાન પર નહોતું નીકળ્યું પણ ચર્ચાઓ જ કરતું હતું. ધર્માચાર્યો વચ્ચેની પહેલી લડાઈની ચર્ચાનો સવાલ એ હતો કે, જિસસ, જેને ખ્રેમાળપિતા કહેતો હતો તેવા ભગવાન સમોવડો પોતેજ હતો કે ભગવાનથી ઊતરતો તેના દિકરા જેવો હતો ! શહેનશાહ કૉનસ્ટેનટાઇને બંને પક્ષોને નીશીયા નામના સ્થળે એકઠા કર્યા અને શહેનશાહના અધ્યક્ષપદે સવાલ ચર્ચાયો અને નીશીન માન્યતા અથવા ધર્મ સિદ્ધાંત તરીકે સ્વીકારાયું કે જિસસ પોતે ભગવાન સમોવડો હતો.

ક્રુઝેડો નામનાં ધર્મયુદ્ધોનું શાસન સ્વરૂપ



ત્યાર પછી પૂર્વ અને પશ્ચિમના ઇસાઈ વિભાગો મતભેદોને લીધે જુદા પડતા ગયા અને પૂર્વ વિભાગમાં, ઇ. સ. ૧૦૦૦ સુધીમાં તો ઇસ્લામનો વિજય પથરાઈ ચૂક્યો. આ ઇસ્લામને ખાળવા માટે અને તેના પર વિજય કરવા માટે, પૂર્વની ઇસાઈ શહેનશાહતે પશ્ચિમના ઇસાઈ પાટનગરમાં એકેલી પોપની

શહેનશાહત પાસે મદદ માગી રાજકીય અને આર્થિક રૂપ ધરેલા આ નવા સવાલમાં પોપે આખા યુરોપના ઈસાઈ દેશો અને પ્રજાઓને ધર્મનું ઝનુન ચઢાવીને એક કરવાની અને ધર્મના આવેશની હિલચાલને જન્માવવાની તક દીઠી. પોપ અરબન બીજાએ ધર્મયુદ્ધ અથવા જેહાદના નામનો પડો બજાવ્યો. એણે જે કોઈ ઇસાઈ હોય તેનો સર્વસામાન્ય દુશ્મન ઇસ્લામ છે એવો પ્રચાર શરૂ કર્યો.

ત્યારે ફ્રાન્સનો રાજા ચાર્લ્સ નામનો હતો. ટુર્સ આગળ એણે ઇસ્લામના આક્રમણને થંભાવી દીધું હતું અને શાર્લમન અથવા મહાન ચાર્લ્સનું નામ એણે ધારણ કરી લીધું હતું. એણે આખા યુરોપખંડને પતન પામતી રોમન શહેનશાહતમાં જોડી દઈને, રોમન સામ્રાજ્યનો શહેનશાહ પોતે બનવાની કારકીર્દી શરૂ કરી. એણે સ્પેઈન અને જરમનીને જીતી લીધાં, અને પછી પેરીસને બદલે જરમનીના એક નગરને પોતાનું પાટનગર બનાવ્યું.

એક શહેનશાહત અને બે શહેનશાહો

આ રીતે યુરોપની ધરતી પર બે શહેનશાહોના રાજદંડ દેખાયા. એક ઇટાલીમાં બેઠેલી પોપની ઈસાઈ શહેનશાહત અને બીજી રોમન સામ્રાજ્ય પર અધિકાર જમાવીને, યુરોપના દેશો પર વિજય કરીને જરમનીમાં ગાદી નશીન બનેલી શાર્લમનની ઇસાઈ શહેનશાહત. બંને શહેનશાહતો ઇસાઈ હતી, પણ શહેનશાહતના પ્રદેશ બે નહોતા. બન્ને શહેનશાહતો જેના પર રાજ્ય કરવા માગતી હતી, તેવો અંધકાર અને અજ્ઞાનમાં ડૂબેલો ઇસુ જેવો, દુઃખી અને ભૂખ્યો, કંગાલ બનેલો માનવ સમુદાય પણ એક જ હતો. બંને શહેનશાહો અને બે શહેનશાહતની બે હકુમતો, લોકોનાં શરીર અને આત્મા પર શાસન કરવાની વાત કરતી હતી. શહેનશાહ શાર્લમન પોપ શહેનશાહની હકુમતનો પ્રદેશ પોતાનો માનતો હતો, અને પોપ શહેનશાહ પણ શાર્લમનની હકુમતને પડકારતો હતો. આવું યુરોપની ધરતી પરનું રાજકારણ નવું સ્વરૂપ દાખવતું હતું. આ સ્વરૂપ પાછળ યુરોપનું નવું સરકારી તંત્ર ધર્મની હકુમતથી સ્વતંત્ર બનવા માગતું હતું.

૧૧મા સૈકાના પાછલા ભાગમાં, પાછી હકુમત રાજાની કે પોપની તેવો આ સવાલ ગરમાગરમ થઈ ગયો. ત્યારે જરમનીનો શહેનશાહ હેનરી ચોથો હતો અને પોપ શહેનશાહ ગ્રેગરી સાતમો હતો. આ બંને શહેનશાહતોએ યુદ્ધો શરૂ કર્યાં, અને માનવ સમુદાયોના સંહાર પચાસ વરસ સુધી ચાલ્યા કર્યા.

શહેનશાહત બનેલી પોપશાહીના અત્યાચારો અને અંધારી રીતરસમથી હવે માનવ સમુદાય ત્રાસી ઊઠ્યો હતો. ધર્મશહેનશાહતની ઘટમાળમાં હવે સુધારો થવો જ જોઈએ એવું સૌને લાગતું હતું. અત્યાર સુધી પોપ શહેનશાહો

ગમે તેમ ચુંટાતા હતા અને રોમન સામ્રાજ્યનો પૂર્વનો શહેનશાહ આવી ચૂંટણી સમયે ઇટાલીમાં આવી પહોંચીને પોતાના રાજદંડનો હાથો અને તેવા પોપની ચૂંટણીની રચના કરતો હતો.

પણ હવે પોપશાહીની ચૂંટણીમાં પહેલીવારનો સુધારો ઇ. સ. ૧૦૫૯માં શરૂ થયો. પોપ નીકોલસ બીજાના વટહુકમ વડે ઇસાઈ પાદરીઓની એક ધર્મ સંસદ, "કોલેજ ઓફ કારડીનલ્સ" નામની બની. આ સંસદને ભવિષ્યના પોપની પસંદગી કરવાનો અધિકાર અપાયો.

ઈ. સ. ૧૦૭૩ માં આ સંસદે હીલડેબ્રાન્ડ નામના એક પાદરીને પોપ તરીકે ચૂંટયો. આ પોપે ગ્રેગરી સાતમાનું નામ ધારણ કર્યું. જગત પર શાસન કરવાના સર્વ અધિકાર પોતાની ધર્મ શહેનશાહતના જ હોવા જોઇએ એવો આ નવા પોપનો ખ્યાલ હતો. એટલે એણે યુરોપના બધા દરબારો પાસે પોતાના નવા રાજદુતો અથવા ધર્મદુતોને મોકલ્યા તથા પોતાના નવા કાનૂનોનું પાલન કરવાનો તેમને અનુરોધ કર્યો. પણ જરમનીના શહેનશાહ હેનરી ચોથાએ આ ધર્મશાહીના વટહૂકમનો ઇન્કાર કર્યો અને બન્ને શહેનશાહતો વચ્ચે યુદ્ધ શરૂ થયું. હેનરી ચોથાએ ગ્રેગરી સાતમાના પાટનગર રોમપર હલ્લો કર્યો. રોમનું પતન થયું અને ગ્રેગરી પદભ્રષ્ટ બનીને સાલેરનોમાં હદપાર બનીને ત્યાં મરણ પામ્યો.

પછી બારબારોસા અથવા ફ્રેડરીક નામના નવા જરમન શહેનશાહે જાહેર કર્યું કે, આખુ સામ્રાજ્ય તેને ભગવાને પોતે એનાયત કર્યું છે તથા ઇટાલી અને રોમપર સર્વ અધિકાર પણ ભગવાને જ તેને પોતાને સોંપેલો છે. પોપ પણ એમ જ માનતો હતો એટલે ધર્મ શહેનશાહત અને રજવાડી શહેનશાહતમાંથી સૌથી મોટો અધિકાર કોનો તે નક્કી કરવા માટે રણભૂમિની પસંદગી થઈ. આ સવાલના નિકાલ માટે બન્ને શહેનશાહતોએ લશ્કરોના મુકાબલા યુદ્ધમાં ઉતાર્યા. આ સવાલની ચર્ચા દલીલોથી થઈ શકે તેમ હતું નહીં એટલે શસ્ત્રોનો સંગ્રામ આરંભાયો.

પોપે પોતાને સર્વ અધિકાર ખૂદ ભગવાન તરફથી સુપરત થયા છે એવી જાહેરાત કરીને તમામ આસ્તિક રાજાઓને અને પ્રજાઓને પોતાને પડખે લેવાની માગણી કરી. ભગવાને દીધેલો આ અધિકાર બધા ઇસાઈ રાજાઓ પરનો પણ અધિકાર છે તે વાત તેણે સ્પષ્ટ કરી.

હાઉનસ્ટોફેનનો ફ્રેડરીક, હેનરી ચોથો અથવા લાલ દાઢીને લીધે બારસોના નામથી પંકાયેલા જર્મન શહેનશાહે પોપની આ જાહેરાત સામે વળતી જાહેરાત કરીને પડકાર કર્યો કે, ભગવાને પોતે તેને અને તેના વંશ-

વારસોને, શહેનશાહતના સર્વ અધિકાર સુપ્રત કર્યા છે તથા આ શહેનશાહતમાં ઇટાલી અને રોમનો પણ સમાવેશ થઈ જતો હોવાથી, તેના પર પણ આખરી અધિકાર પોતાની શહેનશાહતનો છે.

પણ પછી બીજી કૂઝેડમાં બારબારોસા એશિયા માઈનોરના એક સરોવરમાં ડૂબી ગયો અને એણે શરૂ કરેલા સંગ્રામને એના દીકરા ફ્રેડરીક બીજાએ ચાલુ રાખ્યો. પોપે આ ફ્રેડરીક બીજા સામે પણ ધર્મ અપરાધના આરોપ હેઠળ બહિષ્કાર જાહેર કર્યો. ફ્રેડરીકે વિગ્રહ ચાલુ રાખ્યો પણ પછી ધીમે ધીમે ઇશ્વરી અધિકારવાળા બંને દુશ્મનો ઠંડા પડતા દેખાયા.

આ બધા સમય દરમ્યાન આ વિગ્રહોને દાણોપાણી દેનાર નાનાનાના વ્યાપારીઓ ઇટાલીનાં નગરોમાં નવું વાણિજ્ય અને નવાં ઘરબાર વસાવતા હતા. નવો ઊગતો આ વ્યાપારી સમાજ જમીન ખેડતાં અર્ધ ગુલામ કિસાનો ભેગો પોતાના હક્ક અને અધિકારનો ખ્યાલ પણ કરતો હતો.

ઇસાઈ ધર્મની ઘટનાની સમાલોચના

ઇસાઈ ધર્મસંસ્થાનું સ્વરૂપ હવે મધ્યયુગના સમયમાં પહોંચી ચૂકયું હતું. "મીડીવલ ક્રીશ્ચાનીટી"નું આ સ્વરૂપ ચર્ચની અથવા ઇસાઈ દેવળની રાજકીય હકૂમત બનીને રોમમાં બેઠું હતું. ઇસાઈ શહેનશાહત પોતાના પાટનગરમાંથી ધર્મની રાજશાહીને ફેલાવવા માંગતી હતી. આ રાજકીય હકૂમતની સામે યુરોપના રજવાડાઓ પોતાની હકૂમત ધારણ કરવા માંડયા હતા. ઇસાઈ શહેનશાહતની હકૂમત સામે એક બીજું પરિબળ ઉભું થતું હતું. આ પરિબળ સામાન્ય લોકોનું નવું ધાર્મિકભાન હતું. આ નવું ભાન રાજકિય હકૂમતવાળી ધર્મસંસ્થાના કાંયદાને નહિ પણ ઇસુના પોતાના જીવનના કાનુનને માન આપતું હતું.

જર્મન રાજકિય હકૂમત સામે લડાઈમાં ઉતરી ચૂકેલી રોમન ધર્મશાહીએ પોતાની આધ્યાત્મિક દેવાળીયા નીતિ પૂરવાર કરી હતી તથા રોમની અંદરની ધર્મની ગાદી પોલ અને પિટરની ભાવનાથી વિરક્ત બની ચૂકી હતી તે પણ દેખાઈ ગયું હતું. ઈંગ્લેંડના રાજવહિવટ સાથે પણ રોમન ચર્ચના ધર્મ રાજવહિવટને કજીઓ શરૂ થઈ ગયો હતો. એડવર્ડ પહેલાએ પોતાના રાજ્યમાના તમામ ધર્મગુરુઓને કર નહી ભરવાના કારણસર ગેરકાયદેસર જાહેર કર્યા હતા તથા શહેનશાહ પોપને જણાવી દીધું હતું કે ધર્મસંસ્થાના કોઈ પણ ખાસ અધિકારોની બેલછા ઈંગ્લેંડની પાર્લામેન્ટ સાંખી રહેશે નહીં.

એજ રીતે બીજી બાજુએ યુરોપ પર ચાલેલી મરકીએ ઇસાઇ માનવોની બૂરી દશા સામે ઈસાઈ શહેનશાહતના ઢાઢને સરખાવી જોવા માંડયો હતો. ભૂખમરા અને મરકીથી મરણ પામવાના અંત સમયે ધાર્મિક વિદાય આપવા માટે પાદરીઓની સંખ્યાને વધારી દેવી પડી હતી. પાદરીઓની આ સંખ્યામાં ભરતી કરવા માટે અનેક ગરીબ અને પ્રમાણિક માણસોને લેવા પડયા હતા. આવી ભરતીમાં આવેલા પાદરીઓનાં દીલ દુઃખથી દાઝી ઉઠતાં હતાં તથા ગરીબ માનવોને ઇસાઇ મંત્ર ભણીને મૂક્તિ અપાવવા માટે પોતે અથવા ધર્મસંસ્થા નાલાયક હતાં તેની ખાત્રી થઇ ચૂકી હતી. ઈસાઇધર્મના ક્રિયાકાંડોમાં પેસી ગયેલા જાદુઓનો ઇન્કાર ધર્મના મહમાંથી જ શરૂ થઇ ચૂકયો હતો. આ રીતે મધ્ય-યુગનું ઇસાઇ દેવળ રાજાઓ અને ઇસાઈ પ્રજાઓનો અણગમો પામવા માંડયું હતું. સંત ફ્રાન્સીસ જેવા ઇસાઇ ધર્મના અતિ વફાદાર અનુયાયીએ જિસસના સાચા જીવનકારણ તરફ પાછા ફરવાની હિલચાલ ઉપાડી. સંત ફ્રાન્સીસના અનુયાયીઓ અથવા ફ્રન્સીસકનોની સંખ્યા વધવા માંડી.

સંત ફ્રાન્સીસની સાથે જ જહોન વીકલીફ જેવા બુદ્ધિમાન પાદરીએ રોમન ઇસાઇ શહેનશાહત સામે બળવો ઉઠાવ્યો. આ જહોન વીકલીફ ઓકસફર્ડનો વડો પાદરી હતો. તેણે બુદ્ધિમાનને છાજે તેવી છટાથી રોમન ધર્મ ઘટનાના પાયા ખોદવા માંડયા. એણે ઇસાઈ ધાર્મિક વ્યકિત અને ભગવાનની વચ્ચે ઉભેલો ક્રિયાકાંડનો ઢગલો નાબૂદ કરી નાંખવાની માગણી જગાવી. ઈસાઇ ધર્મઘટનામાં વણાઈ ગયેલા અધિકારો, ઇજારાઓ, અને જાદુઓના "ટ્રાંસ્ટ-હુડ"નો એણે નકાર કર્યો તથા આ વાહિયાત બાબતો તરફ પડકાર ફેંકયો. એણે જિસસના સંદેશાને બુદ્ધિપૂર્વક ઇન્સાફ આપવા માટે સામાન્ય માણસના હાથમાં બાઇબલની ચોપડી રજૂ કરી દીધી.

વીકલીફે ઇગ્લેંડમાં સંકોરેલો આ અગ્નિ ગરીબ માનવોને જાગ્રત કરવા લાગ્યો. ઈસાઇ સ્તોત્રોને લલકારતાં આ અદના માનવોનો સંઘ "લોલાર્ડના" નામથી મશહૂર બન્યો. નવી જન્મેલી આ ઇસાઇ લોકશાહીએ રોમની પવિત્ર શહેનશાહતને પડકાર ફેંકયો. આ હિલચાલે પોપ તથા તમામ ધર્માચાર્યોને ઇસુની ગરીબ ભૂમિકા પર જીવવાનું આવાહન આપ્યું.

અંધારી ઈસાઇ હકુમત સામે સંસ્કારની જયોત

વીકલીફના લખાણની અસર ત્યારના યુરોપમાં સૌથી વધારે બોહેમીઆમાં માલમ પડી. ઇ. સ. ૧૩૦૬ માં જોન હસ નામનો એક ઝેક વિદ્વાન પ્રાગની વિદ્યાપીઠમાં ભાષણો આપતો હતો. ઓકસફર્ડના પેલા અધ્યાપકનો એ પરમ

મિત્ર હતો. યુનીવરસીટીના રેક્ટર બન્યા પછી હસ પર પોપની અદાલતનું તેડું આવ્યું. હસને તેના અભિપ્રાયો પાછા ખેંચી લેવાનું ફરમાન મળ્યું. એણે તેમ કરવાનો ઇન્કાર કર્યો. સત્યની આરાધનાના અપરાધ માટે જેન હસને જીવતો સળગાવી મૂકવામાં આવ્યો. ત્યાર પછી બીજે જ વરસે, હસના એક સહ-અધ્યાપક જેરોમને પણ આ અપરાધ માટે જ જીવતો સળગાવી મૂકવામાં આવ્યો.

ધર્મ સુધારણાની આ હિલચાલની અંદર જૂનું ઇસાઇ દેવળ અને યુરોપના રાજ્યોની નવી હકૂમત આપણને સામસામે આવી ગયેલાં દેખાય છે. આ હિલચાલમાં સૌથી અગત્યનું એવું એક તત્ત્વ એ દેખાય છે કે જૂના દેવળની ઘટના અને ક્રિયાકાંડો કરતાં ધર્મજીવનના રોજબરોજના સદ્‌ગુણો તરફ યુરોપના નવા જીવનનો પ્રેમ વધારે વધતો જતો હતો. આ સમયમાં થોમસ મોર જીવનની આવતી કાલની ઘટનાનું દિવા સ્વપ્ન રચતો હતો. આ દિવા સ્વપ્નની અંદર આવેલું જીવનનું વર્ણન જીવનના વ્યવહારોને વધારે વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક બનાવવાને માટે ભારતમાં મહાન અકબર જીવનની જે સહકારી ઘટના દીનેઇલાહી મારફત માગતો હતો તેવું જ આ થોમસમોરનું સ્વપ્ન હતું. પરંતુ અકબરના જગતમાં જે નહોતો તેવો ઉત્થાનયુગ તથા ઉત્થાનયુગનો વાહક બનેલો વ્યાપારી સમાજ યુરોપમાં શરૂ થઇ ચૂકયો હતો. આ ઉપરાંત યુરોપનો રજવાડો પણ જુના દેવળની પ્રગતી વિરોધી ઘટના સામે લડતો હતો.

હેનરી આઠમો અને પોપ

હેનરી આઠમાના સમયમાં જે પોપનું શાસન ચાલતું હતું તે પોપ જુલીયસ બીજાએ એક સોનાનું ગુલાબ, તરવાર અને ટોપી હેનરીને ભેટ તરીકે મોકલ્યાં હતાં. હેનરીને ડીફેન્ડર ઓફ ધી ફેઇથ નામનો ઇલ્કાબ દશમા લીઓનામના પોપે એનાયત કર્યો હતો. પણ પછી કલીમેન્ટ ૭માના સમયમાં આ ડીફેન્ડર ઓફ ફેઇથને પોપ સામે ઝઘડો થયો. હેનરી પોતે ધાર્મીક માણસ હતો અને તે સમયના બધા ધાર્મીક રાજાઓની જેમ માનતો હતો કે પોપ પોતે પણ એક રાજા છે અને પોતાના પર અધિકાર ધરાવવાને માટે ધાર્મિક રીતે કોઈ પણ રાજાથી વધારે ચડિયાતો નથી. પોપ જેમ માનતો હતો કે ભગવાન તેના પક્ષમાં છે તેજ પ્રમાણે યુરોપના રાજાઓ પણ ભગવાનને પોતાના પક્ષમાં માનતા હતા. એટલે હેનરી ૮ મો પણ પોતાને રાજા અને ધર્મરાજા બંને માનતો હતો અને પોપની જેમ પોતાની જાતને કેથોલીક માનતો હતો. એટલે પોપ જો પોતાના પર અધિકાર જમાવવા માગે તો તે અધિકારનો ઇન્કાર કરવા જેટલો પ્રોટેસ્ટન્ટ બનવાને એ તૈયાર હતો. જ્યાં સુધી પોપ, હેનરી ૮માને માટે સમાન

અધિકાર ધારણ કરવાની સમાનતા સ્વીકારે ત્યાં સુધીજ હેનરી ડીફેન્ડર ઓફ ફેઈથ તરીકે રહી શકે તેમ હતું.

પરંતુ પોપ તે સ્વીકારી શકે તેમ નહોતું એટલે હેનરીએ રાજ્યના વડા તરીકે તથા ધર્મના વડા તરીકે પોતાનો અધિકાર શરૂ કર્યો. અધિકાર ના આ રવરૂપે ઈંગ્લેંડમાં કામ કરતી પોપની ધર્મ ઘટના સામે આક્રમણ કર્યું. આ ઘટનાના જૂના પુરાણા અને સડી ગયેલા તંત્ર જેવા ધર્મના મઠો હેનરીએ જમીનદોસ્ત કરાવી દીધા. કેન્ટરબરીનું સેઇન્ટ થોમસનું સૌથી મોટું દેવળ આ ધાર્મિક રાજાએ જમ કર્યું તથા તેના આર્ચબીશપના શરીરને દિવાલની બહાર ફેંકી દીધું. હેનરીએ પાદરીઓનાં તમામ છલ્કાઓને નામશૂદ કરવાનો હુકમ કર્યો. ઇંગ્લેંડમાના સૌથી મોટા ધર્મ મઠો હેનરીના આક્રમણ નીચે તારાજ થઇ ગયા. એક પછી એક બધા મઠો પતન પામ્યા અને આ ધર્મ મઠોની ઈમારતોના સીસાના છાપરાં ગાળી નાખવામાં આવ્યાં તથા પથરાઓને પુસ્તકાલયો બાંધવા માટે લઈ જવામાં આવ્યા.

ધર્મશહેનશાહતનું પ્રતિકારનું સ્વરૂપ

શહેનશાહત બનેલી ઈસાઈ ધર્મ સંસ્થાએ યુરોપ પરની આ નવી જાગ્રતિ સામે અને રાજાઓ સામે પ્રતિકાર શરૂ કર્યો. આ પ્રતિકારનું સ્વરૂપ પણ આ જૂના ધર્મની જીવન ઘટના જેવું મનુષ્યના મન અને આત્માને રૂંધી નાખનારું જાલિમ સ્વરૂપવાળું હતું. સૌથી પહેલાં ધર્મની જૂની ઘટનામાં કશો પણ ફેરફાર કરવાની એણે ના પાડી દીધી તથા પોતે બોલાવેલી કાઉન્સીલ ઓફ ટ્રેન્ટમાં એણે કોઈ પણ સુધારક સાથે કશી ચર્ચા કરવાની ના પાડી. શહેનશાહ બનેલી આ કેથોલીક ઘટનાએ પોતાની જૂની માન્યતાઓનો સ્વીકાર માગ્યો તથા આવા સ્વીકારનો જે કોઈ અનાદર કરે તેને માટે જીવતા સળગી જવાની એક સર્વસામાન્ય શિક્ષા નક્કી કરી. ઇસાઈ ધર્મ સંસ્થાની આ જૂની ઘટનાનું આવું જાલીમ અને વિકાળ રૂપ ઈતિહાસમાં "ઈન્કવીઝિશન" ના નામથી જાણીતું બન્યું.

પોતાના આ પ્રતિકારનો અમલ કરવા માટે જેતજોતાનાં પોપના હાકેમો અને સૈનિકો જાણીતા બન્યા. જૂના ધર્મના ટેકેદારો જેસુઇસ્ટસના નામથી ઓળખાયા. આ જેસુઈસ્ટોએ સુધારણા માગતાં તમામ લોકોને શરીર અને મનની યાતનાઓ આપવાના અતિરેક જેવા પ્રકારો સર્જી દીધા. ધર્મની આજ્ઞા નીચે જેસુઇસ્ટ મનુષ્ય મટીને યાતનાનું યંત્ર બન્યો.

યુરોપમાં ઉત્થાનનો આરંભ અને ધર્મશહેનશાહતનો અંત

પોપની ધર્મ શહેનશાહત પછાત સમાજ ઘટનાના સામંતશાહી સ્વરૂપ પર જ નભી શકે તેવી હતી. રોમનગરપર બેઠેલી પોપની હકુમત ધર્મની સામં-

તશાહામાં સૌથી મોટી સામંતશાહી હતી. આરબો અને તુર્કો સામેની ક્રુઝેડો પોપની આ શહેનશાહતને જીવવાની તાકાત આપી શકી નહીં.

ઉલ્ટાનો ઉત્થાનયુગ આ ક્રુઝેડો પછી વધારે વેગવાન બન્યો. યુરોપના પ્રદેશોએ પોતાનાં રાષ્ટ્રીય એકમોવાળાં રાજાશાહીનાં સ્વરૂપો ઘડવા માંડ્યાં તથા ધર્મની સામંતશાહીને પણ ખતમ કરવા માંડી.

ઈ. સ. ના પંદરમા સૈકાના અંતમાં જરમનીનો મહારાજા મેક્સીમીલીયન મરણ પામ્યો ત્યારે આખું યુરોપ ઉપર તળે થઈ રહ્યું હતું. ત્યારે સ્પેઇન અને ફ્રાન્સ વચ્ચે ઈટાલીનાં નગર રાજ્યોને કોણ ખાઈ જઈ શકે તે સવાલ પર લડાઇ ચાલતી હતી. ત્યારે જ વારસાહક પ્રમાણે મેક્સીમીલિયનનો જ પૌત્ર સ્પેઇનની ગાદી પર આવી ચૂક્યો હતો.

ત્યારે યુરોપનો ચક્રવર્તિ કોણ અને તે સવાલ યુરોપના રાજકારણમાં ઉકળતો હતો. જરમનીનો ઠકરાતો મેક્સીમીલીયનના મરણને લીધે જરમનીની ખાલી પડેલી ગાદી પર કોને બેસાડવો તે નકકી કરવા ફ્રેંકફોર્ટ મૂકામે એકઠી થઇ. ફ્રાન્સના રાજા ફ્રાન્સીસ પહેલાએ જરમનીના મહારાજા બનવાની ઈંતેજારી બતાવી. પણ સેક્સનીના ઠાકોર ફ્રેડરીકને માથે જરમનીનો મુગુટ પહેરાવવાનું ફ્રેંકફોર્ટના સંમેલને નકકી કર્યું. પણ આવા તોફાની સમયમાં કાંટાળો તાજ પહેરવાનો ફ્રેડરીકે ઇન્કાર કર્યો એટલે જરમીનીના ઠાકોરોએ સ્પેઇનના રાજા બની ચૂકેલા, મેક્સીમીલિયનના પૌત્ર ચાર્લ્સ પાંચમાને જરમનીનો રાજદંડ સોંપ્યો. ઈ. સ. ૧૫૧૯ ના જુનના ૨૮ મા દિવસે સ્પેઇનના રાજા ચાર્લ્સ પાંચમાની જરમનીના મહારાજા તરીકે પણ તાજપોષી થઈ ગઇ.

સ્પેઇન ઓસ્ટ્રીયા, નેધર્લ્સ અને સીસીલીનાં રાજ્યોનો ધણિ બની ચૂકેલો ચાર્લ્સ ૫ મો જરમનીનો પણ મહારરાજા બન્યો. ઈટાલી, ફ્રાન્સ અને ઇગ્લેંડ શિવાયના યોરોપનો મોટો ભાગ આ મહારાજાની હકૂમત નીચે આવી પડ્યો. ચાર્લ્સ આવા મહારાજ્યનો શહેનશાહ બનીને જરમનીમાં જઇને જરમનીનો તાજ પહેરવા નીકળ્યો ત્યારે રસ્તામાં એને સમાચાર મળ્યા કે મેક્સીકો નામના નવા શોધી કઢાયલા પ્રદેશનો પણ પોતે શહેનશાહ બન્યો હતો.

ઉત્થાનયુગનાં યુરોપી રાજ્યોનાં રાષ્ટ્ર એકમો

સામંતશાહીના અનેક ટુકડાઓ યુરોપની ગતિને રૂંધતા હતા. ધર્મ શહેનશાહતની રોમન ગાદી પણ પ્રગતિને રૂંધનારી એક ધર્માંધ અને અજ્ઞાનને પોષનારી, પ્રગતિ વિરોધી, સામંતગાહી જેવી વટના જ હતી,

પણ ઉત્થાન માગતા યુરોપ પર સામંતશાહી અને ધર્મશાહીની નાબુદીની હિલચાલ યુરોપના રાજાઓએ શરૂ કરી દીધી. લુઈ અગીઆરમાના સમયમાં ફ્રાન્સે એકરાષ્ટ્ર બનવા માંડયું, અને તે માટે પોતાને ત્યાંના સામંતોને દરબારમાં બેસનારા ઉમરાવો બનાવી દીધા. સ્પેઇને આડાના જીતીને પોતાની એક રાજ્ય શાહીની હકુમતની એકતા કોતરી કાઢી. ઇંગ્લેંડમાં હેનરી સાતમાએ સામંતોની ઘટનાને તોડી નાખીને, એક રાજાશાહીની હકુમત સ્થાપી દીધી. અનેક ટુકડામાં વહેંચાયેલા જર્મનીના પ્રદેશ પરના હાકેારોને પણ એક મહારાજાની આણ નીચે આવી જવાની ફરજ પડી. આ નવાં રાષ્ટ્ર એકમોએ લશ્કરોને રાષ્ટ્રીય બનાવ્યાં, તથા ઉમરાવોને લશ્કરના અમલદારો બનાવ્યા.

આ બધાં નવાં રૂપ ધરેલાં યુરોપનાં રાજ્યો, પોપની શહેનશાહતને ખતમ કરવાની ઇચ્છાવાળાં બન્યાં. આ બધાં રાજ્યોની દાનત, નગરરાજ્યોમાં વહેંચાયેલા ઇટાલીના ટુકડા કરીને આખા દેશને ખાઈ જવાની થઈ. પોપની શહેનશાહતવાળું રોમનગરનું રાજ્ય પણ હવે ઇતિહાસની આ નવી ગોઠવણમાં નાશ પામવાને લાયક બની ગયું.

અનંતનગર રોમનો અંત

આ સમયનો, યુરોપમાં સૌથી મોટો મહાસત્તા ચાર્લ્સ પાંચમો ઇટાલી પર ચઢયો. ઇટાલીનાં નગર રાજ્યો ચાર્લ્સના આક્રમણ નીચે પડયાં. અંદરઅંદરના સંહાર કરવાનાં શૌખિન એવાં આ નગરરાજ્યોએ રાજાશાહીના આક્રમણ નીચે કેવી કતલ ચાલતી હોય છે તે દેખી. ઈ. સ. ૧૪૯૪ની નાતાલના દિવસોમાં પોતાને અનંત નગર અને વિશ્વનગર માનતા રોમ પર ચાર્લ્સમાં કટક આવી પહોંચ્યાં.

એજ આ રોમનગર હતું જેના કપાળ પર સત્તાવીશ રોકાઓની શાહી હકુમતની રેખાઓ અંકાઈ ગઈ હતી. એજ આ રોમનગર હતું જેની છબીમાં, જિસસના પ્રતિનિધિત્વની છાયા દેખતા, ઇસાઇ ધર્મનાં ધાર્મિકો પડાપડી કરતાં હતાં. અને એજ આ રોમન નગર હતું જેણે જંગલી યુરોપને રોમન સંસ્કારની હકુમત નીચે આણીને અને પછી ધર્માંધતાનો ઇસાઈ રાજદંડ ધારણ કરીને આજસુધી યુરોપના મસ્તકને અહીં સાષ્ટાંગ નમવાની શિસ્ત શિખવી હતી. આ રોમનગરના વિનાશની આગાહીતો. એક બારટોલોમીઓ કેરાસીએ એપ્રિલના આઠમા દિવસે આપી દીધી હતી. એ દિવસે જ્યારે પોપ કલીમેન્ટ દશહજાર ધાર્મિકોને આશિર્વાદ આપતો હતો ત્યારે બારટોલોમીઓ ચીસ પાડી ઉઠયો હતો. "તારાં જ પાપોને લીધે ચૌદ દિવસમાં આ રોમનગર તારાજ થઇ જશે" અને પછી રોમની શેરીઓમાં ઘૂમ પાડતો ("રોમ અગ્નિપરીક્ષા માટે તૈયાર થઇજા!") એ નાદો હતો.

પછી આક્રમણ આવી પહોંચ્યું. મેના છઠ્ઠા દિવસે ચાર્લ્સનાં લશ્કરો રોમની દિવાલ પર અથડાયાં. રોમનગર પડ્યું.

રોમના રસ્તાઓ પર, નર, નારી અને બાળક બાળકીઓ કતલ થઈ થઈ ને ઢળી પડ્યાં. સાન્તો સ્પીરીટોનું દવાખાનું અને અનાથ આશ્રમ પણ લુંટાયાં. કતલ કરવાની ઘાતકતાએ હદ્દીઓ અને અનાથોની ક્રાપણી પણ કરી નાખી. સેન્ટપિટરનું મહાદેવળ નિરાશ્રિતોથી ઉભરાઈ ગયું. સેન્પપિટર કોઇની રક્ષા કરી શક્યો નહીં. એ મહાદેવળનાં બધાં ભંડારીયાં મડદાંઓના ઢગથી ઉભરાઇ ગયાં. રાફેલ, અને લીઓનાર્દોએ ચીતરેલી સૌંદર્યની પ્રતિમાઓની સાથે વિજેતાઓના અશ્વો બંધાયા. રોમનગરનું એકેએક ઘર લુંટાયું અને પછી સળગવા લાગ્યું. રોમનાં શ્રીમંતોએ જીવ બચાવવાની ઢગલાબંધ કિમતો ચૂકવવા માંડી. એકેએક મહાલયે, નગરનું લિલામ કરીને કલેવરનું ખોળીયું બચાવવાના મોં માગ્યા દામ ચૂકવ્યા. માબાપોએ મરતા પહેલાં જુવાન દીકરીઓ પરના અત્યાચાર દીઠા.

આ મહાસંહાર કરનારાઓ કોઈ રાનવેરાનના જંગલીઓ નહોતા પણ પોપને અને ધર્માચાર્યોને ચોર અને ડાકુઓ તરીકે પિછાણી ચૂકેલા અને પેટનો ખાડો પૂરવા, યુરોપના મહાન કેથોલીક મહારાજા ચાર્લ્સ પાંચમાનું લશ્કર બનેલા ધર્મસાઈ ધર્મવાળાઓજ હતા.

ધર્મના ઇતિહાસમાં ધાર્મિકોનું ધર્મની ધટના પરનું આવું આક્રમણ આ પહેલું જ હતું. રોમનગરની ધર્મની શહેનશાહતે આખા યુરોપના ધનનાં ધાર્મિક નજરાણાંઓ અને ધર્મના લાગાઓના રૂપમાં યુરોપનાં અદનાં માનવોની લૂંટ અહીં એકઠી કરી હતી. સુવર્ણનાં સિંહાસન રચીને જિસસની કારકીર્દીનું લિલામ કરીને ધર્મની શહેનશાહતે અહીં રાજદંડ ધારણ કર્યો હતો અને અજ્ઞાનની આરાધનામાં અનેક સુધારકોને જીવતાં સળગાવવા માંડ્યાં હતાં.

અંધ બનેલો લોક પ્રકોપ ચાર્લ્સનાં લશ્કરો બનીને જે કંઈ લઈ શકાય તે લુંટવા માંડ્યો હતો. પોપના વિશાળ મહાલયમાં જ લૂંટ અને સંહારની પાશવતાએ ધર્મ દરબાર ભર્યો. એક સૈનિકે પોપનો પોશાક પહેરી લીધો અને બીજાઓએ પાદરીઓના વેશ લપેટીને પછી પોપના પગ પર ચુંબન કરવા માંડ્યાં.

આપમેળે આ યથેચ્છ સંહારમાં માર્ટીન લુથરના નામની રણહાક બની. આ સ્વચ્છંદ વિહારે, પકડાએલા બિશપોને રોમના રસ્તાઓ પર પશુઓની જેમ હાંકયા. મોતથી બચવા મરણીયા બનેલાંઓએ ટાઇબરનદીમાં પડીને આપઘાત કર્યા. ઈતિહાસની વિશ્વ સરિતા પર રોમન શબો તરવા લાગ્યાં.

આ સંહારે રોમની યુનીવરસીટીને પણ સળગાવી નાખી. વેટીકન ગ્રંથાલયની કિતાબોની હોળી કરવામાં આવી. કોલોકી નામના મહાપંડિતનાં લખાણોની રાખ થઈ ગઇ. બાલડસની પ્લીની પરની નોંધ સંહારના "બોનફાયરોમાં" સળગી ગઈ. મરોન નામનો કવિ પોતાની કવિતાઓનો અગ્નિ પ્રવેશ દેખતો રૂદન કરવા લાગ્યો. રાફેલ નામના ચિતારાનું કલાભવન જમીનદોસ્ત થઈ ગયું.

પણ ત્યારે પોપ ક્લીમેન્ટ સાન્તએન્જેલોના મિનારાઓમાં સલામત હતો. એણે ભગવાનને ઠપકો આપતાં ખૂમ પાડી, "મારી જનેતાના ઉદરમાંથી તેં મને શા માટે જન્મવા જ દીધો!"

પોપે બીનશરતી શરણાગતિ સ્વીકારી લીધી, અને ચાર લાખ ડકેટનું નજરાણું યુરોપના મહારાણાને એનાયત કર્યું.

અંત પામેલા અનંતનગરના ઇસાઈ શહેનશાહતનું મમી હવે જીવતું રહી શકયું.

વિજ્ઞાનની આરાધના કરો નહિ તો લય પામો.

મધ્યયુગના અંતમાં ઉત્થાનને ઢંઢોળતું હોય તેમ સમયનું પરિબળ યુરોપના માનવસમુદાયને કહેતું હતું કે ઉઠો, જાગો, અને તમારા વિજ્ઞાનને સમજવા માંડો. જો ઊઠશો નહિ, જાગશો નહિ અને પિછાનશો નહિ તો મોત પામી જશો. આવી રીતનો સમયનો અવાજ ઇતિહાસના દરેક યુગમાં માનવસમુદાયને ઢંઢોળતો માલમ પડ્યો છે. પ્રાચીન ગ્રીસના ડેલ્ફીનાં દેવળો પર "માણસ તારી જાતને પારખ" એવોજ મુદ્રાલેખ કોતરવામાં આવ્યો હતો. ભારતની ભૂમિ પર પણ ગૌતમબુદ્ધ અને ચીનની ભૂમિ પર કન્ફ્યુસિઅસ એજ અવાજમાં પોકાર કરતા હતા. આજે અનેક સૈકાઓ પછી ઇ. સનના ચૌદમા શતકમાં અંત પામતા મધ્યયુગને ઇતિહાસનો આ પુરાણો અવાજ પડકાર કરતો જ્ઞાનવિજ્ઞાનનો જવાબ માગતો હતો. આ સમયના મધ્યયુગી માનવો પાસે પોતાના શરીરની ઘટના વિષેનું જ્ઞાન પણ કશું જ હતું નહિ. શરીર જેવી સામાજિક ઘટનાનું ભાન પણ તેમને હતું નહિ. જ્ઞાનની આવી બંને પ્રકારની અંધકારમય દશામાં બે મોટા સામાજિક પડકાર યુરોપની ધરતી પર જીવનની ઘટનાઓમાંથી રજૂ થયા. એક પડકારનું રૂપ પ્લેગના નામનું હતું, અને બીજા પડકારનું રૂપ યુરોપની આખી ધરતીને હચમચાવી નાખનાર ધરતી પરના શ્રમજીવીઓની હિલચાલનું હતું.

આ પ્લેગ અથવા મરકીનું રૂપ યુરોપમાં "બ્લેક ડેથ" તરીકે ઓળખાયું. ગ્રીસની ધરતી પર પેરિકલિસના સુવર્ણયુગમાં થયેલી યાદવારથલી પછી ફાટી

નીકળેલા રોગચાળા કરતાં આ મરકીના રોગચાળાનું સ્વરૂપ અહિં વિશાળ હતું. મધ્ય એશિયા અને દક્ષિણ રશિયામાં થઇને ક્રિમિયાના પ્રદેશમાંથી એક જહાજમાં બેસીને જીનોવા બંદરે ઉતરીને મરકીનું આ રૂપ પશ્ચિમમાં દાખલ થયું. પછી આર્મેનિયામાં થઇને એશિયા માઇનોરમાં અને ઇજીપ્ત અને ઉત્તર આફ્રિકામાં પણ એ જઈ પહોંચ્યું હતું. ઈ સ. ૧૩૪૮ માં આ મરકી ઇંગ્લેંડમાં આવી. ઓકસફર્ડની અંદર ભણતા ૩૦ વિદ્યાર્થીઓને આ પ્લેગ ભરખી ગયો અને ઇંગ્લેન્ડની કુલ વસ્તીનો ચોથા ભાગથી મોટો સમુદાય આ મરકીમાં મરણ પામ્યો. આખા યુરોપ પરથી ૨॥ કરોડ માણસોને ભરખી જઇને મોતનું આ સ્વરૂપ પૂર્વ ચીનમાં પેઠું અને ત્યાં તેણે એક કરોડ ત્રીસ લાખ માણસોને મારી નાખ્યાં.

મરકીનું આ સ્વરૂપ મધ્યયુગી માનવોના અજ્ઞાનનું સ્વરૂપ પણ હતું. શરીરના વિજ્ઞાન વિષે કશું જ નહિ સમજનારા અબૂધ જગત પર મરકીના આ જંતુ-ઓએ કતલ ચલાવી હતી. યુરોપના શહેરોમાં અને ગામડાઓમાં તેણે હાહાકાર વર્તાવી મૂક્યો, અને યુરોપની વસ્તીનાં પ્રમાણોને ઉથલાવી નાખ્યાં.

સામાજિક વિજ્ઞાનના અજ્ઞાનને ઉત્થાનયુગનો પડકાર.

અંત પામતા મધ્યયુગમાં સામાજિક વિજ્ઞાનનું અજ્ઞાન પણ શરીર વિજ્ઞાનના અજ્ઞાનની જેમ ખૂબ ગાઢુ હતું. મધ્યયુગના અંતમાં યુરોપનું સામાજિક શરીર અને તેની રચનાના થરો બદલાવા માંડ્યા હતા. પોતે એક આદમ અને ઇવનાં ફરજંદો છે એમ માનતા યુરોપના માનવસમુદાયોમાં ફેરફારો લાવનારા આર્થિક અને સામાજિક પરિબળો કયારનાય જન્મી ચૂકયાં હતાં. જૂના સમયનું "મેનોર" નામનું આર્થિક ઘટક અને "ગીલ્ડ" નામનું આર્થિક ઘટક હવે રૂપાંતર પામવા માંડ્યાં હતાં. કોલંબસને એટલાંટીક મહાસાગર ઓળંગવાને તથા વાસ્કો-ડા-ગામાને કેપની પ્રદક્ષિણા કરવાને માટે હજુતો સો વર્ષની વાર હતી ત્યારે યુરોપનું આર્થિક પરિબળ ભૂમધ્યના મથક પરથી પશ્ચિમ યુરોપના પ્રદેશ પર જઈ પહોંચ્યું હતું. દક્ષિણ જર્મનીનાં નવાં નગરો, નવા વાણિજ્યના રસ્તા પર વેપારી મથકો બનવા માંડ્યાં હતાં તથા ફ્લેન્ડર્સનો પ્રદેશ ઉદ્યોગની અગત્યતા ધારણ કરતો હતો. ધીકતા જતા વાણિજ્યે આ પ્રદેશોની આર્થિક જીંદગીમાંથી મધ્યયુગી વેપારનાં બંધનોને તોડવા માંડ્યાં હતાં. વેનિસ નગરમાંથી વાણિજ્યનું અર્થતંત્ર શીખેલી વેપારી મૂડીદારોની જમાતો હવે આગળ વધતી જતી હતી. તથા પૂર્વ દેશો સાથે વેપારનો ઇજારો રાખીને બેઠેલા વેનિસ નગર સાથે હરિ-ફાઇમાં ઉતરી ચૂકી હતી. તેરમા સૈકાના અંતમાં માર્કોપોલોએ કરેલી ચીનની સફરના હવે નવા નકશાઓ દોરાવા માંડ્યા હતા તથા સોનાના ઢગલાઓથી ઉભરાતા પૂર્વના પ્રદેશોમાં પહોંચી જવા યુરોપના વાણિજ્યનો નૂતન પ્રાણ અણખેડાયેલા સમુદ્રોમાં ઉતરી પડવા પણ અધિરો બની ગયો હતો.

યુરોપના માનવસમાજના કલેવરમાં આ નવા ફેરફારો શરૂ થઈ ગયા હતા. આ ફેરફારનો આગેવાન સુકાની વેપારી મૂડીવાદ હતો. આ નવો મૂડીવાદ શ્રમમાનવોને નવા ઉગેલાં નગરોમાં વસ્તુઓના ઉત્પાદન માટે રોજીએ રાખતો હતો તથા પોતાનાં સંગઠનો શરૂ કરતો હતો. ઘરઘરના ખાનગી એવા કારીગરોના ધંધાઓ અને તેમના જૂનાં સંગઠનો પણ નવાં સ્વરૂપ ધારણ કરતાં હતા યુરોપના સમાજની જીંદગીમાં અંત પામવા માંડેલા યુગની ઓટ દેખાતી હતી. પણ તેની સાથે જ નૂતન ઉત્થાનની ભરતીનાં સ્પંદનો પણ શરૂ થઈ ગયાં હતાં.

આ ફેરફારમાં સામાજિક હિલચાલના છેક પાયામાં બેઠેલા ધરતી પરના વિશાળ માનવ સમુદાયો ધરતી પરથી જાણે ફેંકાઈ જતા હોય તેવી વેદના અનુભવતા હતા. મધ્યયુગના સામાજિક બંધનો જાણે યુરોપની ધરતી પરના આ ખેડૂતોને ધરતી પર જોડી રાખ્યા પછી હવે અર્થકારણમાં ચલણીનાણાનો મૂડીવાદી વ્યવહાર અમલમાં આવતાં તૂટી જતાં હતાં. ખેડૂતોના વિશાળ સમુદાયો જમીન પરથી ફેંકાઈ જઈને રોજી અને રોટી માટે રખડતા થઈ ગયા હતા. આ બધી પરિસ્થિતિમાં અનેક જાતનાં પીડનો પામતો આ માનવસમુદાય પોતાના પર કોઈ મહાન અન્યાય થયો હોય એવું ભાન અનુભવતો હતો. આવી વિકટ દશામાં સમાજના આગેવાન રાજાઓ અને મૂડીવાદીઓ અને ઉગતો મૂડીવાદ ઉભા થયેલા આ આર્થિક સવાલનો જવાબ આપી શકતા નહોતા. સમાજની ઉપલી સપાટી પર ચઢી ગયેલા આ વર્ગો અને સમુદાય વચ્ચે મોટા અંતરાય દેખાતા હતા તથા સામાજિક અન્યાયો નીચે કચડાતો કિસાન માનવસમુદાય બળવાખોર બનતો જતો હતો.



ઈ. સ. નના ચૌદમા સૈકામાં માનવસમુદાયનું આ બળવાખોર સ્વરૂપ ધાર્મિક મનોભાવવાળું હતું. ઈસાઈ જીવનવ્યવહાર એને સમજાતો નહોતો. ગરીબ માનવોના સંઘમાં જ જન્મેલો અને જીવેલો જિસસ એને સામાજિક અન્યાયો સામે બળવાખોર બનવાને ઉઠાડતો દેખાતો હતો. આ બળવાના આગેવાનો મધ્યમવર્ગના બુદ્ધિમાન પાદરીઓ હતા. આ પાદરીઓની આગેવાની નીચે સામાજિક અન્યાયો સામેની કૂચો જેવી હિલચાલો પશ્ચિમ યુરોપ પર

એકેએક દેશ પર સળગી ઊઠી. આ હિલચાલોનું નામ ફ્લેન્ડર્સની અંદર 'આર્ટીને લીઝ હતું. રોમમાં આ હિલચાલ ટ્રીબ્યુન રીએન્ઝોના નામથી ઓળખાઇ હતી. ફ્લોરેન્સમાં આ હીલચાલ સીઓમ્પી નામની હતી અને ફ્રાન્સમાં ખેડૂતોના આ બળવાનું નામ જેકવેરી હતું. ખેડૂતોના આ બળવાઓ પાછળનો આવેશ એ હતો કે ઈસાઈ ધર્મના પ્રદેશો પર ગરીબ સમુદાયો માટે ઈસુના ઈન્સાફનો અંત આવી ગયો હતો. ઇસાઈ ધર્મનો આ આવેશ ખરી રીતે જોઇએ તો લોકશાહીના ન્યાયી સ્વરૂપનો આવેશ હતો.

ઇંગ્લેંડની કિસાન હિલચાલ

ઇંગ્લંડમાં પણ ગરીબસમુદાયો માટે જિસસે પ્રબોધેલો ઇન્સાફી વ્યવહાર તૂટી પડયો હતો. ત્યાં કેન્ટના જહોન બોલ નામના પાદરીની આગેવાની નીચે ખેડૂત સમુદાયે બળવો કર્યો. ઇ. સન ૧૩૫૦ માં અંગ્રેજ પાર્લામેન્ટે બેકાર રહેલા ખેતમજુરોની સામે "સ્ટેટયુટ ઓફ લેબરર્સ" પસાર કરીને તેમના પગારોનું ધોરણ નીચું કરી દઈને ખેડૂતોની અંદરની આગને સળગાવી મૂકી હતી. આ હિલચાલનું મુખ્ય મથક ઑકસફર્ડમાં હતું. ઑકસફર્ડમાં ખેડૂતોની આ હિલચાલની આગેવાની ત્યાંના પાદરીઓએ લીધી અને જમીનદારોએ ખેડૂતો પાસેથી આંચકી લીધેલી તમામ જમીનો ખેડૂતો માટે છુટ્ટી મૂકી દેવાની રણહાકલ શરૂ કરી. આ હિલચાલની આગેવાની લેવા માટે જહોનબોલને કારાગારમાં પૂરી દીધો. પણ ઇ. સ. ૧૩૮૧ ના જુનમાં ખેડૂતોના આ બળવાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. ધર્મગુરુઓ અને જમીનદારોની પકડ નીચેની જમીનોને છોડાવવા માટે દક્ષિણપૂર્વમાંથી આખા ઇંગ્લંડ પર વૉટ ટીલર, જેક સ્ટ્રો, જહોન બોલ, જહોન લીટલ વુડ અને રીચાર્ડ વેલીનફોર્ડની આગેવાની નીચે ખેડૂતોની એક મોટી વિરાટ ફૂચે લંડન ઉપર ચઢાઇ કરી. રસ્તામાં આવતા ધર્માચાર્યો અને ઉમરાવોની જમીનો જપ્ત કરવામાં આવી તથા તેમની માલીકીના કાયદેસરનાં બધાં કાગળીયાં સળગાવી મૂકવામાં આવ્યાં. આ વિરાટ ફૂચના લંડન પર ચઢી આવવાના સમાચાર મળતાં લંડનની અંદરના ખેડૂત મજુરોએ પણ બળવો કર્યો.

જુનના બારમા દિવસે લંડન ઘેરાઈ ગયું અને બળવાખોરોના હાથમાં આવી પડયું. ડયુક ઓફ લેંકેસ્ટર અને બીજા ઉમરાવોના મહાલયો બળવાખોરોના હાથમાં આવ્યા. પછી આ કિસાન ફૂચ લંડનના ટાવર પર પહોંચી અને અંગ્રેજ રાજા તથા મુખ્ય ધર્મગુરૂ અને પ્રધાનો કેદ પકડાયા. ત્યારના રાજાએ કિસાન હિલચાલના આગેવાનોની મુલાકાત આપી તથા તેમની તમામ માંગણીઓ પર સહી કરી. પછી તેણે શરત મુકી કે કિસાનોએ પોતાની છાવણી

લંડનથી દૂર લઈ જવી. ત્યાર પછી થોડા દિવસે રાજા સાથે બળવાખોર આગેવાનોની બીજી મુલાકાત ગોઠવાઇ. આ મુલાકાતમાં નક્કી થયેલા કાવત્રા પ્રમાણે આગેવાનોનાં માથા કાપી નાંખવામાં આવ્યા તથા એક લાખથી વધારે ખેડૂતો પર રાજાનાં લશ્કરો તૂટી પડયાં. ઇંગ્લંડની ખેડૂત હિલચાલ આ રીતે પોતાના લોહીમાં ડૂબી ગઈ.

પરંતુ યુરોપ પર શરૂ થયેલી આ હિલચાલો માનવસમાજની ત્યારની ઘટનાઓથી ઉપજી હતી. એકસો વર્ષ પછી આખું જર્મની પણ ખેડૂતોના આ બળવાઓથી ધ્રુજી ઉઠયું. આ હિલચાલના આગેવાનો પ્રોટેસ્ટાઇ ધર્મના એના બેપ્ટીસ્ટ પંથના પાદરીઓ હતા. ઇ. સ. ૧૫૩૨ થી ૩૫ સુધીમાં જર્મનીનો વેસ્ટફાલિયા નામનો પ્રદેશ બળવાની હકૂમત નીચે આવી ગયો અને તેનું પાટનગર મુન્સ્ટર બળવાનું મથક બન્યું. આ બળવાનો આગેવાન જહોન ઑફ લીડન હતો. પછી આ હિલચાલ પણ પરાજય પામી તથા જર્મનીનાં શહેરોમાં છેદાઇ ગયેલાં અંગવાળાં બળવાખોરોનાં શરીરો રખડવા લાગ્યાં. આખા જર્મની પર કિસાન હિલચાલોનું રૂધીર છંટાયું.

મધ્યયુગનો સામાજિક સવાલ, વિશ્વઇતિહાસનો સવાલ હતો.

ઇતિહાસના આરંભથી જગતભરમાં પીડાયેલા અને શોષાયેલા માનવ સમુદાયોએ અનેક બંધનોથી અને યાતનાઓ જેવા જીવનથી બંધાઈ ગયા પછી લોક ઇન્સાફના નામમાં ઇતિહાસના દરેક તબક્કામાં બળવા કર્યા છે. આ બળવાઓનાં કારણમાં સમાજ ઘટનાનાં સ્વરૂપમાંથી આ સમુદાયોની જીંદગીને અસહ્ય બનાવી દે તેવી અન્યાયી પ્રથાઓ માલમ પડી છે. આવી પ્રથાઓને નાબૂદ કરવા ન્યાયસમતાની માગણી માટે શ્રમમાનવો એ બળવાઓ કર્યા હોય છે.


શ્રમમાનવોનો આ સવાલ સામાજિક અથવા લોકશાહીનો સવાલ છે. માનવ સમુદાયો પણ જીવન વ્યવહારની ઘટનામાં આ રીતે પોતાનો અવાજ ઉચ્ચારતા હોય છે. આ અવાજનો એક જ અર્થ સુખમય અને શાંતિમય જીંદગી માટેનો માનવ સમુદાયનો પુકાર છે. ઇતિહાસના દરેક તબક્કે આ પુકાર પોતાની જીંદગીમાં ન્યાય સમતાને હાંસલ કરવા માટે એક પછી બીજા ચઢીયાતાં સંગઠનો અને આયુધોને ધારણ કરે છે

આ સવાલ સંસ્કૃતિનો અને સંસ્કારનો સામાજિક વ્યવહારનો સવાલ છે. આ સવાલ શ્રમમાનવોને દબાવી દેવાથી કે તેમની કતલ કરવાથી પતી શકે તેવો સવાલ નથી. સમાજના આગેવાનોએ એટલા માટે ઇતિહાસના લોકશાહી ઇન્સાફના સવાલને સામાજિક વિજ્ઞાનના ભાન અને જ્ઞાનપુર્વક ઉકેલવો જોઇએ.

[યુરોપીય ઉત્થાનયુગનાં નૂતન નગરો, ફ્લોરેન્સ અને વેનિસ —પોર્ટા ડીલા-કાર્ટો-ભૌગોલિક ક્રાંતિ-યુરોપના ઉત્થાનનો આગેવાન —ઉત્થાન યુગનાં સ્વરૂપ લક્ષણો—વિશ્વ વિશાળ બન્યું—ઉત્થાન યુગનો ધર્મ સુધારણા (રફેરમેશન)—ઇસાઈ પંથોની સાર્વત્રિકી— યુરોપનાં રજવાડાંઓની સાઠમારીનું સત્વ, વાણિજ્ય હકુમત— ઉત્થાન યુગનું અર્થકારણ અને સ્વદેશનું રાજકારણ—અર્થ કારણ અને રાજકારણની એકતા.]

યુરોપિયન ઉત્થાનયુગનાં નગરો, ફ્લોરેન્સ અને વેનિસ

સાચી રીતે કહીયે તો મધ્યયુગમાંથી એક છલંગ દઇને ઉત્થાનયુગમાં આવી પડનાર યુરોપનો પ્રથમ રાષ્ટ્ર ઇટાલી કહેવાય. રોમન સંસ્કૃતિનો વારસો પામેલા આ રાષ્ટ્રમાં, રોમન શહેનશાહતના પતન પછી તેનાં નગરરાજ્યોમાં ઉત્થાનયુગ પહેલીવાર જન્મ પામતો દેખાયો. ઉત્થાનનું અવલોકન કરવું હોય તો ઇટાલીમાં, એના ફ્લોરેન્સ નગરમાં અથવા ફ્લોના નગરમાં પ્રવેશ કરવો જોઈએ. દાંતે નામના મહા-કવિએ દેશવટામાં ભ્રમિત નજર વડે દેશવટામાં દેખેલી આર્નો નામની નદી આ નગર પાસે-થીજ વહે છે અને પર્વતોના રસ્તાઓ વચ્ચેથી આગળ જાય છે. ત્યારના જગતનું આ અતિ



રમ્ય એવું નગર હતું તથા આ નગર રાજ્યના શ્રીમંત શાષકોના કિલ્લા જેવા મહાલયોને રૂપની કણિકાઓ વડે કલાકારોએ મઢ્યા હતા. મેડીસી નામના મશ-હુર થયેલા શ્રીમંત શાષકોએ, મોતાના સૌન્દર્યથી ઉભરાતા ભવનોમાં જ અતિ

ફેર એવાં કાવત્રાંઓ અહીં યોજ્યાં હતાં. તેજ આ નગર હતું જેના મહાલયોમાં કલાકૃતિઓની સાથે જ અપરાધો અને ગુનાઓની સજાવટ થયા કરતી હતી. મધ્યયુગ પછી તરત જ ઇટાલીના આ સૌન્દર્ય નગરમાં ઊત્થાનના આરંભને ધુંટનાર તેનાં ફરજંદોમાં સૌથી મોટું નામ મેકિયાવેલી નામના યુરોપના ચાણક્યનું હતું. ચૌદમા સૈકામાં ફ્લોરેન્સનગર શ્રીમંતોનું સ્વરાજ્ય બન્યું અને લોરેન્ઝોના દરબારમાં ઊત્થાનયુગની સંસ્કાર કલા અને સાહિત્ય જમા થવા માંડ્યાં. સંસ્કારના આ ઉંચા પ્રદેશ પર જ શ્રીમંતશાહીના શાસન નીચે તમામ લોકો સોનાની સાંકળો વડે બંધાયેલા દેખાયા. આ બંધન નીચેના જીવનવ્યવહારમાં, પરસ્પરનાં લોહી વહ્યા કર્યાં હતાં. ત્યારે, ઇસાઈધર્મની શહેનશાહત સામે પૂણ્યપ્રકોપથી સળગતો અને જિસસના ગરીબ દીલ, સાથે જોડાયેલો પાદરી સેવોનારોલા આ ધરતી પરજ દેખાયો હતો. આ નગર ઉપર જ જ્યાં હરકયુલીસની પ્રતિમા પાસે પાણીનો ફૂવારો અખંડ ઉડતો હતો તેની પાસે જ સેવોનારોલાને સળગાવી દેવામાં આવ્યો હતો અને ત્યાંથી થોડે જ દૂર વાલ્હાના ભગવાન જેવો મેડીસીનો ઘોડો ભવ્ય પ્રતિમાનું રૂપ ધરીને છલંગ દેતો ઉભો હતો.

આવો ઇટાલીનો ઊત્થાનયુગ અહિંયાં આરંભાઈ ગયો હતો. આ આરંભની આવી તો અનેક રંગરેખા રચનારા સીમાચૂ અને ગીઓટો જેવા કલાના પિતાઓએ અહિં પોતાનાં કલાભવનો શરુ કરી દીધાં હતાં. આ નગરમાં જ ઓકેામા, બુનેલેશી, નીકોલા, પીસાનો, સેલીની, અને ડોનાટેલો નામના નવલકથાકારે, ગુસીઆરડીની નામના નાવિકે અને મેકિઆવેલી નામના રાજ્યકારણી પુરુષે ઊત્થાનયુગનાં પોતાનાં કામકાજ શરૂ કરી દીધાં હતાં. ચિતારાઓનું તો જાણે આ નગરમાં સરવસ નીકળ્યું હોય તેમ લાગતું હતું. લીઆનાર્ડો અને માઇકલે ંગેલો, એ સૌના આગેવાનો હતા. મહાનુભાવોની આ નગરમાં નીકળેલી વણઝારમાં ગેલિલીઓ ત્યારે જુવાન છોકરા જેવો લાગતો હતો અને સૌની આગળ પહોંચી જવા મથતો હતો.

એવા ઊત્થાનનગર પરથી યુરોપ પર ઉડી જવાના ઇરાદાવાળો હોય તેવો, યુરોપના મધ્યમવર્ગના વ્યાપારી આગેવાનની લોકશાહીના સિંહાસનમાં બેઠેલો, લોરેન્સ-ડી-મેડીસી જગતભરમાં પેન્સેરોસોના નામથી મશહૂર બનેલી માઇકલ-એંગેલોએ અમર બનાવેલી કલાકૃતિનું પ્રતિમારૂપ ધરીને બેઠો હતો. આ પ્રતિમાના પગ આગળ નિશા અને ઉષા નારીનાં રૂપ ધારણ કરીને બેઠાં હતાં. આ બંનેના ચહેરા પર વિશાદનું રૂપ ધરેલી તેમના આરસના શરીરની નસો જાણે તગતગી રહી હતી. આ બંનેના રૂપ પર માઇકલએંગેલોના મિત્ર સ્ટ્રોઝી

નામના કવિએ કવન કરીને ગાયું હતું કે 'હે કલાકાર દિશાનું એવું રૂપ બનાવ કે તે પોતે ઉષા બનીને જાગી ઊઠે.' પણ સૌન્દર્યના આ નગર પર ઉત્થાન યુગના આરંભમાં જ લોહીની નીકો વહેતી દેખતો આ કવિ, પાછો ગાતો હતો કે "હે નિશા ! તું ભલે ઉંઘ્યા કરે અને આ નગરની આબાદીને ધૂળમાં રગદોળાઈ જતી ન દેખે."

ભૂમધ્યના જગતનું વાણિજ્યનું નગર

આ નગર પણ ઉત્થાનયુગમાં ઇટાલીમાં આવેલું હતું તથા તેનું નામ વેનિસ હતું. પાંચમા સૈકાના આરંભમાં આ નગરનો જન્મ વાણિજ્યનું રૂપ ધારણ કરીને જ થયો હતો. અહિંની વેપારી પ્રજાએ, પોતાની આંખ ઉઘાડતાં જ પૂર્વના ઘેારીઘાટ જેવા એડ્રીઆટિકનાં લીલાં પાણીને દેખ્યાં હતાં. વેનિસના વેપારી સમાજે ઇસ્ટ્રીઆ અને હાલમેશિયાના પૂર્વ કિનારા પર હકૂમત જમાવી હતી, અને રોમન સંસ્કૃતિના પોતે જ વારસદાર હોય એવા રૂવાબથી પોતાનાં લાલ રંગનાં જહાજોને પૂર્વના પ્રદેશો તરફ હંકાર્યાં હતાં. આ જહાજોમાં પૂર્વ પ્રદેશોના તેજના, રેશમ, અને સુગંધી પદાર્થો ભરીને તેમણે દેશદેશના દરિયા-કિનારા ઉપરથી સુવર્ણ લાવીને વેનિસને કિનારે ઠાલવ્યું હતું.

ક્રૂઝેડો લડનારા ધર્મઘેલછાવાળા સમુદાયો યુરોપથી જેરૂસાલેમ જીતવા નીકળતા ત્યારે દાણો પાણી ભરવા અહિં થોભ્યા હતા. ઉત્થાનયુગના વાણિજ્યના આ ઉંબર પ્રદેશે જેરૂસાલેમની પવિત્ર ભૂમિ પર પહોંચવા માટે તેમને મોં માગ્યા દામ લઈને જહાજો આપ્યાં હતાં. ક્રૂઝેડોના આ જતા અને આવતા સમુદાયોની જરૂરિયાતોમાંથી આ નગરે વેપારના કાનૂન પ્રમાણે નફાના ઢગલા કર્યા હતા.

ભૂમધ્યના આખા જગતના આ વેપારી મથક, વેનિસ નગરના વેપારીઓની પેઢીઓ આ નગર પર જગમશહુર બની ચૂકી હતી. ડેન્ડોલોસ, ફોરકારોસ ફેન્ડીઆનોસ, ત્રીપોલોસ, ખેમ્બોસ, અને કોનારોસ જેવાં તેમનાં અનેક નામો ઇતિહાસમાં નોંધાયાં હતાં. ભૂમધ્યની આ વેપારી પેઢીઓએ ક્રુઝેડરોએ જીતેલા પેલેસ્ટાઈન પર પોતાની આણ વર્તાવી હતી. કોનસ્ટેન્ટિનોપલ પર આ વેપારી મથકનો વાવટો ઉડતો હતો. ભૂમધ્યના આ વાણિજ્ય નગરની મહત્તા અજોડ હતી. એક સમયના ઇગ્લેંડ જેવી એ દરિયાઈ રાણી બની ચૂકયું હતું. જગતમાંથી સુવર્ણ અહિંના શ્રીમંતોના મહાલયોમાં વહ્યા કરતું હતું. વાણિજ્ય એકલું જ આ નગરનો વ્યવસાય હતો, અને એ વ્યવસાયની સેવા કરવા માટે અહિંની શ્રીમંતશાહીનું શાસન હકૂમત ચલાવતું હતું. ડોજીસની કાઉન્સીલ આ શાસનની કારોબારી સમીતિ હતી. આ નગરમાં ઘડાતાં રાજકરણનાં સ્વરૂપો યુરોપના કારભારને હંફાવતાં હતાં અને યુરોપના મહારાજાઓ શ્રીમંતોના આ રીપબ્લીકને પરાજય પમાડવાનો ઇરાદો ધારણ કરતા હતા.

એવું વાણિજ્યનું આ વેનિસનગર સૌન્દર્યનું પણ નગર હતું. આ નગરે પોતાની ભવ્યતાને મઢવા માટે જગતભરમાંથી સુંદર વસ્તુઓને લૂંટી લાવીને અહિં એકઠી કરી હતી. ગ્રીસની ભવ્યતાને એણે આ નગરમાં વસાવી હતી. એલેક્ઝેન્ડ્રીયમની પુષ્કળતા અહિં જ જમા થઈ હતી. અરેબિયાના શિલ્પની મુલાયમતા અહિં મઢવામાં આવી હતી. સાનમાર્કો, અને ડોજીસના મહાલયો કોનસ્ટન્ટિનોપલના કાટમાળમાંથી ઉભા થયા હતા. પથ્થરની પ્રતિમાઓ આરસના સ્તંભો એલેક્ઝેન્ડ્રીયમમાંથી સૌંદર્યના આ લૂંટારાઓએ પોતાના વિજયી જહાજોમાં ભરીને અહિં આણ્યા હતા. માર્કોપોલો નામના મહાન મુસાફરે વેનિસ નગરમાં પાછા આવીને આ વેપારી મથકને એશિયાનો નકશો બનાવી આપ્યો હતો.

વેનિસના આ વેપારી મહાજનોએ આ રીતે સૌન્દર્યની ઉપાસના જાળવી રાખી હતી. આ નગરમાં જ ટીશીયન નામનો મોટો કલાકાર જન્મ્યો હતો. ટીન્ટોરેટો અને પાઓલો નામના બબ્બર કલાકારોનું આ નગર જન્મભૂમિ હતું. એવા વેપારના આ મથક ઉપર સાન્દર્યની છાયા પણ ઉડ્યા કરતી હતી.

પોર્ટાડીલા કાર્ટો

પોર્ટાડીલાકાર્ટો નામનું વેનિસ નગરની રાજસભાનું મોટું સંસ્થાગાર હતું આ સંસ્થાગારના વિશાળ ડોમ ઉપર ડોઝ ફેલ્કારીની વિશાળ પ્રતિમા હતી. આ પ્રતિમા ગરુડનો પાંખોવાળા સિંહની મૂર્તિ આગળ નમતી હતી. આ સંસ્થાગારમાં વિશાળ મોટો સભાચોક હતો. આ સભાચોકની વચમાં ગેલેરીવાળા સફેદ આસનોની શ્રેણીઓ હતી. વાણિજ્યના જ આત્માવાળી શ્રીમંતશાહીની સંસદ અહિં રાજકારભાર ચલાવતી હતી. આ સભામાં પેસવા માટે સામેની આરસની બનેલી એક રાક્ષસી સીડી પર અવાતું હતું. આ સીડીની બંને બાજુએ ચોકી કરનારા માર્સ અને નેપ્ચ્યુન નામના બે દેવતાઓની પ્રતિમાઓ યુદ્ધ અને વાણિજ્યના દેવતાઓની પ્રતિમાઓ હતી.

"શાલાડેલો સ્કુટીનો" નામના આ સંસ્થાગારમાં વેનિસની રાજસંસદનો આગેવાન મતગણુત્રીથી ચૂંટાતો હતો. ચૂંટાયેલા નસિબદારનું નામ સંભળાતાં તેના માનમાં અહિં રણશીંગા ફૂંકાતાં હતાં. બહાર ઉભેલા નાગરિકોને આ રીતે નવા ડોજનું નામ સંભળાવવામાં આવતું હતું. નવો ચૂંટાયેલો ઉમરાવ પૂર્વના રોમનોનો ઝળહળતો લાલ ટોગા પરિધાન કરીને નાગરિકો સમક્ષ દેખાતો હતો. સેન્ટ માર્કનો પેલો સિંહ જાણે, પોતાની પાંખો ફફડાવી ઉઠતો હતો. "મોસ્ટ સીરીન રિપબ્લીક" ની જાહેરાત સાથે નવા ડોજનું નામવાળું જે હોય તેને જયનાદ વચ્ચે વધાવી લેવામાં આવતું હતું.

પણ પછી થોડા જ દિવસે પેલાં રાક્ષસી સીડીની આસપાસ ખુલ્લાં માથાં વાળી માનવમેદની ઉભરાતી હતી. ગમગીન લાંબી દાઢીવાળો અને મુદ્રાવાળો આગે-

વાન દેખાતો હતો. સૌ એને ઓળખતા હતા. બેલિફો, સૈનિકો અને રાજસભાના સભ્યો અને રિપબ્લીકના કેપ્ટનો એની પાછળ ઉભા હતા. થોડાક દિવસ પહેલાંજ એ ચૂંટાયેલો એવો વેનિસ નગરનો એજ ડોજ હતો. એની પાછળ સૌ થંભી જતા હતા. ઢીમચા તરફ એ એકલો આગળ વધતો હતો, અને ગોઠણભર થઇને પેલા ઢીમચા પર પોતાનું મસ્તક મૂકતો હતો, અને જલ્લાદની કુહાડી એના માથા પર ઉતરતી હતી. થોડાક દિવસ પર જ ચૂંટાયેલો વેનિસની રાજસભાની કારોબારીનો એ પ્રમુખ લોકશાહી રીતે શિરચ્છેદ પણ પામી શકતો હતો. એવો વેનિસના વાણિજ્ય નગરનો રાજ્ય વહિવટ વેપારી કાનૂનદ્વારા ચલ્લા કરતો હતો. આ વ્યવહારમાં સોનાના સિક્કા ઉભરાતા હતા અને વંકડો જહાજો ભૂમધ્યના પાણી પર વેનિસના વાવટા ફરકાવ્યા કરતાં હતાં. રાજા કે શહેનશાહ વિનાનું અને લોકશાહી કહેવાતું શ્રીમંતોનું આ રિપબ્લીક ઉત્થાનયુગના આરંભમાં જ્યારે જગત પર પોતાનો પ્રતાપ અને પ્રભાવ વર્તાવતું હતું ત્યારે ઇટાલી સિવાયના બહારના યુરોપ પરક્રાંતિ જેવો એક મોટો ફેરફાર શરૂ થયો હતો.

ભૌગોલિક ક્રાંતિ

આ ક્રાંતિ ઇતિહાસની નહિ પણ ભૂગોળની ક્રાંતિ હતી. જો આવી ક્રાંતિ થઈ ન હોત તો જર્મની, સ્પેઈન કે ફ્રાંસના મહારાજાઓ ઇટાલીને જીતી શકયા નહિ હોત, અને વેનિસનો વેપારી હકૂમતનો નાશ પણ કરી શકયા નહિ હોત. યુરોપના જગતમાં થયેલો આ ક્રાંતિ અથવા ફેરફાર વેનિસના એક ખલાસીએ સ્પેઇન અને પોર્ટુગાલના આશરા હેઠળ અમેરિકાની કરેલી શોધ હતી. કેપ ઓફ ગુડ હોપને રસ્તે પોર્ટુગાલે મહાન પૂર્વ દેશનો રસ્તો શોધી કાઢ્યો હતો. આ ફેરફારે મધ્યયુગની વ્યાપારી હકૂમત, અનેલી વેનિસની દરિયાઇ રાણીને મોતનો ફટકો આપ્યો. ક્રાંતિકારી એવી આ શોધને લીધે જ પૂર્વના દોલતના ભંડારોએ પોતાના પ્રાચીન રસ્તાઓ બદલ્યા અને પ્રાચીન સમુદ્રો બદલ્યા. ભૂમધ્યની મહત્તા આ ફેરફારથી ઓછી થઇ ગઇ. નવા દરિયા પર નવાં બંદરો ઉઘડવા મંડ્યાં. વેનિસમાં વહ્યા આવતા સુવર્ણના ભંડારોએ વેનિસ તરફ પોતની પીઠ ફેરવી દીધી. ભૂમધ્ય પર જીતાએલાં બધાં વેપારી મથકો વનિસના હાથમાંથી ખતમ થઇ જવા માંડ્યાં.

વેનિસની વ્યાપારી હકૂમતના પ્રતાપ જેવા વેનિસના સંસ્થાગારમાં ઉભેલા પેલા સેઇન્ટ માર્કના સિંહની પાંખો હવે ટૂંપાઈ જવા લાગી. સિંહ જેવું વેનિસનું રિપબ્લીક, ક્ષયરોગ લાગુ પડયો હોય તેમ ગળામાંથી ઘુરઘૂરાટ કરવાની તાકાતને પણ ગુમાવીને બેઠું અને સૈકાઓ સુધી ચાલે તેવી મરણ જેવી ઉંઘમાં પડ્યું. પોતાને આંગણે ઉત્થાનયુગ જ્યારે શરૂ થતો હતો ત્યારે જ

વાણિજ્યની આ હકૂમત અહીં ભરવા પડી, અને યુરોપના બીજા દેશોએ ઇટાલીમાં જન્મી ચૂકેલી ઉત્થાનયુગની હિલચાલને જગતના નવા રસ્તા શોધી કાઢીને, નવાં જહાજો બનાવીને, ઝડપી લીધી. વેનિસની વાણિજ્ય હકૂમત અને તેની પ્રતાપી લોકશાહી યુરોપના ઉત્થાનની આગેવાની કરવા અને જગતભરમાં વિજય વાવટો ફરકાવવા યુરોપમય બની જઇને જાણે નીકળી પડી.

યુરોપના ઉત્થાનનો આગેવાન

યુરોપના જીવન ઘરની ઉત્થાનની હિલચાલ યુરોપના જીવતર પરની જુની ધૂળને ખંખેરી નાખતી હતી. યુરોપની ઘટનામાંથી કરોળીયાનાં જાળાંઓ આ હિલચાલ સાથે ઝસાઈને વળાઈ જતાં હતાં. આ હિલચાલનું નૂતનરૂપ રજવાડી અને પછાત એવા જુના જીવનનું ખોખું બદલી નાખવાનો આરંભ કરતું હતું. જુના જગતની પકડમાં આવી ગએલો, ખેતીનો રોજગાર વાણિજ્યની આ હિલચાલ જગાવીને, જૂની પકડને ફેંકી દેતો હતો. આ હિલચાલનું આગેવાન સ્વરૂપ નૂતન મધ્યમવર્ગની ટોચ પર આવેલો, મૂડીદાર વર્ગ હતો. વાણિજ્યનો એજ આગેવાન હતો અને રજવાડી, તથા મહાધિકારી એવા જીવનવ્યવહારના સ્વરૂપની આ નૂતન હિલચાલ કાયા પલટ કરીને યુરોપના જગતને વિશાળ જગત તરફ અને વિશાળ જગતના વાણિજ્યના વિશ્વ અર્થકારણ અને રાજકારણ તરફ દોરવાનો પહેલો કદમ ઉઠાવતી હતી.

આ હિલચાલ માનવોનાં ચિત્તને નવી ચેતના દેતી હતી, માનવોનાં કલેવરો નવી તાજગીથી ઉભરાવતી હતી, અને તૂફાન જેવું રૂપ ધારણ કરીને પણ યુરોપના હાડને બદલતી હતી અને યુગાન્તરનું આવાહન કરતી હતી. યુરોપ પર વિશ્વઇતિહાસ રજવાડી કમહાલુમાંથી, વાણિજ્ય હકૂમતનું લોકશાહી કલેવર ધરતો હતો. જાણે યુગાંતર આવી પહોંચ્યો હતો ! નૂતનયુગના આવાગમનની મસ્તીમાં ઉન્માદ જેવા આવેશમાં, યુરોપનું કલેવર, જાણતાં અજાણતાં ઉત્થાનયુગને અભિવન્દન કરતું હતું, અને નૂતનરૂપ ધરતું હતું, તથા જીવન વલિવટનાં નવાં સ્વરૂપો સર્જતુ હતું. આ નૂતનયુગ વાણિજ્યનો યુગ હતો. આ નૂતન સંસ્કૃતિ અર્થમાનવની અર્થઘટના કરનારી સંસ્કૃતિ હતી. આ નૂતન રચનાનું રૂપ રજવાડી વંડીઓને જમીનદોસ્ત કરીને બધાં મૂલ્યોને બધા માનવોને, બધા વ્યવહારોને અને સંસ્કારનાં બધાં સ્વરૂપોને ભર બજારમાં પોતાની કિંમત પૂરવાર કરવા આવી જવાનું ફરમાન કરતું હતું.


ઉત્થાનયુગનાં સ્વરૂપ લક્ષણો

શરૂઆતમાં ઇટાલીનાં નગરરાજ્યોમાં અને ત્યાર પછી આખા યુરોપમાં સંસ્કાર અને જ્ઞાનનો આવિર્ભાવ કરનારાં સ્ત્રીપુરુષોની સંખ્યા વધતી જતી

હતી. ઉત્થાનયુગમાં આવાં સ્ત્રીપુરૂષો પોતાના જ્ઞાન અને સંસ્કારની યથાશક્તિ અંજલીઓ દીધા કરતાં હતાં. જર્મનીના એક નગરમાં ગ્રોન-ગુટેનબર્ગે લખાણની નકલો કરવાની એક નવી રીત શોધી કાઢી હતી. જૂના 'વુડકટ'નો અભ્યાસ કરીને એણે સીસાના અક્ષરો બનાવ્યા હતા. આ અક્ષરોને એણે ઉત્થાનયુગને બેઠ ધર્યા હતા. ત્યાર પછી વેનિસમાં, પેરિસમાં, આન્ટવર્પમાં અને બ્રુસેલ્સમાં પુસ્તકો છપાવા માંડયાં હતાં. આ શોધ પછી જે જે લોકો કંઈ કહેવા માગતા હતા તેમને શ્રવણ કરનાર હવે આખી દુનિયા બની હતી. વિદ્યાની પ્રાપ્તિ કરવાનો અમુક અને ખાસ લોકોના અધિકારનો એથી અંત આવી જતો હતો. આ શોધ વડે માનવજાતને અજ્ઞાન રાખવાનું કારણ લય પામી ગયું હતું. આ શોધને લીધે એરિસ્ટોટલ પ્લેટો, વરજીલ હોરેસ, અને પ્લીની જેવા મહાનુભાવોની સોબત કરવા માટે જુજ કિંમત ખરચવી પડે તેવું બન્યું હતું. છાપેલા શબ્દે જાણે માનવજાતને કહ્યું કે "સૌની સોબત કરવા માટે હવે સૌ સમાન છે."

વિશ્વ વિશાળ બન્યું

સિત્તેર સૈકાઓ ઉપર નાઇલની ખીણમાં કે સિંધુના કિનારા પર જ્યારે ઇતિહાસનું પહેલું પ્રકરણ લખાયું ત્યારે બોબામાં માય એટલું જ નાનું સરખું જગત હતું. તૈગ્રીસ અને યુફ્રેતીસ નામની નદીઓવાળો મેસોપોટેમિયા નામના પ્રદેશ બુધીજ આ જગત લંબાયેલું હતું. પછી આ જુના જગતમાં ક્રીટ, ગ્રીસ અને રોમ ઉમેરાયાં. જમીનની વચ્ચેનો સમુદ્ર અથવા ભૂમધ્ય સમુદ્ર આ જગતના વેપારનું, કલાનુ વિજ્ઞાનનું ચિંતનનું અને વિદ્યાનું ધામ હતો. આ સમુદ્રની આસપાસ એ જગતનાં નગરો વસ્યાં હતાં. પછી સોળમા સૈકામાં એટલાંટીક સમુદ્ર તરફ પશ્ચિમની દિશામાં જગત મોટું બનવા માંડયું હતું.



આમ મોટા બનતા જગતમાં જહાજો પણ મોટાં બન્યાં, અને

નાવિકો પણ મોટા બનવા માંડ્યા. નાઈલ યુફ્રેટીસ અને સિંધુનાં જહાજો કરતાં ફીનીશીયન, ઇજીયન, ગ્રીક, કાર્થેજીયન અને રોમન જહાજો વધારે મોટાં અને ચઢિયાતાં બન્યાં. હજુ જગત તો મોટું જ બનતું જતું હતું ! આ મોટા જગતનાં મોટાં જહાજો, પોર્ટુગીઝોએ અને સ્પેનિયાર્ડોએ બનાવ્યાં. સંસ્કૃતિ ઉત્થાનનું રૂપ ધારણ કરીને મધ્યયુગ પછીનાં આ મોટાં જહાજોમાં આરૂઢ થઈને જાણે વિશાળ વિશ્વમાં ફરવા નીકળી.

યુરોપનું વિશાળ બનતું જગત પુર્વના દેશોને શોધતું હતું.


યુરોપનું ઉત્થાનનું રૂપ ધરીને વિશાળ બનવા માંડેલું આ જગત પૂર્વના દેશોની શોધ કરતું હતું. જે પ્રદેશોમાં હાથીઓ જેવાં મોટાં પ્રાણીઓ વસતાં હતાં, જ્યાં સોનાં તથા ઝવેરાતના ઢગલા હતા તથા જ્યાંથી તેજાના આવતા હતા તે જગતની ભાળ યુરોપને ભૂમધ્યના વેનિસ અને જીનેવા નામનાં નગરોએ આપી હતી. પૂર્વની આ મહાન દુનિયાને શોધી કાઢવા યુરોપની દુનિયાના ઉત્થાન-યુગના સાહસિકો હવે કમર કસતા હતા અને યુરોપમાંથી જગતને વિશાળ ઘડવા સફર કરતા હતા. ઈ. સ. ૧૪૧૫ માં પોર્ટુગલના રાજા જહોન ૧ લાનો અને ફીલીપાનો દીકરો રાજકુમાર હેનરી, ખલાસી રાજા તરીકે ઓળખાયો, અને તેણે ઉત્તર પશ્ચિમ આફ્રિકાને શોધી કાઢવાની તૈયારી કરી. પછી આ ખારવા રાજાએ અને તેના ખલાસીઓએ કેનેરા ટાપુઓ શોધી કાઢયા તથા વર્દી ટાપુઓની શોધ કરી. આ હેનરીએ ખ્રિસ્તી ધર્મના સડી ગયેલા મઠો સળગાવી મૂકયા અને તેના ખજાનાઓ વડે સહરા અને ગીનીના કિનારા તરફ જતાં જહાજોને તેણે રાણુગાર્યા.

ઇ. સ. ૧૪૮૬ માં બર્થોલોમીયો-ડીઆઝ આફ્રિકાના દક્ષિણ છેડા પર પહોંચી ગયો. સમુદ્રની આ આણુને તેણે તોફાન કિનારાનું નામ આપ્યું અને પછી એ પૂર્વ તરફ આગળ વધ્યો. ત્યાર પછી લીસ્બનના ખલાસીઓએ આ કિનારાનું નામ કેપ ઓફ ગુડ હોપ પાડયું.

ત્યાર પછી એક વર્ષે પેડ્રો-ડી કોવીલ્હામ જમીનને માર્ગે ઉપડયો. એણે ભૂમધ્ય સમુદ્ર ઓળંગ્યો અને ઇજીપ્તમાં થઈને એ દક્ષિણ તરફ આગળ વધ્યો. પછી એ એડન પહોંચ્યો અને ધરાનના અખાતમાં થઈને ગોવા અને કાલિકટ આવી પહોંચ્યો. એણે માડાગાસ્કર નામના ચંદ્રના ટાપુની શોધ કરી. પછી એણે પાછાં ફરતાં મુસલમાનનો વેષ ધારણ કરીને મક્કા અને મદિનાની જાત્રા કરી, તથા લાલ સમુદ્ર ઓળંગીને આ સાહસિક એબિસિનીયામાં પેઠો.

આ અરસામાં યુરોપમાં એક મોટી ચર્ચા શરૂ થઈ. આ ચર્ચા કરનારાઓ યુરોપના સાહસવીરો જેવા નાવિકો હતા. એક પક્ષે એમ કહ્યું કે કેપ ઓફ ગુડ હોપથી પૂર્વની દિશામાં જવાથી ચીન પહોંચી શકાશે, અને બીજા પક્ષે એમ કહ્યું કે કેપ ઓફ ગુડ હોપથી પશ્ચિમની દિશામાં જવાથી ચીન પહોંચાશે. આ બંને પક્ષો નિકોલસ કોપરનીકસ નામના ખગોળ શાસ્ત્રીના પૃથ્વી ગોળ છે એવા સિદ્ધાંતમાં માનતા હતા. અનેક વર્ષો સુધી કારાગારમાં પૂરાઇ ગયેલું કોપરનિકસનું પુસ્તક અત્યારે જ તેના મૃત્યુના વર્ષમાં એટલે ૧૪૪૩ માં છપાઇને બહાર પડી ગયું હતું

પશ્ચિમને રસ્તે જવાનો આગ્રહ ધરાવનાર ક્રિસ્ટોફોરો–કોલંબો નામનો જીનોવા નગરના એક વેપારીનો દીકરો પણ હતો. આ કોલંબસ પેવિયાની વિદ્યાપીઠમાં ગણિત અને ભૂમિતીનો વિશારદ બન્યો હતો. ગણિત અને ભૂમિતીનો આ વિશારદ પોતાના જ્ઞાનનો વ્યવહાર ખલાસી બનીને કરવા માગતો હતો, તથા નકશાઓ તૈયાર કરીને સફર ખેડવાનું જહાજ મેળવવા માટે પોર્ટુગલ અને સ્પેઇનના દરબારમાં જતો હતો. કોલંબસે સ્પેઇનનાં રાજા રાણી સાથે ૧૪૯૨ના એપ્રિલમાં એક કરાર પર સહી કરી હતી. તથા ઓગસ્ટની



૩જી તારીખે ૮૮ ખલાસીઓ અને ૩ નાનાં જહાજો લઇને એ મહાસાગરમાં નીકળી પડયો. કોલંબસે દક્ષિણ અમેરિકા શોધી કાઢયા, અને પોતે શું શોધી કાઢયો છે. તેનું સાચું જ્ઞાન પામ્યા વિના સાંકળોથી બંધાઈને સ્પેઇન ગયો તથા રાજા રાણીના કારાગારમા મરણ પામ્યો.



ઇ. સ. ૧૪૯૮ માં વાસ્કો–ડી–ગામા મલબારને કિનારે પહોંચ્યો અને મસાલાથી જહાજ ભરીને લીસ્બન પાછો આવી પહોંચ્યો તથા ૧૫૦૨ માં એ

ફરી પાછો ભારતને કિનારે આવી પહોંચ્યો અને ઈ. સ. ૧૫૧૩ માં કેલંબસના મરણ પછી સાત વર્ષે યુરોપમાં વધારે સાચા નકશાઓ બન્યા. એ સમયે બાલ્બોઆએ પનામાની સંયોગી ભૂમિને ઓળંગીને ડેરિયનના શિખર પર ચઢીને પેસિફિક મહાસાગરનાં દર્શન કર્યાં, તથા આ મહાસાગરની શોધ કરીને કેલંબસે શું શોધ્યું હતું તે તેણે સાબીત કર્યું. ઇ. સ. ૧૫૧૯ માં મેગેલને પશ્ચિમ તરફ હંકાર્યું અને એ આફ્રિકા અને બ્રાઝિલની વચ્ચેથી આટલાંટિક મહાસાગર ઓળંગી જઈને દક્ષિણ તરફ આગળ વધ્યો. અહિં પેટાગોનિયા આગળ એ બીજા મહાસાગરમાં પેઠો. આ બીજા મહાસાગરનાં પ્રશાંત હવામાન પરથી એણે આ પ્રશાંત મહાસાગરનું નામ "મેરપેસિફિકો" પાડ્યું. પછી એ ૯૮ દિવસ સુધી જમીનનું દર્શન કર્યા વિના આગળ વધ્યો.

આ રીતે ઉત્થાનયુગનું વિશ્વ ફૂદકે ને ભૂસકે, વધારે ને વધારે વિશાળ બન્યા કરતું હતું. આ વિશાળ બનતા વિશ્વના સમાચાર જ્યારે વેનિસ નગરના વેપારિઓએ સાંભળ્યા ત્યારે તે બધા કંપી ઉઠ્યા. ભૂમધ્યના આ વેપારી બાંધાતાઓને ખબર પડી ગઇ કે હવે વેપારના બધા ધન્ધા તેમના હાથમાંથી જતા રહેવાના. વિશાળ બનતા વિશ્વે વેનિસ નગરને પોતાના વેપારી મથક તરીકેની પદવીમાંથી રદ કરી નાખ્યું, અને પછી ભૂમધ્યની આ દરિયાઇ રાણીના ભાવતાલ અને વૈભવો ગગડતા જ ગયા. ઉત્થાનયુગના આ વિશાળ વિશ્વમાં એટલાંટિક મહાસાગર સંસ્કૃતિ અને વાણિજ્યનો હવે વાહક બન્યો.

ઉત્થાનયુગની ધર્મ સુધારણા (રેફરમેશન)

"રેફર્મેશનની" હિલચાલ જર્મનીમાં શરૂ થઇ. જર્મનીના શહેનશાહ અને પોપ વચ્ચેના કજીયાઓ લાંબા સમયથી ચાલ્યા જ કરતા હતા. આખા યુરોપ પર ઈસાઇ ધર્મ ધટનાનો ક્ષુદ્ર લોભ માનવસમુદાય ઉપર જળોની જેમ ચોટી ગયો હતો. પાદરીઓના વિલાસ અને લોકો પરના અનેક ધાર્મિક કરવેરાનો ભાર અસહ્ય બન્યો હતો. આ અરસામાં જ જર્મનીમાં છાપવાની કળા સૌથી પહેલી શરૂ થઈ અને બાઇબલ નામનું ધર્મ પુસ્તક હવે પાદરીઓનો ધન્ધો રહ્યું ન હતું પરંતુ જર્મન ભાષામાં અનુવાદ પામીને ઘેર ઘેર વંચાતું હતું. પોપની ધર્મશાહીએ આવા મહાન પવિત્ર પુસ્તકનાં ભાષાંતરને ગેરકાયદેસર જાહેર કર્યું, છતાં પણ આ મનાઇ હુકમનો ભંગ કરીને બાઇબલને વાંચતાં લોકો સમજતા હતા કે આજ સુધી પાદરીઓ બાઇબલથી વિરૂદ્ધ એવી ઘણી વાતો હાંકે રાખતા હતા. છાપવાની કળા સાથે શરૂ થતી ધર્મની આ સુધારક હિલચાલનો આરંભનો આગેવાન યુરોપભરમાં મહા પંડીત તરીકે પંકા-



પેલો ક્રિસમસ હતો. આ ક્રિસમસે "એક અજ્ઞાત માણસના પરિપત્રો" એવા મથાળા નીચે પુસ્તિકાઓ છાપવા માંડી હતી. એમાં એણે ઈસાઇ સાધુઓની, અજ્ઞાન અને અંધ દશાનો ચિતાર આપવા માંડ્યો હતો. ત્યાર પછી "મૂર્ખાઈનાં વખાણ" નામનું પુસ્તક લખીને એણે તે સમયની ધર્માંધતા પર પ્રહાર કર્યો. સોળમા સૈકામાં સૌથી વધારે નકલો આ પુસ્તકની વેચાઈ તથા યુરોપની દરેક ભાષામાં તેના અનુવાદ થયા.

પછી આ હિલચાલનો એક મોટો આગેવાન આવી પહોંચ્યો. એનું નામ માર્ટીન લ્યુથર હતું. ઇરફર્ટની યુનિવરસીટીનો એ વિદ્યાર્થી હતો તથા ડોમીનીકન ધર્મમઠમાં એ સાધુ બન્યો હતો. આ સાધુ વિટેનબર્ગમાં ધર્મનો અધ્યાપક પણ હતો. ઈ.સ. ૧૫૧૩ માં માર્ટીનલ્યુથર રોમ ગયો ત્યારે પોપે લોકો પાસે ધર્મનો એક નવો કર ઉઘરાવવા માંડ્યો હતો તથા ઈન્ડલજન્સીસ નામનાં પ્રમાણ પત્રો વેચવા માંડ્યા હતાં. આ પ્રમાણપત્રમાં કોઇ પણ પાપીને પૈસા પ્રમાણે પાપની માફીની ભલામણ પાદરી તરફથી ભગવાન પર કરવામાં આવતી હતી તથા પૈસા પ્રમાણે પાપની શિક્ષા ઓછી કરવાની ભલામણ કરવામાં આવતી હતી. જર્મનીમાં આ પ્રમાણપત્રો વેચવાનો ઈજારો જોહાન નામનો એક પાદરીને સોંપવામાં આવ્યો હતો. જોહાન નામનો આ ધર્મનો ફેરિયો પ્રમાણપત્રો વેચીને પૈસા ઉઘરાવતો હતો ત્યારે માર્ટીને લ્યુથરનો પૂણ્ય પ્રકોપ આ પ્રમાણ પત્રો સામે સળગી ઉઠ્યો. એણે પોપના આવા અધિકાર સામે વાંધો ઉઠાવ્યો તથા પોપ સામેની ૯૫ ફરિયાદોનો એક મોટો કાગળ તૈયાર કરીને તેને વિટેનબર્ગના દેવળ પર ચોડ્યો. બે જ મહિનામાં માર્ટીનલ્યુથરની આ વાંધા અરજી વિષે આખા યુરોપને ખબર પડી ગઇ. યુરોપના બધા દેશોમાં મિશ્રપો કંપી ઉઠ્યા. રોમનગરમાંથી માર્ટીનલ્યુથરને પોપનું તેડું આવ્યું. રોમનગર જઈને જીવતા સળગી જવાની શિક્ષા પામવાનો એણે ઈન્કાર કર્યો, એટલે પોપનો "એકસ કોમ્યુનીકેશન"નો વટ હુકમ લ્યુથરને પહોંચ્યો. માર્ટીનલ્યુથરે ભર સભામાં પોપનું આ કાગળીયું સળગાવી દીધું.

ધર્મની આ હિલચાલનો માર્ટીનલ્યુથર આગેવાન બની ગયો. સેકસનીના ફ્રેડરીકે લ્યુથરને આશરો આપ્યો. પછી પોપની ધર્મ કારોબારી મળી, અને લ્યુથરને ભગવાન અને માનવસમાજ સામેના ગુન્હાવટીયા તરીકે જાહેર કરવામાં આવ્યો. આખા જર્મનીમાં અપરાધી લ્યુથરને કોઈએ ખોરાક પોશાક

કે ધરનો આશરો નહિ આપવાનો વટહુકમ પોપે પસાર કર્યો, તથા જર્મનીના કોઇપણ સ્ત્રીપુરુષે લ્યુથરનું લખાણ નહિ વાંચવાનું પોપે ફરમાન કર્યું. આખા જર્મની પર ધર્મ સુધારણાની આ હિલચાલ ઉગ્ર બની ગઇ અને ઉત્થાનયુગની આ ધર્મ–સુધારણા આખા યુરોપમાં ખળભળાટ મચાવી મૂકતી જૂના જગત સામે વાંધા અરજી જેવી બનીને વિસ્તાર પામી. આ ધર્મ સુધારણાનો આગેવાન માર્ટીન લ્યુથર ઇ. સ. ૧૫૪૬ માં મરણ પામ્યો અને યુરોપે ધારણ કરેલી સુધારણાની હિલચાલે, યુરોપનાં રાજ્યોને બે ધર્મ છાવણીઓમાં અથવા ઇસાઇ ધર્મના બે પંથોનાં વહેંચી નાખ્યાં.

ઇસાઇ પંથોની સાફસુફી

તાજી શરૂ થયેલી યુરોપની સંસ્કૃતિમાં ઇ. સ. ના ૧૬ મા અને ૧૭ મા સૈકાઓએ ધર્મ સુધારણાની હિલચાલ મારફત યુરોપના જીવનને હચમચાવી નાખ્યું. આ હિલચાલમાં યુરોપની સમાજ રચનામાં નવા ઊગી નીકળેલા મૂડીવાદી વર્ગનું અને વાણિજ્યનું પરિબળ પણ ઓતપ્રોત બની ગયું હતું. વાણિજ્યના આ પરિબળ સાથે ધર્મ પંથોમાં ખળભળાટ મચ્યો. ત્યારનાં માનવ સમાજમાં લોકોમાં ઈ. સ. ના સત્તરમાં સૈકામાં સંસ્કૃતિના બાળક જેવા દેખાતાં યુરોપનાં માનવો ધર્મનું નામ લઈને ઘણો ધીંગાટ કરી મૂકતાં હતાં અને ઉત્પાત મચાવતાં માલુમ પડતાં હતાં. આ ધીંગાટમાં "કેથોલીક" અને "પ્રોટેસ્ટન્ટ" નામના શબ્દો સૌથી વધારે જોરશોરથી સંભળાતા હતા. યુરોપના નવા જન્મેલાં બાળકોને તેમનાં માબાપોએ તેમને ગળથૂથીમાં દીધેલી ધર્મ પંથની દિક્ષા પ્રમાણે આ બંને નામોને તેઓ ધારણ કરતાં હતાં. આ બાળકોએ પોપ કે માર્ટીન લ્યુથરના સિદ્ધાંતોને સમજ્યા વિના ગોખેલાં સૂત્રોની ધૂન લગાવીને લડાઇઓમાં કૂદી પડવા માંડ્યું હતું. આ બધા વલોણામાં, વાણિજ્ય હકુમત રજવાડી હકુમતનો મૂકાબલો કરતી હતી તથા રાજાઓ અને પેલા બે ધર્મ પંથો પણ બે છાવણીઓમાં વહેંચાઈ જઇને અંદર અંદરની કતલ કરતા હતા.

આવા યુરોપના એકેક એક દેશમાં ઈસાઇ ધર્મના બંને પંથોએ એક બીજાના વિરોધી પક્ષકારોને ત્રાસ આપવા માટે નર્કાગાર જેવાં કારાગાર સર્જ્યાં હતાં તથા પરસ્પરના વિરોધીઓને જીવતાં સળગાવી મૂકવા માટે ચિતાઓ અખંડ ચાલુ રાખી હતી. યુરોપના રાજ્યકર્તાઓ તથા યુરોપની સરકારો પણ પ્રોટેસ્ટન્ટ અને કેથોલીક પંથની બે છાવણીઓમાં વહેંચાઇ ગયાં હતાં. આ બન્ને છાવણીઓમાં ધાતકી યાતનાઓ મનુષ્યની સંસ્કૃતિને ન છાજે તેવું અત્યંત શરમજનક એવું પૈશાચિક સ્વરૂપ ધારણ કરતી હતી. આ બધી અંધાધૂંધીમાં પણ ધર્મ હિલચાલનું સુધારાનું સ્વરૂપ પ્રગતિવાળું દેખાતું હતું. કેથોલિક પંથવાળા પોપના પ્રતિનિધીઓ લોકો પર ભૂવાઓની જેમ જાદૂઓ કરતા હતા, અને ધર્મના

વેરાઓ ઉઘરાવ્યા કરતા હતા. સુધરેલા પ્રોટેસ્ટન્ટ દેવળોમાં પાદરીઓ લોકો તરફની પોતાની ફરજો બજાવવામાં લાગી ગયા હતા તથા સુધરેલા ધર્મમઠોમાં સાધુઓનાં વિલાસી અને શરમજનક જીવનો હવે અંત પામ્યાં હતાં. સાધુઓ અને સાધ્વીઓએ સવારમાં વહેલાં ઉઠીને અભ્યાસ કરવા માંડ્યો હતો. તથા માંદાઓથી માવજત કરવા માંડ્યાં હતાં.

છતાં પણ ધર્મની આ સુધરેલી હિલચાલમાં દેવળો અને મઠોમાંનાં ધર્માધિકારીઓનું વલણ જ્ઞાન અને વિજ્ઞાન તરફ બિલકુલ અંધ હતું. છાપખાનાને તેઓ શયતાનનું યંત્ર માનતા હતા, કારણ કે તેણે જ્ઞાનનો ફેલાવો કરવા માંડ્યો હતો. પણ યુરોપની ધર્મની બહારની દુનિયામાં વિજ્ઞાનનો પ્રકાશ ધર્મની અંધારી દિવાલોને ફૂદીને પણ અંદર પેસી જતો હતો અને અભ્યાસ કરતા સાધુઓ પોતે જ વિજ્ઞાનનો બળવો જગાવતા હતા. એકન નામનો સાધુ જીવનભર ધર્મના કારાગારમાં સડવા છતાંય વિજ્ઞાનનો પિતા બન્યો. કોપર્નિકસે ધર્મની વંડીઓને ટપી જઈને ખગોળની માપણી કરનારૂં પુસ્તક લખ્યું નાંખ્યું હતું. અંધ બનેલો વૃદ્ધ ગેલેલિઓ દૂર્બીન નામની વિજ્ઞાનની નવી આંખ બનાવતો હતો. શરીરમાં લોહી ફરે છે એવું વિજ્ઞાનનું સત્ય પ્રતિપાદન કરવા માટે સર્વેટસ નામના જુવાન વિદ્યાર્થીને તથા પૃથ્વી ફરે છે તેવી વિજ્ઞાનિક જાહેરાત કરવા માટે બ્રુનોને જીવતા સળગાવી મૂકવામાં આવ્યા હતા. આ બન્નેને સળગાવી મૂકનાર ફ્રાન્સની ધર્મ સુધારણાનો આગેવાન કાલ્વીન નામનો જલીમ હતો.

યુરોપના રજવાડાઓની સાઠમારીનું સત્વ, વાણિજ્ય હકુમત

૧૬ મા સતકમાં શરૂ થયેલી ધર્મની અંધાધુંધીનો આ સંહારક ચરૂ જ્યારે ઉકળતો હતો ત્યારે યુરોપના રજવાડાંઓ પણ પ્રોટેસ્ટન્ટ અને કેથોલિક છાવણીમાં વહેંચાઈ જઈ ને નવા શોધેલા પ્રદેશોને પચાવી પાડવાની હરિફાઈમાં ઉતરી પડ્યાં હતાં, અને આખા યુરોપ પર બહારના નવા શોધાયલા પ્રદેશો પરની હકુમત માટેની અંદર અંદરની લડાઈઓ સળગી ઉઠી હતી.

યુરોપના રજવાડાંની સાઠમારીનું આ સ્વરૂપ પાયામાં વેપારી મથકો જીતવા માટેની અથવા વાણિજ્ય હકૂમત માટેની અંદર અંદરની હરિફાઈ હતી. આ હરિફાઈનું જીવલેણ રૂપ ઈ. સ. ૧૬૧૮ માં ૩૦ વર્ષના સંગ્રામના યુદ્ધ નામે જાણીતું થયું. તથા ઈ. સ. ૧૬૪૮ માં પુરૂં થયું. ત્રીસ વર્ષનું આ ભયાનક યુધ્ધ લડવામાં એક બીજા તરફના ધાર્મિક વલણો વગેરે આપતો પણ દેખાતી હતી, પરંતુ આ બધાના મૂળમાં બહારના જગતમાં સંસ્થાનો જીતવાની વ્યાપારી હરિફાઈઓ હતી. ત્રીસ વર્ષ સુધી યુરોપના દેશોના વ્યાપારી હિતો એ અંદર અંદર લડાઈઓ કર્યા કરી અને જાણે દરેક જણ દરેકની સામે અને સૌ જણ સૌની સામે લડતાં હોય એવો હરીફ યુદ્ધોનો દેખાવ ઊભો થયો.

ત્રીસ વર્ષની આ સાઠમારીમાં કોણ હાર્યું હતું અને કોણ જીત્યું હતું! ત્રીસ વર્ષનાં યુદ્ધ પછી કોઈ પક્ષ હાર્યો ન હતો અને કોઇ પક્ષ જીત્યો પણ ન હતો. પરંતુ બંને પક્ષો થાકી જઈને પોતપોતાને ઠેકાણે બેસી પડ્યા હતા. ત્રીસ વર્ષના આ સંગ્રામના આખા જમાનાએ યુરોપને વેરાન જેવું બનાવી મૂકયું હતું. જર્મનીના મોટા ભાગનાં શહેરો અને ગામો તારાજ થઈ ગયાં હતાં. પેલેટીનેટ નામનું એક જર્મનશહેર અઠ્ઠાવીસ વખત લૂંટાયું હતું, અને એકસો એંસી લાખની વસ્તી ચાલીસ લાખ પર આવી પડી હતી. વેસ્ટફાલિયાની સંધી વડે ઈ. સ. ૧૬૪૯ માં ત્રીસ વર્ષનું આ યુદ્ધ અંત પામ્યું ત્યારે યુરોપના કેથોલિક રજવાડાં કેથોલિક જ રહ્યાં હતાં અને પ્રોટેસ્ટન્ટ રજવાડાં પ્રોટેસ્ટન્ટ જ રહ્યાં હતાં. આ યુદ્ધ પછી સ્વીસ અને ડચ રાજ્યો આઝાદ રાજ્યો તરીકે બહાર આવ્યાં હતાં. ત્રીસ વર્ષનો આ ખાનાખરાબી પછી ફ્રાન્સ પાસે મેઝ, ટુલ અને વર્દુનનાં નગરો તથા આલ્સેક નામનો પ્રદેશ કાયમ રહ્યો હતો. ત્રીસ વર્ષના આ સંગ્રામ પછી "હોલી રોમન એમ્પાયર" કોઈ ખેતરમાં ચકલાં ઉડાડવા માટે ચાડિયો ઉભો કરવામાં આવે તેવું લશ્કર વિનાનું નાણાં વિનાનું અને હિમ્મત વિનાનું નિરાશ સ્વરૂપ ધારણ કરીને ઉભું હતું. ત્રાસ વર્ષના આ સંગ્રામે કેથોલીકો અને પ્રોટેસ્ટન્ટોમાં અંદર અંદરના ઝઘડા કરવાની તાકાત અને હિમ્મત ખતમ કરી દીધી હતી. આ સંગ્રામ પછી હોલેન્ડનું રાજકારણ આઝાદ બનીને વિજય પામ્યું હતું તથા તેણે હિંદ દેશ સાથે વેપાર ખેડવાની અને સંસ્થાન જમાવવાની યોજના ઘડવા માંડી હતી. યુરોપનાં યાદવાસ્થલી કરી ચૂકેલાં બધાં રજવાડાંનું આ એક રાજકારણ સંસ્થાનો જમાવવાનું હતું. આ રાજકારણના પાયામાં ઉત્થાનયુગનું અર્થકારણ હતું.

ઉત્થાનયુગનું અર્થકારણ અને સ્વદેશની અંદરનું યુરોપનું રાજકારણ

મધ્યયુગના ઈતિહાસનું મુખ્ય લક્ષણ મધ્યયુગની સમાજ રચનામાંથી એક પ્રદેશને બીજા પ્રદેશમાંથી જુદી પાડતી દિવાલોને તોડી નાખવાનું હતું. આ દિવાલો તૂટતી હતી ત્યારે આસ્તે આસ્તે મધ્યયુગના જીવનમાંથી આ નૂતન વેપારી વર્ગ જન્મ પામી ચૂકયો હતો. આ વેપારી વર્ગની જન્મદાતા ખેડૂત જનતા હતા. જમીન સાથે જકડાયેલા આ ખેડૂતનાં બંધનો જેમ જેમ તૂટતાં જતાં હતાં તેમ તેમ સાહસિક મિજાજવાળો મધ્યમ વર્ગ નફાની ભૂખનું સ્વરૂપ ધારણ કરીને જન્મ પામતો વચલો વર્ગ હવે વેપારી બનતો હતો, આ વેપારી વર્ગ પોતાના વાણિજ્ય હિતોનું રક્ષણ કરવા માટે પોતાનાં મંડળો, (ગીલ્ડસ) બાંધતો હતો.

રોમન સમયના પ્રાચીન જગતમાં પણ વ્યાપાર અને નાગરિક જીવન તો હતું જ. એ સમયમાં પણ પૂર્વ અને પશ્ચિમ પ્રદેશને જોડતો ભૂમધ્ય મારફત

વેપારનો વ્યવસાય પણ ચાલતો હતો. મધ્યયુગમાં વ્યાપારનું બીજું મથક બાલ્ટીક સમુદ્ર હતો. આ બંને સમુદ્રોના વેપારીઓનું સંગમ સ્થાન ફ્લેન્ડર્સનો પ્રદેશ હતો. આ સમયે જ વ્યાપારનું મથક ઇટાલીનું વેનિસનગર હોવાને બદલે ફ્લેન્ડર્સ હવે નૂતન વ્યાપારી મથક બનતું હતું. આ સમયે યુરોપમાં મુડીવાદનો આરંભ થતો હતો, એમ કહી શકાય. આ આરસામાં ઇંગ્લેંડનો અંદર વેપારી-ઓનાં ગીલ્ડઝ બંધાઈ ચૂકયાં હતાં આ વેપારી મંડળોએ પોતાના ખાસ હકકનું અને વેપારી હિતોનું રક્ષણ કરવા માટે અંગ્રેજ રાજા પાસેથી અધિકાર-પત્રો મેળવવા માંડયાં હતાં. ઇંગ્લેંડે પોતાનો માલ હવે બહાર પણ મોકલવા માંડયો હતો. અંગ્રેજ ધરતી પર સાહસિક વેપારીઓએ આ રીતે ૧૬ મા સૈકાની શરૂઆતથી જ અંગ્રેજી શાસનના વ્યવહારમાંજ પોતાના અધિકારનો અવાજ ઉઠાવવા માંડયો. શાસનના દૈવી અધિકાર માગતા યુરોપના મહારાજાઓ સામે શાસન વ્યવહારમાં પોતાનો હિસ્સો માગતા વ્યાપારી સમાજનો આ અવાજ રાજકિય અસ્મિતાવાળો તથા નૂતન પ્રકારનો હતો.

આ નૂતનતા વાણિજ્ય સમાજના અર્થકારણના વહિવટ ઉપરાંત રાજકીય રૂપ ધારણ કરવામાં ખાસ હતી. આ વેપારી સમાજ પોતાના દેશના રાજકારણમાં પોતાનો અધિકાર માગતો હતો. યુરોપમાંનવો જન્મેલો વેપારી મૂડીવાદ એકલા નફા મેળવવાથી ધરાય તેવો ન હતો. શાસનના વ્યવહારની અંદર પણ આ વ્યાપારી સમાજ પોતાનો હિસ્સો માગતો હતો અને એ રીતે નવું રાજકિય ભાન દાખવતો હતો.

ટયુડર સમયના ઇંગ્લેંડની જીંદગીમાં જે પરિવર્તનો શરૂ થયાં હતાં તે આર્થિક ક્રાંતિનાં હતાં. આ આર્થિક ક્રાંતિનું સ્વરૂપ આખા યુરોપને હચ-મચાવી મૂકતું તેના જીવનના પાયાઓને બદલતું હતું અને વિશાળ બનેલા વિશ્વ સાથે મૂડીવાદી વાણિજ્યનો સંબંધ બાંધવા યુરોપમાંથી સાહસિકોને બહાર ધકેલતું હતું. ઈ. સ. ૧૪૮૭માં બાર્થોલોમિયોડિયાસે કેપની શોધ કરી. ઇ. સ. ૧૪૯૮માં વાસ્કો—ડા—ગામા કાલિકટ પહોંચ્યો. ઈ. સ. ૧૪૯૨માં કોલંબસે આટલાંટિક ઓળંગીને વેસ્ટઈન્ડિઝ અને અમેરિકાની શોધ કરી. આ મહાન શોધખોળોના સમયમાં યુરોપખંડ પર નૂતન જમાનાની પ્રસુતિની પીડા શરૂ થઈ ગઈ હતી. આ નૂતન જમાનાનું સ્વરૂપ મૂડીવાદનું હતું. આ મૂડીવાદ પોતાની જીંદગીના આરંભમાંથી જ અચલાયતન જેવા ઘોર નિદ્રામાં પડેલા પૂર્વના પ્રાચીન મહાન દેશોને ઢંઢોળીને તેની ઉંઘ ઉરાડી નાંખતો હતો. પંદરસો વર્ષથી ઉંઘતા પડેલા આ કુંભકર્ણ દેશોના જીવતરમાં જીવનની પ્રગતિનું એક પણ પ્રકરણ પછીથી આગળ દેખાયું ન હતું ત્યારે યુરોપનો

વેપારી સમાજ વિશ્વઇતિહાસનું નવું પ્રકરણ ઇટાલીમાં, જર્મનીમાં, પોર્ટુગલમાં સ્પેઇન અને ઇંગ્લંડમાં, નવા જમાનાનું મૂડીવાદનું રૂપ ધરીને લખતો હતો. એણે પ્રાચીન દેશોનાં કમાડ ખખડાવવા માંડયાં હતાં. યુરોપના આ નવા જમાનાએ ઉત્થાનનો યુગવેગ ધારણ કર્યો હતો. આ યુગવેગનું રૂપ શોધકરૂપ હતું. નવા નવા પ્રદેશોની શોધ ઉપરાંત વિજ્ઞાનોના આ શોધકરૂપનું નામ અર્થકારણમાં મૂડીવાદ હતું, અને ધર્મકારણમાં 'રેફર્મેશન' હતું.

ઉત્થાનયુગનું શાસન સ્વરૂપ

યુરોપને નવા યુગના શાસન સ્વરૂપની ઝાંખી કરાવનાર છબી વ્યાપારી હકૂમતવાળા ઇટાલીના ફ્લોરેન્સ અને વેનિસ નામનાં નગર રાજ્યોએ બતાવી હતી. વ્યાપારી શાસનના ફ્લોરેન્સ નામના નગરમાં જ નીકોલો–મેકી આવેલી નામનો મધ્યયુગનો ચાણક્ય જન્મ્યો હતો. મેકીઆલેલી ફ્લોરેન્સના નગર રાજ્યોમાંની દસજણાની કારોબારીમાંનો એક હતો. એણે રાજકારણ ઉપર 'પ્રીન્સ' નામનો એક ગ્રંથ લખ્યો તથા રાજ્યકારણને નીતિ વ્યવહારથી જુદું પાડી દીધું. આ રાજ્ય કારણનું શિક્ષણ આપવા માટે તેણે શિક્ષણને પણ નીતિના વ્યવહારથી અલગ કરી દીધું. મેકીઆવેલીએ રાજા બનવા માગનાર માટે અધિકારના પદને ગમે તે રીતે સાચવી રાખવાની તાકાતની પૂજા કરી. આ તાકાત માટે ગમે તે સાધન અથવા રસ્તો યોગ્ય ઠેરવવામાં આવ્યો. મૂડીવાદી વિચારસરણીની હકૂમતની નીતિ રીતિની વિચારસરણીનોજ આ આરંભ હતો. રીકાર્ડો નામના અર્થશાસ્ત્રીએ આર્થિક વ્યક્તિવાદની આવી જ ભાવના મૂડીવાદી અર્થશાસ્ત્રની રચનામાં ઉભી કરી હતી. આ રાજકારણના મધ્યબિંદુમાં મેકી આવેલીએ "પ્રિન્સ" ને ગોઠવ્યો હતો પરન્તુ વાણિજ્ય હકુમત્તનું શાસક સ્વરૂપ પણ વ્યાપારી પ્રિન્સો જેવું બનવા માંડયું હતું. આ નવા જમાનાના અર્થકારણે જેવી રીતે આર્થિક વ્યક્તિવાદનો સવાલ રજૂ કર્યો તેજ રીતે મેકીઆવેલીએ રાજકિય વ્યક્તિવાદની રજૂઆત કરી. રાજાઓએ અને વેપારીઓએ પોતપોતાને માટે રાજકિય અને આર્થિક અધિકારો માટે આ બંને સિદ્ધાંતોનો અમલ કરવા માંડયો, તથા આખરી ફેંસલા માટે આગળ વધવા માંડયું. પરંતુ ઉત્થાનયુગમાં આરંભ પામેલી આર્થિક હકૂમતનું રૂપ તો વ્યાપારી મૂડીવાદ પાસે હતું અને રાજકિય સત્તાનું રૂપ પોતાને શાસન કરવાના સર્વ અધિકાર ભગવાન પાસેથી મળેલા છે અને તેથી દૈવી છે એમ માનનારા મહારાજા પાસે પણ હતું. આવા મહારાજાનો આગેવાન મેકીઆવેલી હતો અને મુડીવાદી વેપારીસમાજનો આગેવાન રિકાર્ડો હતો.

[મધ્યયુગનું સ્વરૂપ આલેખન—મધ્યયુગનું કવન—ઉત્થાન યુગનો યુગવેગ, સીમા ઉલ્લંઘન -પિટર વાલ્ડો નામનું પ્રકાશનું છાયાચિત્ર—ઉત્થાનયુગના ઉંબરા પર ઉભેલો ફ્રાન્સીસ—ઉપાનો છઠીયર-ઉત્થાનના વ્યાપારી યુગનો શૃંગાર સ્વામી—વિજ્ઞાનનું એક પુસ્તક -સંસ્કાર જેવો જ્યોતિર્મય]

મધ્યયુગનું સ્વરુપ આલેખન



[ડાન્ટે]

ઈતિહાસના મધ્યયુગનું સ્વરૂપ આલેખતો મધ્ય યુગના અંતને પુરોપનાઉત્થાનના ફ્લોરેન્સ નગરનો એક કવિ આખા યુગની તસ્વીર ગાતો એવો હતો એવો હતો. આ યુગ ઈતિહાસમાં એને રજવાડી યુગ કહ્યો હતો. આ રજવાડી યુગની દુકરાતો પંડીઓ અને ક્રિશ્ચિયનીઓમાંથી બહાર નીકળીને લાંબા ભાલાઓ અને બજનદાર પકતરો ધારણ કરીને 'શાયલરી' કરવા નીકળતા હતા. આ મધ્યયુગનો બહુત સમુદાય સઈ અથા એન યુલામ તરીકે ઓળખાયો હતો. પરન્તુ એ પણ વેઠીયો જતી જવાને બદલે રંગબેરંગી

કપડાં લપેટીને, જંગલો કાપતો, ભારે ભાષા બોલતો, ઈસુના આકાશી સ્વર્ગને પૃથ્વીપર ઉતારી પાડવા, આખા યુરોપને પોતાના કૂચકદમથી ધ્રૂજાવતો જંગલેણ જીવનનાં બંધનો તોડતો નીકળી પડતો હતો. આ યુગને અંધકારના વિધિ નિષેધ આપવા ઇસાઈધર્મ વિકરાળ બનીને યાતનાઓ અને ચિંતાઓ સળગાવતો હતો છતાં, એના કારાગાર જેવા મઠની કોટડીઓમાં વિદ્યાનો વ્યાસંગ વિદ્યાની હોડમાં માથાંઓ મૂકી દેવા તૈયાર થતો હતો. એવો આ યુરોપી ધરતીપરનો મધ્યયુગ કરાલ એવા ભાવધરીને, ગોથનાં, હૂણનાં, વાંડાલનાં, ઇસ્લામનાં, મેગીઅર્સનાં, નોર્સનાં, આક્રમણો ઝીલતો હતો તથા શાર્લમન અને આલ્ફ્રેડની યશગાથાઓ ગાતો હતો. યુરોપની ધરતી પર ચાલતા આ અંધારયુગના વલોણામાં, સર્વેંટસ અને ઇસુનો, વીકલીફ, અને હસ, વાલ્ડો અને ફ્રાનસીસ નૂતન નીતિમત્તાને જલતી રાખવા, જીવતરની ભઠ્ઠીમાં હાથ નાખીને ઇન્ધન બનતા હતા. મધ્યયુગના એ સ્વરૂપના પાયામાં, રાજકારણ અને અર્થ-કારણ, ધર્મકારણમાં ઓતપ્રોત બનીને ઉતાવળાં દોડતાં હતાં. ત્યારે જ આ બધામાં એ પણ બેઠો હતો. એ એક કવિ હતો. એને જીવનની આવી વિકટતા સામે વેર અને ગુસ્સો બન્ને હતાં. એ બધાથી ઉભરાતો, એ હળાહળ જેવું કવન કરતો હતો, અને એની નજર સામે ઘેરાતા ધૂમ્મસના અનેક પડછાયામાંના એકને એ પૂછતો હતો.

'તે તમે કોણ છો?'

'હું તમારા દાદાના બાપનો...'

'બસ, બસ...મારે મારી વંશાવળી નથી સાંભળવી...મારા સમયથી... મારા સમયના લોકોથી અને દુનિયાથી કંટાળેલો હું બળ્યો-ઝળ્યો અહીં આવ્યો છું, તે મારો વંશ ક્યાંથી ઊતરી આવ્યો છે, તેનાં એકલાખ નામો સાંભળવા માટે નહિ...મને માત્ર તમે કોણ છો તે જ કહો.'

'હું તે જ કહેવા જતો હતો, પણ ભલે...મારું, હું જીવતો હતો, ત્યારનું નામ કેકસીઆ ગાયડા છે.'

'પણ તમે જીવતી દુનિયામાં નથી?'

'હું અને તું બંને....હું મરી પરવારીને અહીં જેની તું કવિતાઓ લખે છે તેમાં અને તારી દુનિયાથી કંટાળીને...પણ તારો સમય શો છે વારૂ?'

'તેરમો સૈકો ચાલતો હશે....ઈસુનું તેરમું શતક....' બોલતા પેલા સાંભળનારે અટ્ટહાસ્ય કર્યું અને કહેવા માંડ્યું, "ઈસુનું શતક ક્યાં છે હવે? મારા વખતમાં ય કેટલાક શઠ લોકો ઈસુના નામને સમય સાથે પરોવેલું રાખીને બિચારા એ ઈસુનો ઉપહાસ કરતા હતા.....નરકાગાર જેવી દુનિયાને ઘડીને

તેના સમય સાથે ઈસુની સાલગિરાહ ઉજવનારા એ મોટા લેખકોએ દુનિયાની કેવી ઝૂરી દશા કરી નાખી હતી, તે હું જાણું છું અને એ અવદશા તારા સમયમાં તો અનેકઘણી વધી ગઈ હશે, નહિ તો તું અહીં સ્વર્ગમાંથી નરકલોકમાં ભાગી શાનો આવે? તારી દુનિયાથી કંટાળેલો તું, તે માટેના ધિક્કારથી ભરેલો તું...તારું નામ તો 'ડાન્ટે, એલીઘીએરી...છે ને! તને ઓળખીને તો હું અહીં આવી પહોંચ્યો છું, મારા જ કુળનો તું પણ છે." ડાન્ટે ઉંઘમાં સાંભળી રહ્યો. એના કાનમાં એક હસવાનો અખડાટ સંભળાયો. વહેલી સવારમાં ડાન્ટેના ટેબલ પરના લખેલા કાગળનાં પાના ત્રેડનાં હતાં. એક કાગળ ઉઠીને સ્વપ્નની યાદ પર વિચારતા એના ચહેરા સામે આવ્યો. એના પર મોટા અક્ષરે લખ્યું હતું, 'ઇનફરનો.' એ કવિ હતો. ૧૨૬૫ની સાલમાં ઇટાલીમાં, ફ્લોરેન્સ નગરમાં એક સુખી કુટુંબમાં એ જનમ્યો હતો. એનાં માબાપને એના સિવાયનાં બીજાં ઘણાં બાળકો હતાં, અને સૌને ભણાવવા માટે એના શ્રીમંત બાપાએ સારો એવો ખર્ચ કર્યો હતો.

પણ ડાન્ટેને તેરમા શતકના રજવાડી અંધેરમાં ખદબદતી દુનિયામાં જરા જેટલો સંતોષ પણ થયો નહિ. કોલંબસ જેવી શોધખોળ કરવા એનો જીવ તપી ઉઠ્યો. એણે શોધ પણ કરી. પણ એ શોધ ધરતી પરના કોઈ દેશની નહોતી. રજવાડી સડેલી દુનિયાની છબીની ભયંકરતા નહિ ભૂલેલો એ પોતાની જ તરંગી દુનિયા રચતો સ્વર્ગ અને નર્કની સૃષ્ટિનો શોધક બન્યો. એને આ શોધ પહેલાંના જીવનના રંગોના આરંભમાં એક મનોહર છોકરીનો ચહેરો દેખાયો હતો. એ છોકરીનું નામ બીએટ્રીસ પોરટીનારી હતું. એની એ આરંભની યાદવાળા એ મનોરમ ચહેરા સાથેનો એનો સંગ થઈ શકયો નહિ અને એના મનોમય દેશ પર એ ચહેરાની છબી એકલી ચોંટી રહી હતી. આ સ્નિગ્ધ છબી ડાન્ટેનાં બધાં રઝળપાટ અને લખાણોમાં નાનામોટાં રૂપ ધરીને એ સ્નિગ્ધ છાયાની પ્રતિમા સોમાં ફરતીફરતી થઈ ગઈ હતી. જ્યારે એ જુવાન હતો ત્યારે પણ, એ પ્રતિમાની મનોમય છબીમાં રાચતો ડાન્ટે તે સમયની ફ્લોરેન્સની નગર સરકારમાં ત્રીસ વરસની ઉંમરે જોડાતો હતો. એ સરકારના રાજકારણમાં તે વખતે બે મુખ્ય ટોળીઓ હતી: એક ટોળી કાળી હતી, બીજી સફેદ હતી. એના રાજકીય જીવનના આરંભમાં જ કાળી ટોળી સત્તા પર આવી અને સફેદ ટોળી પાછી પડી. તે સમયના જીવનની વિકરાળ છબીમાં ત્યારે ફ્લોરેન્સમાં રહેનાં છસો સફેદ ટોપીવાળાં કુટુંબો પર સત્તાવાળાઓએ જુલમો શરૂ કર્યા. છસો કુટુંબનાં ઘરબાર છીનવી લેવાયાં. લોકશાસનમાં માનતાં છસોયે કુટુંબો એક જ રાતમાં ઘરબાર વિનાનાં રસ્તાનાં રખડનારાં બની ગયાં. એ પણ આફતમાં આવ્યો.

પણ ડાન્ટે એથી હામ હારે તેવો ન હતો. એની પાસે આબરૂ હતી, કલમ હતી, અને એના મનમાં પેલી પ્રતિમા હતી એટલે રઝળપાટે નીકળવાનો એણે હિંમતભર્યો નિર્ણય કર્યો કે, 'રખડાશે પણ પર દેશ તો દેખવા મળશે.' અને એ ઘરબાર વિનાનો અનેલો મિલાન પહોંચ્યો. પછી મિલાનથી ઉત્તર ઇટાલીના પ્રદેશ પર એ ભટકવા લાગ્યો અને છેવટે રેવેનામાં જઈને રહ્યો. ત્યાંના સરમુખત્યાર ગાયડો–ડા–પોલેન્ટાએ એનો સત્કાર કર્યો.

ત્યાં જ એ જીવ્યો અને ત્યાં જ ૧૩૨૧ના સપ્ટેમ્બરના ચૌદમા દિવસ સુધી પેલી મહાન કવિતા લખતો રહીને એ મરણ પામ્યો. ત્યાં સુધી આ હદપાર થયેલો કવિ ફ્લોરેન્સના વિચારો કર્યા જ કરતો હતો અને કડવો બન્યા કરતો હતો અને લખ્યા કરતો હતો. એણે મહાકાવ્ય લખવા માંડ્યું હતું. એ કાવ્યનું મશહૂર નામ 'ઇનફરનો' (નરકદેશ) હતું.

આજ સુધી યુરોપની વિદ્યાપીઠોએ એ કવિનું કવન વિદ્વાનોની મિમાંસા માટે સોંપ્યા કર્યું છે અને વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ એ કાવ્યમાં ડાન્ટે શું કહેવા માગે છે, તેના નિબંધો લખ્યા કર્યા છે. એવા એના મહાકાવ્યની ઘટનાનો સમય ૧૩૦૦ની સાલનો છે. એણે ઇનફરનો લખીને મરવાને લાયક થયેલું અને સડીને નરકાગાર બનેલું રજવાડી જગત નાશ પામવાને જ લાયક છે, તે વાત બતાવી. રજવાડી ઘટનાનું એ છેલ્લું પ્રકરણ બન્યું અને પછી એનું ડીવાઇન કોમેડીનું કવન નૂતન જીવનનું પહેલું પ્રકરણ બન્યું. આ કવન પર મધ્યયુગના અંતમાંથી જાણે ઉત્થાનની ઉષ્મા નૂતન રંગોધરીને નીકળતી દેખાઈ.

ઉત્થાનયુગનો યુગવેગ, સીમા ઉલ્લંઘન

ઇતિહાસના યુગેયુગે બંધાઈ જતી સીમાઓ ઉલ્લંઘવાનું કે તોડવાનું કે ઓળંગી જવાનું કાર્ય તે તે સીમાઓની અંદર રહેતી અને પછી જકડાઇ જતી સામાજિક માનવતા કરતી હોય છે. આવી સીમાઓની વંડીઓને ટપી જવાની તે તે સમયની સ્થિતિ ચૂસ્તતા મના કરતી હોય છે. આ મનાઈ હુકમનો ભંગ કરીને પણ માનવ સમાજ પ્રગતિના પંથે આગે કદમ ઉઠાવતો હોય છે. આ આગેકદમ સમાજનાં પ્રગતિશિલ પરિમળોને ધારણ કરનાર માનવસમુદાય અથવા સંઘ-માનવનો જ હોય છે. પરંતુ આ સંઘમાનવ કે સમુદાયનાં આગેવાન બનનારાં મહાનુભાવો જ્યોતિર્ધર જેવાં બનીને આગળ ડગ ભરતાં દેખાયાં છે તથા આપ-ભોગ આપતાં આગળ વધતાં વ્યક્તિરૂપમાં સમુદાયની આગેવાની કરતાં હોય છે.

પિટરવાલ્ડો નામનું પ્રકાશનું છાયા ચિત્ર

મધ્યયુગની સીમાઓને ટપી જનારાં, મધ્યયુગની જીવનરોધક વંડીઓને તોડી નાખનારાં અને માનવસમુદાયની પ્રગતિના પ્રાણ બનનારાં, મધ્યયુગનો અંત

માગનારાં મહાનુભાવો ઉત્થાનનાં ઝંડાધારી બનેલાં હવે યુરોપની ધરતી પર દેખાવા માંડ્યાં હતાં. યુરોપમાં હવે ઉત્થાન આરંભાતું હતું. યુરોપની ભૂમિ પર માનવ જીવનને જકડનારાં મધ્યયુગી બંધનો તૂટવા માંડતાં હતાં. વિશ્વઇતિહાસનો આ ઉત્થાન યુગ જગત આખામાં વ્યાપક બનતા પહેલાં હવે યુરોપની ધરતી પર ગોઠવાવા માંડતો હતો. ઈ. સ.નો બારમો સૈકો યુરોપ પર મધ્યયુગી અંધકારને ભેદીને ઉગતી ઉષ્માના ઉત્થાનના પ્રકાશ પહેલાંના ધૂમ્મસમાં ઘેરાયેલો દેખાતો હતો. આ ધૂમ્મસમાંથી પિટરવાલ્ડો નામના મહાનુભાવનું છાયાચિત્ર જાણે ક્ષિતીજપર એકદું થતું દેખાતું હતું. આ વાલ્ડોએ યુરોપની ધરતીપર ધર્મ બનેલી જિસસની જીવન કથાનું સીધું સાદું ભાષાંતર કરવાની શરૂઆત કરીને ધર્મ સુધારણાનો આરંભ કર્યો. લીઓન્સનો એ એક વેપારી હતો. વાણિજ્ય જીવનમાંથી જ એણે પ્રગતિને પારખી હતી તથા જીવનર સાથે જોડવાની હિલચાલ આરંભી હતી. આ હિલચાલ સાથે એણે પોતાની બધી મિલ્કત ગરીબોમાં વહેંચી દેવા માંડી તથા ઈસુનો નૂતન સંદેશ ઉમેરા કરવા મંડ્યો. જડ્સુ બનેલી ખ્રિસ્તી સંસ્થાએ એને હડધૂત કર્યો અને એના અનુયાયીઓનો નાશ કર્યો કર્યો પણ એણે પેટાવેલી જ્યોત ખૂઝવી જવાને બદલે યુરોપની ભૂમિપર પથરાવા માંડી.

ઉત્થાનયુગના ઉંબરા પર ઉભેલો સંત ફ્રાન્સીસ

કાપડના વેપારી અને ધીરધાર કરનાર એક પીએટ્રો બરનારડોનનો એ ફ્રાન્સિસ નામનો દીકરો હતો. પીકા નામની એની જુવાન સ્ત્રી સાથે એ જાહેરમાં આવી પહોંચ્યો હતો. અને, મધ્યયુગમાં કચવાતી ચંપાતી અને સંહાર પામી જતી ગરીબ માનવતા પર અથાગ કરુણા પ્રગટી હતી. આ કરુણાથી પ્રજ્વળતો, ગરીબ માનવનો ઘાત કરતા, ક્રૂર જીવનના વ્યવહારનો ફિટકાર કરતો, એ બોલતો હતો, " હું આનંદ ઉપભોગમાં જુવાની પસાર કરવા માટે મારો પોતાનો ફિટકાર કરું છું. પરુગિયાના યુદ્ધમાં સમશેર લઈ ને સંહારમાં ઊતરી પડવાના મારા અપરાધના ભાનથી જાગેલા પશ્ચાતાપથી હું સળગી રહ્યો છું. " આમ બોલતાં બોલતાં એણે પોતાનો કિંમતી પોશાક શરીર પરથી ઉતારી ઉતારીને રસ્તા પરની ધૂળમાં રગદોળાઈ જવા ફેંકી દેવા માંડ્યો. નગરશેઠનો આ નબીરો નગ્ન ઊભો અને બોલ્યો, " જ્યાં સુધી આ ધરતી ખેડતો શ્રમમાનવ નાગો, ભૂખ્યો અને દુઃખથી સળગતો શોષાઈ મરે છે ત્યાં સુધી આ શરીર પર હું કદિ વસ્ત્ર પહેરીશ નહિ. જેવો ઈસુ ગરીબ હતો તેવો જ હું ગરીબ માનવ બનું છું." જ્યારે સંસ્કારનું આવું વર્તનરૂપ ભજવાતું હતું ત્યારે મધ્યયુગ અંત પામતો હતો અને નૂતન યુગ ઊગવા માગતો હતો. જીવન વ્યવહારનું ઉત્થાન, સંસ્કા-

રનું નવું વસ્ત્ર માગતું ઊભું હતું. મધ્યયુગના અંતપર ઊભેલા આ સંસ્કાર માનવીની સાથે જ એની યુવાન પત્ની પીકા સહચારિણી બની હતી. ઉત્થા-



નના એક જ કિરણ જેવાં આ માનવો સદેહેજ, સંત બનતાં હતાં. આ દંપતીને ધારણ કરીને, એસીસી ધન્ય બનતું હતું.

અહીં જ્યાં સમશેરનું જ મૂલ્ય હતું ત્યાંજ અહીં એસીસી આગળજ, જ્યાં એકવાર હેનિબાલના હાથીઓ, મોતની જ્વાળાઓથી સળગતી શૂંઢો ઉછા-

ળતા, રોમન માનવતાની વિશાળ છાતીપર ઓળ પગ ચાંપતા, માનવ જીવનને ધારણ કરતી પાંસળાંની પેટીઓના ચૂરા કરી નાખતા, આ ધરતીને, લોહી અને લોખંડની કરચોથી છાઈ દેતા હતા અને પછી નરકાગાર જેવું ઈસાઇ દેવળ, કારાગારની દીવાલો પાછળથી પાપીઓને જીવતાં સળગાવ્યા કરતું હતું, ત્યાં, તેજ ધરતી આવા વેરાનમાં પણ સંસ્કારના બીજને સંઘરી રાખીને ઉત્થાનનો પુકાર કરતી હતી. અદના માનવની યારી આ ધરતીપર લાગણીનો આતશ ધારણ કરીને સુવર્ણની તાકાત ધરેલી વેપારી માનવીની આગેવાની પામીને વ્યાપારી યુગમાં પણ શૌર જગવતી હતી માનવીનો આત્મા જાણે મધ્યયુગના ઓથારના રજવાડી ભારને પોતાની છાતી પરથી હડસેલો મૂકીને, પગભર થવાનો અવાજ પુકારતો હતો. આ અવાજને ધરતી પર કાતરીને ફ્રાન્સીસ પછી મરણ પામી ગયો. જ્યારે આ અવાજને ઈટાલીની ધરતીપર સૂંઘતો, ઍસીસીના વેપારી પિયેટ્રોનો દીકરો ફ્રાન્સિસ્સ હવે અહીં હતો નહિ ત્યારેપણ યુરોપના બજારમાં એણે પાથરેલી માનવ સંસ્કારની સુવાસ આ નગરને મહાન બનાવતી હતી. આ સુવાસનો શબ્દ અહીં ફ્રાન્સિસ્સનુ ગીત બન્યો હતો આ ગીતનો ગુંજારવ લઈને વહેતાં જતાં ઝરણાંઓમાં અને કિલકિલાટ કરતાં પંખીઓમાં પણ આ ગીતનો પડઘો સંભળાયા કરતો હતો. એ સુવાસને સુંઘતો અને ફ્રાન્સિસ્સના જીવનનાં ચિત્રો દોરતો એક ચિતારો આજે અહીં આવી પહોંચ્યો હતો અને આજસુધી કોઈએ નહિ દોરેલાં એવાં નવાં ચિત્રો એ દોરતો હતો.

ઈટાલીના, ફ્લોરેન્સ નગરની ઉત્તરમાં વેસ્પિગ્નાનો નામના ગામના એક ગરીબ ખેડૂતનો એ દિકરો હતો. એકવાર જ્યારે, એના બાપના બીડમાં ઘેટાં ચરાવતો, એ એક ખડકપર એક બકરીના બચ્ચાનું ચિત્ર દોરતો હતો ત્યારે સીમાબુ નામનો ચિત્રકાર એને જોઈને આનંદ પામ્યો અને એના ગરીબ બાપ પાસેથી એને નોકરી કરાવવા લેવાતો લાધો. પોતાની ચિત્રશાળામાં આવેલા નોકર છોકરાને પેલા ચિત્રકારે ચિત્ર દોરતાં પણ શીખવવા માંડયું. ઇ. સ. ૧૩૦૫ માં પછી સીમાબુ મરણ પામતો હતો ત્યારે, આ નવો ચિત્રકાર એને કહેતો હતો: "બાપુ મધ્યયુગ હવે અંત પામે છે. હું માનવીની મહત્તાનાં નવાં ચિત્રો ચિતરવાનો છું." આ નૂતન ચિત્રકારનું નામ જ ગિઓટો હતું. ઍસીસીના સંત ફ્રાન્સિસ્સનાં એને સ્વપ્નો આવતાં હતાં. આ સ્વપ્નોને ચિત્રમાં જડી લેવા માટે, એની પાસે પાયો બનનારા કોઇ ચિત્રકારનાં જૂનાં ચિત્રો હતાં જ નહિ. નૂતન જિવતરના માનવતાના નવા રંગો અને રેખાઓ એની અંતરની નજર સામે દેખાયાં તેવાં એણે ચિતરવા માંડયાં.

આ ચિત્રોમાં પિટર કે લ્યુક દેખાતા નહોતા. આ નૂતનચિત્રમાં માનવતા પર પ્રેમ કરનારો સંત ફ્રાન્સિસ હતો. ગિઓટોના ફલકપર સંત ફ્રાન્સિસ પાછો જીવતો થઇ ગયો. આ ચિત્રોમાં અદ્દનાં માનવો આવી પહોંચ્યાં. આ ચિત્રોમાં કિલ્લોલતાં પંખીઓ ઊડવા લાગ્યાં. આ ચિત્રોની પછીત બનીને જેવી હતી તેવા કુદરત ધરતીના અનેક રંગો ધારણ કરીને શોભી ઊઠી. ગિઓટોએ એસીસી, ફ્લોરેન્સ, પાદુઆ વિગેરે નગરોમાં આ નવાં ચિત્રોપર નવા આવતા જીવનને ચિતરવા માંડયું. નૂતન યુગના ઉત્થાનની આગાહી આપીને આ મહાન ચિતારો પછી ૧૩૩૭ માં મરણ પામ્યો, અને પછીના કલાકારોને, માનવતાની યાદ આપીને, સંસ્કારનો સૌથી મોટો પદાર્થ પાઠ શીખવતો ગયો.

ઉત્થાનની ઉષાનો છડીદાર. બેકન

સત ફ્રાંસિસના ધર્મ સંઘમાં જોડાયેલો તથા ઓક્સફર્ડ અને પેરીસની



વિદ્યાપીઠમાં ભણેલો તેરમા સૈકાના જીવન વિજ્ઞાનનો સંદેશવાહક હોય તેવો રોગરબેકન ધર્મના એક મઠમાં, પોતાને મળેલી સાધુ તરીકે રહેવાની એક ખોલીમાં વિજ્ઞાનની વાતો કરતો હતો. એટલે તરત જ અવૈજ્ઞાનિક એવી ધર્મ ઘટનાએ એને સેતાનના ઉપાસક તરીકે જાહેર કર્યો, પણ એણે તો જાહેરાત કરી કે,

'વિજ્ઞાન વડે, હલેસાં વિનાની હોડીઓ ચાલી શકશે અને શઢ વિનાનાં જહાજ હંકારાઈ શકાશે. વિજ્ઞાનની યુક્તિઓ ધારણ કરીને કલ્પનામાં પણ ન આવે તેટલી ઝડપથી વાહનો દોડશે તથા ઉડવાનાં યંત્રો પણ બનશે અને નદીઓ પર નૂતન સેતુઓ નંખાશે.'

'તનને એ શું લત લાગી છે?' એને સાધુઓ પૂછતા.

'એ લત નથી, વિવેકનું લક્ષણ છે.' એ અંધારી ઓરડીમાંથી જવાબ આપતો ને ભાર દઈને કહેતો કે, 'જે ચાલતું આવે છે તે સ્વીકારી લેવાવું ન જોઇએ. એકેએક વાતને પ્રયોગમાં સાબિત કર્યા પછી જ તેને માનવી જોઇએ.' એટલે બેકન ધર્મના કારાગારમાં પૂરાયો અને દશ વરસ થઈ ગયા પછી બેકનને ધર્મના વડાનું ફરમાન આવ્યું.

'વિજ્ઞાનનો ઇતિહાસ લખી શકશો?' એણે આ વાત આનંદથી સ્વીકારી. બેકને મઠની દિવાલોમાં વિજ્ઞાનનો ઇતિહાસ લખવા માંડયો. એણે એનું વાંચન

યાદ કર્યું અને સ્મરણમાંથી લેખન શરૂ કર્યું. એણે એકે પુસ્તકની મદદ વિના આખું લખાણ તૈયાર કર્યું અને ધર્મના વડા પાસે તેને ધરીને એ ઇતિહાસનું સત્ય ઉચ્ચારતો હોય તેમ બોલ્યો.

" જગત કોઈ પ્રભુની બનાવટ નથી. જે થાય છે તે પ્રભુની ઇચ્છાથી થતું નથી, પણ પદાર્થ અને સમાજની વાસ્તવિક ઘટનાના અફર એવા નિયમો પ્રમાણે થયા કરે છે અથવા બન્યા કરે છે.' બેકન આ અપરાધ માટે ફરી વાર પાછો કારાગારમાં પૂરાયો.

આ સમયનું કારાગાર જીવનભર ચાલે તેટલું લાંબું હતું. વરસો પછી એ વૃદ્ધ થયો અને કારાગાર બનેલું એવું આખું જગત એને મન એક મોટું અંધારું જગત બન્યું હતું.

એની ઓરડીમાં આવતું સૂરજનું એક કિરણ પણ જાણે એની ઠેકડી કરતું લાગતું હતું. વિજ્ઞાનનું રટણ કરવાના અપરાધ માટે જકડાયેલો એ નિરાશ જેવો માથે હાથ દઈને બેઠો હતો, ત્યારે એક અવાજ અથડાયો, ' અમે આવ્યા છીએ.' એક મધરાતે એની ઓરડીનું બારણું ઊઘડ્યું ને ઊઘડેલા બારણામાંથી અવાજ આવ્યો. માથે હાથ દઈ બેઠેલો કેદી હાલ્યોચાલ્યો નહિ. એણે પલકારો માર્યા વિના જોયું, ' અમે તમને છોડાવવા આવ્યા છીએ.' આવનારે કહ્યું.

' અમે તમને છોડાવવા આવ્યા છીએ.' પડછાયો પાસે આવ્યો.

' તમે કોણ ? ' કેદીએ માથું ઊંચકયું.

' મિત્રો.' આવનાર ધીમેથી બોલ્યું અને હાથ લંબાવીને કેદીની પીઠ પર મૂક્યો.

આજે ચૌદ વરસે એને જીવતો હાથ અડક્યો.

એ ચમકી ઊઠ્યો. એના આખા શરીરમાં ઝણઝણાટી થઈ. ' તમે કોણ છો ? ' એ બોલી ઊઠ્યો.

' મિત્રો. તમને છોડાવવા આવ્યા છીએ. તૈયાર થાવ.'

' મને છોડાવવા ? ' કેદીને સમજાયું.

' હા, જલદી. પછી રાત પૂરી થશે.'

' રાત પૂરી થશે ? ' કેદીના કપાળે કરચલીઓ પડી. અનેક વરસોની એક મોટી રાત એની નજર આગળ દેખાઈ. ' રાત પૂરી થાય ? ' એ વિચારી રહ્યો. અંધકારમય બનેલા જગતની એની કાળી રાત્રિ પુરી થવાના ખ્યાલને મનમાં ગોઠવતો એ ઊઠ્યો. એમ કારાગારમાંથી એ નાસી છૂટ્યો પછી થોડાંક વરસો વીતી ગયાં હતાં.

'તમારો.....' મરણપથારી પરથી વૃદ્ધની જીભ લથડતી કહેતી હતી, 'ઉપકાર, ઉપકાર, તમારો...ઉપકાર.' વૃદ્ધે શબ્દો ગોઠવ્યા.

'એવું ન બોલો. અમારો ઉપકાર નથી.' માથા આગળ બેઠેલા એક જુવાને કહ્યું. 'આપને આરામ થઈ જશે.'

'આરામ ? હું બધું સમજું છું.' વૃદ્ધે બોલવા માંડ્યું. 'મારી...મા..રી ઘડીઓ...ઘડીઓ ગણાય છે.'

'તમે બોલશો નહિ, બાપુ, બેકન' એક જુવાન છોકરીએ બેકનના કપાળ પર હાથ મૂકતાં કહ્યું.

'લે રાખ, રાખ. મને બો...બોલવા દે. તું જ મને અહીં લાવી. તારી મદદ ન હોત તો...તું સાથ્થી હતી...તેં મહ છોડ્યો તે ઠીક કર્યું. બે...ટા. તેં મારે માટે મહ છોડ્યો." વિજ્ઞાનનો પિતા વહાલ કરતો બોલ્યો,

'મને છેલ્લી વાર બોલવા દે. તું મને ન લાવી હોત તો ?' વૃદ્ધે શ્વાસ બેંચ્યો. 'હું માની શકત નહિ કે દુનિયામાં અજવાળું હોય છે. હવા ખુલ્લી હોય છે ને લોકો જુવાન હોય છે અને.....' વૃદ્ધ જોઈ રહ્યો. એની જીભ ચોંટી ગઈ. ડોક ભરડાઈ જતી લાગી. આંખો મીંચાઈ ગઈ. એ જગતમાંથી જતો રહ્યો, પણ અંધારકાળમાં સવારની આગાહી કરતો એક અવાજ ગુંજતો રહી ગયો. એ અવાજ વિજ્ઞાનના જ પાયા પર જીવી શકે તેવા વિશ્વઇતિહાસના ઉત્થાનયુગનો અવાજ હતો.

ઉત્થાનના વ્યાપારીયુગનો શૃંગાર સ્વામી

દક્ષિણ બાવેરિયા અને એડ્રિઆટિક સમુદ્રની વચ્ચેના પર્વત પ્રદેશમાં એનો જન્મ ઉત્તર ઇટાલીના કેડોર ગામમાં ઈ. સ. ૧૪૭૮ માં થયો હતો. એ બાર વરસનો થયો ત્યારે એનો ભરવાડ બાપ એને ગામડિયા બાળ ગોપનો શણગાર સજાવીને વેનીસ નગરનું દર્શન કરાવવા લઈ ગયો હતો. વેનીસનું ત્યારનું રૂપ વ્યાપારી યુગે મઢ્યું હતું. પૂર્વના દેશોની વેપારની દાંડી જેવું આ નગર યુરોપની વ્યાપારી રાણીનું રૂપ ધરીને પૂર્વના યુરોપીયન પાટનગર જેવું, નફાખોરીનો કસુંબો ઘૂંટતુ, આનંદમાં સ્વપ્નો દેખતું શોભતું હતું.



ભારતના, ચીનના, ફ્રાન્સના, સ્પેઇનના, અને રશિયાના વ્યાપારી રાજાઓ અથવા વાણિજ્યના રાજકુમારોએ આ આનંદનગરીને પોતાની રાજનગરી બનાવી હતી. આ નગરીનું રૂપ મઢવા, દેશદેશથી વારાંગનાઓ અહીં આવીને વિહરતી હતી. દેશદેશના મસાલા અને ખાણાં પીણાં આ ધરતીના પાણીમાં કોઈ અવનવી વાનગી બનતાં હતાં. લહેજતની અવી લીલાઓ અહીં લલિત રૂપ ધરેલી, આ નગરના દર્પણ જેવા દેહમાં અખંડ યૌવન ધારણ કરતી હતી.

વ્યાપારી જમાનાનું સૌથી નક્કર રૂપ અહીંના જીવનના વ્યવહારમાં જ્યાં જુઓ ત્યાં હરતું ફરતું હતું. અહીંનું કેથેડ્રલ પણ દુનિયાદારીની પૂજાનું રોનકદાર દેવળ બની ગયું હતું. આ દેવળની વેપારી અદાલત વ્યાપારી દાંડી પર જ નજર રાખીને, ગમે તેવા આદર્શને જીવતો સળગાવી મૂકવાની અદલ ઇન્સાફની "ઇન્-ક્વિઝિશન" બની ચૂકી હતી. આ નૂતનયુગના નવા રૂપમાં રંગરાગ અને ખાણાંપીણાંના રોજિંદા આસ્વાદને આરોગવા, શરીરના જ જિવતરનાં ઝાકઝમાળ દેવ-દેવીઓ, હવે વ્યાપારી માનવોનાં રૂપધરીને, ઇટાલીના પગરખાની ટોચ પર રત્નજડિત રૂપથી મઢાઈને મહેફી ઊડ્યાં હતાં.

શૃંગાર એજ જેની સૌરભ હતી અને શૃંગાર એજ જેનું આત્મરૂપ હતું તેવા યુગનો અવતાર, રૂપથી, નર્યા રૂપ દેખાવનાં ચિત્રો મઢવા, કેડોરથી આવેલો ટિશિયનો, બેલીનીની ચિત્રશાળામાં મથી પડ્યો હતો. રંગનો એ રસિયો હતો. રેખાઓ એના હાથમાં રમ્યા કરતી હતી. વીનસનાં એને સ્વપ્ન આવતાં હતાં. કામ દેવતા એના દિલમાંથી અવનવાં રૂપ સર્જને ક્રોડા કરતો એના ફલકપર જીવતો બન્યો હતો. લલિત થઈને કુદરત લચી ઊઠતી હતી. શક્તિના ઓઘ ઊછળતા આ કલાકાર દાનવને કલાકાર ગુરૂ કહેતો હતો, "તું હવે મેડોના અને સંતોના પણ થોડાંક ચિત્રો દોરે તો સારું થાય!"

સુવર્ણમાંજ બધી સુગંધોના સ્વાદનો જેને અનુભવ થવા માંડ્યો હતો તેવા આ જુવાન, ટિઝિયાનો એ અથવા ટિશિયને બેલીની સાથે કનિયો કર્યો. ગિયોર-ગિયોની નામનો એક ભાઈબંધ એનો, બંધી બાબતમાં ગોઠિયો હતો. આ બંન્ને ગોઠિયા, બેલીનીની ચિત્રશાળાને પડકારતા ચાલી નીકળ્યા અને એમણે પહેલીજ રાતમાં વેનીસના રંગરાગમાં આળોટીને ગજવામાં જે કંઈ હતું તે ખરચી નાખ્યું.

બન્ને ભાઈબંધોએ પોતાનો ધંધો પણ શરૂ કરી દીધો. ગ્રાન્ડકેનાલ પરનાં ભવનોમાં એમણે એક ખંડ ભાડે લઈ લીધો અને પછી, વેનાસનાં આનંદ ઘરોમાં બધી લાજ મૂકીને વિહરવા માંડ્યું. જ્યાં ને ત્યાં સુવર્ણ અને સુગંધમાં ડૂબીને આ બન્નેએ અનેક શરીરોની અનેક રેખાઓને ચીતરવા માંડી.

એક રાતના આનંદની લૂંટમાં જ બંન્ને ભેરુઓ ભટકાઈ પડ્યા અને કજિયો કરીને છૂટા પડ્યા. પણ હવે, વ્યાપારીયુગના બધા વ્યવહારનો શૃંગાર ટિશિયનની પકડમાં આવી ગયો હતો. એણે એકલે હાથે આનંદ રાત્રિઓ ભોગવ્યા પછી શૃંગારના દરેક ઠમકાથી સુવર્ણ કમાવા માંડ્યું. એકથી બીજા નગરની સફરો પણ એણે શરૂ કરી. પાડુઆમાં એક કવિ એને કહેતો હતો; " મારા દિકરા, આનંદ અને ઉપભોગને લાંબો કાળ ભોગવવા માટે પણ જરાક સંયમની જરૂર પડતી હોય છે. તેથી તો હું પોતે, રોજનો બાર ઔંસ ખોરાક અને ચૌદ ઔંસ દારૂ પીવાના વ્રતવાળો બન્યો છું. "

" પણ મને તો હજી પાંત્રીસ પણ પૂરાં થયાં નથી, છતાં હું અત્યારથી સંયમને ધારણ કરું ? મારે અને વ્રતને કશી લેવા દેવા નથી. " બોલતો એ, ફેરારના ડાકોર અલ્ફોન્ઝોને મળવા ઊપડી ગયો, અને નામચીન બનેલી લુક્રેઝિયાનો પાંચમો પતિ બનેલા ડાકોરના સંગમાં, જીવન વિલાસના અસ્વાદમાં એણે કામદેવનું મશહૂર ચિત્ર દોર્યું. લુક્રેઝિયા જેવી કોઇ યુવતિને ડાકોરની જેમ કેદખાને પૂરીને કામદેવતા તેને કહેતો હતો; " રુદન કર, રુદન કર તું ! તારા રુદનમાં સ્વર્ગનું કલ્યાણ છે. તારી આંખમાંથી ખરતું દરેક આંસુ પૃથ્વીપર પડવાને બદલે આસમાનમાં ઊડી જઈને, એક એક તારો બની જાય છે. "

વ્યાપારી યુગનો શૃંગાર સ્વામી બનીને, ટિશિયન ઉંચે ચમકી ઉઠ્યો. અનેક મહાલયોમાં એનો પણ એક મહાલય બની ગયો હતો. રાજમહારાજાઓ એને આમંત્રણો મોકલતા હતા. શ્રીમંત સોદાગરો એને શણગારના સોદા આપતા હતા. મહા પવિત્ર રોમન શહેનશાહ, પાંચમા ચાર્લ્સે, એને પોતાના દરબારનો ચિત્રકાર બનાવ્યો, અને ઇટાલીની જ આઝાદીના આ દુશ્મનનો દરબારી ચિત્રકાર બનીને એણે આ મહાપવિત્ર શહેનશાહના દમામવાળાં ચિત્ર ચીતર્યાં અને નાણાં કમાઈને વેનીસના રંગમહાલયમાં ચિત્રશાળા ખોલીને, ચિત્રનાં લિલામનો વ્યાપાર કરીને શૃંગાર રચનારો ઘર સંસાર માંડ્યો. એક પત્નીવાળો અને બે દીકરીઓ વાળો, ચિત્રકારનો ઘરસંસાર સુવર્ણની બધી સુવાસથી મહેકી ઊઠ્યો ત્યારે, જુવાનીના જોમથી ઊભરાતું, લાલસાઓની ભૂખથી ચમકતું, રંગ રાગની લહેજતની લીલાથી ઓપતું કલાકારનું રમ્ય કલેવર સાઠવરસની વયવાળું બન્યું હતું. આવા યુવાન કલેવરની રેખાઓ એણે પોતે જ એક ફલક પર ચીતરી અને પોતાની તસ્વીરના રૂપનું મૂલ્ય આંકતો, કલાકાર બોલ્યો; " મારા આખા ચહેરા પર મહત્વાકાંક્ષા જેવી ભૂખ હજુપણ નહિ ધરાયેલી એવી ને એવી જ થનગને છે, એટલે જખ્મ મારે છે, આખું જગત ! "

શ્રીમંત સૌદાગરોનું એનું આખું જગત હવે એની ચિત્રશાળામાં રૂપ ખરીદવા આવ્યા જ કરતું હતું. એનું ઘરાક બનેલું જગત શૃંગારને પોતાની છબીમાં મઢવા દામ ચૂકવતું હતું અને આ શૃંગાર સ્વામી પોતાના શ્રીમંત સૌદાગરોના રૂપને જેવું હતું તેવું નહિ પણ જેવું તેમને જોઈતું હતું તેવું મઢીને એમની મનરંજન છબીઓ ચીતરી આપતો હતો. પીછીની એકજ હલકથી એ કદરૂપતા હોય ત્યાં રૂપ દાખવતો હતો, ઘડપણની કરચલી હોય ત્યાં તાજગી ભરતો હતો અને મોતની ઉદાસીન છાયા હોય ત્યાં પ્રણયની હવા લહેરાવી દેતો હતો.

એવો વ્યાગારી જમાનાનો આ શૃંગાર સ્વામી જેમ જેમ વૃદ્ધ થતો ગયો તેમ એની પીંછીની ઝલક વધારે આતુર બનીને દીપી ઉઠી. એંશી વરસની યુવાની માણતા ટિશિયને, વીનસનાં અનેક નાગાં ચિત્રો દોરીને, વ્યાપારી યુગના સૌંદર્યમાં લિલામની લલિત જીવનકલા ઉભરાવી દીધી. પ્રાચીન ગ્રીસ દેશની આ દેવી હવે વેનીસના સૌદાગરોના શૃંગાર સજીને, વેનીસની વારાંગના દેવી બની. આ કલા કૃતિઓનો પિતા, એંશી વરસની ઉંમરે, વેનીસના સ્વપ્ન નગરમાં વાસનાઓનાં સ્વપ્નોનાં હાટડી ભરીને, કમાણી કરવા લાગી ગયો.

એના મહાલયના ચોગાનમાં આનંદ રાત્રિઓના ખાણુંપીણું અકરાતિયાં બની ગયાં. જેને એ દેવી એરેટીનો કહેતો હતો એવો એક વેનીસનો સંસ્કારી આનંદસાથી આજનાં પીણુમાં, વારંવાર પીધા પછી પોતાના જાડા હોઠપરથી ખરતા લવારાને એકાએક બંધ કરી દેતો, ઠેલ્લી પ્યાલીને હાથમાંની ઢીલી પડી ગએલી પકડમાંથી પડી જવા દેતો, "આમીન" બોલતો ઢળી પડ્યો અને પછી મરણ પામી ગયો. ત્યારથી પોતાના આનંદમાં એકલો એવો નવાણું વરસની વયવાળો આ સંસ્કાર સ્વામી વેનીસપર ઊતરી પડેલા પ્લેગનો પડછાયો દેખતો હોય તેમ એની દીકરી વેવિનિયાને કહેતો હતો; "હું ફ્રાન્સિસ્કન દેવળના મહાન ચોગાનમાંની એક જમીનનો સોદો કરવા જાઉં છું."

એણે મઠાધીસ સાથે સોદો કર્યો કે, "મરેલા ઈસુને ક્રુસ પરથી ઉતર્યા પછી પોતાના ખોળામાં સુવાડીને બેઠેલી મેરીનુ ચિત્ર આ દેવળની દિવાલ પર, દોરી આપવાને હું તૈયાર છું જો તેના બદલામાં તમે આ મહાન દેવળના ચોગાનમાં જ મારું મઢું દાટવા માટેની રોનકદાર જગ્યા કાઢી આપો તો." મઠાધીશે આ સોદો કબૂલ કર્યો અને પછી નવાણું વરસનો, ટિશિયન પેલું મશહૂર ચિત્ર આલેખવા માંડ્યો.

પછી ૧૫૭૬ની સાલના પ્લેગમાં આ યુગ પુરુષનું કલેવર સપડાઈ ગયું; ટિશિયન મરણ પામ્યો.

એવો, બ્યારી યુગનો શૃંગાર સ્વામી આઠમા હેનરીનો, માર્ટિન લુથરનો કાલવીનનો, ફ્રાન્સિસ પહેલાનો તથા, મહા પવિત્ર રોમન શહેનશાહ કહેવાતા ચાર્લ્સ પાંચમાનો સમકાલીન બનીને, એ સૌને વળાવ્યા પછી, પોતાનાં અનેક ચિત્રોના શૃંગારને વેપારી જગતના અમર વારસા તરીકે આપીને ચાલ્યો ગયો. પણ ઇતિહાસનો યુગવેગતો આગળને આગળ ફૂચ કરતો ચાલ્યો.

વિજ્ઞાનનું એક પુસ્તક

નિકોલસ કોપરનીકસ પ્રશીઅન પોલેન્ડમાં, થોર્નમાં, ઈ. ૧૪૭૩ માં જન્મ્યો. એણે વિજ્ઞાનનો અવાજ કર્યો. એ અવાજ કરનાર હવે એ વૃદ્ધ થએલો



પોલેન્ડમાં બાલ્ટીક સમુદ્રના કિનારા પરના એક ફ્રોનબર્ગ નામના ગામની ટેકરી પરના મોટા દેવળના મિનારામાં બેઠો હતો. પોતાની ઓરડીમાં બેઠેલો, ઇસાઈ મહનો આ સાધુ, મધરાત પછી પણ જાગતો હતો. આજે એને ઈટાલી યાદ આવતું હતું. ઈટાલીના આકાશમાં દેખેલા તારાઓની યાદ એના કપાળ પર ચળકતી હતી. એની સામે પડેલા ટેબલ પર એક પુસ્તક પડ્યું હતું. એ ઉભો થયો. એણે પેલા ટેબલ પર પડેલા પુસ્તકના પુંઠા પર નજર નાખી લેટીન ભાષામાં લખેલા અક્ષરો એને એના બાળક જેવા વહાલા હતા. ચાલીસ વરસથી તૈયાર કરેલા આ પુસ્તક પર પ્રેમાળ પિતાની જેમ એ જોઈ રહ્યો. આ પુસ્તકના અક્ષરો જાણે

જીવતા બનીને આ વૃદ્ધ પિતા સાથે વાત કરતા હતા. "આકાશી પદાર્થોની ગતિ" નામના આ પુસ્તક પર લખાયેલા લેખક તરીકેના પોતાના પોતે લખેલા નામ પર એની નજર ઠરી, "ટુરીનનો, નીકોલસ કોપરનીકસ."

વૃદ્ધે એક નિઃશ્વાસ નાખ્યો. આ પુસ્તકને જગતમાં જાહેર કરવાની એની ઇચ્છા સળગી ઉઠી. એનું આખું કલેવર હચમચી ઉઠયું. એણે પોતાની જાતને ઘૂમ પાડીને સંભળાવી દીધું કે, 'ગમે તે થાવ. ભલે જગત આઘાત પામી જાય...ભલે કોપરનીકસને જીવતા સળગી જવું પડે, પણ આ પુસ્તક જગત પર ફરવા નીકળશે જ અને કહેશે કે પૃથ્વી સ્થિર નથી, ફરે છે. આકાશમાં સૂર્ય પણ ફરે છે અને સુરજની આસપાસ ફરનારાંઓમાં પૃથ્વી છ જણમાંની એક છે, અને સુરજ તેનો પિતા છે."

વૃદ્ધની અંદર, સત્ય કથનની હિંમતે ઉછાળો માર્યો. એણે પેલા મહાન પુસ્તકનાં એક પછી એક પાન ઉથલાવ્યાં. દરેક પાનને અડતી એની આંગળીઓએ એની જીંદગીનાં પાન જાગી ઊઠતાં, જેવો થાય તેવો આનંદ એની અંદર ઉભરાવી દીધો. એને આ પુસ્તક સાથે જોડાયેલી પોતાની જીંદગીનું ઇટાલીની ભૂમિ પરનું યૌવન યાદ આવી ગયું.

એક જુવાનની જેમ, ઉઠીને, પુસ્તક લપેટીને એણે બીજી ઓરડીની બહાર ઘૂમ પાડી, "જોશીમ...જોશીમ, રેટીકસ; ઉઠ, ઉભો થા.. હું તૈયાર છું, તારી સાથે આવવા, ચાલ આપણે ચાલી નીકળીએ!"

જુના જગત સાથે યુદ્ધ ખેલવા પેલું પુસ્તક, ચાલી નીકળ્યું. નુરેંબર્ગ માં આવી પહોંચેલા વૃધ્ધે અને જુવાને એક છાપખાનામાં તેને છપાવવા માંડયું.

પુસ્તક છપાઇને આવી પહોંચ્યું ત્યારે પેલો વૃદ્ધ મરણ પથારીમાં પડયો હતો. એની જીંદગીનો આ છેલ્લો દિવસ હતો. એ છેલ્લા દિવસે એણે પેલું પુસ્તક હાથમાં લીધું અને પલકારો માર્યા વિના દેખ્યા કર્યું.

વૃદ્ધ મરણ પામ્યો હતો પણ જીવતું બનેલું પેલું પુસ્તક જુના જગતના અબુધ વિદ્વાનોની ઉંઘ ઉરાડી નાખતું તોફાન જગવતું વંટોળીયાની જેમ ફરવા નીકળી પડયું.

સંસ્કાર જેવો જ્યોતિર્ધર

સર પીરો–એન્ટોનીઓ ફ્લોરેન્સનો વકીલ હતો. એના વાસની આસપાસ બડકના રસ્તાઓ વીંટળાયા હતા. એના આંગણા પર ડોલતી લતાઓ નાચતી હતી, ઊંચાં ઝાડ ડોકાતાં હતાં, ટસ્કન ટેકરીઓનાં ઊગતા આથમતા ઓળા પડતા હતા.

એના પાસમાં બીજાંયે વસતાં હતા. બીજામાં એક બાઈ હતી, એની દોસ્તદાર હતી. વકીલને એ બાઈએ એકવાર અંધારામાં બાળક ધર્યો, ને દબાતા અવાજે બબડી, 'મારૂં ને તમારૂં આ પાપ.....એ આપણું બાળક છે.' વકીલ હસ્યો. થોડા દિવસનું જન્મેલું બાળક સમજ્યા વિના જોઇ રહ્યું હતું. જાણે પોતાને પાપ કહેવા માટે બા–બાપા તરફ અને ગેરકાયદેસર ગણાવા માટે દુનિયા આખીની દયા ખાતું એ બાળક દેખી રહ્યું હતું, ત્યારે ૧૪૫૨ નું વરસ શરૂ થયું હતું. જે જોતું, તે કહેતું કે આવું બાળક હજુ કોઈને સાંપડયું નથી. દરરોજ મોટું થતું બાળક પ્રતાપી લાગતું અને તોયે એને જણનારી જનેતા, એને જન્માવવાનો અપરાધ કરીને અળખામણી બનીને કોઇ પડદા પાછળ, કોઈ મહેના આશરા પાછળ સાધ્વી બનીને અરત પામી ગઇ હતી. આ ગેર-કાયદેસર બાળકનું નામ; લીઓનાર્દો-દા-વિન્સી હતું.



એણે ભૂતકાળનાં મધ્યયુગી કબ્રસ્તાન તરફ જોવાને બદલે, ભાવિની શકયતાઓને જીવતી કરવા ભાવિનાં કમાડ ખોલવાની નજર નાખી. રીનેંસાં યુગનો એ ઉદ્‌ઘાટક બની રહ્યો.

એ શું હતો, શું ન હતો ! ચિંતક, વૈજ્ઞાનિક, ઇંજનેર, કલાકાર, ગાયક, વગેરે વગેરે જીવનકલાના અનેક આકારો એની આસપાસ તરવરતા હતા. આ બધી શકયતાઓની અથવા મધ્યયુગના અંધારાનો નાશ માગતી અને આગળ વધતી સમાજઘટનામાં જીવન-વિકાસની જાગી ઊઠવાની શકયતાઓ એની અંદરથી એક સાથે ડોકાતી હતી. એ અભ્યાસ કરતો હતો. એકત્રીસ વરસની ઉંમર સુધી લીઓનાર્દોએ એકાંતમાં અભ્યાસ જારી રાખ્યો, અને પછી મિલાનના ઠાકોરને અરજી કરી કે, 'મને શાંતિની કલાઓ અને વિગ્રહનાં આયુધોના સર્જનખાતાના મુખ્ય નિયામક તરીકે નીમો.' એણે અરજી સાથે પોતાની આવડતની અને બુદ્ધિની શક્તિઓ નીચે પ્રમાણે ગણાવી.

'હું જંગમ અને ખેંચી લઈ શકાય તેવા પુલો બાંધી શકીશ, અને દુશ્મનોના પુલોનો નાશ કરવાની કલા પણ જાણું છું, નદીઓ અને બાઈઓને સૂકવી શકું છું, કેવળ પથ્થરના પાયા પર જ ચણાયા હોય તેવા કિલ્લાને ધરાશાયી કરી શકું છું, નવી જાતની તોપ બનાવી શકું છું, નદી નીચે રસ્તો બોદવાની અવાજ વિનાની કલા જાણું છું, દુશ્મનનો નાશ કરવાની બંધ ટેકો

બાંધી શકું છું, અચાવ અને હલ્લાનાં ડૂબકી મારતાં આયુધો રચી શકું છું... અને શાંતિના સમયમાં, ચિત્રકળા, શિલ્પ, તથા બાંધકામમાં કોઈના કરતાં પણ વધારે આવડત બતાવી શકું છું.'

આ અરજી વાંચીને અરજદારને કોઈ ગાંડાના દવાખાનામાં મોકલવાને બદલે, મિલાનના ડ્યૂકોરે તેને રાજમહાલયમાં આવવાનું આમંત્રણ આપ્યું, અને પહેલી જ મુલાકાતે એની નિમણૂંક કરી.

પછી એણે યુરોપના એ નગરને શણગારવા ને સુધારવાનો પ્રયત્ન કર્યો. એણે ઉપર નીચેના રસ્તાઓની યોજના કરી, શેરીઓને વિશાળ અને પહોળી બનાવી. એણે દેવળો, મિનારા, બાગો, ઉદ્યાનો, નહેરો, સરોવરો અને રસ્તાઓની જમાવટ કરવાની, નાનાં નાનાં નગરો બાંધવાની, દરેક કુટુંબને બગીચાવાળું ઘર આપવાની, એવી એવી અનેક યોજનાઓ ઘડી.

પછી લીઓનાર્ડોએ શરીરરચનાનો અભ્યાસ શરૂ કર્યો હતો. એણે જમીનની જાતો તપાસી હતી. વનસ્પતિની ઓલાદમાં, આરોગ્યમાં અભ્યાસથી જે થઈ શકે છે તે માનવીની શરીરરચનામાં શક્ય છે, એમ એ માનતો હતો. અને ગંભીર બનીને શરીરરચના સમજવા મચી પડતો હતો.

પણ એણે ઊડતાં પક્ષીઓ દીઠાં અને એને ઊડી શકે તેવું યંત્ર બનાવવાનું મન થયું. યંત્ર ચાલી શકે, પાણી પર સરી શકે તો આકાશમાં ઊડી જ શકે એમ એ ખાતરી આપતો ઊડવાના યંત્રને શોધવામાં મશગૂલ થયો. આ બધા માટે એ તનતોડ મહેનત કરતો ગણિતશાસ્ત્ર તરફ વળ્યો અને ટોસકાનેલી સાથે ગણિત ગણવા લાગ્યો. એણે ગણતરી પછી દુનિયાનો એક નકશો તૈયાર કર્યો. એમ અથાગ શ્રમ કરતો, એ પોતાની પ્રયોગશાળામાં પ્રયોગો કરતો, ચિતરતો મચી પડ્યો.

પણ પીસાનગર સાથે ફ્લોરેન્સ નગરરાજ્યની લડાઈ શરૂ થઈ ગઈ હતી. એટલે લિયોનાર્ડોને બીજું કામ સોંપવામાં આવ્યું. એ કામ આર્નો નદીના પ્રવાહને પીસામાંથી લિવોર્નો તરફ પલટી નાખવાનું હતું. એ રીતે ફ્લોરેન્સનું નગરરાજ્ય, પીસા નગરને દરિયાથી વિખૂટું પાડી દઈને તેને તાબેદાર કરી નાખવા માગતું હતું. યુદ્ધની કાર્યવાહીએ આ મહાનુભાવને પોતાનો યોજનાનો અમલ તૈયાર કરવા માટે કહ્યું.

લિયોનાર્ડોએ રિપબ્લિકની સંગ્રામ સમિતિને સમજાવ્યું કે તે અશક્ય છે અને અયોગ્ય છે. 'એક જીવતની કિતાબ જેવા જીવતરની બાની બનેલા નગરનો નાશ કરવાની કોઈપણ તરકીબ લિયોનાર્ડો કરી શકશે નહિ.' એણે હવે ચિતારોજ બની જઈને ચિતરવા માંડ્યું. એ ચિતારાની અથવા કલાકારની, નજર સામે

ફ્લોરેન્સ નગરની જીવતી રેખાઓ જગી ઊઠી. એક મોટા જીવન પુષ્પ જેવું ફ્લોરેન્સ નગર હતું તેવું જ પીસા નગર એને દેખાયું. આ બન્ને પુષ્પોની સુવાસ સૂંઘતો કલાકાર એની પ્રયોગ શાળામાં રોજ ઉતાવળો આવી પહોંચતો, હતો. મોના—લીસા ત્યાં એની રાહ જોતી બેઠી હતી. લિયોનાર્ડોએ સૌંદર્યની સૌરભ જેવી, આ નારીને લાંબા સમયથી ચીતરવા માંડી હતી.

'તમે પરણેલાં છો?' એણે એકવાર અચાનક પૂછ્યું.

'મેસર્સ ફ્રેન્સીસ્કો મારા પતિ થાય.' મોનાલીસા બોલી. પછી એમ, કોઈ દિવસે, પેલો કલાકાર પેલી નારી સાથે એકાદ્બો સવાલ કે એકાદા જવાબની આપલે કરતો.

એકવાર મોનાલિસાએ કલાકારને પૂછ્યું. 'તમે સ્ત્રીઓથી ખૂબ દૂર કેમ રહો છો?'

'દૂર નહિં, દૂર નહિ...નારીના જીવતરને હું માનથી જોઉં છું....પણ જિવનર પર અનુરાગથી ઊભરાતો હું, કદાચ એ પ્રેમને લીધે.....જ, હું માંસાહાર પણ કરી શકતો નથી.'

એકવાર પોતાના ચિત્ર પર મુગ્ધ બનતી મોનાલિસા બોલી. 'શો પ્રેમ ભરી દીધો છે તમે, મારી આંખોમાં કે, એની અંદર જોયા કરવા છતાં એના પારદર્શક તેજનું તળિયું જ દેખાતું નથી!'



'હું તારા સૌંદર્યના તેજને ચીતરું છું ત્યારે આપણે બન્ને ઓતપ્રોત બનીને તદાકાર થઈને એકમેકની અંતર્ગત પ્રતિભાઓમાંથી નૂતન આકાર નિપજાવીએ છીએ. હું એકલો નથી ઉપજાવતો, આ ચિત્ર તું પણ, મોનાલિસ, તારા કલેવરમાંથી નવું જિવતર તેને નિપજાવે છે.'

અને અગાધ આનંદમાં ડૂબી જતી હોય તેવી મોનાલિસા બોલી, 'પણ આ ચિત્ર તો, લિયોનાર્ડોનું કહેવાશે!'

'ના, ના ઉભયનું, બોલતો લિયોનાર્ડો આનંદ પામ્યો, અને પાછો ચિતરવા માંડ્યો. એને સમયનું ભાન રહ્યું નહીં.

આજે તો રાત વીતી ગઇ હતી. મોનાલિસા ઘેર જવા ઊઠી ત્યારે *બારના ડંકા વાગ્યા. એ જતાં જતાં એક પળવાર અટકી જઇને બોલી,*

'પૂરું થઈ ગયું ને ચિત્ર?' કલાકારે ઘૂમ પાડી 'ના, ના, ના, અને મોનાલિસાએ કહ્યું, "તો એ પૂરું જ નહીં થશે! તમે પૂરાં ન થાય તેવાં ચિત્ર ચીતરો છો, દા-વિન્સી!' ફલક પર બેદથી દેખતી મોનાલિસા ચાલી ગઈ, પણ કલાકારના અંતરમાં એનું જતી વેળાનું દુઃખદ ચિત્ર ચોંટયું. લિયોનાર્ડોને આખી રાત ઉંઘ આવી નહિ. મોનાલિસાનાં સ્વપ્ન સેવતો, રાતના ડંકા ગણતો કલાકાર પરોઢિયા પહેલાં ઊઠીને ફ્લોરેન્સ નગરના પાદર પર ચિંતાતુર બેઠો હતો અને મોનાલીસાની રાહ જોતો હતો ત્યાં કોઇએ આવીને એને કહ્યું, "મોનોલિસા મરણ પામી! એણે આપઘાત કર્યો."

ઈસ્વીસનની ૧૫૦૭ મી સાલ ચાલતી હતી. લિયોનાર્ડો હવે ફ્લોરેન્સને છોડી ગયો હતો. થોડા દિવસ મિલાનમાં રહીને એ હવે રોમ પહોંચતો હતો. એક મોટો રઝળપાટ એની નજર સામે લંબાયેલો દેખાયો. લોરેન્ઝો થી મોરો પાસે અને મોરો પછી સીઝર સાથે અને એનો સાથ ત્યજીને સેડેરીની પાસે અને ત્યાંથી નીકળીને પોપની મુલાકાત માગતો કલાકાર પોતાની નોંધપોથીમાં ૧૫૧૩ ના સપ્ટેંબરની ૨૬ મી તારીખ નોંધતો હતો.

પણ એને પોપની મુલાકાતનો લાભ મળ્યો નહિ. થાકયા પાકયા કલાકારના કાનમાં એક હજૂરીયાએ કહ્યું; "નાસ્તિકોને અને ડાકણોને સળગાવ્યા કરતા પોપ શહેનશાહ આખો દિવસ સંગીતના જલસાઓમાં અને જ્ઞાનનું ફળ ચાખવાનો અપરાધ જેમણે ન કર્યો હોય તેવા વિદૂષકોના બિભત્સ સાથમાંજ પવિત્ર સમય ગાળતા હોય છે. મુલાકાતનો ખપ હોય તો વિદૂષક બનીને મુજરો કરતાં શીખો!"

બીજે દિવસે આ ઉત્થાનયુગના મહામાનવને ધર્મના મઠના દવાખાના માંથી કાઢી મૂકવામાં આવ્યો તથા શરીર રચનાનો અભ્યાસ કરવાના અપરાધ માટે, લિયોનાર્ડો પણ દેહાંતદંડની ભયાનક શિક્ષાને પાત્ર બનશે એવું કહેવામાં આવ્યું. એટલે એણે આ મહાનગરને છોડી જવાનું વિચાર્યું. રોમમાં મેલેરિયાના તાવથી બીખતો કલાકાર ફ્રાન્સમાં પહોંચ્યો. ફ્રાન્સના રાજાએ એને આવકાર દીધો તથા એક મોટી નહેર બાંધવાની યોજના સોંપી. લિયોનાર્ડોએ નહેરના નકશા તઈયાર કરવા સોલોમનની ધરતી માપવા માંડી અને લોઈર તથા ચર નદીની સપાટીઓનાં માપ લેવા માંડયાં.

નહેરના નકશાઓ ચીતરતા કલાકારની પ્રયોગશાળા જોવા એકવાર રાજા ફ્રાન્સિસ પોતે બખ્તર દીધા વિના આવી પહોંચ્યો. જોતજોતામાં હજુરિયાઓ ના સંઘ સાથે રાજા ફ્રાન્સિસ લિયોનાર્ડો પર માન કરતો બોલ્યો: "મૈતર, લિયોનાર્ડો, પેલું કોનું ચિત્ર છે?", "એ ચિત્ર હું ખરીદી લઉં છું..... અને પેલું કોનું ચિત્ર છે, જે, તમે ચીતરતા હતા તે પણ હું ખરીદી લઉ છું."

"જોન-બેપ્ટિસ્ટ, તું છે, એ, એ પણ અધૂરું છે."

"બે હજાર.....ત્રણ હજાર, પાંચ હજાર....." મહારાજાએ કિંમત ખખડાવી અને જતાં જતાં ફરમાન કર્યું, "એ બન્ને ચિત્રો ખરીદાઇ ગયાં છે. ભલે એ અધૂરાં હોય," રાજાનો રસાલો ચાલ્યો ગયો. પછી દુઃખી અવાજે લિયોનાર્ડોએ પોતાના ઊંઘતા વિદ્યાર્થીને મધરાતે ઝૂમ પાડી, "ફ્રેન્સિસ્કો ઉઠ! આપણે દરબારગઢમાં જઇએ. આ બન્ને ચિત્રો વિના હું જીવી શકું જ નહિ. મહારાજાને વિનંતી કરીએ અને જો એ ન માને તો, મોના લિસા અને જોનને લઇને રાતોરાત ભાગી છૂટીએ, આ રજવાડી ઘટનાની જીવલેણ પકડમાંથી." દરબારગઢની મધરાત ચકચૂર હતી. નશામાં ડોલતો રજવાડો, યુવતિઓનાં નગ્ન રૂપો વચ્ચે ઢીંચતો હતો. મહારાજાની પડખે જ એની સગી બહેન પણ આ પશુતાની મહેફીલમાં નગ્નરૂપે મશગૂલ હતી.

"લિયોનાર્ડો-દા-વિન્સિ" પહેરેગીરે મહારાજાને ખબર આપ્યા.

"ભલે આવે." ચકચૂર નશાખોરે પરવાનગી દીધી. પશુતાના મેળાની વચ્ચે માનવી કંપતો ઉભો રહ્યો અને કરગરતો બોલ્યો, "પેલાં બે ચિત્રો હું મરણ પામું પછી આપ મહારાજા લઇ લેજો, વિના મૂલ્યે."

મહારાજાએ અટ્ટહાસ્ય કર્યું: "પણ એ તો મરી ગઈ છે, અને જોન પણ"?

"એ મરેલાંને પણ ચાહે છે" મહારાજાની બહેને, પ્યાલી ધરતાં કહ્યું. પેલા મહારાજાએ લથડતી જીભે પૂછયું, "મરેલાંને પણ ચાહી શકાતું હશે!" અને વરદાન દેતો હોય તેમ બોલ્યો, "ભલે ભલે." મહારાજા ખુશ થયા, "મેં જ કહ્યું હતું કે ચિત્રપટ પર જીવતી થઇ ગઈ છે એ મોડાના લિસા." પછી લિયોનાર્ડો ફ્રેન્સિસ્કોના સાથમાં પાછો ફર્યો. બીજા દિવસની મધરાતે, પાછો ફ્રેંસિસ્કો ઝબકી ઊઠ્યો. પહેલીરાતની જેમ એની નજર સામે આભાસ દેખાયો. કાનમા જાણે પેલા મહાનુભાવનો દર્દવાળો અવાજ ધડકતો હતો. એને લિયોનાર્ડોની ચિંતા થઇ. એ ઊઠ્યો. દબાયેલા પગલે એ લિયોનાર્ડોના ખંડ પાસે પહોંચ્યો. ખંડ આખો ખાલી હતો. ગમગીન બનેલો ફ્રેંસિસ્કો પ્રયોગશાળા તરફ દોડ્યો. પ્રયોગ ખંડમાં દિવાલપર ચોડેલા ચિત્રપટ પર જીવતો બની ગયેલો જોન ધી બેપ્ટિસ્ટ ઊભો હતો. એની સામે કંપી ઊઠેલા કલેવરવાળો કલાકાર જિવતરના ન્હેમનું છેલ્લું ટીપું ખરચી નાખવા પીંછી લઈને મચી પડયો હતો પણ એની આંગળીઓ એનું કહ્યું કરતી નહોતી, એના હાથમાંની પીંછી ધ્રૂજી ઊઠી હતી.

એના કપાળ પરથી પ્રસ્વેદ ટપકતો હતો, જિવતરની મમતા જેવો કલાકાર બબડતો હતો, "હું ચાહું છું એને.....જેનું માનવતા ભર્યું માથું: પાશવતાની મહેફીલે ઉતારી લીધું હતું."


પછી સવાર થયું ત્યારે ઊગતા સૂરજનાં કિરણ ભેગી એક પાજેલી ચકલી ઊડતી આવી અને રોજની જેમ પેલા કલાકારની હથેળીપર કિલકિલાટ કરવા લાગી ત્યારે એ પંખીને શી ખબર કે, પેલા મહામાનવનો પ્રાણ પંખી તો ઉડી ગયો હતો!

૨૪ ઇંગ્લેંડની રાજ્યક્રાન્તિ અને અમેરિકાનો જન્મ

[ઇંગ્લેંડનો પૂર્વ ઇતિહાસ—ઉત્થાન યુગની ઇંગ્લેંડની રાણી—યુરોપનો નવો વાણિજ્યયુગ—એક વિચિત્ર મુકદ્દમો—એલિઝાબેથના જમાના પછીનો રાજાનો દૈવી હક્ક—મુકદ્દમો અને રાજાના દૈવી અધિકારનો મુકાબલો—વેપારી સમાજનો પહેલો સરમુખત્યાર—રજવાડા શાહીનો અંત—રાજ્યક્રાંતિ અને સામ્રાજ્યવાદ—યુરોપ પરની રાજ્યક્રાંતિઓ અને ઇંગ્લેંડ—લોહચુંબક જેવો અમેરિકાખંડ—અમેરિકા પરનું ન્યુઇંગ્લેંડ—અમેરિકાના ઉદ્‌ભવનાં નવો માનવ સમુદાય—ઇંગ્લેંડની માતૃભૂમિના અમેરિકન સંસ્થાનો—માતૃભૂમિના સામ્રાજ્યવાદ સામે સંસ્થાનોનો મુકાબલો—અમેરિકન સ્વાતંત્ર્યયુદ્ધ—સ્વતંત્ર અમેરિકાનો પહેલો પ્રમુખ—સ્વતંત્ર અમેરિકાનો પહેલો સીટીઝન—સ્વાતંત્ર્યના સંગ્રામની યુરોપ પર અસર—નુતનયુગનું વિજ્ઞાન, ઉત્થાન—ઉદ્યોગવાદ આવી પહોંચ્યો.]

ઇંગ્લેંડનો પૂર્વ ઇતિહાસ

અંગ્રેજી ભૂમિપર ઈ. સ. પૂર્વે પંચાવન વર્ષ પર અંગ્રેજી ખાડીને ઓળંગીને સીઝર આવી પહોંચ્યો હતો અને યુરોપનો આ ઇંગ્લેંડ નામનો દેશ ચારસો



વર્ષ સુધી રોમન પ્રાંત બની ગયો હતો. ત્યાર પછી જ્યારે રોમનગર પર બહા-રનાં આક્રમણો આવવા માંડ્યાં ત્યારે રોમન સામ્રાજ્યની ઇંગ્લેંડ પર બેઠેલી પ્રાચીન હકુમતને ઇંગ્લેંડને સ્વેચ્છાએ ખાલી કરવાની ફરજ પોતાના વતનનું રક્ષણ કરવા જવા માટે પડી. આ રીતે રોમનો પોતાના આ ગુલામ સંસ્થા-નને નિરાધાર દશામાં મૂકીને ચાલ્યા ગયા. આ બાબતની જાણ ઉત્તર જર્મ-નીની સેકશન નામની જર્મની ટોળીઓને પડતાંની સાથે જ આ ભૂખ્યા માનવ સમુદાયો ઉત્તર સમુદ્રમાં થઇને ઇંગ્લેંડ નામના આ ટાપુ પર ચઢી આવ્યા. ઇંગ્લેંડ પાછું ગુલામ બન્યું, અને આ ટાપુ પર એંગ્લોસેકશન રાજ્યો સ્થપાયાં. આ રાજ્યો પાંચસો વર્ષ સુધી અંદર અંદર લડ્યા કરતાં હતાં તથા ઇંગ્લેન્ડની ખાનાખરાબી કરતાં હતાં. ત્યાર પછી ઈ. સ. ના અગિઆરમા સૈકામાં ઇંગ્લેન્ડ ડેનિશ સામ્રાજ્યનું ગુલામ બન્યું, અને આ ગુલામ ટાપુ પર ક્નૂટ નામના ડેનિશ શહેનશાહનું શાસન મંડાયું. ત્યારપછી ડેનિશ લોકો પરાજય પામીને જતા રહ્યા, પરંતુ નોર્સ લોકોએ ઇંગ્લેન્ડને પોતાનું ગુલામ બનાવ્યું. વિલિયમ નામના "ડયુક ઑફ નોર્મન્ડી"એ ઇ. સ. ૧૦૬૬ માં અંગ્રેજી ખાડી ઓળં-ગીને ઇંગ્લેન્ડ પર આક્રમણ કર્યું, અને પોતે ઇંગ્લેન્ડનો રાજા બન્યો. આ રીતે ઇંગ્લેન્ડ નોર્મન્ડીનું ગુલામ સંસ્થાન બન્યું. આ નોર્મન અંગ્રેજ રાજાઓએ ફ્રાંસને પણ ગુલામ બનાવ્યો, તથા ફ્રાન્સને ગુલામ બનાવનારા નોર્મન અંગ્રેજ રાજાને પોતાની ભૂમિ પરથી હાંકી કાઢનાર જોન ઑફ આર્ક નામની ફ્રાન્સની ભૂમિ-પર પાકેલી એક ભરવાડની દીકરીનું નામ યુરોપ પર ઝળહળી ઊઠ્યું. ફ્રા-સની તારણહાર બનેલી આ ફ્રેન્ચ દીકરીને ઇંગ્લેન્ડને ગુલામ બનાવનાર નોર્મન અંગ્રેજી રાજાએ જીવતી સળગાવી દીધી.

ઇંગ્લેન્ડને ગુલામીમાં રાખનાર તેના ઉપરની નોર્મન્ડીની હકૂમત હતી આ હકૂમતના હાથ નીચે, ઇંગ્લેન્ડને અનેક ટુકડાઓમાં વહેંચીને પડેલી ઇંગ્લે-ન્ડની જ ઠાકોરશાહી હતી. આ ઠકરાતોના કાંઠા પર અંગ્રેજી ગુલામી, દેશ પર અનેક જૂલ્મો ચલાવતી હતી. પછી ઇ. સ. ૧૫ મા સૈકામાં હેનરી સાતમા નામના રાજાએ દેશની આઝાદીને ટકાવી રાખવા માટે આ ઠકરાતોને ખતમ કરી નાખ-વાનું પગલું લીધું અને "વોર્સ ઑફ ધી રોઝીઝ" ને નામે પ્રખ્યાત બનેલી લડાઇઓ કરીને ઠકરાતશાહીને તેણે ખતમ કરી. ત્યાર પછી ઠાકોરોના છૂટા છવાયા બળવાઓને કચડી નાખવા માટે તેણે "સ્ટાર ચેમ્બર" નામની એક અદાલતની રચના કરી. આ અદાલત મારફત પણ એણે ઠકરાતશાહીને કચડી નાખી.

ઉત્થાનયુગની દરિયાઈ રાણી

ત્યાર પછી ઈ. સ, ૧૫૦૯ માં સાતમા હેનરીની ગાદી પર તેનો દીકરો ૮ મો હેનરી આવ્યો. સાતમા હેનરીએ ઇંગ્લેન્ડના ટૂકડા કરી નાખનાર ઠક-

રાતશાહીને ખતમ કરીને ઇંગ્લેન્ડના ટાપુ પર રાજકીય એકતા રચી હતી. હેનરી ૮ માએ આ રાજકીય એકતા પર યુરોપનું અર્વાચીન રાજ્ય બનાવવાના પગલાં લીધાં. એણે પોતાની સ્ત્રીઓ સાથે છૂટાછેડા કરવાની બાબતમાં પોપ સાથે તકરાર કરવાની તક ઉપાડી લીધી, અને ઇંગ્લેન્ડભરમાં ધાર્મિક સંસ્થાઓને પોપની પકડમાંથી મુક્ત કરીને ઇસાઇ દેવળોને રાષ્ટ્રિય દેવળો બનાવ્યાં અને પોતાની જાતને ધર્મના વડા તરીકે જાહેર કરી. આ રીતે એણે શાંતિમય ધર્મ સુધારણા કરી. ત્યાર પછી ઈ. સ. ૧૫૨૮ માં ઇલીઝાબેથ નામની એની દીકરી ગાદી પર આવી. આ રાણીએ પોતાની ચુમ્માલીસ વર્ષની રાજ્યકર્તા તરીકેની કારકીર્દીમાં સ્પેઇનનો લશ્કરી અને વ્યાપારી રીતે પરાજય કર્યો, તથા આ જમાનો ઇલીઝાબેથના યુગ તરીકે જાણીતો બન્યો. આ જમાનામાં બહારની દુનિયામાં સંસ્થાનો જીતવાની હરિફાઇમાં, ઇંગ્લેન્ડ પણ ઉતરી પડયું. ઇંગ્લેન્ડના વેપારીઓએ વ્યાપારી કંપનીઓ બાંધવા માંડી. તથા ઇંગ્લેન્ડના જહાઝોએ સાતે સમુદ્રોમાં શિકાર કરવા માંડ્યો.

યુરોપનો વાણિજ્યયુગ વ્યાપક બન્યો.

ઇલીઝાબેથના સમય પહેલાંથી સ્પેઇને અને હોલેન્ડે જગતના નવા નવા પ્રદેશો શોધી કાઢવા માંડ્યા હતા. તેમણે તે તે પ્રદેશો ઉપર પોતાની માલીકીના વાવટાઓ રોપીને તે પ્રદેશો પોતાનાં સંસ્થાનો છે એમ જાહેર કરવા માંડ્યું હતું. પૃથ્વી ગોળ છે તે વાતની કોલંબસે જાહેરાત કર્યા પછી પોર્ટુગાલ પણ અમેરિકા સાથેના વેપારમાં ઉતરી પડ્યો. આ બંને વચ્ચે નવી દુનિયાની માલિકી માટેની સૌથી મોટી હરિફાઈ જામી પડી હતી. પોર્ટુગાલ અને સ્પેઇનને આ હરિફાઇ ને લીધે યુદ્ધમાં ઉતરવું ન પડે તેટલા માટે, આ બંને જેને પોતાના ધર્માચાર્ય તરીકે સ્વીકારતા હતા તેવા પોપે નવી શોધાયેલી દુનિયાને ઇ. સ. ૧૪૯૪માં ગ્રીનવીચની પશ્ચિમે ૫૦ મી ડીગ્રીના લોન્જીટયુડ પાસે સીમા દોરીને બે સરખા ભાગમાં વહેંચી નાખી અને પોર્ટુગીઝોએ આ સીમાની પૂર્વ તરફ પોતાનાં સંસ્થાનો જમાવવાં તથા સ્પેનિયાર્ડોએ પશ્ચિમ બાજુએ પોતાનાં સંસ્થાનો જમાવવાં એવો ચૂકાદો આપી દીધો. આ રીતે યુરોપના ધર્મગુરુએ યુરોપના બે રજવાડાંઓને નવી શોધાયેલી આખી દુનિયાનું દાન કરી દીધું. આ રીતે સ્પેઇનની સરકાર બ્રાઝીલ સિવાયના આખા અમેરિકન ખંડની માલિક બની તથા પોર્ટુગીઝ સરકાર ઇન્ડિઝ અને આફ્રિકાની માલિક બની.

એક વિચિત્ર મુકદ્દમો ચાલ્યો

પણ હવે સમય બદલાઇ ચૂકયો હતો. યુરોપના વેપારી યુગમાં ઇંગ્લેંડ અને હોલેંડ પણ આવી ચૂકયા હતા. આ બંને દેશોએ સ્પેઇનનો પરાજય કર્યો

હતો અને ઇલીઝાબેથનો જમાનો યુરોપમાં શરૂ થઇ ચૂક્યો હતો. આ જમાના પછી અંગ્રેજ વેપારીઓ અને ખલાસીઓ પણ ધીમે ધીમે અમેરિકા ઉપર પણ પોતાનો પગદંડો જમાવવા માંડ્યા હતા. સ્પેનિયાર્ડો અને પોર્ટુગીઝો અમેરિકાના પશ્ચિમ વિભાગમાં થાણાં નાંખીને પડ્યા હતા અને અંગ્રેજોએ જ્યાં સહેલાઇથી જઇ શકાય તેવા, પૂર્વના મહાન દેશ હિંદ તરફ પોતાની નજર દોડાવવા માંડી હતી. આ અરસામાં, એટલે સત્તરમા સૈકાની શરૂઆતમાં સંસ્થાનો જીતવાની દોડાદોડી શરૂ થઇ ગઇ હતી. ત્યારે, હિમ્મતકર્ક નામના એક ડચ કેપ્ટને મલાકાની સામુદ્રધુનિમાં એક પોર્ટુગીઝ જહાજને કેદ કર્યું. પોપે આખી દુનિયાને સ્પેઇન અને પોર્ટુગાલ વચ્ચે વહેંચી આપ્યા પછી પોર્ટુગીઝના ભાગમાં આવેલા સંસ્થાનોના દરિયામાંથી, ડચ કેપ્ટને પોર્ટુગીઝ વહાણને ગીરફતાર કર્યું હતું.

આ ગીરફતારીના બનાવે જાહેર કર્યું કે પોપે આખી દુનિયામાં ચરી ખાવાના પરવાના બે રાજ્યોનેજ આપ્યા હતા તે હવે યુરોપનાં બીજાં રાજ્યો કબુલ કરતાં નહોતાં. પોર્ટુગાલે પોપના દરબારમાં આ સામે ફરિયાદ નોંધાવી અને એક વિચિત્ર એવો મૂકદ્દમો ચાલ્યો. ડચ ઇસ્ટઇંડીયા કંપનિએ પોતાનો કેસ રજૂ કરવા માટે ડી ગ્રુટ અથવા ગ્રોસીયસ નામના વકિલને રોક્યો. પેલા વકીલે પોતાનો મૂકદ્દમો લડતાં જાહેર કર્યું કે મહાસાગરોનાં પાણી પર કોઇનો અધિકાર હોવો જોઇએ નહિ. જમીનના કિનારાના પ્રદેશ પરથી દરિયાના પાણી પર જેટલે દૂર તોપનો ગોળો ફેંકી શકાય તેટલાજ દરિયાઇ પાણી પર પાસેની જમીનવાળી હકૂમતનો અધિકાર ગણાવો જોઇએ અને તે સિવાયના બધા જ સમુદ્રોના વિસ્તાર યુરોપનાં તમામ રાજ્યોનાં જહાજો માટે ખુલ્લા અને મૂકત ગણાવા જોઇએ. કાયદેસરની અદાલતમાં આવા કાયદેસરના સિદ્ધાંતનો પહેલીવાર પૂકાર થયો. આજસુધી સ્પેઇન અને પોર્ટુગાલે યુરોપ સિવાયની દુનિયાના સમુદ્રોને " મેરે કલોસમ " અથવા પોતાની બે રાજ્યોની અધિકારવાળી આણને ધારણ કરનારી નાકાબંધીવાળા સમુદ્રો કહ્યા હતા. પરંતુ હવે યુરોપની અદાલતે બહારની દુનિયાના સમુદ્રોને " મેરે લીબેરમ " અથવા મૂકત સમુદ્રો તરીકે જાહેર કરી દીધા. આ જાહેરાત પછી ઇ. સ. ૧૬૨૧માં હોલેંડે વેસ્ટ ઇન્ડીયા કંપની નામની એક વેપારી કંપની શરૂ કરી તથા હોલેંડે બ્રાઝીલ પર આક્રમણ કર્યું. તથા ઉત્તર અમેરિકાને કિનારે પણ પોતાનો એક કિલ્લો બાંધ્યો.

ઇલીઝાબેથના જમાના પછીના અંગ્રેજ રાજનો દૈવિ હક્ક

ઇ. સ. ૧૬૦૩ માં ઇંગ્લાંડની ઇલીઝાબેથ નામની કુમારિકા રાણી મરણ પામી અને ટયુડરોની રાજગાદી પર સ્ટુઅર્ટ રાજવંશનું આરોહણ થયું. આ

રહુઅર્ટો ઇંગ્લંડમાં પરદેશીઓ હતા તથા સ્પેઇન સાથે મિત્રાચારી રાખવામાં માનતા હતા. અંગ્રેજ વેપારીવર્ગ આ નીતિને નાપસંદ કરતો હતો. આ ઉપરાંત રાજા જેમ્સ અને તેનો દીકરો ચાર્લ્સ ૧ લો જે, ઇ. સ. ૧૬૨૫ માં ગાદી પર આવ્યો તે બંને જણ રાજાના દૈવિ હકમાં માનતા હતા. યુરોપનો દૈવિ હકનો ખ્યાલ પોપ નામના ધર્માચાર્યોએ શરૂ કર્યો હતો તથા એ રીતે તેમણે રાજ્ય પણ કર્યું હતું. પરંતુ યુરોપમાં આ બાબત હવે જૂની થઇ ગઇ હતી, તથા ધર્મ સુધારણાની હિલચાલે રાજ્યકર્તાના દૈવિ અધિકારને સિદ્ધાંતમાં પદભ્રષ્ટ કર્યો હતો. દૈવિ અધિકારનો આ ઇન્કાર, ઇ. સ. ૧૫૮૬ માં નિધર્લેન્ડઝમાં સંભળાયો હતો. આ પ્રદેશ ઉપર ગાદીનશીન થયેલા સ્પેઇનના રાજા ફિલીપ બીજાને નિધર્લેન્ડઝમાંથી બરતરફ કરવામાં આવ્યો હતો તથા પ્રજા તરફની રાજાની જવાબદારીનો આ પદાર્થ પાઠ ઉત્તરસમુદ્રના કિનારા પર પથરાયો હતો. આ ખ્યાલનો પહેલો અમલ કરનાર હોલેંડનો વેપારી સમાજ હતો. આ સમાજે પોતાની મૂડીની તાકાતનો અનુભવ કરવા માંડ્યો હતો, તથા એ તાકાતનો અધિકાર રાજ્યકારણમાં ઉતારવાની શરૂઆત કરી હતી. જેવો વેપારી સમાજ હોલેંડમાં હતો તેવોજ ઇંગ્લંડમાં પણ હતો. આવા વેપારી વર્ગોએ એક નવું શસ્ત્ર સંપાદન કર્યું હતું. આ શસ્ત્રનું નામ મૂડી હતું. મૂડીની તાકાત લશ્કરો ઉભાં કરી શકે છે તથા લશ્કરોનાં આયુધોને પણ એજ તાકાત મજુરોના શ્રમ મારફત પેદા કરી શકે છે એવી ખાત્રી તેમને થઇ ચૂકી હતી. પોતાની તાકાતના ભાન સાથે તેમણે રાજાના દૈવિ અધિકારનો મુકાબલો કરવા માંડ્યો હતો. તથા રાજા પાસે રજવાડાશાહીની જે જૂની લશ્કરી સંસ્થા હતી તેના કરતાં પોતાની મૂડીમાં વધારે વિશિષ્ટ પ્રકારની લશ્કરી તાકાત હતી તેવો વિશ્વાસ સંપાદન કરવા માંડ્યો હતો. આ વિશ્વાસપૂર્વક તેમણે રાજાના દૈવિ અધિકારને વશ વર્તવાનો ઇન્કાર ઇંગ્લેંડની ભૂમિ પર કરી દીધો.

મુડીના અને રાજાના દૈવી હકકોનો મુકાબલો

ઇ. સ. ૧૬૨૫ માં ગાદી પર આવેલા ચાર્લ્સ પહેલાના જમાનામાં ઇંગ્લંડની ધરતી પર રજવાડીયુગનો દૈવિ અધિકાર મૂડીવાદી યુગના લોકશાહી અધિકારની સામ સામે આવી ગયો. ઇંગ્લેંડની ધરતી પર ચાર્લ્સ પહેલાના શાસન સમયમાં આ બંને તાકાતો એકબીજાના મુકાબલા માટે ખડી થઇ ગઇ. રાજકારણના આ અગત્યના સવાલનું પહેલું યુદ્ધ પાર્લામેન્ટના મકાનમાં આરંભાયું. રાજાની સામે મૂડીદારોની લોકશાહીએ, લોકસભામાં પોતાનો પહેલો મોરચો રોપ્યો, અને ત્યાંથી રાજાના ફરમાનોને નામંજૂર કર્યાં. રાજાએ લોક-સભાને અથવા " હાઉસ ઓફ કોમન્સને " બરતરફ કર્યું, તથા અગીઆર

વર્ષ સુધી જાણે પોતાની ખાનગી જાગીરનો વહિવટ ચલાવતો હોય તેવી રીતે એ રાજાએ પોતાની ઇચ્છા પ્રમાણે કરવેરા નાખીને રાજ્ય ચલાવ્યું. આ કરવેરાઓને પ્રજાએ ગેરકાયદેસર જાહેર કર્યા. છેવટે ઈ' સ. ૧૬૪૦ના એપ્રિલમાં પાર્લામેન્ટને બોલાવવાની રાજાને ફરજ પડી. થોડાંજ અઠવાડિયામાં એણે એ પાર્લામેન્ટને પણ બરતરફ કરી અને ઇ. સ. ૧૬૪૧ ના નવેમ્બરમાં નવી પાર્લામેન્ટને એણે બોલાવી.

આ સવાલનો આખરી મુકાબલો કરી લેવાના મિજાજવાળી નવેંબરની નવી પાર્લામેન્ટ બેઠી. આ પાર્લામેન્ટે જાહેર કર્યું કે રાજાના ફરમાનથી હવે પોતે બરતરફ થશે નહિ કારણ કે, પાર્લામેન્ટને બરતરફ કરવાનો અધિકાર રાજાનો નથી પણ પાર્લામેન્ટનો પોતાનો છે. ઇ. સ. ૧૬૪૧ ના ડીસેમ્બરના પહેલા દિવસે પાર્લામેન્ટે રાજાને એક મોટી વાંધા અરજી સુપ્રત કરી. આ અરજી "ગ્રાન્ડ રેમોનસ્ટ્રન્સ" અથવા ફરિયાદની દરખાસ્ત તરીકે જાણીતી બની. ત્યાર પછી તરત જ રાજા અને મૂડીવાદી લોકશાહી વચ્ચેની લડાઈ હવે પાર્લામેન્ટના મકાનમાંથી બહાર નીકળીને યુદ્ધના મેદાન પર આવીને ખડી થઇ ગઈ. ૧૬૪૨ ના જાન્યુઆરીમાં રાજાએ લંડન છોડ્યું, અને લશ્કરની સજાવટ કરવા માંડી. ધર્મસુધારણામાં આગળ રહેલા પ્રોટેસ્ટન્ટો અને પ્યુરિટનોએ રાજાના લશ્કર સામે લડનારું નવું લશ્કર યોજવા માંડયું, તથા લોકો તેમાં સ્વયંસેવકો તરીકે જોડાવા માંડયા.

ઇંગ્લેંડની ભૂમિપર નવી જ જાતનું યુદ્ધ શરૂ થયું. એ વર્ષમાં ચાર્લ્સ બે વખત હાર્યો. લોકોના લશ્કરનો સેનાપતિ ઑલિવર ક્રોમવેલ નામનો હતો. ક્રોમવેલે ઇ. સ. ૧૬૪૫માં નેસ્બી આગળ ચાર્લ્સનો પરાજય કર્યો. ચાર્લ્સ રાજા સ્કૉટલેંડ તરફ નાઠો. સ્કોટ લોકોએ અંગ્રેજી રાજાને પકડીને ઇંગ્લેંડની પાર્લામેન્ટને વેચાતો આપ્યો. પાર્લામેન્ટે રાજા પર દેશદ્રોહનો આરોપ મૂકીને તેના પર કામ ચલાવવા માટે ખાસ એક અદાલતની નિમણુંક કરી. આ અદાલતે રાજાને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. ઇ. સ. ૧૬૪૯ના જાન્યુઆરીના ત્રીસમા દિવસે અપરાધી રાજાને વધસ્તંભ તરફ દોરી જવામાં આવ્યો. આ રીતે યુરોપના નૂતન યુગમાં જૂની રજવાડી પદ્ધતિ પ્રમાણે રાજ્ય કરવા માગતા અંગ્રેજી રાજાનો કાયદેસર રીતે શિરચ્છેદ કરી નાખવામાં આવ્યો.

વેપારી સમાજનો પહેલો સરમુખત્યાર

રાજાના દૈવિ અધિકારનો શિરચ્છેદ કરી નાંખ્યા પછી, યુરોપ પર શરૂ થવા માંડેલા વેપારી યુગના મૂડીદાર વર્ગે, વ્યાપારી વિકાસના અર્થા વિકાસને

જાણી શકે તેવા ઑલિવર ક્રોમવેલને અંગ્રેજી પાર્લામેન્ટનો પહેલો સરમુખત્યાર બનાવ્યો. ક્રોમવેલ "લોર્ડ પ્રોટેક્ટર" કહેવાયો. ઇ.સ. ૧૬૫૩માં પોતાનું કામ શરૂ કરીને એણે પાંચ વર્ષ સુધી રાજ્યવહિવટ ચલાવ્યો. સ્પેઇન સામેની યુદ્ધ હરિફાઇ ફરી પાછી શરૂ થઇ. ધર્મસુધારણાનો એણે સર્વાંગી રીતે અમલ શરૂ કર્યો. ઇંગ્લેંડના રાજકારણમાં વેપારી સમાજનાં હિતો અને અધિકારો પહેલી પંક્તિના કાર્યક્રમ તરીકે અમલમાં આવ્યાં. આ રીતે યુરોપમાં નવા યુગના વેપારી વહિવટવાળું નૂતન લોકશાહી રાજ્યશાસન પહેલીવાર શરૂ થયું.

આ નવા રાજ્યશાસનમાં એક રાજાને ફ્રાંસીએ લટકાવ્યા પછી અને બીજાને ભગાડી મૂકયા પછી ઇ. સ. ૧૬૮૮માં અંગ્રેજી પાર્લામેન્ટે, પાર્લામેન્ટની હકૂમત પ્રમાણે અને પાર્લામેન્ટની જ અનુમતિ પ્રમાણે રાજ્ય કરે તેવા એક રાજાને રાજ્ય કરવા માટે આવવાનું આમંત્રણ આપ્યું. ડચ રીપબ્લીકનો આગેવાન વિલિયમ ત્રીજો ઇંગ્લેંડમાં આ રીતે આવવા તૈયાર થયો. આ વિલિયમને બોલાવવા પાછળ જૂના રાજવંશનો વારસાહકકનો કાનૂન હતો. આ નવો રાજા જે પાર્લામેન્ટના પુતળા તરીકે આવવા તૈયાર હતો તે ઇંગ્લેંડના જે રાજાને ભગાડી મૂકવામાં આવ્યો હતો તેની સૌથી મોટી દીકરી મેરી સાથે પરણ્યો હતો. અંગ્રેજી પાર્લામેન્ટે ભગાડી મૂકેલા રાજાનાં, દીકરી જમાઇને અંગ્રેજી ગાદી પર આવવા આમંત્રણ અપાયું. ઇ. સ. ૧૬૮૮ના નવેમ્બરની પાંચમી તારીખે વિલિયમ અને મેરી ઇંગ્લેંડમાં આવ્યાં. ૧૬૮૯ના જાન્યુઆરીમાં વિલિયમ અને મેરીને અંગ્રેજી પાર્લામેન્ટે ઇંગ્લેંડના રાજ્યકર્તાઓ તરીકે જાહેર કર્યા. શાસનની સર્વસત્તાધિકારી, પાર્લામેન્ટે, તથા રાજ્યવહિવટનો અમલ કરનારી પાર્લામેન્ટે નિમેલી કારોબારી કેબિનેટ તરીકે ઓળખાઇ. અંગ્રેજી રાજશાસનમાં રાજાનું વ્યક્તિત્વ રાજદંડ જેવું જડ અને પુતળા જેવું કલાગરૂં બની ગયું. લોકશાહીના સાચા સ્વરૂપ પ્રમાણે જોઇએ તો, અંગ્રેજી લોકશાસનનું આ સ્વરૂપ સંપુર્ણ જવાબદાર રાજ્યતંત્રવાળી અને વેપારી સમાજની હકૂમત નીચેની રાજાશાહીનું સ્વરૂપ હતું. પાર્લામેન્ટના સભાસદો ચૂંટાઇને જ આવતા હતા પરંતુ દરેક બાર અંગ્રેજ નાગરિકોએ અડવા નાગરિકને જ મત આપવાનો અધિકાર હતો, એટલે ત્યારે સંપુર્ણ પ્રતિનીધિત્વ ધરાવતું લોકશાહીનું આ સ્વરૂપ ન હતું.

રજવાડાશાહીનો અંત

છતાં પણ રજવાડાશાહીના મધ્યયુગી જમાનાનો તથા રાજાના શાસનનો યુરોપની ધરતી પરથી અંત આણવાનો આરંભ ઇંગ્લેંડમાં થયો. યુરોપનો જન્મ એક હજાર વર્ષ પર થયો હતો અને ત્યાર પછી તરત જ યુરોપની

સમાજ ઘટનામાંથી યુરોપના રાજવહિવટ પર એકહથ્થુ સત્તા અને અધિકાર ચલાવનાર રજવાડી શાસનની વ્યવસ્થા તથા એ વ્યવસ્થા પર દૈવિ અધિકાર ધરાવનાર રાજા શરૂ થયો હતો. આ રાજાશાહીનું રાજકારણ લખનાર ચાણુક્ય જેવો રાજકારણી પુરુષ મેકિયાવેલી નામનો જન્મ્યો હતો તથા તેણે મધ્યયુગમાં "પ્રિન્સ" નામનું જગમશહૂર પુસ્તક લખ્યું હતું. આ પુસ્તક લખીને એણે રાજાને પોતાની તાકાત ગમે તેવી ભેદનીતિ કે દંડનીતિ ધારણ કરીને જાળવી રાખવાની શિખામણ આપી હતી. આ રાજકારણે યુરોપના રાજાને પહેલીવાર વહિવટીશાસ્ત્ર દીધું હતું. ચાણુક્ય નીતિની જેમ મેકિયાવેલીના આ શાસ્ત્રે રોકાઓ સુધી યુરોપ પર રાજ્ય કર્યું. ત્યાર પછી યુરોપપર શરૂ થયેલા ઊત્થાનયુગે જન્માવેલા વ્યાપારી શાશનના જમાનાએ રાજા નામના પ્રાણીને યુરોપની ધરતી પર શાસનના વહિવટીજીવન માટે નાલાયક ઠરાવ્યો.

પૂર્વના પ્રાચીન દેશો સાથે સરખાવીએ તો ત્યાં રાજાના દૈવિઅધિકારો હજારો વર્ષો સુધી જીવતા રહ્યા તથા છેવટે જ્યાં રાજાને ભગવાન બનાવી દેવામાં આવ્યો તે બાબત મહાન એવા આ પ્રાચીન દેશોની અધોગતિના કારણરૂપ હતી, તે ઇતિહાસે પૂરવાર કરી છે. જગતના દસ હજાર વર્ષના ઇતિહાસમાં પહેલીવાર યુરોપની સમાજ ઘટનાએ પોતાની જીંદગીના એક હજાર વર્ષમાં જ એવા ક્રાંતિકારી વેપારી સમાજને જન્મ આપ્યો કે જેણે પોતાની ભૂમિ પરથી એટલે યુરોપની ભૂમિ પરથી પોતાની જીવન ઘટનામાંથી રજવાડાશાહી જીવનપદ્ધતિને ખતમ્ કરી નાખી અને શાસન કરવાનો અધિકાર પણ પોતાના હાથમાં ધારણ કર્યો. પૂર્વના મહાનદેશો જેવા કે ચીન અને ભારત દસ હજાર વર્ષની જીંદગી જીવ્યા છતાં પણ યુરોપે જ્યારે આ રાજ્યક્રાંતિ કરી ત્યાં સુધી એવી ક્રાંતિ પોતાને ત્યાં કરી શક્યા નહીં. એ રીતે આ મહાન દેશોના વેપારી સમાજે વિશ્વની જીવનઘટનામાં આગળ વધવાને નાલાયક પૂરવાર થયા અને યુરોપે આ મહાન દેશોને પોતાનાં ગુલામ સંસ્થાનો બનાવીને આગળ વધવા માંડ્યું.

રાજ્યક્રાન્તિ કરતા ઇંગ્લેન્ડની સામ્રાજ્યવાદી હિલચાલ

યુરોપની શરીરરચનામાં જે વાણિજ્ય હકુમત પોતનાં રાષ્ટ્રોમાંથી રજવાડાશાહીની હકુમતને ખતમ કરીને ઉપલા વર્ગોના અથવા જમીનદાર અને મુડીદાર અથવા વેપારી વર્ગોના મતાધિકારવાળું લોકશાહીતંત્ર સ્થાપતી હતી તે જ વાણિજ્ય હકુમત પોતાના દેશમાંથી બહાર નીકળીને જગતના બીજા પ્રદેશો પર પણ પોતાની હકુમત સ્થાપવા માંડી હતી. આ હકુમતનું મૂખ્યરૂપ વાણિજ્યનું હતું. આ વાણિજ્યને મદદ કરવા અને તેનું રક્ષણ કરવા આ હકુમત તે તે પ્રદેશો પર પોતાની રાજકીય હકુમત પણ સ્થાપતી હતી. આવી હકુમતના પ્રયા

અંગ્રેજી ધરતી પર શરૂ થએલી રાજક્રાંન્તિની હિલચાલના સ્વરૂપમાંજ નખાવા માંડયા હતા. આ રાજક્રાન્તિના સ્ટુઅર્ટ રાજશાસનના સમયમાં જ અંગ્રેજી "એમ્પાયર" અથવા સામ્રાજ્ય પણ શરૂ થતું હતું. યુરોપનાં બીજાં રાજ્યો કરતાં ઇંગ્લેંડ આ હિલચાલમાં વધારે પાવરધું પૂરવાર થતું હતું. સ્ટુઅર્ટ સમયથી જ વાણિજ્ય હકુમતનું જે રૂપ ઘરઆંગણે રાજક્રન્તિ કરતું હતું તે વ્યાપારી, સ્વરૂપ, જોઇન્ટ સ્ટોક કંપનીઓ બનીને પોતાના સામ્રાજ્યના પાયા નાખવા પૂર્વના દેશો પર ઉતરતું હતું. ચીન અને હિંદ જેવા દૂર પૂર્વના પ્રદેશો તરફ ઉત્થાનયુગના આરંભથી જ યુરોપની નવી જાગ્રતિ લલચાઈ ચૂકી હતી. અંગ્રેજી લોકો યુરોપની ધરતી પરથી હિંદ દેશ પર પહોંચ્યા તે પહેલાં ફિરંગીઓ અને સ્પેનિઆર્ડો આ ભૂમિ પર ઉતરી ચૂકયા હતા. ઈ. સ. ૧૬૦૦ ના છેલ્લા દિવસે બ્રિટનના લંડન નગરમાં વ્યાપારીઓની એક મંડળી જન્મી અને પછી આ મંડળી ઇસ્ટ ઇન્ડીયા કંપનીનું નામ ધારણ કરીને હિંદને ગુલામ બનાવનારી મશહુર એવી શાહીવાદી પેઢી બની. આવી શાહીવાદી વેપારી પેઢીઓ, યુરોપના બીજા દેશોમાંથી પણ આ મહાન પ્રાચીન દેશને દંઢોળી નાખવા આવી પહોંચી. આ સામ્રાજ્યવાદી પેઢીઓનો એક લોખંડી પગ પોત પોતાના યુરોપીય દેશમાં રોપાએલો હતો તથા શાસક હકુમતવાળો અને રાષ્ટ્રવાદી નામને ધારણ કરનારો હતો. આ શાહીવાદી વેપારી પેઢીઓનો બીજો પગદંડો, પરાધીન બનેલા પૂર્વ પ્રદેશ પર રોપાએલો હતો તથા ક્રૂર અને ઘાતકી રીતે આ પ્રદેશ પર એક હથ્થુ શાસન શરૂ કરતો હતો. આ બન્ને પગદંડવાળો પરદેશી શાસનનો આખો આકાર શાહીવાદ અથવા સામ્રાજ્યવાદના નામનો હતો. આ સામ્રાજ્યો યુરોપનાદેશો શરૂ કરતા હતા, આ સામ્રાજ્યોમાં જગતભરમાં સૌથી મોટું એવું સામ્રાજ્ય ઇંગ્લેંડનું બનતું હતું અને બ્રિટીશ એમ્પાયરના નામથી ઓળખાવા માંડયું હતું.

યુરોપની ધરતી પરની રાજ્યક્રાન્તિઓમાં ઇંગ્લેંડ

આવી શાહીવાદી અથવા સામ્રાજ્યવાદી ઘટના વડે યુરોપનો વેપારી સમાજ પોતપોતાના દેશમાં શાસનના વધારે વધારે અધિકારો મેળવતો હતો તથા વાણિજ્યના આગેવાનો રાજશાસનના આગેવાનો પણ બનતા હતા. શાસનનાં આ સ્વરૂપોમાં રાજાના અધિકાર ખતમ થતા હતા અને વેપારી–મુડીવાદી વર્ગોના શાસનના અધિકાર સ્થપાવા માંડયા હતા. યુરોપનું વાણિજ્યરૂપ શાસનના અધિકારોને સંપાદન કરવા માંડયુ હતું. આ અધિકાર રૂપ, કોલંબસે એટલાંટિક મહાસાગર ઓળંગ્યો તથા ડાગામાએ કેપની પ્રદક્ષિણા કરી ત્યારથી યુરોપના પશ્ચિમી કિનારા પરથી જગત જીતવા નીકળવાની તૈયારી કરતું દેખાઈ ચૂકયું હતું. વાણિજ્યનું આ પરિબળ આખા યુરોપમાં શાસન સ્વરૂપ બનવા માંડયુ

હતું. આ સ્વરૂપનો ઇતિહાસ આપણે ઇંગ્લેંડની રાજ્યક્રાંતિ અને ફ્રેંચક્રાન્તિમાં બીલકુલ સાફ રીતે દેખી શકીએ છીએ.

રાજ્યક્રાન્તિની સાથે જ ઇંગ્લેંડની જોઇન્ટ સ્ટોક કંપનીઓ, તથા વાણિજ્યની નૌકા કંપનીઓ વાણિજ્ય હકુમતના અર્થપ્રાપ્તિના હેતુને ધારણ કરીને ઇંગ્લેંડથી દૂર દૂરના પ્રદેશો પર અંગ્રેજી વાણિજ્યનો વાવટો રોપવા માંડી અમેરિકાખંડ પર આવી અંગ્રેજી વસાહતનું રૂપ ઈ. સ. ૧૬૦૯માં વરજીનીયામાં સ્થપાયું. આ સ્વરૂપ એક વેપારી મંડળીનું હતું. અંગ્રેજી વેપારીઓની આ મંડળી પાસે લંડન નગરની વાણીજ્ય હકુમતનો અધિકાર પટ્ટો હતો. આ અધિકારનો લેખ અથવા ચારટર, આ મંડળીના નામનો ઉલ્લેખ ' ટ્રેઝરર એન્ડ કંપની ઓફ એડવેનચરર્સ એન્ડ પ્લેન્ટર્સ ઓફ ધી સીટી ઓફ લંડન " નામના શબ્દોમાં કરતો હતો. એટલેંટિક મહાસાગરના સામા કિનાર પર " નોવા બ્રિટાનીયા " ની સ્થાપના કરનારી આ વાણિજ્ય હકુમતની જોઇન્ટ સ્ટોક કંપનીના શેર હોલ્ડરોમાં ૨૧ ઉમરાવો ૨૬ સામંતો પર ફ્રેપ્ટનો ૨૮ જમીનદારો ૫૮ નાગરિકો, ૬૧૦ વેપારીઓ તથા ૨૮૨ સામન્યો હતા. આ રીતે એટલેંટિકના એક કિનારા પરનું વાણિજ્યરૂપ બીજા કિનારા પરનો હજારો માઇલ દૂરની અમેરીકન ભૂમિ પર " નોવા બ્રિટાનીયા " ને જન્માવતું હતું.

યુરોપને ખેંચતો લોહ ચુંબક જેવો અમેરિકા ખંડ

યુરોપના દેશોમાં મધ્યમવર્ગનો ઉદય થયો. મધ્યમવર્ગ જન્મ્યો તેવોજ નવી વાણિજ્ય પદ્ધતિનું સ્વરૂપ ધારણ કરીને જન્મ્યો હતો. અજ્ઞાત એવા જગતના પ્રદેશોને શોધી કાઢવા માટે એના સાહસિકો પૃથ્વી પરના બધા પ્રદેશો પર ફરી વળવા માંડ્યા હતા. નવા જગતના નાવિકે જાણે આખી નવી દુનિયા જ શોધી કાઢી હોય તેમ તેમણે અમેરિકાને નવા શોધી કાઢ્યો. આ કોલંબસના નામ પરથી ખરી રીતે તો એનું નામ કોલંબીયા એવું પડવું જોઇતું હતું પરંતુ એનો નામકરણ વિધિ કોઈ બીજાના, એમેરીગોના નામથી કરી દેવામાં આવ્યો. આ નવો શોધાયેલો પ્રદેશ એક મોટો આખો ખંડ જ હતો. ત્રણ હજાર માઈલ લાંબો અને પંદરસો માઈલ પહોળો એવો આ ખંડ નવી દુનિયાના નામથી ઓળખાયો અને પછી તરત જ મોટા લોહચૂંબક જેવો આ પ્રદેશ આખા યુરોપખંડમાંથી પોતાના પર વસવાટ કરવા માટે તમામ પ્રજાઓને ખેંચવા લાગ્યો.

અહીં સૌથી પહેલાં નોર્સ લોકો આવ્યા. પછી ઈટાલિયનો આવ્યા, સ્પેનિશ લોકો આવ્યા, પછી અંગ્રેજો જર્મનો, ફ્રેંચો, નોર્વેજીયનો, સ્વીડીશો,

ડેન્સ, ડચ, બોહેમિયન, ઑસ્ટ્રીયન, રૂમાનિયન અને રશિયનો પણ આવી પહોંચ્યા. એ રીતે આ બધી પ્રજાઓ અમેરિકાની ધરતી પર આવ્યા જ કરી.



આ વસાહતીઓ • સત્તરમા : સૈકાની શરૂઆતમાં અમુક સેંકડોની સંખ્યામાં હતા. પછી તેમની સંખ્યા હજારોની બની અને ત્રણસો વર્ષમાં કરોડો જેટલી થઈ.

અમેરિકા પર ન્યુ-ઇંગ્લેંડ

ઈ. સ. ૧૬૦૯માં અંગ્રેજી વસાહતીઓની અમેરિકન ધરતીપરની પહેલી વસાહત જેમ્સ નદીપર સ્થપાઈ. આ વસાહતનું નગર જેમ્સ ટાઉન નામનું બંધાયું. આ વસાહત પર તંબાકુનું વાવેતર થયું તથા, તંબાકુથી લદાયેલાં જહાજો પ્લિટને કિનારે લંગરાયાં. પછી આ નવી જાતના વાવેતરનો પાક લુંટવા અંગ્રેજી વસાહતીઓની સંખ્યા ઉભરાવા માંડી અને વેપારી કંપનીઓ વધવા માંડી. જેમ વેપાર વધતો ગયો તેમ થોડાં જ વરસોમાં ભૂમધ્યના અમેરિકન કિનારાપરનાં વસાહતી હિતો અને ઇંગ્લેન્ડના કિનારાપરનાં વેપારી હિતો વચ્ચે અથડામણ શરૂ થઈ. ઈ. સ. ૧૬૧૯માં જેમ્સટાઉનના વસાહતીઓએ પોતાની અંદરથી જ એક જાતનું વહિવટી તંત્ર ઉભું કર્યું. આ વહિવટી તંત્ર જેમ્સટાઉનની અંગ્રેજી વસાહતમાંથી ચુંટાયેલી પહેલી ધારાસભા હોય તેવું જન્મ સાથે જ દેખાયું. હવે આ અમેરિકન ધરતીપર નવાં ઉતરાણુ આવ્યાં. ઈતિહાસના આ લોકો "પીલ્ગ્રીમ ફાધરો" હડસન નદીના મુખ આગળ ઉતરવાના હતા પરન્તુ તેને બદલે તેમનાં જહાજો ભૂલથી દૂર ઉત્તર તરફ હંકારાઈ ગયાં અને જ્યાં એ જહાજો પહોંચ્યાં ત્યાં જ તેમણે પડાવ નાખ્યો. ત્યારપછી તરત જ ઇંગ્લેન્ડમાંથી પણ પ્યુરિટનોની કટ્ટરીક મંડળીઓ જહાજોમાં બેસીને અમેરિકામાં જીવવા માટે આવી પહોંચી, તથા હોલેન્ડના પીલ્ગ્રીમફાધરોએ જ્યાં પડાવ નાખ્યો હતો ત્યાં ઉત્તરમાં જ તેમણે પણ વસાહત કરી. અમેરિકાપરનો આ ઉત્તરનો પ્રદેશ ન્યુ-ઇંગ્લેંડ તરીકે ઓળખાયો. આ નવા ઇંગ્લેંડ પર હોલેંડમાંથી આવેલા અને ઇંગ્લેંડમાંથી આવેલા અંગ્રેજોએ દરેક કુટુંબ દીઠ જમીનની પોત પોતાની જાગીરો શરૂ કરી. આ જાગીરો પર ગુલામોની સેવા વડે તેમણે ખેતીવાડીને ખિલવવા માંડી. આ ન્યુ ઇંગ્લેંડની દક્ષિણે વર્જીનિયા નામનું આવું જ એક સંસ્થાન શરૂ થયું, તથા તેની ઉત્તરે મેરીલેન્ડ નામનું સંસ્થાન શરૂ થયું. આ ત્રણેમાંના અંગ્રેજી સંસ્થાનવાસીઓ ઇંગ્લેંડથી પોતાની સાથે પોતાને માટે મેગ્નાચાર્ટા નામનો વારસો પણ લઈ આવ્યાં હતાં. ગુલામોની મજુરી પર શરૂ થયેલી આ અંગ્રેજી વસાહતો પોતાને માટેના જીવન વહિવટ ચલાવવાના સિધ્ધાંત તરીકે "મેગનાચાર્ટા" નામના સૂત્રનો સ્વીકાર કરતી હતી. જે સૂત્રના પોકાર સાથે ઇંગ્લેંડમાં પાર્લામેન્ટનો જન્મ થયો હતો તેનો અમેરિકાની આ વસાહતોમાં લાંબો અને ટુંકો માત્ર એટલો જ અર્થ થતો હતો કે, કોઇ પણ રાજા કે શહેનશાહનો જૂલ્મ પ્રજા સહન કરશે નહિ તથા નાગરિકોના પોતાના રોજબરોજના જીવનના વહિવટમાં તેઓ પોતાના નિર્ણય સિવાયના, અને પોતાની સંમતિ સિવાયના, કોઈ પણ કરવેરાનો સ્વીકાર કરશે

નહિ. આ વસાહતમાં જેમણે પોતાના જીવનનો વહિવટ શરૂ કર્યો હતો તેવાં આ અંગ્રેજી નાગરિકોએ, પોતાની વસાહતોનું નામ ન્યુઇંગ્લેંડ રાખ્યું.

અમેરિકાના ઉદ્‌ભવમાં, નવો માનવ સમુદાય

શરૂઆતના દિવસોથી અને ઠેઠ સુધી આ વસાહતીઓમાંની સૌથી મોટી સંખ્યા અંગ્રેજોની હતી. ઇંગ્લેંડમાંથી જહાજો ભરી ભરીને ગુન્હેગારો અને ગુંડાઓને ત્યાં ધકેલી દેવામાં આવ્યા હતા, ત્યાં ધાર્મિક હિજરતીઓ પણ આવીને વસ્યા હતા. યુરોપભરમાંથી રખડતાં છોકરાં છોકરીઓને પકડીને તેમને આ ભૂમિ પર સ્વતંત્ર મજુરી કરવા દેવા માટે લાવવામાં આવતાં હતાં.

આ બધા ઉપરાંત આફ્રિકામાંથી કાળાં નરનારીઓ અને યુવાન યુવતિઓને ઉપાડી લાવીને અહીંની ગોરી વસાહતોનાં નવા બજારોમાં નગ્ન ઉભાં રાખીને હરાજ કરવામાં આવતાં. ગોરી વસાહતોની આ કાળી મિલ્કત હતી તથા આ નિગ્રો માનવતાને તમામ કાળી મજુરી કરવા માટે અહિં જકડી લેવામાં આવતી. જેમાં જન્મથી કે મરણ પર્યંતના જીવતરમાં ભયાનક ત્રાસ નીચે આ લોકો જકડાઈ ગયાં હતાં એવી આ ગુલામ માનવતાની સંખ્યાનો આંકડો, ૧૮ સૈકામાં દર વર્ષે વીસહજાર ગુલામોને આફ્રિકામાંથી અહિં ઉતારવામાં આવતાં હતાં, એવો હતો.

આવી આ નવી દુનિયા પરની વસાહતને યુરોપની નવી હિલચાલોએ નવું રાજ કારણ આપ્યું હતું. યુરોપની ઉદ્યોગ-ક્રાંતિએ નવિ વાણિજ્ય પદ્ધતિને વસાહતીઓને વારસામાં સોંપી હતી અને યુરોપના વૈજ્ઞાનિક શોધકોએ યંત્રો બનાવવાની આવડત પણ તેમને ભેટ દીધી હતી.

આ નૂતન દુનિયા અથવા દેશનું નામ અમેરિકન સંસ્થાનો હતું. આ પ્રદેશ નોવારકોશિયા અને ફ્લોરિડાની વચ્ચેની જમીનની પટ્ટીનો બન્યો હતો. એનો પૂર્વ કિનારો મહાસાગરની પેલે પારના યુરોપખંડ તરફ દેખતો હતો. આ ભૂમિ પર ઈ. સ. ૧૬૦૭માં જેમ્સ ટાઉન નામનું નગર બંધાયું અને ૧૬૨૦ માં પ્લીમાઉથ બંદરનો જન્મ થયો. ન્યુયોર્ક નગરમાં પહેલાં ડચ લોકો પછી સ્વીડઝ, જર્મનો અને અંગ્રેજો વસ્યા અને ન્યુયોર્ક વાળી જમીનની આખી પટ્ટી પર ઇંગ્લેંડે પોતાની માલિકી નોંધારી દીધી. આ પ્રદેશ પર અંગ્રેજોની બહુમતી હતી. આ પ્રદેશ ધીમેધીમે ઇંગ્લેંડનાં સંસ્થાનો તરીકે ઓળખાવા લાગ્યો. ઔધોગિક ક્રાંતિની દરિયાની રાણીએ અમેરિકાને પોતાના સંસ્થાન તરીકે જાહેર કર્યો.

ઇંગ્લેંડની માતૃભૂમિનાં પરાધીન અમેરિકન સંસ્થાનો.

અમેરિકામાં આવીને વસેલા વસાહતીઓમાં મોટી સંખ્યા અંગ્રેજોની હતી. એટલે ઇંગ્લંડના નામદાર મહારાજાએ અમેરિકાનાં સંસ્થાનો પર પોતાનો કબજો

જાહેર કર્યો. આ સંસ્થાનોની જમીન પટ્ટી ઇ. સ. ૧૬૦૭ થી જેમ્સ ટાઉન આગળથી શરૂ થઈ ન્યારની ઈંગ્લંડની હકુમત નીચે ગણાઈ ચૂકી હતી. પછી ૫૦ વર્ષની અંદર જ મેસાચુસેટથી ન્યોર્જીઆ સુધીની બીજી પટ્ટી ઉત્તરથી દક્ષિણ તરફ દોડતી હતી, અને તે પટ્ટી પરનાં તેર સંસ્થાનો પર પણ ઈંગ્લંડની હકુમત ચાલુ થઈ ગઈ.

માતૃદેશ ઇંગ્લેંડની આવી વધતી જતી આબાદીને લીધે શરૂઆતમાં અમેરિકન સંસ્થાનવાસીઓ ખુશ થતા હતા. અમેરિકામાં સહુને પછીથી ખબર પડી હતી કે નાનું સરખું ઈંગ્લંડ જે તેમનો સૌનો માતૃદેશ હતો તે હવે પોતાનું સામ્રાજ્ય દુનિયાભરમાં પાથરવા માંડ્યું હતું. ઇન્ડીઝના નામથી ઓળખાતા પશ્ચિમ તરફના ટાપુઓ પર પણ માતૃદેશ ઇંગ્લેંડનો ઝંડો ફરકતો હતો. યુરોપની અંદરનો બ્રિટાલ્ટરનો ખડક તાબે કરીને ઈંગ્લેંડે પોતાનો ઝંડો ત્યાં પણ રોપ્યો હતો અને અઢારમો સૈકો અડધો પૂરો થઈ ગયો તેટલામાં તો ઇંગ્લેંડ નામના ટપકા સરખા માતૃદેશે હિન્દ નામના હાથી જેવા દેશને ગળી જવા માંડ્યો હતો. માતૃદેશની કેવી આ ભવ્યતા હતી ! આ ભવ્યતાને અમેરિકાનાં સંસ્થાનવાસીઓ પોતાની માતાની ભવ્ય છબીને દેખતા હોય તેમ દેખી રહેતા હતા. આ છબીનું નામ " બ્રિટીશ એમ્પાયર " હતું. આ એમ્પાયર પૃથ્વીના ½ ભાગ પર છવાઈ ગયું હતું.

પણ અમેરિકાનાં આ સંસ્થાનવાસીઓને હવે નવી આંખે દેખાતું હતું કે ઇંગ્લેંડ નામની તેમના બાપ-દાદાની માતૃભૂમિ આ સામ્રાજ્યને મોટું અને મોટું બનાવવા માટે એક પછી બીજો પ્રદેશ જીતી લેવા માટે યુદ્ધો લડ્યા કરતી હતી. આ લડાઈઓના કારણમાં એક પછી બીજા પ્રદેશ પર પોતાનું રાજ્ય સ્થાપવાનો ઇંગ્લેંડનો હેતુ હતો. બીજા પ્રદેશોને ગુલામ બનાવીને તેના પર પોતાનું રાજ્ય સ્થાપવાનો હેતુ તે પ્રદેશમાં પોતાને ત્યાં બનતો માલ પોતે નક્કિ કરેલા ભાવે વેચવાનો તથા એ પ્રદેશો ઉપરનો કાચો માલ પોતે નક્કિ કરેલા ભાવે ખરીદવાનો હતો. યુરોપના જે દેશો બીજા પ્રદેશો પડાવી લઈને ત્યાં પોતાનું સામ્રાજ્ય સ્થાપવા મથતા હતા તે પણ આ કારણને લીધે હતું.

ઇંગ્લેંડે ૧૭મા સૈકાના અંત પહેલાં તો સૌથી મોટું સામ્રાજ્ય સ્થાપી દીધું. અમેરિકાનાં સંસ્થાનો પણ ઇંગ્લેંડના સામ્રાજ્યનો જ એક ભાગ બની ચૂક્યાં હતાં. જેના પર ઇંગ્લેંડની પાર્લામેન્ટની હકુમત હતી અને જેને માટે ઇંગ્લંડની પાર્લામેન્ટ ત્રણ હજાર માઇલ દૂર બેઠી બેઠી કાયદાઓ ઘડતી હતી તે અમેરિકન સંસ્થાનો પરનું ઇંગ્લેંડનું રાજ્ય ઇ. સ. ૧૬૦૭ માં શરૂ થયું હતું અને તેને આજે ૧૫૬ વર્ષ પૂરાં થયાં હતાં. પોતાની હકુમત નીચેના અમેરિકાનાં સંસ્થાનો માટે ઇંગ્લંડની પાર્લામેન્ટ જે કાયદાઓ ઘડતી હતી તેમાનો

મુખ્ય કાયદો એવો હતો કે દુનિયાના કોઇ પણ દેશમાંથી અમેરિકાનો કોઈ પણ સંસ્થાનવાસી જે કાંઈ પણ માલ ખરીદવા માગે તે માલ વેચનાર દેશે પોતાના માલને ઇંગ્લંડને વેચવો અને ઇંગ્લંડ જ તે માલ અમેરિકાને વેચી શકે. આ ઉપરાંત એક કાયદો એવો પણ હતો કે અમેરિકાનું કોઈ પણ સંસ્થાનવાસી જે કોઈ પણ માલ દુનિયાના કોઈ પણ દેશને વેચવા માગતું હોય તે માલ તેણે સૌથી પહેલાં ઇંગ્લેંડને વેચવો અને ઇંગ્લેંડ જ અમેરિકામાં બનેલા માલને બીજા કોઈને પણ વેચી શકે. સામ્રાજ્યવાદનો આવો કાયદો હતો. તથા સામ્રાજ્યના સૌ સંસ્થાનોને તે લાગુ પડતો. આ ઉપરાંત સામ્રાજ્યના માલિક ઇંગ્લેંડ દેશે અમેરિકામાં અમુક વસ્તુઓ નહિ બનાવવાનું ફરમાન પણ કાઢયું હતું. તથા તેમણે "નેવિગેશન એકટ" નામનો કાયદો ઘડીને સંસ્થાનોને ફરમાવ્યું હતું કે અમેરિકાના માલસામાનનો જે કોઈ વેપાર ચાલે તે બધો જ વેપાર અંગ્રેજી વહાણવટા મારફત જ ચલાવવો જોઈએ.

ત્રણ હજાર માઈલ દૂર બેઠેલો ઇંગ્લેંડ નામનો નાનો સરખો દેશ અમેરિકાના કોઈ પણ સંસ્થાનવાસીને પૂછ્યા ગાછ્યા વિના તેમને માટે આવા કાયદા ઘડતો હતો. એ કાયદાઓ માનવાની અમેરિકાના સંસ્થાન વાસીઓએ ના પાડી. તેમણે કહ્યું કે ઇંગ્લેંડની માતૃભૂમિનો ત્યાગ કરીને ત્રણ હજાર માઈલ દૂર આવીને વસ્યા પછી પણ ઇંગ્લંડના કાયદાનું બંધન અમારા પર લાદવામાં આવે એ અમને કબૂલ નથી. તેમણે અનેક વર્ષો સુધી ઇંગ્લેંડમાં પોતાની વાંધા અરજીઓ મોકલ્યા કરી અને છેવટે ૧૭૬૩ ની સાલ આવી પહોંચી ત્યારે ઇંગ્લેંડની સામ્રાજ્યવાદી હકૂમતે અમેરિકન સંસ્થાનોને જણાવી દીધું કે અમેરિકાનાં સંસ્થાનોનો માલિક ઇંગ્લંડ છે અને ત્રણ હજાર માઈલ દૂર આવેલો અમેરિકા નામનો દેશ ઈંગ્લિંડનો એક ઈલાકોજ છે.

માતૃભૂમિના સામ્રાજ્યવાદ સામે સંસ્થાનોનો મુકાબલો

ઔદ્યોગિક ક્રાંતિના આરંભ પછી અને યુરોપના દેશો પર ઉત્થાનયુગના આરંભ પછી દુનિયા પર સ્થપાઈ ચૂકેલા અને આખી દુનિયાને પોતાનું સંસ્થાન અથવા પરાધીન પ્રદેશો બનાવનારા સામ્રાજ્યવાદોમાં, સૌથી મોટું સામ્રાજ્ય અંગ્રેજી હતું. આ બ્રિટિશ સામ્રાજ્યે અમેરિકાનાં સંસ્થાનોને પોતાના સામ્રાજ્યમાં પરોવી લીધાં હતાં. આ સંસ્થાનોની સંખ્યા તેરની હતી. આ તેર અમેરિકન સંસ્થાનો ઈ. સ. ૧૬૦૭ થી તે ૧૭૬૩ સુધી પોતાને ગુલામ બનાવનારી એક વખતની અંગ્રેજી માતૃભૂમિ સામે હવે ધુંધવાયા કરતાં હતાં. આ સંસ્થાનો પર દર વીસ વર્ષે દરેક સંસ્થાનની વસ્તી બમણી વધ્યા કરતી હતી. સંસ્થાનો

પર વ્યાપાર અને ખેતીનાં ઉત્પાદન પણ વધ્યા જ કર્યા હતાં. આ સંસ્થાનો જેમ વિકાસ પામતાં જતાં હતાં તેમ તેમ તેમના પરનો અંગ્રેજી સામ્રાજ્યનો કાબૂ તેમને વધારે ખૂંચતો હતો. ૩૦૦૦ માઇલ દૂરથી તેમના વિકાસ પામતાં કલેવરો પર વિંટળાયેલી અંગ્રેજી સામ્રાજ્યના ભરડાની ભીંસ વધારેને વધારે જલદ બન્યા કરતી હતી. ઇંગ્લેંડના સામ્રાજ્યવાદી સાશકો એમ માનતા હતા કે તમામ સંસ્થાનોની જેમ અમેરિકન સંસ્થાનોએ પણ ઇંગ્લંડના જ વિકાસ માટે જીવતા રહેવું જોઈએ. પણ અમેરિકન સંસ્થાનો અંગ્રેજી સામ્રાજ્યની આ માન્યતા સ્વિકારવાની ના પાડતાં હતાં, તથા કહેતા હતાં કે અમે અમારાજ વિકાસ માટે જીવવા માગીએ છીએ. ઈ. સ. ૧૭૬૩ પછી તેમણે આ વાતનો ઉચ્ચાર જોરશોરથી કરવા માંડયો અને છેવટે ઈ. સ. ૧૭૬૩ ના જુલાઇના ચોથા દિવસે તેમણે ઇંગ્લેંડને મક્કમ રીતે પોતાનો નિર્ધાર ઘડીને કહી દીધું કે અમે અમેરિકન સંસ્થાનો તમારા સામ્રાજ્યના એક વિભાગ તરીકે રહેવાનો ઇન્કાર કરીએ છીએ.

સાત સાત વર્ષથી આ સમયે ઇંગ્લેંડ ફ્રાન્સ સાથે સામ્રાજ્ય વધારવાની જીવલેણ લડાઈ લડતું હતું. દુનિયાના પ્રદેશોને પરાધીન બનાવવાની હરિફાઇની આ ઝપાઝપીમાં ઇંગ્લેંડે વેસ્ટ ઇન્ડીઝના વધારે ટાપુઓ પડાવી લીધા હતા, તથા મિસિસીપી પાસેનો અમેરિકન પ્રદેશ પડાવ્યો હતો. આ ઉપરાંત આખા કેનેડા ઉપરનો પોતાનો અધિકાર તેણે જમાવ્યો હતો. એજ સમયે દુનિયામાં સૌથી મોટા બનવા માંડેલા આ અંગ્રેજી સામ્રાજ્યને અમેરિકાનાં હજુ હમણાંજ જન્મેલાં તેર સંસ્થાનો પડકાર કરતાં હતાં.

આ પડકાર કરનારાં સંસ્થાનોના દીકરા જે અંગ્રેજો સામે લડવા તૈયાર થતા હતા, તે સ્વયંસેવકોનું નામ 'સન્સ ઓફ લીબર્ટી' હતું. તેમણે અંગ્રેજી સ્ટેંપ ખાતાની કચેરીઓ પર હુમલા કરવા માંડયા અને અંગ્રેજી વેરા ઉઘરાવનારી આ કચેરીઓના ફર્નિચરને તોડી નાખીને ગટરમાં ફેંકી દેવા માંડયાં. તેમણે અંગ્રેજી સ્ટેમ્પસના કાગળિયાં રસ્તા પર ઢગલા કરીને સળગાવી મૂકયાં. ન્યૂયોર્ક, બોસ્ટન, અને ચાર્લ્સટન નામનાં નગરોમાં અંગ્રેજો સામે ધીંગાણાં થયાં. આઝાદીના આ દીકરાઓમાં તમામ અમેરિકનોએ નામ નોંધાવ્યાં. અમેરિકન મજુરોએ અમેરિકન જહાજો પર ચઢીને અંગ્રેજી માલસામાન કિનારા પર ઉતારવાને બદલે દરિયામાં નાખી દીધા. ઈ. સ. ૧૭૬૩ થી શરૂ થયેલી આ હિલચાલ ફેલાતી ચાલી. અંગ્રેજોએ હવે આ હિલચાલ સામે ગોળીબાર કરવા માંડયા ત્યારે ઈ. સ. ૧૭૭૦ની સાલ આવી પહોંચી હતી. ઈ. સ. ૧૭૭૦

થી ૭૩ સુધીમાં અંગ્રેજોએ સમાધાન કરવાના પ્રયત્નો કર્યા. પણ ઈ. સ. ૧૭૭૫ માં જનરલ ગેજ લેકસીંગટનમાં થોડાક સૈનિકો સાથે આવી પહોંચ્યો, ત્યાં ભેગા થયેલા લોકો ઉપર તોપમારો કરવામાં આવ્યો. પછી ફિલાડેલ્ફિયામાં સંસ્થાનોની કોંગ્રેસનું અધિવેશન ભરાયું. મેના ૧૦ મા દિવસે ફિલાડેલ્ફિયાની કોંગ્રેસે જાહેર કર્યું કે અંગ્રેજી સામ્રાજ્યવાદ સામેની આપણી લડાઈ શરૂ થઈ ચૂકી છે.

અમેરિકન સ્વાતંત્ર્ય યુદ્ધ

વિશ્વઈ તિહાસમાં અમેરિકામાં સંસ્થાનિક સામ્રાજ્યવાદ સામેની સંસ્થાનોની સૌથી પહેલી લડાઈ શરૂ થઈ ચૂકી હતી. આઝાદીની આ પહેલી લડાઈ નો સેનાપતિ જ્યોર્જ વોશિંગ્ટન હતો અને પરાધીન સંસ્થાનોના આ પહેલા સ્વાતંત્ર્ય સંગ્રામનો પિતા ટોમસ પેઈન નામનો હતો.

ઈંગ્લેંડથી સ્વાતંત્ર્યના સંગ્રામનો સૈનિક બનવા આવી ચૂકેલો ટોમસ પેઈન અંગ્રેજ હતો. એણે ત્યાં આવીને ૧૭૭૬ ના જાન્યુઆરીના ઇસમા દિવસે "કોમનસેન્સ" નામની એક પુસ્તિકા લખી. આ પુસ્તિકાની લાખો નકલો ઊડતી અગ્નિશિખા જેવી આખી ધરતી પર ફેલાઇ ગઈ. એ પુસ્તિકાએ તમામ સંસ્થાનવાસીઓને આઝાદી માટે ઊભા થઈ જવાનું આહવાહન આપતાં ઉદ્‌ઘોષ કર્યો કે "ઉઠો થાવ, અને સામ્રાજ્ય સાથેનું બંધન તોડી નાંખો, અને જગતના ઇતિહાસમાં પહેલી વાર સ્વાતંત્ર્ય સંગ્રામ ખેલીને સામ્રાજ્યવાદની ગુલામીનો અંત આણો."

ત્યાર પછીથી ઈ. સ. ૧૭૭૬ ના જુલાઇના, ચોથા દિવસે અમેરિકન સંસ્થાનવાસીઓની કોંગ્રેસના પ્રમુખ થોમસ જેફર્સને ટોમસ પેઈનની પુસ્તિકામાંથી ઘડી કાઢેલી હોય તેવી સ્વાતંત્ર્યની જાહેરાત કોંગ્રેસની બેઠકમાં રજૂ કરી. અમેરિકાએ જગતને સંભળાય તેવી રીતે સ્વાતંત્ર્યની જાહેરાત કરી.

જાણે એજ દિવસે આઝાદ અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનોનો નૂતન જન્મ થયો. અંગ્રેજી સામ્રાજ્ય સામે આખરી યુદ્ધ લડી લેવા માટે આઝાદીના દિકરાઓનાં લશ્કરો રચાયાં. ઈ. સ. ૧૭૮૧ સુધી યુદ્ધ ચાલ્યું. મહાન ભારત દેશને ગુલામ બનાવીને અંગ્રેજોએ જેને ગવર્નર જનરલ તરીકે મોકલ્યો હતો તે લોર્ડ કોર્નવોલિસ અહિં અમેરિકન ધરતી પર આઝાદીની સેના સામે એક પછી એક પરાજય પામતો પાછો પડતો હતો. ઈ, સ. ૧૭૮૧ માંજ આ અંગ્રેજી હાકિમ યોર્કટાઉનમાં આઝાદીની સેનાથી ઘેરાઈ ગયેલો શરણે થયો. સામ્રાજ્યવાદ પરાજય પામ્યો અને આઝાદીનો વિજય થયો. એક વખત

આઝાદ બનનારી તમામ પરાધીન દુનિયાને માટે પ્રેરણા બનનારો વિશ્વ ઇતિહાસનો લેખ સ્વાતંત્ર્યનું જાહેરનામું બનાવીને અમેરિકાએ પોતાની ધરતી પર કોતરી કાઢ્યો. આ મુદ્રાલેખે જાહેર કર્યું કે "**પ્રજાઓની આઝાદીના અધિકારનું સત્ય સ્વયં પ્રકાશીત છે, તથા તે સત્ય એ છે કે જન્મથી જ માનવ માત્ર સમાન છે.**"

સ્વતંત્ર અમેરિકન સંસ્થાનોનો પહેલો પ્રમુખ



નવા ઇંગ્લેંડ સાથે એટલે અમેરિકન સંસ્થાનોનો સાથે જૂના ઇંગ્લેંડને; એટલે બ્રિટનને, અથવા બ્રિટનની જૂની દુનિયાને કોલંબસે શોધી કાઢેલી અમેરિકા નામની નવી દુનિયા સાથે જે લડાઇ થઇ તેનું નામ ઇતિહાસમાં અમેરિકન સ્વાતંત્ર્ય યુદ્ધ અથવા અમેરિકન ક્રાંતિનું યુદ્ધ એવું પડ્યું. આ યુદ્ધમાંથી જ અમેરિકાનું રિપબ્લીક જન્મ પામ્યું. આ યુદ્ધના સેનાપતિ જ્યોર્જ વોશિંગ્ટનના પૂર્વજ નોરધમપટન શાયરમાંથી ઇંગ્લેંડની સફેદ ટેકરીઓના પ્રદેશમાંથી આવીને, અમેરિકાના વરજીનીયામાં બ્રીજસક્રીક નામની જગાએ ઘર બાંધીને ઇ. સ. ૧૬૫૮ માં વસ્યા હતા. આ ઘરમાં ત્રીજી પેઢીએ જન્મેલો વોશિંગટન પણ પોતાના દાદાની જમીદારી પર ગુલામો પાસે તંબાકુનો પાક લણીને અમન ચમન કરતો હતો. એ જમીન માપણીનું અને નકશા બનાવવાનું કામ પણ શીખ્યો હતો. આ અમેરિકન ધરતી પરની વસાહતો નવું ઇંગ્લેંડ હતું. આ નવું ઇંગ્લેંડ જૂના ઇંગ્લેંડમાંથી અહીં આવીને વસ્યું હતું. આ વસનારાઓ અંગ્રેજી રાજ્ય ક્રાન્તિ કરનારા દાદાઓનાં ફરજંદો હતાં. આ ફરજંદો હજુ ગઇ કાલે જ બનેલા બનાવને ઇ. સ. ૧૭૮૧ માં ભૂલી ગયાં ન હોતાં. એટલે જ જ્યોર્જ વોશિંગટનને તેમણે ઇંગ્લેંડે કરેલી રાજ્ય ક્રાંતિની યાદ આપીને, બ્રિટનની પોતાપરની સંસ્થાનિક ગુલામીને મારી હટાવવા માંડેલા લોકયુદ્ધનો સેનાપતિ બનાવ્યો તથા યુદ્ધ પુરું થયા પછી આ સેનાપતિએ પરાજય પામેલા અંગ્રેજી સેનાપતિ મેજર જનરલ, ચાર્લ્સ કોર્નવોલિસને તેની તલવાર પાછી આપતાં અંગ્રેજી વિનયને શોભે તેવી રીતે અભિનય કર્યો. આ જ્યોર્જ વોશિંગટન મોટો લશ્કરી ઉસ્તાદ નહોતો, તથા જેફરસન જેવો કે ફ્રેન્કલીન જેવો રાજકારણી પુરુષ પણ નહોતો

અને સ્વાતંત્ર્ય યુદ્ધના પિતાનું ઉપનામ પામેલા, ટોમસ પેઈન જેવો, એ આર્ષદૃષ્ટા પણ નહોતો. વૉશિંગ્ટન એક સ્થિતિ ચૂસ્ત જમીનદાર હતો તથા ક્રાંતિના ખ્યાલોને વેગળા રાખીને પોતાના બાપદાદાએ જનના જોખમે પડાવેલી ધરતી પર ચિટકી રહેવાના આવેગ જેવો બનીને બ્રિટન સામે પોતાની વસાહતની મુક્તિ માટે લડ્યો હતો. પણ આ લડાઇમાંથી આઝાદીના તણખા અમેરિકન ધરતી પર ઉડ્યા તથા આરતેથી, એ ધરતી પરનાં ગુલામ માનવો પણ નવી જ રીતે વિચાર કરવા લાગી ગયાં હતાં. પરન્તુ ક્રાન્તિના કોઇ વિચાર સાથે પોતાને કશી લેવાદેવા ન હોય તેવું એકધારૂં વલણ જાળવી રાખીને અમેરિકાના સ્વાતંત્ર્ય યુદ્ધનો આ મહાસેનાની અમેરિકન સ્વરાજનો પ્રથમ પ્રમુખ બન્યો.

સ્વતંત્ર અમેરિકાનો પહેલો સીટીઝન

જન્મથી ટૉમસ પેઇન અથવા ટૉમ પેઇન ઇંગ્લેંડનો સીટીઝન હતો. પરંતુ એણે જ અમેરિકન આઝાદીનો સૌથી પહેલો ઉચ્ચાર કર્યો હતો. પછી ફ્રાન્સની ક્રાંતિને એણે સિરદારી હતી અને એણે જ યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકાનું નામાભિધાન લોક-એકતાના અર્થ માટે જોડ્યું હતું. ગુલામી નાબૂદ કરવાની હાકલ પણ એણે સૌથી પહેલાં કરી. એણે ૧૮મા સૈકામાં આખી દુનિયામાં શાંતિ સ્થાપવા તકરારોનો નિકાલ લાવવા આંતરરાષ્ટ્રિય લવાદની સૂચના કરી, અને વિશ્વસંઘનો ખ્યાલ પણ રજુ કર્યો. સ્ત્રીઓના સમાન હકકો માટે એણે માગણી મૂકી. સામુદાયિક શિક્ષણ અને તમામ ગરીબોનાં બાળકોને ફરજિયાત અને મફત શિક્ષણ આપવાનું એણે કહ્યું, તથા દુનિયાના વ્યવહાર માટે તમામ રાષ્ટ્રોનું સમાન હકોવાળું આંતરરાષ્ટ્રિય સ્વરાજ સ્થાપવાનો ખ્યાલ પણ સૌ પ્રથમ એણે આપ્યો. ત્યારે અંગ્રેજો અમેરિકાને પોતાને ચરી ખાવાનું સંસ્થાન બનાવવા માગતા હતા. ટૉમ પેઇને અંગ્રેજ શાહીવાદ સામે ક્રાંતિનો અવાજ ઉઠાવ્યો. અમેરિકા ભરમાં એટલે જ આબાલવૃદ્ધોની જીભ પર ટૉમ પેઇનનું નામ સંજીવન મંત્ર બન્યું. સ્વાતંત્ર્ય યુદ્ધના સેનાપતિ જ્યોર્જ વૉશિંગ્ટને એટલે જ એના માનમાં માથું ઝૂકાવ્યું અને પ્રશંસાના શબ્દ વાપરવામાં કંજુસ એવા જૅન આદમ્સે પણ એટલે જ લખ્યું કે. "History is to ascribe the Revolution, Thomas Paine."

નોરફોક નામના અંગ્રેજી પરગણાના થેટફોર્ડ નામના ગામમાં જોસેફ પેઇન નામના એક ચૂસ્ત કવેકરના ઘરમાં ફ્રેંન્સીસ નામની એક વકીલની દીકરીને પેટે એનો જન્મ ઈ. સ. ૧૭૩૭માં જાન્યુઆરીના ૨૯મા દિવસે થયો.



ગરીબ ઘરમાં જન્મેલા આ અંગ્રેજને, તેર વરસની ઉંમરે નિશાળ છોડી દઈને કમાણી કરવા મજુરી શીખવાની ફરજ પડી. ઇ. સ. ૧૭૫૦ નું થેટફૅર્ડ નામનું અંગ્રેજી ગામડું, ગંદવાડ અને ઉકરડા, કાદવ અને બદબોની વચ્ચે ગરીબ ગામડિયાઓનાં માટીનાં કોટડાંની વસાહત જેવું જીવતું હતું. એ ગામડું રોજ રાતના અંધારામાં ગરકાવ થઈ જતું અને કોઈ કોઈ કોટડીમાં એકાદી મીણબત્તીનું મોંઘું પ્રકાશનું કિરણ થેટફૅર્ડની શોભા જેવું દેખાતું. એ ઉપરાંત એ ગામડાની બીજી એક માટી લાયકાત પણ હતી. એ લાયકાત એ હતી કે ડયુક ઓફ કૅફટન જેવા મોટા ઉમરાવનું એ પૈકેટબરો હતું. એનો અર્થ એ હતો કે પેલો મોટો માણસ થેટફૅર્ડ નામના પરગણાને પોતાના ગજવામાં રાખતો અને આમની સભામાં પોતાનાં માણસો મોકલતો.

પણ પાંચ વરસ સુધી બાપાની કોઢમાં મજુરી કર્યા પછી ટોમ પેઇન ભાગી ગયો, અને થેટફૅર્ડમાં ઘર છોડીને ભાગી જવાનો અપરાધ કરનારા એક છોકરાની વાત ગામગપાટામાં ચાલી અને પેલો છોકરો હારવીચ બંદર પર પહોંચી ગયો, ત્યારે સત્તર વરસનો એ જુવાન ' મોત ' નામવાળા જહાજ પર નોકરી માગતો હતો. ત્યાં તો અનંત ધર્મની માન્યતાઓમાં તરબોળ થયેલો બાપ આવી પહોંચ્યો. પેઇનને પાછો ઘેર લઈ જવામાં આવ્યો પણ બે વરસ પછી એ ફરી પાછો ભાગ્યો. ૧૭૫૯માં એણે મેરી લેમ્બર્ટ નામની એક છોકરી સાથે લગ્ન કર્યું પણ મેરી ૧૭૬૦માં જ મરણ પામી.

પછી એક પછી બીજું કામ કરતાં પેઇનનાં ઘણાં વર્ષો પસાર થઇ ગયાં. ૧૭૭૪ ની સાલમાં એ લંડનમાં રહેતો હતો. ઘણીએ વાર એની મુશ્કેલીમાં એ બેનજામીન ફ્રેંકલીનને મળ્યો હતો. હવે એણે ઇંગ્લેંડની ભૂમિ છોડી દઈને અમેરિકા જઈને નવેસરથી જીવવાનું નક્કી કર્યું હતું. એટલે એ બેનજામીન ફ્રેંકલીન પાસે અમેરિકામાં કોઇ ઓળખીતા પર ચિઠ્ઠી લઈને તરત જ ' લંડનપૅકેટ ' નામના એક જહાજમાં બેસીને એ અમેરિકન પાટનગર ફીલાડેલ્ફીયા પહોંચવા ઉપડી ગયો. એણે ત્યાં પહોંચીને અમેરિકાના સ્વાતંત્ર્ય યુદ્ધની વાસ્તવતાને વાચા આપી. અમેરિકાના સ્વતંત્ર અને સંયુકત સંસ્થાનોની જેમ આખાય યુરોપના દેશો સમાનરીતે સ્વતંત્ર એવાં સંયુકત યુરોપનાં એકમો બને (યુનાઇટેડ સ્ટેટસ ઓફ યુરોપ) એવો આર્ષ અવાજ અને એવી

વિશાળ નજર એણે ત્યારના સમયમાં પણ દાખવી તથા ત્યારના અમેરિકાના જીવનના શ્વાસપ્રશ્વાસમાં નવો પ્રાણ ફૂંકતો હોય તેવો એ અમેરિકન અન્યો. એનો દેહ પાતળો અને પાંચ ફીટ નવ ઇંચ ઊંચો હતો. વિશાળ માથાવાળો એનો ચહેરો વિશાળ આંખોના ઘેરા અને ભુરા તેજની છાયાથી ઓપી ઉઠ્યો હતો. જે એને એકવાર જોતું તે એની નજરની ધારદાર અને અમીભરી નજરને ભૂલી શકતુ. જ નહીં. આઝાદીને જન્મ પામતી દેખવા જ જીવતો હોય તેવો, એણે અમેરિકન જીવનમાં આઝાદીનો પ્રાણસંચાર કર્યો. અમેરિકી ક્રાંતિમાં એનાં નામની રણહાક બની. જુની રૂઢિ, દંભ અને જુનવાણી રીત-ભાતના મહાન ઠીંગુજીઓ છેડાઇ ઉઠે તેની પરવા કર્યા વિના એણે પ્રાણ ફૂંકયા કર્યો, અને સ્વાતંત્ર્યનો શબ્દ ઉચ્ચાર્યો.

એના નામનો મંત્ર બનાવીને અમેરિકન જનતાએ સ્વાતંત્ર્ય યુદ્ધનો સંગ્રામ ખેલ્યો. એના નામના રટણ સાથે જાગેલો અમેરિકન અવામ આપ-ભોગની એનાયત કરતો મા-બોમ પરથી પરદેશી અંગ્રેજી જલાંમોને હાંકી કાઢવા માંડ્યો. જનરલ નાથાનીલ ગ્રીને અને જનરલ શેમ્પરડોએ એનું બહુમાન કર્યું. અમેરિકન સ્વાતંત્ર્ય યુગની ક્રાંતિનો કુકડો બનીને ઉષાકાળ જગવનાર એ મહાન નરનાં વોશિંગટને પેટ ભરીને ગુણગાન ગાયાં હતાં. પરંતુ યુદ્ધ જીતાયું. અમેરિકાની આઝાદીનો જન્મ થયો. અમેરિકન ધરતી પર, ગુલામોની ગરદન પર નવું શાસન શરૂ થયું. નવા સ્વરાજના નવા પ્રમુખો, સરનશીન બનવા માંડ્યા. પણ ત્યારે અમેરિકન આઝાદીનો પિતા ટોમ પેઇને કયાં હતો ? ત્યારે એ ઇગ્લેંડ પહોંચી ગયો હતો અને ' માનવ અધિકાર ' નામનું લખાણ લઇને લંડનના રસ્તા પર ચાલતો હતો. એણે લખેલું, 'માનવીના અધિકાર' નામનું પુસ્તક પૂરું થઈ ગયું હતું અને છપાઇને બહાર પડ્યું હતું. એ પુસ્તકનો પ્રકાશક સેંઈન્ટ પોલ મિ. થોમ્પસન હતો. છપાયેલા પુસ્તકને વાંચીને ગભરાઇ ઉઠેલો થોમ્પસન, પેઇનિ પાસે પુસ્તક પછાડતો બૂમ પાડતો હતો, ' યા મેં ભૂલ કરી નાખી છે.....આ ચોપડી છાપવાની, નર્યો રાજદ્રોહ ભર્યો છે એમાં તો ! '

' તમને એકદમ કયાંથી ખબર પડી? ' પેઇને રિમત કર્યું.

' મેં મૂરખે એને વાંચી જોયું નહીં ! '

' કે પછી મિ. બર્ક અને મિ વાલપોલે તમને ખાનગીમાં...? '

' મારા છાપખાનામાં તમે મારું અપમાન નહીં કરી શકો, મિ. પેઇનિ ! "

" અપમાન નહીં.....એ રાજદ્રોહ જ છે, કદાચ.....' બોલતો પેઇનિ છપાયેલી નકલ લઇને ચાલતો થયો અને જોરડનને છાપખાને પહોંચ્યો. આ

છપાયલું પુસ્તક ત્યાં નવી આવૃત્તિ પામતું હતું. એ બોલ્યો, 'હું લાવ્યો છું તે રાજદ્રોહ છે.....તમે છાપશો ?'

'લાવો, જોઉં તો ખરો રાજદ્રોહ !' જોરડને છપાયેલી નકલ દેખવા માંડી અને બોલ્યો. 'હું રાજદ્રોહ છાપીશ.....મને ઇતિહાસના સત્ય કથન માટે પ્રેમ છે....મને સત્ય શબ્દ છાપીને મારા ધંધાની પવિત્રતા જાળવવાનો આગ્રહ છે.....મારું માથું ઉતારી લેશે તોય હું આ શબ્દો છાપીશ, પણ એક શરતે જ, એ શરત એ છે કે, 'તમારે વાંચી સંભળાવવું પડશે આખું પુસ્તક...જે દિલમાંથી આ શબ્દોએ દેહ ધર્યો છે તે.....પેઈનનો અવાજ... મારે સાંભળાવવો છે." પછી બપોર સુધી પેઇને વાંચ્યું. જોરડને તલ્લીન બનીને સાંભળી રહેતાં, કોઈ કોઈ વાર આવું નમુનેદાર શબ્દદર્શન શ્રવણ કરતાં આનંદથી ઉચ્ચાર્યું, 'રાજદ્રોહ.....ભલે રહ્યો એ રાજદ્રોહ ! એજ સત્ય કથન છે.'

પછી પુસ્તક પ્રગટ થયું. ઇંગ્લેંડમાં, ફ્રાન્સમાં, અમેરિકામાં, 'માનવીના અધિકાર' વેચાવા લાગ્યું. જોત જોતામાં માગ વધી ગઇ. જોરડને સોંઘી કિંમતની ત્રીસ હજાર નકલવાળી આવૃત્તિ પણ છાપી નાખી. ઇંગ્લેંડ પર માનવીના અધિકાર વેચાયા. અંગ્રેજી નાગરિકો ત્રણ શિલીંગની ચોપડી વાંચવા મંડી પડયાં. વાલપોલ, પીટ, બર્ક અને ફોકસે આ ચોપડી ગંભીર બનીને વાંચી. ડ્યુક ઓફ ડેવોનશાયરે આ ચોપડી તરફનો ધિક્કાર બતાવવા પોતાની હોકલી સળગાવીને તેનું એક પછી એક પાન ફાડી ફાડીને સળગાવવા માંડયું. લોર્ડ ગ્રેનવીલે આ ચોપડીને વાંચ્યા પછી તેના ટુકડે ટુકડા કરી નાખીને નોંધપોથીમાં લખી નાંખ્યું, 'એને ટીંગાવી દેવો જોઈએ.' ટોરીઓની સરકારે પોતાની તાકીદની સભા બોલાવી અને તેમાં પીટે ઉભા થઈ ને કહ્યું, 'જેન્ટલમેન ! આપણે પગલાં લેવાની ઉતાવળ કરવાની જરૂર નથી...નહીં તો આપણે પેઈનને વધારે પડતું મહત્વ આપી દઇશું.' પણ ચોપડી તો આગની જેમ ફેલાતી લંડન, મેનચેસ્ટર, શેફીલ્ડ, અને લીવરપુલ-માંજ પચાસ હજાર નકલો જોતજોતામાં ખરીદાઇ જતી હતી.'મેરી' એટલે આનંદી ઇંગ્લેંડની ઊંઘ પેઇને ઉરાડી નાખી. ઊંઘમાંથી ઊઠીને જાણે ઝબકીને એ લોક આ અંગારા જેવા શબ્દ દેહને નિરખી રહ્યાં અને પેઈ ને આલેખેલી ઇતિહાસની ઉમેદ વાંચતાં હતાં. અમેરિકાનાં આઝાદ સંસ્થાનોની સાથોસાથ યુરોપનાં આઝાદ રાજ્યોનો સંઘ જોડાય, પછી ધીમે ધીમે આખા જગત પર આઝાદીનો આકાર પથરાય, માનવ માત્ર સમાન બને અને લોકશાહીના સાચા રૂપમાં કોઈ ભૂખે મરે નહિ, અને શિક્ષણ અને સંસ્કારથી ગુનાઓ અને દુઃખો દૂર થઇ જાય, અને ...અને યુદ્ધનો જ અંત આવી જાય, રાજાઓ અને જાલીમોનો અંત આવી

જાય...પછી બસનો આવિષ્કાર એકેએક નરનારીમાં થઈ જાય !' એવું એને સ્વપ્ન હતું. પણ હવે એ સ્વપ્ન વિષે એને આશંકા ઉપજી હતી. એ સ્વપ્નનો અમલ હવે પછી અમેરિકામાં જીવનનું શું રૂપ ભજવાય છે તે પર, અને ફ્રાન્સની ક્રાંન્તિ થાય તે પર આધાર રાખે છે તે વાત એને સમજાતી હતી.

એ પાછો ફ્રાન્સ ગયો. ત્યાં એણે લાફાયેટ, મેડમ રોલેન્ડ તથા કોનડોરસેટ સાથે આઝાદીની સમાજ રચનાની ચર્ચાઓ કરી. પેરીસથી ભાગી ગએલા રાજા સામે એણે સળગતી જબાનમાં એક તહોમતનામું લખ્યું તથા રાજાને ગાદી પરથી ઉઠાડી મૂકવાની હાકલ કરી. ત્યાંથી એ ફરીવાર ઇંગ્લેંડ આવ્યો ત્યારે એની પ્રવૃત્તિના હેવાલ સાથે અંગ્રેજી બસુસો પણ આવી પહોંચ્યા. ટોરી સરકારની કરડી નજર પેઈન પર મંડાઇ ચૂકી. અમેરિકામાં ત્યારે સુવર્ણ સંપાદન નું ધ્યેય ધારણ કરીને યુરોપથી આવેલું વાણિજ્ય રૂપ આઝાદ બનીને આઝાદીના પિતા ટોમને ભૂલી ગયું હતું, અથવા યાદ લાવીને સ્વીકાર કરવા માગતું નહોતું. યુરોપનો નાગરિક બનો ચૂકેલો, યુરોપની આઝાદીના ઉત્સવમાં જઈને વિશ્વ-નાગરિકત્વનું ભાન દાખવી ચૂકેલો, એક વખતમાં એમેરિકન સ્વાતંત્ર્ય યુદ્ધનું પિતાપદ પામેલો, ટોમ પેઈન વૃદ્ધ થઈને અમેરિકા પહોંચવા યુરોપમાંથી નીકળી ચૂક્યો. યુરોપમાં એની ક્રાંન્તિને વરેલી જીંદગી હવે સલામત નહોતી. એ કોઇ અજાણી દુનિયામાંથી ભાગી આવીને, અમેરિકન દુનિયાની પલટાવા માંડેલી ધરતી પર પગ મૂકતો હતો ત્યારે, વિશ્વનાગરિક જેવો, આ વૃદ્ધ, જીવનના છેલ્લા દિવસ ગુજારવા ન્યુરશેલમાં એક ગરીબ ઘરમાં આવીને અમેરિકામાં વસતો હતો. ત્યારે ૧૮૦૬ ની સાલ એહી હતી. અમેરિકાનાં આઝાદ સંસ્થાનો પ્રમુખની ચુંટણી કરતાં હતાં. જેફરસને પોતે ઉમેદવારી નોંધાવી હતી. જેફરસનને મત આપવા જવા એ વૃદ્ધ પણ ઉઠ્યો. એણે ટોમ પેઈને હાથમાં લાકડી લીધી, માથા પર ટોપી પહેરી અને ચુંટણીના માંડવા તરફ ચાલતાં એણે કહ્યું, 'જેફરસન અને હું જૂના મિત્રો છીએ. મારો મત એને આપવા જવા જેટલી તાકાત હજુ આ શરીરમાં છે.'

'મત આપનારાઓની હરોળમાં ઉભા રહ્યા પછી એનો વારો આવ્યો.

'નામ ?' ચુંટણી અમલદારે પૂછ્યું,

'થોમસ પેઈન !'

'અહીં શું કામ આવ્યા છો ?'

'મત આપવા.'

'માત્ર નાગરિકોને મત આપવાનો અધિકાર હોય છે.'

'હું સીટીઝન થોમસ પેઇન છું સાહેબ!'

બે અમલદારો એક બીજાની સામે જોઈને હસ્યા.

ફાટેલાં કપડાંવાળુ, લચી પડેલી ચામડીવાળું, નાકમાં છીકણીની ગંધવાળું પેલું કલેવર કંપી ઉઠ્યું. આઝાદ અમેરિકાની ચુંટણીના સુપરવાઇઝરે એને શાંતિથી સમજાવ્યું, 'પરદેશીઓને અહીં મતાધિકાર નથી હોતો, અમેરિકન નાગરિકોજ મત આપી શકે...અને તોય આપ અમરતા જંક કરો છો!'

'પણ કોંગ્રેસે સ્વાતંત્ર્ય યુદ્ધના બધા સૈનિકોને નાગરિક પદ એનાયત કર્યું છે; હું સીટીઝન ટોમસ પેઇન છું. હું નાગરિક છું. હું મારો મત આપ્યા વિના નહીં જાઉં. મતાધિકાર મારો પણ છે,' અને એક ટોળાનું અટ્ટાહાસ્ય એની કંપતી કાયાને હચમચાવી નાખતું અથડાયું. પછી ટોમ પેઇન આખી દુનિયામાંથી હડસેલાઈ જતો હોય તેવો, પોતાના એક ખેતરમાંના એકાંત ઘર તરફ ચાલ્યો. આખે રસ્તે એણે મરણ પામવાની તીવ્ર ઇચ્છા કરી.

ટોમ પેઇન હવે મરણ પામતો હતો. આ નાસ્તિકનો સ્પર્શ કરવા હવે કોઇ ડોકટર આવી શકે તેમ નહોતું. મેડમ બોનેવીલ એકલી આ મહાનુભાવની સેવા કરતી એના જીવનના હોલવાઇ જતા દીવા પર મમતા કરતી વિચારતી હતી. 'જેણે એકવાર બોનાપાર્ટ જેવાની પણ પરવા નહોતી કરી...'

'પછી શું નક્કી કર્યું!' વૃદ્ધે આંખો ખોલી.

'આપ કહો છો તે જ પ્રમાણે આપના ખેતરમાં જ આપને દફનાવવામાં આવશે.'

'ધરતી ભલી છે. અમેરિકન મા-બોમ...પણ, પણ' એણે પાછું ચિંતાથી કહ્યું, 'મને દફનાવ્યા પછી તું અને નીકોલસ અહીંથી જશો નહીં, હો! મારાં વારસદાર તમે છો...મને દફનાવ્યા પછી જો આ ખેતરને વીલું મૂકયું છે તો સરકાર અહીં પણ આવી પહોંચશે અને ખેતરની...મારા ખેતરની હરરાજી બોલાવશે અને આ ખેતરમાં દફનાયેલાં મારાં હાડને પણ બહાર ખોદી કાઢીને તેઓ વેચી મારશે!' બોલતા સીટીઝન ટોમ પેઇને આંખો મીચી દીધી.

અમેરિકન સ્વતંત્ર્યના પિતા સીટીઝન ટોમ પેઇનની પછી સ્મશાનયાત્રા નીકળી. એ સ્મશાન યાત્રામાં એક નીગ્રો અને મેડમ બોનેવીલ તથા તેનાં બાળકો હતાં. તેમણે પેલા મહાનુભાવને ખેતરમાં દફનાવ્યો, ત્યારે ૧૮૦૬ ના જુન મહિનાનો ૮ મો દિવસ ઉગ્યો હતો.

સ્વાતંત્ર્ય સંગ્રામની યુરોપ પર અસર

અમેરિકાનો આ સ્વાતંત્ર્ય સંગ્રામ સાત વરસ ચાલ્યો. જ્યોર્જ વોશિંગટન આ સંગ્રામનો સેનાપતિ હતો. ટોમ પેઇને આ સંગ્રામને વિશ્વ ઇતિહાસની

ન્યાય દૃષ્ટિ દીધી હતી અને અમેરિકન ધરતી પર પુણ્ય પ્રકોપ પ્રજ્વળતો કર્યો હતો. બેનજામીન ફ્રેંકલીને આ સંગ્રામ લડવા માટે,રાજ દૂતનું કામ સ્વીકારીને ફ્રેંચ સરકાર તથા આમસ્ટરડામના બેંકરો પાસેથી નાણાં ઉધરાવ્યાં હતાં. આ સંગ્રામની જાહેરાત ધડનારી આ સંસ્થાનોની કોંગ્રેસ ફીલાડેલફીયામાં ઇ. સ, ૧૭૭૬ માં ભેગી થઈ હતી તથા તેણે નક્કી કર્યા પ્રમાણે થોમસ જેફરસને સ્વાતંત્ર્યનું જાહેર નામું લખી કાઢ્યું હતું.

સ્વાતંત્ર્ય સંગ્રામના વિજયના સમાચાર જ્યારે યુરોપના દેશોમાં પહોંચી ગયા ત્યારે આખા યુરોપમાં, તેણે, નવી જાતની ચર્ચા જગવી મૂકી. આ સમયે, યુરોપની સરકારોના મહારાજાઓ, ધર્મની સંસ્થા સામે યુધ્ધો લડીને, પોતાની હકુમતમાં સર્વ અધિકાર સ્વાધીન બનાવીને, પોતાના વિશાળ રાજમહાલયોલાં, સર્વશક્તિમાન જેવા રસાલાઓ અને રાજદંડો ધારણ કરીને હજુ હમણાં જ બેઠા હતા. આ સમયે જ ઉદ્યોગ વિકસવા માંડ્યો હતો અને વાણિજ્ય હકુમતની સંસ્થાઓ શાસનમાં ભાગ માગવા માંડી હતી. આ સમયે જ યુરોપની જીવન ઘટનામાં, ગરીબ ખેડુતો ઊપરાંત અકિંચન મજુરોની ચાલીઓ પણ દરેક નગરોમાં સેળભેળ થઇ ગઇ હતી, તથા અંદરનું જીવન અનેક યાતનાઓ નીચે સળવળતું હતું.

ત્યારે જ અમેરિકાના સ્વાતંત્ર્ય યુદ્ધના વિજયના સમાચારો યુરોપના હરા માનમાં નૂતન અવાજ ઉભરાવતા કહેતા હતા કે ગઈ કાલે જે અશકય હતું તે અમેરિકન ધરતી પર લોકોની હિલચાલે આજે શકય બનાવ્યું છે તો પછી યુરોપની ધરતી પર પણ જરૂર તે શકય થઈ શકશે. અમેરિકાની ધરતી પરથી ઉડેલો આ નાનો સરખો તણખો યુરોપના દારૂખાનામાં પડતો હતો. યુરોપની જીવન ઘટના ભડકો બનવાને તયૈયાર ઉભી હતી. યુરોપખંડ આખો ક્રાંતિની જ્યોત વ્યાપક બને તેવી હિલચાલ નીચે માદ્રીડથી તે પેટ્રોગ્રાડ સુધી સળગી ઉઠવાનો ડંકો બજાવતો હતો.

નૂતન યુગનું વિજ્ઞાન-ઉત્થાન

ચંડ-પ્રચંડ બનીને વિશ્વઇતિહાસ હવે યુરોપના ફ્રાન્સ દેશમાં ઉત્થાનનું વિજ્ઞાન બનતો હતો. આ ઉથલપાથલના ઉગ્ર રૂપના પાયામાં જીવનનું સત્ય શોધન હતું. આ સત્યના શોધન પાસે વિજ્ઞાનનું રૂપ ધરેલો ઉત્થાનયુગનો એક નૂતન માનવ, ઇતિહાસને નમન કરતો દેખાયો. આ નમનતામાં ગુલામી નહોતી પણ સત્યને પામીને સંસાર ઘડતરનો એક પછી બીજો વિજય મેળવવાનો ગૌરવથી ઉભરાતો મનોભાવ હતો. ઉત્થાનયુગના માનવીનો આ નૂતન મનોભાવ કુદરતની સમજણ પામીને અને એ સમજણનો સ્વીકાર કરીને કુદરત પર કાબૂ

મેળવવાનો હતો. આ વિજયને માટે એણે આકાશ તરફ તાકવા કરવાને બદલે પોતાની આસપાસના જગતનું અવલોકન કરવા માંડયું હતું. આ અવલોકન સાથે એણે પ્રયોગો કરવા માંડયા હતા તથા કુદરત પર કાબૂ મેળવતાં મેળવતાં એણે પોતાની જીવનઘટનાની કાયાપલટ કરવાની હિલચાલ આરંભી દીધી હતી. આ હિલચાલનું વાણિજ્યરૂપ રજવાડી દુનિયાને પલટી નાખીને લોકશાહીનો જીવન વહિવટ રચ્યું હતું. વિજ્ઞાનની આ હિલચાલ આખા જીવનના તમામ વિભાગોને આવરી લેતી બુદ્ધિની વિમુક્તિની અને અજ્ઞાતને જ્ઞાત બનાવવાની વૈજ્ઞાનિક હિલચાલ બનીને આખા યુરોપ પર ચાલુ થઈ ગઈ હતી. યુરોપની અંદરના જ નાનામાં નાના ઈંગ્લેન્ડ નામના ટાપુ પર જાણે આ હિલચાલને દોરનારા વિજ્ઞાન માનવોનું એક સરઘસ નીકળી ચૂકયું હતું. આ હિલચાલમાં આગળ દોડતા માનવ જાતના વૈજ્ઞાનિક સામંતોમાં એક નવો વૈદ્ય હતો, અને એણે લોહચુંબકના આકર્ષણનો અને તેમાં ઉત્પન્ન થતી વિજળીનો પાયો નાખ્યો હતો. એની પાછળ વિલિયમ હાર્વે લોહીના ભ્રમણની શોધ કરતો આગળ દોડતો દેખાતો હતો. જહોન નેપિયર નામનો સ્કોટલેન્ડનો વિજ્ઞાન સામંત લોગેરિથમની શોધ કરતો બેઠો હતો, તથા લોગેરીથમના આંકડા ગણતો એ ભવિષ્યમાં જન્મવાની ટેન્કની પણ મનોમય શોધ કરતો હતો. આવતી કાલે જ આવનારી ઔદ્યોગિક ક્રાંતિનો પાયો નાખતો હોય તેવા ફ્રાન્સિસ બેકન નામનો વિજ્ઞાન પિતા માણસની વિમુક્તિની હિલચાલનો ઝંડો પકડીને માનવજાતના આ નવા સામંતોનું સરઘસ કાઢતો હતો. આ વિજ્ઞાન પિતા પાસે સર્વાંગી એવી વિજ્ઞાનની નજર હતી. એની નજરમાં આખી વૈજ્ઞાનિક દુનિયા દેખાવા માંડી હતી.

કોઈ એક ખાસ વિજ્ઞાનના વિજ્ઞાનની વસ્તુમાં બેકને કોઈ મોટો ફાળો આપ્યો નથી, પરંતુ તમામ વિજ્ઞાનોનો પયગંબર અને મનુષ્યની વૈજ્ઞાનિક હિલચાલનો, બેકન, પ્રણેતા બન્યો. આ પ્રણેતાએ વિજ્ઞાનની પ્રગતિનો માર્ગ દાખવવા માનવજાતની વૈજ્ઞાનિક હિલચાલને રૂંધી નાખતાં સત્તા અને અધિકારને પડકાર કર્યો. એરિસ્ટોટલે કુદરતને ફરમાન કરવાનું સ્વિકૃત પ્રમાણો પરથી જ વિગતમાં જવાનું જે વિચારનું "ડીડકટીવ" સિદ્ધાંતિક સ્વરૂપ, જગતને આપ્યું હતું તેવા અધિકાર મુલક સ્વરૂપને એણે પડકાર્યું અને નમ્રતા, ધીરજ નિષ્પક્ષતા તથા હિમ્મત પૂર્વક કુદરતનો અભ્યાસ શરૂ કર્યો. માનવજાત અને સત્યની વચ્ચે ઉભી રહેલી તરંગની મૂર્તિઓને એણે દૂર હડસેલી દેવાનું કહ્યું, તથા ક્રિયાત્મક જ્ઞાનના પંથ પર પલાણવા માટેનું આવાહન આપ્યું.

રોગર બેકને માનવજાતને આપેલો સંદેશો ખૂબ નાનો છતાં વિજ્ઞાનના ભાવિનું દર્શન કરાવનારો હતો. એણે કહ્યું કે "માનવ જાતે પોતાની મહ-

ત્વાકાંક્ષાના ત્રણ તબક્કામાંથી પસાર થવાનું છે. પહેલા તબક્કાથી માનવજાતનો ઇતિહાસ શરૂ થયો છે. આ ઐતિહાસિક જમાનાએ માનવજાત પર અને પોતાના અનેક પ્રદેશો પર પોતાની આજ્ઞાધારકતા અને અધિકાર જમાવ્યા. ઇતિહાસનો આ તબક્કો માનવસંસ્કૃતિમાં અજ્ઞાનની આવેગ દશાનો કહેવાય. બીજા તબક્કામાં માનવજાતના આજના વિભાગે આખી માનવ જાત પર પોતાનો અધિકાર અને સામ્રાજ્ય ફેલાવવા માટે પ્રયત્ન કરવા માંડયો છે. આવું ક્ષુદ્ર-લોભવાળું અને સમૃદ્ધિને સંપાદન કરવા માગતું, સુવર્ણનું સામ્રાજ્ય વિજ્ઞાનની મદદથી ભવ્ય બની શકે છે, પણ મહાનુભાવ દેખાતું નથી. ઇતિહાસના ત્રીજા તબક્કાનું આ સામ્રાજ્ય માનવીનું શોષણ કરવા માટે નહીં હોય, પણ વસ્તુ માત્ર પરના સંસ્કારી અધિકારનું સ્વરૂપ, વિજ્ઞાનો અને કલાઓ મારફત જ પ્રાપ્ત કરી શકાશે. આ પ્રાપ્તિ કુદરતના નિયમોનો નમ્ર સ્વિકાર કરવાથી કુદરત-પરના અધિકાર મારફત મેળવી શકાશે. "

આવો બેકન ઇંગ્લેંડનો નાગરિક હોવા છતાં સાચી રીતે તો આખા વિશ્વનો નાગરિક હતો. વૈજ્ઞાનિક યુગવેગને વરેલા બેકનનો કાનૂન યુરોપના સામ્રાજ્યવાદી કાનૂન કરતાં ઘણો મોટો હતો. આ નાગરિક જે કાયદામાં માનતો હતો તે કાયદો અંગ્રેજી કાનૂન કરતાં ઘણો મહાન એવો સંસ્કારનો કાનૂન હતો.

ઉદ્યોગવાદ આવી પહોંચ્યો

બેકને ઇતિહાસના જે ત્રણ તબક્કાઓ કહ્યા હતા તેમાંનો બીજો યુરોપની ધરતી પર વિજ્ઞાનનું વ્યાપકરૂપ ધારણ કરીને જીવનનાં તમામ ક્ષેત્રો પર શરૂ થઇ ગયો હોય તેમ દેખાતું હતું. આ મહાન હિલચાલના વૈજ્ઞાનિક સામંતોનાં તે સમયનાં નામ યુરોપની ધરતી પર જાણીતાં બનવા માંડયાં હતાં. કોપરનિકસ, કેપ્લર, ગેલેલીયો, ફેરાડે, ક્લાર્કમેકસવેલ, લોર્ડકેલ્વીન, જોહાનિસમુલર, ડાર્વિન, મેન્ડેલ, વિલાર્ડગીબ્સ, વગેરે એ નામો હતાં. આ અને આવા અનેક બીજા વૈજ્ઞાનિકોએ નવાયુગનું અને નવી દુનિયાનું વૈજ્ઞાનિક તંત્ર અથવા ક્રમવિધાન અથવા "ટેકનીક" રચવા માંડયું હતું. જીવનની એકેએક હિલચાલમાં અને વ્યવહારના એકેએક સ્વરૂપમાં વિજ્ઞાને અને "ટેકનીકે" વિખૂટા ન પાડી શકાય તે રીતે આગળ વધવા માંડયું હતું. શોધકોએ, સાધનો બનાવનારાઓએ અને યંત્રો બનાવ-નારાઓએ પરસ્પર સાથે રહીને આગેકૂચ શરૂ કરી હતી. શરૂઆતનાં સાધન યંત્રો " ડ્રીલ, લેનર, લેધ " હતાં.

એની સાથે સાથે ધાતુઓના મોટા જથ્થા ખોદી કઢાતા હતા તથા ઉદ્યોગો ધાતુઓનાં સાધનો મારફત યંત્રોનું સ્વરૂપ ધારણ કરતા હતા. આ

સાધનો અને યંત્રો જીવનના દરેક વિભાગ માટે બનવા માંડ્યાં હતાં વૈદકિય વિજ્ઞાન અને વૈદકિય સાધનો પણ આ સર્વાંગી હિલચાલ સાથે આગળ વધતાં હતાં. ખેતીવાડીનાં સાધનો અને યંત્રો પણ આ ઉદ્યોગ હિલચાલમાં પાછળ રહેતાં નહોતાં. પહેલીવાર ખેતીવાડી પણ ઉદ્યોગ બનતી હતી.

વૈદકિય સાધનોમાં કપડાંના ઉત્પાદનમાં, ખોરાકના ઉત્પાદનમાં અને વાહન વ્યવહારની તથા અવરજવરની ઝડપમાં આગળ વધતા આ ઉદ્યોગવાદનું સ્વરૂપ ઇજનેરી કામકાજમાં પણ પાછળ રહ્યું નહી. સેંકડો વર્ષ પહેલાં લિઓનાર્દોએ ઇટાલીમાં લોખંડના પૂલોના નકશાઓ દોર્યા પછી લોખંડનો પહેલો પૂલ ઇગ્લેંડે પહેલીવાર આ નવા જમાનામાં બાંધ્યો, અને એક જ સૈકામાં આવાં બાંધકામોની ઝડપ વધી ગઇ. વરાળથી ચાલતાં જહાજોનાં રૂપ અને સંખ્યા આ નવા જમાનામાં વધવા માંડી. રસ્કિને વર્ણવેલા જહાજનું સ્વપ્ન નવા જમાનાએ સાચું ઠેરવ્યું. વિલિયમ મોરિસે વરાળથી ચાલતાં જહાજોને આ ઔદ્યોગીક જમાનાના દેવોનું ઉપનામ આપ્યુ. નવી દુનિયાનાં આ નૂતન દેવળો ઇતિહાસમાં પહેલીવાર ઘડતર, ઝડપ, તાકાત, અને સૌન્દર્યની એકતાના ચમત્કાર જેવાં હતાં. નવી દુનિયાનાં આ નવાં દેવળો બનાવનાર કોઇ જાદુગરો કે ભુવાઓ નહોતા પણ ચમત્કારનું જીવતું સર્જન કરનાર ઇજનેરો અને આઝાદ બનેલા માનવ સમુદાયો હતા.

૨૫ નૂતન યુરોપનાં બે નૂતન રાજ્યો, રશિયા અને પ્રશિયા


[રશિયાનો પરિચય—રશિયાનો ઇતિહાસ—રશિયાનો પહેલો ઝાર, ઇવાન—રશિયાનો મહાન ઝાર, પિટર—રશિયાનું યુરોપીકરણ—જર્મની પણ નૂતન બન્યું—નૂતન જર્મનીમાં નૂતન પ્રશિયાનો જન્મ—નૂતન જર્મનીમાં પ્રશિયાનું નવું રાજકારણ]

રશિયાનો પરિચય

રશિયાની ભૂગોળ તરફ દેખો. એનો ભૌગોલિક આકાર એક મોટા મેદાનનો છે. યુરલ પર્વતમાં એની કુદરતી કિલ્લેબંધી છે. એમાં પંચસિંધુ જેવી પાંચ મોટી નદીઓ, મોટાં મેદાનોવાળી એની વિશાળ કાયાને ફળદ્રુપ બનાવે છે. તમે જો એક પગ કાળા સમુદ્ર પર અને બીજો કૉનસ્ટેન્ટીનોપલ નામના પ્રાચીન રોમન સામ્રાજ્યના પાટનગર પર ગોઠવીને ઉભા રહો તો કાળા સમુદ્રમાં બે મોટી નદીઓ પડતી દેખાય છે. આ બેમાંની એક ડોન નદી છે અને બીજી નીપર નદી છે. રશિયાના જીવનવહિવટની આ બે ધોરી નસો પર જીવનથી ધીકતાં દેખાતાં બે મોટાં નગરો છે. નીપર નદી પરનું નગર કીવ છે, અને ડોન તથા વોલ્ગા નદીની વચ્ચે મોસ્કો નામનું રશિયાનું પાટનગર છે. રૂસ દેશની વોલ્ગા નદી પણ મહા નદી છે. વોલ્ગા નદીની ઉપર એટલે તમારા જમણા ખભાના કાન આગળ લાડોગા નામનું મોટું સરોવર છે. એ સરોવરની બરાબર ટોચ પર ફિનિશ લોકો રહે છે. હવે માથા પરથી ડાબા ખભા પર ઉતરી પડો તો ત્યાં બાલ્ટીક સમુદ્ર દેખાય છે. આ બાલ્ટીકમાં રૂસ દેશની બીજી બે ધોરી નસો જેવી નેવા અને ડ્વીના નામની નદીઓ પડે છે. ડાબા ખભા પરથી કૉનસ્ટન્ટીનોપલ પર ગોઠવેલા ડાબા પગ પર પાછા પહોંચી જાવ તો ડાબા ગોઠણ આગળ પોલેંડ દેશનું પાટનગર વૉરસો આવે છે.

જ્યારે રોમન સામ્રાજ્યનો જન્મ થયો ત્યારથી અને એ સામ્રાજ્ય એકાદ હજાર વર્ષ જીવ્યું અને મરણ પામવા માંડ્યું ત્યાં સુધી રૂસ દેશની આ વિશાળ કાયા પર મધ્ય એશિયામાંથી ફરવા નીકળેલી સ્લાવ લોકોની ટોળીઓ અહિં રખડયા કરતી હતી. પ્રાચીન ગ્રીક લોકોએ ઈ. સ. નનાં ત્રીજા ચોથા સૈકામાં આ ટોળીઓનો ઉલ્લેખ કર્યો છે. આ ટોળીઓના રઝળપાટનો રસ્તો ઉત્તર યુરોપથી કૉનસ્ટેન્ટીનોપલનો હતો. ત્યાંથી બાલ્ટીકને કિનારે કિનારે નેવા નદીને આરે આ ટોળીઓ દક્ષિણ તરફ વહેતી હતી. પછી આ ટોળીઓએ

લાડોગા સરોવરને ઓળંગ્યું, અને દક્ષિણ તરફ આ માનવ સમુદાયો આગળ



વધ્યા. એમના રસ્તા પર ઇલચેન સરોવર આવી પહોંચ્યું. આ માનવ સમુદાયો નિપર નદીને કિનારે પણ પહોંચ્યા, અને કાળા સમુદ્ર સુધી આવી પહોંચ્યા.

રશિયાનો ઇતિહાસ

કાળા સમુદ્રમાં પડતી નિપર નદીના કિનારા પર આવેલા પાટનગરમાં રશિયાના ઇતિહાસનો જન્મ થયો. અહિં ઇસાઇ ધર્મના ઉદય પછી કૉનસ્ટેન્ટીનોપલમાંથી પહેલ વહેલા પાદરીઓ આવી પહોંચ્યા ત્યારે કીવમાં વસતા સ્લાવ લોકો વિચિત્ર જાતનાં દેવદેવીઓને પૂજતા હતા. નદીઓ પણ અહિં માતાઓ હતી, અને જંગલના અનેક દેવતાઓ પથ્થરનાં શરીર ધારણ કરીને અહિં પૂજા પામતા તથા તમામ જાતના ભોગ લેતા. એ સમયે પાદરીઓએ આવીને અહિં પ્રેમસ્વરૂપ ભગવાનના દીકરા જીસસની વાત કહી. તેમણે રશિયાના રાજ્યને આરાધડી શીખવી અને મનુષ્યત્વવાળા ધર્મની ભેટ દીધી. રશિયાની ભૂમિ પર આ સમયે નાનાં મોટાં અનેક રજવાડાઓ સ્થપાવા માંડયાં હતાં, અને રશિયાનો ઇતિહાસ દરેક રજવાડાની ઓતરાતી દિવાલો વચ્ચે ઘેરાઇ ગયો હતો.

ત્યાર પછી ઇ. સ. ૧૨૪૪ માં મધ્ય એશિયાનાં મેદાનોમાંથી ચીનને મુખારાને તાસ્કંતને અને તુર્કસ્તાનને જીતનારા જંગીસખાનનું આક્રમણ આવી પહોંચ્યું. આ આક્રમણે રૂસના પશ્ચિમ પ્રદેશ પર હલ્લો કર્યો. ઠકરાતોનાં લશ્કરો કાલકા નદી આગળ વેરવિખેર થઈ ગયાં અને સંહાર પામ્યાં. પાંચ વર્ષની અંદરતો આખો રૂસ દેશ જંગીસખાને જીતી લીધો. પણ, ૧૮૩૦માં દામસ્કોઈ નામના મોસ્કોના પાટનગરમાં એકેલા વડા ઠાકોરે અથવા ગ્રાંડ ડ્યુકે આ આક્રમણ-ખોરોને મારી હટાવ્યા, પરંતુ રૂસ પરની મોંગોલોની પકડનો અંત આવ્યો નહી મોંગોલ લોકોની ધુંસરી નીચેથી મુકત થતાં રશિયનોને ત્યાર પછી બસાં મળીને બસો વર્ષ લાગ્યાં. આ દરમિયાનમાં રશિયનોની દશા ખૂબ કચડાઈ ગઈ હતી. દક્ષિણ રશિયા તરફથી આવેલા અને રૂસ દેશને પરાધીન બનાવનારા તાર્તર ખાનોનો રાજ-વહિવટ રશિયા ઉપર નિર્દય બનીને બસો વર્ષ સુધી ગોઠવાયેલો રહ્યો. આ સમયે યુરોપ પણ રશિયાને મદદ કરી શકે તેમ ન હતું, કારણ કે એ ખંડના ખ્રિસ્તી દેશો પોપ અને શહેનશાહ વચ્ચેના ઝઘડાઓમાં ફસાઈ ગયા હતા. રશિયા પર રહેતા સ્લાવ માનવસમુદાયો ખાનોની ધૂંસરી નીચે દુઃખી બનીને જીવન જીવતા હતા. આ સમયમાં રૂસદેશ પાસે રાજકિય જીવનની અસ્મિતા જ જાણે હતી નહિ એવું લાગતું.

રશિયાનો પહેલો ઝાર ઇવાન

અનેક રાજ્યોમાં વહેંચાયેલા રૂસ દેશમાં એ સમયે રશિયન મેદાનના હૃદય જેવા પ્રદેશ પર મોસ્કવા નામની નદીને કિનારે મોસ્કો નામના નાના સરખા પાટનગરમાં રશિયન રાજકારણનો પહેલો ઉદય થયો. મોસ્કોના આ

રાજ્યે આખા રૂસ દેશના રાષ્ટ્રિય જીવનની આગેવાની લેવા માંડી, તથા રૂસ દેશ પર મોસ્કો બળવત્તર બનવા માંડયું. સ્લાવિક માનવસમુદાયો, તાર્તારોની ગુલામીમાંથી છૂટવા માટે મોસ્કોનગર તરફ મીટ માંડવા માંડયા. આ મોસ્કો નગરમાં ઈ સ. ૧૪૫૩માં એક ઈવાન નામનો ગ્રાંડ ડયૂક રાજ્ય કરતો હતો. આ રશિયન રાજકર્તા "ભયાનક" એવા ઇદિકાબથી ઓળખાયો. ઈ. સ. ૧૪૫૩માં જ્યારે તૂર્ક લોકોએ કોનસ્ટેન્ટીનોપલનો કબજો લીધો અને રોમન સામ્રાજ્યનો અંત આણ્યો, તેજ અરસામાં આ "ઈવાન ધી ટેરીબલે" આખા રૂસ દેશ પર પોતાના શાસનની જાહેરાત કરીને અનેક ટૂકડામાં વહેંચાયેલા દેશની એકતાની જાહેરાત કરી. આખા યુરોપખંડને પણ એણે જાહેર કર્યું કે રૂસદેશ પણ યુરોપનું એક સાર્વભૌમ રાજ્ય છે. ઈવાન ધી ટેરીબલ, રૂસ દેશના સીઝર અથવા ઝાર તરીકે ઓળખાયો.

આવા ઝાર શહેનશાહોની હકૂમત નીચે રશિયાનું રાજકારણ ૨૦ મા સૈકાની શરૂઆત સુધી ચાલ્યા કર્યું. ઈ. સ. ૧૬૧૩માં રશિયાના ઠાકોરોએ પોતાની અંદરથી આખા રશિયાના શહેનશાહ તરીકે રાજ્ય કરવા એક ઝાર અથવા શહેનશાહની ચૂંટણી કરી. આ ઝાર અથવા શહેનશાહનું નામ માઈકલ હતું. આ માઇકિલ એક ફિડોર નામના ઊમરાવનો દીકરો હતો, અને રોમાનોવ નામના એક હકરાતી કુટુંબમાં મોસ્કોમાં જન્મ્યો હતો. આવા ચુંટણીથી આવેલા નવા ઝારને ત્યાં, જન્મેલો ઈ. સ. ૧૬૭૨માં પિટર જ્યારે દસ વર્ષની ઉંમરનો હતો ત્યારે, સોફિયા નામની તેની એક બહેને રશિયાની શહેનશાહબાનુ બનીને રશિયા પર રાજ્ય કરવા માંડયું. ત્યારે આ રાજકુમાર પિટરના ભાઈબંધોમાં મોસ્કોમાં આવીને રહેલા સ્કોટલેંડના હોટલ માલિકો હતા, ડચ વેપારીઓ હતા, સ્વીઝ એપોથોકરીઓ વિગેરે નવા મિત્રો ઉપરાંત, ઈટાલિયન હજામો હતા, ફ્રેંચ નટો હતા, અને જર્મન શિક્ષકો પણ હતા. આ બધા પાસેથી નવજુવાન પિટર યુરોપની નવી દુનિયાનો ઇતિહાસ ભણ્યો હતો, તથા યુરોપ જેવી દુનિયા રશિયામાં જમાવવાનાં સ્વપ્નો સેવતો હતો. ૧૭ વર્ષની ઉંમરમાં જ પિટરે પોતાની બહેન સોફિયાને ગાદી પરથી હડસેલી મૂકી તથા પોતે રશિયને એશિયાના પ્રદેશો જેવો પછાત રાખવાને બદલે યુરોપ જેવો નૂતન ઘડવાના શપથ લઇને ગાદી પર ચઢી બેઠો. રશિયાને નૂતન બનાવવાનું કામ મહા ભગીરથ હતું. જેવું આ કાર્ય મહાન હતું એવો જ મહાન આ રશિયાનો નવજુવાન ઝાર હતો. આ પિટર, મહાન પિટર તરીકે પંકાયો અને એણે અતી પ્રાચીન રૂસદેશને અર્વાચીન યુરોપ જેવો બનાવવાનું કામ આરંભ્યું.

રશિયાનો મહાન પિટર

આ મહાન પિટર ઈ. સ. ૧૬૯૮માં યુરોપને નજરે દેખવા માટે, તે સમયની નૂતન દુનિયા એટલે યુરોપમાં ગયો. બર્લીન, હોલેંડ અને ઇંગ્લેંડની મુલાકાત લઈ આવ્યા પછી એણે બધી બાજુથી જમીન વડે જકડાઈ ગયેલા પોતાના દેશને નૂતન જગત તરફ નજર કરવા સેંટ-પિટર્સબર્ગ નામનું એક મોટું બંદર બંધાવવા માંડ્યું. એણે કરીવાર યુરોપની મુલાકાત લીધી. એણે એક પછી એક નવા સુધારાઓ કરવાના ધારા ઘડવા માંડ્યા. એણે રૂસદેશને નૂતન બનાવવાની ઝડપ વધારી દીધી. એની જીંદગી સમયની ઝડપી પારાશીશી હોય તેવી બની. એણે રૂસદેશનું મુખ, દરિયા તરફ ફેરવી નાખ્યું, અને રૂસી ધરતી પર પિટર્સબર્ગ અથવા પેટ્રોગ્રાડ બાંધ્યું. એણે શાસન કરવાની જૂની પધ્ધતિ બદલી નાખી. એણે રશિયાના રાજકારણમાં યુરોપનાં લશ્કરો જેવું બે લાખ સૈનિકોનું શિસ્તબધ્ધ લશ્કર ઉમેરી દીધું. એણે જૂના સમયની ડ્યુમા નામની ઉમરાવોની નિમાયેલી રાજસભાને રદ કરી નાખીને સરકારી તંત્ર ચલાવવા માટે, લાયક એવા ઉસ્તાદોની અથવા વડા કર્મચારીઓની સીનેટ નામની રાજસભાની નિમણુંક કરી. રૂસ દેશની એકતા ઘડવા માટે એણે આઠ પ્રાંતિક સરકારોમાં આખું તંત્ર વહેંચી નાખ્યું. તથા દરેક પ્રાંતોની વચ્ચે રસ્તાઓ અને વહિવટી સંબંધો બાંધ્યા. એણે ઠેરઠેર નવાં નગરો ઉપજાવ્યાં. તથા ઉદ્યોગો શરૂ કર્યા. એણે નહેરો તથા ખાણો ખોદાવવા માંડ્યાં, તથા વિદ્યાપીઠો અને હોસ્પિટલો બંધાવવા માંડી. આવા પુનરૂત્થાન માટે એણે યુરોપમાંથી ઉસ્તાદોને પોતાને આંગણે બોલાવ્યા. એણે છાપખાનાંઓ શરૂ કર્યાં તથા રશિયાના માનવસમુદાયો માટે નવા રીતરિવાજો અને નવા પોશાકો દાખલ કર્યા. ઈ. સ ૧૭૨૧માં આ પિટરે ઇસાઇ ધર્મના વડા તરીકે પોતાની જાતને દાખલ કરી તથા વાણિજ્યને વધારે અગત્ય આપવા માટે એણે પોતાનું પાટનગર નેવા નદીના મુખ આગળ બંધાયેલા પેટ્રોગ્રાડ પાટનગરમાં બદલેડ્યું. રૂસ દેશનું મોઢું એણે યુરોપ તરફ માંડીને યુરોપ તરફથી જ એણે નૂતન રશિયાના વિકાસના પાઠ ભણવાનો આરંભ કર્યો. બીજીવાર જ્યારે એ યુરોપ ગયો ત્યારે રૂસદેશની નવ ઘટના કરવાના પાઠ ભણવા એ પોતે છૂપાવેશે ઇંગ્લેંડ, હોલેન્ડ અને જર્મનીમાં તથા ત્યાંનાં કારખાનાંઓમાં મજૂર બનીને પણ ભટકયો હતો, તથા પાછો આવ્યો પછી તરત જ પોતે ગ્રહણ કરેલું યુરોપનું નવ વિધાન રૂસી ધરતી પર ઉતારવા યુરોપના વૈજ્ઞાનિકો શિલ્પીઓ, કામદારો, નૌકાકેપ્ટનો તથા લશ્કરી નિષ્ણાતોને પોતાને ત્યાં જમા કરવા માંડ્યા.

રશિયાનું યુરોપીકરણ

રશિયા નામનો આ દેશ જે આજ સુધી યુરોપમાં હતો પણ પછાત હતો તેનું યુરોપીકરણ આ મહાન પિટરે આરંભી દીધું. એણે સરકારી તંત્ર અને લશ્કરને યુરોપીય બનાવ્યાં. એણે આ તંત્રને ધારણ કરનાર ધરતી પર નૂતન બાંધકામ શરૂ કર્યાં. યુરોપીય બનવા માટે એણે લોકોની દાઢીઓ મુંડાવી નાખવાની તથા પોશાક યુરોપીય બનાવી દેવાની હિલચાલ શરૂ કરી. ઉપલા વર્ગોની સ્ત્રીઓને એણે અંતઃપુરોમાંથી બહાર જાહેરમાં ભાગ લેવા બોલાવી. એણે જુવાન રશિયનોને યુરોપમાં ભણવા મોકલ્યા. એણે કાળાસમુદ્ર પરથી તુર્કોને હટાવીને દરિયા પરનું કમાડ બોલી નાખ્યું તથા બાલ્ટીક સમુદ્ર પર રશિયાની સરહદ સ્થાપી દીધી.

જર્મની પણ નૂતન બન્યું

નૂતન બનતા યુરોપમાં જર્મનીએ પણ નૂતન બનવા માંડયું હતું. આ નૂતન બનવાની હિલચાલનો આરંભ ઇ. સ. ૧૪૧૫ માં થયો ગણાય. એ વરસમાં બ્રેડમબર્ગના ઠાકોરે, બ્રેડમબર્ગ નામના જમીનના પ્રદેશને હોહેનઝોલર્ન નામના જમીનદારને અથવા ઠાકોરને વેચ્યો. આ જમીન પ્રદેશ બરલીન નામના તે સમયના જર્મનીના એક કસ્બાની પૂર્વ અને પશ્ચિમ સુધી પહોંચતો હતો તથા એ જમીન પટ્ટો એકસો માઇલ જેટલો લાંબો હતો. આ રીતે બરલીન સુધી પહોંચેલી પેલી હોહેનઝોલર્ન નામની ઠકરાતે આરતે આરતે પોતાની રાજકીય હકુમત વધારી તથા, પ્રશિયાનું રાજ્ય બાંધ્યું. બ્રેડમબર્ગની આ ઠકરાતે પોતાના પ્રદેશને વધાર્યા કર્યો તથા એ ઠકરાતનો અમલ રહાઇન નદી પર પહોંચ્યો. ઇ. સ. ૧૬૪૦ સુધીમાં આ નાની સરખી ઠકરાત ઘણી મોટી બની ગઇ હતી તથા તેનો પ્રદેશ રાહઇન નદીથી વિસચુલા સુધી પહોંચ્યો હતો. આ ઠકરાતનો એક દિકરો ફ્રેડરીક ઇ. સ. ૧૭૦૧માં ગાદી પર આવ્યો અને પ્રશિયાનો પહેલો મહારાજા બન્યો. પછી આ ફ્રેડરીકનો દીકરો, બીજો ફ્રેડરીક ઇ. સ. ૧૭૪૦માં ગાદી પર આવ્યો ત્યારે બરલીન નગરવાળું પ્રશિયન રાજ્ય ધારણ કરીને એણે મહાન ફ્રેડરીકનું નામ મેળવ્યું.

નૂતન જર્મનીમાં નૂતન પ્રશિયાનો જન્મ

નૂતન જર્મનીના ઉદ્ભવનું સ્વરૂપ પ્રશિયન સ્ટેટના આકારવાળું થયું. આ પ્રશિયન સ્ટેટ એટલે એવું સ્ટેટ હતું કે જેમાં સ્ટેટ એજ પ્રશિયન જીવનનું સર્વસ્વ બનાવવામાં આવ્યું હતું. વ્યક્તિ કે સમાજનું કોઈ પણ હિત આ સ્ટેટની અંદર જ સમાઇ ગયેલું હતું. આ સ્ટેટ અથવા રાજ્યને જ સર્વોપરિ હેતુ

અથવા આદર્શ તરીકે સ્વિકારવામાં આવ્યું હતું. આ આદર્શવાળું પ્રશિયન સ્ટેટ નૂતન યુરોપમાં પોતાને વધારે નૂતન ગણાવતું હતું. આ સ્ટેટના આવા એકમનો જન્મ પ્રશિયામાં જે મહાન ફ્રેડરિક તરીકે પંકાયો તે રાજ્યકર્તાના બાપાના સમયથી શરૂ થયો ગણાય. મહાન ફ્રેડરીકના બાપનું નામ ફ્રેડરીક વિલિયમ પહેલો હતું. આ ફ્રેડરીક વિલિયમ પહેલાના મગજમાં એક ખ્યાલ ભરાઈ ગયો હતો. આ ખ્યાલનું નામ ફરજ હતું. આ ફરજ પ્રશિયન સ્ટેટ તરફથી સૌની ફરજ હતી. એ ફરજની બજવણી અને ચૂકવણી માટે એ સૌનિકો અને સેનાપતિઓ સાથે અને પ્રજાજનો સાથે સખ્તાઈથી વર્તતો. આ સખત બાપા પાસેથી તેના દીકરા ફ્રેડરિકે ઈંગ્લંડ ભાગી જવાનો પ્રયત્ન કર્યો પણ તે પકડાઈ ગયો અને એને ભાગી જવામાં મદદ કરનાર ફ્રેડરીકના પરમ મિત્રનો શિરચ્છેદ કરવામાં આવ્યો અને ત્યાર પછી ' ફ્રેડરીકને એક કિલ્લામાં ચોકી પહેરા નીચે રાખીને ફરજનું શિક્ષણ આપવામાં આવ્યું. સ્ટેટ તરફની ફરજનું આ શિક્ષણ પામીને ઈ. સ. ૧૮૪૦ માં બાપાની ગાદી પર બીજો ફ્રેડરીક આવ્યો. યુરોપના ઇતિહાસમાં આ ફ્રેડરિક મહાન ફ્રેડરીક તરીકે પંકાયો

નૂતન જર્મનીમાં પ્રશિયાનું નવું રાજકારણ

સ્ટેટનું નવું રાજકારણ ફ્રેડરીકના સમયમાં આરંભાયું. આ નવા રાજકારણનો સિદ્ધાંત પ્રશિયન સ્ટેટ એ જ, સર્વસ્વ હોવાનો હતો. રાજાને સર્વસ્વ ગણવાના મેકીઆવેલીના રાજકારણનો પ્રશિયન સ્ટેટમાં અંત આવ્યો. પ્રશિયન સ્ટેટના નવારાજકારણ પ્રમાણે પ્રશિયન સ્ટેટને સર્વસ્વ બનાવીને તેની તાકાતને વધાર્યા કરવાની ફરજ રાજ્યકર્તાની પણ બની ગઈ. આ પ્રશિયન સ્ટેટની તાકાત ઘડવાને માટે ફ્રેડરીકે રોજના વીસ કલાક કામ કરવા માંડયું. આ પ્રશિયન સ્ટેટમાં રાજ્યકર્તા અને નોકરશાહી એક મોટું યંત્ર બની ગયાં. આ યંત્રની તાકાત વધારવાનો આદર્શ પ્રશિયન સ્ટેટનો બન્યો. આ યંત્રમાં લોકશાહી કે પ્રજાસત્તને કશું સ્થાન રહ્યું નહિ. આ યંત્રનો સુકાનધારી રાજા ફ્રેડરીક પોતે હતો. સેનાપતિઓ અને અમલદારો આ યંત્રનાં ચક્રો હતાં. સુકાની અને ચક્રો વચ્ચે કોઈ સલાહકાર હતું નહી. પ્રશિયન સ્ટેટના પ્રધાનો કારકુનો જેવા હતા. ફ્રેડરીકની નિર્ણય બુદ્ધિ એ પોતે પ્રશિયન સ્ટેટનોજ નિર્ણય હતો તેમ માનવામાં આવતું. ફ્રેડરીક અને પ્રશિયન સ્ટેટ એકરૂપ બની ગયાં હતાં અને બન્નેની વચ્ચે કોઇની પણ સલાહ કે દરમ્યાનગીરી સાંખી લેવામાં આવતી નહિ.

ઇ. સ. ૧૭૪૦માં જ, ફ્રેડરીક ગાદી પર આવ્યો કે તરત જ ઓસ્ટ્રીયાનો શહેનશાહ ચાર્લ્સ ૬ ઠ્ઠો મરણ પામ્યો. આ શહેનશાહે પોતાની દીકરી

મેરીયા થેરેસાને માટે ઓસ્ટ્રીયાની ગાદીનો અધિકાર, એક મોકું પવિત્ર ખત પત્ર તૈયાર કરીને આલેખાવ્યો હતો. પણ શહેનશાહની મડા પેટી ધરતીમાં ઉતરી કે તરત જ ફ્રેડરિકનાં લશ્કરોએ ઓસ્ટ્રીયાની સરહદ ઉપરના સીલેસીયા પ્રાંતનો કબજો લેવાની કૂચ કરી, તથા થોડીક લડાઈઓ લડયા પછી ફ્રેડરીકે સીલેસીયાનો આખો પ્રદેશ કબજે કર્યો

યુરોપનાં બધાં રાજ્યોની આંખ નવા જન્મેલા આ પ્રશિયન રાજ્ય તરફ આઘાત પામીને દેખવા માંડી. ૧૮મા સૈકાની શરૂઆતમાં જર્મન દેશની ગણુત્રી યુરોપનાં રાજ્યો કરતાં જ નહોતાં, પરંતુ ૧૮ માં સૈકાની અધવચ્ચમાંજ યુરોપનાં રજવાડાંઓને વિચારમાં નાંખી દેતું હોય તેવું પ્રશિયન સ્ટેટ જર્મનીમાંજ જન્મી ચૂકયું હતું. આ પ્રશિયન સ્ટેટની સુકાન ધારણ કરેલો મહાન ફ્રેડરિક નામનો એક રાજ્યકર્તા હતો. એણે યુરોપની પરદેશ નીતિમાં પ્રશિયન સ્ટેટની ગણુના સિવાય હવે યુરોપના રજવાડામાં નહિ ચાલે તેની ખાત્રી આપી દીધી હતી. પ્રશિયન સ્ટેટની તાકાતને મજબૂત પાયા પર ઘડવા માટે એણે પોતાના પ્રદેશની અંદરનો રાજ્યવહિવટ સુધારક બનાવવા માંડયો હતો. જે ઝડપથી રશિયાની વિશાળ કાયા પર મહાન પિટરે ઝડપી ફેરફારો કરવા માંડયા હતા તેજ રીતે આ મહાન ફ્રેડરીકે પણ જર્મનીની ભૂમિ પર સુધારાઓ કોતરી કાઢવા માંડયા હતા. એણે પોતાને ત્યાં ઉદ્યોગનો આરંભ કર્યો. રાજ્યના બજાનામાં જમા બાજુને વધારે મોટી બનાવી. ન્યાય પ્રથામાંથી અંગચ્છેદ અને યાતનાઓ કાઢી નાંખી ને એણે લશ્કરો અને વાણિજ્યની હિલચાલ માટે નવા રસ્તાઓ બંધાવ્યા, તથા કેરેકેર નિશાળો અને વિદ્યાપીઠો બાંધવા માંડી.

પ્રશિયાનું નામ ધારણ કરીને નવા જન્મેલા આ રાજ્યે આખી જર્મન ભૂમિ પર નવો આત્મવિશ્વાસ પેદા કર્યો. આ બધું કરનાર પ્રશિયન સ્ટેટનો યંત્ર જેવો યંત્રવાહક મહારાજા હવે મરણ પામ્યો હતો, તથા જૂના લશ્કરી લેબાસમાં ગીધ જેવા નાકમાં છીંકણી સુંઘતો પોતે લખેલું "એન્ટીમેકીઆવેલી" પુસ્તક વાંચતો હતો; અને ખુશ થતો હતો કે એણે પોતે લખ્યું હતું તેવું કરી બતાવ્યું હતું. ઇ. સ. ૧૭૮૬માં જ એનો અંતકાળ પાસે આવી પહોંચ્યો. એના બધા મિત્રો મરી પરવાર્યા હતા. એને એક પણ સંતાન હતું કે નહિ, એટલે એના અંતની સાથીદારીવાળા એના એક વફાદાર નોકરે તથા એના વફાદાર કૂતરાએ એને આખરી વિદાય આપી.

૨૬ યુરોપના રાજકીય ઉત્થાનની ફ્રેંચ ક્રાન્તિ

[રજવાડી જીવન વહિવટનું રૂપાંતર કરનારી ફ્રેંચક્રાન્તિ—ક્રાન્તિનાં કારણો—ક્રાન્તીની હિલચાલનોતબક્કા—ફ્રેંચલોકશાહીનું વહિવટીસ્વરૂપ—ક્રાન્તિનું આગેવાન પરિબળ—મેરટ કોણ હતો ?—ક્રાન્તિ પછીનો નેપોલિયનનો ઉદય- ફ્રેંચસામ્રાજ્યવાદના સંગ્રામો-નેપોલિયનનું પતન—નેપોલિયનના પતન પછીનું યુરોપ—યુરોપના મહારાજાઓની, ક્રાંતિ વિરોધી હિલચાલ—" હોલિએલાયન્સ " ની કાર્યવાહી]



રજવાડી જીવનવહિવટનું રૂપાન્તર કરનારી ફ્રેંચ ક્રાન્તિ.

મધ્યમવર્ગના ઉદ્ભવમાંથી જન્મેલા ઉત્થાનયુગે અને તેની નવી વેપારી નીતિએ યુરોપના સમાજ વ્યવહારમાંજ સામાજિક વહિવટનું જૂનું કલેવર બદલી

નાખવાની આગાહી આપી હતી. સમાજ જીવનની રહેણી કરણી હવે બદલાય તો તે, પાયામાંથી ટોચ સુધી બદલાવાની હતી. સામાજિક જીવનવહિવટમાં આવી જાતના ફેરફારની શરૂઆત નવા મધ્યમવર્ગની વાણિજ્ય નીતિના અર્થકારણની, તથા જવાબદારીવાળા રાજ્યતંત્રના રાજ્ય કારણની હિલચાલોમાં થઈ ચૂકી હતી. આવી હિલચાલની શરૂઆત ઇંગ્લેંડમાં જૂના સમયમાં "મેગ્નાચાર્ટા" થી શરૂ થઈને હજુ હમણાં જ નિયંત્રિત રાજ્યતંત્રની હિલચાલ સુધી પહોંચી ચૂકી હતી. ઇંગ્લેંડની આ રાજ્યક્રાંતિ, રજવાડાશાહીનો સંપૂર્ણ નાશ કરવાને બદલે થંભી ગઈ હતી. પછીથી એણે જાળવી રાખેલા અંગ્રેજ રજવાડાં ને અને સામ્રાજ્યવાદને અમેરિકન લોકોએ પોતાને ત્યાંથી પદભ્રષ્ટ કરનારી ક્રાંતિ કરી.


ક્રાંતિની હિલચાલનો એવો યુગવેગ શરૂ થઈ ગયો હતો. આ યુગવેગનો ઝંઝાવાત ફ્રાન્સમાં પણ ક્રમારનોયે ફુંકાવા માંડ્યો હતો. વિશ્વઇતિહાસમાં આ વંટોળે રજવાડાશાહીની જીવન પ્રથાને જડમૂળથી ઉખેડી નાખીને ઇતિહાસના ભૂતકાળમાં ફેંકી દીધી. આ ક્રાંતિએ ઉગતા મધ્યમવર્ગની વાણિજ્ય નીતિને અપનાવી. આ ફેરફારે, વાણિજ્ય નીતિના મૂડીદાર આગેવાનોવાળી સરકારનું સામ્રાજ્યવાદી રૂપ ખૂલ્લું મૂકયું, તથા રજવાડાશાહી સાથે ઇંગ્લેંડની જેમ સમાધાન કર્યું નહિં, પરંતુ સંપૂર્ણપણે તેને ખતમ કરી નાખીને સામાજિક જીવનઘટનાની કાયાપલટ કરી નાખવાની ક્રાન્તિકારી ઘટના આરંભી.

ફ્રેંચ ક્રાંતિનાં કારણો

ક્રાન્તિનાં કારણોનો સવાલ અગત્યનો હોય છે. ફ્રેંચ ક્રાંતિ શા માટે થઈ તે જાણવું જરૂરી છે. ક્રાન્તિનાં કારણો અનેક હોય છે પરન્તુ સૌથી મોટું અથવા મહાકારણ એજ ક્રાન્તિનું સાચું કારણ છે. આ મહા કારણ રજવાડી જીવન પ્રથા હતી. રાજા અને રાજન્યોએ એ પ્રથામાં તમામ લોકો પર જે જૂલ્મો, વેઠો, કરો, વેરાઓ લાગાઓ તથા શોષણના પ્રકારો લાધ્યા હતા તેના ભાર નીચે ફ્રેંચ લોકસમુદાય કચડાઈ ગયો હતો, તથા આ ભારના બોજાને હટાવી દીધા વિના લોકસમુદાયનું જીવન એક પણ કદમ આગળ વધી શકે તેમ હતું નહિ. આ સિતમનો બોજ અસહ્ય હતો અને અન્યાયી હતો. આ સામુદાયિક અને અનેક રૂપવાળા રજવાડી શોષણની સામે જ અંગ્રેજ લોક-સમુદાયે અને અમેરિકન લોકસમુદાયે પણ પોતપોતાના બળવા પોકાર્યા હતા. આ કારભારનો નાશ કરવા માટેજ, જે રજવાડી જૂની ઘટના હતી તેનો નાશ કરવાની એટલે તેનું રૂપાંતર કરવાની જરૂર હતી. ફ્રાન્સના લોકસમુદાયે પોતાને ત્યાં એ વિનાશનો આરંભ કર્યો.

ક્રાંતિની હિલચાલનો તખ્તો

આ ક્રાંતિકાળમાં ફ્રાન્સનો રાજા લુઈ ૧૬ મો હતો. આ શહેનશાહના સમયમાં પેરિસના માનવ સમુદાયે રજવાડાશાહીની અઘોર ઇમારત જેવા



બેસ્ટાઈલ નામના કિલ્લા પર ચઢાઈ કરી. આ ચઢાઈનાં વિકરાળ વર્ણનો અનેક લેખકોએ કર્યાં છે. વિશ્વઇતિહાસનો આ વાવંટોળ બેસ્ટાઇલની દિવાલો પર અથડાયા, અને લોકપ્રકોપના પછાડાટ નીચે બેસ્ટાઈલની જુગ જૂની દિવાલોના ચૂરેચૂરા થઇ ગયા. રાજ્યના ચોકિદારોનો સંહાર થયો અને રાજકેદીઓ મૂકત થયા. રાજન્યોની પણ કતલ થઇ અને રાજરાણી કેદ પકડાયાં તથા લોક ઈન્સાફે તેમનો વધ કર્યો.

ઇ. સ. ૧૭૮૯ ના ૧૪ મા દિવસે ફ્રાન્સ દેશ વિશ્વક્રાન્તિનું રૂપ ધરીને ઇતિહાસમાં પેઠો. ફ્રેન્ચ વિપ્લવે પોતાને ત્યાં આલેખેલી રાજ્યક્રાંતિની આ બિના વિશ્વક્રાંતિની બિના બની. એ દિવસે બેસ્ટાઈલના શિખર પરથી જૂની રજવાડાશાહી સમયના ખાડામાં ડૂબી જવા કકડભૂસ કરતી નીચે આવી. રજવાડાશાહીએ તરવારના જોર પર અને અને સમશેરના ન્યાય પર ત્રણ ત્રણ સૈકાઓ સુધી જે જે અધિકારો અને હકૂમતો લોકસમુદાય પર કોતરી કાઢ્યાં હતાં તે બધાનો એક જ દિવસમાં નાશ થઇ ગયો.

એ દિવસે વિશ્વ ઇતિહાસમાંથી ફ્યુડલ અથવા રજવાડી જીવન પ્રથા વિનાશ પામી. એ દિવસે જૂના ફ્રાન્સનું અવસાન થયું અને નૂતન ફ્રાન્સનો જન્મ થયો. આ ક્રાન્તિમાં રજવાડી જીવન પ્રથાના રૂપક જેવા રાજ્યદંડના ચૂરેચૂરા થઇ ગયા, તથા રાજાને વધ પામવા માટે લક્ષ જવામાં આવ્યો. વિકરાળ બનેલી ક્રાંતિએ વધ પામેલા રાજાનું માથું લોકસમુદાયને બતાવ્યું, અને રાજા નામના અધિકારનો શિરચ્છેદ દેખતી માનવમેદનીએ રજવાડાશાહીની સિતમ ઘટનાનો આર્ત પૂકારતી ક્રાંતિનો પૂર્ણપ્રકોપ બનીને આનંદનો, ચિત્કાર કર્યો.

આ બિનાથી રજવાડી પ્રથા સાથે સમાધાનવાદી બનેલા ઈંગ્લેંડનું રાજ્યતંત્ર ખળભળી ઉઠ્યું. ઈંગ્લેંડ અને રજવાડી સ્પેઈન તો, ક્રાંતિકારી ફ્રાન્સ સામે યુદ્ધ

જાહેર કર્યું. ખરી રીતે તો ક્રાંતિની ઘટનાએ જ, ક્રાન્તિ મારફત, યુરોપમાં જીવતાં બધાં રજવાડાશાહી સ્વરૂપો સામે યુદ્ધની જાહેરાત કરી દીધી હતી. આ બધાંને એટલે આખા યુરોપના રજવાડાઓને પડકાર કરતી ફ્રાન્સની ક્રાન્તઘટનાએ પડકાર જેવી જાહેરાત કરી હતી કે, અમે **રજવાડી જીવન પ્રથાનો વિનાશ કરવા માટે અને સમાનતા બંધુતા અને આઝાદીનું સ્થાપન કરવા માટે સમશેર ખેંચી છે અને મ્યાનને ફેંકી દીધું છે. તથા અમે યુરોપના રજવાડાંઓના પડકારના જવાબમાં યુરોપના રાજાઓના પગ આગળ ફ્રાન્સના મહારાજાનું છેદાએલું મસ્તક ફેંકીયે છીએ.”**

ફ્રેંચ લોકશાહીનું વહિવટી સ્વરૂપ

રજવાડી પ્રથાનો અંત લાવવાના ધ્યેયવાળી ફ્રેંચક્રાન્તિએ રાજાનો વધ કર્યા પછી નૂતન રાજકિય હકૂમતનું લોકશાહીનું સ્વરૂપ, લોકસભા અથવા “નેશનલ એસેમ્બલી” નામનું ઘડ્યું. નેશનલ એસેમ્બલીએ સમાનતા આઝાદી અને બંધુતાના સિદ્ધાંત ઉપર માનવમાત્રનું અધિકારપત્ર જાહેર કર્યું. ફ્રાન્સના લોક સમુદાયે લાલ, સફેદ અને ભૂરા રંગનો આઝાદીનો નવો ઝંડો ફરકાવ્યો તથા “નેશનલ એસેમ્બલી” નાં અધિવેશનો મારસેલ્સ નામના નવા રાષ્ટ્ર ગીતથી ગુંજી ઉઠ્યાં. નવા રાજ્યના વહિવટમાં લોકો પર ધાર્મિક કરનો અને અંધકારનો અસહ્ય બોજો બનેલી ધર્મઘટનાનો પણ નિષેધ થયો. “નોત્રદામ” નામના ફ્રાન્સના મહાન દેવાલયમાં સૈકાઓથી આરૂઢ થયેલી જૂની રજવાડાઓની ખ્રિસ્તી ધર્મઘટનાની પ્રતિમા ખસેડી લેવાઇ અને તેની જગા પર વૈજ્ઞાનિક સકારણતા અથવા પ્રજ્ઞાની પ્રતિમાને, “ગોડેસ ઓફ રીઝન” ને ગોઠવવામાં આવી. પ્રજ્ઞાના આવા સૌંદર્યને નારી સ્વરૂપમાં સાક્ષીમાં રાખીને તથા ઇસુની મૂર્તિને બદલે આઝાદીની પ્રતિમાને ગોઠવીને અને તેના હાથમાં વૈજ્ઞાનિક સત્યની મશાલ આપીને ફ્રેંચક્રાન્તિએ પોતાના નવા અર્થકારણનું નૂતન રાજકારણ આરંભ્યું.

રજવાડાશાહીવાળા, જૂના સમયનો અને રજવાડી પ્રથાવાળા જૂના જગતનો જાણે અંત આવી ગયો એવું દેખાયું. ક્રાન્તિની નવી સાલગિરાહ આ અંતની પ્રથાનો આરંભ કરવા માટી નક્કી કરવામાં આવી.

અમેરિકાના સ્વાતંત્ર્ય યુદ્ધની ઉષ્મા અહીં ફરી વ્યાપી ગઇ. ઇંગ્લેંડથી અમેરિકા ગએલો અને ત્યાંના સ્વાતંત્ર્ય યુદ્ધ સાથે વણાઇને આવેલો એક ટોમપેઇનિ નામનો ક્રાન્તિકાર ત્યાંથી અહીં આવી પહોંચ્યો હતો અને ક્રાન્તિના

જ્વાળામાં વણાઈ જઈને, તથા ક્રાન્તિના પ્રવાહ પર પલાણીને ફ્રેંચ પાટનગરની લીલી સુકી નિહાળતો વિકરાળ બનેલા પારીસનગરમાં વિહરતો હતો. અમેરિકાથી આવેલો એ ટોમસ પેઇન હવે વૃદ્ધ થઇ ગયો હતો. ક્રાન્તિનાં વળતાં પાણીને નિંદ્વા માટે એને પણ ક્રાન્તિએ કારાગાર બતાવ્યું હતું. ગીલોટીનની નીચે એય કચડાઈ ગયો હોત પણ અમેરિકાની લાગવગે એને જીવતો રાખ્યો હતો. આજે આ વૃદ્ધ, ક્રાન્તિના નિરીક્ષક જેવો પોતાની ધૂણિ પારીસ નગરમાં જ ધીખાવીને બેઠો હતો, અને કહેતો હતો કે, ' તમે બધા ફ્રાન્સના પ્રજાસત્તાકને મારી નાખો છો. "

પ્રજાસત્તાકની નવી સરકાર મિલકતના ધોરણે મતાધિકાર આપવાનો કાયદો ઘડી ચૂકી હતી. એ કાયદાનો વિરોધ કરતો ખખડી ગયેલો ટોમ પેઇનનો જર્જર દેહ અડગ ઉભો રહીને મુકત અને પુખ્ત મતાધિકાર માગતો હતો, અને કહેતો હતો કે, લોકશાહી એટલે દરેક ભિખારી, રખડુ અને એક એક ગરીબને પણ મતાધિકાર અથવા એકે એક પુખ્ત સ્ત્રી પુરુષને મત આપવાનો સમાન અધિકાર છે.

આવતી કાલે આવવાની પુખ્ત મત્તાધિકારી દુનિયાનો એ મહા પુરુષ ટોમ પેઇન એક ગરીબોની હોટેલમાં એક ઓરડીમાં રહેતો હતો. અઠવાડિયે એકવાર એ દાઢી મૂંડતો હતો. એના મહાન દેહ પર ગંદાં અને ફાટેલાં વસ્ત્રો શોભતાં હતાં. એના બૂટમાંથી અંગૂઠો બહાર આવ્યો હતો. એ એના ઓરડાની બહાર કોઈ કોઈ વાર ઝરખામાં આંટા મારતો દેખાતો હતો. કોઇવાર કચાંય સુધી એ કઠેડા પર માથું ટેકવી એણે દેખેલી અનેક હિલચાલોની વીતી ગયેલી યાદ એકઠી કરતો અને પછી અંદર નોંધ લખવા જતો હતો.એની સામે અમેરિકાના સ્વાતંત્ર્ય યુદ્ધની તવારીખો જાગી ઉઠતી હતી. એ અમેરીકન સ્વાતંત્ર્યયુદ્ધનો પિતામહ મનાઇ ચુકયો હતો.

આજે જ્યારે ફ્રેંચક્રાન્તિનાં વળતાં પાણી ૧૭૯૯માં પાછાં ફરતાં હતાં ત્યારે એ પ્રતિક્રાન્તિના પ્રવાહ સામે ફરિયાદ કરતો હોય તેમ દેખી રહેતો, સમયનાં વીતી ગએલાં વહેણ પર મીટ માંડતો દિવસો પસાર કરતો હતો.

ત્યારે એકવાર એનાં કમાડ કોઇએ જોરથી ખખડાવ્યાં. કોઇવાર નહિ અને આજે મેડમ બોનીવીલ, એની હોટેલની માલિકણ ઉતાવળી હાંફતી શ્વાસભેર બોલતી હતી.

' આપ મારા ખંડમાં ' મારા દિવાનખાનામાં ઉતાવળા આવી પહોંચો.

' પણ છે શું ? ' એ જોવા ને તેવી નિસ્તેજ નજર નાખતો બોલ્યો.

'શું ? નામદાર મોન્સ્યોર નેપોલિયન બોનાપાર્ટ જાતે પધાર્યા છે. મેં તેમને મારા દિવાનખાનામાં બિરાજ્યા છે. આપને, તમને મળવા જ પધાર્યા છે...સાક્ષાત પોતે પધાર્યા છે...મને શી ખબર કે તમે આવડા મહાન હશો ?'

'શું ?–કોણ ?' કોણ કેટલું મહાન છે તે સમજ્યા વિના એ તાકી રહ્યો.

'સાંભળ્યું નહિ, આટલું કહ્યું તોય ! નામદાર નેપોલિયન બોનાપાર્ટ શ્રીમાન મોન્સ્યોર, ટૉમ પેઇનની મુલાકાતે...આપની મુલાકાતે...નેપોલીયન પોતે પધાર્યા છે' બોલતી બાઈએ, પેલા અકિંચનનો હાથ પકડીને ખેંચ્યો.

પછી પેલા વૃદ્ધને નેપોલિયન કહેવા લાગ્યો,..." આપણી ક્રાન્તિ હજુ ચાલુ છે...આપણે એ હિલચાલને ઇંગ્લેંડ પર લઈ જવી છે, જો આપનો સાથ હોય તો તેને, મારે આખા યુરોપ પર પાથરવી છે."

'કેવી રીતે ? ફ્રાન્સના દિકરાઓનું લશ્કર બનાવીને ?'

'આપણાં લશ્કરો યુરોપભરમાં અજેડ છે.'

'આક્રમણથી તે અજેડ નહિ રહે.' ટૉમ વચમાં બોલ્યો.

'કેમ ?' બોનાપાર્ટ ખરાડયો.

'ફ્રેંચ ક્રાન્તિ શાહીવાદનાં લશ્કરો બનીને અંગ્રેજ જનતાને ગુલામ બનાવવા જે પળે ખાડી કૂદી જશે, તે જ પળે...એ આક્રમણખોરો, ડાકુ અને ધાડપાડુઓનાં લશ્કરો બન્યાં હશે અને ત્યારે તેમના ટુકડા કરી નાખવા લડવા નીકળનાર અંગ્રેજી જનતાના યોદ્ધાઓ મહાન બન્યા હશે.' ટૉમ પેઇનનો અવાજ આખા ખંડમાં ઊભરાયો. જગત જીતવાના કોડવાળો બોનાપાર્ટ એક પળવાર કચડાયો. બીજી પળે એણે ઘૂમ પાડી: 'તમારું, 'એજ ઓફ રીઝન' મેં આજ સુધી મારા ઓશીકા નીચે રાખ્યું હતું.'

'પણ વાંચ્યું નહિ હોય...' ટૉમનો અવાજ મક્કમ બોલ્યો.

'હવે હું તેને સળગાવી મૂકીશ.' બોનાપાર્ટ સળગી ઊઠયો.

'અંગ્રેજી અને અમરિકી શાહીવાદી સરકારોએ તો તેને કયારનું સળગાવવા માંડયું છે.' ટૉમપેઇન બોલ્યો. અને પછી બોનાપાર્ટ ધરતીને કચડાતો હોય તેમ ઉગ્ર પગલાં મૂકતો પસાર થઇ ગયો. ત્યારે પેલો અમેરિકન સ્વાતંત્ર્ય-યુદ્ધનો પિતા અને ફ્રેંચ ક્રાન્તિના જાજ્વાળ પરની અનેક યાતનાઓ પામી ચૂકેલો વિશ્વઇતિહાસનો મહાનવૃદ્ધ નિરાશ બનીને દેખી રહ્યો.

ફ્રેંચ ક્રાંતિના મૂળભુત મુદ્દાઓ

આ ફ્રેંચ ક્રાંતિના મૂલભૂત મુદ્દાઓ શા હતા ? સૌથી પ્રથમ તો એણે રજવાડાશાહી જીવન પ્રથાના અંતની રચના કરી. યુરોપના જગતમાં આજ

સુધીમાં રજવાડાશાહી જીવનપ્રથા સામેનો વિરોધ તથા તે સામેની નાનીમોટી હિલચાલો શરૂ થઇ ગયા છતાં પણ યુરોપમાં અધિકાર અને હકૂમતની લગામો રાજાઓ અને રાજન્યોના જ હાથમાં હતી. માલના ઉત્પાદનનું સ્વરૂપ તથા તેની વહેંચણીનું રૂપ પણ રજવાડી અધિકારવાળું હતું. ઠાકોરો અને ઉમરાવોની સત્તા જોકે રાજાઓના હાથમાં આવીને નિયંત્રિત બની ગઇ હતી છતાં પણ ઠાકોરો અને ઉમરાવો અર્ધ ગુલામ જેવા કિસાન સમુદાયો પર લાદેલા અસંખ્ય વેરાઓ ઉપર જ અમનચમન કરતા હતા. ઉપરાંત સ્વતંત્ર ધંધા અને રોજગારો ઉપર પણ અનેક કરો લદાયેલા હતા. રજવાડાશાહીના મુખ્ય સ્તંભ જેવી ધર્મની ઘટના પણ આખા યુરોપ ઉપર મોટી જમીનદારી પ્રથા બની ચૂકી હતી, તથા જમીન પર જીવતા લોકસમુદાયો પર અનેક લાગાઓ તેણે નાખ્યા હતા. આ રજવાડી પ્રથાના શિખર પર યુરોપનો સર્વ સત્તાધિકારી મહારાજા આરૂઢ થયો હતો અને આ ઘટનાના પાયામાં કચડાઇ મરતો લોકસમુદાય જમીનનો ગુલામ હતો.

આ ઘટનાનો વિનાશ તેને પાયાથી માથા સુધી બદલી નાખી શકાય તો જ થઇ શકે. આ પલટો અથવા સર્વાંગી ફેરફાર જમીન પરના ગુલામ બનેલા સમુદાયોની અર્ધ ગુલામીને નાબૂદ કરવાથી જ થઈ શકે. આ ગુલામીને નાબૂદ કરવા માટે જમીન પરના લોકસમુદાયો પરના અન્યાયી કર અને લાગાઓને કાયદો કરીને નાબૂદ કરવા જોઇએ, તથા તેમના પર થયેલા અસહ્ય કરજોની નાબૂદી કરવી જોઇએ. આ બધું સર્વાંગી રીતે ફ્રેંચ ક્રાંતિએ ઇ. સ. ૧૭૯૧નું નવું રાજ્યબંધારણ ઘડીને કરવા માંડ્યું. સમાજ વહિવટની આવી કાયા પલટ કરવા માટે તેણે રજવાડાશાહીની ન્યાયની અસમાન પ્રથાને નાબૂદ કરવા માટે નવું ન્યાયખાતું દાખલ કરવા માંડ્યું. આ નવા ન્યાયખાતામાં તમામ ન્યાયાધિશો, નિમાયેલા નહિ પરંતુ લોકોથી ચૂંટાયેલા આવે તેવું નક્કી થયું. આ નવા બંધારણે લશ્કરી વ્યવસ્થા પણ નવેસરથી રચવા માંડી. આ વ્યવસ્થામાં સૈનિકો અને સરદારોએ ફ્રેંચ પ્રજાને વફાદાર રહેવાના સોગંદ લીધા. આ નવા રાજબંધારણે દેવળની અને ઠાકોરોની તમામ જાગીરોને ગરીબ ખેડૂતોમાં વહેંચવા માંડી, તથા તેણે આખા ફ્રાન્સની ભૂમિ પર "ઠાકરવી" અથવા વેઠની પ્રથાના તમામ પ્રકારોને નાબૂદ કરવા માટેનો વહિવટ શરૂ કર્યો. આવા સુધારાઓનો અમલ કરવા ક્રાંતિની આરંભની વહિવટી સંસ્થાઓ કામે લાગી ગઇ. પરન્તુ ક્રાન્તિની લગામ જેના હાથમાં હતી તેવી વાણિજ્ય અથવા મુડીવાદી આગેવાની ક્રાંતિના સર્વાંગી ફેરફારને બદલે ધીમે ધીમે સુધારાઓ કરવા માગતી હતી.

મુડીના આ નવા માલીકો, ક્રાન્તિના ઉગ્રરૂપથી ગભરાઇ ઉઠ્યા હતા તથા લોક સમુદાય પરની પોતાની આગેવાની વડે, ક્રાન્તિની પ્રાપ્તિઓને વાણિજ્ય પ્રથાની સેવા કરવા માટે જ વાપરવા માગતા હતા.

ક્રાંતિનું આગેવાન પરિબળ, મુડીવાદ ઘટના

રજવાડી પ્રથાનો નાશ કરનારી, આ ક્રાંતિનો આગેવાન ત્યારની સમાજ રચનામાં વાણિજ્યનો વહિવટ ચાલતો હતો તે વાણિજ્યનો કારભારી ક સંચાલક મુડીપતિ હતો. મધ્યમવર્ગમાંથી હજુ હમણાં જ એનો જન્મ થયો હતો. જેમ ઈંગ્લેંડમાં અને અમેરિકામાં તેમ ફ્રાન્સમાં અને આખા યુરોપપર પોતાના જીવનવહિવટી કાનૂનનું શાસન કરવા એ રાજસત્તા માગતો હતો, અને તેને પોતાને હાથ કરતો હતો. આટલા ખ્યાલ પૂર્વક ક્રાન્તિની ઘટનાનું આપણે નિરૂપણ કરીએ તો આપણે, આરંભથી અંત સુધી સત્તા માટે પડાપડી કરનારાં, અને ગીલોટીન પર એકબીજાનો શિરચ્છેદ કરનારા કલહનું ફ્રેંચ ક્રાંતિનું વિકરાળ સ્વરૂપ સમજી શકીએ. સત્તામાટે પડાપડી કરનારાં ફ્રેંચ ક્રાંતિનાં આ જૂથોમાં એક જૂથનો આગેવાન લાફાયેટ હતો. આ જૂથ અંગ્રેજી ક્રાન્તિ જેવા રૂપમાં રાજાને નિયંત્રિત રાજા રાખીને ક્રાન્તિને સાંધી રાખવા માગતું હતું. આરંભમાં જ આ જૂથ પરાજય પામ્યું અને ક્રાન્તિની રંગભૂમિ પરથી હડસેલાઈ ગયું. પછી બીજું જૂથ આગળ આવેલું દેખાયું. આ જૂથનું નામ જીરોન્ડીસ્ટ હતું. આ જૂથ પણ બંદરોના માલીક વેપારીઓનું-મુડીપતિઓનું જૂથ હતું. આ સાથે જ સામાન્ય લોકસમુદાયનાં હિતોનું પ્રતિનિધિ અને તેમનાં હિતોના ખ્યાલ સાથે કાનૂન ઘડવા માગતું એક જૂથ હતું. એનું નામ "સાન્સ-કુટોલીસ" હતું. આ જૂથ સાથે મુડીપતિઓનાં ઉદ્યમતત્વોની પણ સહાનુભૂતિ હતી. આ ઉદ્યમતત્વો અને સાન-કુટોલીસનું જોડાણ એક મોટું જૂથ બન્યું હતું અને તેનું નામ "માઉન્ટન" હતું.

આ બધાનું એક મોટું વલોણું ચાલતું હતું અથવા વંટોળ વાતો હતો, અને ઉથલપાથલ મચી ગઇ હતી. આ વંટોળપર સ્વાર થઇને એક પળવાર જીરોન્ડીસ્ટો ઉભેલા દેખાયા. જંગલના વનરાજની અદાથી અને નિષ્ઠુરતાથી એ ગરજતા હતા અને વર્તતા હતા. પછી રાજાનો વધ થયો. રાજાના વધ પછી ક્રાન્તિની પરસ્પરની ખેંચતાણ વધારે કપરી બની. વલોણું જોરથી ફરવા લાગ્યું. પેરીસ નગર હચમચી ઉઠ્યું. આ ઝંઝાવાત પર પલાણનારા, રોબેસપીરી ડેન્ટન અને મેરટ "માઉન્ટન" ના આગેવાનો હતા.

ક્રાન્તિની ગતિ ભયાનક બની ગઇ. રોબેસપીરી, ડેન્ટન અને મેરટના હાથમાં પણ સુકાન હથમચી ઉઠ્યું. કરાલકાળ એક પછી એક એમ આ



સુકાનીઓને પણ ગળી ગયો. મેરટ જીવી શકયો હોત તો! પણ એ જીવી શકયો નહીં. જીવી શકયો હોત તો, જીવનવહિવટની વ્યવસ્થા સંગઠનનું સુંદર રૂપ સજી શકી હોત પરન્તુ તેમ બન્યું નહીં કારણ કે વલોણા જેવા ક્રાન્તિના આ ઉલ્કાપાતમાંથી જ મુડીપતિઓના પીછેહઠ કરવા માગતા એક મંડળમાંથી એક છોકરીએ આવીને મેરટની મુલાકાત માગી અને તેના પેટમાં છરી ભોંકી દીધી. ક્રાન્તિનો કાનૂન લખતો મેરટનો હાથ લચી પડયો. શાહીમાં લોહીનો રંગ રગદોળાઇ ગયો અને મેરટ ગયો એટલે મુડીવાદનું સામ્રાજ્યવાદીરૂપ પાછું આગળ આવી ગયું.

પણ કોણ હતો આ મેરટ?

મેરટ ઇ. સ. ૧૭૪૫ માં સ્વીત્ઝરલેંડમાં જનમ્યો હતો. મેરટનો બાપ સ્વીઝરલેંડમાં જાણીતો વૈદ હતો. આ વૈદે તેના દીકરાને વૈદું ભણવા ઓરડો

મોકલ્યો હતો. મેરટે વૈદું ભણીને પહેલાં પેરિસમાં અને પછી હોલેંડમાં અને ત્યાર પછી લંડનમાં પ્રેકટીસ કરી. ઇ. સ. ૧૭૭૩ માં એણે મનુષ્ય પર નિબંધ લખીને ચિંતનના ઇતિહાસ પરની પોતાની પકડ ત્યારની દુનિયામાં પૂરવાર કરી, તથા વિદ્વાન તરીકે પંકાયેલા મેરટને ત્યારની વિદ્વાનોની ઘણી સંસ્થાઓએ બહુમાન આપ્યું. ઇ સ. ૧૭૭૫ માં એડીનબર્ગ યુનિવર્સીટીએ એને માન આપ્યું અને એમ. ડી. ની ઉપાધી તેને એનાયત કરી. ફ્રાન્સમાં એ ડોકટર તરીકે એટલો બધો પંકાયો કે કાઉન્ટ ઑફ આર્ટોઇએ એના બ્લાહેર



માનમાં મોટો મેળવડો કર્યો. મેરટે પોતાની જાતને વૈજ્ઞાનિક તરીકે પણ પૂરવાર કરી તથા ઑપ્ટીકલ અને વિદ્યુતક્ષેત્રમાં પણ એણે શોધખોળ કરવા માંડી. ગથે, વોલ્ટેરે અને ફ્રેંકલીને એની મિત્રાચારી બાંધી એટલો એ મહાન હતો.

એણે ઇ. સ. ૧૭૮૦ માં "પ્લાન-ડી-લેજીસ્લેશન ક્રીમીનેલે" નામનું કાયદા પર પુસ્તક લખ્યું અને પછી આ મહાન મેરટે ક્રાન્તિની લિસ્ચાલમાં ઝંપલાવીને "લા-આમી દુ પીપલ" નામનું દૈનિક પત્ર શરૂ કર્યું. જનસમુદાય તરફના પ્રેમથી છલકાતું એનું દીલ માત્ર દાઝતું નહોતું પણ સળગતું હતું એમ કહીયે તોય ચાલે. આ દાઝપૂર્વક પોતાના પત્રમાં એણે રજવાડી જાલિમ ધટમાળ સામે હલ્લા શરૂ કર્યા. જવાબમાં એ જીવન પ્રથાએ એનો પીછો પકડયો. ઇ. સ. ૧૭૯૦ ના જાન્યુઆરીમાં અને ૧૭૮૧ ના ડીસેમ્બરમાં એને જીવ બચાવવા લંડન નાસી જવું પડયું. ત્યાર પછી ક્રાંતિના જુવાળમાં આગેવાની કરવા તે છૂપી રીતે પાછો પેરિસ આવ્યો તથા પેરિસનગરમાં "લા-આમી દુ-પીપલ" નામનું એનું છાપું બોમબિતર બનીને, અગ્નિ ઝાળ જેવું ઉડવા લાગ્યું. પછી ક્રાન્તિએ જ્યારે ક્રાન્તિના તંત્રની ધટનાને ફ્રાન્સના નગરોમાં વહેંચી નાખીને કમજોર બનાવી દેવાનો પ્રસ્તાવ મૂકયો ત્યારે એણે તેનો પોતાની બધી તાકાતથી વિરોધ કર્યો, અને એક અને અવિભાજ્ય એવા ફ્રેંચ રિપબ્લીકની રચના કરાવી. પછી ક્રાંતિના જે જુવાળ પર મેરટ પલાણતો હતો તેના તાપમાં જ એ પોતે પણ લય પામી ગયો. પ્રતિક્રાન્તિએ ઝનૂની બનીને ક્રાન્તિ પર મારેલા મેરટના ખૂનરૂપી કારી ઘાથી આખા ફ્રાન્સનો જન સમુદાય જાણે ધવાઈ ગયો. ક્રાંતિના તમામ આગેવાનોએ આ મહાનુભાવના શબ આગળ માથું નમાવ્યું. એના મૃત્યુની છબી પર લોક જુવાળે ઘસારો કર્યો અને રૂદન કરતાં લોકોનાં ટોળાંઓએ એના ઘરમાં અને ઘરની આસપાસ ફૂલોના ઢગલા છાઇ દીધા. આખી લોકસભા સાથે પેરિસના માનવ સમુદાયોનું સ્મશાન સરઘસ નીકળ્યું. ડેવિડ નામના મહાન ચિતારાએ એના મોતને અમર બનાવતું ચિત્રદર્શન દોર્યું. "ક્રોર્ડેલિયસ" ના વિશાળ મેદાનમાં એક ભવ્ય કબરમાં દફનાવવા માટે સમીસાંજનું નીકળેલું સ્મશાન સરઘસ મધરાતે પહોંચ્યું. તમામ સંસ્થાઓએ મેરટને અંજલી દીધી અને છેવટે લોકસભાના આગેવાન થુરિઓએ મેરટને દફનાવ્યો. મેરટના હૃદયને બહાર કાઢવામાં આવ્યું તથા રિપબ્લીકની લોકસભાના વિશાળ ખંડમાં તેને દર્શન માટે ગોઠવવામાં આવ્યું. ફ્રાન્સમાં ક્રાન્તિના વિશ્વ ઇતિહાસનો આરંભ થયા પછી કોઇ પણ માનવીને નહિ આપેલું એવું માન ફ્રાન્સે મેરટને દીધું.

ક્રાંતિ પછીનો નેપોલિયનનો ઉદય

મેરટના ગયા પછી ક્રાંતિની ઓટ શરૂ થઇ ચૂકી હતી. ક્રાંતિના નામમાં હકૂમત ધારણ કરનારી અને સરકાર બનનારી મંડળીઓએ સરકાર ગૃહ પર

આવતાં લોકોનાં ટોળાંને ખાળવા લશ્કરની ટુકડીઓનો ઉપયોગ કરવો પડતો હતો. આવી લશ્કરી ટુકડીઓનો એક નવજુવાન આગેવાન સામાન્ય સૈનિકમાંથી હજુ હમણાં જ નાનકડો સરદાર બન્યો હતો. ત્યારના આ નાનકડા સરદારનું નામ નેપોલિયન બોનાપાર્ટ હતું.

ભૂમધ્ય સમુદ્રમાંના કોર્સિકા નામના ટાપુનો એ વતની હતો અને પોતે આ ઇટાલિયન ટાપુ પર જન્મ્યો હોવા છતાં ફ્રાન્સે એ ટાપુનો કબજો લઈ



લીધો હોવાથી એજ સમયે બરાબર પોતાને ફ્રેન્ચમેન કહેવડાવી શકે તે રીતે તેનો જન્મ થયો હતો. એનાં માબાપે એને લશ્કરી નિશાળમાં ભણવા મોકલ્યો તથા ગણિતમાં ઊંચા નંબરે એ પાસ થયો હતો. આવો નપોલિયન બોનાપાર્ટ પણ પેરીસમાં હતો. ફ્રેન્ચ ક્રાંતિની ચોટ હવે શરૂ થઇ ગઈ હતી અને હવે યુરોપની બધી સરકારો ક્રાંતિના આ ફ્રાન્સ દેશનો વિરોધ કરતી હતી, તથા રાજાને ફરીવાર ફ્રેન્ચ ગાદી પર બેસાડવા માટે લડવા નીકળતી હતી. એટલે એ સમયની ફ્રેન્ચ સરકારે પોતાની રજવાડી પ્રથાના નાશને રોકી રાખવાનું તથા, મુડીવાદી ક્રાન્તિની લગામને પકડી રાખવાનું કામ હાથમાં ધારણ કર્યું. મુડીવાદી ક્રાન્તિનું રક્ષણ કરવા માટે નવી સરકારે લડવા જવાનું કામ નેપોલિયનને સોંપ્યું. સૌથી પહેલો નેપોલિયન ઇટાલી સાથે લડવા ગયો, અને સૌકાઓ પહેલાં હેનિબાલ નામના એક મહાન સેનાપતિએ આલ્પસને ઓળંગ્યો હતો ત્યારપછી ઇટાલીમાં ઉતરી પડવા માટે નેપોલિયને પણ પોતાના બધા શસ્ત્ર સરંજામ સાથે આલ્પસને બીજીવાર ઓળંગ્યો. નેપોલિયને ઇટાલિ આખું જીતી લીધું, અને જ્યારે આ વિજેતા ફ્રાન્સ પાછો ફર્યો ત્યારે ફ્રાન્સની સરકારના આગેવાનો તેનાથી ડરવા લાગ્યા.

ફ્રેંચ સામ્રાજ્યવાદના સંગ્રામો

હવે નેપોલિયન નામના ફ્રાન્સના, આ સેનાપતિએ પોતાને ઇજીપ્ત જીતવા માટે મોકલવાની સરકાર પાસે માગણી કરી. નેપોલિયનની આ માગણી પાછળ ફ્રાન્સની મુડીવાદ સરકારનું એક જૂથ, સામ્રાજ્યવાદી જૂથ હતું. એ જૂથની માગણીનો સ્વીકાર થયો તથા નેપોલિયન ઇજીપ્તમાં વિજય કરવા પહોંચી ગયો. ઇજીપ્ત પર વિજય મેળવીને આ મહાન વિજેતા, અંગ્રેજોને હરાવી દઈ ને હિંદુસ્તાન જીતી લેવાનું સ્વપ્ન સેવવા લાગ્યો. બીજા દેશોને પરાધીન બનાવીને આખા

દુનિયાના માલિક બનવા માટે જેવી રીતે અંગ્રેજી શાહીવાદ નીકળી ચૂકયો હતો તેવીજ રીતે અંગ્રેજી શાહિવાદને પણ હરાવીને ફ્રાન્સનું મોટું સામ્રાજ્ય દુનિયાભરમાં પાથરી દેવાનું એણે નક્કી કર્યું.

ઈજીપ્તને જીતીને પ્રાચીન સમયના સિઝર જેવો આ વિજેતા પિરામીડના પડછાયામાં ઉભો રહ્યો. આ નવો વિજેતા નેપોલીયન બોનાપાર્ટ પાછો ફ્રાન્સ પહોંચે તે પહેલાં દુનિયાને જીતવા નીકળી ચૂકેલા અંગ્રેજી સામ્રાજ્યવાદનો નેલસન નામનો નૌકા સેનાપતિ અંગ્રેજી નૌકા કાફલો લઇને નાઇલ નદીના મુખ આગળ આવી પહોંચ્યો. અહિં એણે નેપોલિયનના નૌકા કાફલાને હરાવ્યો અને સળગાવી મૂકયો. પોતાના લશ્કર સાથે પાછા ફ્રાન્સ પહોંચવા માટે હવે નેપોલિયન પાસે કોઇ જહાજ રહ્યું નહિ. એટલે જીતી લીધેલા ઇજીપ્ત દેશમાંજ પોતાના લશ્કરને રાખીને નેપોલિયન એકલો ફ્રાન્સ પહોંચ્યો. જ્યારે એ ફ્રાન્સ પહોંચ્યો ત્યારે એણે જોયું કે ફ્રેન્ચ સરકાર પોતાની રાજનિતિનું સંચાલન કરતી જ નહોતી પરંતુ અંદર અંદર લડતી હતી. એટલે એણે આ અંદર અંદર કજીયો કરતી સરકાર પર કાબૂ મેળવ્યો. પછી એણે એક કોન્સલને આ સરકાર પર સર્વોપરિ અધિકારી તરીકે નિમવાની દરખાસ્ત મૂકીને એણે કોનસલ તરીકે પોતાનુંજ નામ રજુ કરાવ્યું. આ રીતે આ સર્વોપરિ કોનસલ એ પોતે જ બન્યો. ફ્રાન્સની સરકારમાં એણે આ સર્વોપરિ જગા આજીવન બનાવી. પછી એણે ઇંગ્લેંડને જીતવા માટે દરિયાઇ ખાડી ઓળંગી જવાની તૈયારો કરી.

હવે નેપોલિયને જગતને પોતાનું સામ્રાજ્ય બનાવી દેવા નીકળતા પહેલાં આખાય યુરોપ પર લશ્કરી નિર્ણયથી તેને કબજે કરી લેવાનાં યુદ્ધો શરૂ કરી દીધાં. રહાઇન, ઇટાલી, અને ઐલ્જીયમ પરનેપોલિયન બોનાપાર્ટના નામની રણહાકલ ગર્જી ઉઠી. આ સૌનો વિજેતા નેપોલિયન, ઇ. સ. ૧૭૯૬માં ફ્રેંચ ક્રાંતિએ ઘડેલા રીપ્બ્લીકન ફ્રાન્સનો હવે પહેલો 'કોન્સલ' બની ચૂકયો હતો. એટલે ત્યાર પછી પંદર વર્ષ સુધી યુરોપનો એક એક દેશ નેપોલિયનનાં યુદ્ધોથી હચમચી ઉઠયો. નેપોલિયન કહેતો હતો કે જગતે કદી નહિ દીઠેલો એવો રણસંગ્રમોનો ઇતિહાસ રચવાનો પ્રયોગ મેં શરૂ કરી દીધો છે. આ પ્રયોગ કરનારો આગેવાન બોનાપાર્ટ આખા યુરોપ પર સંગ્રામનો પ્રયોગ શાળામાં ઘૂમતો હોય તેમ પોતે ઘૂમતો હતો. યુરોપના ઇતિહાસની વ્યાસપીઠ પરથી ઇતિહાસને આદેશ દેતો હોય તેમ એ કયારેક પિરામીડના પડછાયામાંથી, તો કયારેક ઇટાલીના મેદાન પરથી, તો કયારેક એટલાંટિકનાં પાણી પરથી યુદ્ધના પડકાર જેવાં આમંત્રણ આપતો હતો. ઇ. સ. ૧૭૮૬ થી ૧૮૦૪ સુધીમાં એણે ઓસ્ટ્રીયા, ઇટાલી, ઇંગ્લેંડ અને રશિયાને પરાજય પમાડી દીધાં, અને ઇ.

સ. ૧૮૦૪ માં એણે ફ્રેંચ ક્રાંતિ પછીના લોકશાસનમાં કૉન્સલનું પદ ધારણ કરીને તથા પોતાના માથા પર વિધિસરનો તાજ પહેરવા માટે, પેરિસમાં પધારવાનું એણે પોપને ફરમાન મોકલ્યું. આમ નેપોલિયન શહેનશાહ બન્યો અને એની સંગ્રામોની કાર્યવાહી આગળ વધી.

નેપોલિયનનું પતન

ઈ. સ. ૧૮૧૦ની સાલ હવે પુરી થઈ ગઇ હતી. રશિયાનો ઝાર હવે એલેક્ઝાંડર નામનો હતો. આ રશિયન ઝારે અને પ્રશિયા ઈંગ્લેંડ અને ઓસ્ટ્રીયાએ નેપોલિયનના હાથે હારખાધા કરી હતી. ઈ. સ. ૧૮૧૨માં નેપોલિયન મોસ્કો નગરનો કબજો લેવા ફરી વાર રશિયા પર ચઢતો હતો. એણે આખા યુરોપ પર કબજો મેળવ્યો હતો. યુરોપ પર સંપૂર્ણ નિર્ણય મેળવવામાં હવે માત્ર ઇંગ્લેંડનો ટાપુ અને રશિયન પ્રદેશ જ બાકી હતા. એણે સ્પેઇન, જર્મની, હોલેંડ, ઈટાલી અને પોર્ટુગલમાંથી લશ્કરો ભેગાં કર્યાં અને ઉત્તર તરફ ચઢાઈ કરી. નેપોલીયનના રશિયા પરના આ યુદ્ધના બનાવ પછીની વાત તો જગજાહેર છે. નેપોલિયન રશિયાના પાટનગરમાં પહોંચ્યો ખરો અને ક્રેમલીનમાં એણે થોડીક રાતો સુધી મ્હેફિલોની ઉજવણી પણ કરી. પરંતુ ૧૮૧૨ના સપ્ટેમ્બરના પંદરમે દિવસે મોસ્કોનગર સળગી ઉઠ્યું, તે ચાર દિવસ સુધી સળગ્યા જ કર્યું. પછી પાંચમા દિવસની સાંજે નેપોલિયને પોતાનાં લશ્કરોને પાછાં વળવાનો હુકમ કર્યો. બે અઠવાડિયામાં જ પાછા વળવાના વેરાન રસ્તાઓ પર બરફ પડવા માંડ્યો હતો. વિશ્વવિજેતાનાં લશ્કરો બરફના કાદવમાં થઈને આગળને આગળ ઘસડાયા કર્યાં, અને નવેંબરની ૨૬ મી તારીખે ઘસડાતાં આ લશ્કરોને ચારે બાજુએથી રશિયન લશ્કરના હુમલાઓએ પજવવા માંડ્યાં. નેપોલિયનનાં એક લાખ માણસો બરફનાં મેદાન પર મરેલાં પડ્યાં. એનો શસ્ત્રસાજ બરફના કાદવમાં ચોંટેલો રહી ગયો. એની જીવતી રહેલી ટૂકડીઓ જર્મનીમાં પહોંચી અને બીજી ટૂકડીઓ લઈને એ પેરિસ નગરમાં પાછો આવ્યો. રશિયાની વિરાટ ભૂમિ પર એનાં લશ્કરોને જગત જીતવા માટે આ વિજેતા પેલા પેરિસનગરમાંથી જ વિજયકૂચ કાઢી ગયો હતો. એણે યુરોપ પણ જીત્યું હતું પરંતુ યુરોપની પૂર્વ સરહદ આ વિજેતાને અનંત જેવી દેખાઈ. રશિયાએ એનો પરાજય કર્યો. આ પરાજયને લીધે જગતનું પાટનગર ગણાતું પેરિસ હચમચી ઉઠ્યું હતું. નેપોલિયનની સામે લડતાં યુરોપનાં રાજ્યો ઇંગ્લેંડની આગેવાની નીચે હવે આ વિશ્વવિજેતા સામે એક થવા માંડ્યાં. નેપોલિયને ફરીવાર એક વિશાળ લશ્કર જમાવ્યું અને ૧૮૧૫ના જુનમાં નેપોલિયન બેલ્જીયમમાં પેઠો. જુનની ૧૬મીએ એણે પ્રશિયનોને હરાવ્યા.

બે દિવસ પછી બોનાપાર્ટ વૉટરલૂના રણમેદાન પર વેલિંગ્ટનની સામ સામે આવી ગયો. આ સંગ્રામમાં નેપોલિયન હાર્યો અને નાઠો. આ વખતે એને એના બચાવનો કોઈ આરો રહ્યો હતો નહીં. એણે અમેરિકા તરફ નાસી જવાનો પ્રયત્ન કર્યો. એને નાસી જતો રોકી પાડવા માટે અંગ્રેજી નૌકા કાફલો ફ્રેંચ બંદરોની ચોકી કરતો હતો. પ્રશિયનો પણ એને પકડીને વિંધી નાખવા માગતા હતા. હવે એણે રાજગાદી છોડી દીધી હતી અને નવી ફ્રેંચ સરકારે ચોવિસ જ કલાકમાં ફ્રેંચ ધરતી છોડી જવાનું એના પર ફરમાન કાઢ્યું હતું. જુલાઇના પંદરમા દિવસે એ "બેલેરેા-ફૉન" જહાજ પર ચઢ્યો અને એડમિરલ બાથામને એણે પોતાની તલવાર સુપ્રત કરી. પછી પ્લીમાઉથ બંદર પર નોર્થંબરલૅંડ નામના જહાજ પર એને ચઢાવવામાં આવ્યો, તથા આ જહાજમાં કેદી બનેલા આ વિશ્વવિજેતાને મોત પામે ત્યાં સુધી કેદ કરી રાખવા, સેંટહેલિના નામના ટાપુ તરફ હંકારી જવામાં આવ્યો.

ક્રોનસ્ટેનટાઇન નામના એક રોમન બાદશાહની માતાના નામ પરથી સેંટ હેલિના, કહેવાતા આ એક ટાપુ પર એને કેદ કરવામાં આવ્યો. ૭ વર્ષ સુધી કારાગારની યાતનાઓ ભોગવીને નેપોલિયન ઈ. સ. ૧૮૨૧ માં મરણ પામ્યો.

નેપોલિયનિક સમયના પતન પછીનું યુરોપ

ફ્રેન્ચ ક્રાંતિ પછી ફ્રાન્સના લોકસમુદાયે ફ્રાન્સની રજવાડાશાહીને પરાજીત કરીને તેને નાબૂદ કરીને રાજાના નહિ પણ પ્રજાના આત્મનિર્ણયનો વિજય ફરકાવીને ફ્રેન્ચ સ્વરાજ્યના લોક નિર્ણયની સ્થના કરી હતી. પછી ફ્રેન્ચ ક્રાંતિનો આગેવાન બનેલો અને વાણિજ્ય નીતિને વરેલો મૂડીદાર વર્ગ ક્રાંતિનું સુકાન પોતાના હાથમાં ધારણ કરીને બેઠો હતો. ફ્રેન્ચ સ્વરાજ્યનું આ સુકાન સામ્રાજ્યવાદી એવા અધિકારનું સ્વરૂપ ધારણ કરીને યુરોપ પર યુદ્ધ જાહેર કરતું હતું. આ અધિકારનું લશ્કરીરૂપ, નેપોલિયન બોનાપાર્ટ હતું. આ અધિકારે હવે પોતાના માથા પર સીઝરોની ગરૂડવાળી ટોપી ધારણ કરી હતી. આ ગરૂડનું નિશાન આખો યુરોપનો પરાજય કરીને અને તેને પોતાનો ગુલામ બનાવીને આખા જગત પર પોતાનું સામ્રાજ્ય પાથરવાનું હતું. પણ ગરૂડોનો આ મેળો વૉટરલૂના ગામ આગળ પરાજય પામ્યો અને નેપોલિયનની શહેનશાહતનો ત્યાં આગળ નાશ થયો. એ રીતે યુરોપને પરાધીન બનાવીને વિશ્વવિજય કરવા નીકળી ચુકેલા ફ્રેંચ સામ્રાજ્યવાદનો પરાજય થયો તથા જેનો વિજય થયો તે સામ્રાજ્યવાદી ઘટનાનું નામ અંગ્રેજી સામ્રાજ્યવાદ

હતું. જે રસ્તે નેપોલીયન ગયો તે એણે દેખ્યો હતો. એ રસ્તા પરના પદાર્થપાઠ શીખીને અંગ્રેજી તાકાત હવે જગત જીતવા માટે નીકળી ચુકી હતી. પરંતુ હવે યુરોપે કાયાપલટ કરી દીધી હતી. આખાય યુરોપ પર પોતપોતાની રજવાડાશાહીનો પરાજય કરનાર અને રજવાડી પ્રથાની કાયાપલટ કરીને લોક અધિકારનો આત્મનિર્ણય સ્થાપનાર લોકસમુદાયનો વિજય થયો હતો. પરન્તુ આ લોકસમુદાયો હવે નેપોલિયનના યુદ્ધોમાં કતલ જ થયા કરતા હતા, અને તેમનો વિજય કોઈ પણ ઠેકાણે જાણે દેખાતો નહતો. જે લોકસમુદાયોએ ફ્રેંચક્રાંતિ કરીને ફ્રાન્સમાં આત્મનિર્ણય ઘડયો હતો તેને નેપોલિયને ભૂરા લશ્કરી પોષાક પહેરાવીને રશિયાનાં મેદાનો પર મોત પમાડયા હતા આ સમુદાયોને લશ્કરો બનાવીને બીજા લોકોના પ્રદેશો જીતવા મુડીવાદી સામ્રાજ્યવાદે યુરોપલરમાં કવાયતો કરાવવા માંડી હતી. એટલે જ આજે તો જાણે યુરોપ પરનાં નેપોલિયનનાં યુદ્ધો પછી જો કોઈનો વિજય થયો હોય તો તે વિજય રશિયાના ઝારનો વિજય હતો, ઓસ્ટ્રિયા અને પ્રશિયાની શહેનશાહતનો વિજય હતો, તથા ઇંગ્લેંડના મહારાજાનો પણ વિજય થયો હતો. આ વિજયી શહેનશાહો પોતપોતાના પ્રદેશમાં લોકસમુદાયનો આત્મનિર્ણય કચડવા માગતા હતા, અને દરેકજણ આખા યુરોપના દેશોને પરાધીન બનાવીને આખા જગતને પોતાનું ગુલામ બનાવવા માગતા હતા. નેપોલિયનની શહેનશાહત સામ્રાજ્યવાદી ધ્યેયવાળી જ હતી. પણ પરાજય પામેલા ફ્રાન્સદેશના પાટનગરમાં હવે યુરોપના વિજયી મહારાજાઓ પેઠા અને સૌથી પહેલાં તેમણે ફ્રેંચ સ્વરાજ્ય અથવા રીપબ્લીકને ખતમ કરી નાખીને શહેનશાહતને કાયમ કરી દીધી. ક્રાંતિના આ પાટનગરમાંજ આ રીતે રજવાડી પ્રથાનો નાશ કરનારી મુડીવાદી ક્રાંતિઓ ભેગા, યુરોપના મહારાજાઓ એકઠા થઈ ગયા તથા, મુડીવાદી વર્ગના સામ્રાજ્યવાદનો સ્વીકાર કરીને તેમણે ક્રાંતિને કચડી નાખવા માટેની જોગવાઈઓ કરવા માંડી.

યુરોપના મહારાજાઓની ક્રાંતિ વિરોધી હિલચાલ

ક્રાંતિ પછીના નવા જીવન વહિવટના ખ્યાલોને લીધે હચમચી ગયેલા અને કંપી ઉઠેલા યુરોપના મહારાજાઓ, શહેનશાહો, અને શહેનશાહ બાતુઓ તથા હાકેારો અને ઉમરાવોને હવે જરાક નિરાંત વળી. આ બધાંઓએ માન્યું કે હવે દુનિયા ફરીવાર પાછી, ફ્રેંચ ક્રાંતિ થતાં પહેલાં જ્યાં અને જેવી હતી, તેવી રજવાડી રીતરસમવાળી બનાવી શકાશે. ફ્રેંચે ક્રાંતિ પહેલાંના રજવાડી સમયમાં પાછા હઠીને પહોંચી જવા માટે, પ્રતિક્રાંતિની બધી તૈયારીઓ,

તથા યોજનાઓ રચવા અને તજવીજ કરવા આ બધા નામદારો એક સંમેલનમાં એકઠા થયા. આ સંમેલનનું નામ "હોલિ એલાયન્સ" હતું.

જગતને ભૂતકાળમાં લઇ જવા માટેની, હોલિ એલાયન્સની કાર્યવાહી

ઉપરના નામે પ્રતિહાસમાં જાણીતી બનેલી યુરોપના મહારાજાઓ અને તેમના રાજપુરૂષોની વિયેનામાં ભરેલી કોંગ્રેસનું અધિવેશન થયું. આ પહેલાં આ બધા મહારાજાઓ અને તેમના રાજ પુરૂષો જ્યારે બોનાપાર્ટે ક્રાન્તિનું તોફાનું ફ્રેંચ લોકોનું નિશાન તાકવા માટે ફેરવ્યું હતું ત્યારે આનંદમાં આવી ગયા હતા પણ તરત જ બોનાપાર્ટના નામથી જાણીતા બનેલા એ ફ્રેંચ લશ્કરી અમલદારે શરૂઆતમાં ક્રાન્તિને દબાવી દીધા પછી રિપબ્લીકના ત્રણ કોન્સલોમાં પૈકી એક કોન્સલ તરીકે પોતાની જાતને જાહેર કરી અને પછી તરત જ



પોતે એકલો બેસા ત્રણ કોન્સલ બની ગયો, અને પછી બાકી આખરે એ રાજા બન્યો અને યુરોપને જીતવા નીકળી પડ્યો. ત્યારથી આ રાજા મહારાજાઓ અને રાજપુરૂષોનો આનંદ ઉડી ગયો હતો. ફ્રેંચક્રાન્તિનો પોતાની લશ્કરી હકુમતમાં

જકડી લેવાનું કામ કરતો નેપોલિયન પોતે શહેનશાહ બની ગયો પરન્તુ બીજા શહેનશાહોની જેમજ પોતાનું સામ્રાજ્ય જમાવવા શહેનશાહ બનેલા નેપોલિયને આ બીજા મહારાજાઓનો પરાજય કર્યો. પરાજય પામેલા આ મહારાજાઓના દીકરાઓને તેણે પોતાનાં લશ્કરોમાં નોકરીએ રાખ્યા હતા, તથા આ મહારાજાઓની દીકરીઓને તેણે પોતાના સેનાપતીઓ સાથે પરણાવી હતી. આ મહારાજાઓનાં પત્થરનાં પુતળાંઓને એણે પેરિસમાં લાવીને ઉભાં કરી દીધાં હતાં. એણે આખા યુરોપને 'યુદ્ધની છાવણી' બનાવી દીધું હતું તથા આખાય જમાનાનાં ફરજંદોને સંહારી નાખ્યાં હતાં. પણ હવે જ્યારે આ નેપોલિયન પરાજય પામી ચૂકયો હતો ત્યારે યુરોપના એકે એક દેશની પ્રજાઓ શાંતિનો પોકાર કરતી હતી.

હોલીએલાયન્સની સ્મશાન શાંતિ

બરાબર એ જ સમયે 'અમે તમને સંપૂર્ણ શાંતિ આપીશું' એમ કહીને, પરાજય પામેલા પેલા મહારાજાઓ અને રાજપુરૂષો વિએનામાં એકઠા થયા. આ સંમેલને પોતાનુ નામ "હોલિ એલાયન્સ" પાડયું. આ હોલિ એલાયન્સે ફ્રેંચ ક્રાન્તિનાં બધાં પરિણામોનો નાશ કરવાનો નિશ્ચય કર્યો. ક્રાન્તિનાં પરિણામોનો વિનાશ કરવા માટે તેમણે પોત પોતાની પ્રજાઓ પર દમન કરવાનાં નવાં કારાગારો ચણાવવાનું શરૂ કર્યું. આ મહારાજાઓ દમનના કાયદા કાનૂનો ઘડવા સંમત થયા. આ મહારાજાઓનાં રાજ્યોમાં તમામ પ્રકારની સ્વતંત્રતાઓ ઉપર અંકુશો ઘડાયા, અને આઝાદીનું નામ લેનારને ભયંકર શિક્ષાઓ કરવાનું નકકી થયું. આ મહારાજાઓના દરેકના રાજ્યમાં સૌથી વધારે તાકાતવાળું અને માન પામવાની લાયકાતવાળું વ્યક્તિત્વ "પોલીસમેન" નું ગણાયું. આ "હોલિ એલાયન્સે" યુરોપ ખંડ પર આવી જાતની શાંતિની સ્થાપના કરવા માંડી પરંતુ આ શાંતિ કબરની શાંતિ હતી, અને નૂતન ઉત્થાન પામેલો યુરોપનો જીવતો માનવ સમૂદાય તેને સહન કરી લેવા હવે તૈયાર નહોતો. આવી, હોલિ એલાયન્સના પ્રતિનિધિ બનેલા રાજપુરૂષોમાં મેટર્નીક નામનો ઓસ્ટ્રિયન રજવાડાનો રાજપુરૂષ હતો; અને ટોલેરાં નામનો એક રાજકારણપટુ ધર્મગુરુ હતો. આ સંમેલનમાં એક બીજાની દુશ્મન બનવા માગતી યુરોપના રજવાડાંની બે વિરોધી છાવણીઓ પણ એકઠી થઈ હતી. એક છાવણીનો આગેવાન રશિયાનો ઝાર હતો, તથા બીજી બાજુએ પ્રશિયાનો પ્રતિનીધી બિસ્માર્ક હતો, કારણ કે રશિયા પોલેંડને ખાઈ જવા માગતું હતું. અને પ્રશિયા સેકસનીને ખાઈ જવા માગતું હતું. ઓસ્ટ્રીયા અને ઈંગ્લેંડના રાજ્યોનું રાજકારણ રશિયા અને પ્રશિયાને

તેમ કરતાં અટકાવવા માગતું હતું. કારણ કે જો રશિયા પોલેંડ પર અધિકાર જમાવે અને પ્રશિયા જો સેક્સનીને ખાઇ જાય તો યુરોપમાં તે બંનેની તાકાત વધી પડે. એટલે રશિયા અને પ્રશિયાને એક બીજાની સામે લડાવવાનું કામ ટોલેરાંએ હાથમાં લીધું. હતું. એની આ હૉલિ એલાયન્સમાં ઓસ્ટ્રીયાનો વડો પ્રધાન મેટર્નીક પણ અગત્યનો માણસ હતો.

આ મેટર્નીક કહેતો હતો કે નેપોલીયનની ભેટ ક્રાન્તિના બદલામાં જગતને મળી હતી, અને નેપોલીયન કરતાં તો ફ્રેંચ શહેનશાહ લુઇ સર્વ રીતે સારો અને શાંતિ સાચવનારો હતો. મેટર્નીક પોતાના આ સિદ્ધાંતને સ્થિતિ ચુસ્તતાના નૂતન સિદ્ધાંત તરીકે હૉલિએલાયન્સમાં સ્થાપિત કરતો હતો. એ પોતે કહેતો હતો કે અઢારમો લુઇ હવે ફ્રાન્સનો શહેનશાહ થયો હોવાથી ફ્રેંચક્રાંતિ પહેલાંનો સુવર્ણયુગ આપણે પાછો આખા યુરોપ ખંડમાં લાવી શકીશું. આ "હૉલિ" કૉંગ્રેસનો બીજો મોટો અધ્યક્ષ રશિયાનો એલેકઝાંડર નામનો ઝાર પણ હતો. આ ઝારે નેપોલિયનનો પરાજય કર્યો હતો અને યુરોપખંડને સ્મશાન શાંતિ આપવાનો શહેનશાહતને શોભે તેવો શપથ લીધો હતો. જૂના જગતના આ અધ્યક્ષો આવી ઉમેદો સાથે, ભેગા થયા હતા તેમાં પ્રતિક્રાન્તિના આ પ્રતિનીધિઓમાં પ્રશિયામાંથી એક જૂના જગતનો મહાન જમીનદાર આવી પહોંચ્યો હતો. આ જમીનદાર પ્રશિયાને નૂતન બનાવવા માગતો હતો.

આ જુવાન જમીનદારનું નામ બિસ્માર્ક હતું. એ ભાષણખોરીને ધિક્કારતો હતો અને કામ કરવામાંજ માનતો હતો. એટલે એણે આ હૉલિ એલાયન્સમાં સૌથી વધારે ઉપયોગ પોતાના કાન અને આંખોનો જ કર્યો. આ બિસ્માર્ક અહિં નક્કિ કરતો હતો કે નાના નાના રાજ્યોમાં વહેંચાયેલો જર્મન દેશ એક થવો જોઇએ. તોજ જર્મની મહાન જર્મની બની શકશે તથા મહાન જર્મનીજ આખા યુરોપખંડને પોતાની એડ નીચે લાવીને દુનિયા ભરમાં પોતાનું મહાન સામ્રાજ્ય જમાવી શકશે.

આવું જ સામ્રાજ્ય નેપોલીયન જમાવવા મળતો હતો. આવું જ સામ્રાજ્ય ઇંગ્લેંડ જમાવવા માંડ્યું હતું. બિસ્માર્ક પણ એજ ઇરાદાને નજરમાં રાખીને એક મોટા કાગળ પર ક્રાંતિની હિલચાલને પાછી હટાવી દેવાના અને પ્રતિ ક્રાંતિની સ્થાપના કરવાના હૉલી એલાયન્સના કરારો પર સહીસીક્કાઓ કર્યા. પછી હૉલિ એલાયન્સમાંથી બિસ્માર્ક પ્રશિયામાં પાછો ગયો અને હૉલિ એલાયન્સના કરારમાં જોડાઇને પ્રશિયામાં એણે હવે સ્મશાન શાંતિનું રાજ શરૂ કરી દીધું.

૨૭. યુરોપના આત્મનિર્ણયવાળો, ૧૯ મો સૈકો

[નેપોલિયનનો અંત અને યુરોપની લોક હિલચાલોનો ઉદય–યુરોપખંડની આગેકુચ–ઉત્તર અમેરિકામાં હાયટીમાં લોક હિલચાલ–હાયટી પછી વેનેઝુએલા—રશિયા અને બાલ્કન—ગ્રીસની સ્વાતંત્ર્ય હિલચાલ—ફ્રાન્સની બીજી ક્રાન્તિ—ફ્રાન્સમાંથી ઈટાલીમાં–યુરોપની ક્રાન્તિમાં જર્મનીની પ્રતિક્રાન્તિ—નેપોલિયન પછી બિસ્માર્ક—બિસ્માર્કનું મહાન જરમની]

નેપોલીયનનો અંત અને યુરોપની લોક હિલચાલોનો ઉદય

ફ્રેંચ ક્રાન્તિની હિલચાલે યુરોપભરમાં આત્મનિર્ણયની હિલચાલને જગતી કરી દીધી. નેપોલિયનનો ઉદય થયો અને અસ્ત પણ આવી પહોંચ્યો હતો. આ અસ્ત પછી યુરોપના આત્મ નિર્ણયની હિલચાલ આગળ વધ્યે જ જતી હતી. ફ્રેંચ-ક્રાન્તિમાંથી સૈનિક અને સરદાર બનીને ક્રાન્તિને અટકાવી દેનારી લશ્કરી હિલચાલ પર સ્વાર થઈને નેપોલીયન, શહેનશાહ નેપોલીયન, બનીને આખરે પરાજય પામીને સેન્ટ હેલીના નામના ટાપુમાં ઇ. સ. ૧૮૨૧ સુધી વીતી ગએલા ભુતકાળના આકાર દેખતો બેઠો હતો. ધરતીના છેડાઓ સુધી એણે



પેરીસનગરથી ઉપરા ઉપરી સ્વારીઓ કરીને આક્રમણોનો શોર કરી મૂકયો હતો. આ ધોંધાટ ક્રાન્તિનો નહોતો પણ પ્રતિક્રાન્તિનો હતો. નેપોલિયનિક યુદ્ધો એ યુરોપના એકએક દેશને પાડયા હતા. એકએક દેશની સરકારોને એણે નમાવી હતી. જ્યાં એ ગયો ત્યાં એનો વિજય અંકાયો હતો. પરન્તુ આ બધા વિજયો ક્રાંતિના નહોતા પણ પ્રતિ ક્રાન્તિના હતા. ત્યારનું ફ્રાંસમાનું ફ્રેંચ પ્રતિ ક્રાન્તિનું આ સ્વરૂપ સામ્રાજ્યવાદનું અથવા શહેનશાહત સ્થાપવાનું હતું. નેપોલીયનની શહેનશાહત એક દિવસભર યુરોપ પર આવાં આક્રમણો વડે સ્થપાઈ ચૂકી ખરી પણ બીજે જ દિવસે આ શહેનશાહતનું મરણ નીપજ્યું. યુરોપના રાજાઓ, મહારાજાઓ, ઠાકોરો, નેપોલીયનની તૂટી પડેલી શહેનશાહતની ખુશાલીમાં પોતપોતાના પ્રદેશોમાંથી બહાર નીકળ્યા. સૌને મન પોતાની શહેનશાહત

સ્થાપવાનો હવે મોકો મળવાનો ઉમંગ હતો. નેપોલીયને એમની સૌની શાહીવાદી ઉમેદો અને શહેનશાહતોનાં સ્વપ્નોને કથાળી મૂકયાં હતાં તે પાછાં જીવતાં કરીને આ સૌ શાહી રસાલાઓ યુરોપના રજવાડી દરબારોમાંથી બહાર નીકળીને ઓસ્ટ્રીયાના વિએના નગરમાં એકઠા થયા હતા. આ સંમેલનનું નામ વીએનાની કોંગ્રેસ પડયું. વીએનાની આ કોંગ્રેસે પોતાનું રૂપાળું નામ હોલીએલાયન્સ પાડીને તેણે યુરોપ ભરમાં, ક્રાન્તિનું આત્મ નિર્ણયનું, આઝાદીનું અને લોક મતનું નામ નિશાન મિટાવી દેવાના ધ્યેયને ધારણ કરીને, પ્રતિ ક્રાન્તિની, પોતાની કાર્યવાહી ચલવાનું નક્કી કર્યું.

પણ યુરોપ ખંડની આગેકુચ અટકી નહીં.

પણ ફ્રેંચ ક્રાન્તિ જેનું પ્રભવ સ્થાન હતી તેવી લોક નિર્ણયની, યુરોપ ખંડના લોક સમુદાયની આગેકૂચ અટકી નહીં.

વિએનામાં ભરાયેલા મહારાજાઓના સંમેલને કરેલા ઠરાવો પ્રમાણે તેમણે યુરોપનાં રાષ્ટ્રોને ફ્રેંચ ક્રાંતિ પહેલાંના જમાનામાં લઈ જવાનું નક્કી કર્યું હતું. પરંતુ પ્રતિક્રાંતિએ નક્કી કર્યા પ્રમાણે પાછા હટવાનો યુરોપનો ઈતિહાસ ઇન્કાર કરતો હતો. વિએનાની કોંગ્રેસે અથવા "હોલિએલાયન્સે" ઇતિહાસની ઘડીયાળના સમયના કાંટાને એક સૈકો પાછો હઠાવી દેવાનું નક્કિ કર્યું હતું. પરંતુ સમયનો કદમ પાછું ડગલું ભરવા નહોતો માગતો. વિએનાની કોંગ્રેસના કાનૂન પ્રમાણે નહિ પણ સમાજના જીવન વહિવટની આગેકૂચના નિયમ પ્રમાણે યુરોપનો લોકસમુદાય આગળ વધવા માગતો હતો. અને પેલા નામદારોએ નક્કિ કરેલા નકશાઓને, કાર્યક્રમોને, અને યોજનાઓને નિષ્ફળ બનાવી મૂકતો, ૧૯ મા સૈકાને આત્મનિર્ણયના રૂપથી મઢી દેતો હતો. આત્મનિર્ણયના હેતુને લઈને અને ફ્રેન્ચ ક્રાંતિએ દીધેલા કાનૂનને માથે ચડાવીને યુરોપનાં જન આંદોલનો આગળ વધતાં હતાં. યુરોપના લોકો હવે આસ્તે આસ્તે યુરોપના મહારાજાઓએ મના કરેલાં પુસ્તકો વાંચવા માંડયાં હતાં તથા તેમણે નકારેલા ક્રાંતિકારી સિધ્ધાંતોનું મનન કરવા માંડયાં હતાં, અને આત્મનિર્ણયનો રાષ્ટ્ર વ્યાપી કાર્યક્રમ હાથ ધરતાં હતાં. ઉત્થાનયુગે દીધેલી એક રાષ્ટ્રની ભાવના હવે જરૂરી રીતે યુરોપના રાજકિય જીવનમાં અનિવાર્ય બનેલી દેખાતી હતી. આ ભાવનાનો આકાર અંગ્રેજોને પોતાની ભૂમિ પરથી હાંકી કાઢીને અને પોતાની ભૂમિને અમેરિકા નામનો એક સંયુક્ત રાષ્ટ્ર બનાવીને અમેરિકાની સ્વાતંત્ર્ય હિલચાલે દઇ દીધો હતો.

આત્મનિર્ણયની હિલચાલની રૂપરેખા :-
ઉત્તર અમેરિકામાં હાયટી

આત્મનિર્ણયનો આકાર શરૂઆતમાં આપણી દુનિયાના દૂરના પ્રદેશમાં ફ્રાન્સ્ક્રાન્તિએ ઉપજાવેલી હિલચાલનો આકાર બનીને દક્ષિણ અમેરિકા તરફ દેખાયો. આ પ્રદેશ પર સ્પેઇનનાં સંસ્થાનો હતાં, પણ પછી ફ્રેન્ચ ક્રાન્તિની અસર ત્યાં પણ પહોંચી અને નેપોલિયનનાં યુધ્ધોના માર નીચે સ્પેનિશ સોમ્રાજ્યનું કમઠાણ હચમચી ઊઠ્યું. દક્ષિણ અમેરિકા તરફનાં પ્રદેશના એક વખતના સ્પેઇનનાં સંસ્થાનો સ્પેઇનની ગુલામીમાંથી છૂટવા માંડ્યાં. આ સંસ્થાનોને ગુલામ બનાવનાર સ્પેનિશ શહેનશાહ ફ્રેન્ચ શહેનશાહ સાથેના યુધ્ધમાં પરાજય પામ્યો હતો, અને ફ્રેંચ શહેનશાહે તેને કેદી બનાવ્યો હતો. આ સમયે દક્ષિણ અમેરિકાના હાયટી નામના સ્પેનિશ સંસ્થાને સ્પેનિશ હકુમતમાંથી પોતાનો છૂટકારો જાહેર કર્યો અને સાથે સાથે ફ્રાન્સના જોસેફ બોનાપાર્ટની હકૂમત માનવાની પણ ના પાડી દીધી. આ સંસ્થાન-દ્વીપનું જૂનું નામ ઇસ્પાગનોલા હતું. ઈ. સ. ૧૭૯૧ના ફ્રેંચ ક્રાંતિના વર્ષમાં આ ટાપુ ઉપર પણ સમાન અને બાંધવતાનું એક મોટું સંમેલન ભરાયું હતું તથા ફ્રેંચ ક્રાંતિના ગોરા આગેવાનોએ આ કાળા બાંધવોની સાથે સમાન બાંધવાતાનો સ્વીકાર કરવા પેરિસથી એક પ્રતિનીધી મંડળ પણ મોકલ્યું હતું. હાયટીના આ રાષ્ટ્રિય સંમેલને પોતાના દ્વિપ રાષ્ટ્રને એકતાની અને આત્મ



નિર્ણયના અધિકારની જાહેરાત તૂસાં નામના પોતાના રાષ્ટ્ર આગેવાનની રાહબરી નીચે કરી. ક્રાંતિને છેહ દેનાર નેપોલિયને પોતાના લેકલેર્ક નામના સાળાને સેનાપતિ બનાવીને આ દ્વિપને પોતાનું સંસ્થાન બનાવવા માટે તેના પર ચઢાઈ કરવા મોકલ્યો હતો. પણ લોક સેનાપતિ તુસાંએ પેલા વિશ્વવિ-જેતાની નૌકા સેનાઓને પડકારી તથા પરાજય આપ્યો. પછી નેપોલિયનની ફ્રેંચ શહેનશાહતે હાયટીના આત્મ નિર્ણયનો અધિકાર કબૂલ કર્યો, તથા તૂસાંને પેરિસ આવવનું આમંત્રણ આપ્યું. તૂસાં પેરિસ પહોંચ્યો, પરંતુ

આ મહાન રાષ્ટ્ર નેતા ફ્રેંચધરતી પર પગ મૂકે તે પહેલાં જ જહાજમાંથી જ તેને શહેનશાહતનો કેદી બનાવી દઈ ને તેને પછી ફ્રેંચ કારાગારમાં જકડી દેવામાં આવ્યો. નેપોલિયનની સરકારે હાયટીની આઝાદીના આ મહાન નેતાનું પોતાના કારાગારમાં મરણ નિપજાવ્યું. છતાં હાયટીની કાળી માનવતાએ સમાનતાના નામમાં ફ્રેંચ શહેનશાહતને પડકારી. હાયટીની નિગ્રો માનવતાએ પોતાનું સ્વતંત્ર રિપબ્લીક સ્થાપ્યું ત્યારે ૧૯મો સૈકો આરંભ પામતો હતો.

હાયટી પછી વેનેઝુએલા

વેનેઝુએલા પણ સ્પેઇનનુંજ સંસ્થાન હતું. એણે પણ ઈ.સ. ૧૮૧૧માં વેનેઝુએલાના કારાકાસ નામના પ્રદેશના વતની સાયમન બોલિવરની આગેવાની નીચે માથું ઉંચકયું. સાયમન બોલિવર વેનેઝુએલાના આત્મનિર્ણયના અધિકારનો રાષ્ટ્ર આગેવાન બન્યો. એણે આઝાદીના રક્ષણનું સેનાપતિપદ સ્વિકાર્યું અને સ્પેઇન સામે સંગ્રામ શરૂ કર્યો. સ્પેઇ ને બોલિવરનો પરાજય કરવા માટે અને વેનેઝુએલાને ગુલામ રાખવા માટે "હોલી એલાયન્સ" ની મદદ માગી પરંતુ દ્રવ્ય સાથેની હરિફાઈમાં વેપારી કારણોને લીધે ઇગ્લેંડ સ્પેઇનને



મદદ આપવાની ના પાડી. તે સમયે અમેરિકાનાં સંયુકત સંસ્થાનોનો પ્રમુખ મનરો નામનો હતો. ઈ. સ. ૧૮૨૩ ના ડીસેંબરની ૨જી તારીખે મનરોએ અમેરિકન કોંગ્રેસ સામે ભાષણ કર્યું અને એક સિદ્ધાંત રજૂ કર્યો કે :

જો યુરોપની કોઈ પણ સત્તાઓ પોતાના શાસનનો અધિકાર ઉત્તર કે દક્ષિણ અમેરિકાની આસપાસ સ્થાપવા મથશે તો અમેરિકન સરકાર એવા કોઇ પણ પગલાંને અમેરિકાની શાંતિ અને સલામતીને જોખમમાં મૂકનારૂં તથા યુનાઇટેડ સ્ટેટસ તરફ દુશ્મનાવટ ભર્યું ગણશે. આ સિદ્ધાંતનું નામપણ મનરો ડોકટ્રીન પડયું. આથી યુરોપની પ્રતિક્રાંતિનો આગેવાન મેટરનીક ગભરાયો. સ્પેનીશ હકુમત સામે લડતાં લડતાં સાયમન બોલિવર પરાજય પામ્યો અને તેને ભાગી જવાની ફરજ પડી. પરંતુ વેનેઝુએલાએ પોતાના આત્મ નિર્ણયનો અધિકાર સાબીત કર્યો અને આઝાદીની જાહેરાત કરી ત્યારે ૧૯ મા સૈકાનો પહેલો દશકો પુરો થયો હતો.

રશિયા અને બાલ્કન

આજ અરસામાં રશિયાના ઝાર એલેકઝાંડરનું ખૂન થયું, અને આ મોત સાથે જ યુરોપની પ્રતિક્રાંતિજોગ રશિયાથી પણ માઠા સમાચાર આવ્યા.

એલેકઝાંડરનું મૉત એ સેંટ પીટર્સબર્ગમાં ફાટી નિકળવાના બળવાના ઈસારા જેવું હતું. લોકોનો આ બળવો 'ડીસેમ્બરીસ્ટ' ના નામથી ઓળખાયો કારણકે તે ડીસેમ્બર મહિનામાં થયો. લોકોનો આ બળવો જવાબદાર રાજ્યતંત્ર મેળવવા માટેનો અને રશિયન શહેનશાહતની આપખૂદીને ખતમ કરવા માટેનો હતો. આ બળવાને દાબી દેવા પ્રતિક્રાન્તિની હોલિ એલાયન્સના આગેવાન મેટરનીકે મદદ કરી અને અનેક દેશભક્તોને ફાંસીએ લટકાવીને તથા લોકોને આપવાના સુધારાની જાહેરાત કરીને આરશિયન હિલચાલને દબાવી દેવામાં આવી. પરન્તુ તરત જ પશ્ચિમ યુરોપના ઉંબરા જેવો યુરોપનો બાલ્કન નામનો પશ્ચિમ દરવાજે નવી જાગ્રતિથી ખખડી ઉઠ્યો. આ પ્રદેશમાંના, મોલ્ડેવિઆએ બળવાની શરૂઆત કરી. આ મોલ્ડેવિયાનો બાલ્કન પ્રદેશ પ્રાચીન રોમન સામ્રાજ્યનો ઇ. સ. ના ત્રીજા સૈકામાં ડેસિયા નામનો એક ઇલાકો હતો. ત્યારપછીથી આ પ્રદેશની આઝાદી ખોવાઇ ગઇ હતી અને જાણે મહાસાગરમાં આ આખો પ્રદેશ ડૂબી ગયો હોય તેમ તેની ભાષા પણ રોમન બની ગઈ હતી, તથા લોકો પોતાના મોલ્ડેવિયા નામને રૂમાનિયાના નામથી ઓળખતા થઈ ગયા હતા. આ રૂમાનીયા નામનો પ્રદેશ હવે તુર્ક શહેનશાહનો ગુલામ બન્યો હતો. આ રૂમાનીયાએ ઇ. સ. ૧૮૨૧માં માથું ઉંચકયું. આવી હિલચાલથી વિરૂદ્ધ છતાં જે કોઇ સત્તા પોતાના પ્રતિસ્પર્ધિ એવા તુર્કસ્તાન સામે લડે તેને મદદ આપવાની રાજનીતિ રશિયાની હતી. પરંતુ રશિયા પણ "હોલિ એલાયન્સનું" સભ્ય હોવાથી રશિયાના ઝારે આઝાદી માટે લડતી રૂમાનિયન પ્રજાને મદદ કરી નહિં. તેથી રૂમાનિયન પ્રજાના રાષ્ટ્ર આગેવાન સિલાંટીને પરાજય પામીને ઓસ્ટ્રિયા તરફ ભાગી જવાની ફરજ પડી. ત્યાં ક્રાન્તિ વિરોધી એવો ઓસ્ટ્રિયાનો શહેનશાહ પણ હોલિ એલાયન્સનો સભ્ય હતો. એટલે સિલાંટીને ઓસ્ટ્રીયાના મહારાજા વતી મેટરનીકે પોતાના કારાગારમાં પૂરી દીધો અને તે કારાગારમાં જ મરણ પામ્યો.

ગ્રીસની સ્વાતંત્ર્ય હિલચાલ

ઈ. સનની એ ૧૮૨૧ની સાલમાંજ બાલ્કન પ્રદેશ ગ્રીસે પણ પોતાની આઝાદીનો ઝંડો ફરકાવ્યો, તથા તુર્ક શહેનશાહતની તુર્ક ટૂકડીઓએ પીછે હઠ કરી. ગ્રીકોએ મદદ માટે યુરોપનાં રાજ્યોને અપીલ કરી, પણ મેટરનીકે તેમને મદદ કરવાની ના પાડી, તથા જણાવ્યું કે અમારે ગ્રીસે સળગાવેલા બળવાના અગ્નિ વડે આખી યુરોપિય સંસ્કૃતિને આગ ચાંપવી નથી. એકલા પડી ગયેલા ગ્રીક દેશભક્તો પાછા હઠ્યા, તથા તેમની કતલ થતી મેટરનીકે શાંતિથી જોયા કરી. ઇંગ્લેન્ડે પણ ગ્રીક દેશભક્તોની કતલ શાંતિથી દેખ્યા કરી પરંતુ ૧૮૨૪

ના યાદગાર વર્ષમાં અંગ્રેજી સમાજનો આગેવાન લોર્ડ બાયરન પોતાની કવિતાની પાંખ સંકેલી લઈને ગ્રીક આઝાદીની લડત માટે ખપી જવા એક નાહના સરખા જહાજને લઈને હંકારી ગયો. ત્રણ મહિના પછી યુરોપના આ લાડીલા કવિના સમાચાર સંભળાયા કે લોર્ડ બાયરન ગ્રીક આઝાદીના છેલ્લા મથક મિસોલોંઘીના રણમેદાન પર મરેલો પડ્યો છે. એના મૃત્યુએ યુરોપની કલ્પનાને ઉત્તેજી. એકેએક દેશમાં ગ્રીક આઝાદીને મદદ કરનારા મંડળોની રચના કરવામાં આવી. ભૂખે મરતા ગ્રીક દેશભક્તો માટે સ્વયંસેવકો અને સામાન મિસોલોંઘી તરફ વહેવા લાગ્યા. રશિયા, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સના લોકોએ ગ્રીક આઝાદીને મદદ મોકલવા માટે પોતાની સરકારોને અપીલ કરી. ૨૦ મી તારીખે આ ત્રણે પ્રજાઓના સ્વયંસેવકો સાથે સ્વયંસેવક જહાજોએ તૂર્ક કાફલા ઉપર હલ્લો કર્યો અને તેનો નાશ કર્યો. ઈ. સ. ૧૮૨૯ માં ગ્રીસ આઝાદ રાજ્ય બન્યું.

ફ્રાન્સની બીજી રાજ્યક્રાન્તિ

પરંતુ એજ સમયે યુરોપનાં રજવાડાંઓએ રચેલી "હોલિ એલાયન્સ" ના રાજકારભાર નીચે યુરોપનાં બીજાં રાજ્યોમાં ક્રાંતિના નામ સામે બેસુમાર સિતમ વરસતો હતો. હોલિએલાયન્સના આવા જાલિમ કારભારનો આગેવાન હજુ પણ યુરોપમાં ઓસ્ટ્રીયન સરકારનો મેટરનિક હતો. ઈ. સ. ૧૮૩૦ ના જુલાઇની ૨૭મી એ ફ્રેન્ચ ક્રાન્તિનો કુકડો પાછો બોલી ઉઠ્યો. પેરિસનગર પર ક્રાન્તિનો રંગ છવાઈ ગયો. ફ્રેન્ચ ક્રાન્તિને લોહિમાં ડૂબાડી દઈને પેરિસમાં ઓસ્ટ્રીયાની આગેવાની નીચે હોલીએલાયન્સે બેસાડેલા શહેનશાહની સામે પેરીસનું લોક કટક ચઢ્યું. ફ્રાન્સનો શહેનશાહ વધ પામતા પહેલાં આ સમયે દોડી જઈને ઈંગ્લેન્ડ તરફ હંકારી ગયો. ફ્રાન્સની બૂર્બન શહેનશાહતનો અંત આવ્યો

ફ્રાન્સમાંથી ઈટાલીમાં

ફ્રાન્સમાંથી ઉડતા ક્રાન્તિના તણખા ફ્રાન્સની સરહદને ઓળંગી ગયા. ઓગસ્ટની ૨૫મી તારીખે ડચ રાજાશાહી સામે બ્રુસેલ્સમાં બળવો થયો.

ઈટાલીમાં પણ આત્મનિર્ણયની હિલચાલ સળવળી ઉઠી. પરંતુ ઓસ્ટ્રિયામાં બેઠેલી યુરોપની ક્રાન્તિવિરોધી હકુમતનો આગેવાન મેટરનીક ઈટાલીના રજવાડાની મદદે ધસી આવ્યો અને તરત જ તેણે ઈટાલીમાં શાંતી જમાવી દીધી. ઈટાલીએ ઓસ્ટ્રિયન હકુમતને ફેંકી દેવાની હિલચાલ ચાલુ રાખી. ઇટાલીને એક અને આત્મનિર્ણયવાળું આઝાદ રાજ્ય બનાવનારા દેશભક્તોનાં નામમાં મેઝીની ઈટાલીના આત્મનિર્ણયની વાચા બન્યો તથા ગેરીબાલ્ડી અને તેના લાલ ખમીસવાળા સૈનિકો ઈટાલીના તારણહાર બન્યા.

પણ આ લડતમાં ઇટાલીને રાજા વિનાનું સ્વરાજ્ય બનાવવાની મેઝીની અને ગેરીબાલ્ડીની નીતિ સફળ થઈ નહીં. જર્મનીના બીસમાર્ક જેવી નિતિને અપનાવનાર એક કેવુર નામનો આગેવાન સારડીનીયા નામના ઇટાલીયન પ્રાંતના રાજાને આખા ઇટાલીનો શહેનશાહ બનવા લલચાવી શક્યો, તથા આઝાદ બનેલા ઇટાલી પર રજવાડી હકુમત ગોઠવાઇ ગઈ.

યુરોપની હિલચાલમાં જર્મનીનો સવાલ

જર્મનીમાં ૧૮૪૭ની સાલમાં શરૂ થયેલી હિલચાલે રાષ્ટ્રિય જવાબદારીવાળા રાજ્યતંત્રની ઘોષણા કરી. જવાબદાર રાજ્યતંત્રની લડતે બેવેરિયામાં શરૂઆત કરી, તથા બેવેરિયાના રાજાને ભગાડી મૂકવામાં આવ્યો. પછી પ્રશીયાએ માથું ઉચકયું, તથા તેનાં બજારોમાં રાજા અને લોકો વચ્ચે લડાઇ ચાલી. પોતાના અમલદારોનાં મડદાંઓની વચ્ચે ઉભેલા પ્રશીયન રાજાએ ખુલ્લે માથે પ્રશીયન જવાબદાર રાજ્યતંત્રનો સ્વીકાર કર્યો, તથા પહેલી જર્મન લોકસભા ઇ. સ. ૧૮૪૯ના માર્ચ મહિનામાં ફ્રેંકફોર્ટમાં બોલાવવામાં આવી. સંયુક્ત જર્મનિના ૫૫૦ પ્રતિનીધિઓએ ફ્રાન્સીસ જોસેફની શહેનશાહત નીચેના જવાબદાર રાજ્યતંત્રનો આરંભ કર્યો. ત્યારે યુરોપની ક્રાન્તિઓને રોકી પાડવાની આગેવાની કરતા ઓસ્ટ્રીયન શહેનશાહ તથા મેટરનીકે ફ્રાંન્સીસ જોસેફે દીધેલા, જવાબદાર રાજ્યતંત્રને આરંભમાંથી જ દફનાવી દેવા ઑસ્ટ્રીયન લશ્કરોની હરોળોને પ્રશિયા પર ખડી કરી દીધી. હેપ્સબર્ગની આ ઓસ્ટ્રીયન શહેનશાહતની હકુમતે ફ્રાંસીના માંચડા સંયુક્ત જર્મની પર રોપી દીધા. ઑસ્ટ્રિયામાં બેઠેલી સંયુક્ત જર્મનીની આ હકુમતે આખા યુરોપ પર ક્રાંતિની હિલચાલને દફનાવી દેવાનો દિલાસો લીધો. ઑસ્ટ્રીયન શહેનશાહતે ફ્રેંકફોર્ટની પાર્લામેન્ટને બરખાસ્ત કરી તથા જૂની પુરાણી "જર્મન કોન્ફીડરેશન" નો રાજવહિવટ શરૂ કર્યો. એણે ફ્રેંકફોર્ટમાં જ સંયુક્ત જરમનીના નામમાં નવી 'ડાયટ' ની બેઠક બોલાવી. ફ્રેંકફોર્ટની આ પાર્લામેન્ટના પ્રતિનિધિઓમાં પ્રશિયાનો એક જુવાન જમીનદાર બીસમાર્ક નામનો આવ્યો હતો. આ બીસમાર્ક અથવા ઓટોફોન બીસમાર્ક –સ્કેાનહોસેન, ૧૮૧૫ના એપ્રિલના પહેલા દિવસે જનમ્યો હતો, અને એણે પ્રશિયન ડાયટમાં પોતાની રાજકીય કારકીર્દિ શરૂ કરી હતી. આ કારકીર્દિનું એનું મૂખ્ય લક્ષણ જવાબદાર રાજતંત્રવાળા ફ્રેંકફોર્ટના બંધારણનો વિરોધ કરવાનું તથા જુની રજવાડાશાહીનો બચાવ કરવાનું હતું. પોતાનું આ રાજકીય વર્તન એણે બીલકુલ ખૂલ્લી અને સ્પષ્ટરીતે જાહેર કરીને ક્રાન્તિ વિરોધી જંકરનું ઉપનામ મેળવ્યું હતું. હવે પ્રશિયાની પ્રતિક્રાન્તિ માટે, પોતાના આ વલણથી પ્રશિયાના રાજકર્તાનું દિલ જીતી લેતાં એને વાર લાગી નહી તથા પ્રશિયાના

રાજ્યકર્તાઓએ એનો પાર્લામેન્ટની ચર્ચાઓમાં સમય ગુમાવવાને બદલે એને પ્રથમ નંબરનો રાજકર્મચારી બનાવી દીધો. હવે એણે બોલવાને બદલે પોતાની કાર્યવાહી શરૂ કરી. યુરોપની આઝાદીની હિલચાલો પરના પ્રતિક્રાન્તિના આ પડછાયાઓ, એની પોતાની કાર્યવાહીનો મુખ્ય ભાગ જર્મન રાજ્યોના અસ્તવ્યસ્ત ઝુમખા જેવા "કૉનફીડરેશન" ને બદલે એક સંયુકત જર્મન મહારાજ્ય રચવાનો જાહેર કરી દીધો હતો. એમ થાય તો જ જર્મન રાજ્યો મહાન જર્મન રાજ્ય બની શકે અને યુરોપનાં બીજા રાજ્યોમાં સર્વોપરી થઈ શકે.

નેપોલીયન પછી બિસ્માર્ક

આવા મહાન જર્મન રાજ્યનો રાજકર્તા પ્રશિયાનોજ રાજકર્તા થઈ શકે, એમ તે માનતો. પ્રશિયાનો રાજવંશ "હોહેનઝોલર્ન" આ ચાબુકને મન જર્મન મહારાજ્યનો શહેનશાહ બનવાને લાયક હતો. આ મહાન રાજવંશના આ મહાન સપૂતે ઑસ્ટ્રીયા ના હોહેનબર્ગ રાજવંશને આવી પદવી માટે નાલાયક માન્યો હતો, તથા પ્રશિયનરાજવંશને જ લાયક માન્યો હતો. એટલા માટે બીસમાર્કનું પહેલું કામ ઑસ્ટ્રીઆને પરાસ્ત કરીને પ્રશિયામાંઉમેરી લેવાનું હતું. એણે પોતાની કાર્યવાહી આરંભી દીધી. ફ્રેંકફોર્ટ મુકામે નવી ડાયેટની બેઠકમાં પ્રશિયાના પ્રતિનિધિ તરીકે બીસ-



માર્ક આવી પહોંચ્યો. આ બીસમાર્કને મન પ્રશિયન સ્ટેટ એટલે પ્રશિયન શહેનશાહત હતી. આ ઉપરાંત કોઈ પ્રજા કે લોકો જેવી ચીજનું કોઇ સ્વતંત્ર અસ્તિત્વજ એ સ્વીકારતો નહોતો. એણે જર્મનીને મહાન જર્મની ઘડવાની આરંભેલી લડાઈમાં ઉદાર-મતવાદીઓને તો હરાવી દીધા હતા પરન્તુ પ્રશિયામાં ઓસ્ટ્રીયાને ભેળવી દેવાનું કાર્ય ચર્ચાથી પતે તેવું નહોતું એટલે રાજકારણના હથિયાર ધારણ કરેલા સ્વરૂપ તરીકે એણે પ્રશિયન લશ્કરને વિશાળ બનાવી દીધું અને બીજી બાજુથી એણે જર્મન દેશને મહાન અને સંયુક્ત બનાવવાનો દેશભક્તિથી તરવરતો પ્રચાર આરંભી દીધો.

બીસ્માર્કનું મહાન જરમની

બીસ્માર્કે મહાન જર્મનીની રચના કરવાનું કામ ઉત્તરના જર્મન પ્રાંતો પર ચઢાઈ કરીને આરંભી દીધું. આ જર્મન પ્રાંતો, મધ્ય યુગથી ડેનમાર્કની હકુમત નીચે હતા. આ ઉત્તર જર્મનીના પ્રાંતોને મુક્ત કરવાની ચઢાઇ એકલું પ્રશિયા કરે તે ઠીક નહી લાગવાથી કોન્ફીડેરેશનનું પ્રમુખ ઓસ્ટ્રિયા પણ પ્રશિયાના સાથમાં જોડાયું. ડેનીશ હકુમતી સરહદો ઓળંગાઈ અને ડેનીશ લશ્કરો પાછાં હટયાં. એમ પહેલું પગલું લેવાયું અને બીસ્માર્કે બીજો કદમ તરત જ ઊઠાવ્યો. આ બીજો કદમ ઉત્તર પ્રાંતોની હકુમતની વહેંચણીનો હતો. આ પ્રાંતો, ઓસ્ટ્રિયા અને પ્રાશયાએ બન્નેએ સાથે જીત્યા હતા. એટલે આ લુંટની વહેંચણી કરવામાં બિસ્માર્કે ઓસ્ટ્રિયા સાથે કજીઓ ઉભો કરીને મહાન જરમની રચવાનું બીજું પગલું ભર્યું. આ બીજા પગલામાં ઓસ્ટ્રિયા ભરાઇ પડયું. બીસ્માર્કે બોહેમીયા પર ચઢાઇ કરી અને છ અઠવાડિયામાં ઓસ્ટ્રિયન લશ્કરો સંહાર પામીને પાછા હટયાં. હવે વિએના નગર પર કૂચ કરવાનો માર્ગ ખૂલ્લો થઇ ગયો. પછી બીસ્માર્કે વિએનાનગર પર ચઢવાને બદલે ઓસ્ટ્રિયાની હેપ્સબર્ગ શહેનશાહતને સલાહની શરત મોકલી કે, જર્મન રાજ્યોની કોનફીડેરેશનનું પ્રમુખપદ તેણે ત્યાગ કરવુ.

પછી બીસ્માર્કે તરત જ ત્રીજો કદમ ઉપાડયો. જે જરમન રાજ્યોએ ઓસ્ટ્રિયાનો પક્ષ લીધો હતો તેને એણે ખાલસા કરી નાખીને પ્રશિયામાં પરોવી દીધાં અને ઉત્તર જર્મન મહારાજ્યના મંડળની રચના પ્રશિયાની હકુમત નીચે કરી.

ઓસ્ટ્રીયાની આગેવાનીવાળું જુનું જર્મન કોનફીડેરેશન આ રીતે અંત પામ્યું અને જવાબદાર રાજતંત્ર અને લોકશાહીનો પણ નાશ થયા.

ઓસ્ટ્રીયાની મેટરનીકની ક્રાંતિ વિરોધી આગેવાનીની સાથે જ બીસ્માર્કે મહાન જરમનીની રચના કરવાની સામ્રાજ્યવાદી આગેવાની પણ લઈ લીધી. બીસ્માર્કે જર્મન એકતાનું અથવા પ્રશિયાની રાહબરી નીચે મહાન જરમની ઘડવાનું કામ લશ્કરી ઝડપથી શરૂ કર્યું. તે ઝડપને જોતાં યુરોપનાં રાજ્યો તાજુબ થયાં અને ભયાભંત બની ગયાં.

[યુરોપીય જીવનનાં નવાં સ્વરૂપો—૧૯મા સૈકાની રોમેન્ટિક કવિતા—આઝાદીના યુગવેગ જેવું કવન—વાસ્તવયુગનું કલાવિધાન ગોયા, ડીલાક્રોય અને ડામીઅર-લોકશ્રોતાવાળું નૂતન સંગીત, વરડી-જીવન વિજ્ઞાનનો નૂતન પ્રકાશ, ડારવીન-જીવાણુની દુનિયાનો શોધક પેસચર-૧૯ મા સૈકાની ઇતિહાસદ્રષ્ટિ, વોલતેર, રૂસો, દિદેરો—વોલતેર યુગનો સાથી, દિદેરો-રોમેન્ટી સીઝમનો તત્વચિંતક, હેગલ-વિશ્વના ઇતિહાસની વિજ્ઞાન દ્રષ્ટિ, માર્કસ-જીવન વહિવટના સામાજિક સવાલો-જીવન ઈતિહાસનું નવું સાહિત્યરૂપ]

વિએનાની કોંગ્રેસમાં બેઠેલું પછાત યુરોપ અને જીવનનાં નવાં સ્વરૂપો

૧૯ મા સૈકાને જૂના જગતના અંતવાળો અને નવા જગતમા નવા માનવજીવનના આરંભવાળો ઇતિહાસ સમય કહી શકાય. વિશ્વઈતિહાસના આ સમ-



યને આપણે યુરોપની જ દુનિયામાં દેખવાનો પ્રયત્ન કરવો જોઈએ. આખીયે માનવજાતનો ઇતિહાસનો કાંટો ઓગણીસમા સૈકાના રોપ યુખંડ પર ફરવા લાગ્યો હોય તેવું રૂપ યુરોપના આ ઇતિહાસના સમયમાં આપણને દેખવા મળે છે. આ સમય તે છે, કે જ્યારે ફ્રેંચક્રાન્તિનો બનાવ બની ગયો હતો અને યુરોપનાં રજવાડાં, પોતાની ખોવાઈ ગએલી જાતને જાણે એકઠી કરવા વિએનાની કોંગ્રેસમાં તેને " હોલીએલાયન્સ "નું નામ આપીને ભેગાં મળ્યાં હતાં. ફ્રેન્ચક્રાંતિના ઝંઝાવાતમાં એમનાં સિંહાસનો હચમચી ઉઠ્યાં હતાં. એમના માથા પરના મુગટ આ તોફાનમાં જ ઉડી જવા માડચા હતા, તથા એમના હાથમાં રાજદંડ હતો ખરો પણ તે દેખાવ પૂરતો જ હતો.

જૂના જગતનો આ રાજશાહી નામનો જૂનો અધિકાર ત્યારે વિએનામાં ભેગો થયો હતો. પ્રાચીન એશિયામાં આ અધિકારનાં ચક્રવર્તિરૂપો જન્મ્યાં હતાં અને રોકાઓ સુધી પ્રાચીન ધરતીપર પોતાનો અધિકાર જમાવી ગયાં હતાં. આ અધિકારનું રૂપ ઈશ્વરી સ્વરૂપ સુધી પહોંચ્યું હતું. પ્રાચીન જમાનાથી શરૂ થએલો આ દિવ્ય અથવા ઈશ્વરી અધિકાર જે હજુ ગઈ કાલ સુધી, એશિયાના દેશોમાં કાયમ રહ્યો હતો તથા ભારતમાં તો આજે પણ જે મંદિરોમાં બેસી ગયો છે તે દેવતાઈ અથવા ઈશ્વરી અધિકાર યુરોપપર એક જ રાતનું શાસન કરીને હચમચી ઉઠ્યો હતો અને વિએનાની, "હોલીએલાયન્સ"ની રચના કરવા માંડ્યો હતો. આ રચના રચી શકાવાની નથીજ એવું તેમને પણ ૧૯ રોકામાં જ લાગી ગયું હતું કારણ કે એ રોકાએજ લોકવિકાસની આગે કૂચની નક્કર હકીકતો પણ પૂરી પાડી હતી. એટલે જ વીતીજતા જમાનાની રજવાડી મહારાજાઓની હોલીએલાયન્સનું ડાયરા જેવું વિએનાની કોંગ્રેસનું રૂપ સિંહાસનો અને દરબારોના દમદમાવાળું હતું તથા રાજવંશી યશગાથાઓ વડે ઓપતું હતું. ત્યારના સૌન્દર્યની રાજન્યોની સૌરભ અહીં આંજી નાખે તેવી હતી. અહીં બે મોટા શહેનશાહો અને ચાર મહારાજાઓના રસાલા ઉતર્યા હતા. અહીં રશિયાનો ઝાર સૌવતી પ્રેમ કરતો હતો. પ્રશિયાનો મહારાજા બધા તરફથી વિચાર કરવાનું કામ કરતો હતો. ડેનમાર્કનો મહારાજા સૌના બદલામાં ભાષણ કરતો હતો અને બાવેરીયાનો મહારાજા સૌનાવતી પીતો હતો, તથા વુર્ટેનબર્ગનો રાજવી સૌવતી ભોજન કરતો હતો અને ઓસ્ટ્રીયાનો મહારાજા બધાને માટે લખલૂટ ખર્ચ કરતો હતો.

પણ જુના જગત ના આ સંમેલનમાં પરસ્પરના સામ્રાજ્યવાદી કલહના નવા સવાલો પણ ઘુસી ગયા હતા. જ્યાં આ સવાલો આવતા હતા ત્યાં આ જીવનરૂપ રૂદ્ર ભાવ ધારણ કરતું હતું. પોલેન્ડ પર રૂસી શહેનશાહે પોતાનું

સામ્રાજ્ય જમાવી દીધું હતું. જ્યાં પોલેન્ડને વહેંચી ખાવાનો સવાલ ઊભો થતો હતો ત્યાં, "પોલેન્ડ આખો મારો એકલાનો જ છે" એમ કહીને રૂસી ઝાર દ્વંદ્વ યુદ્ધ માટે તૈયાર થતો, મેટરનીક પર આગ વરસાવતો કહેતો હતો, "મેં અઢીલાખ માનવોને યુદ્ધમાં પોઢીને એ જીત્યો છે." આ બધી મંડળી આવાં અવનવાં રૂપ ધર્યા કરતી અને ચર્ચાઓ કરતી હતી. તે પહેલાંજ પેલા નેપોલીયને એલ્બામાંથી પાછા ફરીને જ્યારે આ રંગમંડળના રંગરાગમાં ભંગ પાડી દીધો હતો, ત્યારે સો મહારાજાઓમાં પોતે પણ શહેનશાહ બની ચૂક્યો ત્યારથી જ પોતાના અસ્ત પછી એકઠા મળવાના આ મહારાજાઓને, સામ્રાજ્યવાદી સ્વરૂપ રચતા યુરોપના એકેએક રાજ્યના સ્વરૂપમાં અંદર અંદરનો કેવો કલહ જાગી ઉઠવાનો છે તેની આગાહી આપી દીધી હતી.

પરન્તુ નેપોલિયનના આ બનાવની પહેલાં બની ગયેલો ફ્રેંચ ક્રાંતિ નામનો બનાવ પણ વિશ્વના ઇતિહાસના તખ્તા પર ૧૯ મા સૈકા માટે પોતાના અક્ષરો કોતરી ચૂક્યો હતો. સામ્રાજ્યવાદ તરફ ધસતાં યુરોપી રાજ્યો, આ ક્રાંતિના ઉંબરા પર પગ ઠેકવીને જ આગળ વધતાં હતાં. સામ્રાજ્યવાદી બનતી યુરોપની આ સરકારોને જ ફ્રેંચ ક્રાંતિએ છૂટાં મૂકેલાં વિશ્વ ઇતિહાસના પાત્રો બની ચૂકેલાં નવાં પરિબળો પણ પોતાની હસ્તીને ધ્યાનમાં લેવાનો અનુરોધ કરતાં હતાં. આ નવાં પરિબળોમાં વિજ્ઞાનનું પરિબળ અને યંત્ર ઉદ્યોગનું પરિબળ લોક સમુદાયની કાયા પલટમાં દેખાતું હતું. વિશ્વના ઇતિહાસનાં આ નવાં અધિકાર સ્વરૂપો હતાં. આ સ્વરૂપો, રોજ બરોજના જીવનની એરણ જ્યાં રોજબરોજના વાસ્તવ વ્યવહારના ઘણ વડે જીવનની ઘટના ઘડે છે તેમાંથી ઘડાયાં હતાં. આ ઇતિહાસનાં પાત્રો, સમાજના રોજનાં ધંધાદારીઓ હતાં. લોકશાહીની સમાનતા ઘડવાનો ઐતિહાસિક ક્રિયા વિભાગ, વિશ્વ ઇતિહાસમાં એમને એનાયત થયો હતો તથા લીબર્ટી અને ફ્રેટરનીટી નામની બે સામાજિક ક્રિયા પદ્ધતિઓ વડે નિયુક્ત એવા સમાન માનવ ભાવની આ સૌ રચના કરવાનાં હતાં. આ લોક અથવા 'ડેમોસ' શાસન કાર્ય સંભાળવાનાં હતાં. આ શાસનરૂપનું નામ લોકશાહી હતું.

૧૯ મા સૈકાનું કવિતાનું રોમાન્ટિક રૂપ

દરેક યુગનું ઇતિહાસ જીવન માનવ જાતની તે તે સમયની કવિતા પણ છે. ઇતિહાસનું લેખન નિબંધોમાં લખવાની માનવ જાતને ટેવ છે ખરી પરન્તુ ઇતિહાસની ગિરા, કવિતામાં પણ પોતાના જીવનને આલેખે છે. આવું આલેખન ઘણીવાર રૂપકોવાળું, વ્યક્તિગત રંગવાળું, અને તરંગમાં ઉડતું હોય છે ખરૂં પરન્તુ માનવીના દિલની અંતરવ્યથા અને અંતરનો આલ્હાદ તેમાં સીધો

ઊતરતો હોવાથી તે સ્વાભાવિક વધારે હોય છે. એટલે જ પ્રાચીન સમયની રામાયણ અને મહાભારતની કવિતાઓ અને ઇલીયડની કવિતાઓ, ઇતિહાસ ગ્રન્થો છે એમ પણ કહી શકાય. મધ્ય યુગનાં વીરગીત કથા કાવ્યોમાં પણ આપણે ઇતિહાસને ઉકેલી શકીએ છીએ. એજ રીતે ૧૯ મા સૈકામાં ઓતપ્રોત બનેલી યુરોપની વાણિજ્ય નીતિએ એ જમાનાની કવિતા પર પોતાની અસર જમાવી હોય છે છતાં, કવિતાના કલેવરમાં ધારણ થતું માનવ જાતનું ઇતિહાસ-રૂપ પણ તેમાં હોય છે જ.

૧૯ મા સૈકાની, કવિતાના આ ઇતિહાસ રૂપને આપણે રોમેન્ટીસીઝમ નું નામ આપી શકીએ. જેવી રીતે ઉત્થાન યુગનો જન્મ ઈટાલીમાં થયો હતો, તથા "રેફરમેશનનો જર્મનીમાં થયો હતો તે પ્રમાણે રોમેન્ટીસીઝમનો જન્મ ફ્રાન્સમાં થઇ ચૂક્યો હતો.

પરન્તુ કવિતાના કવનપર રોમાન્ટિક એટલે જુની 'કલાસીક' નહીં, પણ નવા રૂપવાળી કવિતા (રોમાન્ટીક કવિતા) અંગ્રેજી જમાનામાં યુરોપની નૂતન કવિતા બનીને જાગ્રત થઈ ગઈ. આ કવિતામાં નવાં રૂપોમાં ભરેલો નવો પદાર્થ અથવા કવિતાનો નવો વિષય દાખલ થયો. આ નવો વિષય ફ્રેંચ ક્રાન્તિએ ઇતિહાસની વ્યાસપીઠ પર આણ્યો હતો. આ નવો વિષય જીવન વ્યવહારના એકએક વિભાગનો વિષય બનવા માંડ્યો હતો. આ નવો વિષય, 'ઉમોસ' અથવા જનતા નામનો હતો તથા આ વિષય ત્યારની કવિતાના દર્પણમાં પણ દેહ ધરીને દેખાતો હતો. આ નવા જમાનાની નવી કવિતાનું રૂપ વર્ડઝવર્થ નામના કુદરતના કવિનાં કવનોમાં પણ, કવિતાનાં નૂતન સ્વરૂપોમાં ખીલી ઉઠ્યું હતું. શાળાઓમાં શિખવાયેલી "સેાલીટરી રીપર" નામની કવિતાની છેલ્લી કડીઓમાં માનવ જીવનની ઉચ્ચ લાગણીનાં સામાજિક સ્પન્દનો ભરીને આ કવિ, ફ્રેંચક્રાન્તિએ જગાડેલી' ફ્રેટરનીટીના રૂપને અહીં જનતા તરફના અભિનવ ભાવથી ઊભરાવી દેતો હતો. આવી એક નહીં પણ અનેક કવિતાઓમાં વર્ડઝવર્થની કુદરત સાથેની પ્રેમ ભાવના માનવ ભાવથી નિતરતી માલમ પડતી હતી.

આઝાદીના યુગવેગ જેવું કવન

તૂર્ક શહેનશાહતની ગુલામીમાંથી છૂટવાની લડત ગ્રીક જનતાએ ઈ. સ. ૧૮૨૧ના વસંતમાં શરૂ કરી હતી. આ લડતને ઇંગ્લેન્ડના પ્રગતિશિલોએ ટેકો દીધો, અને લડતને મદદ કરનારી એક કમિટિની રચના કરી. આ કમિટિ તરફથી ગ્રીકવિમુક્તિની મદદ માટે પહોંચી જવા સ્વયંસેવકોનું એક જહાજ તૈયાર થયું. યુરોપના મહાન કવિ બાયરને પોતાનાં કવનોમાં જે વિમુક્તિનો

ગુંજારવ ભર્યો હતો, તે વિમુક્તિના આમ્ફેટ્રૂઅ રૂપને દેખવા એણે ગ્રીસની ભૂમિપર જનારી જીવન નૌકાને હંકારી. જરમનીના મહાકવિ ગથેએ બાયરનને વિદાય દેતી કવિતા મોકલીને તેને પોતાને ત્યાં વીમરમાં આવવા આમંત્રણ મોકલ્યું. "જો જીવતો પાછો આવીશ તો પહેલી મુલાકાત વીમરની લઈશ." એવું કહીને બાયરન નીકળી પડ્યો. હરકયુલીસ નામનું આઝાદીનું જહાજ, જુલાઈની ૨૪ મીએ આયોનીયન સમુદ્રમાં સીફાલોનીયા ટાપુ પર લંગરાયું.

ગ્રીક સાગરમાં લાંગરેલા વિમુક્તિના વહાણે ગ્રીક દેશભક્તોને અંજલી દીધી અને પ્રેરણા લીધી. બાયરને આઝાદીની લડતની આગેવાની લઈને પોતાની લડાયક આવડતની સાખીતી આપી. ગ્રીક રાષ્ટ્રમાં બધાં મંડળોની એકતાનો આકાર રચીને એણે પોતાની રાજકારણી તાકાતની સાખીતી દીધી. પછી લીપાન્ટોના ટરકીશ મથક પર આઝાદીની ટુકડીઓ યુધ્ધે ચઢી. સંગ્રામની અનેક હાડમારીઓ સહન કરતો ઓગણીસમા સૈકાનો આ વિમુક્તિનો કવિ ત્યાં જ પડ્યો. એપ્રિલમાં ગ્રીક આઝાદીનું રટણ કરતા આ અંગ્રેજ મહાનુભાવે ગ્રીક ધરતી પર પોતાના અવશેષ ઢાળી દીધા. બાયરનનો નૂતન પરિચય, આખા બ્રિટનપર અને યુરોપ પર શોકની ઘેરી છાયા છાઈ દેનારો બન્યો. ત્યારે અંગ્રેજી ખડક પર અક્ષરરૂપમાં પંદર વરસનો એક કિશોર પોતાના દિલમાં થતા દર્દને કોતરતો હતો, "બાયરનનું મરણ નિપજ્યું છે અને આખું જગત મારા માટે અંધકારમય બની ગયું છે." આ શબ્દો કોતરનાર કિશોરનું નામ ટેનિસન હતું, ટેનિસન કરતાં મહાન જગતની પ્રગતિના પ્રકાશ જેવા બે દિકરાઓ ઇંગ્લેન્ડની ધરતીએ દીધા હતા. સંસ્કારના આ પ્રકાશ સ્વામીઓનાં નામ શેલી અને બાયરન હતાં. શેલી પોતાના દિલની કણિકાઓમાંથી આવતી કાલનું મૂલ્ય મઢીને બાયરન પહેલાં જ શમી ગયો હતો. પછીથી આઝાદી નામનો હિલચાલની કવિતાને પોતાની જીંદગીના શ્વાસ પ્રશ્વાસથી મઢીને આ હિલચાલનું સ્મારક રચીને બાયરન પણ ચાલ્યો ગયો હતો.

નેપોલીયને યુરોપર ઉતારેલી સંહારની છબી અને વિએનાની રજવાડી પરિષદે અખત્યાર કરેલી અંધારી છબી પર પ્રકાશનાં આ કિરણોએ, ઓગણીસમા સૈકાના ભ્રમભંગ નામના ઈતિહાસ લક્ષણને નૂતનભાનનું કવિતા રૂપ દીધું હતું. આ કવિતાના સ્વરૂપે યુરોપનો માનવતાને માનવીની વિમુક્તિનો સાચો રાહ દાખવ્યો હતો.

૧૯ મા સૈકાના વાસ્તવયુગનું કલાવિધાન

કલાનું રૂપ વિધાન પણ જીવનવાસ્તવતાની પ્રખરતાના રંગ ધારણ કરીને પિંછીની પકડને પ્રખર બનાવીને જીવન ઘટનાનાં રૂપોને મઢવા માંડ્યું. સામ-

થિયેટરોમાં, પત્રિકાઓમાં, કટાક્ષ ચિત્રોમાં પણ, પોતાનો જૂનો એકાંતવાસ છોડીને ચિત્રકલા, રૂપ નિર્માણના ઢગલા આપતી વાસ્તવ જીવનમાં આવી પહોંચી. ગોયા, ડીલાક્રોય, ડોમીઅર, જેવાં નૂતન નામો ફ્રેંચ ધરતી પર ગાજી ઉઠ્યાં. સાહિત્યની જેમ કલાકારની કલમ પણ વાસ્તવદર્શી પ્રખરતાવાળી બની ગઈ. વાસ્તવદર્શી કલાના આ સ્વરૂપલેખનમાં ગોયા એ જીવન વાસ્તવતા પર શોધક પ્રકાશ નાખ્યો અને રેમબ્રાન્ટે, તથા હુધેલે, આ શોધકપ્રકાશના રંગો અને રેખાઓ વડે, રજવાડી અને શાહીવાદી રાજ્યોની પાશવતાને પ્રકાશ નીચે મૂકી દેવા માંડી હતી. ક્ષુદ્રલોભને વરેલાં અને ધનદૌલતને જ્યાંથી ત્યાંથી ઝડપી અને હડપી લેવા દોડતાં દૌલતમંદોના, બેજવાબદાર વ્યવહાર નીચે, ખાણોમાં, બેતરોમાં અને કારખાનાંઓમાં કચંડાતાં માનવો, હવે ચિતરાવા માંડ્યાં હતાં. એશિયા અને આફ્રિકામાં બેફામ દોડતો અને આ પ્રાચીન ભૂમિઓની બાનાખરાબી કરી નાખતો તથા તેની માનવતા પર ત્રાસ, યાતનાઓ અને એકધારી સંહારક ઘટનાઓની ધાણીઓ બેસાડતો, યુરોપનો શાહીવાદ પણ, સૌંદર્યની અને સંસ્કાર મૂલ્યની રેખાઓ ચિતરતા, યુરોપના વાસ્તવદર્શી ચિતારાઓના સંસ્કારની સૂર્યલાઈટ નીચે આવવા માંડ્યો હતો.

પેરીસ તરફથી આગળ વધતા અને યુરોપની ધરતીપર ચાલતા થયેલા ઇતિહાસની આગેકૂચની હિલચાલના ધબકારા ઝીલતો માડ્રિડનગરમાં બેઠો બેઠો ગોયા નામનો ચિતારો, ચિત્રોના ઢગલા ચિતરતો હતો. ગોયા નૂતન યુગનો ચિતારો હતો.

આ ચિતારો, માડ્રિડ નગરના શહેનશાહનો, દરબારી ચિતારો બની ગયો હતો. એટલે સ્પેઈનના રાજા ચાર્લ્સ અને તેના અંતઃપુરનું ચિત્ર દોર્યા વિના પણ એનો છૂટકો હતો નહીં. રાજા ચાર્લ્સ ચોથાને તેના કુટુંબ સાથે ચિતરી નાખતો, અને પછી એ ચિત્ર તરફ દેખી રહેતો એ બબડતો હતો, "છકી ગયેલી માનવ ઔલાદને સાંપડેલું આ, જીવતરના ઊતાર જેવું રાસકલેનું માનવ ઝૂમખું અથવા ટોળકું કેવું દેખાય છે.!"

કેવો વિકરેલો આ ચિત્રકાર, પેરીસ પર ઉછળતા, માનવ સમુદાયના મિજાજથી બોલતો હતો! સ્પેઈનના રાજાએ જ એને, પ્રથમ પંક્તિના ચિત્રકારનો ઇલકાબ આપ્યો હતો છતાં, આ ચિત્રકાર સ્પેઈનના, એ જ રાજાને છેલ્લી પંક્તિનો સ્પેનીઆર્ડ કહેવાનીય ના પાડતો હતો. એવો નૂતનયુગનો આ ચિતારો, શહેનશાહની તથા તેના આખા કુટુંબની રેખાઓને, કઢંગી, છકી ગએલી, પતિત બનેલી ચિતરતો હતો તથા આ રેખાઓ ઉપર રજવાડી પોશા-

કના વાગા લપેટતો હતો. જેવાં રાજ્યરાણીઓનાં પતિત રૂપ આ ચિત્રમાં મઢાયાં હતાં તેવાં જ તેમનાં ફરજંદોનાં મોઢાં અને માથાં, વિચાર કરવાની એક પણ માનવી તાકાત વિનાનાં, બીલકુલ હાડકાનાં ભરેલાં હોય તેવાં અચેતન એણે ચિતરી દીધાં હતાં. ઇતિહાસના સરવસના પિરામીડના માથાપર, આ બધો રજવાડો. રાક્ષસી કલેવરમાં, માખી જેટલો ઝીણો આત્મા ધારણ કરીને અલોપ બનતો હતો, અને પારીસ નગરમાં નૂતન રચનાની પ્રતિમાનો મુદ્રાલેખ વિશ્વઇતિહાસનું જાહેરનામું પેશ કરતો હતો કે " આજથી રજવાડાનો ધરીહકક નાશ પામે છે અને જનસમુદાયોની સમાનઘટના, સાર્વભૌમ બને છે. "

એવા માનવસમુદાયના જીવતરના રૂપની અનેક રેખાઓ ગોયાએ ચિતર્યા કરી. પછી ઇ. સ. ૧૮૨૨ માં એણે એકાએક પીરેનેઝ પર્વતમાળ ઓળંગી અને પોતાના વતનને વૃદ્ધ વયે છોડી દઇને એ બોરડોમાં આખરી જીવન વિતાવવા આવી પહોંચ્યો, અને ૧૮૨૮ ના એપ્રિલની ૧૬ મી તારીખે એના અવશેષ બોરડોમાં દફનાયા.

ગોયા એ ખૂલ્લો મૂકેલો ચિત્રકલાનો નવો જમાનો ચિત્રપટના ફલક પર ચઢતો હતો. આ જમાનાએ, કલાકારના માથા પર બેઠેલા કલાના રજવાડી " પેટ્રનો " બોઇ નાખ્યા હતા. નવાં " પેટ્રનો "એ પોતાની નવી દુનિયામાં ચાલતા " સ્વેચ્છાય અને ડીમાન્ડ "ના એક માત્ર કાનુનની કસોટી પર ચઢીને, બજારૂ બનીને પોતાનાં ચિત્રોની હાટડી માંડવા બજારમાં આવી જવાનો પડકાર, કલાકારને આપી દીધો હતો. આ પડકારમાં કલાનું રૂપ પણ પાછું હટતું નહોતું પરન્તુ વાસ્તવતાની કસોટી પર ચઢતું આગળ વધતું હતું.

એવી નૂતન દુનિયામાં કલાકાર એના બભાપર, પીંછી રંગો અને ફલકોનું પોટલું લઈ ને, નવી દુનિયાની નવી આઝાદીમાં, આઝાદ બનીને ચિતરતો હતો, અને પોતાની સંસ્કાર-કલાને લઈને જીવન કલાના બજારમાં ફરતો ફરતો પારીસ નગરમાં દર વરસે ભરાતા, કલાના પ્રદર્શનમાં આવી પહોંચ્યો હતો. પણ આ પ્રદર્શનમાં નવી દુનિયાનું ચિત્ર ચિતરતા કલાકારોને પ્રવેશ નહોતો. આ કલાકારનું નામ ગસ્તાવ કોરબોટ હતું. ગસ્તાવ કોરબોટે પોતાનો એક માંડવો, આ વિશ્વમેળાની બહાર બાંધી દીધો હતો અને તેના કમાડ પર પાટીયું માર્યું હતું, " વાસ્તવવાદ ! "

જુની દુનિયાની બહાર, નવી દુનિયાનું આ લેબલ નુતન કવિએ પણ ધારણ કર્યું હતું. બાયરન તુર્ક શહેનશાહ સામે ગ્રીસની આઝાદીના સાથમાં પોતાના સ્વત્વનું સ્વાર્પણ કરવા પહોંચી ગયો હતો ત્યારે જ આઝાદીની આ

યાતનાને ડીલાક્રોય ફલક પર અમર કરતો હતો, અને સાહિત્ય કલા સાથે ચિત્રકલાની સાથીદારી નોંધાવતો હતો.

ઈ. સ. ૧૮૩૦ માં ડીલાક્રોયના પારીસનગરમાં પાછો ક્રાન્તિનો કૂકડો બોલી ઉઠ્યો. ડીલાક્રોયે આઝાદીની પગદંડી પર ઉભા રહીને, આઝાદીની દેવીને દીઠી અને જ્યાં દીઠી ત્યાં જ, આઝાદ થવા માગતા જીવતરની જેહાદ પર એણે તેનું રૂપ ચિતર્યું. એ ચિત્રનું નામ "જનતાને દોરતી આઝાદી" હતું. આઝાદીની આ મુઝના રૂપની કણિકાઓ જીવન વાસ્તવમાંથી ભેગી કરીને એણે આ આઝાદીની દેવીને, માર્ગમાં નાખેલી આડો પરથી ઠેકી જતી આલેખી. એના પડખામાં પ્રતિક્રાન્તિને પડકારતું એનું બાળફરજંદ ચિતરાયું. એના ડાબા પડખામાં, જનઆઝાદીનો રક્ષક શ્રમમાનવ, તે સમયની ક્રામદારોની ઉંચી ટોપી પહેરેલો આઝાદીની પગથી પરનો આગેવાન દેખાયો. વાસ્તવવાદે કલાની દુનિયાને નવો સંસ્કાર દઈ દીધો. આ સંસ્કારના રૂપનો ચિતારો ત્યારે ડીલાક્રોય હતો. ૧૭૯૯ માં એનો જન્મ થયો હતો.

એણે જે પિંછી વડે ચિતરવા માંડ્યું હતું તેને રૂઢિ ચૂસ્તોએ નશો કરેલી પિંછી કહી હતી. નૂતન રચના રચાશે જ એવા યુગવેગનો નશો ધારણ કરીને. આ કલાકાર બાયરન, હ્યુગો અને શેલિની રોમાન્ટીક દુનિયામાં ફરતો હતો, અને ઇ. સ. ૧૮૨૪માં "મેસેકર એટ સ્કીઓ" નામનું વિશ્વવિખ્યાત ચિત્ર ચિતરતો હતો.

બિમાર, કંટાળેલાં, ભૂખે મરતાં અને પિડનોમાં પિસાતાં માનવોનો એક પિરામીડ જાણે એક બાજુ પર ચડતો હતો. આ પિરામીડથી એક માનવ આકાર જમણી તરફ દોરાઈ જતો હતો ત્યાં શહેનશાહનો સામંત સ્વાર એક સ્ત્રીને ઘસડી જતો હતો. પછીતમાં તારાજ થતા નગરમાંથી ધૂંધવાતાં ખંડિયેરોનો ધૂમાડો ઉંચો ચઢતો હતો. જમણી બાજુમાં ભોંયતળીએ ઘવાયલાં ભેગી એક જનેતાનું શબ ત્યાં પડ્યું હતું અને શબ પર એનું, પોતાનું જીવતું બાળક એના પડખા પર ચઢતું હતું. આ કલાનું વાસ્તવરૂપ, મોતનો મૂકાબલો કરતા જીવનની આબેહૂબ છબી બનતું હતું.

ઓગણીસમા સૈકાના આરંભમાં જ યુરોપમાં, દક્ષિણ ફ્રાન્સમાં મારસેઇલ્સમાં ઇ. સ. ૧૮૦૮ના ફેબ્રુઆરીમાં ડોમીએરનો જન્મ થયો. લોવરેમાં ભણીગણીને એકવીસ વરસની ઉંમરના આ નવજુવાને, બાપાને પોતાનો નિશ્ચય કહી બતાવ્યો કે, 'જમાનાની જીવન વાસ્તવતાને ચિતરવાનો ધંધો હું ધારણ કરવા માગું છું.' આ ધંધાની કલાકારની પિંછી એણે ધારણ કરી અને

ચિતરવા માંડ્યું. ત્યારના દશમા ચાર્લ્સની સરકાર સામેના લોકોના ધિક્કારને 'કેરીકેચર' નામના અઠવાડિકમાં અને એક દૈનિકમાં આલેખીને ત્યારના જીવન વ્યવહાર પર ચિત્રનાં નિરૂપણ એણે આપ્યાં. પોતાનું હતું તેવું રૂપ કાગળપર દેખીને સરકાર ભડકી ઊઠી. એણે ડોમીઅરને ૭ મહીનાનું કારાગાર આપ્યું તથા કેરીકેચરને બંધ કરાવી દીધું. પણ ૭ મહીના પછી બહાર આવીને ડોમીઅરે "ચારી વારી" દૈનિકમાં ત્યારની જીવન ઘટના પર એક હજાર લીથોગ્રાફ ઉપજાવી દીધાં.

૧૮૪૭માં એ ચોવીસ વરસની એક યુવતી સાથે પરણ્યો. સીન નદીના કિનારા પર એણે એક ઘર ભાડે રાખ્યું અને ત્યાં એણે પોતાનો સંસાર માંડી દીધો. સંસારને સમજવા એણે પારીસ નગરને રસ્તે રસ્તે રખડવા માંડ્યું, અને સીન નદીના કિનારાઓ પર ટહેલવા માંડ્યું. એની નજરમાં, શ્રવણમાં અને ચકોર ચિત્તમાં ત્યારના જીવતરના સત્વનાં તરેહ તરેહનાં રૂપ અંકાયાં. ઘેર આવીને એ બધાંની તસ્વીરોને એણે પત્થર પર અને કેનવાસ પર આલેખી.

કેવો સુરમ્ય સંસ્કારનો આકાર ડોમીઅરે પારીસની શેરીઓમાંથી, ચાલીઓમાંથી, ગરીબાઇના ડુંખમાંથી; શોધી શોધીને મઢ્યો હતો ! જીવનની પ્રખરતાને સુંઘી સુંઘીને મૂલ્ય મઢવાની સાધનામાં મચી પડેલો, ડોમીઅર આંખનું તેજ ગુમાવતો, વધારેને વધારે શ્રમ કરતો હતો. એક મહાજને, આ ચિત્રકારના શ્રમને દેખતાં વ્યથા દાખવીને કહ્યું, "શો જમાનો છે, જેમાં ડોમીઅર જેવાએ પણ આખર તક રોટીનો સવાલ હલ કરવા મથવું પડે છે !"

પછી આખર તક શ્રમ કરતા કલાકારે મગરૂર ડોક ઉંચકીને નિસ્તેજ નજર સ્થાપીને કહ્યું, "આપ મહાનુભાવને મુડીની આવક છે, મારી માલમત્તા આ ધાન્ય ધરતી પરનો જનલોક છે, જે તમે અને હું નહીં હોઇએ ત્યારે પણ દિલ ચોર્યા વિના જીવન મૂલ્ય નિપજાવ્યા કરતો હશે."

એ જીવન્ત મૂલ્યનાં જ એણે અનેક રૂપો ચિતર્યા કર્યા, અને 'મોડેલો' ભાડે લેવાની ના પાડી. એણે કહ્યું, પેરીસ નગરનું લોક જીવન મારૂં "મોડેલ" છે. એમ કહેતો કલાકાર એક દાખલો દેતો કહેતો હતો. "દાખલા તરીકે આ રહ્યો મારો મોડેલ !" એણે અદાલતમાં વકીલનું અવલોકન કર્યું. એણે વકીલાતી વ્યવહારમાં ખૂલતા વકીલના મોઢાને આલેખ્યું અને કહ્યું, "જુઠ્ઠાના વ્યવહારમાં ક્રિયાશિલ બનતા આ મોઢા કરતાં જીવનના મૂલ્યનો ઉપહાસ કરતું વધારે આકર્ષક બીજું શું રૂપ હોઇ શકે !" અર્થ માનવ બનતા માનવીના વકીલાત નામના જીવન વ્યવહારમાં જીવતા સ્વરૂપ જેવા વકીલને, તેના પરનાં બધાં આવરણોના ભ્રામક પડદાઓને હટાવી દઇને, તેને તેના મોઢા મારફત એણે સરજી દીધો, અને સંસ્કાર સ્વામીઓએ એ મોઢાના ચિત્રને પ્રથમ પંકિતના

લાસર્જન તરીકે જાહેર કર્યું. પ્રથમ પંક્તિમાં માન પામેલું બીજું એક સર્જન ડોમીઅરે ચિતરેલો આગગાડીનો ત્રીજા વર્ગનો ડબ્બો છે. અનેક વરસમાં અનેક આગગાડીઓમાં ત્રીજા વર્ગના ડબ્બાઓ દોડયા પછી ડોમીઅરે તેની અંદરના જીવન વ્યવહારને પકડી પાડીને, કલાનું સર્જન બનાવીને ખૂલ્લો મૂકયો અને મિલકતની માલીકી પ્રમાણે ઉંચનીચના વર્ગમાં વહેંચાયેલી સમાજ ઘટનાના રૂપને એણે સૌની નજર સામે ત્રીજા વર્ગના ડબ્બામાંથી રજુ કરી દીધું. આ સ્વરૂપનું આલેખન ઈતિહાસની દોડતી આગગાડીમાં બેઠેલું સમુદાયનું આલેખન બન્યું. ઓગણીસમું સતક એવા ત્રીજા વર્ગના ડબ્બાની ટીકીટ લઈને, ક્રિયા વ્યવહારને ધારણ કરીને વહેતું, એણે ચિત્રરૂપમાં નોંધી બતાવ્યું અને સંસાર સાથે સમયના ધડકતા દિલને આલેખી બતાવ્યું. આવાં ઢગલાબંધ ચિત્રોમાં આ કલાકાર, સંધમાનવને આલેખતો હતો તથા, ઓગનીસ મોરગનના શબ્દોમાં કહીએ તો, એણે યુગ જીવનની વાર્તામાં મુખ્ય નાયક તરીકે માનવીને, બતાવીને, તેના જીવતરનાં પિડનો અને વેદનોને ગંભીર રીતે, જીવતાં બનાવ્યાં હતાં. જીવનની આ આરાધના ને એણે ઈ સ. ૧૮૭૯ ના ફેબ્રુઆરીના પોતાના અંતિમ દિવસ સુધી ટકાવી રાખી.

જીવન વાસ્તવતાના સંગીતનો લોકસ્રોતા

વેગનર જનમ્યો તે જ વરસમાં, ૧૮૧૩ માં એક ગરીબ બેકૂતના ઘરમાં વરડીનો જન્મ ઈટાલીમાં થયો, અને ભણતર ભણવાની સગવડ ન



હોવાથી આ બેકૂ તનો દિકરો, જીવતરના અનુભવ માંથી જીંદગીના પહેલા પાઠ ભણતો, રંગભૂમિ પર આવી પહોંચ્યો. યુરોપના ઈટાલી દેશની સંગીતકલાની હિલચાલમાં ત્યારે મંદી આવી ગઇ હતી કારણ કે રોઝીની, વાનપ્રસ્થ થવા માટે રંગ ભૂમિપરથી ચાલ્યો ગયો હતો, બેલીની મરણ

પામ્યો હતો અને ડોનોઝેટીએ મનનીતુલા ગુમાવી દીધી હતી. પરંતુ ત્યારે બુસેટો ગામમાં પોતાની સંગીત મંડળી માટે, કવન કરતો જુવાન વરડી ઇટાલીયન રાષ્ટ્રની રંગભૂમિપર આવી પહોંચ્યો. એણે એની સંગીત કલાને આરંભથીજ જનશ્રોતા સાથે એટલે લોકસમુદાય સાથે જોડી દીધી હતી. ઇટાલીનો જનલોક અત્યારે પોતાની ભૂમિપરથી ઓસ્ટ્રિયનોને હાંકી કાઢવાના ગરમ મિજાગવાળો હતો. ત્યારે વરડીએ, લોક વલણનું સંગીત રંગભૂમિપર ગાજતું કર્યું, અને કહ્યું, "સંગીતનો આ પદાર્થ એ રાજકારણ નથી, ઇટાલીનો જીંદગીનો એ, તત્વ પદાર્થ છે, જે, જેમ કોઇ વિજ્ઞાનના વ્યવહારને, તેમજ, કલાના વ્યવહારને એટલે સંગીતના રૂપને પણ મઢે છે."

વરડી નો હાથ જાણે સંગીતનો ચાકડો ફેરવી રહ્યો. ઇટાલીની ધરતીપર સંગીતનું રૂપ સુરોનો વેગ બનીને ફૂંકાવા માંડયું. વરડીએ ઓપેરાનું જીવતું સ્વરૂપ રચી દીધું. જનતાની વેદનાઓથી ભરેલું સંગીતરૂપ ઇટાલીનાં માનવોમાં માનવીની છટાથી ચમકી ઉઠયું. ઓપેરા અને શ્રોતાલોક, અથવા જનશ્રોતા એકમેકનાં અંગ બનો ગયાં. ઓપેરા પર થતા દિલના ધબકારા સાથે, લોકશ્રોતાનું દિલ ધબકયું. ઓપેરા અને જનલોક વચ્ચેનું અંતર પુરાયું અને સંગીતના રૂપમાં જીવનનું મૂલ્ય ધડનારી જીવતરની એકતા જન્મી.

ઈ. સ. ૧૮૪૨માં મિલાનની રંગભૂમિપર વરડીએ લખેલું. નાટય સંગીત, નેબુચેડનેઝર ભજવાયું. એમાં યહુદી કેદીઓનું સંઘ ગીત, ઇટાલીની રંગભૂમિ પર જીવતું થઈ ગયું. આ રંગભૂમિ જેની છબી હતી તે, જીવતરની રંગભૂમિ અથવા લોકની જીંદગી સાથે, એનું જોડાણ થયું. કલાની આવી સંસ્કાર એકતાને દેખતાંની સાથે જ તેનો નાશ કરવા ઓસ્ટ્રીઅન અધિકાર આ સંગીત હિલચાલ પર તૂટી પડયો. પોપે આ આક્રમણને સાથ આપ્યો. સંસ્કાર હિલચાલ પર સિતમ વરસવા માંડયા. ઇટાલીની આ સંગીત હિલચાલ, ત્યારના પરાધીન ઈટાલીમાં ગેરકાયદેસર ગણાઈ. ઈટાલી પરના, ઓસ્ટ્રિઅન અધિકારે, સંગીતની જબાનપર કાપ મૂકતી જાહેરાતો કરી. ઇટાલીની રંગભૂમિપર સંગીત સંસ્કારનાં બધાં માનવમૂલ્યો દંડાયાં. આ હિલચાલને વરેલી, લેડી મોરગાને ઇગ્લેંડને કિનારે ઉતરીને કહ્યું કે, "નેપલ્સના કારાગારમાં પડતાં પડતાં હું બચી ગઈ છું, મેં "લીબરટા" શબ્દ બોલવાનો અપરાધ કર્યો હતો."

વરડીએ, પેરીસ નગરનો આશરો લીધો અને સંગીતનો વધારે ને વધારે અભ્યાસ ચાલુ રાખ્યો. ઈ સ ૧૮૫૫ માં પેરીસ માટે એક ફ્રેંચ ઓપેરા લખવાનું એને આમંત્રણ મળ્યું. ચાર વરસ પછી એણે બીજું ઓપેરા લખ્યું અને

લોક જંદગીપરનો સરકારી અધિકાર પાછો, આ કલાકાર સામે ચડભડી ઊઠ્યો. પણ એણે સંગીતની ઉપાસનાનું વાસ્તવ રૂપ નિપજાવ્યા કર્યું. એણે સંગીતના પદાર્થ તરીકે જીવનવાસ્તવતા રજુ કરી. એણે ઓરચેસ્ટ્રાને બદલે ગાયકવૃંદને આગળ ધર્યો. એ રીતે એણે સંગીત ક્રિયાની અને શ્રોતાની એકતા સાધી. એણે લોક-જીવતરમાંથી લીધેલા નાટ્ય સંગીતના પદાર્થને, વાદનમાં કેદ કરી દેવાને બદલે, વાદનને, લોકશ્રોતાનો સંગ સાધવાનું વાહન બનાવ્યું. આવી કલા સાધના માટે એણે જીવન પ્રેમી બીથોવન જેવા તથા, માનવીની બુદ્ધિને જગાડવા મથતા મોઝાર્ટ જેવા, વીશમા શતકના સંગીતના, મહાન કલાકારો બનેલા, બે સંસ્કાર સ્વામીઓનો રસ્તો સ્વીકાર્યો.

સંગીત કલાને એણે સંગીત ખાતર સંગીતના કોકડામાં ગુંચળાઇ મરતી અટકાવીને, જેમાંથી સંધ કલાક્રિયા, જીવન્ત રહેવાનો અને વિકાસ પામવાનો ખોરાક પામી શકે છે, તેવી જીવન વાસ્તવતાની સંગીત કલાનું વાહન સુપરત કર્યું.

જીવન વિજ્ઞાનનો નૂતન પ્રકાશ, ડારવીન



ચાર્લ્સ ડારવીનને નૂતન જગતના જીવન વિજ્ઞાને "ચેતન જગતનો કોપરનીકસ" એવું નામ આપ્યું હતું. આ જીવન વૈજ્ઞાનિકે પોતે કરેલા જીવન રૂપની ક્રિયાઓનાં અવલોકનોનું પહેલું પ્રકાશન "ઓરીજન ઓફ સ્પીસીસ" નામનું કર્યું. આ મહાનુભાવે જીવન તરફની પ્રમાણિકતા પૂર્વક પોતાનાં અવલોકનોને ચિંતન શાસ્ત્રનું નહીં પણ જીવન વિજ્ઞાનની હકીકતોનાં અવલોકનોનું રૂપ આપ્યું. આ સ્વરૂપનું નામ ડારવીનવાદ પડ્યું. ડારવીનવાદે અથવા ડારવીને પ્રબોધેલા જીવન વિજ્ઞાને મનુષ્યના અસ્તિત્વને અને તેના જીવન વ્યવહારને ચેતન વલ્વિટના એક મોટા મિનારાની ટોચ પર મૂકી દીધો. આ મિનારાના પાયામાં એક સેલવાળા, અણુજીવનરૂપો હતાં. આ જીવન ઘટનાનો વલ્વિટ 'સ્પીરલ' જેવાં વર્તુળોની ઉર્ધ્વગતિ ધારણ કરીને જીવન કલહનાં લાખ લાખ શરીરોના વિકાસક્રમમાંથી પસાર થઇને આખા વિકાસ ક્રમમાંથી યુગયુગાન્તરોનાં મૂલ્યોનું સત્વ ધારણ કરી કરીને માનવ રૂપમાં મઢાયો છે એમ એણે કહ્યું. કવિતાના કવનરૂપ જેવી, સંગીતની એકતાનતા જેવી અને સંસ્કૃતિની રૂપ ઘટના જેવી, આ ડારવીનવાદની વાત, મનુષ્યની અસ્મિતાને વૈજ્ઞાનિક રૂપ સાથે મઢતી હતી તથા, જીવન વિજ્ઞાનોને સામાજિક અવલોકનની નવીદિશા દાખવી આપતી હતી. આ બધી દૃષ્ટિ એણે વરસો સુધી કરેલી જીવનના અભ્યાસની

એકધારી સાધનામાંથી તારવી હતી. આ તારવણી અને અવલોકનોની નોંધનો ઢગલો લઈને ઈ. સ. ૧૮૩૬ માં ચાર્લ્સ ડારવીન, સફરોમાંથી ઘેર આવ્યો, અને પછી લગ્ન કરીને, કેન્ટમાં ઘર માંડીને એક સાધુની જેમ સાદાઈમાં જીવન જીવવા લાગ્યો. એ જીવન ક્રિયાનું વિજ્ઞાન તારવવા માટે એ નોંધો કરતો જ ગયો. પૃથ્વી પરના જીવનના અવશેષોના અભ્યાસ પછી જીવનની વિદ્યાપીઠમાં ભણેલી આ વિભુતિએ ૧૮૫૯ની સાલમાં "ઓરીજીન ઓફ સ્પીસીસ" નામનું લખાણ તઈયાર કર્યું. એમાં એણે પ્રાણી જગતના જીવનનો વિકાસક્રમ સમજાવ્યો. એ સમજાવવા માટે એણે કુદરતમાં ચાલતી જીવન ક્રિયાના રૂપને, "નેચરલ સીલેકશન" નું નામ આપ્યું.

એણે એક સીધી, સાદી અને સરળ વાત જીવનની ક્રિયાના અવલોકનમાંથી વૈજ્ઞાનિક રીતે તારવી કાઢી કે, જીવનનાં સ્વરૂપો અથવા "સ્પીસીસ" કોઈ દૈવી ઇચ્છાથી જન્મતાં નથી પણ વિરાટ જીવનની ક્રિયારૂપે નિપજતા હોય છે.

આ ખ્યાલે, સૌને જીવન વિજ્ઞાનોનો વિચાર કરતાં કરી મૂક્યાં, અને વિચારનો વંટોળ જગવ્યો. ત્યારે કપરા દિવસ પસાર કરતા ડારવીનની વહાલી દીકરી એની મરણ પામી હતી. એટલું પુરતું ન હોય તેમ જોડેના ઓરડામાં એનો અઢાર મહીનાનો એક સૌથી નાનો દીકરો પણ મરણ પથારીમાં તરફડતો પડ્યો હતો. જાણે પોતે જીવતરના અવલોનનની પારખ કરતો હોય તેવો ડારવીન પોતાના ઘરમાંની જીવન ક્રિયાને દેખતો બોલ્યો, "જીવનકલહ...!" એ બારીની બહાર જોતો બબડતો હતો.બારીની બહારની દુનિયામાં પક્ષીઓ ગાતાં હતાં, પવન સુસવતો હતો, ઝાડની ડાળીઓ ઝૂકતી હતી, વાંદરાં કૂદતાં હતાં. આજે ત્રીસત્રીસ વરસથી એણે કુદરતને નિહાળી હતી. કોઈવાર નરમ તો કોઈ વાર સખ્ત, કોઈ વાર નાજુક તો કયારેક નિષ્ઠુર, કોઈ વાર ઉદાર તો કોઈ વાર સ્વાર્થી, કયારેક ભયંકર તો કયારેક સુંદર એવી કુદરતની એકેએક હિલચાલ એણે ઝીકેલી હતી. એણે કુદરતને સવાલો પુછ્યા હતા, કુદરતના કોયડાઓના જવાબ મેળવ્યા હતા. કુદરત જેવો કઠોર બનીને એ યાદ કરતો હતો. જીવનનાં અવલોકનમાંથી મેળવેલો જવાબ તપાસી જોતો હોય તેમ એ પોતાના મરવા પડેલા બાળકના ઓરડામાં ગયો. મરણ પથારીએ મા‌વજત કરતી એની સ્ત્રી ઈમા બેઠી હતી અને એને પૂછતી હતી, "તમે મોટા થોકના થોક લખ્યું તેમાં મોત સમજાયું નહિ ને!',

"મેં દુનિયા ઉપરતળે દેખી છે, મને આખીય દુનિયામાં મોતનું શાસન કયાંય જણાયું નથી. એકેએક ડાળીએ અને ફૂલેફૂલે, એકેએક ખડકે અને હાડ

પિંજરે, એકેએક જીવજંતુએ અને પ્રાણીએ, મને ખૂમ પાડી પાડીને કહ્યું છે, "મરણ ગપ છે, જીવન એકજ સત્ય છે."

"પણ આ મરણમાં કંઈ સાચું તો હશે ને?" ઈમા હપકો દેતી હોય તેમ દેખી રહી.

"હા," એણે ખૂમ પાડી, "જીવજંતુઓ સાચાં છે, જીવન સાચું છે, જીવનકલહ સાચો છે, જીવનના સંજોગો સાચા છે, સંજોગોમાં બંધબેસતી થતી જતી જીવનની ગતિ અને પ્રગતિ અથવા રૂપાંતરોની ઉર્ધ્વગતિ સાચી છે, માનવજીવનની પણ એજ પ્રગતિનો સાક્ષી, વિશ્વઈતિહાસ છે."

સમય વિત્યા પછી આખા યુરોપપર એક વિજળીનો આંચકો ફરી વળતો લાગ્યો. ઇગ્લેન્ડને ખૂણે ખૂણે એક મોટું દુંદુભી ગડગડતું હતું. જ્યાં ને ત્યાં, અને જે અને તે ડારવીન તથા વિકાસક્રમની વાત કરી રહ્યું હતું, અને વિકાસક્રમ ચર્ચાઓ પર ચઢી ચૂકયો હતો. પછી ૧૮૬૦ના જૂનના ૨૮મા દિવસે ઓક્સફોર્ડમાં વૈજ્ઞાનિકોની એક સભા થઈ. જુનવાણી ઓકસફોર્ડના ભેગા થતા વિદ્વાનોએ ડારવીને દોડતા મૂકેલા નવા દાનવનો ઘાત કરવાનો નિશ્ચય કર્યો. વિલ્બરફોર્સ નામના એક પાદરીએ બીહું ઝડપ્યું અને શપથ લીધા, "હું ડારવીનના ભૂક્કા ઉડાવી દઇશ" ઓકસફર્ડના વિદ્વાનોની આ સભામાં જાણે એક મોટું બુદ્ધિનું રમખાણ ગાજી ઉઠયું. વિલ્બરફોર્સ આગળ આવ્યો અને યુદ્ધમાં ઉતર્યો.

એટલેથી પત્યું હોત તો ઠીક હતું, પણ ખોડમાં બેઠેલા વાઘને સળી કરીને ઉઠાડે તેમ એણે હકસલીને સવાલ પૂછ્યો. જવાબ સાંભળવા જુવાનોએ ખુમરાણ મચાવી મૂકયું. ઓકસફર્ડની નૂતન વિજ્ઞાન દ્રષ્ટિ જેવો હકસલી ઉભો થઇ ગયો અને સ્મિત કરતો બોલ્યો: "મેં કહ્યું છે તે ફરીવાર કહું છું કે મનુષ્યનો મૂળ દાદો એપ હતો. તેથી કોઇ મનુષ્યે શરમાવાની જરૂર નથી. જો કોઈ પૂર્વજથી મને શરમાઈ મરવાનું મન થાય તો તે તેવા અસહિષ્ણુ વડીલથી કે જે પોતાના ક્ષેત્રમાં મળતા વિજયથી સંતોષ નહિ પામી વિજ્ઞાનના ક્ષેત્રમાં 'હું બી ડીચ' કરતો પડતું નાખે છે...કે જે ક્ષેત્રની એને કશી જ ગતાગમ નથી."

પછી બાસઠ વરસની ઉંમરે ડારવીને બીજું પુસ્તક "મનુષ્યનું અવતરણ" નામનું લખ્યું. એમ ડારવીન, પોતે શોધેલા સિદ્ધાંત પર વધારે ને વધારે પ્રકાશ નાખતો દર વરસે એક પુસ્તક લખતો ગયો. ૧૮૮૨ માં એણે છેલ્લું પુસ્તક લખ્યું ત્યારે એની ઉંમર સિત્તેર વરસની થઇ હતી. ૧૯મા સૈકાના વિજ્ઞાનના પ્રકાશમાં જીવનવિજ્ઞાનની ઈતિહાસ દ્રષ્ટિ જેવો આ વૃદ્ધ ઘરમાં ઇમા સાથે રહેતો હતો અને રોજ રોજ આવતા થોકબંધ પત્રોના જવાબ લખતો હતો. એકનો એક

સવાલ અનેકવાર એની પાસે જવાબ માગતો હતો. એ સામાન્ય સવાલ ભગવાન વિષે હતો, અને એ મિજાજથી હસીને એક જ જવાબ અનેકવાર લખતો હતો, "મને એ વિષે કશી જ ખબર નથી, જે મને ખબર છે, અને જે મેં, જીવનના ઇતિહાસના, કુદરતના ચોપડામાંથી જાણ્યું છે તે તો, એક અને અતૂટ જીવનરૂપોનો એકમાંથી બીજા રૂપવાળો નિપજતો જીવન પરમાણુથીતે માનવરૂપ સુધીનો વિકાસક્રમ છે. જીવનનું એજ સત્ય છે."

જીવાણુઓની, દુનિયાનો શોધક પેસચર



ઈ.સ. ૧૮૬૬ માં જ અમેરિકા અને ઈંગ્લેંડ વચ્ચે પહેલું 'કેબલ કનેકશન' નંખાયું અને મહાસાગરોના અંતરાયોને ભૂસીને નવા અને જુના જગતે વાતચીત શરૂ કરી. એજ અરસામાં પહેલું "રપેકટ્રમ પૃથક્કરણ" પણ થયું અને ફોટોગ્રાફીનો વિકાસ ઝડપી બન્યો. આ સમયમાં જ સૌથી મોટી શોધ જીવાણુઓની દુનિયા વિષેની થઇ. આજ સુધી હવાના ઓકસીજન વાયુમાંથી થતા આથાઓની વાત ખોટી પડી અને આ આથાઓ અથવા "ફરમેન્ટેશન" કરોડો જીવાણુઓનાં જગત છે તેવી ક્રાન્તિકારી શોધ લુઈ પેસચરે કરી.

આજ સુધી પંદરસો વરસ સુધી આ બાબત પર એરિસ્ટોટલના ચિંતનનો અધિકાર ચાલુ રહ્યો હતો. યુરોપ કહેતું હતું કે આ જીવાણુઓ શૂન્યમાંથી આવે છે. વરજીલની કવિતાઓમાં અને આજ સુધીનાં વૈજ્ઞાનિક લખાણોમાં પણ આ જીવડાંઓની ઉત્પત્તિ આપોઆપ થતી ગણાતી હતી. આવી 'આપો આપતા' ની અવૈજ્ઞાનિક વાણીને રદ કરીને જીવન વ્યવહારની ઝીણામાં ઝીણી જીવાણુ જેવી વિગત ઉકેલીને પેસચરે ફ્રાન્સની ધરતી પરથી જ, આ દિશામાં શોધક પ્રકાશ નાખ્યો. આ પ્રકાશની આરાધના એણે કયારની ય આરંભી દીધી હતી. સમયનું ભાન ભૂલીને જીવન શોધતમય બની ગએલો પેસચર ઇ.સ. ૧૮૫૭ ના ઉનાળામાં, પોતાની શાળામાં પેસતો હતો. એક નાનો સરખો ઓરડો એની પ્રયોગશાળા હતો. એની પ્રયોગશાળા શીશીઓથી, નળીઓથી, ગરણીઓથી, બરણીઓથી રટવોથી ગીચોગીચ ભરાઈ ગયેલી હતી. એમાં એક ખૂણામાં એક વિચિત્ર જેવી ભઠ્ઠી ઓરડાને ગરમ રાખવા સળગતી હતી. આ મહાવૈજ્ઞાનિક કંઈક શોધી કાઢતો, બૂમ પાડતો હતો, "બરાબર બરાબર!"

એણે ધૂમ પાડી, એણે સ્ટવપર તપાવવા મૂકેલી એક શીશી લીધી ને હલાવી. એણે અંદરના પ્રવાહી તરફ તાક મારી. એના હોઠ ફફડી રહ્યા. ન સમજાય તેવા શબ્દો પ્રયોગશાળામાં પથરાઈ ગયા એણે એનો પગ જોરથી જમીન પર ઠોકયો. એણે શીશી નીચે મૂકી દીધી. એની આંખો ફાટેલી નજર નાખી રહી. એણે એક હાથ લેંઘાના ગજવામાં ઘાલ્યો ને બીજા હાથની મુક્કી વાળી દીધી. એની ફાટેલી નજર આખા ઓરડા પર પથરાઈ છતાં કશાને જોતી નહોતી. એણે ચગદી નાખતાં પગલાં મૂકતાં ચાલવા માંડયું. એ એની સ્ત્રી અને કોરીને ભૂલી ગયો હતો. આખી પ્રયોગશાળા એના માથામાંથી નીકળી ગઈ હતી. એ ગુસ્સામાં હતો, એણે દુશ્મન દેખ્યો હતો. એણે આખી માનવજાતિનો દુષ્મન જોયો હતો. એણે હતા તેટલા જોરથી ટેબલ પર મુક્કી પછાડી. આખું ટેબલ આ ખિજવાયેલા પેસ્ચરના પછાડાથી કંપી ઊઠયું. એ દુશ્મનોને ડરાવતો હોય તેમ રાડ નાખતો બોલ્યો :

" સમજાઈ ગયું છે ! સમજાઈ ગયું છે ! લુચ્ચાઓ, તમે કેવી રીતે જન્મો છો, જમો છો અને હેરાન કરો છો તે ! મને જવાબ જડી ગયો છે " એનાથી મોટેથી બોલાઈ દેવાયું. એને જવાબ જડી ગયો હતો. એણે જંતુઓનું નવું જગત શોધી કાઢયું હતું. ખાંડમાંથી લેકટીક એસિડ શાથી બને છે તે એને સમજાઇ ગયું હતું. હજારો વરસથી ખાંડમાંથી લેકટીક એસિડ બનતો હતો પણ ખાંડમાં આવા લાંબા લાંબા જંતુઓ જન્મે છે અને તેનો લેકટીક એસિડ બને છે તે વાત એણે દુનિયાને પહેલીવાર દેખાડી. કેટલાંયે વરસોથી દૂધમાંથી દહી બને છે એ સૌ કોઈ જાણતાં, પણ દૂધમાં બેકટેરીઆ નામનાં લાખો જીવડાં જન્મે છે અને એ જીવડાનું દહીં બને છે એ વાત એણે દુનિયા પાસે પહેલીવાર મૂકી.

એ, જગતને નવો સંદેશો આપતો હતો. એ સંદેશો સડાનો નહોતો, જીવનનો હતો. એણે સડામાં–આથામાં જીવન જોયું હતું. એ જીવન એણે એની સગી આંખોએ સળવળતું, ખદબદતું દેખ્યું. વસ્તુ સડે છે એટલે એમાં લાખો નવા જંતુઓ જન્મે છે તે એને સમજાયું. દૂધનું દહીં થાય છે કેવી રીતે ? ખાંડમાંથી લેકટીક એસિડ બને છે કેવી રીતે ? એ સડે છે અને સડે છે એટલે એમાં લાખો જંતુઓની દુનિયા જન્મે છે. એજ રીતે રોગ જન્મે છે, બિમારી આવે છે. એની સામે એક પછી એક રોગ પસાર થવા લાગ્યા. એ મનમાં ને મનમાં બબડયો, " હડકવા, ક્ષય, તાવ, કોલેરા..."

પછી પેસચર ઇન્સ્ટીટ્યુટ પેરીસનગરમાં બંધાવા માંડી. ગરીબ મજૂરોથી માંડીને તે મોટામાં મોટાં શ્રીમંત સુધી સૌએ પેસચર ઇન્સ્ટીટ્યુટ બંધાવવા ધનના ઢગલા કર્યા. 'પેસચર ઇન્સ્ટીટ્યૂટ' બંધાઈ ગઇ.

પાછો એક બીજો દિવસ આવ્યો. અઢારસો બાણુની સાલના ડિસેમ્બર મહિનાનો એ સત્તાવીસમો દિવસ હતો. એ એનો સિત્તેરમો જન્મ દિવસ હતો. સોરબોનનું ભવ્ય સભાગૃહ ખીચોખીચ ભરાઈ ગયું હતું. જુદા જુદા દેશોમાંથી પ્રતિનીધિઓ આવી પહોંચ્યા હતા. એક મોટા આસન પર એ બેઠો હતો. એની આસપાસ એના ચાર વિદ્યાર્થીઓ બેઠા હતા.

" મને એક સાંભરે છે...." વૃદ્ધ વૈજ્ઞાનિકનો અવાજ દિવસે દિવસે જાણે રડી રહ્યો, " મને મારો જુલિવર સાંભરે છે. મારો એ જુવાન વિદ્યાર્થી, મેં એને એલેકઝાન્ડ્રિયા, કોલરાનો અભ્યાસ કરવા મોકલ્યો હતો. પણ કોલેરાનાં જંતુઓએ એને ત્યાં જ મારી નાખ્યો છે...એ હોત તો. .. ! " વૃદ્ધનો અવાજ લાગણીથી ભરાઇ ગયો. હોલવાતો દીવો ચમકે તેમ એની વૃદ્ધ આંખો ચમકી ઊઠી, એણે આગળ ચલાવ્યું.

" તમે મારો સિત્તેરમો જન્મ દિવસ ઊજવવા આવ્યાં છો ! મારો એમાં સાથ નથી. આજના દિવસનું બધું માન હું મારા જુવાન વિદ્યાર્થી જુલિવરના ખભા પર લાદું છું. મને એ ખપતું નથી. તમે મરણ ઊજવીને પાછાં જજો. "

ડિસેમ્બરની સત્તાવીસમી તારીખ પછી બરાબર નવ માસ પસાર થયા. આજે નવેંબરની સત્તાવીસમી તારીખ હતી. સપ્ટેમ્બરના સત્તાવીસમા દિવસે પેસચર એની મરણ પથારીમાં પડયો હતો, પેસચર મરણ પામતો હતો. એની સાથે ૧૯મો સૈકો અંત પામતો હતો પણ આ વૈજ્ઞાનિકે જીવનભર મોત સામે લડાઈ કરીને મોતને પાછું હઠાવ્યું હતું અને માનવશરીરની સારવાર કરવાની નૂતન શોધ, વીસમા શતકની માનવતાને ભેટ ધરી હતી.

૧૯ મા સૈકાની ઈતિહાસ દ્રષ્ટિ, વોલ્ટેર, રૂસો અને દિદેરો

ફ્રેંચક્રાંતિ હજુ આવી પહોંચતી નહોતું તેનું એને દુઃખ હતું. પેરીસ નગરમાં ક્રાન્તિનો ગુંજારવ બની ચૂકેલો, ક્રાન્તિના દુદુંભિઓ સાંભળવા, તૃષાતુર નજરની ધારદાર દ્રષ્ટિ દાખવતો, વોલ્તેર, અઢારમા સૈકાની અધવચમાં ૧૯ મો સૈકો બનીને જીવતો હતો.

ફ્રેંચ ક્રાન્તિના જમાનાની આગાહી આપતો, ક્રાંતિના હવામાનમાંથી ઘડાયેા હેાય તેવેા ક્રાંતિનેા એનેા અવાજ ફ્રાન્સની ભૂમિ પર ત્યારે સંભળાયેા હતેા. એ અવાજ રૂસેા અને વેાલ્તેરનેા હતેા. આ જમાનાના સદ્‌ગુણેા અને દુર્ગુણેા બંનેની પ્રતિમા જેવેા વેાલ્તેર સમયના અરિસામાં દેખાયેા. આ સદ્‌ગુણેા ઉપરાંત વેાલ્તેરનું રૂપ જાણે આ નૂતન યુગના આવેગમાંથી ઘડાયું હેાય તેવુંજ નૂતન,



જીવનના ધબકતા પરમાણુઓ જેવું હતું.

જ્યારે આ વેાલ્તેર ૧૮ મા સૈકાની અધવચમાં ઉભેા રહીને, ચિંતનનું, સાહિત્યનું અને ઈતિહાસદૃષ્ટિનું હિંમતભર્યું જ્યાન કરતેા હતેા ત્યારેજ, જીન, જેકસ, રૂસેા, સમયના ભૂતકાળના છેડા પર લાગણીથી વિવશ બનીને દેાડી જઈને ઉભેા હતેા, તથા પ્રાથમિક જંગલી મનુષ્યના સમાજના આનંદેા સુખ અને આઝાદીની આબેહૂબ તારીફ કરવા મંડી પડયેા હતેા જ્યે કે, એ પ્રાથમિક દશાનેા એનેા પરિચય, એની નિશાળમાં ભણતાં બાળકેાના સાચા પરિચય જેટલેા જ ઓછેા હતેા, છતાં પણ અધિકારના રૂપનું ખંડન કરી નાખવાના વેગવાળેા એ, ભૂતકાળની આઝાદીમાં મનેામય રીતે ભાગી ગયેા હતેા. ત્યારે આખું ફ્રાન્સ, આ રૂસેાનેા "સેાશિયલ કેાન્ટ્રાકટ" હેાંશથી વાંચવા માંડયું હતું. ત્યારે જ મેાન્ટેસ્કયુએ પણ પેાતાના "પરશિયન પત્રેા" પ્રગટ કર્યા હતા અને એ પત્રેામાંના



બે પરશિયન મુસાફરો આખા ફ્રેંચ સમાજની મજાક ઉડાવતા અને રાજની ઠેકડી કરતા, ફ્રાન્સમાં ઉથલપાથલ મચાવતા પેલા પત્રો મારફત ફરતા થઇ ગયા હતા. એ જમાના-માંજ રૂસો, "સ્પીરીટ ઓફ ધી લોઝ" લખતો હતો. અંગ્રેજ કાનૂન પ્રથાની પ્રશંસા કરતો, એ, ધારા ખાતાને, ન્યાય ખાતાને અને વહિવટી ખાતાને એકમેકથી સ્વતંત્ર બનાવવાની હિમાયત કરતો હતો. ત્યારેજ ટરગોટ અને દિદેરો નામના વિદ્વાનોએ જ્ઞાન-વિજ્ઞાનની જીવનભર ઉપાસના કરીને "એનસાઈકલોપીડીયા" નું નિર્માણ કર્યું હતું. તથા આવા મહાન ગ્રંથનું પહેલીવાર થવાનું પ્રકાશન ફ્રાન્સની ધરતી પર નૂતન પ્રકાશ પેદા કરવાનું હતું. આખો નૂતન જમાનો ઉગવાનાં અચૂક એંધાણ પર પોતાની રણખંજરી બજવતો, યુગવેગનો ઘડાયો હોય તેવો વોલ્તેર યુરોપનાં નગરોમાં માનીતો બની ચૂકયો હતો અને ફ્રાન્સ આખામાં એનાં નાટકો, નવા જમાનાને, પૂરજોશથી ભજવવા મંડી ગયાં હતાં.

આ જમાનામાં અથાગ શ્રમ કરતો વોલ્તેર દરેક પળે જીવતો, જીવન સાથે જીવન્ત રહેતો જણાતો હતો, અને જીવનની પળેપળનો હિસાબ ચૂકવતો હતો. એ કહેતો હતો કે "તમારી પળેપળનો હિસાબ ચૂકવો નહિં તો આપઘાત કરો." જીવનની એકે એક પળનો એ હિસાબ માગતો હોય તેમ જીવનની ઉષ્માથી ઉભરાતો વોલ્ટેર પોતાના જીવતરથી જ જાણે નવા યુગને ઉભરાવી દેતો હતો. આ વોલ્ટેર નામનો શબ્દ આખા ૧૮મા સૈકાનો અર્થ બનતો હતો. જીંદગી પણ એટલે જ વોલ્તેરની અંદર એક સૈકા જેટલી એટલે ૮૩ વર્ષ સુધી લંબાઈ ગઈ હતી. યુગવેગ જેવું આ જીવન એટલે જ અંદરથી તહીં રઝળતું રખડતું, દોડતું ફેંકાતું હતું, દેશવટે દેવાતું હતું, અને કારાગારમાં પણ હડસેલાતું હતું, તો પણ દિવાલો એને સંધરી શકતી ન હતી. રાજદરબારીઓ અને ધર્મ-ધૂરંધરો એને ધિક્કારતા હતા કારણકે ક્રાંતિની હિલચાલ માટે બંધાતા નવા રસ્તા પર એણે પ્રયાણ શરૂ કર્યું હતું. છતાં આ લોહચુંબક જેવા આદમીની આસપાસ રાજાઓની નજર પણ જામતી હતી. એના અવાજમાંથી રાજ-ગાદીઓ ધ્રૂજતી હોય તેમ લાગતું હતું. આખું યુરોપ એનો શબ્દ સાંભળવા અધીરૂં બનતું હતું. નિત્સેના શબ્દમાં કહીએ તો અટ્ટહાસ્ય કરતા સિંહ જેવો એ ઘૂમતો હતો અને મૂકત હાસ્યથી સૌને પરાજય પમાડતો હતો. એટલે તો

ફ્રાન્સનો શહેનશાહ ૧૬ મો લુઈ બૂમ પાડતો કહેતો હતો કે રૂસો અને વોલ્તેરે ફ્રાન્સનો વિનાશ કર્યો છે. લૂઈને મન ફ્રાન્સના નામની ખરી વાત તો એ હતી કે ફ્રાન્સની જીવનઘટના નવેસરથી વિચાર કરવા માંડી હતી અને વોલ્તેર આ નૂતન વિચારને ખોલી બતાવતો હતો. એણે લખેલાં લખાણોના ઢગલામાં એનો સૌથી મોટો ગ્રંથ ઇતિહાસ વિષેના ચિંતનનો હતો. એણે ઇતિહાસનું આલેખન કરતાં લખવા માંડ્યું કે 'આજ સુધીના બધા ઇતિહાસોએ લૂંટારાઓ અને રાજાઓના, યુદ્ધાઓ અને અપરાધોનાં વખાણ કરતા ઇતિહાસો જ લખ્યા છે. એણે જણાવ્યું કે મેં પોતે ઇતિહાસનું ચિંતન લખવું શરૂ કર્યું છે, તથા જીવન-વહિવટના બનાવોની નીચે રહેલી જીંદગીની હિલચાલની કેડીને મેં ઇતિહાસ તરિકે આલેખવા માંડી છે. આજસુધીના જુઠ્ઠાણાંથી ભરપુર એવી દંતકથાઓ જેવા ઇતિહાસ નાબૂદ થવા જોઇએ. એણે લખ્યું કે જૂના ઇતિહાસે મિથ્યા એવા ગંજીપાનાના મહેલ રચ્યા છે, તે હું દેખું છું ત્યારે મને તેમાં માનવ-સમુદાયોની હિલચાલમાં રહેતો સત્ય કથનનો એક કણ પણ દેખાતો નથી અને જૂઠાણાની મોટી મીસીસીપી નદી વહેતી દેખાય છે.'

આ સાહિત્ય સમ્રાટ નૂતન ઇતિહાસનો પહેલો ઇતિહાસ લેખક પણ બન્યો એણે દર વર્ષે ઇતિહાસ પર એકેએક ગ્રંથ પૂરો કર્યો. એણે રશિયાનો ઇતિહાસ લખ્યો. ચાર્લ્સ ૧૨માના સમયનું ઇતિહાસ કથન લખ્યું. ૧૪મા લૂઈના જમાનાનો ઇતિહાસ લખ્યો. ઇતિહાસ લખતો લખતો આ મહાનુભાવ બુદ્ધિના નૂતન આવિર્ભાવ જેવું કલેવર ધારણ કરતો હતો અને જાણે પોતાનો નવો જન્મ થયો હોય તેટલો આનંદ અનુભવતો હતો. આ બધું લખવા માટે તે પુસ્તકોના ઢગલા ઉથલાવતો હતો, હકિકતો મંગાવવા સેંકડો કાગળો લખતો હતો, અને દિવસ રાત અભ્યાસમાં મચ્યો પડતો હતો. હકિકતોના ઢગલામાંથી માનવજાતની હિલચાલનો, ઇતિહાસનો, અમર અને જીવન્ત સિદ્ધાંત એ શોધી કાઢતો હતો અને ઇતિહાસ સાથે લોક જીવનના તાણાવાણા મેળવતો હતો. જગત ભરના ઇતિ-હાસકારો માટે એ કહેતો હતો કે ઇતિહાસનો તત્વપદાર્થ લોક હિલચાલો, અને લોકસમુદાયોનાં જીવન પરિબળો છે, અને રાજાઓ નથી. જે ઇતિહાસ રાષ્ટ્રિય સરહદોમાં પૂરાઇ રહે છે અને વિજ્ઞાનની હિલચાલની કૂચ કદમને વખાણવાને બદલે લશ્કરોની કૂચકદમોનાં વખાણ કરે છે તે પણ ઇતિહાસ નથી. સાચો ઇતિહાસ તમામ રાષ્ટ્રોની એક અને સમાન માનવજાતની પ્રગતિનો ઇતિહાસ છે. એ કહેતો હતો કે એવો ઇતિહાસ લખવાનો મેં આરંભ કર્યો છે. એ ઇતિહાસ યુદ્ધોનો નથી, પણ માનવોની જીંદગીના સંસારનો ઇતિહાસ છે. આ સંસારમાં

તેમણે કલા, વિજ્ઞાન, સંસ્કાર, અને સંસ્કૃતિનાં સ્વરૂપો કેવી રીતે વિકસાવ્યાં તેનો ઇતિહાસ છે.

આ રીતે વોલ્તેરે ઇતિહાસનું પહેલું તત્ત્વચિંતન રજૂ કર્યું. એણે યુરોપની સંસ્કૃતિનો વિકાસ કેવા કેવા પ્રવાહોમાંથી વહેતો હતો તેનું આલેખન કર્યું. આ આલેખન વડે એણે ઇતિહાસના નૂતન શાસ્ત્રનો પાયો નાખ્યો. આ પાયા પર નવા ઇતિહાસકારોએ આગળ ચણતર કર્યું. આવા ઇતિહાસનાં કથનો એ વોલ્તેરના અનેક દુશ્મનો ઊભા કર્યા. ધર્મનો પાદરી એનો સૌથી મોટો દુશ્મન બન્યો. આ ઇતિહાસ કથનથી એણે યુરોપના અહમભાવી એવાં, સંકુચિત અને અવૈજ્ઞાનિક તથા અધિકારનાં પ્યાદાંઓ બનેલાં ઇતિહાસનાં આલેખનો કરનાર સૌને, છંછેડી મૂકયા. એણે ખ્રિસ્તીધર્મ, અને યુરોપની હિલચાલને, ચીન હિંદ અને પર્શિયાની હિલચાલ સાથે સરખાવતાં આ પ્રાચીન હિલચાલોને પેલી મહાન હિલચાલોના બાળફરજંદ જેવી ગણી બતાવી. એણે કહ્યું કે પૂર્વના પ્રદેશો ભૌગોલિક દૃષ્ટિએ જેટલા વિશાળ છે તેટલા ઇતિહાસની દૃષ્ટિએ વિરાટ અને મહાન છે. અને યુરોપની ઐતિહાસિક હિલચાલ તો એ વિરાટ પિતામહ દેશોનું હમણાં ગઈ કાલે જ જન્મેલું ફરજંદ છે. આવું લખનાર વોલ્તેર નામના યુરોપિયનને માફ કરવાનો અહમભાવી યુરોપે ના પાડી, અને ફ્રાન્સના શહેનશાહે ફ્રાન્સની ભૂમિ પર કદી પણ પગ નહિ મૂકવાનું તેને ફરમાન કર્યું.

પણ ઇતિહાસની એની નૂતન દૃષ્ટિએ વોલ્તેરને આંતરરાષ્ટ્રિય નાગરિક બનાવી દીધો હતો. પોતાના ઇતિહાસના આલેખનમાં એણે બતાવ્યું છે કે દેશભક્તિનો આજનો ખ્યાલ એવો દુષિત બની ગયો છે કે દેશભક્ત જેટલો પોતાના દેશનો ભક્ત હોય છે તેટલો બીજા દેશોને ધિક્કારનારો હોય છે. સાચી દેશભક્તિ તો એ જ છે કે જે વિશ્વનાગરિક બનીને વ્યક્તિને જગતના તમામ રાષ્ટ્રો તરફના અનુરાગથી ઉભરાવી શકે. આવો દેશભક્ત અથવા વિશ્વનાગરિક, એક રાષ્ટ્રની બીજા રાષ્ટ્રના વ્યવહારમાં થતી દરમ્યાનગીરીને અથવા આક્રમણને એટલે કે સામ્રાજ્યવાદી યુદ્ધને કદી ટેકો આપી શકે જ નહીં. આ ઇતિહાસ દૃષ્ટિએ વોલ્તેરને યુદ્ધ વિરોધી બનાવ્યો. એણે કહ્યું કે કોઈપણ રાષ્ટ્રનો સૌથી મોટો અપરાધ આક્રમણ અથવા યુદ્ધ જ છે. આમ છતાં પણ દરેક આક્રમક દેશ પોતાના આક્રમણને ન્યાયી ઠેરવવાને માટે રાષ્ટ્રવાદી, વિતંડાવાદ કરતો હોય છે. સૌ સંસ્કૃતિનો કાનૂન એ છે કે મનુષ્યે મનુષ્યની હિંસા કરવી નહી અને છતાં પણ એક ખૂન કરનારને જ્યારે દંડવામાં આવે છે ત્યારે રાષ્ટ્રવાદના નામમાં આક્રમણ કરનારા ખૂનીઓ, રણશિંગા વગાડીને સંહાર કરે છે. આ ખૂનીઓનો અપરાધ વખાણવામાં આવતો હોય છે. આક્રમક યુદ્ધ સામેનું આવું

ભવ્ય દર્શન કરાવીને વોલ્તેરે વિશ્વઇતિહાસના આલેખનને નૂતન ઇતિહાસ દૃષ્ટિ વડે સંસ્કૃતિ સાથે જોડયો છે. †

નૂતન ઇતિહાસ દૃષ્ટિના આ મહાનુભાવને તરંત્રવાદીઓમાં શ્રદ્ધા નહોતી. ઇતિહાસના આલેખનમાં એણે કહ્યું કે કાયદાશાસ્ત્રીઓ અથવા રાજ્યના અધિકારીઓ કદી પણ નૂતન રાષ્ટ્ર કે નૂતન જગતને ઘડી શકવાના નથી. માનવસમાજ તો સમયની સંસ્કૃતિની થતી ઉર્ધ્વગતીનો વિકાસ છે. આ વિકાસ કોઇ ગણિત કે ભૂમિતિનો સિદ્ધાંત નથી કે કોઈ "ફોર્મ્યુલા" ની જેમ ગણિતના આંકડા પર માનવસમાજનો ઐતિહાસિક વિકાસ રચાતો નથી હોતો. આ વિકાસનું સક્રિય સ્વરૂપ તો માનવસમાજની જીંદગીના રોજબરોજના વહિવટી ભૂતકાળના પાયા પર ઉભું હોય છે, અને તેના ઉપર જ વિકસતું હોય છે. આ ભૂતકાળને જો આગલે દરવાજેથી ફેંકી દેવાનો પ્રયાસ કરવામાં આવે છે તો પાછલે દરવાજેથી પણ તે પેસી જતો હોય છે. માનવ વિકાસના ઇતિહાસનાં આ સક્રિય સ્વરૂપનો ક્રિયા હેતુ માનવસમાજના જીવનવહિવટમાંથી દુઃખ અને અન્યાયને નાબૂદ કરવાનો હોય છે.'

આવું ઇતિહાસ દર્શન કરતો દૃઢ વોલ્તેર પોતાની માતૃભૂમિના ભાવિમાં નજર નાખતો કહેતો હતો "કે ફ્રાન્સની ભૂમિ પર ક્રાંતિનાં બિજકો નખાઇ ચૂકયાં છે. એ ક્રાંતિ હવે આ ફ્રેંચ ભૂમિ પર ઉગી નીકળશે. પણ મને ખેદ થાય છે કે તેને દેખવાનો આનંદ મને નહિ મળી શકે. આ ક્રાંતિના પ્રકાશનો પ્રવાહ એક ઘર પરથી બીજા ઘર પર ફેલાતો હું દેખી શકું. પણ જ્યારે આ પ્રકાશનું પૂર ઉછળશે અને કદી નહિ થયેલી એવી હિલચાલ, હચમચી ઉઠશે

† "Twenty years are required to bring man from the state of a plant, in which he exists in the womb of his mother, and from the state of an animal, which is his Condition in infancy, to a stae in which the maturity of reason, begins to make itself felt. thirty Centuries are necessary in which to discover even a liltle of his structure, and eternity would be required to know any thing of his soul, But one moment suffices in which to kill him.' Voltaire

ત્યારે હું નહિ હોઉં.' આજે જે જુવાનો છે તે નસીબવાન છે, કારણ કે ક્રાંતિનો સુંદર દેખાવ તેઓ દેખી શકશે.

પછી આ મહાનુભાવ પોતાની હૃદયમથી ઉઠેલી કાયાને સંકેલીને ઉભો થઈ ગયો. અને પોતાની ગાડીને ફ્રાન્સ તરફ હંકાવતો બોલ્યો ' મને મારી માબોમ યાદ આવી ગઈ છે. મારા પાટનગરમાં પહોંચ્યા વિના મરણ પામવાનો હું ઈન્કાર કરું છું.' અને પછી કંટાળાથી ભરેલા એક પછી એક માઈલ પર વોલ્તેરની જીવનવહેલ આંટા દેતી પેરિસનગરમાં આવી ગઈ. એણે પોતાની ગાડી સિધી ડી આર્જેન્ટલ નામના પોતાના મિત્રના ઘર તરફ હંકાવી અને ઘરમાં પેસતાં જ મિત્રને કહ્યું કે ' દૈશવટાના કાનુનનો ભંગ કરીને હું અહિં પહોંચી જાઉં ત્યાં સુધી મોતને મોકુફ રાખીને હું છેવટે આવી પહોંચ્યો છું.'

૮૪ વર્ષની આ ઐતિહાસિક જીંદગીનું માન કરવા તે દિવસે આર્જે-ન્ટલના ઘર પર ૩૦૦ મુલાકાતીઓ એક જ દિવસમાં આવી પહોંચ્યા. આ મુલાકાત દેનારાઓમાં બેન્જમીન ફ્રેંકલીન નામનો મહાન અમેરિકન પોતાના ખભા પર પોતાના પૌત્રને બેસાડીને દોડી આવ્યો હતો. એણે વોલ્તેરને કહ્યું કે આ પૌત્રને આશિર્વાદ આપો.

પણ હવે મોત આવી પહોંચ્યું. વોલ્તેરનો કબજો મરણ લઇ લે તે પહેલાં ભાવિક મિત્રોએ એક વડા પાદરીને છેવટના આશિર્વાદ આપવા અને સ્વર્ગમાં જવાનો પરવાનો આપવા અંદર આણ્યો. મોતને હડસેલો મારતા વૃદ્ધે આંખ ઉંચકીને પાદરીને પૂછ્યું ' તમે કયાંથી આવો છો ? ' પાદરીએ જવાબ દીધો કે ' ભગવાનના દેવળમાંથી, વોલ્તેરે કહ્યું કે ' સબૂત લાવ્યા છો ?'

મોત ઉતાવળ કરતું હતું એટલે વોલ્તેરે પોતાનું વસિયતનામું લખવા પોતાના મંત્રીને ઇશારો કર્યો અને લખાવ્યું " મારા મિત્રો તરફ અનુરાગવાળો અને મારા દુશ્મનોને નહિ ધિક્કારનારો પણ વહેમનો વિરોધ કરનારો હું ઇશ્વરની આરાધના કરતો મરણ પામું છું.' આ વસિયતનામા નીચે પોતાની સહી કરીને ઈ. સ. ૧૭૭૮ના ફેબ્રુઆરી મહિનાની ૨૨ મી તારીખ એણે નોંધી અને આંખો મીંચી દીધી.

વોલ્તેરયુગનો સાથી, દિદેરો

વોલ્તેરે ફ્રાન્સના જીવનમાં અને યુરોપભરમાં વિચારની એક નવી હિલ ચાલ જગવી મૂકી. બધી જુની સંસ્થાઓ અને જુના જમાનાના ઝંખો,



નિષ્ઠાજ્ઞાનો, અધુંજ આ યુગના સાવરણા નીચે આવી ગયું. રજવાડીશાહીના ખ્યાલોને વળગી રહેલી બધી ખ્યાતિ આ ઝપાટા નીચે ભાંગી પડી. માનવ-સમાજ ઘટનાની કાયાપલટ માટે જે સાફસુફીની જરૂર હતી તે બધી આ વોલ્તેર યુગે ધારણ કરી, વિચારોમાં પલટો લાવવાની જે ઝુંબેશ જોન લોકે શરૂ કરી હતી તે ફ્રાન્સમાં વોલેતરના જમાનાએ વિકસાવી.

હવે નવા જમાનાને આવ્યા વિના છૂટકો નહોતો. હવે સામાજિક ક્રાંન્તિનું હવામાન સરજાઇ ચૂકયું હતું. આ હવા માનમાં 'એનસાઇકલોપીડીસ્ટ'ના નામથી ઓળખાતા તેજસ્વી લેખકોનું એક જૂથ દિદેરોની આગેવાની નીચે નવી દુનિયા સર્જવાનું લખાણ લખવા મંડી ગયુ હતું. આ મંડળે દિદેરોની આગેવાની નીચે યુરોપના જ્ઞાનભંડારને વ્યવસ્થિત રૂપ આપવાનું ભગીરથ કામ પહેલીવાર આરંભ્યું. દિદેરોએ 'એ' અક્ષરથી શરૂ કરીને જ્ઞાનનો એનસાઇકલોપીડીયા લખવો આરંભ્યો. એ. થી શરૂ કરીને 'ઝેડ' સુધી પહોંચતાં એને વીશ વરસ લાગ્યાં. આ ભગીરથ એવા જ્ઞાન વ્યવસાયને લઇને એણે આખા જુના જગતનો કોપ વહોરી લઈને વીસ વરસની અનંત જેવી મજલ ખેડી નાખી.

જીવનની જૂની ઘટનાએ એટલા માટે આ જ્ઞાનયોગીનો વિરોધ કરવામાં બાકી ન રાખી. છતાં એણે જ્ઞાન સાધનાનો અવિરતવેગ, એક ગરીબ ઘરમાં ગરીબ ખોરાક લઇને, એક મેજ અને પુસ્તકોના ઢગલા વચ્ચે જીવીને જળવી રાખ્યો, અને જૂના જગતના અધિકારીઓ તરફથી આવતી ઝડતીઓ, વગેરે આફતોને સહ્યા કરી.

છેવટે એનસાઇકલોપીડીયા તૈયાર થઇ ગયો. એની આસપાસ નવા જગતનાં કાર્યકરો અને ધડવૈયાં એકઠાં થયાં. આ એનસાઇકલોપીડીયા, નૂતન જગતની જ્ઞાન કિતાબ બનીને નિત્ય નૂતન બનીને નવીનતાને નવાજી રહ્યો.

'પણ કોણ છે આ દિદેરો! જેણે જૂના જગતને ઉપરતળે કરી નાખીને જ્ઞાન કિતાબનું નૂતન રૂપ ઘડવા માંડ્યું છે, એમ ત્યાર પછી સૌ કોઇ પૂછવા લાગ્યું હતું. આ મહાન ગ્રંથની ચાર હજાર નકલો જોતજોતામાં ખરીદી લઇને નવા જગતે તેની કદર કરી હતી, અને વીશ વરસની જ્ઞાન સાધના પાછળ ઉભેલો

હિંદેરો ગરીબ વસ્ત્ર પહેરેલો, ગરીબ ઘરમાં રહેતો, નૂતન જગતનો લાડીલો બની જતો હતો.

૧૯ મા સૈકાનું સાધનસંપન્ન સ્વરૂપ

આપણા જગતને સાધનસંપન્ન બનાવનાર ઓગણીસમું જે સ્વરૂપ લાખો વર્ષ પહેલાંના જંગલ જેવા જગતમાં જીવતા શોધક માનવીએ આપણને દીધું



હતું તે માટે તેના તરફ આજે પણ આભારની લાગણી પેદા થાય છે. આ આદિ શોધકે નાળીયેરને ભાંગવા પથરો વાપરવાની શોધ કરી હશે. કાંઈ પથરાને ઉપાડવા અણિદાર લાકડીની શોધ કરી હતી. આ પહેલી શોધને આપણે ઘણું અથવા 'હેનર' ની શોધ કહી શકીયે, અને બીજી શોધને આપણે 'લીવર' અથવા ઉચ્ચાલન કહી શકીયે. આ રીતે માનવસમાજમાં સાધનોની અનેક હથિયારોની શોધ થઈ. ત્યાર પછી અનેક વરસો પછી તે આપણા વખતી ગણ. છેલ્લે માનવ સંસ્કૃતિએ વિજળીની શોધ કરીને આપણું જગત ઉજળું બનાવી દીધું.

યંત્રોનો યુગ આવી પહોંચ્યો

આવી નમ્ર શરૂઆત પછી આપણે ત્યાં, યંત્રોનો યુગ યુરોપના જગતમાં ઉત્થાનયુગની સાથે સાથે શરૂ થયો. ઉત્થાનયુગના પ્રારંભનાં લોખંડ અને કોલસો મુખ્ય બન્યાં. આ યુગના આરંભનું લોખંડનું ચાલતું બાકું અને 'પેડલ વ્હીલ' શોધી કઢાયાં. વરાળની ચાલકો પંપ, બાષ્પોમાં ઉપયોગમાં આવ્યો. ઈ. સ. ૧૭૦૭માં જેમ્સ વૉટે જગતને પોતાનું પહેલું એન્જીન આપ્યું. ઈ. સ. ૧૭૦૭ માં જેમ્સ હારગ્રીવે સ્પીનીંગજેનીનો પેટન્ટ લીધો અને ઈ. સ. ૧૭૭૯ માં જહોન કે, એ, ફ્લાયીંગશટલ શોધી કાઢયું, તથા આર્કરાઈટે 'વીવીંગ મશીન' શણયંત્ર, શોધી કાઢયું. નેપોલિયનના સમયમાં જ રોબર્ટ ફુલ્ટન નામનો વૈજ્ઞાનિક નેપોલિયનનો સમકાલીન હતો કે અંગ્રેજી કાફલાનો નાશ કરવા માટે પાણીની અંદર ચાલતી બોટની શોધ આપણે કરવી જોઇએ. પછી ઈ. સ. ૧૭૯૮ માં પાણી પર સ્ટીમર પણ દોડતા મૂકી. આ

૧૯ મા સૈકામાં જ સેમ્યુઅલ મોર્સ નામનો એક કલાકાર વિજળીના તારના ગુંચળાને ભેગાં કરીને પહેલો ટેલિગ્રાફ બનાવતો હતો અને અમેરીકાની ભૂમિ પર બાલ્ટીમોર અને વૉશિંગ્ટનની વચ્ચે ઇ. સ. ૧૮૪૪ માં પહેલી ટેલિગ્રાફિક વાતચીત શરૂ થતી હતી. આ બનાવ બન્યા પછી ત્રીસ વર્ષે એલેકઝાન્ડર-ગ્રેહામ-બેલ ટેલિફોનની શોધ કરતો હતો અને ત્યાર પછી થોડાજ સમયમાં જગદીશચંદ્ર બોઝ કલકત્તા નામના નગરમાં વિજળીના તાર વિના વાત કરી શકવાનો પ્રયોગ અંગ્રેજી ગવર્નરની હાજરીમાં પૂરવાર કરતો હતો.

સામાજિક વિજ્ઞાનની આગેકુચ

આમ યુરોપની ધરતી પર જ્યારે માનવ સમાજને તાબૂમ કરી નાખતું તથા જીવન વ્યવહારના સ્વરૂપને પલ્ટી નાખતું ભૌતિક વિજ્ઞાન પૂરપાટ દોડ્યે જતું હતું ત્યારે, સામાજિકજ્ઞાન પણ પાછળ રહી ગયું નહતું. એણે પણ દોડવાનું શરૂ કરી દીધું હતું. આ સામાજિક વિજ્ઞાને નવા નવા પ્રયોગો સમાજની પ્રયોગશાળા પર કરવા માંડ્યા તથા જીવનવ્યવહારની અંદર ઉથલ પાથલ આરંભી દીધી હતી. માનવસમાજમાં એકવાર દેખાતાં ગુલામ જેવાં માનવ સ્વરૂપો અને ગુલામીના સંજોગો લય પામી ગયા હતા અને શ્રમ માનવોના સમુદાયોનું સ્વરૂપ હાલી અથવા "સર્ફ" બન્યું હતું. જોતજોતામાં તો આ "સર્ફ" પણ મધ્યમ વર્ગી વ્યાપારીઓની આગેવાની નીચે ક્રાંતિનો ઝંડો ધારણ કરીને ફ્રેંચ ક્રાન્તિ કરતો દેખાતો હતો. વ્યાપારી સમાજની નવી વાણિજ્ય નીતિને આ સર્ફ માનવી અપનાવતો હતો. હકરાતશાહીની વંડીઓ ધરાશાયી બની જતી હતી. રાજાઓના કસુંબા ચોળતા જલસાઓ શમી જતા હતા અને યુરોપ પરનો ઉત્થાનયુગ નૂતનજગત રચવાની હાકલ કરતો હતો. જોતજોતામાં તો નૂતન જગત રચાયું. રિતરિવાજો પહેરવેશો વાહનવ્યવહારો બધું જ બદલાયું. રજવાડી જીવનપ્રથાનું શમન થઈ ગયું હતું, અને યુરોપિય જગત પર નૂતનયુગનાં મંડાણ થયાં હતાં. આ નૂતનયુગનું નામ મૂડીવાદી જીવનયુગ પડ્યું. આ નૂતનયુગમાં નવી નિશાળો અને નવાં દવાખાનાં ખૂલ્લાં મૂકાયાં. તથા નવા રાજકારણનું નવું અર્થશાસ્ત્રપણ રચાવા માટેનાં બધાં કારણો જીવન વ્યવહારમાં દેખાયાં.

સામાજિક ક્રાંતિનું નવું અર્થકારણ

આ નવા વૈજ્ઞાનિક જમાનાએ વિશ્વઇતિહાસમાં કદી નહિ બનેલી એવી એક બાબત બનાવી દીધી. આ નવી બાબત વૈજ્ઞાનિક યંત્રોની મદદવડે ઉત્પાદનના ઢગલાઓ વધારી દેવાની હતી. યંત્રો ઉત્પાદનના ઢગલા બનાવતાં હતાં, અને યંત્રોને શ્રમમાનવો પોતાના શ્રમ વડે ચલાવતાં હતાં. આ શ્રમ માનવોને કામ

કરવા માટે રજવાડી જમાનાની વેઠ મારફત હવે પકડીને લાવવામાં નહોતાં આવતાં. આ શ્રમ માનવો પણ આઝાદ બનેલા માનવસમાજ પર આઝાદ હતાં. આ શ્રમમાનવો પોતાની આઝાદીનો ઉપયોગ પોતાની મજુરીને વેચવામાં કરતાં હતાં. સ્ત્રી પુરુષ અને બાળકો પોતાની રોજની મજુરીને દામ અથવા રોજી નક્કિ કરીને વેચતાં હતાં.

આ નવા જમાનાનું એવું, આઝાદ અથવા ખૂલ્લું બજાર વ્યાપક બન્યું હતું, જેમાં સ્વતંત્ર મજુરો સ્વતંત્ર રીતે મજુરી વેચતાં હતાં. આ બજારવાળી જીવન પ્રથાનું નામ મર્કેન્ટાઇલ સીસ્ટીમ હતું. આ જીવનપ્રથાનો સિદ્ધાંત એવો હતો કે સરકારે વાણિજ્ય સ્વરૂપના જીવનવહિવટને સંપૂર્ણ આઝાદી આપી દેવી જોઇએ તથા તેના વ્યવહારમાં કોઇ પણ ઠેકાણે આડે આવવું જોઇએ નહિ.

ફ્રેંચક્રાંતિ પહેલાં આ નવા અર્થશાસ્ત્રના સિદ્ધાંતનો પ્રણેતા ટર્ગોટ નામનો એક અર્થશાસ્ત્રી જન્મી ચૂકયો હતો. આ અર્થશાસ્ત્રી ૧૬મા લુઇના સમયમાં એક વખતે પ્રધાન પણ હતો. એ કહેતો હતો કે વાણિજ્ય જીવનના વહિવટમાં વિશ્વાસ રાખીને તે વહિવટ જેમ વિકસે તેમ તેને વિકસવા દો. એના આ સિદ્ધાંતનું નામ " લેઇસેઝ ફેર " પડયું. આ સૂત્રવાળા સિદ્ધાન્તોને પોતાનું ક્રિયાસૂત્ર બનાવીને વાણિજ્ય નીતિના અર્થશાસ્ત્રીઓ આ સૂત્રવાળા સિદ્ધાંતની આગળ પાછળ અર્થશાસ્ત્રો રચવા માંડયા હતા.

આદમ સ્મીથ નામનો એક, આ જમાનાનો અર્થશાસ્ત્રી પોતાના " વેલ્થ ઑફ નેશન્શ " નામના મહાગ્રંથની રચના કરતો હતો. આ ગ્રંથમાં એણે વાણિજ્યના અધિકારોની સ્વાભાવિકતાને પ્રતિપાદન કરી હતી.

નવા જમાનોનો નવો સવાલ

પણ આ નવા અર્થશાસ્ત્રવાળો નવા જમાનાનો નવો સવાલ યુરોપના દેશોમાં ઉભો થયો. યંત્રો અને કારખાનાના માલિકોએ ઉત્પાદનોના ઢગલા કરીને પોતપોતાના રાષ્ટ્રોમાં પોતપોતાની દોલતના ઢગલા બનાવવા માંડયા. દોલતમંદોના અને વેપારીઓના નવા વિકસતા સમાજે દોલતની તાકાત વડે રાજાઓને હરાવીને પોતાની સરકારો અથવા પોતાના જ અધિકારોની સરકારો બનાવવા માંડી હતી. આ સરકારોએ પોતપોતાને ત્યાંની વાણિજ્ય નીતિને અને યંત્રો તથા કારખાનાંના માલિકોને માટે, શ્રમમાનવો પાસે વધારેમાં વધારે કામ લઇને તથા વધારેમાં વધારે કલાકો કામ લઇને તેમને ઓછામાં ઓછી રોજી અથવા ઓછામાં ઓછો મજુરીનો દર આપવાની છૂટ આપી હતી. એટલે

એક તરફ જેમ ઉત્પાદનો અને દોલતોના ઢગલા વધતા ગયા, તેમ બીજી તરફ ગરીબ લોક સમુદાયો અથવા શ્રમમાનવોનાં દુઃખ, દરદ, ગરીબાઈ, યાતનાઓ અને તેમના પરનાં પિડનો પણ વધતાં જ ગયાં.

ઇ. સ. ૧૮૩૧ માં જેરેની બેન્થામ નામના એક અંગ્રેજી વકીલે પોતાના એક મિત્રને લખ્યું કે "પોતે સુખી થવાનો રસ્તો બીજાને સુખી બનાવવામાં છે, બીજાને સુખી બનાવવા માટે આપણે તેમના પર પ્રેમ કરવો જોઇએ, અને પ્રેમ કરવો એટલે પ્રેમનો વિચાર નહિ પણ કાર્ય કરવું." આવો તે જમાનામાં માનવમાત્રનું ભલું કરવાનો એવો એક ભવ્ય ખ્યાલ હતો, છતાં ય જગતનો આર્થિક વહિવટ માનવ માનવ વચ્ચેની બંધુતાના વહિવટનોજ વિરોધી હતો. આ વહિવટે જીવનવ્યવહારનો કાનૂન આર્થિક આઝાદી અથવા "લેઇસેઝ ફેર" નામનો ઘડયો હતો. આર્થિક આઝાદીનો આ કાનૂન બેફામ રીતે કહેતો હતો કે કારખાનામાં મજુરીના કલાકોની સંખ્યા કામ કરવાને મજુરોની તાકાતની છેલ્લી હદ સુધીની રાખીને તેમને લાંબો સમય કામે રોકવાં જોઇએ. કોઈ સ્ત્રી પુરુષ કે બાળક મિલના સંચા પાસે કામ કરતાં કરતાં બેભાન ન બની જાય ત્યાં સુધી કામ કરવા માટે તે આઝાદ હોવાં જોઇએ. આવું કામ કરવાના બદલામાં તે સમયમાં મજુરોને પેટ પૂરતી રોજી મળતી ન હતી, તથા તેમને જીવનધારણ કરી રાખવા માટેનાં ઓરડાં, જેમાં કુતરાઓ પણ ન રહી શકે તેવાં કંગાલ એવાં ઘરો મળતાં હતાં. નાનાં નાનાં બાળકોને પણ આવી જીવલેણ મજુરીમાં રોકવામાં આવતાં અને કહેવામાં આવતું હતું કે જેમ સ્ત્રી અને પુરુષો તેમ બાળકો પણ કામ કરવા માટે સ્વતંત્ર હોવાં જોઇએ.

આવો "લેઇસેઝ ફેર" નામનો આર્થિક કાનૂન હતો. આ કાનૂન કરનારી પાર્લામેન્ટમાં માલિકોનું પરિબળ મોટું હતું. સ્ત્રીઓ અને મજુરોને પાર્લામેન્ટમાં ચૂંટાવાનો અધિકાર પણ હતો નહિ. ઇ. સ. ૧૭૩૨માં પસાર થયેલા રીફોર્મ બિલે જમીનદારો ઉપરાંત કારખાનાના માલિકોને જ પાર્લામેન્ટમાં ચૂંટાવાનો અધિકાર આપ્યો હતો.

શ્રમ માનવોની હિલચાલ

પછી અંગ્રેજી મજુરોએ મતાધિકાર મેળવવા માટેની હિલચાલ શરૂ કરી. આ હિલચાલમાં એમણે પાર્લામેન્ટ સમક્ષ પોતાને માટેનો મતાધિકાર માગતું એક અધિકારપત્ર રજૂ કર્યું. આ અધિકારપત્રનું નામ "પીપલ્સ ચાર્ટર" હતું અંગ્રેજી માનવજાત માટે સૌથી મોટા સમુદાયના આ મતાધિકારની લડત લાંબો વખત ચાલી.

પણ અંગ્રેજી જીવન રચનાએ ચારટીસ્ટ હિલચાલનું કંઈ સાંભળ્યું નહીં. છતાં આ હિલચાલે બતાવી આપ્યું કે જે આઝાદીની અને લોકશાહીની યુરોપનો માનવસમુદાય ઝંખના કરે છે તે તો આવી જ નથી.

આ સવાલને જ અંગ્રેજી સમાજના ત્યારના જમાનાના બુદ્ધિમાનો પોતાના મગજમાં ઉપરતળે કરતા હતા. તેમની નજર સામે, વૈજ્ઞાનિક અને ઔદ્યોગીક યુગના પ્રતાપ અને તાકાતની પાછળ માનવસમુદાયો માટે ગરીબાઈમાં બદ્દતર જીવન દેખાતું હતું. કોઇ કહેતા હતા કે યંત્ર આ પરિસ્થિતિનું કારણ છે તો કોઇ કહેતા હતા કે યંત્રની બાનગી માલીકી આ બધા માટે જવાબદાર છે. આવાં નિરાકરણો પર આવીને કોઇ મજુરોની સ્થિતિ સુધારવા માટે તેમનાં મંડળો રચતા હતા તો કોઇ તેમને માટે દિવ્યજીવનના તરંગો રચીને દીવાસ્વપ્નો આલેખતા હતા. આ બધી મથામણ પાછળ યુરોપના જીવનની વિચારણામાં સ્થાપિત થયેલો ફ્રેંચક્રાન્તિએ જાહેર કરેલો માનવમાનવ વચ્ચેની સમાન બંધુતાનો સિદ્ધાંત હતો. આ સિદ્ધાંતને ઝોડી શકાય તેમ હતું જ નહીં. એટલે શ્રીમંત અને ગરીબ તથા માલીક અને મજુર વચ્ચે જીવનના રોજના વહિવટમાં સમાનબંધુતા કેવી રીતે નક્કર હકીકત બની શકે તે કોયડો તેમને મૂંઝવતો હતો.

એ મૂંઝવણના જવાબમાં જ હોય તેમ સુધારકો, સુધારાઓ સૂચવતા હતા. સરકારોને, સુધરેલા કાયદાઓ કરવાની અને એ રીતે સમાજ વ્યવહારની ગાડીનાં બન્ને પૈડાંની ચાલ સમાંતર બનાવવાની અપીલ કરતા હતા.

આ બધી અસરો નીચે ઇગ્લેંડમાં રોબર્ટ ઓવેનો પોતાની માલીકી નીચેની કાપડની મીલોમાં એક 'સોસીયાલીસ્ટીક કોમ્યુનીટી "ની રચના કરી. એજ રીતે લુઇ બ્લાંક નામના એક ફ્રેંચ પત્રકારે ફ્રાન્સપર " સામાજિક કારખાનાંઓ " યોજવાનો પ્રયત્ન કર્યો.

અમેરિકાનાં સંયુકત સંસ્થાનોના આંતરવિગ્રહનું અર્થકારણ.

આઝાદી પછીના નૂતન અમેરિકન દેશનું નામ તો હતું સંયુક્ત સંસ્થાનો પરન્તુ તેના જીવનવહિવટનું રૂપ આંતરવિગ્રહનું હતું. આ આંતરવિગ્રહનું કારણ આ સંસ્થાનોમાં ઉત્તર અને દક્ષિણનાં સંસ્થાનોનો ભિન્ન એવો આર્થિક જીવન વ્યવહાર હતો. ઉત્તરનાં સંસ્થાનોમાં ઉદ્યોગ વધારે હતો તથા તેમાં મુક્ત એવા ગોરા મજુરો વધારે હતા. દક્ષિણના સંસ્થાનોમાં જમીનદારીનું આર્થિકરૂપ મુખ્ય હતું તથા ગોરા જમીનદારોની બધી જમીન ખેડનારાં કાળાં ગુલામો

હતાં. ઉત્તરનો અમેરિકન માલીક સમાજ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને બેંકરોનો બનેલો હતો તથા, દક્ષિણનો અમેરિકન માલીક સમાજ, જમીનદારોનો બનેલો હતો. સંયુકત સંસ્થાનોના, આ બન્ને વિભાગોનુંરૂપ ભિન્ન અથવા વિરોધી હતું. ઉત્તરનું જીવન વહિવટનું આર્થિક સ્વરૂપ કારખાનાંઓમાં ઉદ્યોગનો વિકાસ કરવા ગુલામો નહીં પણ મુક્ત એવાં મજુરોનો શ્રમ માગતું હતું, જ્યારે દક્ષિણ વિભાગના જમીનદારીસ્વરૂપને પોતાના શ્રમ કરવા માટે મજુરોનું ગુલામોનું સ્વરૂપ જ જોઇતું હતું. આવા અર્થ-કારણવાળો સવાલ હવે સંયુકત સંસ્થા-નોની કોંગ્રેસમાં કયારનો ય આવી પહોંચ્યો હતો. આ કોંગ્રેસમાં જ ઉત્તર અને દક્ષિણ એ વિભાગો પડી જઇને ગુલામીની પ્રથાનું, અથવા મજુરીનુંરૂપ આઝાદ બનાવવું કે ગુલામ રાખવું તે સવાલ ચર્ચાતો હતો. આ સવાલમાં ઉત્તરના પ્રતિનિધિઓ ગુલામીની પ્રથા નાબૂદ કરવા માગતા હતા અને દક્ષિણના પ્રતિનિધિઓ તેને ચાલુ રાખવા માગતા હતા. સમય જતો ગયો તેમતેમ સવાલ ઉગ્ર બનતો ગયો. પછી ગુલામીની પ્રથાને ચાલુ રાખવા માગતાં દક્ષિણનાં સંસ્થાનો સંયુક્ત સંસ્થાનોમાંથી છુટાં થઇ જવા અને પોતાનો જીવનવહિવટ પોતાની રીતે ચલાવવા તથા પોતાનું જૂદું રાજ્ય કરવા તૈયાર થઇ ગયાં.



પરંતુ તો તો, એક દેશના બે દેશ બની જાય. એવું થાય તો તો, બે વિરોધી દેશો એકબીજાની સામે આખરે તો લડી જ પડે. એવું થવા દેવાય તો તો દક્ષિણ અને ઉત્તરના વિગ્રહને ફાયદેસર કર્યો કહેવાય. એટલે, સંયુક્ત સંસ્થાનોની કોંગ્રેસે, ઠરાવ કરીને દક્ષિણનાં સંસ્થાનોને જુદાં પાડવાની મના કરી તથા ગુલામોની પ્રથાને બંધ કરવાની જાહેરાત કરી.

દક્ષિણનાં સંસ્થાનોએ આ ચૂકાદાનો અસ્વીકાર કર્યો તથા યુદ્ધની તૈયારી કરી. ત્યારે આ કટોકટિના સમયનો, અમેરિકન કોંગ્રેસનો પ્રમુખ અબ્રાહામલિંકન હતો. લિંકને ગુલામોની મુક્તિની જાહેરાતનામું બહાર પાડયું. ત્યારે ઇ. સ.

૧૮૬૧ના એપ્રિલની ૧૨મીએ આ બન્ને સંસ્થાન વિભાગો વચ્ચે પેલા સવાલના નિકાલ માટે યુદ્ધ સળગી ઉઠ્યું. આ આંતરવિગ્રહ ઇ. સ. ૧૮૬૫ના એપ્રિલમાં પુરો થયો. દક્ષિણ સંસ્થાનોનો એમાં પરાજય થયો અને ઉત્તરનાં સંસ્થાનો વિજય પામ્યાં. દક્ષિણનાં સંસ્થાનોનો સેનાપતિ જનરલ લી, ઉત્તરના સેનાપતિ જનરલ ગ્રાન્ટને શરણે આવ્યો. બન્ને પક્ષે લાખો માણસોનો સંહાર થયો તથા એકલા દક્ષિણનાં સંસ્થાનોની માલ મિલ્કતને થએલું નુકસાન, ૮,૦૦૦,૦૦૦ મિલિયન ડોલરનું આંકાયું. અબ્રાહામ-લિંકનના પ્રમુખપદે અમેરિકન રાષ્ટ્રે જાણે બીજી ક્રાન્તિ કરી નાખી. આ ક્રાન્તિનું કારણ અમેરિકા પર આવી પહોંચેલો ઉદ્યોગવાદ અને નૂતન અર્થઘટના હતાં. આ ક્રાંન્તિએ ગુલામીની પ્રથાને નાબૂદ કરી.



ત્યાર પછી અમેરિકામાં આગળ શું ચાલતું હતું ?

અમેરિકામાં હવે ગુલામો નહિ રાખવાનો કાયદો થઇ ગયો હતો. અમેરિકાએ સ્વતંત્રતાનો કાયદો પણ પસાર કર્યો હતો. અમેરિકાની ધરતી પર શ્રીમંતોની મૂડી અને મજૂરોની મજૂરીથી મોટા ઉદ્યોગો શરૂ થઇ ગયા હતા. અમેરિકાના શ્રીમંતો વધારે શ્રીમંત બન્યા હતા. અમેરિકાનાં નગરો દોલતથી ઉભરાવા માંડ્યાં હતાં. અમેરિકાનું ચલણી નાણું બનેલો ડોલરનો સોનાનો સિક્કો, ઉદ્યોગવાળો બનીને અનેક ગણો વધ્યો હતો. અમેરિકન સોનેરી દેશ, ડોલર દેશ કહેવાયો. ડોલર દેશ પર ૧૮૮૦ની સાલમાં જ એક લાખ માઇલ પર આગગાડી દોડતી થઈ ગઇ અને ૧૯૨૦ સુધીમાં તો બે લાખ અને સાઠ હજાર માઇલ પર રેલવેઓ નંખાઇ ગઈ. ઉદ્યોગવાદ આખા અમેરિકા પર પથરાઈ ગયો. આખા અમેરિકાના ઉદ્યોગો દોલતના ઢગલા ખડકવા માંડ્યા. અમેરિકાના સૌથી મોટા ઉદ્યોગપતિઓની ગગનચુંબી ઇમારતો જ્યાં હતી, તેમાં રહેનારા કાર્નેગીઓ, રોકફેલરો અને ફોર્ડો જેવાં નામવાળા ઉદ્યોગના માલિકો કરોડો ને અબજો ડોલરોના, સોનાના ઢગલાઓના માલિકો બની ગયા. વોલસ્ટ્રીટના આ માલિકો જાણે સોનાના ઢગલા પર બેઠા હોય એવો આખો અમેરિકા દેશ જ જાણે એક સોનાનો ઢગલો બની ગયો.

પણ જેમણે મહેનત મજદૂરીથી ઉદ્યોગનાં-યંત્રો-કારખાનાં ચલાવ્યાં હતાં તે મજૂરો તો ગરીબ હતાં. મજૂરોની મજૂરી વડે ચાલતાં કારખાનાંઓની પેદાશના ઢગલામાંથી મજૂરોને તો પેટ પૂરતું, પહેરવા પૂરતું કે રહેવા પૂરતું પણ મળતું નહોતું. અને આઠે પહોર અમેરિકા પર ગરીબ મજૂરની હાય પૂકારી પૂછી રહી હતી " અમેરિકા, અમેરિકા ! આટલા બધા સોનાથી તેં શું ખરીદ્યું છે, શું વેચ્યું છે ? " અમેરિકાનો થાકયા પાકયા શરીરવાળો, હતાશ બનેલો, વેચાઇ ગએલા શ્રમવાળો ગરીબોનો, મજૂરોનો સમુદાય વોલસ્ટ્રીટોની દિવાલોને પૂછતો હતો.

આઠ કલાકના શ્રમ-દિન માટે

અમેરિકાના મૂડીપતિઓનાં કારખાનાં વરસોથી ચલાવનાર મજૂરોનો પસીનો હતો. મૂડીપતિઓ પાસે કારખાનાંઓ હતાં અને ઉદ્યોગના તેઓ માલિકો હતા. મજૂરો પાસે શરીર-શ્રમ હતો અને સંખ્યા હતી. સંખ્યાબંધ મજૂરો કારખાનામાં કામ કરવા જતાં. કારખાનાના માલિકો, સંખ્યાબંધ મજૂરોને, એક દિવસની એક મજૂરની મજૂરીનો દર નક્કી કરીને કામે રાખતા. એ રીતે રોજની એક મજૂરની મજૂરી અથવા શ્રમ-તાકાત માલિકો વેચાતી રાખતા. મજૂરો મજૂરી અથવા શ્રમ વેચતા. મજૂરો પાસે સંખ્યાહતી અને શ્રમ હતો. સંખ્યાબંધ મજૂરોનો શરીર શ્રમ રોજ લઈને કારખાનાં ચલાવતો, પણ 'રોજ' એટલે કે કેટલો ? 'રોજ' એટલે દિવસ, કેટલા કલાકનો ગણવો ? માલીકો મજુરીનો દિવસ બાર કલાકનો ગણુતા. બાર કલાકના દિવસના હિસાબે મજૂરોનાં શરીરો થાકીને લોથ થઈ જતાં. મજૂરોની જીંદગી આવી કાળી મજૂરીથી ટૂંપાઈ જતી. મજૂરોનો ઘર સંસાર એક ઘડીના આરામ કે વિસામા વિના અને આનંદ કે સુખ વિના બાર કલાકની મજૂરી કરીને યંત્રની જેમ ખોરાકના કોલસા શરીરમાં ભરીને, થાકીને લોથ બનીને, રાત ભર ઊંઘી કરીને પાછો બીજા દિવસના બાર કલાકની મજૂરી કરવા તૈયાર રહેતો. મજૂરના જીવનની આવી ઘટમાળ અમેરિકન સોનેરી દેશમાં જીવલેણ જુલ્મ નીચે કચડાતી હતી. પણ મજૂરો તો સંખ્યાબંધ હતાં! સંખ્યાબંધ મજૂરોએ આ જુલ્મનો ભાર ઓછો કરવાનો વિચાર કર્યો. તેમણે પોતાનાં મંડળો બાંધ્યાં. જ્યાં મજૂરનું મંડળ બંધાયું ત્યાં સંઘ બંધાયો. ધીમે ધીમે મજૂરોનાં એકથી વધારે મંડળો ભેગાં થયાં. શ્રમ કરનાર માનવો તો સંખ્યાબંધ હતાં. આ સંખ્યા હવે મંડળો બાંધીને એકતા સર્જવા લાગી ગઈ. શ્રમ શક્તિની-તાકાત માનવ સંગઠનનું રૂપ સર્જવા લાગી !

ઈ. સ. ૧૮૨૭ માં ફિલાડેલફિયાનાં તમામ મજૂર મંડળો એક થઈ ગયાં. પચાસ વરસ સુધી મજૂરોનાં મંડળો બંધાયાં કર્યાં. પચાસ વરસ સુધી મજૂર મંડળોએ સંગઠિત મજૂરની માગણીઓ રજૂ કર્યા કરી.

એમ કરતાં ૧૮૮૬ ની સાલ આવી પહોંચી. આખા અમેરિકાના મજૂરોએ, મજૂર મંડળોએ એક અવાજે માગણી મૂકી: " આઠ કલાકનો દિવસ બનાવો. .' અમેરિકાના સંગઠિત મજૂરનો એ અવાજ બન્યો. મજૂરોનાં સરઘસો નીકળ્યાં. મજૂરોની મોટી સભાઓમાં ઠરાવો થયા: " આઠ કલાકનો દિવસ બનાવો. " ૧૮૮૬ નો મે મહિનો આવી પહોંચતો હતો. મે મહિનાના પહેલા દિવસે આખા અમેરિકાનાં મજૂરોએ આઠ કલાકની મજૂરીનો દિવસ બનાવવા માટે, પોતાની માગણી માટે, અમેરિકાનાં તમામ કારખાનાઓમાં હડતાલ પાડવાનું નક્કી કર્યું.

૧૮૮૬ ના મે મહિનાના દિવસનું સવાર ઉગ્યું. શ્રમ-માનવોના નિરધારને અપનાવતો એ દિવસ હડતાલની શરૂઆતનો હતો. એ દિવસથી આખા અમેરિકાનાં કારખાનાંઓ શ્રમ-માનવોના ફરમાન પ્રમાણે કામ કરતાં બંધ થઈ ગયાં. જાણે બંધ પડેલાં કારખાને કારખાને યંત્રોમાંથી મુંગો અવાજ ઊઠ્યો: " આઠ કલાકનો દિવસ. " શ્રમ-માનવો પર જુલ્મ ગુજારતી અને તેમનું શોષણ કરીને સોનાના ઢગ કમાતી અમેરિકાની સડેલી દુનિયા પર ન્યાયની નેકીનો પૂકાર સંભળાયો: "આઠ કલાકનો દિવસ બનાવો. " હડતાલ લંબાતી આવી. અમેરિકાના મૂડીપતિઓના પાટનગર ચીકાગો પર મોના પહેલા દિવસની રાત અંધારી શરૂ થઈ. એ રાતે ચીકાગોની હે-માર્કેટના ચોગાનમાં મજૂરોની સભા મળવાની હતી. ત્રણ ત્રણ દિવસની હડતાલમાં જોડાયેલાં મજૂરો પર થયેલી મારપીટ અને જુલ્મોને વખોડી કાઢતો ઠરાવ એ સભામાં પસાર થવાનો હતો. પણ આ સભા પર દમન અને ત્રાસ ગુજારવા તથા મજૂરોને કચડી નાખીને શરણે લાવવા મૂડીપતિઓની અમેરિકન સરકારનાં માણસો અને જાસુસો ગોઠવાઈ ગયા હતા. આ બધી દમન-લીલા જાતે દેખવા અને આનંદ પામવા નગરપતિ કાર્ટર પણ હાજર રહ્યા હતા.

સભા શરૂ થઈ. " આઠ કલાકનો દિવસ " પાછો ગાજી ઉઠ્યો. મજૂરો પરનાં દમનો બંધ કરવાના પોકારો ઉઠ્યા. પછી શાંતિ પથરાઈ ગઈ. વરસતા વરસાદમાં ચીકાગોનાં શ્રમ-માનવો શાંત બેઠાં. મજૂરોનો આગેવાન આલ્બર્ટ પારસન્સ વરસતા વરસાદ નીચે બોલતો હતો. પણ શાંત સભામાં, પોલીસની ટુકડીઓ સાથે પોલીસનો વડો બોનફીલ્ડ ઓવી પહોંચ્યો. ત્યારે પારસન્સે બોલ

વાનું પૂરું કર્યું હતું અને બળદગાડાની બનાવેલી વ્યાસપીઠ પરથી ભાષણ કરવા માટે સેમ્યુઅલ ફીલ્ડેન છલંગ મારીને ચઢતો હતો. " વિખરાઇ જાવ, સભા બરખાસ્ત થાવ ! " પોલીસના વડાએ ધૂમ પાડી. " વિખરાઇ નહીં જવાય, સભા બરખાસ્ત નહીં થાય ! " પારસન્સ અને ફિલ્ડેને જવાબ દીધો. સભા શાંત બેઠી રહી. પોલીસના વડાએ વિખરાઇ જવાનું પાંચ મિનિટનું આખરીનામું આપ્યું. સભામાં કોલાહલ શરૂ થયો. કચડાતી માનવતાએ પાશવતાના પડકારને ધૂતકારી કાઢ્યો.

ત્યાં તો આખી સભા પર ગોળીબાર શરૂ થયો. હે માર્કેટના ચોગાનમાં કામદારોનાં લોહી રેલાયાં. કામદારોએ વિફરેલી પાશવતાને પાછી હટાવતાં, " આઠ કલાકની " ન્યાયનેકી પૂકારતાં બ્રાંત કુરબાન કર્યો. અમેરિકાનાં અનેક શ્રમ-માનવોનાં શબ હે-માર્કેટ પર છવાઈ ગયાં. પછીથી બીજા દિવસે અમેરિકાનાં મૂડીપતિઓનાં છાપાઓમાં સમાચાર છપાયા: ' કામદારોએ ધાંધલ કર્યું એટલે કાયદો ને વ્યવસ્થા જાળવવા ગોળીબાર કરવાની સરકારને ફરજ પડી ! ' કામદારોએ આ બનાવની જાહેર તપાસ માગી, ત્યારે મૂડીપતિઓની સરકારે સંભળાવી દીધું: " કાયદો અને વ્યવસ્થા જાળવવા જે કંઈ કરવું પડે તેની જાહેર તપાસ કરવાનો આપણે ત્યાંનો રિવાજ નથી. "

શ્રમમાનવોના આંતરરાષ્ટ્રીય મહાપર્વના સાત શહીદો

મજૂરોના આગેવાનો પર તડાતડ વૉરંટો નીકળ્યાં. મજૂરોના ઘરબારની ઝડતીઓ લેવાઈ. સેંકડો કામદાર આગેવાનો કારાગાર પાછળ ધકેલાઈ ગયાં. કામદારોનો આગેવાન આલ્બર્ટ પારસન્સ હજુ હાથ લાગ્યો નહોતો. એની શોધ હવે પડતી મૂકીને કામદાર આગેવાનો પર અદાલતમાં કામ ચલાવવાની જાહેરત સરકારે કરી દીધી. જુનના ૨૧ મા દિવસે મુકદ્દમો મંડાયો. કામદારોનાં લોહી રેડનારો કારભાર જ અમેરિકન અદાલતમાં ન્યાયપીશ બનીને ગોઠવાઈ ગયો ! કામદારોનાં ખૂન કરનાર હાથ હવે ન્યાયના નાટકના બીજા અંકમાં ઇન્સાફની દાંડી ઝાલીને બેઠો ! ત્યારે અદાલતમાં એક પડછંદ આદમી પેઠો. એની હાજરીમાં અદાલતનું ન્યાયનું નટમંડળ કચવાયું, એણે એક નજર નાખીને આખી અદાલતને મહાત કરી હોય તેમ એ બોલ્યો: " કચડાતી માનવ જાતનો જ ઇન્સાફી કાનૂન હું સ્વીકારું છું. છતાં જેનો ન્યાય જોખવા તમારા પોલીસોએ આખું ચીકાગો નગર ખૂંદી નાખ્યું છે, તે, હું, આલ્બર્ટ પારસન્સ હાજર થયો છું, મારા સાથીદારો સામે ઇતિહાસનો ઉપહાસ કરનારી તમારી અદાલત, મારો પણ ન્યાય ભલે કરે. "

ઘરડા ન્યાયાધીશે ઘંટડી બજાવી. ગોખી લાગ્યો હોય તેમ, ગ્રીનવેલ બોલ્યા કર્યો અને પૂરું કરતાં કરતાં બોલ્યો : " સમાજ અને સરકારનો બચાવ કરવા માટે આ સાતે અંધેરવાદીઓને દેહાંત દંડ....."

ઘરડા ન્યાયાધીશે પાછો ખોંખારો ખાધો.

સાતેને દેહાંત દંડની શિક્ષા થઇ. આ ચૂકાદા સામે અપીલની અરજ સુપ્રીમ કોર્ટને મોકલવામાં આવી. સુપ્રીમ કોર્ટે એ અરજને પાછી ઠાઠી અને સુપ્રીમ કોર્ટના વડા ન્યાયાધીશ વાઇટે નોંધ લખી: ન્યાયાધીશ ગેરીએ આપેલા ચૂકાદાની ફરી તપાસની જરૂર જણાતી નથી. "

નવેંબરના ૧૧ મા દિવસે, સાતે કામદાર આગેવાનોને ફાંસીના માચડા પર લટકાવી દેવાનો ચૂકાદો આપીને અમેરિકન ધરતી પર અમેરિકાની માલિકોની સ કારે ન્યાયનો વધ ફરમાવી દીધો.

જેમણે ઈતિહાસનો અમર દિવસ ઘડયો તે સાતે જણ નવેંબર મહિનાના આરંભના દિવસો અમેરિકાના કારાગારમાં ગુજારતા હતા. નવેંબરનો ૧૧ મો દિવસ અમેરિકન શ્રમમાનવોના આ દીકરાઓના મોતનો મુકરર થએલો દિવસ હતો. આ દિવસને અટકાવવા આખા યુરોપનાં મહાનુભાવો અમેરિકન સરકારને અરજ કરતાં હતાં. અંગ્રેજી ધરતી પરથી વીલીયમ મોરીસ; ડો. એનીબીસેન્ટ, તથા ઓસ્કાર વાઇલ્ડ, અંગ્રેજી માનવતાના નામમાં અમેરિકાને વિનવતાં હતાં. ખુદ અમેરિકાની ધરતી પરથી વીલીયમ ડીન અને ઇંગરસોલ અમેરિકાની કહેવાતી લોકશાહીને ઢંઢોળતા હતા. અંગ્રેજી કામદારો સાઠ હજારની સહીઓવાળી શ્રમ-માનવોની માગણી પેશ કરતા હતા. અમેરિકાની તમામ કામદાર સંસ્થાઓ પોતાના સાત આગેવાનોને પાછા માગતી, સળગતા દિલના પુણ્યપ્રકોપથી પ્રજ્વળતી, નવેંબરના અગીઆર દિવસોની પગદંડી પર પ્રાણ પાથરતી હતી. નવેંબરની ૧૧ મી તારીખની સવારથી પેલા સાત મહાનુભાવોનાં દર્શને માનવમેદની ઊમટતી હતી. અમેરિકન સરકારના ચોકીદારો કારાગારની દિવાલો પાસેથી લોકોને પાછા ધકેલતા હતા.

કારાગારની અંદર પૂરાયેલા પેલા સાતેના પ્રાણ આજે ફાંસાદોરને ટપી જઇ, માનવતાના સંસ્કારનો શબ્દ બની જવા અધીરા બન્યા હતા. કારાગારની ઘડિયાળનો કાંટો, દરેક ડગલે આ શ્રમમાનવોના લોક બેટાઓના ઐતિહાસિક રથને ઉતાવળો હાંકતો હતો. આ ઈતિહાસનું દર્શન કરતો, કારાગારની અંદર ખબરપત્રી તરીકે આર્ટયંગ નામનો એક જુવાન કલાકાર પેલા સાત અમર

માનવોની રેખાઓ કાગળ પર ટાંકી લેતો હતો. પારસન્સ ખુરસી પર બેઠો હતો. પગ પર પગ ચઢાવીને કાગળ પર નોંધ લખતો, ઊડી જવાના સમયના ભાનથી ઉતાવળો બનેલો એ લખવામાં ગરકાવ બની ગયો હતો. એડોલ્ફ ફ્રીશ, "આરબીટર ઝીટીંગ" નામના એક છાપાના છાપખાનાનો કામદાર હતો. છેલ્લા શબ્દ "કંપોઝ" કરતો હોય તેમ આજે એ 'અમર' શબ્દનો અક્ષરદેહ બની જવા જાણે અધીરો બન્યો હતો. જ્યોર્જ એન્જેલ, જર્મન ધરતી પરથી, આ નવી દુનિયા પર આવેલા બાપદાદાઓને સંભારતો, જર્મન મા-ભોમને યાદ કરતો હોય તેવો ગમગીન હતો.



માઈકલ સ્ક્વાબે આજ સુધી કામદારોના કેસ લઈને તંત્રીલેખો લખ્યા હતા. આજે ઇતિહાસનો લેખ બનીને ઇન્સાફને આવાહન દેતો હોય તેવો એ દેખાતો હતો. સેમ્યુઅલ ફીલ્ડેન, ઇંગ્લેંડનો કામદાર, વતનથી અહીં આવ્યો હતો ત્યારે દેખાતો હતો તેવો જ ભરાવદાર દાઢીવાળો, અત્યારે સુધી ઉત્સાહનાં પૂર જેવી સભાઓ ગજવતો આજે આ ધરતી પર પણ ઉગ્ર દેખાતો હતો. ઓગસ્ટ સ્પાન 'આરબીર ઝીટંગ'નો તંત્રી હતો. એણે જે લેખ લખ્યો હતો તે ઉતાવળો જોઈ જતો, આજના આખરી દિવસને સુપરત કરતો, સંભાળપૂર્વક, કાગળોને વજન નીચે દબાવતો હતો. લુઈ-લીંગ, બાવીસ વરસનો જુવાન ઉરકેરાઇને કંઈ કહેતો હોય તેમ બબડતો આંટા મારતો પેલા કલાકારની કલમમાં નહીં પકડાતી એની રેખાઓ સંકોચતો અટકયો. અને એણે કંઇક મોઢામાં મૂકી દીધું અને પછી એક મોટો ધડાકો થયો. અમેરિકન માલિકોની પાશવતાએ રોપેલા ફાંસીના

માંચડા સામે પુણ્ય પ્રકોપની ધૂમ જેવો આ ધડાકો બનીને બાવીસ વરસનો લીંગ છૂપી રીતે મળેલા બોંબને મોઢામાં મૂકીને ફયૂઝ ચેતવીને ફૂટી ગયો હતો.

એવો નવેંબરનો ૧૧ મો દિવસ વહેતો હતો. નવેંબરના ૧૧ મા દિવસને આંતરી લેવા અને પેલા સાત નરપુંગવોને દેખવા આવતાં ટોળાંઓને ખાળી રાખવા, કારાગારને ફરતી કાંટાળા તારની વાડો બંધાઈ ગઇ હતી, અને માલિકોની સરકારના સંગીનધારીઓના પહેરા ગોઠવાઈ ગયા હતા. પછી મોતનો ડંકો વાગ્યો. પછી મોતનો ઈન્સાફ બોલનાર ન્યાયાધીશ હાજર થયો. ફાંસીના માચડા નીચે પેલા ભરજીવા આવી પહોંચ્યા. એમના લડાયક પ્રાણનો છેલ્લો શબ્દ રણકાર જેવો બોલ્યોઃ "આઠ કલાકનો દિવસ" અને ફાંસીના દોર એમના કંઠમાં આરોપાઈ ગયા. લોક તરારીખનો, લોક શાંતિનો, ઇતિહાસના સંરક્ષકનો તણખો બનીને એમનો પ્રાણપાવક ઉડી ગયો.

પછી ઇ. સ. ૧૮૮૯માં પેરીસમાં મળેલી સમાજવાદી કામદારોની આંતરરાષ્ટ્રિય પરિષદે મે ના પહેલા દિવસને આંતરરાષ્ટ્રિય પર્વ બનાવ્યું. દેશદેશનાં શ્રમ માનવોએ ત્યારથી મે ના પહેલા દિવસને પોતાના રાજકારણની લડાયક નોબત બજવનારો, પોતાની આગેકૂચનું સરવૈયું કાઢનારો, પોતાની સમાન, સુખી અને સહકારી બંધુભાવવાળી વર્ગવિહિન સમાજ રચનાની નેમ પૂકારનારો નેક દિન બનાવ્યો.

આગળ વધતી માનવજાતે આજ સુધીમાં અડસઠ મે દિનોને ઉજવ્યા છે. દરેક ઉજવણીમાં નવા દેશો સામેલ થયા છે; નવાં જૂથ ઉમેરાયાં છે; નવીનવી શહાદતોની ખાંભીઓ ખોડાઈ ગઇ છે. જોતજોતામાં ઇતિહાસનાં કદમો સડસડબુ ડગલું ભરે ત્યાં તો લાલ ઝંડાઓનો મહાસાગર જાણે હેલે ચઢયો છે.

દરેક ડગલે શ્રમમાનવની કૂચ કદમની વિરાટ પગલીએ અચૂક ભાવિવાળા માનવીના વિજયનાં સ્મિત વેરવા માંડયાં છે, અને વિશ્વઇતિહાસને સાખ આપી દીધી છે કે, અમર રહેશે અને ઉજવળ બન્યો જશે માનવબાંધવતાનો સંસ્કાર દિન!

રોમેન્ટીસીઝમનો તત્વચિંતક, હેગલ

યુરોપની રોમેન્ટીક જીવનની આબોહવામાં એક નૂતનચિંતકનુ નામ સંભળાયું, એનું નામ હેગલ હતું. સોક્રેટીસ ચિંતનરૂપની ચોખવટ અથવા ભાનદશાને ધારણ કરીને પ્રાચીન ગ્રીસની ભૂમિપર દેખાયો તેવો જરમન ધરતી પર યુરોપના રોમાન્સનું તત્વ ચિંતકરૂપ ધારણ કરીને હેગલ આવી પહોંચ્યો. એણે રોમેન્ટીક યુગના આત્મભાનને દેખાડવા અરીસા જેવું ચિંતન

ધર્યું. એણે વિચાર અને અસ્તિત્વની એકતા પૂરવાર કરવા માટે રેશનાલીઝમ અથવા સકારણવાદના છેડા સુધી ચિંતનને ખેંચ્યું, અને કહ્યું, "જે વાસ્તવિક છે તે જ સકારણ (રેશનલ) છે અને જે સકારણ છે તે જ વાસ્તવિક છે." આ ચિંતનરૂપને પોતપોતાની મદદમાં લેવા માટે, પ્રગતિ અને પીછેહઠે તેને એકથી તે બીજા છેડાથી ખેંચવા માંડ્યું. હેગલે આ ચિંતનરૂપમાં વ્યાઘાત મારફત (કોન્ટ્રેડીક્શન) થતું વિકાસ રૂપ ઇતિહાસની ગતિમાં બતાવ્યું. આ ચિંતનરૂપે વિચારવાની આબોહવામાં ચક્કર આવી જાય તેવું મનોમંથન જમાવ્યું.




હેગલે ઇતિહાસનું તત્ત્વચિંતન આલેખ્યું અને તેમાં ચીનના આરંભથી તે અત્યાર સુધીના ઇતિહાસ બનાવોના ક્રમપર પ્રકાશ નાખવાનો પ્રયત્ન કર્યો. આ ઇતિહાસ ચિંતનમાં એણે જણાવ્યું કે, "વિચારભાવના" અથવા "આઇડીઆ ઓફ રીઝન" આ સૃષ્ટિના ઇતિહાસનું પ્રેરક પરિબળ છે તથા તેથી 'વિચારભાવના' જ જગતપર શાસન કરે છે. આ શાસનનારૂપ તરીકે 'પ્રશિયન સ્ટેટ' એણે આદર્શ તરીકે બતાવ્યું. એટલે જ આવા મોટા ચિંતનના, આવા, સ્વરૂપમાંથી આવતી પ્રગતિનું રૂપ સુખમય કે જનકલ્યાણનું હોય છે એવી કોઈ બાબત, એના ચિંતનમાંથી નિપજી શકતી જ નહોતી. એના સમયનું એનથામે લખેલું, સૌથી મોટા સમુદાયનું સૌથી વધારે કલ્યાણ અથવા સુખનું અર્થકારણ પણ આ ચિંતનમાંથી નીકળતું નહોતું.

હેગલના ચિંતનનું ઇતિહાસરૂપ પણ આ ચિંતનના પ્રશિયનસ્ટેટમાંથી જ નીકળતું હતું. એણે લખેલું ઇતિહાસનું તત્ત્વજ્ઞાન કહેતું હતું કે ઇતિહાસ પૂર્વદિશામાંથી ઉદય પામે છે, અને યુરોપમાં અસ્ત પામે છે. એટલે પશ્ચિમના દેશોમાં ઇતિહાસની આગેકૂચનો અવધિ આવી જાય છે. ઇતિહાસનો જ્યાં છેડો આવી જાય છે, તે છેડો એને પ્રશિયન રાજ્યમાં દેખાયો. આ ચિંતન પ્રમાણે ઇતિહાસનું એ સર્વોપરિ શાસનરૂપ હતું. હેગલે રજુ કરેલા ચિંતનના, માથાપર ઉભેલા સ્વરૂપે, ઇતિહાસના ચિંતનને, રોમેન્ટીક યુગનાં છાયાચિત્રોને, પડછાયા-

ઓને, જૂના જગતના આખરી કબુંલાના ડાયરાઓને, પ્રશિયા સ્ટેટના આંદ્યોગિક સરકરવાદ પાસે આણી દીધાં અને તેમનો ભ્રમભંગ કરવાના ચિંતનવડે, પોતાનો જ પરાજય થાય તેવા પ્રમાણુશાસ્ત્રને, (ડાયલેંકટીકસ) રજુ કર્યું. હેગલના ચિંતન વ્યવસાયે એ રીતે, ચિંતન વર્ગ પણ ચિંતનનું ડાયેલેકટીકસ, નવા જમાનાને ભેટ દીધું.

વિશ્વ ઇતિહાસની વિજ્ઞાન દૃષ્ટિ

ડાયલેકટીકસને ધારણ કરીને, હેગલના ઇતિહાસના ચિંતનનો પરાજય કરનારો અને ઇતિહાસની વિજ્ઞાન દૃષ્ટિને દાખવનારો, કાર્લ માર્કસ નામનો જર્મનચિંતક આવી પહોંચ્યો અને એણે માથાપર અથેવા, " ભાવનાવિચાર " પર ઉભેલા હેગલના ઇતિહાસ ચિંતનનું સિંહાસન ઝોડાવીને, ઇતિહાસના ચિંતનને પગ પર ઉભું કરી દઇને, હેગલે રજુ કરેલા પેલા 'ડાએલેકટીકસ' નામના પ્રમાણુ વડે જ ઇતિહાસનું ' ડાયલેકટીકલ ' એવું વાસ્તવદર્શન રજુ કર્યું.



આ વાસ્તવદર્શને ઇતિહાસને, અને તેનાં પરિબળોને ઇતિહાસની વૈજ્ઞાનિક પ્રક્રિયાના રૂપમાં રજુ કર્યાં. એણે ઇતિહાસના ઉદયને અને તેની પ્રાક્રયાને માનવ-

સમુદાય નામના પરિબળવાળી સાબીત કરી. હેગલે આદર્શ કહેલા પ્રશિયન સ્ટેટનો, શાહીવાદી અને લશ્કરી રૂપનો નાશ કરીને માનવસમુદાયનું પરિબળ દુનિયાના એકેએક દેશમાં આગળ વધશે એવી એણે આગાહી કરી. એણે સંસ્થાનવાદના અંતની ઘોષણા કરી અને જગત પર માનવસમુદાયની વિમુક્તિની તથા માનવજાતની સંસ્કૃતિની ઉત્તરોત્તર અનંત એવી પ્રગતિની ઇતિહાસ દ્રષ્ટિની વાસ્તવિકતાની જાહેરાત કરી. હેગલે શરૂ કરેલા ચિંતનનું તત્ત્વ લઈને એણે હેગલ જે જોઈ શકયો નહોતો તેવું ઇતિહાસનું વિરાટ દર્શન રજુ કર્યું. આ વિરાટ દર્શનનો દ્રષ્ટા અને સામાજિક ક્રાન્તિના વિજ્ઞાનનો આ ચિંતક ઇતિહાસના શાસ્ત્રનું નિરૂપણ કરતો કહેતો હતો કે આપણા જગત પરની જીવન વહિવટ બની ચૂકેલી, મૂડીવાદી–ઔદ્યોગિક જીવન ઘટનામાંજ નહીં પરન્તુ તેની બહાર નીકળીને કરવામાં આવતા હેગલના ચિંતન જેવા વિષયીગત તરંગી ખ્યાલોથી કશું જ પારણામ નિપજવાનું નથી. જે પલટો થવાની જરૂર છે તે તો આખી જીવનઘટનાના વ્યવહારમાં થવાની જરૂર છે. મનુષ્યના મનની ભાવના એકલીમાં નહીં જ. એટલા માટે આપણે એ જીવનવહિવટના મૂળભૂત ક્રિયા સિદ્ધાંતોનો અભ્યાસ કરવો જોઇએ.

એનું નામ કાર્લ માર્કસ હતું. ઇગ્લેંડના અને પછી આખા યુરોપના અને જગતના સમાજવાદી ચિંતનમાં એણે ક્રાન્તિકારી દર્શન આપ્યું. એણે ઇંગ્લેંડમાં રહીને ત્યાંની આર્થિક પરિસ્થિતિ અને રોજ બરોજની જીવનદશાનો અભ્યાસ કરીને વિશ્વઇતિહાસનું ક્રાન્તિકારી વિજ્ઞાન અથવા સામાજિક જીવનવહિવટનું સ્વરૂપચિંતન ત્રણ વિભાગમાં રજુ કર્યું. પહેલા વિભાગમાં ઇતિહાસનો સામાજિકક્રમ, બીજામાં વર્ગ સંઘર્ષણ તથા તેનો અર્થ, અને ત્રીજામાં મૂડીવાદનો વિકાસ એણે લખ્યાં.

જીવન વહિવટના સામાજિક સવાલો

રોબર્ટ ઓવેન નામના એક ઉમરાવે સામાજિક જીવનવ્યવહારના નવા પ્રયોગો શરૂ કર્યા હતા અને સમાજવાદ નામનો શબ્દ એણે પહેલીવાર યોજ્યો હતો. આ શબ્દનો શોધક સેઇન્ટ સાયમન હતો. એનો સમાજવાદ નીચેથી નહીં પરન્તુ ઉપરથી શરૂ થઇ નીચે ઉતરતો હતો. એણે પોતાનાં કારખાનામાં કામના કલાકો ઓછા કર્યા, કામદારોને માટે બેકારીની રાહતની યોજના કરી. કામ કરવાની પરિસ્થિતિને તંદુરસ્ત બનાવી તથા વૈદકીય રાહતને મફત આપવાની વ્યવસ્થા કરી. એણે કામદારોનાં બાળકો માટે બાળગૃહો, શાળાઓ, ક્રિડાંગણો વિગેરે બાંધ્યું.

આ ઉપરાંત એણે કામદારોની સ્થિતિ સુધારવા માટેની અંધારણીય હિલચાલ ઉપાડી. પ્રુધાં પણ સામ્યવાદી કહેવાયા પરન્તુ એનો સમાજવાદ અંધેરવાદી

તરીકે ઓળખાયો. એણે મિલ્કત એ ચોરી છે, એવી યથાર્થ કહેવત ચાલુ કરી તથા ચોરીનું રક્ષણ કરનાર રાજ્યતંત્ર નામની સંસ્થાની નાબુદી માગી. કાર્લમાર્કસે સમાજવાદી વિચારસરણીના આ બધા અત્યાર સુધીના રૂપને તરંગી જાહેર કર્યું તથા વૈજ્ઞાનિક સમાજવાદ, અને આંતરરાષ્ટ્રિય સમાજવાદ અને આંતરરાષ્ટ્રિય મજુર હિલચાલનો પાયો નાખ્યો. આ મહાન વિચારકે વિશ્વની મુડીવાદી અર્થ ઘટનાનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કર્યું તથા, સમાજવાદી સમાજ રચના તરફ ગતિ કરતા, સામુદાયિક પરિબળની ઐતિહાસિક વિવર્તનની છણાવટ કરી.

શિક્ષણનુ નવું રૂપ

ઈ. સ. ૧૮૪૧માં નૂતન જગતની આવતી કાલની નિશાળનું ચિંતન પણ ફ્રોબેલ તથા પેસ્ટાલોઝીએ શરૂ કર્યું તથા શિક્ષણની પ્રક્રિયાને કીન્ડર ગાર્ટનનું નૂતન નામ આપ્યું. આ પછી તરત જ ક્રોનીંગસબર્ગની વિદ્યાપીઠના ચિંતન શાસ્ત્રના અધ્યાપક જોહાન હરબાર્ટે, શિક્ષકો માટેની તાલીમ શાળાઓ શરૂ કરી તથા શિક્ષણની નવી પદ્ધતિની રચના કરી. ખ્યાલો અથવા વિચારોના માનસ-શાસ્ત્રની ક્રિયાઓના સંચલન અને સંચાલનની એણે આ શિક્ષણ પદ્ધતિ યોજવામાં છણાવટ કરી તથા મનોવિજ્ઞાનના શિક્ષણ રૂપમાં " સાઈકોલોજીકલ મેકેનીકસની " અદા દાખલ કરી.


જીવન ઈતિહાસનું નવું જૂનું સાહિત્યરૂપ

સાહિત્યના લેખનમાં આ સામાજિક હિલચાલનો સુર ચાર્લ્સ ડીકેન્સે દાખલ કર્યો. એણે ફેકટરી પ્રથાનાં અનિષ્ટોને, જૂની શાળાના જુલ્મીકારભારને, ન્યાયની કંગાળ રીતભાતને તથા તેના વર્ગીય અને અસમાન સ્વરૂપને આલેખ્યું. એનાં આલેખનોએ અનુભવ જ્ઞાનની ગંભીર એવી અરિમતાની સરળતા વડે અને કારૂણ્યથી ભરપુર એવી મજાક વડે યુરોપના સમાજ પર ઊંડી અસર કરી.

આ સમયમાંજ ઈતિહાસના સ્વચ્છંદ આલેખન જેવું, જોરદાર પ્રતિભાના શબ્દભારથી ભારેલું, ઉછળતા જળઘોધમાંથી પથરાઓ ફેંકતું, તાકાતની સેવા પરાયણતામાંથી મારે તેની તલવારને ઈતિહાસના વીર પદ પર સ્થાપતું, થોમસ કારલાઈલનું સાહિત્ય સરજાયું. જેવા કારલાઈલ હતો તેવું આ સાહિત્ય દેખાયું. આ સાહિત્યમાંથી કારલાઈલનું રૂપ કયારેક ચિંતક તો કયારેક, ઈતિહાસકાર, સમાજશાસ્ત્રી, કથાલેખકના શંભુ મેળા જેવું દેખાતું. આ પ્રકારોમાં લેખક પોતે કેવો હતો તેનો તોડ કાઢવાનો પ્રયત્ન થાય તો તે તેની કથા જેવો જ બહુરૂપી હોય એવું દર્શન થતું હતુ. સાહિત્યમાં હોય તેવો સર્જન આનંદ કદિ પણ એણે ધારણ કર્યો નહીં અને વજનદાર શૈલિનો બોજ ધારણ કરીને એના આલેખનો પછડાટ ખાધા કરતાં હતાં છતાં આ પછડાટનો ધ્વનિ કારલાઈલના સાહિત્ય ભંડારનો એક ચોક્કસ તાલ અને રાગ બન્યાં.

[લોકશાહીનું શાસકરૂપ અને આર્થિક સાર્વભૌમત્વ—ઉદ્યોગ ક્રાંતિનું સ્વરૂપ-ઉદ્યોગ ક્રાંતિની ખેતીવાડી-ઉદ્યોગક્રાંતિનું સામાજિક રૂપ-ઉદ્યોગવાદનું ક્રાંતિકારી મનુષ્ય રૂપ-ઔદ્યોગિક ક્રાંતિનું વાણિજ્ય રૂપ—હિંદ પર અંગ્રેજી રાજ્ય-સામ્રાજ્યવાદનું સ્વરૂપ વતનમાં અને સંસ્થાનમાં-સામ્રાજ્યવાદનો જીવન કલહ-યંત્રનું તંત્ર અને સંસ્કૃતિનું સ્વરૂપ--યુદ્ધનાં યંત્રો અને યુદ્ધની વ્યાપકતા--વાણિજ્ય સંસ્કૃતિનું અર્થ-માનવ--અર્થમાનવનો ઉપયોગિતાવાદ-ઉપયોગિતાવાદનું જર્મન રૂપાન્તર, તર્કવાદ--જગત્ત મિથ્યા અને 'અહું' સત્ય--શાહીવાદી સંહારકતાનું પૂજન—ઈશ્વરી પ્રજાઓનો છળહીનનું સંસ્કાર ગીત]

લોકશાહીનું શાસક રૂપ અને આર્થિક સાર્વભૌમત્વ



લોકશાહીનાં રાજતંત્રનું સ્વરૂપ ફ્રેંચ ક્રાંતિથી જ આરંભ પામ્યું હતું. ફ્રેંચ ક્રાંતિએ અને ઉદ્યોગ ક્રાંતિએ લોકશાહી હવે જગતભરમાં વ્યાપક બનવાનીજ છે તેની આગાહી જગતને આપી દીધી હતી. આ લોકશાહીઓ અથવા રિપબ્લીક્સ ફ્રાંસ અને યુનાઇટેડ સ્ટેટસમાં જે જાતનાં બંધારણવાળાં બન્યાં હતાં, તેવી જાતનાં લગભગ બનતાં હતાં. આ બંધારણ રૂપમાં

રજવાડીશાહીની જડતા ન હતી, પરંતુ જીવનવ્યવહારમાં જાગતા નવા નવા સવાલોને ધારણ કરી શકવાની નવી ચેતનાવાળી પ્રગતિશિલતા હતી. આ અંધારણોમાં શહેનશાહોનો હતો તેવો સર્વમુખત્યારી અધિકાર અથવા 'વેટો' કારોબારીનો કે વડાપ્રધાનનો પણ હતો નહીં. આ લોકશાહીનાં સ્વરૂપોમાં રાષ્ટ્રોના પ્રદેશોમાં કોઇમાં એક ધારા સભાગૃહ થયાં અને કટલાકમાં બે થયાં, પરંતુ મતાધિકારનું સ્વરૂપ ધીમે ધીમે સઉ રાષ્ટ્રોમાં પુખ્તવયનું તથા સ્ત્રીઓ અને મજૂરોને પણ મતાધિકાર આપવાવાળું બનવાનું હતું. ફ્રેંચ ક્રાંતિના તબક્કામાં જે અંધાધુંધી અને અવ્યવસ્થા વ્યાપી ગયાં તેનો વધારે પડતો પ્રચાર કરવામાં આવ્યો. જ્યારે જૂની જીવન પ્રથા નવું કલેવર ધારણ કરે, ત્યારે વચગાળાની અંધાધુંધી કે અવ્યવસ્થા અનિવાર્ય હોય છે. ફ્રેંચ ક્રાંતિની અગત્ય એણે શરૂ કરેલા જીવનની દરેક દિશાની અંદરનાં પ્રગતિવાળાં નવાં સ્વરૂપોમાં જ મપાવી જોઇએ. ખરી રીતે જોઇએ તો જીવન પ્રથાની અંદરનાં નવાં સ્વરૂપો અથવા પરિવર્તનો, મધ્યયુગથી અને ઉત્થાન યુગથી શરૂ થઈ ગયાં હતાં. પરંતુ ફ્રેંચ ક્રાંતિથી આ બધાં નવાં રૂપો વધારે જીવતાં બન્યાં અથવા વ્યવસ્થિત થયાં. ઇતિહાસની દૃષ્ટિએ ફ્રેંચ ક્રાંતિનો બનાવ નવી દુનિયાનો સીમા સ્તંભ લેખાવો જોઇએ. આ સીમા સ્તંભે નવા જીવન વ્યવહારને ઇતિહાસમાં તોંધવા લાયક બનાવ્યો. આ ક્રાન્તિકારી તબક્કા પછી નૂતન યુરોપના જીવનમાં સાર્વભૌમત્વ અથવા "સોવરન્ટી" નો ઉદ્‌ભવ અને વિકાસનો અમલ શરૂ થયો. આ અમલની સ્થાપના લોકસમૂહાયમાં કરવા માટે ક્રાંતિએ "લીબર્ટી" "ઇકવોલોટી" અને "ફ્રેટર્નીટી" નામના ત્રણ શબ્દોનો વ્યવહાર લોકસમુદાય માટે યોજી દીધો હતો. "લીબર્ટી" નો અર્થ એ હતો કે સ્વચ્છંદ રીતે અથવા આપખૂદ રીતે મનુષ્ય પર અમલ કરવાનો કોઇનો અધિકાર નથી. સમાનતાનો અર્થ ન્યાય સમતા અથવા કાયદાના વ્યવહારમાં માનવ માત્ર સમાન છે, તે હતો. અને "ફ્રેટરનોટી" નો અર્થ વિશ્વબંધુત્વનો હતો. આ વિશ્વબંધુત્વનો ખ્યાલ જે ઘણો જૂનો હતો તે આજે પહેલીવાર જીવનના વ્યવહારમાં વહિવટી શબ્દ બનીને આવતો હતો.

આ સાથે જ રાષ્ટ્રવાદનું વ્યવહારરૂપ નવા જમાનાના અર્થજીવનમાં અનુકૂળ બને તેવું સ્વરૂપ ધારણ કરતું હતું. આ નવો જમાનો ઉદ્યોગ–ક્રાંતિનો શરૂ થતો હતો. ઉદ્યોગની એ ક્રાંતિ જ્યારે પોતાના માલ સામાન વેચવા માટે આખા જગતને બજાર બનાવવા નીકળતી હતી તે વખતે યુરોપના રાષ્ટ્રવાદનું સ્વરૂપ વધારે આક્રમણખોર બનતું હતું. બાપદાદાઓની ડહેલીઓમાં ગુંગળાઇ રહેલું

મધ્યયુગનાં કુપમંડુક જેવું રજવાડી સ્વરૂપ ફ્રેંચ ક્રાંતિ સાથે, ખતમ થયું હતું. નૂતન રચનાના પહેલા પગલા તરીકે માનવ સમુદાયોનું પરિબળ બેસ્ટાઈલ નામના રજવાડાશાહીના અંધારા ઘોર કહેલાને અથવા કિલ્લાને ધરાશાયી કરી નાખતું હતું. ફ્રાંસની ધરતીપર ઉજવાતો યુરોપના નવા રાષ્ટ્રવાદનો એ ઉત્સવ હતો. આ ઉત્સવમાં ફ્રેન્ચક્રાંતિના સ્વયંસેવક સૈનિકો, માર્સેઇલ્સ નામનું નૂતન રાષ્ટ્રવાદનું રાષ્ટ્રગીત ગાતા હતા. આ રાષ્ટ્રગીત નીચે આખો રાષ્ટ્ર એક બનતો હતો અને ઉદ્યોગક્રાંતિની ઉજવણી કરવા માટે યુરોપની રાજકીય ક્રાંતિ જગતને જીતવા નીકળતી હતી. આ વિજય-યાત્રાને ખુલ્લી મૂકવાનું કામ મૂડીવાદ અને ઉદ્યોગવાદ જે આ ક્રાંતિના આગેવાનો હતા તેમનો લશ્કરી હાકેમ બનેલો નેપોલીઅન નામનો સરદાર ફ્રાન્સમાં કરતો હતો. આ સરદાર ઉદ્યોગનાં બજારો માટે આખા જગત પર આક્રમણ શરૂ કરતો હતો તથા યુરોપભરમાં પથરાતા એના વિજયો મારફત રજવાડાશાહીની કબરો આખા યુરોપમાં રચાઇ ચૂકી હતી, અને ઉદ્યોગક્રાંતિના વિજય માટે જે કોઈ આડું આવે તે આ નવા પ્રવાહ નીચે નમી પડે તેવી જીવનની પરિસ્થિતિ રચાઇ ચૂકી હતી.

ઉદ્યોગક્રાંતિનું રૂપ

આ નવો પ્રવાહ, ફ્રેંચ ક્રાન્તિનાં પરિબળો બનીને વહેવા માંડયો હતો. આ પ્રવાહનું રૂપ પણ ક્રાંતિકારી હતું. ક્રાંતિના આ સ્વરૂપનું નામ ઔદ્યોગિકક્રાન્તિ હતું. આ ક્રાન્તિનાં સ્વરૂપો, વ્યાપારનું વધી જવું, જમીન પર



અને દરિયાપરની સફરનાં વાહનવ્યવહારો અને રસ્તાઓનો વિકાસ થવો, બેંકીંગની શરૂઆત, નવા ખંડોની શોધખોળ વિગેરે હતાં. ઓગણીસમા સૈકામાં આ ફેરફારોનું નામ ઉદ્યોગ ક્રાન્તિ હતું. ઉદ્યોગને ક્રાન્તિ જેવા શબ્દ સાથે જોડવા સામે ઘણા લોકોનો વિરોધ હતો, પરન્તુ આ શબ્દ જ જીવનવ્યવહારમાં ઉદ્યોગની ક્રાંતિએ આણેલા પલટાને સમજાવી શકે તેવું હતું. આ પલટો કરનાર પરિબળ મૂડીનો વ્યાપક એવો ઉપયોગ હતો, તથા યંત્રોની શોધ હતી.

મૂડીનું આ ભારણ આખા જગતમાંથી ઉદ્યોગના આગેવાનોએ લૂંટી આણેલી દોલત હતી. આ ધનદોલતને ઉદ્યોગના અર્થકારણે જીવતી બનાવી દીધી હતી. જીવનનાં આ નવાં સ્વરૂપો યુરોપની ધરતી પર નવાં નગર સ્વરૂપો બનીને ઊગવા માંડ્યાં હતાં. આ નવાં નગરોનાં નાગરિકો ક્રાંતિએ જન્માવેલાં ફરજન્દો હતાં. આ નવાં નાગરિકોનો જીવનવ્યવહાર નફાખોર અર્થતંત્રનો અર્થવ્યવહાર હતો. આ નવો અર્થવ્યવહાર યંત્રો વડે ઉત્પાદનના ઢગલા ઉપજાવતો હતો અને નવી નવી ખેંડો તથા મૂડીનાં વિકાસવાળાં સ્વરૂપો મારફત માલસામાનની આપલે ખૂબ મોટા પાયાપર કરતો હતો. આ માલસામાનમાં કાપડનો ઉદ્યોગ વિશાળ ઉત્પાદન બનતો હતો. આ ઉત્પાદનનું યંત્રરૂપ, બીજાં પછાત સ્વરૂપોને ખતમ કરતું હતું અને પછાત દેશોના કાચા માલ પોતાને ત્યાં લઈ જઈ ને તેને યંત્રો મારફત પાકો માલ બનાવતો અંગ્રેજી યંત્રઉદ્યોગ આ બાબતનાં સૌથી આગળ હતો. બ્રિટીશ વહાણવટું જે સોળમા સૈકાના મધ્યભાગમાં ૭૬૦૦ ટન વજનનાં ઉત્પાદનની ઉથલપાથલ કરતું હતું તે ઓગણીસમા સૈકાના આરંભમાં ૧૨૦૦૦૦૦ ટન સુધી પહોંચી ગયું હતું.

પરંતુ ઉદ્યોગ ક્રાંતિને જન્મ આપનાર સંસ્કૃતિનું મહાન પરિબળ તો વિજ્ઞાન નામની સંસ્થા હતી. આ વિજ્ઞાનની ક્રિયા કરનાર પરિબળ એક સામાજિક સંસ્થા છે તેવું વિજ્ઞાનનું સ્વરૂપ હજુ જાણીતું બન્યું ન હતું. વિજ્ઞાનનું આ રૂપ ઉદ્યોગની ક્રાંતિ સાથે ઉદ્યોગનું જ રૂપ બની ગયું હતું. ગેસ અને ગરમીની વૈજ્ઞાનીક સમજણે રટીમ એન્જીનને ચાલુ કર્યું. રસાયણ શાસ્ત્રમાંથી લોખંડ અને પોલાદ સર્જાતાં ઉદ્યોગના એકે એક પ્રકારે વિજ્ઞાનની સામાજિક સંસ્થાને પોતાનાં કારખાનાંઓની સેવા અજમાવવા પ્રયોગશાળા તરીકે સ્થાપી દીધી હતી. ઉદ્યોગના આ રૂપે સામાજિક સંબંધોમાં પણ ક્રાંતિ શરૂ કરી. ઉદ્યોગ વ્યવહારની ઘરકારખાનાઓની પ્રથા ખતમ થતી હતી, અને "ગીલ્ડ સીસ્ટમ" તેનું સ્થાન લેતી હતી. આ નવી પ્રથા ઉદ્યોગનાં સામાજિક સ્વરૂપને પલટી નાખતી હતી, તથા "ફેકટરી સીસ્ટમ" નામની નવી પ્રથાનો આરંભ કરતી હતી. આ નવી જીવત પ્રથામાં કામ કરવા આવનાર શ્રમમાનવોના સામાજિક સબંધો પણ પરિવર્તન પામતા હતા. આ શ્રમ માનવો ક્રાંતિના સ્વતંત્ર એવાં એકમો બની ચૂકયાં હતાં અને કારખાનાઓમાં પોતાનો માલ વેચવાનો સોદો કરવાની સ્વતંત્રતા વાળાં હતાં, પરંતુ એ બધાંનું સામાજિક રૂપ ઉદ્યોગ ક્રાન્તિમાં શ્રમતાકાત વેચનારાં અને ઉત્પાદન કરનારાં માનવોનું બન્યું. આ બધાં અકિંચનો હતાં અને એમની પાસે પોતાના શ્રમશક્તિ અથવા "લેબર પાવર" શિવાય વેચવા જેવું બીજુ કશુ જ રહ્યું ન હતું.

આ શ્રમ-શક્તિને ખરીદનાર શાહીવાદી અથવા સામ્રાજ્યવાદી બનતાં યૂરોપના નવાં રાષ્ટ્રો હતાં. આ રાષ્ટ્રોમાં ઇંગ્લેંડે દરીયાની રાણી તરીકેનું પોતાનું અગ્રસ્થાન મેળવ્યું હતું. દરીયાની રાણીનાં જહાજો પોતાનાં યંત્ર ઉત્પાદનોને વેચવા માટે જગતમાં જ્યાં જ્યાં જતાં હતાં ત્યાં ત્યાં નીતિના બધા નિયમોનો ભંગ કરીને અને નફાની લૂંટ ઝડપી લેવાનાં સંસ્થાન સ્થાપવાના એકજ કાયદાને આધીન રહીને પોતાનાં સંસ્થાન રાજ્યો કોતરી કાઢીને સંસ્થાનવાદની શરૂઆત કરતાં હતાં. આ સંસ્થાનવાદનો માલીક અથવા રાજ્યકર્તા, ઇંગ્લેંડનાં રાજા રાણીઓ ન હતાં પરંતુ ઉદ્યોગ ક્રાંતિએ સર્જેલા નવાં નાગરિકોહતાં. આ નાગરિકોની રાજ્યપદ્ધતિ પોતાના રાષ્ટ્રમાં લોકશાહીની હતી. લોકશાહીનું આ સ્વરૂપ બીલકુલ રાષ્ટ્રવાદી હતું, અને પોતાના રાષ્ટ્રમાંથી બહાર નીકળીને તે જે સંસ્થાનોને જીતતું હતું તે સંસ્થાનો ઉપર લોકશાહીની બધી રીતરસમ ખતમ કરી નાખીને ભયાનક એવી જાલીમશાહી બનતું હતું. ઉદ્યોગ ક્રાંતિએ ખીલવેલા લોકશાહીના રાજકારણનું રૂપ પોતાનાં રાષ્ટ્ર પૂરતુંજ વ્યાપક બની શક્યું હતું, અને તે પણ ઉદ્યોગનાં માલીકોની બનેલી નાગરિકતા સુધી જ પહોંચ્યું હતું. ઇંગ્લેંડની ઉદ્યોગ ક્રાંતિએ આવી નવી લોકશાહીનાં નાગરિકોની માલીકી નીચે મેન્ચેસ્ટર, બર્મીંગહામ, લીડસ, શેફીલ્ડ અને લંડન જેવાં નવાં નગરોને જન્મ આપ્યો હતો.

ઉદ્યોગ ક્રાંતિની નવી ખેતીવાડી

ઉદ્યોગક્રાંતિએ ખેતીવાડીનું પણ નવું સ્વરૂપ સરજવા માંડયું હતું. ખેતીનું સ્વરૂપ, ઉદ્યોગ ક્રાંતિનો જ એક વિભાગ હતું. ખેતીના ઉદ્યોગમાં અથવા ધંધામાં ઇસ્વીસનના સત્તર સૈકાઓએ એકજ જાતનાં અનાજ અને બીજનું વાવેતર કર્યા કર્યું હતું. ઉદ્યોગ ક્રાંતિએ સત્તરમા સૈકા પછી ખેતી ઉદ્યોગમાં પણ યંત્રો, નવાં વાવેતરો, નવાં ખાતરો, અને વૈજ્ઞાનિક પદ્ધતિનું પશુપાલન શરૂ કર્યું. આ નવા સ્વરૂપે જમીનદારી પદ્ધતિને ખતમ કરીને ખેતીવાડીમાં શ્રમ કરતાં ખેડૂતોના સમુદાયોને સ્વતંત્ર બનાવવા માંડયા. મૂડીનાં રોકાણનું ઉદ્યોગ રૂપ નાગરિકો કહેવાવા માંડયું હતું તેમ જ કિસાનો પણ નાગરિકો કહેવાવા માંડયાં. ખેતીની પેદાશમાં નફાનું પ્રમાણ વધવા માંડયું અને સુધારાઓ થવા માંડયા. ખેતીના ધંધા પર સ્વાર બનેલી રજવાડીશાહી ખતમ થતાં આ ધંધામાં વિજ્ઞાન નામની સામાજિક સંસ્થાનો પ્રકાશ પરખાવા માંડયો. ખેતીનાં સાધનોમાં નવાં સાધનો અને નવાં યંત્રો બનવા માંડયાં. આ નવી પદ્ધતિએ ખેતીનું ઉત્પાદન અનેકગણું વધારી મૂકયું, તથા પશુપાલનમાં અને એવો જ વધારો

વધારો કર્યો. લણવા અને ઉપણવાનાં તથા ખેડવાનાં અને વાવેતર કરવાનાં યંત્રો તૈયાર થઇ ગયાં અને ખેતીના ધંધામાં પણ નવાં સામાજિક સ્વરૂપો દેખાવા માંડ્યાં. આ સ્વરૂપોએ ખેતી કરનારાં શ્રમ માનવોની અર્ધગુલામ જેવી અથવા હાલીઓ જેવી અથવા 'સર્ફ' જેવી જીવનદશાનો અંત આણ્યો તથા તેમને પણ સ્વતંત્ર માનવો બનાવવા માંડ્યાં. આ રીતે ફ્રેંચ ક્રાંતિએ શરૂ કરેલું લોકશાહીનું સ્વરૂપ ઉદ્યોગ ક્રાંતિ મારફત પણ સમાજના જીવનમાં વધારે ને વધારે વિસ્તાર પામવા લાગ્યું. આ સ્વરૂપ, ફેકટરી અને ખેતરોમાં કામ કરતા બધા લોકસમુદાયોમાં વ્યાપક બનવા માંડ્યું. આ સ્વરૂપ ધરમૂળથી ફેરફાર કરનારૂં અથવા જીવનની રીતભાતને લોકસમુદાયોમાં પણ પલટી નાખનારૂં સ્વરૂપ હતું, એટલે જ તેને ક્રાંતિકારી સ્વરૂપ કહેવું જોઇએ. ક્રાંતિનું આ રૂપ પુષ્કળ મતાધિકાર જેવું, હજુ રાજકીય સ્વરૂપ નહોતું બન્યું પરંતુ તેનું નૂતન એવું આર્થિકરૂપ, ઔદ્યોગિક ક્રાંતિએ સરજ્યું હતું તથા, સૌ માનવોના શ્રમ કરવાના, સમાન અધિકારવાળું આ આર્થિકરૂપ હતું.

ઉદ્યોગ ક્રાંતિનું સામાજિક રૂપ

ઇતિહાસના આરંભકાળથી માનવજાતની આર્થિક આબાદીની પ્રગતિનો પાયો ધાતુઓ ઉપરના તેના કાબૂ પર આધાર રાખતો માલુમ પડ્યો છે. આ ધાતુઓમાં લોખંડ હજારો વર્ષથી શોધાયા પછી અને લોહયુગની શરૂઆત થઈ ગયા પછી લોખંડનો ઉદ્યોગ પર શરૂ થયેલો મહાન પલટો ૧૮મા સૈકામાંજ આવી શકયો. લોખંડના ઉપયોગનાં પરિણામોમાં પહેલી જ વાર આવો પલટો ક્રાંતિકારી હતો કારણકે તેણે આજ સુધીના ઉદ્યોગનું સ્વરૂપ બદલી નાખ્યું. આજ સુધીનો ધાતુ ઉદ્યોગ ચલાવનાર લુહાર હતો. હવે શરૂ થતા ક્રાંતિકારી ફેરફારે લોખંડની વૈજ્ઞાનિક તપાસ શરૂ કરી અને ઉદ્યોગનું સ્વરૂપ લુહારના હાથમાંથી ઇજનેરના હાથમાં ગયું. આ ફેરફારનું બીજું મુખ્ય રૂપ એ હતું કે લોખંડને ગરમ કરવા માટે વપરાતા લાકડાના કોલસાને બદલે જમીનની અંદરનો કોલસો વપરાવા માંડ્યો. આ કોલસાની સાથે જ નવી ભઠ્ઠીઓનો જન્મ થયો. આ ભઠ્ઠીઓમાં નવી તાકાતને ધારણ કરનારો લુહાર નહિ પણ ઇજનેર બન્યો. આ ઇજનેરોએ પોલાદના પુલ પણ બાંધવા માંડ્યા અને જહાજો પણ બાંધવા માંડ્યાં.

ઉદ્યોગ યુગના આરંભમાં લોખંડ અને કોલસાની તાકાત સાથે વરાળની તાકાત પણ સામેલ થઇ ગઇ. માણસની સેવા માટે વરાળનો ઉપયોગ તો જ્યારે પૃથ્વી, ગોળ નહોતી મનાતી તેવા પુરાણા સમયથી જ શરૂ થઇ ગયો હતો,

પ્રણ, માનવસમાજના વહિવટની સેવા માટે તેનો વપરાશ શરૂ થતાં ૧૮ મો સૈકો અડધો વહી ગયો હતો. આ શોધની સાથે સાથે જ ખાણમાંથી પાણી કાઢવાના પંપ બન્યા અને કોલસા ખોદવાનો ઉદ્યોગ ઝડપી બન્યો. આ ઉદ્યોગ વિના લોખંડની ઝડપને ચાલે તેમ ન હતું. આ ફેરફાર પણ ઔદ્યોગિક ક્રાંતિનો ફેરફાર હતો. લોખંડ અને કોલસાએ તથા વરાળે ધાતુના ઉદ્યોગની તાકાતને ક્રાંતિકારી બનાવી, અને યુરોપના જીવન વહિવટમાં વણાટખાતામાં ' ફ્લાઇંગ શટલ ' આવી પહોંચી. આ ' ફ્લાઇંગ શટલે ' સુતરના તારને ઝડપી બનવાની ફરજ પાડી. આ ફરજે શાળમાં નવા સુધારા કર્યા, અને જેમ્સ વૉટે શોધેલી વરાળ શક્તિ પણ વણાટ ઉદ્યોગમાં આવી પહોંચી.

ઉદ્યોગની ક્રાંતિના આ સ્વરૂપે ઉદ્યોગને ખાનગી ઘરના ખૂણાઓમાંથી બહાર કાઢ્યો, અને ઉદ્યોગના પોતાનાં જ નવાં ઘર બાંધવાની ફરજ પડી. નવા ઉદ્યોગઘરનું નામ 'ફેક્ટરી અથવા કારખાનું પડ્યું. ઉદ્યોગનાં આ ઘરોમાં ક્રાંતિનું સ્વરૂપ ધારણ કરેલાં ઉદ્યોગનાં સાધનો, હરત ઉદ્યોગનાં નહિ પણ કોલસો લોખંડ અને વરાળથી ચાલતાં યંત્રો બન્યાં, અને ઉદ્યોગઘરો, કારખાનાં બન્યાં.

ઉદ્યોગવાદનું ક્રાંતિકારી મનુષ્યરૂપ

ઉદ્યોગનું આ ક્રાંતિસ્વરૂપ ચલાવનારાં મનુષ્યો અથવા શ્રમમાનવો જૂના જગતમાં હતાં તેવાં ગુલામો કે હાલિકો ન હતાં. આખા યુરોપ પરની ધરતી પરના તમામ દેશોમાં જમીન પરનાં આ અર્ધગુલામોએ જાગતા મૂડીવાદ અને વ્યાપારવાદના મધ્યમવર્ગોની આગેવાની નીચે તેમને જમીન પર જકડી રાખતાં ગુલામીનાં બંધન તોડી પાડ્યાં હતાં, અને યુરોપની ધરતીને હચમચાવી નાંખનારી કિસ્સાન ક્રાંતિઓ કરી હતી. આ ક્રાંતિની હિલચાલો નીચે યુરોપ પરની હાકારશાહી ખતમ થઈ ગઈ હતી, તથા ત્યાર પછી યુરોપના વેપારી અને મૂડીવાદી સમાજે યુરોપના રાજાઓનો શાસન અધિકાર પણ ઝુંટવી લીધો હતો. યુરોપની આવી હિલચાલમાંથી ઔદ્યોગિક ક્રાંતિના કારખાનામાં કામ કરવા માટે યુરોપનો નવો શ્રમમાનવ આવી પહોંચતો હતો. આ શ્રમમાનવનું નામ કામદાર અથવા મજૂર હતું, અને આ મજૂરીનું સ્વરૂપ પણ આઝાદ સ્વરૂપ હતું. મજૂર અથવા કામદાર પોતાની મજુરી વેચવા માટે રોજના દામ અથવા રોજી ઠરાવવા માટે સ્વતંત્ર હતો. આ સ્વતંત્રતા સાથે યુરોપનો આ શ્રમમાનવ ગરીબઘરમાં આઝાદ નાગરિક તરીકે રહેતો હતો અને વેપારી વર્ગની આગેવાની નીચે રજવાડાશાહીને ખતમ કરીને લોકશાહી ઘટના રચીને એ પણ હવે મતાધિકાર પામવાની લાયકાત ધારણ કરવાનો હતો. હવે યુરોપનો કોઇ શહેનશાહ પણ તેને તેની મરજી વિરુદ્ધ

વેઠ કરાવવા માટે એને લઈ જઈ શકતો નહતો તેટલો એ આઝાદ શ્રમ–માનવ બન્યો હતો.

ઔદ્યોગિક ક્રાંતિનું વાણિજ્યરૂપ

આવી ઔદ્યોગિક ક્રાન્તિનો આરંભ સમાજના નૂતન વાણિજ્યરૂપમાંથી થયો. યુરોપના નવા વાણિજ્ય સ્વરૂપનો આરંભ અમેરિકાની શોધની સાથે થયો એમ કહી શકાય. આ વાણિજ્ય સ્વરૂપમાં નવા શોધાયેલા દેશોમાંથી સોના, રૂપાના અને બીજા માલસામાનના ઢગલા યુરોપમાં આવ્યા. યુરોપના, ઇટાલીના જૂનાં વાણિજ્ય નગરો હવે નવા વાણિજ્યમાં નકામાં બન્યાં. નવા વાણિજ્યના નૂતન સ્વરૂપે ભૂમધ્યને બદલે એટલાંટિક મહાસાગરને પસંદ કર્યો તથા વાણિજ્યના આ સ્વરૂપે ઉદ્યોગવાદનો વિકાસ કર્યો. નવા વાણિજ્યના આરંભના આગેવાન દેશો, સ્પેઈન, પોર્ટુગાલ, હોલેંડ અને ઈંગ્લેંડ બન્યાં. નૂતન બનતા યુરોપમાં "મર્કેન્ટાઈલ સીસ્ટોમ" ના નામથી ઓળખાતી આ વાણિજ્ય પ્રથાએ પોતાના નવા અર્થશાસ્ત્રીઓ પણ જન્માવ્યા. આ નવા અર્થકારણે રાષ્ટ્રિય દોલતના સિદ્ધાંતને વિકસાવ્યો. આ સિદ્ધાંત એ હતો કે સોનું અને રૂપું એ રાષ્ટ્રીય દોલતનાં રૂપકો હતાં, તથા આ બે ધાતુઓ જે દેશ પાસે સૌથી વધારે હોય તે દેશ શ્રીમંત કહેવાય. હવે લશ્કરો પણ એક દોલત છે તેવી ખાત્રી આ નવા રાષ્ટ્રોને થવા માંડી હતી. સોના અને રૂપા વડે મોટાં લશ્કરો જમા કરી શકાતાં હતાં, તથા લશ્કરો વડે સોના અને રૂપાની દોલત વધારી શકાતી હતી, તથા ઉદ્યોગને વિકસાવાતો હતો. આ નવા વાણિજ્યના સ્વરૂપમાં આંતરરાષ્ટ્રિય વ્યાપાર એક કુદરતી કાનૂન અથવા સત્યની જેમ સ્વિકારાવા માંડતો હતો. આંતરરાષ્ટ્રિય વ્યાપારવાળી આવી "મર્કેન્ટાઈલ સીસ્ટીમને" અથવા વાણિજ્ય પ્રથાને યુરોપનાં રજવાડાં પણ અપનાવવા માંડ્યાં હતાં. ઈંગ્લેંડના રક્ષક બનેલા ક્રોમવેલની પરદેશનીતિ આ વાણિજ્ય પ્રથા ઉપર જ બંધાઇ હતી. આ પરદેશ નિતીને ધારણ કરતું ઈંગ્લેંડ પણ હવે દુનિયાના પ્રદેશો જીતવા નિકળી ચૂકયું હતું. ઉદ્યોગીક ક્રાંતિ પર સ્વાર થઈને મહાસાગરોને વટાવીને નવી શોધાયેલી દુનિયાના જુદા જુદા પ્રદેશો ઉપર પોતાનાં સંસ્થાનોની રચના કરતી યુરોપની વાણિજ્ય પ્રથા સંસ્થાન વાદની રચના કરતી હતી. આ પ્રથા નીચે ધરતીના જુદા જુદા પ્રદેશો યુરોપનાં સંસ્થાનો બનવા માંડ્યાં હતાં, તથા આ સંસ્થાનો પર વ્યાપાર ચલાવવા એટલે તેમની રીતસરની લુંટ ચલાવવા યુરોપના સાહસિકોની વેપારી મંડળીઓ રચાવા માંડી હતી. યુરોપની વાણિજ્યનીતિએ પોતાનાં રાષ્ટ્રોમાંથી બહારના જગતમાં ધકેલેલા સાહસિકો જગતભરમાંથી શોષણ કરીને સુવર્ણ

એકકું કરવા તથા પોતપોતાના રાષ્ટ્રઉદ્યોગો વિકસાવવા માંડ્યા હતા. સંસ્થાન બનતા જગતના ખંડો, એશિયા અને આફ્રિકા હતા. અમેરિકાએ હવે સંસ્થાન બનવાનો ઇન્કાર કરી દીધો હતો. હવે અમેરિકા ઉપરાંત યુરોપનાં બધાં ઔદ્યોગિક રાષ્ટ્રો, વાણિજ્ય પ્રથાનાં, પોતપોતાનાં સંસ્થાનો એશિયા અને આફ્રિકા પર કોતરી કાઢવા માટે અંદર અંદરની જીવલેણ હરિફાઇ પણ કરવા લાગ્યા હતા.

હિંદ પર અંગ્રેજી વાણિજ્ય રાજ્ય

આ અરસામાંજ એશિયાના વિશાળ દેશ હિંદ પર અંગ્રેજી વાણિજ્ય પ્રથા, ઔદ્યોગીક ક્રાંતિ અને રાજ્ય ક્રાંતિની સન્નવટ કરીને રજવાડા શાહીના અનેક વિચ્છેદો વડે આ મહાન રાષ્ટ્ર, જેની વિશાળ કાયા ચારણીના જેવી કોચાઈ ગઈ હતી, તેવા હિંદ દેશ પર ઉતરી પડી. અંગ્રેજોના આવતાં પહેલું યુરોપનું આ વાણિજ્ય સ્વરૂપ પોર્ટુગલથી અહીં આવી પહોંચ્યું હતું, પરંતુ પોર્ટુગીઝો પોતાની કમ તાકાત અને ટુંકી નજરને લીધે પાછા પડ્યા, અને હિંદ પર સંસ્થાન સ્થાપવાની હરિફાઇમાં ડચ, ફ્રેંચ અને અંગ્રેજોએ દોટ મૂકી. હિંદ પર પોતાનું સંસ્થાન સ્થાપનારી અંગ્રેજી વાણિજ્ય મંડળીને ઇસ્ટ ઇંડીયા કંપનિનું નામ આપીને ૧૬ મા સૈકાના છેલ્લે દિવસે અંગ્રેજી રાષ્ટ્રે જન્માવી હતી. ત્યારના વાણિજ્ય શાસને તેને હિંદ પર ઉતરવાનો પરવાનો દીધો હતો. આ ઇસ્ટ ઇન્ડિયા કંપનીમાં જમા થયેલી સાહસિકોની મંડળી ખૂબ ખંધા અને પાકટ એવા સાહસિકોની બનેલી હતી. આ મંડળીએ ડચ અને ફ્રેંચ સાથે હરિફાઈ તો કરવાની હતી જ પરંતુ તે ઉપરાંત નીતિ અને ન્યાયના બધા જ ખ્યાલોને ખતમ કરી નાખીને હિંદની પરદેશી ધરતી પર જળોની જેમ ચોંટી રહે એવી વેપારી કોઠીઓ બાંધવાની હતી. આ કોઠીઓમાં રહીને તેમણે હિંદની ભૂમિ પરના રોગચાળાથી ઉભરાતા હવામાનનો પણ મૂકાબલો કરવાનો હતો. મદ્રાસમાં આવેલા અંગ્રેજી વાણિજ્યના આ કમઠાણને માટે ભેજવાળી જમીનની દરિયામાં લંબાયેલી એક અણી આપવામાં આવી હતી. જમીનની કિનારી પર મેલેરિયામાં ત્યારની અંગ્રેજી સાહસિકોની ટોળકી પડાવ નાખીને ચીટકી રહી હતી. અંગ્રેજી રાજને પહેરામણીમાં મળેલો મુંબઇનો ટાપુ પણ ત્યારે હવા ખાવા માટે રહેવા જેવો નહતો. આવા વેરાન પ્રદેશ પર દરિયાની વ્યાપારી જળો બનીને ચોટેલી ઇસ્ટ ઇન્ડિયા કંપની પોતાના દેશના ઝંડાનો ઘાગો પોતાની કોડી પર ફરકાવતી હતી તથા દુનિયાની આબાદીમાં અજોડ એવી દોલત વડે જળહળી ઉઠેલી અને દેદીપ્યમાન દેખાતી મહાન મોગલશાહી પર લાલચુ નજર નાખતી હતી. આ પરદેશી મંડળી સમજતી હતી કે અકબરના

ગયા પછી સોના રૂપા અને ઝવેરાતના પર્વત જેવી આ બાદશાહતની માટીના પાયા હચમચી ઉઠશે તથા ત્યારે પોતાના સામ્રાજ્યને અહીં રોપી શકવાનો આરંભ કરાશે. હિંદી શહેનશાહતના માટીના પગ પૂર્વની પ્રાચીન એવી શહેનશાહતના રૂપવાળા જ હતા. બિંબિસાર અને ચન્દ્રગુપ્તની શહેનશાહતનું સ્વરૂપ જેવું હતું, તેવું જ આટલા સમયથી વિકાસ પામ્યા વિનાનું અને અનિયંત્રિત એવું શાસન, આ પ્રાચીન ભૂમિ પર ઉભું હતું. આ અનિયંત્રિત રૂપમાં શહેનશાહના મરણ પછી ગાદી પર આવવાનો કોઈ ચોક્કસ નિયમ પણ આ શહેનશાહતમાં આજ સુધીમાં રચાયો ન હતો. પરિણામે શહેનશાહતના મરણ પછી તેના દીકરાઓ આખી શહેનશાહતને હચમચાવી નાખે તેવો, ગાદી માટેનો આંતર વિગ્રહ કરતા હતા. ઔરંગઝેબ ગાદી પર આવ્યો ત્યારે શહેનશાહતનું નિયંત્રણ રુપ કેવું પોલું હતું તે દેખાઈ ગયું. ભારતની ભૂમિ પર શાસન સંસ્થાનું આ સ્વરુપ સૈકાઓથી આવું જ ચાલ્યું આવતું હતું. સૈકાઓ સુધી એના નિયંત્રણમાં ફેરફાર પડયો નહોતો. આ ક્ષતિ સૌથી વધારે ચોકખી હવે દેખાઈ ગઈ. ઔરંગઝેબે ઇસ્લામની ટૂંકી દૃષ્ટિ ધારણ કરીને મંદીરો તોડવા માંડયાં, એટલું જ નહી પણ બિજાપુર અને ગોલકોંડાના ઇસ્લામી રાજ્યોનો પણ નાશ કર્યો. પછી તેવું વર્ષની ઉંમરે જ્યારે આ બાદશાહ મરણ પામ્યો ત્યારે આ શહેનશાહતની હકૂમત નીચેનાં બધાં રજવાડાં પરસ્પરના અને દરેક સામે. સૌના દુશ્મનોની છાવણી હોય તેવાં દેખાયાં. એવી અંદરથી જ બખાઈ ગયેલી આ શહેનશાહત પર બહારથી મોતનો ફટકો શિવાજીએ લગાવ્યો, અને તેણે પણ એવી જ ખામીવાળી નવી બાદશાહત બાંધી. એટલે આ દેશ પર શાસનના રાજવહિવટની એકતા આવી શકી નહિ. લૂંટારા જેવા રજવાડાઓએ, આ ભૂમિનું જ શરીર ચૂંથવા માંડયું. અંદર અંદરના વિચ્છેદથી ભેદાઈ ગયેલો આ મહાન દેશ ત્યારે પરદેશીઓનું પ્યાદું બનીને પડયો. પોતાની સમાજ વ્યવસ્થા અને રાજ્ય વ્યવસ્થાની વિચ્છેદ નીતિ નીચે પતન પામેલા, આ પ્રાચીન રાષ્ટ્રને પોતાનું સંસ્થાન બનાવવા આવેલી યુરોપની સામ્રાજ્યવાદી વાણિજ્ય પધ્ધતિના પ્રતિનીધીઓમાંથી પોર્ટુગાલ અને હોલેંડ પાછા પડયા હતા પણ પછી હિંદને ગુલામ બનાવવા માટે ફ્રાન્સ અને ઈંગ્લેંડ વચ્ચે તીવ્ર હરિફાઇ જાગી ઉઠી હતી. અંગ્રેજોએ આવા અચેતન પડેલા દેશ પર પાણીપતના યુદ્ધમાં ફટકો લગાવ્યો, અને ઇસ્ટ ઇન્ડિયા, કંપની હિંદની માલિક બની ચૂકી. હિંદ બ્રિટનનું ગુલામ સંસ્થાન બન્યો.

સામ્રાજ્યવાદનું સ્વરૂપ, વતનમાં અને સંસ્થાનમાં

કોઈપણ સામ્રાજ્યવાદનું સ્વરુપ પોતાના વતનમાં પણ પોતાના શ્રમજીવીઓનું શોષણ કરીને યંત્ર–ઉત્પાદન વધારવાનું હોય છે. આ શોષણ મારફત અંગ્રેજી

સામ્રાજ્યે પોતાને ત્યાં ઉદ્યોગની આરાધના આરંભી દીધી હતી તથા તે સાથે પોતાના સંસ્થાન બનેલા દેશોમાં એકકે એક પ્રજાજનનું પિડન કરીને આખા રાષ્ટ્રની બેફામ લૂંટ ચલાવવાનું શરૂ કરી દીધું હતું. પોતાના વતનમાં મજૂર કુટુંબોની ચાલીઓમાં માનવ જાતનું જીવન, કંગાળ અને અંધકારમય બનાવનાર સામ્રાજ્યવાદ, પોતાના સંસ્થાન બનેલા દેશને કાચો માલ ઉપજાવવાનું એક મોટું ખેતર બનાવી દઈને ત્યાંની માનવતાની સર્વાંગી ખાના ખરાબી કરતો હોય છે. યુરોપમાં આ શરૂ થયેલા સામ્રાજ્યવાદના આવા આરંભના જીવનમાં ખૂદ ઇંગ્લેંડમાં પણ બજારની જીવલેણ હરિફાઇનો બધો ભાર મજૂરોની જીંદગી પર પડેલા કાપમાં દેખાતો હતો. ટૂંકામાં ટૂંકો પગાર અને લાંબામાં લાંબો શ્રમનો સમય, ત્યારના ઇંગ્લંડના કામદારની જીંદગી પર ભયાનક ત્રાસની જેમ છવાયેલો રહેતો હતો.

સામ્રાજ્યવાદનો જીવન કલહ

સામ્રાજ્યવાદની આ વાણિજ્ય પ્રથા હતી. આ પ્રથાને મૂડીવાદના અર્થ શાસ્ત્રીઓએ જીવન કલહનું નામ આપ્યું હતું, તથા જીવનના આ કલહને તેમણે નીતિના કાનૂન જેવો યોગ્ય ઠેરવ્યો હતો. સામ્રાજ્યવાદી જીવનના આ કાનૂને માનવજાતની જીંદગીમાં હરિફાઇને જીંદગીનું મુખ્ય સત્ય બનાવી દીધું હતું. આવા જીવલેણ જીવન વહિવટના એક રેવરન્ડ ટી. આર. માલ્થસ નામના ચિંતકે એક સામાજિક સત્ય શોધી કાઢયું. માલ્થસનું આ સત્ય કહેતું હતું કે, દુઃખનું કારણ અત્યારની વાણિજ્ય પધ્ધતિ નથી, પરંતુ વધારે પડતી પ્રજોત્પત્તિ છે. એટલા માટે દુઃખનું નિવારણ કરનાર ઉપાય તરીકે ભૂખમરો રોગચાળો અને યુદ્ધ, એ ભગવાનની મોકલેલી જરૂરી વસ્તુઓ છે. સામ્રાજ્યવાદી વાણિજ્ય પદ્ધતિમાંથી જ નિપજતાં ભુખમરા અને યુદ્ધોવાળા જીવન કલહને આ યુગના જ, એક રપેન્સર નામના ચિંતકે "સર્વાઇવિલ ઓફ ધી ફીટેસ્ટ" નું નામ આપ્યું હતું. આ રીતે ડારવીને શોધેલા જીવન વિકાસના નિયમનું ખોટું આરોપણ માલ્થસે અને રપેન્સરે મૂડીવાદી વાણિજ્ય પદ્ધતિનો બચાવ કરવા કર્યું હતું.

સામ્રાજ્યવાદે જીવનકલહનું એક મોટું વ્યાપક સ્વરૂપ આ રીતે ઇતિહાસમાં પહેલીવાર ખૂલ્લું મૂકયું હતું. આ કલહમાં શ્રમ માનવો અને સામ્રાજ્ય વાદી વાણિજ્યના માલિકો પરસ્પરના જીવનવહિવટમાં કસાતાં હતાં. સામ્રાજ્યવાદી બજારની મૂડીનો નિયમ જીવનનો વહિવટ બનીને આગળ વધતો હતો. જીવન કલહનું આ સ્વરૂપ મોટા ભાગે આર્થિક વહિવટના સ્વરૂપવાળું હતું, પરંતુ

તેનું રાજકીય સ્વરૂપ પણ હંમેશાં દેખાયા કરતું હતું. આ રૂપ લોકશાસનને, લોકસમુદાયમાં ઉતરવા દેતું ન હતું. આ અર્થકારણના જીવનવહિવટનો નિયમ "સપ્લાય અને ડીમાન્ડ" નામના બે પૈડાં ઉપર ફર્યા કરે છે અને વિકાસ પામ્યા કરે છે એમ તે સમયનું અર્થકારણ સમજાવતું હતું. પરંતુ ઉત્પાદન અને જરૂરિઆતનાં બે ચક્રો ઉપર આગળ વધતો સામ્રાજ્યવાદી વ્યવહાર હવે જીવન-વહિવટના વિકટ પંથ પર ચઢી ચૂક્યો છે તેની ખાત્રી થતી જતી હતી. હરિફાઈના રૂપવાળી વિકટ પરિસ્થિતિ સંસ્થાનોમાં ભૂખમરાને અને રોગચાળાને ભયાનક રીતે તિવ્ર બનાવતી હતી તથા સામ્રાજ્યવાદી દેશોમાં એક બીજા સાથેનો સંહાર કરવા માટે યુદ્ધમાં ઉતરવાની તૈયારી કરાવતી હતી.

આખા જગતને ગુલામ બનાવનાર સૌથી મોટો સામ્રાજ્યવાદ અંગ્રેજી સામ્રાજ્યવાદ બન્યો હતો. અંગ્રેજી સામ્રાજ્યની યંત્રજાળ ચલાવનાર ચક્રોનું મધ્યબિંદુ ઈંગ્લેંડ નામનો નાનો સરખો ટાપુ હતો. આ ટાપુએ સૌથી પ્રથમ પોતાની પડોશી પ્રજાઓને, આયર્લેંડ અને સ્કોટલેંડની પ્રજાઓને, ગુલામ બનાવી હતી. પછી જગતના સૌથી મોટા ભાગ પર અંગ્રેજી સામ્રાજ્યવાદની જાળ પથરાવા માંડી હતી. આ સામ્રાજ્યની હકૂમત નીચે ઓસ્ટ્રીયા, કેનેડા, ન્યુ ફાઉન્ડલેન્ડ, ન્યુઝીલેંડ અને સાઉથ 'આફ્રિકાના પ્રદેશો આવી ગયા હતા. પછી સામ્રાજ્યની પકડ નીચે મહાન મોગલ શહેનશાહતની બધી ભૂમિ આવી ગઈ. પછી સામ્રાજ્યવાદની જાળ બલુચિસ્તાન, બ્રહ્મદેશ અને એડન પર છવાઈ ગઈ. ત્યાર પછી આ સામ્રાજ્યવાદના સકંજામાં ઈજીપ્ત આવી ગયું, અને જમાઈકા, બહામા, બર્મુડા, અને માલ્ટાના પ્રદેશો પણ આવ્યા. સિલોન ત્રીનીદાદ ફીજી, જીબ્રાલ્ટર અને સેન્ટ હેલિના પર પણ આ અંગ્રેજી સામ્રાજ્યનાં થાણાં બેસી ગયાં. જેવું પ્રાચીન જમાનામાં આખા જગતનું કારખાનું, તથા કેદખાનું રોમન સામ્રાજ્ય હતું તેવું વીસમા શતકમાં આખી દુનિયાનું કારખાનું તથા કેદખાનું અંગ્રેજી સામ્રાજ્યવાદ બન્યું. આ સામ્રાજ્યનું અંગ્રેજી કારખાનું જે કંઈ નિપજાવતું હતું તે બધું નફાખોર રૂપ ધારણ કરીને સામ્રાજ્ય નામના બજારમાં વેચાતું હતું. સામ્રાજ્ય નામનું આ બજાર પોતાની વેઠ જેવી મજૂરી વડે જે કંઈ ઉપજાવતું હતું તે બધો કાચો માલ પાકી નિપજ બનવા માટે લિટન નામના કારખાનામાં પહોંચી જતો હતો. આ વાણિજ્યરૂપનું વિષચક્ર આખા જગત પર અંગ્રેજી સામ્રાજ્યવાદી ઘટના બનીને ફરતું હતું. આ ઘટનામાં આખી દુનિયા એટલે, એશિયા અને આફ્રિકાનું જગત જાણે શૂન્ય બની ગયું હતું તથા તેના પર સામ્રાજ્યવાદી કફન ઢંકાઈ ચૂક્યું હતું.

યંત્રનું તંત્ર અને સંસ્કૃતિનું સામ્રાજ્યવાદી સ્વરૂપ

ઉત્થાનયુગ પછી યંત્રની જમાવટ અને ઉત્પાદનનાં યંત્રોની રચના એક મોટું તંત્ર બની ગયું હતું. આ તંત્ર અથવા 'ટેકનીક'નું મૂખ્ય રૂપ જીવન વહિવટને વ્યાપક બનાવવાનું હતું. જીવનના એકેએક વિભાગમાં આ વ્યાપકતા હવે દેખાવા માંડી હતી. યંત્ર મારફત થતા ઉત્પાદનનું પ્રમાણ યંત્રને લીધે ખૂબ મોટું બની ગયું હતું. સમાજનું ધ્યેય સૌથી વધારેમાં વધારે માલ નિપજાવવાનું બન્યું હતું. આ માલના ઢગલા હવે વ્યાપક બનવાના હતા, તથા માલની અવરજવર માટે હવે યંત્રવાહનો પણ બનવા માંડયાં હતાં. એટલા માટે આ જમાનાનું અર્થશાસ્ત્ર એમ કહેતું હતું કે હવે સૌથી વધારે સંખ્યામાં માણસોનું સૌથી વધારે સુખ લાવી શકાશે. આ અર્થશાસ્ત્ર, આદમ સ્મિથનું હતું.

મોટાં યંત્રો હવે નવાં યંત્રોને બનાવતાં હતાં. જ્યારે યંત્રોએ નવાં નવાં યંત્રો બનાવવા માંડયાં, ત્યારે માનવ સમાજની જરૂરિયાતો અને હાજતો સૌથી મોટા પ્રમાણમાં પુરી પડવા માંડી. આ રીતે યંત્ર અથવા યંત્રોની આખી ઘટના, અથવા યંત્રતંત્ર આપણી સંસ્કૃતિનો એક મોટો વિભાગ બન્યો. સંસ્કૃતિનું આવું સ્વરૂપ ઇતિહાસમાં કયારે શરૂ થયું તેની ચોક્કસ તારીખ આપી શકાય નહીં પરંતુ સત્તરસોની સાલને આપણે તેના આરંભ તરીકે લઇ શકીએ. યંત્રની ઘટનાનું આ સ્વરૂપ વીસમા સૈકા સુધી વધારેને વધારે વિકાસ પામ્યા કર્યું. આટલા સમય સુધીમાં એણે જીવનનાં તમામ ક્ષેત્રોને આવરી લીધાં, તથા તેનો શાસન વહિવટ 'સામ્રાજ્યવાદી બન્યો. એમ યંત્રની રચનાના આ સ્વરૂપમાં લોખંડ અને પોલાદ એ બે મૂખ્ય ધાતુઓ હતી. આ બે મૂખ્ય વસ્તુઓએ જેવી રીતે યંત્રોને વધારે વ્યાપક બનાવ્યાં તે જ પ્રમાણે તેમણે યુદ્ધનાં યંત્રો પણ બનાવ્યાં. આ રીતે એક બાજુ વધારેમાં વધારે સંખ્યાનાં માણસો માટે વધારેમાં વધારે માલ ઉત્પાદન તથા જીવનનાં સાધનોની બનાવટ શકય બન્યાં, પરંતુ તેની સાથે જ સંસ્કૃતિનો નાશ કરી શકે તેવું વ્યાપકરૂપ, યુદ્ધ નામની સંસ્થાએ તથા સામ્રાજ્યવાદી શોષણે ધારણ કર્યું.

યુદ્ધનાં યંત્રો, યુદ્ધની વ્યાપકતા અને લશ્કરમાં ફરજીયાત ભરતી

યંત્રની આવી ઘટના વડે લોખંડ અને પોલાદે યુદ્ધનાં યંત્રોનાં પ્રમાણ વધારી દેવાની જોગવાઇ કરી આપી. યંત્રની આ સંસ્કૃતિના સમયમાં ઇ. સ. ૧૯૦૦ સુધીમાં ભયાનક એવાં યુદ્ધનાં સાધનો બની ગયાં. મોટી તોપો, મોટાં યુદ્ધજહાજો, યુદ્ધનો સામાન લઇ જનારી રેલના લાંબા રસ્તાઓ તથા યુદ્ધનાં શસ્ત્રસાજની અવરજવરની ઝડપ વધારી મૂકનારાં વાહનો વિગેરે વધી પડયું.

જીવનના ભીન્ન વિભાગોમાં જેમ યંત્રને લીધે ઉત્પાદન વધી ગયું તેજ પ્રમાણે યુદ્ધ નામના વિભાગમાં પણ શસ્ત્રોનું ઉત્પાદન અનેકગણું વધી ગયું. આની સાથેજ યુદ્ધોની મર્યાદાનો વિસ્તાર તથા સંહારકશક્તિ પણ વધી ગયાં. અમેરિકાના આંતરયુદ્ધમાં અને ફ્રાન્કો પ્રશીયન યુદ્ધમાં જગતની જે ખાનાખરાબી થઇ ગઇ તથા માનવ જાતનો જે સંહાર થઈ ગયો, તેણે આપણી સંસ્કૃતિમાં રહેલા યુદ્ધ નામના અનાવ તરફ ધ્યાનારો કર્યો.

ફ્રેંચ ક્રાન્તિએ શરૂ કરેલાં જીવન વહિવટનાં રૂપોમાં, મનુષ્યનું નાગરિક રૂપ જેમ અર્થ માનવ અથવા ' ઇકોનોમિક મેન ' નું બન્યું તેજ રીતે એનું રાજકીય રૂપ, મતાધિકારવાળા મનુષ્યનું બન્યું. લોકશાસનના આ અધિકારની સાથે જ, ફ્રેંચ ક્રાન્તિના સમયમાં જ, સૌથી પહેલાં ફ્રાન્સમાં લશ્કરની રચનાનો સવાલ ઉભો થયો. રજવાડી ભાડૂતી લશ્કરો ક્રાન્તિને કામમાં આવી શકે તેમ નહોતું એટલે ક્રાન્તિની સરકારે, " કોનસ્ક્રીપશન"નું આરંભનું સ્વરૂપ યુરોપમાં સૌથી પહેલું શરૂ કર્યું. આરંભમાં ફ્રેંચ ક્રાન્તિએ શરૂ કરેલી સામ્રાજ્યવાદ માટેની લશ્કરી જનાવટનું શરૂમાં ઐચ્છિક રૂપ રહ્યું પણ પછી તે ફરજીયાત બનતું ગયું. ઈ સ. ૧૭૯૬ માં આર્થિક ક્રાન્તિ અને રાજકીય ક્રાન્તિએ ફ્રાન્સના ૭૭૦,૦૦૦ જુવાનોને ફરજીયાત રીતે શસ્ત્રસજ્જ કરી દીધા. આ પ્રથાએ સામ્રાજ્ય જીતવા નીકળેલા, નેપોલીયનને લશ્કરો દીધાં. તથા નૂતન રાષ્ટ્રીયતાની આ નવી રચના પર મુસ્તાક બનેલા, નેપોલીયને મેટરનીકને પડકાર કરીને કહ્યું કે, " હું એક મહીનાના પચીસ હજારને લેખે, લડવૈયાઓને રણભૂમિ પર ઉતારી શકું તેમ છું." આ પ્રથાએ સામ્રાજ્યવાદી યુરોપને એક નવીજ દિશા દાખવી. વાણિજ્ય પ્રથાનાં, અર્થ માનવોની સરકારો, પોતાનાં સંસ્થાનો જીતવાનાં યુધ્ધો માટે તોપોના ચારા તરીકે વેચાઈ શકાય તેવાં મોટાં લશ્કરો, કોનસ્ક્રીપશનથી સજ્જ થવા લાગી. આ રીતે, રાષ્ટ્રો આખાં શસ્ત્ર સજ્જ બની શકે તેવું સ્વરૂપ સરજાયું.



આ નૂતન જીવનમાં મતાધિકારતાને પામેલું માનવ રૂપ, હવે સામ્રાજ્યવાદી આર્થિક પકડમાં સપડાઇને, યુદ્ધનું યંત્ર પણ બન્યું. મનુષ્યને બળજબરીથી યુદ્ધયંત્ર અથવા રોબોટ બનાવી દેનાર. "કોનસ્ક્રીપશન"ના કાનૂન વડે નેપોલીયને ઇ. સ. ૧૮૦૦ થી ૧૮૧૩ સુધીમાં, ફ્રાન્સના શાહીવાદીઓ માટે, આ પૃથ્વી પર સામ્રાજ્ય કોતરી કાઢવાનાં યુધ્ધો લડવા માટે, એકલા ફ્રાન્સમાંથીજ ૨,૬૧૩,૦૦૦ માનવોને, ફરજીયાત ભરતીમાં પરોવી દઇને, આખા યુરોપની ભૂમિપર માનવસંહારની રચના કરી દીધી.

વાણિજ્ય સંસ્કૃતિનું શાસક બનેલું મનુષ્યરૂપ પણ અર્થ માનવનું જ

જગત પર સંસ્થાનવાદ રચનારી યુરોપની શાહીવાદી એવી વાણિજ્ય સંસ્કૃતિએ માનવ સંસ્કૃતિમાં મનુષ્યનું જે રૂપ ઘડ્યું તેનું નામ અર્થ–માનવ કહી શકાય. યંત્રના તંત્રમાંથી જ જાણે નીપજ્યું હોય તેવું આ મનુષ્યરૂપ પિરામીડ જેવા અર્થ કારણની ટોચ ઉપર ઉભું હતું અને તેના પાયા સુધી તેનો બોજ કચડતો હતો. ટોચ પર ઉભેલું આ અર્થમાનવ યુદ્ધનાં યંત્ર જેવું અને શાહી વાદના સ્વરૂપવાળું બીલકુલ સ્વાર્થ–માનવ, હતું. ટોચ પરના આ અર્થમાન વનો છેડો, પાયામાં બદબદતા બીજાં અસંખ્ય એવાં શ્રમમાનવો સુધી લંબાયેલો હતો. આ બધાં માનવોને પેલા અર્થમાનવે યંત્રો જેવાં શ્રમ માનવો બનાવી દીધા હતાં. ટોચ પર ઉભેલા પેલા અર્થમાનવની નીચે શાહીવાદી વહિવટમાં આ બધી માનવતા સંસ્કૃતિનાં તમામ રંગરાગ, સુખસાધન બનાવવામાં લાગણીઓ અને આનંદો ભૂલી જઇને યંત્ર જેવી અચેતન બની ગઈહતી, તથા કાનૂનની રીતે મુક્ત છતાં ગુલામ જેવી હતી. એના કારણમાં ઉદ્યોગ કે યંત્ર કારણ રૂપ ન હતાં, પરંતુ આ યંત્રનો વહિવટ જેના હાથમાં હતો તેવી વિશ્વયુદ્ધો લાવનારી શાહીવાદી સમાજ ઘટનાનો વહિવટ જ કારણ રુપ હતો. આ વહિવટી તંત્રનું અર્થકારણ અને રાજકારણ પેલા શાહીવાદી અર્થ માનવના હાથમાં હતું. આ અર્થમાનવે પોતાનો પૈસો પેદા કરવાનો વ્યવસાય ક્ષુદ્ર લોભી બનીને સ્વીકાર્યો હતો. એના હાથ નીચેનાં બધાં કારખાનાંઓનો મુખ્ય ઉદેશ માનવ જાત માટે સૌથી વધારે સાધન સામગ્રી ઉત્પન્ન કરવાનો નહોતો પણ નાણું ઉત્પન્ન કરવાનો હતો. માલ સામાન તો જાણે નાણું ઉપજાવતાં ગૌણ રીતે ઉત્પન્ન થતાં હતાં. આ નાણાની ક્ષુદ્રતૃષ્ણા એકલી જ એની મનોદશા બની હતી તથા તેને માટે સંસ્કૃતિનો પણ ભોગ આપી દેવો પડે તો આ અર્થમાનવ તૈયાર હતો, એવું એનું સ્વાર્થરૂપ દેખાતું હતું: શાહીવાદી અર્થમાનવે કેવળ અર્થને અથવા નાણાંને પોતાના જીવતરનો હેતુ બનાવી દઇને આ હેતુની સાચવણી માટે, તેણે શાહીવાદીરૂપ


ધારણ કર્યું હતું. આ શાહીવાદીરૂપે યંત્રતંત્રનો ઉપયોગ માનવ સંહારનો શસ્ત્રસાજ બનાવવામાં પણ કરવા માંડ્યો હતો. એટલે આ અર્થઘટનાએ માનવ સંસ્કૃતિને પડકારે તેવા વિશ્વયુદ્ધની રચના આ જગત પર રચવા માંડી હતી.

આ અર્થ માનવના અધિકાર નીચે જગતની દશા વ્યાકુલ બની ગઈ. આખી દુનિયા અર્થનાં ઉત્પાદનનાં કારાગારમાં પૂરાઈ ગઈ હોય તેવો દેખાવ થઈ ગયો. માનવજાતની સમાનતાના ખ્યાલની જે જાહેરાત ફ્રેંચ ક્રાંતિએ કરી હતી તે સમાનતા જીવન વ્યવહારમાં ડૂબી જવા લાગી. ત્યારે આ અર્થમાનવે ઘડેલી સંસ્કૃતિની ઘટના માટે પશ્ચાતાપ કરતા હોય તેવા અવાજો સંભળાવા લાગ્યા, તથા વધારે સારા સમાજની રચના માટેનાં દિવા સ્વપ્નો લખાવા માંડ્યાં. આ દિવા સ્વપ્નોમાં રોબર્ટ ઓવેને એક સહકારી ઘટના લખી બતાવી નોબેલ નામના એક યુદ્ધનો સામાન બનાવનાર કારખાનાઓના માલિકે શાંતિની ઇનામી સંસ્થા શરૂ કરી. કારનેગીએ મફત પુસ્તકાલયો શરૂ કર્યાં અને રોક ફેલરે વૈદકિય સંસ્થાઓ બાંધવા માંડી.

પરંતુ અર્થમાનવે ઘડેલી સંસ્કૃતિની કટોકટી તેથી અટકી નહીં. એણે રચેલા અર્થકારણનો નિયમ "સપ્લાય અને ડીમાન્ડ" નામનો હતો, તે પણ મૂસ્કેલીમાં આવી પડ્યો હોય તેવું દેખાયું. અર્થ જીવનમાં કટોકટી અને આંધીઓ આવવા માંડી, તથા માનવજાતના મોટામાં મોટા વિભાગ માટેનાં શુભ અથવા કલ્યાણનું સ્વરૂપ વ્યવહારમાં ઉતરતું દેખાયું નહીં. ગરીબાઈ, ભૂખમરો, બેકારી, પછી યુદ્ધનો સંહાર જગત્ પર ઉતરવા લાગ્યો. હવે યંત્રની ઘટનાના આ જમાનાએ જે વ્યાપકતા અને દેશ દેશ વચ્ચેનો પરસ્પરનો સંબંધ બાંધી દીધો હતો તેણે જગત્ને એક જગત્ બનાવી દીધું હતું. આવા એક જગતે વિજ્ઞાનની સાધનાની તાકાત મેળવી હતી. આ રીતે વ્યવહારમાં એક બનેલા જગત્ની સંસ્કૃતિ અને સંસ્કાર પણ એક બનવા માંડ્યાં હતાં.

અર્થમાનવની વાણિજ્યનીતિનું રૂપ, ઉપયોગિતાવાદ

૧૯ મું શતક જ્યારે વીશમા સૈકામાં પ્રવેશવાનો વળાંક લેતું હતું ત્યારે સંસ્કૃતિનાં વૈજ્ઞાનિક સ્વરૂપોને પોતાના અધિકાર નીચે આણી ચૂકેલી જીવન વ્યવહારની નીતિમત્તા બીલકુલ વાણિજ્ય રૂપની ઉપયોગિતા વાળી બની ચૂકી હતી. આ સ્વરૂપે પોતાનું ચિંતન શાસ્ત્ર પણ યોજી દીધું હતું. આ ચિંતન-શાસ્ત્રની પ્રેરણા ઓકસફર્ડમાં ઉભી થઇ હતી પરન્તુ એનું વિકાસ સ્થાન શાહી-વાદની અમેરિકન દુનિયા અથવા નવી દુનિયા હતી. અમેરિકાની આ દુનિયાનું એ ઉપયોગીતાવાદનું ચિંતનશાસ્ત્ર વિલીયમ જેમ્સનું હતું. એણે મનોવિજ્ઞાનનાં



ધાર્મિક સ્વરૂપો તથા ચિંતન. શાસ્ત્રનું 'પ્રેગમેટીઝમ' નામનું રૂપ રચ્યું તથા સત્યનું સ્વરૂપ ઉપયોગી પણ છે તેવું કહ્યું. આપણી સિદ્ધાંતિક વિચારણા પણ આ ઉપયોગિતાવાદની રીતે થતી વ્યવહાર નીતિ છે એમ એણે સમજાવ્યું. માનવ સમાજના વ્યવહારમાં જે જે આચારનો આપણે સ્વીકાર કરીએ છીએ તે આપણા કલ્યાણ અને સલામતિ માટેજ હોય છે એમ આ ચિંતનશાસ્ત્ર સમજાવવા માંડયું. નફાની પ્રાપ્તિને પોતાની સલામતિ અને કલ્યાણ પ્રવૃત્તિ તરીકે સ્વીકારી તે આ નફાની વ્યવહાર નીતિને બહુજન કલ્યાણ વાળી હોવાનું અર્થકારણ પણ વાણિજ્ય નીતીએ ઉપજાવ્યું હતું. હવે એજ વાણિજ્યનીતિના ચિંતનશાસ્ત્રે જીવન વ્યવહારને ઉપયોગિતાવાદ અથવા તકવાદના મૂલ્યમાં સમજાવવા માંડયો તથા સત્યના સ્વરૂપને ઉપયોગ મૂલ્ય અથવા તકમૂલ્ય વાળું જાહેર કર્યું.

વાણિજ્યના વ્યવહારનું આ ચિંતનશાસ્ત્ર જે જે તક આવે તે ઝડપી લઈને ઉપયોગ કરી લેવાની અને લાભ ઉઠાવી લેવાની વ્યવહાર નીતિનું પ્રતિપાદન કરતું હતું. જે ઉપયોગી હતું, તે જ સત્ય હતું એટલું સીધું સાદું આ સંસ્કૃતિરૂપ બની ગયું હતું. આ ઉપયોગિતાવાદના વ્યવહારે, તકવાદની વ્યવહારનીતિ ધારણ કરી એટલે અર્થપ્રાપ્તિ સત્ય અને નૈતિક બનતી હતી અને ઉપયોગી પણ સાબીત થઇ હતી. બસ સત્યનું એજ સ્વરૂપ હતું. આ સ્વરૂપને વાણિજ્યનીતિએ ધારણ કર્યું હતું. આ સ્વરૂપ ખરેખર કલ્યાણકારી હતું ? માનવ સમાજને એ કલ્યાણકારી નિવડ્યું હતું ? માનવસમુદાયો વચ્ચે એણે વધુ સ્નેહ ભાવ બાંધ્યો હતો ? રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે, એણે સમાન સહચાર અને બીન દરમ્યાનગીરિ અપનાવી હતી ? જગતનું શોષણ કરનારી અને તેને પરાધીન બનાવનારી સામ્રાજ્યવાદી ઘટનાનું આ સત્ય સ્વરૂપ આવા સવાલોના જવાબ દેવાને બદલે ઉપયોગિતાવાદની વાણિજ્યનીતિ વડે વિશ્વવિજય કરવા નીકળી ચૂકયું હતું. આવાં ચિંતનનાં પરિણામો પાછળ વાણિજ્યનીતિની ક્ષુદ્રતૃષ્ણાનું તત્ત્વચિંતન, સામ્રાજ્યવાદના

રૂપનું જ નિરૂપણ પામતું હતું. આ **સત્યનું સ્વરૂપ એ હતું, કે પદાર્થ અથવા કાર્યનીતિ સત્ય છે કારણ કે મને એટલે અર્થમાનવને તે માફક આવે છે, અથવા મને તે ઉપયોગી છે.**

ઉપયોગિતાવાદ અથવા તકવાદનું જર્મન રૂપાન્તર.

અંગ્રેજી અને અમેરિકન અર્થમાનવના આ તત્ત્વચિંતનને જર્મનીના ભૂખ્યા અર્થમાનવે અથવા શાહીવાદી માનવોએ સ્વીકાર્યું ત્યારે ત્યાં આ તત્ત્વ-ચિંતન રૂપાન્તર પામ્યું, કારણ કે જર્મનીનું શાહીવાદીરૂપ હજુ સફળ નહોતું બન્યું. એને માફક આવે તેવાં સંસ્થાનો મેળવવાનું કામ હજુ એને માટે બાકી હતું.

એટલે આ તકવાદની સમાજવિરોધી અને સંસ્કૃતિ વિરોધી, સ્વસંકુચિત સ્વાર્થી વિચારસરણી એ જર્મન ધરતી પર નિત્સેની વિચારસરણીમાં પોતાનું ભાષાંતર કર્યું. આ વિચારસરણીએ તકવાદના આખરી રૂપ સુધી લંબાઈને કહ્યું, "જ્ઞાન તે છે, જે, તાકાતની પ્રાપ્તિની નિર્ણય ક્રિયાનું સ્વરૂપ રચે છે અને સત્ય તે છે, જે તેને સફળ બનાવે છે." વાણિજ્યનીતિનું આ ચિંતનનું રૂપ હવે સંસ્કૃતિનો બધો સાથ ત્યજી દઈને તેને, નકારીને, આત્મસંરક્ષણ અથવા, આત્મ સ્થાપનના ક્ષુદ્ર એવા સ્વાર્થી કોકડામાં પેસતું હતું તથા માનવજાતના સંરક્ષણની સામાજિક માનવતાની બધી સંસ્કાર ભાવનાઓનો ત્યાગ કરતું હતું. જર્મનીનો તૃષાતુર શાહીવાદ તકવાદની તરવારનું મ્યાન ફેંકી દેતો હતો તથા સંસ્કૃતિની ઇમારતનો ત્યાગ કરીને, પશુતાની ખોડમાં પેસતો હતો.

જગત મિથ્યા છે અને અહું સત્ય છે.

જર્મનીની ભૂમિપર શાહીવાદી અર્થઘટના વિશ્વવિજયની તૈયારીઓ કરતી હતી ત્યારે, રખેને તે પોતાના તકવાદમાંથી ચળી જાય અથવા યુરોપની યાદવા સ્થળીના ખ્યાલથી ગોરાંમાનવોના અંદરઅંદરના સંહારની કલ્પનાથી તે ડગી જાય તેમ ન બને તે માટે ગમે તે રીતે "યુદ્ધાયયુજસ્વ" નું સૂત્ર સમજાવનારી વિચારસરણીની જેમ જર્મનીનું ચિંતનશાસ્ત્ર પણ કહેતું હતું, કે, "સૌ મારી કલ્પ-નાથીજ બન્યું છે. જગત આખું મારો તરંગ છે. તું તો નિમિત્ત માત્ર છે. અને હું, જગતનો, "કાલોઽસ્મિ લોક ક્ષય કૃત પ્રવૃત્તઃ" એવો અર્થમાનવ છું."

જર્મનીનો આવા અવાજવાળો તત્ત્વચિંતક અર્નસ્ટ મેક નામનો હતો. જેમ વિલીયમ જેમ્સના તકવાદી વાણિજ્ય ચિંતન શાસ્ત્રે પોતાનું માનસશાસ્ત્ર પણ નિપજાવ્યું હતું તે પ્રમાણે આ અર્નસ્ટ મેકનું માનસશાસ્ત્ર કહેતું હતું કે પદાર્થ જગતનું આખરી રૂપ અથવા સત્યરૂપ, છેવટે માનસિક રંગો, અવાજો, દબાણો, ઉષ્ણતા, ગંધ, વિગેરેનું બનેલું છે, અને આ બધાં છેવટે તો, મનુષ્યને થતાં સંવેદનો

નામની મનક્રિયાઓજ છે. આ મનક્રિયાઓને લીધે આપણને પદાર્થનું ભાન થાય છે પણ પદાર્થ જેવી કોઇચીજ છેજ નહીં. જે કંઇ છે, તે માત્ર હું છું."

આ ચિંતનશાસ્ત્રનું નામ "નોમીનાલીઝમ" અથવા નામવાદ પડ્યું. એણે કહ્યું કે જગત માત્ર, નામ વાળાં ચિહ્નોનું બનેલું છે અને મિથ્યા છે. આ મિથ્યા જગતનો વિજય કરવા જર્મન શાહીવાદી લશ્કરવાદ સંસ્કૃતિનાં બધાં વિવેક મૂલ્યોને ત્યજી દઈને, જગતને પોતાના અહંની અંદર ગળી જવા નીકળતો હતો અને ૧૯ મો સૈકો, વીશમા શતકમાં પ્રવેશતો હતો.

શાહીવાદી સંહારકતાનું પુજન અર્ચન

માનવજાતનું વિધાન ઘડવાની વિધાયક તાકાતની શાહીવાદી સમશેર હવે જરમનીએ ધારણ કરવા માંડી હતી. આ સમશેરની પુજા અર્ચના જર્મનીમાં શરૂ કરનાર મહાન ચિંતક હેગલ હતો. હેગલના ઉંધે માથે અને ઉંચા પગે ઉભેલા ચિંતને જરમન અથવા પ્રશિયન સ્ટેટને, વિશ્વઇતિહાસના સર્વોપરિ વિધાયક બનવાનો સિદ્ધાંત આરોપી દીધો હતો.

પછી ગોબ્લેકઉંટ-ડી-ગોબીનો નામના ફ્રેંચ ઉમરાવે "માનવજાતોની અસમાનતા" નામનું પુસ્તક લખીને ઇ. સ. ૧૮૫૩માં જરમન નોરડીક માનવજાતની લોહીની શુદ્ધિ તથા ઔલાદની સર્વોપરિતાને સાબીત કરી. આ સિદ્ધાંતજાતનું સ્વરૂપ ત્યારપછીથી વેગનરની દિકરી સાથે લગ્ન કરનાર હોસ્ટન, સ્ટુઅર્ટ, ચેંબરલેન નામના એક અંગ્રેજે ઇ. સ. ૧૯૯૯ માં "ઓગણીસમા સૈકાના પાયા," નામનું પુસ્તક લખીને પેલા પ્રપંચવાદની જબ્બર હિમાયત કરી, અને જાહેર કર્યું કે યુરોપની ટ્યુટોનિક માનવજાત અને એશિયા આફ્રિકાની સેમીટીક માનવજાત વચ્ચે કુદરતી કલહ ચાલુ છે તથા પરિણામમાં ટ્યુટોનિક નામની ઉચ્ચમાનવજાત માલીક રહેવાને, અને સેમિટિકજાત ગુલામ રહેવાને સરજાયેલી છે. આ બે લેખકોમાં એક ત્રીજો ઉમેરાઈ ચૂકયો હતો આ ત્રીજાનું નામ કારલાઇલ હતું. એણે મનુષ્યના કોઇપણ અધિકારનું ખંડન કરીને એકલી વીરની સમશેરને સર્વ અધિકારો સુપરત કરી દીધા હતા. એણે જંગલના આવેશથી ઉભરાતાં પ્રતિપાદન કર્યું હતું કે, "વિશ્વઇતિહાસ અથવા માનવજાતે આ દુનિયામાં જે કંઈ સંપાદન કર્યું છે તેનો ઇતિહાસ એટલે વીરપુરૂષોનો ઇતિહાસ જ સાચો ઇતિહાસ છે."

વીરોની સમશેર નીચે ઇતિહાસની ગરદન ઝુકાવી દેનાર આ કારલાઇલે જરમન શાહીવાદના ઘાતકી સ્વરૂપને ઇતિહાસનો સિદ્ધાંત બનાવીને પ્રપંચીપાયો સુપ્રત કરી દીધો અને જરમનશાહીવાદના માંધાતા બિસમાર્ક આ કારલાઇલ

ને " પ્રશિયન, ઓર્ડર, પોર, લી, મેરીત "નો ઇલકાબ એનાયત કર્યો, તથા જરમન શહેનશાહે એની કબર પર બહુમાન કરતી પુષ્પમાળા ચઢાવી, તથા પોતાની જાતમાં ઈશ્વરી આરોપણ કર્યું.

ઈશ્વરી અવતારો અને ઈશ્વરી પ્રજાઓના છળ

પોતે ઈશ્વરી અવતાર છે એવું કથન પ્રાચીન ઇતિહાસમાં રજવાડાશાહીના જમાનાથી એ જમાનાના આગેવાન અને શાસક એવા શહેનશાહોએ પોતાને માટે શરૂ કર્યું હતું. પછી શહેનશાહતોનું શાસન ચલાવનાર શહેનશાહો ઇતિહાસમાંથી અલોપ થયા અને ઉપયોગવાદી વાણિજ્યના આગેવાનો અથવા મુડીપતિઓ પાસે શાસનનો વહિવટ આવી ગયો. આ જમાનામાં જે દેશમાં આવું શાસન થયું તેના શાસનના વાહકોનો મુડીપતિવર્ગ પોતાને અવતારી વર્ગ અથવા અવતારી ગોરીજાત માનવા લાગ્યો. આવા શાહીવાદી જમાનાના ઇજારાવાદી ઉપોગવાદે, જરમન દેશમાં આવા ઉદ્યોગપતિઓના વર્ગે અથવા જરમન પ્રજાને પોતાને ઈશ્વરી અથવા દૈવી પ્રજા માનવાનું શરૂ કર્યું. આ માન્યતાની પ્રેરણા ત્યાંના ઉદ્યોગપતિઓએ ધારણ કરી. આ રીતે પ્રાચીન શહેનશાહતમાં શહેનશાહોએ પોતાની જેવી દિવ્યતા જાહેર કરી હતી તેવી જ દિવ્યતા, જરમન શાહીવાદના ફાસીસ્ટ સ્વરૂપવાળા ઉદ્યોગપતિઓના જર્મનવર્ગે ધારણ કરવા માંડી.

રજવાડી સંસ્કૃતિની શરૂઆતથીજ માનવસમુદાયો પર પોતાનું જુલ્મી શાસન ઠોકી બેસાડવાના પાયામાં રહેલી આવી માન્યતાઓએ ઇતિહાસનો શો હાલ કર્યો તે આપણે ઇતિહાસમાં જોઈ ગયા છીએ. પરન્તુ નવા જમાનામાં પણ જગતને જીતવા નિકળનાર જર્મન ઉદ્યોગવાદી શાહીવાદી ઘટનાએ જગતપરનું પોતાનું આક્રમણ શરૂ કર્યું તથા તેને ઈશ્વરી જર્મન જાતના કર્તવ્ય તરીકે ગણાવવાનો આરંભમાં પ્રયત્ન કર્યો.

કૈસર વિલીયમ બીજાએ પહેલા વિશ્વયુદ્ધ સમયે જગતને જાહેર કર્યું હતું કે " યાદ રાખો કે હમે જર્મન લોકો ઈશ્વરે પસંદ કરેલી મહા પ્રજા છીએ અને એ મહા પ્રજાના સરતાજ જેવા મારી અંદર ઈશ્વરનો અવતાર થયો છે. " પછી આ ઈશ્વરના તૈયાર થએલા અવતારે પહેલા વિશ્વયુદ્ધના ઉંબરા જેવા બેલ્જિયમ પર આક્રમણ કર્યું ત્યારે પેલી ઈશ્વરી જર્મન સરકારે જાહેરાત કરી કે " હવે અમારે જગત જીતવાની જરૂર પડી છે અને એ જરૂરિયાતને લીધે અમે કોઇપણ કાનૂનની ગણના કરવાને તૈયાર નથી. અમે બેલ્જીઅમ અને લુક્ઝેમબર્ગની સરકારોની વાંધા અરજી સ્વિકારીએ છીએ પરંતુ જ્યારે અમે આગળ વધવા માગીએ છીએ ત્યારે અમે આગળ જ વધવા માંગીએ છીએ. "


સંહારક ઘટનાને ભેદતું હીનનું સંસ્કાર સંગીત

પરન્તુ યુરોપભરમાં જમા થતી આ શાહીવાદી સંહાર ઘટનાને ભેદી નાખતો હોય તેવો જરમનીનાજ સંસ્કાર સ્વામી હીનનો શબ્દ સંસ્કારી સુરમ્ય તાની ઉત્તેજક ઉષ્માને ફેલાવતો ઇ. સનના ૧૯ મા સૈકાના આરંભ સમયને ઉભરાવી દેતો હતો. યુરોપભરમા, ગથે, બાયરન, તથા પુશ્કીન જેવા સંસ્કાર વાહકોનો આ સમય હતો. આ સૌ કરતાં પણ ઉચ્ચ ભૂમિકાપરથી હીનનો અવાજ સંહાર ઘટનાનું પૃથ્થકરણ કરતો હતો. યુરોપભરના આ મહાકવિનું કવન પુષ્પો અને નાઇટીંગલોની કવિતાનો કલરવ કરતું માનવજાત તરફના પ્રાણવાન પ્રણયને પણ જગવતું તથા, રજવાડી શહેનશાહતનું, સંસ્થાનની પ્રજાઓ પરના શાહાવાદી શોષક તંત્રનું, ગુલામોના વ્યાપારીઓનું, સંહારના યોજકોનું, તથા નફાખોર વાણિજ્યનું, નિષ્ઠુર પૃથક્કરણ કરતું હતું. સંસ્કારનો આ સાદ યુરોપ ભરમાં સામાજિક ન્યાય સમતાની ઐતિહાસિક છડી પૂકારતો, કચડાતી માનવતાનો ઐતિહાસિક લોકશાહીનો રવાબ જમાવતો હતો. લોકો એને જરમન બાયરન કહેતા હતા તથા હીને બાયરનની કવિતાઓ જરમનીમાં ઉતારી હતી. એણે પોતાની જીંદગીનાં પચીસ વરસ ફ્રાન્સમાં ગુજાર્યાં તથા જરમન સંસ્કારની સાથે ફ્રેંચ સંસ્કારિતાનું મિલન કર્યું. આ મહાકવિએ ઘણા દેશના સંસ્કાર ઇતિહાસનો અભ્યાસ કર્યો તથા ૧૮૫૬ માં એ મરણ પામ્યો. એણે જરમની પર ઓતરાતા શાહીવાદી યુદ્ધના ઓળાનું નિરીક્ષણ કર્યું તથા એ, જરમની સામે લાલબત્તી ધરીને યુરોપને લાલબત્તી ધરતો હોય તેવી આગાહી આપતો ગયો. †

† " Christianity has to a certain extent softened the brutal and warlike ardaur of the Germans, but it has never been able to destroy it entirely. A day will come when the Cross, that Talisman, which still holds the nation in bandage will be broken and then the ferosity of the old fighters will once more break out and the frenetical exultation of thc Berserkers will flow over, that exultation, which the Nordic poets are even today chanting in their songs. Alas, the day will come when Thor will arise brandishing his gigantic hammer, and demolish the cathedrals." –Heine

યુરોપીય સામ્રાજ્યવાદે સર કરેલો આખો આફ્રિકા ખંડ

આફ્રિકાખંડની જીવન કથાનો આરંભ તો હજારો વરસનાં અંધારામાં શરૂ થઈ ચૂકયો હતો. પણ હવે એના કિનારાઓપર યુરોપની સંસ્કૃતિનો પ્રકાશ ઉતરવા માંડયો ત્યારથી આફ્રિકાખંડને ઈતિહાસમાં પ્રવેશ કરતો ગણવો જોઈએ.



ઈજીપ્તની વાત અલગ હતી. એ આફ્રિકાખંડનો જ એક વિભાગ નાઈલ નદીને આરેઆરે વિશ્વઈતિહાસના પિતામહ જેવો વહ્યો હતો. આ નાઈલમૈયા

વિશ્વમાતા હતી. આ વિશ્વમાતાએ વિશ્વઇતિહાસનાં પારણાં ઝુલાવ્યાં હતાં. એના મુખ આગળ મેંફીસ જેવા વિશ્વનગરનો અમર આકાર ઘડાયો હતો. છતાં ત્યારપછી આફ્રિકાનાં અંતર સૈકાઓ સુધી અભેદ અને અગોચર રહ્યાં હતાં. પછી આફ્રિકાના વિશાળ કલેવરપર સંસ્કૃતિનું અથવા પશ્ચિમના ઉદ્યોગમય ઉત્થાનની વાણિજ્ય સંસ્કૃતિનું ઉતરાણ થતું હતું તે સમય ૧૯ મા સૈકાનો સમય હતો.

એ સૈકાના ૧૮૭૭મા વરસના ઓગસ્ટના ૪ થા દિવસે સ્ટેનલી કોંગો નદીના નીચાણ પ્રદેશ પર ઐતિહાસિક નોંધ યુરોપને મોકલતો હતો. યુરોપખંડનાં પાટનગરોમાં વાણિજ્ય વહિવટની સંસ્કૃતિના આગેવાનો આ નોંધને ખૂબ રસથી પોતાનાં દિલમાં ઉતારતા હતા. ત્યારે અંગ્રેજી શાહીવાદના સંસ્થાનિક ઇતિહાસમાં સુરજ આથમતો નહોતો. યુરોપની યુદ્ધભૂમિના ભરડા જેવા એલજીઅમના શહેનશાહની ભત્રીજી, રાણી વિક્ટોરીઆ, અંગ્રેજ શાહીવાદની મહારાણી, હવે હિંદની શહેનશાહબાનુ બનીને દિલ્હીના દરબારમાં ભાષણ આપવા જવાની હતી. અંગ્રેજી શાહીવાદી સંસ્કૃતિના કવિ રડીઆર્ડ કીપલીંગનું અંતર નવી નવી પ્રેરણાઓથી ઉભરાતું હતું. બ્રિટીશ ટાપુઓના શાસકો હવે પાંચે મહાસાગરો પરનાં સંસ્થાનો પર શાસન કરવા માંડયા હતા. બસ ત્યારે જ હવે આફ્રિકા પર અંગ્રેજી પ્રકાશ ટ્રાન્સવાલ પર તો પથરાતો હતો એટલે સુએઝની નહેરના ૪૪ ટકા શેરો અંગ્રેજી શાહીવાદ ઇજીપ્તના ઇસમાઇલ પાશા પાસેથી ખરીદી લેતો હતો. આખો ઇજીપ્ત હવે પાંચ જ વરસમાં અંગ્રેજી હકુમતનું સંસ્થાન બની જવાનો હતો અને કેરો નગરમાંથી નાઇલના મુખ આગળ એટલાંટિક મહાસાગરવાળી વાણિજ્ય સંસ્કૃતિનો સુમેળ સધાવાનો હતો.

પણ પેલો શોધક સ્ટેનલી હવે કેટલેક આવી પહોંચ્યો હતો ! હવે એ કોંગો નામની આફ્રિકાખંડની એક મહાન નદીના મુખ આગળ આવી પહોંચીને, યુરોપ જોગ સંદેશો પાઠવતો હતો કે, " એટલાંટીક હવે હાથવેંતમાં દેખાવા માંડયો છે. થોડા જ કલાકમાં તો અમે સંસ્કૃતિના એ આસ્માની રંગના પટ પર સરતા હોઇશું. ત્યારે પેલી મહાશક્તિશાળી સરિતા અને તેનાં સુન્દર સુરમ્ય રૂદ્ર અને રોનકદાર રૂપોની ભવ્ય અને ભયાકુલ છાયાઓની યાદભરી અંજલિ આપતાં ઈશ્વરનો જ આભાર અમારે માનવો પડશે કે તેના રક્ષણ વડે જ અમે પૂર્વથી પશ્ચિમ તક આ અંધારા ખંડને આરપાર કરી શક્યા અને તેની મહાશક્તિ જેવી સરિતાસાગરની ભાળ કાઢી શક્યા. "

આ લખાતું હતું ત્યારે ઈ. સ. ૧૮૭૭ ના અંત સુધીમાં આ મહાખંડનો દશમો ભાગ જ શોધાયો હતો અને યુરોપની ગોરી સંસ્કૃતિના વાણિજ્ય

અધિકાર અને આધિપત્ય નીચે આવી ગયો હતો. ત્યાર પછીનાં વીશ વરસમાં જ આખા આફ્રિકા ખંડ પર યુરોપનો અધિકાર ગોઠવાઈ ગયો.

આફ્રિકા ખંડનું આખું કલેવર.

ઈ. સ. ૧૮૭૭ સુધીમાં આફ્રિકા ખંડનો ૧૦ મો ભાગ યુરોપની હકુમત નીચે પડાવી લેવાયો. એટલા સમયમાં આખા ખંડમાંથી પરાધીન બનેલો પ્રદેશ ચોરસ માઇલમાં નીચે પ્રમાણે હતો.

બ્રિટન–૨૫૦૦૦૦ ચો. મા. ફ્રાન્સ–૧૭૦૦૦૦ ચો. મા.
ટર્કી–૮૦૬૦૦૦ ,, ,, સ્પેઇન–૧૦૦૦ ,, ,,
પોર્ટુગલ–૪૦૦૦૦ ચો. મા.

આખા આફ્રિકાના ખંડના ૧૧૫૦૦૦૦૦ સ્કવેર માઇલના વિસ્તાર પર હવે ઈ. સ. ૧૮૭૭ માં ૧૦૨૩૦૦૦૦ સ્કવેર માઇલ બાકી રહ્યા હતા.

આ અંધારા ખંડને યુરોપની સંસ્કૃતિએ શોધી કાઢયો. શાહીવાદની એ સંસ્કૃતિએ અંધારા ખુણે ખુણામાં પ્રકાશ નાખીને આફ્રિકન નરનારીઓ અને બાળક બાળકીઓને પકડીને દશ કરોડ જેટલા માનવ માલને પોતાનાં જહાજોપર જકડી બાંધીને, યુરોપના એકેએક દેશમાં લીલામ કરીને વેચ્યાં. અમેરિકા પર આ કાળા માનવ માલનું સૌથી મોટું વેચાણ થયું. ગુલામોના આ વેપાર વડે દશ કરોડની માનવતા માટે જીવનભરની યાતનાઓ અને પિડાનો યોજાયાં.

પછી આ ભૂમિપરની કરોડો એકર જેટલી ફળદ્રુપ ભૂમિ પડાવી લેવાઇ તથા કાળા આફ્રિકા પર વસવા આવેલી ગોરી વસાહતને આપવામાં આવી. આ ભૂમિ પરની નિપજના ઢગલાઓ યુરોપમાં અને અમેરિકામાં રવાના કરવા માટેના તથા લશ્કરો દોડાવવાના નવા રસ્તાઓ બંધાયા. આ ભૂમિ પરનાં ધનધાન્ય અને ધાતુઓને નિપજાવવા, માનવ શ્રમની સોંઘામાં સોંઘી ખરીદી થઇ અને આ શ્રમ કરવાની શિસ્તની નિશાળો મંડાઈ. આ બધું સંસ્કૃતિનું મિશન છે, એમ કહેવાયું અને આ મિશનની એક સૈકા પછીની કાર્યવાહીના આંકડાઓએ કહ્યું કે "એક ટકા જેટલી શિક્ષણની જોગવાઇ હવે થઇ છે. મોટાંઓ માટે ભરૂત વૈદકીય જોગવાઇની અહીં જરૂર નથી. જન્મ પામતાં બાળકોમાં અરધી સંખ્યા પહેલા એક વરસમાં મરણ પામે છે તથા જીવતાં રહેતાં બાળકોમાં પચીસ ટકા 'માલન્યુટ્રીશન' થી પિડાય છે. મેલેરીયા અહીં, સામુદાયિક હોય છે."

કાળાં માનવોનો મહાસમુદાય

૧૫૦,૦૦૦,૦૦૦ માનવોનો આ મહાસમુદાય, પશ્ચિમના ધોરણ સાથે સરખાવતાં પછાતમાનવ સમાજ કહેવાય. પરંતુ યુરોપ સાથે સરખાવતાં ઇ. સ.

૧૯૧૩ નો રશિયન માનવ સમાજ પછાત દશામાંજ હતો. છતાં ઇતિહાસના તખ્તા પર માનવસમાજેએ વિમુક્તિની હિલચાલોને ધારણ કરીને જે ઝડપથી પ્રગતિ કર્યાના પદાર્થ પાઠ આજે સત્ય હકીકતો તરીકે પડયા છે તે જોતાં આ માનવસમાજનું મનુષ્ય રૂપ પૃથ્વી પરના કોઇપણ માનવરૂપ સાથે સરખાવતાં, પ્રગતિની ઝડપમાં ઉતરતું હોય તેમ માનવાને, કોઇપણ મનુષ્યનું શારીરિક કે માનસિક કારણ મોજૂદ નથી. બુદ્ધિ માપનની પરિક્ષાઓને પણ આફ્રિકન બાળકની કક્ષા, યુરોપના કોઇપણ બાળકોના જેટલી જ સમાધારણ હોવાનું માલમ પડયું છે.

આફ્રિકાની સંસ્કૃતિ જૂના સમયની યુરોપની મૂર્તિપૂજક અને જંગલવાસી સંસ્કૃતિ જેવી છે એમ કહી શકાય. આ સંસ્કૃતિનાં પ્રાચીન રૂપો પર બાર બાર માઇલના ઘેરાવાવાળી દિવાલો વચ્ચેનાં પ્રાચીન નગરોનાં ખંડિયેરો પણ માલમ પડયાં છે. વિજ્ઞાનના જમાના સાથે આજની આ માનવ સંસ્કૃતિના સ્વરૂપને સરખાવવું હોય તો તેને સેકસન સમયના ઇંગ્લેંડના જમાના સાથે સરખાવી શકાય. જીવનની આ દશાને સંસ્કૃતિનાં સાધનો વડે ખૂબ ઝડપથી પ્રગતિની ઉચ્ચ કક્ષા પર પહોંચાડી શકાય, તેવાં સાધનો અને સમય આજના જગતમાં મોજૂદ છે.

જીવનની ગરીબ દશાને સંસ્કૃતિના શકય વિકાસ માટેની પછાત દશા ગણી શકાય જ નહી. ગરીબાઇ નામની આફ્રિકાની આજની જીવનદશા તો આજે એશિયાના તમામ પ્રદેશોની છે. આફ્રિકન સમાજ જેટલી જ ભયંકર ગરીબાઇમાં આજે, એશિયાના આઝાદ દેશની પ્રજાઓ પણ જીવે છે. આ ગરીબાઇનું કારણ સંસ્કૃતિની ખામી નથી, પરન્તુ શાહીવાદી શોષણમાંથી નિપજતું આ પરિણામ છે.

નહીંતો જેને બુદ્ધિભાન અને ચારિત્ર્ય ભાન કહેવાય તેવા સંસ્કાર વિકાસના પાયા, એકએક આફ્રિકન નરનારી અને બાળક બાળકીમાં આજે પૂરવાર થયા છે. જગતભરની કોઇપણ પ્રજા કરતાં, આ બાબતમાં આફ્રિકન માનવ સમુદાય ઉતરતો નથી. આ પાયાઓ પર સંસ્કૃતિની વિભાવનાનું ઐતિહાસિક સ્વરૂપ બાંધવા માટે વિમુક્તિની હિલચાલની જ જરૂર હોય છે.

આફ્રિકાની મહાસરિતા અને યુરોપનો મહાસાગર

સ્ટેનલીએ શોધ કરી હતી કે આફ્રિકાની પેલી મહાસરિતા યુરોપના મહાસાગર એટલાંટિકમાં પડે છે. આફ્રિકાના અંતર પ્રદેશની ઘેરી નસ જેવી પેલી સરિતા પોતાની જળ કાયાને આટલાંટિક સાથે જોડીને યુરોપને પોતાના ઘાટ પર પધારવાનું આમંત્રણ આપતી હતી. સાત માઇલ પહોળાં પાણી પર એટલાંટિક સાથેના એના સંગમનો ચિતાર જ્યારે સ્ટેનલીએ આપ્યો ત્યારે યુરોપનાં પાટનગરો સામે આફ્રિકાની જંગલી સંસ્કૃતિ પર યુરોપનું સામ્રાજ્ય વિહરતું દેખાયું.

યુરોપના સામ્રાજ્યવાદની હરિફાઇ આફ્રિકા પર શરૂ થઇ ગઇ. કોંગોનામની મહા નદી સામ્રાજ્યવાદનાં વાહનો હંકારવાની ભગવાને બાંધેલી એક મોટી સડક જેવી દેખાઇ ગઇ. આ સડક પર સ્વારી કરીને આફ્રિકા ખંડનો પશ્ચિમ મધ્ય પ્રદેશ પડાવી લઇ શકાય તેમ હતું. યુરોપના બેલજીઅમ પ્રદેશમાંના બ્રુસેલ્સ પાટનગરમાં "કોમીટી, દુ-હોટ કોંગો"ની સ્થાપના થઇ ગઇ. આ હરિફાઇમાં ઉતરવાની તૈયારી કરવામાં જરમની, ફ્રાન્સ, ઇંગ્લેંડ અને હોલેન્ડ મોડાં પડયાં. કોંગો પ્રદેશ પર બેલજીઅન ઝંડો ફરકયો. આમ એક પછી બીજા પ્રદેશ પર યુરોપનાં પાટનગરોની હકુમતે આવીને કબજો જમાવ્યો. આફ્રિકા ખંડ પર યુરોપના ખંડો કોતરાઇ જવા માંડયા.

આ રીતે આફ્રિકા પર ૧૯ મો સૈકો અંત પામ્યો ત્યારે, આફ્રિકા ખંડમાં ઇ. સ. ૧૯૦૦ સુધીમાં નીચે પ્રમાણેના પ્રદેશો ચોરસ માઇલના માપ પ્રમાણે નીચે પ્રમાણે પડાવી લેવામાં આવ્યા હતા.

ફ્રાન્સ—૩,૮૬૬,૯૫૦—સ્કવેર માઇલ%
બ્રિટન – ૨,૧૦૧,૪૧૧— ,, ,,
બ્રિટન(ઇજીપ્ત)-૧,૬૦૦,૦૦૦— ,, ,,
જરમની— ૯૧૦,૦૦૦— ,, ,,
બેલજીઅમ— ૯૦૦,૦૦૦— ,, ,,
પોરટુગાલ— ૭૮૭,૦૦૦— ,, ,,
ટરકી— ૪૦૦,૦૦૦— ,, ,,
ઇટાલી— ૨૦૦,૦૦૯— ,, ,,
સ્પેઇન— ૭૯,૮૦૦— ,, ,,

આ રીતે ૧૯૦૦ ની સાલમાં આફ્રિકાખંડ વહેંચી લેવાયો, તથા આ ખંડની ધરતી પર, પરાધીન નહીં એવો એબિસીનીયા નામનો એક જ પ્રદેશ ત્યારે બાકી રહ્યો.

યુરોપની વાણિજ્ય સંસ્કૃતિએ આખા આફ્રિકાખંડપર સંસ્થાનો કોતરી કાઢયાં. આફ્રિકાની દોલતના ભંડારો અથવા જંગલની સંસ્કૃતિની બધી પેદાશો આ સંસ્કૃતિની માલીકીવાળી બની. આ વાણિજ્ય સંસ્કૃતિનાં યંત્રો અને સાધનોએ, આફ્રિકાનાં કરોડો નરનારીઓ અને બાળક બાળકીઓને, પોતાની સંસ્કૃતિની સેવા કરનારી, માનવ માલમત્તા તરીકે કબજે કરી લીધી અને વેચવા પણ માંડી.

યુરોપીય વાણિજ્ય સંસ્કૃતિની શાહીવાદી મંડળીઓએ, યુરોપનાં પાટનગરોમાં, આ ખંડથી હજારો માઇલના અંતરોપરનાં, અરણ્યો અને વેરાનો, પર્વતો અને રણો, નદીઓ અને માનવો પર શાસન રચવાની યોજનાઓ ઘડવા માંડી. લંડન, પેરીસ, બરલીન અને બ્રુસેલ્સનાં સંસ્કાર નગરોએ આફ્રિકાનાં જંગલ ખંડ પર સંસ્કૃતિના પ્રકાશ રેલવવાની સામ્રાજ્યવાદી જવાબદારી સ્વીકારી લીધી.

એ રીતે એબિસીનીયા શિવાયનો આખો ખંડ યુરોપની હકુમત નીચે આવી ગયો અને ત્યાર પછી જગત પર પથરાયેલાં સંસ્થાનોના સવાલની હરીફાઈનો સવાલ યુરોપની શાહીવાદી સરકારો વચ્ચેની યાદવાસ્થળી કરાવનારો બન્યો. આ સવાલ પર યુરોપની અંદર અંદરની કતલ કરવાનાં આયુધો લઈને યુરોપનું રાજકારણ યુદ્ધ કરવા મેદાનમાં નીકળ્યું. આ યુદ્ધ વિશ્વયુદ્ધ બની ગયું કારણ કે આખું વિશ્વ યુરોપના એક કે બીજા શાહીવાદનું સંસ્થાન હતું. એટલે માલીક સાથે સંસ્થાનોનો પણ યુદ્ધમાં ઉતર્યા વિના છૂટકો હતો જ નહીં.

ઇ. સ. ૧૮૮૪ થી ૧૯૧૨ સુધીમાં આફ્રિકાખંડ પર યુરોપનું સામ્રાજ્ય બેસી ગયું. આટલો મોટો ખંડ પચાવી પાડવાની ક્રિયા યુરોપની અંદરના શાહીવાદી દેશોએ કરી હતી તેમાં યુરોપની રાજકારણ પટુતાનો વિજય હતો એમ યુરોપના સામ્રાજ્યવાદી રાજકારણીઓનો અભિપ્રાય હતો.

અંગ્રેજી સામ્રાજ્યનો રણથંભ, જીબ્રાલ્ટર

અંગ્રેજી સામ્રાજ્યનો વિશ્વવિજયી ઝંડો અહીં રોપાયો હતો. આ ઝંડાનો રણથંભ જેટલો આકાર ધારણ કરીને પૂર્વના છેડા પર ઉભેલો જીબ્રાલ્ટર એક ખડક છે. ભૂમધ્યમાંથી જે અંગ્રેજી લાઈનદોરી સુએઝ અને લાલ સમુદ્રમાં થઈને હીંદીમહાસાગરમાં પડતી હતી તેનો પૂર્વ છેડો, આ ખડકનો બન્યો છે. આ જીબ્રાલ્ટર, સ્પેઈનનો પરાજય કરીને યુરોપને ઉત્થાન દેનાર, જબાલ ટારીકના ખડક તરીકે જાણીતો છે. ટારીકનો પર્વતખડક ત્રણમાઈલ લાંબો છે, પોણો માઈલ પહોળો છે અને ચૌદસો ફીટ ઉંચો છે. અંગ્રેજી સામ્રાજ્યનાઆ સૌથી નાના એકમની તિણી ધાર એના ઉપર ભૂમધ્યમાં બેઠી છે, તથા આ ખડકનું શહેર અને બંદર સ્પેઇન તરફ દેખે છે. આ ખડકના પ્રદેશપરની વસ્તી માલ્ટા અને જીનોઆની છે. આ વસ્તીપરનુ વહિવટીતંત્ર અંગ્રેજી ગવર્નરનાબેની શહેર સમીતીનુ છે.

[સામ્રાજ્યનું આક્રમકરૂપ—સામ્રાજ્યવાદનું આક્રમક રાજકારણ—સામ્રાજ્યવાદી આક્રમણની પેઢીઓ—વિશ્વેઇતિહાસનો ઉકળાતો સવાલ—યુરોપીય સામ્રાજ્યવાદે સર કરેલો આખો ખંડ, આફ્રિકા—સામ્રાજ્યવાદે શુન્ય બનાવેલું જગત—મહા સંહાર પહેલાની અંગ્રેજી જ્યુબીલી—સામ્રાજ્યવાદની કેટાકટી—યુરોપના સામ્રાજ્યવાદનો ઉકળાતો ચરૂ—યુદ્ધોન્માદ—શહેનશાહ કૈઝર]



સામ્રાજ્યવાદનું આક્રમણ રૂપ

૧૯ મા સૈકા સુધી આફ્રિકા પર સામ્રાજ્યવાદી અવતરણ થયું હતું. સૈકાઓ સુધી પોતાના ભૂમધ્યના કિનારાનીજ યુરોપને તો ખબર હતી પરંતુ એ કિનારાથી આગળ સહરાથી દક્ષિણે યુરોપનો પગપેસારો ઘણા સમય સુધી થયો નહોતો. ઘણા સૈકાઓ પર પોર્ટુગીઝોએ ભૂમધ્યનો પશ્ચિમ કિનારો શોધી કાઢયો હતો તથા ઇ. સ. ૧૪૯૮ માં તેઓ કેપ સુધી પહોંચ્યા. તેમણે ત્યાં કોઇ થાણું નાખ્યું ન હોતું. પછી દૂર પૂર્વના પ્રદેશોમાં જવા માટેના કેપના રસ્તાનો કબજો ડચ લોકોએ લીધો, અને ડચ લોકોએ કેપના પ્રદેશ પર પોતાના 'બોર' બેડૂતોને વસવા માટે મોકલ્યા. આ રીતે ત્યારના દક્ષિણ આફ્રિકામાં 'બોર' લોકોની વસાહતનો આરંભ થયો. પછી અંગ્રેજો પણ આ ભૂમિ તરફ ખેંચાયા. આરંભમાં તેઓ ગુલામોનો વેપાર જમાવવા માટે એટલે આફ્રિકાની આ ધરતીપરનાં નરનારીઓ અને દિકરાદિકરીઓને બળજબરીથી પોતાનાં વહાણોમાં જકડી લઇને, પછી તેમને અમેરિકાનાં માલીકોને ત્યાં વેચવાનો વેપાર જમાવવા માટે અહીં આવી પહોંચ્યા. માનવજાતની માટી વેચનારી આ અંગ્રેજી કંપનીઓએ પોતાની સરકાર પાસે ચારટર કરાવેલાં પોતાનાં વેપારી થાણાં, આફ્રિકાના આ પશ્ચિમ કિનારાઓ પર ઇ. સ. ૧૬૬૩ માં નાખ્યાં. અંગ્રેજી વાણીજ્યે માનવોને વેચવાનો વ્યાપાર શરૂ કરીને પછી આફ્રિકાના આ પ્રદેશની અંદર ઘૂસીને પોતાનો વેપાર વિકસાવવા માટે "આશાન્ટી" નું મથક મેળવ્યું. પછી લાગોસને તેમણે પોતાના આફ્રિકન સામ્રાજ્યમાં ઇ. સ. ૧૮૬૧ માં ઉમેરી લીધું અને ત્યાંથી અંગ્રેજોએ ઉત્તરપૂર્વ, અને દક્ષિણ નાઇજેરિયાનો કબજો કર્યો. આ રીતે અંગ્રેજોએ પોતાના યુનાઇટેડ કિંગડમથી ત્રણ ગણા મોટા પ્રદેશ પર પોતાનું સામ્રાજ્ય કાતરી કાઢયું.

પછીથી આફ્રિકાની આ ભૂમિને પચાવી પાડવા માટે યુરોપના સામ્રાજ્યવાદી દેશોએ પડાપડી કરવા માંડી. ફ્રાન્સે એલ્જીયર્સ, મોડાગાસ્કર, આનામ અને ટોન્કીનના પ્રદેશો પડાવી લઇને ફ્રેંચ સામ્રાજ્યવાદ તરીકે પોતાની જાતને જાહેર કરી. જર્મનીએ આફ્રિકાના દક્ષિણ પશ્ચિમ અને પૂર્વ વિભાગો પર પોતાનો પડાવ નાંખી દીધો હતો, તથા કેમેરૂમાં પોતાનાં થાણાં બાંધવા માંડયાં હતાં. આ ઉપરાંત ન્યુગીની તથા પાસિફિકના ઘણા ટાપુઓ ઉપર તેણે કબજો કર્યો હતો. ચીનના પીળા સમુદ્રમાં કીઆવચ્યુ બંદર પર એની હકુમત શરૂ થઈ ગઈ હતી. ઇટાલીએ આફ્રિકાના એબિસિનીયા પર પોતાનું સામ્રાજ્ય જમાવવા આડોવા ઉપર ચઢાઈ કરી હતી, પરંતુ ત્યાંથી પાછા હાંકી કઢાયેલા આ સામ્રાજ્યવાદે

તુરત માટે ઉત્તર આફ્રિકામાં ત્રીપોલી પડાવી લઈને સંતોષ માન્યો હતો. રશિયાએ ચીન પરનું પોર્ટઆર્થર પડાવી લીધું હતું તથા જાપાને ચીનના ફોર્મોસા નામના ટાપુ પર કબજો કર્યો હતો. ઈ. સ. ૧૮૮૩ માંજ ઇગ્લેંડે દુનિયાપર સૌથી મોટું સામ્રાજ્ય કેતરી કાઢીને હવે ઈજીપ્તને પરાધીન બનાવવાની ચાલબાજી શરૂ કરી હતી. ત્રીસ ત્રીસ વર્ષથી અંગ્રેજી શાહીવાદ જગતને ગુલામ બનાવવા માટે અનેક સંસ્થાનિક યુધ્ધો લડી ચૂકયો હતો. ઈ. સ. ૧૯૦૨માં આ સૌથી મોટા શાહીવાદે આફ્રિકા પરના ટ્રાન્સવાલ અને ઓરેન્જ ફ્રી સ્ટેટ પર ચઢાઈ કરી અને તે બંને રાજ્યો પર કબજો કર્યો હતો. દરમ્યાનમાં આ અંગ્રેજી શાહીવાદે મોકલેલો સેસિલ રોડઝ અંગ્રેજી શાહીવાદ માટે કેપથી માંડીને તે આફ્રિકાની નાઈલ નદીના મુખ સુધીનું આફ્રિકન રાજ્ય જમાવતો હતો, અને તે ઉપરાંત ઘણા ટાપુઓ પર અંગ્રેજી સામ્રાજ્યનો વાવટો ફરકાવતો હતો. જગતને ધ્રુજાવી પાડવાની આક્રમણખોર ઘટનામાં હવે ઇ. સ. ૧૮૮૫માં લિઓપોલ્ડ નામનો બેલ્જીઅમનો હોશિયાર રાજા આફ્રિકા પર કોંગોનો પ્રદેશ કબજે કરીને બેલ્જીયમ સામ્રાજ્ય સ્થાપતો હતો, તથા ત્યાં હાથીદાંત અને રબરની લૂંટ ચલાવવા આફ્રિકાના માનવોનો સંહાર કરતો હતો. નવો ઊગતો અમેરિકન શાહીવાદ પણ વૉશિંગટનના આઝાદીના જ જમાનામાં સ્પેનિઆર્ડો પાસેથી ક્યૂબા અને પોર્ટોરીકો પડાવી લેતો હતો, તથા ફિલિપાઈન્સ પર સંસ્થાનવાદની સ્થાપના કરતો હતો. આવી આક્રમક ઘટના જગત પર શરૂ થઈ ચૂકી હતી. યુરોપ અને અમેરિકાના ઉદ્યોગવાદનો અથવા આર્થિક શાહીવાદનો સામ્રાજ્યવાદ નામનો આ બધો શાહીવાદી વિસ્તાર જગતભર પર પથરાતો હતો. આ વિસ્તારનું રૂપ શરૂથી આજપર્યંત આક્રમક હતું.

યુરોપમાં સામ્રાજ્યવાદના નફાખોર શોષણરૂપ પર ઉભેલું વાણિજ્યનું રાજકારણ આ રીતે શાહીવાદી દેશોનાં લશ્કરો સાથે જગતના તમામ પ્રદેશો પર પહોંચી ગયું હતું. આ અરસામાં આખા જગત પર અથવા જ્યાં સૂરજ આથમતો જ ન હતો એટલા મોટા જગતના વિભાગ પર અંગ્રેજી સામ્રાજ્યવાદ વિજય મેળવી શક્યો હતો. પરંતુ જર્મની, જાપાન, ઈટાલી, અમેરિકા અથવા તમામ નાનાં મોટાં સામ્રાજ્યોનું નિશાન આખા જગતને પોતાનું સામ્રાજ્ય બનાવવાનું જ હતું. સૌ સામ્રાજ્યો, સૌ કરતાં મોટાં બનવા માગતાં હતાં. પણ જગત તો એક હતું અને શાહીવાદો એકથી વધારે હતા, છતાં એક જ જગતને નિશાન બનાવીને બધા શાહીવાદોએ તેને પોતાનું જ સૌથી મોટું સામ્રાજ્ય બનાવવાની દૂચ શરૂ કરી હતી. શાહીવાદનું આવું આંધળું પરિણામ આક્રમણનો નશો ધારણ કરીને અંદર અંદરની યાદવાસ્થળીના સ્વરૂપમાં સૌથી મોટું બનવાની હરીફાઈમાં ઉતરી પડ્યું હતું.

યુરોપનાં આ બધાં રાષ્ટ્રો જ્યારે જગતને ગુલામ બનાવીને તેના પર પોતાનું સામ્રાજ્ય બનાવવા નીકળી પડ્યાં હતાં ત્યારે માનવજાતના ઇતિહાસમાં યુરોપની માનવતાનો કયો સવાલ મુખ્ય હતો ? યુરોપની માનવજાતનો ઇતિહાસની દ્રષ્ટિએ જે સવાલ સંભવી શકે તે સવાલ તો, યુરોપના માનવોના ઉત્કર્ષનો, તેમની આબાદીનો, અને સુખશાંતિનો સવાલ જ હોઇ શકે. ઉદ્યોગ કે ઉદ્યોગવાદ પણ આવી સંસ્કૃતિની દૃષ્ટિએ જ યુરોપની માનવજાતને સમૃદ્ધ અને સુખી બનાવવા માટે જ સૌથી મોટો લેખી શકાય. વિજ્ઞાને અને ઉદ્યોગે આપેલી પુષ્કળતાથી યુરોપની માનવતાની સેવા કરીને જગતના માનવસમુદાયોના ઉધ્ધાર માટે યુરોપખંડ પોતાના વિજ્ઞાન અને ઉદ્યોગનું વિતરણ કરે તેજ બાબત અગત્યની લેખી શકાય. પરંતુ ત્યારના યુરોપખંડના જીવનમાં અને જીવનના રોજબરોજના વહિવટમાં જેની આગેવાની હતી તે શાહીવાદ પાસે આ દ્રષ્ટિ હતી જ નહિં. જીવનના કમદાણને સમૃધ્ધ અને સુખી સજ્જવાના સવાલને પડતો મૂકીને આખા જગતને પરાધીન બનાવીને તેનો શિકાર કરવા માટે એણે દોડવા માંડ્યું હતું. આ જાતના શાહીવાદના જીવનના ઉદ્‌ભવમાં આખા જગતને પોતાનું ગુલામ બનાવવા, યુરોપની સામ્રાજ્યવાદી હકુમત નીકળી પૂરી હતી. સામ્રાજ્યવાદની આ ઘટનામાં અંગ્રેજી સામ્રાજ્યવાદ કે ફ્રેંચપણ સામ્રાજ્યવાદ કે શાહીવાદની રચનાનું સ્વરૂપ આખા યુરોપમાં એકજ જાતનું હતું. આ સ્વરૂપનું મુખ્ય લક્ષણ આરંભમાં આર્થિક દરમ્યાનગીરીનું રહેતું. હિંદમાં આર્થિક દરમ્યાનગીરી મારફત ઉપખંડ જેવા આ મહાન દેશને પોતાના સામ્રાજ્યમાં અંગ્રેજી આક્રમણે પરોવી દીધો હતો. આફ્રિકા અને ચીન તરફ પણ એણે પોતાની ઝડપની અણી લંબાવવા માંડી હતી. સીધી કે આડકતરી રીતે પોતાની વાણિજ્ય નીતિના અર્થકારણને એ નવા પ્રદેશોમાં દાખલ કરીને આ શાહીવાદી સ્વરૂપ તે પ્રદેશો પર પોતાની લાગવગના ધીરી સંચાર મારફત અને છેવટે સીધા યુદ્ધના સંચાર મારફત તે પ્રદેશોને પરાધીન બનાવતું હતું. આ આ પરાધીનતા નામનું સ્વરૂપ કોતરી કાઢવા માટે તે તે પ્રદેશો પર શાહીવાદી દરમ્યાનગીરી પોતાના ખાસ અધિકારો માગતી હતી તથા તે અધિકારોને આક્રમણ વડે પડાવતી હતી.

સામ્રાજ્યવાદની આક્રમક પેઢીઓ

સામ્રાજ્યવાદ અથવા શાહીવાદનું સ્વરૂપ, દરમ્યાનગીરી અને આક્રમક યુદ્ધો વડે પોતાનો પગદંડો જમાવીને પરાયા પ્રદેશો પર બળજબરીથી માંડેલી વેપારી પેઢી જેવું, બન્યું. યુરોપની શાહીવાદી પ્રથાઓની સત્તાઓનાં ત્યારનાં મુખ્ય મથકો

લંડન, પેરિસ અને બર્લિનમાં હતાં. આ મથકોમાંથી સામ્રાજ્યવાદની વેપારી પેઢી જેવું આ યુદ્ધખોર શાહીવાદનું સ્વરૂપ, સંચાર પામતું હતું. શાહીવાદી પાટનગરોમાં બેઠેલા પ્રધાનો કહેતા હતા કે "સામ્રાજ્યવાદનો સવાલ અમારે માટે અમારા ઉદ્યોગોના નિકાશ અને મુડીના રોકાણનો સવાલ છે." યુરોપે જ્યારે યુરોપમાં આ નિકાશને માટે બારણાં બંધ કર્યાં હોય ત્યારે અને ઉત્તર અમેરિકા પરનો યુરોપનો પગદંડો પણ ઉખડી ગયો હોય ત્યારે અને દક્ષિણ અમેરિકા પણ જ્યારે ઉદ્યોગ વિકાસ કરવા માંડયો હોય ત્યારે, યુરોપના ઉદ્યોગો અને નિકાશને બીજા દેશો પર લાદવા યુરોપભરની સામ્રાજ્યવાદી સરકારો ઉદ્યોગવાદની પેઢીઓ બનીને લશ્કરો લઈને નીકળી પડી હતી. અંગ્રેજી પ્રધાન એજ વાત કહેતો હતો કે, "અમારે અમારા માલનાં બજારો માટે તથા કાચો માલ મેળવવા માટે તથા અમારો વેપાર નફાની રીતે ધીકતો રાખવા માટે પરદેશોમાં સંસ્થાનો મેળવ્યા વિના છૂટકો જ નથી." સામ્રાજ્યવાદના વિકાસનો આ પાયો હતો. આ પાયાનું સ્વરૂપ પરદેશ પર પહોંચેલી અને બળ જબરીથી પોતાનું સ્થાપન કરતી સામ્રાજ્યવાદની વેપારી પેઢી જેવું હતું. આ વેપારી પેઢી લશ્કરોવાળી અને આક્રમણખોર રૂપવાળી હતી. આવા કેવળ સ્વાર્થી એવા, ક્ષુદ્ર બનેલા વેપારી સ્વરૂપમાં સામ્રાજ્યવાદી દેશના જુવાનોને તથા ગરીબ માનવોને આ સામ્રાજ્યવાદી દેશો, સ્વદેશ ભક્તિની અપીલો તથા પરાધીન મુલકોના જંગલીઓને સુધારવાની અપીલો વડે પોતાને ત્યાંનું હવામાન ઉત્સાહિત કરતા હતા, અને તેમનાં લશ્કરો બનાવીને સંહારના કામકાજમાં જોતરી દેતા હતા. આવી વ્યાપારી પેઢીઓની બળજબરીથી પરાધીન પ્રદેશોમાં જમાવટ કરનારી સામ્રાજ્યવાદી સરકારોનું રાજ્યકારણ સ્વરૂપ વેપારી પેઢીઓનાં રાજકારણ જેવું દેખાતું હતું. પોતે પરાધીન બનાવેલા પ્રદેશો પર એ પ્રદેશોનું આર્થિક શોષણ કરવાના એક માત્ર ઉદ્દેશથી શાહીવાદી સરકારો પરદેશોમાં રસ્તાઓ બાંધતી હતી, આગગાડીઓ દોડાવતી હતી, વાહન વ્યવહારને વિકસાવતી હતી અને દેશી પ્રજામાંથી નોકરશાહીને ઉત્પન્ન કરવાની નિશાળો પણ ચલાવતી હતી.

વિશ્વ ઇતિહાસનો ઉકળતો સવાલ

આપણી દુનિયામાં યુરોપખંડ નામનો આ ખંડ વૈજ્ઞાનિક ઉદ્યોગની આગે કૂચ કરતો હતો. એ ખંડમા રાષ્ટ્રોના આત્મ નિર્ણયે પણ આગે કૂચ કરી હતી. યુરોપનાં રાષ્ટ્રોના આત્મ નિર્ણયનું રૂપ બીજા ખંડોમાં હતું તેનું રજવાડી ન હતું પણ લોક સમુદાયના હાથમાં હતું. આ લોક સમુદાયનો આગેવાન વર્ગ

મુડીપતિઓનો વર્ગ હતો અને આ વર્ગોએ કોઈ એ પોતાને ત્યાં રાજશાહી રાખી હતી અને કોઇએ તેને નાબુદ કરી હતી પરન્તુ આતમ નિર્ણય તો ઉપલા વર્ગોના જ હાથમાં હતો અને રાજાએ તેના પર મતું મારવું પડતું હતું. યુરોપનું આવું શાસનરૂપ, વાણિજ્યનું સામ્રાજ્યવાદી હતું. આવી હકિકતવાળા યુરોપખંડમાં વીશમા શતકના ઉદયમાં જ, થોડાંક મહારાજ્યો હતાં, અથવા આ રાજ્યો પોતાને મહારાજ્યો કહેતાં હતાં તથા આ રાજ્યો પોતાને આખી દુનિયામાં સૌથી વધારે તાકાતવાળાં માનતાં હતાં, તથા જગત જીતવા માગતાં હતાં. આવાં રાજ્યો લગભગ પાંચ હતાં. તેમાં ચાર યુરોપખંડનાં હતાં અને એક એશિયાનું હતું. આ પાંચે રાજ્યોમાં સૌ કોઇ પોતાને માટે શહેનશાહત અથવા સામ્રાજ્ય સ્થાપવાના હેતુ વાળાં હતાં. આ સામ્રાજ્યવાદી હેતુવાળાં યુરોપખંડનાં ચાર અને એક એશિયાનું એમ પાંચ રાજ્યોમાંથી જેણે કોઇએ સામ્રાજ્ય સ્થાપવું હોય એટલે આખી દુનિયા પર પોતાનું રાજ્ય સ્થાપવું હોય તેણે સૌથી પ્રથમ તો યુરોપનાં બીજાં રાજ્યોને પોતાને તાબે કરવાં જોઇએ અને પછી દુનિયાના એશિયા અને આફ્રિકાખંડને જીતવા જોઇએ તથા તે ખંડોની પ્રજાઓને પોતાની ગુલામ બનાવવી જોઇએ. એટલું કરે તો જ સામ્રાજ્ય સ્થપાય, તેમ હતું.

વીશમા સૈકાના આરંભમાં વિશ્વ ઇતિહાસમાં આ સવાલ દાખલ થઇ ગયો. પરન્તુ એજ અરસામાં, હકિકત એવી હતી કે, વીશમા શતકના ઉદયમાંજ ઇંગ્લેંડ નામના, ટાપુના બનેલા દેશે, પોતાના આયર્લેન્ડ અને સ્કોટલેન્ડ નામના પડોશી દેશોને પોતાના પરાધીન દેશ બનાવ્યા હતા તથા યુરોપના બીજા દેશો પર પણ પોતાનો કાબુ સ્થાપ્યો હતો. એની સાથે સાથે જ એ દ્વીપદેશે, એશિયા અને આફ્રિકાની ભૂમિ પર પણ પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. તે પ્રજાઓને એણે પોતાની ગુલામ બનાવી હતી. પણ ઇગ્લેંડ શિવાયના યુરોપના બીજા કોઇપણ દેશે જગત પર પોતાનું સામ્રાજ્ય જો જમાવવું હોય તો, તેણે યુરોપ પર કાબુ મેળવવો પડે અને એશિયા આફ્રિકાની ભૂમિને અંગ્રેજો પાસેથી જીતી લેવી પડે.

બસ ટુંકી અને ટચ આટલી અને આવી હકિકત હતી. આ હકિકત મહા ભયાનક હતી કારણકે પેલાં પાંચ સામ્રાજ્યવાદી રાજ્યો, જો દરેક જણ આખા જગત પર પોતાનું સામ્રાજ્ય સ્થાપવા માંડે તો આખી દુનિયાનો મોટો, મહા ભિષણ એવો સંગ્રામ થઇ જાય. પણ એવી જ હકિકતવાળો દેખાય આપણી દુનિયામાં, વિશમા સૈકાના આરંભમાં દેખાયા, અને જાણે જગત પાસે પોતાનો નિકાલ માગવા લાગ્યો.

સામ્રાજ્યવાદી અથવા શાહીવાદી દેશોમાં એક ઇંગ્લેન્ડ હતું જેનું સામ્રાજ્ય સૌથી મોટું સ્થપાઈ ચુકયું હતું. આખી દુનિયા પર એનાં કેદખાનાં છવાઇ ગયાં હતાં. આખા જગતની પ્રજાઓ એની ગુલામ બની હતી. આખા જગતનાં બધાં ખેતરોના કાચા માલ, એનાં કારખાનામાં ધસડાઈ જતા હતા.

બીજા ચાર સામ્રાજ્યવાદી દેશો જેનાં સામ્રાજ્ય નાનાં હતાં તેમાં સૌથી આગેવાન દેશ જરમની હતો. આ જરમનદેશ હવે મહાન જરમની બની ચૂકયો હતો. એણે પોતાની પડોશમાંના પ્રદેશોને પોતાની અંદર ભેળવી દઇને પોતાની પ્રશીયન જાતવાળું મહાન જર્મન રાજ્ય બનાવી દીધું હતું, તથા આ મહાન જરમની હવે આખા જગતપર પોતાનું સામ્રાજ્ય જમાવીને ખરેખર મહાન અથવા સામ્રાજ્યવાદી રીતે, જેવું બ્રિટન મહાન હતું, તેવું મહાન બનવા માગતું હતું. એ માટે એણે લશ્કરો યોજવા માંડ્યાં હતાં, કારણ કે જગતને જીતવા માટે તેણે અંગ્રેજી સામ્રાજ્યમાં પરોવાઈ ગએલા જગતને જીતવું પડે તેમ હતું. પણ અંગ્રેજોના ગુલામ બનેલા જગતને પોતાનું ગુલામ બનાવવા જીતવું હોય તો અંગ્રેજો સાથે યુદ્ધ કર્યા વિના તેમ થઇ જ શકે નહીં એટલે જ સામ્રાજ્યવાદી યુરોપમાં સૌથી મોટું યુદ્ધ ક્ષિતીજમાં ડોકાવા લાગ્યું.

શાહીવાદે શૂન્ય બનાવેલું જગત

જગતને મહાસંહારમાં ધકેલી દેનારો સામ્રાજ્યવાદી યુરોપનો શાહીવાદી જમાનો હવે શરૂ થઇ ગયો હતો.

શાહીવાદની પકડ નીચે આવી ગએલું મહાવિરાટ એવા માનવસમુદાયોની વસ્તીવાળું જગત, યુરોપનું સામ્રાજ્ય બનીને કેવું શૂન્ય જેવું બની ગયું હતું! સામ્રાજ્યવાદની હકુમતને મન તો જગતનું જીવન પોતાને માટે જ હતું અને બીજી બધી રીતે શૂન્ય હતું. આખા જગતને પોતાને પરાધીન એવું કારાગાર બનાવી દઈને સામ્રાજ્યવાદનો અધિકાર કહેતો હતો કે જગત પર અમે જ છીએ. જગત એટલે અમારો જ વાસ છે અને અસ્તિત્વ અમારું જ છે, અને બીજા કોઇનું નથી. કેવી આ માનવજાતની વસ્તી ગણતરી હતી! વિરાટ માનવસમુદાયો એના પર વસતા હતા છતાં પણ તે કોઇ ગણતરીમાં હતા નહીં, કારણ કે આખું જગત ગુલામ બની ગયું હતું. આ પરાધીન જગતનો માલીક સામ્રાજ્યવાદ હતો તથા તે, જગતને પોતાની મિલ્કત માનતો હતો. આમ માનવજાતની ગણના ભૂલેલા સામ્રાજ્યવાદનું અંતર અંદરથી બળતું હતું. સામ્રાજ્યવાદી રાષ્ટ્રો અંદરથી એક બીજાનાં દુશ્મનો હતાં. સામ્રાજ્યવાદી અર્થકારણ અને રાજકારણવાળો એકેએક રાષ્ટ્ર આખું જગત પોતાનુંજ સામ્રાજ્ય

બનાવવાના યુદ્ધના સંચાર કર્યે જતો હતો. યુરોપનો સામ્રાજ્યવાદ આવાં સંચાલનવડે પોતાના પરસ્પરના સંહાર તરફ આગળ વધતો હતો. સામ્રાજ્યવાદ યુરોપની યાદવાસ્થલી કરશે ત્યારે તેમાંથી શું નીકળશે તેનો ખ્યાલ એને આવી શકતો નહોતો, કારણ કે તે ક્ષુદ્રલોભને ધારણ કરીને અંધ બની ગયો હતો.

મહાસંહાર પહેલાંની અંગ્રેજી જ્યુબીલી

એટલે એવો ખ્યાલ જેને આવી શકતો નહોતો તેવો અંગ્રેજી સામ્રાજ્યવાદ પણ આખા જગતને પોતાનું વેઠીયું ખેતર બનાવીને જ્યુબીલીઓ ઉજવતો જતો હતો. આ જ્યુબીલીઓમાં પરાધીન પ્રદેશોના રાજામહારાજાઓ, નોકરશાહી, જમીનદારો અને ગુલામોનો મેળો જામતો હતો. એમાં બ્રિટનની દરિયાઇ રાણીના જયકાર ગાજતા હતા. સામ્રાજ્યોમાં મોટું એવું ગ્રેટબ્રિટન જગતને પરાધીન બનાવવાની અને આખી દુનિયામાં મોટામાં મોટું સામ્રાજ્ય જીતી શકવાની ખુશાલીની જ્યુબીલી દિલ્હીમાં ઉજવતું હતું. દક્ષિણ આફ્રિકાને પોતાનું સામ્રાજ્ય બનાવી દેવાનું યુદ્ધ હજુ હમણાં જ પૂરું થયું હતું. સામ્રાજ્યવાદે ખુશાલીની જ્યુબીલી બનાવીને પોતે જ પોતાની જાતને આ સંહાર પછી અભિનંદનો આપવાના આવા મહાઉત્સવની યોજના કરી હતી. મહારાણી વિક્ટોરિયાનું રાજશાસન, બ્રિટીશ સામ્રાજ્યને સૌથી મોટું બનાવનાર યશસ્વી પૂરવાર થઇ ચૂકયું હતું. નવા નવા નકશાઓ ચિતરાઈ ગયા હતા. આ નકશાઓ સામ્રાજ્યની વધતી જતી તવારીખના લાલ રંગવડે, આખા જગતપર સામ્રાજ્યનો લાલરંગ છવાઇ જતો દેખાડતા હતા. કેવો ભવ્ય આ લાલ રંગ હતો! આ લાલાશની નીચે સામ્રાજ્યનું ગુલામ હાડપિંજર લોહીનું ટીપેટીપું નીચોવાઇ ગયા પછી ભયાનક પાંડુરોગથી પિડાઈને કેવું દાંત કકડાવતું પોતાની પ્રતિમાને જ્યુબીલીના રોનકદાર પીણાંઓમાં દેખતું હતું?

છતાં દરિયાઇ રાણી અને સામ્રાજ્યવાદની માતા મહારાણી વિક્ટોરીયાની કારકીર્દિ મહાન હતી. જાણે એનું કલેવર માટીનું મટી જ ગયું હોય તેવી દિવ્યતા એણે ધારણ કરી હતી. જેવું સામ્રાજ્ય અનંતકાળ જેવું દેખાતું હતું તેવું જ આ શહેનશાહબાનુનું શાસન કદિ અંત જ પામશે નહીં એવું જ્યુબીલીના નશામાં લાગતું હતું. આ બધી ખુશાલીનો સામ્રાજ્યવાદી મહાઆનંદ, ઉત્સવની જ્યુબીલીમાં પૂરબહારમાં ખીલી ઉઠયો હતો. પણ ત્યારે જ સામ્રાજ્યે જ, જેને મહાકવિનું બિરૂદ આપ્યું હતું એવા એક શાહીવાદના કીપલીંગ નામના કવિએ ગાવા માંડયું હતું. એ કવિતાના શ્લોકેશ્લોકે છેલ્લી લીટી આક્રંદ કરતી હોય તેવી ચીસ પાડીને, બોલતી હતી. "લેસ્ટ વી ફરગેટ...લેસ્ટ વી ફરગેટ."

સામ્રાજ્યવાદની કટોકટિ

આપણી દુનિયામાં આખી દુનિયાપર ફેલાઇ ગએલો સામ્રાજ્યવાદ, અંગ્રેજ, જરમન, ફ્રેંચ, જાપાનીસ, ડચ, પોરચ્યુગીઝ વિગેરે નામવાળો હતો. આ દરેકે પોતપોતાનું સામ્રાજ્ય પડાવ્યું હતું. આ સૌમાં સૌથી મોટું અંગ્રેજી સામ્રાજ્ય હતું. આ સૌ મળીને આપણા જગતની સામ્રાજ્યવાદી ઘટના બની હતી. આ સૌ આ ઘટનાનાં અંગો હતાં. આ સામ્રાજ્યવાદી ઘટના, ઘટના તરીકે એક હતી અને ગમે તે સામ્રાજ્યમાં કટોકટી ઉભી થાય તો આખો વિશ્વસામ્રાજ્યવાદ તેમાં સંડોવાઇ જાય તેવું હતું.

આ સામ્રાજ્યવાદની કટોકટી જ્યારથી બિસ્માર્કે મહાન જરમનીની રચના કરી અને જ્યારથી આ મહાન જરમનીના પ્રશિયન શહેનશાહે, કૈસરે, પોતાના સામ્રાજ્યને જગતમાં સૌથી મોટું સામ્રાજ્ય બનાવવાનો ઇરાદો જાહેર કર્યો ત્યારથી શરૂ થઇ ચૂકી હતી. બસ ત્યારથી જરમન સામ્રાજ્યે તાકાત અને વધારે તાકાતનું પોતાનું ધ્યેય બનાવી દીધું. તાકાત અને વધારે તાકાત જેમ સંપાદન થતી ગઇ તેમ આ સામ્રાજ્યની ભૂખી તૃષ્ણા વધારેને વધારે તિવ્ર બનતી ગઇ. જર્મન સામ્રાજ્યની રચના જાણે કેવળ તાકાતવડે તરબોળ બની ગઇ અને ઝંઝાવત પર પલાણવા માટે, આખા જગતનો શિકાર કરવા માટે, જર્મનીની સામ્રાજ્યવાદી ઘટના બહાર નીકળવા તૈયાર થઈ અને એક જરમન કવિએ આ રચનાને જહાજ સાથે સરખાવી. જર્મનીનું આ જહાજ જરમન જહાજ નહોતું પણ પશ્ચિમની સંસ્કૃતિનું જહાજ હતું. યુરોપપર એ ઉત્થાનયુગથી રચાયું હતું. નવી વાણિજ્ય નીતિએ એને આર્થિક શાહીવાદનો પાયો દીધો હતો અને વિજ્ઞાને એને અમર્યાદ તાકાતનો ડાયનેમો દીધો હતો. આત્મા વિનાનું આ યુરોપનું રૂપ હવે જર્મન આક્રમણનું રૂપ ધારણ કરતું હતું.

જગત પર યુરોપના સામ્રાજ્યવાદનો ઉકળતો ચરૂ

૧૯૨૮ ના સૈકાના અંતમાં આખા જગત પર થોડા જ સમયમાં તૈયાર થઈ ગયેલા યુરોપના સામ્રાજ્યવાદી દેશોનો ચરૂ ઉકળવા માંડયો હતો. શાહીવાદ અથવા સામ્રાજ્યવાદ, અને શાહીવાદી અથવા સામ્રાજ્યવાદી સરકારો તથા એ સરકારોનાં શોષણયંત્રો ચલાવનારા અર્થશાસ્ત્રીઓ અને રાજકીય પુરૂષો આ ઉકળતા ચરૂ નીચે અંગાર ભરતા જતા હતા. આ નામદારો જીવનવિજ્ઞાનના જ્ઞાનથી બિલકુલ વિમૂખ હતા. આ મહાનુભાવોને વિજ્ઞાન નામની સંસ્થાના સામાજિક સ્વરૂપની કશી ચિંતા પડી ન હતી. આ પ્રચંડ વામનજીઓને સામાજિક વિજ્ઞાનની કોઈ ગતાગમ નહોતી. એક પશુની જેમ

એ સૌને પોતાની સ્થૂળ તાકાતનું જ ભાન હતું. આ ભાનપૂર્વક તેઓ આખા જગતને કચડીને તેના પર પોતાનું સિંહાસન જમાવવા માગતા હતા. આ આગેવાનીનું સ્વરૂપ પોલાદના રચેલા યંત્રમહ રોબોટ જેવું હતું. આ રોબોટના રૂપવાળું નાનકડું રપેઈન પણ એકવાર એમ માનતું હતું કે તે પોતે પણ તૈયાર થઈ ચૂકયું હતું. સામ્રાજ્યવાદી હોડમાં એકવાર એ સૌથી આગળ હતું. પછી હોલેંડ, ડચ રીપબ્લીક બન્યું, અને એણે સ્પેઇનને પાછું પાડી દીધું. જીવ સટોસટની સામ્રાજ્યવાદી દોટ શરૂ થઈ ગઈ. હોલેન્ડને હડસેલો મારીને ફ્રાન્સ આગળ આવી ગયું. પણ ત્યાંતો ફ્રાન્સને ગુલાંટ લગાવીને ઇંગ્લેન્ડ સૌથી આગળ આવ્યું અને આખા જગત પર સામ્રાજ્યવાદી પગ ગોઠવીને ઉભું. આવા જેનભુલના નામવાળો સામ્રાજ્યવાદ આજે સૌનો વડો હતો. એણે માથું ઊંચકીને અહંકારથી ત્રાડ દઇ દીધી હતી કે જગતભરમાં હવે અમારૂં સામ્રાજ્યવાદી હરીફ કોઇ જીવતું નથી રહ્યું. પણ ત્યાંતો જર્મની એક જ રાતમાં શસ્ત્ર સજીને બોલ્યું, "હું તૈયાર થાઉં છું." પ્રશિયામાંથી જર્મનીનો સામ્રાજ્યવાદી અહંકારનો અવાજ આવ્યો. જર્મનીના આ સામ્રાજ્યવાદી સ્વરૂપને બિસ્માર્ક નામના મહાન જંકરે અથવા જમીનદારે જન્માવ્યું હતું; અને ઉછેર્યું હતું. આ સ્વરૂપે પોતાના આરંભમાં જ પોતાના પડોશી ફ્રાન્સને પરાજીત બનાવી દીધું અને ઓસ્ટ્રીયા પર સર્વાંગી હકુમત સ્થાપી દીધી. આ મહાન જર્મન રાજ્ય જગતના માલિક બની ચૂકેલા બ્રિટન સાથે હરિફાઇમાં ઉતરી ચૂકયું હતું, તથા આ હરિફાઇના દાવ પેચ ખેલવા તે રણભૂમિને શોધતું હતું. આ જર્મનરાજ્યનું સ્વરૂપ પાયામાં જંકરોની સમાજઘટનાવાળું અથવા જમીનદારશાહીવાળું હતું. આ રજવાડી સમાજઘટનાની ટોચ પર વૈજ્ઞાનિક સ્વરૂપ ધારણ કરેલું અને અદ્યતન એવી સંગઠનાનું લશ્કરી સ્વરૂપ જમાવેલું પ્રશિયન સ્ટેટ અથવા જર્મન સ્ટેટ એનું હતું. આ જર્મન સ્ટેટના કલેવરના યાંત્રિક રૂપમાં ઉદ્યોગવાદની ઘટના ભરચક બની હતી. યુરોપમાં જર્મન મહારાજ્ય અમુક વૈજ્ઞાનિક ઉત્પાદનમાં બ્રિટનથી પણ ચઢિયાતું બની ચૂકયું હતું. એના એકે એક અંગમાં યાંત્રિક શાહીવાદની તાકાત ઝરતી હતી. એની તાકાત સામે બાથ ભીડી શકે એવા બ્રિટનના સામ્રાજ્યની ઉપરાંત યુરોપની અંદર બીજું કોઈ સામ્રાજ્ય હતું નહિ. યુરોપની બહારના પ્રદેશમાં અમેરિકન સામ્રાજ્ય શાહીવાદી ઘટનાના સ્વરૂપમાં શરૂ થતું હતું પરન્તુ બહારના જગત પર એનું ધ્યાન હજુ ઓછું દોરાયુ હતું. ત્યારે આ મહાન જર્મન રાજ્યની કાયામાં જગતના સામ્રાજ્યવાદે ખડકેલાં તમામ ભૌતિકબળો હતાં. સામ્રાજ્યવાદના શિસ્ત જેવી નિશાળો

એણે ગામેગામ માંડી દીધી હતી. આ નિશાળોમાં વૈજ્ઞાનિક બુદ્ધિનો વિભાગ વિકસવા માંડ્યો હતો. પણ આ બધી વિભાવના ઉદ્યોગવાદી કોચલાના વિકાસ માટેજ યોજવામાં આવી હતી. આ યોજનામાં સામાજિક મૂલ્યને સ્થાન નહોતું. આ યોજનાની અંદર તો વૈજ્ઞાનિક બુદ્ધિવિકાસ સામ્રાજ્યવાદનો દાસ બનીને વૈજ્ઞાનિક શોધખોળો કર્યે જતો હતો.

આ શોધો વડે ખૂબ તિવ્ર એવી ઝડપથી જર્મન મહારાજ્ય, જગતનું સૌથી મોટું ઉત્પાદક અને વાણિજ્ય મથક બન્યું. તેનું પોલાદનું ઉત્પાદન અંગ્રેજી ઉત્પાદનથી પણ વધી ગયું. ઉત્પાદન અને વેપારનાં અનેક નવાં ક્ષેત્રો એણે ખૂલ્લાં મૂક્યાં. રાસાયણિક ઉદ્યોગોમાં આખાય જગતમાં એ પહેલું આવ્યું. એણે વિકાસના આ સ્વરુપમાં ફાળ ભરવા માંડી. જર્મન સામ્રાજ્યવાદના રથની ઝડપની ગતિ જેમ વધતી ગઈ તેમ વૈજ્ઞાનિકો બુદ્ધિજીવીઓ અને શ્રમજીવીઓ સૌ કોઈ આ યંત્ર રથની અંદર જકડાઈ ગયેલા રહ્યુ જેવાં બની ગયાં. વિજ્ઞાનની ઘટનાનું આ સ્વરૂપ આ લશ્કરી યંત્રમાં શિસ્ત અને ચોકસાઈનો નમૂનો બન્યું. આ આખાયે રથયંત્રમાંથી માનવજીવ્યુતા નામનો આત્મા મરણ પામી ચૂક્યો હતો, અને જગત જીતનારી તૃષ્ણા સુકાન પર સર્વોપરિ બનીને બેઠી હતી.

યુદ્ધોન્માદ

†જર્મન પ્રજાપર, જર્મન નિશાળો મારફત, સાહિત્ય મારફત અને રાજ્યના ચાલતા સતત પ્રચાર મારફત એક જ બાબત ઠોકી બેસાડવામાં આવી કે જર્મન, મહા પ્રજા છે. જર્મની જ આખા જગત પર શાસન કરવાને નિર્માયું છે. જર્મન સમશેરની તાકાતનો સૌથી મોટો કાનૂન વિશ્વ વિજયનો નક્કી થયો.

† It is mere illusion and pretty sentiment to expect much, even anything at all from mankind, if it forgets how to make war. As yet no means are known which call so much into action as a great war, that rough energy born of the camp, that deep impersonality born of the hatred, that conscience horn of murder and cold bloodedness, that farvour born of effort in the annihilation of the enemy, that proud indifference to loss, to one's own existence, to that of one's own fellows, "

જગતને જીતવાનો આ કાનૂન ધારણ કરીને જર્મનીએ યુદ્ધનો ઉન્માદ ધારણ કર્યો. જર્મનીમાં સંસ્કૃતિનું જ્ઞાન ભૂલાઈ ગયું. જગતના ભૂતકાળનો બધો ઇતિહાસ શિખવવો ત્યાં બંધ થઇ ગયો. યુદ્ધ મારફત જગતનો ઇતિહાસ એટલે જર્મન મહાપ્રજાનો ઇતિહાસ રચવા, જર્મન સામ્રાજ્યવાદ તૈયારીઓ કરવા લાગ્યો. એકલા યુદ્ધનો ઉન્માદ જ જર્મન હવામાનની વિચાર સરણીમાં તરબોળ થઇ ગયો. આ ઉન્માદને પોતાનું તત્વ ચિંતન બનાવનારો નિત્સે નામનો એક વિચારક સામ્રાજ્યવાદનો તત્વચિંતક બન્યો. આ તત્વચિંતનનો સુર યુદ્ધ અને સંહારનો બની ગયો.

સામ્રાજ્યનું આવું ચિંતન સ્વરૂપ હતું. સામ્રાજ્યનું આવું પશુરૂપ વિકરાળ બન્યે જતું હતું અને માનવ બંધુતાનો ઉપહાસ કરતું, યુધ્ધે નીકળવાનો ઉન્માદ વધાર્યે જતું હતું.

યુદ્ધખોર શહેનશાહ, કૈસર

હોહેનઝોલન રાજવંશમાં આ યુદ્ધખોરનો વીલીયમ પહેલાના દિકરા ફ્રેડરીક ત્રીજાને ત્યાં જન્મ થયો. અંગ્રેજ સામ્રાજ્યની મહારાણી વિકટોરીયાનો માતૃપક્ષે એ પૌત્ર થતો હતો. એનું નામ એણે સિઝર અથવા કૈઝર એવું ધારણ કર્યું. આ શહેનશાહે ગાદી પર આવતાં જ જર્મન મહારાજ્ય જોગ જાહેરાત કરી કે, "હું પોતે મતાધિકાર કે બહુમતિમાં માનતો નથી. સૈનિક અને લશ્કરે જ જર્મન સામ્રાજ્યની રચના કરી છે અને તેમની અંદર જ મારો વિશ્વાસ છે. મારો વિશ્વાસ બહુમતિઓમાં નથી."


પછી એણે પોતાના રાજકીય પિતા જેવા વૃદ્ધ બિસ્માર્ક સાથે પણ કજીયો કર્યો અને ઇ. સ. ૧૮૯૦ માં તેને બરતરફ કર્યો. જતાં જતાં બિસ્માર્ક કહ્યું કે "શહેનશાહ પોતે જ હવે પોતાના ચેનસેલર થવા માગે છે."

જર્મન શાહીવાદનો એ સરનશીન પોતાના જુવાન શરીરમાં નબળો ચહેરો સંતાડવા ઘણી મોટી મૂછો રાખતો હતો અને જ્યારે ને ત્યારે મોટો ટોપ પહેરીને તથા લાંબી તરવાર લઇને છબી પડાવતો હતો. એનો એક હાથ જન્મથી જ બાદલો હતો અને બીજા હાથમાં સમશેર સમાલનો એ જર્મનીને મહાન બનાવવાનો દિવો પેટાવવાનો છે એમ માનતો હતો અને કહેતો હતો, 'જર્મની પથરાશે...પથરાશે જ! જર્મનીને એના લોકો માટે, વેપાર માટે, લશ્કર માટે અને અભિમાન માટે સંસ્થાનો જોઇશે જ.'

[યુરોપના બાલ્કન પ્રદેશપરનો સરબીયા-તાંડવ પહેલાંનું તણખલું—વિશ્વયુદ્ધનું સંહાર સ્વરૂપ.]

યુરોપના બાલ્કન પ્રદેશોમાંનો સરબીયા

ઓગણીસમા સૈકાનો અંત આવતો હતો ત્યારે યુરોપની સામ્રાજ્યવાદી છબી યાદવારથલી ટાળવાનો મિથ્યા પ્રયત્ન કરતી હતી. અંગ્રેજી શાહીવાદનો ડિઝરાયલી નામનો વડો પ્રધાન, સૌનો વડો એવો સામ્રાજ્યવાદી ધૂરંધર હતો.



આ ધૂરંધરે પોતાના સામ્રાજ્યવાદની સૌથી મોટી મહારાણી વિક્ટોરીયાની જ્યુબીલીને ગુલામ બનેલા સૌથી મોટા હિંદ દેશપર ઉજવી બતાવી હતી. પરંતુ યુરોપના હૃદય જેવા બાલ્કન પ્રદેશોપર ત્યારે યુદ્ધનો ચરૂ ઉકળતો હતો. જર્મની હવે જગતપર સૌથી મોટું સામ્રાજ્ય જમાવવા તૈયાર થયું હતું. બાલ્કનના અમુક પ્રદેશોપર એનું સ્વામીત્વ હોવું જ જોઇએ એવું એણે જાહેર કર્યું હતું. અંગ્રેજી સામ્રાજ્યવાદે એને ઠંડુ પાડવા જર્મનીના પાટનગર બરલીનમાં એક પરિષદ યોજી. આ પરિષદમાં અંગ્રેજી ડિઝરાયલી અને જર્મન બિસ્માર્ક એકસાથે સામસામા બેઠા. પરિષદમાં નક્કી થયું કે, મોન્ટેનીગ્રો, રૂમાનીયા અને સરબીયાને સ્વતંત્ર રાજ્યો ગણવાં. બોસનીયા નામના પ્રદેશને, આ પરિષદે, તુર્કસ્તાનની પકડ નીચેથી ઓસ્ટ્રીયાના જર્મન અધિકાર નીચે સોંપી દીધો. જગતના દેશોનું આ રીતે લિલામ કરતા શાહીવાદી સોદાગરોએ, બરલીન પરિષદ પૂરી કરી.

તાંડવ પહેલાંનું તણખલું

પછી ઓસ્ટ્રીયન મહારાજાનો ગાદી વારસ ફરડીનાન્ડ પોતાને પરાધીન બનેલા બોસનીયાના પાટનગર સારાજીવોમાં સહેલગાહે આવ્યો. આ પાટનગરમાં એક સરબીયન જૂવાને એના પર ગોળી તાકી અને પેલો પાટવીકુમાર મરેલો પડ્યો. ૧૯૧૪ના જુનની ૨૮મીનો આ બનાવ, તાંડવ પહેલાની ચિન-




ગારી જેવો બન્યો. ઓસ્ટ્રીયા, હંગેરી, અને પ્રશિયાના મહાન જર્મનીવાળા મહારાજાઓને યુદ્ધ જાહેર કરવાનું બહાનું મળ્યું. તેમણે સરબીયાપર આખરી નામાની અડતાલીસ કલાકમાં અમલ કરવાની આકરી શરતો મૂકી. યુરોપની સામ્રાજ્યવાદી બરલીન પરિષદે સ્વતંત્ર રાખેલા સરબીયાએ શરતો સ્વીકારવાની ના પાડી. જરમનીએ સરબીયાપર યુદ્ધ જાહેર કર્યું અને તરતજ ફ્રાન્સપર ચઢવા માટે રસ્તો આપવાનો બેલજીયમને એણે પડકાર કર્યો. જર્મનીના કૈઝરે, ઓગસ્ટના પહેલા દિવસે રુશિયા સામે યુદ્ધ જાહેર કર્યું અને ઓગસ્ટની ૩જીએ ફ્રાન્સ સામે યુદ્ધ જાહેર કર્યું. બેલજીઅમની સરહદપર જર્મન લસ્કરો અથડાયાં, તથા ઓગસ્ટની બીજી એજ અંગ્રેજી સામ્રાજ્યવાદે જરમનીને આખરીનામું આપ્યું. જાપાની સામ્રાજ્યવાદે, મિત્ર એવા અંગ્રેજી સામ્રાજ્યવાદના પક્ષમાં જર્મની સામે નવેંબરમાં યુદ્ધ જાહેર કર્યું, અને ટરકી પણ યુદ્ધમાં ઉતરી પડ્યું. યુરોપની યાદવાસ્થલી જેવો આંતરવિગ્રહ શરૂ થયો. સામ્રાજ્યવાદી યુરોપ યુદ્ધમાં ઉતર્યો એટલે તેણે પોતપોતાના પરાધીન દેશોને પણ યુદ્ધમાં ઉતારી દીધા. આખું જગત યુરોપનું પરાધીન બની ચૂકયું હતું એટલે આ યુદ્ધમાં આખું જગત સંડોવાઇ ગયું. વિશ્વઇતિહાસમાં આ રીતે પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું.

દુનિયાને હવે ખબર પડી ગઇ કે સામ્રાજ્યવાદ એટલે જ યુદ્ધ અને સંહાર

તથા સતત આક્રમણ છે. એને એ પણ ખબર પડી ગઈ કે, વિશ્વ હવે એક વિશ્વ બની ચૂક્યું છે અને રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની સરહદો તૂટી ગઈ છે.

એકપણ સંયુક્ત નહીં એવા, પરાધીન વિશ્વના વિશ્વયુદ્ધનું સંહાર સ્વરૂપ.



પહેલા વિશ્વયુદ્ધનો (૧૯૧૪-૧૮) માનવ સંહાર

દેશ	મોત પામેલા	ગંભીર ઘવાયેલા	ઓછું ઘવાયેલા	ઓવાઈ ગએલા
અમેરિકા	૧૦૭૨૮૪	૪૩૦૦૦	૧૪૮૦૦૦	૪૯૧૨
ગ્રેટબ્રિટન	૮૦૭૪૫૧	૬૧૭૭૪૦	૧,૪૪૧,૩૬૪	૬૪૦૦
ફ્રાન્સ	૧,૪૨૭,૮૦૦	૭૦૦૦૦૦	૨૩૪૪૦૦૦	૪૫૩૫૦૦
રશિયા	૨૭૬૨૦૬૪	૧૦૦૦૦૦૦	૩૬૫૦૦૦૦	૨૫૦૦૦૦૦
ઇટાલી	૫૦૭૧૬૦	૫૦૦૦૦૦	૪૬૨૧૬૬	૧૩૫૬૦૦૦
બેલજીઅમ	૨૬૭૦૦૦	૪૦૦૦૦	૧૦૦૦૦૦	૧૦૦૦૦
સરબીઆ	૭૦૭૩૪૩	૩૨૨૦૦૦	૨૮૦૦૦	૧૦૦૦૦૦
રૂમાનીઆ	૪૩૬૧૧૭	૨૦૦૦૦૦	——	૧૧૬૦૦૦
ગ્રીસ	૧૫૦૦૦	૧૦૦૦૦	૩૦૦૦૦	૪૫૦૦૦
પોરટુગાલ	૪૦૦૦	૫૮૦૦	૧૨૦૦૦	૨૦૦
જપાન	૩૦૦	——	૬૦૭	૩
જરમની	૧૬૧૧૧૦૪	૧૬૦૦૦૦૦	૨૧૮૩૨૪૩	૭૭૨૫૨૨
ઓસ્ટ્રીયા-હંગેરી	૬૧૧૦૦૦	૮૫૦૦૦૦	૨૧૫૦૦૦૦	૪૪૩૦૦૦
ટરકી	૪૩૬૬૨૪	૧૦૭૭૭૨	૩૦૦૦૦૦	૧૦૩૭૩૧
બલગેરીયા	૧૦૧૩૨૪	૩૦૦૦૦૦	૮૫૨૩૬૬	૧૦૮૨૫

આ પહેલા વિશ્વયુધ્ધે, શાહીવાદી યાદવાસ્થળીમાં યુરોપની ભૂમિપર કરેલો માનવ સંહારનો કુલ સરવાળો નીચે પ્રમાણે થયો.

મોત પામેલા–૯,૬૬૮,૭૭૨; ઓછું ઘવાયલા–૧૪,૦૦૨,૦૩૬

ગંભીર ઘવાયલા–૬,૨૬૫,૫૧૨; ઓવાઇ ગએલા– ૫,૬૮૩,૬૦૦

શાહીવાદની આ સંહાર ઘટનાએ ઉપરના બહાર પાડેલા આંકડામાં છેવટે કોલોનીઅલ્સ એટલે સંસ્થાનિક પરાધીન રાષ્ટ્રોમાંથી અંગ્રેજી અને ફ્રેન્ચ સંસ્થાનોમાંથી જ જે માનવ ખુવારી થઇ તેનો આંકડો નીચે પ્રમાણે અપાયો.

દેશ	મોત પામેલા	ગંભીર ઘવાયેલા	ઓવાયા
કેનેડા	૬૦૩૮૬	૧૫૫૭૬૬	૮૬૭૧
ઓસ્ટ્રેલીયા	૫૪૮૬૦	૧૫૮૧૬૬	—
ન્યુઝીલેન્ડ	૧૬૫૦૦	૪૧૪૩૨	૪૫
હીંદ	૫૬૨૬૬	૪૬૬૬૬	૩૫૦૦
ફ્રેંચ કોલોનીઅલ્સ	૪૨૫૬૬	૪૪૦૦૦	—


[વિશ્વયુદ્ધ પહેલાંની કવિ કિપ્લંગની કવિતા–પહેલા વિશ્વયુદ્ધ પછી આફ્રિકાનું શું થયું?–આફ્રિકાની કિનારી પરનો પ્રાચીન ત્રિકોણ– ઈજીપ્ત, સુદાન અને એડન–વીશમા સૈકાની ઈતિહાસભૂમિ, આફ્રિકા–વિશ્વઇતિહાસની પગદંડી પરનું નવું પરિબળ, ચીન–વિશ્વઇતિહાસમાં પ્રવેશતો નૂતનરાષ્ટ્ર, હિંદ–અમેરિકાખંડનો રાજકીય પરિચય–યુ. એસ. એટલે જ અમેરિકા એવું નથી–લેટીન અમેરિકા અથવા યુ. એસ, ઉપરાંતનો બીજો અમેરિકા–લેટીન અમેરિકાનાં, અઢાર રિપબ્લીકો–યુરોપ અને યુ. એસ. એ. ને લાગુ પડેલી આર્થિક આંધી.

વિશ્વયુદ્ધ પહેલાંની કવિ કિપલીંગની કવિતા

†ભૂતકાળમાં શાહીવાદના કવિ કિપલીંગે લખેલી કવિતાઓના શાહીવાદી ખંડિયેરોમાં પડતા પડઘા ભુતકાળના આભાસ જેવા સંભળાતા હતા. આ શબ્દોવાળી કવિતાઓ વિશ્વયુદ્ધમાં કતલ બનનારા અંગ્રેજ દિકરાઓએ ગોખી હતી. આ કવિતાઓમાં, પેલા દિકરાઓ પોતાના દેશના કિનારાઓ પરથી ઉપડતી સ્ટીમરોને પૂછતા હતા. સ્ટીમરો કહેતી હતી કે અમે જગતમાંથી ધનદોલતના

" We are going to fetch you
your bread and your butter
Your beef, pork and muttan,
eggs apple and chease
We fetch it from Melbourne,
Quoebec and Vancouver
Address us at Hobart,
Hongkong and Bombay.
"Then what can I do for you
All you big steamers
Oh what can I do for
Your comfort and good ?
Send out your big warships
To watch your big waters
That no one may stop us
From bringing you food.

ઢગલા લઈ આવવા જઈએ છીએ. પેલા દિકરાઓ કહેતા હતા કે અમે તમારી શું સેવા બજાવી શકીએ ! તેના જવાબમાં પેલી સામ્રાજ્યવાદી વણઝાર માતી હતી કે તમે યુદ્ધનૌકાઓ મારફત આપણા સામ્રાજ્યના સાતે સમુદ્રો પર આપણા સાગરમાર્ગોનું રક્ષણ કરો.



પણ કરોડો અને અબજો માનવોના રાષ્ટ્રોનું શોષણ કરીને, બ્રિટન, ફ્રાન્સ, જરમની, બેલજીઅમ, અને હોલેન્ડના શાહીવાદી દેશોમાં ઠલવાતી ધનદોલતથી ઉભરાતી સ્ટીમરો હવે આવતી ઓછી થવા માંડી હતી અને આ સ્ટીમરોનું રક્ષણ કરતો શાહીવાદી નૌકાકાફલો, વિશ્વયુદ્ધ લડીને મરણ તોલ થાકી ગયો હતો. આ ઉપરાંત એશિયન અને આફ્રિકન રાષ્ટ્રોનાં પરાધીન પ્રજાજનો પણ હવે આઝાદી અથવા વિમુક્તિની, વિશ્વ રૂપાન્તર કરનારી વિશ્વ ઈતિહાસની હિલચાલ આરંભી ચૂકયાં હતાં. આવાં નવાં પરિબળો, પહેલા વિશ્વયુદ્ધ પછી, જગતમાં દાખલ થઈ ચૂકયાં હતાં. એશિયા આફ્રિકાના શોષણ પર રચાયેલો યુરોપનો શાહીવાદી સંબંધ હવે તૂટવા માંડયો હતો તથા મહારાણી વિકટોરીયાએ મુંબઈ કે દિલ્હીમાં દીઠો હતો તેવો શાહીવાદી દબદબો અસહકારવાળી માનવતાની વિમુક્તિ હિલચાલ નીચે કચડાઈ જતો હતો. પેકીંગ અને કેન્ટનમાં, રંગુન અને જાકર્તામાં, કેરો અને તહેરાનમાં પણ એવાં જ પરિવર્તનો થવા માંડયાં હતાં. અહીંના જનમાલની ખાના ખરાબી કરીને ધનદોલતને ભરી જવા આવનારી પેલી સ્ટીમરોનું આ નૂતન બનતાં રાષ્ટ્રોમાં રક્ષણ કરનાર અને સાગરોના રસ્તાઓ પર ચોકી કરનારો નોકાકાફલો વિશ્વયુદ્ધનો માનવસંહાર કરીને હવે પરાસ્ત બનતો હતો.

વિમુક્તિનો નૂતન દેખાવ

આ સંસ્થાનો હવે રાષ્ટ્ર બનતાં હતાં. આ સંસ્થાનો પરના નેટીવો હવે નાગરિક આઝાદીની અસ્મિતાભરી સુરખી દાખવતાં હતાં. આ સંસ્થાનો પર હતાં તે " કંમનીલીયન્સ "ને બદલે એક રાષ્ટ્રિયતાના ધ્યેયને વરેલી વિમુક્તિ માગતી પ્રજાઓ દેખાવા માંડતી હતી. આ સંસ્થાઓની સીમાઓ પર ઉભો રહીને, એકેએક રાષ્ટ્ર, નૂતનવિમુક્તિનું નવું રાષ્ટ્રગીત લલકારતો હતો. આ વિમુક્ત માગતા રાષ્ટ્રોનો દેખાવ વિશ્વઈતિહાસની તસ્વીરને જ્યોતિર્મય બનાવતો હતો. આ દરેક રાષ્ટ્રોના રાષ્ટ્રપિતાઓ પોતપોતાના કિનારા પરથી નવા ઘડાયેલા રાષ્ટ્ર ઝંડાને ફરકાવતા ભૂતકાળના શાહીવાદી ઓળાઓને અને ઓથારોને કહેતા હતા. " અમારી વિમુક્ત ભૂમિને છોડી જાવ " આવા ઈતિહાસકાર્યનો શપથ એશિયા આફ્રિકાનો મૂકતપ્રાણ લેતો હતો.

પહેલા વિશ્વયુદ્ધ પછી આફ્રિકાનું શું થયું ?

વિશ્વયુદ્ધ પહેલાં અને પછી આફ્રિકા નામનો તાજો લુંટાયેલો ખંડ શિકારનો મુખ્ય સામાન હતો. લુંટનો આ આફ્રિકા નામનો માલ, યુદ્ધ પછી ફરી વાર વહેંચાયો. યુદ્ધ પછીની થવા માંડેલી, હવેની વહેંચણીનો નિયમ સાવ સીધો


સાદો હતો. આ નિયમ પ્રમાણે જ વિજય પામેલા શાહીવાદી દેશો સંસ્થાનો વહેંચી લેતા હતા. સામ્રાજ્યવાદી શિકારીઓએ શિકારની કરવા માંડેલી આ વહેંચણીનો નિયમ એ હતો કે, વિશ્વયુદ્ધમાં જે વિજેતાઓ હોય તેમણે પરાજય પામેલા શાહીવાદનાં સંસ્થાનો પડાવી લેવાં. પછીથી આ નિયમનો અમલ કરવા માટે એકઠા મળેલા વિજયી શાહીવાદોએ વરસેઇલ્સ મુકામે, વિશ્વયુદ્ધની લુંટ તરીકે પોતાને ભાગ આવેલા આફ્રિકા ખંડનો નકશોટેબલ પર પાથર્યો અને તેની નીચે પ્રમાણે વહેંચણી કરી.

ત્યાં જરમની નામનો પરાજીત શાહીવાદ, અપરાધીના પાંજરામા ઉભો હતો. યુદ્ધમાં ઉતરતા પહેલાં એણે આફ્રિકા ખંડપર ૧૦,૩૦,૧૫૦ સ્કેરસ માઇલપર પોતાની હકુમત સ્થાપી દીધી હતી. આફ્રિકાના આ જર્મન સંસ્થાનના ભાગ પડ્યા અને બ્રિટન, ફ્રાન્સ, બેલજીઅમ તથા પોર્ટુગાલને એક એક ટુકડો વહેંચી આપવામાં આવ્યો. ત્યારે ફ્રાન્સના ક્લીમેનશો નામના એક શાહીવાદી આગેવાને એકરાર કર્યો કે, " પરન્તુ જરમની અને ઈટાલી પાસે આફ્રિકાની ધરતી પર આપણે એકે સંસ્થાન રહેવા નથી દીધું, તે બાબત એક વાસ્તવિકતા છે. આ વાસ્તવિકતાનો નિકાલ કરવા જો આપણે વાસ્તવિકતા પાસે નહીં જઇ શકીએ તો ભયાનક રૂપ ધરીને એ વાસ્તવિકતા આપણી પાસે એક દિવસ આવી પહોંચશે." પરંતુ આ વાસ્તવિકતા પણ આફ્રિકાના સવાલ તરીકે ઇતિહાસમાં પ્રવેશી ચૂકી હતી. આ વાસ્તવિકતાનું નામ આફ્રિકાની માનવજાત હતું. આ વાસ્તવિકતા અંતરિક્ષમાંથી ઉભી થવાની જ હતી. પરંતુ વાસ્તવિકતાને દેખવા જેટલી સંસ્કારી નજર શાહીવાદે હજુ સંપાદન કરી નહોતી. શાહીવાદને મન તો આફ્રિકાનો માનવ સમુદાય અને આફ્રિકાની ધરતી યુરોપનાં બજારો માટેનો માલ સામાન જ હતો. પરંતુ તેથી આફ્રિકાનાં માનવ સમુદાયો નામની આ ઐતિહાસિક વાસ્તવિકતાનો લોપ થઇ જાય તેમ નહોતું. વિશ્વઇતિહાસનું એ પણ એક મહાપ્રબળ સત્ય હતું. આ સત્ય પણ વાસ્તવતાની જીવન જેવી નક્કર હકીકતનું રૂપ ધારણ કરીને શાહીવાદનો જવાબ માગવાનું જ હતું. એ સમય પણ આવી પહોંચવાનો જ હતો.

આફ્રિકાની કિનારીપર પ્રાચીન સંસ્કૃતિનો ત્રિકોણ

સંસ્કૃતિના આ અતિપ્રાચીન ત્રિકોણનું નામ મેસોપોટેમિયા (સુમેરીયા બેબીલોનીયા, એસીરીયા) અને ઇજીપ્ત છે. ઇજીપ્તની રાષ્ટ્રભૂમિ પર વિશ્વઇતિહાસની માનવ સંસ્કૃતિનો આરંભ થયો હતો. આફ્રિકાની આ અનંત જેવી કિનારી પર એશિયા સાથેનો આ વાણિજ્યનો અને સંસ્કારની લેવડદેવડનો સંબંધ

ભૂમધ્ય સાગર પરથી નાઇલ નદી પર પહોંચતો હતો. આફ્રિકાની આ અનંત જેવી કિનારી આફ્રિકા કરતાં પશ્ચિમ એશિયાનો પ્રદેશ હોય તેવી દેખાતી હતી. આફ્રિકાનો આ વિશ્વઇતિહાસનો પિતામહ દેશ, આફ્રિકાનાં અતિવિશાળ ઉંડાણ પ્રદેશોથી રણ વડે જુદો પડતો હતો, અને વિશ્વ સરિતા જેવી નાઇલ નદીનું મુખ, એલેકઝાંડ્રીયા નામના બંદરગાહમાં ઇજીપ્તની, પેલેસ્ટાઇનની અને ગ્રીસની સંસ્કૃતિનાં પારણામાં ઝુલતું હતું. પહેલાં જ્યારે ઇજીપ્ત અતિપ્રાચીન હતો ત્યારે સોસ્ટ્રેસ્ટસે આ બંદરગાહમાં ભૂમધ્યના ખલાસીઓને 'જાગતા રહેજો'ની ભૂમ પાડનારી ત્યારના જગતની અજાયબી જેવી પાંચસો ફીટ ઉંચી શ્વેત આરસની દીવાદાંડી બાંધી હતી. આ બંદરગાહમાં ઉભા રહીને વિશ્વ વિજય કરવા



નીકળેલા એક સિકંદર નામના જુવાને તેનું નામ એલેકઝાંડ્રીયા પાડ્યું હતું. આ બંદર ગાહમાં બીજા વિશ્વ વિજેતા સીઝરે ગમગીન બનીને પોંપીનું કપાયેલું માથું સ્વીકાર્યું હતું.

નાઈલ મૈયાની જ આ ઇજીપ્ત નામની સંસ્કાર ભૂમિની ઘટના હતી. આ બંદર ગાહથી દક્ષિણ પૂર્વમાં પચાસ માઇલ પર નોક્રેટીસ નગર હતું, અને આ બંદર ગાહની દક્ષિણ પૂર્વમાં જ એકસો ને વીશ માઈલ પર કેરો નામનું પાટનગર છે. વિજેતા ઇસ્લામ સંસ્કૃતિએ આ નગરને ઇ. સ. ૯૬૮ માં બાંધ્યું હતું. પછી ફ્રાન્સે એને જીત્યું હતું અને ત્યાર પછી અંગ્રેજી શાહીવાદે એનો કબજો લીધો હતો. આ અર્વાચીન પાટનગરને દક્ષિણઆરે વીશ માઈલ પર પ્રાચીન જગતના મહાનગર મેંફીસનાં ખંડિયેરો પડયાં છે. યુરોપ જ્યારે જંગલ હતું અને ત્યાંની માનવતાને શિકારનો ખોરાક પકવતાં પણ આવડતું નહોતું ત્યારે આ ભૂમિપરનાં મેંફીસ, કરનાક અને લુકસરનાં વિશ્વનગરોમાં મહાન સંસ્કૃતિ જીવતી હતી તથા મેંફીસનગરની વસતી ગણતરી વીશ લાખ નાગરિકોની નોંધ કરતી હતી.

પણ હવે સૈકાઓ વહી ગયા છે. યુરોપનાં જંગલો પાછાં હટયાં છે, અને સંસ્કૃતિ આગળ વધી છે. યુરોપની યંત્રયુક્ત વાણિજ્યનીતિ શાહીવાદ બનીને જગત આખા પર ફેલાઇ ચૂકી છે. યુરોપે પહેલાં વિશ્વયુદ્ધનો સંહાર ખેલીને, એશિયા આફ્રિકાની પ્રાચીન ભૂમિપરથી પોતાનાં પકડ તૂટવા માંડતાં, જ્યાંથી પોતે શાહીવાદનાં વહાણ હંકાર્યાં હતાં, તે પશ્ચિમી યુરોપ તરફ પાછા હટવા માટે પહેલા વિશ્વયુદ્ધના ઉપસંહાર પછી હવે વિજેતા શાહીવાદીઓ પણ વિચારી રહ્યા છે. યુરોપ પહેલાંની મરણ પામી ચૂકેલી શહેનશાહતોનાં ખંડિયેરો ભેગી ત્યાં મોત પામવાની આ શાહીવાદી એવી યુરોપીય ઘટના છેલ્લા શ્વાસ ખેંચવા ટકી રહેવાનો સન્નિપાત કદાચ ઇજીપ્ત ઉપર જ ધારણ કરે એમ લાગવા માંડયું છે.

ઇજીપ્ત સુદાન, અને એડન

આફ્રિકા ખંડની કિનારી પર ઇજીપ્તની દક્ષિણ સરહદ તરફથી તે એબિસીનીયા સુધી ઈજીપશીયન સુદાનનો પ્રદેશ પથરાયેલો છે. હજુ ગઇકાલ સુધી આ પ્રદેશ એંગલોઇજીપશીયન સુદાન તરીકે જાણીતો હતો. સોમાલીલેન્ડ, આફ્રિકાના શિંગડા પર મેલેલા પ્રદેશ જેવો દેખાય છે, અને તે એડનની, ઝાંઝીબારની સામે આવેલો છે. એડન ભૂમધ્ય અને હીંદી મહાસાગરને સાંધતી કડી છે. જેમ ઇજીપ્તનો તેમઆ સુદાનનો ઇતિહાસ પણ શાહીવાદી પકડ નીચેનો ઠીક ઠીક જાણીતો છે. ગોરડનના નામ સાથે સંકળાઇને ખારટુમ જાણીતું બન્યું ત્યાર

પછી સુદાનના આ નવા નગર પર બ્રિટનનો અને બ્રિટનની પકડ નીચેના ઇજિપ્તનો, એમ બે ઝંડાઓ એક સાથે ઉડતા રહ્યા હતા. ત્યારે ત્યાંનો ગવર્નર જનરલ બ્રિટનની પસંદગી પ્રમાણે અંગ્રેજી ઇજિપ્તના રાજાને નિમતો હતો. એવા ઉત્તર અને દક્ષિણમાં મોટી વસ્તીવાળા આ સુદાનમાં અને ભૂમધ્ય તથા હીંદી મહાસાગરના સેતુબંધ જેવા એડનમાં ઈ. સ. ૧૯૩૯ ના જાન્યુઆરીની ૧૯ મી એ અંગ્રેજી પરાધીનતાનાં સો વરસ પૂરાં થયાની જયન્તિ ઉજવવામાં આવી. આ જયન્તિની અંગ્રેજી ઉજવણી નીચે, એડનનું આફ્રિકન કલેવર ઈરાની આખાતની ટોચ પરથી આફ્રિકાના પેલા સોમાલીલેન્ડ નામના શિંગડા પર થઇને પોતાની અઢાર હજાર ફીટની ઉંચાઇએથી દેખતું હતું.

કેવું આ એડન હતું ! ત્યારના આ અંગ્રેજી કોલોનીનો વિસ્તાર પંચોતેર ચોરસ માઇલનો છે, એની અંદર જ પેરીમ અને કારમાનના નાનકડા ટાપુઓ આવી જાય છે, તથા એ યમન સુધી દક્ષિણ અરબી કિનારે પથરાય છે. આ એડન, ઈરાની તેલ પ્રદેશની સૌથી વધારે નજદીક છે. અડધા લાખની એની વસ્તી બંદરની મજુરીના રોજગાર પર આજીવિકા મેળવે છે. અહીં પણ અંગ્રેજી શાહીવાદ જળોની જેમ ચિટકી રહ્યો છે.

વિશ્વયુદ્ધ પછીની હિલચાલ, જૂના જગતનો નાશ

પશ્ચિમ યુરોપના શાહીવાદના લંડનના પાટનગરથી તે આફ્રિકાની કિનારી પર પથરાયેલા પડેલા ઇજિપ્ત નામના રાષ્ટ્રના કેરો નામના પાટનગર સુધી વિશ્વ ઇતિહાસનું એક પરિબળ કામે લાગી ગયું હતું. જગત પરના શાહીવાદી વહિવટના અંતનું અને વિશ્વના તમામ રાષ્ટ્રોની નૂતન લોકશાહીના સમાન દરજ્જાની ઘટનાનું આ પરિબળ હતું. જગતના માનવ સમુદાયોને ગુલામ બનાવનારૂં, જગતનાં રાષ્ટ્રોને પોતાનાં સંસ્થાનો બનાવનારૂં, આખા જગતને પોતાનું કેદખાનું બનાવનારૂં અને માનવ સમુદાયોમાં, મરકી અને યુદ્ધના સંહારો રચનારૂં તથા પરાધીન પ્રદેશોના સ્વદેશ ભક્તોનાં માથાં પર હજારો પૌંડનાં ઈનામ જાહેર કરનારૂં બ્રિટનનું જૂનું જગત બ્રિટનમાંથી નાશ પામતું હતું અને તેની સાથોસાથ લંડનના પાટનગરમાંથી ખીલને તે આ હિલચાલ શાહીવાદી જૂના જગતનો નાશ, ઇજિપ્તના કેરો નગરમાં, અને એશિયાના પેકીંગ અને દિલ્હી નગરોમાં પણ પૂકારતી હતી. ઈ. સ. ૧૯૩૨ માં બ્રિટનનો રામસે મેકડોનાલ્ડ નામનો પ્રધાન આ હિલચાલને સૂંઘતો હોય તેમ નવેંબરની ૨૨ મીએ પાર્લામેન્ટમાં કહેતો હતો, "મને આજની સમાજ ઘટના કાયા પોતાની પલટ કરવા ભાગતી હોય તેમ દેખાય છે." એને દેખાતું હતું તેમાં એની, અને જગત પર સૌથી મોટું

સામ્રાજ્ય ધરાવનાર શાહીવાદી રચનાની, એક વ્યથા શરૂ થઇ ચૂકી હતી તે હતું. જગત પર સૌથી મોટું સામ્રાજ્ય એકલા બ્રિટન નામના કોઇ નાનકડા ટાપુમાં, કે લંડન નામના કોઈ પાટનગરમાં જ નહીં, પરન્તુ પરાધીન બનેલા જગતનાં રાષ્ટ્રેમાં તૂટતું હતું તથા આફ્રિકા નામના અંધારા ખંડમાં પણ નૂતન જાગૃતિનો પ્રકાશ દેખાવા માંડતો હતો.

વિશમા સૈકાની ઇતિહાસ ભૂમિ, આફ્રિકા

અમર્યાદ એવી દોલતના ભંડારવાળો આફ્રિકાખંડ જગતમાં હીરાની કુલ પેદાશના ૯૮ ટકા પેદા કરે છે, પંચાવન ટકા સોનુ પેદા કરે છે, ૨૨ ટકા તાંબુ તથા ઘણાં મોટા પ્રમાણમાં મેંગેનીઝ, ક્રોમીયમ અને યુરેનીયમ પેદા કરે છે. આ ભૂમિ જગતની કોકોઆની પેદાશમાં બે તૃતીયાંશ ભાગ નિપજાવે છે. છતાં પણ એ ભૂખ્યો, પ્રદેશ છે. છતાં પણ એના માનવ સમુદાયો માટે એની પોતાની ધરતી પર ખેડવાની જમીન એની નથી, કે રહેવાના રહેઠાણ માટેનો અધિકાર પણ એનો નથી. એનો ઇતિહાસ ગુલામ દશાથી આરંભાયેલો યાતનાઓનો ઇતિહાસ છે. આ યાતનાઓની અગ્નિ પરિક્ષામાં તવાઇ તવાઇને શમી જવાને બદલે આજે વિશમા શતકમાં એશિયા ખંડની સાથોસાથ એનો પ્રાણ પૂકારે છે, કે એ માનવ સમુદાય જીવતો રહ્યો છે, અને મોતનો પ્રતિકાર કરવા, પહેલા વિશ્વયુદ્ધ પછી પગ ટેકવવા માંડ્યો છે. એટલે આપણા જગતનો આ ખંડ, વિસમા શતકના બીજા દશકામાં વિશ્વ ઇતિહાસના ઉંબરા પર દેખાય છે. એના રાષ્ટ્ર પ્રદેશો પર એના પગભર થવાની આ ક્રિયા હવે આખા ખંડ પર જુદી જુદી તેજ છાયાનું વિમુક્તિનું રૂપ ધારણ કરશે જ. જ્યાં આ ઉત્થાનનું રૂપ ઉભું થતું માલમ પડે છે ત્યાં જૂના જગતનો સામ્રાજ્યવાદી પડછાયો એને પકડીને બેસાડી દેવાની બેંચાબેંચી પણ જરૂર કરે, કારણ કે જો આફ્રિકા જીવતો બને તો તેના જીવનનો નિષેધ કરનાર શાહીવાદી બટનાના જીવતરનો પણ અંત આવે.

પહેલું વિશ્વયુદ્ધ જીતીને ખૂવાર બનેલા આ શાહીવાદને, આફ્રિકાની ભૂમિ પર ઉત્તર પરથી દેખવા માંડો તો, એટલાંટિક શાહીવાદી જાણે આ મથકો પર શસ્ત્રસજ્જ લાઈને ગોઠવી પડેલું દેખાય છે. આ શસ્ત્રસજ્જના આર્થિક શરીર જેવી ઇજારાવાદી શાહીવાદી ઉદ્યોગ કંપનીઓ આ ધરતી પર પ્રાચીન જડતા પર લોહીચૂસ જળ જેવી જામી ગઇ છે. આ શોષણનું રૂપ પશુની ચટ્ટાથી કોંગોમાંથી યુરેનીયમને, ઉત્તર રોડેશિયામાંથી તાંબાને, નાઇજીરીયામાંથી કોલંબાઇ ટને, લીબેરીયામાંથી રબરને શોષે છે. શોષણનું આ ભક્ષક રૂપ માનવ સમુદાયોના સ્વત્વને પણ ચૂસે છે.

છતાં દેખો તો, આફ્રિકાનો આ માનવ સમુદાય પગભર થવાની વિમુક્તિની હિલચાલનો આરંભ કરે છે. મોરોક્કોનું કમાડ નવું પાટીયું લગાવે છે. અમેરિકાનાં વિમાની મથકો અને નૌકા મથકોની પરવા કર્યા વિના આ વિરાટ માનવ, એલજીરિયા અને ટ્યુનીસીયાપર પણ સંચારવ શરૂ કરે છે. સુદાન અને ઇજીપ્તની અંગ્રેજ કિનારી પરથી અંગ્રેજ સામ્રાજ્યનો સિંહ, પોતાના દ્વિપ વતનમાં પાછો જાય તેવા હવે સંચારવ સંભળાય છે.

વિશ્વઇતિહાસની પગદંડી પરનું નૂતન રૂપ, ચીન

પહેલા વિશ્વયુદ્ધ પછી વિશ્વ ઇતિહાસની પગદંડી પર કોણ આગેકૂચ કરતું હતું ? માનવજાતની સંસ્કૃતિના ઇતિહાસનાં પરિબળો આ સવાલ જગતના ઇતિહાસનો અભ્યાસ કરનારાંઓને, પહેલા વિશ્વયુદ્ધ પછી પૂછતાં હતાં. આવો સવાલ આજ સુધી કોઇએ કોઇને પૂછ્યો નહોતો. આ સવાલનો જવાબ માનવ જાતની વિમુક્તિનાં મૂલ્યોનાં વ્યવહારનું સ્વરૂપ જ્યાં ઇતિહાસ પર ચઢતું હોય ત્યાંથી જ મળી શકતો હોય છે. આ જવાબ યુરોપ અમેરિકાની શાહીવાદી ધટનાની હિલચાલ હવે દઇ શકતી નહોતી. તે તો આંધી અંધકાર તથા સંહારનું જ સરજન કરતી હતી. આ સવાલનો જવાબ એશિયા અને આફ્રિકાના માનવસમુદાયો વિમુક્તિની હિલચાલને ધારણ કરીને આપવા માંડ્યા હતા.

વિશ્વઇતિહાસનું નૂતન પરિબળ બનવા ચીન તૈયાર થતું હતું. વિજતા શાહીવાદો વરસાલીમાં શાંતિનું તહનામું ઘડવા ત્યારે બેઠા હતા. એ જ વિજેતાઓના



પક્ષમાં ચીને પોતાના દીકરાઓને લડવા મોકલ્યા હતા અને પોતાની સેવાના બદલામાં શાહીવાદી વિજેતાઓ ચીન પરની પકડ થોડીક ઢીલી તો કરશે જ એવી આશાથી ચીનના પ્રતિનિધિઓ પણ વરસાલીની બેઠકમાં ચારજ લઇને બેઠા હતા. ત્યાં પછી શાંતિ સલાહના ચોથા વિભાગનો સાતમો કાનૂન વંચાયો કે ચીનની અંદરનો જર્મનીએ જીતેલો શાનટુંગ પ્રાંત જાપાને લઇ લેવો. ચીનનો ઉ.. સૂત પછી ચીનથી

અમેરિકાની શાહીવાદી સરકાર પાસે વૉશિંગટન પરિષદમાં ગયો અને ત્યાંથી પણ ખાલી હાથે પાછો ફર્યો. પછી એ ચીનની ધૂન ધીખતો પરદેશોમાં પથરાયેલી ચીની જૂવાનીને પણ જગાડતો હતો. ડૉ. સુન-યાત-સેન ચીનને ઢંઢોળતો હતો, અને દેખી રહેતો હતો કે ચીન પર કરોડો લોકો નવા જીવન પર સળવળતા આંખો ચોળતા હતા. હજારો વરસથી બંધાયેલા પગની એક ચીની છોકરી છોડતી હતી ને હજારો વરસોથી સીંચેલા માથા પરના સાપના ભારાની લટોને 'બોબ' કરતી હતી. સેંકડો વરસથી થીજી ગયેલાં ચીનના પાણી ખળખળતાં હતાં. સેંકડો વરસથી ચીનના દિમાગ પર આજ્ઞાધારકતાની જાળ બિછાવીને બેઠેલા કનફ્યુશિયસની કિતાબ ભણવાને બદલે ચીનનો નવો સમાજ, હવે કાર્લ-માર્કસની ચોપડી ભણવા બેસતો હતો. ત્યારે ચીનમાં ડૉ. સુન ઝબકીને જાગતો હતો. ચીનને એ ઢંઢોળતો હતો અને ચીનને કહેતો હતો. "જીવનની સાચી શાંતિ મેળવવા ઉઠ અને જીવન સંગ્રામમાં લાગી જા!"

કનફ્યુશિયસની જુની નિશાળોમાં આજ્ઞાધારકતાના જ પાઠ આજસુધી ભણેલો એશિયાનો આ વિરાટ રાષ્ટ્ર આળસ મરડીને ઉઠતો હતો, અને રાષ્ટ્રપિતા સુને માંડેલી નવી નિશાળમાં ભણવા બેસતો હતો.


'મારો ચીન! મારો ચીન!' એના સળગતા શ્વાસની વરાળો ધીખતી હતી, ને એનું દિલ ધબકતું હતું. સુન-યાત-સેન ચીનને શીખતો કહેતો હતો, "મારો ચીન ત્યાં છે જ્યાં ચિનાઇ ગોદીઓ પર લોહીના પરસેવા પાડતી મજૂરી બાંધ પર મણબંધી બોજાઓ અને કોથળાઓ ઉલેચે છે. જ્યાં ચીનનાં મજૂર નરનારીઓ ને બાળ-બાળકાઓ, ચપટી ભાતની ભડકી પીએ છે. જ્યાં અરધી નાગી જનતા કપાળે હાથે, પગે, અંદરના બોજા સાથે બંધાયેલી લોહી ઝરે છે' એવો ચીન એને દેખાવા લાગ્યો, અને એ બોલ્યો, 'અને મારો ચીન ત્યાં છે જ્યાં ...ચિનાઇ નગરોના રસ્તા પર રિક્ષાઓ ખેંચાય છે. ત્યાં બળી ગયેલી કેડવાળો, ખેંચાઇ ગયેલા તંતુઓવાળો ચીન, જીવનનો ભાર વહે છે. જ્યાં કારખાનાં છે ને મજૂરો છે, જ્યાં ખાણો છે ને ખાણિયાં છે...ને ત્યાં, જ્યાં કપાસ ઊગે છે, જ્યાં ચાના બગીચા છે, જ્યાં ભાતના ઢગલા પાકે છે, જ્યાં છોકરીઓ છડેચોક વેચાય છે, જ્યાં બાળકોનો કચ્ચરઘાણ બોલે છે.' એમ એની આંખ સામે ચીનની છબી જીવતી બની. એને ચીન જડ્યો, પણ જડેલા ચીનમાં એ ખોવાઇ ગયો હતો.

એ કહેતો હતો, "અમે બન્ને પ્રેમીઓ છીએ, હું અને ચીન!" ચીન તરફના સાચા પ્રેમને લીધે એણે શાહીવાદી સ્વરૂપને પારખી લીધું. આ શાહીવાદી રૂપ, અંગ્રેજી પાર્લામેન્ટનું, હોય કે જાપાની મિકાડોનું હોય કે પછી તે ખુલ્લાં-કમાડ

વાળી અમેરિકન પ્રમુખની લોકશાહીનું હોય, પણ સૌની એક મુરાદ ચીનને ભરખી જવાની હતી તે એને દેખાયું. એટલે વિશ્વઇતિહાસના સિમાડા પર શાહીવાદના નિષેધ પર રચાયેલા દેખાતા શ્રમમાનવોના રશ દેશ સાથે મૈત્રીનો એણે હાથ લંબાવ્યો. એણે રાષ્ટ્ર એકતાને જીંદગીનું કાર્ય બનાવ્યું. પછી થોડાં વરસે જ આ રાષ્ટ્રપિતા મરણ પથારીમાં પડ્યો. જ્યારે ચીન એને જડ્યો હતો, ત્યારેજ એ ચીની વિરાટમાં વિલાઇ જતો હોય તેમ મોતને ક્ષણભર ખાળી રાખતો કહેતો હતો, " મારૂં વિલ, મારૂં વિલ, ધારૂં આખરી નામું લખી લે! મારા મોત પછી શાહીવાદી દુશ્મનો, આ ચીનને એક બનવા નહીં દે! આ વિરાટ રાષ્ટ્રને ખાઈ જવાની તરકીબો રચશે ત્યારે રાષ્ટ્રની એકતા, જનતાની લોકશાહીના નક્કર વ્યવહાર પર રચવા ઉત્તર પર ચઢાઈ કરીને, જૂના જગતને ચીનમાંથી પરાજીત કરીને, દક્ષિણ-ઉત્તર-પૂર્વ-પશ્ચિમની એક ચીનની, લોક એકયની..." બોલતા રાષ્ટ્રપિતાએ આંખો મીચી દીધી ત્યારે ઇ. સ. ૧૯૨૫ના ફેબ્રુઆરીનો ૨૪ મો દિવસ હતો.

પાછો, એક વરસ પછી જ એ મહાન બનેલો દિવસ, નાનકીંગ નગરમાં આવી પહોચ્યો હતો અને પેલા રાષ્ટ્રપિતાની સંવત્સરીને તેના આખરી નામાનો અમલ કરવા ચીની જનતા ઉજવતી હતી.

પેગોડા શણગારાયો હતો. આસપાસનાં તળાવડાંની સોનેરી રૂપેરી માછ-



લીએ પાણીમાં રંગની છાયા રેલવતી રમતી હતી. તોરણો લચતાં હતાં, મીણબત્તીઓ સળગતી હતી, મશાલો પ્રકાશતી હતી, કેનવાસ પર તાજાં દોરાયેલાં નૂતન ચીનનાં ચિત્રો જીવતાં થઇ ગયાં હતાં. એ ચિત્રોમાં ધૂમકેતુની પૂછડી સળગતી હતી, નરનારીઓની આંખો સળગતી હતી, એક સોનેરી પક્ષીની પાંખો સળગતી આકાશમાં ઉડતી હતી. એ ચિતરામણો પર મધરાતની ચાંદની રેખા રચતી હતી અને આખી ડુંગરમાળ ચિત્રમાં ચિત્ર બનીને ડોલતી હતી. સુન પણ એની કબરમાં ડોલી ઊઠ્યો હશે એમ જનતાનું દિલ ઝંખતું હતું ત્યારે ચોખાના તવા નીચે મધરાતના અંગારા ધીખતા હતા.

'ની–ચીલા–ફાન–લ્યોમા ?' ભાત ખાશો કે બોલતા આવકારોઆપતાં લોકોને નાનાં નાનાં છોકરાછોકરીઓ ભાતની કાંજી ભરીને ઉમળકાભર્યાં, ઊગતી સવારથી પૂછતાં હતાં. નૂતન ચીનની અહીં ઉજાણી થતી હતી. છાબડીઓ પથરાતી હતી. છાબડીઓની ચારે કોર નરનારીઓ અને બાળકો ગોઠવાતાં હતાં, ભાત પિરસાતા હતા, ભાતમાં તેલ પર તરતાં શાક રેડાતાં હતાં. સુન નામના રાષ્ટ્રપિતાની સંવત્સરીને ચીનનાં, ચિનાઇ માટીડાંઓ ઊજવતાં ભાત ખાતાં હતાં. અહીં સંયુકત ચીનની ચિનાઇ માટી પર, કિસાન–શ્રમ, માનવો નૂતન બનતાં હતાં. ચીની વરસાદમાં ચિનાઇ પ્રાણની સુવાસના અહીં ઓધ ઉડતા હતા.

નાનકીંગ નગરની ઉત્તર–પૂર્વ દિશામાં પરપલ પર્વતની ગોદમાં ડૉ. સુનની કબર પર આજે ગરીબ જનતા બહુમાન કરતી હતી, ટોળુ હતી, આ ગરીબ જનતા ! એજ ચીન હતી. ડો–સુને શોધેલો ચીનનો એ લોકશાહી વિરાટ હતો.

આજે એ વિરાટ આ રાષ્ટ્રપિતાના વિલનો વારસદાર બનીને ચીની રાષ્ટ્રની એકતા ઘડવા નાનકીંગથી પેકીંગ તરફ એની નજર માંડતો હતો. અને ઉત્તર પર ચઢવાનાં ડંકાનિશાન સાથે આજે ડૉ. સુનનો દિવસ પરપલ પર્વતની છાયામાં ઊજવવા આવી મોટી સંખ્યામાં ભેગો થયો હતો.

ત્યાં બહાર એક મંડપ હતો. મંડપ પર લીલા ને લાલ વાંસની કમાનો બાંધવામાં આવી હતી. મંડપની આસપાસ પાટિયાં લખેલાં લટકતાં હતાં, અને વાવટા ફરકતા હતા.

'અહીં અમારા ડૉ. સુન–યાત–સેનની કબર છે. ગઇ સાલ, આ દિવસે એ અહીં દફનાયા હતા.'

પછી ચંદ્રના રૂપેરી અજવાળામાં પડછાયાઓ નાચવા માંડે ત્યાં સુધી ભાષણો થતાં હતાં ને ગીતો ગવાતાં હતાં ત્યારે જાણે કબર ફાડીને પેલો ડૉકટર બહાર નીકળી પડશે ને ખૂમ પાડી ઊઠશે કે, 'ચીન.....મારો દેશ !' એમ સૌને લાગતું.

નાનકીંગનો રાષ્ટ્રવાદ પોતાની રજવાડી પછાત દશાને ખતમ કરવા ઉત્તર પર ચઢવાનો હતો. નાનકીંગથી ઉતાવળી નજરો ઉત્તર ચીન પર ઠરતી હતી, અને દક્ષિણ ઉત્તર ને એક કરનારી હિલચાલ શરૂ થતી હતી. અંધારાનું કફન ઉપડતું હતું અને દેશ દેખાતો હતો. એ દેશને એક દેખવા અને એક કરવા ઉત્તર ચીન પરના ચઢાવનાં દુંદુભી ગાજતાં હતાં.

'ઉત્તર...ને દેશને ફરતી દીવાલ...અને પેલો ભયાનક મુસાફર હવાંગ-હો, કાળના લોલકની જેમ એ હજાર વરસના ઈતિહાસ પર ચીની પારણાં પર ને કબરો પર અટ્ટહાસ્ય કરતો અને પીળા પ્રલય ઉછાળતો વહેતો હતો. રમા-રકો દેખાતાં હતાં. ઈતિહાસ ભેદો થતો હતો. મોંગોલિયાના મેદાન પરથી જંગ-લીઓનાં ધાડાં આવેલાં તે દિવસ પણ યાદ આવતો હતો. દૃષ્ટિમર્યાદા ઉઘડતી જતી હતી. પીળી નદી પાસે ઉત્તરમાં મોંગોલ લોકોના સમયના અતિપ્રાચીન ચીનરાષ્ટ્ર પરના આ ઉત્તર પ્રદેશ પરથી ઈતિહાસના ચોપડા ઉકેલાતા હતા. પર્વતો અને મેદાનો સળવળતાં હતાં. ત્યાં જ હુન-નુના ઘોડેસવારોએ હાન-રાજ-વંશને રગદોળી નાખ્યો હતો, ત્યાં જ સ્કીથિયનો આવ્યા હતા, હુણનાં ટોળે-ટોળાં ઉતરી પડ્યાં હતાં અને સુંગ રાજવંશીઓ પર જંઘીસખાન તૂટી પડ્યો હતો. ત્યાં ઉત્તર-પૂર્વમાં ભૂરા પર્વતોની કિનારીઓની એરણ પર જંઘીસખાન નામનો લુહાર ત્યારે તરવારો ટીપતો હતો.

દૂર ઉત્તરમાં ગોબીના ગુબ્બારા ઊડતા હતા. ત્યાંથી ધોળી અને પીળી રેતીનો મહાસાગર દરેક દિશામાં ઘૂઘવતો હતો. ત્યાં હરણાંઓ ભૂલાં પડતાં હતાં અને સારસ છેતરાતાં હતાં અને ગુસ્સે થયેલી ચીસો પાડતાં ઉડી જતાં હતાં. જાણે ઘાસના એક તણખલા પણ વિનાના મોતનું રાજ જ્યાં વિસ્તરતું હતું ત્યાં ત્યારે પ્રાચીન મોતના રાજમાં મોટાં નગરો સૂતાં હતાં. ત્યાં આઠ સૈકા પહેલાંની જંઘીસખાનની વાડીઓ પર રેતી ઊડતી હતી. એકલો ઉનો ને સૂકો પવન એક છેડેથી બીજા છેડે ચિચિયારી કરતો દોડતો હતો. પણ ઉત્તર પશ્ચિમમાં? ત્યાં તો પર્વતો પાછળ પર્વતોના પિંડા ગોઠવાયેલા પડ્યા હતા ને છેક મોંગો-લિયાના ઉચ્ચ પ્રદેશ સુધી તે પહોંચતા હતા. એ પર્વતોમાં બે હજાર વરસ પહેલાં કોલસો શોધાયો હતો. ત્યાંથી તિબેટમાંથી ઉત્તર-પશ્ચિમમાં થઇને વહેતી નદીઓ વનરાજીઓ ઉછેરતી હતી, ને પીળો કાંપ ઢાલવતી દરિયાનાં પાણીને પીઠી ચોળતી હતી, અને ત્યાંથી જ ભારતીય બ્રહ્મપુત્રા પૃથ્વીના ચીનાઈ છાપરાની ઉંચાઇ પરથી ભારતમાં વહેવા જતી હતી.

એ ઉત્તર ચીનમાં આઠ કરોડ ખેડૂતોના નેસડા ગુંજતા પડ્યા છે, ત્યાં ઝાડનાં ઝુંડોમાં ચીની કિસાનનાં ગામડાં એક ચોરસ માઇલે છસોની વસતિમાં

સૌ વસે છે. ત્યાં શિયાળાના ઠારી દે તેવા પવનો ઝીલતાં અને માર્ચ મહિનાથી વસંત ઊજવતાં કિસાન નરનારીઓ ને ખાળકો જમીન ખેડે છે, ખાણો ખોદે છે, અને હવે કોઇ વાર ગાય છે, 'ચીન, ચીન...અમારો દેશ!' રાષ્ટ્રપિતાએ ચિંધેલે પગલે નૂતન ચીન કૂચ કરતો હવે નૂતન ગીત ગાતો હતો.

સાબરમતીના સંતનો યુગવર્તી ઉદ્‌ઘોષ ઝીલતું નૂતન હિંદ

પહેલું વિશ્વયુદ્ધ જ્યારે સંહારના ધીકતા પૂર પર ચઢી ચૂકયું હતું. ત્યારે



જ્યારે એકેએક દેશના આકાશ-નીચેનાં આંગણાઓમાં માતાઓ પોતાનાં બચ્ચાંઓને સ્તનપાન કરાવતી અખંડ વરસતા મોત નીચે કંપી ઉઠી હતી, અને વિશ્વનાં નગરો ત્યારે જ્યારે મહામારી નીચે તારાજ બન્યે જતાં હતાં ત્યારેજ સંહારની રણખંજરીઓના નિનાદને ડારતો, યુદ્ધના ભારતની ભૂમિ પર પથરાયેલા યુદ્ધના મહા-કારણ જેવા શાહીવાદને, તેની પરાધીન બનેલાં આફ્રિકન ભૂમિ પર ન ભૂસાય તેવી સત્યાગ્રહી રેખાઓ રચીને હચમચાવી નાખ્યા પછી પોતાના વતનમાં આવી પહોંચેલો હિંદી-રાષ્ટ્ર પિતાનો અવાજ ધીમે ધીમે અતિ નમ્રતાવાળા શબ્દોને ધારણ કરતો, વજ્ર જેવી કઠોરતા સાથે ભારતીય રાષ્ટ્રનું લડાયક સૂત્ર રચતો હતો. 'સવિનય ભંગની લડત' જેવો જગતના ઇતિહાસમાં યુદ્ધનો કાર્યક્રમ કદી દેખાયો નહોતો. આ કાર્યક્રમ સંસ્કૃતિના કાર્યરૂપને ધારણ કરતો હતો. સંસ્કારની આ રીત રસમ સામુદાયિક બનતી કહેતી હતી, 'શાહીવાદને આ ધરતી પરથી રવાના કરી દેવા અમે અમારા આપભોગની લડત આરંભીએ છીએ.'

વિશ્વસંસ્કૃતિએ દીધેલો સંસ્કાર વ્યવહારનો આ કાર્યક્રમ હતો. એમાં પરિસ્થિતિને પલટવા માટે પણ હિંસા કરવાનો ઇન્કાર હતો. સંસ્કારના વ્યવહારને, આ સંત સામંતે, ૧૯૨૦–૨૧ માં આખા રાષ્ટ્રજીવનમાં ઉતારી દીધો. આવું નૂતન યુગવર્તનનું નૂતન સ્વરૂપ રાષ્ટ્ર જેટલી વ્યાપકતા પર સજવાનો વિશ્વઇતિહાસનો સંસ્કાર પ્રયોગ શરૂ કરનાર હિંદનો એ રાષ્ટ્રપિતા હતો. આ રાષ્ટ્રપિતાને એથી તો મહાત્મનનું બિરૂદ મળ્યું હતું. કારણ કે એના વ્યક્તિ-

ત્વનું સત્વ પોતાની અંગત અહંતામાંથી મુક્ત બનીને, રાષ્ટ્રિય અસ્મિતાની વ્યાપકતાને ધારણ કરી શકયું હતું, અને મહાન બની શકયું હતું.

આ રાષ્ટ્રપિતાએ રાષ્ટ્ર ઘડતરમાં જ પોતાની અહંતાને ઓગાળી નાખવાના અનેક અખતરાઓ કર્યા હતા. એને સત્યના પ્રયોગોમાંથી દેખાયેલું એકમાત્ર સત્ય, આ ઉપખંડ જેવા મહાનદેશનો દરિદ્રનારાયણ હતો. આ સત્યનીજ ઉપાસાનાનો આગ્રહ ધારણ કરીને એણે ભારતની માટી માથે ચડાવી હતી અને ઝુંપડીએ ઝુંપડીએ ટકોર દઇને, ભારતના આત્માની શોધ ત્યાં આરંભી હતી.

'સરમન ઓન ધી માઉન્ટ' એને ફરીવાર નૂતનરૂપ ધરીને સંભળાયું હતું. આ ભૂમિ પર આવેલા શાહીવાદી સીઝરોને, પોતાનાં પાપનાં પોટલાં બાંધીને સ્વદેશ સીધાવી જવાની એ વિનવણી કરતો હતો. આ સીઝરોના ધારા ધોરણો સામે એ સવિનયભંગની હિલચાલ જગવતો હતો અને અનિષ્ટ સામેના પ્રતિકારનો અનાસકતયોગ ગીતામાંથી ગ્રહણ કરતો હતો. એ ટોલસ્ટોય તથા રસકીનનો પરમમિત્ર હતો.

એણે અમૃતસરના જલીયાંવાલાબાગની રાષ્ટ્રના રૂધિરથી ભીંજાયેલી માટીને માથે ચઢાવીને અંતરની આહ જેવું અરણ્યરૂદન કરીને, પુણ્યપ્રકોપથી પ્રજ્વળતા આત્માના અગ્નિકણ ધારણ કરીને સત્યાગ્રહની એરણ પર એક ધર્મ ઘડવા માંડયો હતો. આ ધર્મની ધારણા જેવો એ આંતરરાષ્ટ્રિય ઉંબરા પર એક નૂતન સંસ્કાર-ના પ્રયોગનો હુંકાર બનીને, સવિનયભંગનું વ્યાપક રૂપ આપવા માટે ઇતિહાસની એક નાનકડી અદાલતમાં, અમદાવાદ નામના નગરમાં, જગતને પોતાનું કારાગાર બનાવી ચૂકેલા અને વિશ્વયુદ્ધની સંહારઘટના ઘડી ચૂકેલા, શાહીવાદ સામે ઉભો હતો. જૂના જગતના 'પેકસ રોમાના' જેવા રોમન કાનૂનને સંસ્કૃતિનાં નામમાં તોડનાર ઇસુની છાયા આ વિશ્વ બનાવ પર છવાતી હતી. પેકસ બ્રિટાનિકાનો હિંસક કાનૂન તોડીને જ નહીં પણ તેનો સવિનયભંગ કરીને, એણે જગતભરની સંસ્કૃતિમાં વ્યવહાર જીવનનું, એક નવું પ્રકરણ શરૂ કર્યું. ત્યારે ઇ. સ. ૧૯૨૧ ની સાલ ચાલતી હતી.

'તમારૂં નામ!' રિવાજમુજબ અદાલત એને પૂછતી હતી.

'મોહનદાસ કરમચંદ ગાંધી!'

'ધંધો?'

'એડુત અને વણકર.'

શાહીવાદી ન્યાયાસનની ઉંચાઇ, આ નિખાલસ સત્ય જેવા શબ્દ નીચે કચડાઈ જતી દેખાઇ. શાહીવાદી તૂંડમિજાજ આ લોક જનતાના વિરાટ

માનવની હાજરીમાં ડોંગુજી દેખાયો. આ અવાજ કરનાર પેલા સુકલકડી શરીરનો ચહેરો સૌમ્ય એવી સુરખી વેરતો તાકી રહ્યો, અને બોલ્યો, 'એડ્રત અને વણુકર!' એશિયા પર બુદ્ધ અને ગૌતમને જનમાવ્યા પછી એશિયાની જ ધરતી પર થયેલું સંસ્કૃતિનું આ અવતરણ શાહીવાદી સરતશીનતાની સામેસામ આવી ગએલું દેખાયું. આ અવતરણ, પોરબંદરની દીવાની સાથે બેરીસ્ટરના બોભા સાથે, અને રાજકીય આગેવાનીના હું પદ સાથે પોતાનો સંબંધ તોડી દઈને, જ્યાં જનવિરાટ શ્વાસ લેતો હતો, તે ધરતીને સૂંઘતું પ્રાણનુંજ બનેલું હોય તેવું અવામ જેવું જીવનરૂપ દેખાયું.

પછી શાહીવાદના કાનૂને આ સંતને છ વરસના સખત કારાગારની શિક્ષા ફરમાવતાં કહ્યું, 'નિવેદન કરવું છે?' અને એણે લંબાણુ નિવેદન કરીને કહ્યું. 'મને લાગે છે કે મેં હિંદ અને બ્રિટન બંને રાષ્ટ્રોની, એ બંને રાષ્ટ્રો આજે જ વિષમ સ્થિતિવાળા પરસ્પરના સંબંધમાં જીવે છે, તેમની વચ્ચે ચાલતા ગુલામીના સંબંધ સામે અસહકાર કરીને અને તેવા સંબંધના સૌ કાનૂનોનો સવિનયભંગ કરવાની સામુદાયિક ક્રિયા બતાવીને બ્રિટન અને હિંદની સેવા બજાવી છે.'

ઇતિહાસના બનાવમાં, હિંદ અને બ્રિટન નામના બે દેશો, પરસ્પરના સંબંધમાં ઉતરી ચૂકેલા દેખાયા. આ સંબંધનું રૂપ બ્રિટને આરંભેલા શાહીવાદી આક્રમણનું રોજનું સ્વરૂપ હતું. આ સ્વરૂપનું લક્ષણ બ્રિટનની દરમ્યાનગીરીવાળું અને સમાનતા તથા બંધુભાવનો નિષેધ કરનારૂં અથવા સતત ચાલતી હિંસાનું સ્વરૂપ હતું. આ સ્વરૂપને પલટવાનું એનું ધ્યેય હતું. આ સ્વરૂપ સામે એશિયાનો એક હિંદ દેશ, જનહિલચાલનું સંસ્કારરૂપ ધારણ કરીને તેનો પડકાર, પ્રતિકાર, અને બહિષ્કાર કરતો હતો. આ રીતે વિશ્વશાંતિના રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના આંતરરાષ્ટ્રિય શિસ્તને જન્માવનાર આ બનાવ વિશ્વઇતિહાસમાં પ્રવેશ કરતો હતો. વિશ્વઇતિહાસનો આ બનાવ વિશ્વ–શાંતિની સંસ્કાર સાધનાનું એકમ બનતો હતો અને, બાનગી જીવન વ્યવહારનો સંકુચિત ધર્મ બનવાને બદલે, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સંસ્કૃતિના રાજકારણનો વિશ્વશાંતિ નામના વ્યવહારનો પાયો બનતો હતો.

આંતરરાષ્ટ્રીય રાજકારણનો ઝંડાધારી

એ આંતરરાષ્ટ્રીય રાજકારણનો જગતશાસનનો લોકશાહી ધર્મ હતો. આ નૂતન રાજકારણના શિલને સાંભળનાર નહેરૂ હતો. નહેરૂને સાંભળનાર લોક વિરાટ હતો. એટલે જ ગાંધીજીએ વસીયતનામું લખ્યું ત્યારે તેમાં પોતાના

વારસદાર તરીકે એકલા નહેરૂનું જ નામ નોંધ્યું હતું. આ વારસદારને એણે શું દીધું હતું! એની પાસે દેવા જેવું શું બાકી હતું! એણે શાહીવાદ સામે એકધારી રીતે આ ધરતીપર ડોતરાઇ ગએલી શાહીવાદે રચેલી ડોમડોમ વચ્ચેની હુલ્લડખોરી નામની હિંસકઘટના સામે અથવા એ ઘટનાના સંહારના કાનૂન સામે કાનુનભંગની લડત ઉપાડી અને શાહીવાદના હૂલ્લડના કાનૂનને તોડ્યા કર્યો.

સંતે જીવનનું આરંભનું અને આખરી કાર્ય પણ આ જીવન મંત્ર પર જ ધારણ કરીને પોતાની પાસે હતું તે સર્વસ્વ સમર્પણ કરવાનું આખરનું ઇતિહાસકાર્ય આરંભી દીધું. જ્યારે આઝાદી પછી એ જ હૂલ્લડના આવેશનાં અંધારાં ચઢતાં હતાં ત્યારે, આ મહાનરાષ્ટ્ર પર પ્રકાશ જેવું એક કિરણ બનીને આખરી વારસાનો કણેકણ ચૂકવીને મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી, નામનું વિશ્વઇતિહાસનું સંસ્કાર મૂલ્ય શમી ગયું, અથવા શાહીવાદ નામની સંહારઘટનાનો આખર તક પિછો પકડીને, અતિપ્રાચીન એવા આ મહાન રાષ્ટ્રને વિશ્વસંસ્કૃતિના ઇતિહાસમાં ચિરંતન સ્થાન આપતું ગયું. એ સ્થાન આપવા માટે એણે ભારતના દિલનું કમાડ ખોલવા પોતાના સ્વત્વને ભારતમય બનાવ્યું.

ગોતમ પછીનો વિશ્વઇતિહાસનો બનાવ ગાંધી નામનો બન્યો.

આ બનાવ જનલોકના પ્રશ્વાસ સાથે વણાઇ ગયો. આ બનાવે, લોક આત્મામાં અભ્યંતર બની જવા શરીરના અણુએ અણુને ચુકવી નાખીને જીવનભર પ્રાણનું સિંચન કરી કરીને આ અચલાયતન એવા રાષ્ટ્રનાં સામાજિક સ્વરૂપોને પ્રાણમય બનાવી દીધાં. ગાંધીજીના જીવન સાથે અને એ જીવતરના એકેએક વણાટ સાથે વણાઇ ગએલો, હિંદનો ઐતિહાસિક બનાવ રાષ્ટ્ર ઐકયનો બન્યો. સૈકાઓના ઇતિહાસ પછી પહેલીવાર આ મહાન રાષ્ટ્રે રાષ્ટ્ર એકતાને ધારણ કરી, સુતેલા સૈકાઓ આ પ્રાચીન ભૂમિપર જાણે સમાધિ છોડીને બેઠા થયા. જગતના ઇતિહાસને, સંસ્કૃતિના ઘડતરના પાયા દેનાર ઇજીપ્ત અને ગ્રીસની પ્રાચીન સંસ્કૃતિઓની આ સમકાલીન સંસ્કૃતિનો ભૂતકાળ, રાષ્ટ્ર એકતામાં, નવજીવન પામીને ઉભો થવા લાગ્યો. આ ભુતકાળે જગતને વ્યાકરણ અને પ્રમાણશાસ્ત્ર, ચિંતન, મનોવિજ્ઞાન અને ખગોળ તથા ગણિતશાસ્ત્ર શિખવ્યાં હતાં.

પરન્તુ આજે સૈકાઓ સુધી અચલાયતન રૂપ ધરીને પછી આક્રમણ નીચે ધરાશાહી બનેલો આ વિરાટદેશ, સામ્રાજ્યવાદ સામે સવિનય ભંગ કરતો, એશિયાપરના અંધકારને અને પરાધીનતાને ટકાવી રાખવા માગતી વિશ્વસંહારની શાહીવાદી ઘટનાના રસ્તા વચ્ચે એણે પોતાની જાતને રાષ્ટ્ર જેવી

વિરાટ બનાવીને ધરી દેતો હતો. અમારા રાષ્ટ્રનો ઇતિહાસ વિશ્વના ઇતિહાસમાં પ્રવેશ કરે છે. એમ કહીને ગાંધીજીએ આ મહાન રાષ્ટ્રના ઇતિહાસનું પ્રકરણ સંસ્કૃતિના જીવનમાં નવેસરથી લખવાનો ચાકડો ફેરવવા માંડયો હતો.

શાહીવાદી કાનુનના શાહી ઇન્સાફી તખ્તને હચમચાવી નાખનારા અને શાહીવાદી કારાગારનાં કમાડ ખોલીને સંસ્થાન બનેલા ગુલામ જગત માટે વિમુક્તિનો અનાહત નાદ ઉચ્ચારનારા સીધા, સાદા અને સરળ એવા ગાંધીજીના શબ્દો કહેતા હતા, "અસહકાર અને સવિનય ભંગવડે મને લાગે છે કે મેં હિંદ અને બ્રિટન બન્ને રાષ્ટ્રોની સેવા બજાવી છે."

શી હતી આ સેવા? આ સેવાની ઐતિહાસિક બજવણીનું રૂપ એ બે રાષ્ટ્રો વચ્ચેના પરસ્પરની વિષમ સ્થિતિવાળા સંબંધોને ખતમ કરીને સંસ્થાનોની વિમુક્તિના સવાલને શરૂ કરવાની હતી. વિમુક્ત સંસ્થાનો એટલે શાહીવાદની પકડમાંથી એશિયા આફ્રિકાના દેશોની વિમુક્તિ હતી. આ વિમુક્તિનું સ્વરૂપ જ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે સમાન અને બીનદરમ્યાનગીરીવાળો આંતરરાષ્ટ્રિય સંબંધ આખા જગતને માટે બાંધી શકે તેમ હતું.

આ ગઇ કાલનાં ગુલામ રાષ્ટ્રો વિશ્વનો સૌથી મોટો વિભાગ હતો. આ રાષ્ટ્રો વિમુક્ત ન બને ત્યાં સુધી વિશ્વની સંસ્કૃતિ એક બની શકે તેમ નહોતું. આ રાષ્ટ્રો વિમુક્ત ન હોય તો જગતનો ઇતિહાસ, વિશ્વઇતિહાસની વિમુક્તિનું રૂપ ધારણ કરી શકે તેમ નહોતું. આ રાષ્ટ્રો વિમુક્ત બને ત્યારે જ જગતનો કારભાર એક જગતનો સંસ્કારી અને વિશ્વ–શાંતિવાળો વ્યવહાર બની શકે તેમ હતું.

અમેરિકા ખંડપરના, યુ. એસ. નામના એક વિભાગના આંતરકલહ પછી.

દુનિયાનાં નવાં રાજ્યબંધારણોવાળી સરકારોમાં સૌથી લાંબા સમયથી ચાલ્યા આવતા એકજ જાતના અને નહીં બદલાયેલા એવા રાજબંધારણવાળી સરકાર અમેરિકન ફીડરલ સરકાર છે. આ સરકારમાં જોડાયેલાં સંયુક્ત સંસ્થાનોની તે બનેલી છે. આ દરેક સંસ્થાન સ્વતંત્ર એવું સંયુક્ત સરકારનું એક એકમ છે. આ સંસ્થાનો અને મધ્યસ્થતંત્ર વચ્ચેના મતભેદો હજુ શમ્યા નથી.

ઇ. સ. ૧૮૧૨ના યુદ્ધ માટે કેટલાંક સંસ્થાનોએ પોતાનાં લશ્કરો આપવાની ના પાડી હતી અને ન્યુ ઇંગ્લેંડ તો ફેડરલ સરકારમાંથી મુક્ત થઇ જવાનો વિચાર પણ કરતું હતું.

પછી આ સંસ્થાનોમાં દક્ષિણનાં અને ઉત્તરનાં સંસ્થાનોની અંદર અંદરની લાંરફાઇ તો દરરોજની બની ગઈ હતી. આવાં સંસ્થાનોના અંદર અંદરના અનેક ઝઘડાઓ ચાલ્યા કરતા હતા. આ ઝઘડાઓ આખરે વધતા ગયા અને ગુલામી નાબુદ કરવાના સવાલ પર, ઈ. સ. ૧૮૬૦ ના ડિસેંબરની ૨૦મીએ દક્ષિણ કેરોલીનાએ છેવટે યુનીઅનમાંથી છુટાછેડા જાહેર કર્યા, અને પછી ઈ. સ. ૧૮૬૧ના ફેબ્રુઆરીની ૧લીએ બીજાં છ સંસ્થાનો છૂટાં થયાં. પરિણામે આંતરવિગ્રહ ફાટી નીકળ્યો.




ઈ. સ. ૧૮૬૦ની ચુંટણીમાં અબ્રાહામલીંકન સંયુકત સંસ્થાનોનો પ્રમુખ ચુંટાયો હતો. આ અરસામાં જ રિપબ્લીકન પક્ષ પણ સ્થપાયો હતો તથા આ પક્ષના ટેકેદારો, અમેરિકાના વ્યાપારીઓ બેંકરો અને ઉદ્યોગપતિઓ હતા. અબ્રાહામલીંકનની આ નવા પક્ષની સરકાર ઉદ્યોગ અને વ્યાપારના વિકાસની બધી રીતે હિમાયત કરનારી સરકાર હતી. આ સરકારના સમયથી અમેરિકાના અર્થકારણનો ઔદ્યોગિક વિકાસ ઝડપથી થવા માંડ્યો. આ વિકાસની આડે આવતા બંધારણના ઝઘડાઓના નિકાલ પણ આ સમયથી થવા માંડ્યા. લીંકનના આ સમયથી ઉદ્યોગીકરણનું લોકશાહીરૂપ વિકાસ પામ્યું અને પછાત અર્થકારણની ગુલામોની પ્રથાવાળું પછાત રાજકારણ પરાજય પામ્યું. અમેરિકન સંસ્થાનોના નવા રાજકારણે, એક ઔદ્યોગિક રાષ્ટ્ર જેવું બંધારણ અને એકતા પ્રાપ્ત કર્યો કરી. આવી વિકાસની હિલચાલ પહેલા વિશ્વયુદ્ધની શરૂઆત સુધી ચાલી. ત્યાં સુધીમાં અમેરિકાનાં સંસ્થાનો ઔદ્યોગિક અર્થતંત્રવાળાં એક રાષ્ટ્ર જેવાં બન્યાં. ઈ. સ. ૧૯૨૧ થી ઓડોર રૂઝવેલ્ટે, પ્રગતિપક્ષ નામનો નવો રાજકીયપક્ષ શરૂ કર્યો. પરન્તુ આ નવો પક્ષ થોડા જ સમયમાં લય પામી ગયો અને અમેરિકાના ઉદ્યોગપતિઓના ડેમોક્રેટીક અને રીપબ્લીક નામના બે જૂના પક્ષો અમેરિકાનું શાહીવાદી રાજતંત્ર ચલાવવા માટે કાયમ રહ્યા.

રાજકીય વિરકતતાવાદની દંતકથા

અમેરિકન રાજ્ય જેમજેમ જગતના ઔદ્યોગિક તંત્રમાં આગળ આવતું

ગયું, જેમજેમ એની રાજકીય તાકાત વધતી ગઇ, તેમતેમ જગતના રાજકારણથી અલિપ્ત અથવા વિરકત રહેવાની એની એક સમયની દંતકથા તૂટી જવા માંડી.

અમેરિકાની ભૌગોલિક પરિસ્થિતિમાંથી જ તેના શરૂઆતના પરદેશી રાજકારણનો સુર અલગતાવાદનો રહ્યો હતો. જૂના જગત અને આ નવી દુનિયા વચ્ચે ત્રણ હજાર માઇલનો એટલાંટિક મહાસાગર અને એથી વધારે અંતરાયવાળો પાસિફિક મહાસાગર પડયો હતો. આ બે મહાસાગરોએ અમેરિકાને યુરોપ અને એશિયાથી અલગ પાડયો હતો.



છતાં આ અલગપણું એક કલ્પના જ હતી. અમેરિકાના જન્મથી જ અમેરિકન વસાહતનું રૂપ યુરોપનાં માનવીઓ વડે ઘડાયું હતું. ઇંગ્લેંડ અને ફ્રાન્સ જ્યારે પછાત જગતને પરાધીન સંસ્થાનો બનાવવાની હરીફાઇમાં શાહીવાદી યુદ્ધ ખેલતાં હતાં ત્યારે ઇંગ્લેંડનું પરાધીન સંસ્થાન બનવાની ના પાડવા માટે અને પોતાના સ્વનિર્ણયના અધિકાર માટે ઇંગ્લેંડ સામે સ્વાતંત્ર્યનો સંગ્રામ ખેડીને અને એ રીતે યુરોપ સાથેના સંપર્કમાંથી જ આઝાદ અમેરિકાનાં સંસ્થાનોનું એક એકમ ઘડાયું હતું. આ નવી દુનિયામાં ચાલેલી ઇ. સ. ૧૮૧૨ની લડાઇ, નેપોલીયનીક યુદ્ધોનું જ એક ઉમાડીયું હતું. પછી આંતરવિગ્રહનું કારણ અંદરનું જ છે, એમ ગણાવાતું હતું પરન્તુ એજ વિગ્રહના યુરોપીય કારણે અમેરિકાને ઇંગ્લેંડ સાથેના યુદ્ધની કિનારી પર લાવી દીધું હતું. આ પછી પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું અને આ વિશ્વયુદ્ધ યુરોપના શાહીવાદી જૂથો વચ્ચે જ લડાતું હોવા છતાં અમેરિકન શાહીવાદે તેમાં ઝંપલાવ્યું તથા અલગતાવાદનાં અમેરિકન દંતકથાનો અંત આવી ગયો. ત્યારે પૂરવાર થયું કે અમેરિકન રાજકારણ શાહાવાદી યુરોપના રાજકારણથી અલગ નથી પણ નિકટની એકતા ધરાવે છે.

અમેરિકન રાજકારણ, અલગતાવાદી નહીં પણ શાહીવાદી

અમેરિકન સ્વરૂપની પહેલા વિશ્વયુદ્ધમાં જ અલગતાવાદની દંતકથા તૂટી ગઈ તથા જગતની આ સૌથી મોટી અને ધનાઢ્ય એવી ઔદ્યોગિક સરકાર, સામ્રાજ્યવાદી સરકાર તરીકે બહાર આવી. આ શાહીવાદી અથવા સામ્રાજ્યવાદી રૂપનો એનો આરંભ, ઇ. સ. ૧૮૬૦ થી એટલે લીંકનના સમયથી જ થયો હતો. ત્યારથી જ આ સરકારે પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવો શરૂ કર્યો હતો અને ઇ. સ. ૧૮૬૭ માં એણે રશિયાના ઝાર પાસેથી આલાસ્કાનો પ્રદેશ ખરીદી લીધો અને આ સમય પછી અમેરિકન સરકાર યુરોપના શાહીવાદી અથવા રાજકારણના રસ્તા પર ચઢ્યું. એણે ઈ. સ. ૧૮૯૮ માં હવાઈ અને સામોઆના પ્રદેશો પણ હાથ કર્યા અને સ્પેઇન સાથે લડાઈ કર્યા પછી એણે ક્યુબા પર અધિકાર ધારણ કર્યો તથા, પ્યોરટો-રીકો, અને ફીલીપાઈન્સ પર પોતાની સાંસ્થાનિક પકડ જમાવી. ફીલીપાઈન્સ પર પોતાનો પંજો ટેકવીને આ સામ્રાજ્યવાદે પૂર્વના પ્રદેશો પર પોતાનું શાહીવાદી રાજકારણ અજમાવવા માંડયું. ઈ. સ. ૧૯૧૭માં એણે ડેનમાર્ક પાસેથી વરજીન ટાપુઓ પડાવ્યા અને પછી તરત જ લેટીન અમેરિકન પ્રદેશો પર પોતાનો કાબુ બેસાડવાના પાસા નાખવા માંડયા, એણે યુરોપ અને એશિયા પર પોતાના શાહીવાદી દોરીસંચારનું, તે તે દેશોના રાજકારણમાં પોતાના આર્થિક અધિકાર સ્થાપવાની દરમ્યાનગીરી કરવાનું કાવતરાખોર રૂપ શરૂ કરી દીધું.

યુ-એસ-એ, એટલે આખો અમેરિકા નહિ, પણ શાહીવાદી અમેરિકા

અમેરિકા એટલે, યુ-એસ-એ, અથવા અમેરિકા ખંડ એટલે, યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકા છે, એટલી જ અને એવી અધૂરી બાબત આજ સુધી જગતની જાણ નીચે આવ્યા કરી છે. પણ અમેરિકા ખંડ બે મૂખ્ય વિભાગોનો બન્યો છે. ઉત્તર અમેરિકાના એક વિભાગનું નામ યુ-એસ-એ છે તથા દક્ષિણમાં મેકસિકોથી શરૂ થઈને, લેટીનોસ અથવા લેટિન અમેરિકાનાં રિપબ્લીકો, અથવા અમેરિકાનાં ઓગણીસ જેટલાં બીજાં રાજ્યો અથવાં પ્રદેશો આવેલા છે. આ ઓગણીસે રાજ્યોનું નામ, યુ-એસે અથવા ઉત્તર અમેરિકાની સરકારે રીપબ્લીકો પાડયું છે. આ ઓગણીસ રીપબ્લીકોમાં, ઓગણીસ સરકારો આજે રાજ્ય કરે છે તથા તે બધી સરકારો, સાર્વભૌમ સરકારો છે, એમ પણ કહેવાય છે. આ રાજ્યોમાં અમેરિકન ધરતીમાં અઢળક દ્રવ્યો અને સંપત્તિઓ, પડેલાં છે. આ ધરતીનો ઉદ્યોગ વિકાસ થાય તો તેની સંપત્તિ અનેક ગણી વધી જાય તેમ છે. પરન્તુ આજે આફ્રિકાની જેમ આ લેટિન અમેરિકાની દશા પણ કંગાળ

છે. એના માનવ સમુદાયો ગરીબ છે અને આ બધાનું કારણ એ છે કે શરૂથી આજ સુધી ઉત્તરનું અમેરિકા અથવા યુ–એસ, અમેરિકાએ એના પર પોતાની આર્થિક પકડ જાળવી રાખી છે. આ બધાં લેટીનોસ અથવા લેટીન રાજ્યોપર અમેરિકાના શાહીવાદી ઉદ્યોગ પતિઓનો કાબુ છે. આ કાબુ નીચે જ ત્યાંનું અર્થકારણ ચાલે છે. શાહીવાદી એવા યુ-એસ, અમેરિકાનો લેટીન અમેરિકા પરનો અધિકાર, ત્યાંની ધરતી અને માનવ સમુદાયોનું શોષણ પોતાના શાહીવાદી કાનૂન પ્રમાણે કરે છે. આ કાનૂન પરાધીન એવાં લેટીનોસ અથવા લેટીન રિપબ્લીકોને જીવનની ઉન્નત દશા પર ચઢવા દેવાનો નથી પરન્તુ તેના પર પોતાનો ઉદ્યોગ ઇજારો સ્થાપીને, પોતાના ક્ષુદ્ર એવા શાહીવાદી સ્વાર્થ માટે જ આ તમામ રાજ્યોની ધરતી પરથી સંપત્તિનું અને માનવ સમુદાયના શ્રમનું શોષણ કર્યા કરવાનો છે.

લેટીન અમેરિકા, યુ. એસ. ઉપરાંતનો એક બીજો અમેરિકા છે.

જ્યારથી અમેરિકાના મનરો નામના પ્રમુખે મનરો ડોકટ્રીન નામના સિદ્ધાંતની જાહેરાત, ઇ. સ. ૧૮૨૩ માં કરી હતી ત્યારથી અમેરિકાએ અથવા અમેરિકાનાં સંયુકત સંસ્થાનોએ દક્ષિણ અમેરિકાનાં સંસ્થાનોને પોતાની સંભાળ નીચે જાણે લઇ લીધાં હતાં. આ મનરો ડોકટ્રીન નામના સિદ્ધાંતના અમલ પછી આ દક્ષિણ અમેરિકાનાં અથવા લેટીન અમેરિકાનાં સંસ્થાનો પરથી ધીમે ધીમે યુરોપની હકૂમત ખતમ થઇ ગઈ હતી અને તે બધાં એટલે લેટિન અમેરિકન રિપબ્લીકો સાર્વભૌમ રાજ્ય બન્યાં. આ બધા ' લેટિનો ' યુ. એસ. અમેરિકાની સરકારની આગેવાની નીચે આવી જઈને આ બધા લેટિન અમેરિકાનાં રિપબ્લીકો જગતનાં રાજકારણ સાથે સીધો વ્યવહાર રાખ્યા વીના જીવવા લાગ્યાં. આ સહુના રાજકારણ અને અર્થકારણને ચલાવનાર આગેવાન યુ. એસ. એ. અથવા યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકા બન્યું. લેટિનોસ પરની આવી અમેરિકન આગેવાનીનો આરંભ ઇ. સ. ૧૮૨૩ ની મનરો ડોકટ્રીનથી શરૂ થયો ગણાય.

ત્યાર પછી ઇ. સ. ૧૮૮૯ માં વૉશિંગ્ટન નગરમાં બીજી પાન-અમેરિકન કોંગ્રેસનું અધિવેશન મળ્યું. આ વખતે અમેરિકા અથવા યુ. એસ. અમેરિકાનાં સંયુકત સંસ્થાનો અસંયુકત બન્યાં હતાં અને અંદર અંદરનો આંતર વિગ્રહ લડતા હતાં. આ વખતે જ અમેરિકા અથવા યુ. એસ. એ. ની સરકાર મેકિસકો સાથે પણ યુદ્ધ લડતી હતી, મેકિસકો લેટિન અમેરિકાનું અથવા દક્ષિણ અમેરિકાનું એક રિપબ્લીક હોવા છતાં પણ મનરોડોકટ્રીન પછી ૧૮૮૯ સુધીમાં જ અમેરિકાની ડોલર ડીપ્લોમસી નામનું રાજકારણ આ બધાં લેટિન રિપબ્લીકો

પર પોતાનો અધિકાર જમાવી ચૂકયું હતું તથા આ તમામ રિપબ્લીકોની અંદરના રાજ્ય વહિવટમાં પોતાનો દોરી સંસાર ચલાવતું હતું.

આંતર વિગ્રહ પૂરો થયા પછી વધારે સંયુક્ત બનેલી યુ. એસ. એ અથવા યુનાઇટેટ સ્ટેટસ ઓફ અમેરિકાની સરકાર પોતાના સામ્રાજ્યવાદી વાણિજ્યના વિકાસ માટે વધારે આતૂર બની ચૂકી હતી. એનો જેના પર પોતાનો અધિકાર સ્થપાઇ ચૂકયો હતો, એવાં, સાર્વભૌમ કહેવાતાં લેટિન અમેરિકાનાં રિપબ્લીકો ઉપર એણે પોતાનો આર્થિક શાહીવાદ શરૂ કર્યો. આ રિપબ્લીકોમાં અમેરિકન માલિકીની અનેક ઉદ્યોગો કંપનીઓ ત્યાં સ્થપાવા માંડી અને જેમજેમ અમેરિકાનાં આર્થિક હિતો આ લેટિન રિપબ્લીકોમાં સ્થપાયા તેમ તેમ અમેરિકાના આર્થિક શાહીવાદના પાયા પર અમેરિકાનું શાહીવાદી રાજકારણ પણ, આ રિપબ્લીકો પર મજબૂત બન્યું.

ઈ. સ. ૧૯૨૯ માં હાવાનમાં પાન–અમેરિકન કોંગ્રેસનું નવું અધિવેશન એકઠું થયું. દક્ષિણ અમેરિકાનાં લેટિન રિપબ્લીકો તરફથી અધિવેશનમાં પહેલીવાર ચર્ચા માટે એક નવી દરખાસ્ત રજૂ થઈ. આ દરખાસ્ત એક રાજ્યનો બીજા રાજ્યના આંતર વ્યવહારમાં દરમ્યાનગીરી કરવાનો અધિકાર ખરો કે નહીં તે વિષય પર હતી. પરંતુ આ બધા લેટિનોસના પ્રમુખપદે બેઠેલી યુ. એસ. એ. ની અમેરિકન સરકારે એવા વિષયની ચર્ચાને ગેરકાયદેસર ઠરાવીને આ અધિવેશનની બહાર ફેંકી દીધી.

પરંતુ ત્યારથી આ લેટિન રિપબ્લીક પરના અમેરિકન અધિકારે તેમની સાથેના સંબંધમાં હળવું વલણ ધારણ કર્યું. આવા વલણનું રાજકારણ ધારણ કરવાનું માન અમેરિકાના પ્રમુખ રુઝવેલ્ટને ફાળે ગયું. પ્રમુખ રુઝવેલ્ટે ઈ. સ. ૧૯૩૩ માં આ લેટિન અમેરિકન રિપબ્લીકો તરફ " ગુડ નેબ્બિર પોલીસી " નામની વ્યહાર નીતિ ધારણ કરી. આવું વલણ બીજા વિશ્વયુદ્ધ સુધી ચાલ્યું. આ વલણ દરમ્યાન પણ લેટિન અમેરિકાનાં રિપબ્લીકો પર યુ. એસ. એ. નો અથવા અમેરિકાનો આર્થિક અને રાજકીય અધિકાર વધારે વ્યવસ્થિત રીતે વિકસ્યો. ઈ. સ. ૧૯૪૭માં રુઝવેલ્ટે શરૂ કરેલી ગુડ નેબ્બિર પોલીસી એકાએક અંત પામી. આ લેટિનો અથવા લેટિન અમેરિકન રિપબ્લીકો ૧૯૪૭ માં ભેગા થયા તથા તેમણે ઠરાવ કર્યો કે પોતાની અંદરથી કોઈપણ એક રિપબ્લીક ઉપર જો આક્રમણ થાય તો તે આક્રમણ બધાં રિપબ્લીકો ઉપર થયું છે, એમ ગણવું. લેટિન રિપબ્લીકોએ કરેલા આ કરારનું નામ રિયો–ડી–જેનીરો પેકટ હતું. આ કરાર પછી આ લેટિન રીપબ્લીકોએ પોતાના વાલી જેવા

ગણાતા અને પોતાના ઉપર શાહીવાદી હકૂમત સ્થાપી ચૂકેલા યુ. એસ. એ અથવા અમેરિકા તરફ વાસ્તવિક દૃષ્ટિએ દેખવાની શરૂઆત કરવા માંડી. પરંતુ યુ. એસ. એ. ના અધિકાર નીચે રહેલાં આ રિપબ્લીકો ઈ. સ. ૧૯૪૭માં દેખાતી યુ. એસ. એ અથવા અમેરીકાની સરકારની પ્રતિમા તરફ ભયભીત બનીને દેખવા લાગ્યાં. બધ્યે વિશ્વયુદ્ધો દરમ્યાન આ યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરીકાએ પોતાનો આકાર સુવર્ણના અધિકારનો રચી દીધો હતો. અમેરિકાનું સ્વરૂપ જગતભરમાં સૌથી વધારે સમૃદ્ધ બની ચૂકયું હતું. અમેરીકાનું શાહીવાદી રુપ હવે આખા જગત પર પોતાની હકૂમત તથા આર્થિક શાહીવાદનું શાસન શરૂ કરવા માગતું હતું. લેટીન અમેરીકન રિપબ્લીકોને હવે એક ઈશારાથી જ ભયાકૂલ કરી મૂકે તેવું આ રાક્ષસી સ્વરૂપ હતું. પ્રમુખ રૂઝવેલ્ટે ઈ. સ. ૧૯૨૯ માં પોતાની જાતને આ લેટિન રિપબ્લીકોના ગુડ નેઈબર અથવા ભલા પડોશી તરીકે ઓળખાવી હતી તેવી, આ અમેરિકન સરકારની શાહીવાદી ઘટના ઈ. સ. ૧૯૪૭ પછી ન હતી. છતાં પણ લેટિન અમેરીકન રિપબ્લીકો માટે આ શાહીવાદી ઘટના પડોશી હતી જ. આ પડોશી લેટીન અમેરિકાની પનામાની નહેરનો માલીક પણ બની ચૂકયો હતો તથા આ નહેર પર છલંગ દઈને પેલા પડોશીનુ પોતાના પર સ્થાપિત થયેલું આર્થિક અને રાજકીય શાહીવાદી સ્વરૂપ પોતાને એકજ આલિંગનમાં પોતાના પશ્ચાત એવા લેટીન અમેરીકન રીપબ્લીકોના અસ્તિત્વને કચડી નાખી શકે તેમ હતું.

લેટીન અમેરિકાનું રાજકીયરૂપ

આ શોષણનું આર્થિકરૂપ યુ. એસ. ના ઉદ્યોગપતિઓએ એ ભૂમિપર માંડેલા ઉદ્યોગની પાંજરાવાદી માલિકીનું છે. વેનેઝુએલાનો પેટ્રોલીયમ ઉદ્યોગ, ચાઇલનો તાંબાનો ઉદ્યોગ, બ્રાઝીલના તમામ પેદાશ પરની યુ–એસ માલિકી વિગેરેવાળો તમામ રાજ્યો પર આ આર્થિક શાહીવાદનો શોષક અધિકાર પ્રવર્તે છે. કયુબા અને પનામા પર એજ અધિકારનું શાસન છે. તો પણ આ અધિકાર નીચે આ બધાં રાજ્યો કાગળ પર સ્વતંત્ર છે. યુ–એસ અધિકાર આ રાજ્યોના તમામ આંતરવહિવટમાં સતત દરમ્યાનગીરી કરતો છતાં આ રાજ્યો સિદ્ધાંતિક રીતે સાર્વભૌમ કહેવાય છે. પનામાની નહેર પરની અમેરિકન માલીકી યુ–એસની છે. આ યુ-એસની હકુમત નીચેનાં આ બધાં સાર્વભૌમોનો હારડો અમેરિકન શાહીવાદની બોલબાલા બનીને રાષ્ટ્રસંઘ જેવી આંતરરાષ્ટ્રિય સંસ્થાઓમાં બેસીને અમેરિકન શાહીવાદના રાજકારણના ઇશારા પ્રમાણે આંગળીઓ ઉંચી કરે છે.

લેટીન અમેરિકાના આવા રાજકીય સ્વરૂપનાં પાટનગરો, યુ–એસ અમેરિકાના શાહીવાદી રાજકારણની જાહોજલાલી જેવી મોટી ઇમારતોના ભપકાનું

પ્રદર્શન કરનારી યુ. એસ. ના સામ્રાજ્યની "શો-વીંડો" બની છે. આ ભપકા ભર્યાં પ્રદર્શનો જેવાં પાટનગરોની પાછળ ગરીબ, કંગાળ અને પછાત માનવ સમુદાયો, બદબદતા દેખાય છે. આ સમુદાયો બળદ અને ગાયને લાકડાનાં હળ સાથે જોડીને પછાત દશાનાં ઉત્પાદનો કરીને જીવન વહિવટ ચલાવે છે કારણ કે એવા અને એટલા જ જીવનવહિવટ માટેનો અવકાશ, યુ. એસ. શાહીવાદે એને માટે શકય રાખ્યો છે. આ જીવન વહિવટનું ટોચ પરનું લેટીન રૂપ લોકશાહીનું નથી પરન્તુ સરમુખત્યારશાહીનું છે. આ સરમુખત્યારો અને અર્ધસરમુખત્યારોની પરિષદ બોલાવીને, યુ.એસ. અમેરિકન પ્રમુખ તેમને પોતાની યુ-એસ નીતિની સૂચનાઓ આપતો હોય છે તથા તેમની પાસે જાહેરાતો કરાવતો હોય છે. આજના નૂતન યુગમાં પણ યુ-એસ અમેરિકાએ લેટીન અમેરિકન ભૂમિ પર જાળવી રાખેલી આ છબી છે. એ છબીમાં લેટીન અમેરિકા નામની, વિશાળ ભૂમિ પર વિશાળ માનવ સમુદાયોની પ્રગતિ રોકી રાખનારું, યુ-એસ શાહીવાદનું અર્થકારણ તથા રાજકારણ છે. આ બે મહાકારણોની પકડનીચે શોષાતો રિબાતો, પુણ્ય પ્રકોપ અનુભવતો, જગતભરમાંથી ઉઠતી વિમુક્તિની હાકલ સાંભળતો, અને નૈસર્ગિક રીતે જ લોકશાહી બનવા ભાગતો, માનવ વિરાટ છે.

શાહીવાદી યુરોપ અને આર્થિક કટોકટિ

યુદ્ધ લડવા માટે, અમેરિકન શાહુકારને ત્યાં યુરોપના શાહીવાદીઓએ કરેલાં દેવાંના હપ્તા ભરવામાં યુરોપનું બધું સોનું અમેરિકાની તિજોરીમાં જતું રહ્યું હતું. યુદ્ધ પછીનાં પહેલાં દશવરસમાં જ યુરોપનો "કરન્સી" નો સવાલ એથી તંગ બની ગયો. દેવાળીયા બનેલા અને સોનાની થાપણ વિનાના યુરોપના દેશોને પોતાના માલસામાન કેવી રીતે વેચવા તેની મૂંઝવણ અમેરિકામાં વધી પડી. અમેરિકાને માલ સામાનના બદલામાં યુરોપ પોતાનો માલ આપી શકે પરન્તુ અમેરિકાને બહારના કોઈ માલ સામાનની તો જરૂર નહોતી. આવી આર્થિક પરિસ્થિતિએ દુનિયાના વેપારીતંત્રમાં કટોકટી જન્માવી. સૌનું દેવાદાર જર્મની આ આર્થિક ભીંસમાં આવી પડયું. જર્મનીના માલસામાન સામે સૌ દેશોમાં જકાતી દિવાલો બની ગઈ. પોતાના માલ જો વેચાય નહીં તો આ બૂચાર થએલો દેશ યુરોપના વિજેતા શાહીવાદોને ભરવાનો યુદ્ધ દંડ કેવી રીતે દઈ શકે ? શાહીવાદી અર્થતંત્રનું આવું સંચાલન માથે હાથ દઈને યુરોપમાં બેસી પડયું.

શાહીવાદી યુરોપનું અંધારૂં જગત

મુડીવાદી જગત વધારેને વધારે અંધકારમય બન્યું. ઈ. સ. ૧૯૩૧ ના ડિસેંબરના બારમા દિવસે, સુવર્ણભૂમિ અમેરિકા પરની બેંકો તૂટી ગઈ. અમે-

રિકામાં માલના ઢગલા ખડકાયા. અમેરિકાના વ્યાપારીતંત્રે આ ઉત્પાદનોના ઢગલાને દરિયામાં નાખી દેવા માંડ્યા. અંધેર જેવા આર્થિક તંત્રમાં વ્યાપારી માંડીઓ ભેખડ પરથી ગબડવા લાગી. આખી દુનિયા પર આર્થિક આંધી ફૂંકાવા લાગી. અમેરિકાએ, યુરોપને લોન ધીરવાની બંધ કરી. યુરોપનાં રાજ્યો પાછાં અંધારામાંથી માર્ગ કાઢવા એકઠાં થયાં. મુલતવી રહેલી નિઃશસ્ત્રીકરણની પરિષદ મળી. જો હથિયારોની બનાવટ પર કાપ મુકી શકાય તો આર્થિક આંધીને ટાળવાનો ઉપાય યોજી શકાય એમ લાગ્યું. પરંતુ એક બીજા પરનાં દેવાંઓ મોકુફ રાખી શકાય તોજ નિઃશસ્ત્રીકરણ થઈ શકે એવી ચર્ચા થઈ. બ્રિટને નિઃશસ્ત્રીકરણની વાત યોગ્ય છે એમ કહ્યું પરંતુ નૌકાદળને ઓછું કરવાની વાત અમને કબુલ નથી એમ પણ જણાવી દીધું. ફ્રાંસે લશ્કરો ઓછાં કરવાની વાત યોગ્ય છે એમ જણાવ્યું પરંતુ જર્મીન લશ્કરો ઓછાં કરવા પોતે તૈયાર નથી એમ પણ કહી દીધું. બ્રિટન અને ફ્રાન્સના પોતીકા ઈરાદા કેવા છે તે પરખાઈ ગયું. એટલે બ્રિટને, આ વાતનો ચાર વરસ પછી અમલ કરવો અને દરમ્યાનમાં એકલા જર્મનીને નિઃશસ્ત્ર બનાવવું એવી દરખાસ્ત મૂકી. પછી હવાઈ યુદ્ધ અને બોંબરોની ચર્ચા થઈ અને છેવટે આશા વ્યકત કરવામાં આવી કે હવે પછીનાં યુદ્ધોમાં કોઈએ બોંબ વર્ષા ન કરવી, તેવી શુભેચ્છાની જમાવટ કરવી, પરંતુ બોંબ તો બનાવવા જ. ત્યારે શાંતિની સાચવણીની વાતનું હવે શું થવાનું છે તે જગતના તખ્તા પર સાફ દેખાઈ ગયું. શાહીવાદી પ્રથા જે યુદ્ધના શ્વાસ લઈને જ ટકી શકતી હતી તે વિશ્વ—શાંતિ સાચવીજ ન શકે તેવી હકીકતો વધવા પામી ગઈ અને આ અંધેર પરિસ્થિતિમાં અંધારા જર્મનીમાં પાછો હિટલરનો અવાજ સંભળાયો. હિટલર હવે જર્મન સરકારનો વડો બન્યો હતો. એણે આ અંધેર સમયમાં, 'મીનકાંફ' નામનો પોતાનો યુદ્ધખોર દસ્તાવેજ લખી નાખ્યો હતો. જર્મનની આર્થિક કટોકટીના જર્મન અંધેરમાંથી એનો ઉદ્‌ભવ થઈ ચૂક્યો હતો.



શાહીવાદી અમેરિકા પાસે ચોજના છે

પરંતુ ત્યારે જ અમેરિકા પાસે યોજના છે એમ રૂઝવેલ્ટે કહ્યું. ફ્રેંકલીન, ડીલાનો, રૂઝવેલ્ટ અમેરિકાનો નવો પ્રમુખ અમેરિકામાં ત્રણસો વર્ષ પર આવેલી ડચ વસાહતમાં જન્મ્યો હતો. યુદ્ધ દરમ્યાન રૂઝવેલ્ટ નૌકાખાતામાં એસીસ્ટન્ટ સેક્રેટરી તરીકે નિમાયો હતો. ઈ. સ. ૧૯૨૮ માં ન્યુયોર્ક સ્ટેટના ગવર્નરપદે ચૂંટાયા પછી ઈ. સ. ૧૯૩૨ માં અમેરિકાના પ્રમુખપદે એ ચૂંટાયો. એણે પોતાની ચૂંટણીના કાર્યક્રમનું નામ 'ન્યુડીલ' પાડીને આ કાર્યક્રમને આખા દેશભરમાં જાણીતો બનાવ્યો.

રૂઝવેલ્ટ અમેરિકાનો પ્રમુખ બન્યો તે સાલમાં એટલે ઈ. સ. ૧૯૩૨થી ૩૩ સુધીનું વરસ શાહીવાદી અર્થઘટનાના અંધેરથી છવાઈ ગયું. બેંકોનાં કમાડ વસાઈ ગયાં. ૧૪,૦૦૦,૦૦૦ લોકો અમેરિકાના સુવર્ણ પ્રદેશમાં બેકાર બન્યાં. આ અંધકાર આખા યુરોપ પર ફેલાયો. અમેરિકાના શ્રીમંત પ્રદેશ પર તે અંધકાર સૌથી વધુ ગાઢો બન્યો. સામાજિક મુઝવણ વધી ગઈ. અમેરિકન સરકારના તંત્રને લાગ્યું કે પોતે આ આંધી નીચે શાસન વ્યવસ્થાને જ જાળવી શકશે નહીં.



ત્યારે આ રૂઝવેલ્ટે પતિત અર્થતંત્રના મુઝાયલા સંચાલકોને હિંમતથી ટકી રહેવાનું અને આ આંધીને પાછી હટાવવાનું કહ્યું. એણે કહ્યું કે ઉત્પાદનોના ઢગલા આપણાં આંગણાંઓમાં ખડકાયા છે અને એ ઢગલાઓ વચ્ચેજ આપણો માનવ સમુદાય બેકાર બન્યો

છે. આપણું સૌથી મોટું કામ આપણા બેકાર બનેલા સૌ માનવોને કામ પર ચઢાવવાનું છે. આપણી આર્થિક આફત માલની અછતને લીધે નથી પણ આ આંધીનું કારણ એ છે કે, માનવજાતના માલસામાનની લેવડદેવડ કરનારું જગતનું આર્થિક શાસન નિષ્ફળ નિવડ્યું છે.

એમ કહીને એણે આર્થિક આંધી લાવનારા શાસનતંત્રને અમેરિકામાંથી સુધારવાનો ભગીરથ પ્રયત્ન શરૂ કર્યો. એણે આ પ્રયત્નને ન્યુ ડીલનું નામ આપ્યું.

સુવર્ણના ઢગલા પર બેઠેલો કંગાલ દેશ

એણે આખા દેશ પર નજર નાખી. આખા જગતનો આ હિરણ્ય દેશ હતો. વિશ્વ યુદ્ધમાંથી નફાના ઢગલા જમાવીને હવે શાહીવાદી બનવા માટે સુવર્ણથી પ્રદેશો ખરીદી લઈ એણે જગતભરમાં મહાશ્રીમંતનું સ્થાન મેળવી લીધું હતું, તથા હિરણ્યના રાક્ષસ જેવું રૂપ ધારણ કર્યું હતું. પણ હિરણ્ય ભૂમિ, જગતભરનું સુવર્ણ પોતાને ત્યાં જમાવીને એના પર ઊતરી પડેલી આર્થિક આંધીની નીચેજ બેહાલ બની ગઈ. ૧૯૩૦ થી ૩૨ સુધીમાં તો એના અંગે અંગ પર શાહીવાદી અર્થઘટનાની આંધી વ્યાપી ગઈ. કરોડો માનવો બેકાર બની ગયાં. અનાજના ઢગલા પકવનાર કિસાનો ભૂખના ભરડામાં સપડાયાં. નગરો પર અસંખ્ય બેકારોની કંગાલિયત એક વખતના ખાણા માટે અને એક પ્યાલો કૉફી માટે ટળવળવા લાગી. અમેરિકન જગત પર અંધેર વ્યાપ્યું. આ આંધી નીચે, આંધીની રચના કરનારી શાહીવાદી અર્થ-ઘટનાની બેંકોનાં કમાડ વસાવા લાગ્યાં. કરોડો માનવો, રોટી અને કપડાં વિનાનાં બનીને કંગાલિયત નીચે આવી પડ્યાં. ઈ. સ. ૧૯૨૯ માં અમેરિકન દેશની શ્રીમંત છબીને પાંડુરોગ લાગુ પડી ગયો. ૧૯૩૨માં એની હાલત કંગાલિયતની આંધી નીચે પટકાઈ પડી. શાહીવાદી અર્થઘટના પર ફિટકાર વરસવા લાગ્યા.

ઈ. સ. ૧૯૧૯ માં જ આ અર્થઘટનાની બિમારી યુરોપમાં શરૂ થઈ ચૂકી હતી. ઈ. સ. ૧૯૨૯ માં આ મહારોગ અમેરિકાને કિનારે ઊતરી ચૂકયો. હર્બર્ટ હુવર ત્યારે આ મહાનદેશનો પ્રમુખ હતો. આ પ્રમુખ આ આંધીનો ઉપાય યોજવામાં નિષ્ફળ નિવડયો અને ૧૯૩૨માં ન્યુડીલનો ઉપચાર યોજવા રૂઝવેલ્ટ અમેરિકાનું સુકાન હાથમાં લીધું.

ન્યુડીલનો અમલ

એણે ન્યુડીલના અમલનો આરંભ કર્યો. એણે અમેરિકાની બેંકીંગ સંસ્થાને દેવાઈ ગએલાં તાળાં ખોલી નાખવા, 'ઇમરજન્સી બેંકીંગ એક્ટ' પસાર કરા

વીને સૌથી પહેલાં આંધી નીચે અટવાઈ પડેલી શાહીવાદી અર્થ ઘટનાની મૂર્છા ટાળવા માટેનાં ઇંજકસનો આપવા માંડ્યા. એણે બેંકીંગ પ્રથાને શાહીવાદી તંત્રમાંથી છોડાવીને લોકશાહીના સરકારી તંત્ર નીચે મૂકી દેવાનું 'ઓપરેશન' કરવાની હિંમત બતાવી નહીં, પણ હિરણ્ય ઘટનાના મહાન દેવળને તૂટી જતું અટકાવવા માટે, ટેકાઓથી ટકાવી રાખીને શાહીવાદી અર્થ તંત્રના તંત્ર વાહકોને, ત્યાં પાછા ગાદી પર બેસાડી દીધા. આમ કરતી વેળા એણે એ તંત્ર વાહકોના અધિકારો ઓછા કરી નાખ્યા. પછી એણે કથળી ચૂકેલા આ અર્થ તંત્રમાં રાહત, દુરસ્તી અને સુધારાનો કાર્યક્રમ શરૂ કર્યો.

આંધીમાં પટકાઈ પડેલો આ મહાન દેશ, આ ઉપચાર વડે બેઠો થયો અને શ્વાસભર બન્યો. આખા અમેરિકન તંત્રમાં એણે અનેક સુધારાઓનો અમલ શરૂ કર્યો. શાહીવાદી અર્થઘટનાની આ સુવર્ણભૂમિ સુધારાઓના ટેકાઓ પર પાછી પગભર બનીને ઊભી. ત્યારે ઈ. સ. ની ૧૯૩૭ મી સાલ આવી પહોંચી હતી.

અમેરિકન ન્યુડીલ અને વિશ્વયુદ્ધની આંધી


સૌ કોઈ અમેરિકાના મહાનુભાવ એવા રૂઝવેલ્ટ નામના પ્રમુખ તરફ જોઈ રહ્યા. અમેરિકાએ પોતાની શાહીવાદી ઘટનામાં જ, એ ઘટના પર આવી પડેલી આર્થિક આંધીને ન્યુડીલ રચીને પાછી હટાવી હતી. આ ન્યુડીલની રચના જો શાહીવાદી અર્થ ઘટનાની આંધીને નિવારી શકે તો પછી તેજ ન્યુડીલ, શાહી વાદી આંધી જેવા યુદ્ધની રચનાને પણ નિવારી કેમ ન શકે તેવું સૌને લાગ્યું. જેવી રીતે શાહીવાદી જગતમાં એટલે ખાસ કરીને યુરાપ અને અમેરિકાની આર્થિક આંધી નામની કટોકટી, સામ્રાજ્યવાદી એવી મુડીવાદી ઘટનાના આક્રમણખોર શોષક સ્વરૂપમાંથી જ જન્મી હતી તેજ પ્રમાણે, પહેલા વિશ્વયુદ્ધને વિત્યે હજુ દોઢ દશકો પણ ગયો નહોતો ત્યાં તો, યુરોપના સામ્રાજ્યવાદી કોચલામાંથીજ જર્મની, ઇટાલી, અને જાપાનની ધરતી પરની, એ શાહીવાદી ઘટના બીજા વિશ્વયુદ્ધની આંધીને જન્માવતી દેખાતી હતી. યુદ્ધની આ મહા આફતની સંહારક આંધી માનવ જાત પર ઉતરી પડે તેને નિવારવા માટે અમેરિકાની ન્યુડીલનું રાજકારણ શો ઉપાય કરવા માગતું હતું? પ્રમુખ રૂઝવેલ્ટ પાસે એનો શો ઉપાય હતો? પ્રમુખ રૂઝવેલ્ટ ન્યુડીલનું નવું રાજકારણ અથવા પરદેશનીતિ કેવી જાતની રચવા માગતો હતો?

યુદ્ધને ટાળવાની કોઇ "ન્યુડીલ" અમેરિકા પાસે હતી નહીં.

અમેરિકાની પરદેશનીતિ શાહીવાદી અથવા સામ્રાજ્યવાદી કોચલામાં જ જીવતી હોવાથી યુદ્ધની આક્રમણખોરી ઘટનાને અટકાવવાની તાકાત, હિંમત

કે યોજના કશું અમેરિકાને મહાન પ્રમુખ પણ દાખવી શકયો નહીં. અમેરિકાની શાહીવાદી અર્થ ઘટનાએ બધો વેપાર બધા દેશો સાથે મુક્ત રીતે કરવાનો ચાલુ રાખ્યો. વ્યાપારની આ ક્ષુદ્ર લોભી એવી રાજકીય પરદેશનીતિ શસ્ત્ર સરંજામના ઢગલા, જર્મની, ઈટાલી અને જાપાન જેવા યુદ્ધ ખોર દેશોને પણ વેચતી જ હતી. ઈ. સ. ૧૯૩૫માં આક્રમણખોર ઈટાલીને તથા, ૧૯૩૬ માં, સ્પેનીશ લોકશાહીનું ખૂન કરતા યુદ્ધખોર, અને ફાસીવાદી ઈટાલી તથા જર્મનીની સરકારોને પણ એણે યુધ્ધના સરંજામ વેચ્યા કર્યા. ઈ. સ. ૧૯૩૭ માં જાપાને ચીન પર આક્રમણ કર્યું ત્યારે શાહીવાદી એવી સંહાર ઘટના પર આગેવાન બનેલા આ અમેરિકન દેશની પરદેશનીતિનું રૂવાડું પણ હાલ્યું નહિં. યુધ્ધખોર એવી શાહીવાદી રચના યુરોપ કે અમેરિકામાંથી આક્રમણના ફાસીવાદી રૂપને અટકી જવાનો એકે પડકાર આપી શકી નહીં. અમેરિકાની ન્યુડીલે યુધ્ધનો સંહારક સરંજામ, ફાસીવાદી આક્રમણખોરોને વેચ્યા કર્યો તથા મોઢેથી, શાંત માટેનાં, તરંગી પ્રવચનો મહાન પ્રમુખ રૂઝવેલ્ટે કર્યા કર્યાં. યુરોપની શાહીવાદી ઘટમાળની અંગ્રેજ અને ફ્રેંચ આગેવાનીએ નિષ્પક્ષતાનું ફારસ રચીને જેમ જગત પરના સંહારના પડછાયાઓને પોષ્યા કર્યા તેજ પ્રમાણે શાંતિના પ્રવચનો કરતાં કરતાં, શાહીવાદી અમેરિકી ઘટનાએ પણ ચીન, એબિસીનીયા. અને સ્પેનના લોક સમુદાયો પરના સંહારક આક્રમણોને પોષ્યા કર્યાં અને ચેંબર લેઈન તથા દલાદીયરની ધાતકી એવી પરદેશ નીતિને જ અપનાવ્યા કરી. અમેરિકન લોક સમુદાયના પોતાની શાહીવાદી સરકારના વિરોધના જવાબમાં અમેરિકન સરકારના સેક્રેટરી, હુલે, ઈ. સ. ૧૯૩૭ માં કહ્યું કે, "ચીન, એબિસીનીયા અને સ્પેઈનમાં ચાલે છે તે યુધ્ધ નથી, આપણે હોશિયાર રહેવું જોઈએ તથા શાંત રહેવું જોઈએ." પ્રમુખ રૂઝવેલ્ટની આ ન્યુડીલની સરકારની રાજનીતિનો ઉચ્ચાર, તેના શાહીવાદી સ્વરૂપનો સ્ફોટ કરતો હતો.

[પહેલાં વિશ્વયુદ્ધ પછીનું, દુનિયાનું રાજકીય સ્વરૂપ-વિશ્વયુદ્ધ પછીનો યુરોપનો નકશો-વિજેતાઓની લીગ જેવી, 'લીગ ઑફ નેશન્સ'-તુર્કીનું રાષ્ટ્રપુનરુત્થાન-ઑસ્ટ્રીયાનો ડોલફસ-હંગેરીનો હોરથી-યુગોસ્લાવીયાનો, કે એલેકઝાંડર-પોલેન્ડનો પિલસુદ્સ્કી -ઈટાલીમાં ફાસીવાદ-જરમનીમાં નાઝીવાદ-વિશ્વક્રાંતિનું નૂતન વિશ્વનું રાજકારણ, રૂસીક્રાંતિ-એક નૂતન જીવન પ્રથાનું રાજકીય રૂપ-નૂતન સંસ્કૃતિનું અર્થકારણ-વિશ્વના રાજકારણની પહેલી સંસ્થા, 'લીગ ઑફ નેશન્સ'-લીગ ઑફ નેશન્સનો કારકીર્દી—]



પહેલા વિશ્વયુદ્ધ પછીનું વિશ્વનું રાજકીય સ્વરૂપ; મહારાજાઓ વિદાય લે છે.

ફ્રેન્ચ ક્રાન્તિ પછી શરૂ થએલા નવા જગતના રાજકારણનાં સુકાનો પોતાના હાથમાં લઈને બેઠેલા અને સામ્રાજ્યવાદી શાસનનું સંચાલન કરનારા મુડીવાદી રાજસભાઓના આગેવાન બનેલા, યુરોપના દેશોમાં હજુ સત્તારથોનો પર બિરાજેલા શહેનશાહો અને મહારાજાઓ પહેલા વિશ્વ યુદ્ધ પછી યુરોપની

ગાદીઓ પરથી ગબડી પડ્યા. યુરોપનાં બાકીનાં રાષ્ટ્રો જેમાં હજુ શહેનશાહો રહ્યા હતા તેમને પહેલા વિશ્વયુદ્ધ પછી પોતાની રાજગાદીઓ છોડી દેવાની ફરજ પડી. આ શહેનશાહોએ નહીં ધારેલું એવું પરિણામ વિશ્વયુદ્ધમાં નિપજ્યું; અને જગતના દેશોમાં શહેનશાહોનાં શાસનની સંખ્યા ઘણી ઓછી થઈ ગઈ.

પોતાને ત્યાં શહેનશાહતનું રૂપ જાળવી રહેલા અને સાથે સાથે આ રજવાડી ઘટના પર મુડીવાદી લોકશાસનનું લશ્કરી અને જમીનદારી જંકરોવાળુ, 'બીસ્માર્ક' જેનું ઘડતર ઘડ્યું હતું તે આક્રમણખોર જર્મન દેશમાંથી, સૌથી પહેલો ઓસ્ટ્રીયા તૂટી પડ્યો તથા એની સાથે દ્વિમુખી રજવાડી ઘટના નીચે પરોવાયેલો હંગેરી પણ પરાસ્ત થયો. પેલી દ્વિમુખી રજવાડી ઘટના પહેલા વિશ્વયુદ્ધ પછી, જર્મની, ઓસ્ટ્રીયા અને હંગેરીમાંથી પતન પામી ગઈ. પછી ૧૯૧૮માં જ હેગલ નામના ચિંતકે જેને સર્વોપરી રાજ્ય ઘટના ગણાવી હતી તેવા પ્રશિયન રાજ્યના અધિકાર નીચે મહાન જરમનીનું સામ્રાજ્યવાદી કલેવર બીસ્માર્ક અને કૈઝરની શહેનશાહત નીચે બંધાયું હતું. તે કૈઝરને નવેંબરની ક્રાંતીએ ગાદી ત્યાગ કરી કરી દેવાની ફરજ પડી. ત્યારપછી તરત જ આ મહાન જરમનીનો બાવેરીયાનો પ્રદેશ પણ પડ્યો અને એજ દિવસે તેની રાજાશાહીએ ગાદી છોડી દીધી. જે મહારાજાઓએ જર્મન સામ્રાજ્ય બાંધ્યું હતું તે બધા અલોપ થઈ ગયા અને જર્મનીની રીપબ્લીક તરીકે જાહેરાત થઈ. પછી પતન પામેલી જર્મન સરકારના હારેલા પ્રતિનિધિઓ વરસેઇલ્સમાં વિજેતા બનેલા સામ્રાજ્યવાદીઓ સમક્ષ અપ રાધીના પાંજરામાં ઉભા રહેવા હાજર થયા તથા તેમણે શરણાગતિની શરતો સ્વીકારી.

વિશ્વયુદ્ધ પછીનો યુરોપનો નકશો, શાહીવાદી લોકશાસન અને ફાસીવાદી સરમુખત્યારી

પહેલા વિશ્વયુદ્ધ પછીના યુરોપના શરીર પર દેખીએ તો, વિશ્વયુદ્ધના ઉપસંહારમાં જ શાહીવાદી લોકશાસનનું રૂપ વિજેતા બનેલા, ફ્રેંચ–અંગ્રેજ શાહીવાદી દેશોમાં ચાલુ રહેલું માલમ પડે છે, તથા આ સિવાયના બીજા દેશોપર યુરોપના જૂના લોકશાસનનો અંત આવી જતો તથા ફાસીવાદી સરમુખત્યારોનાં કાળાં ધાબાં જેવાં યુદ્ધખોર શાસનો શરૂ થઈ ગયેલાં માલમ પડે છે. આ શાસનના કાળા પડછાયાઓએ, આ પ્રદેશોપરના લોકશાસન પર સંસ્કાર અને સંસ્કૃતિના જીવન પર અને શાંતિ અને સહકારની બધી હિલચાલ પર યુદ્ધ અને મોતનું કાળું કફન ઢાંકી દીધું. આ કફન નીચે, તે તે ભૂમિપરનું સંસ્કાર જીવન ગુંગળાઈ ગયું તથા કચડાઈ ગએલા જીવન પર સરમુખત્યારોના યુદ્ધ અને સંહારના તાલ જેવાં, તેમનાં સરમુખત્યારોનાં નામો જ સંભળાવા લાગ્યાં.

આ નામોમાં, જર્મની પર હિટલર, ઓસ્ટ્રીયાપર ડોલફ્સ, પોલેન્ડ પર પિલ-સુદસ્કી, હુંગેરી પર હોરથી, યુગોસ્લાવીયા પર કે એલેકઝાંડર તથા ઈટાલી પર મુસોલીની નામનાં નામો હતાં. આ પ્રદેશો મધ્યયુરોપ અને પૂર્વ યુરોપના હતા.

વિજેતાઓની લીગ જેવી, લીગ ઓફ નેશન્સ

યુરોપની લોકશાહીનાં જૂના યુરોપનાં લોકશાહીશાસનો યુદ્ધ પછી એકાએક નાશ પામી જવા લાગ્યાં. આ યુદ્ધ પછી જગતનાં રાષ્ટ્રોની પોતે સંસ્થા હોય એવું લીગ ઓફ નેશન્સનું નામ ધારણ કરીને, તથા જગતમાં યુદ્ધો નાબૂદ કરવાના તથા શાંતિ સ્થાપવાના પોતાના ધ્યેયને જાહેર કરીને, એક વિશ્વ-સંસ્થાની રચના કરવામાં આવી. આ સંસ્થાની રચના કરનાર, વિજયી બનેલા, અંગ્રેજ-ફ્રેંચ અને અમેરિકન શાહીવાદી દેશો હતા તથા, આ રચનાનું કલેવર પણ એ વિજયીશાહીવાદોનું જ બનેલું હતું. એટલે ખરી રીતે આ સંસ્થા "લીગ ઓફ વીકટર્સ" ની હતી એમ કહી શકાય. આ સંસ્થાએ પહેલું કામ વિજેતાઓએ ઘડેલા વરસેઇલ્સ, તહનામાને મંજુરી આપવાનું કર્યું. આ તહનામાએ જગ-તનો નવો નકશો તૈયાર કર્યો હતો તથા વિજયી શાહીવાદોએ તૈયાર કરેલા આ નકશામાં, પોતાનાં શાહીવાદી હિતો સચવાય તે રીતે જ, જગતનો નવો ભાગ પાડયો હતો, તથા પરાજીત બનેલા પ્રદેશો પર ખૂનખાર વૈરભાવનાનો અમલ કર્યો હતો. આ તહનામાવડે તેમણે જગતના દેશોને વહેંચી ખાધા હતા તથા જૂના ટરકીશ સામ્રાજ્યના પણ ભાગ પાડી નાખ્યા હતા. આ બધી લુંટની વહેંચણીમાં સૌથી મોટો હિસ્સો, અંગ્રેજ-ફ્રેંચ શાહીવાદી સરકારોએ પડાવી લીધો હતો. આ બંને શાહીવાદી સરકારોની બોલબાલા જેવી લીગ ઓફ નેશન્શની કાઉનસીલની પહેલી બેઠક ઈ. સ. ૧૯૨૦ના જાન્યુઆરીની ૧૬મીએ મળી, અને પછી એની કાયમી બેઠકો માટે જીનેવા નક્કી કરાયું.

ટરકીનું રાષ્ટ્ર પુનરૂત્થાન અને કમાલ પાશા

વિશ્વયુદ્ધ ચાલતું હતું ત્યારે અંગ્રેજ-ફ્રેંચ શાહીવાદી સરકારોએ, પોતાના મિત્ર એવા રશિયાના ઝારને, ટરકીનું કોનસ્ટેન્ટીનોપલ આપી દેવાના ખાનગી કરાર કર્યો હતા. પણ યુદ્ધના ઉપસંહારમાં, રશિયામાં ક્રાન્તિ શરૂ થઇ અને તુર્કસ્તાનમાં કમાલપાશાનું નામ ગાજી ઉઠયું. એણે વિજેતા શાહીવાદીઓની પકડમાંથી પોતાના રાષ્ટ્રને બચાવી લીધો તથા પોતાના રાષ્ટ્રનું પશ્ચિમીકરણ કરવાની આર્થિક, સામાજિક અને રાજકીય હિલચાલ શરૂ કરી દીધી. એણે ટરકીનું પુનરૂત્થાન આરંભ્યુ તથા પોતાને યુરોપીય રાજ્યોમાં રિપબ્લીક તરીકે જાહેર કર્યું. ઈ. સ. ૧૯૨૩થી ૧૯૩૮ સુધી, મરણ પર્યંત એણે ટરકીશ રિપબ્લીકના પ્રમુખ તરીકે ચૂંટાઇ આવીને એણે જૂના પુરાણા ઓટોમન

સામ્રાજ્યનો ત્યાગ કરીને પછાત એવા તુર્ક રાષ્ટ્રને અદ્યતન બનાવવા અથાગ શ્રમ કર્યો. એણે તુર્ક રાષ્ટ્રનું, રાજબંધારણ યુરોપીય ઢબે લોકશાહીવાળું બનાવ્યું તથા આખા રાષ્ટ્રને પછાત ભૂતકાળમાંથી ઉપાડીને વર્તમાનમાં સ્થાપ્યો.

ઑસ્ટ્રીયાનો સરમુખત્યાર, ડોલફસ

પહેલા વિશ્વયુદ્ધમાં પરાજય પામેલા ઑસ્ટ્રીયન શહેનશાહ ચાર્લ્સે ગાદી ત્યાગ કર્યો તથા વિજેતા શાહીવાદીઓના અધિકાર નીચે ઑસ્ટ્રીયાનું રિપબ્લીક શરૂ થયું. ઇ. સ. ૧૯૩૨માં એન્જેલબર્ટ ડોલફસ, સરકારના વડા તરીકે આવ્યો. ડોલફસે બીજે જ વરસે, પાર્લામેન્ટરી સરકારને સમેટી લીધી તથા ૧૯૩૪માં એણે બધા રાજકીય પક્ષોને વિખેરી નાખીને, "ફાધરલેન્ડ ફ્રન્ટ" નામના પોતાના એક જ પક્ષને કાયદેસર રહેવા દીધો. એણે એ વરસના એપ્રિલની ૩૦મીએ પોતાની સરમુખત્યારશાહી શરૂ કરી. ઇ. સ, ૧૯૩૮ના ફેબ્રુઆરીમાં જરમનીના સરમુખત્યાર હિટલરે, મહાન જરમની ઘડવા માટે ઑસ્ટ્રીયાને ખાલસા કરી નાખવાનો કાર્યક્રમ ઘડીને ઑસ્ટ્રીયા પર આક્રમણ કર્યું. ડોલફસનું ખૂન કરાવી નાખવામાં આવ્યું તથા, એપ્રિલના ૧૦મા દિવસે, હિટલરની સરમુખત્યાર શાહી નીચે ઑસ્ટ્રીયાદેશ, 'રાઇશ' નામના હિટલરે ઘડેલા ફાસીવાદી જરમનીમાં સાત જીલ્લાઓ બનીને ઉમેરાઇ ગયો.

હંગેરીના હોરથી

ઇ. સ. ૧૯૧૮ના ઑકટોબરમાં, ઑસ્ટ્રીયાના શહેનશાહે ગાદી ત્યાગ કર્યો કે તરત જ હંગેરીએ પોતાને ઑસ્ટ્રીયાથી સ્વતંત્ર જાહેર કર્યો. નવેંબરમાં હંગેરીએ પોતાને રીપબ્લીક તરીકે જાહેર કર્યું. મેની ૨૧મીએ ત્યાં ક્રાન્તિ વિજયી બની અને સમાજવાદી-સામ્યવાદી સરકાર સત્તા પર આવી. પરન્તુ પ્રતિક્રાન્તિ તરત જ શરૂ થઇ. એડમીરલ હોરથીની આગેવાની નીચે તોફાનો શરૂ થયાં. રૂમાનીઆએ હંગેરીપર ચઢાઇ કરી, અને તેણે બુડાપેસ્ટ પર કબજો કર્યો. ક્રાન્તિનો પરાજય થયો, અને એડમીરલ, નીકોલસ હોરથી, સરકારનો વડો નિમાયો તથા સરમુખત્યાર બન્યો.

યુગોસ્લાવિયાનો, સરમુખત્યાર, રાજા, એલેકઝાન્ડર

વિશ્વયુદ્ધ પછી, સરબીયા, મોન્ટેનીગ્રો, ક્રોએશીયા, સ્લોવાનીયા અને ડાલમેશીયાના પ્રદેશોને એકઠા કરીને, ૧૯૧૮ના ડીસેંબરની ૪થીએ સર્બ, ક્રોટ અને સ્લોવેન લોકોનું સંયુકત રાજ્ય યુગોસ્લાવીયા બન્યું તથા સરબીયાના પ્રીન્સ એલેકઝેન્ડરે તેનું શાસન કરવાનું સ્વીકાર્યું. પછી ઇ. સ. ૧૯૨૯ સુધી આ રજવાડાશાહી સામે, નવા રાજ્યના એક પછી બીજા વિભાગનો કલહ

ચાલુ રહ્યો. જાન્યુઆરીની પમીએ રાજા એલેકઝાંડરે, રાજસભાને બરખાસ્ત કરી નાખીને, તથા બધા રાજકીયપક્ષોને વિખેરી નાખીને પોતાને સરમુખત્યાર તરીકે જાહેર કરી દીધો.

પોલેન્ડનો પીલસુદસ્કી

પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન, ઓસ્ટ્રીયાના પક્ષમાં રહીને, જનરલ, જોસેફ પીલસુદસ્કીએ પોલેન્ડમાં લશ્કરી હિલચાલ શરૂ કરી હતી, તથા એનાં પોલીસ લશ્કરોને, ઓસ્ટ્રો હંગેરીયન લશ્કરોમાં જોડી દેવામાં આવ્યાં હતાં. ઈ. સ. ૧૯૧૬માં યુદ્ધ દરમ્યાન, જર્મન સરકારે પોલેન્ડના સ્વતંત્ર રાજ્યની જાહેરાત કરી હતી, અને પોલેન્ડ પર પોતાનું સ્વામીત્વ ચાલુ રાખ્યું હતું. આ સામે પીલસુદસ્કીએ, વાંધો લીધો એટલે એને પકડીને જર્મન સરકારે કેદ કર્યો, અને ૧૯૧૮ના નવેંબરમાં છૂટીને પીલસુદસ્કી પાછો પોલેન્ડ આવ્યો. ત્યારે વિશ્વયુદ્ધના અંતમાં એને ત્યાંની રીજન્સી કાઉન્સીલે લશ્કરી અધિકાર સોંપી દીધો. નવેંબરની ૧૪મીએ આ લશ્કરી સરદારે પોલીસ રીપબ્લીકને સ્વતંત્ર જાહેર કર્યું તથા પોતે તેનો સરમુખત્યાર બન્યો.

શાહીવાદી લોકશાસનનો પરાજય

પહેલા વિશ્વયુધ્ધે જગતના સામાજિક અને રાજકીય વ્યવહારમાં સ્વીકારાયેલી ઘણી બાબતોને અથવા લાંબા સમયથી ચાલી આવતી જીવનની હકિકતોને તોડી નાખી. જગતના જીવનમાં પહેલા વિશ્વયુદ્ધ સુધીમાં સૌથી મોટાં રાજકીય સ્વરૂપો લોકશાહી અને રાષ્ટ્રવાદ નામનાં હતાં. આ બંને સ્વરૂપોને વિશ્વયુદ્ધ પહેલાના રાજકારણે અનંત કાળ સુધી ચાલે તેવાં જીવનનાં સ્વરૂપો તરીકે ગણાવ્યાં હતાં. પરંતુ લોકશાહી ઇંગ્લેંડ, અમેરિકા અને ફ્રાન્સનાં લોકશાહી સ્વરૂપો આખા જગતને પોતાનું સંસ્થાન અથવા ગુલામ બનાવીને એવી શાહીવાદી લોકશાહીઓમાં કોઇ મૂળભૂત દોષ હતો તે બાબતને સાબીત કરી દીધી. આવી લોકશાહીઓએ જગતની પછાત પ્રજાઓને રાજકીય રીતે સંસ્થાનો ગુલામ બનાવી તથા તેમનાં રાષ્ટ્રોને પોતાનાં સંસ્થાનો બનાવ્યાં. પહેલા વિશ્વયુદ્ધમાં વિજયી બનેલી આ મુડીવાદી લોકશાહી સરકારો શાહીવાદી હતી તથા તેમણે બીજા દેશોની પ્રજાઓને પાયમાલ કરી નાખી હતી, તથા તેમનું સર્વસ્વ શોષી લીધું હતું. આવી લોકશાહીઓનું મુડીવાદી અને સામ્રાજ્યવાદી સ્વરૂપ વિશ્વયુદ્ધમાં પરાજીત પામેલા શાહીવાદી દેશોએજ પોતાને ત્યાં પડકાર્યું. આવા દેશોમાં જર્મની અને ઇટાલી બે મુખ્ય હતા. આ બન્ને દેશોમાંથી વિશ્વયુદ્ધના પરિણામમાં શહેનશાહોનાં સિંહાસનો તો નાબૂદ થયાજ માંડયાં હતાં. પરંતુ વિશ્વયુદ્ધનાં પરિણામોના આર્થિક અંધેરમાં

અને રાજકીય અંધાધુંધીમાં જર્મની અને ઇટાલીએ પોતાનાં લોકશાહી સ્વરૂપને અથવા પોતાને ત્યાં, લોકશાહી સામેજ પોતાનું યુદ્ધ શરૂ કર્યું. આ રાષ્ટ્રોએ ફાસીવાદી બનીને જાહેર કર્યું કે લોકશાહી નિષ્ફળ નિવડી ચૂકી છે.

લોકશાસનનો નાશ અને શાહીવાદની સરમુખત્યારી

ઇટાલીનો દાખલો લઇએ તો ઇટાલી, પહેલા વિશ્વયુદ્ધમાં વિજેતા બનેલા શાહીવાદો સાથે જોડાયેલું હતું. પરંતુ વિશ્વયુદ્ધ પુરૂં થયું ત્યારે ઇટાલીની દશા પરાજય પામેલા રાષ્ટ્રો જેવી હતી. એનું કારણ એ હતું કે યુદ્ધ પછી ઇટાલીના શાહીવાદને યુદ્ધની લુંટ તરીકે કશું જ મળ્યું ન હતું. ઇ. સ. ૧૯૧૫ માં વિજેતા બનનારા શાહીવાદી દેશોએ ઇટાલીને જે લુંટ આપવાનાં વચનો આપ્યાં હતાં તે હવે તેઓ વિજય પછી પાળવાને માટે તૈયાર ન હતા. આ રીતે વિશ્વયુદ્ધનાં બધાં નુકશાનો અને આર્થિક તારાજી ઇટાલીને ભાગ આવ્યાં. ત્યારે યુદ્ધની લૂંટમાં આવેલાં સંસ્થાનોના ભાગ પડયા તેમાં ઇટાલીને કોઇ પણ ભાગ આપવાની ઇંગ્લેંડ, ફ્રાન્સ, અને અમેરિકા નામની શાહીવાદી વિજેતા સરકારોએ ના પાડી દીધી. એથી ખુવાર બનેલા આ રાષ્ટ્રના રાજકીય મંડળોએ ત્યારની સરકાર સામે પોતાનો વિરોધ શરૂ કર્યો. આ વિરોધી રાજકીય મંડળોમાં ફેસીસ્ટ નામનું એક નાનું સરખું મંડળ હતું. આ મંડળ યુદ્ધખોર મૂડીવાદીઓથી પોષાતું હતું અને આક્રમણથી સરકારને ઉથલાવી પાડવામાં માનતું હતું. ધીમે ધીમે ફેસિસ્ટ નામના આ મંડળની તાકાત વધતી ગઇ અને ૧૯૨૧ ના નવેમ્બરમાં આ મંડળની રાષ્ટ્રિય પરિષદ મળી. આ પરિષદમાં મંડળના તમામ સભ્યો માટે કાળા ખમીસવાળો પોષાક, પ્રાચીન રોમન શહેનશાહતમાં હતી તેવી સલામીની પ્રથા તથા સિઝર નામના રોમન શહેનશાહનો હતો તેવો રાજ-દંડ અને જગત પર રાજ્ય જમાવવાના શાહીવાદી સિદ્ધાંતોને સ્વીકારવામાં આવ્યા. આ પરિષદે સમાજવાદ અને સામ્યવાદને પોતાના જની દુશ્મન તરીકે જાહેર કર્યો. એવા આ મંડળમાં એક વખતના સૈનિકો તથા બેકારો અને લડાયક તત્વો જોડાયાં. ઇ. સ. ૧૯૨૨ ના ઓકટોબરમાં મુસોલીની નામના આ મંડ-ળના આગેવાનની રાહબરી નીચે ફેસિસ્ટ સ્વયંસેવકોએ રોમ પર ચઢાઇ કરી. તે સમયની સરકાર આ મંડળને શરણે આવી. મુસોલીની વડાપ્રધાન તરીકે નિમાયો. મેટીઓટી નામના ઇટાલીના સમાજવાદી આગેવાનનું ખૂન થયું અને ફેસીસ્ટ સિવાયના તમામ મંડળો સામે એણે લડાઈ જાહેર કરી. આખા ઇટાલી પર મુસોલીનીએ રાજકીય દમન શરૂ કર્યું. ઇટાલીનાં તમામ લશ્કરોનો પોતે સેનાપતિ બન્યો. પાર્લામેન્ટને એણે વિખેરી નાખી અને રાજાને નામનો રાજા રહેવા દઇને પોતે ઇટાલીનો સરમુખત્યાર બન્યો.

ફાસીવાદનો સિદ્ધાંત

મુસોલોનિએ રાજકારભાર માટે ફેસીસ્ટ અથવા ફાસીવાદના સિદ્ધાંતની રચના કરી. આ સિદ્ધાંતનું મુખ્ય સ્વરૂપ સામ્યવાદ સામે દુશ્મનાવટનું તથા લોકશાહીના વિરોધનું હતું. આ સિદ્ધાંતના સ્વરૂપ માટે મેકાઆવેલીએ લખેલા પ્રિન્સ નામના પુસ્તકને એણે પોતાનું રાજકીય ધર્મપુસ્તક બનાવ્યું. આ પુસ્તકના પાયાનો સિદ્ધાંત કોઈ પણ સાધનો વડે રાજકીય સત્તાને ધારણ કરી રાખવાનો હતો. મુસોલોની "પ્રિન્સ" નામના આ પુસ્તકમાંનો ઈટાલીના રાજકારભારમાં "પ્રીન્સ" અથવા શહેનશાહ બની બેઠો. દાન્ટે નામનો કવિ આ સરમુખત્યારનો પ્રિય કવિ બન્યો. રોમમાં બેઠેલા આ સરમુખત્યારને સિઝર બનવાનાં સ્વપ્નો આવવા લાગ્યાં. એણે જાહેર કર્યું કે "સામ્યવાદ કે સમાજવાદની જેમ કોઇ ચોજનાઓ ઘડવામાં ફાસિવાદ માનતો નથી. સમાજ ઘટનાની નવી રચનાનાં વચનો આપવામાં ફાસીવાદ માનતો નથી. ફાસીવાદ તો વ્યાખ્યા ન થઇ શકે તેવી અદભૂત વસ્તુ છે, અને તે પોતાની જાતની સાબીતી પોતાને પુરવાર કરીને જ આપવા માંગે છે, તથા તે પોતે સિદ્ધાંતના વેવલાવેડામાં નહીં પરંતુ હકીકતના [illegible]આકારમાં જ માને છે."

ફાસીવાદના આવા સિદ્ધાંતનું જીવતું જાગતું રૂપ મુસોલોની પોતે બન્યો. સીઝર જેવી તાકાતને ધારણ કરવા માગતો આ આગેવાન એમ માનતો હતો કે ઇટાલીને વિશ્વવિજેતા બનાવવા માટે પોતાનો અવતાર થયો છે. આ અવતારની જીવન કથા એક લુહારની કોઢમાં જન્મ પામી. પછી એક અતિ ધાર્મિક માતાની દેખરેખ નીચે ઉછરેલો મુસોલીની ઇટાલીના સ્વચ્છંદ જીવનમાં ઉપર તળે થતો શિક્ષકની નોકરી સ્વીકારતો હતો. પછી મુસોલોની સમાજવાદી પક્ષમાં જોડાયો, અને પહેલા વિશ્વયુદ્ધમાં ઈટાલીએ યુદ્ધમાં જોડાવું જોઇએ તેવી શાહીવાદી મિત્રરાજ્યોની તરફેણ કરવા માટે, સમાજવાદી પક્ષમાંથી એને કાઢી મૂકવામાં આવ્યો. ત્યાર પછી મુસોલોની ઇટાલીયન લશ્કરમાં જોડાયો અને ઇ. સ. ૧૯૧૯ ના માર્ચમાં યુદ્ધમાંથી પાછા આવ્યા પછી એક વખતના સૈનિકો સાથે એણે "ફાસી–ડી–કોમ્બેટીમેન્ટો" નામની ફેસિસ્ટ મંડળી જમાવી.

કોરપોરેટ સ્ટેટ

સરમુખત્યાર બની ચૂકેલા મુસોલોનીએ ઇ. સ. ૧૯૨૬ સુધીમાં ઇટાલીના રાજ્યબંધારણને ખતમ કરી નાખ્યા પછી તથા પોતાને શરણે આવેલા રાજાને જેવાને તેવો રહેવા દઇને એણે ફેસિસ્ટ મંડળની આગેવાની નીચે "કોર્પોરેટ સ્ટેટ"ની સ્થાપના કરી. ઇ. સ. ૧૯૩૬ સુધી કોર્પોરેટ સ્ટેટની નેશનલ કાઉ-

ન્સીલોને જ એણે રાજકારભારના વહિવટી તંત્રોવાળી બનાવી દીધી, તથા ચેમ્બર ઓફ ડેપ્યુટીઝને બરતરફ કરીને સરકારના વહિવટની અંદરનું પ્રતિનીધીત્વ રાજકીયને બદલે કેવળ શાહીવાદી એવું આર્થિકતંત્રવાળું રચી દીધું. આ કોર્પોરેટ સ્ટેટ આર્થિક હિત ધરાવનારા અને આર્થિક માલિકીવાળા સીન્ડીકેટોનું બન્યું. સીન્ડીકેટો નામની આવી આર્થિકસંસ્થાઓ પાસે રાજ્યવહિવટનું સુકાન આવ્યું તથ. મજુરોનાં જે મંડળોમાં ફેસિસ્ટ મંડળના સભ્યો હોય તેવાં જ મજુરોને સભ્ય બનવા દેવામાં આવ્યા. સ્થાનિક સીન્ડીકેટોનાં મંડળો અથવા ફેડરેશનો બનાવવામાં આવ્યાં, અને આ ફેડરેશનો ઉપર નેશનલ કાઉન્સીલ ઓફ કોર્પોરેશનની યોજના કરવામાં આવી. આ નેશનલ કાઉન્સિલને ફેસિસ્ટ ગ્રાંડ કાઉન્સિલની સમોવડી તરીકે સ્વીકારવામાં આવી. આ બંને કાઉન્સીલોમાં ઈટાલીની સરકારના વહિવટીતંત્રમાં સૌથી વડો અધિકાર ફેસિસ્ટ કાઉન્સીલનો અને છેવટે મુસોલોનીનો સ્વીકારવામાં આવ્યો. પહેલું વિશ્વયુદ્ધ લડી ચૂકેલી અને જગતમાં નિંદાપાત્ર બનેલી મૂડીવાદી સમાજઘટનાની યુરોપની શાહીવાદી સરકારોમાં ઇટાલીના પરાજીત શાહીવાદે લોકશાહીનું નામનિશાન ભૂંસી નાખીને સીન્ડીકેટોની આર્થિક ઘટનાને બધું રાજકારણ સોંપી દઈ, આક્રમણખોર સરમુખત્યારશાહીનો આ રીતે સ્વીકાર કરી લીધો. શાહીવાદની આ ઘટનાએ સામાજિક નિતીમત્તાનો કોઈ પણ સિદ્ધાંત સ્વીકારવાનો ઇન્કાર કર્યો. શાહીવાદની આ સરસુખત્યાર રચનાએ પ્રાચીન રોમન શહેનશાહતના જગત જીતવાના ધ્યેયનો સ્વીકાર કરી લીધો અને આક્રમણ તથા યુદ્ધને પોતાના કોર્પોરેટ સ્ટેટનો શ્વાસપ્રશ્વાસ બનાવીને રાજ્યવહિવટનો આરંભ કર્યો.

આ વહિવટે પોતાની પરદેશ નીતિ શરૂ કરી દીધી. પહેલા વિશ્વયુદ્ધમાં વિજય પામેલી વિજેતા શાહીવાદની સરકારોએ યુદ્ધની લુંટમાં ઈટાલીને કંઈજ ભાગ નહિ આપવાનું વર્તન બતાવીને તેનું જે અપમાન કર્યું હતું તેનો બદલો વાળવાનો મુસોલોનીએ નિશ્ચય કર્યો. એણે યુદ્ધની પરદેશનીતિ અપનાવીને તથા આક્રમણની કવાયતો પોતાની ભૂમિ ઉપર જોરશોરથી શરૂ કરીને યુરોપના નકશામાં ઈટાલીનું સ્થાન ભય ચિહ્ન તરીકે જમાવી દીધું. એણે યુદ્ધની પૂજા જાહેર રીતે શરૂ કરી. એણે કહ્યું કે માનવજાતના ઉદ્ધારનો નિયમ યુદ્ધ છે. માનવજાતની ક્રિયાશક્તિ અને ઉમદા કાર્યશક્તિ યુદ્ધની ઉષ્મામાંથી જ પ્રગટે છે એવું એણે યુદ્ધનું નીતિશાસ્ત્ર બનાવ્યું. એણે ભૂમધ્ય પર યુદ્ધના પડછાયા જેવાં જહાજો હાંકવા માંડયાં. એણે બાલ્કન પ્રદેશો અને ઓસ્ટ્રિયામાં યુદ્ધનો દોરી સંચાર શરૂ કર્યો. વિજેતા શાહીવાદી દેશોની બહુમતીવાળી લીગ ઓફ નેશન્સને એણે પડકાર ફેંકયો, અને એબિસિનીયા ઉપર ચઢાઈ કરવાની તૈયારી કરવા માંડી.

જર્મનીની ફાસીવાદી અથવા શાહીવાદી સરમુખત્યારી

પહેલા વિશ્વયુદ્ધ પછીનું એક પરિણામ ઇટાલીમાં શરૂ થયેલી ફાસીવાદી સરમુખત્યારશાહી હતી. આ સરમુખત્યારશાહીએ વિશ્વયુદ્ધમાં કશું નહિ મેળવ્યા પછી યુદ્ધને જ પોતાનો સિદ્ધાંત બનાવીને જગતપર સંસ્થાનો મેળવવા માટે તૈયારીઓ કરવા માંડી. એટલા પૂરતી આ શાહીવાદી સરકાર વિજેતા બનેલી શાહીવાદી સરકારોથી જુદી પડતી હતી. યુરોપનો એવો જ બીજો શાહીવાદી દેશ જર્મની હતો. પહેલું વિશ્વયુદ્ધ શરૂ કરનાર આ જર્મન શાહીવાદ જ હતો. આ જર્મન શાહીવાદ વિશ્વયુદ્ધમાં પરાજય પામ્યો હતો અને એનાં બધાં સંસ્થાનો વિજેતા શાહીવાદોએ પડાવી લીધાં હતાં. આ ઉપરાંત પરાજીત જર્મની પર યુદ્ધના અનેક બોજાઓ વિજેતાઓએ નાખ્યા હતા તથા જર્મન પ્રજા ઉપર વીમર રીપબ્લીક નામનું રાજ્યબંધારણ આ વિજેતાઓએ જ ઘડી આપ્યું હતું. ઈ. સ. ૧૯૧૯ થી ૧૯૩૩ સુધી આ વીમર રીપબ્લીકે જર્મનીના રાજકારભારનું ગાડું ગબડાવ્યું. ઈ. સ. ૧૯૩૨ ની ચૂંટણીમાં ખુવાર થયેલા જર્મનીમાં કોમ્યુનિસ્ટોની બહુમતી થઇ. જર્મનોનો શાહીવાદી વર્ગ અને પ્રશિયાનો જમીનદારી વર્ગ આ સામે લડવા ઉઠયો. આ સંજોગોમાં, જર્મનીના શાહીવાદી ઉદ્યોગપતિઓએ ખાનગીમાં શસ્ત્રસજ્જ બનાવેલો એડોલ્ફ હિટલર નામના તેમના આગેવાન ફેસિસ્ટ મંડળી બનાવીને આગળ આવ્યો. આ ફાસિસ્ટ પક્ષનું જર્મનીમાં નાઝી પક્ષ એવું નામ હતું. જર્મનીના ઉદ્યોગપતિઓની મદદ વડે હિટલરે પોતાનું ખાનગી લશ્કર જમાવ્યું. બે લાખ સૈનિકોની સંખ્યાવાળા આ ખાનગી લશ્કરની કવાયતના અવાજ જર્મનીનાં નગરોમાં સંભળાવા લાગ્યા. ઈ. સ. ૧૯૩૨ માં પ્રેસીડન્ટ હિંડનબર્ગે હિટલરની નિમણુક ચેન્સેલર તરીકે કરી. હિટલર પોતાના સાગરિતો સાથે સત્તા પર આવ્યો કે તરત જ એણે સરકારને હાથ કરવાના બધા પ્રયત્નો શરૂ કર્યા. એણે મહાન જર્મની ઘડવાની જાહેરાત કરી. એણે ઓસ્ટ્રીયામાં અને આલ્સેકમાં વસતા બધા જર્મનોને રાજકીય રીતે એક કરવાની જાહેરાત પણ કરી. એણે યહુદીઓ અને સામ્યવાદીઓ સામે રાજકીય અને સામાજિક યુદ્ધ કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી. એણે જર્મની પર લદાયેલું તમામ દેવું નાબૂદ કરવાની તથા પોતાનાં ગુમાવેલાં તમામ સંસ્થાનો પાછાં મેળવવાની જાહેરાત કરી.

હિટલરે ઇ. સ. ૧૯૩૩ ની ચૂંટણી દરમિયાન નાઝી પક્ષ માટે સરકારી હકૂમત હાથ કરવાની હિંસક કાર્યવાહી આરંભી દીધી. એના ખાનગી લશ્કર વડે અને ગોરિંગ નામના એનાજ પક્ષવાળા પોલિસ ખાતાના વડાની મદદ વડે

એણે વિરોધી એવા રાજકીય પક્ષોને કારાગારમાં જકડી લીધા તથા સરકારનું તંત્ર પોતાને હાથ કરીને જુલાઈના ચૌદમા દિવસે એણે નાઝી પક્ષ સિવાયના તમામ રાજકિય પક્ષોને ગેરકાયદેસર ઠરાવતો કાયદો પસાર કરાવ્યો. નાઝી પક્ષે સ્વસ્તિકનું ચિહ્ન પોતાના ઝંડા પર ધારણ કર્યું. આ બધું બનતું હતું ત્યારે જૂના રાજ્યધ્વજધારણનો પ્રમુખ હિંડનબર્ગ મરણ પામતો હતો તથા એના મડાની સાથેજ જુનું રાજ્યધ્વજધારણ પણ દફનાઈ જતું હતું.

હિટલરે પ્રાચીન આર્યલોકોના સ્વસ્તિકને ધારણ કરીને આખાય જગત પર પોતાની જર્મન આર્ય જાતિની આગેવાનીને સ્થાપવાનો કાર્યક્રમ ધારણ કરીને અને તે માટે આખાય જગતને જર્મન મહાપ્રજ્ઞાની હકૂમત નીચે લાવી દેવાનો અને જગત આખાના દેશોને પોતાનું સંસ્થાન બનાવવા તથા એટલા માટે યહૂદીઓનો અને સામ્યવાદીઓનો દુનિયાભરમાંથી ઉચ્છેદ કરી નાખવાના કાર્યક્રમને ધારણ કરીને હિટલરે સૌથી પહેલાં આ કાર્યક્રમની શરૂઆત જર્મનીમાં આરંભી દીધી. જર્મનીની તમામ સંસ્થાઓમાંથી યહૂદીઓને બરતરફ કરવામાં આવ્યા. યહૂદીઓની પેઢીઓ અને દુકાનોને જપ્ત કરવામાં આવી. યહૂદીઓનાં અંગો ઉપરથી જર્મન આભૂષણો પણ ઉતારી લેવામાં આવ્યાં. તથા તેમના પર નિષ્ઠુર એવા જૂલ્મો અને મારપીટ શરૂ થયાં. સામ્યવાદીઓની પણ એવીજ કતલનો આરંભ થયો. તેમની તમામ સંસ્થાઓ નાબૂદ કરી નાખવામાં આવી, તથા તેમને વીણી વીણીને મારી નાંખવાનું કામકાજ આરંભાયું. આ બધી કાર્યવાહીને સરળ બનાવવા માટે હિટલરે જર્મન વહિવટનું પોલિસ અને લશ્કરીખાતું પોતાની સરમુખત્યારશાહી નીચે આણી દીધું. હિટલરના કાર્યક્રમનો અમલ શરૂ થતાં જ જર્મન મહાપ્રજ્ઞાની સર્વોપરિતા વિષેનું સાહિત્ય છપાવા માંડ્યું અને લોકશાહી તથા સામ્યવાદ વિષેના સાહિત્યને સળગાવી દેવામાં આવ્યુ. આખા દેશપર વિચાર, વાણી અને મિલન ઉપર જર્મન સરમુખત્યારીની સખત ચોકી બેસી ગઇ. વાણી વર્તન તથા મિલન પર ધાતકી અંકુશો સ્થાપી દેવામાં આવ્યા. શાળાઓ વિદ્યાપીઠો અને છાપખાનાં ઉપર જર્મન મહાપ્રજ્ઞાની સરમુખત્યારશાહીનો અમલ શરૂ થયો. આ બધી કાર્યવાહીનો અમલ કરવા ગોરિંગની નિમણુંક પોલિસખાતાના પ્રધાન તરીકે કરવામાં આવી અને ગોએબ્લ્સની નિમણુંક પ્રચાર ખાતાના પ્રધાન તરીકે કરવામાં આવી. આ જાલિમ ધટનાની ઝડપ એવી તો વધી ગઇ હતી કે એકલા પ્રશિયા અને બાવેરીયામાંજ મોત પામી જવા માટે પંદર હજાર માણસોને છ અઠવાડિયામાંજ જકડી લેવામાં આવ્યાં. ભયાનક એવી આ આર્યન કાર્યવાહીનો ચિંતક રોઝેનબર્ગ નામનો હતો. જર્મન મહાપ્રજ્ઞાની આર્યન સર્વોપરિતા વિષે

એ બધુંજ જાણતો હતો. જગતને ગુલામ બનાવવા માટે અવતાર પામેલી આ આર્યપ્રજા એની દૃષ્ટિએ અદ્‌ભુત એવા લોહીવાળી અને ખોપરીઓવાળી હતી. આ મહાપ્રજાનો પયગામ ધડવા માટે રોઝેનબર્ગ જર્મનીની તમામ શિક્ષણ વ્યવસ્થાનો પ્રધાન નિમાયો હતો. આ શિક્ષણ વ્યવસ્થા કરવા ઉપરાંત જર્મન મહાપ્રજાની સર્વોપરિતાને નહી સ્વીકારતાં તથા, તે સર્વોપરિતાના પયગામને ધારણ કરનાર "ફૂહરર" અથવા, હિટલર જેવા આગેવાનની આગેવાની નહિ સ્વીકારનાર, તમામ લોકોને બુદ્ધિમાન અને ભણેલાં વર્ગોમાંથી પણ પકડી પાડીને, તેમને યોગ્ય શિક્ષાઓ આપવાની તજવીજ કરવાનો અધિકાર પણ રોઝેનબર્ગનો હતો.

પહેલા વિશ્વયુદ્ધ નામની જગતના શાહીવાદીઓની યાદવસ્થળીમાંથીજ આવેલી ફાસીવાદ નામની આ શાહીવાદી સરમુખત્યારશાહી હતી. સંસ્કાર અને સંસ્કૃતિનું નિકંદન કાઢી નાખવા માગતી આ ફાસીવાદી કાર્યવાહીનો એક છેડો પ્રાચીન એવી આર્યન સંસ્કૃતિની ભેદનીતિમાં લંબાયો હતો, અને બીજો છેડો આ અર્વાચીન એવી ફાસીવાદી સરમુખત્યારશાહીનો બન્યો હતો. જેવી રીતે ઈટાલીમાં ફાસિવાદી સરમુખત્યારશાહીએ પોતાનો પાયો મીન્ડીકોટોનો બનાવ્યો હતો. તેવી રીતે જર્મનીમાં પણ હિટલરનું ભયાનક રાજ્યતંત્ર ચલાવનારો આર્થિક પાયો શાહીવાદી જર્મન ઉદ્યોગપતિઓના, ધનરાવાદનો બન્યો હતો. આ આર્થિક તંત્રનો આગેવાન ડો. શાટ નામનો જર્મનીની બધી બેન્કોનો એક પ્રમુખ હતો. ગોરિંગ, ગોબેલ્સ અને રોઝેનબર્ગની જેમ આ ડો. શાટ અર્થતંત્રનો પ્રધાન હતો. અર્થના આ તંત્રનો પયગામ પણ બીજું વિશ્વયુદ્ધ રચવા માટેનો હતો. અર્થના તંત્રનો આ આગેવાન સરમુખત્યારશાહીની શરૂઆતમાંજ જાહેર કરતો હતો કે પહેલું વિશ્વયુદ્ધ હજુ આપણે માટે પુરૂં થયું જ નથી પણ ચાલુ છે. યુદ્ધ એજ આપણો કાર્યક્રમ છે અને વિજય આપણોજ છે. યુદ્ધના આર્થિક તંત્રનો આ આગેવાન ઇ. સ. ૧૯૩૪ ના માર્ચ મહિનામાં "ઓર્ગેનિક અપ બિલ્ડીંગ ઓફ ધી જર્મન ઈકોનોમી" નામનો ધારો ઘડતો તમામ હરિફાઇનો નાશ કરવાનો કાર્યક્રમ રચતો હતો. આ ઉપરાંત ખેતીવાડી ખાતામાં જમીનદાર પદ્ધતિને વારસાગત બનાવવામાં આવતી હતી. આ અર્થતંત્રમાં યુદ્ધના રસ્તા પર ચઢેલા જર્મની માટે અનાજ ઉત્પાદન કરવાનો સર્વ અધિકાર જમીનદારોને સુપ્રત થતો હતો. ઈ. સ. ૧૯૩૪ ના મે મહિનામાં રાષ્ટ્રના મજુરોને જકડી લેનારો ધારો ઘડાતો હતો અને તમામ મજૂર મંડળોની આગેવાની નાઝી અમલદારોને તથા માલિકોને સોંપવામાં આવતી હતી. આ ઉપરાત સરકારી શ્રમ કરવા માટે બેકાર મજૂરોની ફરજીયાત શ્રમ છાવણીઓ ખોલવામાં આવતી હતી.

હિટલરની સરમુખત્યારશાહી આ રીતે જમીનની અંદરની જીવનવહિવટની રચનાને અને ઉદ્યોગની અંદરની રચનાને શાહીવાદના ફાસીવાદી ચોકઠામાં જકડી લઈને પરદેશ નીતિનો આરંભ કરતી હતી. આ પરદેશ નીતિનું પહેલું કામ યુરોપની શાહીવાદી સરકારોમાં જર્મનીના જૂના સ્થાનને માનપૂર્વકનું નક્કી કરવા માટે હથિયારોના ઢગલા નિપજાવવાનું હતું તથા ખાનગી રીતે લશ્કરોની સંખ્યા વધારવાનું હતું. આ પરદેશ નીતિનું બીજું કામ જર્મનીને મહાન જર્મની બનાવવાનું હતું. એટલા માટે જ ઓસ્ટ્રીયા અને હંગેરીને આક્રમણપૂર્વક તાબે કરીને જર્મની સાથે જકડી લીધા પછી જર્મની સાથેના પડોશી દેશોમાં જ્યાં જ્યાં જર્મન પ્રજાઓ વસતી હોય તે તે દેશો સાથે લશ્કરી સલાહો કરીને તેમને જર્મનીની હકૂમત નીચે લાવી દેવાનું હતું. આવું કરવા માટે એવા દેશોમાં રહેતા જર્મનોને ઉદ્દેશીને તે જર્મનો પિડીત પ્રજાઓ છે તેઓ સળગતો પ્રચાર શરૂ કરવાનો હતો. તેવા પ્રચાર સાથે તરવાર ખુલ્લી રાખીને લશ્કરી હિલચાલ ચાલુ રાખવાની હતી. હિટલરની પરદેશ-નીતિનું આ પહેલું જ પગલું હતું. આ પહેલા પગલા વખતે આ પરદેશ નીતિ ઇટાલી અને ઇંગ્લેન્ડને તથા જાપાનને મિત્રો ગણતી હતી અને ફ્રાન્સ તથા રશિયાને પહેલા નંબરના દુશ્મન લેખતી હતી. આ ગણત્રી સાથે હિટલરની પરદેશ નીતિ બીજું પગલું માંડવાની હતી. અને બીજા પગલામાં પોલિસ કોરિડોર નામના પ્રદેશને ભૂંસી નાખવાની હતી. છેલ્લું પગલું આખા યુરોપ પર પોતાનો રાજકીય અને લશ્કરી નિર્ણય મેળવીને આખી દુનિયાને પોતાનું સામ્રાજ્ય બનાવવાનું હતું.

પહેલા વિશ્વયુદ્ધના અંતમાં વિશ્વશાંતિના નૂતન રાજકારણનો દેખાવ


શાહીવાદ અને ફાસીવાદનો નિષેધ કરનારો દેખાવ પણ વિશ્વઈતિહાસની સીમા પર તરત જ દેખાયો. વિશ્વઈતિહાસનો જગત ક્રાંતિનો આ દેખાવ રશિયાની ધરતી પર સીમાસ્તંભ બનતો હતો. આ દેખાવનું ક્રાંતિરૂપ જગતના ઈતિહાસમાં પહેલીવાર મૂડીવાદી અને શહેનશાહતોની શાહીવાદી જીવનપ્રથાની કાયાપલટ કરી નાખતું હતું. ક્રાંતિની આ સામાજિક ક્રિયા કરનાર રશિયાનો માનવસમુદાય હતો. આ માનવસમુદાય સામાજિક ક્રાંતિ કરીને પોતાના એક દેશમાં મૂડીવાદી જીવન-પ્રથાનો, શાહીવાદી જીવનપ્રથાનો, અને સંસ્થાનિક જીવનપ્રથાનો અંત લાવતો હતો. ક્રાંતિનું આ જીવનસ્વરૂપ સામાજિક ઘટનાનું વર્ગવિહીન જીવનપ્રથાવાળું રૂપ ધડવા માગતું હતું. એનું નૂતન અર્થકારણ અથવા અર્થરૂપ પોતાની જીવન ઘટનામાંથી નફાખોર અર્થરૂપને ખતમ કરતું હતું તથા એનું રાજકિય સ્વરૂપ બીજા કોઈ પણ પ્રદેશને પરાધીન કે સંસ્થાન નહિ બનાવવાનું નૂતન સ્વરૂપ

ધારણ કરીને જગતના ઇતિહાસમાં પહેલીવાર વિશ્વ શાંતિની પરદેશ નીતિને અપનાવતું હતું. આવી જીવનઘટનામાં યુદ્ધ પછીનું એનું તાકીદનું સ્વરૂપ યુદ્ધે



ખુવાર કરેલા પોતાના દેશને પગભર બનાવવા માટે તથા તૂટી પડેલા તેના અર્થતંત્રની પૂનર્ઘટના કરવા માટે અને વિશ્વઇતિહાસમાં દેખાયેલી આ નૂતન સામાજિક ક્રાંતિને આરંભમાં જ કચડી નાંખવા માટે એના પોતાના પર ચઢી આવેલા શાહીવાદીઓનાં લશ્કરોને તથા દેશની અંદરનાં ક્રાન્તિ વિરોધી તત્ત્વોને પાછાં હઠાવવા માટે સરમુખત્યારશાહીનું બનતું હતું. **પરન્તુ સરમુખત્યારીના આ શાસનનું સ્વરૂપ લોકસમુદાયો અથવા શ્રમજીવીઓના રાજકીય પક્ષની સરમુખત્યારીવાળું હતું.**

લોકસમુદાયના મજુર વર્ગની સરમુખત્યારશાહીનું આ સ્વરૂપ ફાસીવાદી સરમુખત્યારશાહીથી બધી રીતે જુદું હતું. ફાસીવાદી સરમુખત્યારશાહીનો જન્મ ઈજારાવાદી મૂડીના આક્રમણખોર શાહીવાદમાંથી થયો હતો, જ્યારે આ સરમુખત્યારશાહીનો જન્મ રશિયાના શ્રમજીવીઓમાંથી થયો હતો. ફાસીવાદી સરમુખત્યારશાહીને ધારણ કરનારો વર્ગ ઈજારાવાદી શાહીવાદીઓના ફેસિસ્ટ નામના રાજકીય પક્ષોનો હતો, જ્યારે આ સરમુખત્યારશાહીને ધારણ કરતો આ રાજકીય પક્ષ અનેક વર્ષો સુધી શ્રમજીવીઓની લડતો લડીને અનેક અગ્નિ-પરીક્ષામાંથી પસાર થયેલો શ્રમજીવીઓનો સામ્યવાદી પક્ષ હતો.



રશિયાના આવા નવા રાજ્યતંત્રનો તંત્રવાહક ત્યાંના સામ્યવાદી પક્ષે તથા રશિયન ક્રાંતિના પિતા લેનિને પસંદ કરેલો ક્રાંતિનો અનુગામી સાથીદાર તથા પોલાદી મનોબળને પામેલો સ્ટેલિન નામનો મહાનુભાવ હતો. સ્ટેલિને પોતાની કારકીર્દીની શરૂઆતમાં જ ટ્રોટસ્કી નામના ક્રાંતિના મહાન નેતાનો સામનો કરવો પડ્યો, કારણ કે ટ્રોટસ્કીનું માનવું એવું હતું કે રશિયાએ રશિયન ક્રાંતિને જગતમાં ફેલાવવાનું ક્રાંતિનું આક્રમણ સ્વરૂપ ધારણ કરવું જોઈએ. ટ્રોટસ્કીના આ સિદ્ધાંત સામે લેનિન અને સ્ટેલિનનો સિદ્ધાંત એ હતો કે કોઈ પણ દેશમાં દરમિયાનગીરી કર્યા વિના એકલા રશિયામાં જ ક્રાંતિની જીવનઘટનાની સામાજિક આર્થિક અને રાજકીય રચના કરવી, તથા એક જ એવા રશિયામાં વર્ગવિહીન સમાજઘટનાનું નિર્માણ કરે તેવું શાસન શરૂ કરવું. જગતમાં મૂડીવાદી સમાજરચના અને સમાજવાદી સમાજ રચના જેવી બે પરસ્પર વિરોધી જીવન પ્રથાઓ એકબીજા પર આક્રમણ કર્યા વિના એક જગતમાં એકસાથે

જીવે એવી શાંતિની પરદેશ નીતિને ધારણ કરવી. આ સિદ્ધાંત પ્રમાણે સ્ટેલિનની પરદેશ નીતિએ લીગ ઓફ નેશન્સમાં, સભ્ય થવાનું પહેલું પગલું લીધું. એ પગલાંનો ટ્રોટસ્કીએ સખત વિરોધ કર્યો. આ સાથે જ સ્ટેલિનના આંતરરાજ્ય વલિવટે રશિયા ભરમાં ઔદ્યોગીક ક્રાતિને ફેલાવી દેવાની અને રશિયાની પછાત આર્થિક દશાને મૂડીવાદી દેશોની ઔદ્યોગીક ઘટના સુધી પહોંચાડી દેવાની પંચવર્ષીય યોજનાઓ શરૂ કરી. ટ્રોટસ્કીએ આ તમામનો પ્રખર વિરોધ કર્યો. એને પરિણામે સરમુખત્યારશાહીએ એને દેશવટો દીધો.

શાહીવાદી વિશ્વયુદ્ધ લઢીને જગતના પછાત અને પરાધીન પ્રદેશોની તથા



ગુલામ દેશોની નવેસરથી : વહેંચણી કરવાનું પહેલું વિશ્વયુદ્ધ લડનારા શાહીવાદી દેશોએ જે ઇચ્છ્યું નહોતું ને ધાર્યું પણ નહોતુ એવું શ્રમમાનવોની સરમુખ-ત્યારીનું રાજ્યનું વહિવટનું. સ્વરૂપ રૂસી ધરતી પર ધારણ થયું. આ સ્વરૂપે પોતાનો પહેલો મુદ્રાલેખ લખ્યો કે જગતભરના તમામ રાષ્ટ્રો માટે અમારૂં નવું રાજ્ય સમાનભાવે, આત્મનિર્ણયનો સિદ્ધાંત સ્વીકારે છે. આ નવા સોવિયેટ રાજ્યે પોતાના રાજ્યવહિવટના પહેલા પગલા તરીકે વિશ્વ-શાંતિની નૂતન પરદેશનીતિના શાહીવાદી વિરોધી રૂપની શરૂઆત કરી. ઝારના શાહીવાદી વહિવટ નીચે પરાધીન બનેલા ફીન્લેંડ, ઇસ્ટોનિયા, લેટવિયા, લીથુઆનિયા અને પોલેંડના પ્રદેશોને તેણે મુક્ત અથવા આઝાદ જાહેર કર્યા. રશિયાના રાજ્યવહિવટમાં જોડાયેલાં સોરયાલીસ્ટ રીપબ્લીકોમાં રશિયન ભાષા નહિ પણ પ્રાદેશીક ભાષાઓવાળાં સમાન દરજ્જાનાં વહિવટી ઘટકો શરૂ થઇ ગયાં. થોડાં જ વર્ષોમાં ૧૮ વર્ષની ઉંમરનાં તમામ સ્ત્રી પુરુષોને પૂર્ણ મતાધિકાર આપ-વામાં આવ્યો. આ નૂતન રાજ્યવહિવટના સ્વરૂપે સમસ્ત રૂસી ધરતી પર પ્રથમ પંકિતના કાર્યક્રમ તરીકે પહેલી પંચવર્ષિય યોજનામાં એકેએક સ્ત્રીપુરૂષ અને બાળક બાળકી માટે રોટી રહેઠાણ અને પોષાક આપવાની તથા સમાનભાવે અને ફરજીઆત રીતે શિક્ષણ આપવાની પ્રથમ પંકિતની બંધારણીય જાહેરાત કરી.

એક નૂતન જીવનપ્રથાનું રાજકીયરૂપ

ત્યારે આ બધી શાહીવાદી એવી : લોકશાહી સરકારોનું યુરોપમાં નવા જન્મેલાં બધાં રિપબ્લીકો ઉપર પહેલા વિશ્વયુદ્ધના વિજેતા બનેલા શાહીવાદી દેશોનું વર્ચસ્વ હતું. આ શાહીવાદી દેશોએ યુરોપનાં આખીજ બધાં રિપબ્લીકોની ઉપર પોતાની અસર જમાવી રાખી હતી.

પરંતુ નૂતન યુગનાં નવાં એંધાણ આપતું એક નવી જાતનું આ રિપબ્લીક "સોવિયટ સોશિયાલીસ્ટ રિપબ્લીકસ" નામનું અન્યું. આ રિપબ્લીકનો જન્મ વિશ્વયુદ્ધના અંતમાં થયો હતો, પરંતુ આ રિપબ્લીક ઉપર વિજય પામેલા શાહી-વાદીઓનો જરાપણ કાબૂ હતો નહીં. વિશ્વયુદ્ધ વખતે શાહીવાદીઓની વિજેતા બનનારી છાવણીઓમાં જ રશિયાનો શહેનશાહ ઝાર એક મિત્ર તરીકે સામેલ થયેલો હતો, છતાં વિશ્વયુદ્ધના અંતમાં જ આ શહેનશાહ વિજેતા શાહીવાદી ઓની છાવણીમાં વિજયની ઉજવણી કરવા માટે જીવતો રહી શક્યો નહીં. રશિ-યાના માનવસમુદાયે આ શહેનશાહને અને તેની શહેનશાહતને રશિયામાંથી ખતમ કરી નાખ્યાં. રશિયામાં વિશ્વઇતિહાસની પહેલી સામાજિક ક્રાંતિ થઇ. આ સામાજિક ક્રાંતિએ શહેનશાહતને પોતાના રાષ્ટ્રમાંથી ખતમ કરી નાખીને અને

તેની સાથે સાથે જ શાહીવાદી સરકારી પદ્ધતિ અને જીવનપદ્ધતિનો પોતાના રાષ્ટ્રમાંથી અંત લાવીને આંતરરાષ્ટ્રિય ક્રાંતિ કરી. આ ક્રાંતિનું રૂપ આંતરરાષ્ટ્રિય એટલા માટે બન્યું કે તેણે વિશ્વના ઇતિહાસમાં પહેલીવાર પોતાના દેશમાં મૂડીવાદી અથવા શાહીવાદી જીવનપદ્ધતિનો પહેલીવાર અંત આણ્યો. આ રીતે માનવજાતનાં જીવનમાં પહેલો જ વાર જીવનવ્યવહારનો કાનૂન મૂડીવાદનો નહીં, પરંતુ સમાજવાદનો બન્યો.

ફ્રેંચક્રાંતિ પછીનો, વિશ્વઇતિહાસનો ઈ. સ. ૧૯૧૭ માં બનેલો આ બનાવ વિશ્વઇતિહાસમાં સૌથી વધારે અગત્યના વિશ્વ બનાવ તરીકે અંકાઈ ગયો. વિશ્વક્રાંતિનો એવો જ અગત્યનો બનાવ ઈ. સ. ૧૭૮૯ માં ફ્રેંચ ક્રાંતિ નામનો બન્યો હતો. જગત ભરના જીવન વ્યવહારમાં જીવતરની પ્રથાનો નવો ચીલો પાડી દે તેવો તથા જીવનનાં મૂલ્યને નવો ઓપ આપી દે તેવો બનાવ જ્યારે ફ્રેંચ ક્રાંતિ નામનો બન્યો હતો, ત્યારે તેના તરફ જેવી સ્તુતિ અને નિંદાનાં તોફાનો ઉઠ્યાં હતાં તેવો જ ઝંઝાવાત આ ક્રાંતિ સામે શરૂ થઈ ગયો. ઇંગ્લેન્ડ, ફ્રાંસ, અમેરિકા, નામના શાહીવાદી દેશોની સરકારોનાં લશ્કરો આ ક્રાંતિને આરંભમાં જ કચડી નાખવા દોડવા માંડ્યા હતાં, પરંતુ ભરતીના પાણીને જેમ સાવરણાંથી વાળી શકાય નહીં તેમ શાહીવાદી જગતનાં આવા પ્રયત્નો ધૂળમાં રગદોળાઈ ગયા. અને રશિયાની ધરતી ઉપર માનવ જાતનાં જીવતરની ઉષાએ નવાં મંડાણ માંડી દીધાં

આ નવા જીવનનો ભગીરથ શ્રમ ખેડવાનું કામ નૂતન રૂસનાં માનવ સમૂદાયે શરૂ કર્યું. વિશ્વઇતિહાસના આ પ્રચંડ શ્રમકાર્યનો આગેવાન લેનિન નામનો હતો. અવિરત કાર્યમાં થાકયો પાકયો અને ઘવાયેલો એ ઈ. સ. ૧૯૨૪માં મરણ પામ્યો ત્યારે રૂસી માનવીનું પેલું વિરાટ કાર્ય હજુ તો શરૂ જ થયું હતું. આ કાર્યને આગળ ધપાવવા માટે લેનિનનાં સાથીદારો આગળ આવ્યાં, તેમાં એક ટ્રોટસ્કી અને બીજો સ્ટાલીન હતો. ટ્રોટસ્કી મધ્યમ વર્ગનાં એક યહુદી કુટુંબનો જન્મીને વિદ્યાપીઠનું શિક્ષણ પામેલો હતો. અને સ્ટાલીન મજૂર વર્ગમાંથી જન્મેલો તથા ક્રાંતિના પોલાદી માનવ તરીકે ઉપનામ પામેલો લેનિનનો ભેરૂબંધુ હતો. ટ્રોટસ્કીનો ક્રાંતિનો ખ્યાલ એવો હતો કે રશિયામાં શરૂ થયેલી ક્રાંતિને દુનિયા ભરમાંથી મૂડીવાદનો નાશ કરવા ફેલાવવા માંડવી. સ્ટાલીનનો ક્રાંતિનો કાર્યક્રમ જુદો હતો. એ માનતો હતો કે રશિયામાં શરૂ થયેલી સામાજિક ક્રાંતિને રશિયામાં જ પગભર બનાવીને રશિયાના જીવતરમાં જ ક્રાંતિની રચનાનું પોલાદી ચોકઠું રચી દેવું, તથા રશિયામાંથી બીજા દેશો પર ક્રાંતિનું આક્રમણ કરવા નીકળવું નહીં. લેનીન અને સ્ટાલીનના આ વ્યવહારૂ કાર્યક્રમનો સ્વીકાર થયો. એની વિશ્વ ક્રાંતિની આંતર રાષ્ટ્રિય સામાજિક જ્યોતનો પહેલો પ્રકાશ પાડનાર રૂસ દેશ "લીગ ઓફ નેશન્શ" નામની સંસ્થાનો સભ્ય પણ બન્યો.

નૂતન સંસ્કૃતિનું અર્થકારણ

યુરોપના બધા દેશોમાં રશિયા આર્થિક રીતે સૌથી પછાત દેશ હતો તથા ખેતીપ્રધાન દેશ હતો. પહેલા વિશ્વયુદ્ધમાં મિત્રરાજ્યોના પક્ષમાં ઝારની શહેનશાહતે એને યુદ્ધમાં સામેલ કર્યો. પછી વિશ્વયુદ્ધે એના અર્થકારણની કરોડ ભાંગી નાંખી. જ્યારે ક્રાંતિએ સત્તા હાથ કરી ત્યારે આર્થિક અવ્યવસ્થા અને અંધેર સંપૂર્ણ હતાં. ત્યારે રશિયાનો માનવસમુદાય ભૂખમરામાં હડસેલાઇ ચૂક્યો હતો. તે સમયે આ માનવસમુદાય નિરક્ષર હતો. અને ઉદ્યોગની દશા ખૂબ કંગાલ હતી. રશિયાના ઘણા પ્રદેશો પર લોકોએ એન્જીન પણ ત્યાંના દીઠું નહોતું તથા પછાત એવા પ્રદેશોમાં તેઓ માનતા હતા કે વિજળી નામનો દીવો જાદુઈ કરામત હોવી જોઈએ. આ અરસામાં લેનીન અને સ્ટેલિનની આર્ષ દૃષ્ટિએ જૂની અર્થઘટનાવાળી, મૂડિવાદી દુનિયા સાથે શાંતિની પરદેશનીતિ જાહેર કરી. તેમણે રશિયાનું નૂતનરૂપ ઘડવા માટે ઉદ્યોગની આરાધના શરૂ કરી. કાર્લમાર્કસ નામના મહાન વિશ્વ ચિંતકના આર્થિક સિદ્ધાંતો પર ક્રાંતની આર્થિક ઘટનાનો અહીં આરંભ થયો. આ ઘટનાનું મુખ્ય રૂપ યોજનાબદ્ધ અર્થ-તંત્રનું હતું તથા અર્થતંત્રનો વ્યવહાર સપ્લાય અને ડિમાન્ડનો નહોતો નફાખોર અર્થતંત્રનો આ નવી અર્થઘટનાનો અર્થવ્યવહારનો સંપૂર્ણપણે ઈન્કાર કરતો હતો. આ અર્થતંત્ર નીચે આર્થિક ઉત્પાદનનાં તમામ સાધનો રાજ્યની માલિકીનાં બનતાં હતાં તથા ઉત્પાદન અને વહેંચણીનો વહિવટ રાજ્યના કાબૂ નીચે આવતો હતો. આ રીતે આ નૂતન જીવનપ્રથાનો આર્થિક હેતુ મૂડીવાદનાં અનિષ્ટોને પામ્યા વિના જીવનપ્રથાનું સામાજિક સમાનતાવાળું રૂપ, ઔદ્યોગિકરૂપમાં રૂપાંતર કરવાનો હતો. જોસેફ સ્ટેલિને પોતાની તાકાતનો સંપુર્ણ ઉપયોગ રૂસી સમાજઘટનાની કાયાપલટ કરવા માટે કર્યો. આ સરમુખ્ત્યાર જીવનના, શ્વાસે શ્વાસે આ રૂપાંતર કરવાનો એક માત્ર આવેગ રટવા લાગ્યો. વિશ્વઇતિહાસના આ મહામાનવનું નિર્ણયરૂપ ઇતિહાસનો નિર્ણય બનીને તથા નિષ્ઠુર એવા જીવન સંજોગોમાં નિષ્ઠુર બનીને કાર્યવાહીનો અમલ કરવા મંડી પડ્યું. અને જગતના ઇતિહાસમાં બહુ જ થોડા સમયમાં અત્યાર સુધી કોઈ પણ દેશે નહિ કરેલી એવી ઔદ્યોગિક અને સામાજિક પ્રગતિ રૂસ દેશમાં નોંધાવા લાગી. ઇ. સ. ૧૯૨૦ સુધીમાં બહારના અને અંદરના ક્રાંતિ સામેના દુશ્મનોનાં આક્રમણોને પાછાં હટાવ્યા પછી પેલા પોલાદી માનવીની પોલાદી સરમુખ્ત્યારશાહી, જીવન ઘટનાની કાયાપલટ કરવા માટે કુદરત જેવી ક્રૂર બનીને મંડી પડી.

ઇ. સ. ૧૯૨૦થી ઇ. સ. ૧૯૩૪ સુધીના બહુ જ થોડા સમયમાં યુરોપના દેશોએ જે પ્રગતિ એક સૈકામાં પણ કરી નહોતી તેના કરતા અધિક

પ્રગતિ એણે કરી નાખી. એટલા સમયમાં લોખંડનું ઉત્પાદન અઢીગણું વધી ગયું. પોલાદનું ઉત્પાદન પણ એટલું જ વધ્યું. યંત્રો બનાવવાનાં કારખાનાઓ, તથા, કોલસાનું અને તેલનું ઉત્પાદન યુરોપના આગેવાન દેશોની હરિફાઈ કરી શકે તેટલું વધ્યું. જીવન પ્રથાના આ રૂપાંતરે પોતાનો પાયો વીજળીની તાકાત પર બાંધ્યો. આખા દેશ પર વિજળીને ઉત્પન્ન કરવાનાં કારખાનાં છવાઈ ગયાં અને સૌથી મોટું કારખાનું નિપર નદી પર બંધાવ્યું. એજ રીતે હજારો માઈલ પર નવી રેલ્વે દોડવા માંડી તથા આટલા જ સમયમાં ૨૧ હજાર નવાં એન્જીનો રશિયાએ બનાવ્યાં. જાતજોતામાં રશિયાની ભૂમિએ નૂતન જીવન પ્રથાનું નૂતન સ્વરૂપ જીવનનાં તમામ સ્વરૂપોમાં ધારણ કરવા માંડ્યું અને નૂતન અર્થ તંત્રના પાયા પર ઉભેલું સંસ્કૃતિનું આ રૂપ શિક્ષણ સંસ્કાર અને આરોગ્યના ધડતરમાં તથા સંસ્કારનાં તમામ સ્વરૂપોને સમસ્ત માનવ સમુદાયમાં વ્યાપક બનાવવામાં જગત ભરમાં અજોડ બન્યું.

સંસ્કારની આ ઘટનાને ધારણ કરનાર રૂસી રાજ્યક્રાંતિનો સ્વરૂપે પોતાની સમાજવાદી યોજનાઓના બધા ફાલને ટકાવી રાખવા માટે અને વિકસાવવા માટે પોતાની પરદેશ નીતિને ખૂબ ખંતપૂર્વક વિશ્વશાંતિની પરદેશ નીતિ બનાવવા મંડી. પરંતુ યુદ્ધ અને આક્રમણ જેની જીવનઘટનાનો એક માત્ર નિયમ છે તેવા શાહીવાદી દેશો આ નવી જીવન પ્રથાને અંદરથી ખતમ કરવા માટે અનેક કાવત્રાંઓ કરવા લાગ્યા. આવા કાવત્રાખોર શાહીવાદી દેશોની દરમિયાનગીરીમાં અમેરિકન શાહીવાદની દરમિયાનગીરી સૌથી મોટી અને વધારે જોખમકારક હતી. અમેરીકન શાહીવાદી સરકારે વિશ્વઇતિહાસના આ નૂતન ક્રાંતિવટી તંત્રવાળા દેશની સરકારનો ઈ. સ. ૧૯૩૩ સુધી સ્વીકાર કરવાની પણ ના પાડી. જગતની પ્રગતિને રૂંધી રાખનાર અને વિશ્વશાંતિ પર અણુબોંબના ધડાકા કરનાર એજ અમેરિકન શાહીવાદે ચીન નામના મહાન રાષ્ટ્રનો આજ સુધી સ્વીકાર કર્યો નથી. એટલું જ નહિ પરંતુ એ શાહીવાદે આજના રાષ્ટ્રસંઘ નામની આંતરરાષ્ટ્રિય ઘટનામાં પણ એશિયાના એ મહાન રાષ્ટ્રને પોતાની બહુમતિના જોર વડે સભ્ય પણ બનવા દીધું નથી.

પરંતુ ત્યારની એવી ભયંકર આંતરરાષ્ટ્રિય પરિસ્થિતિમાં રશિયાના સદ્ભાગ્યે તેને આવી પરિસ્થિતિનો મુકાબલો કરનાર પોલાદી સ્વરૂપની નિષ્ઠુર તાકાત ધારણ કરનારો સ્ટેલીન નામનો આગેવાન મળ્યો હતો. એણે યુરોપના દેશો સાથે મૈત્રી કેળવવાનો અને ટકાવી રાખવાનો બધો પ્રયત્ન ચાલુ રાખ્યો અને તે સાથે પોતાના દેશમાં નૂતન ઘડતર ઘડવાની ઝડપને વધારી દીધી. પરંતુ જ્યારે અમે-

રિકન શાહીવાદ આ નૂતન જીવન પ્રથાને અંદરથી તોડવાનાં કાવત્રાં કરાવતો હતો ત્યારે ઇટાલી અને જર્મનીના ફેસિસ્ટ સરકારનાં શાહીવાદી સ્વરૂપો રશિયા ઉપર બહારથી આક્રમણ કરવાની બધી તૈયારી કરતા હતા. આ તમામ તૈયારીઓ માટેનાં બધાં સાધનો અંગ્રેજી અને અમેરિકન શાહીવાદ પૂરાં પાડતા હતા. આવા કપરા કાળમાં પેલા સ્ટાલીન નામના પોલાદી માનવની રાહબરી નીચે રશિયન ક્રાંતિ અને તેણે ઘડેલાં જીવનવિકાસનાં તમામાં સ્વરૂપો સામે જૂના જગતનું શાહીવાદીરૂપ યુદ્ધનો જ શણગાર સજતું હતું.

વિશ્વના રાજકારણની પહેલી સંસ્થા, લીગ ઓફ નેશન્સ

૧૯૧૪–૧૮ નું વિશ્વયુદ્ધ વર્સેઇલ્સ મુકામે થયેલા તહનામા સાથે અંત પામ્યું ગણાય. યુદ્ધનો આ રીતે અંત આવ્યો છતાં આપણી દુનિયામાં યુદ્ધનાં જે કારણો સરજાયાં હતાં અથવા યુદ્ધની જે પરિસ્થિતી હતી તેનો અંત નહોતો આવ્યો. વર્સેઇલ્સ મૂકામે થયેલા સંધિ કરારોએ એવું નક્કી કર્યું કે જર્મનીનું રાજતંત્ર હવે રીપબ્લીકનું બનાવવું. આ ઉપરાંત હારેલા દેશોએ પછીથી નક્કી થાય તે પ્રમાણે યુદ્ધની નુકશાની ભરી આપવી. આ સંધિ કરારોમાં એમ પણ નક્કી થયું કે ભવિષ્યમાં યુદ્ધો ન થાય તેટલા માટે નિશસ્ત્રીકરણનો કાર્યક્રમ સરકારોએ અપનાવવો. પછી વર્સેઇલ્સ મૂકામે વિજેતા રાષ્ટ્રો અને તેમના મિત્રોની તરફેણમાં જગતના નકશામાં પ્રાદેશીક ફેરફારો કરવામાં આવ્યા. આ ફેરફારોએ થોડાંક નવાં રાજ્યોની બનાવટ કરી અને એ રાજ્યોમાં નવી સરકારો સ્થાપી. આ રીતે નવો નકશો તૈયાર કરવામાં આ વિજેતાઓએ રશિયાના જૂના પ્રદેશોમાંથી તથા ઓસ્ટ્રો હંગેરીયન પ્રદેશોમાંથી અને જર્મનીના જૂના સામ્રાજ્યોમાંથી ટૂકડા કોતરી કાઢ્યા. આ રીતે વર્સેઇલ્સના કરાર ઘડનાર વિજેતા શાહીવાદી દેશો એ દુનિયાનો નવો નકશો તૈયાર કર્યો. આ રીતે બનેલી નવી દુનિયાપર દેખરેખ રાખવા માટે તેમણે પોતાના વર્ચસ્વવાળી લીગ ઓફ નેશન્સ નામની સંસ્થાને જન્મ આપ્યો. આ સંસ્થાનો જન્મ પણ વિશ્વ યુદ્ધમાંથીજ થયો એમ કહી શકાય. આ સંસ્થાનું કામ દુનિયાના દેશો પરસ્પરના સંધિ કરારોનું પાલન કરે તેની દેખરેખ રાખવાનું તથા રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના ઝગડાઓને શાંતિથી પતાવવાનું હતું.

આ સંસ્થાના જન્મ સાથેજ અમેરીકાએ તેના સભ્ય બનવાની ના પાડી. આ સંસ્થાના સભ્યોમાં આંતરરાષ્ટ્રિય એકતા હતી નહિ તે વાત તેના આરંભમાંજ દેખાવા માંડી. આ સંસ્થામાં જોડાયેલા યુરોપના વિજેતા શાહીવાદી દેશોએ યુદ્ધ લડવામાં પોતાની બધી તિજોરીઓ ખરચી નાખી હતી અને એ સૌ

યુદ્ધ રચનાના શાહુકાર બનેલા યુનાઈટેડ સ્ટેટસના દેવાદાર બન્યા હતા. એમાં જોડાએલા બીજા દેશો પરાજય પામેલા દેશો હતા અને યુદ્ધમાં તેમણે પોતાનું બધુંજ ખર્ચી નાખ્યું હતું. યુરોપના દેશોની બનેલી આ લીગ ઓફ નેશન્સની સંસ્થાનું સ્વરૂપ દેવાળીઆઓની મંડળી જેવું હતું. આ બધા દેવાદારોનો એક માત્ર શાહુકાર અમેરીકન સરકાર હતી અને એણે યુરોપની આ યાદવાસ્થળીમાં મોતના વેપાર વડે અઢળક ધન પેદા કર્યું હતું.

વિજેતા શાહિવાદી દેશો અમેરીકન શાહુકારનું દેવું ચૂકવવા પરાજય પામેલા જર્મની અને બીજા પ્રદેશોનાં હાડપિંજરો પાસેથી જેટલું ઉઘરાવું વસૂલ કરે તેટલું દેવું તેઓ ચૂકવી શકે તેમ હતું. છતાં આવી પરિસ્થિતીમાં પણ બ્રિટન અને ફ્રાન્સના શાહીવાદી દેશો રશિયામાં શરૂ થએલી સામાજિક ક્રાંતિને ખતમ કરી નાખવા માટે પોતાનાં લશ્કરોને રશિયાની સરહદો પર દોડાવે જતા હતા અને વધારે દેવાદાર બનતા જતા હતા. વિશ્વયુદ્ધના અંતની આવી પરિસ્થિતી હતી ત્યારે વેરાન બનેલા યુરોપના સમયપત્રકની ઈ. સ. ૧૯૨૦ મા વરસના ઓગષ્ટ મહિનાની ૧૧ મી તારીખ ચાલતી હતી.

પહેલા વિશ્વયુદ્ધ પછીની યાદગાર તવારીખો

રશિયાની સામાજિક ક્રાન્તિ સામે લડાઈ ખેડવા નિકળેલા વિજેતા શાહીવાદિઓનાં પરાજય પામેલાં લશ્કરો જેમ જેમ પાછાં આવતાં ગયાં તેમ તેમ અંગ્રેજી અને ફ્રેન્ચ શાહિવાદ ને ઉહાપણુ આવતું ગયું અને તેમણે ૧૯૨૦ ના મેના ૩૧ મા દિવસે રશિયા સાથે એટલે રશિયાની નવી સોવિયેટ સરકાર સાથે વેપારી કરારો કર્યા. આ કરારો સામે ત્યારની યુરોપની દુનિયાના અમેરિકન શાહુકારે પોતાનો અણગમો જાહેર કર્યો અને સામાજિક ક્રાંતિવાળી આ નવી સરકારના અસ્તિત્વનો સ્વીકાર કરવાનો ઈનકાર કર્યો. અમેરીકન સરકારે એ સાથેજ ઈંગ્લેંડ અને ફ્રાન્સ પરની પોતાની ઉઘરાણી વધારે સખત કરવા માંડી. ફ્રેન્ચ સરકારે અમેરિકન સરકારનું દેવું ભરવા માટે જર્મની પાસે નિકળતી યુદ્ધની નુકસાની ભરપાઇ કરવા માટે ફરમાન કર્યું. જર્મનીએ નુકસાની ભરી શકવાની પોતાની અશક્તિ જાહેર કરી એટલે ફ્રેન્ચ સરકારે જર્મનીના રૂહર નામના કોલસાના ઉત્પાદનના પ્રદેશનો કબજો લેવા લશ્કર મોકલ્યું અને જર્મનીના એ આખા પ્રદેશપર કબજો લઇ લીધો. પરિણામે વર્સેલ્સના કરારમાં સર્જાયેલા જર્મન રિપબ્લીકની કરોડ ભાંગી ગઇ. આ રીતે શાહીવાદી વિજેતાઓએ પોતેજ જન્માવેલા, જર્મન રીપબ્લિક નામના બચ્ચા પર આઘાત કર્યો ત્યારે આ રીપબ્લિકની ઉંમર ૧૯૨૩ ની સાલની નાતાલમાં ત્રણજ વર્ષની થઇ હતી.


પહેલા વિશ્વયુદ્ધ પછી આ રીતે વિજેતા શાહીવાદીઓએ જેમાંથી બીજું વિશ્વયુદ્ધ રચાય એવી તારીખો રચવા માંડી. આ તવારીખોમાં લીગ ઓફ નેશન્સના ઇટાલી નામના સભ્યે ૧૯૨૩ ના સપ્ટેમ્બરના ૧૧ મા દિવસે જાહેરાત કરી કે પોતે લીગ ઓફ નેશન્સનું સભ્ય બન્યું ત્યારે ડાલમેન્શીયાનો એડ્રિઆટિક સમુદ્રનો કિનારાપ્રદેશ અમને મળશે એમ અમે ધાર્યું હતું, પરંતુ તે અમને મળ્યો નથી. લીગ ઓફ નેશન્સમાં આવી વાંધા અરજી નોંધાવનાર ઇટાલીનો મુસોલિની નામનો સરમુખત્યાર હતો. આ સરમુખત્યાર સભ્યે પોતાના વાંધાને મિટાવવા ફિયુમ નામના પ્રદેશ ઊપરનો હકદારી કબ્જો મેળવી લીધો. પોતાના સભ્યોની વચ્ચેના ઝગડાઓને અને દુનીયાના દેશોના સવાલોને શાંતિથી પતવવાનો હેતુ ધારણકરીને બેઠેલા લીગ ઓફ નેશન્સનું આ ધારણ મુસુલોનીના આ પગલાથી હચમચી ઉઠ્યું. લીગ ઓફ નેશન્સને પોતાની અંદર પેઠેલો ઇટાલી નામનો સભ્ય મ્યાન વિનાની તરવાર વાળો હતો તે વાતની ખાત્રી થઈ.

આ અરસામાંજ રહર પ્રદેશ જતો રહ્યા પછી હાઇપિંગ્રેશન પહેલા જર્મનીના રીપબ્લિકનું રૂપ અંદરના ભૂખમરામાંથી હચમચી ઉઠ્યું હતું. અંદરની આવી દશામાં ભૂખ, અપમાન અને અંદરના રોગચાળાઓમાંથી ખખડી ગયેલા જર્મનીના કલેવરમાં ક્રાંતિ વિરોધી અને પ્રગતિ વિરોધી ડિસંઘ સ્વરૂપો જન્મ પામતાં હતાં તથા શાહીવાદીઓએ ઘડેલા રીપબ્લીકનો નાશ જર્મનીની અંદરથીજ તેઓ કરવા લાગતા હતા. પહેલા વિશ્વયુદ્ધના વિજેતાઓએ જર્મનીની રચેલી કંગાળ દશામાંથી ફૂવાર બની ગયેલું જર્મનો હિડનબર્ગ નામના ઘરડા યુદ્ધ આગેવાન ને પોતાનો પ્રમુખ બનાવતું હતું ત્યારે વિશ્વયુદ્ધ પછીના જગતના કેલેન્ડરમાં ૧૯૨૩ ના એપ્રીલનો ૨૨ મો દિવસ બેસતો હતો.

લીગ ઓફ નેશન્સની દફનક્રિયા કરતું શાહીવાદી યુરોપ

વિશ્વ-ઇતિહાસના પંચાંગ પર હવે એક દશકો પસાર થઈ ગયો હતો. ઇ. સ. ૧૯૩૩ના ઓકટોબરના બીજા દિવસ નીચે એક લીટો મારીને હિટલરે જરમન ફાસીવાદી આગેવાની ધારણ કરીને જર્મન સરકારના નાઝીવડા તરીકે પોતે યુરોપની સભ્ય સરકારોને જણાવ્યું કે તમે હવે લીગના સભ્યો રહ્યાં નથી કારણ કે લીગ હવે શસ્ત્ર બન્યું છે. એણે કહ્યું કે ડાકુઓની મંડળી જેવા તમે આંતર રાષ્ટ્રિય રૂપમાં હવે કોઈ પણ વાત કરવાની સૌ માફીનામો. એણે સમજાવ્યું કે નિઃશસ્ત્રીકરણની વાત કરવી તે આજની દુનિયાના કુદરતના કાનૂનથી વિરોધી છે. એ સમજાવવા એણે આટલાં વરસોથી આ બાબતમાં મળેલી સ પૂર્ણ નિષ્ફળતાને સ્પષ્ટ કરી. એણે જાહેરાત કરી કે, વરસેલ્સ મુકામે થયેલા કરારમાંથી,

નિઃશસ્ત્રીકરણની વાત આજથી રદ થાય છે. પછી ઓકટોબરની ૧૪મીએ નાઝી સરકારની સરમુખત્યારી વતી હિટલરે જાહેરાત કરી કે, લીગ ઓફ નેશન્સ મરણ



પામી ચૂકી છે એટલે આજથી જરમની તેનું સભ્ય નથી, અને જરમનીનું ઐતિહાસિક કાર્ય જરમની શસ્ત્રસજ્જ બનીને શરૂ કરવા માગે છે. એણે આ કાર્યનું એક નામ, દુનિયામાં શરૂ થએલી સામાજિક ક્રાન્તિવાળી સમાજવાદી રૂસી સરકારને નાબૂદ કરી નાખવાનું છે એવું કહ્યું. એણે કહ્યું કે મારે તો સામ્યવાદનો રશિયાપર

આક્રમણ કરીને જ નાશ કરવો છે, પણ એમ કરવા માટે, યુરોપમાં નિઃશસ્ત્રીકરણની અવ્યવહારૂ વાતો કરતી મરણ પામેલી લીગ ઓફ નેશન્શના જીનેવામાં આવેલા ધરખટલાને અથવા ધરને, પણ સળગાવી મૂકવું પડશે તે વાતપણ એણે સ્પષ્ટ કરી.

બીજા વિશ્વયુદ્ધની રચાતી ભૂમિકા

દુનિયાની સરકારોએ શાંતિની રચના અને રક્ષણ કરવા માટે રચેલી, વર્સેલ્સના કરારોમાંથી જ શરૂ થયેલી "લીગ ઓફ નેશન્સ" ના મુખ્ય પાયા હવે ખોદાઈ જતા હોય તેમ લાગ્યું. આ પાયામાં ઉભેલી નિઃશસ્ત્રીકરણની બાબતને લીગ ઓફ નેશન્સના શાહીવાદી સભ્યોએજ નકારી કાઢયા પછી હિટલરે જાહેરાત કરી કે હું હવે સંપુર્ણ શસ્ત્રીકરણ કરવા માગું છું. વર્સેલ્સના કરારોએ ઘડેલો બીજો મુખ્ય મુદ્દો અંદર અંદરના રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના ઝઘડાઓને શાંતિથી પતવવાનો હતો પરંતુ એવી પતાવટ કરવાની આંતરરાષ્ટ્રિય જવાબદારી લીગ ઓફ નેશન્સના શાહીવાદી સભ્યોએ પોતાના વર્તન મારફત જ ફગાવી દીધી હતી. ફ્રાન્સે જર્મનીના રાહઇન પ્રદેશ પરતો કબજો લઇ લીધો હતો, અને ઇટાલીએ એડ્રિઆટીક સમુદ્રનો કિનારા પ્રદેશ પડાવી લીધો હતો. આ બનાવો સાથે જ હિટલરે લીગ ઓફ નેશન્સના સભ્યોને લીગ ઓફ નેશન્સને સમેટી લેવાની સૂચના કરી તથા પોતે લીગ ઓફ નેશન્સમાં નથી એમ માનીને તેણે બીજા વિશ્વયુદ્ધની તડામાર તૈયારીઓ કરવા માંડી. એણે જાહેર કર્યું કે હું જગતમાંથી સામ્યવાદનું નિકંદન કાઢી નાખવા માટે રશિયા ઉપર ચઢવા માંગું છું. લીગ ઓફ નેશન્સના શાહીવાદી સભ્યોને હિટલરનો આવો ઇરાદો ગમી ગયો, પરંતુ હિટલરને પગલે કદમ ઉઠાવવા તૈયાર થયેલા જપાનના શાહીવાદે અને મુસોલીની એ પણ પોતાની ક્રૂચ કદમ હિટલરની સાથે મિલાવીને પહેલે જ પગલે સામ્યવાદ પર નહીં પરન્તુ ચીન અને એબિસીનીયા પર આક્રમણ કર્યું. આ ઇટાલી અને જાપાન હિટલરના યુદ્ધચક્રની ધરી બનેલા દેશો હતા. જપાને લીગ ઓફ નેશન્સને પડકાર ફેંકે એવું પગલું ભરીને મંચુરિયા પર ચઢાઇ કરી. જાણે કંઇ બન્યું ન હોય તેમ લીગના શાહીવાદી સભ્યોએ મંચુરિયા પરની જાપાનની ચઢાઈને પસાર થઇ જવા માટે આંખો મીંચી દીધી. જપાનના આક્રમણે મંચુરિયાનો કબજો લેતાં પહેલાં લીગની કાયા ઉપર થઇને લીગના ઉદ્દેશોને કચડી નાખ્યા. આ બનાવોથી લીગ ઓફ નેશન્સ નામની આંતરરાષ્ટ્રીય સંસ્થાની કરોડ તૂટી ગઇ. જગતના દેશોએ ૧૯૩૩ના જાન્યુઆરીની ૧૯મી તારીખે ચીન રાષ્ટ્ર પરના આક્રમણમાં મંચુરિયા નામના તેના પ્રાંતને આઘાત પામીને કચડાઈ જતો દીઠો.

પછી ૧૯૩૪ના એપ્રીલની ૨૫મી તારીખે જાપાને નવી જાહેરાત કરી. એણે જાહેર કર્યું કે અમે મંચુરિયા આખો જીતી લીધો છે અને હવે એશિયાના દેશોમાં જીવનની નવી વ્યવસ્થા રચવાનું કામ ભગવાને અમને સોંપ્યું હોવાથી અમે આખા ચીનને જીતી લેવા માટે ચઢવાનો કાર્યક્રમ રચીયે છીએ. જાપાનની શાહીવાદી રચનાનો કાર્યક્રમ ચીન પર આક્રમણ કરવાનો હતો તે ૧૯૩૭ના ચોથા દિવસ સુધીમાં તૈયાર થઇ ગયો તથા જાપાને ચીન પર ચઢાઇ કરી.

ફાસીવાદી યુરોપનું યુદ્ધખોર સ્વરૂપ

જાપાને પોતાનો યુદ્ધનો કાર્યક્રમ મંચુરિયા પર ચઢાઇ કરીને આરંભ્યો, તે વખતે જ એણે લીગ ઓફ નેશન્શમાંથી રાજીનામું આપી દીધું. એ સમયે તરત જ નાઝી જર્મનીએ પોતાની લડાયક યુદ્ધનીતિની જાહેરાત કરી, તથા રશિયા પર આક્રમણ કરવાના પોતાના રસ્તામાંથી દૂર હઠી જવા માટે એણે યુરોપના બ્રિટન અને ફ્રાન્સ નામના શાહીવાદી દેશોને સૂચના કરી. એના જવાબમાં આ શાહીવાદી દેશોએ નાઝી જર્મનીનો પોતાના દરજ્જા સાથે સમાન દરજ્જે સ્વીકારીને યુરોપની સત્તામતીનો કરાર કરવા હિટલરની સરકારને આમંત્રણ આપ્યું. પરંતુ એવા કોઈ કરાર થઇ શકયા નહિ. એટલે સોવિયેટ રશિયાએ ૧૯૩૪ ના જૂનના ૨૦ મા દિવસે વિશ્વશાંતિ માટેની પોતાની પરદેશનીતિ જાહેર કરી. સોવિયેટ રશિયાએ જાહેર કર્યું કે અમારા ઉપર આક્રમણ કરવાનો ઇરાદો રાખનાર ઇટાલી અને જર્મની સાથે પણ અમે શાંતિ વ્યવહાર ચાલુ રાખવા માગીયે છીએ, તથા યુરોપના તમામ દેશો સાથે બીન આક્રમણકારી કરારો કરવા માંગીએ છીએ. રૂસની સ્ટેલિન સરકારની આ શાંતિ યોજનાનો હિટલરે ઇન્કાર કર્યો અને ઇંગ્લેંડ તથા ફ્રાન્સે આ યોજના પર ઠંડુ પાણી છાંટી દીધું. પરંતુ સોવિયેટ રશિયાની આ જાહેરાતને લીધે અને જર્મનીની યુદ્ધખોર તાકાતથી ગભરાઇને જર્મનીની પડોશી એવી ફ્રેંચ સરકારે સોવિયેટ રશિયાને લીગ ઓફ નેશન્શમાં સભ્ય બનવાનું આમંત્રણ આપ્યું. છેવટે રશિયાને લીગ ઓફ નેશન્શનું સભ્ય બનવા દીધું. પછી રશિયાએ ઝેકોસ્લોવેકિયા અને ફ્રાન્સ સાથે પરસ્પરના બીન આક્રમણકારી કરારો કરવાનો ઇરાદો જાહેર કર્યો અને ફ્રાન્સે જર્મનીને એવા કરારમાં જોડાવાનું આમંત્રણ આપ્યું. પરંતુ હિટલરે તેનો ઇન્કાર કર્યો, અને તરત જ ફાસીવાદી ધરીના મુસોલોની નામના સરમુખત્યારે ૧૯૩૫ના ફેબ્રુઆરીની ૧૫મીએ એબિસિનીયા પર ચઢાઇ કરી. મંચુરિયા પર ચઢાઇ કરતી વખતે જાપાને કરેલી જાહેરાતની જેમ ઇટાલીએ જાહેરાત કરી કે આફ્રિકાના જંગલી પ્રદેશમાં સંસ્કૃતિ લઈ જવા માટે અમે એબિસિનિયા પર ચઢીએ છીએ. ૧૯૩૫ ના ઓકટોબરની ૧૨મીએ એબિસીની-

યાનું પતન થયું. પોતાના આ પરાક્રમ માટે મુસોલોનીને અભિનંદન નહિ આપી શકવાને લીધે લીગ ઓફ નેશન્સનો તેણે બહિષ્કાર કર્યો. આ રીતે એબિસિનીયા અને મંચુરિયાના પતન વડે જગતની શાંતિને જાળવવા માટે કર્યું જ નહીં કરનાર, લીગ ઓફ નેશન્સનું પણ પતન સંપૂર્ણ થયું. આ બધાથી ચોંકી ઉઠીને બ્રિટન અને અમેરિકન સરકારે જાપાન સાથેનુ નૌકાતહનામું જે ૧૯૩૬ ના જાન્યુઆરીની ૧૭મીએ ખતમ થતું હતું તેને ફરીથી ઘડવા માટે જાપાન સાથેની પરિષદ યોજી તથા આ યુદ્ધખોરનો પ્રતિકાર કરવાને બદલે તેની ખુશામત શરૂ કરી. જાપાને આ પરિષદમાં જાહેર કર્યું કે બ્રિટન અને અમેરિકન સરકારનો બંનેનો ભેગો નૌકાકાફલો જેટલો છે તેટલો મોટો નૌકાકાફલો પોતાને બાંધવા દેવામાં આવે તોજ તે બ્રિટન અને અમેરિકા સાથે નૌકા કરાર કરવાને તૈયાર છે. એટલે કરાર થયો નહિ અને જાપાને પોતાના નૌકા કાફલાને આક્રમક યુદ્ધ માટે તૈયાર કરવા માંડયો.

બીજા વિશ્વયુદ્ધની તૈયારીની ભૂમિકા

હવે હિટલરને જરૂરી હતી તેવી ભૂમિકા રચાઈ ચૂકી હતી. આ ભૂમિકા પરથી નવાં નાઝી લશ્કરો આક્રમણની કવાયત કરવા માંડયાં. આખા જર્મની પર નાઝી અર્થકારણ, શસ્ત્રોના ઉદ્યોગથી ધમધમી ઉઠયું. જર્મની પર "કોન્સ્ક્રીપ્શન"ની ફરજીયાત ભરતી શરૂ થઇ ગઈ, તથા એકેએક નાઝી જર્મન જુવાન માટે લશ્કરી શિક્ષણ ફરજીઆત થયું. આ બધા સાથે વિશ્વ વિજય કરવાની જાહેરાત "મીન-કામ્ફ"નું નામ ધારણ કરીને જગતભરમાં જાહેર થઈ ચૂકયું. નાઝી જર્મનીની આ યુદ્ધયોજના હવે પહેલો કદમ ઉઠાવવાની તૈયારી કરતી હતી. એ કદમનો પ્રતિકાર કરી શકે તેવું વર્સેલ્સનું તહનામું અને "લીગ ઓફ નેશન્સ" નામની સંસ્થા હવે કાગળ પર જ જીવતાં હતાં. યુરોપના વિજેતા શાહીવાદોએ જાપાનના મંચુરિયા પરના આક્રમણને અને ઇટાલીના એબિસિનીયા પરના આક્રમણને વધાવી લઇને પોતાનો નીતિનાશ જાહેર કરી દીધો હતો. હિટલરને હવે બહાર નીકળવા માટે અનુકુળ સમય અને વાતાવરણ સર્જાઈ ચૂકયાં હતાં. એણે હવે ૧૯૩૬ ના માર્ચના ૧૬ મા દિવસે પોતાની યુદ્ધનીતિનું નામ શાંતિ યોજના રાખીને જાહેરાત કરી. આ શાંતિ યોજના એવી હતી કે ફ્રાન્સ અને બ્રિટને રશિયા સાથે કોઇ પણ કરાર કરવાને બદલે રશિયાપર ચઢાઈ કરવા માટે જર્મનીને શાંતિપૂર્વક રસ્તો આપવાનો કરાર કરવો જોઇએ. હિટલરે આ શાંતિ યોજનાને જાહેર કરીને રશિયા પર આક્રમણ કરવાના રસ્તા પરના પહેલા પગલા તરીકે ફ્રાન્સે પોતાનો પડાવી લીધેલો રાહ્યન પ્રદેશ પાછો માગ્યો. બીજા પગલા તરીકે એણે જર્મનીનાં જૂનાં સંસ્થાનો જે પહેલાં તેની

પાસેથી પડાવી લેવામાં આવ્યાં હતાં તે સંસ્થાનો પણ પાછા માંગ્યાં. સામ્યવાદ પર ચઢાઈ કરવા માટે આ સંસ્થાનો લીધા પછી જ જર્મની શકાય તેમ છે એમ તેણે કહ્યું. 'શાંતિની' આ જાહેરાત સાથે એણે રશિયા પર ચઢાઈ કરવાની પોતાની યોજનાનું નક્કર સ્વરૂપ ઇટાલી અને જાપાન સાથે સંધી કરાર કરીને પૂરવાર કર્યું. ઇટાલી જર્મની અને જાપાન એ ત્રણેય દેશોની "એન્ટીકોમીન્ટર્ન એકસીસ" અથવા સામ્યવાદ વિરોધી ધરીનું આ યુદ્ધખોર સ્વરૂપ બન્યું. આ ધરીની "શાંતિ" યોજના ૧૯૩૭ના માર્ચના પંદરમાં દિવસે બ્રિટન તથા ફ્રાન્સ પાસે બાહેંધરી માગવા લાગી કે જો બ્રિટન અને ફ્રાન્સ રશિયા સાથે કોઈ પણ કરાર કરવાને તૈયાર ન હોય તોજ યુરોપની શાંતિ સચવાઈ શકે તેમ છે, તથા પોતે શાંતિપૂર્વક સામ્યવાદી દુશ્મનનો નાશ કરી શકે તેમ છે. અંગ્રેજી ફ્રેંચ અને અમેરિકન શાહીવાદી વર્તનાઓ, સામ્યવાદનો નાશ નિરખવાના પોતાના ઇરાદા સાથે તથા સામ્યવાદનો નાશ કરવામાં, હરીફ એવી જર્મન, જાપાન અને ઇટાલીની ફાસીવાદી–સામ્રાજ્યવાદી વર્તના પણ થોડી જરૂર તેવી મુરાદ પૂર્વક શાંત બની જઈને આ બધો ભયાનક ઉત્પાત જોવા માંડી. આ પ્રમાણે જર્મનીએ બીજા વિશ્વયુદ્ધ માટેનાં જગતભર પર યુદ્ધ મચાવવાળી પોતાની ગોઠવણી કરવાનાં વ્યૂહાત્મક પગલાં અને તેવાં પગલાં માટેના રાજકારણનું રૂપ પૂરું કર્યું.

સ્પેઇનનો આંતરવિગ્રહ અથવા બીજા વિશ્વયુદ્ધનું રીહર્સલ

બીજી તરફથી ફ્રાન્સ અને બ્રિટનને શાંતિપૂર્વક પોતાને રશિયા પર આક્રમણ કરવાનો રસ્તો આપવાની યોજના રજુ કરીને હિટલર અને મુસોલોનિએ યુદ્ધના



વ્યૂહમાં ફ્રાન્સ અને બ્રિટનને આંતરી લેવાનું પગલું પણ ઉપાડયું. આ પગલા પડે તેમણે જનરલ ફ્રાંકો નામના પોતાના એક લશ્કરી ફેસિસ્ટ અગ્રણિયા મારફત સ્પેઇનની લોક-

શાહી સરકાર સામે બળવો જમાવ્યો. તેમાં એમણે પોતાની ટુકડીઓ અને

શસ્ત્રસજ્જ રવાના કર્યા. સ્પેઇનમાં આંતરવિગ્રહ સળગી ઉઠ્યો. અને લોકસમુદાયોની કતલ શરૂ થઈ ગઈ. સ્પેઇનનાં નગરો સળગવા માંડ્યાં તથા, સ્પેઇનની લોક શાહીનો સંહાર શરૂ થયો. હિટલર અને મુસોલીનીની મદદ વડે જનરલ ફ્રાંકો સ્પેઇનનો સરમુખત્યાર બન્યો. હિટલર અને મુસોલોનીએ કહ્યું કે રશિયામાં બોલ્શેવીઝમની સામે લડવા જતાં પહેલાં અમે સ્પેઇનની અંદરથી પણ બોલ્શેવિઝમનો નાશ કર્યો છે, તથા ત્યાં જનરલ ફ્રાંકો સરમુખત્યાર બન્યો છે. પરંતુ જર્મનીથી રશિયા જવાના રસ્તામાં સ્પેઇન આવતો નહોતો તેવી સૌને ખબર હતી. હિટલર અને મુસોલોનિએ સ્પેઇનમાં પોતાના જેવી ફેસિસ્ટિ સરકાર સ્થાપીને પશ્ચિમના લોકશાહી શાહીવાદોની પાછળ પીઠમાં પોતાનો લશ્કરી વ્યૂહ રચી દીધો હતો. એણે ખાસ કરીને બ્રિટિશ શહેનશાહતના જીબ્રાલ્ટરના મથકને આ રીતે ભયમાં મૂકી દીધું હતું. લીગ–ઓફ–નેશન્સે આ સ્પેનીશ લોકશાહીનું ખૂન થતું દેખ્યા કર્યું તથા આ બનાવે પણ લીગ ઓફ નેશન્સના નૈતિક અંકોડા તોડી નાખ્યા. આ રીતે હિટલરે નવાં પગલાંઓ લેવાની જોગવાઇ કરી દીધી. ઇંગ્લેંડ અને ફ્રાન્સે વિશ્વયુદ્ધના પડછાયામાં ફ્રાન્કોની સરમુખત્યારીને ઉમેરાતી દેખી.

છતાં યુદ્ધખોરોનીજ, ખુશી ખુશામત

પરંતુ શાહિવાદી ફાસિવાદને અટકાવવાની કોઇ નક્કર યોજના રચવાની હિમ્મત અને નૈતિક તાકાત પહેલા વિશ્વયુદ્ધમાં વિજય પામેલા આ શાહીવાદો હવે ગુમાવી બેઠા હતા. તેમણે બ્રિટિશ વડાપ્રધાન ચેંબરલેઇનની રાહબરી નીચે " એપીઝમેન્ટ " નામે જાણીતી બનેલી યુદ્ધખોર સરમુખત્યારોની ખુશી ખુશામત કરવાની પદ્ધત્તિ અખત્યાર કરી. બ્રિટન અને ફ્રાન્સના શાહિવાદોની આ શરમજનક દશા હતી, તથા તેમણે જે પોતાનું સામ્રાજ્ય બચી શકે તો, તે બચાવવા માટે, ફાસિવાદી સરમુખત્યારોને શરણે જવાનું સ્વીકાર્યું. આવી ખુશી ખુશામત અથવા શરણાગતીનો સ્વીકાર કરવા પાછળ છૂપાઇ રહેલી તેમના દીલની એક બૂરી દાનત એવી પણ હતી કે જો હિટલરનો યુદ્ધનો રાહ તેની જાહેરાત પ્રમાણે રશિયા પર ચઢે તો તેવા યુદ્ધમાં હિટલરનો અને રશિયાનો બંનેનો નાશ થઇ જાય. એમ થાય તો ત્યાર પછીથી અંદર અંદર લડીને થાકી ગયેલા ફાસિવાદ અને સામ્યવાદ પર પોતે પોતાના સંસ્થાનો સાચવવાની શરતોનો સ્વીકાર કરાવી શકે તથા એ રીતે, પોતાની સામ્રાજ્યવાદી જીંદગીને મરણ પામતી અટકાવીને જીવતદાન દઇ શકે. અંગ્રેજી–ફ્રેંચ અમેરિકન શાહીવાદની આ, ગણત્રી સાથે બ્રિટનની આગેવાની નીચે તેમણે " એપીઝમેન્ટ " અથવા ખુશામતનો રાહ ચાલુ રાખ્યો. ચેંબરલેઇન નામના વડાપ્રધાને આ રાહની યોજના ઘડી. એ યોજના પ્રમાણે બ્રિટનની સરકારે, ઇટાલીએ, કરેલી એબિસિનીયાની જીતનો સ્વીકાર કર્યો, તથા

ઇટાલી સાથે મિત્રાચારીના કરાર કર્યા. આ બીના ઇ. સ. ૧૯૩૮ના એપ્રીલની ૨૦ મી તારીખે બની. આ દરમિયાન હિટલરે ઓસ્ટ્રિયાના સરમુખત્યાર ડૉલ્ફસનું ખૂન કરાવીને એ પ્રદેશને ફાસિવાદી જર્મનની સાથે ભેળવી દીધો હતો. આ બધુંય જાણે એક પલકારામાં બની ગયું અને બ્રિટનની સરકારે ખુશી ખુશામતના બીજા પગલા તરીકે હિટલરના આ પગલાનો પણ સ્વીકાર કરી લીધો. જર્મનીનો લડાયક બ્યૂહ હવે એક કદમ આગળ વધવાની તૈયારી કરવા લાગ્યો. ઓસ્ટ્રિયાને ગળી ગયા પછી એણે ઝેકોસ્લોવાકિયા પર ઠંડું યુદ્ધ શરૂ કરી દીધું. બ્રિટન અને ફ્રાન્સે વિશ્વશાંતિની આગેવાની લઇને વર્સેલ્સના કરારોના પાયા તરીકે શાંતિ માટે, ઝેકોસ્લોવેકિયાની યુરોપમા પૂર્વ દરવાજાની ચાવી રૂપ, રચના કરી હતી. તેમણે તેને અનેક અભય વચનો પણ આપ્યાં હતાં. આજે લીગ ઓફ નેશન્સ અને વર્સેલ્સ કરારના મડા પર ઓડી દઇને ઉભેલો જર્મનીનો યુદ્ધખોર સરમુખત્યાર ઝેકોસ્લોવેકિયાના બેનીસ નામના પ્રમુખની આગેવાની નીચે, શાંતિમાં જીવતા લોકશાહીના માળાપર તરાપ મારવા તૈયાર થયો હતો તથા એ મહાનુભાવ પ્રમુખની લોકશાહી પર આક્રમણ કરવાની ભાષા બોલતો હતો. હિટલરે જાહેર કર્યું કે કે ઝેકોસ્લોવેકિયા પર થઇને જ હું સોવિયેટ રશિયા પર ચઢવા માગું છું.

પછી પેલી ખુશી ખુશામત કરનારી અપરાધી ટોળકીએ આ યુદ્ધના દેખાવ પર આંખો મીંચી દીધી. ઝેકોસ્લોવેકિયાની સરહદ પરજ ફ્રસ દેશની સરહદ લાગુ થતી હતી. ત્યારે રશિયાએ પોતાના પરદેશમંત્રી લીટવીનોફ લીગ ઓફ નેશન્સમાં રજુ કરેલી વિશ્વશાંતીની અભંગતાની વાત શાહીવાદી યુરોપને યાદ દેવડાવી.

વિશ્વશાંતિની એકતા અને અભંગતા

ફ્રસ દેશની સરકારે વિશ્વશાંતિની પરદેશનીતિ સ્ટેલિનની આગેવાની નીચે ધારણ કરી હતી. એ પરદેશનીતિનો રાહ વિશ્વશાંતિની અખંડતા અને અભંગતાનો હતો. રશિયાના પરદેશમંત્રી લીટ્વીનોફે લીગ ઓફ નેશન્સની બેઠકમાં આ પરદેશ નીતિ અનેકવાર સમજાવી હતી. વિશ્વશાંતિનું એ રાજકારણ એવું હતું કે જગતની શાંતિ એક અને અભંગ છે અને અભંગ રહેવી જોઇએ પણ જો તેનો નાશ દુનિયામાં કોઇપણ ઠેકાણે કરવામાં આવશે તો આખા વિશ્વની શાંતિનો નાશ થઇ જશે. હિટલર અને મુસોલોનિએ વિશ્વશાંતિની અખંડતાને તોડવાનો આરંભ કયારનોય કરી દીધો હતો. ફાસિવાદે એ રીતે વિશ્વયુદ્ધનો રાહ ધારણ કરી દીધો હતો. ચીન, ઓસ્ટ્રિયા, એબિસિનિયા અને સ્પેઇનની શાંતિનું પતન થઇ ચૂકયું હતું. યુદ્ધનો વ્યવહારજ, જેનું રાજકારણ હતું તે ફાસિવાદનું આક્રમણ હવે ઝેકોસ્લોવેકિયા પર આક્રમણ કરતું હતું.

ત્યારે સોવિયેટ રશિયાએ ફ્રાન્સ અને ઝેકોસ્લોવેકિયાની સરકારોને તેમની સાથે પોતાને થયેલા કરારની યાદ આપી. એ કરાર એ હતો કે ઝેકોસ્લોવાકિયા પર કે ફ્રાન્સ પર જો આક્રમણ થાય તો સોવિયેટ રશિયાએ તેની મદદે આવવું. સ્ટેલિનની સરકારે જાહેરાત કરીને કહ્યું કે નાઝી જર્મની ઝેકોસ્લોવેકિયા પર આક્રમણ કરે તો પોતે પોતાની બધી તાકાત સાથે ઝેકોસ્લોવેકિયાની મદદે આવવા તૈયાર છે. પરન્તુ ફ્રાન્સે મેલી મુરાદ રાખીને રશિયા સાથેનો આવો કરાર પાળવાનો ઇન્કાર કર્યો. આ યાદગાર જાહેરાતની બ્રિટન અને ફ્રાન્સે અવગણના કરી તથા સોવિયટ રશિયાની દરખાસ્તનો અસ્વીકાર કરવાનું દબાણ તેમણે ઝેકોસ્લોવેકિયા પર પણ આણ્યું. આ રીતે ઝેકોસ્લોવાકીયાએ પણ સોવિયેટ રશિયાની દરખાસ્તનો અસ્વીકાર કર્યો. પછી ચાર સત્તાઓની એક પરિષદ ઈ. સ. ૧૯૩૮ ના સપ્ટેમ્બરની ૩૦ મીએ મળી. આ પરિષદમાં જર્મનીના હિટલરે બ્રિટનના ચેમ્બરલેઇને ફ્રાન્સના દલાદીયરે અને ઇટાલિના મુસોલીનિએ યુરોપની શાંતિ જાળવવાની બાનગી મસલત કરી. આ મસલતમાં એમ નક્કિ થયું કે યુરોપની શાંતિ માટે સોવિયેટ રશિયાના સંબંધોને જતા કરવા તથા ઝેકોસ્લોવેકિયા પર થઇને હિટલરના યુદ્ધ યંત્રોને પસાર થવા દેવાં.

વિશ્વશાંતિનો ભંગ થઈ ચુકયો

હવે આ પગલાથી ઝેકોસ્લોવેકીયાનીજ નહીં પણ આખા વિશ્વની શાંતિનો ભંગ થઇ ચૂકયો. હિટલરનું આવું શરમજનક પગલું ફાસિવાદની ખુશો ખુશામત કરનારા યુરોપના શાહીવાદે સ્વીકારી લીધું. વિશ્વશાંતિના હવે ટૂકડા થવા માંડયા આ ટુકડા નીચે ઝેકોસ્લોવેકિયાનો પ્રદેશ પતન પામવાનો હતો અને વિશ્વયુધ્ધનાં યંત્રો એના શબ પર થઇને પસાર થવાનાં હતાં. ઈ. સ. ૧૯૩૮ ના અકટોબરના ત્રીજા દિવસે ઝેકોસ્લોવાકિયા નામનો યુરોપના પૂર્વ દરવાજાનો દેશ હિટલરના આક્રમણ નીચે પતન પામ્યો. આ આક્રમણ હિટલરે જાહેર કરેલી શાંતિ યોજના પ્રમાણે થયું હતું. અંદરથીજ પતન પામેલા આ રાષ્ટ્ર પર હિટલરનાં નાઝી લશ્કરોની રણગાડીઓ ગોઠવાઈ ગઈ, અને આ લોકશાહીનો પ્રમુખ બેનિસ દેશવટો પામીને જીવતો રહેવા માટે લંડનમાં આવી પહોંચ્યો. આ લંડન નામનું નગર ખુશી ખુશામતના રાજકારણનું શરમીંદુ બનેલું રાજનગર હતું. આ પાટનગરમાં જ એબિસિનિયા નામના પતન પામેલા દેશમાંથી હેઈલ સેલાસી નામનો શહેનશાહ, તથા ઓસ્ટ્રિયામાંથી પતન પામેલો સુસ્નિંગ, જીવતા રહેવા માટે આવી પહોંચ્યા હતા. હવે આ બે જણની સોબતમાં બેનિસ નામનો ઝેકોસ્લોવેકિયાનો પ્રમુખ ઉમેરાતો હતો.

[બીજું વિશ્વયુદ્ધ વહેલું આવ્યું–એક વિશ્વમાંની બે છાવણીઓ, સામ્યવાદ અને ફાસીવાદી શાહીવાદ–પોલેન્ડપર આક્રમણ અને બીજા વિશ્વયુદ્ધનો આરંભ—યુરોપનું પતન—]

વિશ્વયુદ્ધનો ઉપાડેલો કદમ, કયાં પડશે !

ઝેકોસ્લોવાકીયાના પતનનો દેખાવ, દેખતી જગતની શાહીવાદી ઘટનાનાં લોકશાહી અને ફાસીવાદ નામનાં બન્ને સ્વરૂપો એક બીજા પર શ્વાસ થભાવીને દેખતાં હતાં. ઝેકોસ્લોવાકીયાનું પતન સ્વીકારી લઈને વિશ્વની શાહીવાદી સરકારોનું અંગ્રેજ–ફ્રેન્ચ–અમેરિકન જૂથ હિટલરની રણગાડીઓ હવે રશિયા પર ઉતરી પડે તેનો આનંદ પામવાની ઘડીઓ ગણતું આતુર બન્યું હતું. પરંતુ ઝેકોસ્લોવાકીયાના શબ પર ઉભેલું, શાહીવાદી ફાસીવાદનું, હિટલરની આગેવાનીવાળું, જર્મન–ઇટલી–જાપાન,ની યુદ્ધ ધરી બનેલું બીજું જૂથ, પોતે, મ્યુનીચમાં પહેલા જૂથ સાથે કરેલા કરારો પ્રમાણે, વિશ્વશાહીવાદના જની દુશ્મન, જેવા અને જગતભરની આઝાદીના લાલ કિલ્લા બનેલા, જગતનાં શ્રમમાનવોના સામ્યવાદી ગઢ જેવા રશિયા પર એકદમ આક્રમણ કરવાને બદલે, પોલેન્ડ પર ઉતરી પડવાનું પગલું લેવા માંડયું.

આથી શાહીવાદીઓનું અંગ્રેજ–ફ્રેન્ચ–અમેરિકન જૂથ અથવા લોકશાહી શાહીવાદી જૂથ હિટલર સામે કોપથી કંપી ઉઠયું. આ જૂથવતી પોલેન્ડને તમામ મદદ કરવાનાં ખોટાં વચનો અંગ્રેજી શાહીવાદે આપવા માંડયાં. આ વચનોનો શોર સંભળાતો હિટલર અટ્ટહાસ્ય કરતો હતો, કારણ કે પોલેન્ડને કોઇ પણ રીતે કશી જ મદદ આપવાની હવે ભૌગોલિક સ્થિતિ જ હતી નહીં. હિટલરના સાણસા વચ્ચે પોલેન્ડ ઘેરાઈ ગયું હતું તથા પતન અને મોત શિવાય બીજો કોઈ માર્ગ પોલેન્ડ માટે હતો જ નહીં.

છતાં પણ ઇ. સ. ૧૯૩૯ ના એપ્રિલની ૫ મીએ સોવિયટ રશિયાએ અસાધારણ ધિરજ ધારણ કરીને હિટલરના ફાસીવાદની ખુશી ખુશામતના રાહને ધારણ કરનાર અને સંહારને શરણે જનાર યુરોપનાં અંગ્રેજ–ફ્રેંચ–અમેરિકન નામનાં શાહીવાદી રાષ્ટ્રોની એક તાકીદની પરિષદ યોજવાની હાકલ કરી. એમાં એણે બ્રિટન, ફ્રાન્સ, રશિયા. પોલેન્ડ રૂમાનીયા અને તુર્કસ્તાનની સરકારો ભાગ લે તથા, સામુદાયિક સલામતિના કરારો કરે તેવી સૂચના કરી. છતાં પણ અંધ એવા શાહીવાદી બ્રિટને આ દરખાસ્ત તરફ આંખો મીચી

દીધી અને પોલેન્ડને ખાત્રી આપી કે જો તમારા પર આક્રમણ થશે તો અમે તમારું રક્ષણ કરીશું. આ સાથેજ એપ્રિલની ૧૮મીએ, શાહીવાદી આગેવાન એવી અમેરીકન સરકારે સોવીયેટ રશીયાની શાંતિ દરખાસ્તને ટેકો આપવાને બદલે યુદ્ધખોર એવા હિટલરની સરકારને દરખાસ્ત મોકલી કે તમારા સવાલોનું શાંતિભર્યું નિરાકરણ થઇ શકે તેમ હોય તો અમે મદદ કરવા તૈયાર છીએ. હિટલરે આ સૂચના તરફ પગ અટ્ટહાસ્ય કરીને કહ્યું "આપના આભારી છીએ અમે!"

એમ યુરોપ ભરના ઉચાટના બે માસ વહી ગયા. ઝેકોસ્લોવાકીયાના શાસ પરથી હિટલરનો યુદ્ધ રાહ હવે પોલેન્ડ પર તાક માંડતો હતો અને રશિયાનો વિચાર કરતો હતો. ઝેકોસ્લોવાકીયા પરથી રશિયા પર આક્રમણ લઇ જવાના કાર્ય ક્રમ પહેલાં જર્મન, યુદ્ધનિષ્ણાત કલોસવીઝે લખેલું યુદ્ધશાસ્ત્ર એને યાદ આવતું હતું. એ યુદ્ધશાસ્ત્રનો પાયાનો સિદ્ધાંત એ હતો કે યુરોપ આખા પર લશ્કરી નિર્ણય મેળવ્યા વિના પૂર્વ સરહદ પર એટલે રશિયા પર આક્રમણ કરવું જ નહીં.

યુરોપપરના નિર્ણયનો હિટલરનો વ્યુહ

એણે યુરોપ પર નિર્ણય તો મેળવવા જ માંડયો હતો પણ હજુ સ્વીડન, ડેનમાર્ક, બેલ્જીઅમ, ફ્રાન્સ અને ઈંગ્લેંડપર એણે કાબુ મેળવ્યો નહોતો. યુરોપના એ મૂખ્ય દેશો હતા. તે પહેલાં રશિયા પર આક્રમણ કરવું એટલે મોતની ખોડમાં પેસવા જેવું હતું. નેપોલીયને આ પદાર્થપાઠ સૌને માટે યુદ્ધલડીને ભજવી બતાવ્યો હતો. હિટલરે એ પદાર્થપાઠનો અભ્યાસ કર્યો હતો. એટલે એણે નવો વ્યૂહ ધારણ કર્યો. એણે પોલેન્ડ પર ચઢતા પહેલાં સોવીયટ સાથે શ્વાસ-ખાવામાટેના મૈત્રી કરાર કરવાના પાસા ફેંકવા માંડયા સોવિયેટનો પણ જ્યારે, બ્રિટન ફ્રાન્સ અને અમેરિકાએ છળ કર્યો હતો ત્યારે, આ ફાસીવાદી જાની દુશ્મન સામેઆખરી યુદ્ધ ખેલવા માટે, રશિયા પણ શ્વાસ ખેંચવાની રાહત પામીને શ્વાસ લઇને, પગ ઠેરવવાની અને વ્યૂહ રચવાની જરૂર દેખતું હતું. બંને જાની દુશ્મનોની એક જાતની આવી યુદ્ધના વ્યૂહની એક સરખા જરૂરિયાતમાંથી બંને દુશ્મનો કામચલાઉ મૈત્રી કરાર કરવા સંમત થયા.

આ મૈત્રી કરારો દુશ્મનોની 'ટ્રસ' હતો

પરન્તુ આખા જગતને ખબર હતી કે, આ બે જાની દુશ્મનો વચ્ચે મૈત્રીના કોઇ પણ વ્યવહારની એક ટકો પણ શકયતા હતીજ નહીં. બન્નેની લડાયક જરૂરિયાતે, બંને વચ્ચેની કામચલાઉ ટ્રસ, અથવા લડાઇ દરમ્યાનની સલાહને શકય બનાવી. હિટલરે આ સલાહના સમય દરમ્યાન આખા યુરોપ

પર નિર્ણય મેળવવાનો વ્યૂહ રચ્યો, સ્ટાલીને પણ આ ફાસીવાદી દુશ્મન સામે પોતાને લડવું જ પડવાનું છે તેની સંપૂર્ણ ખાતરી સાથે સોવીયેટ સરકારવતી પોતાના લડાયક વ્યૂહનાં પગલાં ગોઠવવા કામચલાઉ સલાહને, આખરી યુદ્ધ પહેલાંનો સમય મેળવવા સ્વીકારી લીધી.

ઈ. સ. ૧૯૩૯ નો નવેંબર મહીનો


બીજા વિશ્વયુધ્ધની આવી શેતરંજના દાવ શરૂ થયા. આ દાવને દેખતા, બ્રિટનના અને ફ્રાન્સ તથા અમેરિકાના શાહીવાદીઓ પણ દાઝી ઉઠયા. એમણે ગોઠવેલી બાજી પ્રમાણે તો સ્ટાલીનની સામ્યવાદી સરકારના પ્રચંડ પરિબળ પર આક્રમણ કરવા જતા હિટલરને રશિયાના માર્ગે વળાવીને બન્નેનું કાસળ કઢાવી નાખવાનો તેમનો મેલો મનસુબો હતો. પરંતુ ઝેકોસ્લોવાકીયાના શસ્ત્ર પર થઇને હિટલરે રશિયાપર ચઢવાને બદલે પોલેન્ડપર ચઢાઇ કરી અને રશિયા પર આક્રમણ કરવાને બદલે તેની સાથે સલાહ કરીને, યુરોપના બીજા દેશોપર કબજો જમાવવાના યુદ્ધનો રાહ ધારણ કર્યો. પણ રશિયાની તાકાતે એને થંભાવી દીધો. પોલેન્ડપર હિટલરે ચઢાઇ કરી. વિશ્વયુદ્ધની શેતરંજ રમવા નીકળેલી, અને વિશ્વશાંતિનો છેહ કરી ચૂકેલી શાહીવાદીઓની એપીઝમેન્ટની રીત નકામી નિવડી. પોલેન્ડનું રક્ષણ કરી શકવાની હવે બ્રિટનને માટે કોઇ પણ શકયતા રહી નહોતી.

યુધ્ધના પગલા તરીકે, પણ મૈત્રીના કરારના નામમાં હિટલર અને સ્ટાલીને પોલેન્ડને અરધું અરધું વહેંચી લીધું. આખું જગત આ બંન્ને જાની દુશ્મનોના દાવ શ્વાસ થંભાવીને દેખી રહ્યું.

બીજું વિશ્વયુદ્ધ વહેલું આવ્યું.

હિટલરે પોતાના ફાસિવાદી રાજકારણને, આક્રમણ અને યુધ્ધની નીતિ પર ઘડયું તથા તેનો અમલ કરવા માટે સરમુખત્યારી સત્તા ધારણ કરી ત્યારે તેણે " મીનકાંફ " નામનો પોતાનો જીવનનો દસ્તાવેજ લખ્યો હતો. તેમાં એણે બીજા વિશ્વયુધ્ધની તારીખ માટે ઇ. સ. ૧૯૪૦ની સાલ મુકરર કરી હતી. પરંતુ યુધ્ધની આ રચનામાં વિશ્વઇતિહાસનાં બીજાં પરિબળો પણ કામ કરતાં હોય છે. આ પરિબળોમાં આગેવાન શાહીવાદી દેશો ઈંગ્લેંડ ફ્રાન્સ અને અમેરિકન શાહીવાદી દેશો હતા. એ પ્રમાણે વિશ્વયુધ્ધની જે રચના સમસ્ત રીતે તૈયાર થઈ તેણે વિશ્વયુધ્ધના બનાવને એક વર્ષ આગળ ધકેલી દીધો. વિશ્વયુધ્ધના આ બનાવની પાછળ મૂડીવાદી અર્થકારણ પણ હોય છે. મૂડીવાદી અર્થકારણની શાહીવાદી યુધ્ધખોર ઘટનાએ ૧લું વિશ્વયુધ્ધ

લડીને જગતની ખાનાખરાબી કરી નાખીને મૂડીવાદી અર્થતંત્રને આર્થિક આંધીના રસ્તાપર ચઢાવી દીધું હતું. જગત પર એ આંધી અર્થતંત્રના



નિયમ પ્રમાણે આવી પહોંચી. એ આંધીમાંથી ઉગરવાનો કોઇ સારો ઉપાય શાહીવાદી જગત પાસે નહોતો. યુદ્ધની શાહીવાદી ઘટના પાસે આર્થિક આંધી પાસેથી ઉગરવા માટે યુધ્ધ એજ ઉપાય હતો. જેવી રીતે પહેલા વિશ્વયુધ્ધ વખતે જર્મનીના કૈસરે જર્મનીના આર્થિક સવાલોનો ઉકેલ યુધ્ધ મારફત જ આણવાનો પ્રયત્ન કર્યો તે પ્રમાણે આ સમયે પણ કૈસરની મૂછોવાળા ચહેરામાં થોડોક ફેરફાર કરીને હિટલરનું મૂછાળું સ્વરૂપ કૈસરે અજમાવેલા ઉપાયને જ ધારણ કરીને યુધ્ધનો જાપ જપતું આવી પહોંચ્યું. આ સમયે પણ યુધ્ધને અટકાવવાનું કામ વિજેતા શાહીવાદીઓએ ધારણ કર્યું હતું. પરંતુ શાહીવાદની રચના જ એવી હોય છે કે તે વિશ્વશાંતિને નહિ પરંતુ યુધ્ધને જ ટેકો આપી શકે.

આ રીતે લીગ ઓફ નેશન્સે પણ વિશ્વશાંતિની જરૂરિયાત કાગળ ઉપર સ્વીકાર્યા પછી યુધ્ધની કાર્યવાહીને ચાલુ રાખી. વિશ્વશાંતિ માટે અનિવાર્ય રીતે જરૂરી હોય છે તેવી શાંતિની સંસ્થાઓની રચના લીગ ઓફ નેશન્સ કરી શકી નહિ. યુદ્ધને અટકાવવા માટે રાષ્ટ્રિય અને આંતર રાષ્ટ્રિય, આર્થિક અને રાજકીય સંસ્થાઓમાં અને તેની અર્થનીતિ તથા રાજનીતિમાં જે ફેરફારો અનિવાર્ય રીતે જરૂરી હોય છે તે ફેરફારો અને આક્રમણને અટકાવી દેવાનો હિંમતભર્યો નિર્ણય પણ લીગ ઓફ નેશન્સ દાખવી શકી નહિ.

આ કારણોસર આપણા જગતની માનવજાતને શાહીવાદીઓએ મહા-સંહારમાં ઉતારી દીધી. માનવજાતની આવી સામુદાયિક કતલ કરવા અને જગતભરનાં નગરોનો નાશ કરવાના તથા તેના અર્થતંત્રની ખાનાખરાબી કરી નાખવાના વિશ્વયુદ્ધ નામના બનાવને પોતાની સામે ધસી આવતો દેખતી ઇંગ્લેંડ ફ્રાન્સ અને અમેરિકાની શાહીવાદી સરકારો તેને અટકાવવા માટે જે રાજનૈતિક દૃઢતા બતાવવી જોઇએ તે બતાવી શકી નહિ. નીતિભ્રષ્ટતાની આવી શરમજનક કાયરતા દાખવીને તેણે " એપીઝમેન્ટ " નામની ફાસિવાદની ખુશી ખુશામત કરવાની રીતને ધારણ કરીને અને સોવિયેટ રશિયા સામેનો પોતાનો પાશવી ધિક્કાર જાળવી રાખીને તેમણે જાણી જુઈને અને અકકલ હુશિયારી-પૂર્વક વિશ્વસંસ્કૃતિ ઉપરની આ મહા આફતને ઉતરવા દીધી. બીજા વિશ્વ-યુધ્ધની આ મહા આફતને શરૂ કરવાનો અપરાધ જર્મન ફાસિવાદે ધારણ કર્યો. પરંતુ આ અપરાધી કાર્યવાહીની જવાબદારી મંચુરિયા પરના આક્રમણ-માંથી તથા ઇથોપ્યોપીયાને આપઘાત કરવાની ફરજ પાડનાર યુરોપના શાહીવાદોની " એપીઝમેન્ટ " નામની રાજનીતિને માથે મૂકી શકાય તેમ હતું. આ રીતે ઇ. સ. ૧૯૩૯ના નવેમ્બરમાં હિટલરે પોલેંડ પર આક્રમણ કરીને વિશ્વયુધ્ધનો આરંભ કર્યો.

એક વિશ્વમાં બે છાવણીઓ સામ્યવાદ અને ફાસીવાદ

એબીસીનીયાનું પાટનગર આદિસઅબાબા પડ્યુ હતું. ડાનઝીગ પડ્યું હતું. મેમેલ પડ્યું હતું. ઓસ્ટ્રીયા પડ્યો હતો. સુડેટન પ્રદેશનું પતન થયું હતું. ખંડિ-યર બનેલું સ્પેઇનનું પાટનગર માડ્રિડ લોહીલુહાણ બનીને પડ્યું હતું. માડ્રિડ પછી પ્રાહાનગરનો વારો આવ્યો હતો, અને ૧૯૩૮ ના માર્ચની ૧૫ મીએ પ્રાહાનગરમાં પાંચ, પાંચ મીનીટે પતન પૂકાર કરતું હતું 'જર્મનીનાં લશ્કરો ઝેકોસ્લોવાકનો કબજો લે છે ત્યારે...ઝેક લશ્કરોનું નિઃશસ્ત્રીકરણ થાય ત્યારે, કોઇએ કશો પ્રતિકાર કરવાનો નથી.' એવી શરણાગતિ ફાસીવાદને શરણે ગએલી ઝેક સરકાર જાહેર કરતી હતી. આખા દેશમાંથી હવે જર્મન લશ્કરવાદના પડછાયા સામે ઝેકજનતા પોતાનો ચહેરો હથેળીના ખોબાના અંધારામાં સંતાડતી હતી. ઝેક સંસ્કાર ચિત્કાર કરતો હતો. ઝેક દોલતના ગંજ જર્મન ફાસીવાદનાં આક્ર-મણ કબજે કરતાં હતાં. વિશ્વવિગ્રહની ધરીનાં ચક્રો ફરતાં થયાં હતાં. હવે એક પછી બીજાં મહાન નગરો પડવાનાં હતાં. મહાન રાષ્ટ્રોનું પતન થવાનું હતું.

ત્યારે કોઇપણ જગાએ શાંતિનો ભંગ થશે કે આખી દુનિયાની શાંતિ જોખમાઇ પડશે એમ વારંવાર કહેતા લીટવીનોવનો અવાજ અવગણતી ફ્રાન્સ

અને બ્રિટનની શાહીવાદી સરકારો પોતાની જાતને શાંતિ-ચાહક કહેવડાવીને, પોતાનાં હિતો પર જ ઘાડ આવે તેને શાંતિભંગ ગણીને નાઝીઓને સોવીયેટ યુનીયન પર ધકેલતી હતી. ઈ તિહાસ એ શાંતિના છળના બદલામાં વધારે કરપીણ એવી આવતી કાલની રચના કરતો હતો. એડોલ્ફ હિટલર હવે અંગ્રેજી શાહીવાદને કહાવતો હતો, "તમે જ લોકો પોલેન્ડને ઉશ્કેરો છો. તમે જ પોલેન્ડની વહારે ધાવાનું ખોટું વચન આપ્યું છે. અમે વોરસોની સરકારને ખબર આપી દીધા છે કે ત્યાં પોલેંડમાં અમારી જર્મન મહાપ્રજાનાં લશ્કરો પોલેન્ડની સરહદો ઓળંગી જશે." હિટલર પોલેન્ડ પર ચઢતો હતો. એ જર્મન ફ્રોરપોરલે પોતાની બધી વાતો પોતાની આત્મકથામાં લખી નાખી હતી. આજે એ મીન-કાંફના અક્ષરો યુરોપની ગરદન પદ કોતરવા નીકળતો હતો. પોલેન્ડ પર કબજો કરવાનો એનો બ્યૂહ તો હતો જ. એટલે છેવટે અંગ્રેજી અને ફ્રેંચ શાહીવાદી હિતો ભયમાં મુકાઈ ગયાં. અંગ્રેજી અને ફ્રેંચ શાહીવાદી સામ્રાજ્યોના પાયામાં પેલો એડોલ્ફ ઘા કરવા નીકળતો હતો, કારણ કે જર્મન સામ્રાજ્યનો ઝંડો એને આખી દુનિયા પર રોપવો હતો. એટલે યુરોપપર નિર્ણય લીધા વિના એનાથી રશિયા પર ચઢી શકાય તેમ નહોતું.

એક ચોંકાવનારો બનાવ

એટલે એક ચોંકાવનારો બનાવ બન્યો રશિયા અને જર્મનો બને બીન-આક્રમણકારી કરાર કરવા સંમત થયા. અંગ્રેજ, ફ્રેન્ચ અને અમેરિકન શાહીવાદનું રાજકારણ અહીં પરાજય પામ્યું. એકાએક એવો બનાવ બન્યો અને રશિયા જર્મની બન્ને બીનઆક્રમણ કરાર કરતાં દેખાયાં. નાઝી જર્મની સાથે એ કરાર પર રશિયાએ સહી કરી. ૧૯૩૯ ના માર્ચના ૩૧માં દિવસે પોતાના પાસા અવળા પડેલા દેખીને બ્રિટન પોલેન્ડને ધીરવણ અપતાં કહેતું હતું કે જર્મનીનું આક્રમણ તમારા પર આવશે કે અમે તમારી મદદે દોડયાં આવશું. એનો અર્થ હવે એટલો જ થયો હતો કે જર્મની જરા પણ આગળ વધશે કે અમે યુદ્ધ જાહેર કરશું. છેલ્લાં સાત જ વરસમાં મંચુકોને, એબિસીનિયાને, સ્પેઈનને, ઓસ્ટ્રીયાને તથા ઝેકો સ્લોવાકીયાને હાથપગ બાંધીને ફાસીવાદી શાહીવાદે આક્રમણ કરીને પતન પમાડયાં ત્યારથી શાંતિથી દેખ્યા કરનાર અંગ્રેજ, ફ્રેંચ, શાહીવાદ માટે હવે આખરે યુદ્ધ કરવા વિના બીજો કોઈ આરો રહ્યો નહોતો.

પોલેન્ડ પર જરમન આક્રમણ અને બીજા વિશ્વયુદ્ધનો આરંભ

૧૯૩૯ ના ઓગસ્ટની ૨૩ મી પછી અગીઆરમે દિવસે જર્મન લશ્કરોએ પોલીશ સરહદને ઓળંગી અને બ્રિટને તથા ફ્રાન્સે જર્મની સામે લડાઈ

જાહેર કરીને પેરીસના બચાવની તૈયારી કરી. જર્મનીએ અને રશિયાએ નક્કી કર્યા પ્રમાણે તેનું આક્રમણ અર્ધું પોલેન્ડ લઇને અટકી ગયું અને સપ્ટેંબરના ૧૭ મા દિવસે પૂર્વ તરફથી લાલ લશ્કરો પોલેન્ડની સરહદમાં પેઠાં તથા વખત આવે ત્યારે મુકાબલો કરવામાં દૂર ન રહી જવાય તે માટે જર્મન લશ્કરોની અડોઅડ છાવણી નાંખીને અરધા પોલેન્ડમાં પોલીશ જનતાની લોકસરકારની રચના કરીને પડાવ નાખ્યો. પોલેન્ડના બે વિભાગ થઈ ગયા, તથા જર્મન આક્રમણ અથવા ફાસાવાદી આક્રમણ સામે જ સોવિયટનો પ્રતિ આક્રમણ વ્યૂહ આરંભાયો. સ્ટાલીને પોતાનો વ્યૂહ શરૂ કર્યો, અને આખરીસંગ્રામ આવી પહોંચે તે પહેલાં એક પછી બીજા લશ્કરી વ્યૂહ ગોઠવવા મંડી પડયો. ઓકટોબરની ૨૮ મીએ એસ્થોનીયાની સરકારે સોવિયટ સરકારને ડાગોના ટાપુઓ પર અને ઓસેવી પર નાકાબંધી બાંધવાની રજા આપી અને બાલટીકનું બંદર સોંપી દીધું તથા ત્રીસહજાર સોવીયટ લડવૈયાનો ત્યાં મુકામ નાખવાની રજા આપી. પછી તરત જ સોવિયટ–લેટવિયન સરકારોના પરસ્પર મદદના કારાર થયા તથા લીબાઉ અને વીન્ડાઉ ખાતે લશ્કરી બાંધકામ કરવાનો છૂટ રશિયાને મળી, અને રશિયન લશ્કર માટે એરોડ્રોમ મળ્યા. ઓકટોબરમાં ત્યારપછી લીથુઆનીયાએ વીલ્હના નગર લાલલશ્કરના કબજા હેઠળ સોંપ્યું. જર્મન ફાસીવાદ સાથે લશ્કરી કરાર કરીને સોવિયટે એ જાની દુશ્મન સામેના અચૂક રીતે આવવાના આખરી જંગની તૈયારીનાં પગલાં લેવા માંડ્યાં.

એક પણ અવાજ કર્યા વિના, એક પણ ટીપું લોહી રેડ્યા વિના સ્ટેલીનનો મોરચો થાણાં જમાવી રહ્યો અને જર્મનીના નાઝી આગેવાનો માથું ખંજવાળતા હોઠ કરડી રહ્યા. પછી ૧૯૪૦ ના ડિસેંબરના બીજા દિવસે લેનીનગ્રાડના બચાવ માટે સ્ટાલીને ફીનલેન્ડની સરકાર પાસે પોતાના બંમણા પ્રદેશને સાટે થોડોક પ્રદેશ માગ્યો. અને જવાબમાં જનરલ મેનરહીમે સોવીયટ રશિયા સાથે લડાઈની તૈયારી બતાવી અને પરાજય વહોરી લીધો. સોવીયટે લીધેલું એ લશ્કરી પગલું પણ અચૂક આવી પહોંચતા, ફાસીવાદી આક્રમણ સામેનું જ લશ્કરી વ્યૂહનું અનિવાર્ય પગલું હતું.

યુરોપનું પતન

ઇ. સ. ૧૯૪૦ના જાન્યુઆરીની ૨૦મી સુધીમાં પતન પામેલા પોલેન્ડમાં હિટલરે સાફસુફી કરી નાખી. આ સાફસુફીમાં તેણે સામુદાયિક રીતે લોકોને વિંધી નાખ્યાં. પોલેંડના નાગરિકોને ઘરમાંથી બહાર કાઢી કાઢીને યુદ્ધના કેદીઓ

બનાવીને જર્મનીમાં ગુલામો તરીકે મજૂરી કરવા માટે તેણે એક લાખ ઉપરાંતનાં લોકોને મોકલી આપ્યાં. જર્મનીની શાહીવાદી સરમુખત્યારીએ વિશ્વયુદ્ધના પહેલા પગલાં તરીકે પોલેંડમાંથી ૩૦ લાખ યહૂદી નરનારીઓ અને બાળકોને નર્કાગાર નામે જાણીતા બનેલા લુબ્લીનના પ્રદેશની છાવણીઓમાં બંધાયેલાં મોતનાં કારખાનાંઓમાં યહુદી માનવોને નગ્ન કરીને તથા તેમના મોંઢામાંથી સોનાની દંતરેખાઓને કાઢી લઇને ભરણની ભઠ્ઠીઓમાં તેમને લાખોની સંખ્યામાં ભસ્મ કરી નાખવામાં આવ્યા. પછી તે રાખને જર્મનીમાં ખાતર બનવા માટે મોકલી આપવામાં આવી.

પછી યુરોપનું પતન શરૂ થઇ ગયું. હોલેન્ડ, ડેનમાર્ક, વિગેરે દેશો એક પછી એક હિટલરના ફાસીવાદી આક્રમણ નીચે તૂટી પડ્યા. આ રીતે હિટલરે શરૂ કરેલા બીજા વિશ્વયુદ્ધના બનાવોને ધ્યાનપૂર્વક દેખ્યા કરતો મુસોલીની પણ હવે યુદ્ધમાં ઉતરી પડ્યો. એની દૃષ્ટિએ હવે યુદ્ધમાં ઉતરવામાં નુકશાન ઓછું હતું ને ફાયદો ઘણો વધારે હતો. ઇંગ્લેન્ડ સિવાયના યુરોપના બધા દેશો પતન પામી ચૂકયા હતા. ફ્રાન્સ પડવાની હવે ઘડીઓ ગણાતી હતી. અંગ્રેજી લશ્કર ડંકર્કમાં ઘેરાઇ ગયુ હતું. એલ્જીયમનો રાજા લીયોપોલ્ડ મિત્ર રાજ્યોની સલાહ લીધા વિના જ હવે શરણે આવી ગયો હતો. ઇ. સ. ૧૯૪૦ નો જૂન મહિનો ત્યારે શરૂ થઇ ગયો હતો.

૧૯૪૦ના જૂનના ૨૧મા દિવસે મુસોલીનીએ જાહેર કર્યું કે "અફર એવો નિર્ણય લેવાનો સમય પાકી ચૂકયો છે." એવી જાહેરાત કરીને એણે ફ્રાન્સ અને બ્રિટન સામે યુદ્ધ જાહેર કર્યું. એનો ખ્યાલ એ હતો કે પરાજય પામવા માંડેલા ફ્રાન્સના પતન પછી અને ડંકર્કમાં બ્રિટનના લશ્કરનો સંહાર થયા પછી શરણે આવ્યા વિના બ્રિટનનો છૂટકો થવાનો નથી.

ફ્રેંચ સરકારે પેરિસ નગર છોડી દીધું. પેરિસ પર જ્યારે હિટલરની બોમ્બવર્ષા શરૂ થઇ ચૂકી હતી ત્યારે તેનું રક્ષણ કરનારી કોઇ સરકાર એ પાટનગરમાં હતી નહિ. ફ્રેંચ સરકાર વતી માર્શલ પેતાંએ, બીનસરતી શરણાગતિની દરખાસ્ત રજુ કરી. ફ્રાન્સનું પતન થયું અને હિટલર પોતે પતન પામેલા ફ્રાન્સના પાટનગરમાં આવી પહોંચ્યો. પહેલા વિશ્વયુધ્ધમાં જર્મનીનો પરાજય થયો હતો અને ફ્રાન્સનો વિજય થયો હતો, ત્યારપછી જર્મની સાથે બીનસરતી શરણાગતિના કરાર કોમ્પીન નામના જંગલમાં રેલ્લેના એક ડબ્બામાં થયા હતા. હિટલરે આવીને કોમ્પીનના એજ જંગલમાં જ્યાં જર્મનીએ ત્યાં શરણ સ્વિકાર્યું હતું ત્યાં જ ફ્રેંચ સરકારનું બીનશરતી શરણ સ્વિકારવાના

કરાર કર્યો. આ કરાર કરનારા ફ્રાન્સના વૃદ્ધ સરદારો માર્શલ પેતાં અને જનરલ વેગાં નામના હતા તથા લાવાલ નામનો જર્મનીની ખૂશી ખૂશામત કરનારો એક રાજકિય આગેવાન હતો. આ ત્રણેએ ૧૯૪૦ના જૂનની ૨૬ મી તારીખે ફ્રાન્સ રાષ્ટ્રને હિટલરના ગુલામ તરીકે સુપ્રત કર્યો. આ દરમ્યાનમાં ઈંગ્લેન્ડ પરની કટોકટી વધી ગઈ હતી. ફ્રાન્સમાં લડવા આવેલું અંગ્રેજી લશ્કર ડંકર્કના દરિયા કિનારા પર ઘેરાઈ ગયું હતું. એ કિનારાની એક બાજુએ પતન પામેલો ફ્રાન્સ દેશ પડયો હતો અને બીજી બાજુએ અંગ્રેજી દરિયાઈ ખાડીની પેલેપાર ઈંગ્લેંડનો કિનારો હતો. આ રીતે ઘેરાઈ ગયેલા અંગ્રેજી લશ્કરને માટે હિટલરને શરણે જવાનો અથવા તો દરિયાઇ ખાડીમાં ડૂબી મરવાનો એવા બેજ માર્ગો દેખાતા હતા. પરંતુ અંગ્રેજી હિંમતની નૈતિક તાકાત આ કટોકટીના સમયે દેખાવા માંડી. અંગ્રેજી ખલાસીઓ પોતાની પાસે જે કોઇ જહાજો કે હોડકાં હતાં તે લઈને ઉપરથી વરસતી હિટલરની બોમ્બ વર્ષા નીચે પોતાના સૈનિકોને બચાવવા નીકળી પડયા. ઉપરથી મોત વરસતું હતું ત્યારે જીવન મરણના આ જંગે અંગ્રેજી દરિયાઇ ખાડીને ગૌરવવંતી બનાવી. મોતનો સામનો કરીને અંગ્રેજી ખલાસીઓએ પોણા ભાગના લશ્કરને બચાવી લઈને અંગ્રેજી કિનારા પર ઉતારી દીધું અને બાકીનું લશ્કર મરણ પામ્યું.

આ રીતે આખા યુરોપ પર લશ્કરી નિર્ણય મેળવી લઈને હિટલરે ફ્રાન્સના કિનારા પરથી દરિયાઈ ખાડીને ઓળંગીને અંગ્રેજી કિનારા પર ગોળાઓ ફેંકી શકે તેવી તોપો ગોઠવી દીધી તથા ખાસ કરીને લંડન પર બોમ્બ વર્ષા કરવાની વિમાનો આક્રમણની યોજના ઘડી દીધી. બ્રિટનનું બખ્તર એક આદમીની જેમ રાષ્ટ્ર એકતા ઘડીને સળગી ઉઠયું. બ્રિટનની પ્રજાએ અગ્નિ પરિક્ષામાંથી પસાર થવાનું નક્કી કર્યું. એણે શરણ જવા કરતાં મોત પામવાનો અને મોતનો મુકાબલો કરવાનો નિર્ધાર કર્યો. આ નિર્ધારનો અમલ કરવાની જવાબદારી ચર્ચીલ નામના લોખંડી આગેવાને સ્વીકારી. એણે અંગ્રેજી રાષ્ટ્રના અણનમ બખ્તર પરથી અંગ્રેજી પ્રજા જોગ હિટલર સામે પડકાર ફેંકયો. આ રીતે હિટલર અને મુસોલીનીની ધારણા અંગ્રેજી પ્રજાએ ખોટી પાડી, તથા પતન પામેલા આખા યુરોપ ખંડમાં ઈંગ્લેંડ નામનો એક જ દેશ અણનમ ઉભો.

ત્યારે એ દેશ પર દિવસ રાત બોમ્બ વર્ષાનો યુદ્ધનો કાર્યક્રમ યોજીને ફ્રાન્સને સંપૂર્ણ ગુલામ બનાવીને ફ્રાન્સના જીવનવ્યવહારની એકેએક સંસ્થામાંથી 'લીબર્ટી ઈકવેલીટી અને ફ્રેટરનીટી' નામના લોકશાહીના સિદ્ધાંતોને ખતમ કરી નાખીને હિટલરે આખા યુરોપમાંથી આયુધો અંગેસામગ્રીઓ એકઠી કરીને

તથા યુરોપમાંથી નવાં લશ્કરો જમાવીને રશિયા પર આખરી આક્રમણ લઈ જવાની તડામાર તૈયારીઓ કરવા માંડી.

સોવિયેટ રશિયા પર આક્રમણ કરવાની વ્યૂહ રચના

રશિયાની સરહદ પરના ઝેકોસ્લોવેકિયા પર પગ ગોઠવીને તથા પોલેન્ડનો કબજો કરીને અને ત્યાર પછી ઇંગ્લેન્ડ સિવાયના આખા યુરોપ પર કબજો મેળવીને તથા આખા યુરોપખંડનાં સાધનસામગ્રી, શસ્ત્રસાજ તથા લશ્કરો એકઠાં કરીને હિટલરે હવે રૂમાનીયા પર પણ કબજો મેળવી લીધો હતો તથા એ રીતે કાળા સમુદ્રનો પાસે તથા રશીયાની દક્ષિણ સરહદ તરફ હિટલરે પોતાની લશ્કરી હિલચાલ શરૂ કરી હતી. આ હિલચાલના જવાબમાંજ હોય તે પ્રમાણે સ્ટેલીને એટલી જ શાંતીપૂર્વક ક્રાંતી સમયે રૂમાનીયાને પોતે સોંપી દીધેલા બીસારેબીયા તથા ઉત્તરબુકોવીના નામના બે પ્રાંતોનો કબજો કરી લીધો હતો અને હીટલરના પગલાં સામે પોતાનાં બ્યૂહાત્મક પગલાં ભરવા માંડયાં હતાં. એણે હીટલર સામે આવી પહોંચવાના ભયાનક સંગ્રામનો ખ્યાલ રાખીને પોતાનો વ્યૂહ કયારનોય શરૂ કરી દીધો હતો.

આ પગલાં તરીકે સ્ટેલિને એસ્થોનિયા, લેટવિયા, લીથુઆનિયા નામના ત્રણ બાલ્ટીક પ્રદેશો પાસે પોતાને નાકામથકો અને હવાઈ મથકો આપવા માટેની માગણી મેળવી લીધી હતી અને તરતજ લશ્કરી રાહે તે મથકોનો કબજો લઈ લીધો હતો. એક વખતના ઝારની હકૂમત નીચેના આ ત્રણેય પ્રદેશો જે ક્રાંતિ સમયે સોવીયટ રશિયાએ આઝાદી આપી દીધા પછી આજે ૧૯૪૦ના ફેબ્રુઆરીની ૨૭મી તારીખે હિટલર સામેનો વ્યૂહ રચવા માટે આ અતિ અગત્યનું પગલું લેવું પડયું હતું. બીજું એવું જ પગલું એણે શાહીવાદની ઓડ બનેલા ફિનલેન્ડ પર આક્રમણ કરીને લીધું, અને ફિન્લેંડના મથકોનો કબજો પણ લીધો. એજ રીતે હીટલરે પણ રશિયા ઉપર આખરી આક્રમણ કરતાં પહેલાં યુરોપના દેશો પર લશ્કરી કબજો અથવા નિર્ણય મેળવવાની કાર્યવાહી શરૂ કરી દીધી હતી, તથા એણે ડેન્માર્ક અને નોર્વે પર આક્રમણ કર્યું હતું. ડેન્માર્ક અંદરથી ખતમ થઈને હીટલરના પગ પાસે ઢળી પડયું હતું અને હીટલરનું વીજળીક આક્રમણ નોર્વેની સરહદ ઓળંગી ગયું હતું. ઇ. સ. ૧૯૪૦ ના એપ્રિલની ૨૫મીએ ડેન્માર્ક અને નોર્વે નામના બે દેશો પર હિટલરનો લશ્કરી કબજો બેસી ગયો હતો. તરતજ હીટલરે હોલેંડ પર આક્રમણ કર્યું તથા હોલેંડ પર આકાશમાંથી બોંબ વર્ષા કરીને એણે મેની ૧૭મી સુધીમાં એ રાષ્ટ્રનું પણ પતન કરી નાંખ્યું. ત્યાર પછી નાઝી આક્રમણની રણગાડીઓ

બેલ્જિયમને પાછળથી પાડી નાંખીને ફ્રાન્સનું પતન કરવા દોડી ગઈ હતી. નાઝી યુદ્ધ યંત્રના મારા નીચે બેલ્જિયમ પર થઈને માનવ સંહારનો આક્રમક ધસારો ફ્લેન્ડર્સ તરફ આગળ વધ્યો હતો. નાઝી લશ્કરવાદની ટેંકો અને મોટર-સાયકલોના ખૂનખાર ધસારાએ ફ્લેન્ડર્સમાં થઈને વિજળીક વેગ ધારણ કરીને ફ્રેન્ચ લશ્કરની હરોળોને બે ભાગમાં ચીરી નાખીને ફ્રાન્સ દેશને પણ પતન પમાડી દીધો હતો.

આખા જગત પર યુદ્ધ ફેલાયું

ફ્રાન્સના પતન સાથેજ, પરાજીત ફ્રાન્સનાં આફ્રિકાનાં સંસ્થાનો પર ઈટાલીએ કબજો કરી લીધો. આફ્રિકાપર અને ભૂમધ્યમાં બ્રિટન સાથે યુદ્ધ કરવાની જવાબદારી ઈટાલીએ સ્વીકારી તથા જરમનીએ બ્રિટનપર આક્રમણ કરવાનો હવાઈજંગ ખેલવા માંડ્યો. જૂનમાં (૧૯૪૦) અધવચમાં ફ્રાન્સનો પરાજય કર્યા પછી ઘેરાઈ ગએલા બ્રિટનને બેજ મહીનામાં શરણે આવવાની ફરજ પાડવાની ધારણા સાથે હિટલરે બ્રિટનપર બોંબમારો શરૂ કર્યો અને ઓગ-સ્ટની ૧૫મી એ પોતે લંડનમાં વિજય પ્રવેશ કરશે તેવી જાહેરાત કરી.

પરન્તુ આખા જગતની પ્રશંસાને લાયક એવી પોલાદી હિંમતને ધારણ કરીને લંડનપર વરસતા મોતનો સામનો કરીને લંડનનાં નાગરિકો એ ભોમ ભિતર આશ્રયોમાં અનેક રાત્રિઓ પસાર કરવા માંડી, અને હિટલરે મુકરર કરેલો ઓગસ્ટનો ૧૫મો દિવસ પસાર થઈ ગયો.

આ પછી તરત જ ઇંગ્લેંડ પર દિવસ રાત હિટલરના બોંબરોએ મોત વરસાવવા માંડ્યું. ઇંગ્લેંડનો પડખે પોતાનાં તમામ, સાધનો સુપ્રત કરવાની અમેરિકાએ જાહેરાત કરી. અમેરિકા અને બ્રિટનનાં નસીબ એક સાથે બંધા-યલાં છે એમ ચરચીલે કહ્યું. અમેરિકાએ આ વિશ્વયુધ્ધમાં પોતે યુધ્ધ જાહેર કરવા પહેલાં ઇંગ્લેંડની તરફદારી, સાધન સામગ્રી આપવા માંડીને શરૂ કરી દીધી.

ત્યારે આ તરફ જરમનીને પક્ષે જાપાને પણ યુદ્ધમાં ઉતરવાની તૈયારીઓ કરવા માંડી. ઈટાલી અને જર્મનીની ફાસીવાદી ધરીએ જાપાનને ફ્રાન્સનું ઇન્ડો–ચીન નામનું સંસ્થાન ભેટ આપ્યું. ઇન્ડોચીનમાં થઈને ચીનપર આક્રમણ કરવાનાં તથા ચીનમાં જતી અમેરિકા અને બ્રિટનની સાધનસામગ્રી રોકવાનાં નૌકામથકો તથા હવાઈ મથકો પર કબજો કરવાનાં પગલાં જાપાન લઈ શકે તેમ હતું. આ રીતે પાસિફિક મહાસાગરમાં બ્રિટન તથા અમેરિકાને જાપાન હંફાવી શકે તેમ હતું.

આ બધી યોજનાને નક્કરરૂપ આપવા જરમની, ઇટાલી અને જપાનની પરિષદ મળી. આ પરિષદમાં આખી દુનિયા પર ડોકી બેસાડવાની ફાસીવાદી નૂતન રચનાનો આકાર ઘડાયો. આ નવી રચનાએ આખા જગતને ત્રણ ટુકડામાં વહેંચી લીધું. આ રચનાએ યુરોપના તમામ દેશોપર અને બ્રિટન પર જરમનીની માલીકી સ્વીકારી. આખો આફ્રિકાખંડ મુસોલીનીની માલીકી માટે નક્કી થયો અને દૂરપૂર્વના, ચીન અને ભારત જેવા દેશોપર જાપાનનું સ્વામીત્વ રચવાનું નક્કી થયું.

આ નવી રચનાનું બંધારણ રાખીને હવે જરમન–ઇટાલી–જપાનની યુદ્ધ ધરી ઘડાઈ, અને યુદ્ધ પછી પોતાને મળવાની શાહેનશાહતો અથવા સામ્રાજ્યોનાં સ્વપ્નો, હિટલર–મુસોલીનીને અને જાપાની શહેનશાહતને આવવા લાગ્યાં આ રીતે, ઇ. સ.નું ૧૯૪૦ મું વરસ અંત પામવા લાગ્યું. પરંતુ ઓટલા સમયમાં, મુસોલીનીના લડવયા આગળ વધી શકતા નહોતા.આફ્રિકાનો સરતાજ બનવા માગનારો મુસોલીનીનો પગ આફ્રિકાના રણની રેતીમાં ભરાઈ પડયો હતો.

વિશ્વનગર લંડનની અગ્નિ પરિક્ષા

હિટલર જેવો હિટલર પણ ફ્રાન્સને કિનારેથી દુર્બિન માંડીને લંડનના



પતનને દેખવા નજર તાણ્યા કરતો હતો. અંગ્રેજ પ્રજાનો આ નાનો સરખો ટાપુ હવે એની આંખનો કણો બન્યો હતો. આ ટાપુ પર એની સબમરીનોએ

ભરડો ઘાલ્યો હતો. આ ટાપુને આંતરીને એનાં બોંબરો કાળો કેર વરતાવતાં હતાં. તોય લંડન પરથી શરણાગતિ માગતો એકે ઝંડો ઉંચો થતો ન હોતો.

કારણ કે યુદ્ધને જાહેર કર્યા વિનાજ અમેરિકન સરકાર મરણીયા બનેલા આ લંડન નામના વિશ્વનગરનું લાલન પાલન કરતી હતી. અમેરિકા જેવો સમૃદ્ધ દેશ એને બધો શસ્ત્રસાજ અને સાધન સામગ્રી પુરાં પાડતો હતો. લંડનમાં અમેરિકન રૂપ હિટલરને પોતાની સામેના અપશુકન જેવું જણાતું હતું.

લંડન પર ચિંતા ભરી નજર નાખતો ફાસીવાદી યુદ્ધ ધરીનો સંવાહક હિટલર ઉભો હતો. બ્રિટ જો પડે તો તરત જ એ રશિયા પર તૂટી પડે તેવી એની યુદ્ધધરીની યોજના હતી. બ્રિટને શરણે આવવાનો ઇન્કાર કર્યો હતો. બ્રિટને શરણે આવવાનો ઇન્કાર કરીને અને આઝાદ જીવનની રાષ્ટ્રનીતિને ધારણ કરીને નાઝી યુદ્ધયંત્રોનાં આગળ વધતાં ચક્રોને થંભાવી દીધાં હતાં. લંડન વિશ્વનગર બનતું હતું. લંડનની અગ્નિપરીક્ષાને અમેરિકન કુમક મળતી હતી. વિશ્વયુદ્ધના ફાસીવાદી વ્યૂહની વચ્ચોવચ પડેલા આ વિશ્વનગરે ધરી આક્રમણ પછી જગતને વહેંચી લેવાની નવી રચનાને પાછી પાડી દીધી હતી. રશિયા પર આક્રમણ કરીને, રશિયાને તારાજ કરી નાખીને, પશ્ચિમમાંથી જાપાન, પૂર્વમાંથી આખુ હિટલરનું યુરોપ ફાસીવાદી નવી રચના માટે અમેરિકા પર તૂટી પડવાનું હતું તે બધું લંડનનગર પર પર થંભી ગયું હતું.


યુરોપનાં પતન પામેલાં રાષ્ટ્રોની આઝાદીની સ્મૃતિને ધારણ કરી રાખીને યુરોપનાં પાટનગરોની પતન પામી ગએલી સરકારો સારો દિવસ ઉગવાની આશાનું રટણ કરતી, આ લંડનનગરમાં આશરો શોધતી આવીને રહી હતી. આ સૌની એક ઢાલ બનેલું પાર્લામેન્ટોની માતાનું આ નગર યુરોપીયનગર બનીને હિટલરનાં બોંબરોનું ભયાનક આક્રમણ ઝીલતું હતું. આ નગરઢાલના આશ્રયે, હોલેન્ડ, બેલજીયમ, નોરવે, ડેનમાર્ક, લુકઝેંબર્ગ, એબિસીનીયા, પોલેન્ડ, ઝેકોસ્લોવાકીયા, અને ગ્રીસના, આઝાદીપ્રિય આગેવાનો ભવિષ્યના ભાવિની કલ્પના કરતા દિવસો ગુજારતા હતા.

વિશ્વયુદ્ધ એશિયામાં પણ વ્યાપક બન્યું.

જાપાને ઇ. સ. ૧૯૪૧ના ડિસેંબરની ૭મી એ પર્લ હારબરની અંદરના અમેરિકન નૌકા કાફલાપર ઓચિંતો હલ્લો કર્યો. અમેરિકાને આ રીતે ફાસીવાદી ધરી રાજ્યોપર યુદ્ધ જાહેર કરવાની ફરજ પડી. અમેરિકા પણ હવે પહેલપૂર્વક વિશ્વયુદ્ધમાં ઉતરી પડયું.

પાસિફિક મહાસાગરમાં હવે યુદ્ધ સળગી ઉઠયું. જાવા આગળ અને મલાયા આગળ અમેરિકન અને બ્રિટીશ જહાજો ડૂબવા માંડયાં. ફીલીપાઈન્સ

નામના અમેરિકન શાહીવાદનાં સંસ્થાનો જાપાને જીતી લીધાં. મલાયાપર જાપાની આક્રમણ આવી પહોંચ્યું અને સીંગાપુર અથવા સિંહપુર નામનું અંગ્રેજી સંસ્થાનવાદનું ચાવીરૂપ મથક પણ ભયમાં આવી પડયું. જોતજોતામાં



વિશ્વયુદ્ધ એશિયાભરમાં ફેલાઈ ગયું. ઇ. સ. ૧૯૪૦ના ઓકટોબરમાં જાપાને વીએટનામ, લાઓસ અને કંબોડીયાના એશિયાઇ પ્રદેશો પડાવી લીધા હતા. હવે બરાબર એક વરસે એણે હોંગકોંગમાં, મનીલામાં, સીંગાપુરમાં, જાકર્તામાં તથા રંગુનમાં પોતાનાં થાણાં જમાવ્યાં, તથા આખો ચીનનો રાષ્ટ્રીય કબજો કરવાનું આક્રમણ આરંભી દીધું.

વિશ્વયુદ્ધ હવે યુરોપ અને આફ્રિકાને પોતાની એડનીચે દબાવીને, એશિયાના પ્રદેશોપર આવી પહોંચ્યું. અંગ્રેજી હકુમત નીચેનાં અને ફ્રેન્ચ હકુમત નીચેનાં એશિયાઇ સંસ્થાનોને પોતાનાં ગુલામ સંસ્થાનો બનાવવા બીજા વિશ્વયુદ્ધની ધરીરચનાએ જાપાનના આક્રમણને એશિયાપર ઉતાર્યું; એક પછી

એક દેશો ફરીવાર પતન પામ્યા અને રંગુનથી ભારતપર ઉતરી આવનારા જાપાની આક્રમણની ઘડીઓ ગણાવા લાગી.

યુરોપનાં પૂર્વકિનારપરનો સોવીયેટ રૂસ

યુરોપપર નિર્ણય કરીને રશિયાપર આક્રમણ કરવાનો મુલતવી રખાયેલો આખરી દિવસ હવે આવી પહોંચતો હતો. હિટલરે વિશ્વયુદ્ધનો પહેલોકદમ ઓસ્ટ્રીયાને ખાલસા કરીને ઉપાડ્યો હતો. ઇ. સ. ૧૯૩૯ના માર્ચમાં એણે બીજો પગ ચેકોસ્લોવાકીયાપર ગોઠવ્યો હતો. આ પછી તરત જ એણે મેમેલનો પ્રદેશ કબજે કર્યો હતો. પછી ૧૯૩૯ના સપ્ટેંબરના પહેલા દિવસે પોલેન્ડપર આક્રમણ કરીને એણે રૂસદેશની સોવિયેટ તાકાતથી ડરીને, તેનાપર આક્રમણ કરવાની તારીખ આખા યુરોપનો કબજો કર્યા પછી નક્કી કરી હતી.

હવે આખો યુરોપ એના આક્રમણ નીચે પતન પામેલો પડ્યો હતો. ડેનમાર્ક અને નોરવેને એણે ૧૯૪૦ના એપ્રિલ મહિનામાં કબજે કર્યા હતા, અને પછીના બેજ મહીનામાં એટલે મે અને જુનમાં હોલેન્ડ, લુક્ઝેંબર્ગ, બેલજીઅમ, અને ફ્રાન્સ એના આક્રમણ નીચે પટકાઇ પડ્યા હતા. પોતાના ટાપુની સુરક્ષિતતામાં સંતાયેલા બ્રિટનપરની લડાઇ એણે શરૂ કરી દીધી હતી, તથા ૧૯૪૧ના જુનના આરંભ સુધીમાં, બલગેરીયા, યુગોસ્લાવીયા, રૂમાનીયા અને ગ્રીસ પણ પટકાઈ પડ્યા હતા. યુરોપપરનો નિર્ણય એણે મેળવી લીધો હતો અને ઇટાલી તથા જાપાને, આફ્રિકા અને એશિયા પર આક્રમણ આરંભી દીધાં હતાં. ત્યારે યુરોપખંડનો એ એક જ દેશ પતન પામ્યા વિનાનો અણનમ ઉભો હતો. આ એક દેશ સોવિયેટ રશિયા હતો.

યુરોપના આ પૂર્વ સિમાડા પરના આક્રમણની તારીખ હવે આવી પહોંચી. હવે હિટલરનાં આક્રમણ યંત્રોમાં આખા યુરોપનાં લશ્કરો, શસ્ત્ર સાધનો, અને સામગ્રીઓ ઉમેરાયાં, હતાં. હવે સોવીયટ દેશની બધી સરહદો પર એના વિજયથી રણથંભ રોપાઇ ગયા હતા. હવે રૂસ પર ચઢ્યા વિના ચાલે તેમ નહોતું એટલે અચાનક એની નાઝી આક્રમણની જાહેરાત દુનિયાએ આઘાત પામીને સાંભળી. ઇ. સ. ૧૯૪૧ ના જૂનના ૨૨ મા દિવસે નાઝી સમાચાર સંસ્થાઓએ જાહેર કર્યું, " અમે સોવિયટ રશિયાપર આક્રમણ શરૂ કરીએ છીએ. "

નાઝી આક્રમણના ઝંઝાવાત રૂસી ધરતી પર સંહારનાં તોફાન બનીને, યુદ્ધ યંત્રોના સૂસવાટ નીચે ધરતીને ધમધમાવતાં નીકળી પડ્યાં.

પતન પામેલા યુરોપનો, સ્ટાલીનગ્રાડ પરનો મહાસંગ્રામ

આ બધા ભયાનક આક્રમણના ધસારાઓ બર્લીનથી ઉપડતા હોય તેમ, નાઝી રાક્ષસના પંજાનો ચાર આંગળીઓ બનીને ચાર દિશામાં

નીકળી પડયા. વિજળીક આક્રમણનું આ પેન્ઝરસ્વરૂપ અંગુઠાનું બનીને લેનીનગ્રાડ તરફ ધસતું હતું. અંગુઠા સાથેની આંગળી મોસ્કોપર નિશાન માંડીને વધતી હતી. વચલી આંગળી સ્ટાલીનગ્રાડને સર કરવા લંબાતી હતી અને ત્રીજી આંગળી કોકેશસની પર્વતમાળપર પહોંચી જવા કીવ નામના રૂસીનગર પર તરાપ મારતી હતી. આ આક્રમણના પંજાની ટચલી આંગળીની પકડની નીચે ગુલામીની સાંકળમાં બંધાયેલા યુરોપના, પોલેન્ડ, યુગોસ્લાવીયા, બલગેરીયા અને ગ્રીસ નામના દેશો હતા.

આ વિજળીક ધસારાની પાંજર હરોળોએ સ્ટેલીન કિલ્લેબંધી નામની સરહદ પહેલી ઝડપમાં તોડી પાડીને વટાવી દીધી. ફ્રાન્સ કરતાં મોટો પ્રદેશ જરમન કબજા હેઠળ આવી ગયો, ત્યારે ૧૯૪૧ નો ઓગસ્ટ મહીનો આવી પહોંચ્યો. રૂસીરાષ્ટ્રની તાકાત હવે જ એકઠી થવાનો આરંભ કરતી હતી.

પરન્તુ લેનીનગ્રાન્ડને રસ્તેઆવતું, સાકોવ નગર પડયું. સ્મોલેંસ્કને રસ્તે આવતું વીટેસ્કનગર પણ પડયું. કીવનગરના રસ્તાપરનું ઝીટોમીર નગર પણ પતન પામ્યું. લેનીનગ્રાડનાં પાદર પર રૂસી રણગાડીઓ આવી પહોંચી. રૂસ દેશનાં લસ્કરો પાછા હટયાં અને નાઝી પાંજરોના વેગ આગળ વધ્યા. એટલામાં તો સ્મોલેંસ્ક નગર પણ પડયું અને કીવનું પણ પતન થયું. રશિયાનું પાટનગર મોસ્કો હવે એકજ અઠવાડિયામાં પડશે એવી જાહેરાત હિટલરે કરી દીધી. સ્ટાલીન ગ્રાડનાં પાદરો પર નાઝી લસ્કરોનો ભયાનક ધસારો આવી પહોંચ્યો.

ત્યારે સ્ટાલીનગ્રાડમાંથી સ્ટાલીને પડકાર જેવી જાહેરાત કરી. ' દુશ્મન અમારા રાષ્ટ્રનાં ઉંડાણોમાં પેસી ચૂકયો છે. અમારી ધીખતી ધરા પર એકેએક રૂસી નાગરિકનું સર્વાંગી યુદ્ધ હવે શરૂ થાય છે. અમારા ઉંડાણ બચાવનો અને સામુદાયિક સામનાનો હવે આરંભ થાય છે. લેનીનગ્રાડ કે સ્ટાલીનગ્રાડ અને મોસ્કો નગર કદિ પડશે નહીં."

યુરોપપર નહીં દેખાયેલો એવો પ્રતિકાર

રશિયાનાં આ મહાન પાટનગરોપર નાઝી આક્રમણનો ભરડો થંભી ગયો. રૂસી પ્રતિકારનું રૂપ માનવ ઇતિહાસમાં અજોડ એવું અણુનમ દેખાયું.

રશિયાનાં અગાધ અને ઊંડાં સમરાંગણ દેખતો પાછો હિટલર, પ્રિન્સ કાર્લ વુરટેનબર્ગને કહેતો હતો, ' બાપુ ઓડો, બાપુ ઓડો ! હું કબુલ કરું છું કે જે દિવસે મેં રશિયા સાથેની સલાહ પર સહી કરી તે દિવસ મારા જીવનનો સૌથી વધારે ગમગીન દિવસ હતો." એ દિવસ પછી મોકુફ રાખવું પડેલું યુદ્ધ આજે એણે શરૂ કર્યું હતું. રૂસી દેશને માખણ કલ્પનાર હિટલરને પાછા

જનરલ ગુડેરીયનના શબ્દો યાદ આવ્યા, 'કુહરર-કુહરર, સમાન વ્યવહારવાળી નવી દુનિયા બાંધવા બેઠેલા ક્રેમલીનના સ્વપ્નશીલોને લડાઇની કલાનું શું ભાન છે ? આપણો વીજળિક હલ્લાનો દરેક ધસારો એમની બચાવ હરોળોના ભુક્કા બોલાવશે.' પણ રશિયા તો અનંત દેખાતો હતો અને એની તરસી નજર આગળ યુરોપના પલટી ગએલા નકશા ઊભરાતા હતા. એને એ નકશાઓ કહેતા હતા, 'વેરસેા પડયું છે. આમસ્ટરડામ, બ્રુસેલ્સ, પેરીસ અને એથેન્સ પણ ગગડી ગયાં છે તો પછી મોસ્કો અને લેનીનગ્રાડ...લેનીનગ્રાડ અને સ્ટેલીનગ્રાડ...એ બધાં પણ પડશે જ" એની નજર પર રૂસદેશની શ્રમજીવીઓની શૌરીઓ રગદોળાઇ જતી દેખાઇ. જગત જનતાનાં એ મહાન પાટનગરો પડતાં દેખાયાં. એની નજરમાં એ બધાં નગરોનાં ખંડિયેરો ઊભરાયાં. રૂસનાં એ ખંડિયેરો પરનાં નરનારીઓ અને બાળક બાળકીઓનાં શબ પર પોતે ફરતો દેખાયો.

એકજાર મોરચા પર ૧૭૦ ડીવીઝનોના વીજળિક હલ્લાના પગમાં હવે એ યોજનાનો દોર અટવાતો હતો.

બાલ્ટીક પ્રદેશો પડયા હતા, શ્વેત રશિયા પડયું હતું, યુક્રેન પડયું હતું. સમાજવાદી ઘટનાએ જગતભરમાં અજોડ એવો સરજેલો નીપરબંધ તૂટી પડયો હતો. પણ પેલાં નગરો તો પડતાં જ નહોતાં !

'લેનીનગ્રાડ ! મોસ્કો ! લેનીનગ્રાડ, મોસ્કો !' જગત જનતાનાં એ પાટનગરો હાથવેંતમાં દેખાઇ પડતાં હતાં તોય પડતાં નહોતાં.

એ જ નગરોએ લાલક્રાન્તિનો પહેલો ઝંડો ફરકાવ્યો હતો. એ જ નગરોએ સમાજવાદી સમાજ–ઘટનાનાં પારણા ઝુલતાં કર્યાં હતાં. નવી દુનિયાની સમાનતાના પહેલા સંસ્કાર અહીં જ આલેખાયા હતા. એ જ નગરોએ દુનિયાભરની કચડાયેલી જનતાને નવી દુનિયા રચી બતાવી હતી. એણે વેઠ નાબૂદ કરી હતી, સૌને માટે જીવવાનો સમાન હક્ક સરજ્યો હતો, એજ નગરોમાંથી નવી દુનિયા રચવાની બધી યોજનાઓ આખા રશિયા પર પથરાઈ ચૂકી હતી. એ જ એ નગરો !

રોજ પડતાં દેખાતાં હતાં પણ પડતાં નહોતાં. એ બંને નગરો પથરો ફેંકાય એટલે પાસે જણાતાં હતાં તોય ન અડી શકાય તેવાં દૂર દેખાતાં હતાં. રૂસી પ્રતિકાર અહીં મરણીયો બન્યો હતો. મહાસંહારની વચમાં ઊભેલાં લાલ લશ્કરો ખૂટતાં જ નહોતાં.

ક્રેમલીનના નવી દુનિયાના સ્વપ્નશીલો સંગ્રામ પણ ખેડી જાણે છે, એમ એને અને દુનિયાને સમજાઈ જતું હતું.

યુરોપની યુદ્ધકલ્પનાઓ, 'ઊંડાણ બચાવ' અને 'ઊંડાણ પ્રતિ આક્રમણને 'દેખવા ઊંચી નીચી થઈ રહી. લાલ પાટનગરો પરથી ડોક ઊંચકીને રશિયાનો પોલાદ પુરુષ, ધીર ગંભીર અવાજે આ પ્રતિકારના પ્રચંડ બનતા સમુદાયિક રૂપની રચના કરતો હતો. પહેલા ત્રણ મહિનામાં જ ત્રણ લાખ નાઝી હાડપિંજરો રશિયાના સીમાડાઓ પર વેરાયલાં પડતાં હતાં.

ઇતિહાસનું વિશ્વનગર

સ્ટાલીનના એ મહાનગર પર વીતી ગએલી કાળ રાત્રિની ઊઠતી આગ જેવી વિકરાળ યાદો શમતી નહોતી. ચાલીસ માઈલ લાંબો અને પાંચ માઈલ[illegible]



પહેલો એનો દેહ જર્મનોને વળગી રહેતા બાળક જેવો વોલ્ગા પર જડાઈ ગયો હતો. હજારો તોપો, હજારો વિમાનો એને એની માતાની કાખમાંથી વછોડવા રોજ રોજ દિવસ અને રાતભર હજારો ટન ડાયનેમાઇટ અને પોલાદ ઝીંકતાં જરમન માલિકોનાં કારખાનાંઓએ નિપજાવેલા વિનાશનાં કોઇ સાધન એના પર વીંઝાયા વિનાનાં બાકી નહોતાં રહ્યાં. એ સ્ટાલીનગ્રાડ નહોતું, ક્રાન્તિગઢ હતો. ક્રાન્તિ એની અંદર આકાર ધરીને બેઠી હતી. સાત હજાર તરુણ કોમસોમોલે એમાં પ્રાણનાં સ્થાપન કર્યાં હતાં. નવી દુનિયાનું યૌવન અહીં જ નૂતન ઘટનાને ઓલે ચઢયું હતું.

એવું કેવું એનું જીવન, ઇતિહાસના તખ્તા પરથી તરવરતું હતું ! ૧૫૮૯ ના વરસમાં પહેલો આકાર ધરતું એ ઝારીટસીન કહેવાતું હતું. કાસ્પીઅન

સાગરની વોલ્ગાની કયારીમાં સાંપડયું હોય તેવું એ ઉત્તર કોકેશસનું, કુબાનનું, સારાટોવનું, કઝનનું, મુખ્ય મથક બનતું હતું. એ બધાં વોલ્ગાનગરો એની આસપાસ વીંટળાયાં હતાં. મોરકો અને લેનીનગ્રાડ પણ એના મોખરાનાં મથક હતાં. અંદરના અને બહારના બધા વિગ્રહોના એણે રણશંભ રોપ્યા હતા. ઝાર વેળાની અને સોવિયટોની જીવનઘટનાનું એ જીવનસંગ્રામનું ધામ હતું.

૧૯૧૬ માં આ શ્રમમાનવોનું મહાનગર બન્યું. એનાં કમઠાણનો દરેક અંકોડો ક્રાન્તિના પ્રચાર અને પયગામથી ગુંજી ઊઠ્યો. જ્યારે લાલક્રાન્તિ આવી પહોંચી ત્યારે રણભૂમિ બનીને લાલ નેજો ફરકાવતું એ ઊભું. અહીં સ્ટાલીન અને વોરોશીલોફ મહાસેનાનીઓ હતા. અહીંથી જ કેલેડીન, કાસનોવ, ડેનીકીન અને બીજા શાહીવાદી સેનાપતિઓના દાંત ખાટા થઇ ગયા હતા. અહીંથી જ આસ્ટ્રાખાનથી ઉપડેલો મહારથી કોરોવ રેંગલને ૧૯૨૦ ના જાન્યુઆરીની ત્રીજીએ ભગાડી મૂકતો હતો. ઝારીટસીનનું જીવન ત્યારે સ્ટાલીનગ્રાડનું બિરુદ ધારણ કરીને ક્રાન્તિના લાલ તારક જેવું ઝળહળતું થયું હતું.

જીવનઘટનાનાં સમાજવાદી તસ્વીર રચવા નીકળતું રૂસી ભોમ પર ત્યારનું ફરતું થતું પહેલું ટ્રેકટર ૧૯૩૦ના જુનના ૧૭મા દિવસે સ્ટાલીનગ્રાડ ટ્રેકટર ફેકટરીમાંથી જયનાદના પોકારો વચ્ચે દોડતું હતું પછી હજારો ટ્રેકટરો નૂતન રશિયામાં સોવીયટ સમાજનો આકાર ઘડવા અહીંથી ઊભરાયાં હતા. આખુંય *સ્ટાલીનગ્રાડ નવું ઘડાતું અને એની વસ્તી લાખોની વધતી જતી હતી.*

એવા કાયાપલટ કરતા વોલ્ગા નગર પર એક યોજના આવી અને બીજી આવી. એવી એની કાયા પર ઉદ્યોગો ધમધમી ઊઠયા. એની છાતી પર સંસ્કારધામો મંડાઇ ગયાં. એના કિનારાઓ પર જહાજો બનવા માંડયાં. એનાં નવાં બન્દરો બન્યાં. એની નવી શેરીઓ નીપજી, એના પર વાટિકાઓની હારમાળા પથરાઇ. એની તસ્વીરમાં સેંકડો નિશાળો ને વિદ્યાપીઠો ગુંજી ઊઠી અને થીએટરોનાં સંસ્કારકેન્દ્રો ખીલી ઊઠયાં.

એની જીવનઘટનામાં નવું યંત્ર આવ્યું, નવી તાકાત આવી, નવો શ્રમમાનવ અને નવી સમાજઘટનામાં ત્યાં એના પર નવી સમાનતાનાં નવા માન ન્યોછાવર થયાં. એના મોડા આવતા અને લાંબા રહેતા હિમાળાની અગવડો અળપાઈ ગઈ. એના પર યુરલથી વાતા ઝંઝાવાતનાં રેતીનાં તોફાનો રોકાઈ ગયાં. એના પર વિજ્ઞાનનાં ઓજસ ઓપી ઊઠયાં.

પણ ત્યારે, જ માનવજાતને ગુલામ બનાવવા જર્મન શાહીવાદ 'મેઈન કાંફ' લખતો હતો અને વોલ્ગાના એ મહાનગરને જીતીને કોકેશસને ટપીને માનવજાતનો

સંહાર મચાવવા નીકળવા માટે આજે સ્ટાલીનગ્રાડ પર ચઢી આવ્યો હતો. હવે ૧૯૪૨ નો ઓક્ટોબર મહિનો આરંભાઈ ચૂક્યો હતો. પાછલા ઓક્ટોબરની રાત્રિઓ ઘણી ભયાનક હતી. સ્ટાલીનગ્રાડમાં એથી પણ વધારે બિહામણો દિવસ ઊગવાનો હતો. એ દિવસના ખ્યાલમાં એક ગહન ગંભીરતા સ્ટાલીનગ્રાડના ઉદ્યોગ-મથકમાં છવાઇ ગઇ હતી. પેલા વિશાળ ચોકની આસપાસના ઘર પર લાલ સંત્રીઓના પહેરા બેસી ગયા હતા. અવારનવાર ઊછળી પડતા બોંબ અને ફાટી નીકળતી આગોની આસપાસ કેટલાએ માઇલો પરથી હવામાં ઉછળી પડતી ભયાનક એવી આ નગરની છમ્મી, અહોનીશ એવી અવારનવાર ઘૂમરાણ અને ભયંકર ચિત્કારોના વાતાવરણની ગંભીરતાને ભયાનક ઘેરી બનાવી મૂકતી હતી. દર સમયે હજારો નાઝી બોંબરો આકાશમાંથી ચિત્કાર કરતાં, ધૂળ ને ધૂવાંનાં વાદળો નીચેથી ઉડતાં આવતાં હતાં તથા રૂસી માનવો મૃત્યુગીત ગાતાં મરતાં હતાં. હવા તપી ગઈ હતી, ધરતી સળગતી હતી. ધાતુઓના રસની છોળો ઊછળતી હતી. દાવાનળનાં દોજખમાં નાઝી વિમાનો તૂટી પડતાં ધરતી ફોડતાં હતા તો ય અહોનિશ, આકાશી હલકો બનતાં આવતાં તે ખૂટતાં જ નહોતાં.

ધસતા જતા સમય પર તેવીસમો હલ્લો ચાર દિવસના સમયપત્રક પર પથરાતો હતો. આખા મહિનાનાં એકસો ને સિત્તેર આક્રમણો આવી ચૂક્યાં હતાં. તોય આ વિશ્વનગરનો ખંડિયર દેહ પતન પામ્યો નહીં. એકસો ને સિત્તેર આક્રમણોને ખાળ્યા પછી, હાડમાંસની કિલ્લેબંધીથી સ્ટાલીનગ્રાડનો ગઢ બાંધ્યા પછી કોણ એવી તાકાત હોય કે આપણને હટાવી શકશે?' સાઇબીરીયન સેનાની ગરદીવ એના કાળમીંઢ સાથીદાર સ્પીરીનને પૂછતો હતો.

જગત-જનતાના દિલ પર સળગતું બનેલું સ્ટાલીનગ્રાડ વોલ્ગાથી ગંગા સુધી, ચીનની દીવાલો સુધી, ઇરાનના અખાત સુધી, અને બરલીનની નાઝીઓ નીચે કચડાયલી માનવતા સુધી મહાસંગ્રામના જનજંગે જમાવેલા ચોથા પરિમાણનું રોશન ચમકાવતું, આઝાદીની ઉષ્માને વહાવતું હતું.

વોલ્ગોનાં વહેણ હવે ઠંડાં ને શિથિલ થવા લાગ્યાં હતાં. વોલ્ગાના દેહ પર સફેદ કાંચળી ચઢવા લાગી હતી. થોડા દિવસમાં જ વોલ્ગા પર હિમ-આચ્છાદન પથરાઇ જશે તેમ લાગતું હતું. નવેંબરનો આરંભ થઈ ગયો હતો. સ્ટાલીનગ્રાડનાં ખંડેરોમાં ઠંડો પવન સૂસવતો વાતો હતો.

હવે સ્ટાલીનગઢનો મહાસેનાની ઝુકોફ ભયાનક નિરધારની ગોઠવણી કરતો હતો. એનો એક હાથ સ્ટાલીનગ્રાડની દક્ષિણ દેખાડતો હતો બીજો હાથ ઉત્તર તરફ બતાવતો હતો. એના વ્યૂહના એ બંને હાથો એકબીજાને મળવા સીરાફી-મોવીચ, અને કાલાચ તરફ ફરવાના હતા.

બસ ત્યાં...જ્યાં એ બંને હાથા ભેગા મળવાના હતા ત્યાં, જર્મનોનું મોત ભાગનારું કૂંડાળું પૂરું બનવાનું હતું.

ત્યાં જ...'આપણો વારો હવે આવી પહોંચે છે' એમ સંભળાયેલા સ્ટાલીનના શબ્દોનો અર્થ ઊકલતો હતો.

બસ ત્યાં જ...જ્યાં ડોન નદીનો વિશાળ વળાંક વાંકો થાય છે ત્યાં આગળ ગાઢ અંધકારમાં લાલ લશ્કરોની યાંત્રિક ટુકડીઓ, ટેંકો અને તોપો સાથે બરફમાં ગરકતી ને પાછી નીકળતી પથરાતી હતી. ત્યાં...ત્યાંથી એક ઇસારો થાય અને મુકરર સમયના આંકપર કાળનો કાંટો પહોંચે તેની રાહ જોતો મહાસંગ્રામનો મહારથી મીખાલેવ મરણુપથારી પરથી જીવલેણ જખમની યાતના ભૂલતો, આખાય સ્ટાલીનગ્રાડી સંગ્રામના મહાસેનાની ઝુકોવનો આદેશ સાંભળતો હતો. 'આપણો સાણસાવ્યૂહ હવે પૂરો થાય છે...આપણાં આક્રમણ છૂટાં થાય છે ત્યાં સુધી આખર ટક ટકી રહો, ટકાવી રહો.'

સ્ટાલીનગ્રાડને ટકી રહેલું જોતો મીખાલેવ મોરચાની ભોખડની એક ગુફામાં પડ્યો હતો. ટકી રહેવા માટે ઉતાવળા થતા પ્રાણને ઘૂંટતો એ આંખો મીંચતો હતો. આજ સુધી દબાયલા શ્વાસના પ્રકોપવાળા નગર લડવૈયાઓના ઉગ્ર પ્રાણ રણમોરચાના એ મહારથી પિતા પર સલામીના શપથ લેતા હતા, 'સ્ટાલીનગ્રાડની સોંપણુ અમે ટકાવી રાખશું.'

ચાલીસ માઇલના મોરચા પર રોજ રોજ આક્રમણોનાં ધોડાપૂર ઊભરાતાં રહ્યાં હતાં. બે મહિનાના હલ્લાઓ પછી જર્મનોએ સ્ટાલીનગ્રાડની ટેકરીઓ સર કરી હતી, સ્ટાલીનગ્રાડનાં ખંડેરોનો પોણો ભાગ કબજે કર્યો હતો, સ્ટાલીનગ્રાડનાં ચોગાનો પર, કારખાનાં પર અને બજારો પર જર્મનોનો કબજો થયો હતો. બે જગાઓ પર જર્મનો નદીના કિનારાને પણ અડી ચૂકયા હતા.

પણ સ્ટાલીનગ્રાડની નદી કિનારા પરની ભોખડોનાં ખંડિયેરો પરથી રશિયનો હટતા જ નહોતા. ત્યાં જ મરી ફીટવાનો નિરધાર કરીને રૂસી લડવૈયા ભોખડો ખોદીને ચોંટી પડ્યા હતા. જર્મન સેનાપતિઓનાં ધડકતાં હૃદયો એ ચોંટી રહેનાર અમાનુષોને 'જંગલી રશિયનો' કહેતા દાંત કકડાવતા હતા. હવે દક્ષિણ તરફથી જર્મનો પર રશિયન ધસારા દબાતા હતા. ઉત્તર તરફ ટીમોશેંકો તૂટી પડવાનો સમય માપતો પડ્યો હતો. નદી પરની એકસોથી એક હજાર ફીટ જેટલી ઊંચી ભોખડ પરની પહોળી પટી પકડીને રૂસી લડવૈયા સ્ટાલીનગ્રાટને પકડી રહ્યા હતા. એમણે પોતાનું ભારે તોપખાનું પૂર્વ કિનારે રોપ્યું હતું અને ઊંચી ભોખડોને અંદરથી ખોદીને ભોમભીતર છાવણી ઊભી કરી

હતી. એ છાવણીની ગુફાઓ સો સો વાર ઊંડી ખોદાઇ હતી. એ ગુફાઓ પરની ધરતી તોપમારા નીચે ધ્રૂજ્યા કરતી હતી. એ ધરતીની નીચે સ્ટાલીનગ્રાડના લડવૈયા મોત પર મુસ્તાક હસતા ચોંટી રહ્યા હતા.

એ ગુફાઓ સ્ટાલીનગઢની અમર કિલ્લેબંધી હતી. એ ગુફાઓની અંદર વીજળીના દીવા અને તેલના દીવા બળતા હતા. એ ગુફાઘરોમાં ટેલિફોન ગોઠવાયા હતા. એ ગુફાઓમાં જખમીઓની સારવાર કરતાં ડોકટરો અને નર્સો રહેતાં હતાં. એ ગુફાઓમાં જગતભરમાં અજોડ એવા લોકનિયુક્ત લાલલશ્કરના રાજકીય કોમીસારો જીવતા હતા.

એ ગુફા-ઘરોની ભેખડો ઉપર સેનાની ચુઇકોવનું બાસઠમું લશ્કર જર્મન સરદાર પોલસના છઠ્ઠા લશ્કર સાથે મરણિયા સંગ્રામ ખેલતું હતું. જર્મન સરદારી આ ભેખડ પરના સંગ્રામી ખેલાડીઓની હિંમતનો પાર પામવાને નાકામિયાબ નીવડી હતી. આ જર્મન પાંજરોએ યુરોપનો એક પછી બીજો દેશ દેખ્યો હતો પણ આક્રમણના પ્રતિકારનું આવું ભિષણરૂપ અહીં જ અવલોકયું હતું.

એવા દારૂણ દિવસો પસાર થયા હતા. મહાસેનાની ઝુકોવનો ટેલિફોન બોલતો હતો, 'ટકાવી રાખો, મારી ગોઠવણી આજથી આઠમે દિવસે પૂરી થશે.'

નવેંબરનો ૧૯મો દિવસ ઝુકોવની ગોઠવણીનો છેલ્લો દિવસ હતો.

સ્ટાલીનગ્રાડનો સંગ્રામ એ દિવસે જ બીજા તબક્કામાં પેસતો હતો. વોલ્ગાનો કિનારો ઠંડો પડતો હતો. વોલ્ગાનાં વહેણમાં બરફની શિલાઓ એકબીજા પર ચઢી જતી, એકબીજા સાથે અથડાઇ પડતી, દૂર સંભળાય તેવા અવાજો કરતી હતી. વોલ્ગાનો ફરેલો ભાગ સફેદ હતો, પાણી કાળું દેખાતું હતું. કાળાધોળા વોલ્ગાના પ્રવાહમાં રૂસી લડવૈયાઓનાં છૂટાંછવાયાં શરીરો પણ તણાતાં જતાં હતાં.

ત્યારે એ મહાસંગ્રામનો બીજો તબક્કો લાખલાખ શહીદોને માન આપવા, પ્રત્યાક્રમણ શરૂ કરતો હતો. ત્યારે સ્ટાલીનગ્રાડના સંગ્રામમાં ધસતી લાલ ટૂંકો પર મુદ્રાલેખ બોલતા હતા, 'અમે બરલીન પર પહોંચીએ છીએ.'

ઝુકોવની યોજના તૈયાર થઈ ગઈ હતી. ઝુકોવનાં ફરમાનો પેશ થતાં હતાં. પ્રત્યાક્રમણ આરંભાતું હતું. સાણસો રચાઈ ગયો હતો.

સ્ટાલીનગ્રાડથી બરલીન

ઉત્તર તરફની ટુકડીઓએ ધસારો શરૂ કર્યો. જનરલ રોડીને દક્ષિણ-પૂર્વ તરફ ડોનના વળાંકમાં થઈને ધસવા માંડયું અને પહેલી છલંગે બાસઠ માઈલ

પર ધસી જઈને સ્ટાલીનગ્રાડની પશ્ચિમે ૪૨ માઇલ પરનું કાલાશ કબજે કર્યું અને પોલસની પીઠમાં એના છઠ્ઠા લશ્કરની પાછળ જમાવટ જમાવી દીધી. બીજો એક ધસારો કલેપ્સકાયાની દક્ષિણે ઊપડી ચૂકયો અને સ્ટાલીનગ્રાડ તથા કાલાશની વચમાં મેરીનોવકા ગામ પર પહોંચી ગયો. આ બે ધસારાઓએ પોલસનાં લાખોનાં લશ્કરની ડાબી પાંખ ઘેરી લીધી. આ બે ધસારાઓમાંથી એક નવો ધસારો ઉત્તરથી આવતા ધસારા સાથે જોડાઈ ગયો. નવેંબરના ૨૨મા દિવસે ફોન પોલસના સ્ટેલીનગ્રાડ પરના છઠ્ઠા લશ્કરની આસપાસ પહેલું વર્તુળ પૂરું થયું.

સ્ટાલીનગ્રાડ પર ઘેરો નાખીને નેવું દિવસથી પડેલો પોલસ ઘેરાઇ ગયો. વિશ્વવિજય કરવા નીકળેલો ફાસીવાદ અહીં ઘેરાઈ ગયો. તરત જ બીજો રશિયન ધસારો દક્ષિણ તરફથી શરૂ થયો અને એમગેનેરોવોની ઉત્તરે થઈને કારપોવકા નદી પર પથરાયો. એ રીતે જનરલ પોલસના છઠ્ઠા લશ્કરની આસપાસ ઘેરાનો બીજો કોઠો બંધાઈ ગયો. આ વિશ્વનગરે ફાસીવાદી આક્રમણને પોતાની અંદર જ જકડી લીધું. આ ભરડાની ભીંસમાંથી પોલસનાં લશ્કરોને બચાવવાનો કોઇ આરો જર્મનો પાસે રહ્યો નહોતો. જનરલ વાટુટીન દક્ષિણ-પશ્ચિમ તરફનું દબાણ વધારતો હતો, જનરલ ગોલીકોવ પશ્ચિમ તરફ વધતો હતો. દરેક કલાકે ભરડાની ભીંસ ઉગ્ર બનતી હતી. ૧૯૪૩ના ડિસેંબરની આખરે પોલસના ત્રણ લાખના લશ્કરને ઊગારવાની બધી આશાઓ અને પ્રયત્નો નાકામિયાબ નીવડ્યાં. જનરલ રોકસોવસ્કી આ ભરડાનો મહાસેનાની નિમાયો. જનરલ ઇરમેન્કો અને જનરલ ચુઇકોવે પૂર્વની બાજુ પરથી દબાણ શરૂ કર્યું.

બસ અહીં આગળ જર્મન ફાસીવાદનું વિશ્વયુદ્ધ બરલીન તરફ પાછું ફરીને પરાજય પામવાની પીછેહઠ કરવાનું હતું. આખાય યુરોપને જીતનાર નાઝી આક્રમણ સ્ટેલીનગ્રાડથીજ, રૂસ દેશના આ ઉંબરા પરથી બરલીન સુધી પીછેહઠ કરવાનું હતું. ૧૯૪૪ ના જાન્યુઆરીના ૮ મા દિવસે પોલસને બિનશરની શરણ સ્વીકારવાનું આખરીનામું પેશ થયું, પણ જનરલ પોલસે તેનો અસ્વીકાર કર્યો.

એટલે ફેબ્રુઆરીના પહેલા દિવસે રશિયન મોરચા પરથી લાલ રોકેટો ઊડ્યાં. પોલસનાં લશ્કરો પર ગોલંદાજી શરૂ કરવાનાં એ નિશાનો હતાં. ચારેકોરથી તોપમારો શરૂ થયો. બરાબર બપોરે રોકસોવસ્કી એક અવલોકન ચોકી પાસે ઊભો હતો અને રશિયન ગોલંદાજીની અસર દેખવા દૂરબીનમાં દેખતો હતો. એની સાથે એક ઊંચો સાથીદાર ઊભો હતો. લાલ લશ્કરના તોપખાનાનો એ વડો હતો. એનું નામ જનરલ નીકોલ્લો વોરોનોવ હતું. કાળ જેવા ક્રરપીણ બનીને એ બંને લાલ સરદારો નાઝી યુદ્ધખોરો પર શરૂ થતો

તોપમારો દેખતા હતા. સ્ટાલીનગ્રાડની ચારે દિશાઓ એ તોપમારાથી ખળભળી ઊઠી. તમામ લોક અપરાધો કરી ચૂકેલા નાઝી હત્યારાઓ સામે કરપીણ ઇન્સાફના નાદ ઘણુંઘણું ઊડ્યા. સ્ટાલીનગ્રાડ સુધીની રૂસી ભોમ પર અનાચારી અને અત્યાચારી બની ચૂકેલા એ જર્મન યુદ્ધખોરો પર ચમકતી ચાંદનીમાં મોતનાં ચોઘડિયાં વાગતાં થયાં.

એ અપરાધીઓનો ન્યાય જોખવાનો હક્ક લાલ લડવૈયાઓએ સંગ્રામ જીતીને મેળવ્યો હતો, તથા આ અધિકાર, આજ સુધીમાં સળગી ગયેલાં ગામો, તારાજ થયેલાં નગરો, અત્યાચારથી ચૂંથાઇ ગયેલાં શરીરો, વિજેતા લાલ લડવૈયાઓને આપતાં હતાં. હવે ઘેરાયલા ત્રણ લાખ જર્મન સૈનિકો અહીંથી જ બીનશરતી શરણ સ્વીકારીને પાછા સ્વધામ પહોંચવાની નાસભાગ કરવાના હતા. એ બધાને પરાજયનો આદેશ આપનારો શૂન્ય સમય આવી પહોંચ્યો. કાળડંકાએ ગોલંદાજોની ગર્જનાઓ ગાજતી કરી. ગોળાઓ માઇનો અને બોંબો પોતાની પાછળ અગ્નિસેર લંબાવતા સળગતાં પંખીઓ જેવાં આકાશમાં સસવર્તા ઉડ્યાં. એ બધાની પાછળ ટેંકો અને તોપ-ટુકડીઓએ પાયદળો આથે ઘસારા કર્યા. એ ઘસારાને અટકાવી શકાય તેમ હતું નહિ. મહાસંગ્રામનો સંહાર મચી રહ્યો. ઘેરાએલા જર્મન સમુદાયો પશ્ચિમ તરફ પાછા પડ્યા. ઉત્તર અને દક્ષિણ તરફથી પણ વિકરાળ હલ્લાઓ ધીંગાયા. ચારે બાજુના હલ્લા નીચે ભીંસાતાં જર્મન લશ્કરો આમથી તેમ અથડાયાં–કૂટાયાં. સ્ટાલીનના આ મહા નગર પર મોતનો દેખાવ તાંડવે ચડ્યો. જર્મન સેનાપતિઓની શિસ્ત તૂટવા માંડી, અમલદારો અને સિપાઇઓ હાથ ઉંચા કરીને હથિયારો ફેંકી દઇને ટપોટપ શરણે આવતા ચિત્કાર કરી રહ્યા, 'હી–રસ ! શરણ...શરણ... !'

અપરાધી દુશ્મન મરણથી બચવા ભાગતો હતો પણ ભાગી છૂટવાની ભોંય એના પગ નીચેથી સરતી હતી. સંતાવાના ખૂણા એની આંખ આગળથી ઊડી જતા હતા. એની પાછળ અગ્નિઝાળ દોડતી હતી. પાછો પડેલો અને શરણ ઝંખતો સેનાપતિ પોલસ સફેદ વાવટો ફરકાવતો હતો.

પછી ફેબ્રુઆરીના અંત સુધીમાં સ્ટાલીનગ્રાડનાં ખંડેરોમાંથી નાઝીઓની સાફસુફી થઇ. સ્ટાલીનગ્રાડની ખંડેર શેરીઓ અને ચોકો, વાટિકાઓ અને ભવ્ય ઇમારતો, વિદ્યાપીઠો અને કિડાંગણો બધાં ભંગારના ધૂમાતા ઢગલા બનીને પડ્યાં હતાં. તેમાંથી શબોના ઢગલા સાફ કરાયા. સ્ટાલીનગ્રાડનો વિજય વિષાદ, ભરેલા ખંડેરની જમીનમાંથી વિશ્વશાંતિનું રટણ કરતો હતો. સ્ટાલીનગ્રાડની શેરીઓમાં હજુ લોહીની ગંધ હતી. સ્ટાલીનગ્રાડની એકેએક ભીંતનો પત્થર લોહીભીનો બન્યો હતો.

પણ સ્ટાલીનગ્રાડનાં સ્મશાનમાં પાછું જીવન જાગી ઊઠીને સ્મિત કરતું હતું. સ્ટાલીનગ્રાડનો બચાવ કરનાર વીરોના કદમ, પાછા એ વીરનગરમાં ફરતા હતા. જે શ્રમમાનવોએ આ ભવ્ય નગરનું કલેવર ઘડયું હતું તે વિજયી થયો હતો. જીવનના વિજયનો ઉત્સવ ઉજવવાની હજુ વાર હતી. એક પળનો પણ આરામ કરવાનો એને સમય નહોતો. અહીંથી બરલીન નગર સુધી પહોંચી જવાની વિજય કૂચ આરંભવાના માનને મોખરે રહેવાના અધિકારવાળો એ બન્યો હતો. બરલીન પર ચઢતો લાલ રણજેંધ શપથ લેતો હતો 'સ્ટાલીનના મહાન નગરાં...શ્રમ માનવોના અમર ધામ...! લાલ નવેંબરના રણથંભ...! અમે તને ફરીવાર બાંધશું. તારી શહાદતથી ઉત્તેજીત બનેલા કલાકારો, શિલ્પીઓ ઇજનેરો, શ્રમમાનવો તારી વેરાઈ ગએલી જીવનકણિકાઓને આ મહાન ધરતીના પેટાળમાંથી વીણીવીણીને તારી જાજરમાન કાયાની ફરીવાર રચના કરશે. તારી વાટિકાઓ જનમનરંજન લીલોતરીથી ફૂલશે ફાલશે...તારાં કારખાનાં શ્રમમાનવોની શ્રમતાકાતના જીવન્ત સંપર્કથી ધમધમી ઊઠશે. તારે ચોગાને આરેઆરે જીવનવ્યવહારના સમાજની કાયામાં માનવંતાં જીવનવ્યવહારનાં અંકુરો ફરી પાછા ફોરી ઊઠશે.' અને તારી ખાંભી પર વિશ્વશાંતિનો અમર એવો અક્ષરદેહ કોતરાશે.


એવું જગતજનતાનું એ મહાનગર વિશ્વ ઓક્ટોબરનો રણથંભ બનીને જ્યાં હતું ત્યાં જ રોપાઈને ઊભું હતું, ચસ્યું નહોતું. જેવું લેનીનગ્રાડ ધરતીમાં રોપાઈને અણનમ ઊભું હતું, જેવું પાટનગર મોસ્કો, આપ ભોગના અવધિ વહાવીને અચળ ઊભું હતું તેવું જ આ વોલ્ગાનગર હતું. જગતને આશ્વાસન આપતી આ વિશ્વનગરની ખંડિયર કાયામાંથી હવે વાયુ સંદેશ બોલતો હતો. "વિશ્વયુદ્ધનો અંત લાવવા જ્યાંથી વિશ્વયુદ્ધનો આરંભ થયો હતો ત્યાં, જર્મન ફાસીવાદને દફનાવી દેવા અમે બરલીનનગર પર પહોંચવાના રસ્તા પર વિજય કૂચનો આરંભ કરીએ છીએ."

વિશ્વઇતિહાસનો યાદગાર બનાવ

વિશ્વઇતિહાસે અહીં સ્ટાલીનગ્રાડ આગળથી વળાંક લીધો. જેની ખુશી ખુશામતની "એપીઝમેન્ટ" નામની રીતને ધારણ કરીને સોવીયેટ સંસ્કૃતિનો વિનાશ કરવા અંગ્રેજી, ફ્રેન્ચ અને અમેરિકન શાહીવાદે જે જર્મન ફાસીવાદને સામાજિક ક્રાન્તિનો નાશ કરવા અહીં રવાના કર્યો હતો તે ફાસીવાદ આખા યુરોપનાં રાષ્ટ્રોને ગુલામ બનાવીને રૂસ દેશપર પહોંચીને પરાજય પામીને પાછો ફરતો હતો.

વિશ્વ-ઇતિહાસમાં હવે નવી તવારીખનો ઉલ્લેખ સ્ટાલીનગ્રાડની ખાંભી પર કોતરાયો. આ ઉલ્લેખને નમન કરતો અંગ્રેજ અને અમેરિકન શાહીવાદ પણ હવે, સોવીયટ રૂસ સાથેના મૈત્રી કરારથી જોડાઇ ચૂકીને સ્ટાલીનગ્રાડને અભિનંદન પાઠવતો હતો.

ચર્ચિલના ટાપુમાંથી વીનસ્ટન ચર્ચીલ સોવીયટ નગરોના આપભોગને અંજલિ દેતો એકરાર કરતો હતો કે "આ વિશ્વયુધ્ધમાં, યુધ્ધનાં બધાં ક્ષેત્રો



પર મોત પામેલાં બ્રિટનોની કુલ સંખ્યા કરતાં રૂસી પ્રતિકારના એકેએક નગરે

આપેલા માનવ આપભોગની સંખ્યા, ઘણી વધી જાય છે. માનવઈતિહાસમાં આજ સુધી ઘડાયેલી સરકારોમાં આવી ગંભીર અને ભારે ઇજાઓને ઝીલનાર, સહન કરનાર, અને જીરવનાર સોવીયટ તંત્ર એકલું જ માલમ પડયું છે."

રૂસી મહાસંગ્રામના અરસામાં વિશ્વયુદ્ધના બીજા મોરચાઓ

ઇ. સ. ૧૯૪૧ ના જુનમાં રૂસ દેશપર જર્મન આક્રમણ શરૂ થયું ત્યાર પછી ડિસેંબરની ૭ મીએ જાપાને જર્મનીની સાથીદારીમાં પોતાને ભાગે આવેલા પ્રદેશો પર કબજો કરી લેવા માટે વહેંચી લેવાયેલા જગતને સર કરવા પાસિફિક મહાસાગરમાં હલ્લા શરૂ કર્યા. ઉચ્ચ એડમિરલની સરદારી નીચે જાવા આગળ એકઠા થએલા એક નૌક સૈન્યનો એણે જાવા આગળ નાશ કરી નાખ્યો. પ્રીન્સ ઓફ વેલ્સ અને રીપલ્સ નામનાં બે મોટાં અંગ્રેજી જહાજોને એણે મલાયા આગળ ડૂબાડી દીધાં. ફીલીપાઈન્સપર જાપાનનો હલ્લો આવ્યો અને ફીલીપાઈન્સ પડયો. ૧૯૪૨ ના ફેબ્રુઆરીમાં મલાયાપર એણે કબજો કર્યો. જોતજોતામાં અંગ્રેજોને એણે બ્રહ્મદેશમાંથી ભગાડયા, અને માર્ચની ૭ મીએ રંગુન પણ પડયું, અને બીજે જ મહીને ન્યુગીની પર જાપાનનું આક્રમણ ચડયું. કલકત્તા પર આક્રમણના પડછાયા દેખયા. અંગ્રેજી શાહીવાદે હિંદને આઝાદ કરવાનાં વચનોની દરખાસ્ત લઈને સ્ટ્રેફર્ડ ક્રીપ્સને ઉતાવળો રવાના કર્યો. ચીન પર જાપાનનું આક્રમણ આગળ ધપ્યું. બ્રહ્મદેશ, સીઆમ, મલાયા, ડચ ઇસ્ટઈન્ડીઝ, ઓરનીયો, ન્યુગીની અને સોલોમન ટાપુઓ સુધી જાપાનના ટાપુ પરથી નીકળેલું ફાસીવાદી આક્રમણ પહોંચી ગયું. બસ એજ સમયે પરાસ્ત બનેલા જગતપર રૂસીનગરો અડગ ઉભાં અને સ્ટાલીનગ્રાડે નાઝી ભરડાને કચડી નાખીને બરલીન પહોંચવાનું પ્રતિ-આક્રમણ આરંભી દીધું.

વિશ્વશાંતિના આ મહાનગરમાંથી વિશ્વયુધ્ધનું મહાઆક્રમણ પાછું હટયું અને પછડાટ ખાતું, પરાસ્ત બનતું જ્યાંથી નીકળ્યું હતું ત્યાં પહોંચી જવા



પાછું થયું સ્ટાલીનગ્રાડથી બરલીન સુધીના રસ્તા ઓપર પતનપામેલા દેશો પગભર થયા. સ્ટાલીનગ્રાડથી બરલીન સુધી ના પરાજય પામેલાં યુરોપનાં પાટનગરોપર ફરીવાર વિમુક્તિના રાષ્ટ્રધ્વજો ઉંચા ચઢયા. ગુલામ બનેલા યુરોપ પર રૂસી વિમુક્તિના લડવૈયાઓની વિજય કુચને

પગલે પગલે નૂતન યુરોપની વિમુક્તિની વણઝારો ઊભી થઈ. છેવટે બરલીન પણ પડ્યું તથા નાઝી ગુલામીમાંથી મુક્ત થયું.

એની એજ યુદ્ધઘટના બીજા વિશ્વયુદ્ધનું પણ કારણ હતી.

પહેલા વિશ્વયુદ્ધના મહાકારણ જેવી અથવા એકમાત્ર કારણ જેવી, તે સમયના જગતના સૌથી મોટા અંગ્રેજી શાહીવાદની યુદ્ધજનક જીંદગી આપણે દેખ્યા પછી બીજા વિશ્વયુદ્ધની રચના કરનાર પણ આપણા જગતની સામ્રાજ્યવાદી ઘટના જ હતી તે બાબત સમજી શકાય તેવી છે. જગતની જે શાહીવાદી ઘટનાએ પહેલું વિશ્વયુધ્ધ પેદા કર્યું હતું, તથા એ વિશ્વયુદ્ધમાં યુરોપના શાહીવાદી દેશો બે છાવણીઓમાં વહેંચાઇ જઈને આખા જગતને પોતાનો ગુલામ બનાવવા માટે યુરોપને યાદવાસ્થળી બનાવીને લડ્યા હતા, તેમાંથી એક છાવણીનો વિજય થયો અને બીજીનો પરાજય થયો.

પછી પરાજય પામેલા શાહીવાદી જૂથને વિજય પામેલા શાહીવાદી જુથે સંસ્થાનોની ફેરબદલી કરવા લીગ ઓફ નેશન્સ બનીને, જગતના ઇન્સાફની અદાલત બનીને વર્સેઇલ્સ મુકામે પોતાની મંડળી જમાવી. આ વિજેતાઓએ ભરેલી વર્સેઇલ્સની શાહીવાદી અદાલત સામે પરાજય પામેલા જર્મનીનું અપરાધી મુખ જાણે ઊભું હતું. આવા હાડપિંજર જર્મની ઉપર પેલા શાહીવાદી વિજેતાઓએ અસહ્ય એવા યુદ્ધનો દંડ નાખ્યો. તેમણે જર્મનીનાં તમામ સંસ્થાનો પડાવી લીધાં અને પોતાની અંદર વહેંચી લીધાં. વિશ્વયુદ્ધના વિજેતાઓની વર્સેઇલ્સની કચેરીએ વિશ્વયુદ્ધ પહેલાં યુરોપમાં અઢાર રાજ્યો હતાં તેમાંથી યુરોપની નવી ભૂગોળ કેતરી કાઢીને ત્રીસ રાજ્યો બનાવ્યાં. " આલસેક લોરેઈન " નામના પ્રદેશને તેમણે જર્મનીમાંથી કાપીને ફ્રાંસમાં જોડી દીધો. આ નવી રચનામાં જર્મનીએ " પોલીશ કોરીડોર "ને તથા અપર સીલેસીયા " નામના પ્રદેશને ગૂમાવ્યા. પછી આ શાહીવાદીઓએ એક કટકો બલ્ગેરિયામાંથી કાપ્યો અને બીજો હંગેરીમાંથી કાપ્યો. આ નવી રચનામાં મોન્ટેનિગ્રો અને મેકેડોનિયની આઝાદી ખતમ થઈ ગઈ હતી. આ નવી રચનાએ ઓસ્ટ્રિયા અને દક્ષિણ ટિરોલને જોડી દીધાં. રાષ્ટ્રિયતા અને ભૌગિલકતાના આવા અંગછેદથી તેમણે આવતી કાલ માટે અનેક ઝઘડાઓ ઉભા કર્યા હતા. આ બધા ઉપરાંત તેમણે પરાજિત બનેલા જર્મન દેશ માટે રિપબ્લીકની રચના કરી હતી અને તેના " વિમર કોન્સ્ટીયુશન " નામના બંધારણ વડે જર્મનીનાં અઢાર રાજ્યોનું એક ફેડરેશન રચ્યું હતું.

આ રીતે પરાજિત થયેલું જર્મની શાહીવાદીઓએ ઘડેલા વિમર બંધારણવાળું રિપબ્લીક બન્યું. પરાજિત પામેલા જર્મન લોકોને આ રિપબ્લીક,

કોઈ શાંતવન આપી શકયું નહીં. લોકો ઉપર લાદવામાં આવેલા આ રિપબ્લીક નીચે વિશ્વયુદ્ધ લડીને લોહી લુહાણ બનેલો જર્મનીનો આત્મા અસંતોષથી સળગ્યા કરતો હતો. આર્થિક અંધાધૂંધી અને યુદ્ધ પછી આવી પહોંચેલી લોકજીવનની યાતનાઓ અસહ્ય બનતી હતી. આવી ભૂમિકામાં બધું જ કરી છૂટવાનાં જોરદાર વચનો આપી શકે તેવો કોઈ અવાજ સાંભળવા માટે પરાજય પામેલું જર્મન જીવન ઝંખતું હતું. આવા સમયે એડોલ્ફ હીટલર નામનો અવાજ સંભળાયો. દસ માણસની મંડળીમાંથી એનો પક્ષ વધવા માંડયો. આ પક્ષનું નામ "નાઝી પક્ષ" પડયું. રાજકીય પરિભાષામાં આ પક્ષની કાર્યવાહીનું સ્વરૂપ ફાસીવાદ નામનું હતું. આ જાતનો રાજકીય પક્ષ અથવા ફેસિસ્ટ પક્ષ હતો. ઇટાલીનો ફેસિસ્ટ આગેવાન મુસોલીની હતો. તેણે પણ ઇટાલીની રજવાડાશાહીને ખતમ કરીને ઇટાલીમાં ફેસિસ્ટ પક્ષની સ્થાપના કરી હતી.

આ બધી યુદ્ધ રચના યુદ્ધનાં કારણોને યુરોપમાં ઘડનાર સંસ્થા સામ્રાજ્યવાદ નામની હતી તથા, યુદ્ધ અને સંગ્રામની શકયતાને જ ઘડવાની તેની લાયકાત અને તાકાત હતાં તે બાબત, તેના આખા વર્તનથી નક્કી થઈ ચૂકી. શાહીવાદોએ વિશ્વયુધ્ધને જાણે ચાલુ જ રાખ્યું હોય તે પ્રમાણે શાહીવાદની ઘટના ફાસીવાદી રૂપ ધારણ કરીને બીજા વિશ્વયુધ્ધની આક્રમક તૈયારીઓ કરવા માંડી હતી. હવે આ આક્રમણના કાર્યક્રમને પોતાની સ્વદેશનીતિ તથા પરદેશનીતિ તરીકે અપનાવી દઇને યુધ્ધનો સિધ્ધાન્ત અને તેની કાર્યવાહીને પોતાની ફાસીવાદી સરકારનો સંપૂર્ણ વહીવટ બનાવનારા આ બે દેશો ઇટાલી અને જર્મની હતા. આ બે દેશોની સાથે યુધ્ધના કાર્યક્રમમાં જોડાઇ જનાર એશિયાનો એક દેશ જાપાન હતો. આ ત્રણેયે પોતાનાં યુદ્ધચક્રો ચલાવવા એક ધરી બનાવી દીધી. ફાસીવાદની આ ધરી અથવા "એકસીસ" બીજા વિશ્વયુદ્ધની તૈયારીઓ કરનાર રાષ્ટ્રમંડળ બન્યું. આ ધરીની રચના શાહીવાદી સ્વરૂપની હતી. પરંતુ ઇંગ્લેંડ ફ્રાન્સ અને અમેરિકા જેવા શાહીવાદી રાષ્ટ્રો સાથેનો આ ધરીના સ્વરૂપનો ફરક એ હતો કે આ ધરી–રાજ્યોએ લોકશાહીનો પોતાને ત્યાંથી સંપૂર્ણ વિનાશ કરી નાખ્યો હતો, અને ફાસિવાદ નામનું શાહીવાદી આક્રમણનું સરમુખત્યારી સ્વરૂપ ધારણ કર્યું હતું. ફ્રાન્સ, ઇંગ્લેંડ અને અમેરિકા જેવા લોકશાહી દેશોમાં શાહીવાદી સરકારો જ કાયમ રહી હતી અને તેમનું રાજ્ય બંધારણનું આખું ઇજારાવાદી અર્થરૂપ, ફાસીવાદી બની ચૂકયું જ હતું. યુદ્ધને જ ઘડી શકે તેવી શાહીવાદી, જગતના રાજકારણની આવી ભૂમિકા પર પહેલું વિશ્વયુદ્ધ અંત પામતું હતું તેજ અરસામાં બીજા વિશ્વયુધ્ધનું રાજકારણ શરૂ થઈ ચૂકયું હતું.

[શાંતિ અને યુદ્ધની ભાવના—સામ્રાજ્યની યુદ્ધની જીંદગી —પહેલા વિશ્વયુદ્ધનું કારણ, પરિણામ, અને તેનો પદાર્થપાઠ —યુદ્ધમાં ઉતર્યા વિના સંસ્થાનોની ફેરબદલીનો સવાલ—નૂતન વિશ્વરચનાનો અવાજ—વિશ્વની વિમુક્તિ કે વિશ્વયુદ્ધ !—યંત્રતંત્ર અને શાંતિની સંયુક્ત ઉપાસના કરતો એક જ દેશ– વિશ્વશાંતિનું અર્થકારણ અને રાજકારણ—સામાજિક વ્યવહારનું આંતરરાષ્ટ્રિય સંસ્થારૂપ—લીગ ઓફ નેશન્સની નિષ્ફળતાનું કારણ—આંતર રાષ્ટ્રિય રાજકારણનો પદાર્થપાઠ—સંયુક્તરાષ્ટ્ર સંઘ—રાષ્ટ્રસંઘનું નૂતન સભ્યપદ—રાષ્ટ્રસંઘની શરીરરચના—અગીઆર વરસની કાર્યવાહીનું સરવૈયું. વિશ્વશાંતિની વિશ્વ-લોક-સંસ્થા]

શાંતિ અને યુદ્ધની ભાવના

શાંતિની ઇચ્છા માણસ માત્રની સહજ ઇચ્છા હોય છે. શાંતિ માટે જ સૌ કોઇ અને સૌ સંસ્થાઓ પ્રયત્ન કરતાં હોય છે છતાં આપણને ખબર છે કે ઇતિહાસની શરૂઆતથી નાનાં મોટાં યુદ્ધો થયા કર્યાં છે. ઇતિહાસમાં તૈમૂર અને ઝંગીસખાન તથા નેપોલિયન અને કૈઝરનાં નામ યુદ્ધખોરો તરીકે જાણીતાં છે. યુદ્ધની આવી રચના માટે તથા યુદ્ધોને ચલાવવા માટે દરેક સરકારો પાસે યુદ્ધના ખાતાંઓ પણ હોય છે. યુદ્ધનાં આ ખાતાંઓ યુદ્ધની સંસ્થા છે તે બાબત સમજી શકાય તેવી છે.



શાંતિની ઇચ્છા કરવી, એટલાથી જ શાંતિ મળતી હોતી નથી. ઇ. સ. ૧૯૧૪ થી ૧૯૩૯ સુધીના સૌ રાષ્ટ્રોના અનુભવો એવા છે

કે લોકોના સમુદાયો દરેક દેશમાં શાંતિની ઇચ્છા રાખતા હોય છે છતાં પણ તેમના પર યુદ્ધો આવીને પડ્યાં છે. એટલે ઇતિહાસમાં જ્યારે જ્યારે યુદ્ધ પેદા થાય છે, ત્યારે ત્યારે તે કયાં કારણોમાંથી આવે છે તે સમજવું જરૂરી છે. આજે તો યુદ્ધ અને શાંતિ આપણા જમાનામાં સૌથી મોટા સવાલો તરીકે આપણી સામે ઉભા છે. આ સવાલોમાં યુદ્ધનો સવાલ, એ સામ્રાજ્યનો સવાલ છે તથા યુદ્ધોનો વ્યવહાર સામ્રાજ્ય મેળવવા માટે અને તેને ધારણ કરી રાખવા માટે શાહીવાદે કરવો પડતો હોય છે. જ્યાં જ્યાં સામ્રાજ્ય હોય છે ત્યાં ત્યાં યુદ્ધ હોય છે જ. પ્રાચીન જમાનાઓમાં ઇતિહાસની હકિકતો એવી છે કે તે વખતનાં સામ્રાજ્યો જેટલાં નાનાં હતાં તેટલો યુદ્ધનો પ્રદેશ નાનો બનતો હતો. પરંતુ સામ્રાજ્યનું જીવન જ યુદ્ધ વિના સંભવી શકતું નથી અને ટકી શકતું નથી. સામ્રાજ્ય એટલે શું તે આપણે સૌ સમજીએ છીએ. એક દેશ અથવા પ્રદેશ બીજા દેશ અથવા પ્રદેશ પર પોતાની હકુમત ઠોકી બેસાડવા માટે આક્રમણ કરે છે ત્યારે જ યુદ્ધ વડે તે નાનું કે મોટું સામ્રાજ્ય બનાવી શકે છે. પછી આ સામ્રાજ્યને ટકાવી રાખવા માટે પણ સામ્રાજ્યવાદી દેશે, યુદ્ધ કર્યા કરવું પડે છે. આજના જમાનામાં આપણે ૧૯૧૪ નું પહેલું વિશ્વયુદ્ધ દીઠું છે. આખા વિશ્વ ઉપર પથરાયેલા અંગ્રેજી સામ્રાજ્યને ટકાવી રાખવા બ્રિટનની સરકારે એ સામ્રાજ્ય પર આક્રમણ કરનાર જર્મની અને બીજા પ્રદેશો સામે યુદ્ધ કરવું પડ્યું. આ યુદ્ધ શાહીવાદી અથવા સામ્રાજ્યવાદી યુદ્ધ હતું. આ યુદ્ધ લડનાર અંગ્રેજ અને જર્મન નામની બે સામ્રાજ્યવાદી અથવા શાહીવાદી સરકારો હતી. આ યુદ્ધ શરૂ થયા પહેલાં ઇ. સ. ૧૮૯૭માં જોસેફ ચેમ્બરલેને સંસ્થાનિક અથવા પોતાના પરાધીન પ્રદેશોને લગતી અંગ્રેજ રાજકર્તાઓની એક પરિષદમાં નિવેદન કર્યું હતું કે 'તમને ખાત્રી થશે કે આપણે આજ સુધી લડેલાં નાનાં કે મોટાં તમામ યુદ્ધો આપણા સામ્રાજ્યને ટકાવી રાખવા માટે જ સામ્રાજ્યના હિતમાં લડાયાં છે.' યુદ્ધની આ બાબત સામ્રાજ્યની શરૂઆતથી સાચી છે તથા સામ્રાજ્યના અંત સુધી તે સાચી રહેવાની.

સામ્રાજ્યની યુદ્ધની જીંદગી

શાહીવાદ અથવા સામ્રાજ્યવાદની જીંદગીની મુખ્ય હકિકતો દેખીએ તો તે યુદ્ધની હકિકતો છે તે બાબતની આપણને ખાત્રી થઇ શકે છે. સામ્રાજ્યનું જીવન જ એકધારી રીતે ચાલતું યુદ્ધનું જ જીવન હોય છે. આ બાબતને સમજવા માટે આપણે આપણા જમાનાનો એટલે અર્વાચીન સમયનો શાહિવાદ અથવા સામ્રાજ્યવાદ, જે અંગ્રેજી સામ્રાજ્યવાદ છે તેના જીવનને દેખી શકીએ

છીએ. સામ્રાજ્યવાદનું જીવન ૪૦૦ વર્ષ પર શરૂ થયું અને આજ સુધી ચાલુ રહ્યું છે તથા બીજા વિશ્વયુદ્ધ પછી એનો અંત શરૂ થવા માંડ્યો છે. યુદ્ધની સંસ્થાને સમજવા માટે આપણે આ સામ્રાજ્યના આજ સુધીના જીવનની યુદ્ધ નામની જીંદગીને દેખવી જોઇએ.

આ સામ્રાજ્યનો આરંભ યુદ્ધના જ સંતાન તરીકે થયો અને પછી આ સામ્રાજ્યનું જીવન યુદ્ધની જીંદગી જેવું આખી દુનિયા પર પથરાયું. યુદ્ધ અને સંહાર નામની અંગ્રેજી સામ્રાજ્યની આ જીંદગીની શરૂઆત એણે બારમા સૈકામાં આયર્લેન્ડ પર કરેલા આક્રમણથી આપણે ન ગણીએ તો પણ પંદરમા સૈકા સુધી આ અંગ્રેજી સામ્રાજ્યે બીજા પ્રદેશો પડાવી લેવા માટે યુદ્ધો લડ્યા કર્યાં છે તેનો ખ્યાલ આપણને હોવો જોઇએ. ૧૫ મા સૈકાના અંતમાં અને ઈ. સ. ૧૪૯૬માં અંગ્રેજી સામ્રાજ્યના હેન્રી ૭મા નામના શહેનશાહે જહોન કેબોટ નામના પોતાના પ્રધાનને જે પ્રદેશો ખ્રીસ્તી ધર્મ ન પાળતા હોય તે બધા પર આક્રમણ કરીને તેમના પર પોતાની હકુમત સ્થાપવાનો પરવાનો આપ્યો. અંગ્રેજી સામ્રાજ્યની આ તારીખે જન્મતિથિ થઈ એવું ગણી શકાય. આ રીતેબીજાના પ્રદેશો પડાવી લઇને સામ્રાજ્યનો દેહ રચાવા માંડ્યો. આરંભની આ તારીખથી જ અંગ્રેજી શાસકવર્ગની રચનામાં સામ્રાજ્યનું રૂપ યુદ્ધનું અને આક્રમણનું તો હતું જ પરંતુ એ સ્વરૂપ ખૂબ ચિતરી ચઢે એવું ધાતકી અને બીજા પ્રદેશોનાં પ્રજાઓને ધાતકી રીતે દમનારૂં પણ હતું. આ સ્વરૂપ બીજા પ્રદેશો પર લૂંટફાટ ચલાવતું હતું અને સ્ત્રી પુરૂષોને તેમજ બાળક બાળકીઓને પકડીને ગુલામો તરીકે પણ વેચતું હતું. સામ્રાજ્યના આ આરંભના સ્વરૂપમાં આ રીતે બીજા પ્રદેશોના જાનમાલની ખાના ખરાબી કરીને સામ્રાજ્યનો દેહ વધારેને વધારે દોલતમંદ તથા વિસ્તારવાળો બનતો હતો. આ રીતે મોટું બનતું જતું સામ્રાજ્યનું કલેવર લૂંટફાટ, ખૂન, અત્યાચાર અને એકધારા શોષણની જીંદગીવાળું બનીને ગ્રીનલેન્ડથી તે મેગેલનની સામુદ્રધુની સુધી તથા એઝોર્સના કિનારાઓથી તે દૂર પૂર્વ સુધી અને ઉત્તર અમેરીકાથી તે દક્ષિણના સમુદ્ર સુધી વ્યાપક બન્યું.

સામ્રાજ્ય શરૂ થવા માંડ્યું તે સમયમાં જ વિલિયમ મોરીસ નામના એક અંગ્રેજી મહાનુભાવે ૧૮૮૪ ના નવેમ્બરની ૨૬ મીએ લખ્યું કે 'આજે જ્યારે નવો જમાનો ઉઘડે છે ત્યારે અંગ્રેજી શાહીવાદની જીંદગી ક્ષુદ્ર લોભના નફાખોર પ્રેરક હેતુ પર ચઢીને આજના અર્વાચીન જગત પર યુદ્ધ સંહાર અને તારાજીનું સ્વરૂપ બનીને પોતાની એક સૈકાની જીંદગીનો ખૂની ચિતાર રજુ કરે છે.'

આ રીતે જ અંગ્રેજી શાહિવાદની સંહારની જીંદગીનો ૧૯મો સૈકો પણ પૂરો થયો અને ૨૦મા સૈકાના આરંભમાં જ આ જીંદગીએ આખા જગત પર

પહેલું વિશ્વયુદ્ધ, પોતાની યુદ્ધખોર જીંદગીનો આખો સરવાળો કરીને, વિશ્વની સંસ્કૃતિને ભેટ તરીકે દઇ દીધું.

પહેલા વિશ્વયુદ્ધનું કારણ, પરિણામ, અને પદાર્થપાઠ

પહેલા વિશ્વયુદ્ધ પછી, આ યુદ્ધ લડનારા બન્ને પક્ષો ખુવાર થઇ જઇને વિચાર કરતા હતા. આ વિશ્વયુદ્ધનું કારણ એ હતું કે, શાહીવાદનાં બે જૂથો, એક બીજાનાં સંસ્થાનો પડાવી લેવા માગતાં હતાં અથવા, શાહીવાદી જૂથો, સંસ્થાનોની નવેસરથી વહેંચણી કરવા માગતાં હતાં, તે હતું. આવી વહેંચણી જો યુદ્ધ વિના થઇ શકી હોત તો યુદ્ધ કરવું પડત નહીં, પરન્તુ તે અશકય થયું અને યુદ્ધ આવી પડ્યું. યુદ્ધના પરિણામમાં, યુદ્ધમાં ઉતરેલા બધા દેશો અથવા શાહીવાદનાં બન્ને જૂથો ખૂબ ખુવાર થઇ ગયાં. આ બન્ને પક્ષો યુદ્ધ પછી પદાર્થપાઠ એ શિખ્યાં કે, યુદ્ધ કરવા કરતાં યુદ્ધમાં ઉતર્યા વિના જ, જો સંસ્થાનોની નવેસરથી વહેંચણી થઇ શકે તો તેજ ઠીક કહેવાય.

એટલે એવું બીજીવાર ન બને તેટલા માટે કેવળ અંધસ્વાર્થના ઇરાદાથી તેમણે એક નવો વિચાર કરવા માંડ્યો. આ નવો વિચાર ભવિષ્યમાં વિશ્વયુદ્ધ ન થાય તે માટેનો હતો. વિશ્વયુદ્ધનું કારણ તો જગતના ગુલામ દેશો અથવા સંસ્થાનોની લડાઇ મારફત નવી વહેંચણી થાય તેજ હતું.

તેથી યુદ્ધ વિના સંસ્થાનોની વહેંચણી કરવાનો અથવા સમજુતીથી શાહીવાદી દેશોએ અંદર અંદર ગુલામદેશોની નવી વહેંચણી કરવાનો, રસ્તો લેવો જોઇએ એવું ઘણાઓને લાગ્યું. જો, એમ થાય તો, જગતની શાંતિ પણ જળવાય, અને એમ થાય તો માનવજીવનની સંસ્કૃતિ અને સંસ્કારનો નાશ પણ અટકે. એમ થાય તો યંત્રતંત્ર જેણે આખા જગતમાં સુખસગવડોનાં સાધનોનાં ઉત્પાદનના ઢગલા કર્યા હતા, જેણે, આખા જગતપર નવાં વાહનવ્યવહાર બાંધવા માંડ્યાં હતાં, જેણે સંસ્કૃતિને, વ્યાપક બનાવવાની વિજળીક ઝડપ ધારણ કરી હતી અને જેનાવડે આખી માનવજાત વચ્ચેના અનેક અંતરાયો ભૂંસી નાખવા માંડ્યા હતા તે પણ ટકી શકે.

તો એનાથી વધારે રૂડું શું હોઇ શકે! વિશ્વશાંતિ કાયમ થાય અને યંત્રતંત્ર પણ ટકે અને પોતે, પડાવી લીધેલાં સંસ્થાનો પણ પોતાનાં ગુલામ તરીકે કાયમ રહે તો શું ખોટું?

એ કરવા માટે એક જ બાબતનો અમલ કરવાનો હતો. એ બાબત એ હતી કે શાહીવાદી યુરોપે પોતપોતાનાં ગુલામ સંસ્થાનોની માલીકીની ફેર-

બદલી, અંદર અંદરની સમજુતી વડે કરવી અથવા સંસ્થાનોની અંદર અંદરની નવી વહેંચણી યુદ્ધના મેદાનપર જઇને સંહાર કરીને નહીં, પરન્તુ ગોળમેજી પરિષદ બોલાવીને વાટાઘાટથી કરવી. યંત્રતંત્રની વિશ્વરચના કાયમ રહે અને વિજ્ઞાનની રચના પર રચાયલી વિજ્ઞાનના પાયાવાળી નૂતન સંસ્કૃતિ ટકી રહે, તેમ કરવું હોય તો યુદ્ધને તો બંધ કરવું જ જોઇએ. યુદ્ધને બંધ કરવું હોય તો યુદ્ધ મારફત થતી સંસ્થાનોની ફેરબદલી ને બદલે શાહીવાદી દેશોએ યુદ્ધ લડ્યા વિના આ ફેરબદલી કરવાનો ઉપાય ધારણ કરવો જોઇએ.

યુદ્ધમાં ઉતર્યા વિના સંસ્થાનોની ફેરબદલીનો સવાલ

વિશ્વયુદ્ધના બનાવ પાછળનું કારણ સંસ્થાનો પરની માલીકીના સવાલમાંથી પેદા થાય છે અથવા એ માલીકી માટેની લડાઇ શાહીવાદો વચ્ચેની લડાઇના રૂપમાં જન્મે છે તે બાબત પહેલા વિશ્વયુદ્ધ પછી તરત જ વધારેને વધારે ચર્ચાવા લાગી. વિશ્વયુદ્ધમાં વિજયી બનનારા શાહીવાદી જૂથે પણ તેથી જ હવે યુધ્ધ અટકીજાય તેવા ઉદ્દેશને સ્થાપીને લીગની સ્થાપના કરી. ઇંગ્લેંડના આર્ચબીશપેજ ત્યાર પછી ૧૯૩૫માં આ બાબતનો ઉલ્લેખ, ચિંતા પૂર્વક કર્યો અને કહ્યું કે, "આપણે આ પૃથ્વી પરના મોટા વિભાગને આપણું સંસ્થાન બનાવી દીધા પછી, બીજાઓને કહીએ કે અમારાં સંસ્થાનો પર નજર કરશો નહીં તો તેમાં દંભ દેખાય છે. યુરોપનાં બીજાં રાષ્ટ્રોને પણ જો સંસ્થાનોની જરૂર જણાતી હોય તો તેમની જરૂરિયાતને સંતોષવા કંઇ તજવીજ થવી જોઇએ." આવી તજવીજ, યુધ્ધ વિના અને અંદર અંદરની સમજુતી વડે બીજા શાહીવાદી દેશોને સંસ્થાનોમાં ભાગ આપવા શિવાય બીજી શી હોઇ શકે?

પરન્તુ એજ અરસામાં એક નૂતન અવાજ સંભળાયો. આ અવાજ બારબાડોસના આરચબીશપનો હતો. ઇ. સ. ૧૯૩૫ માં સંસ્થાનો માટેની અંગ્રેજી શાહીવાદે બોલાવેલી શાંતિ પરિષદમાં જ એ અવાજ સંભળાયો. એણે કહ્યું કે "આ પરિષદ યુરોપના શાહીવાદી રાષ્ટ્રોને યુધ્ધ વિના સંતોષવાનો રસ્તો કાઢવા ભેગી મળી હોય તેમ લાગે છે. આ પરિષદનો હેતુ શસ્ત્રસરંજામની સજાવટ કરતા યુરોપના શાહીવાદી દેશો અંદર અંદર ન લડે તેવી તજવીજ કરવા એકઠી થઇ છે અને તે માટે સંસ્થાનોની શાંતિપૂર્વક કંઇ ફેરબદલી થઇ શકતી હોય તો તેનો વિચાર કરવા માગે છે. પરન્તુ, સંસ્થાનોનો એટલે કે સંસ્થાનોની પ્રજાઓનો કોઇ વિચાર કરવા માગતું નથી. આ સંસ્થાનો આજે એક શાહીવાદનાં ગુલામ હોય તો તે ગુલામોને બીજા શાહીવાદની ગુલામી નીચે યુદ્ધવિના અને શાંતિપૂર્વક મૂકવાનો અહીં વિચાર થાય છે. ગુલામોની આવી વહેંચણીમાં

ગુલામસંસ્થાનોનો પોતાનો શો મત છે તે વિષે કોઇને કશી પડી નથી. હું સર આર્થર સેલ્ટરને એક સવાલ પૂછવા માગુ છું. એ સવાલ એ છે કે સંસ્થાનો પોતાનું રાજ પોતે જાતે ચલાવી શકે તેમ નથી? અંગ્રેજ શાહીવાદના સ્વાર્થની દ્રષ્ટિથી તે તેમનો આત્મનિર્ણય નકારી કાઢી શકે પરન્તુ સંસ્થાનિક પ્રજાઓના સ્વાર્થની દૃષ્ટિને ધ્યાનમાં લેવામાં આવે તો સંસ્થાનો સ્વરાજ માટે ના લાયક છે એમ કોઇ કહી શકે જ નહીં. એ પરિષદમાં આ એક નવો જ સવાલ સંસ્થાનોની વિમુક્તિ વડે યુદ્ધ નાબૂદ કરવાનો હતો, ને ચર્ચા માટે રજુ કરી દેવામાં આવ્યો.

નૂતન વિશ્વરચનાનો નૂતન અવાજ

આવતી કાલની નૂતન રચનાનો આ સવાલ હતો. આ સવાલને આજ સુધીની શાહીવાદી રચનામાં કોઇ દેશની સરકારે વિશ્વના રાજકારણ માટે રજુ કર્યો નહોતો. પરંતુ પહેલા વિશ્વયુદ્ધના અંતમાં શાહીવાદનો નિષેધ જેના રાજકારણનો પાયો હતો તેવી સોવિયેટ સરકાર રશિયામાં રચાઇ હતી. એટલે ઈ. સ. ૧૯૩૫ના સપ્ટેમ્બરમાં જીનેવા મુકામે આ સરકારના પ્રતિનિધિઓએ જગતની શાહીવાદી સરકારો સમક્ષ પોતાની વિશ્વશાંતિની આંતરરાષ્ટ્રિય રાજનીતિનો પાયાનો સિદ્ધાંત જાહેર કર્યો કે, 'સોવિયેટ સરકાર પોતાના રાજકારણના પરદેશનીતિના મૂળભૂત સિદ્ધાંત પ્રમાણે સંસ્થાનોની અથવા સંસ્થાનવાદની પદ્ધતિનો વિરોધ જાહેર કરે છે તથા શાહીવાદી હેતુઓનો વિરોધ કરે છે. સંસ્થાનો મેળવવાના હેતુમાંથીજ વિશ્વયુદ્ધ રચાતું હોવાથી, યુદ્ધને નાબુદ કરવા, સંસ્થાનોને સ્વરાજ આપી દેવાની નીતિનો સ્વીકાર કરવા સિવાય બીજા કોઈ માર્ગે વિશ્વશાંતિ આવી શકશે નહી.'

વિશ્વની વિમુક્તિ કે વિશ્વયુદ્ધ!

પરંતુ આ બાબતનો સ્વીકાર કોઈ પણ શાહીવાદી સરકાર કરી શકે તેમ નહોતું, કારણકે તેમ કરવામાં શાહીવાદી રૂપનો જ અંત લાવી દેવો પડે તેમ હતું. એટલે સોવિયેટ જાહેરાતના જવાબમાં જર્મનીમાંથી હિટલરે ૧૯૩૬ ના જાન્યુઆરીની ૧૭ મીએ કહ્યું કે, 'ગોરી પ્રજાઓનો જગત પરનો શાસન અધિકાર જન્મસિદ્ધ છે. જગત પર શાસન કરવાનો અમારો આ અધિકાર યુરાપના અર્થકારણનો પાયો બનીને ઉભો છે.' હિટલરે યુદ્ધના આ અર્થકારણની બાબતને જાહેર કરીને તરત જ થોડા દિવસે બીજી જાહેરાત કરી કે 'અમે ગરીબ રાષ્ટ્ર છીએ, કારણકે અમારી પાસે સંસ્થાનો નથી. પણ જેમની પાસે સંસ્થાનો છે, તેમને અમે કહેવા માગીએ છીએ કે પહેલા વિશ્વયુદ્ધના અંતમાં અમારાં પડાવી લેવાયલાં સંસ્થાનો અમને પાછાં સોંપી દો.

યુરોપના શાહીવાદી બજારમાં સંસ્થાનોનો સવાલ પાછો શરમ મૂકીને યુદ્ધનીજ વાત બોલતો થઈ ગયો. સંસ્થાનોની પ્રજાઓને ઢોર જેવી અવાક સમજીને, તેને 'ડંખમીલીયન્સ'નું નામ આપીને પોતાનાં સંસ્થાનોના વાડાઓની આસપાસ ચોકી પહેરા ગોઠવતા સંસ્થાનોના માલીકો બનેલા શાહીવાદી ભરવાડોએ એક બીજાના વાડાઓ પર પાછી આક્રમણ કરવાની લાકડીઓ ખખડાવવા માંડી.

આ લાકડીઓનું રૂપ યંત્રતંત્ર વડે યંત્ર આયુધોનું, રણગાડીઓનું, ટેંકોનું અને વિમાનોનું બની ચૂક્યું હતું તથા તેની સજ્જવટ કરવામાં ફાસીવાદી જર્મની સૌથી વધારે ઝડપ દાખવતું હતું. પરંતુ જગતનો સૌથી મોટો શાહીવાદી ઇંગ્લેંડ હતો. તેણે એને કહી દીધું કે અમારા સંસ્થાનોનો સવાલ, અમારી આબરૂનો સવાલ છે. અમારી સાથે વફાદારીની ગાંઠથી બંધાયેલી સંસ્થાનની પ્રજાઓને અમે બીજા કોઇને આધીન સોંપવા નથી માગતા. એટલે આ સવાલના નિકાલ માટે, વિશ્વયુદ્ધ મારફતજ જગતનો નવેસરથી ભાગ પાડવા માટે ભૂખ્યા શાહીવાદીઓએ ફાસીવાદી ધરીનું રૂપ ધારણ કરીને બીજા વિશ્વયુદ્ધનો આરંભ શરૂ કર્યો.

ત્યારે યંત્રતંત્ર અને શાંતિની સંયુકત ઉપાસના કરતો એકજ દેશ.

જ્યારે યંત્રો, યુદ્ધનાં યંત્રો બનીને શાહીવાદનો યુદ્ધ મોરચો સંભાળવા સંહારનાં સાગરીત બન્યાં. ત્યારે યંત્ર તંત્રનું વૈજ્ઞાનિક સ્વરૂપ માનવીના સંહાર માટે શાહીવાદના અધિકાર નીચે રજુ થયું, પરન્તુ એમાં યંત્રનો દોષ નહોતો.

પણ અણસમજુ લોકોએ યંત્રને અને યંત્રતંત્રને દોષ દેવા માંડયો. પરન્તુ એમાં યંત્રનો કે યંત્રતંત્રનો અને તેને નિપજાવનાર વિજ્ઞાન સંસ્થાનો કશો દોષ હતો નહીં. યુદ્ધના બનાવ માટે જવાબદાર એવી શાહીવાદી અથવા યુદ્ધખોર રચનાનો જ યુદ્ધ માટેનો બધો દોષ હતો.

આ બાબતનો આબેહુબ દાખલો સોવિયેટ રશિયામાં યંત્રતંત્ર વડે શરૂ થયેલી આર્થિક યોજનાઓમાં જગતે દીઠો. જે યંત્રતંત્ર યુદ્ધના યંત્રનું રૂપધરીને શાહીવાદના અધિકાર નીચે માનવ સંહાર કરવા નીકળતું હતું, તેજ યંત્રતંત્ર અથવા ટેકનીક રૂસી ધરતી પર માનવ સંસ્કૃતિની કાયાનું માનવ કલ્યાણકારી રૂપ ભણવા, નવાં કારખાનાં, સંઘ ખેતીનાં નવાં સાધનો, નવી શાળાઓ અને દવાખાનાંઓની રચના કરતું હતું. શાહીવાદી ઘટનામાંથી વિમુકત બની ગએલો આ એક રાષ્ટ્ર વિમુક્તિની સંસ્કાર યોજના યંત્રતંત્ર વડે ઘડતો હતો.

સોવિયેટ રૂસ, જેની અર્થ યોજના સંસ્કૃતિના ઘડતર માટે યંત્રતંત્રને યોજતી હતી તે દેશ નૂતન અર્થકારણ પર રચાયલું નૂતન રાજકારણ રચીને વિશ્વશાંતિની

પરદેશનીતિની જાહેરાત કરતો હતો. જગતભરમાં, પહેલીવાર અને આપણી પૃથ્વી પરની સમાજ રચનામાં પણ પહેલીવાર આ એક જ દેશનું અર્થકારણ અને રાજકારણ વિશ્વશાંતિનું રૂપ ધારણ કરતું હતું.

વિશ્વશાંતિનું અર્થકારણ અને રાજકારણ

પોતાના આવા અર્થકરણ અને રાજકારણનો પાયાનો સિદ્ધાંત ધારણ કરતાંની સાથે જ ઈ. સ. ૧૯૧૭ ના નવેંબરની ૮મીએ સોવિયટ દેશે વિશ્વવિખ્યાત એવો શાંતિ કાનૂન (પીસ ડીકરી) ઘડયો. જગતભરની ધારાસભાઓમાં આવો કાનૂન ઘડનાર, રાજ્ય બંધારણના વિશ્વઇતિહાસમાં આ પહેલી ધારાસભા પૂરવાઈ થઈ. એણે આ ધારા મારફત, જગતના કોઈ પણ મુલક કે પ્રદેશ પર પોતાનો કબજો નહીં રાખવાની તથા કોઇપણ પ્રદેશ સાથે સમાન ભાવે શાંતિકરાર કરવા માટે, જગતભરની સરકારોને પોતાના રાજબંધારણના આ મૂળભૂત કાનૂનની જાણ કરી.

ત્યાર પછી તરત જ એણે પોતાની શાંતિમય અર્થનીતિનો આરંભ કર્યો. આ શાંતિમય અર્થનીતિએ, નફાખોર અર્થઘટનાને પોતાને ત્યાંથી નાબુદ કરીને, સામાજિક જરૂરિયાત પર ઉત્પાદનની ઘટના શરૂ કરી. આ રીતે, મુડીવાદનાં નફાખોર અને સ્વછંદ ઉત્પાદનો કરીને બજારો પડાવવાની અથવા જગતના પ્રદેશોને ગુલામ બનાવીને સંસ્થાનો મેળવવાની યુદ્ધખોર એવી શાહીવાદી અર્થનીતીની પાયામાંથી જ નાબુદી કરવામાં આવી તથા સમાજવાદી અર્થકારણની યોજનાબદ્ધ અર્થ-ઘટનાની આર્થિક યોજનાઓ શરૂ કરવામાં આવી.

આ સાથે જ જગતના બીજા દેશોમાં ક્રાંતિ સળગાવાની પરદેશનીતિનો ટ્રોકરકીનો યુદ્ધની દરમ્યાનગીરી મારફત ક્રાન્તિ કરવાનો ખ્યાલ રશિયામાંથી રદ કર-વામાં આવ્યો. આવી પરદેશનીતિનો વિરોધ કરીને, આ નીતિને નાબુદ કરવા ટ્રોટસ્કીને પણ હદપાર કરવામાં આવ્યો તથા ઈ. સ. ૧૯૩૬ માં સ્ટાલીને પોતાની આ વિશ્વશાંતિની સોવીયટનીતિની ફરીવાર જાહેરાત કરી.

સોવીયેટ શાસનતંત્રે પોતાના જુના પરાધીન દેશોના આત્મનિર્ણયના અધિ-કારનો તથા સૌના સમાન ધોરણનો સ્વીકાર કરવાની યુગવર્તી જાહેરાત કરી અને આ જાહેરાત સાથે દેશદેશની વચ્ચેની સમાનમૈત્રી કરારોની વિશ્વઇતિહાસના રાજ-કારણમાં પહેલીજ વાર શરૂઆત કરી. ઈ.સ. ૧૯૨૧માં એણે, ઈરાન, અફઘાનિસ્તાન તથા ટર્કી સાથે અને ૧૯૨૪ માં ચીન સાથે સમાન કરારો કર્યા, તથા ઝારશાહીના સમયના અસમાન કરારોને એણે રદ બાતલ જાહેર કર્યા.

પરંતુ આ શાંતિની યોજનાઓ સામે, અને પોતાને ત્યાંની શાંતિની અર્થકારણની રચના સામે, શાંતિના સમાન કરારો સામે, ત્યારના શાહીવાદી દેશોએ યુદ્ધ રચનાની શેતરંજ શરૂ કરી દીધી. આ રીતે રોજ રોજ યુદ્ધનો ભય શાહીવાદી જગતે ઉગ્ર રીતે ઉભો કરવા માંડ્યો, અને ઇસી જીવનવ્યવહારનો નાશ કરી નાખવા તજવીજો શરૂ કરી. યુદ્ધની આવી રચના સામે વિશ્વશાંતિની પરદેશનીતિનો જે કંઈ અમલ થઈ શકે તે કરવાની તજવીજ સોવીયેટ રશિયાએ શરૂ કરી. આ તજવીજના પહેલાં પગલાં તરીકે એણે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે બીન આક્રમણકારી કરારો થવા જોઈએ તેવી યોજના રજુ કરી અને સોવીયટ દેશ, તમામ દેશો સાથે આવા કરારો કરવા તૈયાર છે તેવી ઘોષણા કરી. એણે પોતાના પડોશી દેશો સાથે આવા કરાર શરૂ પણ કરી દીધા.

વિશ્વશાંતિની પોતાની પરદેશનીતિના બીજા પગલા તરીકે એણે નિઃશસ્ત્રીકરણની હિલચાલને લીગ ઓફ નેશન્સમાં દાખલ થઈને જોરશોરથી ઉપાડી. ચાર ચાર વરસ સુધી એણે એ હિલચાલને જારી રાખી. છેવટે શાહીવાદી દેશોએ ઈ. સ. ૧૯૩૪ માં આ હિલચાલને નાબુદ કરી નાખી, એટલે એણે નિઃશ્રીકરણની પરિષદને વિખેરી નાખવાને બદલે તેને સમુહ સલામતિની સંસ્થા બનાવીને આક્રમણના કોઈ પણ બનાવ સામે સમુહ સલામતિની યોજના બનાવવાની ઘોષણા કરી.

પરન્તુ યુરોપની શાહીવાદી ઘટના અનીવાર્ય રીતે યુધ્ધ તરફ ધસતી હતી. શાંતિની કોઈ પણ યોજનાને તોડી નાખવાની કાર્યવાહી રચતું યુરોપનું શાહીવાદી જગત માનવસંહારના માર્ગ પર ચઢી ગયું હતું. સંહારની આ કાર્યવાહીને પોતાની શાંતિ ઘટનાના અસ્તિત્વવડે પડકારતા સોવિયેટ સંઘનો વિનાશ કરવાની નીતિમાં બધા શાહીવાદી દેશો સંમત હતા. આ નીતિની આગેવાની ફાસીવાદે લીધી. એટલે વિશ્વશાંતિના અર્થકારણ અને રાજકારણને વરેલી સોવિયેટ નીતિએ, પોતાના પર આક્રમણ આવશે તો તેનો સર્વાંગીરીતે પ્રતિકાર કરવાનો પોતાનો નિરધાર પણ જાહેર કર્યો.

જગતના સામાજિક વ્યવહારનું આંતરરાષ્ટ્રિય સંસ્થારૂપ

પરન્તુ હવે જગતનો સામાજિક વ્યવહાર અને સંસ્થાઓ આંતરરાષ્ટ્રિય બનવા માંડ્યાં હતાં. વિશ્વનું એકવિશ્વરૂપ હવે વ્યવહારમાં વધારે ને વધારે વ્યાપક બનતું હતું. પહેલા વિશ્વયુધ્ધ પહેલાંથી જ આપણી દુનિયા હવે એક દુનિયા બનવા માંડી છે તેની સાબિતી હવે માત્ર આદર્શવાદીઓની ઇચ્છામાં જ રહી ન હતી પરંતુ સંસ્થાગત હકીકત બનવા માંડી હતી. આવી હકી-

કતની સાબીતી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ હતી. જગતનો વ્યવહાર પોતાના વાણિજ્ય સ્વરૂપમાં અને વૈજ્ઞાનિક રૂપમાં તો આંતર રાષ્ટ્રિય બની ચૂકયો હતો જ પરંતુ શાહીવાદી વાણિજ્યનું સ્વરૂપ અંદર અંદરની જીવલેણ હરિફાઇઓ-વાળુ હતું તેથી વાણિજ્યની કોઈ પણ સંસ્થા આંતર રાષ્ટ્રીય એકાતવાળી દેખાતી નહોતી. વિજ્ઞાનનું સ્વરૂપ પણ વિશ્વભરમાં ફેલાયેલું છતાં તે શાહીવાદી અધિકાર નીચે હોવાથી વૈજ્ઞાનિકોની સંસ્થા પણ આંતર રાષ્ટ્રિય બની શકી ન હતી. પરંતુ પોતાના વ્યવહારમાં જગત હવે એક જગત બની ચૂકયું છે તેની આગાહી જગતની કાર્યવાહી બજાવનાર વ્યવસાયી માનવ સમુદાયોએ પોતાની આંતર રાષ્ટ્રિય સંસ્થાઓ રચીને આપવા માંડી. આવી આંતર રાષ્ટ્રિય સંસ્થાને રચવાનું પહેલું માન જગતભરની સંસ્કૃતિઓનો સાજ તૈયાર કરનાર તથા જગતભરનાં સાધનોને નિપજાવનાર શ્રમ માનવોએ ધારણ કર્યું હતું.

આંતરરાષ્ટ્રિય ટ્રેડ યુનીયનો પછી ઈ. સ. ૧૮૭૫ માં યુનિવર્સલ પોસ્ટલ યુનિયન નામની સંસ્થા શરૂ થઈ. જગતભરનો પત્ર વ્યવહાર આ સંસ્થા ચલાવતી હતી. આ સંસ્થાએ પોતાનું આંતર રાષ્ટ્રીય સ્વરૂપ રચીને વિશ્વભરનાં પોસ્ટલ માનવ સમુદાયો આંતરરાષ્ટ્રિય સહકારી ધોરણે કામ કરી શકે છે તે બાબતને પુરવાર કરી. ઈ. સ. ૧૮૭૫માં જ પહેલી જ વાર એક આંતરરાષ્ટ્રિય પરિષદ મળી તથા તેણે જગતભરમાં માપ અને વજનોને આંતર રાષ્ટ્રિય અને એકસરખાં બનાવવાની દરખાસ્ત રજૂ કરી. પછી ઈ. સ. ૧૮૯૯માં હેગ મુકામે એક આંતર રાષ્ટ્રિય પરિષદ મળી. આ પરિષદના માનવતાવાદીઓએ યુધ્ધમાં વપરાતાં હેવા-નીયત ભરેલાં આયુધો નહીં વાપરવાની ભલામણ કરી, તથા યુધ્ધના કાયદાઓ ઘડયા. ઈ. સ. ૧૯૦૭માં બીજી હેગ પરિષદ મળી. આ પરિષદે પોતાનું નામ શાંતિ પરિષદ એવું ધારણ કર્યું. આ પરિષદમાં અમેરિકાના પ્રમુખ રુઝવેલ્ટની સૂચના પ્રમાણે યુધ્ધ અટકાવવા માટે કોઈ આંતર રાષ્ટ્રિય સંસ્થા થવી જોઈએ એવું સ્વીકારાયું તથા કોઈ પણ બે રાષ્ટ્રોએ યુધ્ધ કરતાં પહેલાં પોતાના ઝઘડાને પતવવા આ પરિષદે નીમેલી લવાદી અદાલત પાસે જવું એમ નક્કિ થયું.

લિગ ઓફ નેશન્સની નિષ્ફળતાની પરંપરા

પહેલા વિશ્વયુદ્ધ પછી જગતના રાજકારણમાં શાંતિનું ધ્યેય દાખલ થઈ ચૂકયું હતું તથા તેની માવજત લીગ ઓફ નેશન્શ પાસે હતી.

બીજા વિશ્વયુધ્ધનાં કારણો તરીકે એમ કહી શકાય કે બધાં કારણોનું મૂખ્ય કારણ લીગ ઓફ નેશન્સની રચનામાં જગતની સરકારોનું સમાન અને લોકશાહી સ્વરૂપ ન હતું આવી શકયું તે તથા તેનો બધો દોરી સંચાર પહેલા વિશ્વયુદ્ધનાં વિજયી એવા શાહીવાદી રાષ્ટ્રો પાસેજ હતો તે હતું. આ

શાહીવાદોએ પહેલા વિશ્વયુધ્ધના વિજયની સાથે જ, જે લીગ ઓફ નેશન્સને જન્મ આપ્યો તે સંસ્થાની રચનામાં જ પહેલા વિશ્વયુધ્ધના વિગ્રહી સવાલો તેમણે ચાલુ રાખ્યા. આ સવાલોનું નિરાકારણ લીગ કરશે એવી આશા જન્માવવામાં આવી; પરંતુ લીગ ઓફ નેશન્સની દરેક કાર્યવાહી આવા કોઈ પણ વિગ્રહી સવાલનો નિકાલ કરવા માટે બધી રીતે નાલાયક છે તે બાબત તેની રચનામાંથી અને કાર્યમાંથી જ સ્પષ્ટ બન્યા કરી. આ સંસ્થાએ વિશ્વ-શાંતિનો જાપ જપતાં જપતાં યુધ્ધને ટેકો આપ્યો. લીગ ઓફ નેશન્સ "મોસુલ ઓઇલ ડીસપ્યુટ"નું નિરાકરણ કરી શકી નહીં. પછી ઇટાલીએ જ્યારે કોર્ફુ નામના ગ્રીક ટાપૂ ઉપર હૂમલો કર્યો ત્યારે તેનું પણ તે નિરાકરણ કરી શકી નહીં. પછી ઈ. સ. ૧૯૪૧માં જાપાને બિલકુલ બેશરમ રીતે આક્રમણ કર્યું ત્યારે મંચૂરીઆનો કબ્જો લેતા જાપાનના શાહીવાદને રોકવા માટે લીગ ઓફ નેશન્સ કશું કરી શકી નહીં. પછીનાં છ વર્ષોમાં જાપાનના શાહીવાદે ચીનના રાષ્ટ્રદેહમાંથી ટૂકડાઓ તોડ્યા કર્યા તથા ઈ. સ. ૧૯૩૭માં આખા ચીન પર એણે લડાઈ જાહેર કરી.

છતાં લીગ ઓફ નેશન્સ કશું કરી શકી નહીં. આ દરમ્યાનમાં ઇટાલીએ એબીસીનીયા ઉપર હૂમલો કર્યો તથા એ આખા દેશને ૧૯૩૬માં જીતી લીધો અને તેણે આલ્બેનીઆ પર ૧૯૩૯માં કબ્જો કર્યો છતાં લીગ કશું કરી શકી નહીં. ઇ. સ. ૧૯૩૬માં રહાઇનલેંડનું લશ્કરીકરણ કરી જર્મનીએ વર્સેલ્સનાં કરારનો ભંગ કર્યો તથા ઇ. સ. ૧૯૩૯ સુધીમાં ઓસ્ટ્રીયા, ઝેકોસ્લોવેકીઆ અને લીથુઆનીઆ પર આક્રમણો કરીને એ દેશો પર કબ્જો કર્યો છતાં પણ લીગ ઓફ નેશન્સે પોતાનાં કલંકિત બનેલા કાર્યાલયમાં ભાષણો કરવા ઉપરાંત વિશ્વશાંતિ માટેનું કોઇ મોટું કાર્ય કર્યું નહી. લીગ ઓફ નેશન્સની આ શરમજનક નિષ્ફળતાનું મુખ્ય કારણ એ હતું કે તેની રચના શાહીવાદી અંકૂશ હેઠળની હતી તથા પ્રતિસ્પર્ધી શાહીવાદી દેશોનાં આક્રમણને રોકવા માટે આ રચના બધી રીતે નાલાયક હતી. એટલે આ બધાના પરિણામ તરીકે ઇ. સ. ૧૯૩૯ના સપ્ટેમ્બરના પહેલા દિવસે જર્મન શાહીવાદની તોપો પોલેંડની સરહદને તારાજ કરવા લાગી તથા પોલેંડ ઉપર જર્મનીના બોંબરોએ મોતની વર્ષા શરૂ કરી. આ રીતે બીજા વિશ્વયુદ્ધનો આરંભ થયો.

આંતર રાષ્ટ્રિય રાજકારણનો પદાર્થ પાઠ

પરંતુ આંતરરાષ્ટ્રીય એવી આવી સંસ્થાઓએ પણ વિશ્વઇતિહાસમાં આંતર-રાષ્ટ્રીય રાજકારણનો અનુભવ અથવા પદાર્થપાઠ રજુ કર્યો. 'હોલિ એલાયન્સ'નું

નામ ધારણ કરીને યુદ્ધોને રોકવા માટે રચાયેલી 'કોંગ્રેસ ઓફ વિયેના'નો મુખ્ય હેતુ વિશ્વશાંતિનો ન હતો, પરંતુ શિકાર બનેલા જગતનો ભાગ પાડવાનો હતો છતાં એ સંસ્થા પણ ઇતિહાસના અનુભવ તરીકે વિશ્વઇતિહાસનો એક પદાર્થ પાઠ બની. આ પદાર્થ પાઠમાં વ્યવહારૂ યોજના તરીકે 'બેલેન્સ ઓફ પાવર' અથવા 'સત્તાની તુલના' નામનો વિશ્વઇતિહાસનો એક બીજો પદાર્થ પાઠ ઇતિહાસના અનુભવ તરીકે દેખાયો. ત્યારના વિજેતાઓએ જગતનાં રાજકારણમાં કાયદેસરતા નામનો એક પદાર્થ પાઠ આંતરરાષ્ટ્રીય વ્યવહાર માટે નીપજાવ્યો. કાયદેસરતાનું એ સમયનું સ્વરૂપ ફ્રેંચ ક્રાંતિએ શરૂ કરેલી ક્રાંતિની હિલચાલોને દફનાવી દેવા માટેજ હતું. પરંતુ એટલેથી જ આ સ્વરૂપ અટકયું નહીં, અને વિશ્વઇતિહાસના વ્યવહારના પછીના વિકાસ પામવા માટે તે જીવતું રહ્યું.

ત્યાર પછી લીગ ઓફ નેશન્સમાં આત્મનિર્ણયનો રાષ્ટ્ર અધિકાર અથવા 'સેલ્ફ ડીટરમીનેશન ઓફ નેશન્સ' નામનું વિશ્વઇતિહાસનું નૂતન ક્રિયા સૂત્ર રશિયાની સામાજિક ક્રાંતિમાંથી આવી પહોંચ્યું. લીગ ઓફ નેશન્સના શાહીવાદી કર્મચારીઓએ આ ક્રિયા સુત્રનો પ્રયોગ અટકાવવા માટે પ્રયત્ન કર્યો. પણ આત્મનિર્ણયના રાષ્ટ્ર અધિકાર નામનો વિશ્વ ઇતીહાસનો પદાર્થ પાઠ રશિયાની સામાજિક ક્રાંતિમાં જન્મ પામીને એશિયા અને આફ્રિકાનાં તમામ ગુલામ દેશોમાં શરૂ થયેલી રાષ્ટ્રીય વિમુક્તિની હિલચાલોમાં ઓતપ્રોત બની ગયો. ત્યાર પછી બીજા વીશ્વયુદ્ધના અંત સુધી એશીયા આફ્રીકાની રાષ્ટ્રિય વિમુક્તિની હિલચાલો વીકાસ પામ્યા કરી અને તેની સાથે સાથે રાષ્ટ્રિય આત્મનીર્ણય નામનો વિશ્વ ઇતીહાસનો પેલો વ્યવહાર પાઠ વિકાસ પામીને એશીયા અને આફ્રિકાની ધરતી ઉપર પણ વિમુક્ત રાષ્ટ્ર નામનું નુતન આઝાદીનું સ્વરૂપ રચવા લાગ્યો.

આ રીતે વિશ્વ ઇતિહાસમાં આવી ચૂકેલા વિમુક્ત રાષ્ટ્રોએ શાહીવાદે વિખૂટાં પાડી દીધેલા અને શાહીવાદી કાવતરાંને રોકવા માટે પોતાની આસપાસ લોખંડી દીવાલ બાંધીને બેસી ગયેલા હોય તેવા રૂસ દેશની લોખંડી દીવાલના દરવાજા ખોલી નાખ્યા. રૂસ દેશે પોતાને ત્યાંની સામાજિક ક્રાંતિના ભેરૂબંધ બને તેવા નવા રાષ્ટ્રો અથવા વિમુક્ત રાષ્ટ્રોનાં વિશ્વઇતિહાસમાં નવાં ઉપજેલાં સ્વરૂપો દીઠાં. વિશ્વઇતિહાસમાં આ રીતે જગતનાં રાષ્ટ્રો વચ્ચે સમાન બંધુભાવ તથા સમાન એવા સહકારી ધોરણે આંતર રાષ્ટ્રીય વ્યવહાર કરી શકવાની અને વિશ્વયુદ્ધનો નિષેધ કરનારી એક લોકશાહી હરોળ ઉભી થઈ ગઇ. વિશ્વઇતિહાસમાં વિશ્વશાંતિના વ્યવહાર માટેનું આવું નક્કર અને લોકશાહીવાળુ ધડતર પહેલીવાર જન્મ પામ્યું. તથા હવે શાહીવાદની યુધ્ધખોર ધટનાનો

પરાજય થશે તથા વિશ્વશાંતિ માટેનો વિશ્વ ઇતિહાસનો કાર્યક્રમ પહેલીવાર અમલમાં આવી શકશે તેવી આશા જન્મ પામી.

વિશ્વશાંતિ માટેની સમાજવાદ અને સહઅસ્તિત્વની આત્મનિર્ણયાત્મક વિશ્વઘટનાની ઐતિહાસિક ભૂમિકા

આ રીતે બીજા વિશ્વયુધ્ધના ઉપસંહારમાં જ લોકશાહી અને કાયદેસરતાના નામના પાછલા આંતરરાષ્ટ્રિય એવા બે પદાર્થપાઠોમાં વિશ્વઇતિહાસનો એક નવો વિમુક્તિ નામનો વ્યવહારપાઠ જગતનાં રાષ્ટ્રો અને સરકારો પાસે જગતના જીવનમાંથી નિપજેલી એક નૂતન વ્યવહારઘટના તરીકે આવી પહોંચ્યો. આ વ્યવહારપાઠની બીજા વિશ્વયુધ્ધ પછીની ભૂમિકા એ હતી કે શાહીવાદી રચનાએ પચાસ જ વરસમાં બે વિશ્વયુધ્ધોની ભેટ ધરીને માનવ જાતનો સંહાર કર્યો હતો તથા જગતની સંસ્કૃતિની ખાનાખરાબી કરીને સંસ્કારના નામને લજવ્યું હતું. આ બે વિશ્વયુધ્ધો નિપજાવનારો શાહીવાદ હવે મરણ પામવાની લાયકાત પામી ચૂકયો હતો. આ શાહીવાદનો સર્વાંગી વિરોધ રૂસી ક્રાન્તિમાં શરૂ થયા પછી એશિયા આફ્રિકાનાં ગુલામ રાષ્ટ્રોની વિમુક્તિ અથવા આત્મનિર્ણયની હિલચાલમાં આ નવો પદાર્થપાઠ વધારે વાસ્તવિક તથા આંતરરાષ્ટ્રિય બની ચૂકયો હતો. આ બધી ભૂમિકાપરનું નૂતન ઇતિહાસરૂપ સમાનરાષ્ટ્રોની લોકશાહીવાળું, સમાન સહઅસ્તિત્વની સમાજવાદી જીવનરચનાવાળું તથા વિશ્વશાંતિના વ્યવહારવાળું નિર્માઈ ચૂકયુ હતું. આવી નૂતન ભૂમિકાપર આંતર રાષ્ટ્રિયસંધની સંયુક્ત ઘટના ઘડવાની કાર્યવાહી વિશ્વઇતિહાસના બીજા વિશ્વયુધ્ધના ઉપસંહારના સમયમાં, અનીવાર્ય વ્યવહાર તરીકે આવી પહોંચી.

સંયુક્તરાષ્ટ્ર સંઘની સમાનરાષ્ટ્રોના પાયાવાળી ઘટના

આ ઘટના સાથે લોકશાહીનું નૂતન રૂપ આંતરરાષ્ટ્રિય રાજકારણ બન્યું. આ નૂતનરૂપ રાષ્ટ્ર રાષ્ટ્રવચ્ચેની સમાન સભ્યપદતાનો સ્વીકાર, રાષ્ટ્રસંઘની રચનામાં કરવાનું હતું. વિશ્વઇતિહાસના વ્યવહારમાં આ રીતે જગતની સંસ્કૃતિમાં લોકશાહીનું નૂતનરૂપ આંતરરાષ્ટ્રિય લોકશાહીનું તત્વરૂપ ધારણ કરીને ઇતિહાસમાં પહેલીવાર ઉમેરાયું. આજસુધી લોકશાહીનું રૂપ શાહીવાદી યુરોપે પોતાના શાહીવાદી રાષ્ટ્રના વાડાઓમાં જ જકડી રાખ્યું હતું, તથા આખા જગતને પોતાનું સંસ્થાન બનાવીને તેને લોકશાહીથી વંચિત રાખ્યું હતું. એજ પ્રમાણે આત્મનિર્ણયના સ્વરૂપને પણ યુરોપના શાહીવાદે આખા જગતનેગુલામ બનાવીને તેનો નિર્ણય આંચકી લીધો હતો. જગતની આ દશામાં રૂસી ક્રાંતિએ એક મોટું ભંગાણ પાડયું હતું ત્યાર પછી હવે રશિયા ઉપરાંત બીજા દેશો, બીજા વિશ્વયુદ્ધના અંતમાં એશિયા, આફ્રિકાની ભૂમિ પર, વિમુક્ત બનીને

આત્મનિર્ણયાત્મક વિશ્વઇતિહાસમાં વિમુકિતનાં ઘટક બનીને બનીને ઉત્થાન પામ્યાં. આ રીતે લોકશાહી અને આત્મનિર્ણયનું જકડાઇ ગએલું રૂપ, મુક્ત અને વ્યાપક બન્યું તથા રાષ્ટ્રસંઘમાં પણ ઉમેરાયું.

સંયુક્ત રાષ્ટ્રસંઘ અથવા યુનાઇટેડ નેશન્સ ઓર્ગેનિઝેશન

બીજું વિશ્વયુદ્ધ લડનાર ફાસીવાદી દેશો સામે વિજય મેળવનારી યુરોપની રાષ્ટ્રીય સરકારો અને અમેરિકન રાષ્ટ્ર, યુદ્ધના સમયથી યુદ્ધ ચલાવવા માટે સંયુક્ત બન્યાં હતાં. વિજય માટે સંયુક્ત બનેલાં આ રાષ્ટ્રોએ સંયુક્ત રાષ્ટ્રોનું નામ ધારણ કર્યું હતું. યુદ્ધ પર વિજય મેળવવા માટે અને ફાસીવાદનો પરાજય કરવા માટે શરૂ થયેલાં સંયુક્ત રાષ્ટ્રોની આ સંસ્થાએ વિજય પછી પણ ફાસીવાદ પરના પોતાના વિજયને આખરી સ્વરૂપ આપવા માટે તથા જેમાં વિશ્વશાંતિ કાયમી બની શકે એવા જગતની રચના કરવા માટે, પોતાનું સંયુક્ત સ્વરૂપ ચાલુ રાખ્યું અને તેને વિકસાવવા માંડયું. આ રીતે સંયુક્ત રાષ્ટ્રસંઘનો જન્મ ખરી રીતે તો ઇ. સ. ૧૯૪૨ માં વોશિંગ્ટન મુકામે કરવામાં આવેલા



સંયુક્ત રાષ્ટ્રોના જાહેરનામાના સ્વીકારથી થયો. આ જાહેરનામું એટલેંટિક ચાર્ટરના નામથી વિશ્વવિખ્યાત બન્યું હતું, તથા તેની જાહેરાત ઇ. સ. ૧૯૪૨ ના જાન્યુઆરીની પહેલીએ કરવામાં આવી હતી. આ જાહેરનામા પર પછીથી બીજા છવ્વીસ દેશની સરકારોએ સહીઓ કરી, તથા તે દેશો સંયુક્ત રાષ્ટ્રોમાં જોડાયા. આ રીતે સંયુક્ત રાષ્ટ્રસંઘનો જન્મ ૧૯૪૨ ના જાન્યુઆરીની પહેલીએ થયો ગણી શકાય. પરંતુ વિશ્વયુદ્ધ પછીથી જ વિશ્વશાંતિની રચના માટેની કાર્યવાહી શરૂ થઈ શકી.

સંયુક્ત રાષ્ટ્રસંઘનું નૂતન સભ્યપદ–વિમુક્ત રાષ્ટ્રો

બીજા વિશ્વયુદ્ધ પછીનું વિશ્વશાંતિ માટેના હેતુને ધારણ કરીને જગતનાં રાષ્ટ્રોની આ સંસ્થા અથવા સંયુક્ત રાષ્ટ્રસંઘ અથવા રાષ્ટ્રસંઘ, લીગ ઓફ્નેશન્સ કરતાં બીલકુલ નવી જ જાતની રચના બની. આ નવીનતા એ હતી કે બીજા વિશ્વયુદ્ધ પછી જગત પરની શાહીવાદી હકૂમત બીલકુલ હચમચી ગઇ હતી તથા એશીયા આફ્રિકાનાં એક સમયનાં ગુલામ રાષ્ટ્રો હવે વિમુક્તિની હિલચાલ કરતાં હતાં તથા આઝાદ બનતાં હતાં. વિમુક્ત બનતાં આ નૂતનરાષ્ટ્રો સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સમાન સભ્યપદના અધિકાર સાથે જોડાયા. જગતનાં એક વખતનાં માલિક બની ચૂકેલા માંધાતા રાષ્ટ્રો, ઇંગ્લેન્ડ, ફ્રાંસ અને અમેરિકા પણ તેમાં હતાં જ પરંતુ તેમની શાહીવાદી ધટના હવે હચમચી ઉઠી હતી. આ શાહીવાદનાં એક વખતનાં જે સંસ્થાનો હતાં તેવા ચીન, ભારત, ઇંડોનેશીઆ, બ્રહ્મદેશ, જેવા દેશો હવે આઝાદ બની ચૂકયા હતા તથા વિમુક્ત રાષ્ટ્રો તરીકેની વિશ્વની નૂતન એવી ઐતિહાસીક તાકાતમાં નૂતન જાતની વિમુક્તિની તસ્વીર ખડી કરતાં હતાં. આ રાષ્ટ્રો ઉપરાંત પહેલા વિશ્વયુદ્ધના અંતમાં જ વિમુક્ત બનેલું તથા પોતાને ત્યાં શાહીવાદી વહીવટી તંત્રને ખતમ કરી નાંખીને સમાજવાદી પુનર્ઘટનાનો આરંભ કરી ચૂકેલું રશિયા નામનું રાષ્ટ્ર હવે એકલું અથવા વિખુટું રહ્યું નહીં, પરંતુ નૂતન એવા એશિયા, આફ્રિકાનાં વિમુક્તરાષ્ટ્રો સાથે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સમાન સાથીદારીવાળું બન્યું.

સામાજિક ક્રાંતિના રશિયન વિધાયક લેનિને પોતાની પરદેશ નીતિને આવતી કાલે આવવાનાં આ વિમુક્તરાષ્ટ્રોનો ખ્યાલ રાખીને ઇ. સ. ૧૯૨૨ થી જ ઘડી હતી. ઇ. સ. ૧૯૨૨ માં એશિયા આફ્રિકાનાં રાષ્ટ્રો વિમુક્ત અથવા આઝાદ બન્યાં ન હતાં પરંતુ વિમુક્તિ માટેની તેમની હિલચાલો શરૂ થઈ ચૂકી હતી. આ હિલચાલોમાંથી જન્મ પામનારા વિમુક્ત રાષ્ટ્રોની આગાહી પૂર્વક ઇ. સ. ૧૯૨૨ માં પોતાના અંત સમયે લેનિને રશિયાની પરદેશનીતિના પાયાનું ફરીવાર કથન કરીને યાદ આપ્યું હતું કે, " આવતી કાલે વિશ્વઇતિહાસ શાહીવાદનો નાશ તથા એશિયા આફ્રિકાનાં રાષ્ટ્રોની વિમુક્તિની નોંધ કરશે. આપણે અત્યારથી જ આપણી પરદેશ નીતિનો પાયો મોંગોલિયનો, ઇરાનીયનો, હિંદીઓ, તથા ઇજીપ્શયનો વિ. આઝાદી માટે લડતી પ્રજાઓ સાથેની મિત્રાચારીનો બાંધવો જોઇએ. ચીની મહાપ્રજા જેવી આ બધી પ્રજાઓને તેમની વિમુક્તિની હિલચાલમાં આપણો સાથ આપીને તથા એ પ્રજાઓ વિમુક્ત બને ત્યારે તેમની સાથે આપણે અતૂટ મિત્રાચારી અને બિનશરતી સાથીદારીની પરદેશનીતિને ધારણ કરીને જ આપણે જગતની પ્રગતિ સાથે સમાજવાદી રીતે આગેકૂચ કરીશું. "

ચાલીસ વર્ષ ઉપર વિશ્વઇતિહાસના આ આર્ષ દૃષ્ટાએ પોતાના રાષ્ટ્ર વહીવટ માટે પ્રબોધેલી પરદેશ નીતિની સચ્ચાઇની પ્રતીતિ ઇ. સ. ૧૯૫૬માં મે ના સત્તરમા દિવસે વિમુકત રાષ્ટ્ર, ઇન્ડોનેશિયાના પ્રમુખ સુકર્ણે અમેરીકાનાં પાટનગરમાં જઇને ત્યાંની કોંગ્રેસ સમક્ષ આપી.

વિમુકત રાષ્ટ્રના એ પ્રમુખે શાહીવાદી વહીવટ કરતી અમેરીકન કોંગ્રેસને સાફ શબ્દોમાં કહ્યું કે, " અમારે માટે એટલે એશિયા–આફ્રિકાનાં વિમુક્ત રાષ્ટ્રો માટે રાષ્ટ્રવાદનો અર્થ અમારી આઝાદીની પુનર્ઘટના એવો થાય છે. આ પુનર્ઘટનાનો અર્થ એ છે કે અમે અમારી પ્રજાઓ માટે વિશ્વનાં તમામ રાષ્ટ્રોની પ્રજાઓ સાથેનું સમાન અધિકારપદ પ્રાપ્ત કરવા માગીએ છીએ અને તેટલા માટે અમારા ભાવિને અમારાજ હાથમાં લેવા માગીએ છીએ. હું આપ સૌને સમજાવવા માગું છું કે અમારી આટલી વાત સમજી જાઓ તો ઇતિહાસની ચાવી તમારા હાથમાં છે પરંતુ જો એ વાત તમે સમજી ન શકો તો તમારી બીજી વિચારણાઓની ગમે તેટલી વિપૂલતા તથા તમારા શબ્દોનો ગમે તેટલો ધોંધાટ અને તમારી દોલતનાં ડોલરોનો નાયગરા જેવો ગમેતેવો જાળધોધ, જગતમાં કડવાશ અને ઝઘડા સીવાય બીજું કશું પણ ઉપજાવી શકશે નહી. "

સંયુકત રાષ્ટ્રસંઘનું નૂતનવિમુકિતનું સભ્યરૂપ

આવું સંયુકતરાષ્ટ્ર સંઘમાં નૂતનવિમુકિતનું સ્વરૂપ ઉમેરાયું. વિશ્વપ્રગતિ હાસમાં હજારો વરસ પછી પહેલીવાર જગતભરનાં રાષ્ટ્રોમાં આંતરરાષ્ટ્રિય સંબંધ, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સમાન ધોરણના પાયા પર રચાયો. સાચા અર્થમાં આંતરરાષ્ટ્રીયતા નામનું ઐતિહાસિક સ્વરૂપ, ઇતિહાસમાં તાત્વિકરૂપ પામીને ઉમેરાયું. આ નૂતનરૂપ આંતરરાષ્ટ્રીય નીતિ બન્યું. આ નીતિમત્તાની સાથે સાથે જ વિમુકતરાષ્ટ્રોનો સમાનઅધિકાર સ્વીકારીને શાહીવાદી રાષ્ટ્રો પણ અમેરીકન શાહીવાદની આગેવાની નીચે સંયુકતરાષ્ટ્રસંઘમાં બેઠાં.

આંતરરાષ્ટ્રિય લોકશાહીનું રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેનું સમાન અધિકારને ધારણ કરેલું સ્વરૂપ, જેનું રશિયા સિવાયનું જરા જેટલું અસ્તિત્વ પણ લીગ ઓફ નેશન્સમાં હતું નહીં તે, આજે પહેલીવાર સંયુકતરાષ્ટ્રસંઘની ઘટનામા સ્થાપિત બન્યું. આમ બનવાના કારણમાં, વિમુકતરાષ્ટ્રો નામની નૂતન એવી ઇતિહાસની ઘટના હતી. શાહીવાદી પણ નહીં અને ગુલામ અથવા પરાધીન પણ નહીં એવી રાષ્ટ્રવહીવટની આ નવીજ સંકલના હતી. આ સંકલનાનું પહેલું સ્વરૂપ, રશિયામાં સામાજિક ક્રાન્તિ પછી અસ્તિત્વમાં આવ્યું. છતાં, સમાજ-

વાદી વહીવટી તંત્ર ધારણ કરીને વિશ્વઇતિહાસમાં પહેલીવાર ઉદ્ભવ પામેલા આવા નૂતન એવા વિમુક્તિના સાથમાં આખા જગતમાં બીજું એકે રાષ્ટ્ર બીજા વિશ્વયુદ્ધના અંત સુધી હતું નહીં. પણ બીજા વિશ્વયુદ્ધના ઉપસંહારમાંજ, રૂસ દેશમાં દેખાયેલા રાષ્ટ્રરૂપની વિમુક્તિની સંકલના લંબાઇ. એશિયા અને આફ્રિકાના એકથી વધારે રાષ્ટ્રો વિમુક્ત રાષ્ટ્રો, તરીકે વિશ્વઇતિહાસના તખ્તા પર દેખાયાં.

આ દર્શન નૂતન દર્શન બન્યું. પોતાને ત્યાં રાજ્યવહિવટના અને અર્થ વહિવટનાં ભિન્ન ભિન્નરૂપો હોવા છતાં બધાં વિમુક્ત રાષ્ટ્રો એક બાબતમાં સર્વસામાન્યરૂપવાળાં સાબીત થયાં. આ સામાન્યરૂપ શાહીવાદી અને પરાધીનદશાની નાબુદીનું હતું તથા વિમુક્તિનું હતું.

આ નૂતન બનાવની સાથે સાથેજ, એશિયા આફ્રિકાને ગુલામ બનાવનારા, સ્વાધીનપણુ, શાહીવાદી દેશોની શાહીવાદી નીતિ હજુ ય ભયજનક રીતે કાયમ હતી. પરન્તુ હવે, એશિયા–આફ્રિકાનો મોટોભાગ તેમનો પરાધીન હતો નહીં. આ પરિસ્થિતિમાં અંગ્રેજ, ફ્રેંચ, પોર્ટુગાલ, જેવા શાહીવાદી દેશોને પણ શાહીવાદી આગેવાન એવા અમેરિકન રાષ્ટ્રની સરદારી નીચે સંયુક્તરાષ્ટ્ર સંઘમાં, પેલાં વિમુક્ત રાષ્ટ્રોના સમાન સભ્યપદને સ્વીકારીને બેસવાની ફરજ પડી. આ શાહીવાદી રાષ્ટ્રોએ આજસુધી કદિપણ એશિયા કે આફ્રિકાના, કોઇપણ રાષ્ટ્રનો આંતરરાષ્ટ્રિય રીતે સમાન અધિકાર અથવા સમાન સભ્યપદ સ્વીકાર્યું નહોતું પરન્તુ, તેનો સ્વીકાર કરવાની ઐતિહાસિક ફરજ તેમના પર પણ આવી પડી.

સંયુક્તરાષ્ટ્રસંઘની શરીર રચના.

આ ઐતિહાસિક ફરજ નીચે બીજા વિશ્વયુદ્ધના અંત સમયમાં જ વિજેતા રાષ્ટ્રોએ "યુનાઇટેડ નેશન્સ ચારટર" નામનું વિશ્વઇતિહાસનું ખતપત્ર ઘડયું. આ ખતપત્રની ભૂમિકામાં જ રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સમાન અધિકાર અને સમાન સભ્યપદનો સ્વીકાર થયો. આ ખતપત્રને ઘડનાર પચાસ રાષ્ટ્રોના સરકારી પ્રતિનિધિઓએ, પોતાના ૧,૭૦૦,૦૦૦,૦૦૦ લોક સમુદાય વતી, ઇ. સ. ૧૯૪૫ ના જુનના ૨૬મા દિવસે, સાન ફ્રાન્સીસ્કો મૂકામે, વિશ્વઇતિહાસનો લેખ ઘડયો કે, "આપણે આપણા સરકારી પ્રયત્નો વડે, વધારે સલામત અને વધારે સારી એવી દુનિયાની રચના કરવા માટે, સંયુકત રાષ્ટ્ર સંઘ નામની વિશ્વ સંસ્થાની આજે રચના કરીએ છીએ તથા, તે સંસ્થાના પાયા જેવા નીચેના સિદ્ધાંતોનો સ્વીકાર કરીએ છીએ."

આ સિદ્ધાંતો શા હતા ?

આંતરરાષ્ટ્રિય ઇન્સાફના સત્ય જેવા નીચેના મૂળભૂત એવા સિદ્ધાંતો પર સંયુક્ત રાષ્ટ્ર સંઘની રચના થઈ. એ સિદ્ધાંતોએ પ્રતિપાદન કર્યું કે,

"સૌ સભ્યરાષ્ટ્રો સાર્વભૌમ તથા સમાન છે. સૌ સભ્યરાષ્ટ્રો પોતાના તમામ વાંધાઓ શાંતિમય સાધનો દ્વારા તથા વિશ્વની શાંતિ, સલામતિ અને ન્યાય ન જોખમાય તે રીતે ઉકેલવાના શપથ લે છે. સૌ સભ્યરાષ્ટ્રો પરસ્પર રીતે રાષ્ટ્રના આંતર રાષ્ટ્રિય સંબંધમાં કદિપણ, કોઇ પણ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર સામે કે તેની આઝાદી સામે બળ જબરી કે ધાક ધમકીનો ઉપયોગ કરશે નહીં તથા સંયુક્ત રાષ્ટ્ર સંઘના હેતુઓ વિરુદ્ધનું કોઇ પણ વર્તન કરશે નહીં. સંયુક્ત રાષ્ટ્ર સંઘ જ્યારે, જે કોઇ રાષ્ટ્ર સામે શાંતિને સાચવવાનું કે શાંતિને સ્થાપવાનું પગલું લે ત્યારે, કોઈ પણ સભ્યરાષ્ટ્ર તેવા પગલાને પોતાથી શકય એવી બધી મદદ આપશે તથા સંયુક્ત રાષ્ટ્ર સંઘ, શાંતિના સ્થાપનની પ્રવૃત્તિ સિવાય કોઇપણ પ્રસંગે કોઈપણ રાષ્ટ્રની અંદરની બાબતમાં કશીપણ દરમ્યાનગીરી કરશે નહીં."

આવા સંયુક્ત રાષ્ટ્ર સંઘના વિશ્વ શાંતિના અતિલાસિક ધ્યેયને પહોંચી વળવા તથા આંતરરાષ્ટ્રિય સંબંધોમાં સફળરીતે વ્યાપક બનવા આ વિશ્વસંસ્થાએ પોતાની કાર્યવાહીનું રૂપ છ સંસ્થાઓ મારફત ગોઠવ્યું છે. આ છ સંસ્થાઓ, જનરલ એસેંબલી, સિકયુરીટી કાઉન્સીલ, ઇકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સીલ, ધી ટ્રસ્ટીશિપ કાઉન્સીલ, ધી ઇન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ, તથા સેક્રેટારીયેટ નામની છે.

જનરલ એસેંબલી, એ સંયુક્ત રાષ્ટ્ર સંઘની મધ્યસ્થ કચેરી છે. આ સંસ્થાના અભિપ્રાયોનું વજન વિશ્વ અભિપ્રાયો જેવું મહાન છે. આ સંસ્થા આખા રાષ્ટ્ર સંઘની કાર્યવાહીનું અવલોકન તથા નિરીક્ષણ કરે છે. આ સંસ્થા બજેટ પર કાબુ ધરાવે છે તથા કાઉન્સીલના સભ્યોની ચૂંટણી કરે છે. આ સંસ્થાની કાર્યવાહીમાં, નાનું મોટું કોઈ પણ રાષ્ટ્ર સમાન અધિકાર વાળું છે. આ સંસ્થા ફરાવો ઘડતી ન હોવા છતાં વિશ્વ અભિપ્રાયોની તુલાની સાચવણી કરે છે.

પણ સિકયુરીટી કાઉન્સીલ સંયુક્ત રાષ્ટ્ર સંઘની કારોબારી બનીને, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની વાંધા અરજીઓને હાથ ધરે છે તથા વિશ્વશાંતિની જાગવણી કરવાનો અધિકાર ધારણ કરે છે. આ સમિતિમાં અગીયાર સભ્યરાષ્ટ્રો છે. તેમાંના ચીન, ફ્રાન્સ, સોવીયટ યુનીયન યુનાઇટેડ કીંગડમ (બ્રિટન) અને અમેરિકા (યુનાઇટેડ સ્ટેટસ) 'પરમેનન્ટ' સભ્યો છે. (અમેરિકન શાહીવાદે, ચીન દેશના નામમાં, ફોર્મોસાના ટાપુમાં રહેતા પોતાના ખાંધીયા, ચાંગ કાઈ શેકની

ફાસીવાદી સરકારને સલામતિ સમિતિમાં બેસાડીને, મહાન ચીન રાષ્ટ્રને તેમાંથી બાકાત રાખીને, સંયુકત રાષ્ટ્ર સંઘની શરીર રચનામાં જ શરમ જનક એવી દરમ્યાનગીરી આજ સુધી ચાલુ રાખી છે. આ રીતે શાહીવાદી ઘટનાએ આરંભથી જ વિશ્વરાષ્ટ્રોની સંયુકતરાષ્ટ્રોના સંઘનામની સંસ્થામાં આક્રમણનું ભંગાણ યોજી દીધું છે.) આ ઉપરાંત સલામતિ સમિતિમાં બીજાં છ સભ્ય રાષ્ટ્રોમાં ફીલીપાઇન, સ્વિડન, ઇરાક, કોલમ્બીયા, થાઇલેન્ડ વિગેરેનો સમાવેશ થયો છે. તેમાં પણ ઇરાક અને થાઇલેન્ડ ફીલીપાઇન્સ અને કોલંબીયા વિગેરે રાષ્ટ્રોને અંગ્રેજ અમેરિકી શાહીવાદી ઘટનાએ પોતાનાં પ્યાદાંઓ તરીકે તેમાં સામેલ કર્યો છે તથા જ્યારે પૂર્વ યુરોપીય દેશોમાંથી સભ્યપદ માટેનો વારો આવ્યો હતો ત્યારે પણ હમણાં જ અમેરિકન શાહીવાદના દોરી સંચારે પૂર્વ યુરોપીય રાષ્ટ્રને બદલે ફિલીપાઇનિ નામના પોતાના બાંધીયા બનેલા દેશની નિમણુક તેમાં કરાવી દીધી. આવા છ દેશોનું સભ્યપદ સીકયુરીટી કાઉન્સીલમાં બે વર્ષ માટે હોય છે, તથા જનરલ એસેંબલીમાં તેમની ચૂંટણી થતી હોય છે. આ સીકયુરીટી કાઉન્સીલે આજ સુધી જે સવાલો હાથ ધર્યા, તેમાં સૌથી મોટા સવાલો બે હતા. ઇ. સ, ૧૯૫૦માં જ્યારે અમેરિકન શાહીવાદની યોજના પ્રમાણે દક્ષિણ કોરીયાએ ઉત્તર કોરીયા પર ચઢાઇ કરી ત્યારે તરત જ આ સીકયુરીટી કાઉન્સીલની પરવાનગી વિના જ અમેરિકન શાહીવાદે તરતજ ઉત્તર કોરીયા પર આક્રમણ કર્યું. અને ત્યાર પછી ચોવીસ કલાકે સીકયુરીટી કાઉન્સીલની બેઠક બોલાવીને, એવો ઠરાવ કરાવ્યો કે, ઉત્તર કોરીયાએ દક્ષિણ પર આક્રમણ કર્યું છે તથા અમેરિકાએ લીધેલું એક હથ્થુ પગલું વ્યાજબી છે. આ અમેરિકન શાહીવાદે તે ઉપરાંત ઉત્તર કોરીયા પર ચઢાઇ કરવા, રાષ્ટ્ર સંઘના વાવટા નીચેજ પોતાના બાંધીયા દેશોની ટુકડીઓ તૈયાર કરી તથા કોરીયા પર સંહાર શરૂ કર્યો. બીજો ગંભીર બનાવ, ૧૯૫૬ના જુલાઇમાં અંગ્રેજી અને ફ્રેન્ચ શાહીવાદે ઇજીપ્ત પર કરેલા આક્રમણનો બનાવ છે. આ આક્રમણને બાળવા સીકયુરીટી કાઉન્સીલ તથા, જનરલ એસેંબલીની તાકીદની બેઠકોએ સ્તુત્ય એવાં પગલાં લીધાં પરન્તુ, સીકયુરીટી કાઉનસીલમાં જ 'પરમેનન્ટ' સભ્યો તરીકે બેઠેલા, અંગ્રેજી, ફ્રેન્ચ શાહીવાદી આક્રમણ બોરોએ તથા તેમના આક્રમણબોર કર્મચારી ઇઝરાયલે આક્રમણના આ બનાવ વડે સંયુકત રાષ્ટ્ર સંઘ પરજ જાણે તેમણે હલ્લો કર્યો. વિશ્વના ઇતિહાસમાં પહેલીવાર વિશ્વસંસ્થામાં દાખલ થઇ ચૂકેલાં, જગતનાં વિમુકત રાષ્ટ્રોના લોકમતની નૈતિક તાકાત પણ ત્યારેજ પૂરવાર થઇ ચૂકી. આ નૈતિક તાકાત, વિશ્વ ઇતિહાસમાં હજારો વરસના રાજનૈતિક વ્યવહારમાંથી આસ્તે આસ્તે લોકશાહીના ઘડાતા સંસ્કૃતિના સ્વરૂપમાંથી, રચાઇ

હતી. પહેલી વારજ તે તાકાત, શાહીવાદની પાશવી તાકાતને પડકારી શકી. પહેલી જ વાર જાણે, પશુ પરાજય પામ્યો, અને માનવીનો વિજય અંકાયો.

રાષ્ટ્રસંઘની અગિઆર વરસની કાર્યવાહીનું સરવૈયું.

૧૯૫૬ના નવેંબરની ૧૨મીએ સંયુક્ત રાષ્ટ્રસંઘની જનરલ એસેંબ્લીનું અગ્યારમું અધિવેશન મળ્યું. આ અધિવેશનમાં એકઠા થયેલા ૭૬ સભ્ય રાષ્ટ્રોનાં પ્રતિનિધિઓએ જગતની સરકારોના સવાલોની વિચારણા કરી આ સવાલોના ઉકેલ પરજ આપણી પૃથ્વી પરની શાંતિનો આધાર રહ્યો છે. જગતમાં રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચે શાંતિનો વ્યવહાર સ્થાપવાના તથા રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના તમામ સવાલોનો ઉકેલ વાટાઘાટોથી લાવવાના અને એક રાષ્ટ્રના બીજા રાષ્ટ્ર ઉપરના આક્રમણને નાબૂદ કરવાના ધ્યેયવાળી કાર્યવાહીનું અગીઆર વર્ષનું સરવૈયું આજે નીકળી ચૂકયું છે. રાષ્ટ્રસંઘના પાયાના રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની સમાનતા તથા આત્મ નિર્ણયનો અધિકાર અને આંતર રાષ્ટ્રિય સહકાર તથા પરસ્પરના આંતરિક સવાલોમાં બિન દરમ્યાનગિરીના પાયાઓ સ્વીકારાયા છે. આ પાયાઓનાં સિદ્ધાંતિક સ્વરૂપ સાથે આ સિદ્ધાંતનો અમલ આંતરરાષ્ટ્રિય વ્યવહારમાં સફળ બનાવવાનું ધ્યેય રાષ્ટ્રસંઘમાં સ્વિકારવામાં આવ્યું છે. અને ત્યાર પછી અત્યાર સુધીમાં આ ધ્યેયના અમલ માટે અગીઆર વર્ષની કાર્યવાહી થઇ ચૂકી છે.

આ કાર્યવાહીમાં અણુશસ્ત્રોનો નિષેધ કરતો તથા શસ્ત્રસાજમાં ઘટાડો કરવાનો આંતરરાષ્ટ્રિય સવાલ દુનિયાની સરકારો માટે ઇ. સ. ૧૯૪૬ થી રાષ્ટ્રસંઘમાં શરૂ થયો. યુદ્ધનો પ્રચાર નહીં કરવાનો સવાલ રાષ્ટ્રસંઘમાં ઇ. સ. ૧૯૪૭ થી આવ્યો. ત્યાર પછી રાષ્ટ્રસંઘમાં નવા સભ્યરાષ્ટ્રો ઉમેરાતાં ગયાં, અને એમ આજે અગીઆર વર્ષો સુધીમાં જગતમાં શાંતિ ઘડવાના ધ્યેયવાળી પોતાની કાર્યવાહી સંયુક્ત રાષ્ટ્ર સંઘે ચાલુ રાખી છે.

રાષ્ટ્રસંઘની સફળતામાં ઉભેલી આડખીલીઓ

જેમાં સૌ રાષ્ટ્રો સમાન સભ્યપદ પ્રાપ્ત કરીને એકત્ર થયાં છે તેવા સંયુક્ત રાષ્ટ્રસંઘમાં બ્રિટન, ફ્રાન્સ જેવા જૂના જગતના શાહીવાદી દેશો ઉપરાંત તે સહુનો શાહીવાદી આગેવાન અમેરિકન રાષ્ટ્ર પણ પોતાના પરાધીન અને અર્ધપરાધીન દેશો સાથે રાષ્ટ્રસંઘમાં બિરાજે છે. આજની આપણી નૂતન દુનિયાના સંયુક્ત રાષ્ટ્રસંઘમાં આ રાષ્ટ્રો શાહીવાદી એવી પોતાની આક્રમણખોર નીતિને જાળવી રાખવાનો પ્રયત્ન રાષ્ટ્રસંઘમા રહીને જ કરે છે. આ દેશની શાહીવાદી સરકારોએ રાષ્ટ્રસંઘના સભ્યપદે રહીને રાષ્ટ્રસંઘની

બહાર સ્વતંત્ર રીતે પોતાના લશ્કરી પ્રદેશો જેવી ઘટના બીજા દેશોમાં રચવા માંડયા છે. આ શાહીવાદી ઘટનાની એવી રચનાને "પોઝીશન્સ ઓફ સ્ટ્રેન્ગથ"નું નવું નામ આપીને દુનિયાના દેશોમાં પોતાની શાહીવાદી હકૂમત ટકાવી રાખવા માટે લશ્કરી છાવણીઓ ઉભી કરે છે અને બીજાં રાષ્ટ્રોને લશ્કરી કરારોમાં જોતરે છે. શાહીવાદે યુરોપના દેશોની થએલી આવી યુદ્ધખોર રચનાનાં જૂથનું નામ "નોર્થ એટલેન્ટીક ટેરીટોરીયલ ઓર્ગેનીઝેશન' અથવા "નાટો" બીજી આવી જ યુદ્ધખોર રચનાનું લશ્કરી જૂથ એણે એશિયા આફ્રિકામાં ઉભુ કર્યું છે તથા તેનુ નામ "સાઉથ ઇસ્ટ એશિયા ટેરીટોરીયલ ઓર્ગેનિઝેશન" અથવા "સીટો છે." આજ સુધીમાં એટલે અગીઆર વર્ષમાં અમેરિકન શાહીવાદની આગેવાની નીચે જગતની શાહીવાદી ઘટનાએ આવાં લશ્કરી જૂથો સંયુકત રાષ્ટ્રસંઘની બહાર તૈયાર કર્યાં છે અને સાથે સાથે જ સંયુકત રાષ્ટ્રસંઘની અંદર જ વિશ્વશાંતિની કાર્યવાહીને નિષ્ફળ બનાવવા માટે પોતાની આક્રમણ ખોર એવી કાર્યવાહીને ચાલુ રાખી છે.

એટલે જ આજે અગીઆર વર્ષ થયા છતાં પણ સંયુકત રાષ્ટ્રસંઘની રચના સમયે વિશ્વશાંતિની જે દશા હતી તેની તેજ દશા આજે અગીઆર વર્ષ પછી પણ કાયમ રહી છે. વિશ્વસંહારને બંધ કરવાની દુનિયાના માનવસમુદાયની તમામ આશાઓની સફળતામાં સંયુકત રાષ્ટ્રસંઘની કાર્યવાહીએ બહુ ઓછો ફાળો આપ્યો છે. રાષ્ટ્રસંઘની કાર્યવાહીમાં દુનિયામાં તેના જન્મ પછીનાં અગીઆર વર્ષોમાં જે જે બનાવો બની ગયા છે તેની રાષ્ટ્રસંઘે માત્ર નોંધણી જ કર્યો કરી છે, તથા દષ્ટાની જેમ તેનાં અવલોકન કર્યાં કર્યાં છે. આ મહાન સંસ્થાને વિશ્વશાંતિના કાર્યક્રમમાં પોતાનો ફાળો આપવામાં પેલા શાહીવાદી દેશોએ રૂકાવટ જ કર્યો કરી છે. દાખલા તરીકે : રાષ્ટ્રસંઘના સભ્યપદે જગતના સૌથી મહાન અને વિશાળ એવા ચીન નામના રાષ્ટ્રને બેસવાની પરવાનગી પણ હજુ મળી નથી, કારણ કે ચીન રાષ્ટ્રને સંયુકત રાષ્ટ્રસંઘમાં સભ્યપદ મળે તેની સામે અમેરિકન શાહીવાદે અગીઆર વર્ષથી પોતાની તમામ લાગવગ સાથે વાંધો ઉઠાવ્યા કર્યો છે અને વિરાટ એવા ચીન દેશની જગાપર ફોર્મોસા ટાપુમાં સંઘરેલા પોતાના સાગરીત એવા એક ચીની દેશદ્રોહીને બેસાડી રાખ્યો છે. આ અગીઆર વર્ષોમાં અંગ્રેજી અને ફ્રેંચ શાહીવાદે પોતાના પરાધીન પ્રદેશો ઉપર સંહાર અને આક્રમણનું સામ્રાજ્ય ચલાવ્યા કર્યું છે. પરંતુ અમેરિકન શાહીવાદની આગેવાનીવાળા આ શાહીવાદી દેશોનાં આક્રમણ સામે તે આક્રમણોની અને દરમ્યાનગિરીઓની નોંધ કર્યા ઉપરાંત સંયુકત રાષ્ટ્રસંઘ વધારે

કશું કરી શકયું નથી. અમેરિકન શાહીવાદની આગેવાની નીચે શાહીવાદી અને તેના પરાધીન પ્રદેશોમાં લશ્કરી રચનાઓની જૂથ બંધીઓ થયા કરી છે, અને રાષ્ટ્ર સંઘે માત્ર તેની નોંધ જ કરી છે. આ અગીઆર વર્ષો દરમ્યાન હજુ ગઇ કાલે જ જ્યારે અમેરિકન રાષ્ટ્રે દક્ષિણ કોરીઆને પોતાનું બગલબચ્ચું બનાવીને ઉત્તર કોરીઆ પર ચઢાઇ કરી તથા ઉત્તર કોરીઆ પરથી ચીન પર આક્રમણ કરવાની તૈયારી કરી ત્યારે પણ સંયુકત રાષ્ટ્રસંઘે અમેરિકન શાહીવાદનો પકડ નીચે આવી જઇને આક્રમણના ધાડાંઓ માટે પોતાના સંયુકત રાષ્ટ્રસંઘનો ઝંડો આપ્યો. સંયુકત રાષ્ટ્રસંઘના ઝંડા નીચે આ શાહીવાદી આક્રમણે ત્રણ ત્રણ વર્ષ સુધી કોરીઆના માનવસમુદાયની કતલ કર્યા કરી. આ રીતે જ અગીઆર વર્ષો સુધી અણુઆયુધોનો નાશ કરવા માટેનો તથા નિશસ્ત્રી કરણનો અતિ અગત્યનો મુદ્દો સંયુકત રાષ્ટ્રસંઘ પાસે નોંધાયેલો પડયો છે. પરંતુ સંયુકત રાષ્ટ્રસંઘની અંદરની શાહીવાદી ઘટનાઓ આ મુદ્દાનો ઉકેલ આવવા દીધો નથી. સંયુકત રાષ્ટ્રસંઘમાં નીમાયેલું "ડીઝાર્મામેન્ટ કમીશન" શાહીવાદી જમાતે રચેલા વિષચક્રમાંથી હજુ મુકત બની શકયું નથી. નિશસ્ત્રીકરણનો આ સવાલનો જન્મ તો લીગ ઓફ નેશન્સમાંથી થઇ ચૂકયો છે, પરંતુ તે સંસ્થામાં પણ આ સવાલનો અમલ શાહીવાદી ઘટનાએ થવા દીધો ન હતો, અને એ જ ઘટનાએ શસ્ત્રો જ સજ્યા કર્યા હતાં. આ શસ્ત્રસરંજામ વડે બીજું વિશ્વયુદ્ધ લડાયું અને ત્યારપછી સંયુકત રાષ્ટ્રસંઘનો જન્મ થયો અને નિશસ્ત્રીકરણનો સવાલ પાછો આ વિશ્વ સંસ્થામાં આવ્યો. પોતાના જન્મ પછી આજે અગીઆર વર્ષો સુધી સંયુકત રાષ્ટ્રસંઘમાં પણ તેની ચર્ચાઓ જ ચાલ્યા કરી છે, અને અમેરિકન શાહીવાદી જૂથે તેનો અમલ થવા દીધો નથી. આજે આજ રીતે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે સમાન ભાવે, આપણા જગતમાં મુકત રીતે વેપાર અને વાણિજ્ય ચાલી શકે તે બાબત પણ આંતરરાષ્ટ્રિય શાંતિ માટે અત્યંત જરૂરી છે. પરંતુ નફાખોર અને ધાંધારાવાદી એવી શાહીવાદી ઘટના, આ મહાન સવાલનો નિકાલ થવા દેતી નથી, તથા પોતાને નાપસંદ એવા જગતના વિમુકત અને સમાજવાદી દેશોની આસપાસ પોતાની વ્યાપારી નાકા-બંધીઓ નાખ્યા કરે છે.

વિશ્વશાંતિની આંતરરાષ્ટ્રિય લોક હિલચાલ

ઇ. સ. ૧૯૪૯ માં પેરીસનગરમાં માનવ ઇતિહાસમાં પહેલું એવું વિશ્વ-શાંતિની કાઉનસીલનું આંતરરાષ્ટ્રીય અધિવેશન મળતું હતું. વિશ્વશાંતિની હિલ-ચાલનો, અહીં જગતનાં તમામ રાષ્ટ્રોના લોકસમુદાયોના પ્રતિનિધિઓ આરંભ



કરતાં હતાં. આ વિશ્વ-સમારંભના પ્રમુખપદેથી ફ્રાન્સની સરકારનો આણુ વિજ્ઞાન વિભાગનો હાઇ-કમિશ્નર અને નોબેલ પારિતોષિક મેળવનાર વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક જોલાયો ક્યુરી, પૂછતો હતો, "શાંતિ દિલચાલ શા માટે?" અને પોતાના સવાલનો પોતે જ જવાબ દેતો, એ મહા વૈજ્ઞાનિક વિશ્વભરનાં શાંતિ પ્રતિનિધિઓને યાદ આપતો હતો

"આપણે મળીએ છીએ તે સમય, વીસમા સૈકાનો છે. હમણાં જ વીસમો સૈકો અરધો પુરો થાય છે. અરધા સૈકાના સમયમાં જ છકરોડ અને સિત્તેર લાખ માનવોની કતલ કરી નાખનાર બે વિશ્વયુદ્ધો આપણી ધરતી પર લડાઇ ચૂકયાં છે."

"આ બે યુદ્ધોમાં છ કરોડ અને સિત્તેર લાખ માનવોનો સંહાર કરીને સંહારની એવી યુદ્ધ રચના કરનારા, આ યુદ્ધોના શાહીવાદી યુદ્ધખોર આગેવાનો કયા સવાલનો નિકાલ કરવા માટે માનવ જાતની આવી કારમી કતલ કરી ચૂકયા હતા?

"આજના જગત પાસે ગમે તે સવાલો હોય પણ કોઇપણ સવાલના નિકાલ માટે, નગરોનાં ખૂન કરવાની, વસ્તીઓને તારાજ કરી નાખવાની, માનવીનાં બાળકો અને સ્ત્રીઓનો પણ સંહાર કરી નાખવાની, અને લશ્કરો મનેલા માનવ-સમુદાયોની કતલેઆમ ચલાવવાની કાર્યવાહી, ભયાનક રીતે, ઘાતકી છે, અને સંસ્કારને શરમાવનારી તથા સંસ્કૃતિનો નાશ કરનારી છે."

સૌથી શરમજનક નિષ્ફળતા તો વીશમા શતકની વિશ્વસરકારોને વરી ચૂકી હતી. એફ્રામ રીતે, એશ્વરમ બનેલી, શાહીવાદી કાર્યવાહીએ, ફ્રરધા જ રીકામાં બે વિશ્વયુદ્ધો લડીને માનવજાતની છ કરોડ અને સિત્તેર લાખ માનવોની કતલ કરી નાખી હતી.

એટલે જ પેલા મહા વૈજ્ઞાનિકના પ્રમુખપદેથી માનવજાતના લોકસમુદાયોના લોક પ્રતિનિધિઓનો શાંતિ સમારંભ જાહેર કરતો હતો કે,

" આપણે જગતના માનવ સમુદાયોના પ્રતિનિધિઓ, વિશ્વભરમાં એવી શાંતિ હિલચાલ જગવવા માગીએ છીએ કે જે હિલચાલ સર્વ સ્થળેથી સર્વ સંસ્થાઓમાંથી, સર્વ વર્ગોમાંથી, શાંતિચાહક માનવોનો, **જેઓ આપણા, અત્યારના જગતના તમામ સવાલોનો નિકાલ યુદ્ધની હેવાનીયત અને સંહારક રીતથી નહીં, પરંતુ વાટાઘાટોથી જ લાવવામાં માનતાં હોય, તેમનો,** આંતરરાષ્ટ્રિય શાંતિ મોરચો રચી શકશે. "

એવી અનીવાર્ય જરૂરિયાતમાંથી, માનવજાતની, પ્રગતિશિલ અને લોકશાહી સંસ્થાઓમાંથી તથા વ્યક્તિઓમાંથી, વિશ્વશાંતિની હિલચાલની સર્વાંગી રીતે લોકશાહીમય, એવી ઘટનાની શરૂઆત થઈ. એ આરંભે વિશ્વઇતિહાસમાં પહેલીવાર વિશ્વ–શાંતિના સવાલનો અમલ, પોતાને હસ્તક ધારણ કરનારું, જગતભરની માનવતાનું, વ્યાપક સંગઠન શરૂ કર્યું. તમામ સામાજિક અને રાજકીય મતભેદોથી પર, એવી આ આંતરરાષ્ટ્રીય રચનામાં, માનવજાતે, સર્વ સામાન્ય એવી માનવ સંસ્કૃતિની અદાથી, સંસ્કારના જતનનું બંધારણ ફરી ધારણ કર્યું. માનવજાતની સર્વવ્યાપક અને આખા વિશ્વના એકેએક રાષ્ટ્રના લોકસમુદાયને આવરી લેતી; વિશ્વ–શાંતિ માટેની અને યુદ્ધની નાબુદી માટેની, આ હિલચાલ માનવજાતના ઇતિહાસમાં પહેલી છે, વિશ્વવ્યાપક છે, અને જગતના ઇતિહાસમાં યાદગાર રીતે એ આગળ વધી છે, વધારેને વધારે વ્યાપક બની છે અને માનવતાનાં અંતરનાં ઉંડાણમાં વસી છે. સાડા પાંચ વરસમાં જ એકેએક રાષ્ટ્રના એકેએક માનવ સમુદાયમાં એણે સક્રિય સંસ્થાનું સ્વરૂપ ધારણ કર્યું છે.

એનો આરંભ

૧૯૪૯ ના એપ્રિલના ૨૦ મા દિવસે બોતેર રાષ્ટ્રોના બાવીસો પ્રતિનિધિઓએ અથવા જગતભરની માનવજાતના ચોથા ભાગની વસતીએ આ હિલચાલના પહેલા સમારંભની, પ્રાગ અને પેરીસમાં યોજના કરી. ફ્રાન્સની સરકારની અણુવિજ્ઞાન સંસ્થાનો એક સમયનો હાઇકમિશનર અને અણુસંશોધન માટે નોબેલપારિતોષિક જીતનાર અને વિશ્વની વિજ્ઞાન સંસ્થાના સંસ્કાર આગેવાન જેવા મહાવૈજ્ઞાનિક, જોલીયો કયુરીએ ત્યારે પ્રમુખપદેથી જાહેરાત કરી, ' હું, શાંતિની વિશ્વ–કોંગ્રેસને: ખુલ્લી જાહેર કરૂં છું.''

એ રીતે શાંતિની પ્રવૃત્તિ, જગતભરના લોકસમુદાય માટે ખુલ્લી મૂકાઇ. શાંતિની હિલચાલને વિશ્વના લોકસમુદાયે પોતાની બનાવવાનો પહેલો નિરધાર રજુ કર્યો. વિશ્વના ઇતિહાસમાં પહેલીવાર માનવજાતે, શાન્તિને સાચવવાનો, માનવતાની સંસ્કૃતિના કળશ જેવો નુતન ભાતનો પહેલો શબ્દ ઉચ્ચાર્યો, કે **"લોક સમુદાયો, વિશ્વશાંતિની પણ સાચવણી કરશોજ."**

શાંતિ હિલચાલની આગેકૂચ

માનવજાતની શાન્તિહિલચાલનો બીજો સમારંભ, અથવા "વર્લ્ડ પીસ કોંગ્રેસનું" બીજું અધિવેશન ઈ. સ. ૧૯૫૦ ના નવેમ્બરમાં વોરસોનગરમાં મળ્યું. એ અધિવેશને, વિશ્વ–શાન્તિ માટે, **વિશ્વશાંતિ સમિતિની** રચના કરી. ઇ. સ. ૧૯૫૨ ના ડિસેમ્બરમાં વિશ્વશાંતિ કોંગ્રેસના ત્રીજા અધિવેશનમાં, પંચાસી રાષ્ટ્રોએ પોતાનાં પ્રતિનિધિઓ મોકલ્યાં. વિશ્વની શાન્તિ હિલચાલની વિશ્વ સંસ્થા તરીકે, વિશ્વશાન્તિ સમિતિની યાદગાર ઘટના અસ્તિત્વમાં આવી અને વિશ્વ–ઇતિહાસમાં શાન્તિહિલચાલ, એક પછી બીજા વિજય નોંધતી વિશ્વ વ્યાપક બની.

પાંચ જ વરસમાં જગતભરમાં એક પછી બીજાં રાષ્ટ્રોના લોક સમુદાયોએ, શાંન્તિ હિલચાલને પોતાની બનાવી. શાન્તિ સાચવવાના લોક નિરધારો વાળું કરોડો કંઠોમાં, અનેક પ્રજાઓની અનેક ભાષાઓમાં, સંસ્કારનું જતન માગતી માનવજાતની નૂતન અસ્મિતાનું રૂપ, વિશ્વ–શાંતિના વિરાટ દેખાવ જેવું જગતના તખ્તા પર દેખાયું.

પચીસ સૈકાઓ જવાબ માગે છે.

આજે આપણા ઇતિહાસના પચીસ સૈકાઓ આપણી માણસાઇનો જવાબ માગે છે. પચીસ સૈકાઓના સારાસાર વિચાર, પચીસ સૈકાઓની માણસાઇનો પરિપાક, પચીસ સૈકાઓની સંસ્કારની સાધના, પચીસ સૈકાઓએ ઘડેલી વિજ્ઞાનની વિશ્વ–સંસ્થા, તથા પચીસ સૈકાઓએ પૂકારેલી, સંતોની માનવ માનવ વચ્ચેની બાંધવતા અને સંસ્કારના કાનૂનની નેકી, આપણી નેકદીલીનો જવાબ માગે છે.

પચીસ સૈકાઓની સંસ્કૃતિને, જે ઇતિહાસની માતાએ અને સમયની જનેતાએ, દેશદેશની લોક જનેતાઓના ઉદરમાં જાળવી રાખી છે તેનું મોત માગતા સિકંદરો અને સીઝરો, જંગીસખાનો અને તૈમુરો, નેપોલીયનો અને કૈસરો તથા હિટલરો અને આઇઝેનહોવરો તથા ડ્રેસેસોને પાછા હટાવી દેવાની યુગહાકલ, આજની માણસાઇના યુગવેગનાં તમામ વાહનોને, અને વાહકોને ફરજ પર ખડા થવાનું ફરમાન પેશ કરે છે.

ત્યારે આજથી પચીસો વરસ પર, સંત જરમીઆનો અનાહતનાદ, જેરૂસાલેમપર સંભળાતો હતો તે આજે પણ સંસ્કૃતિના યુગતરસ્યા કંઠ જેવો પૂકાર કરે છે કે, " અરે જ્યુડીયાના રાજાઓ અને જેરૂસાલેમના માલીક લોકો, તમારા કાન કંપી ઉઠે તો પણ તમે સાંભળો ! તમે આ ધરતીને નિર્દોષોનાં લોહીથી ખરડી નાખી છે. તમે તમારા દિકરાઓનાં બલિદાન દઈને યુદ્ધના અને સંહારના ભગવાનને ખુશ કરવા નીકળ્યાં છો, પણ તમે દેખશો કે આવતી કાલે તમારી ભૂમિ ટોફેટ કહેવાશે નહીં, પણ કતલની ગોઝારી ખીણનું નામ પામશે."

પચીસો વરસ પરના, ઉપરના શબ્દો સંત જરમીઆના છે, અને જેરૂસાલેમને માટે બોલાયલા છે. પચીસ સૈકાઓ પછી આજ શબ્દો, કોઇ પણ સંતના ઉદ્ગાર જેવા આજે જગતભરમાંથી સંભળાવા માંડયા છે, તથા વિશ્વશાન્તિની રકાવટ કરતા શાહીવાદીઓને સંબોધાતા હોય તેવા જાણે સંભળાય છે.

આ પૂકાર કરનાર, સંત જરમીઆ પચીસ સૈકા પર એકલો હતો. આજે પચીસ સૈકાનું વિજ્ઞાન, પચીસ સૈકાનો સંસ્કાર, પચીસ સૈકાએ આપભોગોના અવધિ વહાવીને રચેલી માનવ જાતની સંસ્કૃતિના પાયામાં ઉભેલી વિશ્વની આઝાદ પ્રજાઓ, અને માનવો નૂતનભાનવાળી વિશ્વશાંતિની શાંતિહિલચાલો મારફત આજે પૂકારે છે કે, " સંસ્કૃતિનો સર્વનાશ કરવા નીકળેલા યુદ્ધખોરો, અટકી જાવ ! " સંત જેવા સંઘ માનવનો આજનો આ પૂકાર છે.


આજે માનવજાતનો આ પૂકાર વ્યક્તિગત નથી રહ્યો. આજે વિરાટના નવાભાને આ પ્રકારની શાંતિ હિલચાલને, જન્માવી છે. એ હિલચાલમાં જગતભરના રાષ્ટ્રોએ અને વિશ્વની પ્રજાઓએ, પોતાના સેંકડો પ્રતિનિધિઓ મારફત પોતાનો અવાજ આંતરરાષ્ટ્રિય મંચ પરથી જાહેર કર્યો છે, કે, " અમે વિશ્વ શાંતિ ચાહીએ છીએ. યુદ્ધખોરોના વિશ્વયુદ્ધ સળગાવવાના રાહને અમે વખોડી કાઢીએ છીએ. "

પચીસ સૈકાઓની માનવ ઈતિહાસની સીમા પર, આજે જગતના જીવનમાં પહેલીવાર વિશ્વભરની તમામ પ્રજાઓના પ્રગતિશિલ સંઘોની શાન્તિહિલચાલ પેદા થાય છે. માનવજાતના ઇતિહાસમાં પહેલી જ વાર સંસ્કૃતિની શોભા જેવું જગતભરમાં માનવોનું નૂતન સંગઠન પેદા થાય છે.

માનવીની નીતિમત્તાનો આવો સંઘ આકાર, આપણી પૃથ્વી પર, શાંતિ માગતી આ આંતરરાષ્ટ્રિય હિલચાલનુ સંચાલન, સરકારોના હાથમાં કે દેવળોના હાથમાંજ સોંપી દેવાને બદલે પોતાના હાથમાં લે છે. શાંતિનો સવાલ માનવ માનવ વચ્ચેનો એટલે રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેનો શાન્તિ–વ્યવહારનો આખા વિશ્વનો અને માનવજાતનો સવાલ બને છે.

(અણુયુગના વૈજ્ઞાનિક પૂર્વગામીઓ—એટમબૉંબની પહેલી અનાવટ–જાપાનના, હિરોશિમા, નગરનો વધ–અમેરિકન શાહીવાદી યુદ્ધનું નિશાન, માનવ સમુદાય)

અણુયુગના વૈજ્ઞાનિક પૂર્વગામીઓ;
ડાલ્ટન, થૉંપસન, રૂધરફૅાર્ડ



ઈ. સ. ૧૭૭૬ માં એક ગરીબ અંગ્રેજ વણકરને ત્યાં ઇગલ્સફીલ્ડ નામના ગામમાં એનો જન્મ થયો. બાર વરસની ઉંમરે જ અંગ્રેજ વણકરનો એ દિકરો ડાલ્ટન, પોતાના ગામની ગામઠી નિશાળનો શિક્ષક બન્યો. પંદર વરસની ઉંમરમાં તો એની પદવી વધી. કેન્ડલની નિશાળમાં મુખ્ય શિક્ષકની જગા એને મળી. એટલે બાપાની પરવાનગી મેળવી ને એણે પહેલી વાર છત્રી ખરીદવાનો વૈભવ માણ્યો, અને છત્રી ઓઢીને કેન્ડલ જવા ઉપડ્યો. કેન્ડલ જતાં રસ્તામાં કૉકરમાઉથ આગળ એ અટકયો અને આજસુધીમાં પોતે લખવામાનની એકઠી કરેલી

નોંધોને વાંચવા માંડયો. પંદર વરસના આ પંતુજીએ પોતાનો ચીલો અદલ્યો હતો. હવામાનના અભ્યાસની એને લત લાગી ગઇ. આ અભ્યાસમાં એમાં છેંતાલીસ વરસો વહી ગયાં, પછી એણે નોંધોના થોકડામાંથી નીચોવીને સાર કાઢયો.

"કે હવા ઘણા ગેસોનું મિશ્રણ છે. પણ ભારે વજનવાળો કારબન-ડાયોકસાઇડ હવામાનમાં તળિયે રહે અને હલકો ગેસ ઉપર રહે એવું તેમાં કેમ થતું નહીં હોય? એણે એવો સવાલ પોતાની જાતને પૂછયો, અને એનું મંથન જાગ્યું.

ડાલ્ટને આ બાબતની સાખીતી આપતાં ૧૮૦૪ના ઓકટોબરની ૨૧-મીએ જાહેરાત કરી કે, પદાર્થમાત્રનો પાયો, કેટલાક મૂળભૂત પદાર્થતત્ત્વો અથવા તત્ત્વપદાર્થો અથવા "એલીમેન્ટસ" છે. એ તત્વપદાર્થનો કણ અથવા પરમાણુ જુદા જુદા વજનવાળો અને અસાધારણ ગતિવાળો છે અને એક તત્ત્વપદાર્થનો પરમાણુ બીજા સાથે ભળે છે એટલે મિશ્રણ પદાર્થો બને છે.

પણ પરમાણુનું વજન? પરમાનુનું વજન પણ હોય છે? વિશ્વભરનાં વૈજ્ઞાનિકોને વિચારમાં ગરકાવ કરી નાખે તેવી રજુઆત ડાલ્ટને કરી. આ મહાન અણુ વેજ્ઞાનિકનું માન કરવા એક મિત્રે બે હજાર પૌંડ એકઠા કર્યા અને મોટામાથાવાળા ડાલ્ટનને ૧૮૩૪ની સાલમાં, ફ્રાન્સીસ નામના એક શિલ્પીની સામે બેસવાની વિનંતી કરવામાં આવી. શિલ્પીએ આ મહામાનવનું માથું પત્થરમાં ઉતારી લીધું.

આ મહા વૈજ્ઞાનિક ૧૮૪૪ના જુલાઈના ૨૬મા દિવસે મરણ પામ્યો. ડાલ્ટનની સ્મશાનયાત્રામાં એક, જે. જે. થોમસન નામનો કેમ્બ્રીજમાં ભણતો જુવાન પણ હતો. આ જુવાન કેમ્બ્રીજની કેવેન્ડીશ પ્રયોગશાળામાં પરમાણુનું સ્વરૂપ પારખવા માટે પ્રયોગો કરવા માંડયો હતો, અને એ દિશામાં આગળ વધતો હતો. જે. જે. થોમસન, નામનો આ અઠાવીસ વરસનો નવજુવાન વૈજ્ઞાનિક, પોતાની વિજ્ઞાન પ્રજ્ઞાની સાખીતી આપીને જે. જે. ના નામથી જાણીતો બની ગયો હતો અને અઠાવીશ વરસની જ ઉંમરમાં, કેવેન્ડીશ પ્રયોગશાળાના અધિપતિપદે ચૂંટાયો હતો.


'જેજે' એ સાંભળ્યું હતું કે વીલીયમ ક્રુકસે એક કાચની નળીમાંથી હવા કાઢી નાખીને પછી તેમાં વીજળીનો જોરદાર પ્રવાહ દાખલ કર્યો હતો. પછી એમાંથી પસાર થતાં નેગેટીવ પ્લેટનાં કિરણો એણે દેખ્યાં હતાં. પણ એ ઉપરાંત એણે અજબ જેવી બીના દેખી. ટયુબની પાસે ઇલેકટ્રો મેગનેટ લાવતાં જ પેલાં કેથોડ કિરણ વાંકાં વળતાં હતાં. આ દેખાવ અદભૂત હતો. આ બાબતથી ત્યારની આખી વૈજ્ઞાનિક બુદ્ધિ તાજુબ બની ગઈ હતી. "પ્રકાશ

પણ શું પદાર્થ છે!" એવો સવાલ વૈજ્ઞાનિક દુનિયા પાસે પેદા થયો. ફ્રેડસે પ્રકાશ નામના પદાર્થને 'રેડીયન્ટમેટર' એવું નામ આપ્યું.

'જેજે' આ કેથોડ કિરણો પર જ પાછો મચી પડ્યો. કેવેન્ડીશ પ્રયોગશાળામાંથી ધડાકા જેવી શોધ વૈજ્ઞાનિક જગતમાં ગાજી ઊઠી. જેજે થોમસને જાહેર કર્યું કે પ્રકાશનાં કેથોડ કિરણો તો પદાર્થનાં જ પરમાણુઓ છે અને એક સેકન્ડના ૧૬૦,૦૦૦ માઇલની ઝડપે દોડે છે. રસાયણશાસ્ત્રે શોધેલા નેવુ તત્ત્વપદાર્થોના અણુ આ ઇલેકટ્રોનના બનેલા છે.

એવી વાત જે જે થોમસને જગતને સંભળાવી દીધી અને વૈજ્ઞાનિકો હેરત પામીને વિચારવા લાગ્યા.

એ અવાજ સાંભળતો રૂધરફોર્ડ, નામે એક જુવાન ન્યુઝીલેન્ડથી ઇંગ્લેંડ આવી પહોંચ્યો. ન્યુઝીલેન્ડનો વિદ્યાપીઠનો એ માનીતો હતો. એણે આવીને જેજેની પ્રયોગશાળામાં કામ કરવાની માગણી કરી. જેજે એ, આ ન્યુઝીલેન્ડરને આવકાર્યો.



ચાર વરસ પછી રૂધરફોર્ડ પાછો ગયો અને કેનેડાની મેકગીલ વિદ્યાપીઠની પ્રયોગશાળામાં કામે લાગ્યો. એણે 'રેડીયો એકટીવ' તત્ત્વ પદાર્થોના પરમાણુનું અવલોકન આરંભ્યું. રેડીયમના અણુઓ તૂટતાં હતાં અને જે કિરણ ફેંકાતાં હતાં તે અસાધારણ ગતિવાળાં પરમાણુઓ હતાં. એમ કુદરતી પ્રક્રિ

યાથી રેડીયમ તૂટતું હતું ત્યારે એક ગ્રામ રેડીયમમાં દરેક સેકન્ડે પાંત્રીસ બીલીયન અણુઓ તૂટતા હતા. એમાંથી વછૂટતાં પરમાણુઓનું નામ એણે આલ્ફા કિરણો આપ્યું.

રૂધરફોર્ડનો યશ પથરાવા લાગ્યો. નવી દુનિયાની યાત્રા કરવા જુના જગતના વૈજ્ઞાનિકો નીકળ્યા અને મોન્ટરીઅલ પહોંચ્યા. કુદરતના ક્રમવિધાનથી તૂટતાં રેડીયમના અણુમાંથી નીકળતાં આલ્ફા કિરણો નામનાં અસાધારણ ગતિવાળાં પરમાણુઓને ઓળખવા રૂધરફોર્ડની આખી પ્રયોગશાળા કામે લાગી ગઇ હતી. જે. જે. થોમસને અણુનો એક ભાગ 'ઇલેકટ્રોન' નામનો શોધી કાઢયો હતો. રૂધરફોર્ડનો એનો બીજો ભાગ 'આલ્ફા' નામનો શોધ્યો. આલ્ફા પરમાણુઓ એક સેકન્ડના બાર હજાર માઇલની ઝડપથી દોડતાં હતાં. એના પર સ્વારી કરી શકાય તો સૂરજ પર પહોંચતાં અઢી કલાક જ લાગે. રૂધરફોર્ડે આ આલ્ફા પરમાણુઓની શોધ કરી અને તેનું નામ પ્રોટોન પાડયું.

અણુનું રહસ્ય એમ ઉકેલાઈ ગયું. થોમસને એના નેગેટીવ તત્ત્વનું નામ ઇલેકટ્રોન પાડયું. રૂધરફોર્ડે એના પોઝીટીવનું નામ પ્રોટોન પાડયું. વૈજ્ઞાનિક જગતને નવું સત્ય જડયું. સૃષ્ટિની રચના કરનારી અણુનામની ઈંટની શરીર-રચના ખુલ્લી પડી. સૃષ્ટિના ૬૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ માઇલના પરિધની આસપાસ સૌથી વધારે વેગીલું સ્પન્દન બનીને ઇલેકટ્રોન અને પ્રોટોન દોડતું દેખાયું, પુરવાર થયું. આ સત્યના દર્શન વડે જ જાણે અણુ તૂટયું. વીશમા શતક પર અણુયુગનું ઉદ્‌ઘાટન થવાનાં બધાં ચિહ્નો દેખાયાં. માનવજાતના દેશકાળ પર નૂતન અરુણનું આગમન પૂકારાયું. માનવજગતની માવજત માટે શક્તિનાં નવાં ઘોડાપૂર પલાણાતાં દેખાયાં. પદાર્થવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન વચ્ચેનું અંતર અળપાઇ ગયું. પદાર્થ અને શક્તિનું અપૂર્વ ઐક્ય સાબિત થઇ ગયું.

ત્યારે ૧૯૧૪ ની વસંતમાં હેનરી મોસલે નામનો એક નવજુવાન વૈજ્ઞાનિક, એની માતા, આમાબેલ સાથે એક વૈજ્ઞાનિકોની પરિષદમાં ઈંગ્લેંડથી ઓસ્ટ્રેલીયા જવા ઉપડતો હતો. આ દીકરો અને માતા ઓસ્ટ્રેલીયા પહોંચ્યાં ત્યાં તો અંગ્રેજી શાહીવાદે એનું શિકારખાનું સાચવવા પહેલા નંબરનું વિશ્વ-યુદ્ધ સ્વીકારી લીધું હતું અને ઓસ્ટ્રેલીયા પણ એનું પરાધીન હોવાથી જર્મની સામે લડાઇ જાહેર કરતું હતું.

એટલે ત્યારે આ જુવાન વૈજ્ઞાનિક યુદ્ધમોરચા પર પહોંચી જવા તૈયાર થયો. ત્યારે એની માતા, આમાબેલ આ જુવાનજોધને પૂછતી હતી, 'પણ, બેટા, તારાં અણુઓનું શું? અણુઓના ક્રમનો નિયમ તો તેં હજુ હમણાં જ શોધ્યો છે ને તું...?'

પણ એ રોકાયો નહિ. એની શોધને રઝળતી મૂકીને એ જેલીપોલી પહોંચ્યો અને ત્યાં એક હરકોઇ નિશાનબાજે એની અઠાવીસ વરસની વૈજ્ઞાનિક જીંદગીને વિંધી નાખી.×

મોસ્લે જેવા વૈજ્ઞાનિકનો વધ થયા પછી આ વિશ્વયુદ્ધના ઉપસંહારમાં ૧૯૨૧ ના મે મહિનાની ૨૦મી તારીખે અમેરિકાના શ્વેતમહાલયના એક વિશાળખંડમાં અમેરિકાનો પ્રમુખ ઊભો હતો. એની પાસે ફ્રાન્સનો રાજદૂત ખડો હતો. એ બધાની આસપાસ અમેરિકાના વૈજ્ઞાનિકો, પ્રધાનો, અને ન્યાયાધીશો વીંટળાયા હતા. એ બધા એક મહાન બાઈને માન આપવા એકઠા થયાં હતાં. એ માનને લાયક બનેલી વૈજ્ઞાનિક બાઈ, મેડમ ક્યુરી હતી. આ બાઇએ સૌથી પહેલાં અણુનું રૂપ દેખ્યું હતું.

પછી પ્રેસીડેન્ટે ક્યુરીને કહ્યું, 'આપ બાઈ સાહેબ માનવજાત માટે એક મહાન અને અમર કાર્ય પાર પાડવા ભાગ્યશાળી બન્યાં છો.'



માનવજાતની વાત કરતા અમેરિકન શાંતીવાદના પ્રમુખને પગથી માથા સુધી દેખી રહેતી અણુ વિજ્ઞાનની માતા બોલી. 'મને મારો ભૂતકાળ યાદ આવે છે. હું વોરસોની વિદ્યાપીઠમાં અભ્યાસ કરતી હતી ત્યારે અમારું જુવાનોનું એક ક્રાન્તિકારી મંડળ હતું. અમે ઝારને ઉથલાવી નાખીને જનતાનું રાજ કરવા માગતાં હતાં. પણ પછી ચોવીસ વરસની

×'The best of the harp is broken
the heart of the gleeman is fain
To call him back from the grave
and rebuild the shattered brain
Of Moseley dead in the trenches.
Now, if they slay the dreamers and
the riches, the dreamers gave,
They shall get them back to the benches
and be as the galley slaves

ઉંમરે જ હું જીવ બચાવવા [illegible]ને ફ્રાન્સના પાટનગર પેરીસમાં આવી, અને મેં યુરેનિયમ શોધ્યું. તેથી તમે સા[illegible] આજે માન આપો છો...મેં ૧૯૧૩માં વોરસોમાં રેડીયમ સંસ્થા બાંધી તે, માનવજાતની સારવાર કરવા માટે જ બાંધી છે, પણ ૧૯૧૪નો હત્યાકાંડ આવી સારવારોની કેવી કારમી, અને ક્રૂર ઠેકડી કરતો હોય છે! એવી કત્લેઆમોની કારવાહી જો અટકશે નહીં તો...!"

વિજ્ઞાનની આ માતા આગળ ન બોલી શકી. પછી એને ક્રાઇએ પૂછ્યું 'તમને સૌથી વધારે શું ગમે?' અને એણે ઝડપથી જવાબ દીધો, 'રેડીયમ ...એક જ ગ્રામ...' પણ પછી સુધાર્યું અને ઉમેર્યું, 'પણ એ રેડીયમ મારા જ પોતાના કાબૂ નીચે.'

પણ પછી રેડીઅમ પર કરેલી કયુરીની શોધનો સાથ લઇને અણુની ઘટના શોધાઇ.

અણુયુગ જગત પર ઊઘડવાનાં નિશાન દેખાવા માંડ્યાં.

ત્યારે પેલી વૃદ્ધા જગત પર વિહ્વળ નજર નાખતી મૂંઝાતી હતી. 'અમેરિકા પાસે મેં એ રેડિયમ માગ્યું હતું અને માગ્યું હતું કે એ શોધને અણુવૈજ્ઞાનિકોના જ કાબૂ નીચે...પણ આજે તો અમેરિકા પર...અણુ પર, શાહીવાદી નફાખોરોનો કાબૂ બેસી ગયો. એમના હાથમાં અણુ...? એ વિચાર જ કેવો ભયાનક છે!' બોલતી વિજ્ઞાનની એ માતા કંપી ઉઠી હતી.

એટમમાંથી એટમબોંબની પહેલી બનાવટ

ત્યારપછી અમેરિકામાં એટમબોંબ બનાવવાની પહેલી પ્રોજેક્ટ શરૂ થઇ. યુરોપ અને પાસિફિકમાં બીજા વિશ્વયુદ્ધમાં ઉતરેલી આ સરકારે આ બનાવટની પહેલી પ્રોજેક્ટનો આરંભ ૨,૦૦૦,૦૦૦,૦૦૦ ડોલરને ખર્ચે શરૂ કરાવ્યો અને તેની પાછળ ત્યાંના તથા બહારથી નિર્વાસિત તરીકે આવેલા કેટલાક વૈજ્ઞાનિકો કામે લાગ્યા અને ઇ. સ. ૧૯૪૧ની નાતાલમાં શરૂ કરેલા આ કાર્ય પછી ઇ. સ. ૧૯૪૫ સુધીમાં બોંબ તૈયાર થવા માંડ્યો. આ તૈયાર થએલા બોંબનો પહેલો પ્રયોગ ન્યુમેકસીકોમાં કરી જોવામાં આવ્યો. આલ્બકર્કની દક્ષિણપૂર્વમાં એકસો વીસ માઇલ દૂર રણમાં આ બોંબ માનવઇતિહાસમાં પહેલીવાર એકમોટા પોલાદના મિનારા પર ૧૯૪૫ના જુલાઇની ૧૬મીએ સવારના સાડાપાંચ વાગે ફોડવામાં આવ્યો. બોંબ ફૂટતાંની સાથે રણપર પ્રકાશ વ્યાપી ગયો, તથા દશ માઇલ દૂર સુધીનાં પર્વત શિખરો પ્રકાશી ઉઠ્યાં. પછી ચાલીસ હજાર ફીટ

ઊંચે સુધી કાળું વાદળ અનેક રંગોમાંથી બનેલું ચઢયું તથા ત્યાર પછી પેલો પોલાદનો મિનારો વરાળ બનીને ઉડી ગએલો માલમ પડયો અને જ્યાં મિનારો હતો ત્યાં કાચના તળીયાવાળું એક કોતર પડી ગયું હતું. એ કોતરમાં રેતીનો કાચ બની ગયો હતો. આ રીતે આણુંનું સત્ય બોંબ બનીને પહેલા પ્રયોગમાં ન્યુમેક્સીકોના રણમાં ખુલ્લું મૂકાયું. આ પછી અમેરિકન શાહીવાદને સાંપડેલું, અણુનું સંહારકરૂપ એણે માનવજાતનો અનાદર કરીને, એશિયાની માનવજાત તરફ પાશ્ચની ઘૃણાનો પરિપાક બતાવીને, જાપાનનાં બે નગરોપર બે બોંબ નાખીને આ બન્ને નગરોની લાખોની માનવતાનું, તેમનાં રાચરચીલાંઓનું, ઘરબારનું, અને તેમનાં બાળક બાળકીઓનું ખૂન કરીને ખૂલ્લું મૂકયું. પોતાના હાથમાં આવેલી ભયાનક એવી તાકાતના નશાવડે ચકચૂર થઇને એણે જાપાનનાં હીરોશિમા અને નાગાસાકી નામનાં નગરોપર અત્યાચાર કર્યો. ઇ. સ. ૧૯૪૫ના ઓગસ્ટની ૬ઠીએ, સાડાત્રણ લાખની વસ્તીવાળા હીરોશિમા, અને ઓગસ્ટની ૯મીએ નાગાસાકી નામનાં જાપાનનાં આ બે નગરોપર એક એક અણુબોંબ અમેરિકન શાહીવાદે નાખ્યો. હીરોશિમામાં એક લાખમાનવો મરણ પામ્યાં અને એક લાખ ગંભીરરીતે ઘવાયાં. નાગાસાકીની વસ્તી ઓછી હોવાથી ત્યાં પંદર હજારનું મોત થયું તથા વીસ હજાર માનવો ગંભીર રીતે ઘવાયાં.

બબ્બે વિશ્વયુદ્ધોને મોતનો સામાન વેચીને, બબ્બે વિશ્વયુદ્ધના સંહાર કાર્યમાં નફાના ઢગલા પામીને, સુવર્ણમય બનેલા અમેરિકન, યુ–એસ–શાહીવાદે ગંજાવર ખર્ચ કરીને મોતનાં કારખાનાં ચાલુ કરીને, હવે આખા નગરનું એક સાથે ખૂન કરી નાખનાર આયુધ બનાવ્યું તથા માનવજાતની જીંદગી પર અટ્ટહાસ્ય કરીને એણે એશિયન ધરતી પરનાં બે નગરોપર માનવસંહારનો આઘાત કર્યો. આ રીતે આઘાત પામેલું જગત અણુયુગનું શાહીવાદી ઉદઘાટન પામ્યું. વીશમા સૈકાનું હજુ તો પીસતાલીસમી નાતાલનું, પડોશી પર પ્રેમ કરવાનું વરસ શરૂ થયું હતું ત્યાં સંસ્કૃતિની માનવરચનામા, પડોશી એવા એશિયા પર, પડોશી એવા અમેરિકન શાહીવાદને હાથે પહેલા આયુધનો માનવ સંહારક આઘાત પામીને સંસ્કૃતિ હચમચી ઉઠી. જગત પર અણુની મહાતાકાત પણ શાહીવાદને હાથે ઉદઘાટન પામે ત્યારે કેવી ખૂનખાર છબીને ધારણ કરે છે તે બબ્બે વિશ્વયુદ્ધમાં શાહીવાદી રચના નીચે સંહાર પામતી માનવજાતે એશિયાની પરાધીન બનેલી ધરતી પર પિછાણ્યું.

જાપાનના નગર, હીરોશિમાનો વધ.

હિરોશિમા ૧૯૪૫ના ઓગસ્ટની છઠ્ઠીની સવારે જાગતું હતું. હિરોશિમાને આંગણે એ જ પ્રાતઃકાળે આજે અણુયુગ ઊગવાનો હતો. અણુની યુગ-શોધને

ખુલ્લી મૂકનાર હાથ કોઈ જ્ઞાન વિજ્ઞાનના સાધુસંત કે જતિયતિનો નહિ પણ અમેરિકી શાહીવાદનો હતો, તેની ય હિરોશિમાના અદના માનવીને જાણ નહોતી.

ઓટા નદીની સાત શાખાઓએ બનાવેલા છ ટાપુઓ પર હિરોશિમા નગર પથરાયું હતું. નગરના મધ્યભાગમાં હિરોશિમાની ચાર લાખની વસતીનો ગીચ ભાગ વસતો હતો. હિરોશિમાનાં કારખાનાં અને વખારો, રેલ્વેની કિનારીઓ પર બંધાયાં હતાં. દક્ષિણે બંદર હતું અને દરિયો હતો. ત્રણ બાજુ પર ડુંગરમાળની મેખલા ફરતી હતી. એવા સાત નદીઓના નગર પર ૧૯૪૫ના ઑગસ્ટના છઠ્ઠા દિવસની સવારે આઠ વાગે અમેરિકાએ એટમબૉંબ ફેંક્યો. શીમા હોસ્પિટલની દક્ષિણ પૂર્વમાં લગભગ બેસો ને પચાસ વાર પર એટમબૉંબનું નિશાન તકાયું. એ નિશાન આખું નગર હતું. એક નગર પર એક બૉંબ પડ્યો અને...!



નગરના એકથી બીજે છેડે એક ઝબકારો દોડ્યો. એક બેંકની ઇમારતની દિવાલ પર પીંછી ચલાવતો એક ચિતારો પડછાયો બનીને જડાઈ ગયો. વિજ્ઞાનના મ્યુઝિયમ તરફ ગાડું હાંકવા ઘોડાને ચાબુક ઉગામેલો એક હાંકેડું હાથ ઉગામીને પડછાયો બનેલો થીજી ગયો. એક પથારીમાં ઝબકી જાગતી માતાના સ્તન ચૂસતા બાળક સાથે છબનનાં બધી પણ સળગી ગયાં. એવાં અનેક પર મોતનો ઝબકારો અસાધારણ ઝડપી બન્યો. એવા ધડાકાવાળો અણુબૉંબ હિરોશિમા પર ઝીંકાયો. હિરોશિમાના શરીર પર અગ્નિઝાળ ઊઠતી દેખી. હિરોશિમાનાં રહેઠાણ એક ઝબકારામાં ધરાશાયી થયાં. હિરોશિમાનાં

છાપરાં ને રાચરચીલાં ઊડવા માંડ્યાં. હિરોશિમાની દિવાલો અને પાટડા ઊડી ઊડીને દૂર પડ્યા. હિરોશિમાની ધરતી પર ફેલાતાં બનેલાં માનવી–શરીરો દટાયાં, શેકાયાં અને પડછાયા જેવાં ઊડ્યાં. હિરોશિમા પરનાં જીવનકલેવરોમાંથી ગામા કિરણો વિંધ પાડીને પેઠાં. હાડકાંની અંદરના ફોસફરસ 'રેડિયો એકટીવ' બન્યા અને તેમાંથી બીટા કણો નીકળ્યા. હાડકાંની અંદરનો મેરો પણ ન જણાય તેમ ભેદાઈ ગયો. શરીરોની અંદરનાં લોહીમાં ધોળાં પરમાણુઓ સળગી ગયાં. હિરોશિમાના કલેવર પર માથાના વાળ મૂળમાંથી ઊખડી ગયા. હિરોશિમાના શરીરમાં વ્યાધિઓ ફરતા થયા. સ્ત્રીઓના ગર્ભ છૂટી ગયા. માસિક અટકાવ અટકી ગયા અને પુરુષો વીર્યહીન બન્યા. એશિયાના જાપાન દેશના એક નગર, હિરોશિમા પર અમેરિકી શાહીવાદનો એક અણુબોંબ ફેંકાયો.

ત્યારે સળગતું, લોહી–નીગળતું, ધવાએલું, એકલાખ માનવીઓની લાશો ખડકતું અને એકલાખ મરતાંના ચિત્કાર કરતું હિરોશિમા આઘાત પામીને ધરાતલ પર ટળવળતું, શું થયું તે નહિ સમજતું, અવાક બન્યું. નગરનો વધ થયો. મોતના પલકારા જેવી એક જ પળમાં એના વિરાટ દેહના કાળજામાં ફોઇએ ખૂની પંજો પરોવીને એનો, નગર માનવીનો, નાગરિક બનેલો આત્મા કાઢી લીધો. એક જ પળમાં એનું ચિત્ત થંભી ગયું. એક જ પળના એક ઝબકારામાં એના સંસ્કૃતિના બધા સાજ ઝોળાઇ ગયા. એક પળમાં જ હિરોશિમાનું જીવન ઝંખવાઈ ગયું. અમેરિકી શાહીવાદે આ નગરપર ઉતારેલી મોત નીચે એક પળમાં બધી લીલોતરી સળગી ગઈ હતી, ઘરનાં ખંડિયેરો થયાં હતાં. એક ઘરના ભંગારમાં બીજા ઘરનો ભંગાર ભરાતો હતો. શેરીઓએ કાયાપલટ કરી હતી. ટેલીફોનના ગંઠાયલા વાળની સેરોની જેમ ગૂંચવતા આડા થયા હતા.

સાકાઈ પુલ પરથી અગન–ઝાળની વિકરાળ લટો ઊડતી દેખાતી હતી. આસાનો બાગમાં પડતા આખડતા પડછાયા પેસતા હતા. સળગતાં ખંડિયેરોમાં સુતેલાંની યાદ કરતું કોઈ વિકરાળ બનીને જોઈ રહેતું હતું. નગર માનવોનો ગંભીર ધવાયેલો દેહ અગ્નિ ઝાળનો દાહ પામ્યો હતો, એની વેદનાનો પાર નહોતો. પોતે બંને હાથમાં પોતાની મમતાને મજબૂત પકડી હોય તેમ લોહી નીગળતો સંધ–જન હાથ ઊંચા રાખીને બહાવરો બનીને દોટ દેતો હતો. કેટલાંય ઓકતાં આગળ દોડતાં હતાં અને પટકાઈ પડતાં હતાં. કેટલાંય નવસ્ત્રાં નરનારીઓના દેહ પર કોઈની એકલી ટોપી જ રહી ગઈ હતી, કોઈના અંબોડાનાં ચીમળાયેલાં પુષ્પો જ નગ્ન દેહ પરનાં આખરી આભરણ બનીને લટકી રહ્યાં હતાં. કેટલાય માનવ–આકારો મમતાનાં પોટલાં લઈને દોડતાં ગબડતાં હતાં. કેટલાંય

શરીરો મોતની મહેફિલની પરેડ કરતાં હોય તેમ સીધે માથે અક્કડ ચાલતાં જોતાં છતાં દેખતાં નહોતાં. કેટલાંય માનવી ચહેરાઓ પર કોઈ પણ જાતની લાગણીની એકે રેખા બાકી રહી નહોતી.

વધ પામતા નગરની છબી પ્રલય પામીને જીવનની ભમતાના તંતુએ તંતુમાંથી કંપી ઉઠીને વધ પામવાની ક્રિયા કરતી પ્રલયના અગ્નિરૂપમાં ઉપર તળે થતી હતી. ત્યારે અણુના બીજા ધડાકાથી હવે અગ્નિઝળ જેવા પવનના ઝપાટાઓ એકાએક આખા બાગને પાયામાંથી હચમચાવી નાખતા હતા. હિરોશિમા પર ચઢેલાં ધૂળ ને ધૂંવાનાં ઘનઘોરમાંથી પાણીનાં ફોરાં ફેંકાવા માંડ્યાં. નગરનું રૂપ મોત પામતા જગત જેવું બની ગયું. 'આખી દુનિયા પર...આખા જાપાન પર... અને આખા હિરોશિમા પર, અમેરિકી શાહીવાદે લાખો વિમાનોમાંથી ગેસોલીનના વરસાદ વરસાવવા માંડ્યા છે...અને અમેરિકાની મહોલાતો સિવાય બધું સળગી જવાનું છે' બોલતી અફવા આખાય નગરમાં ચીસો પાડતી હતી. મોટાં ઝાડો જમીન પર પટકાવા માંડ્યાં હતાં, ડાળીઓ હવામાં ઊડવા લાગી હતી. આખા નગર પર ઊડતી ઝંઝાવાતની ઘૂમરીઓમાં હિરોશિમાના ભંગારમાંથી કાચના કટકા, બારીઓના ટુકડા, કાગળોના ડૂચા, ધૂળ ને ધૂંવાના ગોટા ઊડવા લાગ્યા.



હિરોશિમાની ધરતી પર શબ સૂતાં હતા. હિરોશિમાની વસ્તીમાં એક જ પળ પહેલાં માનવતા વિરહતી ત્યાં મડાં છવાયાં હતાં. હિરોશિમાની નદીઓનાં પાણી પર મડાં તરતા હતાં. હિરોશિમા હવે નગર નહોતું, સ્મશાન બન્યું હતું. એક જ પળમાં આ નગર રુપની લીલોતરીના પર્ણે પર્ણે આગ લગાડીને અમેરિકન શાહીવાદે અમેરિકી સંહારને હિરોશિમાની માનવતા પર વરસાવી પાડ્યો હતો. અમેરિકી શાહીવાદના વિજેતા રથ પાછળ બંધાયેલો વૈજ્ઞાનિક હિરોશિમાની માનવતા પર મેલી વિદ્યા બનીને વિઘાતક થઈને, માનવજાત સામેનો અપરાધી બની ચૂકયો હતો.

હિરોશિમાની જનતા પર હેવાનિયતનું હથિયાર ધરેલો શાહીવાદના રૂપને વરેલો અમરિકી પ્રમુખ ટ્રુમેન આકાશવાણી બોલ્યો કે ' અમે ફેંકેલો એ બૉંબ અઢીબૉંબ છે. ટી-એન-ટીના વીશ હજાર ટનથી પણ એની સંહારશક્તિ વધારે છે.

જાણે શાહીવાદની હેવાનિયતનો આ અવાજ હિરોશિમા પર સ્મશાનનો સાદ બનતો હતો. એ નગર-સ્મશાનમાં એક ઘરના એક રેડિયા પાસે જીવતી બેઠેલી એક સ્ત્રી એ સાંભળતી હતી ત્યારે જ અગ્નિના ઓચિંતા કંપથી ક્રૂજી ઊઠતી મરણ પામતી હતી. એના હાથમા રુમાલ ગૂંથવાના દોરામાં પરોવાયેલો હાથ અને હાથમાનો સળિયો તેમનો તેમ રહી જતો હતો.

પછી ઑગસ્ટનાં ૯ મા દીવસે સવારમાં અગીઆર વાગ્યા પછી બે મિનિટે જાપાનના નાગાસાકી નગર પર બીજો એટમબૉંબ પડયો.

પછી તરત જ હીરોહીટોનો કંગાળ અવાજ જાપાની વાયુમથક પરથી સંભળાયો. શહેનશાહ પોતે પોતાની રજવાડી જબાનની નાકાબંધીઓ પાછળથી ઇતિહાસમાં પહેલી જ વાર પોતાનો દેવતાઈ અવાજ સાંભળવાની જાપાનના સામાન્ય લોકોને તક આપતો હતો કે 'આપણી શહેનશાહત અને સામ્રાજ્યની આજની દશા પર ઊંડો વિચાર કર્યા પછી આપણે બીનશરતી સમાધાન કરવાના નિર્ણય પર આવ્યા છીએ. '

હિરોશિમા શું હતું ? એક નગર. જેવાં બીજાં નગરો હતાં તેવું જ એ નિર્દોષ નગર હતું. જેમ દરેક નગરમાં નિર્દોષ જનતા વસતી હોય છે, તેવી જ નિર્દોષ માનવતા એમાં પણ વસતી હતી. હિરોશિમાનાં નરનારીઓને હિરોશિમાનાં બાળક-બાળકીઓને, અને હિરોશિમાનાં સંગ્રહસ્થાનો, દેવળો, શાળાઓ, દવાખાનાં અને એકએક ઘરબારને સંહારી નાખવા અમરિકી શાહીવાદ ફરમાન બોલ્યો હતો. એવાંજ ફરમાન, જંગીસ ને સિકંદર, તૈમુર અને નાદિર ઇતિહાસમાં બોલી ગયા હતા.

અમેરિકન, શાહીવાદી યુદ્ધનું નિશાન, માનવ સમુદાય

બીજું વિશ્વયુદ્ધ હવે અંત પામવા માંડયુ હતું ત્યારે, જ્યારે બીજા વિશ્વયુદ્ધમાં હિટલરની ફાસીવાદી ધરીવાળા યુદ્ધનાં ચક્રોને, સ્ટાલીનગ્રાડનાં પાડ-શેમાંથી હાંકી કાઢીને જ્યાંથી એ નીકળ્યું હતું ત્યાં બરલીન સુધી પાછું હટાવી દેવામાં આવ્યું હતું ત્યારેજ, તૂટી પડતા જાપાન પર, પોતાનો કબજો એકદમ મેળવી લેવા માટે તથા આખા જાપાન પર અમેરિકન શાહીવાદનું શાસન સ્થાપી દેવા માટે જાપાનમાં આ બે નગરોનો અમેરિકાએ એટમબૉંબ નાખીને સંહાર કરી નાખ્યો. પછી હિરોશિમા અને નાગાસાકીના શબ પર ઉભેલા, અમરિકી શાહીવાદના સેનાપતિ મેક આર્થરે જાપાન પર કબજો ધારણ કર્યો.

બીજા વિશ્વયુદ્ધના અંતમાં જ આ રીતે અમેરીકન શાહીવાદે પોતાની શાહીવાદી મુરાદની જાહેરાત અણુબોંબ ફોડીને કરી તથા, જગત પાસે ઉભી થએલી પરિસ્થિતિનો સ્ફોટ કરી દીધો. આ પરિસ્થિતિનું રુપ અમેરિકન ખ્યાલ પ્રમાણે એ અંકાયું હતું કે જગતે કાંતો, શસ્ત્ર સજ્જ એવા અમેરિકન શાહીવાદનું શરણ સ્વીકારી લેવું અથવા તેણે અણુબોંબના અમેરિકન આક્રમણ નીચે સ્મશાન બની જવું.

આ પરિસ્થિતિનું અમેરિકન સ્વરૂપ, સ્વાતંત્ર્યના જાહેરનામા પછી હવે બીલકુલ બદલાઇ ચૂકયું હતું. તે સમયે તો એનું ક્ષેત્રફળ ૩૮૬,૦૦૦ ચોરસ માઇલનું હતું. પણ પછી એણે તરત જ પોતાને માટે ઉત્તર–પશ્ચિમ તરફનો પ્રદેશ પડાવી લીધો. પછી એણે ૧૮૦૩ માં લુઇસીઆનીઆ પ્રદેશની જનતાને ફ્રાંસ પાસેથી ખરીદી લીધી અને ફ્લોરીડાના પણ એ જ હાલ કર્યા. અને તરત જ ૧૮૩૫મા ટેકસસ પ્રદેશને એણે જમ કરી લીધો અને ઓરેગાંવ પ્રદેશ સલાહ કરીને પડાવી લીધો. પછી ૧૮૪૮માં મેકસિકો સાથે યુદ્ધ કરીને એરીઝોના, ન્યુમેકિસ્કો તથા કેલીફોર્નિયા પડાવ્યા અને બીજો ત્રીસહજાર ચોરસ માઇલનો દેશ તરવારની અણી ધરીને નામની કિંમતે ખરીદી લીધો.

એમ ૧૭૭૬થી ૧૮૫૩ સુધીમાં અમરિકી શાહીવાદે પોતાનો હતો તેથી આઠગણા ચોરસ માઇલ જેટલો પ્રદેશ પડાવી લીધો. આ રીતે જ ત્યારે ૧૯મા શતકના બીજા વિભાગમાં એણે રશિયન ઝાર પાસેથી આલાસ્કા લીધો અને સ્પેઇનને હરાવીને ફીલીપાઇન્સ અને પોર્ટોરીકોના પ્રદેશો પકડી લીધા. એણે પછી હવાઇ ટાપુઓ તથા પનામાની આસપાસના પ્રદેશ પણ પડાવ્યા. એણે ઓગણીસમા શતકના આખર વરસમાં એના મૂળ પ્રદેશ કરતાં દશગણો પ્રદેશ પડાવી લીધો. **બીજા વિશ્વયુદ્ધના અંતમા જ જાણે આ અણુબોંબના ધડાકા જેવું રાજકારણ અમેરિકન શાહીવાદે ધારણ કરી લીધું અને જાહેર કરી દીધું કે,**

" **અમે** લોકશાહીનો દારુગોળો, અથવા ' આરસેનેલ ઓફ ડેમોક્રેસી " છીએ. એમ કહીને એણે આફ્રિકા અને એશિયા પર અનેક રૂપવાળા આક્રમણો કરવાની તૈયારી કરવા માંડી. એમ કરવા એણે એશિયાનાં નાગાસાકી અને હિરોશિમા નામનાં જપાનનાં નગરોનું ખૂન કરી નાખીને જપાનને ગુલામ બનાવી દઇને, જપાનમાં પણ " આરસેનેલ ઓફ ડેમોક્રસી " નામનું શાહીવાદી રૂપ ખુલ્લું મુકી દીધું.

[પૂર્વ અને પશ્ચિમનું મિલન–પૂર્વની વિમુક્તિનો આરંભ–હિંદીમહાસાગરનું રાષ્ટ્રમંડળ–હિંદીમહાસાગર અને હિંદ–હિંદીમહાસાગર પરની શાહીવાદી ચોકીઓ–જાપાનથી સિંગાપુર સુધી સિંગાપુરથી એડન સુધી–એશિયાપરનાં શાહીવાદી મથકો તૂટવા માંડ્યા પછી–આફ્રિકા પરનાં મૃગજળ–શ્વેત આફ્રિકા અથવા દક્ષિણ આફ્રિકા–વિશ્વઇતિહાસનો સંસ્કાર સંગ્રામ, પૂર્વ આફ્રિકા અથવા કેન્યા–'ફ્રેસીંગ' માઉન્ટ કેન્યા–જોમો કેન્યાટાની સંસ્કાર હિલચાલ–ઉત્તર આફ્રિકા અથવા ફ્રેંચ આફ્રિકા–મોરોક્કો અને ટ્યુનીશીયા–આફ્રિકાની અગ્નિપરિક્ષા; એલજીરીયા–સંયુક્તરાષ્ટ્રસંઘ અને એલજીરીયા.–વીશમાસૈકાના બે બાંધવખંડો, એશિયા–આફ્રિકા.]

પૂર્વ અને પશ્ચિમનું મિલન

પૂર્વ, પૂર્વ છે અને પશ્ચિમ, પશ્ચિમ છે તથા બન્નેનું મિલન શકય નથી એવી અફવા, યુરોપના શાહીવાદી જગતમાં બે સૈકાઓથી શરૂ થઈ હતી. પરંતુ એજ સમયમાં પશ્ચિમ એટલે યુરોપખંડનો વહિવટ, ઉત્થાનયુગની રચના કરીને તથા ઉદ્યોગ ક્રાન્તિની ઘટના ઘડીને અને શાહીવાદી સ્વરૂપને ધારણ કરીને, પૂર્વના પ્રદેશો પર તેણે પોતાનું મિલન શરૂ કરી દીધું હતું. આ મિલન કોઇપણ પ્રકારનું સ્નેહસંમેલન કે સંસ્કૃતિનું સંમેલન નહોતું પરન્તુ શાહીવાદી આક્રમણના સ્વરૂપવાળું એ મિલન હતું. આ મિલનમાં પૂર્વના એટલે એશિયા આફ્રિકાના પ્રદેશો પશ્ચિમની પરાધીનતા નીચે અથવા રાજકીય અને આર્થિક પકડ નીચે પકડાયા હતા અને તેમના પર તેમના શોષણનું આ મિલન હતું તથા બળજબરીના તમામ પ્રકારો વડે, આ મિલનનું રૂપ ચાલુ રહ્યું હતું. પછી આ શાહીવાદી વહિવટના પરિપાક તરીકે વીસમા સૈકાના પહેલા ચાર દશકામાંજ બે વિશ્વો યુધ્ધો આવી પહોચ્યાં. આ વિશ્વયુધ્ધોએ, માનવ જાતનો સંહાર કર્યો તથા તેની માલમતાની ખાનાખરાબી કરી. પણ તેમાં શાહીવાદી ઘટનાના બંધ પણ ઢીલા પડી ગયા. શાહીવાદી રચનાના આક્રમણ વ્યવહાર સામે એશિયા આફ્રિકાની વિમુક્તિની હિલચાલોએ, પ્રતિકારની હિલચાલ શરૂ કરી દીધી.

પશ્ચિમના શાહીવાદો અને પૂર્વની વિમુક્તિ

આ નવા તબક્કામાં પશ્ચિમ યુરોપની શાહીવાદી સત્તાઓ તથા અમેરિકન શાહીવાદે પોતાનું નામ, લોકશાહીઓ અથવા મુકત દેશો અથવા પશ્ચિમની



હિંદી મહાસાગરનું રાષ્ટ્રો મંડળ અને આફ્રિકા

સંસ્કૃતિ એવું પાડવા માંડયું હતું. શાહીવાદી રીતરસમોને તેમણે આ નવાં નામ નીચે તથા તેના ઉપરછલા દેખાવો નીચે સંતાડવાનો અને ટકાવી રાખવાનો નવો તરીકો યોજવા માંડયો. શાહીવાદી લોકશાહીઓનું આ નવું માળખું નામમાં જ નવું હતું. પશ્ચિમની આ શાહીવાદી સત્તાઓએ અઢારમા અને ઓગણીસમા સૈકામાં શિકારીની કરપીણતા ધારણ કરીને પણ, વિજ્ઞાન અને ઉદ્યોગની સંસ્કૃતિને પુર્વના દેશોને પરાધીન બનાવીને તેમના પર બળજબરીથી લાદવા માંડી હતી. એટલા પૂરતો શાહીવાદી આક્રમણોએ આ પછાત પ્રદેશો પર પ્રગતિશિલતાનો ધક્કો દીધો જ હતો. આ ધક્કો દેવામાં તેમનો કોઇ શુભ આશય કે કલ્યાણકારી ઇરાદો હતો જ નહીં. તેમને તો આ પ્રદેશોનું શોષણ કરવા માટે જ તે જરુરી હતું. આ શાહીવાદી પ્રક્રિયાએ એમ કરતાં કરતાં પૂર્વના પ્રાચીન જીવન પરની ચઢી ગએલી સૈકાઓની ધૂળને નિર્દય રીતે ઉતરડી નાખી હતી તથા તેની પ્રાચીન સંસ્કૃતિઓને અચલાયતન રૂપમાંથી હચમચાવીને સચેતન બનાવી હતી. એશિયા આફ્રિકાની માનવ જાતની પ્રગતિમાં શાહીવાદનો આ ઐતિહાસિક ફાળો ઘણો મોટો હતો. પણ એ ફાળો લોકશાહીને લીધે નહોતો દેવાયો પણ સામ્રાજ્યવાદની જરૂરિયાતને લીધે હતો. એવા જમાનાવાળો એ યુગ હવે વહી ગયો હતો. શાહીવાદનું બબ્બે વિશ્વયુદ્ધ નિપજાવનારું વહિવટીતંત્ર જગતભરમાં હવે જીવનની પ્રગતિને રુંધનારું બની ચૂકયું હતું તેની સામે એશિયા આફ્રિકાની એક સમયની પછાત પ્રજાઓ, વિમુક્તિનાં આંદોલનો જમાવતી પગભર બનતી હતી. વિશ્વઇતિહાસમાં ઉદ્ભવી ઉઠેલી આ બિના નવી હતી.

વિશ્વઇતિહાસમાં પ્રવેશતા પુર્વના પ્રદેશો

પૂર્વના પ્રદેશો હવે આ વિમુક્તિની હિલચાલને ધારણ કરીને પોતાની નૂતન કાયાપલટમાં તેમણે ફ્રેંચક્રાન્તિએ અને યુરોપના ઉત્થાનયુગે તથા, અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામે અને રૂસી સામાજિક ક્રાન્તિએ દીધેલાં જીવનવહિવટનાં લોકશાહી મૂલ્યોને સ્વીકારવા માંડયાં હતાં. હવે શાહીવાદી પશ્ચિમી યુરોપ અને અમેરિકન શાહીવાદ પોતાના સુવર્ણના ઢગલાઓને જ સર્વસ્વ માનીને અચલાયતન જડતા ધારણ કરીને બેસી પડયા હતા. આજે બબ્બે વિશ્વયુદ્ધના અપરાધીભાર પછી પણ આ સામ્રાજ્યવાદ પોતાની લોકશાહીઓ પર શસ્ત્રસાજના ઢગલા જ ખડકયા કરતો હતો અહીં આગળ, અથવા એ ઐતિહાસિક પરિસ્થિમા આગળ, પુર્વના પ્રદેશો, વિમુક્તિની હિલચાલને ધારણ કરીને આગળ વધવા માંડયા હતા. પશ્ચિમીયુરોપ અને અમેરિકી શાહીવાદ હવે પ્રગતિ વિરોધી બન્યા હતા અને પૂર્વના મહાનદેશો પહેલીવાર પોતાની આઝાદ અસ્મિતા સાથે પ્રગતિ કરવા માંડયા હતા. વિશ્વ-ઇતિહાસમાં આ નવું સ્વરૂપ પ્રવેશ કરવા માંડયું હતું.

વિશ્વ-ઇતિહાસનું નૂતનધામ-હિંદીમહાસાગરનું રાષ્ટ્રમંડળ.

એવા આ આ નૂતન સમયમાં, પૂર્વ સાથે સૈકાઓ પછી પૂર્વનું મિલન થતું હતું. એક સમયના સંસ્કૃતિના એ પિતામહદેશો પ્રાચીન માનવજાતની સંસ્કાર ઘટના ઘડીનેસૈકાઓની સમાધિ છોડતા હતા. આ દેશો હિંદીમહાસાગરના કિનારા ઓપર, એકમેકના ખભેખભા અડાડીને ઉભા હતા તથા પરસ્પરના બંધુભાવની રાષ્ટ્રકડીઓની જીવન ભાવનાવાળા હતા તેવું ભાન પહેલીવાર પામતા હતા. શાહીવાદી અંધારરાત્રિમાં સૌએ સરખી યાતનાઓ અનુભવ્યા પછી આજે આ રાષ્ટ્રમંડળ પર નૂતનભાનની બંધુભાવમય ઉષ્મા જાગી ઉઠતી હતી.

હિંદીમહાસાગર અને હિંદ

ચારસોને ચાલીસ વરસ સુધી હિંદીમહાસાગર પર થઈને હિંદીમહાસાગરના રાષ્ટ્રમંડળ જેવા એશિયા અને આફ્રિકાના રાષ્ટ્રોપર યુરોપનાં શાહીવાદી હકુમતખાનાંઓનો અમલ ચાલ્યા કર્યો. આ અમલ નીચે આ અનેક રાષ્ટ્રોનું ભાન શાહીવાદી ઓથાર નીચે દબાયેલું રહ્યું. હિંદ ચીન, ઇજીપ્ત, ઇરાન, વિગેરે અનેક રાષ્ટ્રો જ્યાં એક સમયે વિશાળ સામ્રાજ્યોનાં વહિવટીતંત્રવાળાં બની ગયાં હતાં તે રાષ્ટ્રો જાણે પરસ્પરના અસ્તિત્વને ભૂલી ગયા હતા ! ભયાનક એવી ભેદનીતિએ આ રાષ્ટ્રોનાં પ્રજાજનોને મુંગાં કરોડો, અથવા પરાધીન નેટીવોનું નામ આપીને પોતાનાં શોષણતંત્રો આ રાષ્ટ્રોપર શરૂ કર્યાં, હતાં. આ તમામ રાષ્ટ્રોના કિનારા, ધોતો હિંદી મહાસાગર પણ જાણે ભૂલાઈ ગયો હતો.

આ મહાસાગરના અસ્તિત્વને પ્રાચીન હિંદુબાદશાહતે ' હિમવત સમુદ્ર પર્યન્તમ ' કહીને ઉલ્લેખ્યું હતું. કૌટિલ્યે કરેલી ચક્રવર્તિની વ્યાખ્યામાં પણ ચક્રવર્તિનું શાસન મહાસાગર પર હોવાનું ભાન નહોતું. મોગલ બાદશાહત પાસે પણ કોઇ તાકાતવાન નૌકાખાતું હતું જ નહીં. નૌકાકાફલાની તાકાતવાળી હિંદી મહાસાગરની અરિમતા કાલીકટ, મલબાર અને આંધ્ર પ્રદેશના કિનારા રાજ્યોમાં જ હતી અને તેમણે એ તાકાતથી, ફિરંગી વલંદા, ફ્રેંચ અને બ્રિટીશ શાહીવાદનાં આક્રમણોનો આરંભમાં અંગત રીતે સામનો કર્યો હતો. પછી તો હીંદી મહાસાગર પણ ચિર નિદ્રામાં અચેતન બન્યો. પરંતુ હિંદી મહાસાગરની હિન્દના કેન્દ્રીય વહીવટે કરેલી અવગણનાને લીધે જ્યારે આ શાહીવાદી આક્રમણોએ ભારતના સમુદ્ર કિનારાઓ પરનાં કમાડ ઠોકર્યા ત્યારે તે ઉઘડી ગયાં અને હિંદીમહાસાગર પરની આ મહાન અને વિશાળ એવી ભારતની ભૂમિપર આ બધાં આક્રમણોએ પોતપોતાની કોઠીઓ નાખીને પછી આ આખાય દેશને હીંદીમહાસાગર પરના તમામ રાષ્ટ્રોને અને સમુદ્રને પોતાનું સંસ્થાન

બનાવી દીધો. આ આખા હિંદી મહાસાગર પર પરાધીનતા લાદવાનાં આક્રમણોની જાળ તેમણે ભારતને સંસ્થાન બનાવીને તેના પરથી આખા રાષ્ટ્ર સમુહપર ફેલાવી દીધી.

એશિયાપરની શૃંખલા બનેલો, હિંદીમહાસાગર

હિંદીમહાસાગર પર પોતાની લશ્કરી છાવણીઓ નાખીને, હિંદીમહાસાગરપર પોતાના નૌકા કાફલા સ્થાપી દઈને, કિનારાઓ પરના પોતાના અંકુશને જાળવી રાખીને તેમણે આ રાષ્ટ્ર સમુહની ગુલામીને સાચવી રાખી. હિંદીમહાસાગર પરથી શાહીવાદે એશિયાના અને આફ્રિકાના આખા પરાધીન જગત પર ચોકીઓ ગોઠવી દીધી. પાસિફિક અને એટલેંટિક મહાસાગરોથી જે રીતે હિંદીમહાસાગર જુદો પડે છે તે તેની મહા વિશાળ એવી કિનારા પરની રાષ્ટ્રસમુહની રચના છે. એશિયા આફ્રિકાના આ અનેક રાષ્ટ્રોને કાબે જમણે ધારણ કરનારા મહાસાગરના મધ્યમાં ભારત દેશ એક હજાર માઇલ સુધી એટલે કેપ કોમોરીન સુધી, અંદર પોતાની ભૂમિની અણિને લંબાવે છે. ભારતનું આ ભૌગોલિક રૂપ, આ મહાસાગરની ઐતિહાસિક ભવ્યતાનાં દર્શન કરાવે છે. ભારતનો આ હિંદીમહાસાગરનો કિનારો, બે હજાર માઇલ સુધી એકથી ખીજા સુધી લંબાયેલો છે.

પણ હિંદની ભૂમિ વડે નામ ધારણ કરેલા આ વિશાળ મહાસાગરમાં ભારત પર દમણ અને દીવ સિવાય કોઈ નજદીકના ટાપુઓ નથી. હજારો માઇલ દૂરના શાહીવાદી પોર્ટુગાલના આ ટાપુઓ, પોર્ટુગાલનો એક વિભાગ છે એવી માનવજાતની નીતિમત્તાનું અપમાન કરનારી હકીકત આગળ ધરીને, ફિરંગી શાહીવાદે અમેરિકન શાહીવાદના આશરાને લીધે તેને આજે પણ પોતાની પકડ નીચે જકડી રાખ્યા છે તથા ભારતપર હિંદીમહાસાગરમાંથી જ શાહીવાદી આક્રમણની સંસ્કૃતિ વિરોધી બદબોને એણે જાળવી રાખી છે. આ બે ટાપુઓ ઉપરાંત હીંદના બે ટાપુઓમાં અંદામાનના ટાપુ, આડસો માઇલ દૂર પડ્યા છે.

હિંદી મહાસાગર પરની શાહીવાદી પકડ

મહાન રાષ્ટ્રોના મોટા કાફલાને પોતાના કિનારાપર ધારણ કરીને પડેલા, આફ્રિકાના કિનારાથી તે સિંગાપુર સુધીના રાષ્ટ્રમંડળની સંસ્કૃતિના ઈતિહાસનો મહાસાગર બનીને, જગતભરની અતિવિશાળ માનવ વસ્તીને ધારણ કરેલા, આ હિંદીમહાસાગરપર આજે પણ અંગ્રેજી શાહીવાદની આક્રમક છાવણીઓ પડેલી છે. શાહીવાદની નૌકાઓની છાવણીઓને સાચવી રાખીને આ રાષ્ટ્રસમુહની વિમુક્તિને કચડી રાખવાનો પ્રયત્ન તે કરે છે. એટલે જ આજે આ તમામ

દેશો પરથી અંગ્રેજી શાહીવાદી આક્રમક પકડને હીંદીમહાસાગર પરથી દૂર હડસેલી દેવાના પ્રયત્નો વિમુક્તરાષ્ટ્રોએ શરૂ કરવા માંડયા છે, કારણ કે જ્યાં સુધી શાહીવાદી આક્રમણ અને દરમ્યાનગીરીનાં લશ્કરી સ્વરૂપોને હિંદીમહાસાગરના તમામ કિનારાઓ પરથી એડનથી તે સિંગાપુર સુધી, પાછાં હટાવી ન દેવાય ત્યાં સુધી આ રાષ્ટ્ર સમુહની વિમુક્તિનું રૂપ ભયમાં છે જ.

જાપાનથી સિંગાપુર સુધી

જાપાનના કિનારાઓમાં તો અમેરિકન શાહીવાદની આક્રમક હકુમત જાપાનની વિમુક્તિનો ઉપહાસ કરતી બીજા વિશ્વયુદ્ધના અંતમાં જ ગોઠવાઈ ગઈ છે. ચીનના કિનારા પર હોંગકોંગમાં અંગ્રેજી શાહીવાદ બેઠો છે તથા ફોર્મોસાનો ટાપુ એજ ચીન દેશ છે એમ કહીને રાષ્ટ્રસંઘની પણ શરમજનક સ્થિતિ કરી મૂકનાર અમેરિકન શાહીવાદે ચીનના એક દેશદ્રોહીને પોતાનો ખાંધીયો બનાવીને, પોતાનો નૌકા કાફલો અને યંત્રઆયુધો એ ટાપુ પર ગોઠવી દઈને જ્યારે ચીનપર આક્રમણ કરવા માટે ફોર્મોસામાં પોતાના રક્ષણ હેઠળ અને ચીનના દુશ્મન તરીકે તેને બેસાડી રાખ્યો છે. આજે સિંગાપુરની પણ એવી જ હાલત છે. હિંદીમહાસાગરના આ અતિ મહત્વના મથક પર અંગ્રેજી શાહીવાદે પોતાની પકડને જાળવી રાખવા આખા મલાયા પ્રદેશપર સંહારની કાર્યવાહી ચાલુ રાખી છે તથા સિંગાપુરને આઝાદીનો કોઈપણ અધિકાર આપવાનો ઈન્કાર કરી દીધો છે.

સિંગાપુરથી એડન સુધી

આ સિંગાપુરથી આગળ વધીએ તો, મલાયામાં અંગ્રેજી શાહીવાદની મડાગાંઠે, આખર સુધી મલાયાના કલેવર પર જળોની જેમ ચિટકી રહેવાની જાહેરાત કરી છે. બ્રહ્મદેશનાં જંગલો, આ શાહીવાદી દરમ્યાનગીરી વડે, ભયાકુલ બન્યાં છે. સીઆમ પ્રદેશ પર અંગ્રેજ અને અમેરિકન શાહીવાદની દરમ્યાનગીરીએ વિમુક્તિની કોઈપણ હિલચાલની હસ્તીને નાબુદ કરી નાખવાનાં કાવતરાંપર ત્યાંના એક દેશદ્રોહીની આગેવાની બેસાડી દઈને, તેને માર્શલ પીબુલને, પોતાના પરમ મિત્ર અને લોખંડી પુરૂષ તરીકે જાહેર કર્યો છે. વિમુક્તિની હિલચાલને કચડવાની આ શાહીવાદી કાર્યવાહીઓએ, દક્ષિણ કોરીયામાં સીંગમાન-રી તથા ફોર્મોસામાં, ચ્યાંગ-કાઈ-શેકને અને સીઆમમાં માર્શલ પીબુલ નામના આ બધા પોતાના લોખંડી માનવોને, અથવા રોબોટોને આગળ ધર્યો છે. સીલોનની વિમુક્તિને પણ તેમણે એક કોટેલવાળાના અધિકાર નીચે ભયજનક દશામાં મૂકી દીધી હતી પરન્તુ સીલોનની પ્રજાએ એ નિતિને પડકારી છે. એ નાન-

કડા ટાપુએ પોતાની વિમુક્તિની સાચવણી માટે બંદર નાયકની આગેવાની નીચે કોલંબો અને ટ્રીંકોમાલીપરનાં પોતાને ત્યાંનાં અંગ્રેજી શાહીવાદનાં નૌકા મથકને નાબુદ થઈ જવાની માગણી ઉઠાવી છે. આ લશ્કરી થાણાંઓ પરથી જ અંગ્રેજી શાહીવાદે, બીજા વિશ્વયુદ્ધ પછી, બ્રહ્મદેશની અને મલાયાની વિમુક્તિને ખતમ કરી નાખવાનાં આક્રમણો કર્યાં હતાં.

હવે બીજા છેડા પર હિંદીમહાસાગરને કિનારે નજર નાખીએ તો એડન પરની અંગ્રેજી શાહીવાદની પકડ આફ્રિકાની આરબ પ્રજાઓને ભયભિત બનાવી મૂકતી દેખાય છે. એડન પર નજર સ્થાપીને આરબરાષ્ટ્રો ત્યાંની શાહીવાદી આક્રમક હકુમતને દૂર કરવા માગે છે. તેમ થાય તો જ આરબરાષ્ટ્રોની વિમુક્તિ સલામત બની શકે તેમ છે.

આ રીતે હિંદીમહાસાગર ત્રણ કિનારાઓના રાષ્ટ્રોને આવરી લે છે. આખો પૂર્વ કિનારો આફ્રિકન પ્રદેશનો છે, દક્ષિણ કિનારો અરબસ્તાનનો છે તથા ઈરાન અને બલુચિસ્તાનનો છે. ઇરાનનો અખાત પણ આજે અમેરિકન અને અંગ્રેજી શાહીવાદની પકડ નીચે છે. તેને આ પકડ નીચે લાવવા ઇરાની રાષ્ટ્રની વિમુક્તિની હિલચાલને અંગ્રેજી અને અમેરિકી શાહીવાદે મુસાદીકનું પતન કરનારી અને શાહને માદીનશીન કરનારી કાવતરાખોર દરમ્યાનગીરી કરી બતાવી છે.

આ બનાવ આપણું ધ્યાન એડનથી આગળ, લાલ સમુદ્ર અને ભૂમધ્યને જોડતી સુએઝ નહેર તરફ ખેંચે છે. એડનથી તે પોર્ટ સૈયદ સુધી આજે અંગ્રેજી શાહીવાદનું આક્રમણ, આ સાગરોને અંગ્રેજી સરોવર તરીકે ગણીને, તેના પર પોતાની આક્રમક નીતિ આરંભે છે. સુએઝની નહેર પરના આ આક્રમણો, ઇરાનની વિમુક્તિને ખંડિત કરી નાખ્યા પછી આજે ઇજીપ્ત પર પોતાનો પંજો ઉગામ્યો છે. પરન્તુ ઇજીપ્તપર રચાતા વિશ્વની તિહાસના રંગરાગને દેખતા પહેલાં ઇજીપ્ત જેની કિનારી છે, તે આફ્રિકા નામનો ખંડ પણ હિંદીમહાસાગરનો મહાન એવો, સમદુઃખી પ્રાચીન બાંધવ ખંડ છે તે વિસરાવું જોઈએ નહીં.

પશ્ચિમી યુરોપનાં એશિયા પરનાં શાહીવાદી મથકો તુટવા માંડયા પછી.

પહેલા વિશ્વયુદ્ધ પછી તરતજ બીજું વિશ્વયુદ્ધ આવ્યું અને આ વિશ્વયુદ્ધ પછી, પશ્ચિમ યુરોપના શાહીવાદી દેશોની એશિયા પરની પકડ ઢીલી થઇ ગઇ. આખા એશિયાપરના બધા રાષ્ટ્રોમાં નવીન રાષ્ટ્રવાદ, નવીજ રાષ્ટ્ર એકતા અને આઝાદી માટેની રાષ્ટ્ર હિલચાલો જાગી ઉઠી. એશિયાના રાષ્ટ્રો એક પછી એક આઝાદ થવા માંડયાં. ઇગ્લેંડ અને ફ્રાન્સની શાહીવાદી પકડ એશિયાપર તૂટવા લાગી.

શાહીવાદી રીતરસમથી પોતાનો જીવનવહીવટ ચલાવનાર પશ્ચિમ યુરોપની જવાદારી બનેલો પણ એશિયાપર પથરાયેલો ફાંસીદોર હવે એશિયામાંથી તૂટતો હતો. સૌથી જૂના એવા અંગ્રેજી શાહીવાદ માટે આ સવાલ સૌથી મોટો હતો. એશિયા પર શાહીવાદી વહીવટથી અંગ્રેજી જીવન માલેતુજાર બન્યું હતું. એ જીવનવહીવટ માટે બેજ રસ્તા ખૂલ્લા હતા. એક રસ્તો પોતાના જીવન વહીવટનો શાહીવાદી તરીકો છોડી દઈને સંસ્કારી જીવન વહીવટને ધારણ કરવાનો હતો. બીજો રસ્તો એશિયાને બદલે બીજા કોઈ ખંડ પર પોતાનું શાહીવાદી આક્રમણ લાદવાનો હતો. આ સવાલ પશ્ચિમ યુરોપના તમામ શાહીવાદી દેશો માટે તથા અમેરિકન શાહીવાદ માટે પણ હતો જ. પશ્ચિમયુરોપના શાહીવાદી દેશોએ, ફ્રેંચશાહીવાદની આગેવાની નીચે તથા, અંગ્રેજી અને ફ્રેંચ શાહીવાદે અમેરિકન શાહીવાદની આગેવાની નીચે, શાહીવાદીવહીવટને પોતાના સ્વદેશોમાં ટકાવી રાખવાનો વિશ્વસંહારક રસ્તો ધારણ કર્યો તથા એશિયાના જે પ્રદેશો પર પોતાની હકુમત ટકી રહી શકે તેમ હોય તે પ્રદેશોપર નવાં આક્રમણ તથા પોતાની હકુમતને ટકાવી રાખવાની મજબુત કાર્યવાહી શરૂ કરી દીધી.

આ શાહીવાદી આક્રમણે પોતાની રીતરસમનું નવું નામ 'આફ્રિકાનો વિકાસ' એવું આપ્યું તથા જુના જગતની આ શાહીવાદી ઘટના, આફ્રિકા પર "વિકાસ" કરવા ઉતરી પડી. એવું શાહીવાદનું આફ્રિકા પરનું નવા નામવાળું અને નવારૂપવાળું આક્રમણ બીજા વિશ્વયુદ્ધ પછી શરૂ થઈ ગયું. આફ્રિકા ખંડ તો યુરોપનોજ એક ભાગ છે એવી ભૌગોલિક પ્રેરણા પણ એને થવા લાગી. આ આક્રમણે એમ જાહેર કર્યું કે આફ્રિકાની ભૂમિ, એ તો પશ્ચિમ યુરોપનો એક દક્ષિણ તરફનો વિભાગ છે.

જૂના જગતની જળો ચિટકીને બેઠી

આવી પશ્ચિમી યુરોપની શાહીવાદી કાર્યવાહીએ, એશિયાની ભૂમિપર, મલાયાના પ્રદેશપર ચીટકી રહેવાનો, મધ્યપૂર્વમાં, તેલના પ્રદેશોપર વળગી રહેવાનો, અને ચીન તથા ભારતના કાંઠાપર જૂના વળગાડનો પગદંડો જમાવી રાખવાનો નિરધાર કર્યો. ફોર્મોસા નામના ટાપુ પર અમેરિકન શાહીવાદે મૂકામ નાખ્યો. ગોવા પર પોરટુગલ શાહીવાદની ચોકી બેઠી. મલાયા, પર અંગ્રેજી કોઠી ચીટકી રહી. ઈરાનની આઝાદીની હિલચાલને લોહીમાં ડૂબાડી દઈને, ઈરાનના શાહને ફરીવાર ગાદી પર બેસાડીને, અમેરિકન શાહીવાદે ઈરાનપર વહીવટ સ્થાપી દીધો. આ રીતે આફ્રિકા અને એશિયાપર, અને મધ્યપૂર્વ પરની પકડ જમાવી રાખીને શાહીવાદી દુનિયાએ આફ્રિકા ખંડ પર પોતાનું નવું આક્રમણ

આરંભી દીધું. આ આક્રમણની આગેવાની લેવા, અંગ્રેજી અમરિકી શાહીવાદે હરિફાઇ સાથે દોડવા માંડ્યું. શાહીવાદી વહીવટના આ સ્વરૂપે, ચીન અને ભારત જેવા વિરાટ રાષ્ટ્રોમાંથી ખતમ થયા પછી અને એશિયાભરમાંથી પાછું પડવા માંડ્યા પછી હવે પોતાની ભયાનક તૃષાને છિપાવવા આફ્રિકાપર, આ શાહીવાદની વિશ્વઘટનાએ અમેરિકન શાહીવાદની આગેવાની નીચે ફાળ ભરવા માંડી છે.

આફ્રિકાપર દેખાતાં મૃગજળ

પરન્તુ જગત બદલાઇ ચૂક્યું હતું. આફ્રિકાખંડ પણ આ વિશ્વ પરિવર્તનમાં પાછળ રહી જવા નહોતો માગતો. આફ્રિકાપર આક્રમણ જમાવીને આ અનંત વિસ્તારવાળા ખંડને શોષી જવાનો જમાનો હવે અંત પામતો હતો. છતાં વાસ્તવિકતાને નહીં દેખી શકનાર શાહીવાદી જીવનવહીવટ આફ્રિકાનું શોષણ કરી જઇને ટુંપાતા જીવનની જીવાદોરી ટકાવી રાખવા નીકળી ચૂક્યો હતો, તથા, આફ્રિકા પર પોતાની દાનવી તૃષાની ઇચ્છાઓમાંથીજ દેખાતાં ઝાંઝવાનાં જળ તરફ દોડતો હતો.

શાહીવાદની જૂના જગતની ઘટનાઓએ સૌકાઓ સુધી જગતનો ઇતિહાસ એટલે યુરોપનોજ ઇતિહાસ માન્યો હતો. એ ઘટનાએ એશિયા અને આફ્રિકા નામના જગતના બે અતિવિશાળ ખંડોને પોતાની ક્ષુદ્રલાલસાના પિંજરામાં પૂરી દીધા હતા તથા જગતના જીવનમાંથી રદ બાતલ કર્યા હતા. આ બે ખંડોને પોતાના કારાગારમાં પૂરીને એણે બબ્બે વિશ્વયુદ્ધના વિશ્વ સંહાર ખેલ્યા હતા. પરન્તુ ત્યારપછી પેલા કારાગારની દિવાલો તૂટી હતી. સૌકાઓ પછી માનવ સમુદાયો આ એશિયા અને આફ્રિકાની ભૂમિ પરથી વિશ્વઇતિહાસમાં પોતાની બેઠક લેતા હતા. વિશ્વઇતિહાસ હવેથી જ પહેલીવાર સાચા અર્થમાં વિશ્વ ઇતિહાસ બનતો હતો.

બીજા વિશ્વયુદ્ધ પછી ઇતિહાસમાં આવતો નવો ખંડ–આફ્રિકા

આ નૂતનઘટનાનો આકાર આઝાદ રાષ્ટ્રોના સ્વરૂપવાળો હતો. એશિયા આફ્રિકાપરના રાષ્ટ્રો નૂતન આઝાદીનાં સ્વરૂપ ધારણ કરતા હતા. આઝાદીનાં આ સ્વરૂપોમાં એશિયા અને આફ્રિકાની ધરતીપર વિમુક્ત બનતી માનવતાનો સંચાર શરૂ થતો હતો.

છતાં, પરવારી ગએલી એવી શાહીવાદી જીવનઘટના, આ નૂતન દેખાવને દેખવાની ના પાડતી હતી. આ જીવનઘટનાનું પશ્ચિમ યુરોપનું અને અમેરિકન શાહીવાદનું સ્વરૂપ, એશિયા પર વિભાજક ભેદનીતિને ધારણ કરી રાખીને આફ્રિકાનો સંપૂર્ણ કબજો ટકાવી રાખવા દોડતું, હતું, અને આફ્રિકાના અનંત પ્રદેશોપર દેખાતું મૃગજળ આ ક્ષુદ્રલોભને લલચાવતું હતું. ત્યારે આ પશ્ચિમી

યુરોપનો શાહીવાદી આગેવાન ચરચીલ પોતે, ઈ. સ. ૧૯૫૨ના મે મહીનાની ૫ મી તારીખે પોતાની ભૂમિપર ડામાડોળ પરિસ્થિતિ પર મીટ માંડતો કહેતો હતો, "હું ભયની ચેતવણી આપવા માગું છું. આપણો જીવનવહીવટ કોઈ ભેખડની કિનારી પર આવી પડ્યો છે." †



*"The traditions and triumphs of a thousand years are challenged by the ebb of flow of markets in the new swaying world which has sprung up... All that we possess and all our glories might quite rapidly become nothing."

વિમુક્ત રાષ્ટ્રોનો ત્રીજો વિભાગ જગતની રાજકીય ભુગોળમાં આફ્રિકા પર પહેલીવાર અસ્તિત્વમાં આવવા માંડયો. વિશ્વઇતિહાસનું આ ઉજવળ પ્રકરણ મોટું બનવા માંડ્યું. ચીન ભારત જેવા જગતના બે અતિવિશાળ દેશોએ વિમુક્ત રાષ્ટ્રો બનીને જગતના નકશાપર વિશ્વઇતિહાસની નવી ઝલકનો વિસ્તાર સૌથી મોટો બનાવી દીધો. ત્યારપછી આ યુગ પ્રવર્તક રચનામાં આફ્રિકાએ પણ ઉમેરો કરવાની ઘોષણા શરૂ કરી. આફ્રિકાની કિનારી પરના પરરાષ્ટ્ર-માંથી વિમુક્તિનો નાદ ગાજી ઉઠયો. વિશ્વઇતિહાસના આ પિતામહ પ્રદેશે પોતાના સ્વતંત્ર જીવનનું પ્રસ્થાપન શરૂ કર્યું. એકજ રાતમાં પરરાજની રાજાશાહી ખતમ થઈ ગઇ અને શાહીવાદી પકડ નીચેથી મૂક્ત બનવાની વિમુક્તિની લડત આફ્રિકાની આ કિનારી પર ઉદ્ઘાટન પામી.

શ્વેત આફ્રિકા અથવા દક્ષિણ આફ્રિકા.

દક્ષિણ આફ્રિકા અથવા ' યુનીયન ઓફ સાઉથ આફ્રિકા ' નામનો પ્રદેશ જરમની, ફ્રાન્સ, સ્પેઇન પોર્ટુગાલ તથા સ્વીડન ભેગાં મળે તેટલો મોટો છે. આ પ્રદેશ પર આજે એક કરોડ અને પાંચ લાખની કાળાં મૂળ વતનીઓની તથા પચીસ લાખ ગોરાં વસાહતીઓની વસ્તી છે. આ પ્રદેશની જમીનનો મોટો ભાગ ફળદ્રુપ છે, અને હવામાન ખુશનૂમા છે. આ પ્રદેશ પર સુવર્ણના ઢગલા નિપજાવતી સોનાની ખાણો છે.

આ સુવર્ણ પ્રદેશ પરની બધી ખાણો, ફળદ્રપ ખેતરો, તથા તમામ ઉદ્યોગોની માલીકી સામ્રાજ્યવાદી ગોરી પ્રજાની છે. યુરોપનું સામ્રાજ્ય ચલાવનાર, શાહી-વાદનું રૂપ, અહીં વસવા આવેલાં પચીસ લાખગોરાં માનવોનું છે. આ પ્રદેશ પર લોકશાહી તંત્ર છે પરંતુ લોકનો અર્થ પેલાં પચીસ લાખ ગોરાં માનવો, એટલો જ થાય છે. આ માનવોને માટે જ, આ ગોરાં માંનવોની જ બનેલી, અને ગોરી વસાહતની જ વહીવટવાળી, પશ્ચિમની સંસ્કૃતિ અહીં લોકશાહી નામની શાહીવાદી માલીકી બનીને આ ધરતીનાં માનવસમુદાયો પર યાતના જેવો અધિકાર ચલાવે છે. આ વહીવટી તંત્ર નીચે દક્ષિણ આફ્રિકા પરનો બધો માનવ સમુદાય આવી જાય છે. એક કરોડ કરતાં વધારે સંખ્યાવાળો બાન્ટુ માનવોનો આફ્રિકન સમુદાય આ વહીવટી તંત્ર નીચે છે. ત્યાંની ધરતીનાં આ મૂળ વતનીઓનો આ ધરતી પર કોઈ અધિકાર નથી. આ માનવોનો આ ધરતી પર કોઇ નાગરિક હક્ક નથી. આ સૌને માટે પેલી પચીસ લાખની શરમજનક લોકશાહી ઘટના નીચે આ માનવો પરનું સિતમરૂપ તક્કી કરવામાં આવ્યું છે. તેમના પર લદાયેલી ફરજો જગત ભરની કોઇપણ સંસ્કૃતિના સ્વરૂપને શરમાવનારી, પશ્ચિમની સંસ્કૃતિનું પતિત નામ ધારણ કરનારી, વહીવટી ઘટનાઓ, રચી છે.

આફ્રિકાના અહીંના માનવ સમુદાયો માટે તથા, ભારતથી ત્યાં ગએલાં પ્રજાજનો માટે અથવા તમામ ગૌર શિવાયના રંગવાળાં સમુદાયો માટે પેલી પશ્ચિમની સામ્રાજ્યવાદી લોકશાહીએ નક્કી કરેલી ફરજો છે અને શિક્ષાઓ છે. પચીસલાખની વહીવટી તંત્રવાળી સરકારને, આ માનવ સમુદાયોએ ફરવેળા ભરવાના છે, ભારે મિલકતવેરા ભરવાના છે. આ સૌએ યુરોપીયન ઉચ્ચ માનવોને અડી ન જવાય તેવી રીતે પોતાની જાતને ભંગીઓ અથવા 'સેગ્રેગેટેડ' જાતિઓ તરીકે પોતાની જાતને સ્વીકારીને તેમને માટે અલાયદી રખાયલી જગાઓ પર અલાયદા વાસમાં વસવાટ કરવાનો છે. આ બધા રંગીન માનવ સમુદાયો અથવા ભંગીઓ માટે બેસવાની પાટલીઓ જુદી હોય છે, ભણવાની શાળાઓ જુદી હોય છે, ટ્રામની રાહ જોવાનાં સ્ટેન્ડો, તથા સ્ટેશનમાં બેસવાની જગાઓ અને વાહનોમાં બેસવાની જગાઓ જુદી હોય છે. બાગબગીચાઓમાં કે ફરવા ફરવામાં તેમને માટે અલગ રસ્તાઓ વિગેરે હોય છે. આ ઉપરાંત વધારે શરીર શ્રમવાળાં, ઓછી આવકવાળાં, તથા કંટાળા ભરેલાં કામો કરવાની આ સમુદાયોની ફરજ હોય છે. આ રંગીન સમુદાયોમાં ખાસ કરીને કાળાં મૂળ વતની માનવો માટે, જમીન પરની ખેતીની મજુરી તથા સોનાની ખાણોની અંદરની મજુરીનો વ્યવસાય મુખ્ય છે. જમીન પર કામ કરતાં કાળાં માનવોનો પગાર નથી હોતો પરંતુ અર્ધ ગુલામ જેવી આ માનવોની દશામાં તેમને ખાવટી મળતી હોય છે. ખાણોમાં પગાર હોય છે પરંતુ જીવતાં રહી શકાય તેટલો જ, તેમનો પગાર હોય છે. જમીન પર ખેતીની મજુરીમાંની યાતનાઓ અને ભૂખમરો જીવલેણ બનતાં આ માનવોનાં ટોળાં હંમેશાં ખાણો અને ઉદ્યોગ મથકો તરફ વધ્યા કરતાં હોય છે.

આભડછેટની માનવભેદી જીવન ઘટના

આભડછેટની આ માનવ ભેદવાળી જીવન ઘટનાનું વિકરાળ સ્વરૂપ દક્ષિણ આફ્રિકાની ધરતી પર ગોરી સરકારના સામ્રાજ્યવાદી વહીવટીતંત્રના વારસામાં મળેલી જીવન ઘટના તરીકે છાઈ દેવામાં આવ્યું છે. શ્વેતરંગી યુરોપીય માનવોની આ સરમુખત્યારશાહીએ તમામ રંગીન પ્રજાઓ માટેના ભંગીવાસો નક્કી કર્યા પછી, એ પ્રજાઓમાંથી કોઈ પણ વ્યકિત અમુક પ્રદેશ પર રહી ન શકે, ત્યાંનું મકાન ખરીદી ન શકે, તથા ત્યાં દુકાન વિગેરે કશું રાખી ન શકે તેવા કાનૂનનો અમલ શરૂ કરી દીધો છે. આ લોકો માટે આ વહીવટે 'રેસીયલ ઝોન્સ' નક્કી કરી નાખ્યા છે.

આ ઉપરાંત આ રંગીન પ્રજાઓના રોજબરોજના જીવન પર આ ભેદ ઘટનાના પ્રતિબંધો જ્યાં ને ત્યાં ઘોંચાતા હોય છે. આ પ્રજાઓને માટે જેમ

અલાયદી હોટેલો તથા વિશીઓ હોય છે તેમ તેમને માટે દારૂ પીવાની સગવડ પણ સરકાર નિયુકત પ્રજારાવાળી દુકાનોએ જ હોઇ શકે છે. આ પ્રજાઓ અને ખાસ કરીને કાળાં માનવોની સ્ત્રીઓને ગોરાં કુટુંબોનાં ઘેર માંજવાની અને વાસીદાં કરવાની છૂટ છે. આ સ્ત્રીઓ દિવસભર કામ કર્યા પછી રાત્રે, ઓટલાઓ પર અથવા ગોરા મહાલયની વંડીઓમાંની ઝુંપડીઓમાં સૂઇ શકે છે પરંતુ રાતના તેમનો પુરૂષવર્ગ તેમની સાથે રહે તો તેવા પુરૂષો પર ગુનો લાગુ પડે છે. આ ભેદ ધટનાની વહીવટી હકુમતવાળી આપણી પૃથ્વી પરની કાળી માનવજાત પરના યુરોપીય સંસ્કૃતિવાળા ગોરા વહીવટમાં એકેએક નરનારી અને બાળક બાળકીઓ અથવા મૂળ વતનીઓનો બધો સમુદાય, ભંગી કોમ, ગુનેગાર કોમ, તથા જન્મસિદ્ધ અપરાધી કોમ તરીકે જ જીવી શકે છે. એમના જીવનની પળેપળે થતી હિલચાલ ગમે ત્યારે ગમે તે કાનૂનના ભંગ નીચે આવી જાય છે. એમનું અસ્તિત્વ આ ભૂમિ પરના ગોરા વહીવટ નીચે, નિર્દોષ સાબીત ન થયા કરે ત્યાં સુધી જ્યાં ને ત્યાં અને જ્યારે ને ત્યારે ગુનેગાર ગણી શકાય છે. આ ભયાનક એવી ભેદ ધટના સર્વાંગી આક્રમક ધટના છે. આ ધટનાના વહીવટી કાનૂને, આ માનવ સમુદાયના નર પ્રાણીને, 'જીમ' એવું નામ એનાયત કર્યું છે, તથા આ કાનૂનને ઘડનાર યુરોપની સામ્રાજ્યવાદી ધટનાનું ગોરી ચામડીવાળું માનવ પ્રાણી, 'જીમ' પર ગમે ત્યારે આક્રમક વ્યવહાર કરી શકે છે.

વસાહતી સરમુખત્યારી સામેનો લોક પ્રતિકાર

આખા આફ્રિકા પર હકુમત ધારણ કરીને બેઠેલું યુરોપીય સામ્રાજ્યવાદનું રૂપ સૌ ઠેકાણે સરમુખત્યારી રૂપ છે. આ સ્વરૂપે આર્થિક આક્રમણથી આરંભ કરીને, આફ્રિકાના જીવનપર સર્વાંગી એવી સરમુખત્યારશાહી સ્થાપી દીધી છે. આ સરમુખત્યાર સામ્રાજ્યવાદનું દક્ષિણ આફ્રિકાનું સ્વરૂપ વીશ લાખ જેટલા ગોરા માલીકોનું છે. આ સ્વરૂપે આજે જગતભરમાં અજોડ એવું ઇતિહાસની શરમજનક પછાતદશાનું પુરાણાજમાનાનું, કોમીરૂપ ધારણ કર્યું છે. પશ્ચિમની સામ્રાજ્યવાદી કોમે અથવા શાસક કોમે, અહીં તમામ રંગીન માનવસમુદાયો પર તેમને નીચ કોમના ગણીને તેમના પર સિતમ જેવો ભેદ વ્યવહાર શરૂ કર્યો છે. આ પછાતરૂપના સિતમચક્ર સામે આખા એશિયા અને આફ્રિકાએ અને પશ્ચિમનાં સંસ્કારી માનવોએ પોતાનો વિરોધ જાહેર કર્યો છે. આ પાશવી-ધટના સામે દક્ષિણ આફ્રિકાની રંગીન પ્રજાઓએ, સત્યાગ્રહ અને સવિનય ભંગની લડત શરૂ કરી દીધી છે.

આ રીતે ઉત્થાનયુગની ઉષ્મા એશિયા પરથી આફ્રિકાના પ્રદેશપર આવી પહોંચી છે. જગતના ઇતિહાસની હીલચાલમાંથી અને વિમુક્તિની પ્રક્રિયામાંથી

આફ્રિકાને બાકાત રાખી શકવાનાં સામ્રાજ્યવાદનાં સ્વપ્નો તૂટવા માંડ્યાં છે. આફ્રિકાને એશિયાનો અસહકારનો અને સવિનયભંગનો ક્રિયાસિદ્ધાંત દેનાર તથા "એશિયા છોડો" નો અનાહતનાદ જગવનાર ગાંધીજીએ આ દક્ષિણ આફ્રિકાની ભૂમિ પર જ એ અવાજની બારાખડી ઘૂંટી હતી. વિમુક્તિની હિલચાલના આ મૂળાક્ષરો આજે દક્ષિણ આફ્રિકાની જમીનમાંથી અંકુરો જેવા ઉગી નીકળવા માંડ્યા છે તથા, તેની સામે ડોમી એવી સામ્રાજ્યવાદી સરમુખત્યારીએ બર્બરી પાશવતાનાં રૂપવડે તેનો સામનો કરવા માંડ્યો છે. આવું દક્ષિણ આફ્રિકાની ધરતી પર આજે સંગ્રામરૂપ શરૂ થયું છે. આ પાશવતાની આગેવાન આજે દક્ષિણ આફ્રિકામાં મલાન સરકાર છે. આ સરકારે પોતાની ડોમના વીશલાખ જેટલા ગોરાઓને આફ્રિકાનાં એક કરોડ વતનીઓ પર ગોરી-



ડોમની સામ્રાજ્યવાદી જલીમઘટનાની માલીક સરમુખત્યારી તરીકે સ્થાપી દીધી છે.

વિશ્વઇતિહાસનો સંસ્કાર સંગ્રામ

એશિયા અને આફ્રિકાએ વિમુક્તિની હિલચાલના સંસ્કાર સંગ્રામને ઐતિહાસિક રીતે પોતાની જીવન ઘટનામાં જન્મ આપીને વિશ્વયુદ્ધના અંતમાં વિશ્વ ઇતિહાસમાં પ્રવેશ કર્યો. આ વિશ્વહિલચાલમાં બે પરિબળો એકબીજાના આખરી સંપર્કમાં આવેલાં દેખાયાં. આ બેમાં એક પરિબળ જગતની બાનાખરાબી કરનાર સંસ્થાનિક યુદ્ધોની પરંપરા સર્જનાર, જગતપર ભૂખમરો અને રોગચાળો જન્માવનાર, સંસ્થાનો પર સિતમ જેવી શાસન ઘટનાઓ ઘડનાર, વિમુક્તિની હિલચાલોના આગેવાનો પર માથાંઓનાં ઇનામ જાહેર કરનાર, અને શોષણ મારફત પોતાને ત્યાં વિલાસના અતિરેક જન્માવનાર યુરોપ-અમેરિકી સામ્રાજ્યવાદી ઘટના છે. બીજું પરિબળ એશિયા આફ્રિકાની વિમુક્તિની હોલચાલની ઘટના છે અને તેના સાથમાં, સામ્રાજ્યવાદી દેશોના સંસ્કારી માનવ સમુદાયો તથા લોકશાહી નાગરિકો પણ સામેલ છે.

આફ્રિકાનો પૂર્વ પ્રદેશ-કેન્યા

આફ્રિકા ખંડના પૂર્વ કિનારાઓનો પ્રદેશ ક્ષેત્રફળમાં ફ્રાન્સ કરતાં મોટો છે તથા પચાસ લાખ નીગ્રો, નેવુ હજાર હિંદીઓ અને ત્રીસ હજાર યુરોપીઅનોની વસ્તીવાળો છે. આ પ્રદેશનો ત્રણ પંચમાંશ ભાગ રણ જેવો છે અને દક્ષિણનો દરિયા કિનારાનો પ્રદેશ ખૂબ જ ફળદ્રુપ છે. એનાં બે મોટાં નગરો છે, નૈરોબી એનું પાટનગર છે અને મોંબાસા બંદરગાહ છે.

આ પ્રદેશપર વહીવટી દૃષ્ટિએ બે વિભાગ કરવામાં આવ્યા છે. એક 'પ્રોટેક્ટોરેટ' અને બીજો 'કોલોની' છે. પ્રોટેક્ટોરેટ વિભાગ દશ માઇલની પહોળાઈવાળો અને હીંદી મહાસાગરને, ટાંગાનીકાથી કાથીની અને લામુ ટાપુઓ સુધી અડેલો છે. આ કેન્યાપ્રદેશ પર અંગ્રેજી શાહીવાદનું રાજ છે. ગવર્નર અને તેની કમિટિની નિમણુક અંગ્રેજી સરકાર કરે છે. આ પરદેશીશાસનતાજ કેન્યાપર મોટી જમીનદારી પણ છે. જ્યાં લોર્ડ ડીલીમીર એકલાખ એકરનો માલીક છે, લોર્ડ ્લીમાઉથ સાડાત્રણ લાખ એકરનો જમીનમાલીક છે, એવી ત્યાંની જમીનદારશાહી છે. આ ઉપરાંત અનેક અંગ્રેજી કંપનીઓ જમીનના મોટા પ્રદેશોની માલીક છે. દા. ત. ઈસ્ટ આફ્રિકા એસ્ટેટ લીમીટેડ પાસે સાડાત્રણ લાખ એકરની જમીન માલીકી છે. ત્રીસ હજારની આ ગોરી વસાહત પાસે. પચાસલાખ કાળી માનવતાની બધી શ્રમ–પેદાશ અંગત માલીકી તરીકે કાયદેસરરીતે આવ્યા કરે છે.

આ પૂર્વપ્રદેશપરની માનવતાનો વસવાટ ફળદ્રુપ નહીં એવી જમીનોપર રાખવામાં આવ્યો છે. આવા ફરજીઆત વસવાટ માટે 'કાઉન લેન્ડ્સ ઓરડીનન્સ' નામનો વહીવટી કાનૂનનો ત્યાં અમલ થયો છે. આ કાયદા પ્રમાણે કોઇપણ કાળાં માનવો ફળદ્રુપ જમીનપ્રદેશની માલીકી ધરાવી શકતાં જ નથી. આ બધી માનવતાના પોતાના વેરાન વસવાટોમાં પેટ પૂરતું ખાવાનું મળી રહેતું નહીં હોવાથી અંગ્રેજી જમીનદારોની મજુરી કરવા તથા ઉદ્યોગોમાં કામ કરવા, કંગાળ એવા મજુરીના દરોથી આવવાની તેમને ફરજ પડે છે. આ જમીન પરનો માનવસમુદાય આ રીતે, ઘાસ અને માટીની ઝુંપડીઓમાં જીંદગી ગુજારે છે, અને કાળી મજુરી કરે છે.

આ માનવોને કોઇ રાજકીય અધિકાર નથી. કોઈપણ નીગ્રો નરનારીને પકડીને વેઠ માટે મોકલી શકાય છે. જ્યારે ઇજીપ્તની નહેરના પ્રદેશપર લશ્કરી છાવણી નાખીને પડેલી અંગ્રેજી વસાહતની મજુરી કરવાનો ઇજીપશીયન મજુરોએ ઇન્કાર કર્યો ત્યારે આ પૂર્વ પ્રદેશપરથી સંખ્યાબંધ વેઠીયાઓને પકડી લઇને આ પ્રદેશપર રવાના કરવામાં આવ્યાં હતાં.

છતાં ઈ. સ. ૧૯૨૩થી આ પૂર્વપ્રદેશપર પણ વિમુક્તિની નમ્ર હિલચાલ શરૂ થઇ ચૂકી છે. ઇ. સ. ૧૯૩૯માં મોંબાસાનાં શ્રમમાનવોએ પોતાની ભયાનક એવી કંગાલ જીવનદશા સામે સામાન્ય હડતાલ પાડી હતી. બીજા વિશ્વયુદ્ધ પછી આવી હિલચાલોના છૂટક બનાવોએ ધ્યાનપાત્ર રૂપ ધારણ કર્યું. વિમુક્તિની આ વિનમ્ર હિલચાલનું ધ્યાનપાત્રરૂપ, "કેન્યા આફ્રિકન યુનીઅન" નામનું ઇ. સ. ૧૯૪૩માં ઘડાયું. સમસ્તપૂર્વના પ્રદેશની નીગ્રો જનતાએ આ યુનીયનને પોતાનું બનાવ્યું. આખા પૂર્વપ્રદેશપર આ માનવમુક્તિના ઉત્થાનની દોરવણી કરવા આ સમુદાયમાંથી અનેક આગેવાનો ઘડાયા. આ આગેવાનોમાં જોમો કેન્યાટા, માથુ, ગીચુરૂ, ખામીસી, કોઇનાંગ, અને ઓનેકોનાં નામ આખા પ્રદેશપર ગાજી ઉઠ્યાં.

"ફેસીંગ માઉન્ટ કેન્યા"

ઉપરના નામનું પુસ્તક એણે હમણાં જ પ્રગટ કર્યું હતું. આ પુસ્તકનો લખનાર, જોમો કેન્યાટા, "કેન્યા આફ્રિકન યુનીઅનનો" પ્રમુખ છે. આજે એ અંગ્રેજી કારગારમાં જકડાઈ ગયો હોવા છતાં, વિમુક્તિની ધમણ જેવો, લોક-જીવનમાં એનો પ્રાણ ધીખે છે. આજે છેલ્લાં ચાર વરસમાં જ પચાસ લાખની વસ્તીમાંથી હજારોને ગીરફતાર થયા છતાં, તથા સેંકડોને વિંધી નાખ્યા, પછી પણ, અંગ્રેજી હકુમતે જેમને અનેક જબાનાઓથી નીગ્રો રીઝર્વમાં જકડી રાખ્યાં હતાં તે માનવો આજે ઉત્થાનનો યાતનામાં છવાઈ જતા છતાં, વિમુક્તિના નિરધારને પોતાની જીંદગી સાથે વણી લે છે. આ વણાટને જ જેણે પોતાનું જીવન દઈ દીધું છે તે લોકનેતાનું નામ જોમો કેન્યાટા છે.

"ફેસીંગ માઉન્ટ કેન્યા" પરની જમીનપર અનેક ઝુંપડાઓનો આશ્રમ જમાવીને એ ઇ. સ. ૧૯૪૪થી આ ધરતી પર બેઠો હતો.

જોમોકેન્યાટાની સંસ્કાર હિલચાલ

કીકુયુ નામના આફ્રિકન સમુદાયમાં એનો જન્મ થયો. એણે પોતાના પ્રદેશ પરની ગુલામ દશા પર હકુમત ધરાવતી ગોરી પ્રજાઓના દેશો દેખ્યા છે. ત્યાં જ એણે આ પ્રજાઓનાં દર્શન કર્યા પછી પોતાની મા-ભોમ પરની આ પરદેશી હકુમતી ઘટનાને દૂર કરવાનો નિરધાર ઘડયો છે. પછી ઇ. સ. ૧૯૪૦ માં એણે આ નીરધારનો આકાર ઘડવા માઉન્ટ કેન્યાની સામેના પ્રદેશ પર, કીકુયુ માનવોના વસવાટ પર પોતાનો મુક્તિ પ્રયોગ શરૂ કર્યો. આ પ્રયોગની રંગભૂમિ પર એક નટ જેવો, મોટી વિશાળ આંખોની રતાશ ચમકાવતો, સોનેરી રીસ્ટ વોચ પહેરેલો, વિશાળ કદનો હાથી જેવડો આ પૂર્વ આફ્રિકન

માનવ આખરી નીરવારના પગ દંડા જેવો ઉભો. એને કોઇએ પૂછ્યું હતું કે "માઉ માઉ શું છે?" ત્યારે ધીર ગંભીર નજરમાં યાતનાની એકતાનતા ઠાલવતો એ કહેતો હતો, "એવું કંઈજ નથી આ ધરતી પર...એ તો જે અહીં છે તે, "કાઉ"ને (K-A-U) ગરદન મારવાની તરકીબ રચીને અંગ્રેજી શાસને બહારના જગતને ભડકાવી મૂકવાનો એક મિથ્યાશબ્દ રચ્યો છે. એ મિથ્યા શબ્દનું જુઠાણું જતુ રહેશે અને "કાઉ" અમર જીવશે."

"શું છે, આ (K-A-U) કાઉ?"

"આ ધરતીમાંથી ઉગેલું આ ધરતીની જનેતાનાં ધાવણ ચૂમતું એ અમારૂં સંગઠન રૂપ છે. એનું આખું નામ "કેન્યા આફ્રિકન યુનીયન છે."

કેન્યા આફ્રિકન યુનીયનના પ્રમુખ જોમો કેન્યાટાએ આફ્રિકાની પૂર્વ ધરતી પર વિમુક્તિની સંસ્કાર હિલચાલ શરૂ કરી. આ હિલચાલ પર વિમુક્તિનો પાયો રચવા એણે "કેન્યા ટીચર્સ કોલેજ"ની સ્થાપના કરી. આ વિદ્યાપીઠનો પોતે પ્રમુખ અથવા કુલપતિ બન્યો. આ કુલપતીએ, પૂર્વ આફ્રિકા પર રાષ્ટ્રિય શાળાઓની રચના કરી. આ પ્રમુખની શિક્ષણ સમિતિઓએ શિક્ષણનો નૂતન અભ્યાસ ક્રમ ધારણ કર્યો તથા, આફ્રિકાની વિમુક્તિને સંસ્કારના આ પાયા પર ગોઠવી.

આ શિક્ષણનું રૂપ લોક વ્યવહારના શિક્ષણનું પણ બન્યું. શિક્ષણની આ ક્રાન્તિએ કીઆંબુ પ્રદેશ પર નવી જાતની ખેતીનો કાર્યક્રમ અપનાવ્યો. શિક્ષણ અને લોક વ્યવહારનું વૈજ્ઞાનિક રૂપ ઘડનાર આ સંસ્કાર સ્વામીની રાહબરી નીચે વિમુક્તિનું હવામાન રચાવા માંડ્યું. શિક્ષણના સંસ્કારે નવી માનવતાની રાહબરી નીચે નવાં ખેતરોનું સરજન કર્યું. આ નવા ખેતરોનું ખેાપું કરતા, ઉત્તરમાં ઉભેલા માઉન્ટ કેન્યા તથા ટાંગાનીકાની ભૂરી પર્વતમાળ દક્ષિણનાં મેદાનો સુધી નૂતન ઉત્થાનની ઉષ્મા ધારણ કરતી દેખાય છે. આ બધાં ઉત્થાનનું કેન્દ્ર પેલી શિક્ષક તાલીમની વિદ્યાપીઠ બની છે. આ વિદ્યાપીઠે, એક હજાર વિદ્યાર્થીઓ રહી શકે અને ભણી શકે તેવી ઝુંપડીઓની જમાવટવાળી નૂતન શાળાઓની ત્યાંજ રચના કરી. એક હજાર વિદ્યાર્થીઓને વિમુક્તિનું અધ્યયન કરાવતો કુલપતી, જોમો કેન્યાટા પૂર્વ આફ્રિકાના માનવ સમુદાયનો કુલપતિ બન્યો. ત્યાર પછી આ કુલપતિએ સંસ્કાર વિતરણના આ પાયા પરથી, કેન્યા આફ્રિકા યુનીયનની રચના કરી અને પોતે જ આ વિશાળ લોક સમુદાયની સંસ્થાના પ્રમુખપદની જવાબદારી ધારણ કરી. પૂર્વ આફ્રિકા પર સંસ્કાર વિતરણનું રૂપ વિમુક્તિની હિલચાલનું બન્યું. એ હિલચાલમાં હજારો યુવાનો કેદ પકડાયાં. આજે જોમો કેન્યાટા પણ અંગ્રેજી કારાગારમાં જીવે છે.

ઉત્તર આફ્રિકાનો વિમુક્ત રાષ્ટ્ર, મોરક્કો

ઉત્તર આફ્રિકા પર અનેક યુદ્ધો જીતનાર મુસા-ઇબ્ન ઝુબીર, દામસ્કસના ખલીફાનો, વિજયી સામંત હતો. આ સામંતનો એક પ્રતિનિધી સરદાર મોરોક્કોની બરબર જાતીનો ઇસ્લામિક અનુયાયી, તારીક નામનો હતો, આ તારીક ઇ, સ. ૭૧૧ના એપ્રિલની ૨૮ મીએ ઉત્તર આફ્રિકા અને યુરોપ વચ્ચેના એક દરિયાઈ પટી પરના એક ખડક પર ઉતરી પડ્યો હતો. આ ખડક પર ઇસ્લામની સંસ્કૃતિના વિજય ઝંડાને રોપનાર આ જબાલ તારીકના નામ પરથી ખડકનું નામ જબ્બાલતારીક અથવા જીબ્રાલ્ટર પડ્યું.

આ, તારીક, મોરોક્કોની બરબર જાતિની ઇસ્લામ સેના લઇને મોરોક્કો પરથી સ્પેઇનપર, ત્યાંના પછાત લોકોને સંસ્કૃતિનો પાઠ સમશેરથી ભણાવવા આક્રમણ કર્યું. દક્ષિણ સ્પેઇનમાં પ્રગતિશીલ બરબર સેનાનો વિજય થયો અને સ્પેઇનની ધરતી પર, ઈ, સ. ૭૧૧ના જુલાઇમાં સંસ્કૃતિનો ઝંડો રોપાયો. સાતસો વરસ સુધી આ સ્પેનીશ ધરતી પર શાસન કરીને ઇસ્લામે, સ્પેઇન અને ફ્રાંસને સંસ્કૃતિના જીવતરના પદાર્થ પાઠ શિખવ્યા હતા.

એજ એ મોરોક્કો પ્રદેશ બ્રિટનથી બમણો મોટો છે, અને ભૂમધ્યના ખડકોના સીધા કિનારાવાળો પ્રાચીન રાષ્ટ્ર છે. આ રાષ્ટ્ર મધ્ય એટલાસ પર્વતમાળની સીમાદોરી આગળ એલજીરીયાથી જૂદો પડે છે. ત્યાં દક્ષિણમાં એટલાસની વર્વતમાળ આ પ્રદેશને સહારાના ગરમ ઝંઝાવાતમાંથી બચાવે છે. આરબ અને બરબર જાતિના લોકનું આ વતન છે તથા ભૂમધ્ય મહાસાગર પર પણ આ પ્રદેશનો ફળદ્રુપ કિનારો છે.

પણ આફ્રિકન ખંડના આ ઉત્તર દ્વાર પર ઉભેલા પ્રદેશ પર ઔદ્યોગિક ક્રાન્તિના યુરોપનાં શાહીવાદી રાષ્ટ્રોનો ધસારો આવ્યો. આ પ્રદેશ પર હકુમત સ્થાપવાની શાહીવાદી હરીફાઇના આક્રમણ નીચે એનું પતન થયું અને ત્રણ ટુકડા કરીને આ એક રાષ્ટ્રને યુરોપના શાહીવાદોએ વહેંચી લીધો. દશ લાખની વસ્તીવાળો સૌથી મોટો ટુકડો સ્પેનીશ સામ્રાજ્યે પડાવ્યો અને તે સ્પેનીશ મોરોક્કો કહેવાયો. નવ લાખની વસ્તીવાળો વિભાગ ફ્રેંચ શાહીવાદે પોતાના સામ્રાજ્યમાં ઉમેરી લીધો અને તે ફ્રેંચ મોરોક્કો કહેવાયો. દોઢ લાખની વસ્તીવાળો મોરોક્કોનો ત્રીજો ટુકડો, શાહીવાદી યુરોપે ભેગા મળીને સંભાળ્યો અને તેનું નામ ઇન્ટરનેશનલ ઝોન ઓફ ટેનજીઅર પડ્યું.

આ શાહીવાદી ઘટનાઓ જન્માવેલાં બે વિશ્વયુદ્ધો પછી ફ્રેંચ શાહીવાદના સાથમાં ત્યાં અમેરિકન શાહીવાદ પણ આવી પહોંચ્યો, અને આ ભૂમિ પર,

સીસાની, જસતની અને તેલની પેદાશ પર સર્વ હક્ક સ્વાધીન કરીને આ આર્થિક શાહીવાદની ઔદ્યોગિક કંપનીઓએ હકુમત સ્થાપી. આ શાહીવાદે, કાસાબ્લાંકા, આગાદીહ અને કયુટા પર પોતાનાં વિમાની અને નૌકા મથકો બાંધ્યાં.

પરંતુ બીજા વિશ્વયુદ્ધ પહેલાં જ આ પ્રજાએ પોતાની વિમુક્તિની હિલચાલ આરંભી દીધી હતી. અબદુલ કરીમની આગેવાની નીચે, આ પ્રજાએ ઈ. સ. ૧૯૨૦માં માંડેલો, સ્વાતંત્ર્ય સંગ્રામ આખા મોરોક્કોના હવામાન પર વિમુક્તિના આંદલનો ફેલાવી દેતો હતો. પછી બીજા વિશ્વયુદ્ધ પછીના વિમુક્તિની હિલચાલના એક પછી બીજા જુવાળો, ફ્રેંચ શાહીવાદની લશ્કરી દિવાલો પર પછડાતા રહ્યા. આ હિલચાલોએ મોરોક્કોના, શાહીવાદી હકુમતોએ પાડેલા ભાગને ભુંસી નાખ્યા. ફ્રેંચ અને સ્પેનીશ હકુમતની સીમાદોરી પર એક વિમુક્તિની હિલચાલની એકતા સ્થપાઈ ચૂકી. આ હિલચાલની એકતાને લીધે ફ્રેંચશાહીવાદને મોરોક્કોને આઝાદી આપવાની ફરજ પડી. સ્પેઇનિ પરની ફ્રાંકો સરમુખત્યારીવાળી ફાસીવાદી સરકારને પણ પોતાના વિભાગમાં આઝાદી જાહેર કરવાની એથી ફરજ પડી. આ રીતે, ઉત્તર આફ્રિકા પર; પશ્ચિમ કિનારે, ઇ. સ. ૧૯૫૪માં આફ્રિકાના ઉત્તર પ્રદેશના કમાડ પર વિમુક્તિનો નૂતન ઝંડો ફરકી ઊઠ્યો. મોરોક્કોની વિમુક્ત માનવતાની ચૂંટેલી, આઝાદ સરકારે પોતાની આઝાદીનું બંધારણ રચીને પોતાનો રાજવહીવટ સંભાળ્યો.

ઉત્તર આફ્રિકા પર, પશ્ચિમ કિનારે, ટ્યુનીસીયા

આ પ્રદેશના કિનારા પર ઈ. સ. ના સોળમાં સૈકામા ફ્રાન્સ અને પોર્ટુગાલ બંનેએ પોતાનો પગરવ શરૂ કર્યો. ઇ. સ. ૧૮૨૭ માં ફ્રાન્સે આ પ્રદેશ પર ત્રણ વરસ સુધી દરિયાઇ ઘેરો ઘાલ્યા પછી એકસોને ત્રણ યુદ્ધ જહાજોને આ ઉત્તર આફ્રિકાના ઉત્તર ઉંબર પ્રદેશને જીતી લેવા રવાના કર્યાં. આ પ્રદેશ પર સાડત્રીસ હજાર ફ્રેંચ સૈનિકોએ ભયંકર આક્રમણ કર્યું. ત્યારપછી આ ફ્રેંચ સરકારે એલજીરીયા નામના પોતાના સંસ્થાનમાં અંગ્રેજી શાહીવાદ, કંઈ પગ પેસારો ન કરે તે માટે ઇજીપ્તની ભૂમિ પર આક્રમણ કરવા માટે એણે અંગ્રેજી સરકારને 'લાઇન ક્લીઅર' ઈ. સ. ૧૯૦૪માં આપી દીધી, અને પોતે, એલજીરીયા સાથેનો ટ્યુનીસીયા નામના ઉત્તર આફ્રિકાનો પ્રદેશ પર પોતાની નાગચૂડ ભરાવી દેવાની બાજી શરૂ કરી. તે અરસામાં ટ્યુનીસીઆ પરનો આક્રમક હક ઇટાલીએ ૧૮૬૨થી નોંધાવી દીધો હતો! એટલા માટે તો ઇટાલીએ ટ્યુનીસથી બંધાયલી અંગ્રેજી રેલ્વે પણ ખરીદી લીધી હતી. પણ અંગ્રેજી શાહીવાદે ફ્રેંચશાહીવાદ સાથે, બિસ્માર્ક જેવા ધુરંધર રાજપુરૂષની સાક્ષીમાં, ફ્રેંચ પરદેશ

મંત્રી સાથે ખાનગી કરાર કરી નાખ્યા હતા. આ ખાનગી કરાર એ હતા કે ફ્રેંચ સરકારે જ ટ્યુનીસીયા પર કબ્જો કરી લેવો અને બદલામાં સાયપ્રસ ટાપુ પર અંગ્રેજી શાહીવાદે કબ્જો કરી લેવો.

આ કરાર પ્રમાણે ફ્રેંચ આક્રમણ ટ્યુનીસીયાને સર કરવા ઈ. સ. ૧૮૮૧માં નીકળ્યું. ઈ. સ. ૧૮૮૩ માં ટ્યુનીસીયા ફ્રાન્સનો પ્રોટેક્ટોરેટ બન્યો, અને એલજીરીયામાં જેમ ફ્રાંસનો ગવર્નર જનરલ નિમાયો હતો તેમ ટ્યુનીસીયા પર રાજ ચલાવવા માટે ફ્રાન્સે એક ગવર્નર જનરલ મોકલી આપ્યો.

આથી આલ્પસ પર્વત માળની દક્ષિણ દિશાના ઇટાલી દેશમાં ફ્રાન્સની સામે ઈ. સ. ૧૮૮૧ માં ગુસ્સાનું વાતાવરણ જામી ગયું. આ ગુસ્સામાંને ગુસ્સામાં ઇટાલીએ આસાબ નામના ઇરીટ્રીયન પ્રદેશના આફ્રિકાના બંદર પર આક્રમણ કર્યું અને તેના પર પોતાનો વાવટો ફરકાવી દીધો. આ રીતે લાલ સમુદ્ર પર એણે ઇરીટ્રીયાનો કબ્જો લીધો તથા પછી તરત જ લાલ સાગરના પશ્ચિમ કિનારા પર માસાવા બંદર પર પણ પોતાનો ઝંડો ફરકાવી દીધો, અને હુંકાર કર્યો કે, એબિસીનીયાના આખા પ્રદેશ પર આક્રમણ કરવાનો પવિત્ર અધિકાર હવે ઇટાલીને પ્રાપ્ત થાય છે.

બે વિશ્વયુદ્ધો વીતી ગયા પછી

આ વાતને હવે બે વિશ્વયુદ્ધોના માનવ સંહારક જમાના વહી ગયા હતા. બબ્બે વિશ્વયુદ્ધોની ભેટ આપીને આફ્રિકા ખંડની ભૂમિ પર ચિટકી રહેવાનો ફ્રેંચ શાહીવાદનો નિરધાર અંગ્રેજી અને અમરિકી શાહીવાદના સાથમાં જાહેર થઈ ગયો હતો. આ જાહેરાતે આત્મનિર્ણયના રાષ્ટ્રસંઘે સ્વીકારેલા તમામ રાષ્ટ્રોના અધિકાર પર અટ્ટહાસ્ય કરીને જાહેર કર્યું કે, "પણ ટ્યુનીસીયા તો ફ્રાન્સની જ ભૂમિનો એક વિભાગ છે. બીજા વિશ્વયુદ્ધની સંહાર ઘટના પછી જગતમાં આવેલી વિમુક્તિની હિલચાલમાં ઉત્તર આફ્રિકાનાં કમાડ પર ઉભેલા ટ્યુનીસીયાએ ઇતિહાસ અને ભૂગોળનો ઉપહાસ કરનારી ફ્રેંચ શાહીવાદી જાહેરાતનો પ્રતિકાર વિમુક્તિની હિલચાલનો આકાર ધારણ કરીને આપવા માંડ્યો. આ હિલચાલના જવાબમાં ફ્રેંચ—અંગ્રેજ—અમરિકી, શાહીવાદે રચેલી નાટો નામની લશ્કરી સંસ્થાના આક્રમક લશ્કરવાદના અંગ તરીકે ફ્રાન્સે, ટ્યુનીસીયા પર સંહાર શરૂ કર્યો.

પરંતુ આખરે, ટ્યુનીસીયા અને મોરોક્કોને આઝાદી આપીને ફ્રેંચ શાહીવાદને તે પ્રદેશો પરથી મૂકામ ઉઠાવી લેવાની ફરજ પડી.

ટ્યુનીસીયા પછી એલજીરીયા

આફ્રિકાની ભૂમિ પર ફ્રેંચ શાહીવાદે તરાપ મારીને જે સૌથી મોટો પ્રદેશ પડાવી લીધો હતો. તેનું નામ એલજીરીયા છે. આ એલજીરીયા જ્યાં પૂરો થાય છે ત્યાં સહારાનો રણ પ્રદેશ શરૂ થાય છે. આ રણ પ્રદેશ દક્ષિણ પ્રદેશ કહેવાય છે, અને સહરા ઉપરનો ઉત્તર પ્રદેશ, એલજીરીયા છે. એનું ક્ષેત્રફળ ૬૪૩,૫૦૦ ચોરસ માઇલનું છે. આ ક્ષેત્રફળ, ફ્રાન્સ, ઇટાલી અને સ્કોટલેન્ડ ભેગા થાય તેટલું મોટું છે. ફ્રાંસ દેશથી દૂર પડેલો, આફ્રિકા ખંડનો આ ઉત્તર પ્રદેશ ફ્રાન્સદેશને પોતાની બગલમાં છૂપાવી દઇ શકે તેટલો મોટો છે.

આફ્રિકાની અગ્નિ પરિક્ષા, એલજીરીયા.

આફ્રિકાખંડના પશ્ચિમના દરિયા કિનારા પર ધનદોલતના ભંડારોવાળો ફળદ્રુપ પ્રદેશ એલજીરીયા, આજથી એકસો વીશ વરસ પર સ્વતંત્ર હતો. આ પ્રદેશના ડાબે પડખે મોરક્કો દેશ સ્વતંત્ર હતો. અને જમણે ટ્યુનીસીયા હતો. આ બંને આફ્રિકન બાંધવ દેશોની વચ્ચે એલજીરીયાનો પ્રદેશ મહા સાગરને પેલે પાર સાગરની પાછળથી દેખાતો હતો ત્યાંથીજ પછી ફ્રાન્સદેશમાંથી એકવાર ત્યાંના, મહારાજા ચાર્લ્સ દશમાનો સંદેશો સંભળાતો હતો. આ સંદેશો એ હતો કે અમુક વરસો ઉપર, એલજીરીયાના રાજાએ ફ્રાન્સના એક એમ્બેસેડરને પંખા વડે લપડાક લગાવી હતી.



હવે આટલા વરસે ફ્રાન્સના મહારાજા, ત્યારે થએલા અપમાનનું વેર વાળવા એલજીરીયા પર આક્રમણ કરવા માગતા હતા.

ઈ. સ. ૧૮૩૦ માં એલીજીરીયાના કાંઠા પર ફ્રેંચશાહીવાદનો આક્રમક કાફલો લંગરાયો. એલજીરીયાનાં માનવો, આઝાદી ખાતર સત્તર વરસ સુધી લડ્યાં અને પરાજય પામ્યાં. ઈ. સ. ૧૮૪૭ માં એલજીરીયા ફ્રેંચ અધિકાર નીચે આવી ગયો, અને આ પ્રદેશ પર ફ્રેંચ સામ્રાજ્યનો ઝંડો રોપાયો. આખા પ્રદેશ પર એલજીરીયન ધરતીનું શોષણ શરૂ થઇ ગયું. આખા એલજીરીયાની જમીનની અંદરથી ધાતુઓની બધી દોલત ફ્રેંચ શાહીવાદની માલકીની બની ગઈ અને ઉલેચાવા માંડી. આખા એલજીરીયા પરની બધી ફળદ્રુપ જમીનપર ફ્રાન્સ દેશમાંથી દશલાખની સંખ્યાવાળી ફ્રેંચ ગોરી વસાહતને પ્રદેશપર વસાવવામાં આવી તથા, આ વસાહત આ ધરતીપરનાં હંમેશનાં રાજન્યોનો વર્ગ બનીને રહેવા માંડ્યો.

પણ જોતજોતામાં તો એક સો વરસનાં વહાણાં વાઇ ગયાં. એકસો વરસમાં યુરોપના શાહીવાદોએ બે વિશ્વયુધ્ધોનો સંહાર આ પૃથ્વીપર ઊતારી દીધો. આ સંહારમાંથી પસાર થઈને શાહીવાદી કમઠાણ ઢીલું થઇ ગયું અને તેમની એશિયા અને આફ્રિકાની ગુલામ પ્રજાઓ બળવત્તર બનીને આઝાદીની અસ્મિતાને ધારણ કરીને, વિમુક્તિની હિલચાલની રચના કરીને, પોતપોતાની ભૂમિપર, પગભર થઈને ઉઠી. આ પ્રજાઓએ પોતપોતાના પ્રદેશપરના શાહીવાદી અધિકારોને આખરીનામાં આપ્યાં. એલજીરીયાએ પણ એવીજ માગણીની રણહાક ગજવીને ફ્રેંચ શાહીવાદી સરકારના, સામ્રાજવાદી વડા પ્રધાનને પડકાર કર્યો. બરાબર એકસો વરસ પછી, આઝાદીની લડતમાં પુનરૂત્થાન પામતી ઈ. સ. ૧૯૪૭ સુધીમાં, એલજીરીયાની ધરતી, નૂતન પ્રાણથી ધમધમી ઉઠી.

બરાબર આજ અરસામાં, ટ્યુનીસીયા અને મોરોક્કોએ તથા ઇન્ડોચીને પણ ફ્રેંચશાહીવાદ સામે વિમુક્તિની હિલચાલ આરંભી. મોરોક્કો અને ટ્યુનીસીયામાંથી ફ્રેંચ શાહીવાદ પરાજય પામીને પાછો હટ્યો. ઇન્ડો-ચીનમાં પણ જીવ સટોસટની લડાઇ કરીને, ફ્રેંચ શાહીવાદનાં લશ્કરોને પરાજય પમાડીને, ભગાડવામાં આવ્યાં. પરન્તુ અમેરિકન શાહીવાદ ઇન્ડો ચીન પરના અરધા પ્રદેશ પર ફ્રેંચ શાહીવાદને ટકાવી રાખવા પૂરતો સફળ નિવડ્યો. યુરોપના શાહીવાદોની ઘટનાના આગેવાન, અમેરિકન શાહીવાદે રચેલી શાહીવાદી લશ્કરી જૂથની નાટો નામની લશ્કરી રચનાએ એલજીરીયાપર મહાસંહાર રચવાની તાકાત ફ્રેંચ શાહીવાદના હાથમાં મૂકી દીધી. ફ્રેંચ શાહીવાદે ચાર લાખનું ફ્રેંચ લશ્કર અમેરિકન શસ્ત્રસાજથી સજીને એલજીરીયાપર ઉતાર્યું.

પોતાની પર્વતમાળામાં ભરાઈને, કુદરતના વનવાસના વેરાનનો સ્વીકાર કરીને, મા-ભોમની વિમુક્તિ માટે લડનારાં પંદર હજાર એલજીરીયનોની આઝાદીનાં લડવૈયાંની લોકફૌજ ફ્રેંચ શાહીવાદની લશ્કરી તાકાત સામે અને અમેરિકન શાહીવાદના શસ્ત્રસાજ સામે મુકાબલો કરવા નીકળી ત્યારે ઈ. સ. ૧૯૪૭ની સાલ હતી. દશ વરસથી એલજીરીયાએ માંડેલા મુક્તિ સંગ્રામ નીચે, એંશી લાખ આરબ વતનીઓનાં પંદર હજાર દિકરાદિકરીઓએ પેટાવેલાં વિમુક્તિની જ્યોત આજ પર્યંત લડતી રહી છે. દશ વરસના અરસામાં આ વિમુક્તિના સંગ્રામમાં ભરવસ્તીમાંથી ઉઠાવી લઈને, હજારો, નરનારીઓ અને યુવાન યુવતિઓને વિંધી નાખવામાં આવ્યાં છે. આ પ્રદેશ પરનાં સેંકડો ગામોને સળગાવી મૂકવામાં આવ્યાં છે. અસંખ્ય માનવોને તેમની આ માતૃભૂમિ પરથી તારાજ કરી નાખવામાં આવ્યાં છે. છતાં, એંશીલાખ આરબ માનવોનાં દિકરાદિકરીઓની વિમુક્તિનાં જ્યોત, દશદશ વરસની યાતનાઓ અને સર્વ સંહારની અગ્નિપરિક્ષાઓ વટાવીને, આજે પણ, ઈ. સ. ૧૯૫૭ના માર્ચ મહિનામાં સળગતી રહી છે તથા જગતભરમાં, વિશ્વઇતિહાસની જીવતી મશાલ બનીને, વિશ્વશાંતિનું આવાહન કરતી, વિશ્વ-વિગ્રહની શાહીવાદી કાર્યવાહીના રસ્તા વચ્ચે, યુરોપના અંધકારમય શાહીવાદી જગતને ડારતી અણનમ ઉભી છે.

ત્યારે સંયુકત રાષ્ટ્રસંઘ શું કરે છે ?

સંયુકત રાષ્ટ્રસંઘમાં, અંગ્રેજ-ફ્રેંચ શાહીવાદ અને અમેરિકન શાહીવાદ મહાન પાંચ સત્તાઓ પૈકીની ત્રણ મોવાતા સરકારો છે. ચોથી મોવાતા સત્તા અને મહાન સત્તા, રાષ્ટ્રચીન, નામની ફોર્મોસા નામના ટાપુમાં બેઠેલી, અમેરિકન શાહીવાદે ખપ કરીને સાચવી રાખેલી, મહાન ચીન દેશના બદલામાં, રાષ્ટ્રસંઘમાં મહાન તરીકે બેસાડી રાખેલી, ચાંગ-કાઈ-શેક નામના ચીની દેશ દ્રોહીની સરકાર સભ્ય છે. પાંચ મહા સત્તાઓ જેની પાસે વેટોપાવર છે તેમાંની આ ચાર મહાસત્તાઓ ઉપર ગણાવેલી તે છે. એટલે ઈ. સ. ૧૯૫૬માં એલજીરીયાનો સવાલ સંયુકત રાષ્ટ્રસંઘમાં ચર્ચા માટે આવ્યો ખરો, પરંતુ, 'પોતાના આ ઘર અંદરના' સવાલને જાહેરમાં મૂકવા માટે છંછેડાઈ ઉઠીને મહાન એવા ફ્રેંચ સભ્યે 'વોકઆઉટ' કર્યો. પછી આ વોકઆઉટ કરી ગએલા સભ્યને પાછો લાવવા, તેને રિઝવવા માટે, એલજીરીયાના સવાલને સંયુકત રાષ્ટ્રસંઘે કાઢી નાખ્યો. એટલે ફ્રેંચ સભ્યે પાછો પ્રવેશ કર્યો.

વીશમા સૈકાના જગતમાં એશિયાનો આંધવખંડ-આફ્રિકા

આફ્રિકા નામના અંધારામાં રહેલા અને અજ્ઞાત રહેલા આ પૃથ્વીપરના એક વિશાળખંડને શોધી કઢાયાને સૈકાઓ પસાર થઈ ગયા, છતાં આજ

સુધી આ ખંડની આસપાસ તે ખંડના ટુકડે ટુકડા કરીને દરેક પર યુરોપની એક કે બીજી શાહીવાદી સરકારે પોતપોતાનું સામ્રાજ્ય કોતરી કાઢયા પછી, પોતાના દરેક ટુકડાને અથવા પરાધીન પ્રદેશને તેની આસપાસ નાકાબંધીના પ્રતિબંધોના સ્વરૂપવાળી દિવાલો ચણી દઈને જગતને આ ખંડથી આજસુધી અણજાણ રાખ્યું, તથા આ ખંડના દેશોને જગત સાથે સંબંધમાં આવવા દીધા નથી. આ રીતે આ સામ્રાજ્યવાદી યુરોપીય ઘટનાએ આ ખંડના પ્રદેશોનું પોતાને મન ફાવે તેમ શોષણ કર્યા કર્યું.

પરન્તુ આજે, એકમેકને અડીને ઉભેલા, એકજ જાતની યાતનાઓના અનુભવવાળા, તથા ગુલામીનાં પિંડાનોમાંથી પસાર થએલા, એશિયા અને આફ્રિકા નામના બે ખંડો પોતાની ભૌગોલિક આર્થિક, રાજકીય અને નૈતિક સમીપતા પિછાણવા માંડયા છે. આજે ભારત દેશના માનવ સમુદાયોને ભુગોળનું ભાન પહેલીવાર થાય છે, કે આફ્રિકા ખંડ આપણા હિંદી મહાસાગરના રાષ્ટ્ર મંડળ સાથે ખભે ખભો અડાડીને ઉભો રહેલો, ભારત ભૂમિનો બાંધવખંડ છે. આજે આ બંને ખંડો આવતી કાલનો ઉજ્વળ ઇતિહાસ રચવા માટે વિમુક્તિની હિલચાલનો આંતરરાષ્ટ્રિય ઐતિહાસિક કાર્યક્રમ ધારણ કરે છે. આ કાર્યક્રમમાં આખા એશિયા ખંડનો ભેરૂબાંધવ આફ્રિકાખંડ છે. આ ખંડ, એશિયાનો ભૌગોલિક રીતે, પડોશી છે એટલું જ નહીં પરન્તુ જીવતની સંસ્કાર હિલચાલ ની પ્રગતી માટે એજ પડોશી અને ભેરૂબંધ ખંડ એશિયાનો સાચો સહોદર છે. એશિયા આફ્રિકાને આજ સુધી ગુલામીમાં જકડી રાખનારા યુરોપના શાહીવાદો તથા એશિયા આફ્રિકાની વિમુક્તિની હિલચાલોને કચડી નાખીને, આ બન્ને ખંડો પર અમેરિકન સામ્રાજ્યની નવી રચના કરવા નીકળી ચૂકેલો અમેરિકન શાહીવાદ આજે વિશ્વઇતિહાસમાં આરંભાઇ ચૂકેલી એક વિશ્વની સંસ્કાર ઘટ નામાં ફાળો આપી શકે તેમ નથી. પરન્તુ એશિયા અને આફ્રિકાના વિરાટ માનવ સમુદાયોનું સહકારી, સહચારી જોડાણ જ આવતી કાલના વિશ્વઇતિહાસ નું નૂતન સંસ્કૃતિની રચનાના પ્રકરણનું નિરમાણ કરી શકે તેમ છે. આ પ્રકરણ બીજા વિશ્વયુદ્ધ પછી શરૂ થઈ ચૂકયું છે. આ પ્રકરણ પર આલેખાતો વિશ્વ ઇતિહાસની વ્યવહારની પ્રક્રિયાનો કાર્યક્રમ અને તેના બનાવો જગતના ઇતિહાસમાં પ્રથમ પંકિતની અગત્યતા ધારણ કરીને આજે આલેખાવા માંડયા છે.


મધ્ય પૂર્વની ભુગોળ—મધ્ય પુર્વનો પહેલો દેશ, ઈજીપ્ત—મધ્ય પુર્વની મુંઝવણ, ઈઝરાઇલ—મધ્ય પુર્વનું શાહીવાદી બગદાદ જૂથ અને આરબ વિમુકિતનો સવાલ—ઇરાનનો ઇતિહાસ—બગદાદ કરારનો પ્રદેશ, ઈરાક—નાનો સરખો, જોર્ડન—અંગ્રેજી સામ્રાજ્યનું સીમા મથક, સાયપ્રસ—મધ્યપુર્વનો પુરાણો શાહીવાદી દોરીસંચાર ટરકી—ટરકીથી ઇઝરાઇલ સુધી—સાઉદી અરબસ્તાન—વહાબી-હિલચાલ સાઉદ અરેબીયાનું રાજકારણ-લેબેનોનનો ઈતિહાસ—આરબ વિમુકિતનો ચોકીદાર—આરબ વિમુકિતના બે બાંધવ રાષ્ટ્રો, સીરીયા અને ઈજીપ્ત.]

મધ્યપુર્વ એટલે કયા પ્રદેશો ?

દક્ષિણ એશિયા અને પૂર્વ એશિયાના પ્રદેશો પર યુરોપનું શાહીવાદી આક્રમણ સત્તરમા સૈકાથી શરુ થયું તથા ઓગણીસમા સૈકા સુધીમાં આ પ્રદેશો શાહીવાદના પરાધીન પ્રદેશો બની ગયા. પછી ઓગણીસમા સૈકાના પાછલા સમયમાં આફ્રિકાખંડ પર આવેલાં આક્રમણો નીચે જોતજોતામાં આખો ખંડ ટુકડે ટુકડા બની જઈને યુરોપની ગુલામી નીચે જકડાઇ ગયો.

પછી વીશમા સૈકામાં શાહીવાદી આક્રમણનું નિશાન મધ્ય પૂર્વના પ્રદેશો બન્યા. ટરકીશ સામ્રાજ્યના પતન પછી અને પહેલા વિશ્વયુદ્ધના આગમથી આ પ્રદેશો પર યુરોપની શાહીવાદી હકુમત સ્થપાવા માંડી. એજ સમયમાં એ શાહીવાદી હકુમતે આ પ્રદેશોનું નામ મધ્યપૂર્વ પાડ્યું.

આ પહેલાં એશિઆ માઇનોરના ભૂમધ્યપર પથરાયેલા આ પ્રદેશો 'લેવન્ટ'ના નામથી તથા બાલ્કન પ્રદેશો સાથેના સમીપપૂર્વના પ્રદેશો તરીકે ઓળખાતા હતા, અને મધ્ય પૂર્વનું નામ ઇરાન ટ્રાન્સકોકેશિયા, અફઘાનિસ્તાન, તુર્કસ્તાન, સીકીયાંગ અને તિબેટ માટે વપરાતું હતું. પણ પછીથી શાહીવાદી રચનાએ ભૂમધ્યના પૂર્વ કિનારાના પ્રદેશોથી શરૂ કરીને અફઘાનિસ્તાનની સરહદો સુધીના પ્રદેશોનું નામ મધ્યપૂર્વ પાડ્યું. આ પ્રદેશો પર શાહીવાદી આક્રમણના અનેક તરીકાઓ, તથા આ પ્રદેશો પર પકડ જમાવવાનાં રાજકારણ શરૂ થઇ ગયાં. સુએઝકેનાલના બાંધકામ પછી આ આક્રમણનો આરંભ અંગ્રેજી શાહીવાદે ઇજીપ્તમાં ઇ. સ. ૧૮૮૨માં એલેકઝેન્ડ્રીયા પર તોપમારો ચલાવીને


શાહીવાદની પકડ નીચેનાં મથકો

શરૂ કર્યો. પછી ઇ. સ. ૧૯૦૧માં ઈરાનના કમાડ અંગ્રેજી શાહીવાદે ઉઘાડી નાખ્યાં. અંગ્રેજી–જરમન શાહીવાદી હરીફાઇ બરલીન બગદાદ રેલ્વેની યોજના સાથે ઉગ્ર બની ગઇ અને પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું. ઇ. સ. ૧૮૯૨માં અંગ્રેજી શાહીવાદના નામચીન આગેવાન લોર્ડ કર્ઝને "ઈરાન અને તેનો સવાલ" નામના પોતે લખેલા પુસ્તકની પ્રસ્તાવનામાં મધ્યપૂર્વ પરના આક્રમણની વાત બેધડક રીતે જાહેર કરી. ×

"કે જગત જીતવાની શેતરંજના દાવમાં મધ્યપૂર્વના પ્રદેશો સૌથી વધારે અગત્યના છે. યુરોપના શાહીવાદી ખેલાડીઓએ એ રીતે આ પ્રદેશોને દાવમાં લઇ લીધા.

મધ્યપુર્વના પ્રદેશની ભૂગોળ

અનેક રાષ્ટ્રોવાળો આ મધ્યપૂર્વનો પ્રદેશ ભૂમધ્યથી હીંદીમહાસાગર સુધીનો સાત કરોડની માનવ વસ્તીવાળો પ્રદેશ છે. જગતના ખૂબ જ અગત્યના એવા વ્યવહાર માર્ગો જેમાંથી પસાર થાય છે તેવો આ પ્રદેશ યુરોપ, એશિયા, અને આફ્રિકાના જંકશન પ્રદેશ જેવો, વિશ્વઇતિહાસનો જોડાણ પ્રદેશ છે. આ પ્રદેશ પરજ, બોસફરસ અને ડારડેનેલીસની સામુદ્રધૂનિયો તથા સુએઝની નહેર છે. આ પ્રદેશ પરથી ટરકી અને ઈરાનને જોડતા મોટા માર્ગો પસાર થાય છે. મધ્યપૂર્વની ભૂમિ ઉપરજ ભૂમધ્ય મહાસાગર, ઇરાન, અને સીરીયા સાથે જોડાયો છે તથા, લેબેનોન ઇજીપ્ત સાથે જોડાય છે. આ, ભૂમિપર ટરકીના પાટનગર કસ્તંતુલમાંથી દોડતી આગગાડી ઇજીપ્ત અને ઇરાની આખાત પર પહોંચે છે. આ ભૂમિમાંથી ઉદ્યોગના આધાર જેવા તેલના ભંડારો ઉલેચાય છે. આજે દર વરસે ૧૪૦ મીલીયન, ટન તેલની તેમાંથી નિપજ થાય છે. આવી મધ્યપૂર્વની ભૂમિ પરની ધનદોલત અને શ્રમતાકાતની નિપજ પર એકવાર ઓટોમન સામ્રાજ્યની હકુમત હતી. પછી આ ભૂમિપર પશ્ચિમની શાહીવાદી હકુમત આવી. આજે આ ભૂમિએ વિમુકિતની હિલચાલ સાથે વિશ્વઇતિહાસમાં પ્રવેશ કર્યો છે.

× "Afghanistan, Trnscaspia, Persia..... to me are the pieces of chessboard upon which is being played out a game for the domination of the world. .....The future of Great Britain.....will be decided not in Europe but in the continent whence our imigrant stock first came and to which as conquerors, their descendants have returned."

મધ્યપૂર્વનો પહેલો દેશ, ઈજીપ્ત

આફ્રિકાની કિનારી પર આવેલો, વિશ્વઇતિહાસની પહેલી સંસ્કૃતિનાં પારણા ઝુલાવનાર આ ભૂમિ મધ્યપૂર્વમાં પણ ગણાય છે. મધ્યપૂર્વનો આજે સૌથી અગત્યનો દેશ ઈજીપ્ત બન્યો છે. બીજા વિશ્વયુદ્ધ પછી વિમુક્તિનું નિશાન ધારણ કરીને મધ્યપૂર્વના ઉત્થાનના તારક જેવો આ દેશ સૌથી આગલી હરોળમાં કૂચ કરતો માલમ પડયો છે. આજે મધ્યપૂર્વના આરબ માનવોનો એ આગેવાન ઈજીપ્ત સંસ્કૃતિ અને સંસારની દ્રષ્ટિએ આરબ દેશ છે. આ આરબ દેશની ઈજીપશીયન ભૂમિપરથી જગત ભરમાં, "આરબોનો અવાજ" નામનો બ્રોડકાસ્ટ સંભળાય છે. આ અવાજ સાંભળીતાં આરબ માનવો સ્મિત ફરકાવતા આનંદની ઉષ્મા ધારણ કરીને એ અવાજને જવાબ દે છે, "તુંજ અમારો અંતરનાદ છે, અમારા અંતરનો જ તું અવાજ છે!"

જગત પર સંભળાય છે તેવા "વોઇસ ઓફ અમેરિકા" જેવા અવાજોથી ઘણો જૂદો આ અવાજ છે, આ અવાજની ભાષા આરબ મા-બોમની જબાન બોલે છે. આ અવાજનો અંતરનાદ એલજીરીયા, એડન, બેહરીનની વિમુક્તિની ભાગણીની યાદ આપે છે, કે, 'તું ઈજીપશીયન, જો મુકત હોય, અને તારો આરબ બાંધવ, ઈરાકમાં, જો ગુલામ હોય તો, તું, મુકત નથી. વિમુક્તિની તસ્વીરમાં, જો તડ પડી હશે તો, તે ગમેતેવી નાની તડ પણ આખીય આરબ મા-બોમની વિમુક્તિને વણસાવી મૂકશે." આવો, આરબ અવાજ જન-પ્રદેશનો અવાજ બનીને રોકાઓ પછી, વિમુકત બેવી ઈજીપ્તની ભૂમિ પરથી સંભળાય છે.

ઈજીપ્તમાં ઇતિહાસ ભજવાય છે

બીજા વિશ્વયુદ્ધ પછી શાહીવાદે નવું રૂપ ધારણ કર્યું હતું. શાહીવાદનું આ નવું રૂપ હવે જ્યાં શકય હોય ત્યાં, પોતાના રાજકીય હાકેમો મારફત સીધી રીતે શાસન ચલાવવા કરતાં, તે પ્રદેશોમાં ભેદનીતિનાં કાવતરાં રચીને તે, પ્રદેશોમાંનાં પ્રગતિ વિરુદ્ધ રજવાડાં કે જૂથો મારફત પોતાનું આર્થિક અને રાજકીય વર્ચસ્વ ટકાવી રાખવાનું બન્યું. અંગ્રેજ શાહીવાદે હવે આવી હકુમત ટકાવી રાખવા અમેરિકન શાહીવાદની આગેવાની સ્વીકારી લીધી હતી. આખા આફ્રિકા પર આ રીતનો નવો અધિકાર ટકાવી રાખવાનું કામ ઈજીપ્તની અંદર પણ શરૂ થઇ ગયું. બીજા વિશ્વયુદ્ધ પછીની શાહીવાદી કાર્યનીતિનું આ નવું સ્વરૂપ ઈજીપ્ત પર પોતાની પકડ જમાવી રાખવાનું હતું. પરાજીત બની ચૂકેલી શાહીવાદી ઘટનાનું આ સીધું નહીં પણ આડકતરૂં શાસન, ઈજીપ્તને આઝાદી આપવાનો ઉપચાર પણ કરતું હતું અને તેની સાથે ઈજીપ્ત સાથેની જુની સંધીઓ, કરારો,

અને જૂના તત્ત્વો સાથેના લોક વિરોધી કાવતરાં મારફત ઇજીપ્તનું શોષણ ચાલુ રાખવા માગતું હતું, તથા તે ચાલુ રાખવા માટે ઇજીપ્ત પરનાં પોતાનાં લશ્કરી મથકો, અને આર્થિક શોષણનાં કેન્દ્રોને ટકાવી રાખવા માગતું હતું.

સિત્તેર વર્ષથી શરૂ થયેલી વિમુક્તિની લડત

પરંતુ ઇ. સ. ૧૮૮૨ થી ઇજીપ્તે પોતાની વિમુક્તિની હિલચાલને શરૂ કરી દીધી હતી. આ હિલચાલનું મુખ્ય રૂપ અંગ્રેજી શાહીવાદનાં ઇજીપ્ત પરનાં લશ્કરી થાણાંઓને પોતાની ભૂમિ પરથી દૂર કરવાનું હતું. ઈ. સ ૧૯૨૨માં અંગ્રેજી શાહીવાદે ઇજીપ્તની પોકળ આઝાદીની જાહેરાત કરી અને પોતાનાં લશ્કરી મથકોને ઇજીપ્તની ભૂમિ પર ટકાવી રાખવા માટે બીજી બાજુથી આ આઝાદી પર લશ્કરી કાયદો જાહેર કર્યો. પછી ઈ. સ. ૧૯૩૬ સુધી આ સામે લડત ચાલી ત્યારપછી અંગ્રેજી શાહીવાદે એ સાલમાં પોતાનાં લશ્કરી થાણાંઓ કેરો અને એલેકઝાંડ્રિયા નામના ઇજીપ્તનાં પાટનગરોમાંથી ખસેડ્યાં. પણ ત્યાંથી ખસેલો લશ્કરી શાહીવાદ સુએઝ નહેરના પ્રદેશમાં પગ રોપીને ઊભો, અને સુદ્દાનમાંથી પણ નીકળવાનો એણે ઇન્કાર કરી દીધો.

ઇજીપ્તની ભૂમિ પર સુએઝ નહેરના પ્રદેશ પર ઇજીપ્ત વાસીઓનાં લોહી રેડાયા પછી ઇ. સ. ૧૯૫૧ સુધી અંગ્રેજી શાહીવાદે એ પ્રદેશને ખાલી કરવાની ના પાડી. ઇ. સ. ૧૯૫૨ માં ઇજીપ્તની સરકારે રાષ્ટ્રસંઘમાં આવીને શાહીવાદી પંચાઉની નીતિ સામે ફરિયાદ કરી. ઇજીપ્તભરમાં લોકહિલચાલ જાગી ઊઠી. ઇ. સ. ૧૯૫૨ માં ઇજીપ્તના ઇસમાલીયા પ્રદેશ પર અંગ્રેજી ટુકડીઓએ હલ્લો કર્યો. કેરો નગર ઇજીપ્તની લોક હિલચાલથી હચમચી ઊઠ્યું. શાહીવાદની ખુશી ખુશામત કરતી વફદ સરકારને બરતરફ કરવાની ઇજીપ્તના રાજાને ફરજ પડી. પણ પછી શાહીવાદી હકુમત નીચે આખા દેશ પર ભયંકર દમન શરૂ થયું.

ત્યાર પછી ઇ. સ. ૧૯૫૨ના જુલાઈના ૨૩મા દિવસે; જનરલ નજીબની સરદારી નીચે ઇજીપ્તના લોકોએ બળવો કર્યો. રાજા ફારૂકને પદભ્રષ્ટ કરવામાં આવ્યો અને જનરલ નજીબની લશ્કરી સરમુખત્યારીએ અંગ્રેજી શાહીવાદનાં લશ્કરી થાણાંને સુએઝ નહેરનો પ્રદેશ ખાલી કરવાની ફરજ પાડી. પરંતુ એમ કરતાં નજીબની સરમુખત્યારી, અમેરિકન શાહીવાદી પકડ નીચે આવી ગઈ. અંગ્રેજી શાહીવાદની ખાલી પડેલી જગા પર અમેરિકન શાહીવાદના દોરી સંચારના ઇજીપ્તની આઝાદીને ધૂળમાં રગદોળી નાખે તેવા સંજોગો ઊભા થયા. ત્યારે, આ સરમુખત્યારશાહી સામે, નાસેરની આગેવાની નીચે લોકોએ બળવો કર્યો. જનરલ નજીબનો પરાજય થયો અને નાસરે ઇજીપ્તની વિમુક્તિનો ઝંડો આ પ્રાચીન રાષ્ટ્ર પર ફરકાવ્યો.

આફ્રિકાની કિનારી પરના આ મહાન રાષ્ટ્રે ઈ. સ. ૧૯૫૨માં પોતાના રાજા ફારૂકને પદભ્રષ્ટ કરીને રાષ્ટ્રની વિમુક્તિની હિલચાલને આગળ ધપાવી હતી. આજે ઇજીપ્તના પ્રજાસત્તાકનો પ્રમુખ આડત્રીસ વરસની ઉંમરનો જુવાન રાષ્ટ્રનેતા, ગેમલ, અબ્દલ નાસેર છે. આ પ્રમુખની આગેવાની નીચે સિનાઇના શાહીવાદનું સુએઝ નહેર પરના પ્રદેશ પરનું લશ્કરી મથક નાબુદ થયું. એની કારકીર્દિ દરમિયાન જ સુદાનનો પ્રદેશ સ્વતંત્ર થયો, તથા નાસેરની આગેવાની નીચે વિમુક્ત બનેલા ઇજીપ્તદેશે, ૧૯૫૬ ના ઓગસ્ટના આરંભમાં પોતાની ધરતી પરની સુએઝ કેનાલનું રાષ્ટ્રિયકરણ કર્યું.

આ સુએઝ કેનાલનો વહીવટ કરનાર કંપની ઇજીપશીયન કંપની હતી. આ કંપનીની રચનામાં જ ઇ. સ. ૧૮૬૬ માં થએલો કરાર કહેતો હતો કે, 'ધી સુએઝ કેનાલ કંપની" એ ઇજીપ્તની સરકારના કાનૂન અને વ્યવસ્થાને આધીન એવી કંપની છે.' પરંતુ આ કંપનીના વહીવટ કર્તાઓમાં ઇજીપશીયન ઉપરાંત અંગ્રેજ અને ફ્રેંચ મૂડીવાદીઓ પણ હતા. આવી ઇજીપશીયન કંપની પાસેથી નાસેરની સરકારે વહીવટ લઈ લીધો અને આ કંપનીનું બીલકુલ કાયદેસર રીતે રાષ્ટ્રિયકરણ કર્યું.

એટલાથી જ અંગ્રેજ—ફ્રેંચ અને અમેરિકન શાહીવાદી સરકારો હચમચી ઉઠી. આ સરકારોએ શોર મચાવ્યો કે સુએઝની નહેર પર આંતરરાષ્ટ્રિય કબજો હોવો જોઇએ. અંગ્રેજ અને ફ્રેંચ સરકારોએ, પોતાની શાહીવાદી નીતિરીતીના આ પ્રદેશ જેવા નહેરના પ્રદેશ પર કબજો જારી રાખવા, નૌકા લશ્કરો અને મનવારોને તથા હવાઈ જહાજોને કેનાલ પ્રદેશ તરફ રવાના કરવાના હુકમ તાબડતોબ આપ્યા. તેમણે પોતાના લશ્કરી અફસરોની રજાઓ રદ કરી દીધી. ઇજીપ્ત પર આક્રમણ કરવાની ગમે તે ઘડી માટે આ બન્ને સરકારોએ બધી જવાબદારી, પોતાના સ્વચ્છંદી અને એકહથ્થુ નિર્ણય સાથે જોડી દઈને, રાષ્ટ્રસંઘ જેવી વિશ્વ સંસ્થા તરફ નજર પણ નાખ્યા વિના તથા વિશ્વ અદાલતની હસ્તીને ઉવેખીને તરવારો ખખડાવવા માંડી તથા લશ્કરી પગલાં શરૂ કરી દીધાં.

એક જ ઘડીમાં જાણે બધી શાંતિ હિલચાલો, રાષ્ટ્રસંઘની કાર્યવાહીઓ, તથા આત્મનિર્ણયના અધિકારોની ચર્ચાઓ પર પાદાઘાત કરતો, અમેરિકન શાહીવાદના પડછાયામાં જીવતો, અંગ્રેજ અને ફ્રેંચ શાહીવાદ પાલ્મર્સ્ટન નામના પશ્ચિમના શાહીવાદી અંગ્રેજ વડાપ્રધાનના વીતી ગએલા દિવસો સુધી પાછો હટી ગયો. આ શાહીવાદના નામમાં આજના કાયાપલટ કરી ચૂકેલા દેશ કાળ પર આંખ મીચીને, બોલતા ઇડનનો અવાજ સંભળાયો. પાલ્મર્સ્ટને ત્યારે કહ્યું

હતું તેજ શબ્દોને ઇજીપ્ત સામે આજે જાહેર રીતે પડકાર્યા. ઘણાં વર્ષો પર ત્યારે પાલ્મર્સ્ટને, આનંદથી પોતાના હાથ મસળતાં, પાર્લામેન્ટની માતાને કહ્યું હતું કે ' નાગરિકો, આપણે ચીન પર એક નાનકડી લડાઈ લડી નાખવી પડશે.'

ફ્રાન્સ અને ઇંગ્લંડના અવાજમાં ઇજીપ્ત પર આક્રમણનો પડકાર ફેંકવામાં વીતી ગએલા શાહીવાદી દિવસોનો પ્રતિઘોષ હતો. પણ આજે એકલા દિવસોજ વીતી ગયા નહોતા. ત્યારે હતું તેવું સામ્રાજ્ય પણ અંગ્રેજી શાહીવાદનું આજે હતું નહીં, અને ત્યારે હતો તેવો નહીં, પણ વિમુક્ત એવો ઇજીપ્તરાષ્ટ્ર આજે હતો.

એટલે, ઇજીપ્તમાંથી આ શાહીવાદી પડકારના જવાબમાં સંભળાયું કે, ' અમારી ભૂમિ પરની અમારી નહેરના રક્ષણ માટે લડનાર એકલો એક નાસેર નથી પણ અઢી કરોડ નાસેરો તૈયાર છે.' પરંતું દેશકાળનું બધું ભાન ભૂલી ગયું હોય તેવું, અંગ્રેજી—ફ્રેંચ આક્રમણ, ઇજીપ્ત પર આવી પહોંચ્યું. આ આક્રમણ કરનારી, અંગ્રેજી—ફ્રેંચ સરકારો, રાષ્ટ્રસંઘની પાંચ માંધાતાઓમાંની મહાન સભ્ય સરકારો હતી. આ આક્રમણનો દેખાવ આખા જગતની આંખ ઉઘાડી નાખનારો બન્યો. આક્રમણના આ બનાવને દેખતો એશિયા–આફ્રિકાની સમસ્ત માનવતાનો લોકમત ખળભળી ઉઠ્યો. આક્રમણનો આ તરીકો, આપણી પૃથ્વી પર ભજવાઇ ગએલા, ૧૯ મા સૈકાના ઇતિહાસના શાહીવાદી અવશેષો હજુ જીવતા છે તે વાતનો સાક્ષી બન્યો. પરંતુ એશિયા અને આફ્રિકાની દુનિયાએ હવે ઉત્થાન આરંભ્યું હતું તેવી ઐતિહાસિક હકીકતની સાક્ષી બનેલો, સીમાસ્તંભ ઇજીપ્તદેશ દેખાયો.

મધ્યપૂર્વનો મુઝવતો રાષ્ટ્ર પ્રદેશ, ઇઝરાઈલ

ઇ. સ. ૧૯૫૭ ના મેની ૧૫ મી એ ઇઝરાઈલ દેશ પોતાની નવમી જયંતિ ઉજવવાનો છે. એનો જન્મ થયે હજુ નવ વરસજ વિત્યાં છે. મેની ૧૫મીએ જ્યારે મધ્યપૂર્વનું આ રાષ્ટ્ર ફરજંદ પોતાની બેથલેહેમ તથા ટેલ આવીવ અને જેરૂસાલેમની ધર્મ સંસદમાં ઘંટાનાદ કરે છે ત્યારે પણ ગાઝા નામની એની સરહદમાંથી આરબ સરહદ તરફ એની તોપોના અવાજ સંભળાતા હોય છે.

એનું કારણ એ છે કે મધ્યપ્રદેશની આ ભૂમિ પર અંગ્રેજ અમેરિકન શાહીવાદે એના રાષ્ટ્રરૂપને પોતાની શેતરંજની ભેદનીતિની જરૂરિયાત પ્રમાણે જન્માવ્યું છે અને ત્યાર પછી આ શાહીવાદી ભેદનીતિએ યહુદી અને આરબ માનવો વચ્ચેનો કલહ સળગતો રાખવાની જ રાજકીય નેમ ધારણ કરીને આ કમનસીબ રાષ્ટ્રને શસ્ત્ર સજ્જ બનાવીને, આરબ પ્રદેશો પર પોતાની હકુમત જાળવી રાખવાની ભેદનીતિના વહીવટના દોરી સંચાર જારી રાખ્યા છે.

ઈઝરાઈલનો જન્મ

પહેલા વિશ્વયુદ્ધના સમય પછી પેલેસ્ટાઈનિનો પ્રદેશ અંગ્રેજી હુકુમત નીચે આવ્યો. લીગ ઓફ નેશન્સે પેલેસ્ટાઇનને "મેન્ડેટેરિટરિ" તરીકે આ પ્રદેશનો વહીવટ બ્રિટનને સોંપી દીધો. એ સમયથી યહુદી આગેવાનોએ આ પ્રદેશ પર યહુદીઓને વસવાટ કરવાની તથા તેને પોતાનું માદરે વતન બનાવવાની હાકલ કરી. આ યોજનાને અંગ્રેજી અધિકારીઓએ આવકારી. આ આવકાર પાછળ અંગ્રેજોનો હેતુ મધ્યપૂર્વની દુનિયામાં યહુદીઓની વસાહત મારફત યહુદીઓને અને આરબોને અંદર અંદર લડાવવાની ભેદનીતી ઊભી કરીને પોતાની પકડ આખા મધ્યપૂર્વ પર જમાવી રાખવાની હતી. આ રીતે અંગ્રેજી શાહીવાદ ૩૦ વર્ષ સુધી પોતાની આ ભેદનીતીને ધારણ કરીને પેલેસ્ટાઈનિનો વહિવટ ચલાવવા લાગ્યો. પણ પછી ઈ. સ. ૧૯૪૭ માં એશિયાના પછાત દેશોમાં અને મધ્યપૂર્વના પ્રદેશોમાં પણ રાષ્ટ્ર વિમુક્તિની હિલચાલો શરૂ થઇ. આ સંજોગોમાં યહુદી અને આરબ પ્રજાઓએ પોતાની આઝાદી માટેની માગણી શરુ કરી તથા યહુદી પ્રજાએ પણ પેલેસ્ટાઈનમાં અંગ્રેજી શાહીવાદના મેન્ડેટ નીચે રહેવાને બદલે પોતાના સ્વતંત્ર પ્રદેશની માગણી માટે હિલચાલ ઉપાડી. પેલેસ્ટાઇનિ નામના આ આખા રાષ્ટ્ર પર જીવતી યહુદી અને આરબ નામની બન્ને પ્રજાઓએ પેલેસ્ટાઇનના બે વિભાગ કરીને પોતપોતાના માદરે વતન જૂદાં કરવાની માગણી રજુ કરી. આત્મનિર્ણયના સિદ્ધાંત પ્રમાણે આ બન્ને પ્રજાઓને પોત પોતાની રાષ્ટ્રભૂમિ કાઢી આપવાનું રાષ્ટ્ર સંઘની જનરલ એસેમ્બલીએ પણ સ્વિકાર્યું. જે રીતે હિંદના ભારત અને પાકીસ્તાન નામના બે દેશો બન્યા તે પ્રમાણે પેલેસ્ટાઈન નામના એક પ્રદેશમાંથી યહુદી પ્રજાની માતૃભૂમિ તરીકે ઈઝરાઇલ નામનો પ્રદેશ મૂળ પેલેસ્ટાઈનમાંથી નક્કી કરવામાં આવ્યો. એજ રીતે પેલેસ્ટાઇનમાંથી જ આરબ રાજ્ય માટે એક પ્રદેશ કાઢવામાં આવ્યો તથા તેને જોર્ડન નામના આરબ રાજ્ય સાથે જોડી દેવામા આવ્યો. આ રીતે, યુરોપની શાહીવાદી ઘટનાએ મધ્યપૂર્વના પ્રાદેશિક ઘાટ ઘડીને, આ ઘટનામાં શાહીવાદી દોરી સંચાર પરોવી શકાય તેવું સૌથી મોટું સ્વરૂપ ઈઝરાઇલનું ઘડ્યું. ઈઝરાઇલિના ઘડતરમાં જ આ શાહીવાદે શાહીવાદી દોરી સંચારની બધી સગવડો કરી શકાય તેવી જોગવાઇ કરી તથા, આખી આરબ માનવતા પર પોતાની ભેદનીતિ કાયમ રાખવા તથા તેમની વિમુક્તિની લડતોને મારી નાખવાનું બધું સંચાલન ઈઝરાઇલમાંથી કરવા માંડ્યું. આરબો સામે ઇઝરાઇલની પકડને પોતાના હાથમાં રાખીને શાહીવાદી સંચાર શરૂ થઇ ગયો. યુરોપીય અમેરીકી શાહીવાદનું સંચાલન મથક બનીને ઈઝરાઇલ આ રીતે મધ્યપૂર્વમાં હવે પોતાની આઝાદીની

સાથે સાથે જ અંગ્રેજી અને અમેરિકન શાહીવાદનો વહીવટ રૂપવાળું કરનારા થયું. આ વહિવટની ભેદનીતીએ ઇઝરાઇલ અને જોર્ડન નામના આરબ પ્રજાના એક બનેલા રાજ્ય સાથે લડાઇ શરૂ કરાવી દીધી. ઇઝરાઇલ રાજ્યનો જન્મ થયો તેને બીજે જ દીવસે અમેરીકન શાહીવાદે જોર્ડન રાજ્યની સાથે પેલેસ્ટાઇનમાંથી જોડાએલા આરબ પ્રદેશનો કબજો કરવાની નીતી ઇઝરાઇલ પાસે શરૂ કરાવી તથા બન્નેની સરહદોનો ઝગડો શરૂ થયો. આ રીતે યહુદીઓ અને આરબો નામના પડોશી રાષ્ટ્રબાંધવો વચ્ચે પરસ્પરની કતલ કરવાની કાર્યવાહી અમેરીકન શાહીવાદે શરુ કરાવી. આ સંજોગોમાં ઇઝરાઇલ પ્રદેશ-માંથી આરબ પ્રજાએ હિજરત શરૂ કરી અને દશ લાખ જેટલા નિરાશ્રિતો જોર્ડનના આરબ રાજ્ય તરફ દોડી આવ્યા. આ રીતે મધ્યપૂર્વના તમામ આરબ રાજ્યો માટે આરબ પ્રજાને રક્ષણ આપવાનો એક મોટો સવાલ શરૂ થયો.

અમેરિકન શાહીવાદે આરબ અને યહુદીઓમાં આંતર કલહ સળગાવીને આરબ પ્રજા ઉપર પોતાની હકુમત ટકાવી રાખવા માટે ઇઝરાઇલિ પ્રદેશ પર પોતાની હકુમત જમાવી. તથા તેને આયુધોના ઢગલાથી સજ્જ બનાવ્યો. બીજી બાજુથી આરબ રાજ્યો પર પોતાનાં મથકો જાળવી રાખવા માટે અંગ્રેજી શાહીવાદે મધ્યપૂર્વના પ્રદેશો પર વિમુક્તિની હિલચાલનો વિરોધ કરનારા રંજ વાડી તત્વોના સાથમાં પોતાનાં કાવત્રાં શરૂ કર્યાં. આ રીતે મધ્ય પૂર્વના તમામ પ્રદેશોમાં અંગ્રેજી અને અમેરિકન શાહીવાદ એક બીજાના હરીફ બનીને મધ્ય પૂર્વના પ્રદેશો પર પોત પોતાની હકુમત કાયમ બનાવવા મેદાને પડયા. આ બન્ને હરીફ શાહીવાદોની એક સર્વ સામાન્ય કાર્યવાહી આ પ્રદેશો પરની વિમુક્તિની હિલચાલોને કચડી નાખવાની હતી. આ સામાન્ય કાર્યવાહીમાં હરીફ છતાં અંગ્રેજ અમેરિકન શાહીવાદે, આઝાદીની તમામ હિલચાલોને મધ્ય પૂર્વના રાષ્ટ્રોમાંથી કચડી નાખવા માટે બગદાદ કરાર નામના એક લશ્કરી કરારની યોજનામાં પોતાની હકુમત નીચેના, દેશોને પરોવી દીધા.

શાહીવાદનું બગદાદ જુથ અને આરબ વિમુક્તિનો સવાલ

આ રીતે પોતાની આઝાદી માગતા મધ્યપૂર્વના પ્રદેશોએ અંગ્રેજ અમે-રીકન શાહીવાદના સાંણસામાં ભરાવાની ના પાડી દીધી. આ રીતે શાહીવાદને અથવા સંસ્થાનિક ગુલામીને પોતાના પ્રદેશોમાંથી ખતમ કરવાની હાકલ ઇજીપ્તે ઉપાડી. આ હાકલને તમામ આરબ રાજ્યોએ વધાવી લીધી તથા તેમણે આરબ લીગ નામની સંસ્થાની સ્થાપના કરી. સીરીયા અને જોર્ડન નામના આરબ રાજ્યોએ ઇજીપ્તની આગેવાની સ્વિકારી. આ રાજ્યોએ મધ્ય પૂર્વના

પ્રદેશો તથા ભારતને ભયમાં મૂકનારા બગદાદ કરાર નામની શાહીવાદી લશ્કરી જમાવાટનો વિરોધ કર્યો. આખા મધ્યપૂર્વને અને ભારતને ભયરુપ બનેલો આ બગદાદ કરાર શાહીવાદની પકડ નીચે આવેલા કેટલાક દેશોએ સ્વિકાર્યો. આવો સ્વિકાર કરનારા દેશોમાં પાકીસ્તાન ઇરાન, ઇરાક અને ટર્કિનો સમાવેશ થયો. આવી પરિસ્થિતિએ આજે મધ્યપૂર્વના પ્રદેશોમાં શાહીવાદી ભેદ નીતીનો અમલ એક તરફથી ઇઝરાઇલિ મારફત શરૂ કરી દીધો તથા બીજી બાજુએ અંગ્રેજી શાહીવાદ અને ફ્રેન્ચ શાહીવાદે સાયપ્રસમાં અને એલજીરીયામાં ત્યાંની પ્રજાઓની કતલ કરવા માંડી. આ બધાંના અનુસંધાનમાં જ સુએજની નહેર પર આક્રમણ લઇ જવા માટે અંગ્રેજી શાહીવાદ પોતાની નૌકા ફ્રેન્ચે અને હવાઇદળોને રવાના કરવા માંડયો, કારણ કે આરબ વિમુક્તિની હિલચાલનો આગેવાન ઇજીપ્ત દેશ બની ચૂકયો હતો તથા તેણે શાહીવાદનો સામનો કરવાનો મક્કમ નિરધાર જાહેર કર્યો હતો.

મધ્યપૂર્વનો, વિમુક્તિનો સવાલ

આમધ્યપૂર્વ પર એટલે બીજા વિશ્વયુદ્ધ સુધીના સમય પર્યંત યુરોપના શાહીવાદી આક્રમણે પચાવી પાડેલી અને આજસુધી ગુલામ બનાવેલી પ્રાદેશિક ઘટનાના જે વિભાગને મધ્યપૂર્વ કહ્યો છે તેનાપર આજે આપણે ઉડતી નજરે અવલોકવાની જરૂર છે. કારણકે આપણા વિશ્વઇતિહાસની ભૌગોવિક અને રાજકીય રચનાનો તે આજે અગત્યનો વિભાગ છે.

ઇતિહાસના આરંભથી આ મધ્યપૂર્વની દુનિયાનો અવાજ સંસ્કૃતિમાં સંભળાયા કર્યો છે. આ સંસ્કૃતિએ વિશ્વની સંસ્કૃતિના ઘડતરમાં સારો એવો પોતાનો હિસ્સો આપ્યો છે. આ પ્રદેશોની માનવતાએ જગતને, જ્યુડાઇઝમ, ક્રિશ્ચિઆનિટિ, તથા ઇસ્લામ નામના ત્રણ મોટા વિશ્વધર્મોની ભેટ દીધી છે. આ પ્રદેશોપરના સંસ્કૃતિના પોહાઓએ યુરોપ અને આફ્રિકા પર તથા એશિયા પર પોતાની સંસ્કૃતિના પ્રચાર માટે ધસારાઓ કર્યો છે.

મધ્ય પૂર્વના પ્રદેશોએ સૈકાઓસુધી વિજયવન્તી કારકીર્દી નોંધાવીને પછીથી રાજય તથા પરાધીનતા નીચે આવવા માંડયું. દિલફરેબ પાવનારાં વિતકોમાંથી પસાર થઇને આ ભૂમિને " ઓટોમન એમપાયર " નીચે, સંસ્થાનિક પરાધીનતતા નીચે આવવું પડયું. આ પરાધીનતા પછી તરતજ પશ્ચિમના યુરોપીય શાહીવાદ નું આક્રમણ આ ધરતીને ગુલામ બનાવતું આવી પહોંચ્યું. ગુલામીનાં આવાં પાંચસો વરસ, મધ્યપૂર્વની માનવજાત પર શોષણનો અને યાતનાઓનો ઇતિહાસ બન્યો.

પછી યુરોપી શાહીવાદે સરજેલાં બે વિશ્વયુદ્ધોએ આ ધરતીની ખાના-ખરાબી કરી. આ વિશ્વયુદ્ધોના ઉપસંહારમાં હચમચી ગએલા શાહીવાદની પકડમાંથી છૂટવા આ પ્રદેશોપર પણ વિમુક્તિની હિલચાલો બીજા વિશ્વયુદ્ધપછી શરૂ થઇ ગઇ.

સાયપ્રસની ઇસાઇપ્રજા, તથા લેબેનોન સીરીયા, જોરડન, સઉદીઅરેબીયા, યેમેન, લીબીયા અનેઇજીપ્તની આરબ માનવજાત અથવા ઇસ્લામિક દુનિયાએ વિમુક્તિની હિલચાલનો સંચાર પોતાની ભૂમિપર શરૂ કર્યો. બે કરોડની વસ્તી-વાળા ઇરાનનો આર્વાચીન ઇતિહાસ પહેલા વિશ્વયુદ્ધના આરંભથીજ અંગ્રેજી શાહીવાદની હકુમત નીચે શરૂ થએલો દેખાયછે. આવી યુદ્ધની શરૂઆતની પરિસ્થિતિપર વિશ્વયુદ્ધના અંતમાં એક જબરોમોટો આંતરરાષ્ટ્રિય ફેરફાર ઇરાનની ઇસીસરહદપર થયો. સંસ્થાનિક પ્રજાઓની આઝાદીની જાહેરાત કરતી સામજિક ક્રાન્તિ ઇરાનની પડોશમાંજ આવેલા રૂસ દેશપર વિજય પામી. અંગ્રેજી શાહીવાદની પકડ પર આ ક્રાન્તિકારી બનાવની અસર પાડનારી લોક જાગ્રતિ ઇરાનમાં દેખાવા માંડી. ઈ. સ. ૧૯૨૧ માં ઇરાનની શાહી સર-કારને રશિયાસાથે મિત્રાચારીના કરારં સમાન ધોરણે કર્યા કારણકે શાહીવાદનુંજ સાગરીતબનતું આ પ્રદેશનું રૂપ ક્રાન્તિના ધામની અડોઅડ હતું.

પરંતુ બીજા વિશ્વયુદ્ધ વખતે ઇરાનના શાહે રશિયા વિરોધી કાવતરાં શરૂ કર્યાં. ઇ. સ ૧૯૪૧ માં રૂસદેશપર આક્રમણ કરવા માટે ઇરાનનો ઉંચર પ્રદેશ વાપરવાની હિટલરે બધી તૈયારીઓ કરી પરંન્તુ તે નિષ્ફળ નિવડી. હિટ-લર સામે લડતાં મિત્રરાજ્યોએ યુદ્ધપુરતો એનો કબજો લીધો પણ ત્યાર પછી યુદ્ધપુરું થયું અને મધ્યપૂર્વના આ એક સમયના ઇતિહાસના સામ્રાજ્યને ધારણ કરનાર આ અગિનપૂજક દેશપર બીજાવિશ્વયુદ્ધના અંતપછી તરતજ આખા જગતપર ફૂંકાતી ઝડપી હિલચાલના પડછાયાઓ જાણે દોડવા માંડ્યા. આ પડછાયાઓ પાછળ મધ્યપૂર્વની પ્રજાઓમાં પથરાતી વિમુક્તિની હિલચાલનો વેગ દેખાયો, અને સાથેસાથેજ પશ્ચિમના શાહીવાદનો દોરીસંચાર પામતાં પ્રગતિનાં વિરોધી રજવાડી પરિબળોના આખરી ઉછાળા પણ માલમ પડવા માંડ્યા. એક દિવસ ઉગ્યો અને ઇરાનમાં લોકઝંઝાવાતની પાંખપર બેઠેલો મુસાદીક નામનો વૃદ્ધ આગેવાન તેલનું રાષ્ટ્રીયકરણ કરતો દેખાયો. શાહના મહાલઉપર કટક ચઢતું માલમ પડ્યું. શાહ અને સુરૈયા ને સંતાડવા જનરલ ઝાહેડી દોડ-ધામ કરતોહતો. એક પળમાંજ જાણે આ શાહ અને એના સાગરિતો ગિરફ્-તાર થઇ જશે એમ દેખાયું પણ ત્યાં તો આજ પલટાઇગઇ. અમરિકી શાહી-વાદે હવે અંદર ઝંપલાવી દીધું અને શેરીઓમાં ટેંકો ફરવા માંડી. ઉજ્જડ અને વેરાન નગરમાં લોકોનાં શબ રખડવા લાગ્યાં. તહેરાન જીતાઇ ગયું અને આ

પાટનગરના સમરાંગણપર પેલો ઝાહેદી વિજેતા બન્યો. ઈરાનના એકવાર ભાગી ગએલા શાહને ફરીવાર પાછો ઉજ્જડ નગરનાં ખંડિયેરોમાં લાવવામાં આવ્યો અને ગાદીપર બેસાડવી દેવામાં આવ્યો. આ બધાની પાછળ તેલનું રાજકારણ હતું.

તેલનું રૂપ ધારણ કરેલો, ઈરાનનો અગ્નિદેવ એબેડાનના કુવાઓમાં પુરાયો છે. આ કુવાઓ પર માલીકી ધરાવતા શાહીવાદે ઈરાનના તેલના રાષ્ટ્રિયકરણને નાબુદ કરી નાખવાની હોડ બકી દીધી હતી તથા ઈરાનના શાહેનશાહની તાજપોષી કરીને તેણે પોતાનો અધિકાર ચાલુ રાખ્યો. આ પ્રાચીનભૂમિ પર આવેલી આર્ય જાતિઓએ આ ભૂમિને પોતાનું ઘર બનાવીને તેનું નામ આર્યોનોવિજ્જો પાડયું હતું ત્યારથી આ આર્યોનોવિજ્જે અથવા ઈરાન, આ ભૂમિનું અને અંદરના તેલના ભંડારોનું માલીક હતું. પછી ગ્રીક લોકોએ આ ભૂમિનું નામ પરશિયા પાડયું. આ નામપણ ખૂબ પ્રચીન છે. પછી આ પ્રાચીનતાપર અર્વાચીન એવો પશ્ચિમનો શાહીવાદ આવી પહોંચ્યો. પછી બીજા વિશ્વયુદ્ધનો વિજય ધારણ કરીને અહીં અમેરિકન શાહીવાદે ઈરાનને પોતાની સંસ્થાનિક શૃંખલામાં પરોવી દીધું. મુસાદીકની આગેવાની નીચેની લોકહિલચાલને કચડી નાખવામાં આવી, તથા બગદાદ કરાર નામનો લશ્કરી કરાર ઈરાકમાં રચાયો. ઈરાનની આ પશ્ચિમની સરહદે ટરકી અને ઈરાક પડયાં છે. ટરકી નામનો આ પડોશી શાહીવાદે રચેલા નાટો નામના લશ્કરી કરારનો સભાસદ છે. એશિયા આફ્રિકાની વિમુક્તિની હિલચાલોને કચડી નાખવા રચાયેલી આવી યુદ્ધખોર ઘટનાના શાહીવાદી રૂપમાંજ ઈરાન પણ પગથી માથા સુધી પરોવાઇ ગયો.

બગદાદ કરારના નામવાળો ઈરાક પણ ઈરાનનો પડોશી છે. આ બન્ને પડોશીભેગી શાહીવાદી શેતરંજના દાવમાં ઈરાનની વિમુક્તિની હિલચાલ ખતમ થઇ ગઈ અને ઈરાન પણ શાહીવાદી લશ્કરી ઘટનામાં પરોવાઇ ગયો. આ ઘટનામાંજ કયારનો પરોવાઇ ચૂકેલો પાકિસ્તાન પણ બગદાદ કરારનો સભાસદ બન્યો અને ઈરાનની પૂર્વસરહદ પર થી આ પ્રદેશમાંથી બગદાદી કરારની શાહીવાદી યુદ્ધ રચના આ ભૂમિપર શરૂ થઇ. છતાં ઈરાનની ભૂમિપર વસતી ઈરાની પ્રજાની વિમુક્તિની હિલચાલને આ સરહદી શાહીવાદી ઘટના આજે ખતમ કરી શકે તેમનથી. રોકાઓથી સળગતી વિમુક્તિની દાઝ, ઉપરનાં દમનને લીધે ભોંયભિતર બનીને ઈરાનની ધરતીમાં વહેતા અગ્નિના ભંડાર જેવી આજે ભારેલી પડી છે.

ઈરાનનો તેલનો સવાલ

ઈ. સ. ૧૯૫૩ માં એંગ્લોઇરાનીયન ઓઇલ કંપનીનું ઈરાનના મુસાદીક નામના વયોવૃદ્ધ નેતાની આગેવાની નીચે રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું. આ

બનાવથી અંગ્રેજ અમેરિકન શાહીવાદીઓ ખળભળી ઉઠ્યા. અંગ્રેજી શાહીવાદે આ બનાવ સામે લશ્કરી કબાયતો શરૂ કરી. અમેરિકન શાહીવાદે ઈરાનની મહમદ મુસાદીકના પ્રમુખપદ નીચેની સરકારને તોડી પાડવાનાં કાવતરાં શરૂ કર્યાં. મુસાદિકની સરકાર તૂટી. શાહનું પ્રગતિ વિરોધી શાસન પાછું સત્તા પર આવ્યું. દેશભક્તોની કતલ કરવામાં આવી અને એંગ્લોઇરાનીયન તેલ કંપનીનો ફરીવાર સ્થાપના કરવામાં આવી. અમેરિકન શાહીવાદની હકુમત નીચે ઈરાનના લશ્કરીતંત્રને ગોઠવી દેવામાં આવ્યું. આખા મધ્યપૂર્વની વિમુક્તિની હિલચાલને જોખમમાં મૂકી દે તેવો આ બનાવ પાકીસ્તાનની સરકારની અમેરિકન શરણાગતિ પછી ઈરાનની ભૂમિ પર બન્યો.

ત્યાર પછી તરત જ અંગ્રેજી શાહીવાદ જેનું સભ્ય છે એવો મધ્યપૂર્વના દેશોનો લશ્કરી કરાર હજુ હમણાં જ ઘડાયો. ઇ. સ. ૧૯૫૫ના ઓકટોબરની ૧૧મીએ ઈરાનના વડાપ્રધાન હુસેન આલાએ, જાહેર કર્યું કે ઈરાને બગદાદ કરારમાં જોડવાનું નક્કી કર્યું છે. મધ્યપૂર્વની ગુલામીની રચના કરનારા આ શાહીવાદી લશ્કરી કરાર, ટરકી, ઈરાન, ઈરાક અને પાકિસ્તાન નામના સભ્યોનો બન્યો. આ કરારની કાર્યવાહી કરનાર અને એ કરારના સભ્યોને શસ્ત્રસાજ પૂરો પાડનાર અમેરિકન શાહીવાદના અનુગામી તરીકે, મધ્યપૂર્વમાં આ કરારનો એક નવો સભ્ય સૌનો વડો હતો. આ સભ્ય બ્રિટનનો શાહીવાદ હતો.

આજે બ્રિટનની શાહીવાદી ધટના જ્યારે જગતભરમાંથી પાછી પડતી હતી ત્યારે, અને જ્યારે જગતભરના પરાધીન પ્રદેશો પર રાષ્ટ્ર વિમુક્તિનો વિશ્વઇતિહાસનો કાર્યક્રમ, કાર્યવાહી પર ચઢતો હતો ત્યારે, બ્રિટનની શાહીવાદી ધટના મધ્યપૂર્વની આઝાદીની હિલચાલોને કચડી નાખવા મધ્યપૂર્વના બગદાદ મંડળની રચના કરીને પોતે પણ મધ્યપૂર્વનો જ રાષ્ટ્ર હોય તેમ બગદાદ મંડળમાં બેઠો અને આજે અમેરિકન શાહીવાદ પણ તેનો સભ્ય બન્યો.

બગદાદ કરારનો પ્રદેશ, ઈરાક

ઈરાક પચાસ લાખની વસ્તીવાળો પ્રદેશ છે. ફીઝલ બીજા નામના રાજાનું ઈરાક પર શાસન ચાલે છે. અંગ્રેજી શાહીવાદની તરફદારી કરનારો આ રાજવંશ છે. ઈરાકના મોસુલકીરકુક નામનાં તેલ ક્ષેત્રોની, હકુમત પશ્ચિમની શાહીવાદી હકુમત છે. અમેરિકન શાહીવાદે શસ્ત્રોની સબ્યાવત કરીને આ પ્રદેશના લશ્કરને સજ્જ્યું છે તથા અંગ્રેજી શાહીવાદે તેને તાલીમ દીધી છે. પાકીસ્તાન, ઈરાન અને ટરકીમાં શરૂ થએલા શાહીવાદી દોરી સંચારની સાંકળમાં આ પ્રદેશ મણ પરોવાઇ ગયો છે. રાષ્ટ્રસંઘની અંદર મહાન માંધા-

તાઓ તરીકે ઓેઠેલા જગતના અંગ્રેજી-ફ્રેંચ અને અમેરિકન શાહીવાદની ઘટનાએ રાષ્ટ્રસંઘની બહાર જમાવેલાં યુદ્ધખોર લશ્કરી જૂથોમાંનું આ એક લશ્કરી જૂથ છે. બગદાદ ઇરાકનું પાટનગર છે. ઇરાક દેશ પાસે આખાય પશ્ચિમ એશિયામાં સૌથી મોટો ખેતીપ્રધાન પ્રદેશ છે. ઇરાકની આ ફળદ્રુપતાનો પ્રદેશ વિસ્તાર ઇજીપ્તથી પણ પાંચગણો મોટો છે. પંચાવન લાખની વસ્તીવાળા આ પ્રદેશ પર ટાઇગ્રીસ અને યુફ્રેટીસ નામની પ્રાચીન સરિતાઓ વહે છે. છતાં આ બધી ફળદ્રુપ જમીનના માલીકો અંગ્રેજી શાહીવાદે રચેલી ઘટનાવાળા છે. આ જમીનનો સાત ટકા જેટલો જ ભાગ ઇરાકના ૮૮ ટકા ખેડુતો પાસે છે. કુલ વસ્તીના એંશી ટકાથી વધારે સંખ્યાવાળી આ પ્રજાનું રૂપ અત્યંત ગરીબ અને કંગાળ રાખવામાં આવ્યું છે. આ પ્રજા પર વિમુકિત નહીં પણ શાહીવાદી ગુલામી રચાઈ છે. આ પ્રદેશ પરની સૌથી મોટી દોલત તેની ધરતીની અંદરથી નિપજતું તેલ છે. આ બધા તેલનો માલીક બ્રિટન, અમેરિકા, હોલેન્ડ અને ફ્રાન્સનો શાહીવાદ છે.

બીજા વિશ્વયુદ્ધ પછી અંગ્રેજી શાહીવાદના સાથમાં અહીં અમેરીકન શાહીવાદનું પ્રપંચરૂપ શરુ થયું. ઇરાકને ગુલામ બનાવનાર ટરકીના આશરા હેઠળ અને પાકીસ્તાનની શરમજનક મૈત્રી હેઠળ તથા ઇરાનની દોસ્તીના રાજ કારણ હેઠળ અમેરિકન શાહીવાદે આ પ્રદેશને પણ પરોવી દીધો અને આ બધાંમાંથી આખા મધ્ય એશિયાની વિમુકિત પર નિશાન તાકવાનો, બગદાદ કરાર નામનો લશ્કરી કરાર કર્યો.

આ બગદાદ કરારના સભ્યપદે અને પ્રમુખપદે અંગ્રેજી અને અમેરિકન શાહીવાદ જોડાયો છે. આ શાહીવાદે ઇરાકમાં ત્રણ સ્થળે પોતાના લશ્કરી મથકો સ્થાપી દીધાં છે. આ ત્રણે મથકોનું નિશાન મધ્યપૂર્વ પર યુદ્ધ સળગાવીને વિમુકિતને રગદોળી નાખીને આખા મધ્યપૂર્વને પોતાનું સંસ્થાન બનાવી દેવાનું છે.

શાહીવાદી પકડનું આવું રૂપ આ કમનસીબ તેલ પ્રદેશ પર વધારે સ્પષ્ટ દેખાય છે. અંગ્રેજી શાહીવાદે આ તેલ પ્રદેશને પોતાની હથેળી પર બેસાડયો છે. અંગ્રેજી શાહીવાદે જ ઈ. સ. ૧૯૨૧ માં આ દેશ પર પોતાના શાસનના શાહીવાદી બેપીયા જેવા રાજાને ઇરાકની ગાદી પર બેસાડયો હતો. આ રાજાને એ શાહીવાદે પછીથી રાજા બનવાની અને રાજાને શાસન કરવાનો મના કરી, અને પોતાનું શાસન જમીનદારોનો અથવા શેખોનો વર્ગ ઉભો કરીને ભેદનીતિનો ભરડો નાખીને શરુ કર્યું. પાંત્રીસ વરસ સુધી ઇરાકના રાષ્ટ્રવાદે આ પરાધીનતા સામે લડતો કર્યા કરી છે છતાં આજે અંગ્રેજી હકુમતની પકડ, આ કમનસીબ પ્રદેશ પર સૌથી વધારે સખત છે.

આ શાહીવાદી ખરાકી તેલના માલીકોએ ઈરાકને જીતી લઇને તેના અંગે અંગને જકડી લઇને તેને પોતાના વતી, રાષ્ટ્ર સંઘનુ સભ્યપણ બનાવ્યું છે. પશ્ચિમ એશિયા પર વિમુક્તિની હિલચાલોની વચ્ચે આ પ્રદેશ ઇતિહાસના પ્રશ્ન વિરામ જેવો ઉભો છે તથા શાહીવાદી નાગચૂડની યાતના ભર્યો મૌન કકળાટ કરે છે.

આરબ દેશોની વચ્ચે આરબ બાંધવતાના દેહમાં ભોંકાયેલી શાહીવાદી કટારી જેવો આ પ્રદેશ પશ્ચિમના શાહીવાદની છાવણી બન્યો છે. છતાં, જનતાની આઝાદીની દરરોજ ઉગ્ર બનતી તમન્ના નીચે તપતો આ તેલ પ્રદેશ, પોતાને ત્યાં શાહીવાદી જુગારના કેવા દાવ કયારે ખેલશે તેની ચિંતા જેવું રૂપ ધારણ કરીને મધ્ય પૂર્વની વિમુક્તિની હિલચાલના રસ્તા વચ્ચે લાલબત્તી જેવો ઉભો છે.

જોરડન

દશ લાખની વસ્તીવાળા આ આરબ પ્રદેશ પર ઈઝરાઇલમાંથી હડસેલી દેવાયેલા નવલાખ નિરાશ્રિતોના સવાલનો નિકાલ કરવાની મૂંઝવણ ઉભી છે. રાજા હુસેન જોરડન પર રાજ્ય કરે છે. ઇઝરાઇલ પર ચાલતી અમેરીકન શાહીવાદની કાર્યવાહીએ આ સરહદી પ્રદેશ માટે ભયાનક પરિસ્થિતિ ઊભી કરી છે. આ પરસ્થિતિનો ભરડો જોરડનને તંગ બનાવીને તેને શાહીવાદી પકડ નીચે લાવી દેવાની બધી કાર્યવાહી કરે છે. આજ સુધી જોરડને તેનો પ્રતિકાર કરીને પોતાની રાષ્ટ્રવાદી નીતિમત્તાને જાળવી રાખી છે. જુવાન રાજા હુસેને, અંગ્રેજી શાહીવાદે જોરડનના લશ્કર પર સર સેનાપતિ તરીકે સત્તર વર્ષ સુધી ગોઠવી રાખેલા અંગ્રેજી જનરલ ગ્લબને બરતરફ કર્યો છે. અને ૧૯૫૭માં માર્ચ મહિનામાં જ આ નાનકડા પ્રદેશે એંગ્લો જોરડન કરારનો અંત લાવીને પોતાની વિમુકતિની જાહેરાત કરી છે.

અંગ્રેજી સામ્રાજ્યનું સીમા મથક, સાયપ્રસ

બીજા વિશ્વયુદ્ધ પહેલાંની અંગ્રેજી સામ્રાજ્યની સીમા દોરી ભૂમધ્ય સમુદ્રમાં થઇને સુએઝની નહેરમાંથી પસાર થઈને લાલસમુદ્રને પાર કરીને હીંદી મહાસાગરમાં પથરાતી હતી. આ સીમા દોરીનો પૂર્વ સ્તંભ જીબ્રાલ્ટર પર રોપાયો છે, મધ્યમાં માલ્ટા છે, અને પશ્ચિમ છેડા પરના ગ્રીક જમાનાના ગ્રાંસના સાયપ્રસ નામના ટાપુ પર અંગ્રેજી સીમાદોરીનો છેડો છે. આ ટાપુ પર, આ સામ્રાજ્યનો રણથંભ રોપાયો છે. સુંદર પર્વતમાળથી છવાયેલો આ પ્રદેશ સાડા ત્રણ લાખની વસ્તી ધરાવે છે. હાઇફા એનું બંદરગાહ છે, અને સુએઝના પ્રવેશ

દ્વારથી ઉત્તરે ત્રણસો માઇલ પર એ આવેલો છે. વાયુયાનવાળા વિશ્વમાં એ યુરોપ અને એશીયા વચ્ચેની કડી જેવો છે.

પ્રાચીન સમયમાં ગ્રીસનો આ ટાપુ, પછીથી ટરકીની શહેનશાહતનો પરાધીન બન્યો હતો. ઇ. સ. ૧૮૭૮ માં તુર્કસ્તાન પાસેથી અંગ્રેજી શાહીવાદે તેને પડાવી લીધો. ગ્રીકના આ ટાપુ પર અંગ્રેજી શાહીવાદ હવે સાડપાંચ લાખની પ્રજાને ગુલામ બનાવીને, જેમ પોર્ટુગલ, ગોવાને પોતાનો એક વિભાગ માને છે, જેમ ફ્રેંચ શાહીવાદ એલજીરીયાને પોતાના ફ્રાન્સના જ વિભાગ તરીકે ગણાવે છે, તેજ રીતે અંગ્રેજી શાહીવાદ પણ આ દ્વીપને બ્રિટનનો એક વિભાગ હોવાનું બેશરમ રીતે જાહેર કરે છે.

અંગ્રેજી શાહીવાદના અસ્ત પામતા સામ્રાજ્યનો આખરી સીમાસ્તંભ હોય તેવો પશ્ચિમ એશિયા પર પડછાયો નાખતો સાયપ્રસનો આ ટાપુ ઉભો છે. બ્રિટનને જ્યારે સુએઝ કેનાલના પ્રદેશમાંથી લશ્કરો ખસેડી લેવાં પડયાં ત્યારે તેને આ ટાપુપરની હકુમત જાળવી રાખવાની ખૂબ અગત્ય જણાઇ. ઇજીપ્ત પર પાછી કોઇ વાર ચડાઇ કરવી હોય તો પણ સાયપ્રસના મથકની જરૂરીયાત અંગ્રેજી શાહીવાદ માટે ઘણી મોટી હતી તે હમણાંજ પૂરવાર થઇ ગયું. પણ સાયપ્રસ પાસે પોતાની સંસ્કૃતિ છે અને ઇતિહાસ છે તેવો ખ્યાલ જગતને હજી હમણાં જ આવવા માંડયો છે. મહાસાગર પર તરતો કોઈ જમીનનો ટુકડો હોય તેવા આ દ્વિપ પાસે પોતાનો ઇતિહાસ અને સંસ્કૃતિ છે. તેના પર જીવતાં લોકોનો સંસ્કાર છે. સાયપ્રસના લોકોની વિભૂક્તિની લિલચાલે જગતને પોતાના અસ્તિત્વની સાક્ષી આપી છે. આ ટાપુ પર રહેતા લોકોની સંખ્યા પાંચ લાખની જ છે, અને તેમાં પચીસ ટકા જેટલો ભાગ ગ્રીક વસ્તીનો છે. આ પ્રદેશપર એ પ્રદેશને જીતવા આવેલાં આક્રમણોનાં પગલાં ઇ. સ. પૂર્વેથી પડવા માંડ્યાં હતાં. ગ્રીસના આ ટાપુ પર એકવાર ઇજીપ્તની શહેનશાહતનું, ઇરાની શહેનશાહતનું અને રોમન શહેનશાહતનું શાસન ચાલ્યું હતું. પછી એક ફ્રેંચ સામંતે એને જીતી લીધો અને ત્રણસો વર્ષ સુધી તેના પર ફ્રાન્સની શહેનશાહતનો ઝંડો ફરકયો. ઇ. સ. ૧૫૭૧માં ટર્કીનું ઓટોમન એમ્પાયર આ ટાપુનું વિજેતા બન્યું, અને એના પર અંધકાર છવાયો. ટર્કી પાસેથી અંગ્રેજી શાહીવાદે એને ૧૮૮૨માં પડાવી લીધો, ત્યાર પછી તરત જ અંગ્રેજી શાહીવાદે પશ્ચિમ એશિયાના પ્રદેશો પર પોતાનાં મથક સ્થાપવા માટે એના પર કબ્જો કરીને એલેકઝાન્ડ્રીયાના બંદરગાહનો દરવાજો ખોલ્યો. પછી એણે સુએઝ કેનાલ પર પોતાની હકુમત સ્થાપી. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરીકન શાહીવાદે પણ મધ્ય

પૂર્વના આ પ્રદેશો પર પોતાનાં થાણાંઓ નાખવા માંડ્યાં અને આ નાનકડા દ્વીપની અગત્ય પિછાણી. પણ સાયપ્રસે બીજા વિશ્વયુદ્ધ પછી જ અંગ્રેજી શાહીવાદે નહિ સાંભળેલી એવી વિમુક્તિની હાકલ કરી. સાયપ્રસની વિમુક્તિનું આ લડાયક સુત્ર "કરેંગે યા મરેંગે" જેવું "ઇનોસીસ" નામનું હતું. ઇનોસીસની આ વિમુક્તિની હાકલે આખા દ્વિપ પર આઝાદીની તમન્ના ફેલાવી દીધી. આ તમન્નાને સાયપ્રસની વિમુક્તિની હિલચાલે આખા ટાપુપર પોતાના લોહીના અક્ષરે લખવા માંડી. આ હિલચાલ તરફ, એટલે પોતાના જ દ્વિપ પ્રદેશ તરફ ગ્રીસે સહાનુભૂતિ જાહેર કરી. ગ્રીક રાષ્ટ્રોનો જ આ એક વિભાગ ગ્રીસના એથેન્સ નામના જ પાટનગર સાથે પોતાના જીવન વ્યવહારના સંસ્કાર સબંધથી આજે જોડાયેલો છે. ગ્રીક પાદરીઓ અને શિક્ષકો આજસુધી સાયપ્રસનાં ગ્રીક બાળકોને ભણાવતા હતા. એથેન્સની યુનિવર્સીટી સાયપ્રસની યુનિવર્સિટી હતી. એવા ગ્રીસના જ આ દ્વિપપ્રદેશ પર ઇ. સ. ૧૮૭૮ના જૂનના ચોથા દિવસે અંગ્રેજી શાહિવાદે ટર્કી પાસેથી આ ટાપુને પડાવી લીધો હતો. ત્યાર પછીના ૭૮ વર્ષ સુધીનો અંગ્રેજી કારભાર સાયપ્રસની પ્રજાપરની ગુલામીનો કારભાર હતો. આ કારભાર સામે ત્યાંની પ્રજાએ ઈ. સ. ૧૯૩૧થી પોતાની લડત શરૂ કરી.

એ દિવસથી સાયપ્રસ નામનો ટાપુ પોતાની વિમુક્તિની હિલચાલ તરફ પોતાની ધરતી પર પોતાના નૂતન ઇતિહાસની રચના કરવા માંડ્યો. આ ઇતિહાસનો યાદગાર દિવસ ૧૯૩૧ના ઓક્ટોબર મહિનામાં શરૂ થયો. આ દિવસે સાયપ્રસના પ્રજાજનોએ પોતાના પાટનગરમાં અંગ્રેજી શાહીવાદે નિમેલા ગવર્નરના રાજમહાલય ઉપર કુચ કરી અને તેને સળગાવી મૂક્યો. આ ટાપુ પર એ રીતે આઝાદીનો પહેલો પ્રકાશ દેખાયો. બીજા વિશ્વયુદ્ધના આરંભ સુધી અંગ્રેજી શાહીવાદે આ પ્રકાશને હોલવી નાખવા માટે એકધારૂં દમન ચાલુ રાખ્યું અને બીજા વિશ્વયુદ્ધના અંત પહેલાં ઇ. સ. ૧૯૪૩માં ચર્ચીલે આ ટાપુની મુલાકાત લીધી તથા તેને થોડા સુધારાઓ આપ્યા. ઇ. સ. ૧૯૪૬ માં સાયપ્રસની પ્રજાએ "ઇનોસીસ"નું એટલે સંપૂર્ણ આઝાદીનું પોતાનું ધ્યેય જાહેર કર્યું અને ત્યારથી તે આજસુધી આ ટાપુપરની વિમુક્તિની હિલચાલ વધારેને વધારે ઉગ્ર બની છે. આજે એક તરફથી જ્યારે અંગ્રેજી શાહીવાદ અને અમેરીકન શાહીવાદ મધ્યપૂર્વના તમામ પ્રદેશો પર પોતાનાં થાણાંઓ ઠોકી બેસાડવાનો પ્રયત્ન કરે છે ત્યારે આ ટાપુને પોતાના સંસ્થાન તરીકે ચાલુ રાખવાની જરૂરીયાત તેમને માટે ઘણી ગંભીર બની છે. પરંતુ તેની સાથે સાથે જ પોતાની વિમુક્તિ માટે પોતપોતાની લડતો શરૂ કરતા આખા મધ્ય

પૂર્વના રાષ્ટ્રોના સાથમાં સાયપ્રસની વિમુક્તિની લડતપણ ગંભીર અને ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે.

અંગ્રેજી શાહીવાદે આ ટાપુપર પોતાની પકડને ટકાવી રાખવાની લડાઈ સાયપ્રસની વિમુક્તિની હિલચાલ સામે શરૂ કરી દીધી છે. ઓંશીટકા જેટલી ગ્રીકવસ્તીવાળો આ ગ્રીસદેશનો પ્રાચીનદ્વીપ ભૂમધ્ય પરનું મથક છે. આ મથકને અંગ્રેજી શાહીવાદ બ્રિટનનો જ એક ભાગ ગણે છે. આ મથક આર્ચબિશપ મેકારીઓસની આગેવાની નીચે વિમુક્તિની લડતથી હચમચી ઉઠયો છે. ગ્રીસ દેશની પોતાના આ દ્વિપની વિમુક્તિ તરફ સંપૂર્ણ સહાનુભૂતિ છે. સાયપ્રસની વિમુક્તિની હિલચાલના આગેવાન મેકારીઓસ નામના એક આર્ચબીશપ અથવા ધર્મગુરૂ છે. આ આગેવાનને અંગ્રેજી શાહીવાદે દેશનિકાલ કરી દીધો છે.

મધ્યપૂર્વનો પુરાણો શાહીવાદી દોરી સંચાર, ટરકી

આ મધ્યપૂર્વની વિશાળ ધરતીમાંથી દુનિયાના તેલનો સાઠ ટકા જેટલો ભંડાર નિપજે છે. પશ્ચિમના શાહીવાદોનાં યંત્રોની ઝાપ આ મોળીલગેસ પર ટકી છે. ખાસ કરીને અંગ્રેજી શાહીવાદની રણગાડીઓએ આ તેલની શકિત વડે પોતાનાં લશ્કરોને આજ સુધી સજ્જ્યાં છે. આ તેલનાં મથકો પર આજે પણ અંગ્રેજી અને અમેરિકન શાહીવાદનો કબજો છે. મધ્યપૂર્વના નકશામાં આ યુદ્ધખોર શાહીવાદની પકડ નીચેના, આ ધરતી પરના પરાધીન પ્રદેશોમાં ટરકી પણ મૂખ્ય છે. આ ટરકીનો પ્રદેશ, એક જુનું એવું, બબ્બે વિશ્વયુદ્ધોથી ચાલતું આવેલું શાહીવાદી પકડ નીચેનું શાહીવાદનું યુદ્ધ મથક છે.

અંગ્રેજ અમરિકી શાહીવાદ ત્રીજા વિશ્વયુદ્ધની રચના માટે સાયપ્રસ પર પગ ગોઠવી રાખીને, ઈરાક અને ઈરાનમાંથી જગત પર સંહારનો સ્વાંગ ધરીને, પાકિસ્તાનથી આરંભ કરીને, અર્ધ ચંદ્રાકારનું, ટરકીના મધ્ય બિંદુવાળું યુદ્ધખોર રૂપ ધારણ કરી ચૂકયો છે.

આટલા માટે અમેરિકન શાહીવાદની યુદ્ધખોર આગેવાની નીચે અંગ્રેજી યુરોપીય શાહીવાદે અને ફ્રેંચ શાહીવાદે આ મધ્યપૂર્વના જગતમાં, ટરકીને નાટો નામના લશ્કરી કરારમાં, તથા ઇરાક અને ટરકીને બગદાદ કરાર (ઈ. સ. ૧૯૫૪) નામના લશ્કરી કરારમાં ઉતારી દીધા છે. આજે આ શાહીવાદી આક્રમણ ધટના આ મધ્યપૂર્વની ધરતી પર 'મીડલઇસ્ટ ટ્રીટી ઓરગેનીઝેશન' મોટા નામનો લશ્કરી કરાર પણ કરવા માગે છે. શાહીવાદી ધટનાએ આખી પૃથ્વી પર યુદ્ધખોર જૂથો રચ્યાં છે. એકવાર, આખા મધ્યપૂર્વને સૈકાઓ સુધી પોતાના સામ્રાજ્ય નીચે જકડી રાખનાર ટરકીની વરતી અઢીકરોડ જેટલી છે. કમાલ-

પાશાની સરમુખત્યારી નીચે એણે અર્વાચીન સજાવટ કરી છે. આજે આખા મધ્યપૂર્વ પરની વિમુક્તિની હિલચાલોને ખતમ કરી નાખનારાં તથા વિશ્વશાંતિને જોખમમાં મૂકી દેનારાં પશ્ચિમના શાહીવાદનાં, બધાં જૂથો અને લશ્કરી અને યુદ્ધખોર મંડળોમાં એ સભ્ય છે. પાકીસ્તાન, ઇરાક, અને ઈરાનને પોતાની યુદ્ધખોર આગેવાની નીચે લાવનાર અમેરિકન શાહીવાદનું આ સંસ્થાન જેવું. ટરકી નામનું મથક છે. મધ્યપૂર્વનાં રાષ્ટ્રોની વિમુક્તિ પર ઝઝુમતો ટરકી નામનો ભય પ્રદેશ, આજે આ પ્રદેશોની શાંતિને જોખમમાં મૂકી દેનારો નિવડયો છે. દુઃખ દરદ અને ગરીબાઈમાં ગળાડૂબ રહેવાનું પરિણામ એણે શાહીવાદી હકુમત નીચે પ્રાપ્ત કર્યું છે. આ રાષ્ટ્ર પર પ્રજાજીવનને કચડતો અમેરિકન શસ્ત્રોએ સર્જેલો અને શાહીવાદી તાલીમની કવાયત શિખેલો, પાંચલાખની સંખ્યાવાળો લશ્કરવાદ છે.

ટરકીથી ઈઝરાઇલ સુધી

અંગ્રેજ—ફ્રેંચ—અમેરિકન શાહીવાદની યુદ્ધખોર કાર્યવાહીના કરારમાં, લશ્કરી ઘટનાના જૂથમાં, અને વિશ્વશાંતિને જોખમમાં મૂકી દેનારી પશ્ચિમ એશિયા પર આવી પડેલી શાહીવાદી રચનાના પાયામાં પરોવાયલા, કમનસીબ પ્રદેશોમાં ટરકીનું નામ પહેલું છે. ટરકી, પાકીસ્તાન, ઈરાન, ઈરાક અને ઈઝરાલની ભૂમિ સુધીનો શાહીવાદનો ભયાનક ભરડો રચાઈ ચૂક્યો છે.

સાઉદી અરબસ્તાન

અથવા સાઉદી એરેબીયા જગતભરની મુસ્લીમ પ્રજાઓ માટે પૃથ્વી પરનો અતિ પવિત્ર પ્રદેશ છે. ઇસ્લામમાં ખલીફાના દરબારની 'અરેબીયન નાઇટ'સની જગવિખ્યાત વાર્તાઓનો પણ એજ પ્રદેશ છે. બાઇબલની દંતકથામાં આલેખાયેલા, અબ્રાહામના આ પ્રદેશ પર પૃથ્વી પરનો પહેલો પ્રકાશ શરૂ થયો. આ પ્રદેશમાં ઉભેલાં બાઇબિલનાં આદમ અને ઈવ જ્ઞાનનું ફળ ચાખતાં હતાં, અને કુદરતના ખોળામાંથી ઉછરેલા અજ્ઞાનને ફગાવી દઈને નિષેધાયલાનું અવલોકન કરવાનું પાપ કરતાં હતાં. આવી દંતકથાઓમાં જ જીવતા આ વિશ્વઇતિહાસના પુરાતન પ્રદેશને મહમદ પયગંબરે, ઉઠવાનો સંદેશ દીધો હતો અને પાઘડીઓ બાંધેલા ભરવાડ માનવો, ઊંટની વણઝારો સજીને ઇસ્લામનો ઉદ્‌ઘોષ કરતા અહીંથી જ નીકળી ચૂકયા હતા.

પછી તો સૈકાઓ વહી ગયા. જગત પર અંધારો યુગ આવ્યો અને ગયો. જેને યુરોપને, પૂર્વના પ્રદેશોની મહાન સંસ્કૃતિ, અને વિદ્યાઓનો વારસો આપીને ઈસ્લોમે ઉઠાડયું હતું તે જ યુરોપ, હવે નવા ઉદ્યોગનું રૂપ સજીને આ

આરબ જગતને આરે આવી પહોંચ્યું હતું અને ગાઢ નિદ્રામાં પડેલા આ અરબી જગતને ઢંઢોળી નાખતું હતું. આ આરબ જગતનો, સાઉદી અરેબીયા નામનો પ્રદેશ લાલ સમુદ્રથી ઇરાની અખાત સુધી લંબાયેલો મોટો દ્વિપકલ્પ છે. એની ઉત્તરે ઇરાક અને જોરડન છે, તથા આ આરબ જગતની આસપાસ અંગ્રેજી શાહીવાદે પડાવેલા, અને અંગ્રેજી હિતોથી વણી લીધેલા, પ્રદેશો છે. ઇરાનના અખાતને આરે આરે આવેલા તથા અરબી સમુદ્રની કિનારી પર છવાયલા અંગ્રેજી શાહીવાદી હકુમતને, વાલીપણા નીચે રક્ષિત પ્રદેશો તરીકે મળેલા આ પ્રદેશો, કુવાત, બેહરીન, કાતાર. ટ્રુશિયલઓમાન, ઓમાની, મુસ્કાત તથા ઓડન, નામના પ્રદેશો છે. આ ઓડનની પાસે જ યમન, નામનો એક પ્રદેશ છે. સાઉદી અરબસ્તાનનાજ આ એક વિભાગ જેવા પ્રદેશ પાસેથી ઓડન પરનો અધિકાર, અંગ્રેજી શાહીવાદે લઈ લીધો છે. આ એડને હવે અંગ્રેજી વાલીપણાની પકડમાંથી મુક્ત બનવાની માગણી કરીને યમન સાથે જોડાઈ જવાની હિલચાલ શરૂ કરી છે.

વહાબી હિલચાલ

સાઉદી અરેબીયા આવું જાણે એક જગતજ છે. આ જગતને ઇબ્નસાઉદ નામના એક ધર્મ સુધારક યોદ્ધાએ ઢંઢોળીને હમણાંજ પહેલા વિશ્વયુદ્ધ પછી ઉઠાડી દીધું. આ ઇબ્ન, મહમદ વાહબ નામના એક ઇસ્લામિક, માર્ટીનલ્યુથર જેવા ધર્મ સુધારકનો અનુયાયી હતો. આ વાહબે આ રણ પ્રદેશ પર ઇસ્લામને સુધરવાની રણ હાકલ ગાજતી કરી. આ વાહબ હિલચાલે, હાશિમાઈટ જેવી ધર્મ આગેવાનોની, શાહીવાદી પ્યાદાઓ બનેલી, યુરોપની ગુલામી નીચે માથાં ઝુકાવતી જગોને પદભ્રષ્ટ કરી દીધી. અંગ્રેજોએ સાચવેલી આ જમીનદારી જડોને, ઇ. સ. ૧૯૨૪ માં વાહબી હિલચાલના આગેવાન ઇબ્ન સાઉદે ઉખેડી નાખીને, આ સુધારક હિલચાલે, મક્કા અને મદીનામાંથી વેશ્યાવૃત્તિના અખાડાઓને નામશૂન કરી નાખ્યા. રોકાઓ સુધી નહીં દેખાયેલી એવી સુધારક હિલચાલ આ રણ પ્રદેશ પર ગાજી ઉઠી. આ હિલચાલની શાળાની અગ્નિ પરિક્ષાઓ નીચે ઇબ્ને પોતાના દીકરાને જીવનવ્યવહારના કઠણ પાઠ શિખવ્યા અને એ મરણ પામ્યો ત્યારે, આ રણ પ્રદેશ પર પંચાવન વરસની ઉંમરે એનો દીકરો રાજા, સાઉદ, ઇબ્ન, અબ્દુલ અઝિઝનું નામ ધારણ કરીને આ પ્રદેશનો રાજા બન્યો.

સાઉદી એરેબીયાનું અંદર અને બહારનું રાજકારણ.

રાજા સાઉદ, ઇબ્ન, અઝિઝને, રાજવહિવટ ધારણ કર્યે હજુ ત્રણ વરસ જ વિત્યાં છે. આ પ્રદેશપર ઇસ્લામની લોકશાહીના એ સર્વોધિકારી

રાજાને, અહીં વહેતી રહેતી, વણઝારોની બનેલી વસ્તીવાળાં ગ્રામ ઘટકોની પંચાયતો રોજ મળતી હોય છે. જીવનની ઘટનામાં જ રચી દેવાયેલી ઇસ્લામની આ લોકશાહીનાં શેરીકની આગેવાની નીચેનાં મંડળોની બેઠકો અહીં મળ્યા કરતી હોય છે. રણુવેરાનની વસાહતોપરની આ પાર્લામેન્ટોની જાણે બેઠકો ભરાયા કરે છે. આ બેઠકોનો સૌથી મોટો આગેવાન, ઇબ્ન, અઝિઝ છે તથા ઇસ્લામના ઉદયથી મહમદે દીધેલી જીવન સંસર્ગની સાદાઈ, ઉપરથી નીચે સુધીની, મજલિસોમાં વણાઇ ચૂકેલી છે. ઇબ્નસાઉદે પાડેલા ચીલા પર આ નવો રાજા આરબ ભૂમિપરના જીવનવહિવટની આગેવાની ધારણ કરી ચૂકયો છે. આજે એની સામે અનેક સવાલો, જવાબ માગતા ઉભા છે. આ અનેક સવાલો પાછળ સૌથી મોટો એક સવાલ છે. આ એક સવાલ, નૂતન જગતનો અને નૂતન સંસ્કૃતિનો સવાલ છે. આ સવાલ આરબભૂમિપર આવી ચૂકયો છે. આ સવાલ સાથે જ લાલ સમુદ્રપરના એના જીડા બંદરમાં નૂતન સંસ્કૃતિની સ્ટીમરો લંગરાય છે, તથા ટ્રેકટરો જમીન પર ફરવા માંડ્યાં છે. ઇ. સ. ૧૯૫૨ થી અહીં રેલ્વે દોડવા માંડી છે અને વણઝારો પર જતાં યાત્રીઓ હવે, મોટર લોરીઓમાં મક્કા પહોંચે છે, તથા જીડા બંદરથી ઇજીપ્તના પાટનગર કૈરો સુધી વિમાની વ્યવહાર ચોન્દાઈ ગયો છે. બહરામના એનામથક પર તેલના કુવાઓ ખોદનારી " આરામકો " નામની અમેરિકન કંપનીના વસવાટ પણ ચાલુ થઈ ગયા છે. આ કંપનીએ આ મથક પર મોટાં મોંબરો ઉતરી શકે તેવું વિમાની મથક પણ બાંધી દીધું છે. અમેરિકન શાહીવાદી માલીકીની, આ, અરેબીયન ઓઇલ કંપની તેલ ઉલેચે છે અને તેમાંથી રાજા સાઉદ ઇબ્ન અઝિઝને મળતો ભાગ દરવરસે, પાંચસો લાખ ડોલરની આવકનો છે. આરબ ધરતીપરની આ કંપની અને રાજા બન્ને, અંદરની તેલની દોલતના અસમાન એવા ભાગીદારો છે.

નૂતન જગતના રાજકારણે અને અર્થકારણે, અમેરિકન ઓઇલ કંપનીનો અને ઇસ્લામિક, રાજાનો રાજકીય વહિવટ એકમેકની અડોઅડ લાવી દીધો છે. એક હજાર વરસ સુધી ઇતિહાસના તખ્તાપરથી અલોપ બની ગએલો આ રણપ્રદેશ તેલના અનંત ભંડારોનો હિસ્સો ધારણ કરીને આજે નૂતન દુનિયાના રાજકારણમાં પ્રવેશે છે. ઇ. સ. ૧૯૩૮ થી શરૂ થએલા આ રાજકીય અને આર્થિક જીવનના સંસર્ગમાં રાજા સાઉદે, અમેરિકન શાહીવાદની શેતરંજને પોતાના રાજવહીવટની અંદરના દોરીસંચારવાળી દરમ્યાનગીરીમાંથી દૂર રાખવાનો પ્રયત્ન કર્યા કર્યો છે.

પરન્તુ આ શાહીવાદી પકડમાંથી બચી જવાના અર્થકારણનું રૂપ નૂતન ઉદ્યોગ ઘટનાની પોતાના પ્રદેશપર રચના કરવામાં છે. વિમુક્તિના નૂતન રાજકારણની રચનાને શાહીવાદી લશ્કરી જૂથોમાંથી દૂર રાખીને જ તથા શાહીવાદી રીતરસમને પોતાને ત્યાંથી ટાળીને જ, એશિયા આફ્રિકાનાં વિમુક્ત અને શાંતિચાહક રાષ્ટ્રોની સાથીદારી ટકાવી રાખી શકાશે તેવી સમજણ સાથે તે બાબતની ગંભીર જવાબદારી રાજ્ય સાઉદે આજે ધારણ કરી છે.

આ જવાબદારીને અદા નહીં કરી શકેલાં, પાકીસ્તાન, ઇરાક, તથા ટર્કી અને ઇઝરાઇલ જેવાં રાષ્ટ્રોની કેવી બેહાલ થવા માંડી છે તે બાબત નજર સામે દેખતો, આ રણપ્રદેશ, પોતાનું રાજકારણ ખૂબ સાવધાન પણે ચલાવવા માંડયો છે. આ મહાન એવા પ્રાચીન આરબપ્રદેશની આસપાસ, આજે બગદાદ કરાર નામનો અંગ્રેજી શાહીવાદનો યુદ્ધખોર ભરડો નંખાઈ ગયો છે. આ ભરડાનું પાટનગર ઈરાકનું બગદાદ બન્યું છે. આ લશ્કરી વ્યૂહનું યુદ્ધખોર સ્વરૂપ, કરોળીયાની ભીંસ જેવી, દરમ્યાનગીરીની ફાચરો, મધ્યપૂર્વની દુનિયામાં ઘોંચાવા માંડી છે. જગતના શાહીવાદી વ્યૂહનો આ અંકોડો, આજે પાકીસ્તાનનો વહિવટ હાથમાં લઈને, મધ્યપૂર્વમાં અને એશિયા પરના મહાન દેશ ભારતપર યુદ્ધનાં વાદળ જમાવવા માંડયો છે.

લેબેનોનનો ઇતિહાસ

પ્રાચીન ઇતિહાસના ફીનીશ્યન સમયમાંથી પસાર થયા પછી અને ટર્કીશ હકુમતના ઓટોમન શાસનમાં તવાયા પછી, ઈ. સ. ૧૮૬૦ માં લેબેનોનના ઇતિહાસનું પ્રકરણ, લખાયું. આ પ્રકરણમાં આ પ્રદેશ ફ્રેંચશાહીવાદનું સંસ્થાન બન્યું અને પહેલા વિશ્વયુદ્ધ પછી જ એનું નામ, એ નાનકડા પ્રદેશની બહાર સંભળાયું કે લેબેનોન, જે સીરીયાનો જ એક ભાગ છે તેને, ફ્રેંચ સરકારના વાલીપણા નીચે ફ્રેંચ પ્રોટેકટોરેટ તરીકે સોંપવામા આવે છે. ફ્રેંચશાહીવાદે પોતાને સોંપાયલા આ રક્ષિત-પ્રદેશને, ખ્રિસ્તી સ્વરૂપમાં ઘડવા માંડયો તથા, નજીદીકના સીરીયાની ઇસ્લામિક અસરવડે તે બગડે નહીં તેની કાળજી રાખવા માંડી. પછી બીજું વિશ્વયુદ્ધ આવ્યું. ફ્રેંચસરકારનું પતન થયું અને લેબેનોને પોતાને વિમુક્ત રાષ્ટ્ર તરીકે જાહેર કર્યો. અત્યાર સુધીમાં આ પ્રદેશની ફળદ્રુપતાને લીધે ફ્રાન્સમાંથી અહીં સારા પ્રમાણમાં વસવાટ થઈ ચૂકયો હતો. લેબેનોનના પાટનગર બીરૂતની ગોરીવસાહત ફ્રાન્સ તરફ લાગણી બતાવતી હતી તથા, આઝાદ બનેલા લેબેનોનના પાટનગરમાં પેલી લાગણીને લીધે જ, ઈ. સ. ૧૯૪૧ના જાન્યુઆરીની ૪ થીએ ફ્રાન્સના ઝંડા જેવો ત્રિરંગી ફરકા-

વવામાં આવ્યો હતો. પછી તરત જ આ પ્રદેશપર અંગ્રેજી અને અમેરિકી રહેમનજર પથરાવા માંડી. આ પ્રદેશના પાટનગરમાં આ બન્ને શાહીવાદે, આર્થિક મદદ કરવા માંડી. આ પ્રદેશપરથી જ ઈરાકમાંથી ઉલેચાતા તેલની પાઇપ લાઇનનો છેડો, આ લેબેનોનના બંદર ત્રિપોલી આગળથી જ પુરો થાય છે. અહીં આગળ અંગ્રેજી માલીકીની પેટ્રોલીયમ કંપનીની રીફાઇનરી નંખાઈ છે.

આજે આ લેબેનોનનો પ્રદેશ જ એવો એક આરબ પ્રદેશ છે કે જ્યાંની પંદર લાખની વસ્તુમાં મુસ્લીમ પ્રજા લઘુમતીમાં છે અને ખ્રિસ્તીઓની સંખ્યા મુસ્લીમ કરતાં થોડીક વધારે છે. આ ઉપરાંતના ખ્રિસ્તી લેબેનોનીઅનો,ની, દશલાખ જેટલી સંખ્યા અમેરિકા, અને દક્ષિણ અમેરિકન રાજ્યોમાં વસે છે. આ પ્રદેશના લોકશાસનની પાર્લામેન્ટની ચુંટણી કરવાનો મતાધિકાર, સમાન રીતે અહીં સૌને મળ્યો છે પરન્તુ, અમેરિકામાં, એટલે લેબેનોનની બહાર વસતાં દશલાખ જેટલાં લેબેનોનીઅનોને પણ, અમેરિકન શાહીવાદના દોરીસંચારવડે, લેબેનોનની પારલામેન્ટને ચૂંટવાનો અધિકાર મળ્યો છે.

છતાં પણ, મુક્ત એવા આ નાનકડા રાષ્ટ્રે શાહીવાદી લશ્કરી જૂથના યુદ્ધખોર સાણસામાં પોતાની જાતને પકડાવા દેવાનો સાફ ઇન્કાર કર્યો છે. અંગ્રેજી શાહીવાદનાં અનેક દબાણોનો સામનો કરીને, આ આરબ ધરતી-પરના પ્રદેશે, બગદાદ કરાર નામના શાહીવાદી ભરડામાંથી પોતાની જાતને બહાર રાખીને તેના સભ્ય બનવાનો ઇન્કાર કર્યો છે. આ ઉપરાંત એણે આ આરબ પ્રદેશની આરબલીગ નામની સંસ્થાના સભ્યપદને પણ જાળવી રાખ્યું છે તથા આરબપ્રદેશોની એકતા તથા એ પ્રદેશોની વિમુક્તિની હિલચાલોની સાથી-દારી કરતા આરબલીગની રાજકીય સમિતિનું પણ લેબેનોન સભ્ય બની શકયું છે.

સીરીયા; આરબ વિમુક્તિનો ચોકીદાર

મધ્યપૂર્વના અનેક પ્રદેશો જાણે એક અને અભંગ આરબદેશ છે એ સૌનો એકજ ઇતિહાસ, એક અને અભંગ ભૂગોળ, તથા એક સંસ્કૃતિનો જીવનવહીવટ તેમણે રોકાઓથી ધારણ કરી રાખ્યો છે. આ જીવનવહિવટને અંદરથી કોરીખાતા શાહીવાદી શોષક વ્યવહારે તેમને એક અને અભંગ ગુલામીની શૃંખલામાં જકડી લીધા હતા. આજે આ ગુલામીના આંકોડા તૂટતા જાય છે ત્યારે, વિમુક્તિની આરબ હિલચાલના પિતા જેવો, નાનકડો પ્રદેશ સીરીયા, નૂતન ગૌરવની ગંભીરતાને ધારણ કરી રહ્યો છે.

આ પ્રદેશ યુરોપ એશિયા અને આફ્રિકાની વચ્ચે આવેલો છે એટલે પ્રાચીન સમયથી જગત જીતવા નીકળેલા બધા વિજેતાઓ આ મોખરાની ભૂમિને

સૌથી પહેલી પરાધીન બનાવતા હતા. આવા વિજેતાઓની અંદર અંદરની ઉગ્ર હરિફાઇઓ અહીં જન્મતી હતી. આ ધરતીના ધણિ બનવા માટે જૂના જગતમાં એસીરીયા અને ઇજીપ્ત, બાયઝન્ટીયમ અને ઇરાનનાં સામ્રાજ્યો યુધ્ધે ચડયાં હતાં અને સિકંદરે જગત જીતવા નીકળતા પહેલાં આ ભૂમિપર પોતાનો પહેલો રણ-મોરચો રોપ્યો હતો. પછી આ ભૂમિ ઓટોમન એમ્પાયરની ચાર સૌકાઓ સુધી પરાધીન રહી હતી. પછી યુરોપનો શાહીવાદ જગતને જીતી ચૂકયો અને પહેલું વિશ્વ યુદ્ધ લડવા માટે નીકળી પડયો ત્યારે આ ભૂમિને અરધી અરધી વહેંચી લેવા માટે અંગ્રેજ–ફ્રેંચ શાહીવાદે " સીકીસ–પીકોટ " કરાર નામનો ખાનગી કરાર કર્યો હતો. લુટારૂઓએ કરેલી આ ખાનગી યોજના પ્રમાણે વિશ્વ યુદ્ધ પછી તરતજ સીરીયા અને લેબેનોન પર ફ્રેંચ શાહીવાદને ' મેન્ડેટ ' આપવામાં આવ્યો.

પરન્તુ વિશ્વઈતિહાસનું જનપરિબળ આ વિશ્વયુદ્ધ પછી વિમુક્તિની હિલ-ચાલનું આરંભનું આંદોલન જન્માવતું હતું. એટલે આવાં ખાનગી કરારનામાંનાં કાગળીયાં કચરાની ટોપલીમાં નખાઇ જવાનાં હતાં. શાહીવાદની જગતભર ઉપર જકડાયેલી શંખલાનો એક અંકોડો વિશ્વયુદ્ધના ઉપસંહારમાંજ રશિયાની સામાજિક ક્રાન્તિએ તોડી નાખ્યો તથા શાહીવાદી ઘટનાના શરીરના એકએક અંકોડા હવે તૂટવાની આંતરરાષ્ટ્રિય કાર્યવાહીની શકયતાની સીરીયાએ પણ ઈતિહાસની આ નૂતન કાર્યવાહીનો આરંભ પોતાને ત્યાં, કરીને ઇ. સ. ૧૯૨૫માં વિશ્વઇતિહાસમાં પોતાનું નામ નોંધાવી દીધું.


સીરીયાની વિમુક્તિના નૂતન ઇતિહાસના ગૌરવ જેવો એ ઇતિહાસના આરંભથી જન્મ પામેલી ઈતિહાસની ઊર્જાવળ રેખાઓમાં ઓતપ્રોત બનેલો, શુક્રી–અલ–કુવાતલી નામનો સીરીયાનો પ્રમુખ છે તથા આરબ વિમુક્તિની હિલચાલનો એ પિતા છે.

શુક્રી–અલ–કુવાતલી, ઇ. સ. ૧૮૯૧ માં સીરીયાના પાટનગર દામાસકસમાં જનમ્યો. દામાસકસ અને ઇસ્તંબુલમાં શિક્ષણ પામીને ઈ. સ. ૧૯૩૦ થી એના જીવનની રેખાઓ આરબ મુક્તિની હિલચાલ સાથે એકમય બની. પહેલા વિશ્વયુદ્ધ પછી તરતજ આરબ વિમુક્તિનાં ભોમભિતર મંડળો સીરીયામાં બંધાવા માંડયાં. સીરીયા પરની ફ્રેંચ શાહીવાદી હકુમતે, કુવાતલી તથા એના સાથીદારો સામે દેહાંત દંડની શિક્ષા જાહેર કરી. ઈ. સ. ૧૯૨૪ માં ફ્રેંચસરકારે સીરીયાને સુધારા એનાયત કર્યા, અને કુવાતલી પરની દેહાંત દંડની શિક્ષા પાછી ખેંચી લીધી. નવી સરકારમાં કુવાતલી પ્રધાનપદે ચૂંટાયો, પછી બીજું વિશ્વયુદ્ધ આવ્યું. કુવાતલીના રાષ્ટ્રિય પક્ષે ત્યારપછી સંપૂર્ણ આઝાદીની જાહેરાત કરી. આઝાદીની

લડતને કચડી નાખવા, ફ્રેંચ લશ્કરો આવ્યાં પણ પરાજય પામીને પાછાં ગયાં. ઈ.સ. ૧૯૪૩ માં સીરીયામાં ચૂંટણી થઇ અને વિમુક્ત સીરીયાનો પહેલો પ્રમુખ અલ-કુવાતઅલી ચૂંટાયો. ઇ. સ. ૧૯૫૫ ના જુલાઇની ચુંટણીમાં પણ અલ-કુવાતલી રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયો, તથા આજે સીરીયાની વિમુક્તિના આ પિતાને ગંભીર કટોકટિવાળા મધ્યપૂર્વના સમયે વિમુક્તિનું, રક્ષણ કરવાની યુગ-પ્રવર્તક ફરજ સોંપી છે.

મધ્યપૂર્વની વિમુક્તિના બે બાંધવ રાષ્ટ્રો; ઇજીપ્ત અને સીરીયા

ઇ. સ. ૧૯૫૬ ની નાતાલમાં અંગ્રેજી-ફ્રેંચ શાહીવાદી સરકારો એ આંતરરાષ્ટ્રિસંઘનાં બધાં ખતપત્રોનો ભંગ કરી નાખીને, ઇજીપ્તે રાષ્ટ્રીયકરણ



કરેલી સુએઝની નહેરપર લશ્કરી કબજો કરી લેવા તથા ઇજીપ્તની આઝાદીને રગદોળી નાખવા, કેરોનગરપર આક્રમણ કર્યું. એજ સમયે બરાબર અગાઉથી નક્કી થયા પ્રમાણે અમેરિકન શાહીવાદના શસ્ત્રસાજથી તૈયાર એવી ઇઝરાઇલની સરકારે પણ ઇજીપ્તપર આક્રમણ કર્યું. જગત આખું આઘાત પામી ગયું. જગતનો લોકમત કકળાટ કરી ઉઠ્યો. ઇજીપ્તપર ઉમટેલા આ આક્રમણના યુદ્ધને એકદમ અટકાવી દેવા નહીં તો વિનાશ માટે તૈયાર રહેવાનું આખરીનામું રશિયાએ પેલા ત્રણે આક્રમણખોરો પર પેશ કર્યું, અને પોતાના વિનાશથી ભય-ભીત બનેલા આક્રમણખોરોએ યુદ્ધ અટકાવવાનું કબુલ કર્યું.

જગતની નીતિમત્તાને હચમચાવી નાખનારો અંગ્રેજ ફ્રેંચ શાહીવાદે કરેલા નગ્ન આક્રમણનો આ બનાવ, મધ્યપૂર્વના તમામ પ્રદેશોપર પોતાની હકુમત ઠોકી

બેસાડવા માટેનો હતો. આ આક્રમણની કાવતરાખોર યોજનાની બીજી પાંખ સીરીયાનું પણ એક સાથેજ પતન કરી નાખવાની યોજના બની ચૂકી હતી. ઇજીપ્તપર મંડાઈ ચૂકેલા આ આક્રમક યુદ્ધનો પરાજય તરતજ ન થયો હોતતો આ આક્રમણની બીજી પાંખ સીરીયાપર તૂટી પડવાની જ હતી. સીરીયાપર થનારા આ આક્રમણની રચના પ્રમાણે અંગ્રેજી ફ્રેંચ શાહીવાદે ઇરાક મારફત ઉતારેલાં શસ્ત્રો સાથે, એક વખતના સીરીયાનો સરમુખત્યાર જે વિમુક્તિ પછી ભાગી ગયો હતો તથા ફ્રાન્સમાં સચવાઇ રહ્યો હતો તે, શીશાકલી, અંગ્રેજી જહાજમાં બેસીને સીરીયાના કિનારાપર પહોંચી ગયો હતો. પછી નક્કી થયા પ્રમાણે સીરીયાની સરકારના આગેવાનોમાં ખૂન થઇ જવાનાં હતાં તથા, દામાસકસમાં અંધાધૂંધી ફેલાવી દઇને તરતજ યોજના પ્રમાણેનાં અંગ્રેજી ફ્રેંચ શાહીવાદી લશ્કરો ઇરાકમાંથી કૂચ કરવાનાં હતાં. પરન્તુ મધ્યપૂર્વની વિમુક્તિની હિલચાલ પરનું આ આક્રમણ ઇજીપ્તમાંથી પાછું પડયું અને સીરીયાનું પતન કરવા માટે ઇઝરાઇલ અને ઇરાકમાંથી, અંગ્રેજ–ફ્રેંચ અમરિકી યોજનાઓ આગળ વધે તે પહેલાં સીરીયાની વિમુક્તિની સરકારે, બગદાદ કરારમાંથી આવવાનો આક્રમક ભરડો પોતાને ત્યાંના કાવતરાખોરોને પકડી પાડીને અટકાવી દીધો. મધ્યપૂર્વનો સંહાર શરૂ કરીને ઇ. સ. ૧૯૫૭ની નાતાલને ઊજવવાની શાહીવાદી ઘટનાની યોજના નિષ્ફળ નિવડી તથા, ઇ. સ. ૧૯૫૭ ના આરંભમાં સીરીયન સરકારની મીનીસ્ટ્રીના ટ્રીબ્યુનલે, શાહીવાદના મુકાદમો પર મુકદ્દમો માંડયો, એણે બાર કાવતરાખોરોને દેહાંતદંડની શિક્ષા કરી પરન્તુ આ શિક્ષાના અમલમાંથી શિસાકલી તથા બીજા કેટલાકો, શાહાવાદની મદદ વડે ભાગી જઇ શકયા.

આ રીતે આજસુધી, મધ્યપૂર્વના આ બેરાષ્ટ્રબાંધવો, મધ્યપૂર્વની આખી આરબ દુનિયાની વિમુક્તિના અગ્રગામીઓ બન્યા છે. મધ્યપૂર્વની દુનિયામાંથી મરણ પામતી શાહીવાદી શોષક ઘટનાઓના આ આખરી પછાડાની સામે બે રાષ્ટ્રો મક્કમતાથી ઉભા રહ્યા છે. એશિયા અને આફ્રિકાના માનવસમુદાયો આ બે ભરૂસાંધ તરફ માનની દૃષ્ટિએ દેખે છે તથા, આ બન્ને ખંડનો લોકમત આ બે રાષ્ટ્રોનું માન કરે છે. મધ્યપૂર્વનો નવો ઇતિહાસ આ, બે પ્રાચીન રાષ્ટ્રોમાંથી ઉભો થાય છે. આ બે મહાન રાષ્ટ્રો પાસે, અતિપ્રાચીન એવા પોતાના જીવતરના ઐતિહાસિક સીમાસ્તંભો છે. વિશ્વઇતિહાસમાં આજે અખંડ એવા ગૌરવનું સ્થાપન આ બન્ને રાષ્ટ્રો કરતા દેખાય છે તથા, એશિયા અને આફ્રિકાના ઉત્થાનના આગેવાન, તેઓ બની ચૂકયા છે.


૩૯. વિશ્વ ઇતિહાસનું સરવૈયું, વિશ્વ શાંતિ કે વિશ્વસંહાર!

[સંસ્કૃતિની ઉધારબાજુ, ભૂખમરો, રોગચાળો, અને યુદ્ધો —યુદ્ધનાબુદીની શુભેચ્છાઓના આગેવાનો—યુદ્ધના પરિતાપનું પ્રાયશ્ચિત—વિશ્વશાંતિની અને વિશ્વયુદ્ધની સંસ્થાઓ—બીજા વિશ્વ યુદ્ધના અંતમાં જ સંસ્થાનો શોધતો અમેરિકન શાહીવાદ—અમેરિકાનો વિશ્વ વિજયનો સ્લોગનો વ્યૂહ—વિશ્વવિજયની યુદ્ધ રચનાની વ્યાપકતા—સીએટોમાં સિઆમ અને પાકિસ્તાન—અદ્રષ્ટ સામ્રાજ્યનું આક્રમણરૂપ—એશિયાપરનું અમેરિકન આક્રમણ—જાપાન પરનો શાંતિ કરાર નામનો યુદ્ધ કરાર—ચીન પરનો યુદ્ધ રચનાનો પહેલો મોરચો, ફોરમોસા—ચીન પરના આક્રમણનો બીજો મોરચો, કોરીયા–એશિયા પરનો યુદ્ધખોર ભરડો, સીટો—મધ્યપૂર્વ પરનો યુદ્ધખોર કરાર, બગદાદ કરાર—શાહીવાદી ઘટનાનું મધ્યપૂર્વ પરનું રાજકારણ—ઇજીપ્તે કરેલું પંચશિલમનું શિલારોપણ—અમેરિકન શાહીવાદની આઇઝનહોવર ડોકટ્રીનની કાર્યવાહી—ભારતીય વિમુક્તિની કસોટી, કાશ્મીરનો સવાલ—વિશ્વયુદ્ધ એટલે વિશ્વ સંહાર—વિશ્વશાંતિ કે વિશ્વવિપ્લવ—વિશ્વશાંતિનાં વિમુક્ત રાષ્ટ્રોનો સમારંભ—રાષ્ટ્રવિમુક્તિનાં નૂતન પાત્રો—વિશ્વશાંતિનું આફ્રિકન પરિબળ—વિશ્વશાંતિનું શિલ, પંચ શિલમ્]

સંસ્કૃતિની ઉધાર બાજુ, ભખમરો, યુદ્ધો અને રોગચાળો

જગતની સંસ્કૃતિની શરૂઆતથી તે આજસુધીમાં, સંસ્કૃતિની ઉધાર બાજુ હજુ જોઇએ તેટલી ઓછી થઇ નથી. યંત્રો અને ઔદ્યોગિક ઉત્પાદનોએ માનવ જાતની સુખ સગવડો ઘણી વધારી મૂકી છે, છતાં તેની માનવકલ્યાણકારી વહેંચણી અથવા ન્યાયસમતા ભરેલું તેનું વિતરણ હજુ થયું નથી. જગતના બે મહાનખંડો, એશિયા અને આફ્રિકા હજુ હમણાં જ પગભર બનવા માંડ્યા છે, તથા પોતાના માનવ સમુદાયો માટે ઔદ્યોગિક ઉત્પાદન અને જીવન વહીવટની રચનાની નૂતન યોજનાઓ આરંભવા માંડયા છે. ત્યારે પણ આ બન્ને ખંડ પર વસતા વિરાટ એવા માનવ સમુદાયોને, તેમની જૂગજૂની ગરીબાઇમાં ભૂખમરામાં અને ગુલામીમાં પાછા ધસડી જવાના બધા દોરી સંચાર તથા કાવતરાંઓ, જગતની શાહીવાદી ઘટના તરફથી યોજ્યા કરવામાં આવે છે.

આ માનવસમુદાયો યુરોપ અને અમેરિકાના માનવસમુદાયોની સાથે જગત-ભરનો માનવજાતની એક ઇચ્છા શાંતિ માટેની સૌ જબાનાઓમાં કાયમ રહી



છે. પણ આ ઇચ્છાનો અમલ કરવાનું એકે સાધન આજસુધી જગતની માનવ-જાત પાસે હતું જ નહીં તથા, તેમના પર શાસન કરતાં, વર્ગીય અધિકારના સમાજના ઉપલાથરોના શાસકોએ તેમનો અનેક યુદ્ધોમાં આજસુધી સંહાર કર્યા જ કર્યો છે. આ સંહાર કરનારાં યુદ્ધો અને ગરીબાઇની પાછળ આવતા અનીવાર્ય પડછાયા જેવા રોગચાળાઓએ આજસુધીમાં કરોડો માનવોને ભરખી ખાધાં છે. આજ સુધીમાં વિજ્ઞાનની મદદ વડે અનેક અસાધ્ય રોગો સાધ્ય બન્યા હોવા છતાં, તથા આરોગ્યનાં સાધનો અને ઉપચારો વ્યાપક બન્યાં હોવા છતાં, રોગચાળાનો સંહાર ઓછો નથી. પહેલા વિશ્વયુદ્ધ પછી અને યુદ્ધ દરમ્યાન, લાખો માનવો ઇનફ્લુએન્ઝા અને ટાઇફસથી મરણ પામ્યાં હતાં. એ યુદ્ધ પહેલાં, ફ્રાંકો પ્રશિયન યુદ્ધમાં, જરમનીએ ફ્રાન્સનો પરાજય કર્યો ત્યાર પછી ત્યાંના ૧૨૬,૦૦૦માણસો કોલેરાથી મરણ પામી ગયાં હતાં, અને તે પહેલાં, ઓસ્ટ્રીયા અને પ્રશિયાના યુદ્ધ પછી લાખો માણસો કોલેરામાં મરણ પામ્યાં હતાં. અમેરિકન આંતરવિગ્રહ થયો ત્યાર પછી પણ યુદ્ધમાં મરાયેલાં માણસો કરતાં ચારગણાં વધારે માણસો બીજે જ વરસે રોગચાળાથી મરણ પામી ગયાં હતાં. પહેલા વિશ્વયુદ્ધમાં લડવા જતી વેળાએ અંગ્રેજી દવાખાનાંઓમાં નોકા ખાતાના બે હજાર, સૈનિકો બિમાર પડેલા હતા પરન્તુ યુદ્ધ પુરું થયા પછી

આ સૈનિકોની બિમારસંખ્યા પહેલા જ વરસમાં ૩૩૩,૦૦૦નો થઇ ગઇ હતી. વિશ્વઇતિહાસની આજની તારીખે સંસ્કૃતિએ પોતાની આ ઉધાર આજુને પણ આપણા અભ્યાસ માટે તોંધી છે. માનવ જાતમાંથી, ગરીબાઇ, ભૂખમરો અને યુદ્ધો ખતમ થઇ જાય તેવી સંસ્કૃતિની ભાવના છે. માનવજાત પરના કલંકરૂપ વાળી આ સંહારક અને દુઃખદ દશાને નાબુદ કરવા માટે કોઇ પ્રાર્થનાઓ કે શુભેચ્છાઓ કામ નથી આવવાની પરન્તુ માનવજાતના પ્રમાણિક શુભેચ્છકોએ તેનાં કારણોને નાબૂદ કરી નાખવાની વિશ્વ વ્યાપક હિલચાલ જગવવી પડશે.

યુદ્ધ નાબુદીની શુભેચ્છાઓ, અને વિશ્વશાંતિનાં આગેવાનો

પહેલા વિશ્વયુદ્ધ પહેલાંના શાહીવાદી યુદ્ધ આગેવાનોમાં, નેપોલીયન જેવાએ તથા ડયુક ઓફ વેલીંગ્ટન જેવાએ, જીવનભર યુદ્ધો લડયા પછી એકરાર કર્યો છે કે માનવજાતની શરમજનક દશા યુદ્ધ કરવાની દશા છે તથા કોઇપણ યુદ્ધમાં કોઇ પક્ષે પણ કશું સારૂં કે હિતાવહ પરિણામ કદી મેળવ્યું જ નથી. વિશ્વશાંતિની ઇચ્છાઓ દરેક જમાનામાં, પ્રાચીન સમયથી તે તે સમયના મહાનુભાવોએ વ્યકત કર્યા જ કરી છે. અમેરિકા જેવા આજના, ત્રીજા વિશ્વ-યુદ્ધ લાવવામાં આગેવાન બની ચૂકેલા, સામ્રાજયવાદી દેશમાં પણ વીલીયમ પેન નામના એક શાંતિચાહક કવેકરનું નામ ઈ. સ. ૧૬૬૨માં જાણીતું બની ચૂક્યું હતું. એના સમયમાં ચાલતી અમેરિકન ધરતી પરનાં રાતાં ઇન્ડીયનોનો સંહાર અને કતલ કરી નાખવાની પોતાના દેશ બાંધવોની વ્યવહારનીતિ તરફ ધિક્કાર અને કરૂણાથી ઉભરાઇને એણે પેલાં માનવ સમુદાયોને બચાવવા પોતાની પેનસીલ્વાનીયાની, અતેક ચોરસ માઇલની વિશાળ જાગીર એ રાતાં ઇન્ડીયનોને અર્પણ કરી દીધી તથા, પોતે એ જાગીર પર રાતાં ઇન્ડીયનોને આશરો આપીને તેમની વસાહત સાથે પ્રેમભરી રીતે જીવવાનો, 'યાવતચંદ્ર દિવાકરૌ' કરાર કરવાને તૈયાર થયો. પરંતુ આ કરારના, ચંદ્રદિવાકર નામના સાક્ષીઓ પણ વિલીયમપેન સાથે જ મરણ પામ્યા અને આ કવેકરની પાછળ તેણે ઈ. સ. ૧૬૮૨ માં બાંધેલું, ફીલાડેલફીયા નામનું સંસ્થાન (બંધુ પ્રેમનું નગર) આજે ઓળખાય નહીં તેવું બની ગયું.

અંગ્રેજી કવિ ટેનીસને પણ વિશ્વશાંતિ માટે, જગતના ફેડરેશનની કલ્પના કરી હતી. અમેરિકાના આદર્શવાદી પ્રમુખ વીલસનની ઇચ્છા પણ વિશ્વશાંતિ માટે હતી જ. વિકટર હ્યુગોએ વિશ્વશાંતિનું સંચાલન કરવા માટે યુરોપીયન ફેડરેશનની યોજના કરી હતી. અમેરિકાના પ્રમુખ વિલસનની એવી ઉમેદ હતી કે *લીગ ઓફ નેશન્સ* નામની વિશ્વ સંસ્થા મારફત વિશ્વશાંતિની યોજના ઘડી શકાશે.

અગ્નિઅસ્ત્રની શોધ કરનારના પરિતાપનું પ્રાયશ્ચિત

ઇ. સ. ૧૮૩૩ના ઓકટોબરમાં જન્મ પામેલો અને ઇ.સ. ૧૮૯૬ માં મરણ પામેલો, નોબેલ આલ્ફ્રેડ બરનહાર્ડ એક સ્વીડીશ, રસાયણશાસ્ત્રી તથા ઇજનેર હતો. એણે ડાયનેમાઇટની તથા, ડીટોનેટરની શોધ કરી. માનવ સંહારના આ આયુદ્ધની શોધ કરીને એણે યુદ્ધની સંસ્થાની સંહારક તાકાતને વધારી દીધી. ૧૯ મા સૈકાના અંતમાં અંત પામતું એનું જીવન મોતનાં કરપીણ ચિત્રો દેખતું ઉદાસીન બની ગયું. પશ્ચાતાપથી પ્રજળતા પોતાના જીવને ઠારવા માટે એણે, નોબેલ પારિતોષિકની યોજના કરી તથા જગતમાં વિશ્વશાંતિ માટે સૌથી વધારે કામ કરનારને પણ શાંતિપારિતોષિક મળે તેવી વ્યવસ્થા એણે કરી.



ત્યારપછી બરથા, ફ્રોન સ્ટુટનરે, "શસ્ત્રોનો નાશ કરો," નામનું એક વિશ્વ વિખ્યાત પુસ્તક લખીને યુરોપના જગતની આંતરવેદનાને માનવસંહાર સામે જગાડી દીધી એણે નોબેલ પારિતોકષિની શાંતિ માટેની યોજનાને વધારે સફળ બનાવી. એના નામને અને વિશ્વશાંતિમાટેની પોતાની વાંછનાને સ્થાયીરૂપ આપવા; ઓસ્ટ્રીયાની શાંતિચાહક પ્રજાએ, આજે વિએના નગરમાં, એના નામની એક મોટી શાંતિ-સંસ્થા શરૂ કરી છે. બધ્ધે વિશ્વયુદ્ધો પહેલાંજ યુદ્ધની શરમજનક સંસ્થાની નાબૂદી માગતી, શાંતિજેહાદ શરૂ કરવા માટે શસ્ત્ર સરંજામનો નાશ કરવાની યુગવર્તિહાકલ એણે જગવી હતી.



વિશ્વશાંતિ અને વિશ્વયુદ્ધની, સાથે સાથે ચાલતી બે યોજનાઓ

પછી લીગ ઓફ નેશન્શની દશમી બેઠક વખતે ૧૯૨૯ ના સપ્ટેમ્બરમાં યુરોપની જનતાનાં હિલચાલોને કચડી નાખવા અને જગતજનતાના વિજયી

ધામ જેવા સોવિયટ દેશનો સામનો કરવા, એરીસ્ટાઈડ બ્રીઆન્ડે યુરોપના શાહીવાદોનું યુરોપિયન ફીડરલ યુનિયન બાંધવાની વાત, લીગ ઑફ નેશન્સના પ્રતિનિધિઓ સમક્ષ રજૂ કરી. લીગ ઑફ નેશન્સની બહાર એવું યુરોપી ફીડરલ યુનિયન બાંધવાનું આમંત્રણ ૨૭ યુરોપિયન સરકારોને આપવામાં આવ્યું. પણ એ યોજના અને એની જ એક બીજી યોજના શરૂ થઈ અને તરત જ પડતી મૂકાઈ. કારણ કે લીગ ઑફ નેશન્સના વિશ્વશાંતિના ધ્યેયનો નિષેધ કરનારી યોજના, હિટલર અને મુસોલીનીના શાહીવાદે શરૂ કરી જ દીધી હતી. આ યોજના લીગ ઑફ નેશન્સની બહાર શાહીવાદી સરકારોનું યુરોપીયન જૂથ બાંધવાની હતી. સોવીયટ રશિયા અને વિમુકિતની હિલચાલોને કચડી નાખવાની શાહીવાદી જગતની આ યોજનાનું સમર્થસંચાલન હિટલરે પોતાની યોજના મારફત ઝડપી લીધું હતું. આ યોજનાનું સંચાલન શરૂ થાય કે, લીગઑફ નેશન્સનું પણ મરણ થાય તે નક્કી હતું. આ સંચાલન શરૂ થયું એટલે વિશ્વયુદ્ધ શરૂ થયું. આ શરૂઆતે સૌથી પહેલો ભોગ લીગ–ઑફ નેશન્સનો લીધો કારણ કે જગતમાં વિશ્વયુદ્ધ નામની શાહીવાદી સંસ્થા યુદ્ધ લડવા નીકળે ત્યારે શાહીવાદી સંચાલનવાળી વિશ્વશાંતિનો દેખાવ કરનારી સંસ્થા નાશ પામી જતી હોય છે.

પછી હિટલરની એ યોજના વિષ્ફળ નિવડી અથવા બીજું વિશ્વયુદ્ધ નિષ્ફળ નિવડ્યું. આ યોજનાએ જેનો નાશ કરી નાખ્યો હતો તે, વિશ્વશાંતિના ધ્યેયવાળી, લીગ, ઑફ નેશન્સ નામની વિશ્વ સંસ્થા, બીજા વિશ્વયુદ્ધના અંત-માંજ નૂતનરૂપ ધરીને જીવતી બની. આ નૂતન રૂપ, નવી, એવી વિમુક્ત પ્રજાઓનું અને વિજયી એવી સમાજવાદી ઘટનાનું હતું. જગત આખું, નવાં વિમુકત રાષ્ટ્રોને પોતાના રૂપમાં ધારણ કરીને નૂતન બન્યું હતું. આવી, નૂતન બનેલી વિશ્વસંસ્થા, સંયુકત રાષ્ટ્ર સંઘ પણ વિમુક્ત રાષ્ટ્ર એકમોની સમાન સભ્યપદ વાળી બનીને નૂતન બની ચૂકી હતી. હવે જેમ પહેલાં થયું હતું તેમ વિશ્વયુદ્ધની કોઇ રચના, યોજના કે સંસ્થાઓ અથવા યુદ્ધની કોઇ ઘટના બનવાજ ન પામે એટલા માટે તો રાષ્ટ્રસંઘની–યુનોની રચના થઇ હતી. ત્રીજું વિશ્વયુદ્ધ શકય જ ન બને એટલા માટે તો, બ્રિટન, અમેરિકા, સોવીયટ રશિયા તથા ફ્રાન્સ અને ચીનની મહાસત્તાઓ વચ્ચે આ, રાષ્ટ્રસંઘમાં " યુનેનીમીટી " નો પરસ્પર વ્યવહારનો આંતરરાષ્ટ્રિય એકતાનો સિદ્ધાંત નક્કી થયો હતો.

એટલું જ નહીં પણ ત્રીજા વિશ્વયુદ્ધને જ અટકાવવા માટે રાષ્ટ્રસંઘ **ના ચારટરમાં કોઇપણ દેશોએ લશ્કરી જુદા કરારો કરવા નહીં એવું વિશ્વશાંતિના પાયાનું પ્રતિપાદન થયું** તથા યુદ્ધખોર એવા બીજા

વિશ્વયુદ્ધને જન્માવનારા, જરમની અને જાપાન નામના ફાસીવાદી દેશોમાંથી ફાસીવાદનો નાશ કરીને તેમાંથી પણ લશ્કરી જૂથબંધીને નાબૂદ કરીને શાંતિમય લોકશાહીની સ્થાપના કરવાનું નક્કી થયું.

શાહીવાદી જગતની રાષ્ટ્રસંઘની બહારની યોજના શી હતી!

અને છતાં પણ શાહીવાદી જગત આપણી દુનિયામાંથી હજુ નાશ નહોતું પામ્યું. એટલે, એની શી યોજના આવવાની છે તે સવાલ પણ ગંભીર હતો. આ શાહીવાદી જગતમાં અંગ્રેજ-ફ્રેંચ શાહીવાદ નબળા પડયા હતા. જરમન, જાપાન શાહીવાદ પરાજીત બન્યા હતા. પણ ત્યારેજ અમેરિકન શાહીવાદ સૌથી વધારે પ્રબળ અને પ્રચંડ બન્યો હતો. બીજા વિશ્વયુદ્ધના અંતમાંજ એણે જગતની આગેવાની ધારણ કરવાની જાહેરાત કરીને વિશ્વપર પોતાની શાહીવાદી યોજનાની પ્રાદેશિક ઘટનાઓ બાંધવા માંડી. એણે હવે આ લશ્કરી ઘટનાઓને અથવા યુદ્ધની ઘટનાઓને રાષ્ટ્રસંઘની બહાર ઘડવા માંડી. આ ઘટનાઓ વડે તરતજ યુદ્ધ જેનું જીવનરૂપ છે એવી આ શાહીવાદી ઘટનાએ ત્રીજા વિશ્વયુદ્ધને નહીં થવા દેવા માટેના તથા વિશ્વશાંતિના આ મૂળભૂત એવા રાષ્ટ્રસંઘના ચારટરના કરારોનો ભંગ શરૂ કરી દીધો. આ કરાર ભંગના સ્વરૂપમાં, પશ્ચિમની સામ્રાજ્યવાદી સત્તાઓ અમેરિકન શાહીવાદની આગેવાની નીચે પ્રાદેશિક એવા જુદા લશ્કરી કરારો, લશ્કરી જૂથોમાં યોજવા માંડયા. સૌથી પહેલું એવું જૂથ "નોર્થ એટલેન્ટિક, ટ્રીટી ઓરગેનીઝેશન" નામનું થયું. એમાં જોડાયેલા શાહીવાદી અને તેમના પરાધીન દેશોએ આ લશ્કરી જૂથની લશ્કરી હકુમત વાળી રચના કરી તથા યુદ્ધ અને શાંતિના નિર્ણયો લેવાની પોતાની એટલે આ જૂથની સ્વતંત્રતા જાહેર કરી. આ સામ્રાજ્યવાદી જૂથે રાષ્ટ્રસંઘની સલામતિ સમિતિને અંદરથી તોડવાનો અથવા કબજે કરવાનો તરીકા રચ્યો તથા નાનાં નાનાં યુદ્ધો શરૂ કરીને, "યુનેતીમીટી" ના સિદ્ધાંતનો ભંગ કરીને વિમુક્તિની હિલચાલને તોડી પાડવાનાં છટક છૂટક યુદ્ધો, કોરીયાપર તથા ઇન્ડો ચીન પર શરૂ કર્યાં અને તેના પર રાષ્ટ્ર સંઘની મંજુરી પણ મેળવી. ચીન રાષ્ટ્રને આ સામ્રાજ્યવાદી જૂથે રાષ્ટ્રસંઘમાંથી અને સલામતિ સમિતિમાંથી બાકાત રાખ્યો તથા ચીનને બદલે ફોર્મોસાના ટાપુમાં ભરાયેલા એક ચીની દેશદ્રોહીના ફોર્મોસાને ચીન ગણીને, રાષ્ટ્રસંઘમાં બેસાડયો. આ બધા માટે રાષ્ટ્રસંઘમાં પોતાનાં પ્યાદાંઓની બહુમતિવડે રાષ્ટ્રસંઘની મંજુરી પણ મેળવવા માંડી. આ રીતે અમેરિકન શાહીવાદે રાષ્ટ્રસંઘની અંદર અને રાષ્ટ્રસંઘની બહાર, એટલાંટિક લશ્કરી સંઘ મારફત યુદ્ધની ઘટના ઘડવા માંડી. ઈ. સ. ૧૯૫૨માં આ યુદ્ધની

એટલાંટિક લશ્કરી ધટના, અમેરિકા, કેનેડા, બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, બેલજીઅમ હોલેન્ડ, લુકઝેંબર્ગ, ડેનમાર્ક, નોરવે, આઈસલેન્ડ, પોર્ટુગાલ, ગ્રીસ અને ટરકી નામના ચૌદ દેશોની બની. ગ્રીસ અને ટરકીને આ એટલેંટિક યુદ્ધ ધટનામાં ઉમેરીને એટલેંટિક મહાસાગરની ભૂગોળને ત્યાં સુધી ખેંચી જવામાં આવી. આ ઉપરાંત આ યુદ્ધ ધટનામાં આડકતરી રીતે, પશ્ચિમ જરમની, સ્પેઇન, જાપાન તથા ઇટાલીને જોડીને, એ દેશોમાં શસ્ત્ર સરંજામના ઢગલા એનાયત કરીને અમેરિકન સામ્રાજ્યવાદે એ જુના એવા ફાસીવાદી દેશોને યુદ્ધની તૈયારી પર ગોઠવી દઇને, જગતની શાંતિને જોખમમાં મૂકી દીધી. અમેરિકન શાહીવાદે પોતાને આ બધી સરકારોને લોકશાહી સંસ્કૃતિનું નામ આપીને પોતે, આ લોકશાહીનો શસ્ત્રભંડાર છે એમ જાહેરે કર્યું. આ યુદ્ધખોર લશ્કરી ધટના પાછળ બીજા વિશ્વયુદ્ધ પછી, સામ્રાજ્યવાદી ધટના, શસ્ત્રસજ્જ બનીને આજે ઉભી છે તથા આ દરેક દેશોના શસ્ત્રસરંજામ, અમેરિકન નાણાંની ઉદાર સખાવતો વડે અનેક ઘણી ઝડપથી ખડકાય છે. આ સૌમાં સૌથી મોટો શસ્ત્રસાજ અમેરિકાએ સજ્યો છે તથા ત્યાં અણુબોંબના ઢગલા ખડકાયા છે.

અમેરિકન શાહીવાદનું અદ્રષ્ટ સ્વરૂપ

બીજા વિશ્વયુદ્ધ પછી ઈતિહાસની સંસ્થાઓમાં સામ્રાજ્યવાદ નામની વિશ્વપર હકૂમત ચલાવતી ધટના જગતના મોટા ભાગમાંથી હવે નાશ પામવા માંડી હતી. સામ્રાજ્યવાદના નાશનો આ આરંભ રશિયામાં સામાજિક ક્રાંતિ સાથે શરૂ થયો. યુરોપના બીજા કોઇપણ દેશમાં અને ખાસ કરીને બ્રિટન, ફ્રાન્સ અને અમેરિકા જેવા શાહિવાદી દેશોમાં સામ્રાજ્યવાદી ધટનાને કેમ ટકાવી રાખવી તેની કાર્યવાહી શરૂ થયા પછી આ કાર્યવાહીમાં અમેરિકન શાહિવાદે પોતાના સામ્રાજ્યવાદી સ્વરૂપને જગત પર ટકાવી રાખવા માટે સામ્રાજ્યવાદનો નવો વ્યવહાર શરૂ કર્યો. આ વ્યવહારનું સ્વરૂપ બીજા વિશ્વયુદ્ધ પહેલાં, પહેલાંથી જ શરૂ થઇ ચૂકયું હતું. આ સ્વરૂપ વિષેની સમજણ ઇ. સ. ૧૯૩૩ના જાન્યુઆરીની ૩જી તારીખે પંડિત જવાહરલાલ નહેરૂએ પોતાની દીકરીને લખેલા કાગળમાં નીચે પ્રમાણે વર્ણવ્યું હતું.

"એવો ખ્યાલ કરવાની જરૂર નથી કે અમેરિકાનું સામ્રાજ્ય માત્ર ફીલીપાઇન ટાપુઓ સુધીનું જ છે. બહારની દૃષ્ટિએ જોઇએ તો એ સામ્રાજ્ય એટલું જ અમસ્તુ દેખાય છે પરંતુ અમેરીકન શાહીવાદી સરકારે જૂની શાહિવાદી સત્તાઓના અનુભવોમાંથી તથા તેમની મુશ્કેલીઓમાંથી પાઠ શીખીને સામ્રાજ્ય બાંધવાની જૂની રીતોને બદલી છે. અમેરીકન શાહીવાદ કોઇ દેશને જેમ બ્રિટને,

હિંદને ખાલસા કર્યો હતો તેમ ખાલસા કરતો નથી. આ શાહિવાદનું બધું ધ્યાન તે દેશમાંથી બધો નફો પડાવી લેવા પર સ્થિર થયું હોય છે. એટલા માટે આ શાહીવાદ તે દેશની બધી દોલતપર પોતાનો કાબુ જમાવે છે. પછી દોલતપરના અથવા આર્થિકતંત્ર પરના આવા કાબુ મારફત આ શાહિવાદ તે દેશના લોકો પર અને તે દેશના તમામ વહિવટ પર કાબુ જમાવે છે. આ રીતે આક્રમણ કર્યા વિના અને વધારે મૂશ્કેલીઓ વિના તે દેશના રાજકારણમાં તે પોતાનો શાહિવાદી હિસ્સો મેળવે છે. આવી વિલક્ષણ એવી શાહિવાદી પ્રથાનું નામ આર્થિક શાહીવાદ છે. અંગ્રેજી સામ્રાજ્યની જેમ આ શાહીવાદની રેખાઓ નકશા પર દોરેલી માલમ પડતી નથી. નકશા પરનું તેવા દેશનું રૂપ સ્વતંત્ર હોય છે, તે છતાં પણ કોઇ પણ દેશ આર્થિક શાહીવાદની પકડ નીચે આવી ગયેલો હોય એવું બની શકે. તે સમજવા માટે આર્થિક શાહીવાદના બુરખા નીચેના તે પ્રદેશના ચહેરાના રાજકીય રૂપને દેખવો જોઇએ. આવા સ્વરૂપવાળું અમેરિકાનું સામ્રાજ્યવાદી સ્વરૂપ છે. આ સામ્રાજ્યનું સ્વરૂપ અદૃષ્ટ સામ્રાજ્યનું શાહીવાદી રૂપ છે."

અમેરિકાનું અદૃષ્ટ સામ્રાજ્ય અને એશિયા

પંડિત નહેરૂએ ઉપર પ્રમાણે ૧૯૩૩માં વર્ણવેલા અમેરીકન શાહીવાદનું અદૃષ્ટરૂપ આજસુધીમાં ખૂબ વ્યાપક બની ગયું છે. આ વ્યાપકતાને સમજવા માટે એશિયાના પ્રદેશોપર ગોઠવાયેલા એ આર્થિક શાહિવાદને સમજવો જોઇએ. ઇ. સ. ૧૯૧૨માં એશિયામાં અમેરીકન મૂડીનું રોકાણ પાંચ કરોડ ડોલરનું હતું પણ ૧૯૨૯માં એ રોકાણ ૩૯૫ મીલીયન ડોલરનું થયું અને ઇ. સ. ૧૯૩૦ માં, એ રોકાણ ૬૦૦ મીલીયન ડોલરનું બન્યું.

આવું અમેરિકન સામ્રાજ્ય આ રીતે શરૂ થઇને પાસીફીક મહાસાગરને ઓળંગીને એશિયાના કિનારાઓ પર આવવા માંડ્યું હતું. આ સામ્રાજ્યે શરૂ આતમાં અંગ્રેજી શાહીવાદ સામે સત્તાની તુલા જાળવી રાખવા માટે જાપાનના શાહીવાદનો પક્ષ લીધો હતો. પરંતુ જૂના સમયમાં જર્મની અને રશિયન શાહીવાદ સામે એણે અંગ્રેજી શાહિવાદનો પક્ષ લીધો હતો. ઇ. સ. ૧૯૦૪માં એણે રશિયા અને જાપાનના યુદ્ધમાં જાપાનને ટેકો આપ્યો તથા કોરીયા પરના જાપાનના આક્રમણને મદદ કરી. પહેલા વિશ્વયુદ્ધ વખતે પણ જાપાનના શાહિવાદને સાથ આપીને એણે ચીન પરના જાપાનના દાવાઓને ટેકો આપ્યો તથા ૧૯૧૯માં જાપાનને ચીનનો શાનટુંગ પ્રાંત પડાવી લેવામાં મદદ કરી. પરંતુ જર્મનીના પરાજય પછી અને રશિયન ક્રાંતિ પછી આ શાહીવાદે પોતેજ ચીન

પર પોતાની પકડ જમાવવાનો રસ્તો લેવા માંડ્યો તથા ચીન પર વેપાર કરવા માટે યુરોપના તમામ શાહીવાદી દેશોને માટે ચીનના દરવાજા ખોલી નાખવાની એણે માગણી કરી. આ રીતે પહેલા વિશ્વયુદ્ધ પછી દુનિયાની મોટી આર્થિક સત્તા તરીકે બહાર આવવા અમેરીકન શાહીવાદે પોતાનો સામ્રાજ્યવાદી પગદંડો એશિયા પર જમાવવા માંડ્યો.

બીજા વિશ્વયુદ્ધના આરંભમાં જ અમેરીકન શાહીવાદે જગતમાં રોમન સામ્રાજ્ય અને બ્રિટિશ સામ્રાજ્ય પછી આખા જગત પર અમેરીકન સામ્રાજ્યને એકચક્રી બનાવવાનાં સ્વપ્નો સેવવા માંડ્યાં તથા હવે જગતની આગેવાની અમેરીકા પાસે આવી પહોંચી છે તેની સ્પષ્ટ જાહેરાત અમેરીકાના પ્રમુખે ' ટ્રુમેન ડૉક્ટ્રીન ' મારફત કરી. જગત પર પોતાના સામ્રાજ્યને પાથરી દેવા માટે યુરોપ ઉપરાંત એશિયા અને આફ્રીકા પર આ સામ્રાજ્યની હકુમત હોવી જોઈએ તે સ્પષ્ટ હતું. એટલા માટે જાપાનના શાહીવાદી વર્ચસ્વને એશિયા પરથી પરાજય આપવા માટે અને આફ્રીકામાંથી બ્રિટન અને ફ્રાન્સના શાહીવાદને પરાજય આપવા માટેની અમેરિકન કાર્યવાહી શરૂ થઈ ગઇ. આ કાર્યવાહીનો સાચો આરંભ તો બીજા વિશ્વયુદ્ધમાં ઈ. સ. ૧૯૪૧ના ડિસેંબરની છમીએ થયો એમ પણ કહી શકાય, કારણકે એ દિવસે, અમેરીકન શાહીવાદ વિશ્વયુદ્ધમાં ઉતર્યો. આ યુદ્ધની અંદરનું અમેરીકાનું આ ઉતરાણ જાપાને કરેલા પર્લ હારબર પરના હુમલા સામે થયું. આ પહેલાં જ, જાપાનના શાહીવાદે એશિયા પર પોતાનું સામ્રાજ્ય સ્થાપી દેવાનો પોતાનો હેતુ સ્પષ્ટ કરી દીધો હતો, તથા એ હેતુ માટે જ જર્મન શાહીવાદ સાથેની સમજુતિપૂર્વક એણે યુદ્ધમાં ઝંપલાવ્યું હતું. હવે એ એશિયા પર જો અમેરિકન સામ્રાજ્યની સ્થાપનાનો હેતુ બર લાવવો હોય તો અમેરીકાએ પોતાના હરીફ બની ચૂકેલા જાપાની સામ્રાજ્યવાદનો પરાજય કરવો જ જોઇએ. યુદ્ધ દરમ્યાન પણ આ પરિસ્થિતિ અને આ હેતુ અમેરીકન શાહીવાદના એકેએક પગલામાં કાયમ રહ્યાં.

યુરોપમાં તો, બીજું વિશ્વયુદ્ધ લડતી, ત્રણ મહાન સત્તાઓ લગભગ સરખી સપાટી પર હતી. બ્રિટન તથા સોવીયટ યુનીયનની સરખી સાથીદારીમાં અમેરીકન શાહીવાદ યુરોપના સમરાંગણ પર લડતો હતો, પરંતુ એશિયામાં પરિસ્થિતિ જુદી હતી.

એશિયાભરમાં અંગ્રેજી શાહીવાદ યુદ્ધ દરમ્યાન એશિયાનો માલીક હતો. આ અંગ્રેજી સામ્રાજ્યમાં દૂર પૂર્વનો વિરાટ દેશ ચીન હજુ આવ્યો નહોતો. આ ચીન પર કબજો લેનારા જાપાનના શાહીવાદનું આક્રમણ શરૂ થઈ ચૂકયું

હતું. આ આક્રમણનો પરાજય કરીને ચીનને વિમુક્ત બનાવવાની નહીં પણ ચીન પર પોતાનો પગદંડો જમાવવાની અમેરીકન શાહીવાદની યુદ્ધનીતિ જગજાહેર બની ચૂકી હતી.

બીજા વિશ્વયુદ્ધના અંતમાં, અમેરિકન શાહીવાદ શું શોધે છે ?

બીજું વિશ્વયુદ્ધ અંત પામતું હતું એ જ અરસામાં, હીરોશિમા અને નાગાસાકી નામનાં એશિયાનાં બે નગરોનાં ઉતાવળાં ખૂન કરી નાખવાના કારણમાં અમેરીકન શાહીવાદ શાની ઉતાવળમાં હતો ! વિશ્વયુદ્ધના આખરી વરસોમાં જ કંઈ બોવાઈ જતું હોય અને કંઈ સાચવી રાખવાનું હોય તેમ, આ શાહીવાદ, જગત પર તાકીદનો કાર્યક્રમ લઈને ઉતાવળો મચી પડયો હતો. આ તાકીદનો કાર્યક્રમ આખા જગતને પોતાની આગેવાની નીચે પકડી રાખવાની તાલાવેલીવાળો બની ચૂકયો હતો. આ તાલાવેલીમાં જ પતન પામતા જાપાનને પોતાની શાહીવાદી પકડમાં જ જકડી લેવા એણે બધા સંસ્કારોને ઘડીભર કચડી નાખીને, જાપાનનાં બે નગરો પર અણુબોંબ ઝીંકી દીધા હતા. આ અમેરીકન શાહીવાદની તાલાવેલી, જગતનું રક્ષણ કરવા માટે કે વિશ્વશાંતિની સાચવણી કરવા માટેની નહોતી પરંતુ પોતાના હાથમાં આવી પડેલી આખા જગત પર અધિકાર ભોગવવાની અથવા વિશ્વ સામ્રાજ્યના માલીક બનવાની તકને સાચવી રાખવા માટેની આ તાલાવેલી હતી. આ તકને સાચવી રાખવી એટલે, તેનો એકમાત્ર અર્થ એ હતો કે, જગતભરમાં અમેરિકન શાહીવાદને સાચવી રાખવો, અથવા એનો સાફ અર્થ એ હતો કે આ વિશ્વની અંદર શાહીવાદી ધટનાને પૂર્વના પ્રદેશો પર સાચવી રાખવી. આ માટેજ પૂર્વના એક સમયના શાહીવાદી, અને પોતાનો હરીફ બની ચૂકેલા, એવા જાપાન નામના પ્રદેશને પોતાની પકડ નીચે રાખી મૂકવો જોઈએ. આ બાબત, અમેરીકન શાહીવાદ માટે પોતાની શાહીવાદી મુરાદોને સફળ બનાવવા માટે ખૂબ જ જરૂરી હતી. જાપાન પર પોતાનો શાહીવાદી કબજો મળી જાય તોજ અમેરીકન શાહીવાદ પૂર્વના એ, વ્યૂહાત્મક મથક જેવા પ્રદેશ પરથી પૂર્વના, ચીન અને ભારત જેવા બીજા પ્રદેશો તથા આખા, હિંદીમહાસાગર પર પથરાયેલા, એશિયન પ્રદેશો પર પોતાનું પ્રભુત્વ જાળવી શકે. એટલા માટે જાપાનનું પતન એકદમ કરવા માટે તથા પોતાને જ હાથે કરવા માટે એણે સંસ્કાર અને સંસ્કૃતિની બધી શરમ મૂકી દઈને, જાપાનનાં બે નગરોનાં ખૂન કરી નાખ્યાં. આ ખૂનખાર કૃત્ય થયું કે તરત જ, જાપાનની સરકાર, જે પતન પામી ચૂકી જ હતી તથા, હિટલર જરમનીનો પરાજય થયા પછી, જે ટકી શકે તેમ હતું જ નહીં, તથા જેને, સામાન્ય યુદ્ધના પ્રકાર વડે જ શરણે

લાવી શકાય તેમ હતું તેને, પોતાની પરાધીન બનાવી દેવાના એકમાત્ર શાહીવાદી હેતુને લીધે, અણુબૉમ્બ જેવું ભયાવહ સર્વનાશક શસ્ત્ર વાપરીને એણે પતન પમાડી. આ રીતે અમેરીકન શાહીવાદની ધારણા પ્રમાણે, જાપાનની સરકાર, બીનશરતી શરણાગતિ સ્વીકારીને, અમેરીકન શાહીવાદના હાથમાં આવી પડી.

અમેરિકાનો, ગ્લોબલ વ્યુહ

અમેરિકાનો પોલર સ્ટ્રેટેજી તરીકે ઓળખાયલો આખો વ્યૂહ ગ્લોબલ સ્ટ્રેટેજી નામનો છે. અમેરિકાએ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન આલાસ્કા અને એલ્યુશિયન ટાપુઓ પર ઉતરાણ કર્યાં હતાં. ઉત્તરધ્રુવના વ્યૂહમથક પ્રદેશોની પશ્ચિમ પાંખ તરીકે આ બંને ટાપુઓનાં ભૂમખાં પર અમેરિકાની ચઢાઈ શરૂ થઇ ગઇ હતી. ફેબ્રુઆરીમાં યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના નેવી ડીપાર્ટમેન્ટે એક યોજના સીનેટ પાસે રજૂ કરી અને પછી ત્યાં એલ્યુશિયન ટાપુઓ, આડક, આતુ અને કોડીઆક પર અમેરિકાનાં નૌકાલશ્કરી મથકો બંધાવા માંડ્યાં. એ બધા ટાપુઓ પર વિમાનક્ષેત્રો તૈયાર થયાં. અમેરિકાનાં લશ્કરો ત્યાં આલાસ્કા અને એલ્યુશિયન ટાપુઓ પર કવાયતો કરવા માંડ્યાં.

એ તો ઉત્તરધ્રુવના અમેરિકન વ્યૂહમથક પ્રદેશોની પશ્ચિમ પાંખ હતી પણ પૂર્વ પાંખ પર ગ્રીનલેન્ડ અને આઇસલેન્ડના પ્રદેસો પર અને મધ્યમાં કેનેડાની આસપાસના પ્રદેશો પર અમેરિકી લશ્કરોનાં મથકો શરૂ થઇ ગયાં. ન્યુફાઉન્ડલેન્ડ પર અમરિકી લશ્કરો ગોઠવાઇ ચૂકયાં. અમેરિકન શાહીવાદે ન્યુ ફાઉન્ડલેન્ડનું નામ ઉત્તર અમેરિકન જીબ્રાલ્ટર પાડી દીધું અને એ ઉત્તર પ્રદેશો પર અમેરિકાની લશ્કરી હિલચાલો ત્યારથી ચાલુ થઇ ગઈ. જ્યારે વિશ્વયુદ્ધ અંત પામતું ત્યારે જ અમરિકી શાહીવાદ જગત પર પોતાનું સામ્રાજ્ય સ્થાપી દેવાનો, અર્ધચંદ્રકારે ગોઠવાયલો આર્કટિક પ્રદેશો પરનો લશ્કરી વ્યૂહ શરૂ કરતું હતું. આ રીતે યુદ્ધનીજ આરાધના આ શાહીવાદે આરંભી દીધી. અમેરિકા હવે જગત પર શાંતિની અથવા વિમુક્તિની કોઇ પણ યોજનાનો પ્રતિકાર કરવા માગતું હતું. આલાસ્કાથી શરૂ થઇ કેનેડાના પ્રદેશો પર તથા ઉત્તર એટલાન્ટિક પર અતિ અગત્યનાં નૌકા તથા વાયુમથકો પર આ રીતે એણે કાબુ જમાવ્યો. એ વ્યૂહથી અમરિકી લશ્કરી હિલચાલ પૂર્વ હેમિસ્ફિયરને અડી ગઇ. પૂર્વ હેમિસ્ફિયરનો આ પ્રદેશનો પડોશી સોવિયટ યુનિયનનો પ્રદેશ હતો.

અમેરિકાના લશ્કરી કાબૂ નીચે પડાવી લેવાયલા આર્કટિકના આ ટાપુઓ અને સાઇબીરિયન કિનારા વચ્ચે ત્યાંથી બે હજાર કિલોમીટરનું અંતર હતું. *ગ્રીનલેન્ડના ઉત્તર છેડા પરથી સોવિયટના રશીટસબર્ગન સુધીનું અંતર ચારસો*

કિલોમિટરનું હતું. આઇસલેન્ડથી નોરવેનું અંતર બારસો કિલોમિટરનું હતું. આઇસલેન્ડથી સ્કોટલેન્ડનું અંતર આઠસો કિલોમિટરનું હતું. એવી આઇસલેન્ડ અને ગ્રીનલેન્ડ પરની અમરિકી શાહીવાદની લશ્કરી રચનામાં જગત જીતી લેવાનાં સ્વપ્નો ગોઠવાયાં. એ પોલર સ્ટ્રેટેજી પર અમરિકી શાહીવાદીઓની જગત જીતવાની લાલસા ખડીપગી બનીને છલંગ દેવા ટાંપી રહી. અમેરિકાએ હમણાં જ પડાવેલા વેરટનં હેમિસ્ફિયરના એ પ્રદેશો પર એણે અઢળક કુદરતી સંપત્તિઓ અને ખાસ કરીને યુરેનિયમ ખોદવા માંડયાં. કેનેડા, ન્યુફાઉન્ડલેન્ડ, લેબ્રેડોર તથા ગ્રીનલેન્ડ પર એનાં લશ્કરો ગોઠવાઇ ગયાં. અમરિકી શાહીવાદની ઇજારાપદ્ધતિઓમાં મુખ્ય, વિલિયમ રાડોલ્ફ હર્સ્ટ નામના અબજોપતિની યોજના આકાર ધરી રહી. ૧૯૪૩ ના ડિસેમ્બરના ૩૧ મા દિવસે જ એણે ન્યુયોર્ક જરનલમાં એ યોજનાનો નકશો પ્રગટ કર્યો હતો. એ નકશા પર ટ્રુમેનનો શાહીવાદી ઉઠાવ ન્યુયોર્ક – ચુંકીંગ, સીટલ–ટોકયો, ડીટ્રોઇટ–મોસ્કો, ફેરબેંકસ–મુરમાંસ્ક અને સીટલ–લંડન વચ્ચે આક્રમણ વ્યૂહોનો આલેખાયો હતો. આખી દુનિયા પર ઉતરી પડવાના લશ્કરી વ્યૂહનો છેડો અમરિકી શાહીવાદી પાટનગર વોશિંગટનથી શરૂ થયો અને પાછો ન્યુયોર્ક અને બોટવુડ થઇને વોશિંગટન પહોંચ્યો. અમરિકી શાહીવાદનો આ વાયુરસ્તો હતો. એ રસ્તાના પટ્ટામાં લંડન, કેરો, બસરા, મુંબઇ, કલકત્તા, ચુંકીંગ, ફેરબેંકસ, એડમોન્ટન નગરો પરોવાઇ ગયાં હતાં.

'આ વ્યૂહ રચના તો કેવળ રક્ષણાત્મક છે' એમ ૧૯૪૭ના જાન્યુઆરીના તેરમા દિવસે મીઆમીમાં મેજર–જનરલ કેની બોલ્યો. એણે કહ્યું કે અમારા પર ભવિષ્યમાં યુરોપ–એશિયાટિક પ્રદેશ પરથી ઉત્તરધ્રુવને રસ્તે આક્રમણ થાય તેમ હોવાથી અત્યારથી અમારે.... !"

" પણ આપના અમરિકી દેશ અને ઉત્તરધ્રુવના પ્રદેશો વચ્ચે તો મોટો વિશાળ કેનેડા નામનો આખો દેશ પડેલો છે ? " એવા સવાલના જવાબમાં પરખાઇ પડતો અમરિકી શાહીવાદ પોતાના શાહીવાદી આક્રમણના ઉરતાદ આગેવાન વોલ્ટર લીપમેનના શબ્દોમાં ફરી વાર બોલી ઊઠયો, કે,

' ગ્રીનલેન્ડથી ચાઝીલ સુધી અને આલાસ્કાથી ફીલીપાઇન્સ સુધીની અમારી લાઇનદોરી છે. કેનેડાના પ્રદેશ પર ત્રણ હજાર માઇલ સુધીની અમારી સામાન્ય સરહદ આ અમારી લાઇનદોરીના મધ્યમાં દોડે છે. આલાસ્કાનો ઉચ્ચ પ્રદેશ કેનેડામાંથી દોડે છે. આખા યુરોપ એશિયા પરના વાયુમાર્ગો કેનેડા પરથી ઉડે છે. એ રીતે કેનેડા પરનો વાયુસત્તાનો કાબૂ અમરિકાને કેનેડા સાથે સૌથી વધારે નિકટ રીતે જોડી દે છે. '

અમરિકી શાહીવાદની ગ્લોબલ વ્યૂહરચનામાં એ રીતે કેનેડા પરોવાઈ ગયો છે. કેનેડા પર પગ ચાંપીને ઊભેલો અમરિકી શાહીવાદી લશ્કરી અમલદાર મેજર જનરલ વરથીંગટન પોતાના લશ્કરી અમલદારોને તાલીમ આપતો ૧૯૪૭ ના ઓગસ્ટમાં સમજાવતો હતો કે, 'ત્રીજું વિશ્વયુદ્ધ કેનેડામાં લડાશે.'

એટલે જ અમરિકી શાહીવાદે આજે ઉત્તર કેનેડાને પોતાના લશ્કરી મથક તરીકે બાંધવા માંડયો છે. હડસન કિનારા પરનું ચર્ચિલ બંદર એટલેજ અમરિકી લશ્કરવાદના પ્રયોગોથી ઉભરાઇ ગયું છે. એટલેજ કેનેડિયન આમ જનતાને કચડી નાખીને ત્યાંના પ્રતિક્રાન્તિનાં બાદાંઓને કેનેડાનું શાસન અમેરિકન દોરી સંચાર નીચે સોંપાઇ ગયું છે.

એટલે જ અંગ્રેજી શાહીવાદી ચર્ચિલ, જીવનભર ભાળવેલી ઇચ્છાઓને એકઠી કરીને અમેરિકાના શાહીવાદી સામયિક 'લાઇફ' માં ૧૯૪૭ના મે મહિનાના બારમા દિવસે લખતો હતો, 'હું અમેરિકન હોત તો! જીવનભર શાહીવાદનુંજ જેણે રટણ કર્યું છે તે શાહીવાદનો ફરજંદ ચરચીલ પોતે અમેરિકન ન હોવાનો અફસોસ કરતો હતો કે "હું અમેરિકન હોત તો!" એમ કહીને શાહીવાદી યુદ્ધ રચનાના આરંભને આટલો વહેલો શરૂ થઇ ગએલો દેખીને સંતોષ પામતો એ કહેતો હતો: 'મને સંતોષ થાય છે કે અમેરિકન સરકારે મક્કમ એવાં પગલાં એ દિશામાં જ લેવા માંડયાં છે.'

વિશ્વવિજયની યુદ્ધરચનાની વ્યાપકતા

એ કદમનો ઉઠાવ પાસિફિક મહાસાગરમાં જાપાનીઝ-મેન્ડેટેડ ટાપુઓ પર હવે, હિરોશીમાનો સંહાર કરીને ફરતો હતો. પાસીફિકનાં, ૩,૦૦૦,૦૦૦ ચોરસમાઇલ પાણી પર પથરાયેલા છસો ટાપુઓ પર અમેરિકન શાહીવાદ રણ-થંભ રોપતો કહેતો હતો, "અહીં અમારો ગ્લોબલવ્યૂહ આરંભાય છે. પાસિફિક અને આટલાંટિકના બધા દેશો આ વ્યૂહમાં આવી જાય છે." બસ ત્યારથી આ વ્યૂહ અટકયા વિના આગળ જ વધ્યો છે. અમેરિકન શાહીવાદનો દુનિયા પરનો ભરડો એક પછી બીજા મથકને પોતાની આંટમાં પરોવવા માંડયો. આખી દુનિયાને પોતાનું સંસ્થાન બનાવવા નીકળેલો અમરિકીશાહી-વાદ દુનિયાના ઇતિહાસપર બેઠો હતો. દુનિયાની ભુગોળને અમેરિકન વ્યૂહમાં ઘડવા એણે ચાકડો ફેરવવા માંડયો હતો. આ ઘટનામાં તરત જ લેટીન અમેરિકાનાં રાજયો પણ પરોવાયાં. આલાસ્કા, કેનેડા, ચારટારીકા, કયુબા જેમેઇકા, નસૌ, હાયટી, પ્યોરટો-રીકો, સેન્ટથોમસ, ટ્રીનીદાદ, ખિટીશગીએના બારમુડા ફ્રેંચગીએના, ન્યુફાઉન્ડલેન્ડ, બ્રાઝીલ, ગૌતેમાલા, પેરૂ, ઇકવેડોર, અને

પનામા પર અમરિકી થાણાં નખાયાં. એટલેંટિકની ચાદીમા ગ્રીનલેન્ડ, એઝોર્સ આઇસલેન્ડ, એસેનસોન ટાપુ અને લીબેરીયાપર અમરિકી શાહીવાદનાં લશ્કરોએ મૂકામ નાખ્યા. ભૂમધ્ય મહાસાગરમાં અને યુરોપમાં, બેલજીયમ, નોરવે, ફ્રાન્સ, લુકઝેંમબર્ગ, જરમની, ઓસ્ટ્રીયા, ઇટાલી, મોરોક્કો, ટુનીસીયા ટરકી, ગ્રીસ, અને ઇરાનપર અમેરિકી શાહીવાદની ધરીપરથી નાટો નામનો લશ્કરી રાહ શરૂ થઇ ગયેા. આ બધાની સાથે સાથે જ આ શાહીવાદની યુદ્ધ ઘટનાએ, સીરીયા, લેબેનોન, ઇરાક, સાંદીઅરેબીયા અને યેમેનમાં જઇને અમેરિકો તેલનાં રાજકારણ રોપી દેવા માંડયાં પ્રશાંત એવા પાસીફિકના પ્રદેશો પર તથા એશિયામાં, જપાન કોરીયા, ફોરમોસા, ફીલીપાઇન્સ, રૂકયુસ, કેરોલીના, કેરોલીની, માર્શટસ, મેરીઆના, એડમીરલ્ટીઝ, ઓનીસ મારકસ, સોલોમન્સ, ફીજી, એલ્યુશિયન, હવાઇ, કેલેડોનીયા, બેક, કોનીકસ, મીડવે, ક્રિસ્ટમસ, ઓસ્ટ્રેલીયા, ઓરનીયો, વિગેરે હિંદીમહાસાગરપરના પ્રદેશો પર અને મલાયા પર અમેરિકી શાહીવાદનાં રાજકારણ આરંભાઇ ગયાં. જગત આખાપર યુદ્ધનો ભરડો નાખનારો અને આખી દુનિયા પરનો યુદ્ધખોર વ્યૂહ રચનારો આ શાહીવાદ, કહેતો હતો કે 'આ ફક્ત રક્ષણાત્મક વ્યૂહ છે" જગતપર શાહીવાદી ઘટનાના ખેાતને અટકાવી પાડીને, તથા વિમુક્તિની હિલચાલોને નાબૂદ કરીને, શાહીવાદી ઘટના ના જ, રક્ષણના વ્યૂહ માટે અમેરિકાનાં અરધેાઅરધ લશ્કરો આખી દુનિયાપર જમી પડયાં. અમેરિકાનું નૌકાખાતુ એટલે જ બધા સમુદ્રોપર નાકાં બાંધતું, બધો જળવ્યવહાર પેાતાના ઇજારાવાળા એ વ્યૂહની કાર્યવાહો બનાવીને જગતભરનાં કમાડ ખખડાવે છે. ઉઘડેલાં કમાડમાં ડોલરોની આર્થિક સહાય,ના સ્વરૂપમાં પતન પામવા માંડતા દેશમાં પાકીસ્તાનની જેમ શસ્ત્રસરંજામની સખાવતો આવી પડે છે, અને ત્યારપછી અમરિકીશાહીવાદે ખોલેલાં કમાડવાળા દેશમાં કેવી સરકાર રાખવી તે, અમેરિકી શાહીવાદ નક્કી કરે છે અને એ બધું ઠીક ઠીક ચાલે એ માટે એ શાહીવાદનાં ઉદ્યોગનાં અને લશ્કરી મિશનો ત્યાં ગોઠવાઈ જાય છે. આ બધાની સાથે સાથે જ શાહીવાદની સખાવતવાળાં શિક્ષણનાં, વિગેરે અનેક મિશનો ત્યાં આવવા માંડે છે. અમેરિકન શાહીવાદની વ્યૂહ રચનાનો આ આર્થિક ફાંસો જગતપર પરોવાઇ જવા માટે આજે જગતભરમાં અનેક મિશનો મારફત અનેક દેશદ્રોહી લાગવગુઓને અને બુદ્ધિજીવીઓને પણ ખરીદી લેવા આ મિશનો ફરતાં હોય છે.

અમેરિકનશાહીવાદનો શાહીવાદી અર્થ પણ યુદ્ધ અને દરમ્યાનગીરીનો જ છે.

પણ પોતે, શાહીવાદ નથી, પણ લોકશાહીનો શસ્ત્રભંડાર છે એમ કહે-

નાર અમેરિકન શાહીવાદ પાસે, ઈ. સ. ૧૯૦૨ માં માત્ર ૧૭૦,૦૦૦ ચોરસ માઇલનો સંસ્થાનો પરનો કબજો હતો. પછી ઇ. સ. ૧૯૨૬માં આ શાહીવાદની હકુમત નીચેનો પ્રદેશ ૯૦૦,૦૦૦ ચોરસમાઇલ બની ગયો હતો. પછી બે વિશ્વયુદ્ધો આવ્યાં અને બીજા વિશ્વયુદ્ધની કારવાહીમાં જર્મન ઇટાલીયન ફાસીવાદને નાણાંના ઢગલા ધીર્યા પછી અને એ વિશ્વયુદ્ધમાં વિજય પામ્યા પછી અમેરિકન શાહીવાદ આખી દુનિયાની આગેવાનીમાં હવે ડોઈ ને ભાગીદારી આપવાની મના કરતો હતો તથા આખા જગતને અમેરિકન સંસ્થાન બનાવી દેવા એક પછી બીજો એમ, યુરોપ પર આર્થિક નિર્ણય મેળવીને પછી એશિયા, આફ્રિકા અને મધ્યપૂર્વ પર લશ્કરી કરારો અને જૂથો રચતો હતો

સીએટોમાં સીઆમ અને પાકીસ્તાન

એશિયાપરનું અમેરીકન આર્થિક શાહીવાદનું રાજકારણ ચીન ભારતમાંથી પાછું પડવું હતું ત્યારે અમેરીકન સરકારની પરદેશનીતિની નજર સિયામ નામના એશિયન પ્રદેશના મહારાજ્યનાપ્રદેશપર પડતી હતી. આ મહારાજ્ય જન્મે અમેરીકન હતો તથા એ મહારાજ્યનો એશિયાભરમાં અતિ પછાત એવો પ્રદેશ દક્ષિણ પૂર્વ એશિયા પર પોતાની આક્રમક નીતિ અજમાવવા માટે અમેરીકાના આર્થિક શાહીવાદને ખૂબ કામ લાગે તેવો હતો. હવે સિયામને નજરમાં રાખીને એશિયા પરની અમેરિકન પરદેશનીતિ દક્ષિણ પૂર્વ એશિયાને દક્ષિણ સાથે જોડી દેવા માગતી હતી તથા સિયામના પાટનગર બેન્ગકોકને પોતાનું મથક બનાવતી હતી. હવે દક્ષિણ કોરીયામાં પણ અમેરીકન શાહીવાદ પોતાનું લશ્કરી મથક જમાવી ચૂકયો હતો તથા અમેરીકાના પાંચસો લશ્કરી અમલદારો દક્ષિણ કોરીયાના લશ્કરને તાલિમબધ્ધ બનાવવા મંડી પડયા હતા. જાપાન પર અમેરીકન અધિપતી તરીકે બેઠેલો જનરલ મેકઆર્થર ઉત્તરકોરીયા પર આક્રમણ કરીને ચીન પર ચઢાઇ કરવાનો વ્યૂહ ગોઠવતો હતો. આ વ્યૂહની સાથે સાથે જ પોતાની હકુમત નીચેના તૂર્કસ્તાનના પ્રદેશપરથી પાકીસ્તાન પર ચીન ભારત પર દબાણ લાવવા માટે પોતાની પરદેશનીતીને ગોઠવવાનો આરંભ શરૂ થઈ જતો હતો.

અમેરીકન અસર નીચે પાકીસ્તાને તૂર્કસ્તાન સાથેના મૈત્રી કરારો કર્યા અને ઇ. સ. ૧૯૫૩ના ડીસેમ્બરમાં પાકીસ્તાનને હથિયારો આપવાની યોજના પ્રમુખ આઇઝનહોવરે મંજુર કરી. પાકીસ્તાનના અસ્તિત્વ વિષે જેને જરા પણ દરકાર નહતી તેની સાથે અમેરીકન સરકારે હવે મિત્રાચારી શરૂ કરી. અમેરીકાના નૌકાખાતાના અમલદારોએ પાકીસ્તાનની મુલાકાતો લેવા માંડી અને ઇ. સ. ૧૯૫૩માં અમેરીકા તરફી મહમદઅલી, પાકીસ્તાનનો વડોપ્રધાન

બન્યો. એશિયાભરમાં સૌથી મોટું એવું વિમાની મથક પાકીસ્તાનમાં કરાંચી પાસે બંધાયું. ત્યારપછી તરત જ પાકીસ્તાનમાં અમેરીકન હથિયારોના ઢગલા મદદ તરીકે આવી પહોંચ્યા અને અમેરીકન સરકારે પાકીસ્તાન સાથે લશ્કરી મદદના કરારો કરીને પાકીસ્તાનના લશ્કરને તાલીમબધ્ધ બનાવવા પોતાના લશ્કરી અમલદારોને રવાના કર્યા.

અદ્રષ્ટ સામ્રાજ્યનું આક્રમણરૂપ

અમેરિકાના આ અદ્રષ્ટ સામ્રાજ્યનું અથવા પંડિત નહેરૂની ભાષામાં કહીએ તો આ "આર્થિક શાહીવાદનું" રૂપ સંસ્કૃતિ નહીં પણ સંહારના સ્વરૂપોમાં દેખાઈ ચૂકયું હતું. પોતાનાં આર્થિક હિતો માટે, પરાયા રાષ્ટ્રની ધન દોલત પર કાબુ જમાવનાર તથા તેના પર લશ્કરી કાબુ જમાવીને તેના રાજકારણના બધા દોરી સંચાર પોતાના હાથમાં ધારણ કરનાર અમેરિકન શાહીવાદનું સંહારક સ્વરૂપ, યુદ્ધના લશ્કરી કરારોની રચના મારફત દેખાઈ ચૂકયું હતું.

શાહીવાદના આ સ્વરૂપે યુદ્ધનો વિરોધ કે નિર્બળોનો પક્ષ કદી કર્યો નથી. આ શાહીવાદે આરંભમાં જ શાંતિ માટેના ઈ. સ. ૧૮૯૯ના હેગકન્વેન્શનને પણ અનુમોદન આપ્યું ન હતું અને યુદ્ધમાં વપરાતી ડમડમ ગોળીઓને ગેર કાનુની ઠરાવી નહોતી તથા ૧૯૨૫ ના જીનેવા પ્રોટોકલને પણ અનુમોદન આપીને યુદ્ધમાં વપરાતા ગેસ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો નહોતો. આ શાહીવાદે જ ઇ. સ. ૧૯૪૫ માં જંતુ યુદ્ધનો જાપાની પ્રદેશ પર અમલ કર્યો હતો. પહેલા વિશ્વયુદ્ધમાં જર્મની મનસ્વારે જ્યારે અમેરિકન યુદ્ધ કેદીઓને લઇ જતા જહાજને ડૂબાડી દીધું હતું ત્યારે તે સામે અમેરિકન સરકારે પોતાનો રોષ જાહેર કર્યો હતો પરંતુ આ શાહીવાદી સરકારેજ બીજા વિશ્વયુદ્ધમાં અણુ બોંબ વડે જાપાનના હિરોશીમા અને નાગાસાકી નામના બે નગરોનું ખૂન કરી નાખ્યું અને એ રીતે આકાશમાંથી જ ખેલાતા વિમાની યુદ્ધની ભયાનકતાને તથા તેની સંહારક વ્યાપકતાને હજારો ગણી વધારી મૂકી અને આબાલવૃદ્ધોના માનવ સમુદાયોને સંહારી નાખ્યા. સંહારની આવી વ્યાપકતા આ આર્થિક શાહીવાદે વિશ્વ ઇતિહાસમાં પહેલીવાર ખૂલ્લી મૂકી. જ્યારે જાપાનનો પરાજય હાથ વેંતમા દેખાતો હતો તે સમયે જ જ્યારે બોંબ જેવા સર્વાંગી સંહારના શસ્ત્રને વાપરવાની જરાપણ જરૂર નહોતી ત્યારે જાપાન પર બેકાબેક કબ્જો કરી લેવાના આશયથી તથા એશિયા પર જાપાનને બદલે અમેરિકન સામ્રાજ્યની હકુમત ગોઠવી દેવાની તાલાવેલી ધારણ કરીને આ શાહીવાદે યુદ્ધનું સર્વ સંહારક સ્વરૂપ ઈ. સ. ૧૯૪૫ ના જુલાઈની ૧૬ મી તારીખે ખૂલ્લું મૂકયું.

ત્યાર પછી આ આર્થિક શાહીવાદ બીજા વિશ્વ યુદ્ધમાં પોતાના ઉદ્યોગોને જરા પણ નુકશાન થયા વિના તથા જગત પર પોતાના લશ્કરી થાણાઓને વધારી મૂકીને વિજયી બનીને બહાર નીકળ્યો. ઈ. સ. ૧૯૪૭ ના જાન્યુઆરીમાં આ શાહીવાદના લશ્કરી ઉસ્તાદ ફીલ્ડીંગ દલીયરે જાહેરાત કરી કે "યુનાઇટેડ સ્ટેટસ અને ગ્રેટ બ્રિટન પાસે આજે સર્વ શક્તિમાન એવી નૌકા તાકાત તથા આખા જગત પર પહોંચી વળે એવી અસાધારણ ઝડપવાળી વિમાની તાકાત છે. આ બંને સત્તાઓ પાસે આજે છેવટની ઢબનો શસ્ત્ર સાજ છે તે ઉપરાંત નૂતન ઢબનાં આયુધોમાં તેમની પ્રગતિ અજોડ છે. આખા જગતમાં આજે એકલા યુનાઇટેડ સ્ટેટ પાસે જ અણુ બોમ્બનું આયુધ છે." ત્યાર પછી આ આર્થિક શાહીવાદે જાપાનનો કબજો કરી લીધો અને જાપાન પરથી દક્ષિણ કોરિયાનો પણ કબજો કર્યો. હવે આ શાહિવાદની યોજના ઉત્તર કોરીયા પર આક્રમણ કરીને ચીન પર ચઢાઇ કરવાની તૈયારી કરવા લાગી.

એશિયા પરનું અમેરિકન આક્રમક રૂપ

હવે અમેરિકન શાહીવાદે એશિયા પર કબજો મેળવવાનું આક્રમણ સ્વરૂપ જાપાનને પોતાનું મથક બનાવીને શરૂ કર્યું. પનામાની નહેર પરનું અમેરીકન લશ્કરી થાણું આલાસ્કા હવાઇ અને પનામાની લાઇન દોરી પરથી પશ્ચિમ તરફ હવે જાપાનને ફિલીપાઇન્સ સાથે એક થઈ ગયું. આ રીતે બીજા વિશ્વયુદ્ધ પછી અમેરીકાની લશ્કરી હદ દૂર પૂર્વને અડી ચૂકી. આ લશ્કરી સરહદ અમેરિકાની જમતભરમાં અજોડ એવી આર્થિક તાકાત સાથે આગળ વધવા માંડી. આ આર્થિક શાહીવાદની તાકાત, અજોડ એવી લશ્કરી તાકાત સાથે એકમય બની ચૂકી. આ તાકાતનું સંહારક સ્વરૂપ અણુબોંબનું બન્યું. અમેરીકાએ અણુ બોમ્બનો પ્રાયોગિક એવો પહેલો ધડાકો જિકાની પર કર્યો આ ધડાકા પર વિવેચન કરતા પંડિત નહેરુએ કહ્યું કે "અમેરીકન સરકારે આ ધડાકા વડે પોતાની તાકાતની જાહેરાત કરી છે તથા પોતાની પરદેશ નીતિમાં જે કોઇ આડું આવે તેને ઉડાવી મૂકવાની જાહેરાત પણ કરી છે" આ રીતે અમેરીકન શાહીવાદે પાસીફીક મહાસાગરને ઓળંગીને દક્ષિણ કોરીયા પર પોતાની કાર્યવાહી શરૂ કરી. કોરીયાના માનવ સમુદાયોને આર્થિક રાજકિય અને લશ્કરી રીતે ગુલામ બનાવીને અમેરીકાએ તે પ્રદેશ પર સીંગમનરી નામના એક પોતાના આડતીયાને પ્રમુખ તરીકે નિમ્યો તથા અનેક વર્ષોથી પોતાની શાહીવાદી લાલ સાને ઉત્તેજીત કરી રહેલા પણ પોતાની શાહીવાદી પકડમાંથી સરી ગયેલા વિરાટ ચીન દેશને આક્રમણ કરીને ગુલામ બનાવવાની યોજનાઓ ઘડવા માંડી.

ખ્યાલ એવો હતો કે એશિયાના રાષ્ટ્રોને કબજે કરવા માટે જાપાનને અમેરીકાનું ઉદ્યોગ કારખાનું બનાવી શકાશે પરંતુ અમેરીકાના આર્થિક શાહીવાદનો એ ખ્યાલ અનુભવમાં ખોટો નિકળ્યો. જાપાન વર્કશોપ બની શકયું પરંતુ આર્થિક શાહીવાદના આ કારખાનાને માટે કાચો માલ બનનારા એશિયાના દેશો હવે પલટાવા માંડ્યા હતા અને જાપાન પરથી પોતાના પર ઉતરી આવતા અમેરીકન શાહીવાદનો પ્રતિકાર કરતા હતા.

જાપાન પરથી ચીનનો દરવાજો અમેરીકા માટે ખોલી નાખવાનો કાર્યક્રમ હવે આ આર્થિક શાહીવાદ માટે શકય જણાતો નહોતો. ચીન દેશ આઝાદ બનતો હતો તથા ૧૯૪૯ના ઓકટોબરની પહેલી તારીખે ચીનનું પ્રજાસત્તાક શરૂ થતું હતું. એટલે ચીનનું કમાડ દેવાઇ જતાં અમેરીકાનો આર્થિક શાહીવાદ ભારત પર નજર નાખતો હતો. કોમનવેલ્થમાં રહેવાના ભારતના નિર્ણયને લીધે બ્રિટન અને અમેરીકાને આનંદ થઈ ગયો તથા ચીન પોતાની પકડ નીચેથી છટકી ગયા પછી, ભારતને સાણસામાં લેવાની કાર્યવાહી શરૂ થઈ.

ભારત અને બ્રહ્મદેશ

અમેરીકામાં જવાહરલાલને બોલાવીને અસાધારણ માન આપવાની તૈયારીઓ ચાલુ થઇ ગઇ. આ બધા પાછળ ચીનની ક્રાન્તિને લીધે ચીન પરનું જે કમાડ અમેરીકાના પ્રવેશને માટે દેવાઇ ગયું હતું તેના બદલામાં ભારત પરનો દરવાજો ખોલવાનો ઇરાદો હતો. ચીન જતો રહ્યો છતાં હિંદી મહાસાગરના રાષ્ટ્રમંડળમાં પ્રમુખ એવો ભારત દેશ જો અમેરીકાના આર્થિક શાહીવાદને આવકાર આપે તો ત્યાંથી આખા દક્ષિણ પૂર્વ એશિયાને અને પછી ચીનને પણ સર કરી શકાય એમ હતું.

આ સાથે સાથે અમેરીકાએ બ્રહ્મદેશના વડા પ્રધાનને પણ ઈ. સ. ૧૯૪૯ ના ઉનાળામા ઉમળકાભર્યો આવકાર આપ્યો. આ રીતે ભારત અને બ્રહ્મદેશ પર અમેરીકાના આર્થિક શાહીવાદની નજર જાપાન પરથી ઠરી. જાપાનના ઉંબરા ઉપરથી ભારત પર ઉતરાણ કરવાના મનસુબા સેવાયા. દૂર પૂર્વનું રાજકારણ અમેરીકાના સરકારી તંત્રમાં નક્કી થવા લાગ્યું. પરંતુ નહેરૂએ પોતાની શાંત અને નમ્ર રીતે જાહેર કર્યું કે પોતાનું રાષ્ટ્ર બીજા રાષ્ટ્રો સાથેની બીન દરમ્યાનગીરીને અને સમાન સાથીદારીને જ અપનાવવા માગે છે. આવી જાહેરાતથી જાપાન પર લશ્કરી કબજો જમાવીને બેઠેલા અમેરીકન શાહીવાદની મૂંઝવણ વધી.

જાપાન પરના શાંતિકરારનું આક્રમક રાજકારણ

આ રાજકારણની સામે એશિયાભરમાંથી જાપાનપર લાદવામાં આવતા અમેરિકન શાંતિકરારોની સામે વિરોધનો અવાજ ઉઠયો. શાંતિકરારનું નામ આપીને

જાપાન સાથેના લશ્કરી કરારો. અમેરીકન શાહીવાદ સાંનફ્રાન્સીકો મૂકામે કરતો હતો. આ કરારમાં હાજર રહેવાની ભારત અને બ્રહ્મદેશે ના પાડી દીધી અને અમેરીકન શાહીવાદ સામે એશીયાનો આ પ્રતિકાર ફરીવાર અથડાયો. ઓસ્ટ્રેલીયાએ અને ફીલીપાઈન્સે પણ આ શાંતિકરારનો વિરોધ કર્યો. ઈન્ડોનેશિયાના પરદેશમંત્રીએ આ શાંતિકરારમાં સહી કરી હતી પરંતુ ઈન્ડોનેશીયાની પાર્લામેન્ટે તેને નકારી કાઢી. જવાહરલાલ નહેરૂનું શાંતિમય રાજકારણ જાપાનપર લાદવામાં આવતા શાંતિકરારના વિરોધમાં એશિયાનું આગેવાન બન્યું. જાપાનમાં પણ શાહીવાદ સામે વિરોધ જાગી ઉઠ્યો. આ કરાર વડે અમેરીકન શાહીવાદ એશિયાભરમાં ઉઘાડો પડી ગયો. આ "શાંતિ કરારની" અંદર ગુપ્ત રહેલા એશિયાપર અશાંતિ અને યુદ્ધ ફેલાવવાના કાવતરાવાળા અમેરીકન કરારનામા સામે ૧૯૫૧ ના ફેબ્રુઆરીની ૬ઠ્ઠીએ જાપાનની રાજસભાની બન્ને ગૃહની સ્ત્રી સભાસદોએ અમેરીકાના પરદેશમંત્રી જોન ફોસ્ટર ડલેસને ટોકયોનગરમાં મેમોરેન્ડમ આપ્યું. આ મેમોરેન્ડમ જાપાનની જનતાની સ્ત્રી પ્રતિનિધિઓનું હતું તથા જાપાનનો સાચો અવાજ રજુ કરતું હતું કે " અમારી પહેલી અને છેલ્લી પ્રાર્થના યુદ્ધને નિવારવા માટેની છે. અમે માતાઓ પત્નિઓ અને બહેનો યુદ્ધને ધિક્કારીએ છીએ. પાછલાં વર્ષોમાં અમે જાપાનીઓએ યુદ્ધને જગાવીને ખૂબ સહન કર્યું છે. હવે અમે યુદ્ધની તમામ રીતભાતોમાંથી અમારો વિશ્વાસ ગુમાવી દીધો છે. એટલા માટે અમે અનુરોધ કરીએ છીએ કે જગતમાંથી અને પૂર્વની પ્રજાઓમાંથી મનુષ્યનો સંહાર કરવાની રીતભાતને અટકાવી દઈને સાચી સંધ સલામતીનું નિર્માણ કરવાની જરૂર છે. જેમણે અમારી ભૂતકાળમાં યુદ્ધ કરવાની રીતને લીધે સહન કર્યું છે તે સૌ દેશોના અમે ઋણી છીએ અને સદંતર રીતે યુદ્ધની તમામ રીતભાતોનો ધિક્કાર કરીએ છીએ."

ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ઝડપથી ધસતી, અમેરિકન અને બ્રિટન તથા ફ્રાન્સની સામ્રાજ્યવાદી સરકારોની આગેવાની નીચે રચાયેલાં યુદ્ધ જૂથોની રચનાની સાથે સાથે જ બ્રિટનના સામ્રાજ્યવાદે બીજા વિશ્વયુદ્ધ પછી તરત જ મલાયા અને બ્રહ્મદેશની આઝાદીને કચડી નાખવા યુદ્ધ શરૂ કરી દીધું. ફ્રાન્સના સામ્રાજ્યવાદે એજ અરસામાં વીએટનામની આઝાદીને છૂંદી નાખવા યુદ્ધ આરંભ્યું, તથા એ સમયમાં, હોલેન્ડે ઈન્ડોનેશિયાપર યુદ્ધ શરૂ કર્યું. એજ સમયમાં, અમેરિકન શાહીવાદે, દૂર પૂર્વમાં ચીન સામે યુદ્ધની રચના આરંભી દીધી.

એશિયાપરની અમેરિકન યુદ્ધ રચનાનો પહેલો મોરચો, ફોરમોસા

પછી આ સામ્રાજ્યવાદી લશ્કરી જૂથે અને ખાસ કરીને અમેરિકન શાહીવાદે ફોરમોસાપર પોતાનું મથક બનાવ્યું. આ તાઈવાન અથવા ફોર્મોસા, ચીન

દેશનો ટાપુ છે. અથવા વિમુક્ત ચીન રાષ્ટ્રનો એક પ્રાંત છે. આ પ્રાંત લગભગ બાર નાના નાના ટાપુઓનો બનેલો છે. આ પ્રાંતને પૂર્વ કિનારે પેસિફિક છે અને પશ્ચિમે મહાન ચીનરાષ્ટ્રનો પ્રદેશ છે. આ મહાન રાષ્ટ્રના સૈકાઓ જુના, અને ભૂગોળની સત્ય હકીકતો જેવા, બે ટાપુઓમાં હાઇનાન એક છે અને બીજો તાઇવાન (ફોર્મોસા) છે. ત્યારે ઈશુપણ જન્મ્યો નહોતો, ત્યારે કે કોલંબસ અમેરિકા શોધવી શકયો પણ નહોતો, ત્યારે પહેલવહેલો, ચીન રાષ્ટ્રનો ઇતિહાસ, તાઇવાન અને હાઇનાન ટાપુઓ ચીનના ઇતિહાસની સાખીતી આપે છે. શાહીવાદે ચીનને ગુલામ બનાવ્યા પછી આ બન્નેય બનેલા મહારાષ્ટ્રના આ ટાપુ, તાઇવાનનું નામ ફોર્મોસા. એટલે "સુંદર દ્વીપ" એવું પડ્યું હતું.



આજે આ સુંદરદ્વીપ પર પેલાના ટચુકડા દેશદ્રોહી સામંત ચેમાડી રાજાને, અમેરિકાનો યુદ્ધ બેડા સાથે બાદ વિશ્વની બધી સંસ્કૃતિ અને શાંતિની બાજુના પર, આ સુંદર દ્વીપ તાઇવાન પર, હિંમતીઓ, પગરી ઓ પગરી, ઝિયા અમેરિકા અને ફ્રાન્સના સાથી સૈનિકો ચડી આવ્યા હતા. પછી ઈ. સ. ૧૮૯૫માં આ દ્વીપ પર જાપાની સામ્રાજ્યવાદનો અડો જામી પડયો અને ત્યારપછી ૧૯૪૯ માં, આઝાદ બનેલા ચીનરાષ્ટ્રે, પોતાના

પ્રાચીન દેશના આ પ્રાચીન પ્રાંતને મુક્ત કરવાનો પોતાનો નિરધાર જાહેર કર્યો. અને અમેરિકન અને બ્રિટીશ સરકારે, ઇ. સ. ૧૯૪૩માં કેરો મુકામે, ડિસેમ્બરની ૧ લી તારીખે કરેલી જાહેરાતની જગતને જાણ કરી. ત્યારે આ બંને સરકારોએ જાહેરાત કરી હતી કે, "અમારો હેતુ, ચીની આઝાદ પ્રજાસત્તાકમાં, જપાને ચોરી લીધેલા ચીનના તમામ પ્રાંતો, જેવા કે, મંચુરીયા, ફોર્મોસા અને પીકાડોર્સ' ફરીવાર માતૃભૂમિ સાથે જોડાઇ જાય તેની કાળજી રાખવાનો છે." પરન્તુ ત્યારપછી અમેરિકન શાહીવાદે ચીન પર આક્રમણ કરવાના એકજ ઇરાદાને, સૌથી મોટો બનાવી દઇને, ધીમેધીમે ચીનરાષ્ટ્રને, રાષ્ટ્રસંઘમાંથી બહાર રાખીને, પોતાનો યુદ્ધખોર કદમ ચીન પર ઉઠાવવા માંડયો. આ દિશામાં પહેલા પગલા તરીકે અમેરિકન શાહીવાદે, જગતભરની નીતિમત્તા અને શાંતિ વ્યવહારને કંપાવી મૂકે તેવી જાહેરાત, પોતે ચાંગ–કાઈ-શેકની દેશદ્રોહી એવી ફોરમોસાની સરકાર સાથેના પરસ્પરના રક્ષણના લશ્કરી કરારની કરી. આ કરાર વડે, ફોર્મોસાના રક્ષણ માટે એટલે ફોર્મોસા, ચીનમાં જોડાઇ ન જાય તે માટે, તથા ફોર્મોસાપરથી ચીનપર આક્રમણ થઈ શકે તે માટે, અમેરિકન યુદ્ધખોર શાહીવાદને, પોતાનાં જમીનનાં દરિયાઇ તથા હવાઈ લશ્કરો, ફોર્મોસાની ભૂમિપર રાખવાના તથા તે લશ્કરો વડે યુદ્ધ ખેલવાના અધિકાર મળતા હતા.

વિશ્વ–શાંતિ સામે અમેરિકન શાહીવાદનું આ પગલું, ચીનની પ્રજાસત્તાક સરકારના વડાપ્રધાને ધિક્કારી કાઢતાં જાહેર કર્યું કે, "આ પગલું લઇને અમેરિકન શાહીવાદે ચીનની નુતનલોકશાહી પર અને ચીનના લોકસમુદાય પર આક્રમણ કરવાની યુદ્ધની જાહેરાત કરી છે. તથા સંયુક્ત રાષ્ટ્રસંઘમાં વિમુક્ત અને વિરાટ એવા મહાન ચીનરાષ્ટ્રનો પ્રવેશ અટકાવી રાખ્યો છે."

ચીનપર આક્રમણ કરવાનો બીજો મોરચો, દક્ષિણ કોરીયા.

બીજા વિશ્વયુદ્ધના અંતમાં જ શાહીવાદી રાજકારણે, કોરીયાના આઝાદ બનતા પ્રદેશને અરધોઅરધ તોડી નાખ્યો હતો. ૩૮ મી પેરેલલ આગળ કોરીયનરાષ્ટ્રની વિમુક્તિની હિલચાલમાં વિઘ્ન પાડી દઈને દક્ષિણ કોરીયાપર અમેરિકન શાહીવાદે પોતાનો મોરચો ગોઠવી દીધો હતો. આ પહેલાંજ ફોરમોસા નામના ચીનના ટાપુને ચીનના રાષ્ટ્ર દેહમાંથી છેદી નાખીને તેના પર પોતાના શસ્ત્ર સરંજામ અને નૌકા કાફલાના રક્ષણ નીચે ચાંગ કાંઈશેકની સરકારને ગોઠવી દઇનેજગતભર પર અટ્ટહાસ્ય કરીને અમેરિકન શાહીવાદે આ ફોરમોસાને જ ચીનરાષ્ટ્રની બેઠકપર રાષ્ટ્રસંઘમાં પણ બેસાડી દીધો હતો. આ ફોર્મોસાપર



થઈને ચાંગ–કાઇ-શેકના નામ નીચે ચીન પર આક્રમણ કરવા માટેની અમેરિકન યોજના, હવે દક્ષિણ કોરીયાપર એજ યોજનાનો બીજો મોરચો માંડી ચૂકી હતી. ફોરમોસામાં શીંગમાનરીની સરકાર અમેરિકન શસ્ત્રસાજ વડે સજાઇ ગઇ. પછી ઇ. સ. ૧૯૫૦ ના જુનની શરૂઆતમાં, અમેરિકન પરદેશમંત્રી ડલેસ, પોતાના નિષ્ણાતો સાથે દક્ષિણ કોરીયાના પાટનગરમાં આવી પહોંચ્યો. વિમુકત એવા ઉત્તર કોરીયાને પશસ્ત કરી નાખીને, તેના પર થઇને ચીનપર આક્રમણ કરવાની ભવિષ્યની યોજના પહેલાં, ઉત્તર કોરીયાપર આક્રમણ કરવાનું અહીં નક્કી થયું. જુનની ૨૭મી એ દક્ષિણ કોરીયાએ ઉત્તરપર આક્રમણ શરૂ કર્યું. બંને કોરીયા વચ્ચેની ૩૮મી પેરેલલ પર કોરીયન માનવોનો સંહાર શરૂ થયો.

દક્ષિણ કોરીયાના ઉત્તર કોરીયા પર થએલા આક્રમણની સાથે જ અમેરિકન પ્રમુખે દક્ષિણની મદદે ઉત્તરપર આક્રમણ કરવાની અમેરિકન કુમક અને અમેરિકન ટુકડીઓ રવાના કરી દીધી. એ આક્રમણની સાથે સાથે જ, આખા જગતની નિર્ણયબુદ્ધિ પર અટ્ટહાસ્ય કરતા આ શાહીવાદી આક્રમણે, જાહેર કર્યું કે દક્ષિણ કોરિયાએ ઉત્તર પર આક્રમણ કર્યું છે. આખા સવાલને એણે એ રીતે રાષ્ટ્રસંઘની સલામતિ સમિતિની તાકીદની સભા બોલાવીને રજુ કર્યો તથા પોતે તૈયાર કરેલો ઠરાવ પસાર કરાવી દીધો અને રાષ્ટ્રસંઘ મારફતજ, ઉત્તર કોરીયા પર લડવા જનારી, રાષ્ટ્રસંઘનો ઝંડો ધારણ કરનારી, પોતાની પકડ નીચેના બીજા દેશોની લશ્કરી ટુકડીઓ, ઉત્તર કોરીયાપર આક્રમણ કરવા અને દક્ષિણને મદદ કરવા રવાના કરી દીધી. અમેરિકન પરદેશમંત્રી ડલેસે, એશિયનોને અંદર અંદર લડાવવાની પોતાની પરદેશનીતિ જગતને સંભળાવી દીધી. પણ લાખોના સંહાર પછી, કોરીયાનો આ આંતરવિગ્રહ જ્યાં આગળ અમેરિકન

શાહીવાદે સળગાવ્યો હતો ત્યાં જ ૩૮મી પેરેલલપર થંભી ગયો. ઉત્તરકોરીયાનું પતન કરીને ચીનપર આક્રમણ કરવાની અમેરિકન શાહીવાદની યોજના આ પેરેલલપર નિષ્ફળ નિવડી.

આ પેરેલલ પરથી જ, નૂતન રાષ્ટ્ર વિમુક્તિની કોરીયન શહાદતની જ્યોત આખા એશિયા માટે જાગતા રહેવાની હાકલ કરતી દીવાદાંડી જેવી ઉભી. વિમુકત બનવા માગતા એશિયાનો આત્મા, કોરીયન આપભોગની છબી દેખતો સાવધાન બન્યો. અમેરીકન શાહીવાદની યુદ્ધખોર છબી અહીં ઉદઘાટન પામી. ચીન પર અને પછી આખા એશિયા—આફ્રિકા પર સામ્રાજ્ય સ્થાપવા ઉઠાવાયેલો પહેલો કદમ, અહીંજ, ૩૮મી પેરેલલ પર દોઢ લાખ અમેરીકન દિકરાઓ અને બીજાં વેડીયાં રાષ્ટ્રોના સૈનિકોની કબર ચણીને થંભી જઈને અંદરથી ચડભડતો ઉભો. આ પેરેલલ પર અમેરીકન શાહીવાદની લડાયક તાકાતની પારખ પણ થઈ ગઈ. પરાજીત બનેલા અને શરમિંદા બની ગયેલા અમેરીકન શાહીવાદે આ પછી તરત જ, દક્ષિણ કોરીયા સાથે, પરસ્પરના સંરક્ષણ કરાર કર્યો તથા, ઉત્તર કોરીયા પર ફરીફાર વધારે સારો સમય જોઇને આક્રમણ કરવાની મુરાદને જાળવી રાખીને, દક્ષિણના પ્રદેશમાં પોતાનો શસ્ત્ર સરંજામ તથા લશ્કરો રાખવાનો કરાર કરી દીધો.

અમેરિકન શાહીવાદનો એશિયા પરનો યુદ્ધખોર ભરડો, 'સીએટો' (સાઉથ ઈસ્ટ—એશિયા—ટ્રીટી ઓરગેનિઝેશન)

અમેરિકન શાહીવાદે, સિઆમ, ફિલીપાઇન્સ અને પાકીસ્તાન પર પોતના લશ્કરી કરારો કરીને અને ત્યાં પોતાના શસ્ત્રસરંજામ ખડકવાનો આરંભ કરીને પોતાની યુદ્ધખોર યોજનાનો શાહીવાદી ભરડો, આખા એશિયા પર ઉતારવાનો આરંભ કર્યો તથા ઈ. સ. ૧૯૫૪ના જુલાઇમાં પ્રચાર શરૂ કર્યો. સપ્ટેંબર મહીનામાં મનીલા મૂકામે એ પરિષદ મળી. આ પરિષદમાં સિઆમ, ફિલીપાઇન્સ, અને પાકીસ્તાન ઉપરાંત બ્રિટન, ફ્રાન્સ, ઓસ્ટ્રેલીયા, અને ન્યુઝી લેન્ડની સરકારોના પ્રતિનિધિઓ અમેરિકન શાહીવાદનાં લશ્કરી કઠપુતળાં જેવાં ભેગાં થયાં તથા, એશિયાના દેશો માટે, એશિયાના વિમુકત રાષ્ટ્રોની હાજરી વિના અને તેમના પ્રખર વિરોધની પરવા કર્યા વિના, અમેરિકન શાહીવાદે આ યુદ્ધખોર જમાવટની યોજના કરી દીધી. ભારતના રાજકીય આગેવાન કૃષ્ણમેનને આ યુદ્ધખોર ખરડા વિષે કહ્યું કે,

'આ કરારવાળી 'સીટો' નામની સંસ્થા, કેટલીક શાહીવાદી સત્તાઓ તથા તેમની સાથે હિત સંબંધ ધરાવતી બીજી કેટલીક સત્તાઓ, કોઈ પ્રદેશોના

રક્ષણ માટે કરારથી ભેગી મળી છે. આ પ્રદેશ એશિયાનો પ્રદેશ છે તથા અમે કે જે એ પ્રદેશનો જ એક રાષ્ટ્ર વિભાગ છીએ, તે જાહેર કરીએ છીએ કે અમારે અમારા બચાવ માટે તમારા રક્ષણની જરૂર નથી. તમારો આ કરાર રાષ્ટ્રસંઘના ચારટરનો પણ ભંગ કરે છે.'

અમેરિકનશાહીવાદનો મધ્યપૂર્વપરનો યુદ્ધખોર ભરડો, બગદાદ કરાર

આ પછી તરત જ અમેરિકન શાહીવાદે, ' મીડલઈસ્ટ ડીફેન્સ, ઓરગે-નિઝેશન ' અથવા મીડો નામની લશ્કરી અને યુદ્ધખોર ઘટના ઘડવાની હિલચાલ શરૂ કરી. એશિયાનો બચાવ કરવા નીકળી પડેલી આ ઘટનાએ મધ્યપૂર્વના પ્રદેશોને પણ તેવી યુદ્ધ યોજના નીચે જકડી રાખવાના દોરીસંચાર શરૂ કર્યા. પરંતુ આ યોજનામાં, પહેલાં પરોવાઈ જાય તેવા પ્રદેશોનો એક છેડો પાકિસ્તાન, અને ટરકીમાં શરૂ થઈ ચૂકયો હોવા છતાં, વચમાં ઈરાન હજુ અમેરિકન પકડ નીચે આવી ગયો નહોતો. ઈરાનનું જો પતન થઈ શકે તો પછી, ઇરાક અને ઈઝરાએલ તો, અમેરિકન યુદ્ધ ભરડાના બીજા છેડા તરીકે તૈયાર હતા જ. આ ભરડાના અર્ધચંદ્રાકારની ભીંસમાં પછી ઈજીપ્ત, અરેબીયા, જોર્ડન, અને સીરીયા જેવા પ્રદેશોને લાવવાનાં આક્રમણ પણ કરી શકાય તેમ હતું, એટલું જ નહીં પરંતુ હજુ સુધી દઢપણે વિમુકિત અને વિશ્વ-શાંતિના રાજકારણને વળગી રહેલા ભારતને પણ યુદ્ધની ભીંસમાં લાઈ શકાય તેમ હતું. એટલે સૌથી પહેલાં ઈરાનનું પતન થઇજ જવું જોઇએ. તે માટે ઈરાન પર અમરિકી શાહીવાદના બધા સંચાર શરૂ થઇ ગયા, અને ઈરાનનું પતન થયું. અમેરિકન શાહીવાદનો યુદ્ધ ભરડો, પતિત બનેલા, અને પતન પામેલા, પાકિસ્તાનથી, હવે ઇરાનમાં થઇને, ટરકી પર અને ઈરાક પરથી પસાર થઇને ઇઝરાએલ સુધી પહોંચી ગયો.

અને જેવો ' સીટો ' કરાર થયો તેવો જ બીજો યુદ્ધખોર કરાર બગદાદ કરાર નામનો ઈરાકના પાટનગરમાં આલેખાયો.

એશિયા અને આફ્રિકાના ખંડો પર વિશ્વયુદ્ધના અમરિકી પડછાયા ફરતા થઈ ગયા. ઈજીપ્ત અને ભારત જેવા, વિમુકિત અને વિશ્વશાંતિના આગે-વાન રાષ્ટ્રો પર અમેરિકન શાહીવાદની યુદ્ધખોર નજર, ઉગ્ર બની ગઇ.

શાહીવાદી ઘટનાનું મધ્યપૂર્વપરનું રાજકારણ

આ બનાવને લીધે શાહીવાદી ઘટનાએ ઘડેલું મધ્યપૂર્વ પરનું રાજકારણ ખુલ્લું પડયું. આ પ્રદેશપર યુદ્ધખોર ભરડો રચીને ગોઠવાયેલો, પાકિસ્તાનથી

શરૂ થએલો, ઈરાનનું પતન કરીને ત્યાં પરોવાઈ ચૂકેલો અને ઇરાકનો બગદાદ કરાર બનેલો, ટરકીપરથી પસાર થએલો શાહીવાદનો યુદ્ધમોરચો, ઇઝરાઇલના અમેરિકન શાહીવાદના દોરીસંચારવાળો સાફ દેખાયો. અંગ્રેજી શાહીવાદે પોતાના ખાદા તરીકે જન્માવેલા અને અમેરિકન શાહીવાદે તેને, શસ્ત્રસાધનોથી મઢેલા, ઇઝરાઇલે બગદાદ કરારનો છેડો બનીને આ છેડા પરથી ઇજીપ્ત પર સુએઝની નહેરનો કબજો લેવા માટે, અંગ્રેજી, ફ્રેંચ અને ઇઝરાઇલના આક્રમણના ધસારા એક સાથે આરંભી દીધા. આ ત્રણે ધસારા નીચે એક જ રાતમાં ઇજીપ્તનું પતન થવાનો અમેરિકન શાહીવાદનો અંદાજ હતો.

પણ ઇજીપ્તનું પતન થયું નહીં. ઇજીપ્તપરનાં આ ત્રણ આક્રમણોને ભારતની વિમુક્ત સરકારે, ચીનની વિમુક્ત સરકારે, અને એશિયા આફ્રિકાનાં વિમુક્ત રાષ્ટ્રોએ એક સાથે ધિક્કારી કાઢયાં. રશિયાએ આ આક્રમણખોરો પર આખરી નામાની ધમકી પાઠવી. કેરો નગરે આ આક્રમણને દેહનીદિવાલ રચીને થંભાવી દીધું. ઇજીપ્તનું પતન પૂકારવાની પળ પર અધીરો બનેલો "વોઇસ ઓફ અમેરિકા" મુંગો રહ્યો. ઇજીપ્ત પરથી આરબ વિમુક્તિના અવાજે જગતને પોતાના લડાયક નિરધારની જાણ કરી.

બાન્ડુગની અસ્મિતાનું ઇજીપ્તે કરેલું શિલારોપણ

બાન્ડુગનો સમારંભ એશિયા–આફ્રિકાની વિમુક્તિના પાયાપર ઉભેલી, વિશ્વ–શાંતિનો વાહક બન્યો હતો ત્યારે ત્યાં જઈને ઇજીપ્તની વિમુક્તિની નાસરે દીધેલી સબૂતનો સીમારતંભ સુએઝની નહેર પર ઇજીપ્તનાં માનવોએ રચી દીધો. બાન્ડુગપર પ્રસ્થાપન થએલા પંચશિલમનું આંતરરાષ્ટ્રિય શીલ ઇજીપ્તની ભૂમિપરની દરમ્યાનગીરીને ડારીને, અને સાર્વભૌમત્વને સાચવીને, વિશ્વ-ઇતિહાસનું અને વિશ્વશાંતિનું લોકસંત્રી બન્યું. પશ્ચિમનાં સૈકાજુનાં સામ્રાજ્યો, પશ્ચિમ એશિયામાં પતન પામેલાં ઉભાં. સિકંદર અને સીરસને રસ્તે તથા, સીઝરોને રસ્તે આ ધરતીપર આવેલું પશ્ચિમનું સામ્રાજ્ય આ પશ્ચિમ એશિયા પર મરેલું દેખાયું. અમેરિકન શાહીવાદે, પોતાનો જ પરાજય આ પશ્ચિમના પરાજયમાં અનુભવ્યો. શસ્ત્રસાજના ઢગલા પર બેઠેલા અમેરિકન શાહીવાદે પરાસ્ત બનેલા, અંગ્રેજ–ફ્રેંચ શાહીવાદને, ઇજીપ્તના અનંતરણ પ્રદેશપરથી પાછા ભાગી આવીને, લંડન અને પેરીસ નગરભેગા થઈ જવાની સલાહ દીધી.

અમેરિકન શાહીવાદની આણ્વેનહોવર ડોકટ્રીન

પણ જગતની શાહીવાદી ઘટનાનો આગેવાન અમેરિકન શાહીવાદ અણુ-શસ્ત્રોના ઢગલાપર જીવતો બેઠો હતો. પશ્ચિમએશિયાની દુનિયામાંથી પરાજીત

બનીને ભાગી છૂટેલા, લંડન અને પેરીસનાં પાટનગરોવાળા અંગ્રેજ-ફ્રેંચ શાહીવાદના અને પોતાના પ્યાદા જેવા ઇઝરાઇલને પાછા પડયા. પછી, પશ્ચિમ એશિયાની એટલે મધ્યપૂર્વની દુનિયામાં તાકાતનું અથવા શક્તિમતાનું એક મોટું 'વેકયુમ' પડી ગયું છે તથા, પોતાનાં લશ્કરો વડે, શસ્ત્રોના ભંડારો વડે તથા અણુઆયુધો વડે યુદ્ધ ખેલીને પણ આ વેકયુમને અથવા તાકાતના શૂન્યને પૂરવાનો અમેરિકન સરકારનો સિદ્ધાંત છે, એવો સિદ્ધાંત, અમેરિકન શાહીવાદના પ્રમુખ આઇઝનહોવરે જાહેર કર્યો.

શાહીવાદી ઘટનાના આ સરનશીનને ખબર નહોતી કે, શાહીવાદી તાકાતને પરાજય પમાડીને, તેની ખાલી પડેલી જગાઓમાં એશિયા અને આફ્રિકાનાં વિમુક્ત રાષ્ટ્રોની, રાષ્ટ્રવિમુક્તિની, નૂતન રાષ્ટ્ર અસ્મિતાની, સાર્વભૌમત્વની તાકાત બેસી ચૂકી છે, તથા, વિશ્વશાંતિની આ તાકાત શાહીવાદી યુદ્ધખોરીનો અનાદર કરે છે.

આઇઝનહોવર ડોકટ્રીનની કાર્યવાહી

પણ આઇઝનહોવર ડોકટ્રીનની કાર્યવાહો, બગદાદી કરારના અર્ધચંદ્રકમાંથી આરંભાઇ ચૂકી. સીરીયાપર શાહીવાદી કાવતરાં શરૂ થઇ ગયાં. ઇરાકમાંથી આ ડોકટ્રીનના કાસદોના દોરી સંચાર આરંભાયા. બાન્ડુગના શાંતિ સમારંભ પછી ઇન્ડોનેશિયામાં શરૂ થએલી અમેરિકન, શાહીવાદની યુદ્ધખોરી આ વિમુક્ત પ્રદેશને ટુકડાઓમાં વહેંચી નાખવા આરંભાઇ ચૂકી. અમેરિકન શાહીવાદની આ ડોકટ્રીન, પશ્ચિમ એશિયામાં પોતાનાં પ્યાદાંઓ મારફત, મધ્યપૂર્વની યુદ્ધની રચનાને સત્કારવા માંડી. અમેરકિન શાહીવાદે ઇન્ડોનેશિયાપર આગ ફેલાવી દેવા, ડચ શાહીવાદને સત્કારવા માંડયો તથા, ત્યાં બેઠેલા પોતાના સાગરિતોને આર્થિક શાહીવાદ મારફત શસ્ત્રોની સખાવત શરૂ કરી. અંગ્રેજી રાણી ભારતની વિમુક્તિ પર બેઠેલા ફ્રિંગી શાહીવાદને, મળવા ગોવા પર યુદ્ધને સત્કારતા, પોર્ટુગાલની સહેલગાહે પહોંચી ગઇ. આ બધા બનાવો, ઇજીપ્તમાં થએલા શાહીવાદી પરાજય પછી એકાએક શરૂ થયા. ઇજીપ્તની વિમુક્તિના અને વિશ્વશાંતિના આગેવાન તથા, પશ્ચિમ એશિયાની વિમુક્તિની હિલચાલના પરમમિત્ર એવા, નહેરૂને પણ જવાબ આપવાની યુદ્ધાખોર કાર્યવાહીનો દોરી સંચાર, પાકીસ્તાન મારફત શરૂ કરાવીને, કાશ્મીરના સવાલ પર, અંગ્રેજી-ફ્રેંચ અમરિકી શાહીવાદની એક હરોળ ઘડાઇ ગઇ. આ સવાલને છંછેડીને તેમણે ભારતમાં યુનોના નામમાં લશ્કર મોકલવાની કાર્યવાહી પણ શરૂ કરી.

વિશ્વવિમુક્તિ અને વિશ્વશાંતિની નવી કસોટી, કાશ્મીરનો સવાલ

એશિયાવાસીઓની અંદર, એશિયનો એશિયન પ્રજાઓ અંદર અંદર લડી મરે લડે, એવો સિદ્ધાંત કોરીયામાં યુદ્ધ સળગાવીને અમેરિકન શાહીવાદના પરદેશમંત્રી ડલેસે જાહેર કર્યો હતો. ત્યાં સંહાર ચાલુ રાખવા માટેની આઈઝેનહોવર ડોકટ્રીન એ પ્રદેશપર ચાલુ થઇ તેની સાથે સાથેજ, દક્ષિણ-પૂર્વ એશિયામાં સંહાર શરૂ કરવાનું રચાયેલું કાવતરૂં હવે ઇન્ડોનેશિયા પર યુદ્ધનું રૂપ ધરીને શરૂ થયું. આ સાથેજ અમેરિકન શાહીવાદે રચી ચૂકેલા, સીઆટો કરારમાં જોડેલા, આ શાહીવાદના પરાધીન દેશોમાં પહેલા એવા, પાકીસ્તાનમાંથી ભારતની ભૂમિપર, કાશ્મિરના પ્રદેશમાં આગ ચાંપવાની કાર્યવાહીનો આરંભ થયો. આ યુદ્ધખોર રચનાનો બગદાદ કરાર તે માટે તૈયાર જ હતો. પરન્તુ તેનું સંચાલન આજસુધી, અંગ્રેજી શાહીવાદ પાસે હતું. ૪૭૫૫ પર આક્રમણ કરીને, પાછો પડેલો, અંગ્રેજી શાહીવાદ હવે આ કરારની યુદ્ધખોર ઘટના ચલાવવા અમેરિકાની આગેવાની સ્વીકારવા તૈયાર થયો. આ પહેલાં ત્યારે ઉત્તર-દક્ષિણ કોરીયા વચ્ચે યુદ્ધની આગ સળગાવીને, અમેરિકન શાહીવાદે લાખો કોરીયનોની કતલ કરાવી હતી. અમેરિકન શાહીવાદે એશિયા પર ખૂલ્લેો મૂકેલો આ પદાર્થપાઠ એશિયાએ નજરે નિહાળ્યો હતો. પછી આ પદાર્થપાઠનો બીજો પ્રયોગ કરવા અમેરિકન શાહીવાદે, ઇન્ડોચીનની વિમુક્તિની લડતને, અધવચમાં રોકી પાડીને ઉત્તર દક્ષિણ નામના બે ઇન્ડોચીનની રચના કરીને વિમુકત ઇન્ડોચીનની રચનાની વચ્ચે ફાચર મારીને ઇન્ડોચીન પર સંહાર રચવાની ગોઠવણી જાળવી રાખી હતી. આ યુદ્ધખોર રચનાને મધ્યપૂર્વમાં શરૂ કરવાની એની કાર્યવાહીનો, પાકિસ્તાનથી માંડીને તે ઇઝરાઇલ સુધી લંબાયેલો, બગદાદ લશ્કરી કરાર તૈયાર હતો. ૪૭૫૫ આગળ પશ્ચિમ એશિયામાં યુદ્ધ સળગાવવામાં પરાજીત પામેલા, અંગ્રેજી-ફ્રેંચ શાહીવાદની પાછળ જ પશ્ચિમ એશિયા પર પોતાની સીધી દરમ્યાનગીરી ધારણ કરીને અમેરિકા હવે આ યુદ્ધખોર કરારનો રીતસરનો સભ્ય બની ગયો. આ કરારના, સભ્યોમાંથી પાકીસ્તાનવતી, અંગ્રેજ અમેરિકી શાહીવાદે, ભારતપરનું પહેલું યુદ્ધખોર અડપલું કાશ્મીરના ભરણ પામેલા સવાલને જીવતો કરીને, આરંભી દીધું.

કાશ્મીરનો સવાલ

કાશ્મીરનો સવાલ, સવાલની રીતમાં, કોઇ સવાલ જેવો હતો જ નહીં. કાશ્મીરનો પ્રદેશ ભારતનો જ એક વિભાગ છે અને હતો. કાશ્મીર *નામના એ ભારતના અવિભાજ્ય* વિભાગપર, રજપુત રાજાનું રાજ્ય હતું. ભારતમાં

શરૂ થએલી દેશી રાજ્યોની વિલીનીકરણ યોજનાના સમયે કાશ્મીરના રાજાએ એ દેશીરાજ્યને ભારત સાથે પરસ્પરસંમતિપુરઃસર, અને કાયદાની રીતે જોડી દીધું. ત્યારપછી તરત જ, કાશ્મીરમાં મુસ્લીમ વસ્તી હોવાથી તથા, પાકીસ્તાન મુસ્લીમ-રાજ્ય હોવાથી પાકીસ્તાની સરકારે આવા કોમવાદી બાના નીચે કાશ્મીર પર આક્રમણ કર્યું. બસ ત્યારથી કાશ્મીરનો સવાલ, આક્રમણના સવાલ તરીકે જન્મ પામ્યો. આ આક્રમણના સવાલની પાછળ, પાકીસ્તાનનો ઈરાદો આક્રમણ કરીને કાશ્મીરને જીતી લેવાનો હતો. આ આક્રમણને મારી હટાવવા કાશ્મીરના દેશી રજવાડાએ, પોતે જેની સાથે જોડાઈ ગયું હતું તે ભારતની સરકાર પાસે મદદ માગી. ભારતે પોતાના જ એક અંગનું રક્ષણ કરવા કાશ્મીરનો બચાવ કર્યો. આક્રમણખોર પાકીસ્તાન પાછું હટયું, પણ પોતાની સરહદ સાથેના કાશ્મીરના એક વિભાગને તેણે આક્રમણવડે પકડી રાખ્યો અને તેનું નામ આઝાદ કાશ્મીર રાખ્યું. શાંતિની સાચવણી કરવા માટેજ એ વિભાગપરથી, પાકીસ્તાની આક્રમણ-ખોરને મારી હટાવવાનું મુલતવી રાખીને ભારત સરકારે, વાટાઘાટનો રસ્તો અખ-ત્યાર કર્યો. એટલા વિભાગમાં એટલે આક્રમણવડે કબજે કરેલા અને તેનું નામ આઝાદ કાશ્મીર પોકારેલા કાશ્મીરના સરહદી વિભાગમાંથી પાકીસ્તાની આક્રમક લશ્કર પાછું હટયું નહીં તથા, એ વિભાગને પોતાના આક્રમણના કબજા હેઠળ જકડી રાખીને, પાકીસ્તાને, એટલા વિભાગમાં, લોકશાહી તંત્રને બદલે, ઈસ્લામી-તંત્રની પોતાની લશ્કરી સરમુખત્યારી શરૂ કરી દીધી. આ આખાય બાકીના કાશ્મીરને તે મુસ્લીમ વસ્તીવાળો હોવાથી, પોતાની સાથે જોડી દેવાની માગણી ચાલુ રાખી. આ બદલાયેલા સમયમાં જ્યારે, "ધર્મજાતિ નિરપેક્ષ" એવી વિમુક્તિની નવી તસ્વીર બનીને, એશિયાનાં આઝાદ રાષ્ટ્રો જન્મ પામતાં હતાં ત્યારે જ, આઝાદ બનેલું પાકીસ્તાની રાષ્ટ્ર, ઈસ્લામિક ધર્મરાજ્ય બનીને, કાશ્મિરમાં મુસ્લીમ પ્રજા વસતી હતી તેથી તેનાપર આક્રમણ કરીને પોતાની સાથે તેને જોડી દેવાનો પોતાનો ઈસ્લામિક અધિકાર છે એવો હિટલરી દાવો કરતું હતું તથા, પોતાના આ અધિકાર માટેનો ટેકો, હજારો માઈલ દૂર પડેલા અમેરિકન શાહીવાદ પાસેથી એને મળતો હતો. આટલો મોટો દેશ, આટલો મોટો શાહીવાદ, અને જગતભરમાં સૌથી મોટો શસ્ત્ર ભંડાર ધરાવતો અને અણુબોંબની માલીકી ધરાવતો અમેરીકન શાહીવાદ, આ નાનકડા, પાકી સ્તાનની મિત્રાચારી બાંધવાનો પ્રેમ કરવા તૈયાર હતો. આ યુદ્ધખોર શાહીવાદે પોતાના પ્રેમનો અભિનય ભારત સાથે કરી જોયો હતો પણ વિશ્વશાંતિ અને પોતાના રાષ્ટ્રના સાર્વભૌમત્વને સાચવી રાખવા બીન દરમ્યાનગીરીને પોતાની પરદેશનીતિનો જેણે પાયો બનાવ્યો હતો તે ભારતે, અમેરિકાના યુદ્ધખોર સાણ-

સામાં પકડવાનો ઇન્કાર કર્યો હતો. આ ઇન્કારને સમજ્યા પછી અમેરિકન શાહીવાદનો ઉપપ્રમુખ, નિકસન, પાકિસ્તાનના પાટનગર કરાંચીમાં પહોંચી ગયો તથા ત્યાં પાકીસ્તાની સરકાર સાથે અમેરિકન શાહીવાદે પાકીસ્તાનને, શસ્ત્રો આપવાનો કરાર કર્યો. અમેરીકન શાહીવાદના મંત્રી ડલેસને માટે આ આનંદનો બનાવ બન્યો. પશ્ચિમ એશિયા પર, રશિયાની દક્ષિણમાં, અને મધ્યપૂર્વના આરબ દેશો પર અમેરિકન શસ્ત્ર સરંજામનો અર્ધચંદ્રક પુરો થયો. ડલેસે, પોતાની પકડ નીચે આવેલા પ્રદેશો પર પ્રેમથી, આંગળી ફેરવવા માંડી. ટરકી,થી ઇરાન થઇને પાકીસ્તાન પર આ, યુદ્ધનો ભરડો ભેરવાઇ ચુકયો. હવે અફગાનિસ્તાન પણ તેમાં પરોવાઈ જશે અને ભારતના નહેરૂ પર પણ દબાણ લાવી શકાશે એમ એને લાગ્યું. પાકીસ્તાન તરફ અમરિકી શાહીવાદના શસ્ત્ર ભંડારમાંથી મોતનો સામાન, સબાવત તરીકે પાકીસ્તાનમાં વહેવા લાગ્યો. ઈ. સ. ૧૯૫૪ના પહેલા જ વરસમાં, ૨૫,૦૦૦,૦૦૦ ડોલરનો શસ્ત્ર સરંજામ પાકીસ્તાનમાં પહોંચી ગયો અને દર વરસે આ શસ્ત્રોનો પ્રવાહ વધ્યા જ કરશે એવી અમેરિકાએ જાહેરાત કરી.

ભારતની સરકારે આ ભયાનક પરિસ્થિતિનો વિરોધ કર્યો તથા, પોતાની પડોશમાં અમેરીકાએ યુદ્ધખોર દરમ્યાનગીરી શરૂ કરીને, કાશ્મીરના સવાલનું સ્વરૂપ પણ પલટી નાખ્યું છે તેવી જાહેરાત કરી.

અંગ્રેજી હકુમતના ગયા પછી પાકીસ્તાનમાં પડી ગએલા વિમુક્તિના વેકયુમમાં અમેરિકન તાકાત અંગ્રેજી તાકાતની જગા પર બેઠી તથા, પાકીસ્તાને આ તાકાતની મદદ વડે હવે કાશ્મીરના સવાલને ઉભો કર્યો. અંગ્રેજી અમરિકી શાહીવાદ તરફથી કાશ્મીરમાં લોકમત લેવાનો અને ત્યાં સુધી બન્ને કાશ્મીરમાં, યુનોની ફોજ રાખવાનો ખરડો રજુ કરાયો. કાશ્મીરનો સવાલ જે પાકીસ્તાને કરેલા આક્રમણનો જ સવાલ હતો, તેને બદલે, જાણે ભારતે કાશ્મીર પર ગેર કાનૂની રીતે કબજો લઈ લીધો હોય તેવી રીતે આ સવાલનો ખરડો સલામતિ સમિતિમાં રજુ થયો. સંયુકતરાષ્ટ્ર સંઘમાં શાહીવાદી બાંધાતાઓનું જાણે કાનૂની આક્રમણ આવી પહોંચ્યું હોય તેવો દેખાવ આ વિશ્વ સંસ્થાનો થયો. સલામતિ સમિતિમાં, ત્રણ શાહીવાદો, અને ચોથો, ચીનના નામમાં બેસાડાયેલો અમેરિકન શાહીવાદનો ફોરમોસા હતો. ત્યાં એકલો રશિયા નામનો એક જ વિમુકત દેશ સભ્યદેશ તરીકે હતો. ભારતે વિશ્વની આ સંયુકતરાષ્ટ્ર સંસ્થામાં, પોતાનો બચાવ કર્યો અને ન્યાયના નામમાં, વિશ્વશાંતિના નામમાં, આક્રમણનો વિરોધ કર્યો. છેવટે શાહીવાદની જ સભ્ય સંખ્યાવાળી સલામતિ સમિતિમાં પાકીસ્તાની

આક્રમણખોર પક્ષમાં સલામતિ સમિતિએ મત દીધો પણ રશિયાએ પોતાના વેટો વડે આ ઠરાવને ઉરાડી દીધો.

પણ સવાલ તો ઉભો જ રહ્યો

પણ પાકીસ્તાને કરેલા આક્રમણમાંથી, આક્રમણના સવાલને બદલે જેના પર આક્રમણ થયું હતું તેને જ દંડ દેવાનો સવાલ અમેરિકન શાહીવાદે તરત જ એક બીજો ઠરાવ રજુ કરીને ચાલુ રાખ્યો. આ રીતે બગદાદી કરારનો યુદ્ધખોર ભરડો, ભારતની ભૂમિપર આક્રમણનો પક્ષ લઇને ઉતરી ચૂકયો. વિશ્વ-ઇતિહાસમાં યુદ્ધ નામનો સવાલ, કોરીયામાં, ઇજીપ્તમાં, ઇન્ડોચીનમાં અથવા જગતના બધા દેશોપર શાહીવાદી યુદ્ધખોર ઘટનાના લંબાતા સાણસાઓ જેવો ફરવા નીકળી ચૂકયો હતો. હવે તે ભારતની ભૂમિપર પણ આવી પહોંચ્યો.

શાહીવાદી યુદ્ધખોર ઘટનાને આ સવાલના જેવા જવાબ, જગતનાં બીજાં બિનમુક્ત રાષ્ટ્રોએ દીધા હતા, તેવો જ જવાબ, આ ભારતભૂમિના, પંચ-શિલમ્ રૂપવાળી પરદેશનીતિનો મંજાળાયો કે, "કાશ્મીરનો સવાલ, કાશ્મીર નામના, ભારતના પ્રદેશપર પાકીસ્તાને કરેલા આક્રમણનો સવાલ છે. આ સવાલનો જવાબ એ છે કે પાકીસ્તાને કાશ્મીર પર આક્રમણ કરીને જે વિભાગ પર પોતાનો અધિકાર હજુ જમાવી રાખ્યો છે તે "આઝાદ કાશ્મીર" પ્રદેશ પરથી પણ એ આક્રમણખોરે હટી જવું. આ સવાલનો એ એક જ જવાબ હોઈ શકે છે, પરન્તુ એ સવાલના જવાબમાં, અમારી ભૂમિપર કોઇપણ પરદેશી કે સંયુક્ત રાષ્ટ્રોના નામવાળી ફોજ ઉતારવાનું અડપલું કરીને અમારા સાર્વ-ભૌમત્વમાં દરમ્યાનગીરી કરવામાં આવશે તો ભારત સરકાર તેનો સંપૂર્ણ સામનો કરશે. †

વિશ્વયુદ્ધ એટલે વિશ્વસંહાર

રાષ્ટ્રસંઘના અસ્તિત્વને જોખમમાં નાખીને, વિશ્વશાંતિના બંધારણની ઉપરવટ થઈને તથા, ન્યાયના પાયાઓનો અનાદર કરીને, આજે જ્યારે સામ્રાજ્ય-

† "For 300 years, from Clive to Wellesley, from Wellesley to Dalhousie, To canning, to Minto, to Linlithgow, India has tried to liberate its soil from the presence of foreign feet. This security council dare not ask us to accept the introduction of foreign troops on our sacred Soil."

(Krishna Menon)

વાદી ઘટનાનું અમેરિકન, અંગ્રેજી અને ફ્રેંચ સરકારનું રૂપ નવી નવી યુદ્ધ તરકીબો ઉભી કરે છે, નવાનવાં યુદ્ધ જુથોની રચના કરે છે તથા વિમુક્તિની હિલચાલને રોકી રાખવા આક્રમણના નવા નવા કિસ્સાઓ પેદા કરે છે ત્યારે સંસ્કૃતિની વિશ્વ રચના કંપી ઉઠતી પૂછે છે કે આ બધું આપણા જગતને કયાં લઇ જશે? આપણા જગતપર સામ્રાજ્યવાદી નીતિની યુદ્ધ ઘટનાના પડછાયા ફરવા માંડ્યા છે.

જે જગતમાં આ યુદ્ધ ઘટનાની આક્રમકનીતિ અંગ્રેજ–અમરિકી શાહીવાદ રચે છે તે જગત એ શાહીવાદી સરકારો ઉપરાંત, અંગ્રેજી અને અમેરિકન આમ પ્રજાનું પણ રહેઠાણ છે. એ જગત, એશિયા અને આફ્રિકાની વિમુક્તિના પયગામવાળી વિરાટ એવી પ્રજાઓનું પણ સ્થાન છે. આ જગતની રચના, જગત–જનતાએ પોતાના શ્રમવડે કરી છે, અને જગત જનતાના, સંસ્કાર સંતાનોએ તેની સંસ્કૃતિને ઘડી છે.

આ જગતપરના યુરોપ ખંડપર અમેરિકન અને અંગ્રેજી શાહીવાદી સરકારો, લંડન નામના નગરને અણુયુદ્ધની ભૂમિકા બનાવવા માગે છે. આજ સુધી આ પાટનગરને દુનિયાની રાણી બનેલી સામ્રાજ્યવાદી ઘટનાએ, જગતની ધનદૌલતને લુંટી લાવીને, તેને ઉદ્યોગવાદનું પાટનગર બનાવ્યું છે. આજે આ પાટનગરની ઇજ્જત જો સચવાય નહીં અને અણુયુદ્ધનો રણથંભ જો ત્યાં રોપાઇ જાય તો આ એક વખતના વિશ્વનગરનું રૂપ આવતી કાલે કેવું હશે? તેની કલ્પના જ કેવી બિહામણી છે! આ વિશ્વનગર પરની ઇમારતો ધરાશાયી બની હોય, આ નગરનાં નરનારીઓનાં શબ સૂસવતાં પડયાં હોય, આ અંગ્રેજી જનતાનું સંસ્કારધામ, બંદરગાહવાળા હાઉપિંજરનું સ્મારક બનીને બોલતું હોય કે, 'આ ધરતી પર પગ મૂકશો નહીં, અહીં મોતનાં રેડીયો એકટીવ રજકણો ઉડે છે તો!' આપણાં જગતના એવાં તો અનેક પાટનગરો અને ગ્રામઘટકો પર સૈકાઓની સંસ્કૃતિનો નાશ કરનાર યુદ્ધનો અમલ થાય તે પહેલાં, વિશ્વઇતિહાસની પગદંડી પર જગત જનતાનો પ્રાણ, પુણ્ય પ્રકોપ બનીને જાગી ઉઠવો જ જોઇએ અને સંહાર તથા યુદ્ધ જેની જીંદગીનો ક્રમ છે તેવી સામ્રાજ્યવાદી ઘટનાનું શમન થવું જ જોઇએ.

સામ્રાજ્યવાદ એટલે જ યુદ્ધ છે, તે બાબતની ખાત્રી, સામ્રાજ્યવાદે વિશ્વઇતિહાસના, પ્રાચીન સમયથી માંડીને તે આજની તારીખે થએલા, ઇજીપ્તની નહેર પરના, અંગ્રેજી ફ્રેંચ આક્રમણના નગ્ન દેખાવની નોંધ લઈને આપી છે. સામ્રાજ્યવાદ અથવા શાહીવાદ જ યુદ્ધો, લડાઇઓ અને સંગ્રામોનું જો એક

માત્ર કારણ છે તો પછી, વિશ્વશાંતિની સફળતા, એ કારણને નાબૂદ કરી નાખવામાં જ રહેલી છે.

વિશ્વશાંતિ કે વિશ્વ વિગ્રહ ?

બીજા વિશ્વયુદ્ધના અંતમાં જ વિશ્વઇતિહાસનો આ સવાલ, આખી માનવજાત સામે અને જગતની સરકારો સામે ઊભો થઈ ગયો. આ સવાલના રૂપમાં જ એવો જવાબ તક્ષી થઈ ચૂકયો હતો કે હવે જો વિશ્વયુદ્ધ શરૂ થશે તો, આખા વિશ્વનો, આખી માનવજાતનો અને વિશ્વસંસ્કૃતિનો વિનાશ થઈ જશે. એવું વિશ્વયુદ્ધ હવે ન થાય તે માટે, જગતની સરકારોએ, યાલ્ટા અને પોટસડામ મુકામે, વિશ્વશાંતિની સાચવણી કરવાનાં પવિત્ર કરારનામાં ઘડયાં હતાં અને રાષ્ટ્રસંઘની સંયુકત સંસ્થાને જન્મ આપ્યો હતો. સંયુકત રાષ્ટ્ર-સંઘવતી જગતની તમામ સરકારોની જવાબદારી વિશ્વશાંતિની જાળવણી કરવાની હતી તથા એ સરકારો જેમની પ્રતિનિધિ હતી તેવી વિશ્વની પ્રજાઓની અથવા સમસ્ત માનવજાતની પણ, વિશ્વશાંતિને સાચવવાની જવાબદારી હતીજ.

આ બન્ને જવાબદારીઓનો ભંગ કરનાર અને વિશ્વ પરની પોતાની શાહીવાદી હકુમત કાયમ કરો નહીં તો યુદ્ધ આપો, એવી માગણી કરનાર અમેરિકન શાહીવાદ રાષ્ટ્રસંઘમાં પોતાની બહુમતિ વડે તથા રાષ્ટ્રસંઘની બહાર પોતાના લશ્કરી કરારો અને યુદ્ધખોર જૂથોની રચના વડે, વિશ્વશાંતિનો છડે ચોક ભંગ કરવા નીકળેલો તે બાબત આજે તેની આજસુધીની કાર્યવાહી વડે પૂરવાર થઈ ચૂકી છે. આ હકીકત છે, ત્યારે આજે, એ શાહીવાદની પકડ નીચે આવેલા કમનસીબ અમેરિકન રાષ્ટ્રમાંથી પણ, પોતાની ધરતી પરથી આરંભાતા, વિશ્વ-યુદ્ધના પ્રચાર અને યુદ્ધનીજ પૂર્વ તૈયારીવાળા બધા આચારો તરફ અમેરિકન જનતા તરફથી પણ વિરોધ થયા કર્યો છે. છતાં આ રાષ્ટ્રની માનવતાની છબી પણ યુદ્ધના રથ પાછળ બંધાયેલી, પરાજિત માનવજાતની છબી બની છે, આ કમનસીબ રાષ્ટ્ર પરથી આજે આઝાદીનું જાહેરનામું ભૂંસાઈ જતું માલમ પડયું છે તથા, એ ધરતી પર પહેલા સ્વાતંત્ર્ય જાહેરનામા વડે રચાયેલી સ્વાતંત્ર્યની પ્રતિમા, શસ્ત્રોથી લચાઇ પડી છે. આજનું અમરિકી સંસ્કારનું દિલ્લ સળગતું અંતરનો અવાજ બનીને કહે છે કે આપણે ત્યાંની ડુ-પોન્ટ, સ્ટેન્ડર્ડ ઓઇલ, અને જનરલ ઇલેકટ્રીક વેસ્ટીંગહાઉસ જેવી કારટેલોએ જર્મન ફાસીવાદને આયુધોથી સજ્જ હતો. આજે જગતનાં એવાં લાખો ને કરોડો માનવો અમારી જેમજ અમેરિકી ધનવાદને ફરીવાર માનવસંહારનાં આયુધો સજવાની, સજાવવાની મના કરે છે, અને યાદ આપે છે કે જે હેતુઓ અને જે શાંતિની રેખાઓ ને ફ્રેમવેલ્ટે યાલ્ટામાં



અને પોટસડામમાંથી ઘડી હતી તે લોકશાસનના હેતુઓ અને શાંતિને અમેરિકન શાહીવાદને હાથે બરબાદીમાંથી બચાવવાની ઇચ્છા ધારણ કરનાર સૌ કોઇ માગે છે કે યાલ્ટા અને પોટસડામનો અમલ થવો જોઇએ. યુનો, રાષ્ટ્રસંઘની એકતા જળવાઇ રહેવી જોઇએ, અને સામુદાયિક નિઃશસ્ત્રીકરણ થવું જોઇએ. અમેરિકન આયુધોની જંગી જમાવટ કમી થવી જોઇએ અને અણુબોમ્બના ઢગલાનો તાબડતોબ નાશ થવો જોઇએ તથા એ આયુધને આંતરરાષ્ટ્રીય રીતે ગેરકાયદેસર ઠેરવવું જોઇએ.

એકવાર, નીચે લખાયેલાં જે સત્યો મહાન લીંકને અમેરિકાના એક કટોકટીભર્યા સમયે કહ્યા હતા તે જ આજના અમેરિકાને પણ લાગુ પડે છે.

'આપણી આઝાદી કેવા બંધારણ પર ટકી શકવાની છે, ટકી રહેવાની છે? આપણી આઝાદી આપણી કિલ્લેબંધીઓના બૂરજો પર, આપણા વિસ્તાર પામતા મોરચાઓ પર, કે આપણાં લશ્કરો પર જ ટકી શકવાની નથી જ.

'આપણી ખાતરી તો લોકશાસન અને આઝાદીના આપણા પ્રેમમાં છે. જે આઝાદીનો ભાવ ભગવાનની મહેરથી આપણા દિલમાં જડાયો છે તે ભાવનાનો આપણો બચાવ તો આપણી લોકશાહી માટેના પ્રેમમાં જ હોવો જોઈએ. આ પ્રેમ વડે જ માનવમાત્રના સમાન વારસા તરીકે આઝાદીની કિંમત દરેક દેશનાં માનવો માટે સમાનભાવે આંકી શકાય. આપણો એ આઝાદીનો પ્રેમ જો આપણે ખતમ કરીશું તો આપણા આંગણામાં જોહુકમી અને જુલ્મનાં બીજ આપણે વાવીશું અને આપણાં પોતાનાં અંગેઅંગને ગુલામીની બેડીઓમાં જકડી લઇશું. બીજી પ્રજાઓની આઝાદી કચડવાની આપણને ટેવ પડતાંની સાથે જ આપણી આઝાદી નષ્ટભ્રષ્ટ થઈ જશે તથા આપણી અંદરના ખંધા અને આગેવાન બાલિમો આપણને ગુલામ બનાવશે.'

અમેરિકન જનના પર કેવી ગંભીર જવાબદારીઓને વિશ્વઇતિહાસ, આજે એનાયત કરતો હતો ! એ જવાબદારીને અમેરિકા પણ અદા કરશે ? એ જવાબદારીને અદા કરવાની લડાયક તાકાત, પોલાદી સંગઠન, ધીરગંભીર અને અતૂટ નિરાધાર એકઠાં કરીને પોતની ધરતી પર શાપરૂપ બનેલા અમેરિકન ધનવાદને યુદ્ધખોર બનીને વિશ્વયુદ્ધ કરવા નીકળતા ડોલર—દાનવને, ઘર આંગણે જ એ રોકો પાડશે ?

કે પછી ? એ કલ્પના જ કેવી ભયાનક છે ? એ ખ્યાલ કેવા દેશ દેશ પરની બુદ્ધિને, નીતિમત્તાને, વિવેકવિચારને હચમચાવી મૂકે તેવો અને જગતભરનાં જન—આંદોલનોનો પુણ્યપ્રકોપ સળગાવી મૂકે તેવો છે !

કે પછી કોલંબિયાનું !...ત્યારે એનું કલેવર કેવું કારમું ને બિહામણું બન્યું હશે ? ત્યારે અમરિકી જનતાને કચડીને બહાર નીકળતા કોલંબિયાના બીલિયન ડોલર—દાનવો, જગતનાં નગરો, જ્યાં, જેની શેરીઓમાં વિજ્ઞાનના અનુભવો મઢ્યા છે, જેનાં હલનચલનમાં સંસ્કૃતિના સૈકાઓ વહ્યા છે, તે જગતનાં નગરોની જનેતાઓ પર પાછી અમરિકી શાહીવાદની કાળરાત્રિઓમાં અમરિકી ડોલર—દાનવોનાં પડછાયા કલ્લોલતા જીવનના અનુરાગ પર કેવા ઓથાર બનીને ફરતા હશે !

પણ વિમુક્તિની હિલચાલવાળી આજની જગતજનતાનો આ વખતનો પ્રકોપ કેવો પ્રચંડ બનશે ! જગતનાં નગરોમાં જનજુવાળના ચઢાવ કેવા ચંડ-પ્રચંડ બનશે ! જગતભરનાં લોકગ્રામોનાં પાદર પરનાં પર્વત—તળેટીઓ, ગિરિકંદરાઓ અને નદી—નાળાંઓ તથા સીમાઓ ને ખેતરો, ગરવાં ગેરીલાંના કેવા દારુણ ભાવ ધારણ કરશે ! તેની એને ખબર છે ! જગતજનતાની વ્યાપક તાકાત કોઇ જંગલઝાડીઓથી, કોઈ ખેતરવાડીઓથી, કોઈ ઘરમાંથી, ભંગારમાંથી,

કોઈ ખૂણામાંથી, કોઈ દીવાલ પાછળથી, કોઈ નર કે નારી, કોઈ યુવાન-યુવતીના ઊંડાણ વ્યૂહના છાપામાર ઘાવ અમેરિકન આક્રમણખોરી પર કેવા અવિરત અને અફર બનતા હશે !

પણ ત્યારે જ અમેરિકામાં સૈકા પહેલાં ઘડાયેલાં 'માનવમાત્ર સમાનના' હુકનામાને જગતભરની જનતા એ આક્રમણનો પરાભવ કરીને અમેરિકન માનવજાતના પુનરુત્થાન માટે પણ પોતાના આપભોગ વડે તેને કેવું જીવતું બનાવતી હશે !

વિશ્વશાંતિનાં નૂતન પરિબળો, વિમુક્ત રાષ્ટ્રોનો સમારંભ


ઇ. સ. ૧૯૫૫ ના એપ્રિલમાં, નૂતન એશિયા અને નૂતન આફ્રિકાનાં લોકશાહી પરિબળોના મિલન જેવો એશિયા આફ્રિકાનાં વિમુક્ત રાષ્ટ્રોનો સમારંભ મળ્યો. આ સમારંભમાં ઓગણત્રીસ રાષ્ટ્રોના રાજકીય આગેવાનો એકઠાં મળ્યાં. વિશ્વશાંતિનું સરવૈયું કાઢવા આ વિશ્વઇતિહાસનાં વિમુક્ત રાષ્ટ્ર એકમો, આક્રા, આદિસઅબબા, કૈરો, બગદાદ, દિલ્હી, કાબુલ વિગેરે, એશિયા આફ્રિકાનાં નવાં પાટનગરોમાંથી, ઇન્ડોનેશિયાને આંગણે બાન્દુંગમાં આવી પહોંચ્યાં. બાંન્દુગનો મુખ્ય રસ્તો, "એશિયા–આફ્રિકા" માર્ગ કહેવાયો. પહેલાં જ્યાં, શાહીવાદી ડચ રાજકર્તાઓ બેસતા હતા, ત્યાં કૈદારડીયા કલબમાં આ સમારંભની કાર્યવાહી બેઠી. " જકુંક મરડેકા " અથવા વિમુક્તિ ખંડમાંથી ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ સુકર્ણે આ મહેમાનોનો સત્કાર કરતાં યાદ કરાવ્યું કે, ' આજથી એકસોને બેંત્રીસ વરસ પર, અમેરીકન સ્વાતંત્ર્ય યુદ્ધનો ક્રાન્તિનાદ ઉઠયો હતો અને આખા જગત પર તેનો અવાજ ત્યારે પથરાયો હતો. ત્યારે આજથી એકસોબેંત્રીસ વરસ પર, શાહીવાદી પરાધીનતા સામે શરૂ થએલી વિશ્વઇતિહાસની રાષ્ટ્ર વિમુક્તિની લડત હજુ આજે પણ ચાલુ છે. આ વિમુક્તિની લડત જ્યારે પુરી થઇ હશે ત્યારે, શાહીવાદ અથવા સામ્રાજ્યવાદનો પણ અંત આવી ચૂક્યો હશે. આજે તો વિમુક્તિની આ હિલચાલને આપણે જવાબ દેવા અને નૂતન એશિયા અને નૂતન આફ્રિકાની સબુત દેવા અહીં ભેગા મળ્યા છીએ.'

આ સમારંભને અમેરિકન શાહીવાદી સરકાર કશા અભિનંદન મોકલી શકી નહોતી. અમેરિકન શાહીવાદ તરફથી તો, વિમુક્તિના આ સમારંભમાં, જે કંઈ આડખીલી થઇ શકે તેવી ફકાવટો કરનારા પોતાની પકડ નીચેના પ્રદેશોના પ્રતિનિધિઓને અહીં રવાના કરવામાં આવ્યા હતા અને તેઓ આ સમારંભમાં, શાહીવાદી સંચાલન જેવા કરતા ફરતા હતા.

બાન્ડુગ સમારંભમાં, રાષ્ટ્રવિમુક્તિનાં નૂતન પાત્રો

આ સમારંભમાં ચીની રાષ્ટ્રના મહાન આગેવાન ચાઉ–એન–લીથી માંડીને તે ઇજીપ્તના નાસેર અને ભારતના નહેરૂ સુધીના સૌ કોઇ આગેવાનો આજે પોતપોતાના રાષ્ટ્રોના ઉત્થાનની યોજનાઓના આગેવાનો બનીને અહીં હાજર થયા હતા. આ બધા રાષ્ટ્રોના વિમુક્ત માનવ સમુદાયો જે શાહીવાદી પરાધીન દશામાં 'કંમ મીલીયન્સ" કહેવાતા હતા, તેમણે આ સૌ રાષ્ટ્ર આગેવાનો વતી પોતે પ્રાપ્ત કરેલી વિમુક્તિના અર્થકારણનો એક શબ્દ, રાષ્ટ્ર પુનરૂત્થાન નામનો અને રાજકારણનો બીજો એક શબ્દ, વિશ્વ–શાંતિના નામનો, આ સમારંભમાં જમા કરાવ્યો હતો. આ નૂતન અર્થકારણ અને રાજકારણમાં સૌ વિમુક્તરાષ્ટ્રો સંમત હતાં. આ સંયુક્તિ જેવી એશિયા, આફ્રિકાની નૂતન એકતામાં, ચીનના સામ્યવાદી, ચાઉ–એન–લી, થી માંડીને તે ભારતના પ્રજાતંત્રવાદી જવાહરલાલ સુધી સૌ શાંતિમય સહઅસ્તિત્વ માટે સંમત હતા.

આ સમારંભમાં આવી નૂતન એકતાની યોજના ઘડવાની રાષ્ટ્ર વિમુક્તિની લડત લડીને, ઇન્દોચીનમાંથી હો–ચી–મીન્હ પણ આવી પહોંચ્યો હતો. " જે પ્રકાશિત છે " તે, એવો એના નામનો અર્થ થતો હતો. દુબળો પાતળો અને ઉન્નત એવો આ મહાનુભાવ, નાનો છોકરો હતો ત્યારથી જ, ફ્રેન્ચ શાહીવાદી કેમીનનો નોકર બનીને, લંડનમાં, રસોયાનું કામ કરીને તથા ફોટોગ્રાફર બનીને, અને પછી રાષ્ટ્રવિમુક્તનો ખડાપગો લડવૈયો બનીનેઇન્ડોચીનની



વિમુક્તિનો બેખબારીજની ચૂક્યો હતો. ઇ. સ. ૧૯૨૨ માં એણે મોસ્કોની વિદ્યાપીઠમાં રાજકારણનો અભ્યાસ કર્યો હતો અને પછી ઇ. સ. ૧૯૨૫માં ચીનીક્રાન્તિના આરંભને એણે ચીન જઇને નજરોનજર નિહાળ્યો હતો. પછી એશિયાભરની વિમુક્તિના પ્રાણને પોતાની ધરતીપર સૂંઘતો, એ ફરતો હતો. ફ્રેન્ચ શાહીવાદને મદદ કરવા અંગ્રેજી શાહીવાદે એને હોંગકોંગમાં ઇ. સ. ૧૯૩૧ માં કારાગારમાં પુરી દીધો હતો. પછી ઇ. સ. ૧૯૪૫ માં ઇન્ડો ચીનની રાષ્ટ્રવિમુક્તિ,એના નામની

રણહાકલ બનાવીને સમસ્ત લોકસમુદાયની વિમુક્તિની હિલચાલ બની. પછી ફ્રાન્સની શાહીવાદી સરકાર સાથે પોતાના રાષ્ટ્રવતી હવે મસલત કરવા એ પેરીસ ગયો હતો. ત્યાં ચર્ચાને અંતે, "વિમુક્તિ માટે અમારે લડવું પડશે તો લડી લઇશું." એમ ખાત્રી આપીને એ પાછો ઇન્ડોચીન આવી પહોંચ્યો.

વિમુક્તિનો પ્રચંડ જંગ ઇન્ડોચીને આરંભી દીધો. અમેરિકન શાહીવાદના બધા શસ્ત્રસાજ વિમુક્તિના આ સંગ્રામમાં, ચૂરા થઇ ગયા. ફ્રેંચ શાહીવાદનાં બધાં લશ્કરો આ હિલચાલનો માર ખાઇને પાછાં પડ્યાં, તથા આ શાહીવાદના સેનાપતિઓ કેદ પકડાયા. ઈ. સ. ૧૯૪૬ માં આરંભાયેલી વિમુક્તિની આ લડાઈ એ ઇ. સ. ૧૯૫૪ સુધીમાં ફ્રેંચ શાહીવાદનો પરાજય કરીને એશિયાભરમાં, વિમુક્તિની હિલચાલની વિરોચીત તસ્વીર રચી દીધી અને આ છબીમાં પ્રાણ જેવો જડાઇ ગએલો, હો, આજે બાન્ડુગમાં વિમુક્તિ અને વિશ્વશાંતિની અભંગ એકતાનો સાથીદાર બનીને આવી પહોંચ્યો હતો.

આફ્રિકા પણ આવી પહોંચ્યો હતો

વિશ્વશાંતિના આ વિમુક્તિના સમારંભમાં, એશિયાનો ભેરૂબંધ બનીને આફ્રિકા પણ અહીં બાન્ડુગમાં આવી પહોંચ્યો હતો. ભારતના ગાંધીજીએ જ્યાં વિમુક્તિનો પહેલો કમવિધાન, સવિનય ભંગના નામનો શરૂ કર્યો હતો, ત્યાંથી, દક્ષિણ આફ્રિકામાંથી ઇ, સ. ૧૯૫૫ ના એપ્રિલમાં જ ઘડાએલા, શાહીવાદી ઘટનામાં, પણ અતિ પછાત એવી જાતિવાદી સરકારના, "બાન્ડુ એજ્યુકેશન એકટ" ને લઈને વિમુક્ત રાષ્ટ્રોના આ સમારંભમાં ફરિયાદ નોંધાવવા, અને સંસ્કૃતિના નામમાં, પોતાનો અવાજ ઉઠાવવા દક્ષિણ આફ્રિકાનો પિડીતમાનવ અહીં આવી પહોંચ્યો હતો. દક્ષિણ આફ્રિકાની આ ઘટના, આખાય સમારંભ પર વિષાદની છાયા ફેલાવી દેતી હતી. આફ્રિકાની ગોરી હકુમતે, સંયુક્તરાષ્ટ્ર સંઘે ઘડેલા માનવ અધિકારનો પ્રાથમિક દસ્તાવેજ પણ ચિરી નાખ્યો હતો. સંસ્થાનિક પરાધીનતાનું આ કાળું ધાણું હજુ આફ્રિકાના દક્ષિણ દેહ પર જેવું ને તેવું નિર્દય ચાલુ રહ્યું હતું. આફ્રિકાની વિમુક્તિની લડત દક્ષિણમાં આ કરપીણતા સામે ચાલુ હતી. અરધા સૈકા પર આ નિદયતા સામે જેણે લડતનો આરંભ કર્યો હતો તે મોહનદાસ કરમચંદ ગાંધીના દિકરા મણિલાલ ગાંધીએ આજે પણ આ લડતની સાથીદારી જાળવી રાખી હતી. આ મહાસમારંભમાં આફ્રિકાની જ કિનારીપરના મધ્યપૂર્વના ઇજીપ્ત નામના મહાન દેશનો પ્રમુખ નાસેર પણ આવી પહોંચ્યો હતો. આ પ્રમુખમાં આખા રાષ્ટ્રે પોતાની વિમુક્તિનું ટ્રસ્ટ રચ્યું હતું. વિમુક્તિના આરંભ-માંજ, આ રાષ્ટ્રના કેરો નગરમાં જ્યારે, અમેરિકન શાહીવાદના અને અંગ્રેજ–


ફ્રેંચ શાહીવાદના બધા દોરી સંચાર અહીં શરૂ થઇ ગયા હતા ત્યારે કેરોનામના ઇજીપ્તના વિમુક્ત પાટનગરમાંથી આ રાષ્ટ્રપ્રમુખે હજુ હમણાંજ જાહેરાત કરી હતી કે,

"અમારી આઝાદીને પિંખી નાખવા માટે આજે જ્યારે ઇરાકમાંથી, લંડનમાંથી અને વોશિંગટનમાંથી, શાહીવાદી સંચાર શરૂ થઇ ચૂકયા છે ત્યારે, અમારા રાજ્યવહિવટનું સંચાલન, મજબૂત હાથે પોતાની દોરવણી માગે છે."

એવા આ વિશ્વશાંતિના, એશિયાઇ આફ્રિકન સમારંભમાં ચીની, ચાઉ એન લાઇના ભેરૂબંધ જેવા પંડિત જવાહરલાલની સાથીદારી ચીન-ભારત, રાષ્ટ્ર બાંધવતાની વિમુક્ત અને વિશ્વ શાંતિની નૂતન તસ્વીર પેદા કરવી હતી. આ એશિયા આફ્રિકાના આવા મિલનની બધી આગેવાની, ભારતના નેડરૂએ જ આરંભી હતી. વિમુક્તિની સર્વાંગી એકતા અનેલી ભારત-ચીન, રાષ્ટ્ર બાંધવતાની છબીને મહાત કરવા આવેલા, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલીયા અને ન્યુ-ઝિલેન્ડની, આડખીલીઓ અહીં નાકામીયાબ નિવડતી હતી તથા, અમેરિકન શાહીવાદી સરકારે, આવા શાંતિ સમારંભમાં પોતાનું કશું પ્રતિનિધિત્વ નહીં રાખીને પોતાનો તેના તરફનો અણગમો જાહેર કર્યો હતો.

પંચશિલમનો સીમાસ્તંભ, વિશ્વશાંતિનો મોરચો

બીજા વિશ્વયુદ્ધના અંતમાં, આપણા જગતના ચીન-ભારત નામના બે



મહાન દેશોમાં એક મહાન બનાવ બન્યો હતો. આ બનાવ એ હતો, કે આ બંને વિરાટ દેશોએ, પોતાના પર લદાયેલી સૈકા જુની પરાધીનતા ફેંકી દીધી હતી. શાહીવાદની પકડમાંથી છૂટીને આ બંને દેશો આઝાદ અથવા વિમુક્ત થયા. આઝાદીની નવી પરિસ્થિતિમાં ચીન અને ભારત જેવા મહાન રાષ્ટ્ર બાંધવોએ પચીસ સૈકા પહેલાં પોતે અપનાવેલી, સહકાર અને સહચારવાળી પરસ્પરની બંધુનીતિ, આ બંને રાષ્ટ્રોમાં જાગી ઉઠી. પચીસ સૈકાઓથી, સમાધિ લગાવીને આ બે મહાનરાષ્ટ્રોના રખેવાળ જેવો ગૌતમબુદ્ધ જાણે જાગી ઉઠ્યો અને પોતાના શાંતિમય સહકારરૂપે વિરાટના કદમ ઉઠાવતો બોલ્યો, "સંઘની શાંતિ એજ મારું શરણ છે."

ભારતી–ચીની ભાઇભાઇની, જનહાકલ આ બન્ને રાષ્ટ્રોમાં શાંતિની હાકલ બની. બંનેની રાષ્ટ્ર નજરમાં પરસ્પરની રાષ્ટ્ર બાંધવતા જાગતી બની ગઈ. આખા એશિયા માટે જ નહીં પણ રાજકીય અને આર્થિક રીતે એક બનેલા આખા વિશ્વ માટેની, વિશ્વશાંતિની યાદગાર ઘટના, દિલ્હીના ભારતીય પાટનગરને આંગણે. ચુ–નહેરૂ શાંતિસ્તંભ જેવી. અશોકસ્તંભની જેમ નીચે કોતરાઈ ગઈ. વિશ્વ-ઇતિહાસે, પંચશિલમ્ નામનું, રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચેની નીતિમત્તાનું, રાજના આંતર રાષ્ટ્રિય વ્યવહારનું નવું જ પ્રકરણ લખ્યું. વિશ્વશાંતિના ઘડતરનો આ મુદ્રાલેખ ચીન અને ભારતની શાંતિચાહક પરદેશનીતિના સત્વરૂપે ઘડાયો. એશિયા ભરનાં તમામ રાષ્ટ્રોમાં, દરેક વર્ગના લોક સમુદાયમાં જાગેલી એશિયાની નૂતન જાગ્રતિના પ્રતીક સમી, પરસ્પરની, સહકાર માટેની, બાંધવતા માટેની તથા એકતા માટેની તિવ્ર ઇચ્છના બંધુભાવે, દિલ્હી મુકામે, ચુ–નહેરૂ મુલાકાતે ઘડેલા, એશિયાઈ બાંધવતાના પાંચ મુદ્દાઓને વધાવી લીધા. અખિલ હિન્દ શાંતિ સમિતિએ ભારતભરમાં ૧૯૫૪નો સપ્ટેંબર મહીનો, એશિયાઈ બાંધવતાની શાનદાર ઉજવણીથી દિપાવ્યો.


ચુ–નહેરૂ જાહેરાતના એશિયાઇ બાંધવતા અને વિશ્વશાંતિનો પાયો બનનારા **[પરસ્પરની પ્રાદેશિક અખંડિતતા તરફનો માનભાવ, તથ બીન-દરમ્યાનગીરી પરસ્પરના બીન આક્રમણ કરાર, પરસ્પર સમાનતા અને શાંતિમય કલ્યાણકારી સહજીવન]** પાંચ મુદ્દાઓવાળી, બાંધવતા ભરી ઘોષણા કરીને, ભારત અને ચીનના આ બે મહાનુભાવોએ, સમસ્ત એશિયા ખંડ અને વિશ્વભરમાં શાંતિની નવી હવા અને પ્રેરણા, તમામ રાષ્ટ્રો માટે ઉભરાવી દીધાં.

[જીવનસ્વરૂપોની કટોકટી જેવી નૂતન વાસ્તવતા—વાસ્તવવાદનું સૌંદર્યરૂપ—જીવન વાસ્તવિકતાનો પાયો, વિજ્ઞાન સંસ્થા-યંત્ર તંત્ર અને જીંદગી—વિજ્ઞાન અને સંસ્કૃતિનું ચિત્રપટ—માનવ સંસ્કૃતિના ઇતિહાસનું મૂલ્ય, વિશ્વશાંતિ—વિશ્વશાંતિની ત્રીજા શતકની સંવત્સરી, કોમેનીયસ-નૂતનયુગનો જીવનકલાકાર, રસકીન—જીવન ઘટનાની વાસ્તવિકતા અને શેમારોલાં—વિશ્વશાંતિની ઘટનાનો પાયો, વિમુક્ત રાષ્ટ્રો સામાજિક વિમુક્તિનું અર્થકારણ અને રાજકારણ—વિમુક્તિનું વાસ્તવરૂપ, માનવજાતની વિમુક્તિ-રાષ્ટ્ર વિમુક્તિનું વિશ્વઇતિહાસનું પહેલું એકમ, રૂસી ક્રાન્તિ—વિશ્વ શાંતિનો અકિંચન અવાજ, ટોલસ્ટોય-સામાજિક ક્રાન્તિનો નિયામક લેનિન—ક્રાન્તિની ઘટનાનો ઇતિહાસમાનવ, સ્ટાલીન—વિશ્વ-યુદ્ધનો પ્રતિકાર કરતી પહેલી ઘટના—શાંતિમય સહઅસ્તિત્વની પરદેશનીતિ—સ્ટાલીનયુગનો અંત સમય અને વિમુક્તિ યુગની વ્યાપકતા—ઇતિહાસની જીંદગીમાંથી નિપજેલું મૂલ્ય, કાનૂન—આંતરરાષ્ટ્રિય કાનૂનની પહેલી ગીતાંજલિ—વિશ્વનાગરિક, આઇન-સ્ટાઈન—માનવ ધર્મનું વ્યક્તિત્વ, ગાંધી—ભારતને પરદેશનીતિ દાખવતું દર્શન-વિમુક્તિનું વિશ્વરૂપ—વિશ્વનાં શ્રમમાનવોનું સંગઠન રૂપ—આંતરરાષ્ટ્રિય ઉત્થાનનો નૂતન કાનૂન, સાર્વભૌમત્વ—સાર્વ-ભૌમત્વનો ઇતિહાસ—ચીની વિમુક્તિનું ઇતિહાસરૂપ—એશિયન વિમુક્તિનો આર્ષદ્રષ્ટા—વિશ્વઇતિહાસનો વિમુક્તિનો છડીધર, નાસેર—શાંતિમય સહઅસ્તિત્વનો સીમાસ્તંભ, ભારત—આંતરરાષ્ટ્રિય શાંતિદૂત, કૃષ્ણમેનન]

જીવનસ્વરૂપોની કટોકટિની નૂતન વાસ્તવિકતા

ઇ. સ. ૧૮૮૦થી વીસમા સૈકાનાં જીવન સ્વરૂપોનું કટોકટિને ધારણ કરતું સર્વ વિભાગોનું સામાન્ય જીવન લક્ષણ નજરે ચઢવા લાગ્યું. કલામાં કવિતામાં, મનોવિજ્ઞાનમાં અને ભૌતિક વિજ્ઞાનોમાં પણ કટોકટિનું રૂપ આલેખાવા માંડ્યું. વિશ્વઇતિહાસની વિશ્વરચના પણ કટોકટિમાં પેસવાની જાહેરાત કરતી હોય તેમ, યુરોપના ઉંબરા પર ઉભેલા, જર્મન સામ્રાજ્યના સ્વરૂપ મારફત દેખાયું. આ જર્મન મહારાજ્યે જગતના ફરીવાર ભાગ વહેંચવા નીકળવાની

પોતાની તૈયારી શરૂ કરી. આ અરસામાં જ આફ્રિકા માટેના કાયદો લઈને



ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, જરમની અને ઇટાલી એક સાથે, આફ્રિકાના નકશાને ખૂલ્લો મૂકવા લાગ્યાં.

અમેરિકાના ઇતિહાસમાં પણ, આ અરસામાં જ વિશ્વવિજય કરવા નીકળનારા ઇન્નરવાદે, 'મુક્તસાહસ' નો સ્વીકાર કરી લીધો. જગતની જીંદગીમાં જ્યાં ને ત્યાં, જે અને તે વિભાગમાં, મૂડીવાદી બજાર પોતાના બધા કાનૂન લઈને, કટોકટીનું રૂપ સર્જવા, સ્થાપિત થવા લાગ્યું. જીવનનું રૂપ જાણે પહેલી જ વાર વારતવરૂપ બનવા લાગ્યું. જીંદગીના વિભાગોપર, નિયામકો અને નિયમન ગોઠવાયાં. આજ સુધી જેને જીવનમાં કલાખાતર કલા, સૌંદર્ય ખાતર સૌંદર્ય અને સાહિત્ય ખાતર સાહિત્ય કહેવાયું હતું, તે બધાની પાછળ એક ચોક્કસ અર્થ અને હેતુ બજારના વ્યવહારમાંથી જ આવી ગયાં. આ વારતવરૂપના જગત જેટલી મોટી બનતી જીંદગીના વિભાગોમાં જે કોઇ પોતાની જાતને ગોઠવી શકયા નહીં તેમણે આ વારતવયુગ સામે, મૂલ્યની, નીતિની અને આત્માની ખોવાઇ જવાની ભૂમો પણ પાડવા માંડી. પરન્તુ આ વ્યાપકતાનાં રૂપ આગળ

ને આગળ વધશે જ એમ ૧૮૩૦ની જુલાઇ ક્રાન્તિ તથા ૧૮૪૮ની ફેબ્રુઆરી ક્રાન્તિની હિલચાલો ખાત્રી આપી ચુકી હતી. આ બંને ક્રાન્તિઓએ યુરોપના ઇતિહાસની અર્ધશતાબ્દિ ઉજવી હતી તથા યુરોપપર વાસ્તવવાદનું રીતસરનું ઉદઘાટન કર્યું હતું. આ વાસ્તવવાદનું રૂપ યુરોપના જીવનના વ્યવહારના એકેએક વિભાગપર છવાતું હતું. આ વાસ્તવવાદના સ્વરૂપવાળો યુરોપનો આત્મા, કરોડ કંઠે, કવિતાનું, કલાનું, અર્થકારણનું અને રાજકારણનું વાસ્તવરૂપ બનીને નૂતનયુગનું જીવનસ્તોત્ર લલકારતો હતો. જુના જગતના બધા જપયજ્ઞો, આ વાસ્તવવાદના શ્રેયયજ્ઞ આગળ જુઠા પૂરવાર થતા હતા. જગતનો પ્રાણ વાસ્તવિક જીવન ઘટનાની આરાધના વડે વાસ્તવિક જીવનરૂપના વાસ્તવસત્યની આરાધના શરૂ કરતો હતો.

વાસ્તવવાદનું સૌંદર્યરૂપ


આ નૂતનજીવનરૂપ આરંભમાં, કદરૂપું દેખાતું હતું. યુરોપ ખંડ જેને વિશ્વ-ઇતિહાસવતી ખૂબસુરત મૂકતો હતો તે વાસ્તવવાદ, દિવસ અને રાત્રિના નિસર્ગરૂપમાં 'ગેસ લાઇટ' સળગાવતો હતો. લંડનમાં આ કૃત્રિમ પ્રકાશ સૌથી પહેલાં પેટાયો અને પછી યુરોપનાં બધાં નગરોમાં એનું અજવાળું વાસ્તવિક બન્યું. પછી તરત જ યુરોપનાં નગરો પરના રંગો બદલાયા. કવિતાઓ અને ફલકો પરની છાયાઓ પણ પલટાવા માંડી. નાગરિકોના અલંકારો અને પહેરવેશો પણ બદલાવા માંડયા. ખાણાં પીણાંની રીતરસમ અને વાળ કતરાવવાની ફેશનો પણ પલટાવા માંડી. છીંકણી સૂંઘવાની ગંદી ટેવોને બદલે સીગાર ફૂંકવાની નવી ટેવો દાખલ થઇ. વાસ્તવવાદી, નર, નારી અને બાળક બાળકીઓનાં સ્વાંગપણ પગથી માથા સુધી નૂતનરૂપ ધારણ કરવા માંડયાં.

જીવનરૂપ નૂતન ઘટના બનીને પોતાની કાયાપલટ કરતું બધે જ દોડતું દેખાયું. ઇ. સ. ૧૮૪૨માં બ્રેમન અને ન્યુયોર્ક વચ્ચે સ્ટીમર સરવીસ દોડવા માંડી હતી અને રોમાન્ટીક સફરી જહાજો શમી જવા માંડયાં હતાં. જમીન પર દોડતાં વરાળીયાં એંજીનોનાં ભેરૂબંધ બનીને સ્ટીમરોનાં રૂપ સાગરોપર છવાવા માંડયાં. હાથથી ચાલતાં છાપખાનાંને બદલે નવાં નાગરિકોના નવા શબ્દો છાપવા માટે ઝડપી મુદ્રણયંત્રો શરૂ થયાં. લંડનનાં 'ટાઇમ્સ' જેવાં છાપાંએ નૂતન સમયને નૂતન શબ્દની સર્વશક્તિમતા અર્પણ કરી. આ જીવન વાસ્તવરૂપ પશ્ચિમ યુરોપમાંથી પૂર્વ યુરોપપર પથરાયું અને ત્યાંથી સંસ્થાનો તરફ ગતિ કરવા લાગ્યું. વિશ્વઇતિહાસની આ વાસ્તવકેન્દ્રિય દેશકાળનાં અંતર ભૂંસતી આગળ વધી.

હર્બર્ટ સ્પેન્સર અને બ્રાઉનીંગ

વિશ્વઇતિહાસની વાસ્તવિક બનતી સંસ્કૃતિના સંસ્કાર સ્વામીઓમાં આ

નૂતનયુગનું વિચારરૂપ હર્બર્ટ સ્પેન્સરે અને રસ્કિને શરૂઆતમાં સ્પષ્ટ કર્યું.



પોતાની "સીન્થેટીક ફિલોસોફી" ના છેલ્લા શબ્દોમાં હર્બર્ટ સ્પેન્સરે કહ્યું કે "જે લખવા માટે મેં જીવનભર ઇચ્છા કરી હતી તે હવે પુરૂં કર્યું છે. આ લખાણનો મુખ્યસાર જે હું લખવા માગું છું તે એ છે કે અસ્તિત્વના તમામ જીવન સ્વરૂપોમાં વિકાસ ક્રમનું સત્ય અફર રીતે કામ કરતું માલમ પડ્યું છે." આ વિકાસક્રમના સત્યનું નામ ડારવીને "નેચરલ સીલેકશન" કહ્યું હતું પરંતુ ત્યારપછી હર્બર્ટ સ્પેન્સરે વિકાસ ક્રમના સત્યનું નામ "સર્વોચ્ચલ ઓફ ધી ફીટેસ્ટ" એવું આપ્યું અને ડારવીને આ નવું નામ સ્વીકારી લીધું હતું. વિકાસ ક્રમના આ સત્યનો અર્થ "મારે તેની તરવાર" અથવા સમશેરના સર્વ અધિકાર છે એવો ઘટાવવાનો પ્રયત્ન, રજવાડી જમાના પછી સમશેરની તાકાત ધારણ કરનાર શાહીવાદે કર્યો, અને એ રીતે તેણે હર્બર્ટ સ્પેન્સરનું નામ પણ વગોવ્યું. પરંતુ ઇતિહાસની આગેકુચમાં "ફીટેસ્ટ" અથવા લાયક એટલે શસ્ત્રને ધારણ કરનાર અધિકાર નહિ પરંતુ લોકશાહી સંરકારને ધારણ કરનાર લોકો અથવા માનવ સમુદાયનો અધિકાર છે, તે વાત બીજા વિશ્વયુદ્ધને અંતે નૂતન લોકશાહી જમાનાનું નિર્માણ કરીને ઇતિહાસે પોતાના ઐતિહાસિક સત્ય તરીકે સાબિત કર્યું.

વિશ્વ ઇતિહાસની આવી સાખીતી, એકાએક નથી આવી શકતી પરન્તુ યુગેયુગે, વાસ્તવિકતાનું રૂપ લઇને તે આવે છે. ઇતિહાસના આ સત્ય કથનની સાબિતી વિકટોરીયાના જમાનામાં જ્યારે થઇ શકી નહોતી ત્યારે બ્રાઉનીંગ નામના અંગ્રેજી કવીએ "જગત ભગવાને બનાવ્યું છે તથા તેમાં જે બધું છે તે સારૂં છે અને સારા માટે છે" એવા અર્થવાળી કવિતાઓ લખીને વિક્ટોરિયાના જમાના સાથેની પોતાની ખૂશી ખૂશામત જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો. પરંતુ અંગ્રેજ આકુધો વડે રૂજાએલી અંગ્રેજ શાહીવાદી તાકાતના આ

વિક્ટોરીયન જમાનાને પડકારતો હોય તેવો થોમસ હાર્ડી નામનો લેખક પ્રાઉનીંગ સાથે અસંમત બનતો બોલી ઉઠ્યો કે "જગત ગમે તેણે સર્જ્યું હોય છતાં તેના વહિવટમાં શાહિવાદી અધિકાર નીચે ઘણી ખરાબ બીનાઓ બની રહી છે અને ધરતીની માનવજાત આજે જે યાતનાઓ સહન કરે છે તેની પાછળનો ઐતિહાસિક હેતુ આજની જલીમ ઘટનાનો પરાજય થાય તેવો હોવો જોઇએ."

જીવનવાસ્તવતાનો પાયો, વિજ્ઞાન

વિજ્ઞાન નામની હિલચાલ હવે સામાજિક સંસ્થા બની ચૂકી હતી. આ




સામાજિક સંસ્થાની શરૂઆતનું સ્વરૂપ યંત્રો અને તેની રચના જેવું દેખાતું હતું. યંત્રોનું આ ટેકનીક, વિજ્ઞાન નામની સામાજિક હિલચાલ પર ઉભું છે તેવો ખ્યાલ અત્યાર સુધી સામાજિક સંસ્થાઓનાં ભાનમાં પૂરેપૂરો ઉતર્યો ન હતો. હવે વિજ્ઞાનની હિલચાલ પર ઘડાયેલી યંત્રોની ઘટનામાંથી પણ સંસ્કૃતિનો અવાજ અને સંસ્કૃતિની લાગણી જન્મતાં હતાં. માનવજાતની વિજ્ઞાન નામની સંસ્થાએ યંત્રની જે રચના કરી હતી તે રચનામાંથી જ સંસ્કૃતિનો અવાજ સંભળાવા માંડ્યો. જે રચનામાં મનુષ્યત્વની છબી બિલકુલ મરણ પામી ચૂકી છે, એવું માનવામાં આવતું હતું, તેમાંથી જ મનુષ્યત્વનો અવાજ આવતો હતો, એટલું જ નહિ પણ યંત્રનાં તંત્રની એકમયતા અને વ્યાપકતાને પણ તે ધારણ કરતો હતો. આ વ્યાપકતાએ વીસમા સૈકામાં માનવ જાતના નગરને જેટલું વિશાળ બનાવ્યું હતું તેટલાં જ વિશાળ તેનાં નાગરિકોને પણ બનાવ્યાં હતાં. ઇતિહાસના પ્રાચીન સમયમાં નગરમાં રહેતાં નગરજનોની સંખ્યા એક જ વકતાનો અવાજ સાંભળી શકે તેટલી નાની હતી. આજની નાગરિકતાનું વ્યાપક રૂપ તાર ટેલીગ્રાફ અને રેડીઓના શબ્દને ઝીલી શકે એવું મોટું બની ગયું. આ વ્યાપકતામાં વિશ્વયુદ્ધ જેવી વ્યાપક બનેલી સંહારની ઘટનાને પાછી હટાવવા વિશ્વસંસ્કૃતિ વિશ્વશાંતિનું વ્યાપક સ્વરૂપ ધારણ કરીને સંહારનો મુકાબલો કરવા માટે નીકળતી હતી. આ વ્યાપકતા એટલી તો મોટી બની હતી કે "માણસ

તારી જાતને તપાસ " એવા મનુષ્યના સામાજિક સદ્‌ગુણો ઘડવાના પ્રાચીન શબ્દો આ અર્વાચીન વ્યાપકતામાં તેના તે જ રહ્યા હોવા છતાં વ્યાપકતાને લીધે તેનાં ગુણાકારનું સ્વરૂપ રૂપાંતર પામી ચૂકેલા માનવ વ્યવહારના અદ્‌ભુત ગુણસ્વરૂપવાળું બનવા માંડ્યું હતું.

માનવજગત્ પરની નવી રોશનીનું તંત્ર

યંત્ર રચનાએજ માનવજગત્ પર નવી રોશનીના વ્યાપક એવા પ્રવાહો છાઈ દીધા હતા. આ રોશનીનું રૂપ પ્રાચીન સમયના કોડીઆમાંથી ટમમગતું



હતું તેવું નાનું ન હતું. વિજ્ઞાન સંસ્થાએ પેટાવેલ પ્રકાશનું આ સામાજિક સ્વરૂપ ગાઢા ધુમસોને ભેદી નાખતું હતું, અગાધ અંધકારની આરપાર જતું હતું તથા નક્કર પદાર્થોની પેલે પાર નીકળી શકતું હતું. વિજ્ઞાનના આ નૂતન પ્રકાશની નીચે આજસુધી પદાર્થનાં જે સ્વરૂપો દેખી શકાતાં ન હતાં તે દેખાવા માંડ્યા. અજ્ઞાતને શોધવાની આ શરૂઆત લ્યૂવેન હોક અને સ્પાલાનઝાનીએ શરૂ કરી હતી. ત્યાર પછી એ શરૂઆત સાથે " સ્પેકટ્રોસ્કોપ " અને ' એક્સ-રે'ની ટયુબ જોડાઇ ગયાં હતાં. કલાર્ક મેકસવેલે વીજળી અને પ્રકાશને એક બનાવ્યાં હતાં. મોનેટે આ પ્રકાશના રંગોને કલાકારની પીંછી વડે આલેખી બતાવ્યા હતા.

આ રીતે અંધારું જગત્ હવે અંધારા સામે અને અંધાપા સામે સંગ્રામ ખેલતું આગળ વધતું હતું. આ સંગ્રામ, સંસ્કૃતિનો સંગ્રામ હતો. સંસ્કૃતિના આ સંગ્રામનું વાહન, વિજ્ઞાન નામની સંસ્થા હતી. વિજ્ઞાન નામની આ સંસ્થાએ સામાજિક રૂપ ધારણ કરીને ગરમી પ્રકાશ, વિજળી અને છેવટે પદાર્થનાં પરમાણુને પણ સંસ્કૃતિનાં વાહનને હાંકનારી ચાલનગાડીની ઝડપ સાથે જોડી દીધાં હતાં.

સંસ્કૃતિની આ યંત્ર શક્તિને હાંકનાર ગણિત શાસ્ત્ર એકે એક વિજ્ઞાનમાં પહોંચી ગયું હતું. ગણિતની જે નજર ચોક્કસતા અને એકતાનું સ્વરૂપ યંત્રની રચનામાં ઘડતી હતી તે સ્વરૂપ હવે સમાજમાં નક્કિ થવા માગતું હતું. ગણિતની ચોક્કસતા જેમ હવાનું દબાણ માપવા માટે જરૂરી હતી, લોહીનાં લાલ અને સફેદ કણની ગણતરી કરવા માટે વપરાતી હતી, તે જ રીતે આ ચોક્કસતા હવે માનવ જીવનની ચોકખાઈની ચોક્કસતા નક્કિ કરવા તથા માનવ સમાજમાં

સહકાર માટે પણ વપરાવી જોઇએ તેવો ખ્યાલબબ્બે વિશ્વયુદ્ધોની અગ્નિ પરિક્ષામાં પસાર થયા પછી માનવ જાતની સંચાલનની અસ્મિતા પ્રાપ્ત કરતી હતી.

આ બધી વૈજ્ઞાનીક આવડતો યંત્રની કારવાહીમાં તો આજ સુધી વપરાયા કરી હતી પરંતુ મનુષ્યનાં સામાજિક વિજ્ઞાનો અને જીવનવિજ્ઞાનોમાં તેનો જરૂરી ઉપયોગ થયો ન હતો. યંત્રની રચનાનો અને વિજ્ઞાનની આવડતનો ઉપયોગ દુકાળો, રોગચાળો તથા ભૂખમરો ફાટી નીકળ્યા પછી મનુષ્યની સારવાર કરવા માટે વાપરવામાં આવી હતી. પરંતુ આ અનિષ્ટો સંભવી જ ન જ શકે તેવી અનિષ્ટોનાં કારણોને નિર્મૂળ કરવાની નૂતન પરિચર્યા હજુ હમણાં જ શરૂ થતી હતી. રોગને મટાડવા માટે, ઉપચાર કરવાને બદલે રોગ ઉત્પન્ન જ ન થાય તેવો ઉપચાર તે જ સાચો ઉપચાર છે, એવું ડહાપણ હવે શરૂ થવા માંડયું હતું.


આવી સંસ્કૃતિની હિલચાલે જેમ પદાર્થ પદાર્થ વચ્ચેની જૂદાઇને અને દેશદેશ વચ્ચેની જૂદાઇને રદ કરીને એક માનવ જાતનું નિર્માણ કરવા માંડ્યું હતું તેમ શરીર, મન અને આત્મા ત્રણે જુદી વસ્તુઓ છે તેવા પ્રાચીન સમયનો ખોટો ખ્યાલ રદ કરીને મનુષ્યની એકતાને પણ તેણે પ્રતિપાદન કરવા માંડી હતી. શરીર એ એક પદાર્થ જેવું જડયંત્ર છે તથા ચેતનનું રૂપ તેનાથી જુદું જ છે એવા કઢંગા ખ્યાલને નાબૂદ કરીને નૂતન મનોવિજ્ઞાને મનુષ્યના શરીર અને મનની એકતાને સાબિત કરી હતી. એ જ રીતે નગર અને ગામ વચ્ચેનો ખેતીવાડી અને ઉદ્યોગ વચ્ચેનો અંતરાય પણ ભૂંસી નાખવા માટે વિજ્ઞાન અને યંત્રની રચના પર ઉભેલી સંસ્કૃતિએ શરૂઆત કરી હતી. આવી એક વિશ્વ રચનારી માનવસંસ્કૃતિએ સંસ્કારના તમામ જ્યોતિર્ધરોની એકતા પીછાણીને "બુદ્ધ અને ઇસુને તથા રસ્કિન અને ગાંધીને, માર્કસ તથા લેનિનને અને ટાગોરને તથા રટાલીનને અને આઇનસ્ટાઇન અને જવાહરને વિશ્વ ઇતિહાસની એક વ્યાસપીઠ પર સંસ્કૃતિના વિશ્વશાંતિના સંમેલનમાં એક સાથે બેસાડયા હતા, આ રીતે જીવનના વિભાગોનું મિલન સર્વાંગી અને સામુદાયિક બનવા માંડ્યું હતું.

વિજ્ઞાન અને સંસ્કૃતિનું વિશ્વશાંતિનું ચિત્રપટ

પિકાસો નામના ફ્રેંચ કલાકારના હાથે શાંતિનું નવું ચિત્ર, ઇ. સ. ૧૯૩૭ માં ગુરનીકા નામનું જગવિખ્યાત ચિત્રલેખન બનીને જન્મ પામ્યું. યુગવેગ બનેલી પિકાસોની ચિત્રકલા, આ ચિત્રમાં યુદ્ધના સંહારનું વિકટરૂપ રચીને આ ભયાનકતામાં પણ માનવજીવનની નૂતન ઘટનાની ઉષાનું એંધાણ આપતી પ્રકાશી ઊઠી. કેવું અદ્‌ભુત આ ચિત્ર હતું!

ગુરનીકાના આ, કાળા અને સંકેદ ચિત્રમાં, જમણી બાજુમાં, મરણ પામતી વ્યક્તિની યાતના મુંગો શોર મચાવે છે. મોત પામેલા બાળક પાસે

માતાની વ્યથા અંતરને હલાવી નાખે છે. ફાસીવાદનાં ઓંધરાઓ ઉતરડી નાખેલા આ ભૂમિ પરના જીવનનો ચિતાર, ઘોડાનું ચૂંથાઈ ગએલું શરીર દાખવે




છે. સર્વાંગી અત્યાચાર તરફ, એક દેખાવમાંથી ઉપજતા બીજા અને એકમેકમાં ઉપર તળે થતા આ ચિતાર પર, પ્રકાશ જેવો પુણ્ય પ્રકોપ ઉપર અંતરિક્ષમાંથી ફેંકાય છે. ફાસીવાદી પાશવતાનો પ્રતીક આખલો છે. લોહીલુહાણ બનીને પડેલા રાષ્ટ્રનું પ્રતીક ઘાયલ ઘોડો છે. માનવજાતનો ચિત્કાર ચીસ પાડીને આ દારૂણ દેખાવ પર ઉપરથી દીવો ધરે છે. આ દીવો લોકસમુદાયની જીંદગીની નીતિમત્તા છે.

ગુરનીકાનું આ ચિત્ર સંહારના ભિષણરૂપને ખૂલ્લું પાડતું, રાષ્ટ્ર, રાષ્ટ્રમાં જનસમુદાયના શાંતિના અંતરનાદને જગાડતું હતું. વિશ્વની શાંતિ હિલચાલનું, પિકાસોએ ચિતરેલું, પારેવાનું, આ શાંતિ પ્રતીક, સંસ્કારનું રૂપ ધરેલું, દેશ દેશ પર ઉડતું, કોરીયાની ભૂમિપર પણ આવી પહોંચ્યું હતું, અને સંહારની મના ફરમાવતું વીસમા સૈકાની કટોકટિનો ઉકેલ માગતું હતું. બબ્બે વિશ્વયુદ્ધો વહી ગયા પછી, ગુરનીકાના ચિત્રના અનુસંધાનમાં જ સંહારને રોકાઇ જવાનો અભૈયા શબ્દ બોલતા શાંતિરૂપક પંખીનું રૂપ એણે આલેખ્યું હતું. આજે એજ શાંતિ રૂપ, કરોડ પાંખો ફફડાવતું જગતભરના લોક સામુદાયોની શાંતિ વાંછનાનો વિરાટ આકાર ધારણ કરીને પિકાસોના પારીસ નગરમાં જ આવી પહોંચ્યુ હતું. પિકાસોનો સંસ્કારઆત્મા પારેવાની છટા ધરીને ત્યાં શાંતિ સમારંભના ઝંડા પર વીસમા સૈકાની અધવચમાં પાંખો ફફડાવતો હતો.

ઇ. સ. ૧૯૪૯ માં પેરીસનગરમાં માનવ ઇતિહાસમાં પહેલું એવું વિશ્વ-શાંતિની કાઉન્સીલનું આંતરરાષ્ટ્રીય અધિવેશન મળતું હતું. વિશ્વશાંતિની હિલ-ચાલનો, અહીં જગતના તમામ રાષ્ટ્રોના લોકસમુદાયોના પ્રતિનિધિઓ, આરંભ કરતાં હતાં. આ વિશ્વ સમારંભના પ્રમુખપદેથી ફ્રાન્સની સરકારનો અણુવિજ્ઞાનના વિભાગનો, હાઇકમિશ્નર અને નોબેલ પારિતોષિક મેળવનાર વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક જોલીયો કયુરી, પૂછતો હતો.

" શાંતિ હિલચાલ શા માટે ? " અને પોતાના સવાલનો પોતે જ જવાબ દેતો એ મહા વૈજ્ઞાનિક વિશ્વભરનાં શાંતિ પ્રતિનિધિઓને યાદ આપતો હતો.



" આપણે ભણીએ છીએ તે સમય વીસમા સૈકાનો છે. હમણાં જ વીસમો સૈકો અરધો પુરો થાય છે. અરધા સૈકાના સમયમાં જ, છ કરોડ અને સિત્તેર લાખ માનવોની કતલ કરી નાખનાર બે વિશ્વયુદ્ધો આપણી દુનિયામાં લડાઇ ચૂકાયાં છે. આપણે જગતના માનવસમુદાયોના પ્રતિનિધિઓ, વિશ્વભરમાં એવી શાંતિ હિલચાલ, જગવવા માગીએ છીએ, કે જે હીલચાલ સર્વ સ્થળેથી, સર્વ સંસ્થાઓમાંથી, સર્વ વર્ગોમાંથી, શાંતિચાહક માનવોનો, જેઓ આપણા, અત્યારના જગતના તમામ સવાલોનો નિકાલ યુદ્ધની હેવાનીયત અને સંહારક રીતથી નહીં, પરંતુ વાટાઘાટોથી જ લાવવામાં માનતાં હોય, તેમનો આંતર રાષ્ટ્રિય શાંતિ મોરચો રચી શકે."

હવે ઇ. સ. ૧૯૫૪ નો બીજો મહીનો બેસી ગયો હતો. પેરીસનગરમાં વેલેારીસના જુના દેવળની દિવાલો પર સંસ્કારના ઇતિહાસમાં પહેલીવાર, ' યુદ્ધ વિરૂદ્ધ ' શાંતિની જીવનહાકલનું ચિત્ર પ્રદર્શન, યોજાયું હતું. આખું ય પ્રદર્શન પિકાસોએ તૈયાર કર્યું હતું.

દિવાલોપર માનવજીવતરનાં સ્વપ્નો, આશાઓ, યાતનાઓ, જગત જેવાં જુજવાં રૂપ ધરીને સૈકાઓની સંસ્કૃતિના અંતરની માનવી મૂલ્યની કણિકાઓ ધારણ કરીને, ધબકી ઉઠયાં હતાં. પ્રદર્શનમાં પેસનારને આ ધબકારાઓ વિંટળાઇ વળતા હતા. એકવાર અંદર પેઠા પછી જાણે બહાર નીકળવાપણું હતું જ નહીં એવું આ અનોખું રૂપદર્શન હતું.

દેખનારાં આ પ્રદર્શનની સામે નહોતાં ઉભાં પણ ચિત્ર પર આલેખાઇ જઇને ચિત્રમય બની જતાં હતા. આ પ્રદર્શનોમાં યુદ્ધના હાથાઓમાંથી

ઉગામાયેલાં આયુધો, પ્રદર્શનને દેખવા આવેલા સમુદાય પર જાણે ફૂંકાતાં હતાં. ડેમોકલિસની લટકતી તલવાર જેવું યુદ્ધના દાનવનું ખંજર તમારા જ માથા-પર ઉતરતું હતું. દિવાલ પરનું ચિત્રફલક માનવ સમુદાયના ધબકારાને, તમારા જ હિલપર ધારણ કરતું હતું. આ રૂપદર્શનમાં ત્યારે ખૂમેયા કહેતું એ કોણ ઉડતું આવતું હતું ! શાંતિ હિલચાલનો લોક વિરાટ, સવિતા જેવા તેજનો અંબાર બનીને, કોઈ સિમાડા પર નાહોતો બેઠો પણ ઉડતો આવતો હતો. છત આખી તેજમાં તરબોળ બનીને વિશ્વશાંતિની વિભાવનાનું રૂપ ધારણ કરતી હતી. સંહારના શ્યામ પડછાયામાં, સંહારના ધૂમાડાના ધૂમ્મસમાં શ્યામલ પ્રકાશની છાયા ધરતો, શાંતિ હિલચાલનો પ્રકાશનો ઝરો, વિરાટની આથમાં શાંતિના આકારોને એલિંગતો હતો. ત્યારે દેખનારાંના ચહેરાપર યાતના ભેગી ભળી ગએલી વિષાદની છાયામાં શાંતિની પ્રસન્નતા, પ્રકાશ, બનીને ઓપી ઉઠતી હતી. પિકાસોએ એવું પ્રદર્શન રચી દઈને અંદર આવનારનાં અંતરોને પકડી લે તેવું અને પકડી લઈને સંહારના વલોણામાં વલોવીને, શાંતિનું નવનીત દાખવી દે તેવું ફલક પરનું ક્રિયારૂપ યોજ્યું હતું.

આજે પણ આ વૃદ્ધ કલાકારની ૧૯૫૭ની સાલ આજ પર્યંત ચિત્રદર્શનની પિંછી ધારણ કરીને ચિતર્યા જ કરે છે. એની સંસ્કૃતિની વિશ્વશાંતિની વાંછના પારેવાની વિશાળ બનતી પાંખપર ચડેલા પ્રાણનું નિત્ય નૂતન રૂપ આલેખ્યા કરે છે. એનું ચિત્રપટ જગતના ત્રસ્ત બનેલા અંતરને કહ્યા કરે છે કે, "મેં યુદ્ધની જે ભિષણતા ચિતરી બતાવી છે, તે, વિશ્વશાંતિના વિજય સાથે ભુતકાળની બીના બની જવાની છે, અને સંહાર હકીકતો, વર્તમાન અને ભાવિનાં રૂપોમાં મઢાયા જ કરવાની છે."



"શી સબુત !"

"તમારે સાબીતી જોઇએ છે !" બોલતો નૂતન જગતનો આ વિશ્વચિતારો, યુગવેગ જેવી છટા ધરતો, વૃદ્ધ કલેવરપર યૌવનના રંગથી ઓપતો સીગરેટ સળગા-વતો, પોતાને, જીવતું દેખાતું સ્વપ્ન ચિતરવા ચાલ્યો જતો કહે છે, "હું કામે જાઉંછું ! આપણે નૂતન જગતની એવી રચના કરવાનાં છીએ કે જેમાં, "શ્રમકાર્ય" નામના શબ્દનો એક તરંગી અને બીજો વાસ્તવિક, એવા બે અર્થ નહીં હોય. **માનવીનું કાર્ય** એ નૂતન જગતમાં, ખેતર પર, કારખાનામાં, કાર્યાલયમાં શાળામાં, દવાખાનામાં કે ચિત્રશાળામાં એક જ અર્થવાળું અને એક જ માનવ મૂલ્યવાળું પુરવાર થઇ ગએલું હશે."

માનવ સંસ્કૃતિના ઈતિહાસહું માનવ મૂલ્ય, વિશ્વશાંતિ



વિશ્વ ઈતિહાસની શરૂઆતથી તે આજ સુધીની હિલચાલોમાં આપણે અનેક યુદ્ધો અને રમખાણો દેખ્યાં છે. એક જ દેશની અંદર લડાતાં અંદર અંદરનાં યુદ્ધો ઉપરાંત રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેનાં યુદ્ધોએ માનવ જાતની આજ સુધીમાં સૌથી મોટી ખુવારી તથા ખાનાખરાબી કરી છે. સંહારની આ બધી શરમ જનક કાર્યવાહીમાંથી પણ ઈતિહાસના દરેક તબક્કામાં માનવજાતની, એકે એક દેશમાંથી સંભળાતી, શાંતિ માટેની માગણી તથા સંસ્કારની પ્રવૃત્તિનો અવાજ યુદ્ધનાં ભૂમરાણ અને ચિત્કારોમાંથી પણ સત્તા અને અધિકારનાં સ્થાનોને પણ સાંભળવાની અને ધીમે ધીમે સ્વીકારવાની જરૂર પડી છે. જગતની સરકારોને પણ શાંતિની કાર્યવાહી રચવાની જરૂરિયાત ધીમે ધીમે સ્વીકારવી પડી છે. આવી રીતે વિશ્વશાંતિની ઘટનાનું જગતની સરકારો મારફત થતું બંધારણ સૌથી પ્રથમ આપણે ઈ. સ. ૧૮૧૪ અને ૧૫ માં દેખી શકીએ છીએ. ત્યાર પછી એવું

જ બીજું બંધારણ રચવાની ફરજ, જગતની સરકારોને ઈ. સ. ૧૯૧૮–૨૧ માં પડી.

આ બીજું બંધારણ વિશ્વ યુદ્ધ પછીથી આવ્યું. ઈ. સ. ૧૮૧૪–૧૫માં વિયેનાની કોંગ્રેસ ભરીને ત્યારની સરકારોને શાંતિની રાવ કરવાની જે ફરજ પડી હતી તેની પાછળ યુરોપને ખુવાર કરી નાખનારાં નેપોલીયનીક યુદ્ધો હતાં. પછી ૧૯૨૦–૨૧માં શાંતિનું બીજું બંધારણ રચવા માટે પેરીસ કોન્ફરન્સ બોલાવવાની જે ફરજ પડી તે પાછળ પણ ત્યારની યુદ્ધખોર અને શાહીવાદી સરકારોએ પહેલું વિશ્વ યુદ્ધ રચીને જે મહાસંહાર સર્જ્યો હતો તે મુખ્ય કારણ હતું. ત્યારે આ સંહારનું સ્વરૂપ યુરોપને બદલે આખા જગત પર ફરી વળ્યું હતું. તેની માનવ ભક્ષક આગમાંથી જગતનો કોઇ દેશ બાકી રહ્યો ન હતો. એવું તે વિશ્વવ્યાપી બન્યું હતું.

આ બંને પરિષદો એટલે ઈ. સ. ૧૮૧૪–૧૫ ની શાંતિ પરિષદ તથા ૧૯૧૮–૨૧ની શાંતિ પરિષદ, એ બંને પરિષદો ખરી રીતે જોઇએ તો જગતનાં તમામ રાષ્ટ્રોની સરકારોની પરિષદો પણ ન હતી. ઈ. સ. ૧૮૧૪–૧૫ની પરિષદ અથવા કોંગ્રેસ ઓફ વિયેના'તો કેવળ યુરોપીય રાષ્ટ્રની સરકારી પરિષદ હતી. તેમાં જગતના બીજા કોઈ ખંડમાંથી કોઇ રાષ્ટ્રની સરકારને નિમંત્રણ આપવામાં આવ્યું ન હતું. આ પરિષદની નજરમાં શાંતિનો અર્થ યુરોપ ભરમાંથી ક્રાંતિની હિલચાલોનો નાશ કરી નાખવા પુરતો જ અંદરખાનેથી રહ્યો હતો. ઈ. સ. ૧૯૧૯ માં બીજી વિશ્વ શાંતિ પરિષદ મળી. તેણે જગતના બીજા ખંડોની સરકારોને પરિષદમાં બેસવાનાં આમંત્રણો આપ્યાં હતાં, પરંતુ આ આમંત્રણો બેસવા પૂરતાં જ હતાં. આ પરિષદની કાર્યવાહીનું મૂખ્ય મથક બધી રીતે યુરોપ ખંડ જ રહ્યું હતું તથા તેમાં ચાલતી શાંતિની કાર્યવાહીની સૂત્ર ધારો, યુરોપની શાહીવાદી સરકારો હતી. આ શાહીવાદી સરકારો આ પહેલા વિશ્વયુદ્ધમાં વિજયી બનેલી સરકારો હતી. આ વિજયી શાહીવાદની નજરમાં વિશ્વ શાંતિનો અર્થ પોતે પરાજય પમાડેલી બીજી શાહીવાદી સરકારોના પ્રદેશોની, પોતાની અંદર અંદર વહેંચણી કરી લઇને એ પ્રદેશો પરની પોતાની હકૂમતને શાંતિપૂર્વક જાળવી રાખી શકાય તેટલા માટે જ યુદ્ધને અટકાવવાનો હતો.

પરંતુ આ સમય નવી જાતનો સમય હતો. પહેલા વિશ્વયુદ્ધના અંતમાં યુરોપની શાહીવાદી સરકારો યુદ્ધને લીધે નબળી પડી ગયેલી હતી. એમણે પહેલા વિશ્વયુદ્ધ પછી શાંતિના નામમાં બોલાવેલી પેરિસ કોન્ફરન્સમાં, શાંતિનો બધો અર્થ, જગત પરની પોતાની પકડ સાચવી રાખવા પૂરતો જ તેમણે કર્યો હતો. પરંતુ જગતના બીજા દેશોને ગુલામીમાં જકડી રાખવાની કાર્યવાહીનું કામ વિજયી

બનેલા અને શાંતિનો ખૂરખો ઓઢેલા આ શાહીવાદો માટે હવે શકય ન હતું. કારણ કે પહેલા વિશ્વયુદ્ધના અંતમાં જ શાહીવાદી ઘટનાનો વિનાશ માગતી સામાજિક ક્રાંતિ રશિયામાં થઇ ચૂકી હતી, તથા શાહીવાદી ઘટનાના વિનાશ ઉપર જ રચી શકાય તેવી રાષ્ટ્રીય આઝાદીની હિલચાલો રશિયા અને આફ્રિકા ના આજ સુધી શાહીવાદ નીચેની સંસ્થાનિક ગુલામીમાં સડતા તમામ દેશોમાં શરૂ થઈ ગઇ હતી. આ ઉપરાંત વિશ્વ શાંતિનો ખૂરખો ઓઢીને, લીગ–ઓફ નેશન્સનું નામ ધારણ કરીને, બેઠેલી યુરોપની શાહીવાદી સરકારો માટે વિશ્વ શાંતિની સાચવણી કરવાનું કામ અશકય હતું કારણ કે પહેલા વિશ્વયુદ્ધમાં પરાજિત થયેલી જર્મની, ઇટાલી અને જાપાનની શાહીવાદી અથવા ફાસીવાદી સરકારોએ જગતને ગુલામ બનાવવા માટે બીજું વિશ્વયુદ્ધ સળગાવવાની તમામ તૈયારીઓ પણ હવે શરૂ કરી દીધી હતી.

આ લીગ ઓફ નેશન્સનું નામ ધારણ કરનારી વિશ્વ સંસ્થામાં, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સની શાહીવાદી સરકારોનું જ અસ્તિત્વ હતું એમ કહી શકાય. આ સરકારોએ જે બીજી સરકારોનાં નામ આ વિશ્વ સંસ્થામાં દાખલ કર્યાં હતાં. તેમાં મોટા ભાગની સરકારો તો આ શાહીવાદના પ્યાદાંઓ જ હતી તથા બધી રીતે પરાધીન હતી. આ સરકારોનું બધું પ્રતિનિધિત્વ અંગ્રેજી–ફ્રેંચ–અમેરિકન શાહીવાદ પાસે હતું તથા આ માલીકોના દોરી સંચાર પ્રમાણે ડોકું હલાવવાનો અભિનય કરવાનું કામ જ તેમણે કરવાનું હતું.

વિશ્વશાંતિની ત્રીજા શતકની સંવત્સરીનું નામ કોમેનીયસ

ત્રણ સૈકા પરનો વિશ્વશાંતિના સંસ્કારનો આ અવાજ, માનવ માત્રનો અંતરનાદ હોવાથી આજ સુધી શમી ગયો નથી પરન્તુ યુગે યુગે, વધારે તાકાત અને યોજનાબદ્ધ સ્વરૂપ પકડતો ગયો છે. આ અવાજનો પડઘો એકે એક દેશમાં માનવ જાતની વિમુક્તિનો પડઘો બન્યો છે. જ્યાં, જેટલી વિમુક્તિ રચાઈ ત્યાંના જીવન વ્યવહારમાં અંદરનો જીવન વહિવટ તેટલો વિજ્ઞાનમય અને સ્વમાનવાળો, તથા, સંસ્કારી સભ્યતાવાળો બનવા માંડયો અને હરિફાઈ, શોષણ તથા, પર-સ્પરની હિંસાનુ રૂપ પાછું હટવા માંડયું. આવા શાંતિમય રાહવાળા અસ્તિત્વના સ્વરૂપની સાથે સાથે જ મુડીવાદી બબરની જીવલેણ હરીફાઇ પણ ચાલુ હતી જ. આવી હકીકતની સાથે સાથે જ જગતમાં બધા જ માનામાં માનવ માનવ વચ્ચેના જીવન વ્યવહારમાં દરેક રાષ્ટ્રમાં, અને રાષ્ટ્રોની અંદરના પરસ્પરના સંબંધમાં શાંતિ મય અથવા સહકારમય સંબંધ સ્થપાય અને યુદ્ધ નાબૂદ થાય તેવી ઇચ્છા, લાગણી, અને યોજના, ઇતિહાસમાં સંસ્કાર હિલચાલનાં આગેવાનોએ વ્યક્ત

કર્યા જ કરી છે. એની સાથે સાથે જ માનવ જીવનમાં વહીવટની એકતા અથવા ઐકયની સામુદાયિક એવી લાગણી પણ વ્યકત થયા જ કરી છે. પરંતુ આ બધું, આજ સુધીના, હરીફાઈ અને શોષણ પર રચાયેલા વ્યવહારની આગેવાનીવાળી ઘટનામાં અરણ્ય રૂદન જેવું બન્યું છે, તથા એવા શાંતિકથનને, સંહારના ઘોંઘાટમાં ગુંગળાવી નાખવામા આવ્યા છે. છતાં, માનવ જાતના ઇતિહાસના આ અવાજમાં એક સળંગસૂત્રતા, માનવ માનવ વચ્ચેની વ્યવહાર એકતાની અથવા તેના હેતુના ઐકયની રહી છે. બધી સંસ્કાર હિલચાલ એ પાયા પર જ ટકી શકવાની છે એવો ખ્યાલ રજૂ થયા કર્યો છે.

આ અવાજનો ઉચ્ચાર યુરોપના ઉત્થાન યુગના ઉંબરા પર ઉભા રહીને આજના નૂતન શિક્ષણમાં શિક્ષણના વ્યવહારના પિતા તરીકે ઓળખાઈ ચૂકેલા, કોમેનીયસે આજથી ત્રણસો વરસ પર કર્યો. એણે આ ઉચ્ચારની યોજનાનું રૂપ પણ આલેખ્યું, અને માનવ જાતના સૌ રાષ્ટ્રોના શિક્ષકોને અને શિક્ષણના આગેવાનોને શિક્ષણના માનવક્રમનો સાર સમજાવ્યો. એણે કહ્યું કે, યુદ્ધોની નાબુદી માટે વિશ્વતંત્રનું એક સંગઠન બને તો, અને તે, સંગઠન મારફત એકે એક રાષ્ટ્ર સાથેનો, સંસ્કારનો પરિચય પરસ્પરની આપે લે મારફત જાળવી રાખવામાં આવે તો જ, તથા એકેએક રાષ્ટ્ર પરસ્પરને પોત પોતાની પ્રાપ્તિઓ અને શોધખોળ વડે સૌના સામુદાયિક, સંસ્કારોનો ઉત્કર્ષ કર્યા કરે તો જ, આ જગતમાં સુધારો થઇ શકે તેમ છે. આ સુધારા માટે એણે જગત ભરના તમામ રાષ્ટ્રો વચ્ચે મિત્રાચારીના સંબંધો યોજવાનો વિચારણાની રજૂઆત કરી. આ યોજનામાં એણે વિશ્વરાજ્યની સંસ્કાર ભાવના, માનવ જાતની સમાન બાંધવતા સાથે વિકસાવવાની માગણી કરી. આ વિશ્વરાજ્યની એક માત્ર ફરજ અદા કરનારી વિશ્વ કારોબારી અથવા 'વર્લ્ડ સીનેટ'' ની સૌથી મોટી જવાબદારી, યુદ્ધોની નાબુદી અને વિશ્વશાંતિની સાચવણી જ હોય તેવું આર્ષદર્શન એણે ત્યારે રજુ કર્યું.

આવા વિશ્વશાંતિના શિક્ષણના જીવનનો આરંભ થયો ત્યારે સોળમો સૈકો અંત પામી ગયો હતો અને સત્તરમો શરૂ થઇ ચૂકયો હતો. ઇ. સ. ૧૬૧૬માં હીડેલબર્ગ વિદ્યાપીઠમાંથી ભણીને એ ૧૬૧૪માં મોરેવીયામાં પાછો આવી ગયો. ત્યાં એણે પ્રીરોવમાં "મોરેવીયન બ્રધર્સ સ્કુલ" નામની એક શાળાનું સંચાલન શરૂ કર્યું. પરન્તુ આ જમાનામાં યુદ્ધોની જવાળાઓએ આ પ્રદેશને પણ આંતરી લીધો. એણે યાતનાઓનું રૂપ નજરોનજર દીઠું. ઇ. સ. ૧૬૨૮માં શાળા છોડીને કુલનેકમાં એને આવવું પડયું. અહીં એના આવતા પહેલાં જ

આગ લાગી ચૂકી હતી. એ આવે તે પહેલાં સંહારમાં એનું ઘર, સ્ત્રી અને બાળકો તથા એનું પુસ્તકાલય બળીને ખાખ થઇ ગયાં હતાં. એણે જીવતા રહેવા માટે વતનનો ત્યાગ કર્યો અને એ પોલેન્ડમાં પહોંચ્યો. ઇ. સ. ૧૬૪૧ માં એણે ઇગ્લેંડમાં આશરો લીધો, અને ત્યાં ક્રાન્તિની આગ સળગી ઉઠતાં પહેલાં એણે પાર્લામેન્ટમાં ભાષણ કર્યું. ઇગ્લેંન્ડ છોડવાની પણ એને ફરજ પડી તથા ઇ. સ. ૧૬૪૨માં એ સ્વીડન પહોંચ્યો. ત્યાંની શિક્ષણની ઘટનાને સુધારવા માટે એને વિનંતી થઇ. ઇ. સ. ૧૬૫૦માં હંગેરીએ એને આમંત્રણ આપ્યું. એ ફરીવાર પોલેન્ડમાં આવ્યા. આખરે ઇ. સ. ૧૬૭૧માં આ મહા-માનવ મરણ પામ્યા.

વિશ્વઇતિહાસનાં આવાં સંસ્કારમૂલ્યોનાં ભંડારીયાં પર ચઢી ગએલી ધૂળને ઉરાડીને, અજન્તાની ગુફાઓ જેવા વિશ્વઇતિહાસના ઓરડાઓમાં પ્રકાશના અક્ષરોને અંધારામાં વાંચવાના પ્રયત્નો હજુ હમણાં જ શરૂ થાય છે. ઇ. સ. ૧૯૫૭ની પાનખર ઋતુમાં ઝેકોસ્લોવાકીયાના પ્રાહા નગરમાં કોમેનીયસ નામના આ નૂતન શિક્ષકની ત્રણસોમી સંવત્સરી ઉજવવાનું નક્કી થયું છે. ત્રણસો વરસ પરની, જીવલેણ જીવનદશામાં અનેક અગ્નિપરિક્ષાઓની યાતનામાં તવાઇને એણે પૂકારેલું નૂતન જગત હજુ હમણાં જ બીજા વિશ્વયુદ્ધના સંહાર પછી આકાર ધારણ કરવા માંડ્યું છે. એણે આ જગતના સંસ્કાર જીવનની આગાહીને ત્યારે યુરોપના જીવનમાં સૌથી ઉંચે ચઢીને પૂકારી હતી.

પરન્તુ આજેજ એની ઉજવણીનો યોગ્ય સમય પાકી ચૂક્યો ગણાયો છે. આજે ત્રણસો વરસ પછી એલજીઅમમાં, પૂર્વ પશ્ચિમ જરમનીમાં બ્રિટનમાં, હોલેન્ડ, હંગેરી અને પોલેન્ડમાં તથા રશિયા ચીન અને યુગોસ્લાવીયામાં, એના નામનું નૂતન આવાહન બન્યું છે. આજે જ આ દેશોનાં સંસ્કાર કાર્યકરોની સમિતિઓએ, પ્રાહા નગરમાં એની ત્રણસોમી સંવત્સરીનો આંતરરાષ્ટ્રિય ઉત્સવ નક્કી કર્યો છે. આ ઉજવણીની આગેવાની "વર્લ્ડ ફેડરેશન ઓફ ટીચર્સ" ની આંતરરાષ્ટ્રિય સંસ્થાએ લીધી છે તેનું કારણ એ છે કે, કોમેનીયસ, આજના નૂતન શિક્ષણના, સંસ્કારી વ્યવહારનો પિતા ગણાયો છે.

નૂતનયુગનો જીવન કલાકાર, રસ્કીન

ઇ. સ. ૧૮૧૯માં લંડન નગરમાં જન્મેલો, આ કલાકાર જીવન વ્યવહારનો



ટીકાકાર બન્યો. અને કલાકૃતિઓના અર્થની તારવણી કરનારાં અનેક પુસ્તકો એણે લખ્યાં. ઇ. સ. ૧૮૫૩માં "સ્ટોન્સ ઓફ વેનીસ" નામનું પુસ્તક લખ્યા પછી એણે યુરોપીય કલાકૃતિઓના અર્થોની તારવણી કરતાં કરતાં શિલાઓમાં મઢેલાં રૂપદર્શનની પાછળ વહેતા જીવનના તંતુઓનો પરિચય શરૂ કર્યો. ઇ. સ. ૧૮૬૦માં ચિત્ર-કારોના પરિચયનો પાંચમો ગ્રન્થ પૂરો કર્યા પછી એણે જીવનનાં સ્વરૂપોની સાધના જાણે પૂરી

કરી નાખી. પછીની જીંદગીનાં બાકી રહેલાં ચાલીસ વર્ષ સુધી એ પોતાના જમાનાની જીંદગીના, નૈતિક રાજનૈતિક, ધાર્મિક, આર્થિક અને ઔદ્યોગિક કોયડાઓ પાછળ મચી પડયો. એણે ત્યારથી જ સામાજિક જીવનની નવી યોજના રજુ કરવા માંડી, અને ત્યારના રાજકીય આર્થિક પાયાઓની જૂની રચનાને નામૂદ કરી નાખવાનો અવાજ ઉઠાવ્યો. જીવનભર સૌંદર્યની પ્રશસ્તિ પાછળ પડેલો આ કલાકાર, હવે જીવનની ઘટનાની કલાકૃતિને નિરખવા, માંડયો. એને શિલાઓનાં રૂપદર્શનમાંથી અને કાગળ પરની રંગ રેખાઓમાંથી હવે બધો રસ ઉડી જતો લાગ્યો. એણે પોતાના એ બધા ગ્રન્થો ફરીવાર ન છપાય તેવી પોતાની ઇચ્છા જાહેર કરી. એણે પોતાના જૂના ખ્યાલોને સંકુચિત સુધારકવાદ તરીકે જાહેર કર્યા અને જીવનની વાસ્તવિક ભૂમિકા પર ઉભા રહીને, શ્રમકાર્ય અને યુદ્ધ પર પોતાના વિચારો બોલવા માંડયા. એણે ઇંગ્લેન્ડના ભાવિપર ભાષણો આપ્યાં તથા, ભાવિમાં નજર નાખતા આ મહાનુભાવે, આવતી કાલની જીંદગીનું સામાજિક દિવાસ્વપ્ન આલેખ્યું. આ દિવાસ્વપ્નમાં ઉભો રહેલો રસકીન હવે પોતાની જીંદગીના અંત સમયપર આવી પહોંચ્યો હતો અને ત્યારે એનાપર વિદ્યાપીઠોની અનેક ઉપાધિઓનાં માન તથા. અનેક સંસ્થાઓનાં માનદ સભ્યપદ લદાઇ ચૂકયાં હતાં, અને બ્રિટીશ ભૂમિપર કેટલીએ "રસકીન સોસાયટિઓ" સ્થપાઇ ચૂકી હતી. પરન્તુ હવે એની જીંદગીની પારાશીશીમાંથી રેતીના થોડા જ કણ બાકી રહ્યા હતા. એનું અસ્તિત્વ, સૌંદર્યના પગથાળ પર એક પળવાર ટેકવીને, સત્યં-શિવં તરફ ગતિ કરતું, જીવનના પાછલા ભાગમાં દિવાસ્વપ્ન પર ફરી ચૂકયું હતું. ઇ. સ. ૧૯૦૦ના જાન્યુ-આરીની ૨૦મીએ એણે પોતાના અવશેષોને, 'વેસ્ટમિનીસ્ટર એબ્બી' માં નહિ પરન્તુ ઇંગ્લેંડની સામાન્ય માટીમાં દફનાવવાની ઇચ્છા જાહેર કરીને આખરી વિદાય લઈ લીધી.

સંસ્કારની જીવન ઘટનાની વાસ્તવિકતા અને રોમેરોલાં

વીશમા સૈકામાં, વાસ્તવવાદનું સ્વરૂપ, જીવનવ્યવહારની વાસ્તવિકતામાં, માનવવિમુક્તિની વાસ્તવિકતાવાળું બનવા માંડયું હતું. આ વાસ્તવિકતાના પાયા પર પગ ઠેકવવાનો હજુ માનવજાત આરંભ જ કરતી હતી. આ આરંભમાં માનવજાતની વિમુક્તિના, પ્રસ્થાનના આરંભમાં, બધી કલાઓ, અને સંગીત, હવે સાહિત્યનાજીવનું વૈજ્ઞાનિક રૂપ ધારણ કરીને, માનવજાતની સંસ્કારની એકતાની વ્યાપકતાનો પ્રદેશ વધારતાં હતાં. આ વ્યાપકતાનું આરંભનું રૂપ રાષ્ટ્રિય અથવા રાષ્ટ્ર જેટલું વ્યાપક બની ચૂકયું હતું.

આવી રાષ્ટ્રિયતાના આગેવાનનું નામ રોમેરોલાં હતું. આ મહાન કલાકાર આજે પહેલીવાર તરંગમાંથી નીચે ઉતરતો પૃથ્વી પર, અંકુરિત બનતા સંસ્કાર-રૂપને દેખતો વિમાસતો હતો, "જાણે સૂરજમાંછી ઉતરી આવેલી જીવનની કલા સૂર્યમય છે, એ નીતિમાન નથી, અનીતિમાન નથી, એ તો અનંત અંધારા અવકાશને ઉજાળે છે. એવું એ કહેતો હતો તથા એની નજર સામે આવી કલા પૃથ્વી પર ઉતરતી દેખાતી હતી.

એના દિલની માનવજાતના શુભની પ્રચંડ પ્રમાણિકતા પૃથ્વીપર ઉતરતી હતી અને પેલી કલા સાથે ભળવા માંડી હતી. પ્રમાણિકતાનો એનો વારસો પણ હતો. એના દિલમાં એના બાપદાદાઓની છાયા જીવતીજાગતી બેઠી હતી. ફ્રાન્સમાં પત્યાઘાતના દુર્ગ જેવા બેસ્તાઈલના પતનમાં એના દાદાએ ભાગ ભજવ્યો હતો. એના દિલમાં સમાજ પ્રત્યે પ્રમાણિકતા હતી. એનું ભાન ક્રાન્તિની એ દિલચલથી બગરૂર હતું.

એટલે એ કલા ખાતર કલામાં સરી પડતો બચી ગયો અને યુરોપની સંસ્કારી એકતા પરના આક્રમણ જેવા પહેલા શાહીવાદી યુદ્ધ સામે એણે સ્વીટઝરલેન્ડમાંથી એક પછી બીજો લેખ લખીને લડત આરંભી.

એની આસપાસ બુદ્ધિમાનોનું એક મંડળ જમા થયું. એમાં આઈનસ્ટાઇન, સ્ટીફન ઝવીગ, ફેરેલ, યુજેન, રેલગીસ, બરટ્રાંડ રસેલ, બારબુસ, નીકોલી વગેરે હતા. એમણે માનવતાપરના એ શાહીવાદી સંહાર સામે લડાઇ ચલાવી. આ સૌના સાથમાં રોમે રોલાં કેવળ આદર્શોમાંથી હવે આંકડા સુધી આવી પહોંચ્યો. એણે લખ્યું કે :

"વિશ્વયુદ્ધનાં પહેલાં બે વરસમાં જ યુદ્ધમાં નફો કરનાર ચોવીસ મોટી કંપનીઓએ પાંચ સો ટકા ડીવીડન્ડ મોતનો વેપાર કરીને વધારે વહેંચ્યું છે..."

ભૌતિક જગતના કલહમાંથી આદર્શોની દુનિયામાં ઊડી જવાની કિનારી પર ઊભેલો એ મહાનુભાવ પાછો પૃથ્વી પર આવી ઉભો. અને તોય આદર્શોના નગરના અધિપતિ જેવો એ પોતાના દિલની નીતિમત્તાને જ જવાબદાર હોય તેવો, યુદ્ધની નફાખોરીના આંકડા ટાંકતો હતો. ૧૯૧૭ના મેના પહેલા દિવસે એ મહાન કલાકાર જીવનકલાની દૃષ્ટિએ રૂસીક્રાન્તિને અભિનંદન પાઠવતો કહેતો હતો કે :

"રૂસી બાંધવો ! તમે જેમણે તમારા જીવનની મહાન ક્રાન્તિ પ્રાપ્ત કરી છે તેમને અમારાં અભિનંદન પૂરતાં નથી...અમે તમારા ઋણી છીએ. તમારી

આઝાદીનો વિજય કરવામાં તમે તમારે જ માટે નહિ પણ પૂર્વ અને પશ્ચિમની તમામ માનવજાત માટે મહાકાર્ય કર્યું છે."

પછી એ મહાક્રાન્તિ પર અંદર બહારનું આક્રમણ થયું. અંદરનાં પ્રત્યાઘાતી તત્ત્વોને પ્યાદાં બનાવતી બહારની પ્રત્યાઘાતી શાહીવાદી સરકારોનાં લશ્કરોએ ક્રાન્તિને લોહીમાં ડુબાડી દેવાની કારવાહી શરૂ કરી દીધી. રૂસી ક્રાન્તિએ પણ વિકરાળ બનીને આ પ્રત્યાઘાતનો સામનો કર્યો.

પણ ત્યારે એ મહાનુભાવનું આદર્શોને જ જવાબદાર અને તેમાં રાચતું અને રહેતું દિલ હચમચી ઊઠ્યું. એણે મુલાયમ બનીને, રૂસી ક્રાન્તિના વહીવટની કટોકટીને દેખ્યા કરી અને પછી ઇ. સ. ૧૯૨૪માં લેનીનના અવસાન વખતે કહ્યું કે :

"યુરોપના માનવ ધર્મોએ પોતાના પીરોચિત સમયોથી આજસુધીમાં કયારે પણ આવી પોલાદી શ્રદ્ધા દેખી નથી અને મનુષ્યનાં સામુદાયિક કાર્યોએ ઇતિહાસમાં કદિ પણ માનવતાના દિલનો આવો નિઃસ્વાર્થ અધિપતિ પેદા કર્યો નથી." એના પ્રમાણિક દિલમાં જાણે નવી શ્રદ્ધાનો વિષય જાગતો હતો. રૂસીક્રાન્તિની સમાજવાદી ઘટના સામે શાહીવાદી જગતમાંથી ભયના પડછાયા ઊઠતા હતા ત્યારે એ કહેતો હતો :

"યુરોપની તમામ આઝાદ માનવતાને હું આવાહન આપું છું કે આજનો સમય એ આઝાદી માટે કટોકટીનો સમય છે અને એ સમય એક મહાન જવાબદારી આપણને એનાયત કરે છે. રશિયાભરમાં અંદરનાં અને બ્રિટીશ શાહીવાદી દબાણ નીચેનું તેની બહારનાં જૂનાં પરિબળોનું એક ભયાનક કાવતરું ક્રાન્તિ સામે એકઠું થઈ રહ્યું છે...

"પણ હું રશિયામાં એવી જનતા જોઈ રહ્યો છું કે જે, અનામી આપભોગો વહાવીને એક નૂતન ઘટનાને જન્મ આપે છે. એ નૂતન ઘટના જનેતાના ઉદરમાંથી બહાર આવતા તરતના ફરજંદ જેવી લોહીથી ખરડાયેલી અને બગડેલી છે અને તે તરફ બધી સૂગ અને આઘાત પામેલો હું એ મહાન જનતા પાસે જાઉં છું. એને સોંપેલા ફરજંદને મારા હાથમાં ઊંચકી લઉં છું કારણ કે દુઃખી માનવજાતના ઉજળા ભાવીની એજ એક આશા છે."

એ મહાન કલાકારનો આ જનતા સાથેનો નવો સંપર્ક હતો. એને એમાંથી જ નવી શ્રદ્ધા અને નવી આશા જડતાં હતાં.

એમ એ યુરોપનો મહાનુભાવ તરંગવાદી ભાવનાઓની દુનિયામાં ભૂલો પડ્યા પછી પણ માનવજાત તરફની પ્રમાણિકતાને લીધે પૃથ્વી પર ખેંચાયો. માનવતાનાં દુઃખ દરદને ઢૂંઢતો એ જનતાની નાડ પર હાથ ઠેરવી શકયો અને જીવન કલાને જનતાનો સંપર્ક આપીને બીજાઓને દિશા દેખાડતી મશાલ જલતી રાખી શકયો.

વિશ્વશાંતિની ઘટનાનો પાયો, વિમુક્તરાષ્ટ્રો

બીજું વિશ્વયુદ્ધ આવી પહોંચ્યું ત્યારે તેમાંથી આપણા જગતમાં, વિશ્વયુદ્ધ પછીનાં પરિણામોમાં જીવનનાં જૂનાં સ્વરૂપોમાંથી કેવાં સ્વરૂપો જતાં રહેશે તથા, જીવનના જગત વ્યવહારમાં નવાં કેવાં સ્વરૂપો આવશે તેની કલ્પનાઓ થવા માંડી હતી. એ કલ્પનાઓમાં ત્યારે કાળનાં પરિબળોની આગળ વધતી જનતાની તાકાતનો અચૂક આવતી હિલચાલની આગાહી આપતો જે અવાજ જોસેફ સ્ટાલીને પહેલા વિશ્વયુદ્ધના અંતમાં જ એણે શાહીવાદી વિગ્રહખોરોને સંભળાવી દીધો હતો, તે અવાજ આ બીજા વિશ્વયુદ્ધના ઉપસંહારમાં વધારે તાજો લાગતો હતો કે—

'And let not Messrs the bourgeoisie blame me if some of the governments so near and dear to them, which to day rule happily by the grace of God are missing on the morrow after the outbreak of such a war.' સ્ટાલીને ઉચ્ચારેલા આ અવાજની પાછળ, પહેલા વિશ્વયુદ્ધમાંથી અથવા તેના ઉપસંહાર પછીનાં પરિણામોમાં, એક પરિણામ એવું આવ્યું કે, જે પરિણામની ત્યારના જગતના જૂના આગેવાનોએ અથવા યુદ્ધ લડનારા, શાહીવાદી આગેવાનોએ. આશા જ રાખી નહોતી. આ શાહીવાદી આગેવાનોમાં ત્યારના જગતમાં જે એ જૂથ હતાં, તે એ જૂથો, જગતનાં પરાધીન સંસ્થાનો અથવા પરાધીન દેશોની યુદ્ધ મારફત નવી વહેંચણી કરવા જ માગતાં હતાં. જગતના એ સમયના સ્વરૂપમાં તમામ દેશો બે જ વિભાગમાં વહેંચી શકાતા હતા. એક વિભાગ શાહીવાદી દેશોનો હતો અને બીજો વિભાગ તેમના સંસ્થાનો બનેલા દેશોનો અથવા પરાધીન દેશોનો હતો. શાહીવાદી દેશોમાં જે બે જૂથ હતાં તે પેલાં સંસ્થાનોને એકબીજા પાસેથી પડાવી લેવા માટેનું યુદ્ધ કરતાં હતાં. આ બંને જૂથોમાં કોઇ પણ જૂથે ધાર્યું નહોતું તેવું પરિણામ, એક જૂથમાંથી, રશિયા નામના તે સમયના શાહીવાદી દેશમાં આવ્યું. આ પરિણામ એ હતું કે એ શાહીવાદી દેશમાં

ક્રાન્તિ અથવા તેના જીવનવહીવટની કાયાપલટ કરી નાખનારો મુળભૂત એવો ફેરફાર થયો. આ ફેરફારે, રશિયાના જીવન વહીવટના શાહીવાદીરૂપનો નાશ કર્યો તથા, જાહેર કર્યું કે હવેથી રશિયાનો જીવન વહીવટ, શાહીવાદી પણ નહીં અને સંસ્થાનિક એટલે પરાધીન દેશ જેવો પણ નહીં, પરંતુ શાહીવાદમાંથી પણ વિમુક્ત અને પરાધીન એવા સંસ્થાનવાદમાંથી પણ વિમુક્ત એવો, નૂતનવિમુક્તિના સમાજવાદી જીવનવહીવટને ધારણ કરનારો બને છે.

સામાજિક વિમુક્તિનું, નવું અર્થકારણ, અને નવું રાજકારણ

આ નૂતન વિમુક્તિના નૂતન જીવનવહીવટનું આવું રાજકીય રૂપ એટલે શું હતું ! એટલે એમ કે તેના જીવનવ્યવહારમાં સરકારના વહીવટનું સ્વરૂપ શાહીવાદી નહીં હતું. શાહીવાદના નિષેધનું આ સ્વરૂપ, શાહીવાદના, મુડીવાદના અને ઇજારવાદી મૂડીવાદના પાયાનો નાશ કરી નાખનારૂં બનતું હતું. મુડીવાદી જીવનવહીવટનો પાયો એટલે નફાખોર જીવનવહીવટ હતો તેનો પણ આ જીવનવહીવટ, નાશ કરવા માગતો હતો, તથા, નફાને બદલે પોતાના અર્થકારણમાં, સહકારી અને સહચારી આર્થિક યોજનાના આર્થિક જીવનવ્યવહારને ઉભેરતો હતો.

આ રીતે, નફાખોર ધટનાનાનો મુડીવાદી પાયો જતો રહેતાં, આ વિમુક્ત ધટનાવાળા દેશોને માટે આર્થિક રીતે પોતાનાં બજાર વિકસાવવા માટે, જગતમાં સંસ્થાનો જમાવવાની જરૂર નહોતી. આ રીતે આ નવો વહીવટ, સંસ્થાનવાદ અને શાહીવાદનો નિષેધ માગતો હતો. આમ થાય તો જ, જગતમાંથી શાહીવાદી ધટનાનો નાશ થઈ જાય અને તો જ શાહીવાદી ધટનામાંથી નિપજતાં, યુદ્ધો પણ નાશ પામે. એમ રશિયામાં થવા માંડયું તથા, આ એકે દેશે જગતના ઈતિહાસમાં પહેલીવાર જગતના કોઈ પણ દેશ સાથે, શાંતિના, તથા, પરસ્પરના બીનઆક્રમણના કરાર કરવાની નવીજ જાતની પરદેશ નીતિવાળા રાજકારણને ધારણ કર્યું.

આવી પરદેશનીતિ, જો દુનિયાના એકેએક દેશમાં થઇ જાય તો ? એટલે, પરસ્પરની, બીનદરમ્યાનગીરીની તથા, બીનઆક્રમણની, પરદેશનીતિ દરેક દેશની થઇ જાય તો આપણા જગતમાં, વિશ્વશાંતિ કાયમ થઈ શકે. પરંતુ તેમ થવા, માટે, રશિયાનીજેમ, દરેક દેશ, સંસ્થાનવાદમાંથી અથવા શાહીવાદમાંથી વિમુક્ત બનવો જોઈએ. અથવા, દરેક દેશ, પોતે શાહીવાદી ન હોવો જોઈએ એટલુંજ નહીં

પરન્તુ કોઇ પણ શાહીવાદી દેશનો તે પરાધીન અથવા, સંસ્થાન પણ નજ હોવો જોઈએ. આવો દરેક દેશ, આ બન્ને પ્રકારે એટલે, સંસ્થાનિક ગુલામીમાંથી, અને શાહીવાદી માલીકીમાંથી, મુક્ત અથવા વિમુક્ત હોવો જોઇએ.

બસ, આટલું જ થાયતો પછી તેવો વિમુક્ત દેશ, પોતાને ત્યાં, કેવી નિશાળો ચલાવે, મસ્જિદોમાં, બાંગ પૂકારે, કે મંદિરોમાં પ્રાર્થનાઓ કરે, સ્કાયસ્ક્રેપરો જેવાં ઉંચાં ઘરબાર બાંધે કે તંબુઓમાં રહે, એવા, રોજ બરોજના જીવન વહીવટના સવાલનો, પોતાને મન ફાવે તેમ, અથવા પોતપોતાનો રીતે, ગમે તેવી રીતે ઉકેલી શકે.

પરન્તુ વિમુક્તિ અને વિશ્વશાંતિ માટે, કોઇ પણ દેશ, શાહીવાદી, નજ હોવો જોઈએ અને, સંસ્થાનિક કે પરાધીન પણ નજ હોવો જોઇએ. પહેલા વિશ્વયુદ્ધ પછી એવો એકજ દેશ, આખા વિશ્વમાં પહેલો જનમ્યો. આ દેશનું નામ સોવિયટ રશિયા.

વિમુક્તિનું વાસ્તવરૂપ, આખી માનવજાતની વિમુક્તિ.

જે દેશ અથવા રાષ્ટ્રની સરકાર સામ્રાજ્યવાદી અથવા શાહીવાદી છે અથવા બીજા રાષ્ટ્ર કે પ્રદેશ પર પોતાની, આર્થિક, રાજકીય અને લશ્કરી હકુમત ધરાવનારી તથા તે રાષ્ટ્રના વહીવટમાં બળજબરી અને દરમ્યાનગીરી કરનારી છે તેવી સામ્રાજ્યવાદી સરકારની પ્રજા પણ પોતાને ત્યાંની શાહીવાદી ઘટનાની ગુલામ પ્રજા છે તથા તેવી સરકારની પકડ નીચે આવેલો બીજો કોઇ દેશ કે રાષ્ટ્ર ગુલામ રાષ્ટ્ર અથવા સંસ્થાન રાષ્ટ્ર છે.

એટલે જ જ્યારે શાહીવાદી અથવા સામ્રાજ્યવાદી ગુલામીમાંથી મુક્ત થવાની વિમુક્તિની હિલચાલ શરૂ થાય છે ત્યારે તે ગુલામ બનેલા રાષ્ટ્રમાં અને ગુલામ બનાવનારા શાહીવાદી રાષ્ટ્રમાં પણ હિલચાલ શરૂ થાય છે. આ બંને રાષ્ટ્રોની પ્રજાઓ અથવા માનવસમુદાયો વિમુક્તિની હિલચાલની બે સહીયારી પાંખો બને છે. વિમુક્તિની આવી સંસ્કાર હિલચાલ અથવા વિશ્વઇતિહાસની સંસ્કૃતિની હિલચાલ આજે બીજા વિશ્વયુદ્ધ પછી એશિયા આફ્રિકાના પરાધીન પ્રદેશોમાં શરૂ થઇ અને તેની બીજી પાંખ જેવા શાહીવાદી દેશોના લોકસમુદાયોએ પણ આ વિમુક્તિની હિલચાલ સાથે પોતાનો સાથ અને સહકાર નોંધાવ્યો છે. આ રીતે વિમુક્તિની હિલચાલ, શાહીવાદી ઘટના સામે અને તેના નાશ માટે તથા વિશ્વશાંતિની ઘટનાની રચના માટે એક સાથે શાહીવાદી દેશની અંદરથી ત્યાંના લોકસમુદાયની અને શાહીવાદી દેશની બહારથી પરાધીન મુલકમાંથી ત્યાંની પ્રજાઓની શરૂ થતી હોય છે.

આ રીતે જ વિમુક્તિની હિલચાલ સર્વાંગી સ્વરૂપ ધારણ કરે છે તથા શાહીવાદની ગુલામીમાંથી શાહીવાદી સરકારની પોતાની પ્રજા, તથા પરાધીન પ્રદેશની પ્રજા, વિમુક્તિની હિલચાલનું આંતર રાષ્ટ્રીય પ્રજા એકમોવાળું અથવા માનવએકતાનું સ્વરૂપ ધારણ કરે છે.

આ સંસ્કૃતિની વિમુક્તિની હિલચાલના બંને છેડા રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેનો લોક સમુદાયનો સંસ્કૃતિનો નૂતન સંબંધ બાંધે છે. વિમુક્તિની હિલચાલના બંને છેડાઓના સાણસા વચ્ચે શાહીવાદી હકુમતનું રૂપ પકડાતું હોય છે તથા માનવ જાતની આગેકૂચ આ રીતે સામ્રાજ્યવાદી ઘટનાને વિશ્વઇતિહાસમાંથી રદ કરીને માનવ વિકાસના વિશ્વબંધુત્વના સમાન એવા માનવભાવની જીવનની નક્કર એકતા પર લાવે છે. યુરોપના સામ્રાજ્યવાદી દેશોની પ્રજાઓના સમુદાયો પણ સામ્રાજ્યવાદી ઘટનાઓ તેમને માટે ઘડેલી સંહારની અને શોષણની રચનામાં તે પોતે કેદી છે તેનું ભાન આ વિસમા સૈકામાં ઉદય પામવા માંડયું છે આ ભાન જેમ જેમ વધારે સંગઠિત રૂપ ધારણ કરતું જશે તેમ તેમ શાહીવાદી ઘટનાની શૃંખલાઓ શાહીવાદી દેશની પોતાની અંદરથી પણ તૂટવા માંડશે.

આ રીતે વિશ્વના ઇતિહાસમાં પહેલીવાર માનવજાતની વિમુક્તિનો સવાલ દુંકો કે સંકુચિત રહેવાને બદલે, વિશ્વ જેવું વ્યાપક સ્વરૂપ ધારણ કરે છે તથા વિશ્વયુદ્ધનો વ્યાપક વિરોધ કરે છે, આથી વિશ્વના ઉત્થાન જેવી આ હિલચાલ નીચે સામ્રાજ્યવાદી ઘટના અંદર અને બહારથી તૂટવા માંડે છે. આજે આ હિલચાલનાં આંદોલનો ફીલીપાઇન્સથી પ્યોરટોરીકો સુધી અને મલાયાથી માલ્ટા સુધી તથા માડાગાસ્કરથી મોરોક્કો અને ટાંગાનીકાથી ત્રીનીદાદ સુધી જળહળી ઉઠયાં છે. વિશ્વઇતિહાસ પર સંસ્કૃતિની આ લોકહિલચાલે ઉત્થાનનાં નૂતન ઓજસની અંજલી દીધી છે.

આ હિલચાલના પ્રકાશ નીચે, ધીમે ધીમે સામ્રાજ્યવાદી દેશોની પ્રજાઓએ, પોતાને ત્યાંના સામ્રાજ્યવાદી ઘટનાના સંસ્કૃતિ વિરોધી અને પ્રગતિ વિરોધી સ્વરૂપને પિછાણવા માંડયું છે તથા પોતાના સંસ્કારના વિકાસ માટે પોતાને ત્યાંથી પણ આ સામ્રાજ્યવાદી ઘટનાનો અંત આણવાની જરૂરિયાત તેમને સમજાવા માંડી છે. આ રીતે શાહીવાદી, એટલે યુદ્ધ ઘટનાની, શાહીવાદી ધૂંસરીને ફગાવી દઈને જ વિમુક્ત બની શકતાં કોઇપણ રાષ્ટ્રોનું સ્વરૂપ સ્વાભાવિક રીતે જ સામ્રાજ્યવાદના નિષેધનું બન્યું છે. આ વિમુક્ત રાષ્ટ્રોમાં પોતાના આંતરિક રાજ વહીવટનું રૂપ ગમે તે પ્રકારનું હોય છતાં પણ આ વિમુક્ત રાષ્ટ્રોમાં એક સર્વમાન્ય એકસૂત્રતા અથવા ઐકયતા, સામ્રાજ્યવાદના નિષે-

ધની બનવા માંડી છે, તથા વિશ્વવ્યાપક થવા માંડી છે. આ રીતે વિશ્વ-ઈતિહાસની વિશ્વવ્યાપક જેવી વિશ્વ હિલચાલ વિમુક્તિની હિલચાલ બની છે. હૉંદ, ચીન, બ્રહ્મદેશ, ઈન્ડોનેશિયા, હૉંદી ચીન, ઉત્તર કોરીયા, સીલોન, વિગેરે અનેક દેશો પર તથા મધ્યપૂર્વના દેશો પર આ રાષ્ટ્ર વિધાયક હિલચાલ એટલા જ માટે, વિશ્વશાંતિની વિધાયક તથા વિમુક્તિનાં સર્વ સામાન્ય એવા ધોરણવાળી, ન્યાય સમતાની એક વિશ્વની સહકારી ઘટના તરફ આખા વિશ્વનાં પ્રજાઓને લઇ જનારી બની છે.

સામ્રાજ્યવાદી પરાધીનતા વિરૂદ્ધ, રાષ્ટ્રવિમુક્તિનું વિશ્વઈતિહાસનું પહેલું એકમ, રૂસીક્રાન્તિ

વિશ્વ સંહારના રૂપની સામ્રાજ્યવાદ નીચેની ગુલામી અથવા પરાધીનતામાં સપડાયેલા રાષ્ટ્રોમાં બીજા વિશ્વયુદ્ધ પછી વિમુક્તિની હિલચાલનો આરંભ થયો. વિશ્વઈતિહાસમાં વિમુક્તિની હિલચાલ નામનો નૂતન યુગ પહેલીવાર શરૂ થયો. વીશમા સૈકાના અર્ધવચમાં વિશ્વનું રૂપ આ યુગાન્તરથી અંકાઇ ચૂકયું, વિમુક્તિની આ હિલચાલ વિશ્વશાંતિની ઘટના માટે એક સળંગ સૂત્ર જેવી બની ગઈ. એનો અર્થ એ થયો કે હવે આખા જગતમાં એક નવી જાતના વિભાગોમાં રાષ્ટ્રો વહેંચાઇ જવા માંડયાં. આજસુધી દુનિયામાં બે જ જાતનાં રાષ્ટ્રો હતાં. એક શાહીવાદી અથવા સામ્રાજ્યવાદી અને બીજો વિભાગ પરાધીન અથવા સંસ્થાન રાષ્ટ્રોનો હતો. રૂસી ક્રાન્તિ પછી એ મહાન રાષ્ટ્રપર ઇતિહાસનું ત્રીજી જાતનું રાષ્ટ્ર સ્વરૂપ દેખાયું. જે રૂપ શાહીવાદી ન હોય અને પરાધીન સંસ્થાન પણ ન હોય પરન્તુ વિમુક્ત હોય તેવું આ રાષ્ટ્રનું સ્વરૂપ હતું. પછી બીજું વિશ્વયુદ્ધ આવ્યું અને તેના અંતમાં જ ત્રીજી જાતનું આ રાષ્ટ્ર સ્વરૂપ એશિયા અને આફ્રિકાના રાષ્ટ્રોમાં વિસ્તાર પામવા લાગ્યું. આ ત્રીજી જાતનાં રાષ્ટ્રો એટલે વિમુક્ત રાષ્ટ્રો. જે રાષ્ટ્રોએ પોતાની પરાધીન અથવા સંસ્થાનિક દશામાંથી વિમુક્તિ મેળવવા માંડી તેવાં રાષ્ટ્રોનો આ નવો વિભાગ બન્યો.

આજના જગતમાં નૂતન વિમુક્ત એવાં રાષ્ટ્રોના આ વિભાગમાં, આરંભથી, ચીન અને ભારત આવતાંની સાથે જ જગતભરમાં તે વિભાગ ભૌગોલિક તથા માનવ સંખ્યાની રીતે સૌથી મોટો વિભાગ બની ગયો. સોવીયેટ રૂસની પડોશમાંના જ આ બે મહાન અને વિરાટ રાષ્ટ્રો વિમુક્ત બનીને, વિમુક્તિના વિશ્વશાંતિના ધ્યેયને ધારણ કરવા માંડયા. જગતની શાહીવાદી ઘટનાનો મુકાની બનેલો અમેરિકન શાહીવાદ એટલે જ સૌથી વધારે ચિંતાતૂર બની ગયો. એટણે જ વિમુક્તિની હિલચાલો અને વિશ્વશાંતિનાં સંચાલનો સૌથી વધારે

ઉત્સાહિત બની ગયાં. પરંતુ આ બે વિરાટ એવા વિમુક્તરાષ્ટ્રો અને રશિયા વચ્ચે યુદ્ધખોર ફ્રાચરો મારવાની કાર્યવાહી અમેરિકન શાહીવાદે શરૂ કરી દીધી. એણે કોરીયા પર યુદ્ધ સળગાવ્યું. સીઆમને શસ્ત્રસજ્જ બનાવ્યું. પાકીસ્તાનને યુદ્ધના ભરડામાં પરોવી દઈને તેને પોતાનો યુદ્ધખોર સામાન રાખવાનો 'ડેપો' બનાવી દીધું. આ કમનસીબ દેશ સાથે એણે પોતાના યુદ્ધ કરાર કરી દીધા તથા આ ખ્યાદા પર સ્વાર થઈને જ આ શાહીવાદે બગદાદ કરાર નામનો યુદ્ધ કરાર અને લશ્કરી જૂથ રચી દીધાં. ચીન ભારત અને રશિયાની સરહદો પર એણે બગદાદ કરારના લશ્કરી જૂથમાં પરોવાયેલાં ખ્યાદાંઓની ગરદન પર યુદ્ધનાં સંચાલન શરૂ કરી દીધાં.

'આવું યુદ્ધનું સંચાલન અમે કરીએ છીએ, કારણ કે જગતમાં, રશિયા નામનું જીવનનું વહીવટી એકમ છે,' એમ હિટલરે કહ્યું હતું. એજ બાબત અમેરિકન થએલું શાહીવાદ આજે સાફ સાફ રીતે કહ્યા જ કરે છે. પણ રશિયાનું એવું પ્રથમ પૂરવાર વિમુક્ત રાષ્ટ્ર એકમ, ત્યારે એકલું જ હતું.

એવું વિમુક્તિનું અસ્તિત્વ જ શાહીવાદી ઘટનાને પાલવે તેમ નથી. એ અસ્તિત્વે શાહીવાદી એટલે યુદ્ધખોર અને વિશ્વસંહારની રચનાની દિવાલમાં પહેલું ભંગાણ પાડી દીધું હતું. એના અસ્તિત્વને લીધે જ પછીથી આ ભંગાણ મોટું ને મોટું બનીને આજે ચીન જેટલું મોટું, પૂર્વ યુરોપ જેટલું મોટું, તથા એશિયા અને આફ્રિકાનાં વિમુક્ત રાષ્ટ્રો જેટલું મોટું, બનવા માંડ્યું છે. આ ભંગાણ વડે રૂસ દેશે જ્યારે, પહેલા વિશ્વયુદ્ધના અંતમાં જ વિશ્વસંહારની અને વિશ્વયુદ્ધની શાહીવાદી ઘટનાને પોતાને ત્યાંથી તોડી નાખીને, જગતનાં રાષ્ટ્રોમાં એક જ રાષ્ટ્ર જેટલો, અથવા પોતાના રાષ્ટ્ર જેટલો જ, વિમુક્તિનો એક અને એકનોએક દરવાજો ખોલ્યો ત્યારે, વિશ્વઇતિહાસના આ કમાડનું ઉદઘાટન કરતો, વિશ્વશાંતિનો એક મહાનુભાવ અવાજ, રૂસ દેશના છાપરાપર ચઢીને માનવજાતને અથવા સમસ્ત વિશ્વની માનવજાતને સંબોધન કરતો હતો.

સંસ્કૃતિના કારૂણ્યનો સવાલ "આપણે કરીશું શું?"

રૂસી ક્રાન્તિએ શરૂ કરેલા યુગવર્તિ અવાજની સંકલનાના અનાહત નાદને અટકાવ્યા વિના ઉચ્ચાર્યા કરવાનો વારસો ધારણ કરીને, આ ટોલસ્ટોયે નૂતન સંસ્કૃતિના કારૂણ્યના ભાવ વડે, પોતાના સાહિત્યને ઉભરાવી દીધું. આ કારૂણ્યનો એનો મનોભાવ કચડાતી રિબાતી અને રોજરોજ શોષણ પામતી, માનવ જાતના નીચલા થર પર ઠરતો હતો. આ મનોભાવ એની જીંદગીની, એની પોતાની ઉમરાવજાદી એવી જીવન પદ્ધતિને, સહન કરી શકતો

નહોતો. જૂની દુનિયાનું શોષક પડ જે માનવ સમુદાયને કચડતું હતું, તે પડનો બધોભાર પોતાના દિલ પર ધારણ કરવાની અંતરવ્યથા ધારણ કરતો એ પોતે



એક મોટો ઉમરાવ હતો તેનું જ એ દુઃખ પામતો હતો. એક દિવસ ખાણાનું મેજ તૈયાર થયું હતું, સફેદ મોજાં પહેરેલા નોકરો પીરસવા તૈયાર ઉભા હતા, પણ ટોલ્સ્ટોય મેજ આગળ જ ઠરી ગયો હોય તેમ ઉભો હતો. એની નજર સામે મોરક્કોની ગરીબ જનતાનું ખાણું દેખાતું હતું.

પોતે કેવી મિજબાની માણતો હતો ? એને ટેબલ પર પથરાયેલું ખાવાનું અને પીરસનારા નોકરો દેખાયા. એણે પોતાની જાત પરના ભયાનક પુણ્યપ્રકોપથી કાબૂ ગુમાવ્યો. એની આંખો આંસુથી ઉભરાઈ ગઈ. એનો કંઠ ગુંગળાઈ ગયો, એણે જોરથી હાથ વીંઝતાં આખા કુટુંબ તરફ ઘૂમરાણ કરવા માંડી, " મારે માટે આવી રીતે જીવવું અશકય છે, અસંભવ છે. '

પણ પછી એ શાંત થયો અને દીનદયા પર એક મોટો નિબંધ લખવા ચાલ્યો ગયો. એ નિબંધ એક નાનકડા પુસ્તક જેવડો બની ગયો. એ પુસ્તકનું નામ હતું, ' આપણે કરીશું શું ?'

' આપણે આપણા મિલ્કતના અધિકારોના જુલ્મો માનવજાતના સૌથી મોટા ભાગ પર હથિયારોના હિંસક બળથી ટકાવી રાખીએ છીએ. આપણે એ અંગત મિલ્કતના અધિકારોનો ત્યાગ કરવો જોઇએ અથવા એ અધિકારોનો ઓછામાં ઓછો ઉપયોગ કરવાની ટેવ પાડીને શરીરશ્રમથી જીવવું જોઇએ.'

એણે સોન્યાને પાસે બોલાવીને સમજાવ્યું, 'અંગત મિલકત, લૂંટ છે, પાપ છે. એનો કોઈપણ અધિકાર હવેથી હું નહિ વાપરી શકું.'

ટોલસ્ટોયે શરીરશ્રમનું જીવન શરૂ કરી દીધું. એણે વહેલી સવારમાં બાગનું કામ, અને રસોડાનું પાણી ભરવાનું કામ શરૂ કર્યું હતું. હવે એણે ઓરડામાં ચામડાં ભર્યાં હતાં અને બૂટ બનાવતો હતો. એ કહેતો હતો, 'અંગત મિલકતનાં માલિકોને ભયાનક બિમારી લાગુ પડી છે. એ બિમારીનું નામ એણે 'બ્લોખીન મેનીયા' પાડ્યું. 'એ બિમારીવાળો એ વર્ગ કશું જ કરતો નથી અને બધું ભોગવ્યા જ કરતો હોય છે.' એમ એણે કહ્યું. પછી ૧૮૮૭ ના ડિસેંબરના ૧૨ મા દિવસે કઝાનના એક છાપામાં નીચેના સમાચાર છપાયા.

'કાંઝાકા નદીના કિનારા પર આપઘાત કરવાના પ્રયત્નમાં પોતાની બાજુમાં ગોળી મારીને બેભાન બનેલો નીઝનો નોવોગોરોડનો એક કારીગર હાથ લાગ્યો છે તથા તેના ગજવામાંથી જડેલા કાગળમાં તેણે એલેકસી, મેકસીમ પેશકોવના નામથી સહી કરીને લખ્યું હતું કે 'હું મારો જાન લેવાનો અપરાધ હાઈનિ નામના જર્મન કવિ પર મૂકું છું. એ કવિએ દિલમાં શૂળ લાગી જાય તેવી, અંગત મિલકત ધારણ કરીને, તેના અધિકારો વડે કરવામાં આવતા અત્યાચારોની વાત દુનિયા પાસે રજૂ કરી છે. એ વાંચીને મને એવું શૂળ વાગ્યું અને મેં મારી જાતે મારી ડાબી બાજુમાં ગોળી મારી છે. મારા શરીરની પોસ્ટ મોરટેમ તપાસ કરીને પણ મને દિલમાં વાગેલું એ શૂળ તમે કોઈ શોધી કાઢી શકવાનાં નથી.' પછી એને દવાખાનામાં લાવવામાં આવ્યો અને એને ભાન આવ્યું ત્યારે એ બોલી ઉઠ્યો, 'ના, ના, હું મરવાનો જ નથી.'

ટોલસ્ટોયે આ સમાચાર વાંચ્યા હતા. ટોલસ્ટોયને આ સમાચારમાં બહુ રસ પડ્યો તથા પેલાની એણે તપાસ કરી. જેના આ સમાચાર છપાયા હતા તે, એક જૂવાન હતો. એ સાજો થઈને રશિયાને, દુનિયાને દેખવા પોતાના સવાલને લઈને નીકળ્યો હતો.

આ જુવાનનું નામ ગોરકી હતું. એણે ડોન પ્રદેશનો રસ્તો પકડ્યો. એણે રસ્તા પર જે કોઈ મજુરી મળે તે કરી અને રોટીનો સવાલ ઉકેલ્યો. ટાંબોવ અને રીઆઝન પ્રદેશ પરનો પંથ કાપતો કોઈવાર કુલી બનતો, કોઈવાર મજૂર થતો, કોઈવાર ઘરનોકર બનતો, એ મુસાફર આગળ વધ્યો, અને બામનોવનીકી જિલ્લામાં પેઠો હતો. એ જ જિલ્લામાં મહાન ટોલસ્ટોયનું ઘર હતું. એક દિવસ એણે એ ઘરનાં કમાડ ઠોકયાં અને અંદરથી ટોલસ્ટોયનાં ઉમરાવજાદી પત્નીએ તે ઉઘાડીને કહ્યું, 'એ તો બહાર ગયા છે—"

'પણ હું તો ઘરનાં જ દર્શને આવ્યો છું.'

'ઘણા આવે છે, કામના અને કામ વિનાના બંને, ટોલસ્ટોયનાં પત્નીએ કહ્યું, અને એણે ઘરમાં પેસતાં કહ્યું કે 'તદ્દન સાચી વાત છે.'

પછી આ મુસાફર નાસ્તો કરીને આગળ ચાલ્યો, અને કહેતો ગયો, "ટોલસ્ટોય આવે તો કહેજો મારાં એમને નમન છે."

હવે ૧૯૦૦ ની સાલ શરૂ થઈ હતી, એના આવાસનાં કમાડ પર ત્યારે ટકોરો મારતો પેલો રખડુ જુવાન પાછો આવ્યો હતો. એનું નામ મેકસીમ ગોરકી હતું. એને ત્યાર પછી કોઇએ પૂછ્યું, 'તમે ટોલસ્ટોયનો ભગવાન વિષેનો ખ્યાલ કેવો માનો છો? અને એણે જવાબ દીધો, "એક ગુફામાં બે રીંછ એક સાથે રહેતા હોય તેવો, ટોલસ્ટોય અને તેનો ભગવાન બંને એવી રીતે એક સાથે વસે છે,'

'અને જીવન વિષે તેમનો ખ્યાલ!' પાછો બીજો સવાલ એને પૂછાયો હતો અને ગોરકી જવાબ દેતો હતો, 'એ મહાનુભાવનો જીવનનો ખ્યાલ મરણ સાથે સેળભેળ થઈ ગયો છે.'

પછી મહાત્મા ટોલસ્ટોયની ઉંમર બાસી વરસ જેટલી વહી ગઈ. એણે પોતાનાં પુસ્તકોનો તમામ હક જાહેર જનતાને માટે ખુલ્લો મૂકી દેતું એક વસિયતનામું કરી રાખ્યું હતું. જે પુસ્તકોમાંથી આજ સુધીમાં ઘણી કમાણી થઇ હતી તે તમામ પુસ્તકોનો હક્ક જાહેરને સોંપી દેતું વસિયતનામું એણે સોન્યાને અજાણ રાખીને કર્યું હતું. પણ સોન્યાને તેની ખબર પડી ગઈ હતી તથા ટોલસ્ટોયના કાગળોમાંથી તે શોધી કાઢીને ફાડી નાખવા એ ખાનગીરીતે જ્યારે ને ત્યારે શોધતી રહેતી હતી.

ઈ સ ૧૯૦૦ નાં ઓકટોબરનો ૨૮ મો દિવસ હતો. એ દિવસની બપોરાતે ટોલસ્ટોય જાગી ઊઠ્યો. એણે પોતાના અભ્યાસગૃહ તરફ ચંપાતે પગલે જનારનો કોઇનો અવાજ સાંભળ્યો. એણે બપોરાતે પોતાના અભ્યાસ ખંડમાં કાગળિયાં ઉથલાવતી સોન્યાને દીઠી. 'એ તો પેલું વસિયતનામું શોધે છે!' એ ફૂરતાથી બબડ્યો, અને પછી એ પથારીમાં પડ્યો રહ્યો. થોડી વારે સોન્યાએ આવી એના ખબર પૂછ્યા પણ એ કંઈ બોલી શકયો નહિ અને સોન્યા ચાલી ગઈ.

પછી એ ચૂપચાપ ઊઠ્યો. એણે ચંપાતે પગલે એના તરફ અત્યંત પ્રેમ રાખતી દીકરી એલેકઝાંડ્રાને, જઇને ઉઠાડી. એણે સોન્યાના બોરડાનું કમાડ અવાજ, ન થાય તેમ આસ્તેથી અડકાવી દીધું અને બહારથી બંધ કર્યું.

'દીકરી, જા આપણા ગાડીવાનને ઉઠાડ અને કહે કે દરવાજા બહાર ઘોડા જોડીને ગાડી તૈયાર કરે.'

'આ વખતે ક્યાં?' એલેકઝાંડ્રા બોલી.

'હું આ ઘર હવે છોડું છું...મારો વખત પાકી ગયો છે, બેટી... મારો અનાદર ન કરીશ અને સોન્યાને પણ કહીશ નહિ કે હું ગયો છું અને ક્યાં ગયો છું!' બાપ બેટી એકબીજા તરફ હૃદયભેદક કરુણતાની ઉભરાતી નજરોની આપલે કરી રહ્યાં.

અંધારી રાતના પાછલા પહોરમાં એક વખતનો આ ઉમરાવ, ગૃહત્યાગ કરીને બહાર નીકળ્યો અને બાસી વરસનો એ મહાનુભાવ ફરી કદી પાછો નહિ ફરવાના રસ્તા પર ગાડી હંકાવી ગયો.

હવે ટોલસ્ટોયની સ્ત્રી સોન્યા જાગી હતી. એની દિલ કંપાવનારી ચીસે આખા ઘરને જગાડી દીધું હતું. જાગી ગએલી સોન્યા તળાવ તરફ દોડતી હતી અને તળાવનાં પાણીમાં ડૂબી મરવા પડતું નાખતી હતી.

એલેકઝાન્ડ્રાએ એની પાછળને પાછળ પાણીમાં પડતું નાખ્યું. થોડીવારે સોન્યાને જીવતી બહાર કાઢવામાં આવી. મરણ પામ્યા વિના પાછી આવેલી સોન્યા આખો દિવસ દરેક ઓરડે ફરતી હતી અને દીવાલ પર ડુસકાં દેતી પેલા મહાનુભાવની ખબર પૂછતી હતી તથા છાતી પર વજન મારતી કૂટતી હતી, અને છરી લઈને પોતાના પેટમાં ભોંકી દેતી બચી જતી હતી તથા બારીમાંથી કૂદી પડતી પકડી લેવાઈ હતી.

ત્યારે ટોલસ્ટોય તો નોવોચરકાસ્ક તરફ ઊપડી જવા આસ્તાપોવો સ્ટેશન પર પહોંચી ગયો હતો.

અહીં એને ન્યુમોનિયા થયો. ત્યાંના સ્ટેશન માસ્તરે આ મહાનુભાવની સારવારનું અહોભાગ્ય માનીને પથારી પાથરી.

એ પથારીને વિંટળાતાં પછી ત્યાં સગાં સહોદરો અને મિત્રો ઉભરાયાં. એ મહાનુભાવની દીકરીઓ પણ ત્યાં આવી પહોંચી. સોન્યા પણ ત્યાં આવી ગઇ હતી. છાપાંઓના ખબરપત્રીઓએ પણ ભીડ જમાવી હતી. એને કોઇ ઉલ્લેખ સંદેશો આપવાનો ન હોતો. એ તો કોઈ કોઇવાર બેભાનમાં ચીસો પાડતો હતો,

'નાસો...નાસી છૂટો નહિ તો પેલાંઓ પકડી પાડશે.'

એ ક્યાં નાસી છૂટતો હતો? પેલાંઓ તો આવી ગયાં હતાં! તે જ એને ખબર નહોતી. અંગત મિલકતના, પાપથી બચવા શું કરવું તે સવાલના પરિતાપમાં નાસી છૂટેલો એ મહાનુભાવ યાસનાયાના કબ્રસ્તાનમાં છેલ્લે સૂઈ ગયો.

ત્યારે સોન્યાની ઉંમર ચુમોતેર વરસની હતી. ઊંચી અને જરાક નીચી વળેલી, પાતળી અને પડછાયા જેવી સોન્યા એનાં અગિયાર બાળકોની જનેતા હતી. પછી દરરોજ, પવનની લહરી પર સરી જતી હોય તેવી એકેક માઈલ ચાલતી જતી હતી, અને પેલી કબર પર તાજાં ફૂલો નાખતી, અને કોઈ કોઈવાર કોઈ સાંભળી ન જાય તેમ કબરમાં પેલા સૂતેલાને સંબોધતી હતી, 'લીઓ...હું તારા ભેગી અડતાલીસ વરસ રહી પણ તું કેવી જાતનો માણસ છે તે, હું ન જ સમજી શકી.'

સાહિત્ય સ્વામીની કબર પરની સાહિત્ય અંજલિ

આ કબરપર અંજલિ આપવા એકવાર ત્યાં મેકસીમએલેસ્કીપેરકો આવ્યો. હવે એ ગૉરકીના નામથી જાણીતો થયો હતો. એના હાથમાં યુદ્ધ અને શાંતિ નામની ટૉલસ્ટૉયની લખેલી એક મહાન કિતાબ હતી. એ હવે પેલા સવાલની શોધમાં આખો રશિયા ખૂંદી વળીને પાછો આવ્યો હતો.

આજનું સ્ટાલીનગ્રાડ ત્યારે ઝારીટસીન હતું. એણે ઝારીટસીનની વોલ્ગા નદી દીઠી હતી. એણે વોલ્ગા પરથી દૂર દૂર નજર દોડાવીને સ્ટેપીનાં અફાટ મેદાનો દેખ્યાં હતાં અને પછી એણે એ મેદાનો પર કદમ ઉપાડ્યો. પછી એ રોસ્ટોવ નગરમાં પહોંચ્યો અને થોડા દિવસ ત્યાં રહ્યો. રોસ્ટોવના બંદર પાસે એક ઘરડી સ્ત્રીની એક ખોલીમાંનો ખૂણો એણે રાતના સૂવા માટે એક રાતના પાંચ કોપેકના દરથી ભાડે રાખ્યો અને દિવસભર મજૂરી કરીને રોસ્ટોવનું જીવન જોયા કર્યું હતું. ત્યાંથી પછી એક દિવસની વહેલી સવારે રોસ્ટોવ છોડીને એ યુક્રેનની મુસાફરીએ ઊપડ્યો હતો અને પછી યુક્રેનમાં થઈને એ બેસારેબીયાનો પ્રદેશ વટાવીને ડાન્યુબ નદીના કિનારા પર ઊભો હતો.

ત્યાં એણે પોલીસના પડછાયા દીઠા. ત્યાંથી આગળ જવાની મનાઈનું ફરમાન સાંભળતો એ ક્રીમીયા અને ટ્રાન્સકોકેશિયાને રસ્તે ચાલી નીકળ્યો હતો. કાળા સમુદ્રના કિનારે કિનારે એ બે વરસ સુધી દેશ દેખતો મજૂરી કરતો, અનેક હવામાન પચવતો અનેક અનુભવો ઉકેલતો, નગરોમાં ભટકતો, ગામનાં પાદરો પર વિસામા લેતો ચાલ્યા જ કર્યો હતો.

દરિયાના કિનારા, જહાજોની લંગારો ખલાસીઓના અવાજો, ઘોડાઓની લંગારો, ખદબદતાં ગામડાંઓ, ઝુંપડીઓનાં જીવનો, પર્વતોની હારમાળાઓ, જીપ્સીઓની છાવણીઓ, તાતાર ભરવાડોના નેસડાઓ, સાધુઓના મઠો, ઉઠાવગીરોના અખાડાઓ, માછીમારોનાં ઝુંપડાંઓ, રખડુઓના અનુભવો અને યાત્રાળુઓની કથાઓ તથા લોકજીવનનાં અનેક સ્વરૂપો જે ટૉલસ્ટૉયે

આલેખ્યાં હતાં તે સૌમાં તરબોળ થતો ગોરકી લોક જીવનમાં ડૂબકી દઈને પેલા સવાલનો જવાબ શોધતો હતો.

ત્યારે કોઇવાર કર્ચની સામુદ્રધૂનિ આગળ એ ડૂબી જતો બચી ગયેા. એકવાર જ્યોરજીયાના ઊંચા પર્વતના ઘાટ પર બરફમાં ખૂપી જઈને પાછો નીકળ્યેા. એકવાર ભૂખના દુઃખથી મરવા પડેલેા એ પાછેા બેઠેા થયેા અને આગળને આગળ વધતેા રહ્યેા. એ આબખાઝીયાના પ્રદેશ પર રખડતેા, કોઇવાર મધપુડા શોધતેા મધ ચૂસતેા ભૂખના ભરડાને દૂર હડસેલતેા હતેા. ચરકેસીયન ગામેામાં એ કોકેશસનેા ખેતમજૂર બન્યેા હતેા. યુક્રેનમાં એ રસોયેા થયેા હતેા. કિનારાઓ પર એ માછીમારેા માટે જાળી ગુંથનાર થયેા હતેા અને એકવાર એણે મીઠાની ખાણમાં ત્રિકમ ઊંચકીને રોટીનેા સવાલ ઉકેલ્યેા હતેા તથા એકવાર રોટીના જ સવાલને જવાબ દેવા એણે કસ્પ્રસ્તાનની નોકરી બજાવીને શબપર પ્રાર્થનાનાં સૂત્રેા પણ લલકાર્યાં હતાં.

અજબ જેવેા આ જીવનપંથી કદમ પાછળ કદમ ઉઠાવતેા, દરિયાનાં મેજાંની ગર્જનાને, ખેતરેામાં દોડતા ઉંદરેાની ચિચિયારીને, સ્ટેપીનાં મેદાનેા પરના ઊંચા અવાજોમાં ઊડતા વેરાનના વાયુ સંગીતને વનરાજીઓનાં તરવરતાં પર્ણોનાં વાતચીતને અને કલકલતાં ઝરણાં અને ઘૂમરાતા પ્રવાહેાના ફીણ ઉછાળતા કોલાહલને તથા ધરતી પર કાન ગોઠવીને રાતભર લંબાવેલા દેહમાં ઊઠતા અનેક અવાજોને દિલમાં ભરીને એ જીવન સાથે વહેતેા રહ્યેા હતેા.

કેવેા મહાન એ મુસાફર હતેા ! કેવું વિરાટ એનું દિલ હતું ! કેવેા કરાળ એણે કદમ ઉપાડ્યેા હતેા ! કેવેા લોક અનુભવ એના અનુભવની ઇમારત ઘડતેા હતેા !

શહેરનું, ગામનું, રાનનું, વેરાનનું, પર્વતનેા ટોચ પરનું અને તળેટીનું ખાણનું અને ખારવાનું, માનવજનતાનું જીવન એની આંખમાં ઊભરાતું હતું એના દિલમાં દ્રવતું હતું, એના કાનમાં ગુંજી ઊઠતું હતું. જીવનનેા એ રસ કયારેક ઊકળતેા હતેા, કયારેક હળાહળથી કૂંફવતેા હતેા. કયારેક મીઠેા ને મધુરેા હતેા. એ બધાને જીરવતેા એ અનુરાગનેા ઉભરાતેા વહેતેા હતેા.

પછી રૂસદેશ પર ઇતિહાસના ઝંઝાવાત ઊડતા થયા. પછી વરસ પછી વરસેા વીત્યાં અને રૂસ દેશ પર ક્રાન્તિના વાવંટોળ ફૂંકાયા અને ત્યારે ગોરકી, એ નૂતન પ્રાણના અંગારાને ફૂંકનારા લુહારની ધમણ પર જાણે મચી પડ્યેા.

એ લોકગિરા બોલ્યેા. કચડાતી રિબાતી શોષાતી જનતાની જીભ બનીને એણે જગતભરની કડવાશ પીને, અંતરને વલોવીને હળાહળની હલાણી કરવાને

બદલે બળ્યા ઝળ્યા જગતને નૂતન દુનિયાની માનવતાની અદ્‌ભુત મિઠાશવાળી નૂતન સંસ્કારની એણે નવાજેશ કરી.

અકિંચનને એ અમોઘ આયુદ્ધ ધરી રહ્યો અને યાચનાની વાણીને વિદારી નાખતો પિડીત માનવજાતને ઢંઢોળતો બોલ્યો, "તો તો યુદ્ધ કર; અને તારે તારી બેડીઓ વિના બીજું કશું ગુમાવવાનું નથી...પણ માનવતાના સંસ્કારવાળી નૂતન સૃષ્ટિ રચવાની છે."

'કોણે?' તારે જ શ્રમમાનવે, જાણે એ પોતાની છાતીમાં વિરાટ શ્રમમાનવની કણિકાઓ સાથે વાત કરતો હતો. એ પોતે શ્રમમાનવ મોચી હતો, રસોયો હતો, બાગબાન હતો, ખાણીઓ અને ખેતમજૂર હતો, ખારવો અને ભઠિયારો હતો, ગુમાસ્તો અને હમાલ હતો. મજૂરીનો કોઈ પણ પ્રકાર નૂતન યુગની રેખાઓના આકારવાળો એના કલેવર પર ઘડાતો રહી ગયો નહોતો.


નૂતનયુગનો સાહિત્ય સ્વામી, ગોરકી

એ યુગને ટોલસ્ટોએ જન્માવ્યો હતો. એ યુગમાં જૂની દુનિયાના વહીવટનું એકેએક અંગ સડી ગયું છે એમ એણે દેખ્યું અને દુઃખી થતા રિબાતા શોષાતા માનવસમુદાયોપર કારૂણ્યથી પિગળી જતો, એ પરિતાપ અનુભવતો; અંતરમાં સળગતો, એ પણ મરણ પામવા માંડેલા જમાનાને પૂછતો હતો, 'ત્યારે આપણે કરીશું શું?"

બસ ત્યારે જ ટોલસ્ટોયની ધરતીને સૂંઘતો ફરતો, રશિયાના એકેએક જીવનવહીવટમાં અંતર્ગત બની ગએલો, માનવસમુદાયોના એકેએક ઘસકાર સાથે વણાઈ ગએલો, ગોરકી, વિશ્વઇતિહાસના મહાન સત્યને, પેલા માનવ સમુદાયોના જીવનની હલચલમાં પિછાણી ચૂકયો હતો, "ત્યારે કરીશું શું!" એવું પૂછવાપણું જ જાણે એને હતું, નહીં. કરોડ કંઠોમાંથી, ઈતિહાસમાનવોના અંતરમાંથી ઉઠેલો, ઉદ્‌ઘોષ બનતો, વિશ્વઇતિહાસના જવાબ જેવો અવાજ, એ પામી શકયો હતો. માનવસમુદાયોએ ઇતિહાસના કાર્યની જવાબદારી યુગેયુગે ધારણ કરેલી એ દેખતો હતો. આજના યુગે, એની પોતાની જ ધરતી પર વિશ્વઇતિહાસનું ક્રાન્તિકાર્ય કરવા નીકળી ચૂકેલો, માનવ સમુદાય એના અસ્તિત્વના એકેએક તારને હલાવીને ઇતિહાસની વેણું જેવો અંતરનાદ ઉભરાવીરહ્યો હતો.

એણે કવિતાઓ ગાઈ, નાટકો લખ્યાં, નિબંધો લખ્યા. એણે જે લખ્યું તેનો એક માત્ર વિષય, લોકસમુદાય અને તેનું 'ક્રાન્તિ કૃત્ય' બન્યો. એણે આ માનવ કૃત્યના સંસ્કૃતિના તંતુને પકડી પાડયો અને એકે એક રાષ્ટ્રના

સંસ્કાર સ્વામીઓ સાથે પોતાની ગાઢ મિત્રતા જન્માવી દીધી. એણે એક રાષ્ટ્રના માનવ સમુદાયને, પોતાના રાષ્ટ્રના માનવ સમુદાય સાથે, બંધુભાવ



વડે, જોડાયેલો બતાવ્યો. એણે માનવ મૂલ્યના અધિકારની એકતાનું સહકારી

અને સહચારી નૂતન ઐકય, સાહિત્યના આંદોલનો પર આણીને, ગાયું, લખ્યું, બતાવ્યું અને આગી પૂરવાર કર્યું. આવો વિશ્વ સાહિત્યનો ભવ્ય યુગ, ગોરકી યુગ કહેવાયો. આ યુગના સંસ્કાર સ્વામીઓમાં, એનાતોલ ફ્રાન્સ, અને રોમેરોલા ફ્રાન્સની ભૂમિ પરથી વિશ્વ સાહિત્યનું સરજન કરતા હતા. બરનાર્ડ શૉ અંગ્રેજ ભૂમિ પરથી, અજોડ એવી લાક્ષણિકતા વડે માનવ જાતના જીવન પર વેધક આલોચના કરતો હતો અને જોન ગાલ્સવરથી આખા જગત માટે નવલ કથાઓ લખતો હતો. આ સમયની જ રંગભૂમિ પર માનવ સમાજના સવાલોને ભજવી બતાવતો, નોરવેનો હેનરીક ઇબ્સન નાટકો લખતો હતો. આ યુગ, સાહિત્ય સર્જનનો આંતર રાષ્ટ્રિય યુગ બની ચૂકયો હતો તથા, આખું યુરોપ ટોલસ્ટોયને અંજલિ આપ્યા પછી ગોરકીને પોતાના સ્વજન તરીકે ધારણ કરતું હતું. આ આંતર રાષ્ટ્રિય રૂપમાં, બોલાતી બાનીનો અર્થ માનવ જાતને માટે ઉચ્ચાર પામતો હતો તથા જગતની વૈજ્ઞાનિક સંસ્કારની વિભૂતિ જેવો આઇનસ્ટાઇન, જગતના સંસ્કાર સ્વામી બની ચૂકેલા, ગાંધીજી અને, શાંતિ નિકેતનમાં વિશ્વ ભારતીની રચના કરતા ટાગોર, વીશમા સૈકાનું જાણે સંસ્કાર સંમેલન રચીને રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની સીમાઓનું છેદન કરતા હતા.

સામાજિક ક્રાન્તિનો નિયામક, લેનીન

વિશ્વ ઇતિહાસની વિભૂતિ બની ચૂકેલો લાડીમીર ઇલીચ, લેનીન, સામાજિક ક્રાન્તિનો નિયામક અને સમાજવાદી જીવન ઘટનાનો રૂસ દેશનો રાષ્ટ્ર વિધાયક બન્યો. ઈ. સ. ૧૯૫૭ ના એપ્રિલની ૨૨ મીએ વિશ્વ ઇતિહાસે એની ૮૭મી જયંતિ ઉજવી છે. એણે વિશ્વ ઇતિહાસમાં પહેલું એવું સમાજવાદી વહીવટી તંત્રના સ્વરાજ્યનું સ્વરૂપ ખુલ્લું મૂકયું. એણે જીવન વહીવટના આ વિશ્વ રૂપના પહેલા એકમનું પોતાની ધરતી પર ઉદઘાટન કરતાં કહ્યું કે, "આપણી પૃથ્વી પર જેમ રાત્રિ પછી દિવસ અચૂક રીતે આવે છે તેમ જગતની મુડીવાદી ઘટના પછી સમાજવાદી ઘટના અચૂક રીતે જ આવનારી છે." જીવનની આ નૂતન વહીવટી ઘટનાના ઉદઘાટનના સમયથી, આખા વિશ્વ પર એક માત્ર એવી જીવન ઘટના તરીકે કાયમ રહેલી મુડીવાદી શાહીવાદી ઘટનાની એક માત્રતા તૂટી. આજ સુધીની મુડીવાદી દુનિયાના જીવતરના તૂટેલા કોચલામાંથી, સમાજવાદી દુનિયાનો જન્મ થયો. આ જન્મની પહેલી જયન્તિ નો વિશ્વ ઇતિહાસનો સમારંભ, લેનીને ખુલ્લો મૂકયો, અને રૂસી ધરતી પર થએલી વિશ્વ ક્રાન્તિના વિજયની જાહેરાત કરી.

ઓકટોબર (૧૯૧૭) ક્રાન્તિ તરીકે જાણીતી બનેલી આ ક્રાન્તિના આરંભ

સમયે લેનીન, હદ પાર બનીને, સ્વીટઝરલેન્ડના પાટનગર ઝુરીચમાં દિવસો વિતાવતો હતો. ત્યારે એકાએક એના પર ક્રાન્તિનું આવાહન આવ્યું. એણે જરમનીમાં થઈને, ફીનલેન્ડ મારફત રશિયા પહોંચી જવાની ગોઠવણ કરી.



'એને યુદ્ધ ચલાવવામાં રસ નથી, એ યુદ્ધમાંથી રશિયન સરકારને બહેડી લેવાને આપના કરતાંય વધારે ઉત્સુક છે. ...આપ નામદાર પર અમેરિકન સરકાર જ્યારે યુદ્ધ-જાહેરાત લખી રહી છે તે વેળા...તે વેળા...' તેવીસ ટ્રેડ-યુનિયનોનો ઝુરીચનો મુખ્ય મંત્રી ફ્રીઝ-પ્લેટેન લેનીનને જર્મનીમાં થઈને રશિયા પહોંચાડવા માટે જર્મન સરકારની પરવાનગી માગતો કહેતો હતો.

'પણ પણ... ...જે ગાડી આપ નામદારની હદમાંથી ઉપડે તે બંધ ગાડી હોવી જોઈએ.....એટલે કોઇ પણ સ્થળે એની તપાસ આપણી સરકાર કરે નહિ અને એ બંધ ગાડીમાંથી કોઈ પણ સ્ટેશને કોઇ ઉતરશે નહિ, કે કોઈ નવું અંદર બેસશે પણ નહિ.'

આ રીતે લેનીનને રશિયામાં પહોંચાડી દેવાનો કરાર જર્મન સરકાર કબૂલ કરતી હતી, અને 'એ ગાડી ફીનલેન્ડ પહોંચશે' તેવી ખાત્રી આપતી હતી.

જર્મન સરકાર વતી એ કરાર પર લુડેનડોર્ફ સહી કરતો હતો. જર્મન સરકારનો એ વડો વિશ્વના ઈતિહાસમાં આલેખાતા સૌથી મહાન બનાવના નામ પર બનેલું મતું મારતો હતો. જગતના ઈતિહાસમાં કોઇવાર નહોતી જોડાઈ તેવી ગાડી સમયના ઘાટ પર એંજિન જોડતી હતી. માનવતાના નસીબમાં કોઇ વાર નહોતી જોતરાઈ તેવી વરાળ આજે માનવી હલચલનાં પૈડાને રૂસ દેશ તરફ ગબડાવવા ઘુમરાતી હતી. એ ગાડીને જોરથી હાંકવાનો હુકમ આપતી જર્મન

સરકાર ૧૯૧૭ના એપ્રિલના ત્યારના દિવસે વિશ્વયુદ્ધમાં ઊતરતી અમેરિકન સરકારનું જાહેરનામું વાંચતી હતી.

ત્યારે બત્રીસ રશિયનો બગલમાં બચકાં ભારીને ઝુરીચ સ્ટેશને પહોંચતા હતા. એમાં લેનીન, ઝીનોવીફ અને રાડેક નામના ત્રણ ઇસમો હતા. એ બધાં બત્રીસ નરનારીઓની અદની તસ્વીર ખેંચવા કોઈ ફોટોગ્રાફર આવ્યો ન હતો. એ કાફલા તરફ ધ્યાન ખેંચાય તેવું કોઈ આકર્ષણ હતું નહિ. એ બત્રીસમાં પેલો મીંઢો અને બટકો આદમી પણ હતો. એ ગામડિયા જેવો લાગતો હતો. એનું નામ હેર-ઉલિયાનોફ લેનીન હતું. ઝુરીચ સ્ટેશન પરથી ગાડી ઉપડી તે પહેલાં એ સ્ટેશન પરના એક બાંકડા પર નાસ્તો કરતો બેઠા હતો.

જગત-ઇતિહાસનો વિશ્વરથ હંકાયો. વિશ્વ ઉલ્કાપાતની સામાજિક જ્વાળની અશ્વશક્તિ એ પળ વિપળ પર જોતરાઇને કદમ ઉપાડી રહી. જગત ઘટનાના, કમહાણની રચનાને પલટાવી નાખીને નવી દુનિયાને સમયના કલેવર-માંથી પ્રગટાવનાર વિશ્વક્રાન્તિનો જ્વાળામુખી ગુબ્બારો, એ ગાડીમાં દોડતો જતો હતો. મોટા મોટા સંગ્રામના ખેલાડીઓ વિશ્વયુદ્ધમાં વાપરતા હતા તેવા કોઈ પણ યંત્ર આયુધ કરતાં વધારે પ્રચંડ અને ભયાનક એવું આયુધ ઇતિહાસની પણછમાંથી ખેંચાઈને અનુસંધાયેલું વછૂટતું હતું, અને રૂસી ધરતીની પાસે ને પાસે પહોંચતું હતું ફીનલેન્ડનું સ્ટેશન લગોલગ દેખાવા માંડયું હતું.

ત્યારે એ બંધ ગાડીના એક ડબ્બામાં બેઠા બેઠા પેલો કાળમીંઢ હેર ઉલિયાનોફ આસપાસ પડેલા કાગળો અને છાપાઓના ઢગલાને સંકેલતો, અનુ સંધાનના બ્યૂહમાં દટાયેલી નજરને એક પળવાર ઊંચકતો, પ્રવદાના એક અંક પર જોઈ રહેતો હતો.

૧૯૩૭માં ફિનલેન્ડમાંથી દોડતી આવતી ગાડી છેવટે રશિયાની સરહદને અડતી હતી. એપ્રિલનો સોળમો દિવસ બીબેલોઆરટ્રોવ સ્ટેશન પર ઊગતો હતો. લેનીન આવી પહોંચ્યો હતો અને કામદાર લડવૈયાઓએ લેનીન પર અનુરાગના અતિરેકનો ઉછાળો માર્યો. વિરાટ જાણે અતિ આનંદના ઉમળકા ભર્યો ઘૂઘવી ઉઠયો. ક્રાન્તિનો એ જ રખેવાળ હતો, કામદારોનો એ ક્રાન્ત સથવારો હતો. વિરાટે ખાંધ ધરી અને એ લોકકલેવર પર લોકલાડીલો બનીને ક્રાન્તિના કણેકણે ઘડાયો હોય એવો જનમાનવનાં, શ્રમમાનવનાં, ઘૂઘવતાં મોજાં પર સરવા લાગ્યો. એ કરાળ કદમનો પુરુષ આગળ વધ્યો. એણે એકને, બીજાને, ત્રીજાને, બાથમા લીધા. સૈનિકો, કામદારો, ખલાસીઓએ પાછો એના આવકારનો ઘૂઘ-વતો ચિત્કાર કર્યો. એ અવાજ પર ઊછળતો હોય તેવો આગેવાનોની પકડ-માંથી વછૂટતો એ બોલ્યો, 'સમાજવાદી ક્રાન્તિ આગે બઢો.'

પછી માનવમહાસાગર એને લઈને બોલશેવિક પક્ષની મધ્યકમિટીના મુકામ પર ધસતો હતો. ત્યારે સત્તરમીની સવારમાં એણે એપ્રિલખત નામે પ્રખ્યાત બનેલું પ્રવચન કર્યું. એનો એક જ અર્થ એ હતો કે **મૂડીવાદી ક્રાન્તિને સમાજવાદી ક્રાન્તિમાં પલટી નાખો.**"

મૂડીવાદી કામચલાઉ સરકારે આ સામે તાકીદની એક સભા બોલાવી. લેનીનને ગિરફતાર કરવા એકદમ એ સરકારે તાકીદનો નિરધાર ઘડયો, કારણ કે લેનીને સરકારને નાબૂદ કરવાનું ક્રિયા સૂત્ર પૂકાર્યું હતું.

ત્યારે જૂન મહિનો શરૂ થઇ ગયો હતો. લેનીનનો ઘાત કરવાનો મૂડીવાદી કામચલાઉ સરકારે ઠરાવ કર્યો હતો અને પોતાના આખાય જાસૂસી ખાતાને અને લશ્કરી અફસરોને આકાશ-પાતાળ એક કરીને પણ લેનીનને ખતમ કરવાના હુકમ આપી દીધા હતા.

ત્યારે રોનોલ્ટ કારખાનાના ચોકીદારની ઝુંપડીમાં બોલશેવિક પાર્ટીની પેટ્રોગ્રેડ કમિટીની સભામાં જુલાઇના ૧૮ મા દિવસે એક કઠોર આદમી, આવી પહોંચતા જુવાળની ગતિનાં માપ ગણાવતો હતો.

એ લેનીન હતો.

'એપ્રિલ-ખત' નામે ઓળખાયેલી રજૂઆત રશિયાની જનતા પાસે જાહેરાત કરી. એ ખતે ક્રાન્તિની લોકહિલચાલ પાસે મૂડીવાદી ક્રાન્તિને સમાજવાદી ક્રાન્તિમાં પલટાવી નાખવાની લડાયક યોજના રજૂ કરી.

એ રજૂઆતને સ્વિકારવા ૧૯૧૭ ના અપ્રિલના ૨૪ મા દિવસે બોલશેવીક પક્ષની ૭ મી પરિષદ મળી અને તેણે આખા પક્ષની તાકાતને મૂડીવાદી ક્રાન્તિને સમાજવાદી ક્રાન્તિમાં ફેરવી નાખવાની લડત માટે હાકલ કરી. એજ પરિષદમાં સ્ટાલીને રાષ્ટ્રનિર્ણયનું બીજું ખત રજૂ કર્યું તથા દરેક પ્રજાના એકમને પોતાના સ્વતંત્ર નિર્ણયનો હક્ક રહેશે તેવી જાહેરાત કરી.

આ જાહેરાતથી ઝારશાહી નીચે કચડાતી પ્રજાઓએ ઓકટોબરની મહાન સમાજવાદી ક્રાન્તિના પક્ષમાં પોતાનો સાથ નોંધાવ્યો.

૧૯૧૭ના મેમાં મધ્યસ્થ કમિટીની 'પોલીટબુરો'ની રચના થઇ તથા સ્ટાલીન તેમાં ચૂંટાયો, અને લેનીન સાથે જૂનના ૧૮મા દિવસના ભવ્ય દેખાવોની યોજના કરીને મધ્યસ્થ કમિટીવતી સ્ટાલીન તથા લેલીનના નામવાળું એક જાહેરનામું બહાર પાડવાનું નક્કી થયું.

ક્રાન્તિનો એ મહાન સાથીદાર જોસેફ સ્ટાલીન લેનીન સાથે કેમલિનની દીવાલો પાછળ બેઠો હતો અને બોલતો રશિયન બોલતો હતો. જગત જનતાની પિતૃભોમ

પર રાજ કરતી મજૂર સરકારનો એ ૨૯ કરોડની લાલ જનતાનો એ મહા માનીતો હતો. લાલ ત્રિપુટીમાં માર્કસ અને લેનીન પછીનો એ ત્રીજો લાલ નર કોકેસિયાની કુંગરમાળનું બહારવટુ ખૂની શકતો નહોતો. સોવિયેટ રૂસની લાલ ગુફામાંથી એ કુંગરિયો મહામાનવ લેનીન સમોવડો બનીને ક્રાન્તિની ગોઠવણી કરતો હતો. એક વખત એ સાઇબીરિયાથી કેદી થઇને લેનિનને પહેલીવાર મળવા પેરિસ પહોંચ્યો હતો. ત્યારે એ યુરોપનાં બજારમાં જાણે જોતો છતાં દેખતો ન હોય તેવો કોકેશિયન બનીને ચાલતો હતો. પછી પેરિસની કોઇ મોટી હોટેલમાં બેસીને હોકલી ફૂંકતો લેનિનની વાણી ઝીણી આંખ કરીને સાંભળતો જતો હતો, પણ એકે શબ્દ બોલતો નહોતો, અને પછી બે કલાક સુધી એકધારી વાણી સાંભળ્યા પછી એને એટલું જ કહેવાનું હતું: 'તો હું જાઉં અને શરૂ કરી દઉં?'

ક્રાન્તિની ઘટનાનો ઇતિહાસ માનવ, જોસેફ સ્ટાલીન

ઇ. સ. ૧૯૨૨ ના માર્ચ મહીનામાં સામાજિક ક્રાન્તિના બોલશેવિક પક્ષની અગીઆરમી બેઠક મળી. ક્રાન્તિનાં સાથીદારો સાથે લેનીન આ બેઠકમાં છેલ્લી વાર બેઠો. એના પર મુડીવાદી દેશોની કાવતરાંખોર સરકારો તરફથી કરાવાયેલા ગોળીબારનો જખમ પછી બગડતો ગયો અને ઇ. સ. ૧૯૨૪ના જાન્યુઆરીની ૨૧ મીએ લેનીન મરણ પામ્યો.

સામાજિક ક્રાન્તિનો આ પહેલો સરમુખત્યાર લેનીન પોતાનાં લખાણોના થોકમાં પોતાનું સ્વપ્ન મૂકતો ગયો. આ સ્વપ્ન, રૂસી ધરતીપર સમાજવાદી અર્થકારણ અને રાજકારણની ઘટના ઘડવાનું હતું. આ ઘટનાનું નામ એણે "ઇલેકટ્રોફિકેસીયા" પાડ્યું હતું. કેરોસીનના ખડીયા નીચે અંધારા ઓળાઓ જેવું જીવન, પોતાના રાષ્ટ્રના ખૂણેખૂણામાં, એકેએક ઘરબારમાં, એકેએક સંસ્થામાં અને ઉદ્યોગ ઘટનામાં જ્યારે હતું ત્યારે એ જીવનમાં વિજળીનાં ઘોડાપૂર ઉભરાવી નાખવાનું એનું સ્વપ્ન હતું. એમ થાય તો જ, મૂડીવાદી ઉદ્યોગ ઘટનાના સમોવડું રાષ્ટ્ર ઉત્થાન થઇ શકે અને તો જ, નૂતન જીવનના એકેએક વહીવટને વિજ્ઞાનની સંસ્કાર ઘટનામાં રૂપાંતર કરી શકાય. તો જ શાહીવાદી ઘટનાના ઘૂઘવતા મહાસાગરમાં ઉગી નીકળેલા આ સમાજવાદી જીવતરનો જીવન અંકુર જેવો આ રાષ્ટ્ર દ્વીપ જીવતો રહી શકે તેમ હતું.

પેલા રાષ્ટ્રપિતાની કબર પર આક્રંદ કરતા રૂસી માનવોના વિરાટ સમુદાયોની સાક્ષીમાં, સ્ટાલીને સમસ્ત રાષ્ટ્રજોગ શપથ લીધા અને લેવડાવ્યા કે "લેનીનના આ સ્વપ્નનો પોલાદી આકાર આ ધરતી પર ઘડવાનો અમે નિર-

ધાર કરીએ છીએ. પછી એ નિરધારનું રૂપ ધારણ કરીને સ્ટાલીન ક્રેમલીનમાં જામી ગયો અને પેલી નૂતન ઘટનાની કાર્યવાહી ધમધમી ઉઠી. એ બધાની વચમાં



હોકલી ફૂંકતો આ કોકેસિયન એના કાર્યાલયમાં બેઠો અને પછી એની લાંબી પહોળી બરછટ મૂછો વાળી ન કળાય તેવી નિશાનબાજ નજર, દબાવેલા હોઠની મક્કમતાને, ધારણ કરનારા બખડધજ શરીરવાળા, રશિયન કમ્યુનીસ્ટ પક્ષના મંત્રીની આસપાસ નૂતન ઘટનાના અનેક આકારો ઉભરાવા માંડ્યા.

દરેક સવારે વિશ્વાસુ ટોવસ્ટુખા જનરલ સેક્રેટારિયટના સભાસદોને એના બંગડામાં ભેગા કરવા લાગ્યો. પછી દુનિયાનું રાજકારણ બહારના દેશોમાં પ્રચાર,

બહારના અહેવાલો, સૂચનાઓ અને ફરમાનો એ બધા વડે ખંડને ઉભરાવી દેતો ક્રાન્તિની ઘટનાના આવેગમય થઈ ગયો હોય તેવો એ ક્રિયાશીલ બન્યો.

અહોનિશ એ સમાજવાદી રચનાનાં યંત્રો સાથે ધબકી ઉઠ્યો. એની સર્જક કલ્પના આખી રશિયન જનતા પર તરસી નજરે ટાંપી રહી. 'ટ્રેક-ટર ટ્રેકટર' ઝંખતી એની આંખોમાં ટ્રેકટરો ઉભરાયાં. રશિયાનો કિસાન વિરાટ સમૂહ ખેતરનો ભાગીદાર બને તેની અહરનિશ ચિંતા સેવતો, એનો પ્રાણ રશિયન ધરતી પર અલક્ષ્ય જગવતો, કેમલિનની એની ઓફિસમાં રોજના અઢાર કલા-કની મજૂરી કરવા લાગી ગયો.

વિશ્વયુદ્ધનો પ્રતિકાર કરતી, એકજ રાષ્ટ્રની વહીવટી ઘટના.

વિશ્વયુદ્ધ પછીના, ફ્રસોટીના બે દશકા પુરા થવા આવ્યા હતા. પહેલું વિશ્વયુદ્ધ લડનારા યુદ્ધખોર શાહીવાદીઓમાં, અગ્રેવાન એવો ક્લીમેનશો નામનો ફ્રાન્સની સરકારનો વડો પ્રધાન ત્યારે યુદ્ધને દેખ્યા પછી, ઇ. સ. ૧૯૨૮ માં પોતાની જીંદગીના અંત સમયે પોતાની એક મુલાકાતમાં કહેતો હતો કે "યુદ્ધની જે ભયાનકતાઓ મેં દેખી છે, તે જોઈ ને હું એમ માનતો હતો કે યુરોપનાં રાષ્ટ્રો પણ તેમાંથી પસાર થયાં હોવાથી હવે ફરી કોઈવાર બીજું યુદ્ધ લડવાની લાલસા કોઇ કદિ નહીં રાખે. પરન્તુ આજે મને એમ લાગે છે કે એ દશાપર પહોંચતાં હજુ આપણે લાંબી મજલ કાપવાની છે. એ મજલ કેટલી લાંબી હશે તે હું કહી શકતો નથી, કારણ કે તેની મને ખબર નથી."

પહેલા વિશ્વયુદ્ધનો આ શાહીવાદી વિધાયક, યુદ્ધની નાબુદી કરવાની આપણા જગતની લાયકાત વિષે અને તાકાત વિષે વધારે કહી શકતો નહોતો. પરન્તુ એ લાયકાત અને એ તાકાતનો પડેલો દેખાવ, આ વિશ્વયુદ્ધના ઉપ-સંહારમાંજ રચાઇ ચૂક્યો હતો. આ રચના શાહીવાદી ઘટનાની નાબુદી વિના શક્ય જ નહોતી. પરન્તુ શાહીવાદી અથવા સામ્રાજ્યવાદી ઘટનાની નાબુદીનું, અથવા એ ઘટનામાંથી થએલી વિમુક્તિનું સ્વરૂપ તો એકલા રશિયામાં શરૂ થયું હતું. ત્યાંની સામાજિક ક્રાન્તિનો પાયો, શાહીવાદી ઘટના, અને સંસ્થાનિક પરાધીન ઘટના, અથવા આ બન્ને ઘટનાઓ જે એક જ ઘટના હતી, તેની નાબૂદી પર શરૂ થઈ ચૂક્યું હતું, તથા આ સ્વરૂપની ઘટના, આ એકજ દેશ પર આરંભાઇ ચૂકી હતી. આ એક જ રાષ્ટ્રે મુડીવાદી ઘટના, જે સામ્રાજ્ય વાદનો પાયો હોય છે તેની નાબુદી કરવાનો હજુ તો આરંભ જ કરવા માંડયો હતો. આ આરંભના સમયે, બાકીના જગતનું રૂપતો સામ્રાજ્યવાદી, અને સંસ્થાનિક પરાધીનતા વાળું જ હતું. આ જૂનું જગત પોતાનું પતન અટકાવવા

મચી પડ્યું હતું, તથા પોતાની નામુદી માગનારા પેલા સમાજવાદી ક્રાન્તિના નૂતન દેખાવનો નાશ કરવા બધી ક્રૂરતા અને ભિષણતા ધારણ કરતું હતું.

આ, અતિ ભયાનક અને કટોકટીના સમયની દરેક પળના હિસાબ ખતવતો, અને એકેએક, આંદોલનપર સમયની સખ્તાઇની નિર્દયતાભરી કરણતા ધારણ કરતો, પોલાદી પૌરૂષનું નામ પામેલો, પેલો ક્રાન્તિમાનવ સમાજવાદી ઘટનાનું રૂપ ઘડતર કરતો જાણે માનવ વિરાટનો ઘણ બનીને વિશ્વઇતિહાસની એરણ પર ઘાવ ઝીંકતો હતો.

ગરીબની ઝૂંપડીમાં જન્મેલો, અને ઘાસની છાપરી નીચેના ઘરબારની યાતનાની અગ્નિપરીક્ષાઓમાં તપી તપીને પોલાદી બનેલો, આ અદનો માનવ, જ્યારે સોસો કહેવાતો હતો, અને વીશ વરસની ઉંમરમાં જ માર્કસ અને એંજલ્સનો અભ્યાસ કરવાના અપરાધ માટે, શાળામાંથી કાઢી મૂકાતો હતો ત્યાર પછી વીતી ગએલાં, પંચોતેર વરસોની યાદને એકઠી કરીને એ અંતિમ દિવસને દેખતો, એકરાર કરતો પોતાની આખી જીંદગીની અંતિમ નજરને બોબામાં નિહાળતો હતો.

લેનીનનું જે સ્વપ્ન હતું, તે સ્વપ્નનો જીવનવ્યવહારની ઘટનામાં જ પોલાદનો આકાર ઘડીને, એણે, લેનીનની યાદમાં.....લેનીન, જેનો રાષ્ટ્રપિતા હતો, તે રૂસી ફરજંદને રશિયા પર મઢેલી નૂતન દુનિયાનો વારસો અંજલિ ભરીને દઇ દીધો હતો. એ આકારને ઘડવા, એણે લેનીનના સ્વપ્નને પણ અતિ મહાન બનાવી દીધું હતું. એણે રૂસી કુદરતની નિરંકુશતાને વિજ્ઞાન અને જીવન વહીવટના, અંકુશ નીચે સ્થાપવા, જમીન પર, દરિયા પર, રાન વેરાનપર, નદીનાળાંપર, જંગલો અને અરણ્યોપર, સંસ્કૃતિનો ઢાળ ઢાળી દીધો હતો. આ બધું કરવા એક પાછળ બીજી યોજનાઓના જંગી આકાર, અસાધારણ એવી ઉદ્યોગ ઘટનાને ત્રીસ જ વરસમાં ઘડી ચૂકયા હતા. રૂસી ધરતીએ આ ઇતિહાસ માનવની યોજના નીચે, અનેક ધનભંડારો, અને ધાતુઓ તથા તેલનાં, પોતે ભારી રાખેલાં ભંડારીયાં, ખોલી દીધાં હતાં. પરવતોની દિવાલો વિંધાઇ ગઇ હતી, રણવેરાન પર લીલોતરી સરજાઈ ગઇ હતી, અરણ્યો પર સંસ્કાર યોજના આવી ગઇ હતી. બંદરો પર જહાજો લંગરાતાં હતાં, ધરતી પર યંત્ર વાહનો ધમધમી ઉઠયાં હતાં. આકાશમાં વાયુયાનો વિહરતાં હતાં. ઘરે ઘરે અને આંગણે આંગણે આ નૂતન જીવનની ઘટનાનો જ શબ્દ ગુંજતો હતો. ગામે ગામ, શિક્ષણનાં સંસ્કાર ઘટકો મંડાઈ ચૂકયાં હતાં. વિદ્યાપીઠોનાં વિરાટ સ્વરૂપો, સૌ માનવોને સંસ્કૃતિનાં વિરાટ રૂપની સાધના કરવાની ફરજપર ખડાં કરતાં હતાં. કવિની, કવિતા, ચિત્રકારની પિંછી, શાળાનો અભ્યાસક્રમ આ એક જ

સ્વપ્નના નિરધારની સેવામાં લાગી જાવ, એવું ફરમાન આ ભૂમિ પરનું લોખંડી શિસ્ત સરજી ગયું હતું.

શાંતિમય સહઅસ્તિત્વની પરદેશનીતિ.

આ વિધાનને લીધે જ શાંતિની ભાળવણી શકય બની હતી. આ વિધાનને લીધે જ રૂસપર આક્રમણ કરવાની, યુદ્ધખોર એવી શાહીવાદી ધટના હિંમત હારી ગઈ હતી. આ નૂતન સંસ્કૃતિની નૂતન ધટનાએ પોતાના સ્વરક્ષણની પોલાદી કિલ્લેબંધી સરજી દીધી હતી અને તેનો એક માત્ર વ્યવહાર બહારની દરમ્યાનગીરી અને આક્રમણખોરીને ભૂમિપરથી બહાર રાખવાનો હતો. હવે આવી તાકાતને ઘડયા પછીજ, જે શકય હતી તેવી શાહીવાદી ધટનાના એકેએક રાષ્ટ્ર સાથે પણ શાંતિમય, સહકારમય, એવી સહઅસ્તિત્વની જીંદગી જીવવાની વિશ્વ શાંતિની પરદેશનીતિને એણે ધારણ કરવાની તાકાત આ એક જ દેશપર ત્રીસ જ વરસમાં બાંધી દીધી હતી. આ તાકાત વડેજ એણે શાહીવાદી જગત સાથે સમાનભાવે અને બીન દરમ્યાનગીરીનો સ્વીકાર કરાવીને, શાંતિમય સહઅસ્તિત્વની પરદેશનીતિ ધારણ કરવાની લાયકાત પ્રાપ્ત કરી હતી.

વિશ્વશાંતિની પરદેશનીતિને અને શાહીવાદી ધટના સાથે પણ સહઅસ્તિત્વની જીવન ધટનાને જીવવાની નીતિનું લેનીનનું સ્વપ્ન રૂસી ધરતીપર પોલાદના પદાર્થમાં ઘડીને પેલો, વિશ્વઇતિહાસનો, ધડવૈયો, અંત સમયે, ઇતિહાસના એક માત્ર વારસદારનું આવાહન કરતો હતો. જે તેનું, રૂસી લોકવિરાટનું જ "ઇતિહાસ નિર્માણ" હતું, તે તેને, લોકવિરાટનેજ તેની સાચવણી માટે અને ત્રીસ વરસમાં જે ઘણું કરવાનું બાકી રહી ગયું હતું તે પુરૂ કરવા માટે દઈ દેતો, ભારતના રાષ્ટ્ર પિતાએ ઉચ્ચારેલા શબ્દનો જ ગુંજારવ કરતો હોય તેમ કહેતો હતો, "તુંજ, મારા રાષ્ટ્રના સમુદાય તુંજએક, મારો, અધિદેવતા છે."

એવો, લેનીન પછીનો, લેનીનથી ય અદકો એવો, ઇતિહાસ વિધાયક, મરણ પામતા પહેલાં, રૂસીભૂમિની વિમુકિતનો રક્ષક પણ બની ચૂકયો. રૂસીક્રાન્તિની અગ્નિપરિક્ષા શરૂ થઈ બીજા વિશ્વયુદ્ધમાં, આખા યુરોપ અને એશિયાને જીતીને, શાહીવાદી ફાસીવાદી ધટના, સર્વ સંહાર માટે, રૂસ પર આવી પહોંચી ત્યારે કાળ જેવા આ કરાલ પુરૂષે, વિમુકિતની રક્ષા માટે લોકવિરાટનું આવાહન, પોતાના જીવનભરના લોક અનુરાગને યાદ કરીને કર્યું. રૂસી રણભોમ પર વિમુકિતની કાયામાં રચાયેલાં નૂતન એવા સૌ રૂસીનગરો સ્ટાલીનગ્રાડ બન્યાં, રૂસી રણભોમ પર ગ્રામ ધટકો, સ્ટાલીન ધટકો બન્યાં. રૂસી રણભોમ પર જંગલે, ઝાડીએ, વાડીએ, વને, ઉપવને, વિમુકિતની વિરાટ કાયા સ્ટાલીનની

પોલાદી કાયા બની હતી એટલેજ તે આક્રમણને ટાળવાની અભેદ બનેલી વિરાટના દેહની દિવાલ જીવતી દિવાલ બની શકી.

એટલે જ જ્યારે ઇતિહાસનો સમયડકો એના અવસાનની જાહેરાત કરતો વિશ્વનગરોમાં લોકમાનસોના અંતરનાદ ઉભરાવતો હતો ત્યારે જે રશિયન સરકારનો વિધિસરનો વડો અધિકારી પણ નહોતો તેવા પેલા ઇતિહાસ માનવના માનમાં ગાંધીજીના માનમાં નમેલો અશોકધ્વજ અનુરાગથી નમ્યો અને ગાંધીજીના માનમાં જ ભારતની સરકારની પાર્લામેન્ટનાં બન્ને ગૃહો બંધ થયાં હતાં તે પ્રમાણે આ મહાનુભાવના માનમાં પણ બંધ રહ્યાં. વિશ્વઇતિહાસના શાંતિમાનવ નેહરૂએ એને અંજલિ દેતાં કહ્યું, "જ્યારે વિશ્વયુદ્ધ રશિયાના આંગણા પર આક્રમણ કરતું આવી પહોંચ્યું ત્યારે જેણે મહાન યોદ્ધા તરીકેની પ્રશસ્તિ મેળવી છે તથા જેણે કટોકટીના અને આફતોના અસાધારણ સમયોમાં પણ પોતાની વિશ્વશાંતિની નીતિને જાળવી રાખી છે, તે યુદ્ધ અને શાંતિ બન્ને સમયોના, મહાન એવા સ્ટાલીનને આપણે અંજલિ દઇએ છીએ."

સ્ટાલીન યુગનો અંત સમય અને વિમુક્તિયુગની વ્યાપકતા

શાહીવાદી ધટનાની યુદ્ધખોર કાર્યવાહીના સૌથી મોટા ધસારાને પોતાના રાષ્ટ્રનાં પાદરમાં જ ચૂર્ણ વિચૂર્ણ કરી નાખનાર સમાજવાદી ધટનાના ૧૯૩૪ માં શરૂ થએલા, સંપૂર્ણ એવા લોકશાહી તંત્રમાં પણ સરમુખત્યારી જેવા કાયમ રહેલા વહીવટી તંત્રના નિયામક અને સંચાલક, સ્ટાલીનના મરણ પછી જગતની શાહીવાદી ધટનાના અમેરિકન પરદેશ મંત્રીએ આનંદની ઘેલછામાં આવીને જાહેરાત કરી દીધી કે, "હવે સ્ટાલીન યુગ અંત પામે છે અને આઇઝેનહોવર યુગ આરંભાય છે."

પણ આ જાહેરાતની બાલીશતા પર આખું જગત હસતું હતું. અમેરિકન શાહીવાદી શૃંખલાઓનાં નજરાણાં લઇને જગતને ગુલામ બનાવવા નિકળનાર, લશ્કરી જૂથોની કાર્યવાહીઓ અને કરારો કરનાર, તથા જગત પરની વિમુક્તિની હિચલચાલોને કચડી નાખવાનાં અનેક કાવતરાંઓ કરનાર અમેરિકન શાહીવાદના પ્રમુખનો જમાનો હવે શરૂ થાય છે એવી, એ સરકારના પરદેશ મંત્રી ડલ્લેસે પોતાના ખાનગી દિવાસ્વપ્ન જેવી તરંગી જાહેરાત કરી.

ખરી રીતે તો ઇતિહાસમાં એશિયા અને આફ્રિકાનાં રાષ્ટ્રો હવે વિમુક્ત બનવા માંડ્યાં હતાં તથા રૂસી વિમુક્તિએ સરમુખત્યારશાહી જેવા તે સમયમાં અનીવાર્ય રીતે જરૂરી બનેલા, તંત્ર નીચે શાહીવાદની વિશ્વ ધટનાને ડારે તેવી ઔદ્યોગિક, લડાયક અને વિશ્વયુદ્ધને ખાળનારી વિશ્વશાંતિની તાકાત જમાવી

હતી અને નવાં વિમુક્ત બનતાં રાષ્ટ્રોની તરફદારી વધારે નિર્ણયાત્મક રીતે નક્કર અને સફળ રીતે વ્યવહારૂ બનાવી હતી. એટલે જ હવે સરમુખત્યારી જેવા વહીવટી તંત્રની વિમુક્તિનાં નવાં રાષ્ટ્ર રૂપો જન્મતા હતાં ત્યારે જરૂર રહી નહોતી પરન્તુ લોકશાહીનાં વિમુક્ત રાષ્ટ્રનાં સ્વરૂપો જ શાહીવાદી વિઘટનાનો મુકાબલો, લોકશાહી તરીકે કાયમ રહીને પણ, હવે કરી શકે તેમ હતું.

ઇતિહાસની જીંદગીમાંથી નિપજેલું જીવનરસનું મૂલ્ય, કાનૂન

માનવજીવનનો ઇતિહાસ જાણે કાનૂનનો જ ઇતિહાસ હોય તેમ સમાજની પ્રાથમિક દશાથી માંડીને કાનૂન સાથે શરૂ થએલો દેખાય છે. માનવજીવનને આમ કરવું અથવા આ કરવું અને તે ન કરવું એવા વિધિઓ અને નિષેધો આપનાર કાનૂનનું રૂપ આરંભમાં પ્રાથમિક સમાજોમાં ટોળાઓના આગેવાનો જેવા ગુરૂજનોની આજ્ઞાઓ હતી.

પછી રજવાડાશાહીનો જમાનો આપણા જગતના અતિ પ્રાચીન અને પ્રાચીન પૂર્વદેશોમાં આરંભાયો અને ખૂબ લાંબો ચાલ્યો. ઠાકોરો રાજાઓ અને ચક્રવર્તિઓના આ જમાનામાં કાનૂનનું રૂપ રાજાઓની આજ્ઞાઓનું બન્યું. રાજાઓમાં રાજન્યો અથવા રાજકર્તાવર્ગો ઉમેરાયા તથા રાજન્યોનું શાસકરૂપ કાનૂનોની સ્મૃતિઓ તરીકે લખાયું. આ સ્મૃતિઓ પાછળ શાસનની તાકાત જે સમશેરની તાકાત હતી તે જ કાનૂનનો અમલ આખા સમાજ વ્યવહારમાં કરાવતી હતી તથા તેના અમલ માટે આ તાકાતની સખ્તાઇનાં અનેક સ્વરૂપો રચાતાં. રજવાડી જીવન પદ્ધતિમાં કાયદા અથવા કાનૂનનું આ સ્વરૂપ સામાન્ય લોકસમુદાયપર એક સરખી સખ્તાઈથી લાગુ પડતું. પછી સખ્તાઈનું આ સ્વરૂપ સમાજમાં ઉપરના વર્ગમાં પેસતાં ઢીલું થઈ જતું હતું. ન્યાયની આ અસમાનતા સ્મૃતિઓમાં જ આવ જાતના ન્યાયભેદ અથવા અસમાનતા વાળું લખાતું અને છેક ટોચપર એટલે રાજન્યોમાં પહોંચતાં કાનૂનનું આ રૂપ સાવ નિરર્થક બની જતું તથા રાજા અથવા શાસકનું સ્વરૂપ કાનૂનથી ઉપરવટ અથવા કાનૂનની બહારનું લેખાતું. સમાજના જીવનવ્યવહારમાં ચાલતા કાનૂનની ઉપરવટ અથવા સર્વોપરી એવા આ શાસક સ્વરૂપની ટોચ રાજાને પોતાને દૈવી તરીકે સ્થાપન કરતી. પ્રાચીન ઇતિહાસની જીંદગીમાં શહેનશાહતોના શિખર પર બિરાજતું આ સ્વરૂપ ભારતની ભૂમિપર આપણને ભગવાન બની ગએલું માલમ પડે છે.

પણ ઇતિહાસની જીંદગીમાં ત્યાંથી ઉદ્યોગવાદ અને યુરોપીય રાષ્ટ્રવાદના આરંભમાં આપણે ઉતરી પડીને દેખીએ તો રજવાડાશાહીનું કાયદાની ઉપરવટનું સર્વોપરિ અને સ્વચ્છંદ શાસનરૂપ નાશ પામવા માંડ્યું હતું. ઇંગ્લેન્ડમાં

આ સર્વોપરિતાનું સ્થાન એકલા મહારાજાને આપવાને બદલે, "કીંગ-ઇન-પાર્લામેન્ટ" નામનો શબ્દ યોજીને એનથામના કાયદા શાસ્ત્રે પાર્લામેન્ટને સર્વ-શક્તિમાન સ્થાનપર ચઢાવી દીધી અને રાજાને તેનો સહકાર્યકર બનાવી દીધો. ફ્રાન્સની ક્રાન્તિમાં રાજાની સર્વ શક્તિમતાને બિલકુલ ખતમ કરી નાખવામાં આવી તથા કાનૂન ઘડવાની અને તેનો અમલ કરવાની બધી તાકાત પારલા-મેન્ટને અથવા રાજ્યતંત્રને અથવા સ્ટેટને સુપરત કરવામાં આવી. આ સ્ટેટ અથવા યુરોપીય રાજ્યતંત્ર સામ્રાજ્યવાદી અથવા શાહીવાદી બનીને જગતને જીતવા માટે નીકળી પડ્યું. આ જગત અથવા શાહીવાદી યુરોપીય રાષ્ટ્રનું સામ્રાજ્ય ઘણાં રાજ્યો અથવા પ્રદેશોનું બનેલું હતું. પણ આ પ્રદેશો પર પેલો લોકશાહી કહેવાતો કાનૂન જે એકલા શાહીવાદી એવા યુરોપના રાષ્ટ્રે પરતોજ હતો તે અમલ પામી શકયો જ નહીં. આ સામ્રાજ્ય પરનો કાનૂન તો સ્વચ્છંદ સર્વસત્તાધિકારી એવો સામ્રાજ્યવાદી રાજ્ય અથવા સ્ટેટની ઇચ્છાનો જ કાનૂન બન્યો.

પરન્તુ આ સમયથી જ એક નૂતન સવાલ વિશ્વઇતિહાસમાં નિકાલ માગતો જન્મ પામ્યો. આ સવાલ આંતરરાષ્ટ્રીય કાનૂનનો હતો.

આજ સુધી આવો કોઈ કાનૂન હતો જ નહીં. આજ સુધી, શાહીવાદી રાજ્યના વર્તનને કે અધિકારને, અંકુશમાં રાખે તેવો કોઇ કાનૂન, તેના સા-મ્રા જ્ય માટે રચાયોજ નહોતો. સામ્રાજ્યને માટે તો, સામ્રાજ્ય રચનારૂં રાજ્ય સંપૂર્ણ માલીક અથવા, સંપૂર્ણ રીતે સ્વચ્છંદ આપખૂદ અને સર્વસત્તાધિકારી અને કાનૂનની કોઇપણ સમાનતા વિનાનું, એક હથ્થુ શાસક હતું.

શાંતિમય સહઅસ્તિત્વવાળું જગત કેટલું બોદું ?

ફ્રેન્ચ ક્રાન્તિપછી તરત જ જન્મેલો, અને સાહિત્યની 'રોમાન્ટિક' હિલચાલનો આગેવાન બનેલો, (૧૮૦૨–૧૮૮૫) વિકટર હ્યુગો, યુરોપીય ક્રાન્તિકાળના જમાનાનાં પરિબળોને દેખી ચૂકયો હતો. ફ્રાન્સમાં ભજવાઈ ગએલા. વિશ્વ–ઇતિહાસની ઝમકજ્યોત જેવા, પેરીસ કોમ્યુનના સમયમાં આ સાહિત્યસ્વામી ત્યારની નેશનલ એસેંબલીમાં ચૂંટાયો હતો, પછી એ બેલ-જીઅન સરકારમાં પણ ચૂંટાયો પરન્તુ સામાજિક પરિવર્તનના એના ક્રાન્તિકારી ખ્યાલોને લીધે એને સરકારમાંથી બરતરફ કરવામાં આવ્યો. આખરે એ પાછો પેરીસમાં આવી પહોંચ્યો અને ત્યાંની સેનેટમાં ચૂંટાયો અને ઈ. સ. ૧૮૮૫ના મેની ૨૨મીએ અવસાન પામેલા આ મહાનુભાવના મડાને એની અંતિમ ઇચ્છા પ્રમાણે એક ગરીબની હોય તેવી મડાપેટીમાં પધરાવીને ત્રણ દિવસ સુધી લોકશાહીના પાટનગરનું માન પામવા, દમદમાભરી રીતે પેન્થીઓનપર રાખવામાં આવ્યું. વિશ્વઇતિહાસના આગેવાનોમાં, વિકટર હ્યુગોનું નામ પ્રથમ પંક્તિમાં આવ્યું તથા ત્યાંથી એણે ઉચ્ચારેલી માનવજાતના ઇતિહાસના, આવી પહોંચવાના, નૂતન દીનની આગાહી ઇતિહાસમાં અમર બની ગઇ, કે,



" એવો દિવસ આવી પહોંચશે, જ્યારે તોપનો ગોળો સંગ્રહસ્થાનોમાં જ ગોઠવાઈ ગયો હશે તથા ત્યાં તેને દેખતાં, અને આવી શરમજનક વસ્તુનું અસ્તિત્વ માનવસમાજમાં સંભવી શકે, તે તરફ આવતી કાલનાં જગતનાં નાગરિકો અજાયબી બતાવતાં હશે. અને એવો દિવસ પણ આવી પહોંચશે જ્યારે, યુનાઇટેડ સ્ટેટસ ઓફ યુરોપ અને યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકા નામનાં બે રાષ્ટ્રજૂથો મહાસાગર ઉપર થઈ ને, સંયુક્ત ભાંધુભાવમાં પોતાના હાથ મિલાવતાં હશે... ' ×

× " A day will come when a cannon ball will be exhibited in public museums, and people will be amazed that, such a thing could ever have been ! A day will come when these two immence groups,

વિકટર હ્યુગોના આ શબ્દો વિશ્વઇતિહાસની આગેકૂચનું એણે ત્યારે કરેલું દર્શન છે. આ, આગેકૂચમાં આજે ત્યારપછી અરધા સૈકા જેટલા સમયમાં જ, આપણી પૃથ્વીપર, વિશ્વઇતિહાસની નૂતન રોશનીની ઝલક જેવી, એશિયા આફ્રિકાની નૂતન વિમુક્તિની રાષ્ટ્રપંક્તિઓ, આલેખાવા માંડી છે તથા, હ્યુગોએ કહેલાં પેલાં બે, રાષ્ટ્રજૂથોની સાથે, સમાન, અને બીનહરીફ્યાનગીરીના નૂતન પાયાપર, વિશ્વબંધુત્વનો આંતરરાષ્ટ્રિય વ્યવહાર ઘડવાની ઐતિહાસિક ફરજપર ચઢી ચૂકી છે.

આપણે ઇચ્છીએ કે, ઈ. સ. ૧૮૪૯માં ઉચ્ચારાયેલી આ વિકટર હ્યુગોની વિશ્વના ભાવિ માટેની ઇચ્છા સાચી પડે, અને અંગ્રેજી તથા અમરિકી શાહીવાદી ધટનાને, જગતને ગુલામ બનાવવાની તેમની આજની યોજનાઓને છોડવી પડે તથા માનવ બંધુતાના સ્વીકાર સાથે તેઓ અણુની સર્વસંહારક તાકાતનાં પ્રદર્શનો કરવાની ઘેલછામાંથી ઉગરી જઇને વિશ્વ બાંધવતાની આંતરરાષ્ટ્રીય તાકાતને જ અંજલિ આપવા યોગ્ય તાકાત તરીકે માને. પરન્તુ આ ઇચ્છાની સાથે સાથે જ આજની તારીખ સુધીના આ બન્ને શાહીવાદી રાષ્ટ્રજૂથોની યુદ્ધખોર વર્તણુક આપણે ભૂલી શકતાં નથી જ. શાંતિમય સહઅસ્તિત્વની દુનિયાની જરૂરિયાતનું દર્શન ફ્રેંચક્રાન્તિ પછી તરત જ, અથવા " માનવ માત્ર સમાનના " આંતરરાષ્ટ્રિય ઇતિહાસપત્રની ફ્રેંચક્રાન્તિમાં ઘટના થયા પછી તરત જ થવા માંડયું હતું. આ દર્શન, જેવું વિકટર હ્યુગોએ આલેખ્યું તેવું, દર્શન આપણને ત્યારની દુનિયાના સંકુચિત રૂપનો પરિચય કરાવે છે.

વિકટર હ્યુગો એ, જે દુનિયા માટે શાંતિમય સહઅસ્તિત્વનો આદર્શ એવો, સહકારી અને સમાન ન્યાયવાળો, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેનો

---

the United States of America and the United States of Europe, will be placed in the presence of each other extending the hand of fellowship across the ocean, exchanging their produce, their industries their Arts, their genius, clearing the earth, peopling the desert, improving creation under the eye of tht creator, of uniting for the good of all, these two irrisitible and infinite powers, the fraternity of men and the the power of god "

Victor, Hugo.


જીવન વ્યહવાર રજુ કર્યો, તે દુનિયા એને મન બે રાષ્ટ્ર જૂથોની-જ બની હતી. એ બે રાષ્ટ્ર જૂથોમાંનું એક જૂથ, એટલેંટિક મહાસાગરના એક કિનારે વસતું, યુરોપીય રાષ્ટ્રોનું જૂથ હતું અને બીજું જૂથ એ જ મહાસાગરના બીજા કિનારે શોધી કઢાયેલું, યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા નામનું રાષ્ટ્ર જૂથ હતું. વિકટર હ્યુગો જેવા આર્ષદ્રષ્ટાની નજર પણ જગતના આખા, અને અતિ વિશાળ તથા, વિરટ એવા સ્વરૂપને દેખી શકી ન હોતી. આ વિશાળ જગતનાં અનેક રાષ્ટ્રો હિંદીમહાસાગરને અને પાસિફિક મહાસાગરને કિનારે પડયાં હતાં. આ રાષ્ટ્રોમાંજ જગતની જન્મદાતા, વિશ્વસંસ્કૃતિનો પ્રથમ ઉદય થયો હતો. પણ આ બધાંરાષ્ટ્ર સમુહ, ત્યારે ગુલામ હતો. આ બધા ગુલામ રાષ્ટ્રો, વિમુકિત પામે તથા, વિકટર હ્યુગોએ ગણાવેલાં પેલાં બે રાષ્ટ્ર જૂથો વચ્ચેજ નહિં પણ આ તમામ રાષ્ટ્રો વચ્ચે, સમાનભાવવાળું, અને બીનદરમ્યાન ગીરીવાળું, શાંતિમય સહઅસ્તિત્વનું જગતરૂપ તે જમાનામાં વિકટર હ્યુગોને પણ દેખાયું ન હતું. ત્યારની યુરોપની નજરમાં તો જગત યુરોપ અને યુનાઈટેડ સ્ટેટસથી મોટું નહોતું.

વિકટર હ્યુગો આખું જગત દેખી શકયો નહોતો.

પરન્તુ આજે વિશ્વઇતિહાસનું જીવનતંત્ર, આ તમામ રાષ્ટ્રોમાં ક્રિયાશિલ બન્યું હતું. વિશ્વઇતિહાસનાં પરિબળો જેવી આ રાષ્ટ્ર સમૂહોની ઐતિહાસિક પ્રક્રિયાનું, પહેલું રૂપ, પહેલા વિશ્વયુદ્ધ પછી વિમુક્તિની હિલચાલો બનીને દેખાયું હતું અને બીજા વિશ્વયુદ્ધપછી આ વિમુક્તિની હિલચાલોએ, પોતપોતાના રાષ્ટ્રોમાં એક પછી એક એવાં વિમુક્ત રાષ્ટ્ર એકમોનું રૂપ ધારણ કરવા માંડયું હતું. વિમુક્ત એવાં આ નૂતન રાષ્ટ્રોની નૂતન અને સમાન એવી હસ્તીનો સ્વીકાર, સંયુક્ત રાષ્ટ્ર સંસ્થામાં પણ થયો હતો. આ રીતે વિશ્વ વિશાળ બન્યું અથવા, સાચા અર્થમાં આખું વિશ્વ બનવા માંડયું અને વિશ્વભરના એકેએક રાષ્ટ્ર, આંતરરાષ્ટ્રિય સહઅસ્તિત્વનાં સમાન અને સાર્વભૌમ એકમો બનવા માંડયા, પરન્તુ ત્યારે વિકટર હ્યુગોની નજર પણ જગતની ગણનામાં આ રાષ્ટ્રોને ગણી શકી નહોતી. પરન્તુ વિમુક્ત ઘટકો તરીકે પોતાની જાતનું પ્રસ્થાપન હવે તેમણે કરવા માંડયું હતું.

સર્વેઽાયન્તુ સર્વતઃ, આંતરરાષ્ટ્રિય કાનૂનની પહેલી ગીતાંજલિ

જગતને આંતરરાષ્ટ્રિય કાનૂનની ભેટ આપનાર સંસ્કૃતિની વિશ્વ-કાનૂનની ન્યાય સમતાની નૂતન અને યુગવર્તિ જ્યોતને જગતના ઇતિહાસમાં પહેલી વાર



પ્રગટાવનાર જો કોઈ અતિહાસિક પરિબળ હોય તો તે પરિબળ પરાધીન પ્રદેશોની વિમુક્તિની હિલચાલ અથવા એશિયા આફ્રિકાની વિમુક્તિની હિલચાલ છે, એમ કહી શકાય. આ હિલચાલે, વિશ્વઇતિહાસમાં પહેલીવાર આંતરરાષ્ટ્રિય કાનૂનને માનવ જાતના જીવતરમાં જનમાવ્યો તથા, માનવ સંસ્કૃતિના જીવતરના સંસ્કાર સ્વરૂપમાં, ક્રાન્તિકારી એવું જીવનમૂલ્ય નિપજાવી દીધું.

કવિતા જેવી જબાનમાં ગીતની અંજલિ આપતું કોઇ ગાતું હોય તેવો અવાજ પૂર્વની ભૂમિપર પહેલીવાર સંભળાયો. આ અવાજ સૌ માનવોને, સૌ, રાષ્ટ્રોમાંથી, સૌને સમાનભાવે એક કાનૂનનું, એક સરખું આંતરરાષ્ટ્રિય શાસન હોય ત્યાં આવવાનું આવાહન આપતો હતો. એવું એક વિશ્વનું એક કાનૂની આંતરરાષ્ટ્રિય શાસન આ પૃથ્વી પર જ્યારે કોઇ ખુણા પર એક પણ પગ ગોઠવી શકાય તેવી જમીન પર પણ હતું નહિં ત્યારેજ, કલકત્તા પાસેના બોલપુર નામના ગામડાના પાદરમાં, એક ઉપવનમાં થોડાંક ઝૂંપડાંઓ બાંધીને આ ઝુંપડાંઓને વિશ્વભારતીનું નામ આપીને, માનવ માનવ વચ્ચેના, સહકાર સહચાર અને અનુરાગના પાયા પર જગતભરનાં સૌ રાષ્ટ્રોનાં દિકરાદિકરીઓને એક આંતરરાષ્ટ્રિય કાનૂન રચવાની નિશાળ માંડીને, રવિન્દ્રનાથ નામનો એક શિક્ષક પોતાના આ નાનકડા સંસ્કાર જગત પર પાટીયું લટકાવતો હતો, " સર્વે આયન્તુ સર્વત : "

પુરાણી પ્રાચીન, અને માથાં બાંધેલી સંસ્કૃત ભાષામાં લખેલા આ પાટીયાના આવાહન પાછળની વિશ્વભારતીના જીવન રૂપમાં, જીવનના વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી બધી સંસ્કૃતિની સુરમ્ય રેખાઓ અહીં ઘડાઇ હતી. આ વિશ્વ-ભારતીમાં વિજ્ઞાનનાં યંત્રો દેખવામાં આવતાં નહોતાં પરંતુ, વિજ્ઞાનનાં બધાં સાધનોએ દીધેલી સંસ્કાર દ્રષ્ટિનું અહીં માનવ વ્યવહારના પદાર્થ પાઠમાં આયોજન થયું હતું. વિજ્ઞાનનાં જે સાધનોએ માનવ જાતને, ટેલીગ્રાફ અને ટેલીફોનની તાકાત દીધી હતી, તથા તેની આંખને સૂક્ષ્મદર્શનની જે સંસ્કાર દૃષ્ટિ એનામાં એનાયત કરી હતી, તથા તેના પગને સ્ટીમર કે બલૂનની જે સંસ્કારની ઝડપ એનામાં ભરી હતી તે બધીજ, વિજ્ઞાનની તાકાત, અહીં, કાનૂન બનોને વિશ્વભારતીમાં માનવ માનવ વચ્ચેના સંસ્કાર ઘડતરના સંસ્કૃતિના આંતરરાષ્ટ્રિય સામાજિક ગુણમાં કાયાપલટ પામીને અહીં આવી પહોંચી હતી.

ન્યુટનને મ્હાત કરનારો વિશ્વ નાગરિક

એ જ અરસામાં જ્યારે શાહીવાદી જગતમાં સંહારની રચના ઉભરાવા માંડી હતી. ત્યારે સંહારની એ રચના સામે વિશ્વ સંસ્કૃતિના આ જ્યોતિર્ધરનો અવાજ અરણ્ય રૂદન જેવો કંપી ઉઠીને આઇનસ્ટાઇન નામના મહા વૈજ્ઞાનિકન વિશ્વશાંતિના અંતરનાદ સાથે જોડાઇ જતો હતો.

આ આઇનસ્ટાઇને ન્યુટનને મ્હાત કર્યો હતો. એકેએક પદાર્થ, જો તેને ધક્કો મારીને ગતિ આપવામાં ન આવે તો તે સ્થિતિચુસ્ત રહેતો હોય છે એવા ન્યુટનના ખ્યાલને ફરીવાર પાછો પાડવામાં આવ્યો. એણે જાહેરાત કરી હતી

કે "એકેએક પદાર્થ ગતિમાં છે અને ગતિમાન એવો પદાર્થ માત્ર પોતપોતાની ગતિના પ્રમાણમાં જ દરેક બીજા પદાર્થ સાથે સંબંધ ધરાવતો હોય છે."

એ સંબંધ ગતિનો સાપેક્ષ સંબંધ છે, પણ એ સાપેક્ષતા એકલી પદાર્થની ગતિને લાગુ નથી પડતી પણ ગતિની દિશાને પણ લાગુ પડે છે. એટલે પદાર્થની ગતિ અને દિશા બન્ને સાપેક્ષ છે અને તેની સાથે પદાર્થનું કદ પણ જોડાયેલું છે તથા 'અવકાશ વર્તુળાકાર છે અને તેથી અવકાશમાં ઊડતાં રજકણો–ગ્રહ નક્ષત્રો અનંતના પરિઘ પર ઊડે છે. અજબ બનેલા બુદ્ધિમાનોને હેરતમાં ગરકાવ કરતો એ વૈજ્ઞાનિક, ગણિતના આંકડા ગણતો આગળ કહેતો હતો, "જેમ અવકાશ સાપેક્ષ છે તેમ સમય પણ સાપેક્ષ છે. ભૂત, વર્તમાન, અને ભવિષ્ય આ બધી સાપેક્ષતામાં ત્રણ બિંદુઓ છે તથા પ્રકાશનાં ગતિ જે સૌ ગતિમાં સર્વોપરી ઝડપવાળી છે તેટલી, એક સેકન્ડની ૧૮૬,૦૦૦ માઇલની ઝડપથી જો કોઈ માણસ ગતિ કરી શકે તો તે, તેના ભૂતકાળને પાછો પાડી દે, અને તેના જન્મના સમયબિંદુને ભવિષ્યમાં છોડી દે એવી ઝડપવાળો માણસ પરિણામોને તેનાં કારણો પહેલાં નીરખી શકે શકે અને બનાવો અને તે પહેલાં જ તેમને તે જોવા માંડે."

પાછો એ સમજાવતો હતો "પણ આપણી પૃથ્વી પરના સમયની ઘટના બધે લાગુ પડે તેવી નથી. આપણો સમય–આપણો દિવસ તો માત્ર આપણી પૃથ્વીની સૂરજ આસપાસની ગતિના એક આંટાનો જ હિસાબ છે. આપણો દિવસ એ એક આંટાની ગતિના માપ જેવી એક લાકડી જ છે.' અવકાશમાંના જે તારા-માંથી પ્રકાશનાં કિરણોને આપણે ત્યાં પહોંચતાં દશ લાખ વરસ લાગે છે તે તારાને દેખીએ ત્યારે આપણે દશ લાખ વરસ પહેલાંના તારાને જ દેખીએ છીએ. એટલે અવકાશ, એ સમયનું માપ છે અને સમય, અવકાશનું માપ છે. બન્ને એકબીજા ઉપર અવલંબે છે, પણ બન્ને પદાર્થોની ગતિની બે બાજુઓ છે. બસ, વાસ્ત-વિકતા આવી અને આટલી જ છે તથા સમયના ચોથા પરિમાણવાળી છે."

એ વાત એ હતી કે પ્રકાશ પદાર્થના પરમાણુઓનો બનેલો છે અને ન્યૂટને બતાવેલા નિયમ કરતાં બેગણો વધારે પ્રકાશ ફૂંટાય છે અને બે બિંદુઓ વચ્ચેનું અંતર સીધી લીટી નહિ પણ ફંટાયેલી લીટી છે. જાણે એક જ રાતમાં ન્યુટનનો વિજેતા બનીને બહાર નીકળી આવેલા આ વૈજ્ઞાનિક પર બુદ્ધિએ મુગ્ધ બનીને ઓવારણાં લીધાં. ઝ્યુરીચે એને પોતાની વિદ્યાપીઠના અધ્યાપક બનવા વિનંતી મોકલી. મશહૂર વૈજ્ઞાનિક લોરેંઝે એને વૈજ્ઞાનિકોમાં મહાન તરીકે જાહેર કર્યો. યુટ્રેચ્ટ અને લેઇડની પ્રખ્યાત વિદ્યાપીઠોએ પણ પોતાને ત્યાં અધ્યાપકપદ સ્વીકારવાની એને વિનંતીઓ કરી.

આ બહુમાનોથી કંટાળતો એ કહેતો હતો, 'ડો. હેલીની ક્રોડીમાં હું કારકુન હતો ત્યારે જ મને વધારે નિરાંત હતી.'



હજુ એ એની નિશાળનાં વરસો ભૂલ્યો નહોતો. 'પેટર લેંગવેઇલ, અને 'ફાધર ઓર' કહીને એની ઠેકડી કરતા એની પાછળ દોડતા અવાજો અને બદૂદી હોવાથી ધિક્કારાયેલો તે અને પોતે વર્ગ છોડીને ભાગી ગયો હતો તે બધા બચપણના બનાવ હજુ એ ભૂલી શક્યો નહોતો. પણ હવે તો એ મહાવૈજ્ઞાનિક બની ચૂક્યો હતો. હવે એને એલજીઅમની રાણીનું આમંત્રણ આવ્યું હતું. એલજીઅમની રાણીને આ જગમશહુર બનેલા વૈજ્ઞાનિકનાં દર્શનની ઉગ્ર ઇચ્છા થઇ આવી હતી. નક્કી કરેલા દિવસે ટ્રેનના એક સામાન્ય ડબામાંથી એક હાથમાં બેગ પકડીને અને બગલમાં વાયોલીન ભરાવીને એ ઊતર્યો તેવો એલજીઅમની રાણીને ઘેર પહોંચવા ઉતાવળાં ડગલાં ભરતો રસ્તા પરથી ચાલવા માંડ્યો.

પણ એનું તો સ્ટેશન પર જ માન કરવાનું હતું! માન કરનારો અમલદારી

રસાલો એને ટ્રેનના ડબ્બાઓમાં શોધતો નિરાશ બનીને પાછો જતો હતો અને નામદાર બાનુને ખબર કરવા માટે પાછો આવી પહોંચ્યો હતો.

'આઇનસ્ટાઇન...પોતે આજે નથી પધાર્યા,' પણ ત્યાંતો આલ્બર્ટ આઇનસ્ટાઈન રાણીનો મહાલય શોધી કાઢતો આવી પહોંચ્યો.

'આપને માટે મોકલેલી ગાડીનો ઉપયોગ આપે કેમ ન કર્યો, હેર, ડોકટર!' રાણી આ વિશ્વવૈજ્ઞાનિકને દેખતી તાજુબ બની.

'રસ્તા પરની સફર ઘણી આનંદી નીવડી, નામદાર મહારાણી!' એણે વિવેકથી સ્મિત કર્યું. એવી પોતાની વીતિ ગએલી અનેક યાદોવળી જીંદગીમાં આજે આ મહાનુભાવ વિશ્વયુદ્ધની કિકીયારી પોતાની ભૂમિપર સાંભળતો ગમગીન થઇને પોતાનો નિરધાર જાહેર કરતો હતો. 'આ વિશ્વ વિગ્રહ એક મહા જંગલી અને નીચ તથા ગલીચ અપરાધ છે. મારા દેહના ટુકડે ટુકડા કરી નાખો તોય હું એનો બહિષ્કાર પુકારવાનો છું.'

પણ એના બહિષ્કાર પર હસતો જર્મન લશ્કરવાદ વિશ્વયુદ્ધ ખોલતો હતો ત્યારે બરલીન નગરના એક ઘરના એક ઓરડામાં આ વૈજ્ઞાનિક ગમગીન બેઠો હતો.

એ જાહેર કરતો હતો. 'હું મારું જર્મન નાગરિકપદ છોડી દઉ છું...હું જર્મન નથી...હું જગતનો એક નમ્ર નાગરિક આલ્બર્ટ છું.' કહેતો આ વિશ્વનાગરિક પોતાની પત્નીને સમજાવતો હતો, 'આપણે હોલેન્ડ જઇએ." પણ પ્રાચીન એવા મહાન હિંદ દેશથી આવે છે તે મહાકવિ ટાગોર પાછા જાય પછી... પછી તરત જ આપણે જંગલનો બોડ બનતો આ જર્મન દેશ છોડી દઇશું. આપણે એ મહાનુભાવને આપણા કાપુરુષના મકાનમાં આવકારવાના છીએ, એટલે રોકાઇ જઇએ.'

૧૯૩૦ ના જુલાઇની ૧૪ મીએ આલ્બર્ટ આઇનસ્ટાઇનને ત્યાં ખાણું લેવા એશિયાની ઉષાને ઝલકારતો મહાનુભાવ મહાકવિ આવી પહોંચ્યો. ઈંગ્લેંડથી જર્મનીને એને આખે રસ્તે એ મહાકવિના બહુમાનમાં યુરોપનાં નરનારીઓ ઉભરાયા કરતાં હતાં. આ બન્ને વિશ્વ નાગરિકો ભેગા મળ્યા અને વાતે વળગ્યા, "આપના દેશમાં જીવનને જ ઉપાધિ માનવામા આવે છે, મહાકવિ...?" આઇનસ્ટાઇને પૂછ્યું.

'તેનું તો દુઃખ છે..." ટાગોરે સ્મિત કરતાં કહ્યું, 'પણ સત્યનો સાક્ષાત્કાર થાય નહિ ત્યાં સુધી ઉપાધિ જાય નહિ. પણ અમે ઉપાધિમાંજ માનીએ છીએ. અમે સત્યાગ્રહનો સામુદાયિક સાક્ષાત્કાર કરવાનો પ્રયોગ કરી જાણ્યો છે." બંને વિશ્વ-

નાગારકો નિર્મળ દેખાયા. બંનેની અનુરાગી નજર એક બીજામાં પરોવાયેલી આપલે કરી રહી, " અમે, અમે યુરોપ પર થતા પરસ્પરના સંહારની વેળાએ તમારા સત્યાગ્રહના સામુદાયિક દર્શનપર મીટ માંડી રહ્યાં છીએ..." આલ્બર્ટ આઇનસ્ટાઇને ઉદાસીન ભાવ ધારણ કરીને આગળ કહ્યું.

' જેમ ઇલેકટ્રોન અને પ્રોટોનનો બનેલો પદાર્થનો પરમાણુ આખા જગત સાથેના પદાર્થ જગત સાથેના સુમેળ સંબંધથી...'બોલતા મહા વૈજ્ઞાનિકે, મહા કવિપર મીટ માંડી "અમારો અણુ, સંહારનું સાધન બને છે ત્યારે તમારે ત્યાંનો સત્યાગ્રહ અમારી સંહારક ઘટનાનો સવિનય ભંગ કરે છે. તો ભલે તે સફળ બનો!" ટાગોરના ગયા પછી આઇનસ્ટાઇન હિંદના દર્શને આવી પહોંચ્યો. એણે કલકત્તાના સુવર્ણઅંગનગરમાં રીક્ષા દોડી. રીક્ષાને ખેંચવાવાળો અડધો નમી ગએલો માણસ દેખતો એ ધવાઇ ગયો. એને એશિયાઇ જીવનની પછાત ઘટના આંખો સામે દેખાઈ. શાહીવાદી યુદ્ધ ઘટનાએ માંડી દીધેલું યુદ્ધ એણે તો અહીં રોજની જીવનઘટનામાંજ દીઠું.

પછી એ ચીન ગયો. ત્યાં પણ જીવનની એ જ કરપીણુતા એને કોરી ખાતી હતી.

પણ ત્યારે જ પેલો મહાકવિ રૂસ દેશની યાત્રા કરીને પાછો ફરતો હતો. એણે ત્યાં જીવનવિકાસના આકાર ને ઘરતી, નવી રચના દેખી હતી.

એશિયાની ઉષાકાળનો એ કવિ રૂસી જીવનનો પ્રકાશ પીતો ગદગદ થતો કહેતો હતો, 'આવી જીવનપ્રભા અમારે આંગણે પણ અમારા મહાન દેશ પર પથરાય એટલી જ મારી...મારા જીવનની મહેચ્છા છે.'

એ મહાકવિ હિંદ દેશ જોગ ૧૯૩૦ના સપ્ટેંબરમાં લખતો હતો, 'મારી યાત્રાની સફળતા મેં રૂસ દેશ દેખીને જ માની છે. કેવી અસાધારણ રૂસી લોકની વીરતા છે! રૂસ દેશ દેખ્યા પહેલાં એ વિષે મને કેવા ઉંધા ખ્યાલો હતા! મોસ્કોના આમંત્રણ છતાં જો હું એ મહાન દેશને દેખવા ન ગયો હોત તો ત્યાં આજે ચાલી રહેલા જગતભરના સૌથી મહાન અને ઈતિહાસના તપ્તા પરના સૌથી મોટા એવા ઐતિહાસિક શ્રમ યજ્ઞને દેખવાથી દૂર રહેવા બદલ, મેં મારી જાતને કદી માફ ન કરી હોત.'

ત્યારે પેલો વૈજ્ઞાનિક આઇનસ્ટાઇન આલ્બર્ટ લંડનમાં હતો. ત્યારે એ મહાવૈજ્ઞાનિક એક સામયિકમાં રૂસદેશની યાત્રા કરતા એશિયાના મહાકવિનો રૂસ દેશનો અવાજ ઉકેલતો હતો અને ખુશ થતો લંડનની જનતાને કહ્યા કરતો હતો,

'આખા બ્રહ્માંડ ભરમાં એક મહાન એકતાનતા છે તેની એકતાનતા, સુસંગતતા અને સંયુક્તિ એક દિવસ આપણી દુનિયાની પ્રજાઓમાં પણ સ્થપાશે જ...,'

ત્યારપછી એ ચીન જાપાનની યાત્રા કરીને અમેરિકા પહોંચ્યો હતો. પાસિફિકના કિનારા પર એનું બહુમાન કરવા વૈજ્ઞાનિકોનું એક મોટું સંમેલન એકઠું થયું હતું.

હિટલર-ફાસીવાદે ત્યાર પછી એ મહાન યહુદીની ઉંચાઇને પોતાના વેંતિયા માપથી માપીને આલ્બર્ટ આઇનસ્ટાઇનના માથાનું વીશહજાર ડોલરનું ઇનામ જાહેર કર્યું હતું.

એવા યુદ્ધખોર જગતમાં ભૂલો પડેલો, આ વિશ્વનાગરિક અમેરિકામાં એક ગરીબ ઘર ભાડે રાખીને જીવતો હતો.

પછી એશિયાના ઉષઃકાળના પેલા મહાકવિની એંશીમી જયંતિ ઉજવતા કલકત્તાના નાગરિકો જોગ એ સંદેશો મોકલતો કહેતો હતો, 'મારાં સ્વપ્નો તૂટે છે અને હું રૂક્ષ હકીકતો દેખું છું. પરદેશી સત્તાનો અધિકાર કરોડોની જનતાની શી ખાનાખરાબી કરી શકે છે તે હું દેખી રહ્યો છું. કાળનાં ચક્રો અંગ્રેજોને પોતાનું હિંદી સામ્રાજ્ય છોડી દેવાની ફરજ પાડશે... પણ એ શોષકો પોતાની પાછળ કેવું હિંદ છોડી જશે? રોકાઓથી જીવન વિહોણા અને શુષ્ક બની ગયેલા એમના રાજવહીવટની પાછળ તેઓ ઉકરડા અને બદબોના ઢગલા જ મૂકી જવાના છે.'

આખરે વિશ્વયુદ્ધનાં કમાડ ખોલનાર ફાસીવાદી જર્મનીએ જેનું ઘરબાર તારાજ કરી નાખ્યું હતું તે આઇનસ્ટાઇન નામનો સંસ્કૃતિનો નિરાશ્રિત ઉષઃ કાળનાં પેલા મહા કવિનો યુદ્ધ સામેનો પ્રકોપ સાંભળતો હતો તથા સંસ્કૃતિ અને વિશ્વ શાંતિનો ઉપહાસ કરતા શાહીવાદી યુદ્ધના સંહારક દેખાવ તરફ અંતરની યાતના અનુભવતો હતો. ત્યારે આ યાતનાનો પડઘો પાડતો હોય તેવો અવાજ, ૧૯૪૨માં આખી ભારત ભોમ પર ઉગ્ર બનીને ગાજી ઉઠતો શાહીવાદને આ ભૂમિ પરથી જતા રહેવાની ઘોષણા જગવતો હતો.

માનવધર્મનું વ્યક્તિત્વ, ગાંધી, અને વિમુક્તિની હિલચાલ

આ માનવ ધર્મનું વ્યક્તિત્વ મોહનદાસ કરમચંદ ગાંધી નામનું મશહૂર બન્યું. ક્રિયાકાંડોનાં કોકડામાં ગુંચવાયેલા ગૌતમ ઇસુ અને મહમદનાં વિચાર મૂલ્યો આ માનવ ધર્મના રોજબરોજના જીવન વહીવટમાં સાર્થકતા પામ્યાં. સાબરમતીના કિનારાપરની ઝુંપડીઓમાં માનવજાતે નહીં કરેલી એવી શાંતિની નવી આંગનો



પહેલો પૂકાર સંભળાયો. આ માનવધર્મનું નામ જીવન વર્તનનું સ્વરૂપ હતું. આ વર્તનના સ્વરૂપમાં કોઈ ક્રિયાકાંડ હતો નહીં પરન્તુ માનવ માનવ વચ્ચેનો બંધુભાવ જીવનના ચારિત્ર્યનું મૂલ્ય બનતો હતો.

ધર્મ એટલે માનવમાનવ વચ્ચેનો વર્તનધર્મ હતો. સામાજિક સહઅસ્તિત્વનો આ કાનૂન કોઇ પણ ક્રિયાકાંડ કે દેવ દેવળ વિનાનો બન્યો. આ કાનૂનની કાર્યવાહીએ સંગ્રામનું સત્યાગ્રહી સ્વરૂપ ધારણ કરવું પડ્યું. આ કાનૂનનો નિષેધ કરનારૂં રૂપ શાહીવાદનું હિંસક સ્વરૂપ હતું. આ હિંસક ઘટનાનાં ઘોર ચક્રો પાસે જઇને પેલો સુકલકડી સંત વિશ્વધર્મના પેલા ત્રણ પ્રવર્તકોનાં વિચાર મુલ્યમાંથી ઘડાયો હોય તેવો ઉભો, અને પ્રશાંત પડકાર જેવો એનો અવાજ સંભળાયો, "એક ભયંકર યંત્રજાળમાં એક ટાંકણી પડે તેમ હું તમારી હિંસક ઘટનામાં ચાહોમ કરીને ઉતરી પડવા માગું છું." પછી એ ઉતરાણ થયું અને પેલી હિંસક ઘટનાની શાહીવાદી યંત્ર જાળના પોલાદી ટાંકાઓ એશિયાભરમાંથી તૂટવા માંડ્યા.

એશિયાની વિમુક્તિનો અવાજ

બીજુ વિશ્વયુદ્ધ જગતપર ભયાનક બન્યું હતું. એકવીસ મહીનાનો ગાંધીજીનો કારાગાર વાસનો સમય અંત પામ્યો હતો. કારાગારના અધિપતિએ ૮મી ઓગસ્ટની (૧૯૪૨ ની) મધરાતે પૂરાએલા કેદીઓ પાસે આવીને ૧૯૪૪ના મેના પાચમા દિવસે કહ્યું, કે આવતી કાલે સવારમાં ૮ વાગે તમારો બીન શરતી છૂટકારાનો હુકમ મારી પાસે આવી ગયો છે.

૧૯૪૪ ના મેના છઠ્ઠા દિવસે ઈનસ્પેકટર જનરલ ઓફ પ્રિઝન્સ અહીં પોણા આઠ વાગે હાજર થયો. ગાંધીજીએ લાકડી પકડીને ચાલવા માંડ્યું.

"જરાક થોભી જાવ મહાત્માજી!"

'કેમ!'

'આઠ વાગ્યાના છૂટકારાને થોડીક મીનીટ બાકી છે' પછી આઠના ટકોરે, પેલા અમલદારે, આ કારાગારવાસીઓને કાંટાળા તારની વાડની બહાર કાઢયા.

"હિંદ છોડો" ની લડાયક હિલચાલ ગાંધીજીને અને આખીય મહાસભાની કારોબારીને કારાગારમાં પૂરવાથી શમી જશે એવી શાહીવાદની ધારણા નિષ્ફળ નિવડી. "હિંદ છોડો" નો અનાહત નાદ તો ધરતીનો ગુંજારવ હતો, અને આખા દેશ પર પથરાઈ જઈને આ રાષ્ટ્ર જેનો એક ભૂમિ ભાગ હતો તેવા આખા એશિયા ખંડ પર વિમુક્તિની હાકલનું એલાન બન્યો હતો. હિંદ છોડોને બદલે "એશિયા છોડો" નું સૂત્ર જનવિરાટનું ભારતીય આંદોલન બન્યું હતું.

એશિયા ખંડ પર રોકાઓના સીતમો વધ્યા પછી પણ એનો લોકસમુદાય જીવતો માલમ પડયો. એશિયા ભરના રાષ્ટ્રોની અસ્મિતાને કચડી નાખવાના શાહીવાદી અખતરા નાકામિયાબ નિવડી ચૂકયા. મૂર્છિત બનેલો વિરાટ પ્રાણ આળસ મરડતો, અભયનો અનુરાગ ધરતો બોલ્યો, "એશિયા છોડી જાવ!"

ફરી ફરીને આ ભારતીય તપસ્વીનો તમ પ્રાણ શાહીવાદને એકજ સવાલ પૂછતો હતો, "શી છે તમારી યુદ્ધ નેમ!"

શાહીવાદી નેમ કશો જવાબ દઈ શકતી નહોતી. શાહીવાદ હિંદની ભૂમિ પર રચાયેલાં કારાગારો, અને દુષ્કાળોને બળવી રાખવા માગતી હોય તેવો



દારૂણ દેખાવ એની કાર્યવાહીના સાક્ષી રૂપે બંગ ભૂમિ પર ૧૯૪૩–૪૪ નું આખું વરસ ચાલુ રહ્યો. શાહીવાદે રચેલો આ દુષ્કાળ આખી સાલભર મૃત્યુનો કમકમાટી ઊપજાવે તેવો ભક્ષક બનીને, મૃત્યુના દારૂણ દેખાવની પરંપરા બનીને, વીશ લાખ બંગ નરનારીઓનો અને બાળક–બાળકીઓનો આહાર કરી ગયો.

ગાંધીજીની વેદના અપાર બની. આ વેદનાની શાંતિ માટે તેમણે એકવીશ દિવસનો અપવાસ આરંભ્યો અને અપવાસના પરિણામ માટે અંગ્રેજી શાહીવાદે, આ મહાત્માને આખરી અંજલિ આપવા ચંદન કાષ્ટની જોગવાઇ કરી રાખીને દમનના દોરને વધારી મૂક્યો. ત્યારે અંગ્રેજી ભૂમિ પરથી જ ત્યારે બનાર્ડ શૉ નામના એક સાહિત્ય રવામીએ ખૂમ પાડી, "ગાંધીજીને કારાગારમાં જકડીને અને સત્યાગ્રહીઓને ફટકા મારવા માંડીને હિટલર સામે લડવા જનારા આપણે, યુદ્ધ માટેના આપણા નૈતિક દાવાનું દેવાળું પુરવાર કરી દીધું છે. અંગ્રેજી રાજાએ ગાંધીજીનો બીન શરતી છૂટકારો કરીને, પોતાના પ્રધાન મંડળની બેઅદબી માટે, તે મહાત્માની માફી માગવી જોઇએ."

પછી સમાધાન આવ્યું. એક રાષ્ટ્રના બે રાષ્ટ્ર બનાવવાનું, એક પ્રજાના બે ટુકડા કરી નાખવાનું, એક કલેવર પર કરવતી ચલાવીને ધર્મ ભેદના જાતિ ભેદ ભાવ પર રાષ્ટ્રોના અંગછેદ કરવા પર રચાયેલી શાહીવાદી ઘટમાળમાંથી આઝાદી પહેલાનું સમાધાન પેશ થયું. આ અંગછેદ સામે પાછો પેલા તપસ્વીનો કંઠ કકળી ઉઠ્યો. ભેદ ઘટના પર શાસન ચક્ર રચી ચૂકેલા આ શાહીવાદી ભેદ ઘટનાના અઘોર દેખાવ ધરતી પર છૂટા મૂકાયા.

બંગભૂમિ પર પાછો દુષ્કાળ પછીનો દેખાવ કતલે આમની દારૂણતાને ધારણ કરીને આરંભાયો કલકત્તાની શેરીઓ પર હિંદુ-મુસ્લીમ સંહારનો ચિત્કાર અને શબ્દોના ઢગલા ખડકાયા કર્યા. કલકત્તાની ગટરોમાં મડદાંઓએ મેલાં પાણી રૂંધી દીધાં.

કોમ કોમ વચ્ચેની સંહાર નીતિને, પોતાનો પાયો બનાવનારી શાહીવાદી રાજ નીતિએ માનવ સંહારકતાની હદ વટાવી જઇને હિંદને આપવાની, આઝાદીના રૂપમાં સંતાડાયેલી માનવ સંહારક રાજનીતિનો દેખાવ રચી દીધો. એક દેશના બે દેશ ઘડીને, એક પ્રજાની બે પ્રજાઓ રચીને, અંદર અંદરની યાદવા સ્થલીની ઘટના ઘડીને, સૈકા જૂના શાહીવાદે હિંદ છોડવાની હા, ભણી, પરંતુ હિન્દ છોડી જતા પહેલાં, આ રાષ્ટ્રના જીવનમાં તેણે ભેદ નીતિ ભારી દીધી. આઝાદીમાંજ એનું આરંભનું રૂપ સંહારની કાર્યવાહી કરવાનું બન્યું. આ સંહાર રૂપનો, મહમદઅલી જીન્નાએ ઘડેલા, કોમવાદી લીગનો ઠરાવ બનેલા અને ભાઇ ભાઇનો સંહાર કરવાના "ડાયરેકટ એકશન" થી આરંભ થયો. સંહારની આ ક્રિયાનો પાયો શાહીવાદી રાજનીતિનું રૂપ ધારણ કરીને આખરી દોરી સંસાર કરતો બેઠો.

૧૫ ઓગસ્ટની, શાહીવાદ રચિત આઝાદીની યોજનાના આરંભના સમા ચાર ગાંધીજીએ દિલ્હીના પોતાના ભંગીવાસમાં સાંભળ્યા. આખા દેશ પર આ

સંહારની આગ ફેલાઇ ગઈ. આ આગની જ્વાલાઓને પીતો અને પ્રજ્વળતો ગાંધીજી-નો રાષ્ટ્ર જીવ પોતાના આશ્રમવાસીઓને કહેતો હતો, "આ અગ્નિઝાળને ઠારવા, દિલમાંથી વૈરવૃત્તિ જે શમાવી શકે તેનાં જ બલિદાન, કામ આવશે. આવાં બલિદાન માટે, વેદી પર પહોંચી જવાની જેની ઉમેદ હોય તે તૈયાર થાય !"

જવાહરલાલ સાથે ગાંધીજી પોતાના કાર્યક્રમની મસલત કરતા, અરણ્ય રૂદન જેવા અવાજમાં વલોવાઈ જતા દિલની વાતના કહેતા હતા, "કોમવાદનું ગાંડપણ આખા રાષ્ટ્ર પર પથરાવા માંડયું છે. ભલભલા આ ઉન્માદમાં સપ ડાવા માંડયા છે. નોઆખલીના સમાચારે મને હચમચાવી મૂકયો છે. સેવાગ્રામ જવાનો મારો કાર્યક્રમ રદ કરીને હું ત્યાં જઉં છું જ્યાં, માનવ સંહારે માઝા મૂકી છે"

કેવું ભયાનક આ દર્શન હતું ! કેવો જ્વાળ ભાગતો આ રાષ્ટ્રની ભૂમિ પરનો દાવાનળ દેખાતો હતો ! શાહીવાદ જતો હતો પણ જતાં જતાં એણે આજ સુધી અખત્યાર કરેલી ભાઈ ભાઇમાં ભેદ પડાવવાની અને આંતર કલહને જલતો રાખીને આ ભૂમિ પર શાસન કર્યા કરવાની રાજનીતિનો ભયાનક આગને એ આઝાદીની રચનાની અંદર જ ચાંપી જતો હતો !

"એને અહિંસાથી હાલવવી પડશે. શાહીવાદે આઝાદીમાં દીધેલી પોલીસ, કે લશ્કર કે નોકરશાહી તે નહીં કરી શકે. હીંસાનું ક્રિયાવિધાનજ તે તો કરી શકે છે." ગાંધીજીનું મનોમંથન શરૂ થઇ ગયું. આજના કાર્યક્રમની વિકરાળ દશા પર વિહવલ બન્યા વિના, એ તપસ્વીની નજરમાં આર્દ્રદૃષ્ટિ ઉભરાવા માંડી. આ નજરની એક પાંખ આવતી જ કાલના કાર્યક્રમ પર મંડાઇ હતી, બીજી પાંખ, આઝાદીના સંરક્ષણ માટે, શાહીવાદી લશ્કરવાદ સાથેની કોઇ પણ સંધિનો અસ્વીકાર કરતી, રાષ્ટ્રના અંદરના સહકાર, સહચાર વચ્ચેની બળજબરી જેવી દરમ્યાનગીરીનો ઈન્કાર કરતી હતી. આ ભવ્ય નજરની એક પાંખ આજના જ વ્યવહાર માટે ઉત્સુકતાથી ઉડવા માંગતી હતી પણ બીજી પાંખનું આખર દર્શન પણ અનંત ભાવીને આવરી લેતું એક સાથે ઉડ્યન કરતું હતું.

આ નજર એકધારી કયારની ય કામ કરવા મંડી હતી. ગાંધીજીએ એટલે જ આઝાદી દેવા આવેલા કેબીનેટ મીશનને સાફસાફ કહી દીધું હતું કે "અમારે આઝાદી લેવાના વચલા ગાળામાં કે આઝાદી પછી, અમારા અંદરના બચાવ માટે કે બહારના આક્રમણના સામના માટે, તમારી કોઇપણ જાતની લશ્કરી સહાયતાની જરૂર નથી. તમારી સહાય કોમકોમ વચ્ચેની ભેદનીતિને વધારશે. તમારી લશ્કરી મદદ, આ એક રાષ્ટ્રના ટુકડા કરશે, અને એ ટુકડા

વચ્ચે ઝઘડાઓને જીવતા રાખીને તમારી સહાય અને દરમ્યાનગીરીને ચિરંજીવ જરૂરિયાતવાળી હોવાનો દાવો કરશે.

જવાહરલાલને પરદેશનીતિ દાખવતું આર્ષ દર્શન

ગાંધીજીએ, રાષ્ટ્રલિલચાલના એકએક તબક્કામાં ભારતપરની એકતા વચ્ચે અંતરાય બનનારી આંતરવિગ્રહ જેવી હુલ્લડોના સ્વરૂપવાળી શાહીવાદની ભેદનીતિ દેખી હતી. આજે ભેદની નીતિએ અતિ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

આ દેશને છોડી જતો શાહીવાદ ભવિષ્યમાં તેના પર પોતાનો કાબુ ટકાવી રાખવા, એક દેશના, બે દેશ બનાવીને અને બન્ને વચ્ચે ભેદનીતિની ફાચર મારવા તૈયાર થતો હતો. આ રીતે, અંદર અંદરના યુદ્ધનો વ્યૂહ રચીને અંદર અંદરની અખંડ હુલ્લડ જેવી પરિસ્થિતિને કાયમ કરીને, બન્ને પક્ષને પોતાની લશ્કરી મદદ આપવાની તૈયારી બતાવીને, બન્ને પર આંતરવિગ્રહની રચના વડે પોતાનું સ્વામીત્વ ટકાવી રાખવા માગતો હતો.

ગાંધીજીએ, આ શાહીવાદી ભેદનીતિનો ઈન્કાર કર્યો તથા દેશની વિમુક્તિને ટકાવી રાખવા માટે અંગ્રેજી કે કોઇપણ શાહીવાદની આવી ભેદની ઘટનાને કદિ પણ નહીં સ્વીકારવાની આઝાદ ભારતની પરદેશનીતિનો પાયો નાખ્યો.

જ્યાં જુવો ત્યાં વિમુક્તિનું વિશ્વરૂપ

પહેલું વિશ્વયુદ્ધ આ જગત પર આવ્યું તે પહેલાં આપણી પૃથ્વીને અથવા વિશ્વને દેખો ! કેવું, વિશ્વયુદ્ધને લાવનારા મહાકારણ વડે અપણા જગતનું શાહીવાદવડે છવાઇ ગએલું એવું સ્વરૂપ માલમ પડે છે ! આપણા વિશ્વના રૂપપર ત્યારે માનવજાતનું અખંડ ઝરતું લોહી આ પૃથ્વીના ગોળાને રાતો બનાવ્યા કરતું દેખાય છે. આવું વિશ્વપરૂપ વિશ્વપર અધિકારી બની ચૂકેલા શાહીવાદે અથવા વિશ્વયુદ્ધની ઘટનાએ નિર્માણ કર્યું હતું. આ ઘટના ત્યારના સમયમાં અંગ્રેજી ઘટના હતી. આ ઘટનાનું વિશ્વરૂપ, જી–કે, ચેસ્ટરટને ગાયું હતું. ચેસ્ટરરને લખેલી એક કવિતાની કડીઓ કહેતી હતી કે આખું વિશ્વ, એક માત્ર ઈંગ્લેંડ અથવા બ્રિટન બની ગયું છે. × એ કવિતા ગાતી હતી

×The earth is a place on which England is found.

And you find it however you turned the globe round.

For the spots are all red and the rest is all grey.

And that is the meaning of Empire Day."

કે આખું જગત, ફ્રિટનમય અથવા ફ્રિટન નામના શાહીવાદી દાનવના ઉદરમાં ઉતરી ગયું છે, અને શુન્ય બની ગયું છે. શુન્ય બનેલા વિશ્વપરનું વિશ્વયુદ્ધનું શાહીવાદી એકમ એકલું જ દેખાતું હતું તથા, એના સિવાયનું જે કંઈ બાકી રહ્યું હતું તે માત્ર મહાસાગરો હતા. આખા જગતનું શાસક બનેલું આ સામ્રાજ્ય એક મોટો સામ્રાજ્યવાદ અથવા વિશ્વયુદ્ધની ઘટનાવાળો અધિકારવાદ હતો.

પછી વિશ્વયુદ્ધની આ ઘટનામાંથી, ઇ. સ. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું અને પછી ૧૯૩૯માં બીજું શરૂ થયું. વિશ્વયુદ્ધના અંતમાં, પેલું સામ્રાજ્ય હચમચી ગયું. હચમચી ઉઠેલા સામ્રાજ્યના ઉદરને ફાડીને જાણે મોત પામવાનો ધિક્કાર કરતી માનવ જાત, વિશ્વ માનવજાતનું વિમુક્તિનું આવાહન કરતી, સામ્રાજ્યવાદની દિવાલને રસદ્વેશ આગળ તોડી નાખીને બહાર નીકળતી હતી.

વિમુક્તિના આ નૂતન રૂપની નૂતનતા એ હતી કે, વિશ્વયુદ્ધની સામ્રાજ્યવાદી ઘટનાને તોડનાર અને વિમુક્તિનું કમાડ ખોલનાર, ઇતિહાસના આ તબક્કામાં, શ્રમ-માનવો પણ હતાં. આ શ્રમમાનવોનું સ્વરૂપ શાહીવાદે જગતપર સંસ્થાનિક ગરીબાઇ અને ભૂખમરો સરજી દીધો હોવાથી વિશ્વભરનાં તમામ માનવો સાથે એકમય બની ચૂકયું હતું. વિશ્વભરનો માનવજાત હવે એક માનવસમુદાયનું સંયુક્ત સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી, તથા આંતરરાષ્ટ્રિય સંગઠનરૂપ પામતી હતી.

બીજા વિશ્વયુદ્ધના અંત પછી; વિશ્વશ્રમમાનવોનું સંગઠનરૂપ

વિશ્વશાંતિની ઘટના જેવો શ્રમમાનવ સંઘ હવે પોતાનું વિશ્વ સંગઠન ઘડી ચૂકયો હતો. ૧૯૪૫ ના ફેબ્રુઆરીની છઠ્ઠી સુધીની સત્તરથી તે એ તારીખો તેની સંમેલનની સાક્ષી બનતી હતી.



એ ઐતિહાસિક તવારીખે ઇતિહાસમાં પહેલીવાર આખી દુનિયાનાં શ્રમ માનવોનાં પ્રતિનિધિઓ, લંડનના કાઉન્ટી હોલમાં મળ્યાં.

એ આંતરરાષ્ટ્રિય ટ્રેડ યુનીયનની પરિષદમાં છ કરોડ સંગઠિત કામદારોનાં ૨૦૪ પ્રતિનિધિઓ ૪૨ દેશોમાંથી આવ્યાં.

એ ૨૦૪ પ્રતિનિધિઓમાં જુદા જુદા રાજકીય પક્ષના આગેવાનો હતાં, પીઢ કામદાર નેતાઓ હતા. અને જનતાના મૂળભૂત હકકોની નાનીમોટી લડાઇઓ લડેલા અનેક લડવૈયા હતા.

ત્યાં શ્રમમાનવોની આખી દુનિયાનાં દેશવાસીઓ પહેલીવાર મળ્યાં. આખી દુનિયાની ભાષાઓ એક જબાનમાં એકઠી થઈ. આખી દુનિયાના રાજકીય પક્ષોની

કામદાર જનતાનાં હિતોમાં એક સંયુક્ત નીતિ, પરિષદની રણહાક બની રહી. આખી દુનિયાનાં અદનાં માનવો જ, લોહીલુહાણ બનેલા, સંહારાયેલા, ઉજ્જડ થએલા જગતને અને માનવજાતને આવતી કાલની સમાન અને ન્યાયી દુનિયાનાં નિશાન દાખવી શકશે તે વાત પૂરવાર થઇ ગઈ.

દશ હજાર વરસ પછી ઇતિહાસનું માનવજાત સમરતના હિતનું, સમાન ન્યાયનું અને જીવનવિકાસના જતનનું પ્રકરણ, પ્રથમવાર આલેખાયું. દશહજાર વરસથી કચડાયેલી માનવતાની મોટી લડાઇઓમાં ઘડાયેલો અનેક અગ્નિપરિક્ષાઓમાંથી પસાર થએલો સંગઠનનો વિશ્વઆકાર પહેલીવાર ઘડાયો. ન્યાય સમતાનો હજારો વરસ પહેલાં ઉગેલો અવાજ અનેક અથડામણો, યાતનાઓ, કલહો, અને સંગ્રામોમાંથી પસાર થઇને કચડાયેલી માનવજાતના સંગઠનની તાકાત બનીને, રાજનીતિઓના આંતરરાષ્ટ્રિય લોકશાહી પરિપાકનું વિરાટરૂપ ધરીને પહેલીવાર દેખાયો અને સંભળાયો કે :

" અમે યુનાઇટેડ કીંગડમ, અમેરિકા, સોવીયટરૂસ, ઓસ્ટ્રેલીયા, બેલજીમ, કેનેડા, ચીન, કોલંબીયા, કયુબા, ઝેકોસ્લોવાકીયા, ફ્રાન્સ, હિંદ, મેકિસકો, નીધરલેન્ડઝ, ન્યુઝીલેન્ડ, નોરવે, પોલેન્ડ, દક્ષિણ આફ્રિકા, યુગોસ્લાવીયા, પેલેસ્ટાઇન, સીપ્રસ, બ્રિટીશ ગીએના, જમેઇકા, નાઇગીરીયા, સીરાલીઓન, ગંબીયા ગોલ્ડકોસ્ટ, ઉત્તરરોડેશીયા, ઉરેગ્વા, આઇસ્લિલેન્ડ, આયર, સ્પેઇન, સ્વીડન, સ્વીત્ઝરલેન્ડ, ફીનલેન્ડ, ઇટાલી, બલગેરીયા, કોસ્ટારીકા, ડોમીનીકન રીપબ્લીક, ઇકવેડોર, પનામા અને પેરૂનાં, કામદાર જનતાનાં ટ્રેડયુનીયનોનો નિરધાર સંભળાયો. ૪૨ દેશોના શ્રમજીવીના પ્રતિનિધિઓએ ૧૯૪૫ની ફેબ્રુઆરીની ૬ઠ્ઠી થી ૧૭મી સુધી લંડનના કાઉન્ટી હોલમાં પોતાની કાર્યવાહી ચલાવી. એણે સંયુક્ત રાષ્ટ્ર સંઘની કાર્યવાહીને અભિનંદન આપ્યાં. એણે સાન-ફ્રાનસીસ્કો પરિષદમાં પોતાના છકરોડ સંગઠિત કામદારોના નામમાં વિશ્વ ટ્રેડ-યુનીયનના સ્વીકાર માટે દુનિયાની સરકારોનાં કમાડ ખખડાવ્યાં.

જગત જનતાને કચડવાને અને તેમને શાસનના વહીવટમાંથી બહાર રાખવાને ટેવાયેલી દુનિયાની સરકારોને જનસંગઠનના આ નવા લોકઆકારની સમર્થ તસ્વીરથી મુંઝવણ તો થઈ. પણ ઇતિહાસના સૈકાઓએ ઘડેલો એ આકાર એથી પોતાના નિર્ણયો લેતો થંભી શકે તેમ નહોતું. વિશ્વશ્રમમાનવના એ સંગઠનની પાછળ અચૂક રીતે આવેલું નવી દુનિયાની સર્વાંગી એકતાનું ઐતિહાસિક નિશાન આખેહૂબ બન્યું. લાખોનાં બલિદાન દઈને, દિવસરાતભર અથાગશ્રમ વહાવીને, મોરચાપર અને કારખાનાંઓમાં આપભોગની ઉજ્વલતા જમાવીને,

એણે જ જગતભરની જનતાને ગુલામ બનાવવા નિકળેલા ફાસીવાદી પશુને પરાસ્ત કર્યો હતો. આજે એ પરાજય પછી આવાં ખુનખાર યુદ્ધો અટકાવવા અને માનવતાના સંહાર મચાવતા નફાખોર બળોને થંભાવી દેવા, જગતની શાંતિ અને એકતાનો રાહ દાખવનાર, એના વિના બીજું કોણ વધારે યોગ્ય હતું? એના વિના શાંતિ અને લોક એકતાના અમલની વધારે તાકાત અને તાકીદ પણ બીજા કોની હતી?

અવો જગત જનતાનો શ્રમમાનવસંઘ ત્યારે જગતશાંતિની જવાબદારીને હાથ ધારણ કરતો હતો.

એ જવાબદારીને અદા કરવામાંજ બીજા વિશ્વવિગ્રહની અગ્નિપરિક્ષાઓ પામેલો જગતનો શ્રમમાનવ પોતાનો નવો સંઘ ઘડી ચૂક્યો હતો.

એ સંગઠનનો આકાર ઘડનારી એક કમિટિ (વર્ડ ટ્રેડ-યુનીયન કોનફરન્સ કમિટિ) ચુંટવામાં આવી. એ કમિટિના સભ્યો તરીકે અમેરિકા, ઇગ્લેંડ, ફ્રાન્સ અને સોવીયટ દેશમાંથી અને લેટીન અમેરિકન પ્રદેશોમાંથી દરેકમાંથી ત્રણ ત્રણ સભાસદો લેવામાં આવ્યા. એ કમિટિમાં કેનેડા, ઓસ્ટ્રેલિયા, હિંદ, ચીન, બેલજીયમ, નીધરલેન્ડઝ, નોરવે. સ્વીઝરલેન્ડ, સ્વીડન, યુગોસ્લાવીયા, ઝેકોસ્લોવાકીયા, સ્પેઈન, આઈસિલેન્ડ, આયરલેન્ડ, બલગેરીયા, ઇટાલી, રૂમાનીયા, અને ફીનલેન્ડ વિગેરેમાંથી દરેકમાંથી એક સભાસદ ચુંટાયો તથા બ્રીટિશ કોમનવેલ્થમાંથી બે સભાસદો આવ્યા.

ઇતિહાસમાં પહેલીવાર જગતનો શ્રમમાનવ આ રીતે એના સંગઠનની વિશ્વવ્યાપક તસ્વીર ઘડીને આખી દુનિયાની સરકારો સાથે સમાજ ઘટનાની વહીવટી વાતચીત કરવા માંડ્યો. પહેલીવાર અદનો માનવી જીવનવ્યવહારની નવી ઘટના બાંધવામાં પોતાનો અવાજ લોકસંઘટ્ટનનો અધિકાર ઘડીને પેશ કરી શક્યો. આ રીતે પહેલીજવાર આખો માનવ સમાજ છેક ઉપરના વર્ગોથી માંડીને તે પાયા સુધીના, માનવ સમુદાય સુધી સંગઠિત ભાનવાળું નૂતનરૂપ ધારણ કરી શક્યો.

એ કમિટિએ ઘડેલા બંધારણને ૧૯૪૫ના ઓકટોબરના ત્રીજા દિવસે મળેલી વિશ્વ ટ્રેડ યુનીયન પરિષદે પેરીસમાં અપનાવ્યું. એ બંધારણની ઘટના ટ્રેડ યુનીયનોનો વિશ્વસંઘ (world Federation of trade unions) બન્યો. પેરીસે એની પહેલી પરિષદ ભરી. એ પરીષદે જગતભરની લોકજનતાના હિતની એકતા, રાજકારણની એકતા અને જગતભરનાં શ્રમમાનવોની ઐતિહાસિક સંગઠિનની એકતા સાબીત કરી. આ નવી વિશ્વઘટનાનાં પ્રેરક પરિબળો

જેવા હિંદ-ચીન, સોવીયટ દેશ, આઝાદ બાલકનદેશો અને લેટીન અમરિકી પ્રદેશોના કામદાર સંઘો બીજાં સંગઠનો સાથે સંપૂર્ણ લોકશાહીની રીતે નવી ઘટનામાં ઉમેરાયા.

એ સંપૂર્ણ લોકશાહી બંધારણમાં વિશ્વ શ્રમમાનવોના સંઘોની એક અને અતૂટ એવી એકતા બંધાઈ. ગમે તેવો વિશાળ અને મજબુત ટ્રેડયુનીયનવાળો કોઇ પણ એક દેશ પોતાની વિશાળ સંખ્યાના બળથી આખા વિશ્વસંઘ પર બહુમતિનું વજન ન લાદી શકે તેવું બંધારણ બનાવવામાં આવ્યું. એ બંધારણ પ્રમાણે ત્રણ કરોડની સભ્યસંખ્યાવાળા સોવીયટ દેશના ટ્રેડયુનીયનને ૪૨ પ્રતિનિધિઓ અને ૨૦૮ મત મળતા હતા તથા સિત્તેર લાખની જ સભ્યસંખ્યાવાળા બ્રિટીશ ટ્રેડયુનીયનને એ બંધારણ પ્રમાણે ચોવીસ પ્રતિનિધિઓ અને ૧૨૦ મત મળતા હતા, અને સી. આઈ. ઓની સાઠ લાખની સભ્ય સંખ્યાના ટ્રેડ યુનીયન સંઘને ૨૨ પ્રતિનિધિઓ તથા ૧૧૦ મત મળતા હતા. એ રીતે બ્રિટીશ ટ્રેડ યુનીયન અને સી-આઈ-ઓ જેવાં બે ટ્રેડ યુનીયનો જ ભેગાં મળીને ત્રણ કરોડની સભ્ય સંખ્યાવાળા સોવીયટ ટ્રેડયુનીયન સંઘના ૪૨ પ્રતિનિધિઓ અને ૨૦૮ મતોની સામે ૪૬ પ્રતિનિધિઓ અને ૨૩૦ મતો મૂકી શકતાં હતાં. બંધારણના લોકશાહી શિરસ્તા પ્રમાણે મધ્યસ્થ કમિટિના સભ્યો મુખ્ય મંત્રીને ચુંટતા હતા અને પરિષદની રાહ જોયા વિના દર બે વરસે નવો મંત્રી ચુંટી શકાતો હતો.

આ બંધારણ પ્રમાણે શ્રમમાનવોના વિશ્વસંઘનો પહેલો મહામંત્રી ફ્રેંચ કામદારોનો આગેવાન અને ફ્રેંચ રાષ્ટ્રના ફાસીવાદ વિરોધી મોરચાનો પ્રમુખ લુઈ સીલાં, ચુંટાયો તથા સંઘની મુખ્ય કચેરી પેરીસમાં બેઠી. સીટ્રાઇન, કાર્યવાહીનો પ્રમુખ ચુંટાયો તથા બીજાં સાત ઉપપ્રમુખો સાથે કુલ નવજણની 'એકઝીકયુટીવ બુરો' બની.

આંતર રાષ્ટ્રિય ઉત્થાનનું સંસ્થાન જગત

શ્રમ માનવોના ઉત્થાનની સાથે સાથેજ પરાધીન એવા માનવ સમુદાયો, શાહીવાદના અધિકા નીચેના પરાધીન સંસ્થાન બનેલા જગતમાંથી હવે વિમુકત બનીને નૂતન આંતરરાષ્ટ્રિય નીતિમત્તાને ધારણ કરીને ઉકવા લાગ્યા. એશિયાઇ વારસાની અથવા માનવ ધર્મની ઇતિહાસનાં મૂલ્યોની આ પ્રતિષ્ઠા હિંદમાં ગાંધીજીએ નૂતન ઉત્થાન માટે કરી. આ પ્રતિષ્ઠામાં ધર્મોના ક્રિયાકાંડોનાં વિષચક્રો જેવા કોકડાં નાબૂદ થયાં આ પ્રતિષ્ઠામાં એશિયા કે આફ્રિકાના દેવળો અને મંદિરો નિરર્થક દેખાયાં. આ નૂતન પ્રતિષ્ઠાએ, તમે ભગવાનમાં માનો છો કે નહીં

તેવો કોઇ સવાલ પૂછ્યો નહીં. આ પ્રતિષ્ઠાના પાયામાં પુન જન્મના ખ્યાલ જેવો કોઈ પણ ખ્યાલ જરૂરી લેખાયો નહીં. આ પ્રતિષ્ઠાએ આડાં અવળાં કે, લાંબાં ટુંકાં ટીલાંઓ અને માળાઓ કે સાથીયાઓ અને ક્રુસોનાં ચિહ્નોને નિરર્થક ગણ્યાં. માનવ વ્યવહારના નૂતન કાનૂન ઉપરજ આ પ્રતિષ્ઠા મારફત એશિયાનું પુનરૂત્થાન થઈ શકશે તે બાબત વિમુક્ત બનતાં એશિયાઇરાષ્ટ્રોને સમજાઈ. આ પ્રતિષ્ઠા પર પગ ગોઠવીને, એશિયાના બે મહાન રાષ્ટ્ર બાંધવોનાં બડા પ્રધાનો નિશ્ચલ એવા નિરધારથી ઉભા હતા અને નમ્ર છતાં દૃઢ એવા અવાજ વડે, ચીન અને ભારતના વિરાટ સમુદાયોની નૂતન લોકશાહીનો આંતર રાષ્ટ્રિય નીતિમત્તાનો નિરધાર સંભળાવતા હતા. આ નિરધારનું વજ્રરૂપ કુસુમ કરતાં પણ સુકોમળ હતું. આ નિરધારનું મૂલ્ય શસ્ત્રોનાં ભંડારીયાંમાંથી ઘડાયું નહોતું પરંતુ માનવ ધર્મની કણિકાઓમાંથી મઢાયું હતું. આ એશિયાઇ સંસ્કૃતિનો માનવ ધર્મ નામનો વારસો પશ્ચિમના માધાંતાઓને પણ સમજાવવો હતો કે આજે વિશ્વઇતિહાસની સંસ્કૃતિનું આજનું આંતરરાષ્ટ્રિય મૂલ્ય વિમુક્ત રાષ્ટ્રોના સાર્વભૌમત્વ ઉપરજ ટકી શકે તેમ છે તથા તેની બીનદરમ્યાનગીરીવાળી અખંડિતતા વડેજ વિશ્વશાંતિ રચી શકાય તેમ છે.

આ સાર્વભૌમત્વ વિમુક્તિના સત્વનું બન્યું હતું. એવું જ બીજું સત્વ સહઅસ્તિત્વનું હતું. આ સહઅસ્તિત્વ માટે અનીવાર્ય રીતે જરૂરી એવું બીન દરમ્યાનગીરીનું રૂપ સૌ વિમુક્ત રાષ્ટ્રોની પુનર્ઘટના માટે અનીવાર્ય હતું. રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની ન્યાય સમતા બીજી કોઈ રીતે શકય નહોતી.

આ આંતરરાષ્ટ્રિય શિલની ઘટના ધારણ કરીને જ કોઇ પણ રાષ્ટ્રનું રાષ્ટ્રીય વ્યક્તિત્વ, કંગાલિયતને અને વિલાસીતાને દૂર કરીને, તથા નૂતન જગતની વૈજ્ઞાનિક તાકાતને ધારણ કરીને, સહઅસ્તિત્વની કલ્યાણકારી વિપુલતા અથવા 'સાયન્ટીફિક ઓપ્ટીમમ'ને ધારણ કરી શકે. આવું રાષ્ટ્રીય વ્યક્તિત્વ જ બીજા એવાજ રાષ્ટ્રીય વ્યક્તિ સાથે શાંતિમય સહઅસ્તિત્વના બાંધવ ભાવને પરસ્પરના આંતરિક સંબંધોમાં બીનદરમ્યાનગીરી પૂર્વક જ ધારણ કરી શકે.

પરન્તુ આ બધાનો નિષેધ જેણે આજ સુધી કર્યો કર્યો હતો, તથા જેનું જીવન, આક્રમક અને દરમ્યાનગીરીના વર્તન પર જ ઉભું હતું, તે શાહી વાદી ઘટનાવાળા જૂના જગતને આ નૂતન દૈખાવ પસંદ પડી શકે તેમ નહોતું.

વીસ વરસ પર આલેખાયેલા (પાન–૭૬૩)કવિતાના પેલા કવતમાં જગતનું જે રૂપ પૃથ્વીના પટ પર ચિતરાયું હતું તે ત્રીસ વરસમાં કેવું પલટાઇ જતું માલમ પડતું હતું. ત્રણ દસકાના જ સમય ગાળામાં આપણી દુનિયાના પૃથ્વી પટ પર બે

વિશ્વયુદ્ધોનાં વિશ્વવ્યાપી તોફાનોના ઝંઝાવાત વાઈ ગયા પછી, એની એજ આપણી પૃથ્વી પોતાની કાયા પર કેવાં નવાં નવાં રૂપ ધારણ કરીને વિમુક્ત રાષ્ટ્રોની ધારિત્રિ બનવા માંડી હતી! હવે કવિતામાં ગવાએલા પૃથ્વીના એ ગોળાને કવિતામાં લખ્યા પ્રમાણે ગમે ત્યાંથી ફેરવો તો શું દેખાય છે! કોઇને કોઈ રાષ્ટ્ર પર વિમુક્ત બનતા માનવ સમુદાયો, ગમે તે પટ પર આખી પૃથ્વી પર, વિમુક્તિની હિલચાલ જગવે છે અને એકવાર આખી પૃથ્વીને ગળી ગએલા સામ્રાજ્યવાદની હસ્તીને પોત પોતાને ત્યાંથી મિટાવી દેતા, સમસ્ત વિશ્વની એક અને શાંતિમય માનવ જાતની વિશ્વશાંતિ અને વિશ્વ એકતાની છબીમાં પોત પોતાની પિંછીઓ લઈને વિશ્વશાંતિ અને વિશ્વસંસ્કૃતિનું રૂપ મઢવા આ નૂતન રાષ્ટ્રો મચી પડયા છે. આવા નૂતન સર્જનમાં વિશ્વશાંતિની ઘટના ઘડવામાં સૌએ સર્વસામાન્ય એવો વિમુક્તિનો પાયો સ્વીકાર્યો છે.

વિશ્વઇતિહાસનું નૂતન મૂલ્ય, રાષ્ટ્રોનું શાંતિમય સહઅસ્તિત્વ અને સાર્વભૌમત્વ

રાષ્ટ્રિયતા, અથવા રાષ્ટ્રિય અસ્મિતાના સ્વરૂપનો, એશિયાનાં રાષ્ટ્રોમાં પ્રથમ ઉદ્‌ભવ, પહેલાવિશ્વયુદ્ધપછી શરૂ થયો. વિશ્વઇતિહાસમાં એશિયા આફ્રિકામાં, દેખાવા માંડેલી આ અસ્મિતાનું રૂપ, રાષ્ટ્રિય આંદોલનોનું બન્યું. રાષ્ટ્રીય આંદોલનનું આ સ્વરૂપ, પરદેશી શાસન અધિકાર સામેની હિલચાલવાળું થયું. આ હિલચાલનું રૂપ, લોકશાહીવાળી રાષ્ટ્રીય સંસ્થાઓએ ધારણ કર્યું. એશિયા આફ્રિકાનાં રાષ્ટ્રોમાં જન્મ પામતી આ નવી અસ્મિતાનો આરંભ આ રાષ્ટ્રોની અંદર, તેની પલટાવા માંડેલી, રજવાડીજીવન દશાના અંતે લીધે હતું. આ પલટાનું મૂખ્ય કારણ, આ રાષ્ટ્રોપરનો શાહીવાદી શોષણ-અધિકાર પણ હતો. શોષણના આ સ્વરૂપે, પોતાના શોષક વ્યવહારની જરૂરિયાતોમાંથીજ, પરાધીન રાષ્ટ્રોની અંદરની રજવાડી જીવનપ્રથા, બદલવાના પ્રવાહો શરૂ કરી દીધા હતા. આ ઉપરાંત, આ પલટાનું બીજું કારણ, એશિયા અને આફ્રિકાનાં તમામ પરાધીન રાષ્ટ્રો પર બહારથી પણ બીજું એક કારણ આ પ્રગતિ માટેના પરિવર્તનની અસર પેદા કરતું હતું. બહારથી થતી આ પ્રવર્તક અસર, પહેલા વિશ્વયુદ્ધ પછી, વિશ્વઇતિહાસમાં પેદા થએલા અને પગભર બનતા, રશિયન સમાજવાદની જીવનઘટનાની અસર હતી. આ અસર, આખા જગતનાં રાષ્ટ્રોમાં ક્રાન્તિકારી આંદલનોને, આંતરરાષ્ટ્રિય રીતે. સૌ રાષ્ટ્રોના સિમાડાપર પહોંચાડી શકી હતી. આ પ્રમાણે અંદર અને બહારનાં આ કારણોની અંતર્ગત બનતી અસરો, શાહીવાદનો નાશ ભાગનાર અને વિમુક્ત બનવાની હિલચાલ

જન્માવનાર, રાષ્ટ્રવ્યાપી એવાં, લોકશાહી આંદોલનો અથવા, સામુદાયિક આંદોલનને જન્મ આપતી હતી. બીજા વિશ્વયુદ્ધનાઅંતમાં તો, એશિયા અને આફ્રિકાનાં રાષ્ટ્રોએ, નૂતનવિમુક્ત એવાં લોકશાહી રાષ્ટ્ર એકમોનું સ્વરૂપ ધારણ કરી લેવા માંડયું. યુરોપનાં વિમુક્ત છતાં શાહીવાદી રાષ્ટ્રોના સ્વરૂપથી આ નૂતન વિમુક્તિનું નવું રાષ્ટ્ર સ્વરૂપ બીલકુલ જૂદું હતું.

યુરોપનાં રાષ્ટ્રોનું રૂપ, ઉદ્યોગક્રાન્તિ કરીને, પોતાનું સાર્વભૌમત્વ સ્થાપીને, પોતાના સર્વાધિકારી રાષ્ટ્ર સ્વરૂપના આક્રમક ધસારા બીજા રાષ્ટ્રોપર કરીને, જગતને પોતાનું ગુલામ અથવા, સંસ્થાન, બનાવવા નીકળતાં રાષ્ટ્રોનું શાહીવાદી રૂપ હતું. એવું સાર્વભૌમત્વ રૂપ આ નવાં રાષ્ટ્રોનું નહોતું. આ નૂતન વિમુક્તિ પામતાં રાષ્ટ્રોએ આજ સુધી પરાધીનતા નીચેની જીંદગી પસાર કરી હતી. આ રાષ્ટ્રોની આર્થિક દશા પણ ઔદ્યોગિક રીતે પછાત હતી. આ રાષ્ટ્રોમાં શાહીવાદી શોષણ નીચે ભયાનક ગરીબાઈ સરજાઈ ચૂકી હતી.

નૂતન વિમુક્ત રાષ્ટ્રોના સાર્વભૌમત્વનો ઇતિહાસ

આ નૂતન વિમુક્તિ ધારણ કરતાં રાષ્ટ્રો પાસે પોતાનો જ પોતાના એક સમયના સાર્વભૌમત્વનો ઇતિહાસ હતો. આ રાષ્ટ્રોની જીંદગીના પ્રાચીન અને મધ્યયુગી સમયમાં, આ રાષ્ટ્રોપર રજવાડી સાર્વભૌમત્વ જીવી ગયું હતું. આ સાર્વભૌમત્વનો મૂખ્ય અધિકાર. રાજા અને રાજન્યોનો હતો. આ સાર્વભૌમ અથવા સર્વાધિકારી રાજાની સંસ્થાનો અર્થ, એ હતો કે, પોતાના શાસન નીચેના પ્રદેશની અંદર, સર્વાધિકાર, આ રજવાડી સંસ્થાનો હતો. એટલે કે, પોતાના ઘડેલા, બધા કાનૂનોનો તેનો અધિકાર આખા પ્રદેશપર પ્રવર્તતો હતો પરન્તુ એજ કાનૂનોનો કશો અધિકાર, આ સર્વાધિકારી અથવા સાર્વભૌમ એવી રજવાડી સંસ્થાપર નહોતો. સાર્વભૌમત્વનુ આ સ્વયં નિરંકુશ અથવા સ્વચ્છંદ રૂપ પોતાના શાસનઅધિકારવાળા પ્રદેશની બહારના સર્વ પ્રદેશોપર અથવા આખા જગતપર છે, એમ માની લેતું હતું. પરન્તુ આ માન્યતાને પૂરવાર કરવી હોય તો તેણે દિગ્વીજય કરવા નીકળવું પડતું. આવા દિગ્વીજયો કરનાર ચક્રવર્તિઓની સંસ્થા તે સમયની યથેચ્છ અને સ્વચ્છંદ એવી સાર્વભૌમ સંસ્થાઓ હતી.

સાર્વભૌમત્વનું યુરોપીય સ્વરૂપ

પછી વિશ્વ-ઇતિહાસમાં સાર્વભૌમત્વનું યુરોપીય સ્વરૂપ યુરોપનાં રાષ્ટ્રોમાં યુરોપના, દેશોના, મહારાજાઓના, સમયમાં જ શરૂ થયું. પૂર્વના ચક્રવર્તિઓ જેવું જ, પોતે ઘડેલા, કાનૂનોના અમલથી પણ ઉપરવટ એવું સ્વચ્છંદ

અધિકારી સ્વરૂપ અથવા, દેવી અધિકારીરૂપ ધારણ કરવાનોઆ મહારાજાઓએ પ્રયત્ન તો કર્યો પરન્તુ, પ્રગતિશિલ અને ક્રાન્તિકારી એવા યુરોપમાં તે સફળ ન થયો. ત્યાંના વાણીજ્યના વર્ગોએ, સાર્વભૌમત્વની આ સ્વચ્છંદતાને, નિયંત્રિત બનાવી અને, રાજાઓને જ્યાં રહેવા દીધા ત્યાં પણ, તેમને, " કોન્સ્ટીટ્યુશનલ મોનાર્કસ " તરીકે અથવા નિયંત્રિત, શાસનના અધિકારી તરીકે જ રહેવા દીધા. યુરોપીય રાષ્ટ્રોનું આવું નિયંત્રણ રૂપ,પાર્લામેન્ટોના સર્વભૌમત્વવાળું બન્યું તથા, આ સ્વરૂપનું નામ લોકશાસન, અથવા " ડેમોક્રસી " પડ્યું.

યુરોપીય સાર્વભૌમત્વનો આંતરરાષ્ટ્રિય કાનૂન

યુરોપનાં આવાં સાર્વભૌમ રાષ્ટ્રોએ, પોતપોતાની વચ્ચે વહીવટી એકતા અને કાનૂની ઇન્સાફ જાળવવા માટે, આંતરરાષ્ટ્રિય કાનૂનો ઘડ્યા. આ આંતરરાષ્ટ્રિય કાનૂનો એકલા યુરોપના, અને અમેરિકન રાષ્ટ્ર અથવા યુ-એસ-એ માટે જ હતા. આ રાષ્ટ્રો એકલાં જ, સાર્વભૌમ રાષ્ટ્રો હતાં. એમના સિવાયની આખી દુનિયા તો, એમનું સામ્રાજ્ય હતી અથવા ગુલામ હતી. એટલે પોતે જ આઝાદ જગત બનીને, આ રાષ્ટ્રોએ સૌ રાષ્ટ્રો માટે, સૌનું સાર્વભૌમત્વ સાચવવા માટે, એકબીજાની આંતરિક બાબતમાં, દરમ્યાનગીરી નહીં કરવાની તથા આ સૌ રાષ્ટ્રો માટે, જગતના, સમુદ્રોપર, આંતરરાષ્ટ્રિય જળભાગોપર, સમાનતાવાળા, ડાકુઓની મંડળી વચ્ચેના ન્યાય માટેના કાનૂનો રચ્યા.

પરન્તુ યુરોપીય રાષ્ટ્રોનું આ આંતરરાષ્ટ્રિય સમાનતાવાળું, પરસ્પર સાથેના, કાનૂની વર્તનવાળું સ્વરૂપ, સામ્રાજ્યવાદી ઘટનાને લીધે ટકી શકયું નહીં. આ સૌ સાર્વભૌમોનો એકમાત્ર વ્યવહાર આખા જગતપર બબ્બરો લૂંટવાનો, તથા, જ્યાં શકય હોય ત્યાં બધેજ અસમાન રીતે, પગપેસારા, અને દોરી સંચારો કર્યા કરવાનો તથા, એકમેકની અસરોને ખતમ કરીને પોતપોતાના સામ્રાજ્યનો વધારો કર્યા કરવાનો હોવાથી, આ વિમુકત શાહીવાદી રાષ્ટ્રોની મંડળીએ અંદર અંદરની સમાનતાના આંતરરાષ્ટ્રિય વ્યવહારના કાનૂનો, એકબીજા પર અને આખા જગતપર આક્રમણો અને શોષણ કર્યા કરવાના દરેકના વ્યવહારને લીધે તોડી નાખવા માંડ્યા. વિશ્વઈ તિહાસના સૌ અભ્યાસીઓ તેથીજ સહમત થયા કે, શાહીવાદી ઘટનામાં જગતના, કોઇપણ રાષ્ટ્રો વચ્ચે, આંતરરાષ્ટ્રિય વ્યવહારની ' સમાનતા ' નામની કે શાંતિમય સહ-અસ્તિત્વ નામની નીતિમત્તા શકય જ નથી આંતરરાષ્ટ્રિય સમાનતાનો ઇન્સાફી સમાન કાનૂન, પરસ્પરની બીન દરમ્યાનગીરી, અને શાંતિમય સહઅસ્તિત્વ જેવી, માનવ જાતની વિશ્વસંસ્કૃતિની આંતરરાષ્ટ્રિય નીતિમત્તાનું સ્થાપન શાહીવાદી ઘટના વાળા વિશ્વમાં કેવળ અશકય હોય છે.

વિશ્વઇતિહાસના આટલા સમયસુધીના દર્શને બતાવ્યું કે, જગતનો અધિકાર શાહીવાદી ઘટના પાસે હોય ત્યાં સુધી, ફ્રેંચ ક્રાન્તિ કે અમેરિકન ક્રાન્તિએ કરેલી, "માનવ માત્ર સમાન"ની વ્યવહાર નીતિ, આક્રમણખોર અને શોષક એવા શાહીવાદના આંતર રાષ્ટ્રિય કાનૂનનીચે શક્યજ નથી એટલુંજ નહીં પરંતુ જગતભરમાં, કોઈપણ રાષ્ટ્રો સાર્વભૌમત્વ ના વ્યવહારમાં પણ, શાંતિમય સહઅસ્તિત્વને ધારણ કરનારી રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની સમાનતાને ધારણકરી શકતાં નથી.

નૂતન વિમુક્તિનું નુતન સાર્વભૌમત્વ

નૂતન વિમુક્તિનાં નૂતન રાષ્ટ્ર સ્વરૂપો, જે શાહીવાદી ઘટનાની નાબુદીના પરિણામે, તથા શાહીવાદી ઘટનાનો નાશ કરીને, સમાજવાદી સામાજિક ક્રાન્તિના પાયા પર જન્મવા માંડ્યાં છે તેવાં નૂતન એવાં, સમાજવાદી ધ્યેયવાવાં, લોકશાહી શાસનો, વિશ્વઇતિહાસમાં પહેલીવાર, આંતરરાષ્ટ્રિય સંબંધમાં સામન સાર્વ ભૌમત્વના, અને શાંતિમય સહઅસ્તિત્વના પાયા પર આરંભ પામવા માંડ્યાં છે. વિશ્વઇતિહાસનાં આ નૂતન રાષ્ટ્ર મૂલ્યોવાળાં, આંતરરાષ્ટ્રિય ન્યાય સમતાવાળાં, રાષ્ટ્ર એકમોનું અસ્તિત્વ, શાહીવાદી ઘટનાના, નાશ પર શરૂ થયું. છે. આ ઘટનાનું વિશ્વ–રૂપ, અથવા જગતપર પથરાયલું કોચલું, પહેલીવાર, રશિયામાં તૂટ્યું અને ત્યારપછી પરાધીન પ્રદેશોએ, આ ઘટનાને, પોતપોતાના રાષ્ટ્રોમાં તોડવા માંડી છે.

આ શાહીવાદી ઘટના, જગતપરથી તૂટવા માંડી છે, તથા, આંતરરાષ્ટ્રિય, સમાન સાર્વભૌમત્વ વાળાં વિમુક્તરાષ્ટ્ર એકમોએ જ્યારે શાંતિમય અને સહકારમય, સહઅસ્તિત્વનો આંતરરાષ્ટ્રિય વ્યવહારનો કાનૂન ઘડવા માંડ્યો છે તેવા વિશ્વઇતિહાસના મહાન તબક્કામાં આજે આપણે જીવીએ છીએ.

વિશ્વઇતિહાસના ઈન્સાફી તખ્તનું, સાર્વભૌમ પ્રસ્થાપન, ચીની વિમુક્તિ

ચીનને માટે નેપોલિયને કહેલું કથન સૌ જાણે છે. એ કથન કરીને એણે કહ્યું હતું કે " અહીં તો રાક્ષસ ઉંઘતો પડ્યો છે. એને ઉંઘવા જ દો કારણકે જો એ જાગશે તો આખા જગતને હચમચાવી નાખશે. " ચીની ભૂમિપર ઉંઘતો પડેલો, રાક્ષસ ચીનનો જંગી માનવ વિરાટ હતો. એ ઉંઘ્યા જ કરે, તેમાં

યુરોપના સામ્રાજ્યવાદનું હિત હતું. એ માનવ વિરાટનું શોષણ એ ઉંઘતો હોય ત્યાં સુધી જ થઈ શકે તેમ હતું. શાહીવાદે આ અચેતન અને નિદ્રાધીન માનવ-વિરાટનું શોષણ શરૂ કર્યું. આ વિરાટના કલેવર પર શોષણના ડંખ, રોમેરોમે વળગી પડ્યા. રોમે રોમ પર વેદના અને યાતના ભર્યો એ જાગવા માંડ્યો. પહેલા વિશ્વયુદ્ધના અંત પહેલાંથી ઓગણીસમા સૈકાની અધવચમાંજ એ સળવળતો હતો. પછી જાગવા પહેલાનું એણે આળસ મરડ્યું અને સામ્રાજ્યવાદી શોષણની ઢાલ બનીને, આ મહાન દેશપર બેઠેલી મંચુ શાહેનશાહત આ વિરાટના કલેવર પર ઉગી હતી તે મૂળમાંથી ઉખડી પડી. હવે ચીન પર સૈકાઓ સુધી, જીવનનાં અંગે અંગને જકડી લઇને, ચીની વિરાટના કલેવરપર અનેક બંધનો બનીને ચોંટી ગયેલી આ રજવાડી જાળના બાંધા પેલા વિરાટે આળસ મરડીને તેડવા માંડ્યા. એવું આળસ મરડવાનું કામ હજુ ચાલુ જ હતું. "આખો એશિયા હવે આળસ મરડીને ઉઠવા માંડ્યો છે." એમ કહેતો, લેનીન, ઇ. સ. ૧૯૨૩ માં મરણ પામતી વેળાએ પણ, વિશ્વની વિમુક્તના પ્રાણના ધબકારા ગણતો, વિશ્વઇતિહાસના ઇન્સાફી તખ્તપર વિમુક્ત રાષ્ટ્રોની નૂતન ઝલક દેખતો હતો.

ત્યારે એશિયન વિમુક્તિના પાયાના સત્યનું સંશોધન કરતો હોય તેવો એક ચીની જૂવાન, ઇ. સ. ૧૮૯૩ માં હુનાન પ્રાંતના એક ગામડાના એક ગરીબ ખેડુતના ઝુંપડામાં જન્મીને, લેનીન અને માર્કસનો અભ્યાસ કરવા મચી પડ્યો હતો. ઇ. સ. ૧૯૨૪ માં, એ કુયોમીનટાંગની મધ્યસ્થ સમિતિનો સભાસદ બની ચૂકયો હતો. ચીનના સામ્યવાદી પક્ષનો એ આગેવાન હતો. ચીનના ઇતિહાસનો અભ્યાસનો પદાર્થ પાઠ જ્યાં ક્રિયાશિલ બન્યો હતો તે ચીની ઇતિહાસના વિમુક્તિના એકમનું નામ, શાઓ–શાન હતું. શાઓ, શાન, ચીની ધરતીપરનાં લાખો ગામડાંઓમાંનું એક ગામ હતું. આ ગામમાં એ જનમ્યો હતો. આજે ચીની ગ્રામ ઘટક પર એની નજર ઠરી હતી. ગ્રામ ઘટકનો સવાલ ચીની ઇતિહાસનો સવાલ હતો, એમ એ સમજ્યો." આ ગ્રામ ઘટકના સવાલનો ઉકેલ આણવાનો રસ્તોજ ચીની વિમુક્તિનો રસ્તો છે એમ એને સમજ્યું. એણે જાહેર કર્યું કે, ચીન અને સમસ્ત એશિયા ખંડની વિમુક્તિ લાવનારી ક્રાન્તિનો ઐતિહાસિક સવાલ, ગ્રામ–ઘટકના, ખેડુતના સવાલના ઉકેલ વડે જ ઉકેલી શકાશે અથવા સફળ બનાવી શકાશે." એમ એણે જાહેર કર્યું.

એશિયન વિમુક્તિનો આર્ષદ્રષ્ટા

ચીની ધરતીપર જન્મેલા, ચીની ક્રાન્તિ અને વિમુક્તિના આગેવાન બનેલા, આ, માઓ–ત્સે તુંગે, ચીનનો અભ્યાસ શરૂ કર્યો. એણે કહ્યું કે, ચીનની લોક



જનતા પાસેથી, ચીનો વિરાટ પાસેથી પહેલાં શિખ્યો અને પછી તેમને શિખવ્યો. આ મહાન શિક્ષકે ચીનની રૌઢાઓ જૂની શિક્ષણની રીતને અને શિક્ષણના અભ્યાસ-ક્રમને પલટાવી નાખ્યાં. આજ સુધીનું બધું શિક્ષણ તો, જૂના ગુરુઓએ ઘડેલાં, ગોખાગોખીની ગોખણપટ્ટીનું હતું. ચીનનાં નવાં જૂથોનો હવે માર્કસવાદના સિદ્ધાંતોને ગોખવા બેસાં હતા. આ સૌને એણે નૂતન વિદ્યા તરફ અભિમુખ બનાવ્યાં, અને, સૌનાં ચેતનાં, વિરાટ માનવ-સમુદાયના જીવનની સક્રિયતા તરફ ફેરવીને કહ્યું કે, "આ મહાન માનવજનના ઘૂઘવતા જતા પ્રવાહનો અભ્યાસ કરો અને શિખો. અભિમુખતાનો પહેલો ઉચ્ચાર ચીનની મહાન ધરતી પર ચીની રાષ્ટ્રપિતા, સુન-યાત-સેને અને ભારતનાં મહાન ભૂમિપુત્ર દિવંગત રાષ્ટ્રપિતા, ગાંધીજીએ કર્યો હતો અને ઓવાઈ ગએલા, દટાઈ ગએલા વિરાટમાનવને, જમીનનાં, ધનિકોનાં પડ નીચેથી બહાર લાવીને કહ્યું હતું, "આ ચીન છે, આ હિંદ છે." માઓ-ત્સે-તુંગે આ ચીનનો અભ્યાસ, આરંભી દીધો. એણે ગોખણપટ્ટીનાં ગોખાંની બધી રીતભાતોને રદ કરી નાખીને કહ્યું, "સૌ ગોખાંઓ, અથવા, 'ડોગ્મા' નિરર્થક છે, છાણ જેટલા પણ તે કામનાં નથી કારણ કે છાણનો ઉપયોગ તો ખાતર તરીકે પણ થાય છે, પરન્તુ ગોખાંઓની ગોખણ પટ્ટી ખાતર તરીકે પણ કામ નથી આવતી."

પછી હુનાન અને કીઆંગસી, પ્રાંતની સરહદ પરના ચીંકાંગશાન પર્વતના શિખરપર, માઓની, ચૂ-તેહ સાથે મુલાકાત થઇ. ચીનીલોક વિરાટની વિમુક્તિનો પદાર્થ પાઠ, ક્રાન્તિની વિરાટ પ્રક્રિયાનો છે, તે બાબત આ મુલા-કાતમાં નક્કર બની ગઇ. ચીની ધરતીપર ચીની વિમુક્તિનો "માઓ-ચુ" નામની બે પાંખો ઘડાઇ ગઇ. ચીન પર, માઓ-ચુ નામનું લડાયક નિરધારનું ચીની વિમુક્તિનું નામ એક વ્યક્તિત્વનું નામાભિધાન બનીને ચીની વિરાટના જલ-

સાગરમાં માછલું તરે તેમ તરવા લાગ્યું. ચીની માનવસમુદાયોએ આ નામ પર ઢંકાઓ રચી દીધી. માઓ સાથે, એકમય બનેલું વ્યક્તિત્વ ચુ-તેહ નામનું હતું.. ચુનો જન્મ ઝેશુઆં પ્રાંતના એક જમીનદારને ત્યાં થયો હતો. જમીનદારનો આ દિકરો, લશ્કરી તાલીમને ભણવા માટે, ઇ. સ. ૧૯૨૪ માં જરમની ગયો હતો, અને ત્યાં એણે લશ્કરી તાલીમ ઉપરાંત જર્મન સામ્યવાદી પક્ષપાસે, સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. પછી એ ટ્રાન્સ સાઇબીરીયન રેલને રસ્તે પાછો ચીનમાં આવી પહોંચ્યો. એણે પણ ચીનની ભૂમિ પર પગમૂકતાંની સાથેજ,



માઓનો જેમ ચીની વિરાટ સાથે એકમય બની જવા માટે ચીની વિમુક્તિનું નવું શિક્ષણ અને સત્ય સ્વતંત્ર રીતે પ્રતિપાદન કરતાં જાહેર કર્યું કે "ચીની જનવિરાટ નામના મહાસાગરમા આપણેમાછલાંછીએ. આ મહાસાગરમાંથી જીવનની ઉષ્મા અને અનુરાગને ચૂસી ચૂસીને જ આપણે તેમાં તરતાં રહી શકીએ." પછી આ બંને ભેરૂમંધોએ, વિરાટ-માંથી ચીની વિમુકિત નો સળંગ સૂત્ર જેવો ચીની ગ્રામઘાટકોના સવાલનો તંતુ પકડી લીધો અને આ તંતુઓના કરોડો તાણાવાણા વડે ચીની વિમુકિતની તસ્વીરને તેમણે રચવા માંડી.

ઇ. સ. ૧૯૩૧ માં, ચીનના કીઆંગસી પ્રાંત પર, ચીની વિમુક્તિનું પહેલું સ્વરાજ. માઓ-ત્સે-તુંગે ખૂલ્લું મૂકયું. છ જીલ્લાવાળું આ વિમુકત એકમ ચીની ધરતી પર જળહળી ઉઠયું. આ એકમે જ વિમુક્તિના પહેલા દીવડાનું રૂપ ધારણ કરીને, મંચુરીયા પર આક્રમણ કરનાર જપાનના, શાહી-વાદ સામે યુદ્ધ જાહેર કર્યું. પણ ચીનના બીજા પ્રાંતોમાં તો, જાપાનના શાહીવાદને શરણે ગએલો, જપાનના શાહીવાદની ખુશીખુશામત કરતો, ચીની રજવાડી, યુદ્ધખોરોની જમાતવતી ચીન પર રાજ્ય કરવા બેઠેલો, ચાંગ-કાઇ શેક હતો, એણે પેલા એક પ્રાંત પરના કીઆંગસી, નામના વિમુકત એકમનો સંહાર

કરી નાખવાની જાહેરાત કરી. ચાંગ-કાઇ-શેકની સંહાર યોજનાને જોઇએ તેટલાં શસ્ત્રો અને લશ્કરી નિષ્ણાતો આપવા માટે, શાહીવાદી દુનિયાની, જપાની, જરમન, અને અમેરિકન સરકારોએ પડાપડી કરી. ચાંગ-કાઇ-શેકે, લાખોનું લશ્કર આ શાહીવાદી, યંત્ર આયુધો વડે સજ્જ કર્યું. એનો આ સંહારક ધસારો,, આખા ચીનના, એક કીઆંગસી નામના પ્રાંતનો સંહાર કરી નાખવા નીકળી પડ્યો. ઇ. સ. ૧૯૩૧ થી ૩૭ સુધી સાત સાત સંહાર સંગ્રામો, આ વિમુક્ત એકમનો સંહાર કરવા લડાયા. ચીનની ધરતી પર વિશ્વ-ઇતિહાસના હજારો વરસનો કથાનકમાં ઓપભોગના, વિરોચીત અક્ષરો, વિમુક્તિની આ વિશ્વવિખ્યાત બનેલી પહેલી ઝબક જ્યોતના આલેખાયા. સાત સાત સંહાર સંગ્રામોની અગ્નિ પરીક્ષાઓ પછી ઘેરાઈ ગએલા, કીઆંગ્સી પ્રાંતે, તિબેટની તળેટી પાછળના ચીનનાજ એકબીજા પ્રાંત પર જીવતા પહોંચી જવા, હિજરત કરી. વિશ્વ ઇતિહાસનાં અતિ ઉજ્વલ પ્રકરણોમાં અસાધારણ અને અનોખું એવું આ લાંબાકૂચનું 'એપિક' કહેવાયેલું પ્રકરણ ઓળખાઇ ગયું.

ચીની વિમુક્તિની હિલચાલના મહાસંગ્રામો પછીનું, વિશ્વઇતિહાસનું વિમુક્તિ પ્રકરણ

હવે ચીની વિરાટે વિશ્વઇતિહાસમાં પ્રવેશ કરી દીધો હતો. જગતભરની વિમુક્તિની હિલચાલમાં, વિરાટ અને વ્યાપક કહી શકાય તેવી આ હિલચાલ, પહેલા વિશ્વયુદ્ધના અંતમાં આરંભ પામીને, બીજા વિશ્વયુદ્ધના અંત પછી આખા રાષ્ટ્રપર વ્યાપક બની ગઇ. આ હિલચાલને તોડી નાખવા, અમેરિકન શાહીવાદે, તનતોડ પ્રયત્ન કર્યો. પણ છેવટે વિમુક્તિના વિરાટનો વિજય થયો તથા, અમેરિકન શાહીવાદનો અને તેનાં યંત્ર આયુધોથી પોતે સજ્જેલા, ચાંગ-કાઇ શેકનો પરાજય થયો. વિમુક્તિની એશિયાઇ મહાભારત બનેલી, આ હિલચાલનો રાષ્ટ્ર નિયામક માઓ બન્યો. દૂર પૂર્વના લોક રાજકારણનો તથા શ્રમ-માનવોની વિમુક્તિના ઉઠાવનો લાલ ચિંતક જેવો આ અદ્‌ભુત માનવ રોજના વ્યવહારની રોજીંદી હકીકતો કહેતો હોય તેમ તમામ લોકચટકા જોગ જાહેરાત કરતો હતો કે.

' આપણા પર લદાયેલા યુદ્ધનો મુકાબલો કરી, ચાંગ-કાઇશેકના પ્રત્યાઘાતનો સામનો કરવા આપણે પ્રતિ આક્રમણ કરવાનો રાહ ધારણ કર્યો છે. એકેએક લોકચટક, આપણા આ ઉઠાવમાં પોતાની ફરજ અદા કરવાનું નહીં જ ચૂકે...'

દરરોજની ફરજની જાહેરાત કરતો હોય તેવો પૂર્વનો આ પ્રશાંત માનવ આખા ચીન પર ઊડતા કઠોર ઝંઝાવાતની ઝડીઓ નીચે પણ જેવો ને તેવો શાંત હતો. રોજની જેમ જાણે એ ઇતિહાસનાં પરિબળોનો અભ્યાસ કરતો કોઈ અભ્યાસગૃહમાંથી ક્રાંતિનો ઉદ્ઘોષ પામતા લોકવિરાટના પ્રચંડ આવેગને લોક વિપ્લવના આકારમાં અવલોકતો ઇતિહાસનો વૈજ્ઞાનિક હોય તેવો એ અભ્યાસ જ કરતો હતો.

એ અભ્યાસમાં એ ઇતિહાસની રેખાઓને સાફ સાફ દેખતો હતો. પછાત અને સાંસ્થાનિક પ્રદેશોમાં ક્રાન્તિનો પ્રમેય તો રૂસની નવેમ્બર ક્રાંન્તિએ શાહીવાદને સાંસ્થાનિક કટોકટીમાં ડુબાડી દઈને રચી નાખ્યો હતો. અંગ્રેજ–અમરિકી શાહીવાદ પણ તેમાં ડુબવા માંડયો હતો. આજે ચીનની ધરતી પર અમેરિકનશાહી વાદનો પરાજય ખેલાતો હતો. આખા એશિયા પર ફેલાઇ જવાની ક્રાન્તિની હિલચાલનો ઝંડાધારી, ચીન બનતો હતો.

કેવો પૂર્વ પ્રદેશોનો ક્રાન્ત અરુણ અહીં ઇતિહાસનું એંધાણ ધરીને ઉઠ્યો હતો ! એનો ઉદય સ્ટાલીને ૧૯૨૫ માં જ જોયો હતો અને એણે, ત્યારે સાફ શબ્દોમાં જાહેરાત કરી હતી કે:

'ચીનમાં ક્રાન્તિનો હિલચાલનાં પરિબળો અગણિત છે. એ પરિબળોએ આજે જોયએ તેટલા પ્રમાણમાં પોતાની પ્રતીતિ નથી આપી પણ નજદીકનું ભાવિ એ પરિબળોને પૂરવાર કરશે જ. પૂર્વ અને પશ્ચિમના શાસકો જે આજે તેમને પિછાણી શકતા નથી તથા તે પરિબળોની ગણના કરી શકતા નથી તેઓ પોતાની આ ભૂલને લીધે ઘણું સહન કરશે. '

સ્ટાલીનની પ્રજ્ઞાનું આવું ભવિષ્ય કથન આજે ચીન પર પોતાની સાબિતી દેતું હતું. દૂર પૂર્વનો હજારો માઈલનો સીમાડો આજે આ ક્રાન્ત પરિબળોથી ઝળહળી ઉઠ્યો હતો. આવડું મોટું દેખાતું ચાંગ–કાઈ–શેકનું શાસન, ઇતિહાસની આગેકૂચ નીચે એક પળમાં છિન્ન વિછિન્ન થતું હતું. અમરિકી શાહીવાદનો એ સાગરીત એક પળમાં દેવાળિયો પૂરવાર થઇ જતો હતો. ઇતિહાસના આ વિરાટ કદમો નીચે દુનિયાનો આગેવાન શાહીવાદ અહીં ખુલ્લો દેખાઈ ગયો હતો. ચીનને ગુલામ બનાવવાની તેમની બધી કાળોતરી યોજનાઓ વિરાટના કદમ નીચે કચડાઇ જતી હતી. ચીનને ગુલામીની જંજીરોમાં જકડી રાખવા એણે ઠાલવેલા સોનાના બધા ઢગલા અને શસ્ત્રોના ભંડારનો સટ્ટો આજે એના અપ રાધી કપાળમાં ઠોકાતો હતો.

એશિયાની કચડાયેલી માનવતામાં ઉષ્મા લાવનારો કેવો પ્રચંડ એ યુગ વેગી ઝંઝાવાત હતો ! એશિયાની માનવતાના રોકાઓનાં શોષણનો યુગ તરસ્યો

જનકંઠે ચીનની ધરતી પર આઝાદીનો પ્રચંડ ભુંગીયો બજાવતો હતો ! આઝાદી માગતી માનવતાને રોકી રાખવા અમરિકી શાહીવાદે દ્વારા બીલીયન ડોલરોની કરેલી કાળોતરી સહાયતા, અને એ સહાયતને ધારનાર પ્રત્યાઘાતી ચાંગની બધી લશ્કરી સત્તવટ, કાગનો વાધ બનીને ભાગી છૂટતી હતી !

અમરિકી શાહીવાદના વોલસ્ટ્રીટની શાહીવાદી સરકાર ચીની અવામની આ લોક આઝાદીની નૂતન લોકશાહી સરકારને નહિ સ્વીકારવાનો ગમે તેટલો સન્નિપાત કરે છતાં આજે દુનિયાના ઇતિહાસનું એ મૂર્ત સત્ય, ચીની ધરતીના પાટનગર પેકીંગ પર એશિયાભરનો માનવતાની લોક એલાદનો ઝંડો ફરકાવી રહ્યું હતું.

નૂતન વિમુક્તિનુ ચીની પ્રકરણ

વિશ્વ ઇતિહાસના લોકપરિબળોનું ઝળહળતું પ્રકરણ ચીનની ધરતી પર ૧૯૪૯ ના ઓકટોબરના પહેલા દિવસે લખાયું હતું. ચીનો વિરાટનું પાટનગર પેકીંગ ત્યારે સૈકાઓની ગુલામીને ખંખેરી નાખીને નૂતન ઉષાના અવાજમાં ઊઠતું હતું. પેકીંગ નગરની પાછલી રાત ભર, આજે ઓકટોબરના પહેલા દિવસની ઉષાને અનેક લોકનાદો ઉલાસતા હતા.



અંધારે અંધારે ઉષાકાળની સંધ્યામાં જ શેરીઓમાંથી પેકીંગનાં નરનારીઓ ઉભરાવા માંડ્યાં. પેકીંગના રાજમાર્ગોએ સૈકાઓ સુધી નહીં દેખેલો વિમુક્તિનો વિરાટ માનવસદ અહીં માનવતાની અભિનવ લાવણીઓનું પ્રેરકબળ બનીને ઉભરાતો દેખાયો.

ચીનનાં નરનારીઓ, યુવાન યુવતીઓ અને બાળક બાળકીઓનો આજે ઉરકેરાટ હતો. ચીની ધરતી પરનો પીળી માનવતાનું આજે વિમુક્તિનું મહાપર્વ હતું ચીની શહેનશાહોના મહાલયમાંથી આજે ચીની લોકક્રાન્તિના સેનાનીઓ ચીની લોકના નૂતન લોકશાહી રીપબ્લીકની જાહેરાત કરવાના હતા.

એટલે તે તરફનાં વિશાળ ચોગાનોમાં કલાકો પહેલાં ઉભાં રહેવા, ચીનો અવામનો માનવસદ ઉછળતો જતો હતો. એ ઉછળતા અવામનાં ધોડાપૂર રાષ્ટ્ર

ગીતો ગાતાં હતાં, સૂત્રો પોકારતા હતાં. રૌકાજુનો ચીની આતશ આજે યુગ તરસ્યો બનીને પીતો હતો. રૌકા જુની આઝાદીની આશા આજે અહીં એક અર્થ ધરતી હતી. ચીની પોશાકો આજે અહીં એક સૌન્દર્યનું રૂપ સજતા હતા. ચીની સ્ત્રિની જીવનની વેદના, આજે અહીં નૂતન સર્જનનું એક વિમુક્તિનું વેદન બનતી હતી.

વિમુક્તિમાં વિમુક્ત બનેલો અનેક ઇમારતોનો બનેલો ચીની શહેનશાહોનો મહાલય પણ આજે પુનર્ઘટના પામ્યો. ૧૪૦૫માં એ બંધાવા માંડ્યો હતો. પાંચ સૈકાઓના ચીનો બાદશાહો અહીં રહ્યા હતા. આજે ચીની જનતાના લોક-વિજ્યે એનાં સૈકાજુનાં બંધ કમાડ ચીની લોકોનાં વિમુક્ત દીકરા દીકરીઓ માટે ખોલી નાખ્યાં હતાં. ચીની જનતાએ એને પોતાની સંસ્કૃતિની વસ્તુઓનું સંગ્રહસ્થાન બનાવ્યું હતું. જનતાના એ સંગ્રહસ્થાનમાં આજે એક વિશાળ-ખંડમાં ચીન દેશના લોક પ્રતિનિધિઓ અકઠાં મળ્યાં હતાં. ચીની નૂતન લોકશાહીનું બંધારણ આજે આ મહાલયના ચોગાનમાંથી બહાર પડવાનું હતું. ચીની જનજેહાદનો ઝંડો આજે આ વિશાળ ચોગાનમાં રોપેલા સ્તંભ પર આરોપાઈને વિમુક્તિનું નૂતન પ્રસ્થાન ફરકાવતો હતો.

એટલે આજે ચીનના પાટનગરને આંગણે જગતજનતાનો ઉત્સવ મંડાયો હતો. એટલે આજે ચીનના આ મહાપર્વને નિહાળવા નૂતન લોકશાહીઓ અને સોવિયટ દેશો પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા.

ચીની અવામનો ઊછળતો મહાનદ આ ચોગાનમાં પોતાની બેઠકો લેવા જતા લોકશાહીઓના મહેમાનોને પોતાનાં ઊછળતાં મોજાંઓ વચ્ચે આગળ વધવાનો માર્ગ કરી આપતો હતો.

પછી ચીની ધરતી પર સૈકાઓ સુધી નહિ સંભળાયેલો એક પ્રચંડ ઘંટાનાદ સંભળાયો. ચીની પાટનગરમાં પહેલીવાર ગોઠવાયેલા ચીનના લોકના લાલ લડવૈયાઓએ એક સામટાં હજારો બ્યુગલો બજાવીને વાતાવરણને અપૂર્વ ભાવથી ઉભરાવી દીધું. ઇતિહાસનો કાંટો ચીની લોક રિપબ્લીકની જાહેરાતની અપૂર્વ પળ પર અટક્યો અને એક ગગનભેદી ગર્જનાએ પેકીંગ નગરની ધરતીને ખળભળાવી દીધી, 'માઓ-ત્સુ, સી...વાંગલી....માઓ-ત્સુ. સી-વાંગલી !' (માઓ-ત્સુ ઝિન્દાબાદ).

માઓ ત્સેતુંગ, ચુ-તેહ અને ચીની જનતાની લોક પાર્લામેન્ટમાં (પીપલ્સ પોલીટીકલ, કન્સલટેટીવ, કોનફરન્સ) આવેલા પ્રતિનિધિઓ લોકજનતાની એક નજરમાં ઝામી પીતા આગળ આવ્યા અને પોતાની બેઠકો પર બેઠા.

એ લોક આગેવાનો પર મુગ્ધ બનેલી જનતાએ લોકસૂત્રોનો પોકાર ગગનભેદી ગરજાવ્યો.

પછી પાછાં એક સામટાં બ્યુગલો વાગ્યાં. હજારો ઝંડાઓ હવામાં ઊંચકાયા.

અને એક મહા પ્રચંડ આહ્લાદ પર ઊંચકાતો હોય તેવો માઓ, ચીની લોકજનતાનો આગેવાન, લોકશાહીના દિમાક જેવો, લોકનેમની પ્રશાન્ત નજર નાખતો, લોકજેહાદના લડાયક સૂત્ર જેવો ઊઠ્યો. એણે સ્મિત કરીને હાથ હલાવીને લોકબાંધવતાને સલામી ભરી. પછી એણે મધ્યમાં રોપાયેલા સ્તંભ પર વિશાળ ઝંડો લહરાવ્યો અને તેને લોકનિનાદ વચ્ચે નમન કર્યું.

અઠાવીસ તોપોની એકસામટી ગર્જનાઓએ આ લોકઝંડાને સલામી દીધી.

પછી માઓએ એક એક વાકય કરીને ચીનની નૂતન લોકશાહીનો જાહેરાત સંભળાવી કે;

'ચીનનું લોકશાહી પ્રજાસત્તાક, આખી દુનિયાના, શાંતિ અને આઝાદી ચાહક તમામ દેશો તરફ ને સૌથી પ્રથમ સોવિયટ યુનિયન અને બધા નૂતન લોકશાહી દેશો તરફ તથા તમામ શોષિત પ્રજાઓ તરફ પોતાની હમદર્દી અને બિરાદરીની એકતા જાહેર કરે છે.

'તથા જાહેર કરે છે કે ચીનની નૂતન લોકશાહીનું સ્થાન, આંતરરાષ્ટ્રિય શાંતિ તથા લોકશાસનની છાવણીમાં છે અને જગત-શાંતિને કાયમ રાખવા માટે શાહીવાદી આક્રમણખોરી સામેના સંયુક્ત પ્રતિકાર માટે છે.

વિશ્વ ઇતિહાસની વિમુકિતનો છડીધર, અબજદલ, નાસેર

આ પુસ્તકના ૪૫મા પાનપર બેઠેલી સ્ફીંક્સની પ્રતિમા પ્રાચીન ઇજીપ્તની ભૂમિપર પાંચ હજાર વરસપરથી વિશ્વઇતિહાસનો કાયદો બનીને પાંચ હજાર વરસની મુંઝવણ બનીને બેઠી હતી. આપભોગો અને અગ્નિપરિક્ષાઓના, ઇજીપ્તના જીવનના સામુદાયિક તબક્કાઓમાંથી સિંહની ગરદન પરના, મનુષ્યમાથાવાળા બોઢામાંથી, જાણે આ સ્ફીંક્સ પહેલો શબ્દ બોલવા માંડતી હતી. પાંચ હજાર વરસનું મૌન તૂટતું હતું.. પાંચ હજાર વરસ પછી, પશુતાએ, કાયાપલટ કરી હતી, અને સંસ્કૃતિએ, આંતરરાષ્ટ્રિય કાનૂનની ન્યાયસમતાનાં, શાંતિમય સહઅસ્તિત્વવાળાં, નૂતનવિમુક્ત રાષ્ટ્રોના, બીનદરમ્યાનગીરીવાળા, સમાન સાર્વભૌમત્વનો શબ્દ ઉચ્ચાર્યો હતો.

આ ઉચ્ચારનું આવાહન કરતો હોય તેવા, વીતી ગયેલા સૈકાઓ પછી, વિશ્વઇતિહાસના આ પિતામહ દેશને, પાંચ હજાર વરસની સંસ્કૃતિના સંતાન જેવા

ઉત્થાન રૂપ સાંપડ્યું હતું. આ નૂતન ઉત્થાન રૂપ નૂતન માનવતાનું હતું. આ નૂતન માનવ સમુદાય, આરબ સમુદાય હતો. આ સમુદાયના સાર્વભૌમત્વનો આગેવાન અબ્દલ નાસેર, કૈરો નગરમાંના પોતાના ઘરમાં વિષાદમાં ગરકાવ થઈ ગયો હતો. એને વિમુક્તિની ઘટના ઘડવાનું ભવ્ય સ્વપ્ન આવ્યું હતું. એ આસ્વાન બંધ બાંધવાની યોજનાનું ઉદ્ઘાટન કરતો હતો તેજ ટાણે, અમેરિકન શાહીવાદે આ શાંતિઘટનાના સ્વપ્નમાંથી, વિહરતી લીલોતરીને, અને જીવનની પ્રાથમિક જરૂરિયાતોને સજતી, ઇજીપ્તની માનવતાના, આવતી કાલના કિલ્લોલને, ઉજાડી નાખ્યો હતો. લીલોતરીના પર્ણે પર્ણે જાણે આગ લાગવા માંડી હતી. એણે પોતે, પોતાની ભૂમિપરની, પોતાના, અધિકાર નીચેની, સુએઝ કેનાલના કરેલા રાષ્ટ્રિયકરણ પર, અંગ્રેજી-ફ્રેન્ચ શાહીવાદનાં તથા, અમેરિકન શાહીવાદના ઇઝરાઇલિ નામના, પરાધીન પ્રદેશ પરથી, આક્રમણો નીકળી ચૂક્યાં હતાં.

ત્યારે અબ્દલ નાસેર વિશ્વઇતિહાસની વિમુક્તિના લડવૈયાની અદા ધારણ કરીને બેઠો હતો. આ નૂતન વિમુક્તિના વિરાટના, પ્રમુખને માટે ઇજીપ્તના પાટનગરમાં રહેવાનું એક ઘર હતું, મહાલય નહોતો. મહાલયનો દબદબો એણે પોતાના ગરીબરાષ્ટ્ર પર માણવાની પોતાને માટે મના ફરમાવી હતી. એક સમયના વિશ્વ વિજય કરનારા, ફારોહ નામના શહેનશાહની જ આ ભૂમિપરના શાસન ચક્રના સર્વાધિકાર પર આરૂઢ બનેલો નાસેર, કૈરોમાંના પોતાના ઘરમાં રહેતો હતો અને સચીવાલયમાં કામ કરતો હતો. એને પણ, વિમુક્ત રાષ્ટ્રબાંધવો જેવા માઓની જેમ અને નહેરૂની જેમ, વિશ્વ શાંતિનો એકજ દશકો જોઇતો હતો. એ એકજ દશકામાં લોકજીવનની પુનર્ઘટનાની તસ્વીરને નિષ્પન્નવત્તાની એની પાસે અર્થ-યોજનાઓ હતી. પરન્તુ આ મહાન રાષ્ટ્રની વિમુક્તિનો જન્મ થયો ત્યાં તો, એના ઉપર, આક્રમણ ઘોર શાહીવાદી ઘટનાએ તૂટી પડવાનું આખરી નામું આપી દીધું હતું. પોતાના કાર્યાલયમાં આ ઓગણચાલીસ વરસની ઉંમરનો જૂવાન જોધ, નાસેર બેઠો હતો. એની પાસે એના કાર્યાલયમાં, અંગ્રેજી અને ફ્રેંચ એંબસીમાંથી, એ બન્ને શાહીવાદી સરકારોના એંબેસેડરો આવ્યા, અને તેમણે એને આખરીનામું આપ્યું. આ આખરીનામું, "સુએઝ કેનાલના પ્રદેશને શાહીવાદની હકુમત નીચે સોંપી દો, નહીં તો, યુદ્ધ કરવાને તૈયાર રહો," તેવું હતું.

પાંચ હજાર વરસની સંસ્કૃતિના ઇતિહાસની ઘટનાનું મુખ જાણે ઉઘડ્યું. પાંચહજાર વરસના વિશ્વઇતિહાસનો મુકાબલો, કરવા નીકળેલો, ગઇકાલના અવશેષ જેવો, શાહીવાદી આક્રમક દૂત ડઘાઇ ગયેલો ઉભો. ઇતિહાસનો અવાજ

બોલતો હોય તેમ નાસરે, પેલા આખરી નામાનો ધિક્કાર પૂર્વક ઇન્કાર કર્યો. એણે તરતજ પ્રથમ કરવાનું કામ, પ્રથમ કરવા માંડયુ હોય તેમ શાંતિથી, વિમુક્ત બનેલા, માનવ સમુદાયોને, વિમુક્તિની સાચવણી કરવાનાં આયુધો ઇજીપ્ત ભરમાં, અને ખાસ કરીને; સુએઝના પ્રદેશની આસપાસ વહેંચવા માંડયાં. પાંચલાખ રાઇફલોની વહેંચણી થઈ ગયા પછી કેરો નગરમાંના પોતાના ઘરમાંથી એણે, વિમુક્ત રાષ્ટ્રની વિમુક્તિની સાચવણી કરવાની યોજના ઘડી ત્યારપછી થોડા જ સમય પછી એણે કેરો નગરપર બોંબરોનો ઘૂરઘૂરાટ સાંભળ્યો. એણે પોતાના છાપરાપર ચઢીને, સંયુક્ત રાષ્ટ્રસંઘમાં, મહાનમાંધાતા રાજ્યો બનીને બેઠેલા, અંગ્રેજી ફ્રેંચશાહીવાદનાં બોંબરો ઉડી આવતાં દીઠાં. ઇજીપ્તપર ઇઝરાયલેપણ શરૂ કરેલી ચઢાઈના એણે સમાચાર સાંભળ્યા.

પંચશીલ અને બાન્ડુગના આંતરરાષ્ટ્રિય કાનૂનની યશસ્વી ખાંભી

અમેરિકન શાહીવાદના શસ્ત્રસાજે સાઝા અને સીનાઇપ્રદેશ પર ઇઝરાઇલ મારફત સંહાર વરતાવ્યો. સુએઝ કેનાલનું, કેરોનગર, ખંડિયેર બની ગયું. ખંડિયરના ભંગારના ઢગલા વચ્ચે, માનવ વિમુક્તિના ખમીરની માટીમાંથી ચણાયેલી, રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચેના, સમાન સાર્વભૌમત્વની વિશ્વઇતિહાસની એક ખાંભી, આ, ચિરંતન ભૂમિપર ઉભી થઈ ગઇ. આ, ભૂમિપર, આ નગરના પાદરમાંથી, મહાસાગરપર વિજયી નજર નાખતી, વીતી ગએલા જમાનાની એક પોલાદની ઘડાયેલી અંગ્રેજી ઇજનેરની પ્રતિમા આ ભૂમિની ધૂળમાં રગદોળાઈ ગઈ હતી અને નૂતન વિમુક્તિની શહાદતની ખાંભી ત્યાં ઉભી હતી.

ઇજીપ્તની રાષ્ટ્રવિમુક્તિનું તરતનું જન્મેલું ફરજંદ, જગતના નકશાપર નૂતન ઇજીપ્તની રેખાઓનું બનીને જનમ્યું કે તરત જ, રૂદન કરવાને બદલે, આઝાદીનું સંસ્કારગીત ગાતું સંભળાયું. વિમુક્તિની સાચવણી કરીને, સંસ્કૃતિની વિશ્વશાંતિનો અને શાંતિમય સહઅસ્તિત્વની ભૂમિકાને એણે રચી બતાવી. આ ભૂમિપરથી, એટલે જ, અંગ્રેજ ફ્રેંચશાહીવાદનું આક્રમણ બીનશરતી રીતે પરાભવ પામીને પાછું હટયું અને મોરોક્કોથી અરેબીયા સુધી, આરબ માનવોનો વિરાટ છાયા, પેલા મહાનુભાવના, નામનું, ગમલ, અબ્દલ, નાસેરનું સ્મરણ કરતી, ઇતિહાસના ગૌરવને ધારણ કરવા માંડી.

વિશ્વશાંતિનો આંતરરાષ્ટ્રિય રાજદુત મેનન

ભારતના, ઐતિહાસિક એવા મલબાર પ્રદેશના, કાલીકટ નગરમાં, ઇ. સ. ૧૮૯૭ ના મેની ૨ જીએ જન્મેલા કૃષ્ણ મેનને મદ્રાસ વિદ્યાપીઠમાં સ્નાતક થઈને લંડનની યુનીવરસીટીમાં અર્થશાસ્ત્રના નિષ્ણાત બનીને, ભારત રાષ્ટ્રની સેવા કરવાનું કામ ઇન્ડીયા લીગના મંત્રીપદની જવાબદારી


ધારણ કરીને ઈ. સ. ૧૯૨૯થી શરૂ કર્યું. હિંદ વિમુક્તના દાદા દાદાભાઈ નવરોજીએ જ્યાં સુધી આ કાર્યને ઇંગ્લેંડમાં આગળ વધાર્યું હતું ત્યાંથી આગળનું કામ, કૃષ્ણ મેનને આરંભ્યું. અહીં લેબર પાર્ટીના પણ સભાસદ બનીને, ઇન્ડીયાલીગ તથા, પેલીકન ગ્રંથમાળાના તંત્રી પદેથી, ઉપરાંત ત્યાંજ બેરીસ્ટરની કારકીર્દી શરૂ કરીને, મેનને વિમુક્તિનું પ્રચારકાર્ય ચાલુ રાખ્યું. ઇંગ્લેંડે નહીં દીઠેલા એવા, આ મહાન બનીગએલા વકીલને માટે, રાષ્ટ્રવિમુક્તિની વકીલાત શિવાયનાં બધાં ક્ષેત્રો ટુંકાં બન્યાં. આ વકીલાતનોજ મુદ્દો લઈને રસ્તાઓ પરથી, ઉભારહીને અને હાઇડ પાર્કના ખુણાપરની સાબુની પેટી પર પગ જોડવીને એણે પોતાના રાષ્ટ્રની વિમુક્તિનો કેસ રજુ કર્યા કર્યો, તથા ત્યાંની ફેબીયન સમાજવાદી સંસ્થામાં પ્રવેશ કર્યો. લંડનમાં જ એની પહેલી મુલાકાત જવાહરલાલ સાથે થઇ. પહેલી મુલાકાતમાંજ મિત્ર બનેલા બન્નેએ, ઈ. સ. ૧૯૩૬માં સ્પેનીશ ધરતી પર ખૂલ્લી મૂકાયેલી, વિમુક્તિની અગ્નિ પરિક્ષાની હૃદયદ્રાવક તસ્વીર સાથે નિહાળી. ત્યાં જ તેમણે શાહીવાદે, ખુશીખુશામત કરીને, ફાસીવાદને દીધેલા છૂટાદોરનું સંહારક સ્વરૂપ નિહાળ્યું, અને વિશ્વવિજય કરવા નીકળતા, હિટલરમુસોલીનીએ શરૂ કરેલા, સ્પેનીશ, માનવ સમુદાયનો સંહાર નજરોનજર દીઠો. આ ભયાનક દર્શન દેખવાની તક, મેનન માટે ચાલુ રહી. બીજા વિશ્વયુદ્ધમાં થએલી લંડનનગરની તારાજી એણે ત્યાં રહીને જ દેખી, તથા ફ્રાન્સના પતનને અને, સોવિયેટ ભૂમિપરના, ભવ્ય એવા માનવ પ્રાણના વિજયને એણે નિહાળ્યો. યુરોપની ભૂમિપરથી જ એણે સંયુકત રાષ્ટ્ર સંઘને જન્મ પામતો દીઠો. આવી વિશ્વઇતિહાસની રંગભૂમિપર ઉભા રહીને જ એણે વિશ્વરાજકારણનો અભ્યાસ અંતરમાં ઉતાર્યો. નૂતન જગતને એણે જન્મ પામતું દીઠું. આ નૂતન જન્મમાં જ, પૃથ્વીના નકશાપર એક બાળ અંકુર ફૂટતો હોય તેમ, ભારતની આઝાદીને એણે દેખી. આ દર્શનમાં જ જગતના રાજકારણમાં, વિમુક્તિની તસ્વીરમાં સેળભેળ થઈ જતા, શાહીવાદની મરણ પામતી ઘટનાની ભેદનીતિના પણ તંતુઓ એણે દીઠા. નૂતન ભારતવતી સંયુકતરાષ્ટ્ર સંઘમાં, રજુ કરવાની કાર્યવાહી લઈને એણે આંતરરાષ્ટ્રિય સંસ્થામાં પ્રવેશ કર્યો તે સાથે જ, વિમુક્તિના રાજકારણની સત્વ સંશુદ્ધિ પામીને, અભય બનેલો એનો પ્રાણ શાહીવાદી ઘટનાના પડકાર સમો, સામ્મીત થયો. આ શાહીવાદી ઘટનાના આગેવાન એવા, અમેરિકન શાહીવાદના એક સાગરીતે ભારતમાંથી નવા આવેલા, સુકલકડી, કલેવરને લાકડીના ટેકા પરથી મક્કમ પગલાં માંડતા, મેનનને પૂછ્યું, " તમારા રાષ્ટ્રની સરકારે, સામ્યવાદી ચીનની સરકારનો સ્વીકાર શા માટે કર્યો છે ? "

અને બીનદરમ્યાનગીરીના, સાર્વભૌમત્વના કાનૂનની, વિમુક્ત રાષ્ટ્રની અસ્મિતાની અંજલિનું જ, પાન કરીને શ્વાસપ્રશ્વાસને સાચવતો હોય તેવો, ભારતની ભૂમિ પરથી, વિશ્વશાંતિનો રાજદુત બનવા આવેલો, મેનન બોલ્યો, "મારા રાષ્ટ્રની સરકારે લીધેલા નિર્ણયમાં તેણે એવો નિર્ણય નથી લીધો કે યુનાઈટેડ સ્ટેટસે પણ ચીનનો સ્વીકાર કરવો."

સીધી, સાદી, નમ્ર પણ નિર્ભય, એવી વિશ્વશાંતિના આભાસના રાજદુતનો કાર્યવાહી અવિરામ બનીને ઇ. સ. ૧૯૫૨ માં આરંભાઈ ગઈ. ઉત્તર દક્ષિણ કોરીયા પર, વિશ્વની શાહીવાદી ઘટનાએ, સળગાવેલી, કોરીયન માનવોની સંહારની આગને ઠારવામાં, જીતવાની આંતરરાષ્ટ્રિય મસલતોમાં, ચાઉ-એન-લીના બેરૂખ બનીને, વિશ્વશાંતિના એક તંતુની સાચવણી કરવાની નાજુક પરિસ્થિતિમાં પાર ઉતરવામાં, વીએટનામ (હિંદી ચીન) પર ઉતરી ચુકેલા ફ્રેન્ચ શાહીવાદના ખુનખાર આક્રમણ પર શાંતિની કાર્યવાહીને રજુ કરવામાં, બાન્ડુગના શાંતિ સમારંભમાં, વિમુકત એશિયાના શાંતિમય સહ અસ્તિત્વના મૂલ્યની આંતરરાષ્ટ્રીય અસ્મિતા ઘડવામાં અને ઇજીપ્ત પર ઉતરી ચૂકેલા, ભયાનક આક્રમણની વિકટ પરિસ્થિતિમાં પણ વિશ્વશાંતિની જળવણી કરવાના, શાંતિકાર્યમાં, કૃષ્ણમેનની કાર્યવાહી સર્વોપરિ પુરવાર થઈ. આખરે અંગ્રેજ-ફ્રેન્ચ અને અમેરિકન શાહીવાદની છંછેડાયેલી, કાર્યવાહી ભારત પર નિશાન તાકીને, કાશ્મીરમાં આગ ચાંપવા, સંયુક્ત રાષ્ટ્રસંઘમાં એકઠી થઈ. કાશ્મીરમાં યુદ્ધની જ્વાળાઓને ઉતારનારા પોતાના બધા સાગરીતોને, તેમણે પાકીસ્તાનની કાશ્મીર પરની આક્રમણખોર સરકારની આગેવાની નીચે ગોઠવીને. ભારત પર યુદ્ધનો ભરડો રચવાનો દોરી સંચાર શરૂ કર્યો પણ ત્યારે વિશ્વશાંતિના ઘર આંગણે આવેલા, આ મોરચા પર ટકી રહેવાનો પુણ્યપ્રકોપ ધારણ કરીને કૃષ્ણમેનને, વિશ્વશાંતિના, હાર્દની, વિશ્વશાંતિના, પાયાની, અને વિશ્વશાંતિના સવાલની જે સાચવણી કરી તે વિશ્વઇતિહાસમાં અભૂતપૂર્વ આલેખાઈ ગઈ.

પોતે, અનેકવાર સંયુકત રાષ્ટ્રસંઘની વ્યાસપીઠ પરથી જે વાત ઉચ્ચારી હતી તે, એણે અહીં બેવડકરીતે, જાહેર કરી કે શાહીવાદી ઘટના, પોતાના અસ્તિત્વને જગતપર જાળવી રાખવા, આજે જો આખા જગતને પોતાના શસ્ત્રોની સખાવત વડે; જગતની પ્રજાઓને અંદર અંદર કપાવી મારવાની રણભૂમિ બનાવવા માગતી હોય કે, જગતનાં મથકોને, પોતાના અણુબોંબના અખ-

તરા કરવાની પ્રયોગશાળા માનતી હોય તો, મારા રાષ્ટ્રની સરકારસ્વતી હું જાહેર કરવા માગું છું કે, ભારતની ભૂમિ પરના, કોઈ પણ ભાગપર, સંયુકત રાષ્ટ્રસંઘના નામવાળા પણ, કોઈ પણ પરદેશી સૈનિકને પગ મૂકવા દેવામાં નહીં આવશે."



વિશ્વ ઈતિહાસની રૂપરેખા

કૉલેજોમાં ચાલતા, ઇતિહાસના, બી. એ સુધીના ઇતિહાસના
અભ્યાસ માટે અત્યંત ઉપયોગી

તથા

એકેએક માધ્યમિક શાળા, અને પુસ્તકાલયોમાં વસાવવા જેવું,
ગુજરાતી ગ્રન્થાલયોના શણગાર સમું, વિશ્વઇતિહાસનું મૌલિક વાંચન

અને

આ અનુસંધાનમાંજ લખાયેલાં નૂતન મનોવિજ્ઞાન અને નૂતન
શિક્ષણપર ગુજરાતી ભાષામાં, પ્રથમ અને સર્વોત્તમ પ્રકાશન

મનોવિજ્ઞાનના મૂળાક્ષરો
નૂતનશિક્ષણ અને નૂતનમનોવિજ્ઞાન
પ્રગટ થઈ ચૂકયાં છે



પ્રગતિ પ્રકાશન ગૃહ

જવાહરનગર સરખેજ રોડ અમદાવાદ - ૭

પૂંઠું · દીપક પ્રિન્ટરી · અમદાવાદ